Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧, ૧૯૬૯, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પૂજ્ય છગનબાપા : એક પરિચયનોંધ

પૂ. ઠક્કરબાપાના એક વખતના સાથી અને સર્વન્ટ્સ આફ ઈન્ડિયા સોસાયટીના માનદ સહાયક સભ્ય શ્રી છગનલાલ કરમશી પારેખના કલકત્તા ખાતે ગઈ તા. ૧૪મી ડિસેમ્બરે થયેલા અવસાનથી સમસ્ત સમાજે એક નીતિ–ધર્મપરાયણ સાચો લોકસેવક ગુમાવ્યો છે.

વિચાર અને આચાર વચ્ચેનું અંતર વધતું જાય છે અને જીવન માટેનો માનવીનો સંઘર્ષ દિવસાનુદિવસ ઉગ્ર બનતો જાય છે એવા આજના સંઘર્ષકાળમાં કીર્તિની જરાય લાલસા વગર સમાજકલ્યાણઅર્થે સેવામય જીવન જીવી જનાર છગનબાપાના નામે જાણીતા થયેલા સ્વ. છગનલાલ પારેખ, વાસ્તવમાં ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે તેમ, યોગયુક્તો વિશુદ્ધાત્મા હતા. કર્મ કરવા છતાં કર્મથી નિર્લેપ રહીને તેમણે મૃત્યુપર્યંત પચીસ વર્ષ સુધી મુકતપણે અખંડ સેવાધર્મ બજાવી વર્ણાશ્રમ ધર્મની સુષુપ્ત સંસ્કૃતિને પુનઃ ચેતનવંતી કરી જે યુગલક્ષી વળાંક આપ્યો છે એનું સાચું મૂલ્યાંકન તો કદાચ કોઈ ભાવિ ઈતિહાસકાર જ કરશે.

* પૂજ્ય છગનબાપા *

પૂ. ઠક્કર બાપાની પેઠે પોતાના કર્મ–ધર્મયુકત અનેકવિધ સેવાકાર્યોથી સમસ્ત લોહાણા સમાજમાં 'પૂ. બાપા'નું લાડીલું નામાભિધાન પામેલા છગનબાપાનો જન્મ રાજકોટમાં ઈ. સ. ૧૮૯૩ના જૂનની ૨૦મીએ થયો હતો. જ્યારે અગિયાર વર્ષની નાની વયે તેમની હરોળના બાળકો–વિદ્યાર્થીઓ શેરીઓમાં રખડતા હતા ત્યારે આ કિશોર નકલંગ મહાદેવના મંદિરમાં જઈને બેસતો ને નરસી મહેતાનું જાણીતું ભજન 'મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...' ગાઈને જીવનનો આનંદ મેળવતો. રાજકોટમાં મેટ્રીક સુધીનો અભ્યાસ પૂરો કરીને સત્તર વર્ષની વયે તેઓ કલકત્તા ગયા ને બેએક વર્ષ એક પારસી ગૃહસ્થને ત્યાં નોકરી કર્યા પછી થોડા વરસ ભાગીદારીમાં ધંધો કર્યો. પણ અંતે તેમાં ખોટ જતાં એ ધંધો બંધ કર્યો. આમ છતાં આ ભાગીદારીનું દેવું પાછળથી પાઈએ પાઈનું ચૂકવી તેમણે પોતાની નીતિપરાયણતાનો સૌને ખ્યાલ આપ્યો.

ભાગીદારી ધંધાના અનુભવ પછી ૧૯૨૯–૩૦માં તેમણે સ્વતંત્રપણે કમિશન એજન્ટનો ધંધો શરૂ કર્યો ને આ જ અરસામાં તક મળતાં તેમણે કોલિયરીના ધંધામાં ઝંપલાવ્યું ને પુરુષાર્થ સાથે પ્રારબ્ધનો યોગ આવી મળતાં તેમણે ઉત્તરોત્તર ધંધામાં ઝડપી પ્રગતિ સાધી. આમ ૧૯૪૮માં પૂર્વસંકલ્પ અનુસાર તેઓ સમાજસેવાર્થે ધંધામાંથી નિવૃત્ત થયા ત્યારે તેઓ સાત ખાણોના ભાગીદાર હતા ને ૨૧ જેટલી કંપનીઓના ડિરેકટર હતા. પરંતુ જેમ સર્પ કાંચળી ઊતારી નાખે એમ આ બધા કાર્યભારની વહેવારુ જોગવાઈ કરીને તેઓ નિવૃત્ત થયા. આ દરમિયાન ૧૯૪૭માં તેઓ સરકાર તરફથી કોલિયરી ઉદ્યોગના પ્રતિનિધિ તરીકે જીનીવા પરિષદમાં હાજરી આપવા ગયા ત્યારે તેમણે યુરોપનો પ્રવાસ કરી ત્યાંના જીવનનો અને પરિસ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો. આ પ્રવાસે જતાં માર્ગમાં કરાંચી ખાતે તેમના સન્માનમાં એક સમારંભ યોજાયો ત્યારે એ વિરકત પુરુષે કહી દીધું કે 'હું માન લેવામાં નહિ, આપવામાં માનું છું.' આ શબ્દસિદ્ધાંતને તેઓ મૃત્યુપર્યંત વળગી રહ્યા. અનેક સંસ્થાઓ તેમણે સ્થાપી, અનેક સંસ્થાઓને પગભર કરી ને અનેક સંસ્થાઓ માટે તેઓ સર્વસ્વ પ્રાણસમાન બન્યા. આમ છતાં તેમણે ન તો કોઈ સંસ્થાનું પ્રમુખપદ લીધું કે ન તો કોઈનું યે માનપત્ર સ્વીકાર્યું, એટલું જ નહિ, જીવનમાં આવા બે પ્રસંગોએ તો આ માનપત્રની વાતથી તેઓ રડી ઉઠયા હતા.

વર્ણાશ્રમધર્મના નિયમાનુસાર સુખી ગૃહસ્થાશ્રમ પછી વનપ્રવેશની મધ્યમાં તેમણે વાનપ્રસ્થાશ્રમ અપનાવ્યો. પરંતુ એ માટે તેઓ ન તો વનમાં ગયા કે ન તો પોતાના હંમેશનાં વેપારી પોષાકમાં દેખાવ ખાતર જરાયે પરિવર્તન કર્યું. સાત્ત્વિક ઢબે જીવનશુદ્ધિ માટે બેએક માસ એકાંત ગુફામાં ગાળીને તેઓ પૂ. ઠક્કરબાપાના હરિજન આશ્રમમાં જઈને તેમની સાથે આદિવાસી–દલિત–કોમના સેવાકાર્યમાં જોડાયા. ત્યાર બાદ ઠક્કર બાપાની સૂચનાથી તેઓ હિમાચલના પછાત પ્રદેશમાં ગયા ને ત્યાં જઈને પછાત જનતાની સેવા કરી. તેમના ઉદ્ધારને માટે સેવાસંઘો, કન્યાશાળાઓ ને હરિજન શાળાઓ સ્થાપવામાં તેઓ છેક પંજાબની સરહદે પહોંચ્યા, ત્યારે ત્યાંની કથળેલી અન્ન પરિસ્થિતિ અને અનેક લોકોની ઝાડના પાંદડાં-મૂળિયાં ખાઈને દેહ ટકાવવાની મરણાન્ત સ્થિતિ જોઈને તેમનું હૈયું દ્રવી ઊઠયું. તેમણે તરતજ આ માટે એ વખતના કલેકટરને તાર કરી સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો ને આ તારની નકલો ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને સરદાર વલ્લભભાઈ પટેલ પર મોકલી તત્કાળ અન્ન માટે વ્યવસ્થા કરાવી અનેકોના પ્રાણ બચાવ્યા.

આ અરસામાં આસામમાં ભૂકંપે સર્જેલી તારાજીના સમાચાર મળતાં છગનબાપા ત્યાં પહોંચી ગયા ને ત્યાંની રાહતકાર્યની જવાબદારી સંભાળી. લગભગ દસ મહિના ત્યાં રહીને એ જવાબદારી પૂર્ણ કરી.

આ દરમિયાન પૂ. ઠક્કરબાપાની તબિયત અસ્વસ્થ બનતાં તેમણે મૃત્યુ પહેલાં પત્ર લખી છગનલાલ પારેખને સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીના સહાયક સભ્ય બનાવવા પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે પ્રમાણે એક અપવાદરૂપે તેમને આ સોસાયટીના માનદ સહાયક સભ્ય બનાવવામાં આવ્યા. પરંતુ એ કર્મયોગી મહાપુરુષને એવા માન-અકરામની ક્યાં પડી હતી?

આસામના ભૂકંપનું કાર્ય સમાપ્ત કર્યા પછી તાજેતરનાં વર્ષોમાં અંજારમાં ભૂકંપનો કેર સર્જાતાં, છગનબાબા ત્યાં પહોંચી ગયા ને સર્વની સાથે ત્યાંનું રાહતકાર્ય ઉપાડી લીધું. આ રાહતકાર્ય દરમિયાન તેમણે જોયું કે કચ્છની જનતાને માથે કાયમને માટે પાણીનું કારમું સંકટ ઊભું છે. આથી તેમણે આ સંકટ ટાળવા ૩૫૩ ગામો માટે રૂા. અઢી કરોડની એક વ્યવહારૂ યોજના કરી ને એ સમયના ગુજરાતના મુખ્ય પ્રધાન સ્વ. શ્રી બળવંતરાય મહેતાને મળીને એ યોજના કાર્યાન્વિત કરવા તેમને સમજાવ્યા. આ યોજના અને પ્રયાસના પરિણામ-રૂપ કચ્છ વૉટર વર્કસ અસ્તિત્વમાં આવ્યું. જે દ્વારા આજે કચ્છના દોઢસો જેટલા ગામોને ટ્યૂબ વેલની સગવડ સાંપડી છે.

આમ જાહેર સેવાક્ષેત્રે લોકસેવક તરીકે પોતાનો સેવાધર્મ અદા કરી રહેલા એ કર્મયોગીને ૧૯૫૨માં મુંબઈમાં લોહાણા મહાપરિષદ મળી ત્યારે પોતાની જ્ઞાતિ માટે પણ કંઈક કરવું જોઈએ એમ લાગતાં જ્ઞાતિના આગેવાનોના આગ્રહને માન આપી આ પરિષદ પહેલાં બે મહિના અગાઉથી મુંબઈમાં આવીને રહ્યા ને પરિષદ અંગેના નાના-મોટા તમામ કાર્યો સંભાળી લઈ રાત-દિવસની જહેમતને અંતે તેમણે આ પરિષદની સફળતામાં પ્રાણરૂપ ફાળો આપ્યો. છતાં કોઈ પણ જાતના માનસન્માનથી સંપૂર્ણ અલિપ્ત રહ્યા. એ પછીના સોળ વર્ષના ગાળામાં તેમણે લોહાણા જ્ઞાતિની અનેક સમસ્યાઓમાં ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, શાળાઓમાં પ્રાણ પૂર્યા, અનેક સંસ્થાઓને તન-મન-ધનથી સક્રિય ફાળો આપી સુવિકસિત બનાવી, અને આ રીતે તેઓ લોહાણા જ્ઞાતિના પૂજનીય લાડીલા બાપા બની રહ્યા.

સ્વ. શ્રી છગનબાપાએ પોતાના આ સેવાધર્મની શરૂઆત તો છેક ૧૯૧૬માં ઝરિયાથી કરેલી. ત્યાર બાદ ૧૯૪૩માં તેઓ કલકત્તામાં સ્થાયી થયા પછી ભવાનીપુર એજ્યુકેશન સોસાયટી, કલકત્તા ગુજરાતી વૈષ્ણવ સમાજ, કલકત્તા ગુજરાતી એજ્યુકેશન સોસાયટી અને લક્ષ્મીનારાયણ ટ્રસ્ટ હૉસ્પિટલ વગેરે સંસ્થાઓમાં સક્રિય ફાળો આપવા ઉપરાંત લાખોના દાન આપી આ સંસ્થાઓને તેમણે સેવાક્ષેત્રે સમૃદ્ધ બનાવી એટલું જ નહિ હરદ્વારમાં પણ તેમણે યાત્રિકોની સગવડ માટે દશ જ માસમાં 'ગુજરાત ભવન' સ્થાપી યાત્રિઓને રાહતરૂપ સગવડ કરી આપી. આ રીતે કાર્યમાં હંમેશા રત રહેવા છતાં, છગનબાપાએ નિયમિત મૌન અને રામનામના જપનો સંકલ્પ જાળવી રાખ્યો હતો, ને શરૂઆતમાં ત્રણચાર કલાકના રામનામ જપ સ્મરણનો સમય વધારતાં વધારતાં તેઓ છેલ્લે રોજ ૨૪ કલાકમાંથી સાડાસાત કલાક રામનામ જપમાં ગાળતા હતા ને વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો ત્યારે અન્ન-જળ અને નીમકનો ત્યાગ કર્યો. હતો-એ સંકલ્પ જાળવી રાખી મૃત્યુ પર્યંત બાફેલાં શાકભાજી, છાશ વગેરે પર રહ્યા હતા. આમ તેમના અંગેઅંગમાં હલનચલનમાં ને પ્રત્યેક કાર્યમાં જાણે નરસિંહ મહેતાનું :-

"મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે"

એ ગીત જાણે ચરિતાર્થ બનીને ગૂંજ્યું હતું, અને એટલે જ તો એ સાચા વૈષ્ણવને કીર્તિનો મોહ સદંતર છૂટી ગયો હતો, એટલું જ નહિ, તેમણે ઉલટા માર્ગે વળેલા અનેકોને સાચા માનવી બનાવી સેવા પંથે વાળ્યા હતા. આ રીતે વીસ વર્ષ સુધી સતત મૂકપણે સમાજસેવા કર્યા પછી ૧૯૬૬ માં કરેલા સંકલ્પ પ્રમાણે આધ્યાત્મિક જીવન માટે ૧૯૬૮ના જૂનની ૨૭મીએ જાણે મૃત્યુ ઉંઘી ગયું હોય એમ છ માસ પહેલાં તેઓ સાંસારિક ને સામાજિક સેવાકાર્યોથી નિવૃત્ત થયા. એ પહેલાં તેમણે કચ્છમાંના તેમના હસ્તકના અધૂરા રહેલા સેવાકાર્યોની વ્યવસ્થા માટે કચ્છનો પ્રવાસ કરી ત્યાંની વ્યવસ્થા કર્યા પછી બરાબર નિયત સમયે સન્યસ્ત ધર્મ સ્વીકાર્યો; પરંતુ એ માટે તેમણે ભગવા કપડાનો કે એવો કોઈ દેખાવ ન કર્યો. આમ જાણે પોતાનું જીવનકાર્ય પૂરું થયું હોય એમ છેલ્લે છેલ્લે પોતાના પૌત્ર-પૌત્રીના લગ્ન પ્રસંગમાં હાજરી આપી આ પ્રસંગે હાજર રહેલા સાથીઓને છેલ્લી સલાહસૂચના આપી તેઓ ડિસેમ્બરની ૧૪મીએ અનંત નિદ્રામાં પોઢી ગયા.

જ્ઞાનનું અંગ કર્મ છે, અને કર્મનું અંગ જ્ઞાન છે. એમ જ્ઞાની હોવા છતાં તેમણે ન તો કદી ઉપદેશાત્મક ભાષણો કર્યાં કે ન તો કોઈ સંપ્રદાય સ્થાપ્યો, ન તો કોઈ આશ્રમ કે ન તો પોતાનો કોઈ વાડો ઊભો કર્યો. એક સીધા સાદા સામાન્ય માનવીની જેમ તેઓ જીવ્યા ને મૃત્યુપર્યંત લોકકલ્યાણાર્થે કર્મ કરતાં રહીને સર્વના પ્રિય 'છગનબાપા' બની રહ્યા.

કળિકાળમાં આવા વિશુદ્ધાત્મા વીરલ પુરુષના જીવનમાંથી પ્રેરણા મેળવી ધર્મમય રાહે આચારવિચારનું તાદાત્મ્ય સાધી માનવીય રાહે ઉન્નત થઈએ એ જ એ સાધુચરિત કર્મયોગીના મૃત્યુચરણે આપણી સાચી અંજલિ હોઈ શકે. **મોતીલાલ કનોજીઆ**

દિવંગત આત્માઓને આદર-અંજલિ

સ્વ. ડૉ. સુમન્ત મહેતા

ગયા ડિસેમ્બર માસની ૧૧મી તારીખે ડૉ. સુમન્ત મહેતાનું અમદાવાદ ખાતે તેમના નિવાસસ્થાને ૯૨ વર્ષની ઉમ્મરે લાંબી માંદગી બાદ અવસાન થતાં સામાજિક ક્ષેત્રે જેનો ઘણો મહત્ત્વનો ફાળો હતો એવી એક લાંબી જીવનકારકીર્દિનો અંત આવ્યો છે.

ડૉ. સુમન્ત મહેતાનો સુરત ખાતે ઈ. સ. ૧૯૭૬માં જન્મ થયો હતો. વૈદ્યકીય અભ્યાસ તેમણે મુંબઈની ગ્રાન્ટ મેડીકલ કૉલેજમાં કર્યો હતો અને વિશેષ અભ્યાસ માટે તેઓ મેન્ચેસ્ટર ગયા હતા. ત્યાંથી પાછા ફર્યા બાદ તેઓ વડોદરા રાજ્યના હેલ્થકમિશ્નર નીમાયા અને સ્વ. મહારાજા સર સયાજીરાવના અંગત ડૉક્ટર તરીકેની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી. એમની એ નોકરીના સમય દરમિયાન ગાયકવાડ રાજ્યમાં સ્થળે સ્થળે પુસ્તકાલયો અને દવાખાનાઓ ઊભા કરવાની રાજ્ય તરફથી એક મોટી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશમાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સમયના વહેવા સાથે વડોદરા રાજ્યમાં વસતા આદિવાસીઓ અને ભીલોના ઉદ્ધાર-કાર્યમાં તેમણે ખૂબ રસ લીધો હતો અને એ ક્ષેત્રને પોતાનું જીવન અર્પનાર સ્વ. ઠક્કરબાપાને તેમણે ખૂબ સાથ આપ્યો હતો. એમના યૌવનકાળ દરમિયાન દેશમાં સમાજસુધારાનું આંદોલન ખૂબ જોશમાં ચાલતું હતું. આ આંદોલનમાં બાળવિવાહની અટકાયત, વિધવા વિવાહની હિમાયત, કન્યા કેળવણીનો પ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ, સમાજમાં સ્ત્રીજાતિનો ઉદ્ધાર વગેરે અનેક બાબતોનો સમાવેશ થતો હતો. આ આંદોલનના તેઓ અગ્રેસર હતા; સમાજહિત અને ઉત્કર્ષની વિરોધી રૂઢિઓના-પછી તે ધાર્મિક હોય કે સામાજિક હોય-તેઓ કટ્ટર વિરોધી હતા.

કૉંગ્રેસના ૧૯૩૮ સુધી તેઓ સક્રિય કાર્યકર હતા અને ભારતવ્યાપી રાષ્ટ્રીય આઝાદી આંદોલનના પણ તેઓ અગ્રેસર હતા. ૧૯૩૦-૩૨ની સવિનય સત્યાગ્રહની લડત દરમિયાન તેઓ જેલવાસી બન્યા હતા અને નાસિકની જેલમાં તેમના સહવાસી બનવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત ખાતે ૧૯૧૫માં પાછાં ફર્યા ત્યારથી ડૉ. સુમન્ત ગાંધીજીનાં સંસર્ગમાં આવ્યા હતા અને ગાંધીજીના દેહાન્ત સુધી તે સંબંધ જીવતો રહ્યો હતો. ૧૯૩૨માં તેમણે ગામડાના લોકોના સીધા સંપર્કમાં આવવાના હેતુથી અમદાવાદ નજીક આવેલા સેરથા ખાતે એક આશ્રમની સ્થાપના કરી હતી અને તે આશ્રમ ૧૦ વર્ષ સુધી ચલાવવામાં આવ્યો હતો. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના તેઓ પરમ મિત્ર હતા.

તેમનાં પૂરા અર્ધમાં સહધર્મચારિણી એવા શારદાબહેને અને તેમનાં મોટા બહેન વિદ્યાબહેને વર્ષોપહેલાં મુંબઈ યુનિવર્સિટીની બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી. તેઓ સૌપ્રથમ ગુજરાતી ગ્રેજ્યુએટ બહેન હતાં. વિદ્યાબહેનનું લગ્ન સ્વ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ સાથે થયું હતું અને શારદાબહેનનું લગ્ન ડૉ. સુમન્ત મહેતા સાથે થયું હતું. બંને બહેનોમાં સ્વતંત્ર તેજસ્વી વ્યક્તિત્વ હતું અને ગુજરાતે છેલ્લા પચાસ વર્ષ દરમિયાન જે સામાજિક ઉત્કર્ષ સાધ્યો છે અને અન્ય પ્રદેશોના મુકાબલે વધારે ગૌરવપ્રદ એવી જે પ્રગતિશીલતા દાખવી છે તેમાં આ બંને બહેનોનું પોતાનું પણ ઘણું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. શારદાબહેન માટે ગાંધીજીને અસાધારણ આદર અને પૂજ્યભાવ હતો. એક વખત ગાંધીજીએ

તેમની પ્રશંસા કરતાં એ હદ સુધી જણાવેલું કે "જો મારે ફરીવાર જન્મ લેવાનો હોય તો હું શારદાબહેનના પેટે અવતરવાનું પસંદ કરું"

ડૉ. સુમન્તનું વ્યક્તિત્વ જલદ; શારદાબહેનનું વ્યક્તિત્વ અતિ સૌમ્ય. આમ છતાં બંનેની સમાજનિષ્ઠા, દેશનિષ્ઠા એકસરખી અનુપમેય, બંનેનું વ્યક્તિત્વ "સોળવલ્લા સોના જેવું" એમ કહીએ તો તેમાં જરા પણ અત્યુક્તિ નથી. તેમાં દંભ, દેખાવ કે કૃત્રિમતાને કોઈ સ્થાન નહોતું. બંનેનું સાહચર્ય અનેક રીતે અર્થસભર અને કલ્યાણપ્રદ નીવડ્યું હતું.

સુમન્તભાઈ તથા શારદાબહેન સાથે મને વર્ષોજૂનો પરિચય હતો. નાસિક જેલમાં મેં સુમન્તભાઈ સાથે બાજુ બાજુની ઓરડીમાં મહિનાઓ ગાળેલા તેનાં સ્મરણો આજે પણ ચિત્ત ઉપર સુઅંકિત છે. હજુ ગયા નવેમ્બર માસની આખરમાં અમદાવાદ જવાનું થતાં સુમન્તભાઈની ખબર કાઢવા હું તેમના ઘેર ગયેલો અને તેમને, શારદાબહેનને અને તેમના અન્ય સ્વજનોને મળીને મને ખૂબ આનંદ થયેલો. તેમ છતાં તે વખતે અત્યન્ત ક્ષીણકાય એવા સુમન્તભાઈને જોઈને આ દેહધારણ હવે તો કેવળ યાતના માટે છે અને એ યાતના હવે ટૂંકાય તો સારું એવો વિચાર મનમાં આવેલો. એમને મળ્યાનું પખવાડિયું પણ થયું ન થયું અને સુમન્તભાઈએ આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી. તેઓ પોતાની પાછળ શારદાબહેન ઉપરાંત ત્રણ પુત્રો અને બે પુત્રીઓ મુકી ગયા છે. શારદાબહેન ઉમ્મરે વૃદ્ધ અને જર્જરિત હોવા છતાં હજુ બધી રીતે જાગૃત અને જીવંત છે. સુમન્તભાઈના જવા સાથે ખંડિત થયેલું જીવન કેમ જીવવું એ સમસ્યા તેમની સામે ઊભી થઈ છે. તેમનામાં ઊંડું શાણપણ અને પ્રજ્ઞાજાગૃતિ છે. તેમાંથી તેમને પૂરી તાકાત મળી રહે અને અવશેષ જીવન આરોગ્ય અને પ્રકૃતિના સમધારણપૂર્વક તેઓ પૂરું કરે એવી આપણી તેમના વિષે પ્રાર્થના અને શુભેચ્છા હો !

ડૉ. સુમન્ત અનેક યુવાનોના સલાહકાર અને માર્ગદર્શક હતા. તેમનામાં વિરલ કોટિની નીડરતા અને સત્યનિષ્ઠા હતી. સંયમ અને સાદાઈ તેમની રહેણીકરણીની વિશેષતા હતી. વિધાતા ભાગ્યે જ નિર્માણ કરે છે એવું વસિષ્ઠ અને અરુન્ધતી જેવું તેમનું અને શારદાબહેનનું યુગલ હતું. ડૉ. સુમન્ત પ્રખર સમાજ-સુધારક હતા. તેમના રોમેરોમે ગુજરાતનું હિત વસેલું હતું અને એમ છતાં તેઓ પૂરા અર્થમાં ભારતીય હતા. તેઓ વર્તમાન યુગના એક પ્રતિનિધિ જેવા હતા. થોડા સમય પહેલાં જ તેમના લેખોનો એક સંગ્રહ શ્રી પ્રભુદાસ પટવારી તરફથી 'સમાજ દર્પણ'ના નામથી પ્રગટ કરવામાં આવ્યો હતો. આજની અને હવે પછીની પેઢીને અનેક પ્રકારે પ્રેરણાદાયી બને એવું તેમનું જીવન હતું. આવી વિરલ વિભૂતિને આપણાં અનેકશ: વન્દન હો !

સ્વ. રજનીકાન્ત મોદી

હું નવેમ્બરની ૨૦મી તારીખે મુંબઈ બહાર ગયેલો તે ૧૭મી ડિસેમ્બરે મુંબઈ પાછો ફર્યો અને આવતાવેંત જાણવા મળ્યું કે રજનીકાન્ત મોદીનો ૨૧મી નવેમ્બરે દેહવિલય થયો. આ સંબંધે વધારે તપાસ કરતાં એમ પણ માલુમ પડ્યું કે તેઓ ગયા જુલાઈ માસથી પેંક્રીઆસના કેન્સરથી પીડાતા હતા અને છેલ્લા પંદર દિવસ તેમણે સર હરકિસનદાસ હોસ્પિટલમાં પસાર કર્યા હતા. આ સમાચારથી મને બે રીતે સખ્ત આઘાત લાગ્યો. એક તો જેના માટે મારા દિલમાં ઊંડો આદર હતો એવા મિત્રને મેં ગુમાવ્યા; બીજું જુલાઈ મહિનાથી તેમની બિમારી શરૂ થઈ તે છતાં તે વિષે તો મને કશી ખબર ન જ પડી,એટલું જ નહિ પણ, તેમના દેહાંતની પણ લગભગ એક મહિનાના ગાળે ખબર પડી ! હું જ્યારે પણ હેંગીંગ ગાર્ડન બાજુએ સવારના ફરવા જાઉં અને કમળા નહેરૂ પાર્ક તરફ જાઉં ત્યારે તેમને મોટા ભાગે મળવાનું બન્યું જ હોય. છેલ્લા ત્રણ ચાર મહિના દરમિયાન કાં તો હું કમલા-નહેરૂ પાર્ક ભણી ગયો ન હોઉં અથવા મને તેઓ મળ્યા ન હોય. મુંબઈનું આ તે કેવું જીવન છે ! નજીકનો માનવી આમ ચાલ્યો જાય તો પણ ખબર ન પડે !

ભાઈ રજનીકાન્ત મોદી એક અણપ્રીછ્યું ઉચ્ચ કોટિનું માનવી-રત્ન હતું. એમ. એ. સુધીનો તેમણે અભ્યાસ કરેલો; તત્ત્વદર્શન તેમનો ખાસ વિષય, અરવિંદ સાહિત્યના ઊંડા અભ્યાસી; લાઈફ ડીવાઈનના અને સાવિત્રીના તેઓ વર્ગો લેતા; અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે જ્યારે બોલાવું ત્યારે તેઓ જરૂર આવે; અને તે રીતે ત્રણ ચાર વાર આવેલા; આજીવન બ્રહ્મચારી; અનેક વિષયોના નિષ્ણાત. જ્યારે મળવાનું બને ત્યારે તેમની સાથેની ચર્ચામાંથી કાંઈ ને કાંઈ નવું જાણવાનું મળે. ગૃહસ્થના વેશમાં પણ નિર્મળ સાધુ જેવું પવિત્ર જીવન. પ્રબુદ્ધ જીવનમાં પણ તેમનાં લખાણો છૂટાછવાયાં પ્રગટ થયા જ છે.

તેઓ વિવેચક હતા, કવિ પણ હતા. 'અર્ચના' અને 'અર્ઘ્ય' એ તેમનાં પ્રગટ થયેલાં કાવ્યસંગ્રહો છે. અરવિંદના મહાગ્રન્થ લાઈફ ડીવાઈનનો ટૂંક સાર 'દિવ્ય જીવન'ના નામથી તેમણે પ્રગટ કર્યો છે. તેના અનુસંધાનમાં તેમણે કેટલાક સમયથી અરવિન્દ પરિચયમાળા પ્રગટ કરવા માંડી હતી અને તેમાં 'પુનર્જન્મ', 'કર્મ', 'એકાગ્રતા અને ધ્યાન', 'આત્મસ્વરૂપો' વગેરે વિષયો નાની નાની પુસ્તિકાના આકારમાં આવરી લીધા હતા. હજુ તો તેમના વિષે કંઈ કંઈ આશાઓ અને અપેક્ષાઓ હતી. પણ ૫૩ વર્ષની અકાળ વયે વિધિએ તેમને આપણી પાસેથી ઝૂંટવી લીધા અને આપણે એક અણમોલું માનવીરત્ન ખોઈ બેઠા.

સ્વ. હેમેન્દ્ર દીવાનજી

મારા મિત્ર શ્રી હેમેન્દ્ર બી. દીવાનજીનું ગયા ડિસેમ્બર માસની ૧૦મી તારીખે ૭૬ વર્ષની ઉંમરે અવસાન થયું. આ દુર્ઘટનાની પણ મુંબઈ પાછા ફર્યા બાદ જ મને ખબર પડી. અમે એલ્ફિન્સ્ટન કૉલેજમાં સાથે ભણેલા અને બી. એ.ની પરીક્ષા અમે સાથે પસાર કરેલી. તેઓ પછી એમ. એ. તેમ જ એલએલ. બી. થયેલા અને વ્યાપાર વ્યવસાયમાં ગૂંથાયા હતા. અમારા બંનેના વ્યવસાય ભિન્ન, એમ છતાં અમારી વચ્ચેની મૈત્રીનો તંતુ આજ સુધી અતૂટ રહ્યો હતો. હર્ષદાબહેન તેમનાં સહધર્મચારિણી. બંને જણા ગાંધીવિચારને વરેલાં. હર્ષદાબહેન તો સવિનય સત્યાગ્રહની લડત દરમિયાન જેલમાં પણ ગયેલાં. વર્ષોથી તેઓ રેંટિયો કાંતે છે અને ખાદી પહેરે છે, અને રચનાત્મક કાર્યમાં પરોવાયલા રહે છે. હેમેન્દ્ર દીવાનજીના સૌથી નાના ભાઈ દિલખુશભાઈ દિવાનજી તો વર્ષોજૂના જાણીતા રચનાત્મક કાર્યકર્તા છે. હેમેન્દ્રભાઈ શીલસંપન્ન સજ્જન હતા, પ્રેમાળ મિત્ર હતા. પ્રબુદ્ધ જીવનના કારણે અમારી વચ્ચેનું સખ્ય સજીવ હતું. થોડાંક વર્ષથી તેઓ નિવૃત્ત જીવન ગાળતા હતા અને ગાંધી સાહિત્યના વાચન–અધ્યયનમાં સમય વીતાવતા હતા. વિશાળ દુનિયામાં તેઓ બહુ ઓછા જાણીતા હતા, પણ જે વર્તુળમાં તેઓ વિચર્યા હતા ત્યાં તેમણે ઊંડી સુવાસ ફેલાવી છે. દીર્ઘ સહજીવનનો અંત આવતા સાધ્વીસદશ હર્ષદાબહેન આપણા અંતરની સહાનુભૂતિના અધિકારી બને છે.

સ્વ. છગનબાપા

કલકત્તા ખાતે તા. ૧૪મી ડિસેમ્બરના રોજ આખા ગુજરાતના ગૌરવરૂપ લેખાતા શ્રી છગનલાલ કરમશી પારેખ જેઓ 'છગનબાપા'ના આદરભર્યા નામથી ઓળખાતા હતા તેમણે ૭૫ વર્ષની ઉંમરે દેહત્યાગ કર્યો છે.

હું ગયા માર્ચ-એપ્રિલમાં કલકત્તા ગયેલો તે દરમિયાન એક મિત્રે મને છગનબાપાને મળવા આગ્રહપૂર્વક લખ્યું હતું અને તે મુજબ મારા મિત્ર બિહારીલાલ શાહ સાથે એક દિવસ સવારના તેમને ઘેર ખાસ મળવા ગયો હતો અને કલાક દોઢ કલાક તેમની સાથે ગાળ્યો હતો અને તે દરમિયાન તેમની સેવાભરી જીવનકારકીર્દિનો મને કેટલોક ખ્યાલ આવ્યો હતો અને તેમના વિષે મારું દિલ ખૂબ જ પ્રભાવિત થયું હતું. તેમના ઉજ્જવળ જીવનનો આ અંકમાં અન્યત્ર પરિચય આપવામાં આવ્યો છે. અહિં તો તેમના પવિત્ર આત્માને હું વંદન કરું છું અને તેમને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના સાથે વિરમું છું.

પરમાનંદ

પ્રજાસત્તાક દિન પ્રીતિભોજન

ચાલુ જાન્યુઆરી માસની ૨૬મી તારીખે – પ્રજાસત્તાક દિને રાત્રે ૮ વાગ્યે મરીન ડ્રાઈવ ઉપર આવેલા હિન્દુ જીમખાનાના ચોગાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનો માટે એક પ્રીતિભોજન ગોઠવવામાં આવ્યું છે. આ પ્રીતિભોજનમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ વ્યકિત દીઠ રૂા. ૧૦ સંઘના કાર્યાલયમાં તા. ૨૦ મી સાંજ પહેલાં ભરી જવાના રહેશે. ઘણાં લાબા સમયે સંઘ તરફથી આવું પ્રીતિભોજન યોજાતું હોવાથી તેમાં ભાગ લેવા સંઘના સર્વ સભ્યોને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

☆ ચંદ્રની સમીપે ☆

ઍપોલો – ૮ ના ત્રણ યાત્રિઓ, પૃથ્વીથી ૨૩૩૦૦૦ માઈલ દૂર ચન્દ્રની ૨૦ કલાક સુધી ૧૦ પ્રદક્ષિણા કરી, કુલ લગભગ ૧૪૭ કલાકમાં સાત લાખ માઈલનો પ્રવાસ કરી, નિયત સમયે, નિયત સ્થળે, સહીસલામત, પાછા આવ્યા એ માનવ ઈતિહાસની અભૂતપૂર્વ ઘટના છે. આ યાત્રિઓએ ઉડ્યન શરૂ કર્યું ત્યારથી લાખો કરોડો માનવીઓની પ્રાર્થના હતી કે તેમનું સાહસ સફળ થાય અને પાછા ફરવાની તેમની ઘડી નજીક આવતી ગઈ તેમ ઉત્કંઠા અને ચિન્તા વધતી રહી. આ બનાવનો જેમ જેમ વિચાર કરીએ છીએ તેમ આ કલ્પનાતીત વસ્તુ વાસ્તવિક બની તેની અદ્‌ભુતતા રોમાંચક લાગે છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણની સીમા માનવીએ પહેલી વખત છોડી, અવકાશમાં ઝંપલાવ્યું. ચંદ્રના ગુરુત્વાકર્ષણની સીમામાં દાખલ થતા અને તેમાંથી નીકળી ફરીથી પૃથ્વીની સીમામાં દાખલ થતાં રહેલાં જોખમોને પાર કર્યા. આ સીમાઓ ઓળંગતા કલાકના લગભગ ૨૪,૦૦૦ માઈલની ગતિએ અવકાશ યાન ધસી ગયું. પૃથ્વીની સીમામાં આવતાં અગ્નિની ભયંકર જ્વાળાઓ – ૩,૦૦૦ ડીગ્રી સેન્ટી ગ્રેડ – માંથી પસાર થયા અને લોવેલના કહેવા પ્રમાણે અગ્નિના ગોળા—Fire Ball—માંથી નીકળ્યા.

જે વૈજ્ઞાનિકોએ આ આયોજન કર્યું તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. માનવીની બુદ્ધિની આ મહાન સિદ્ધિ છે. લગભગ ૫૦ લાખ જુદા જુદા ભાગો –5 million components –નું બનેલું આ રૉકેટ અને યાન હતું. તેમાંથી અગત્યનો કોઈ પણ ભાગ નિષ્ફળ જાય તો આખી યોજના પડી ભાંગે. શું ગણતરી કરી હશે? પળે પળ ક્યાં હશે, શું કરવું, કાંઈ વિઘ્ન આવે તો કેમ પહોંચી-વળવું, બધું જ લક્ષમાં લીધું હતું. પૃથ્વીનું હવામાન, ચંદ્રનું હવામાન, તેનાં આકર્ષણો, તેનાં પરિણામો, બધાંની સમજણ અને તેને અનુકૂળ વ્યવસ્થા. ૨૩૩૦૦૦ માઈલ દૂર ક્ષણેક્ષણે સંદેશાઓનો વ્યવહાર સતત રહે, એટલે દૂરથી સ્પષ્ટ ચિત્રો આવે, ટેલિવિઝન ઉપર અવકાશયાત્રિઓની પ્રવૃત્તિઓ લાખો માનવીઓ જુએ, આ બધાના યોગ્ય અને આસરકારક વર્ણન માટે ભાષા અધુરી પડે છે.

અવકાશના અવગાહન—Space Exploration—નું આ એક સીમાચિહ્ન છે. લાગે છે કે થોડા મહિનામાં માનવી ચંદ્રની ધરતી ઉપર પગ મૂકશે. વિરાટ બ્રહ્માંડનાં રહસ્યો પામવા માટે માનવીએ પ્રયાણ શરૂ કર્યું છે. અતિ વેગપૂર્વક આ રહસ્યો ખુલતા થશે. કલ્પનામાં હતું એ હકીકતમાં પરિણમશે. આ જ્ઞાન માણસની ચેતનશક્તિનો આવિર્ભાવ છે. અંતરમાં ખોજ કરી આત્મતત્ત્વ જાણવા અર્થે, તેવી જ રીતે વિરાટ વિશ્વને જાણી, પોતાના જ્ઞાનની સીમાઓ વિસ્તારે. બન્ને ચેતનશક્તિનો મહિમા છે.

ચંદ્ર અને ચંદ્રિકા ઉપર કવિઓએ કાવ્યો લખ્યાં છે. કદાચ વાસ્તવિકતા આ કલ્પનાઓનો ભ્રમ ભાંગે અને માણસ નિરાશ થાય. કદાચ નવી કવિતા જન્મશે. ઍપોલો – ૮ અને તેના યાત્રિઓ ઉપર કોઈ કવિ કાવ્ય કેમ ન લખે? એમાં ક્યાં ઓછી ભવ્યતા છે?

આ યાત્રિઓ પણ આપણાં ખૂબ ધન્યવાદનાં અધિકારી છે. તેમની આ યાત્રામાં મહાન સાહસ તો હતું જ; પણ આ સાહસ શરૂ કરતાં, કેટલી તૈયારી કરી હશે અને તાલીમ લીધી હશે? કેટલું જ્ઞાન મેળવ્યું હશે? ૧૩ + ૧૧ ના કેપ્સુલમાં છ દિવસ રાત ગાળી, પૃથ્વીનું, ચંદ્રનું અવલોકન કરી, ફેટાઓ લીધા અને માહિતી મેળવી.

અવકાશનું આ સંશોધન અનહદ ખરચાળ છે. અમેરિકામાં લગભગ ૯,૦૦૦ માણસો—વૈજ્ઞાનિકો અને બીજાઓ, વર્ષોથી પ્રયોગો કરી રહ્યા છે. લગભગ ૧૬૦૦ માઈલના વિસ્તારમાં આ પ્રયોગ-શાળા campus છે. કરોડો—અબજો ડૉલરનું ખર્ચ છે અને હજી થશે.

કેટલાક એમ કહે છે કે શું આ બધું ખર્ચ જરૂરનું અથવા સાર્થક છે? દુનિયા ઉપર ભયંકર ગરીબી અને ભૂખમરો છે તેને દૂર કરવાને બદલે આવા "જ્ઞાન" થી શું ફાયદો છે? એટલું જ કહેવાય કે મતભેદને અવકાશ છે. માણસના જ્ઞાનની સીમાઓ વિસ્તરતી હોય તેને હું આવકારું છું.

પણ, બીજા ઘણાં વૈજ્ઞાનિક જ્ઞાનનો દુરૂપયોગ થયો છે તેમ આનો પણ નહિ થાય? વિજ્ઞાને માનવજાતના સર્વનાશ માટે સાધનો પેદા કર્યાં છે. આ ખરૂં છે; પણ વિજ્ઞાનને માનવી તજી દે એમ બનવાનું નથી. વિજ્ઞાનનો દુરૂપયોગ ન થાય એ જ જોવાનું રહ્યું. માણસની બુદ્ધિએ અદ્‌ભુત વિકાસ કર્યો તેમ જ તેનું હૃદય વિશાળ થાય, તેની અંતરકરૂણા વહે, તેની માનવતા વધે એ જ ઉપાય છે. આ થાય તો બીજા ઘણા અનર્ગળ ખોટા ખરચા બચી જાય. યુદ્ધની પાછળ કરોડો – અબજો ડૉલર ખરચાય છે તે બચી જાય. જ્ઞાનની સીમાઓને વાડ કરી લાભ થવાનો નથી.

૨૮-૧૨-૬૮. ચીમનલાલ ચકુભાઈ શાહ

એક મહત્ત્વની પ્રશ્નોત્તરી

(શ્રી પૉલબ્રન્ટનના 'The Secret Path'માંથી ઉદ્‌ધૃત)

એક તર્કપટુ પંડિત પુરાતન ગ્રીસના પ્રાજ્ઞ પુરુષોમાંના એક મહાનુભાવની સમીપ ગયો અને જટિલ પ્રશ્નો પૂછીને તે મહાનુભાવને ગૂંચવવાનો આ પંડિતે પ્રયત્ન કર્યો. પણ મિલેટસનો આ સન્ત પુરુષ તેનો બરોબરીયો નીવડ્યો. કારણ કે તેણે તેના બધા સવાલોના જરા પણ ખચકાયા સિવાય તુર્તાતૂર્ત અને અસાધારણ સ્પષ્ટતાપૂર્વક જવાબો આપ્યા. આ સવાલો અને જવાબો નીચે મુજબ હતા:

૧ પ્રશ્ન : સર્વથી પુરાણી એવી કઈ વસ્તુ છે?

ઉત્તર: ઈશ્વર, કારણ કે તે અનાદિકાળથી છે.

૨ પ્રશ્ન : બધી વસ્તુઓમાં સર્વથી વધારે સુન્દર કઈ વસ્તુ છે?

ઉત્તર: આ વિશ્વ, કારણ કે તે ઈશ્વરનું નિર્માણ છે.

૩ પ્રશ્ન : બધી વસ્તુઓમાં સર્વથા વધારે મોટી વસ્તુ કઈ છે?

ઉત્તર : આકાશ, કારણ કે તેમાં જે કાંઈ નિર્માણ થયું છે તે સર્વનો સમાવેશ થાય છે.

૪ પ્રશ્ન: બધી વસ્તુઓમાં સૌથી વધારે સ્થાયી વસ્તુ કઈ છે?

ઉત્તર: આશા, કારણ કે માનવીએ સર્વ કાંઈ ગુમાવ્યું હોય ત્યાર બાદ પણ તે માનવીને વળગી રહે છે.

૫ પ્રશ્ન: સર્વથી ઉત્કૃષ્ટ વસ્તુ કઈ છે?

ઉત્તર: સદ્‌ગુણ, કારણ કે તે સિવાય અન્ય કાંઈ સારૂં કલ્પી શકાય છે.

૬ પ્રશ્ન: સૌથી વધારે ત્વરિત કઈ વસ્તુ છે?

ઉત્તર: વિચાર, કારણ કે એક મિનિટથી પણ ઓછા સમયમાં તે દુનિયાના છેડે પહોંચી જઈ શકે છે.

૭ પ્રશ્ન: સૌથી વધારે બળવાન કઈ વસ્તુ છે?

ઉત્તર: જરૂરિયાત, જે જીવનનાં બધાં જોખમોને પહોંચી વળવાની તાકાત આપે છે.

૮ પ્રશ્ન : સૌથી સહેલી કઈ વસ્તુ છે?

ઉત્તર: કોઈને સલાહ આપવી તે.

પણ પછી જ્યારે નવમો પ્રશ્ન આવ્યો ત્યારે આ સન્ત પુરુષે પરસ્પરવિરોધી દેખાય એવો જવાબ આપ્યો. તેણે એવો જવાબ આપ્યો કે જે, મને ખાત્રી છે કે, દુન્યવી ડાહ્યા માણસો કદી સમજી ન શકયા અને જેમાંથી ઘણાખરા લોકોને માત્ર ઉપરછલ્લો અર્થ જ જડશે.

૯ પ્રશ્ન: સૌથી વધારે મુશ્કેલ કઈ વસ્તુ છે?

ઉત્તર: To Know Thyself—તારી જાતને જાણવી તે.

પ્રાચીન સાધુસંતોને અજ્ઞાન માનવીનો આ પડકાર હતો અને આજે પણ માનવજાતને આ જ પડકાર છે.

અનુવાદક: પરમાનંદ

મૂળ અંગ્રેજી શ્રી પૉલબ્રન્ટન

❋ રજનીશજી અને ગાંધીજીની અર્થવ્યવસ્થા ❋

આચાર્ય રજનીશજી ગાંધીવિચાર વિષે જે વિધાનો પોતાનાં વ્યાખ્યાનો કે મુલાકાતોમાં હમણાં હમણાં પ્રગટ કરી રહ્યા છે તે વિષે હું કાંઈક કહું તેવું ઘણા મને સૂચવતા રહ્યાં છે.

પણ તે વિષે ગુજરાતનો જનમત જાતે જ રસ બતાવી રહ્યો હતો તે જોતાં મેં થોભવાનું ઈષ્ટ ગણ્યું હતું.

મેં એમ પણ માનેલું કે દરેક સફળ વક્તા પોતાના વ્યાખ્યાનના વેગમાં કેટલાંક આત્યંતિક વિધાનો કરતો જ હોય છે, અને પછીથી શાંત પળોમાં તેમાં રહેલી આત્યંતિકતા કે અર્થહીનતા પોતે જ જોઈ શકતો હોય છે તેવું આમાં થશે અને આચાર્યશ્રી પોતાના ક્ષેત્રની બહારના પ્રદેશમાં સાવધાનીથી ચાલશે; પણ ગાંધીવિચાર વિષે તેમણે ફરી રાજકોટ, સુરેન્દ્રનગરમાં જે કહ્યું તેના અહેવાલો જોતાં આ વિષે લખવું જરૂરી લાગે છે.

એમનાં કેટલાંક વિધાનો આત્યંતિક અને અર્થહીન છે તે સામાન્ય સમજદાર માણસ પણ જોઈ શકશે.

દા. ત. પંડિત જવાહરલાલને હિટલર સાથે સરખાવવા કે તેઓ હિપ્નોટીઝમ કરતા અને તે હિપ્નોટીઝમ ખોટું હતું - પણ પોતે જે સંમોહન કરે છે તે સાચું છે.

કે બીજાઓને દાન આપે છે તે સમજ્યા વિના આપે છે અને એમને દાન આપે છે તે સમજીને આપે છે. કે ગાંધીજીએ દરિદ્રનારાયણ શબ્દ વાપરી ગરીબોને ગરીબ રાખવાનું કર્યું કે નહેરુએ રાજ્યે રાજ્યના ઠગોને ભેગા કરી પોતાની સત્તા મજબૂત કરી.

આનો જવાબ આપવાની જરૂર જ ન હોય. બે પગે ચાલતો આ દેશનો હરકોઈ માણસ તેમાંની અર્થહીનતા અને અહંકાર જોઈ શકે તેવું છે.

પણ તેમણે જે બીજાં કેટલાંક વિધાનો કર્યાં છે તે ગંભીરતાથી કર્યાં હશે તેમ માનવું જોઈએ. અને અનુભવ અને અભ્યાસને જોરે તેના પર ચર્ચા થવી જોઈએ.

વર્તમાનપત્રોના અહેવાલો પરથી જોતાં આવાં વિધાનો નીચેનાં લાગે છે:

(૧) ગાંધીજી ટેકનોલોજિકલ વિકાસની વિરુદ્ધ હતા.
(૨) દેશને આગળ લઈ જવા હિંસક ક્રાંતિ પણ આવશ્યક છે.
(૩) દુન્યવી પ્રગતિ તે જ આધ્યાત્મિક પ્રગતિનું સોપાન છે.
(૪) ભારતમાં ક્રાંતિ માટે સરમુખત્યારી અનિવાર્ય છે.

આચાર્યના વ્યવસાયમાં પડેલ માણસની પાસેથી બીજી અપેક્ષા રખાય કે ન રખાય, પણ કમમાં કમ અભ્યાસની આશા તો રખાય જ છે.

રજનીશજીએ ગાંધીજી વિષે કરેલાં વિધાનો તેમણે ગાંધીજીનાં લખાણોનો વ્યાજબી અભ્યાસ પણ નથી કર્યો તેટલું જ બતાવે છે અથવા તેઓએ અભ્યાસ કર્યા પછી આણગમતી વાતો ભૂલી ગયા છે!

યંત્ર વિકાસ વિષે ગાંધીજીએ ક્રમશ: પ્રસંગોપાત જે જે કહ્યું છે તેનો નાનકડો સંગ્રહ અને સાધાર પૂરવણી – લેખો સદ્‌ગત નરહરિભાઈએ 'યંત્રની મર્યાદા' નામના નાનકડા પુસ્તકમાં કરેલ છે. તે એક જ પુસ્તક રજનીશજી ધ્યાનપૂર્વક જોઈ ગયા હોત તો તેમને આટલો ઉકળાટ ન ઠાલવવો પડત. તેમાંથી જ કેટલાંક લખાણો નીચે આપ્યાં છે:

(અ) "હું સંચાની વિરુદ્ધ છું એમ કહેનારાઓએ ખૂબ વગોવ્યો છે. મને વિનોદ પણ કરાવ્યો છે. આ દૂધશાળાઓ ચલાવવાને સારું જેટલાં યંત્રોની જરૂર જણાય તે બધાં એકઠાં કરવાની સામે હું "મહાત્મા' નો અવાજ નહિ ઉઠાવું, પણ તેના પક્ષમાં મારો નમ્ર અભિપ્રાય આપવા તૈયાર છું." (૨-૪-૨૪)

(બ) શું તમે બધાં યંત્રોની વિરુદ્ધ છો? જવાબમાં હું ઘસીને ના પાડું છું. પણ હું યંત્રોનો બેફામવિચાર્યો વિસ્તાર કરવાની વિરુદ્ધ છું. બધાં વિનાશક યંત્રોની સામે મારો અટલ વિરોધ છે. પણ સાદાં ઓજારો અને સાધનો તેમ જ ઝૂંપડાંમાં વસતા કરોડો માણસોનો બોજો ઓછો કરે અને **માણસની મહેનત ઘટાડે** એવાં યંત્રોને હું વધાવી લઉં છું. (૧૭-૬-૧૯૨૬).

(ક) સાંચાકામ જોડે રેંટિયાને વેર નથી. માત્ર તેના ઉપયોગની મર્યાદા બાંધી તેને આડાઝૂડ ફેલાતું રોકે છે. (૧૭-૩-૧૯૨૭)

(ડ) જે કામ કરવા ધાર્યું હોય તેને માટે પૂરતા માણસો ન હોય ત્યારે એ કામ **સંચાથી લેવું એ સારું** છે. પણ જેમ હિંદુસ્તાનમાં છે તેમ કોમને માટે જોઈએ તે કરતાં વધારે માણસો પડેલાં હોય ત્યારે સંચા વાપરવાથી નુકસાન છે. (૧૮-૧૧-૩૪)

(ઈ) જે દેશમાં જમીન પર વસ્તીનું દબાણ વધારેમાં વધારે હોય તે દેશનાં અર્થશાસ્ત્ર અને સંસ્કૃતિ એ દબાણ જ્યાં ઓછામાં ઓછું હોય તે દેશ કરતાં જુદાં છે ને હોવા જોઈએ. જ્યાં કરોડો માણસો કામ વિનાના બેસી રહ્યા છે ત્યાં મજૂરી બચાવનારાં યંત્રોનો વિચાર કરવાથી કશો લાભ નથી. (૧૯-૫-૩૫)

(ઈ) પણ મોટી શોધોનું શું? આપ વીજળીને બાતલ કરશો?

કોણે કહ્યું? જો દરેક ગામડાને ઝૂંપડે ઝૂંપડે વીજળી પહોંચાડી શકાય તો લોકો પોતાનાં ઓજાર વીજળીની મદદથી ચલાવે એમાં હું વાંધો ન ઉઠાવું. પણ તો પછી પાવરહાઉસ પર માલિકી ગામના મહાજનની કે સરકારની રહેશે. જેમ આજે ગોચરને વિષે છે, પણ જ્યાં વીજળી ન હોય અને યંત્રો પણ ન હોય ત્યાં બેકાર પડેલા લોકોએ શું કરવું?

સર્વ મનુષ્યના લાભને માટે થયેલી વિજ્ઞાનની એકેએક શોધને હું બહુ મૂલ્યવાન ગણું છું. સાર્વજનિક ઉપયોગનાં જે કામો માણસના હાથની મહેનતથી ન થઈ શકે એવાં હોય એને માટે ભારે યંત્રોના વાપરને માટે સ્થાન અવશ્ય છે. પણ એ બધા પર માલિકી સરકારની રહે, અને એનો ઉપયોગ કેવળ લોકોના કલ્યાણને અર્થે જ હોય. જે યંત્રો કેવળ ધણાંનાં ગજવાં ખાલી કરી થોડાને ધનવાન બનાવવાને કે વિનાકારણે ઘણા માણસની ઉપયોગી મજૂરી છીનવી લેવાને નિર્માએલાં છે તેને વિષે મારા વિચારમાં સ્થાન ન હોઈ શકે." ,
(૨૬-૩-૧૯૩૫).

છેક ૧૯૨૪થી શરૂ કરીને ૧૯૩૫ સુધીનાં લખાણો ઉપર - આપ્યાં છે. ગાંધીજી હંમેશાં કહેતા કે મારા પાછલાં લખાણને મહત્વ આપવું. કારણકે તેઓ પોતાને કદી ભૂલ ન કરે તેવા મહાત્મા ગણતા નહોતા.

પણ યંત્રોની ઉપયોગીતા અને મર્યાદા વિષે તેમનું દૃષ્ટિબિંદુ આ ગાળામાં નોંધપાત્ર અને એક સરખું રહ્યું છે તે આટલું જ છે.

(૧) તેઓ યંત્રોની ઘેલછાની વિરુદ્ધ છે. જે યંત્રો માણસોને બેકાર ન બનાવે કે તેનો શ્રમ હળવો બનાવે તેવા યંત્રો – મનુષ્યનું શોષણ ન કરતાં હોય તો–તેમને આવકાર્ય છે.

પણ હિંદુસ્તાનની વસ્તી વધારે, અને જમીન ઓછી હોવાથી અહીંના ઉદ્યોગોનું આયોજન પશ્ચિમના જમીન વધારે અને વસ્તી ઓછી હોય તેવા દેશોની જેમ ન થાય.

આ મર્યાદામાં જે જે વૈજ્ઞાનિક શોધો થાય, **તેમાં વીજળીનો ઉપયોગ પણ થાય તેમાં તેમને કશું હરકત સરખું નથી.**

શ્રી રજનીશજી એમ કહી શકશે કે યંત્રોની ઘેલછા એ સારી વસ્તુ છે? કે આ દેશની સ્થિતિ જોતાં યંત્રોને આડાઝૂડ ન વધવા દેતાં તેનો પરિસ્થિતિ સાથે મેળ બેસે તેમ પ્રવેશ કરાવવો ન જોઈએ?

આપણા દેશની પરિસ્થિતિ અમેરિકા કે ઈંગ્લાંડ કરતાં જુદી નથી?

શ્રી ગ્રેલબ્રેથ ગાંધીવાદી નથી–તે વિખ્યાત અર્થશાસ્ત્રી છે, હિન્દુસ્થાનમાં તેઓ અમેરિકન એલચી હતા. તેમણે આપણને કે આપણા જેવાઓને આપેલી શિખામણ અહિં ઉતારૂ. તેઓ કહે છે કે આગળ વધેલા દેશો પાસે ત્રણ વિશેષતાઓ છે : મૂડી, યંત્રવિદ્યા અને વ્યવસ્થાતંત્ર. પછી કહે છે કે "પહેલી નજરે તો એ કલ્પવું અઘરું છે કે વધારે પડતી મૂડી મળવાને લીધે પછાત દેશોને નુકશાન પણ થાય પણ ટૂંકા વ્યાજે કે શૂન્ય વ્યાજે ધીરાતી મૂડી અરે – ભેટ મૂડી સુદ્ધાંને પણ ભયસ્થાનો છે. મૂડી અમુક પ્રમાણની બહાર વાપરવાની શકિત તે પણ વિકાસનું પરિણામ હોય છે. આવી સ્થિતિ પેદા થાય તે પહેલાં જો મૂડી મળે તો તે બિનઅસરકારક રીતે વપરાય – શકય છે કે વેડફાય."

તેઓ ચેતવે છે કે "યંત્રવિદ્યાના ઉછીઉધારા પણ બહુ સૂક્ષ્મ બાબત છે. સિદ્ધાંતમાં એ ખૂબ ઈચ્છાવાજોગ છે ... પણ આગળ વધેલા દેશોની ઘણીખરી યંત્રવિદ્યા એ મજૂરોની તંગીમાંથી રસ્તો કાઢવા માટે અથવા તો આગળ વધેલ અર્થરચનામાંથી ઊભી થયેલી કોઈક ખાસ પરિસ્થિતિમાંથી નીવેડો લાવવા ખડી થયેલ છે. કપાસની લણણીનું યંત્ર, અથવા ખેડ માટે મોટાં તોતીંગ ટ્રેકટરોની શોધ આ પ્રકારની છે. યુ. એસ. એ. નાં ખેતરો પર તેનો થતો ઉપયોગ મજૂરોની અત્યંત તંગી છે તેમ બતાવે છે. વિકાસના શરૂના તબક્કામાં બીજા દેશોએ આ યંત્રવિદ્યા ન લેવી જોઈએ. આમ કરવાથી જે અલ્પ સાધનો છે તે વેડફાય – વિકાસ રૂંધાય, અને બેકારીમાં વધારો થાય.

"થોડા વખત પહેલાં એક એશિયાઈ દેશ જ્યાં ખૂબ બેકારી છે, અને મજૂરીના દર નીચા છે ત્યાં મેં રેલના ફાટક પર પરદેશથી આયાત થયેલ આપમેળે ઉઘડતા, અને આપમેળે બંધ થતા ફાટકને ગોઠવેલું જોયું. જે દેશમાં ફાટક બંધ કરનારની એકાંતવાળી જિંદગી પસંદ કરનારા ઢૂંઢીએ તો પણ મળે તેમ નથી ત્યાં તો આવો વિકાસ જરૂરી છે, પણ અહીં નહિ. હું જે ભેદ સમજવાનું કહી રહ્યો છું તે જો નજર સામે હોત તો પૈસાનો બચાવ થાત, અને ફાટક પરના ચોકીદારો પોતાની કામગીરી ચાલુ રાખી શકયા હોત."

આપણા દેશમાં બેકાર – કામ ઝંખતાં–કરોડો માણસો નથી? આપણા દેશમાં મૂડીનો અભાવ નથી? અને છતાં યંત્રની ઘેલછામાં આપણે વિવેકહીન રીતે મૂડી વેડફવાનું કરતા નથી?

પશ્ચિમનાં દેશો અને આપણા વચ્ચે પરિસ્થિતિનો જે ભેદ છે અને જે સમજાવવા ગાંધીજી મથ્યા તે ભૂલી જઈ આપણે ઉદ્યોગવાદ પાછળ દોટ મૂકી તેને પરિણામે મૂડીના રોકાણના પ્રમાણમાં બેકારી વધી નથી?

દેશમાં સારી બાબતો પણ થઈ છે. ખાસ કરીને ખેતી અને તેને આનુષંગિક ક્ષેત્રમાં જે થયું છે તે નોંધપાત્ર છે પણ ઉદ્યોગવાદ કે યંત્રવિદ્યાને લગતાં ગાંધીજીએ કરેલાં વિધાનો ઉલ્ટાં આ દેશને માટે વધારે સાચાં સિદ્ધ થયાં છે. ગાંધીજીને જ આ દેખાતું તેમ નહિ પણ ગેલબ્રેથને પણ આ જ કહેવાનું થયું. ગાંધી ગ્રેલબ્રેથ કરતાં યે થોડા આગળ જાય છે - પણ તે આગળ જોઈશું - પણ રજનીશજી ગાંધીજી યંત્રવિદ્યાની વિરૂદ્ધ હતા કે આદિમ અર્થવ્યવસ્થામાં માનતા હતા તેમ કહે છે ત્યારે તેઓ તેમને જાણ્યે–અજાણ્યે અન્યાય કરે છે. જાણ્યે શબ્દ એટલા માટે વાપરૂં છું કે એમના જેવા વિદ્વાને ગાંધીજીનાં લખાણોનો અભ્યાસ ન કર્યો હોય તેમ માનવું વધારે પડતું છે.

આદિમ ગાંધીએ યંત્રવિવેક કરવાનું આવશ્યક કહ્યું હતું–અને અર્થશાસ્ત્રી ગૅલબ્રેથ પણ ઉપર જોયું તેમ વધારે વસ્તીવાળા પછાત દેશોને તે જ શિખામણ આપે છે.

"ગાંધી અને વિનોબા લોકોને ત્યાગ અને તપશ્ચર્યાના મોહમાં મૂકી પ્રગતિથી વંચિત રાખે છે. આ વસ્તુનો હું વિરોધી છું. વિશ્વસમસ્તમાં આજે જ્યારે ઔદ્યોગિક ક્રાંતિ કરી રહ્યું છે ત્યારે ગ્રામોદ્યોગની વાત કરવી તે બેવકૂફી છે, એક આખી પ્રજા સાથેની, રાષ્ટ્ર સાથેની છેતરપિંડી છે." એમ રજનીશજીએ કહી નાંખ્યું છે.

રજનીશજીની પ્રગતિની વ્યાખ્યા શું છે તે તેમણે કહ્યું નથી. પણ ગાંધીજીએ તો તે બાબતમાં કશી અસ્પષ્ટતા રાખી નથી. ૨૭-૨-૩૮ ના રોજ ડૉ. બેઅર સાથેની વાતચીતમાં તેમણે કહ્યું છે 'પુષ્કળ માલ હોવો જોઈએ એનો અર્થ જો તમે એવો કરો કે દરેક માણસને પુષ્કળ અન્ન, દૂધ, દહીં અને વસ્ત્ર મળવાં જોઈએ, અને સુસજ્જ ને સુશિક્ષિત બનાવવાને માટે પૂરતી સાધનસામગ્રી મળવી જોઈએ, તો મને સંતોષ થાય.

"પણ પચે એના કરતાં વધારે ખોરાક પેટમાં નાખવો ને વાપરી શકાય એના કરતાં વધારે ચીજો ખડકવી એ મને ન ગમે. પણ બીજી બાજુ મારે દુ:ખ દારિદ્રય, કંગાલિયત ને ગંદકી પણ હિંદુસ્તાનમાં નથી જોઈતાં."

શ્રી રજનીશજીને એ જાણ હોવી જોઈએ કે આ પ્રશ્ન અંગેજ ગાંધીજીને કવિઠાકુર જોડે અસહકારયુગમાં તેજસ્વી વાદવિવાદ થયેલો–અને તે વખતે તેમણે મુંગા ભૂખ્યાંની અદ્‌ભુત વકીલાત કરેલી. તેમણે કવિનું અત્યંત નમ્રતાપૂર્વક ધ્યાન ખેંચેલું કે "તરંગ ઊંડા ઉતરે અને જાતે જ જુઓ કે ચરખાનો સ્વીકાર આંધળી શ્રદ્ધાને લીધે થયો છે કે બુદ્ધિપૂર્વક જરૂરી લાગવાથી. આર્ષ અને આર્તવાણીમાં તેમણે કહેલું.

"To a people famishing and idle the only acceptable form in which God can dare appear is work and promise of food as wages.....Swaraj has no meaning for the millions if they do not know how to employ their enforced idleness.

"True to his poetical instinct the poet lives for the morrow. He presents to our admiring gaze the beautiful picture of the birds early in the morning singing hymns of praise as they soar into the sky. These birds had their day's food.....But I have had the pain of watching birds who for want of strength could not be coaxed even into a flutter of their wings.... The human bird under the India sky gets up weaker than when he pretended to retire. It is an indescribably painful state which has to be experienced to be realised. I have found it impossible to soothe suffering patients with a song from Kabir. The hungry millions ask for one poem— invigourating food. They cannot be given it. They must earn it–and they can earn only by sweat of their brow."

ચરખા કે ખાદીની હોળીની વાત કરતાં પહેલાં શ્રી રજનીશજીએ તે આદિવાસી પ્રદેશોમાં જવું જોઈએ કે જ્યાં વર્ષના ત્રણ મહિના આદિવાસીઓને આમલીના કચુકા કે રાખધૂળ જેવા કંદમૂળ ગોતવામાં દિવસ વિતાવવા પડે છે, અંગ ઢાંકવા પૂરાં વસ્ત્રો નથી અને ઝુંપડી પર નવું છજું નાખવાની ત્રેવડ નથી. તેમણે એ કરોડો નાના ખેડૂતખાતેદારોને મળવું જોઈએ કે જેમની પાસે વર્ષના ચાર મહિના કશું કામ નથી હોતું–અને તેમણે એ જાણવું જોઈએ કે અબજો રૂપિયાનું મૂડીરોકાણ અને સરકાર તરફથી વિવિધ સહાયતાઓ અને પરદેશથી આયાત થતા એવા માલ સામે રક્ષણ મેળવ્યા પછી પણ આપણા બધા યંત્રોદ્યોગો અને કારખાના ૧૯૬૩ માં માત્ર ૪૩ લાખ માણસોને રોજી આપતાં હતાં; જ્યારે તેની સામે ખાદી કામ જે દેશના કાપડનું ૦૫ ટકા જેટલું જંગું ઉત્પન્ન કરે છે તે થોડા કરોડની મૂડી રોકીને ૨૦ લાખને રોજી આપતું હતું. પણ આ વાતને સમજવા માટે ગાંધીજીએ કવિઠાકુરને ટકોર કરી છે તેમ એ દુ:ખિયારાની વેદના અનુભવવાની જરૂર છે; તેઓ અને મુખ્યત્વે જે સુખી સમાજને સંબોધે છે તેઓ સ્વૈચ્છિક રીતે આ અનુભવ લેવાનો પ્રયાસ કરશે તો ગાંધીનું દર્શન પ્રીમીટીવ નહિ પણ વ્યવહારૂ આદર્શવાદીનું હતું તેમ દેખાશે.

હા - જો તેઓ તરંગની દુનિયામાં રહેવા માગતા હોય કે પચે તેથી વધુ ખોરાક અને સચવાય તેના કરતાં વધારે સાધનસામગ્રી વાળી affluent સમાજરચનાના હિમાયતી હોય તો જુદી વાત છે.

પણ ગાંધીનું દર્શન એક સમ્યક્ જીવનવ્યવસ્થા માટેનું હતું.

અતિ ખોરાક - કે ભોગની અતિરેકતા મનુષ્ય વિકાસને પોષક નહિ પણ ઘાતક છે તેમ ગાંધીજીએ બીજા અનેક સમજુ–શાણા વિચારકોની જેમ માન્યું છે. જે ઝાડનો એક બાજુ જ વિસ્તાર થાય તે ઝાડ છેવટ સમતુલા ગુમાવી તૂટી પડે છે તેવું જ સંસ્કૃતિનું બને છે તે તેઓ જાણતા. આથી તેઓ આવશ્યક અન્ન - વસ્ત્ર - આરોગ્ય શિક્ષણ - સંસ્કાર સૌને મળે તેમ કહેતા. આટલું પેદા કરવા માટે વીજળીની પણ મદદ લેવાની તેમની તૈયારી હતી - માત્ર તે સર્વ-સુલભ હોય - અને તેમાં શોષણની ગંધ ન હોય તેવો આગ્રહ રાખતા. એમની લાક્ષણિકવાણીમાં કહીએ તો તેઓ Mass production નહિ પણ production by masses ઈચ્છતા હતા. આને જ તેમણે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા તેવું નામ આપી સલામતી અને સ્વાતંત્ર્ય બંને જરૂરી માનવમૂલ્યોનો સુમેળ સાધ્યો હતો, જે બીજી કોઈપણ અર્થવ્યવસ્થામાં મુશ્કેલ છે. આ બાબતમાં વર્તમાન સમાજ-શાસ્ત્રનું ચિંતન ગાંધીજીને માર્ગે જ વહી રહ્યું છે. એરીશ ફ્રોમ વર્તમાન જગતનો નામાંકિત વિચારક છે. એનાં 'Sane Society' શાણા સમાજમાં એણે ઉદ્યોગવાદની ઘેલછામાં સપડાયેલ પશ્ચિમી સમાજની મીમાંસા કરી છે; તેના નિષ્કર્ષરૂપે કહ્યું છે "ઓગણીસમી સદીની સમસ્યા હતી. "ઈશ્વર મરી પરવાર્યો છે. વીસમી સદીની સમસ્યા છે માણસ મરી પરવાર્યો છે." "ભૂતકાળમાં માણસો ગુલામ બનતા તેનો ખતરો હતો. ભવિષ્યનો ખતરો એ છે કે માણસો કદાચ યંત્રમાનવો બનશે. પરંતુ માણસના સ્વભાવમાં યંત્રમાનવો માનસિક સ્થિરતા જાળવીને જીવી શકશે નહિ ... આજે વિકલ્પ શું છે? આપણે કામનું તેમ જ રાજ્યનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ જેથી તેમનું માનવીય સ્વરૂપ જળવાઈ રહે–**માણસના પ્રમાણમાં રહે**, ઉદ્યોગ માટે અમુક અનિવાર્ય હોય તેટલી જ હદે કેન્દ્રીકરણ થવા દેવું જોઈએ.–રાજકીય ક્ષેત્રે આપણે એવાં મોઢા-મોઢ ઓકમો ઊભાં કરવાં જોઈએ, જેઓ સુમાહિતગાર હોય."

એરીશ ફ્રોમને પશ્ચિમની આજની સ્થિતિ સમાજને માટે માનસિક અસ્થિરતા તરફ લઈ જનારી લાગે છે, અને તે બાબતમાં મૂડીવાદ – સામ્યવાદ વચ્ચે તેને ઓછો ભેદ દેખાય છે. – જે ભેદ છે તે પણ લાંબા ગાળે ઓછો સાવ ઓછો થઈ જશે. તે કહે છે "મૂડીવાદ કે સામ્યવાદ બંનેના આવતા પચાસ કે સો વર્ષનાં વિકાસનું કલ્પનાચિત્ર દોરીએ તો એમ જણાય છે કે સ્વયંસંચાલિત અને પરાયાપણાની પ્રક્રિયા વધતી જશે. બંને વ્યવસ્થાઓનો આજે મેનેજરવાદી સમાજોમાં વિકાસ થઈ રહ્યો છે. તેમાં રહેનારાઓ ખાધેપીધે સુખી છે – તેમની ઈચ્છાઓ સંતોષાયલી છે – અને જે ઈચ્છાઓ સંતોષી શકાય તેવી નથી તે ઈચ્છાઓ તેમને થતી જ નથી. તેઓ બધા યંત્રમાનવો જેવા છે. જેઓ માણસની જેમ વર્તતાં યંત્રો પેદા કરે છે. આ પરાયાપણા અને સ્વયંસંચાલિતતાને પરિણામે દિવસે દિવસે માનસિક અસ્વસ્થતા વધતી જાય છે. કારણકે બંને વ્યવસ્થા માણસનું કેન્દ્રિત તંત્રમાં - ગંજાવર કારખાનાઓમાં અને વિશાળ રાજકીય પક્ષોમાં સંગઠન કરે છે. દરેક માણસ જંગી યંત્રમાંનો એક નાનો એવો અમથો ભાગ છે અને તેણે યંત્રમાં કશી દખલ ઊભી કર્યા વિના કામ કરવાનું છે. પશ્ચિમમાં આ વસ્તુ માનસશાસ્ત્રીય પ્રચારઝુંબેશ (એક પ્રકારનું હિપ્નોટિઝમ - મ.) લોકમાનસ ઘડતર અને આર્થિક પ્રલોભન દ્વારા સિદ્ધ થાય છે અને પૂર્વમાં (રશિયા) આ બધાં સાધનો ઉપરાંત દમનનો આશરો લેવાય છે."

ફ્રોમ આ વેધક મીમાંસા કરીને છેવટે જે ઉપાય સૂચવે છે "યંત્રમાનવવાદના ખતરાને નિવારવો હોય તો આપણી સામે કેવળ એક જ વિકલ્પ છે. માનવતાવાદી પારિવારિકતા."

અચંબાની વાત એ છે કે વિનોબા ભૂદાન – ગ્રામદાન દ્વારા આ માનવતાવાદી પારિવારિકતાને જ પ્રતિષ્ઠિત કરવાનું વ્રત લઈને નીકળ્યા છે. અને છતાં રજનીશજી વિનોબા ખોટા રસ્તે છે તેવું વિધાન કરે છે.

સુખદ આશ્ચર્ય એ પણ છે કે ફ્રોમે યંત્રમાનવની જે વાત કરી છે તે જ વાત તે જ શબ્દોમાં ગાંધીજીએ વર્ષો પહેલાં ઉદ્યોગપતિ બિરલાજીના એક પ્રશ્નના ઉત્તરરૂપે કહી છે.

"હું તો એટલું સમજું છું કે આ યુગ માણસોને યંત્ર બનાવવા બેઠો છે. હું યંત્રો બની ગયેલાઓને માણસ બનાવવા માગું છું."

ફેર ફક્ત એટલો જ છે કે એરીશ ફ્રોમને જે ૧૯૫૫માં અનુભવે દેખાયું – તે મહાત્મા ગાંધીને વિવેકયુક્ત દર્શનથી ૧૯૩૫ માં પ્રત્યક્ષ થયું. માટે એ પ્રીમીટીવ ગણાય!!

મનુભાઈ પંચોળી

* શ્રી શંકરરાવ દેવનો પત્ર *

તા. ૧-૧૨-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં "શ્રી શંકરરાવ દેવ પણ કાકાસાહેબનું સમર્થન કરે છે" એ મથાળા નીચે પ્રગટ થયેલી નોંધને અનુલક્ષીને શ્રી શંકરરાવદેવ તા. ૧૧-૧૨-૬૮ના પત્રમાં નીચે મુજબ જણાવે છે :

"તામિલનાડ રાજ્યદાનના સંકલ્પની પૂર્તિના કામમાં હું હાલ તામિલનાડમાં ફરી રહ્યો છું. તા. ૧-૧૨-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં "શ્રી શંકરરાવ દેવ પણ કાકાસાહેબનું સમર્થન કરે છે" એ મથાળાની આપની નોંધ વાંચી. વાંચીને કાંઈક આશ્ચર્ય થયું. ગોઠ ઘર આશ્રામમાં જે શિબિર ભરવામાં આવી હતી તેમાં જેઓ હાજર હતા એમાંના એક એક સર્વોદય કાર્યકર્તાને મળીને અને તેમની પાસેથી જાણકારી પ્રાપ્ત કરીને આપે એ નોંધ લખી છે એ તો ઠીક જ કર્યું. એમ છતાં મારી સાથે પત્રવ્યવહાર કરીને એ નોંધ લખી હોત તો વધારે ઠીક થાત. જે પત્રલેખકે મારા વિચારના વિષયમાં આપને જાણકારી આપી તે ભાઈ, આશ્રામોમાં નિરામિષ આહારની સાથે માંસાહારની પણ ગોઠવણ કરવી જોઈએ એ પ્રમાણે કાકાસાહેબ અથવા તો હું શા માટે કહીએ છીએ તે બરોબર સમજ્યા નથી એમ તેની ઉપર આ પ્રકારનો પ્રત્યાઘાત પડયો એ જોતાં મને લાગે છે. કહેવાવાળા જે કાંઈ કહી રહેલ છે તેની પાછળ શું હેતુ અથવા વિચાર છે તે બરોબર ન સમજવાને લીધે ઘણીવાર સમજવાવાળાની ભૂલ થતી હોય છે. સાધારણ રીતે તે જે સાંભળે છે તે ખાલી અથવા તો મુકત મનથી સાંભળતા હોતા નથી. આ જ કારણથી મારા કહેવા ઉપર પત્રલેખકે જેને અંગ્રેજીમાં Ad absurdeem કહે છે તે પ્રકારનો યુકિતવાદ કર્યો છે. એમ ન હોત તો પત્રલેખક જે જણાવે છે કે "અને જો માંસાહાર મળે તો જ આશ્રામમાં આવવું એવો જે વિચાર ધરાવતા હશે તેઓ આવતી કાલે મદ્યપાનની ગોઠવણ કરવાની પણ માગણી કેમ નહિ કરે અને સ્ત્રીસેવનની પણ છૂટ કેમ નહિ માગે?" આમ કદિ ન લખત. એવી જ રીતે આપે આપની નોંધમાં જે લખ્યું છે કે "તો જે વિચારસરણીમાં નિરામિષ આહારનું અથવા મદ્યત્યાગનું કોઈ ચોક્કસ મહત્ત્વ હોય તે વિચારસરણી ધરાવતા આશ્રામ-સંચાલકોને તે તે આગ્રહ છોડી દેવાનું કહેવું તે તેમની વિચારનિષ્ઠાનું–ધર્મનિષ્ઠાનું–અપમાન કરવા બરોબર છે." અથવા તો "આ તો નિરામિષ આહારી ઉપર માંસાહાર લાદવા જેવી કોઈ પ્રક્રિયા ચાલી રહી હોય એમ લાગે છે." એમ આપ પણ ન લખત. કોઈ વિષય અથવા વસ્તુ સંબંધમાં આપ જ્યારે પણ વિચારો છો અથવા લખો છો ત્યારે આપની પ્રજ્ઞા સ્થિર રાખવાની આપની હંમેશા ચેષ્ટા હોય છે એ હું જાણું છું.

"જે વિચારસરણીમાં નિરામિષ-આહાર અથવા તો મદ્યત્યાગનું મહત્ત્વ છે એવી અથવા તો એ બે બાબતો જેનો આધાર હોય એવી વિચારસરણી ધરાવતા આશ્રામમાં માંસાહાર (મદ્યત્યાગનો સવાલ ઊઠાવવો એ તો ગાંડપણ છે. માફ કરશો.) હોવો જોઈએ એમ મારું કહેવું નથી. (કાકાસાહેબ પણ આવો વિચાર ધરાવતા હોય એમ હું નથી ધારતો.) એવી પરિસ્થિતિમાં નિરામિષ–આહારી ઉપર માંસાહાર લાદવો અથવા તો તેની વિચારનિષ્ઠાનું અપમાન કરવું એ સવાલ જ પેદા થતો નથી.

"જે આશ્રામની કાકાસાહેબ અથવા તો હું વાત કરી રહ્યો છું તે આશ્રામની વિચારસરણી બીજી છે. અહિંસા-સત્ય-અસ્તેય બ્રહ્મચર્ય–અસંગ્રહ વગેરે અગિયાર વ્રતનું સેવન કરવાની સાધના કરવાવાળાઓનો આ આશ્રામ છે. માંસાહાર-વિરોધી અથવા તો શાકાહાર-અનુકુળ આચાર અથવા તો પ્રચાર એ જેનું લક્ષ છે તેમનો ખાસ આ આશ્રામ નથી. એકાદશ વ્રતોમાં આહારવ્રત છે નહિ એ બાબત અહીં ધ્યાનમાં રાખવી જરૂરી છે. માંસાહારનો

પ્રચાર કરવો એ મારું અથવા તો કાકાસાહેબનું લક્ષ નથી. અમે શાકાહારી છીએ અને શાકાહારી જ રહીશું. વળી હવે પછી માનવજાત શાકાહાર ઉપર આવશે અથવા તો આવી શકશે તો તે જરૂર વાંચ્છનીય છે એ પણ હું માનું છું. આમ છતાં પણ શાકાહારી માંસાહારી કરતાં ચડિયાતો છે એવી મારી ભાવના નથી તેમ જ આજની દુનિયામાં કોઈ વ્યકિત વિષે પણ એ રીતે વિચારવું ન જ જોઈએ એવો મારો નમ્ર અભિપ્રાય છે. કારણ કે જો આપણે એ રીતે વિચારવા લાગીશું તો જે માંસાહારી છે તે એકાદશ વ્રતનું સેવન કરી ન શકે એમ માનવાની આપત્તિ અથવા અનર્થ ઊભો થશે. આજની દનિયામાં શાકાહારીઓની સંખ્યા અત્યંત અલ્પ છે અને સત્યાદિ વ્રતોનું પાલન શાકાહારીઓનો ઈજારો છે એમ માનવું ભૂલભરેલું છે એ તો આપ પણ સ્વીકારશો. વિશિષ્ઠ ધર્મનું પાલન નહિ કરવાવાળા નરકમાં જ જશે એમ માનવા જેવું જ આ મુજબનું માનવું નીતાંત અધાર્મિક બનવાનું.

"કાકાસાહેબ અથવા તો હું એવા આશ્રામોમાં માંસાહારની પણ છૂટ હોવી જોઈએ એમ જે કહીએ છીએ તે "આશ્રામને સર્વજનસુલભ બનાવવા માટે" અથવા તો આશ્રામોને હોટેલ બનાવવા માટે નથી કહી રહ્યા એ સમજી લેવું જોઈએ. અમારા આ કથન પાછળ દેશકાળના સંદર્ભમાં એક મહત્ત્વનો વિચાર રહેલો છે. ભારત એક નાની સરખી દુનિયા છે. તેના ભાવાત્મક એકાત્મતા તથા સહજીવન લાવવું અત્યંત આવશ્યક છે. ગાંધીજીએ સ્વરાજ્યપ્રાપ્તિનો જે કાર્યક્રમ બનાવ્યો હતો તેમાં જાતિ ઐક્ય Communal Unityને ઘણું ઊંચુ સ્થાન હતું. સ્વરાજ્યની તે એક શરત હતી. દુનિયામાં ભિન્ન ભિન્ન ધર્મોમાં માનવાવાળા તેમ જ ભિન્ન ભિન્ન સભ્યતા અનુસાર જીવન ગુજારવાવાળા લોક રહે છે. વિશ્વૈક્ય આજના જમાનાની મુખ્ય માગ છે. તે માગની પરિપૂર્તિમાં ભારત એક મહાન યોગદાન આપી શકે તેમ છે. આહાર, વિહાર, ઉપાસના, પ્રાર્થના વગેરે વિષયોમાં આજે જે સંકુચિત સાંપ્રદાયિકતા છે તેના લીધે વિશ્વમાં એક પ્રકારની બહિષ્કૃતતા (Apertheid) ચાલી રહી છે. લોકો શરીરથી નજીક રહે છે પરંતુ મનથી દૂર રહે છે. ભારતમાં તો તનથી પણ સાથે રહેતા નથી. દરેકની અલગ અલગ વસતિ હોય છે. પરિણામે સદીઓથી સાથે રહેવાવાળાઓમાં ભાવાત્મક એકાત્મતાનો અભાવ અનુભવગોચર થાય છે.

"આ બહિષ્કૃતતાને હઠાવવી હોય તો ઉપર જણાવેલી સાંપ્રદાયિકતાનો ત્યાગ મારા નમ્ર અભિપ્રાય મુજબ વાંછનીય છે. એ સમય આવી પહોંચ્યો છે કે આ વિષયમાં વિચારક મૌલિક ચિંતન કરે. આશા રાખું છું કે આપનું સ્વાસ્થ્ય સારું છે તેમ જ આપ આનંદમાં છો." આપનો શંકરરાવ દેવ

શ્રી શંકરરાવ દેવના પત્રનો જવાબ

ઉપર જે શ્રી શંકરરાવ દેવનો પત્ર પ્રગટ કરવામાં આવ્યો છે તેના જવાબમાં જણાવવાનું કે ગોઠઘર આશ્રામમાં યોજાયલી શિબિર અને તેમાં કાકાસાહેબના વિચારનું શ્રી શંકરરાવ દેવે કરેલા સમર્થનને લગતો પત્ર મને જેવો મળ્યો કે તરત જ મેં શંકરરાવજીને પત્ર લખેલો, પણ કેટલાક દિવસ સુધી તેમનો જવાબ ન આવ્યો એટલે પછી તેને લગતું સમર્થન મેં મુંબઈના સર્વોદય કાર્યકર્તાઓ મારફત મેળવ્યું હતું અને તે મેં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ કર્યું હતું.

હવે ઉપર આપેલ શંકરરાવજીના પત્રમાં એ મતલબની જે દલીલ કરવામાં આવી છે કે "નિરામિષ આહારને લગતી વિચારસરણીને સ્પષ્ટ રૂપમાં વરેલા આશ્રામોમાં તો માંસાહારના રસોડાને અવકાશ હોઈ ન જ શકે, પણ ગાંધીજીએ સૂચવેલા એકાદશવ્રત જેમાં અહિંસા, સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગ્રહ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે તેને સ્વીકારનારા આશ્રામોમાં માંસાહારનો પ્રતિબંધ હોવાની જરૂર નથી કારણકે એકાદશવ્રતમાં કોઈ આહારવ્રત છે જ નહિ."- આ દલીલ મારા ગળે ઉતરતી નથી. કારણ કે એકાદશવ્રતમાં અહિંસા મુખ્ય સ્થાને છે અને અહિંસાને માનવીના આહારવિહાર સાથે સીધો સંબંધ છે. વળી આ આપણે જે ચર્ચા કરીએ છીએ તે ભારતમાં ઊભા કરવામાં આવેલા આશ્રામોને ખાસ ધ્યાનમાં લઈને કરીએ છીએ અને ભારતમાં કોઈ પણ સ્થળે મોટા ભાગે બન્ને પ્રકારનો આહાર સુલભ છે. નિરામિષ આહારનો વિચાર તેમ જ આચાર અહિંસાવ્રતના આચારમાંથી જ સીધો સ્વત: ફલિત થયેલો છે. તો એકાદશ વ્રતની વિચારસરણીને સ્વીકારનાર આશ્રામોમાં – ખાસ કરીને ભારતમાં ઊભા કરવામાં આવેલા આશ્રામોમાં નિરામિષ આહારનો આગ્રહ અનિવાર્યપણે હોવો જોઈએ અને ત્યાં માંસાહારને સ્થાન આપવામાં આવે તો તે અંશત: પણ અહિંસાવ્રતનું જ ઉલ્લંઘન કરનારૂં લેખાવું જોઈએ આમ મને લાગે છે.

માંસાહાર અને નિરામિષઆહાર વચ્ચેનો ફરક ટમેટા–રીંગણા અને બટેટા વચ્ચેના ફરક જેવો નથી. તે બન્ને વચ્ચેનો ફરક ગુણવત્તાનો છે. તે ફરક કરુણાની ભાવનામાંથી પેદા થયેલો છે અને તેથી એકની અપેક્ષાએ અન્યનું નૈતિક મૂલ્ય વધારે ઊંચું લેખાવું ઘટે છે.

અને જો આમ હોય અને અમુક જીવનવૃત્તિ અન્ય કોટિની જીવનવૃત્તિ કરતાં વધારે ઊંચી લેખાતી હોય તો વધારે ઊંચી જીવનવૃત્તિ સ્વીકારનાર વ્યકિત અમુક અપેક્ષાએ પોતાને અન્યથી કાંઈક ઊંચી માને તેમાં મને કશું અનુચિત દેખાતું નથી. આ સર્વ પ્રકારના નૈતિક આગ્રહોને લાગુ પડે છે. એક વ્યકિત સત્યની આગ્રહી હોય તો સતત અસત્ય બોલનાર કરતાં પોતાને કાંઈક જુદી અને કાંઈક વધારે ઊંચી લેખે તે સ્વાભાવિક છે. અહિં દોષ આવે છે અમુક રીતે પોતાને અન્યથી અલગ લેખવામાં નહિ પણ તે કારણે અભિમાન ચિન્તવવામાં. દોષ અમુક પ્રકારના આત્મભાનમાં નહિ પણ આત્મ–અભિમાનમાં રહેલો છે.

અને ભારતની ભાવાત્મક એકતા અને નિરામિષ આહારની બાબતમાં બાંધછોડ નહિ કરવાનો આગ્રહ – એ બે વચ્ચે વાંધો વિરોધ કયાં આવે છે તે મને સમજાતું નથી. આવડા મોટા દેશમાં રહેણીકરણીના ભેદ તો રહેવાના જ. જો માંસાહાર અને નિરામિષ આહાર વચ્ચે કોઈ પાયાનો ભેદ છે તો તેમાંથી ફલિત થતી રહેણી કરણીનો પણ ભેદ રહેવાનો. અને જો કોઈ પાયાનો ભેદ નથી તો એમ કહેવું અને જાહેર કરવું વધારે તાર્કિક છે કે આ આહારભેદ એક પ્રકારનું તૂત છે, કંઈ કાળથી ઊભો કરવામાં આવેલો વહેમ છે, આ તૂતથી – આ વહેમથી–આપણે જલ્દિથી છૂટીએ અને આપણને જૂદા પાડતા આહારભેદના ખ્યાલને આપણે જલ્દિથી તિલાંજલિ આપીએ તો વધારે સારૂં. અને એમ હોય તો પછી અમે તો નિરામિષઆહારી છીએ અને જીવનભર નિરામિષઆહારી રહેવાના છીએ એમ જે કાકાસાહેબ તથા શંકરરાવજી ભાર મૂકીને કહ્યા કરે છે તેનો મને તો કંઈ અર્થ દેખાતો નથી. પરમાનંદ

ન રહી કંઈ એષણા હવે–

(શ્રી રજનીકાંત મોદીએ પોતાના અવસાનના થોડા સમય પહેલા રચેલું કાવ્ય)

ન રહી કંઈ એષણા હવે મળી તૃપ્તિ જહીં તત્ત્વત્કૃપાલવે;
સહુ જીવનની ગલી ગલી મહીં દીપ્તિ રહી તારી પ્રજવલી.
પ્રણયે હું અનેક જન્મના પ્રભુ ! બંધાઈ બન્યો છું ત્વન્મના;
તુજ પાસ હવે તું રાખજે; અળગો ના મુજથી કદી થજે.
તવ સ્નેહ તણા રસાયણે સહુ દુ:ખો સુખરૂપ આ બને;
લહું જીવનની ધન્યતા તુજ સંગે જ થતાં અનન્યતા.
સુણીને તવ મોહન ધ્વનિ શમતી કલાન્તિ સુદીર્ઘ અધ્વની,
ભૂલીને વળી દુ:ખ વિશ્વનાં વિચરું શાંતિમહીં હું નિ:સ્વના,
ગિરિશૃંગ દીસે સવારમાં ખડું રહેતું જ્યમ વ્યોમદ્વારમાં,
પરચેતનને હું બારણે ત્યમ ઊભો તુજ ધ્યાનધારણે
પ્રભુ ! ચિન્તનમાં અનન્તના બનીને મગ્ન હવે ચિરન્તના
પરશાંતિનું ધામ પામતો, વળી હું શાશ્વતમાં વિરામતો.
તરણી મહીં પૂર્ણયોગની જ્યું ચેલી ગમ ચિત્તઓઘની,
પરમાનસ–અદ્રિ-ગહ્વરે જહીં રંગો અરુણી ઊષા ભરે.

રજનીકાંત મોદી

यद्यपि शुद्धं, लोकविरुद्धं, नाकरणीयं, नाचरणीयम्

(ગતાંકથી ચાલુ)

હવે આ સૂત્રને અંગે કેટલીક વખત અભિપ્રાયનો સવાલો ઉપસ્થિત થાય છે. અમુક બાબતને લોકોનો એક નાનો વિભાગ શુદ્ધ માનતો હોય અને મોટો વિભાગ અશુદ્ધ માનતો હોય ત્યારે શું કરવું? દાખલા તરીકે વિધવાવિવાહનો પ્રશ્ન હિંદુ કોમને અંગે લઈએ તો અમુક થોડા મનુષ્યો તેના મતમાં છે, જ્યારે મોટો લોકસમુહ તેની વિરુદ્ધ છે. એવા પ્રશ્નનો નિર્ણય કરવાનો હોય ત્યારે લોકસમૂહમાં ઘણાનો મત શા માટે વિરૂદ્ધ છે તેની તુલના કરવી જોઈએ, તેનાં કારણો વિચારવાં જોઈએ અને જ્યાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી એની એવા પ્રકારે વ્યવસ્થા કરવી જોઈએ કે લોકોનો વ્યાઘાત ન થતાં વિધવાની સ્થિતિ સુધરે. આ બાબતમાં લોકમત વિરૂદ્ધ કામ કરવાથી કરવાયોગ્ય સુધારાના આખા સવાલે શું વલણ લીધું છે અને એક બાબતમાં લોકમત ઉપર આધાર ન રાખતાં પોતાના મત ઉપર મક્કમ રહેવાથી સુધારાની સામાન્ય હીલચાલ કેટલી નબળી પડી ગઈ છે અને 'સુધારો' શબ્દ જ કેવા અર્થમાં લોકોમાં વપરાવા લાગ્યો છે તે ખાસ વિચારવા યોગ્ય જ છે.

આવી રીતે શુદ્ધ કાર્ય કે વર્તનને અંગે આવા પ્રકારના વિચારો કરવા જોઈએ. જૈન શાસ્ત્ર કે જે અનેકાન્ત મત માટે પ્રસિદ્ધ છે અને જે કોઈ એક જ દૃષ્ટિબિન્દુથી કોઈ પણ વાતનો નિર્ણય કરતું નથી અને જે નયવાદનો ત્યાગ કરી પ્રમાણવાદ સ્વીકારે છે તે સ્યાદ્વાદની પ્રરૂપણા કરતાં સ્પષ્ટ રીતે કહે છે "જૈન શાસ્ત્રમાં કોઈ વાતનો ખાસ નિષેધ નથી, અને કોઈ બાબત અમુક આ રીતે જ કરવી એવો આદેશ પણ નથી." લાભાલાભની તુલના કરવી અને લાભનો આકાંક્ષી વાણીઓ જેમ વધારે લાભ અને અલ્પ નુકસાન થાય તેવો વ્યાપાર કરે, તે પ્રમાણે વધારે લાભ આપે એવું વર્તન કરવું. અહીં લાભ વધારે થાય તેવું કાર્ય કરવું તેમ વધારે પ્રાણીનું વધારે પ્રમાણમાં વધારે વખત સુધી હિત થાય એવું કામ કરવું એવો આદેશ છે.

આ પ્રમાણે અમુક કાર્યની શુદ્ધિ પરત્વે આટલા દૃષ્ટિબિન્દુથી વિચાર કરવો જોઈએ. यद्यपि શુદ્ધં એટલા શબ્દને અંગે આટલો વિચાર થયો. તાત્પર્ય એ છે કે અમુક કામ શુદ્ધ છે એમ કહેવાથી નિર્ણય થઈ જતો નથી. પરંતુ તે કેવા દૃષ્ટિબિન્દુઓથી શુદ્ધ છે, તે પર વિચાર કરવો જોઈએ. આ બાબતમાં કેવળ મનસ્વીપણે - નિરંકુશપણે વિચાર કરવાથી કાર્ય શુદ્ધ છે એમ ઠરી જતું નથી.

આ પ્રમાણે હકીકત હોવાથી કાર્યની શુદ્ધિ સંબંધી વિચાર કરવા માટે એક અગત્યની બાબતનો નિર્ણય બતાવનાર સૂત્ર રજૂ કર્યું છે. તેમને અમુક કાર્ય શુદ્ધ લાગતું હોય, પણ લોકમત તેવા કાર્યથી વિરૂદ્ધ હોય, તો તે તમારે માત્ર મનસ્વીપણે કરવાયોગ્ય નથી.

હવે "लोकविरुद्धं" એ શબ્દનો વિચાર કરીએ તો તેમાં પણ ઘણા ભાવો પ્રાપ્ત થાય છે. लोकविरुद्ध એટલે સાધારણ અર્થ એવો સમજાય છે કે આપણે જે નાના સમૂહમાં કાર્ય કરતા હોઈએ તેના અભિપ્રાય વિરૂદ્ધ. આ અર્થને આપણે લંબાવવો જોઈએ. लोकविरुद्ध એટલે એવા પ્રકારનું કાર્ય કે જે લોકોને પ્રતિકૂળ અસર કરનારૂં હોય. આવું કાર્ય સર્વ કરવા મંડી જાય તો તેની અસર સમાજ ઉપર કેવી થાય? દાખલા તરીકે એક ગરીબ માણસ પોતાનું પેટ ભરવા ખાતર કોઈના ઘરમાં ચોરી કરી ઉદરનિર્વાહ કરે તો તેથી તેને પોતાને લાભ થાય છે, પ્રાણનો બચાવ થાય છે, અને લક્ષાધિપતિના સો બસો રૂપિયા ઓછા થાય તો તેથી તેને કાંઈ મોટી ખોટ આવી જતી નથી. પરંતુ સમાજમાં એવા કાર્યની રજા આપવામાં આવે તો પરિણામે અવ્યવસ્થા થઈ જાય, જાનમાલની સલામતી ન રહે. તેથી એ કાર્ય लोकविरुद्ध गणाय. એવી જ રીતે યજ્ઞ કરતી વખતે અમુક લંબાઈની વેદી કરવી, પિંડ અમુક વસ્તુનો જ બનાવવો, ચરવળો આટલો લાંબો રાખવો વિગેરે નિયમો વ્યવસ્થા રાખવા સારૂં નિર્માણ કરેલા છે. એમાં ફેરફાર કરવો તે વ્યવસ્થા-વિરૂદ્ધ હોય, તેથી પરિણામે હાનિ કરનાર થાય. આ અર્થમાં પણ लोकविरुद्ध શબ્દ વાપરવામાં આવે છે.

એથી પણ વધારે આગળ વધીએ તો लोकविरुद्ध એટલે પરલોક વિરુદ્ધ એ અર્થમાં लोक શબ્દ લેવાનો છે. એટલે જે કાર્ય કરવાથી કદાચ આ ભવમાં લાભ થાય તેવું હોય, પણ પરલોક વિરૂદ્ધ તે કાર્ય હોય તે કરવું નહિ. દાખલા તરીકે મહાઆરંભ કે મહાપરિગ્રહ કરવાથી કદાચ આ લોકમાં ખ્યાતિ વધે, પણ પરલોક બગડે છે. એવાં અનેક કાર્યો હોય છે કે જે આ લોકની નજરથી જોઈએ તો શુદ્ધ લાગે, પરન્તુ નજર એટલી ટૂંકી રાખવી યોગ્ય ન ગણાય; જે કાર્ય કરવાથી પરલોક બગડે, અસદ્‌ગતિ થાય તેવું કાર્ય કરવું નહિ એવો આ સૂત્રનો ઉપદેશ છે.

આવા અગત્યના વિષયમાં અમુક બાબત શુદ્ધ છે તેથી કરવી જોઈએ એવો એકદેશીય વિચાર કરી બેસી રહેવું ન જોઈએ. શુદ્ધ છે છતાં ન કરવું એવો સ્પષ્ટ ઉપદેશ તો કોઈ આપે જ નહિ, પરંતુ કહેવાનો આશય એ છે કે એકદેશીય શુદ્ધ હોય અને લોકોને તે વાત પસંદ ન હોય અથવા પરલોકથી જે વાત વિરૂદ્ધ હોય તે કરવી ન જોઈએ. આ સંબંધમાં અભિપ્રાય આપતાં શુદ્ધ શબ્દ ઉપર જેટલું ધ્યાન આપવાનું છે તેટલું જ लोकविरुद्ध શબ્દ ઉપર ધ્યાન આપવાની ખાસ જરૂર છે. એમ કરવાથી એકદેશીય નિર્ણય પર આવવાનું બનશે નહિ.

શુદ્ધ શબ્દના નિર્ણય પર આવતાં પણ પોતાની હકીકત પોતાનો હેતુ, પોતાનો સ્વાર્થ અથવા પોતાનું દૃષ્ટિબિંદુ લઈને સંતોષ પામવા જેવું નથી. એથી આગળ વધી અન્ય લોકોના હિત તરફ અને ખાસ કરીને તેઓના દૃષ્ટિબિન્દુઓ તરફ ધ્યાન રાખવાની બહુ જ જરૂર છે. એ બન્ને નિયમોને વિસારવાથી ઘણી વખત એવા પરિણામ પર આવી જવાય છે કે જે તદ્દન અનિષ્ટ પરિણામને ઉપજાવે. કોઈ પણ સવાલ લઈએ તો આવી સ્થિતિ થઈ જાય છે એ દરેકના અનુભવનો વિષય છે.

કહેવાનો આશય એ છે કે કોઈ પણ કાર્ય કરતી વખતે તેને અંગે લોકમત અને લોકહિત શું છે તેનો ખાસ વિચાર કરવો જોઈએ. બાકી આ દુનિયામાં આપણે એકલા જ છીએ અને માત્ર આપણા માની લીધેલા સત્ય વિચારને અનુસરવા બંધાયલા છીએ એમ જ જો ધારવામાં આવે તો તો અનુશાસનને કોઈ જાતનો અવકાશ રહેતો નથી. સર્વત્ર અરાજકતા પ્રવર્તે છે અને એનું પરિણામ વિશિષ્ટ કલ્પનાથી કલ્પી શકાય તેવું છે. આ સંબંધમાં જેઓ વિચાર કરતા નથી અને લોકમતની ગણના કરતા નથી તેઓ લોકોનું એક પણ પ્રકારનું હિત સાધી શકતા નથી.

કદાચ એમ બતાવવામાં આવે કે આ સૂત્રમાં નબળાઈ કે ભયનો અંશ છે અથવા આ સૂત્ર ભીરૂપણાનું પરિણામ છે તો જણાવવાનું કે એ વિચાર બરાબર નથી. લોકહિતની ખાતર જ લોકમતને માન આપવાની જરૂર છે અને એમ સર્વત્ર થતું જોવામાં આવે છે. 'પંચ બોલે તે પરમેશ્વર' એવું જે સૂત્ર સુપ્રસિદ્ધ છે તેના હાર્દમાં રહેલ વિશિષ્ટ ભાવ સમજવાની જરૂર છે. અત્યારે આખી દુનિયાનો સામાજિક વ્યવહાર પણ લોકમતની બહુલતા - Majority-મુજબ થાય છે. વ્યક્તિગત ગમે તેવા વિચાર હોય તો પણ સમાજમતને આધીન થવું પડે છે, બહુમતને માન આપવું પડે છે, સાર્વત્રિક વિચારણાના પરિણામને અવકાશ આપવો પડે છે, અને વર્તમાન શાસનપદ્ધતિ પણ આ સૂત્રને સ્વીકારે છે અને એ સૂત્રમાં ભીરૂપણાનો ખ્યાલ કરવો એ તો વિચિત્ર જ લાગે છે. એને બદલે પોતાના અંગત શુદ્ધિ - અશુદ્ધિના ખ્યાલને બાજૂપર મૂકી સમાજ - બહુમતને માન આપવામાં પોતાની બનવાજોગ સ્ખલનાનો સ્વીકાર કરવાની વિશિષ્ટ શીલતા અને જાહેર હિમત બતાવે છે. સ્ટોકહોમની કોન્ફરન્સને અંગે મી. હેન્ડરસને અંગત વિચારોને જુદે જુદે પ્રસંગે કેવી રીતે માન આપ્યું તે આપણી નજર આગળનો જ દાખલો છે અને તે ઉપરાન્ત બીજાં અનેક દૃષ્ટાન્તો વર્તમાન ઈતિહાસ પૂરા પાડે છે. રાજદ્વારી બંધારણ અથવા તો જેને બંધારણનું કાંઈ પણ નામ આપી શકાય તે આ સૂત્ર પર જ રચાય છે અને એમ હોવું અથવા થવું તે તદ્દન યોગ્ય છે. આચાર એટલે વર્તન અને ક્રિયા એટલે કાર્ય. એ બન્ને પર અનુશાસક તરીકે જનહિત અને જનમત હોવા એ એટલું સ્વતઃસિદ્ધ લાગે છે કે એમાં વધારે ચર્ચા માટે કોઈ અવકાશ જ દેખાતો નથી.

સૂત્ર સ્પષ્ટ છે, અર્થ ઉઘાડો છે અને તદનુસાર વર્તન કરવું એ સમાજદૃષ્ટિએ સર્વથા આદરણીય, આચરણીય અને કર્તવ્ય લાગે છે. આ સવાલના વિચારમાં વ્યક્તિગત પૂર્વબદ્ધ વિચારોથી ન દોરવાતાં બધી બાજુઓનો પૂર્ણ વિચાર કરીને નિર્ણય કરવા વિજ્ઞપ્તિ છે.

ક્રમશઃ

મોતીચંદ ગીરધરલાલ કાપડિયા

☆ પ્રકીર્ણ નોંધ ☆

ભારત ખાતે પાછા ફરેલા શ્રી વિમલાબહેન ઠકાર

તા. ૧-૧૨-૬૮ના પ્રબુદ્ધ જીવનમાં જણાવવામાં આવેલ છે તે મુજબ શ્રી વિમલાબહેન ઠકાર અમેરિકાનો પ્રવાસ કાર્યક્રમ મુજબ પૂરો કરીને જાપાન ગયાં અને ત્યાં જવા બાદ તબિયત એકસરખી સ્વસ્થ ન રહેતાં ત્યાંના ત્રણ અઠવાડિયાના કાર્યક્રમમાં એક અઠવાડિયાનો કાપ મૂકીને તેઓ ડિસેમ્બરની ૧૪મી તારીખે કલકત્તા આવી પહોંચ્યા છે અને વચ્ચે માર્ગમાં રોકાતાં રોકાતાં આ અંક પ્રગટ થાય છે તે પહેલાં તેઓ માઉન્ટ આબુ પહોંચી ગયાં હશે એવી ધારણા છે.

તેમના તરફથી મળેલા પત્રો જગ્યાના અભાવે શબ્દશ: પ્રબુદ્ધજીવનમાં પ્રગટ થઈ શકયા નથી. એમ છતાં તેનો સાર અવારનવાર આપાતો રહ્યો છે, અને તે રીતે પ્રબુદ્ધ જીવનના વાચકો સાથેનો તેમનો સંબંધ અતૂટ રાખવામાં આવ્યો છે. તેમના તરફથી સાનફ્રાન્સિસ્કોની તા. ૧૧મી નવેમ્બરના રોજ લખાયલા પત્રમાં શ્રી કૃષ્ણમૂર્તિના નિવાસસ્થાન તરીકે પ્રસિદ્ધિ પામેલી ઓજઈ વેલી વિષે તેમણે જે કાંઈ લખ્યું છે તે રસપ્રદ હોઈને નીચે આપવામાં આવે છે :

સાનફ્રાન્સિસ્કોની આસપાસ યોજાયેલી ૨૦ સભાઓને સંબોધ્યા બાદ તેઓ સાન્તા બારબરા ગયા અને ત્યાં ત્રણ દિવસ આરામ લીધો. ત્યાર બાદ ત્રીજી નવેમ્બરે તેઓ ઓજઈ પહોંચ્યા. ઓજઈ વિષે લખતાં તેઓ જણાવે છે કે "આ એકાન્ત શાંત ખીણપ્રદેશમાં--Valley-માં--આવતાં અનુભવેલા આનંદજનક સંવેદનોને શબ્દમાં વર્ણવવાનું મુશ્કેલ છે. આ ખીણપ્રદેશ સ્વ. મિસિસ એની બિસેન્ટે શોધી કાઢેલો. તેમની માન્યતા મુજબ નવી માનવજાતનું આ સ્થળ ઉદ્‌ભવસ્થાન થનાર છે. આ સ્થળે આવતાં મને સીક્કીમ અને ભારત વચ્ચેના ખીણપ્રદેશનું સ્મરણ થયું--એ પ્રદેશ કે જે ટીબેટનું પ્રવેશદ્વાર બની શકે તેમ છે. ૧૯૫૬નો ઉનાળો મેં એ સ્થળે ગાળેલો. અહીં એ જણાવવાની જરૂર ન હોય કે ઓજઈમાં મેં એ સુપ્રસિદ્ધ ઓક વૃક્ષોના ઉપવનની મુલાકાત લીધી હતી કે જ્યાં કૃષ્ણજીએ અનેક વખત પ્રવચનો કર્યાં છે. અંજાવિહારની પણ મેં મુલાકાત લીધી હતી. પહાડની ટોચ ઉપર આવેલ ઓજઈ વેલીની સ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ મેં ભાષણ આપ્યું હતું. એ સ્કૂલ ઉપરથી જે દૃશ્ય જોવા મળે છે તેનું સૌન્દર્ય ખરેખર અવર્ણનીય છે."

તેઓ પોતાના પત્રમાં આગળ ચાલતાં જણાવે છે કે "મેં ગઈ કાલે બપોરે ઓજઈ છોડ્યું અને બપોરના ભાગમાં કલેરેમોન્ટમાં કૃષ્ણજીના વાર્તાલાપમાં ભાગ લીધો. અહિં તેઓ લગભગ હંમેશા વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ કરે છે અને તેમની સાથે ચર્ચાવાર્તા પણ કરે છે. ગઈ કાલની સભામાં ૨૫૦થી ૩૦૦ વિદ્યાર્થીઓ હતાં ! બાકીનાં મોટી ઉંમરનાં હતાં. કૃષ્ણજી તંદુરસ્ત અને બધી રીતે સરસ લાગતા હતા. તેમના અવાજમાં ઊંડું સંવેદન હતું. હિંસા વિષે પણ તેમણે થોડા વિચારો રજૂ કર્યાં હતાં."

શત્રુંજયની તળેટીમાં સર્જાયેલ ગંભીર હોનારત

તા. ૧૭-૧૨-૬૮ના રોજ સવારના ૧૧ વાગ્યે શત્રુંજયની તળેટીમાં આવેલા બાબુના દેરાસરમાંથી પહાડ ઉપર જવા માટે બહાર નીકળવાના રસ્તે રૂા. સાડાચાર લાખના ખર્ચે બંધાતા 'સમેતશિખર'નું સભામંડપનું ૩૦ ફૂટ ઊંચું ધાબું (સ્લેબ) અચાનક ભારે કડાકા સાથે તૂટી પડતાં ત્યાં કામ કરતાં ૩૫૦ મજૂરો પૈકી ૨૮નાં મૃત્યુ નીપજ્યાં છે અને સેંકડો ઘાયલ થયા છે. પ્રસ્તુત સભામંડપ ઉપરનું ધાબું ૧૦૦×૬૦×૩૫ ફૂટનું હતું. આ દુર્ઘટનાએ ચોતરફ ભારે કમકમાટી નીપજાવી છે અને અનેક કુટુંબોને તારાજ કરી નાખ્યા છે. આમ બનવામાં કોનો કેટલો વાંક છે તે તો હવે નક્કી થશે, પણ આ દુર્ઘટનાથી જે હૃદયદ્રાવક પરિસ્થિતિ પેદા થઈ છે તેમાં હવે કશો ફેરફાર થઈ શકે તેમ નથી. મોટા પાયાના આજકાલ ચાલી રહેલા બાંધકામોમાં ધરતીકંપ જેવી આ પ્રકારની દુર્ઘટનાઓ અવારનવાર બનતી સાંભળવામાં આવે છે. જેમ તે દુર્ઘટના નજીકની હોય તેમ તેની અરેરાટી આપણને વધારે તીવ્ર અને વધારે મર્મભેદી લાગે છે. વર્ષો પહેલાં મુંબઈ ખાતે ચર્ચગેટ રેકલેમેશનની બાજુએ આવી જ એક ભયંકર દુર્ઘટના બની હતી અને મુંબઈની જનતામાં તીવ્ર કમકમાટી પેદા કરી હતી.

આ ઘટના બનવા સાથે દબાયેલા, છુંદાયેલા, કચડાયેલાઓને મદદ કરવા, બહાર કાઢવા, ઉપચાર પહોંચાડવા માટે અનેક લોકો અનેક દિશાઓથી દુર્ઘટના સ્થાને પહોંચી વળ્યા તેની વિગતો દર્શાવે છે કે માનવીના દિલમાં કરુણતા અને અનુકંપાનો ઝરો સુકાયો નથી. તત્કાળ જે મદદ પહોંચાડવી જોઈએ તે તો પહોંચી ચૂકી હોય એમ લાગે છે, પણ આ દુર્ઘટનાને લીધે રખડી પડેલાં કુટુંબોને પૂરા પ્રમાણમાં આર્થિક અને ચીજવસ્તુની રાહત પહોંચાડવામાં આવે એ અત્યંત આવશ્યક છે. આ દુર્ઘટના જૈનોના પરમ તીર્થની તળેટીમાં--મંદિરના સાનિધ્યમાં-નીપજેલી હોઈને જૈન સમાજની સવિશેષ ફરજ છે કે તે સમાજના ધનિકો પોતાનો ઉદાર હાથ લંબાવવામાં જરા પણ સંકોચ ન કરે. ધનનો આથી વધારે સારો એવો બીજો કોઈ ઉપયોગ કલ્પાતો નથી.

શંકરાચાર્યે પ્રગટ કરેલા પ્રત્યાઘાતી વિચારો

તા. ૭મી ડિસેમ્બરના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પાર્લમેન્ટની કાર્યવાહીને લગતા જે સમાચાર પ્રગટ થયા છે અને ગૃહખાતાના પ્રધાન સાથે ગોવર્ધન પીઠના શંકરાચાર્યે ૧૯૬૭ના ઓકટોબર માસના કલ્યાણના અંકમાં Caste-system--જ્ઞાતિ પદ્ધતિ--વિષે પ્રગટ કરેલા પ્રત્યાઘાતી વિચારો સંબંધમાં જ્યોર્જ ફરનાન્ડીઝની જે પ્રશ્નોત્તરી થઈ છે તે આપણું એકદમ ધ્યાન ખેંચે તેવી છે. ઉપર જણાવેલ 'કલ્યાણ'ના અંકમાં શંકરાચાર્યે એ મતલબનું જણાવેલું કહેવામાં આવે છે કે શંકરાચાર્યે સૂચિત રીતે શુદ્રોને અને હિન્દુ નહિ એવા લોકોને કૂતરા, બીલાડા અને અન્ય જાનવરો સાથે સરખાવ્યા હતા. શ્રી ફરનાન્ડીઝે આ સંબંધમાં વિશેષ જણાવ્યું હતું કે શુદ્રો, ખ્રિસ્તીઓ અને મુસલમાનો--આ બધામાં જરા પણ દેશભક્તિ નથી અને આ લોકોએ રાંધેલું એવું અન્ન જે કોઈ ખાય તેઓ કૂતરા, બિલાડા અને અન્ય જાનવરો જેવા છે કે જેઓ કોણે પકવ્યું છે તેની જરા પણ દરકાર કરતા નથી--આ પ્રમાણે શ્રી શંકરાચાર્ય ઉપર જણાવેલ લેખમાં જણાવ્યું હતું.

આપણા શંકરાચાર્ય આવા વિચારો ધરાવે, એટલું જ નહિ પણ, સંકોચ કે શરમ વિના આવા વિચારો પ્રગટ કરે એનાથી વધારે અવનતિ માત્ર શંકરાચાર્યની જ નહિ પણ જેનું તેઓ પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે તે હિંદુધર્મની પણ કલ્પી શકાતી નથી.

શેઠ નિહાલચંદની અપૂર્વ ઉદારતા બદલ અનેક ધન્યવાદ

જૈન પ્રકાશ (હિંદી સાપ્તાહિક)ના તા. ૧-૧૨-૬૮ના અંકમાં રાજસ્થાનમાં પ્રવર્તતા દુષ્કાળના સંકટનિવારણ માટે શેઠશ્રી નિહાલચંદજી ચંપાલાલજીએ રૂા. ચોવીશ લાખ જેવી મોટી રકમનું દાન કર્યાના સમાચાર આપતા જણાવે છે કે "જાલોર જિલ્લાના અકાલગ્રસ્ત પ્રદેશ માટે ચોવીશ લાખ રૂપિયાના દાનની જાહેરાત કરનાર શેઠ શ્રી નિહાલચંદજી ચંપાલાને પોતાના સર્વસ્વનો ભોગ આપીને મેવાડની રક્ષા કરનાર ભામાશા કહેવા કે ગુજરાત ઉપર આવી પડેલ દુષ્કાળનું નિવારણ કરનાર જગડુશાહ કહેવા ? સાચે જ શ્રી નિહાલચંદજી રાજસ્થાનની પ્રતિષ્ઠાને વધારનાર મહામાનવ છે ! એમનું નામ રાજસ્થાનના ઈતિહાસમાં અમર બની જશે." આવી અપૂર્વ ઉદારતા દાખવવા બદલ શ્રી નિહાલચંદજીને આપણે જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. પરમાનંદ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જાન્યુઆરી ૧૫, ૧૯૬૯, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પરદેશમાં સ્થિરવાસ સ્વીકારતા ભારતીય વિદ્યાર્થીઓ અંગે—

તા. ૧-૧૨-૬૮ ના પ્રબુદ્ધ જીવનમાં 'નવી દુનિયામાં – ૧૧' એ મથાળા નીચે પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયાનો લેખ પ્રગટ થયો છે. તેના અનુસંધાનમાં બે લખાણો મળ્યાં છે. એક છે અમદાવાદથી ડૉ. કાન્તિલાલ શાહનું અને બીજું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું. પહેલું લખાણ વધારેપડતું ભાવનાલક્ષી છે. જે દેશને વિવિધલક્ષી ઔદ્યોગિક અને ટેકનોલોજીકલ વિકાસની અસાધારણ અપેક્ષા છે તે દેશની અદ્યતન પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં વિજ્ઞાન અને ટેકનોલોજીકલ ક્ષેત્રમાં વિશિષ્ટ અભ્યાસ માટે આપણા વિદ્યાર્થીઓને પરદેશ મોકલવાનું બંધ કરવું જોઈએ એમ કહેવું એ દેશના હિતમાં નથી. શ્રી ચીમનભાઈના લખાણમાં વિદેશ વસતા આપણા વિદ્યાર્થીઓ અંગે વ્યવહાર વિચારણા રજુ કરવામાં આવી છે. પ્રત્યેક લખાણોમાં લેખકનું સ્વતંત્ર દૃષ્ટિબિન્દુ રહેલું છે. પ્રસ્તુત વિષયના ચિન્તનમાં મદદરૂપ થાય એ હેતુથી બન્ને પત્રો અનુક્રમે પ્રગટ કરવામાં આવે છે.

પરમાનંદ

ડૉ. કાન્તિલાલ શાહનો લેખ

તા. ૧-૧૨-૬૮ ના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી દલસુખ માલવણિયાનો "નવી દુનિયામાં – ૧૧" એ લેખ છપાયો છે. તેઓ જણાવે છે કે પંદરમી ઑગસ્ટ ઊજવવા મિશિગન યુનિવર્સિટી અને અન્ય કારખાનાંઓમાં કામ કરતા ભારતીઓ ઍન આરબરમાં ભેગા થયા હતા, તેમને સંબોધતાં પોતે કહ્યું, "તમે બધા જેઓ અહીં આવ્યા છો – એ કોટિના (ઉદ્યમી, બુદ્ધિશાળી, પ્રામાણિક કાર્યકર્તાઓ) છો, એટલે દેશને તમારી જરૂર છે, તો ભણી ગણીને વિદ્વાન થઈ અહીં જ ન રહેશો અને દેશમાં પાછા ફરી દેશની ઉન્નત્તિમાં તમારો સહકાર આપશો એવી મારી આપ સૌને નમ્ર વિનંતી છે." લેખક આગળ જણાવે છે, "..... પાછળથી તેમની સાથે જે ચર્ચા થઈ તેથી મને તો ઉત્પાત પણ થયો, ગ્લાનિ પણ થઈ, અને નિરાશા પણ થઈ. એક પણ વિદ્યાર્થી કે અન્ય એવું ન મળ્યું કે જેમણે પાછા જવાની તૈયારી બતાવી."

મારો પોતાનો દૃઢ મત છે – અને હું કેટલાય વખતથી કહેતો લખતો આવ્યો છું કે પરદેશ તરફ વળેલો આપણા વિદ્યાર્થીઓનો પ્રવાહ એકદમ અટકી જવો જોઈએ – અર્થાત્ એક પણ વિદ્યાર્થીને આપણે પરદેશ ન મોકલવો જોઈએ. આપણે એટલે માબાપોએ અને સરકારે. જરૂર પડે તો સરકારે કાયદાથી પ્રતિબંધ મૂકવો જોઈએ. (પણ પોતે જ વારંવાર પરદેશ દોડતા પ્રધાનો આ પસંદ ન જ કરે). પરદેશ દોડતા વિદ્યાર્થીઓમાંથી બહુ જ થોડા ખરેખર જ્ઞાન મેળવવા જતા હોય છે. મોટા ભાગના તો પોતાની બજારુ કિંમત વધે એટલા માટે જ જતા હોય છે. એમની પાછળ વેડફાતું નાણું – દેશી અને પરદેશી – એળે જ જાય છે. તેઓ પાછા ફરે છે તો અને ત્યારે, પ્રત્યેકને મોટર, બંગલો, ટેલિફોન, રેફ્રીજરેટર વગેરે જોઈતું હોય છે. આપણો દેશ કેટલો ગરીબ છે એની એમને કલ્પના પણ હોતી નથી. એમની રહેણી કરણી અને દૃષ્ટિ પરદેશી બની ગઈ હોય છે. એમની આંખે પરદેશી – ખાસ તો અમેરિકન – ચશ્માં ચઢાવેલાં હોય છે, જીભ પર સરસ્વતી નહિ પણ અંગ્રેજી મહારાણી બેઠેલી હોય છે અને જીવનનાં મૂલ્યો જ પલટાઈ ગયાં હોય છે.

આ જ લોકો ભારતીય સંસ્કૃતિના (કે ભારત રાષ્ટ્રના) આત્માને હણી રહ્યા છે – માત્ર ગાંધીજી કે ગાંધીજીની ફિલસૂફીને નહિ.

શ્રી દલસુખભાઈ આવા વિદ્યાર્થીઓની થોડી વકીલાત કરે છે અને આપણી સરકાર તથા યુનિવર્સિટીઓનો વાંક કાઢે છે. હું પણ સરકાર તથા યુનિવર્સિટીઓને દોષ દઉં છું, પણ તે જુદી રીતે. આપણી યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક ડિગ્રીઓ અપાય છે, છતાં નિમણૂક કરતી વખતે આપણે પરદેશી ડિગ્રીવાળાને પહેલી પસંદગી આપીએ છીએ. આ તે કેવી ગુલામી! આપણા જ અનુસ્નાતક ડિગ્રીધારીઓની કિંમત આપણે નહિ કરીએ તો બીજું કોણ કરવાનું છે? કોઈ કૉલેજ કે ઈસ્પિતાલમાં દાકતરની નિમણૂક કરવી હોય તો હજી પણ મુંબઈ કે ગુજરાતના એમ. ડી. કે એમ. એસ. કરતાં પરદેશની એમ. આર. સી. પી કે એફ. આર. સી. એસ. થયેલાને પહેલી પસંદગી મળે છે! હું જાણું છું કે આપણા વિદ્યાર્થીઓને પરદેશ નહિ મોકલવાની મારી હિમાયત વાંચી વાંચનારને હસવું આવશે, ઘણાને વાહિયાત લાગશે. આમ છતાં મને લાગે છે કે આ વાત ફરી ફરીને આપણા વિચારવંત માબાપ, અમલદાર તથા દેશપ્રેમીઓ અને રચનાત્મક કાર્યકર્તાઓ આગળ મૂકવાની જરૂર છે. જ્યાં સુધી આખા દેશનું મોં ફરશે નહિ – પરદેશ, ખાસ કરીને અમેરિકા – તરફથી આપણે મોં ફેરવી નહિ લઈએ ત્યાં સુધી આપણે અંતર્મુખ બનવાના નથી, સારી રીતે ભારતીય પણ બનવાના નથી.

આપણે બધા બૂમો પાડીએ છીએ કે ડિગ્રીની સાથે નોકરીનો જે અનિવાર્ય સંબંધ બ્રિટિશ અમલ દરમિયાન બંધાઈ ગયો હતો તે ખતમ કરવો જોઈએ, અને આપણે જ પાછા આ ડિગ્રીધારીઓ બેકાર રહે ત્યારે ફરિયાદ કરીએ છીએ! આપણા યુવકો બેકાર રહે છે એનું ખરું કારણ તો એ જણાય છે કે એમને શારીરિક શ્રમની સૂગ છે, અને મોટા પગાર જોઈએ છે. દેશમાં ઈજનેરો બેકાર રહે છે એમ આપણે કહીએ છીએ, પણ આ ઈજનેરો કારીગરનું (ફીટર, સ્ક્રુડ્રાઈવરનું) કામ શા સારું કરતા નથી.? આપણા દેશમાં સુથાર, લુહાર, દરજી વગેરે ડિગ્રીધારી હોય તો દેશનું ગૌરવ વધશે કે ઘટશે? પણ બધા ડિગ્રીધારીઓને ટેબલ ખુરશી પર, પંખાની નીચે બેસવું છે. પછી બેકારી કેમ ટળે?

છેક ૧૯૨૬ માં નાગપુરના ટિળક મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને સંબોધતાં રાજાજીએ કહેલું, "શિક્ષિતોનું કામ દેશમાં કળા,

સંસ્કૃતિ અને અધ્યાત્મજ્ઞાન વધારવાનું છે. અશિક્ષિતોનું કામ દેશનું આર્થિક ધન વધારવાનું છે ... ... નોકરી મેળવી આપવાનું કામ શિક્ષણનું છે એમ હું માનતો નથી..... જો દરેક કેળવાયેલો યુવક સાદું જીવન ગાળતો થઈ જાય તો તેને પેટપૂરતું ખાવાનું યે મળી રહે અને તે પોતાનું દેશની સંસ્કૃતિમાં વધારો કરવાનું કામ કરી શકે. ન કેળવાયેલા કરતાં કેળવાયેલાએ વધારે ખરચ કરવો જોઈએ એવો કાંઈ કાયદો છે ખરો કે? શું શિક્ષણનો હેતુ એ છે કે એથી આપણું જીવન ખરચાળ બને? પણ થાય છે શું? તમે તમારાં ગામડાંઓમાં જઈને જુઓ. તમારી જ જાતના, તમારા જ ધર્મના, તમારા જ ગુણદોષવાળા લોકો મહિને ૧૦ રૂપિયામાં ચલાવે છે (૧૯૬૮ માં આ રકમ વધારે થાય, પણ તે અહીં પ્રસ્તુત નથી–લેખક.) જ્યારે તમને ૧૦૦ રૂપિયા વિના ચાલતું નથી ... ... આપણને આપણો નિર્વાહ કરવામાં એક ગામડિયા કરતાં વધારે પૈસા જોઈએ છે – તેનું કારણ એ છે કે શિક્ષણે આપણને પાશ્ચાત્ય પ્રથાનું અનુકરણ શીખવ્યું છે ... ... આજે પાંચ રૂપિયામાં ઉદરનિર્વાહ કરનારો ખેડૂત પચાસ રૂપિયામાં નિર્વાહ કરનાર કેળવાયેલા માણસ કરતાં વધારે કામ આપે છે. એની મજૂરીથી દેશમાં અન્ન ઉત્પન્ન થાય છે, વસ્ત્ર ઉત્પન્ન થાય છે, ધન ઉત્પન્ન થાય છે; પેલાની મજૂરી તેની વધારી મૂકેલી જરૂરો જ પૂરી પાડે છે. જો આપણા સુશિક્ષિતો પેલા ખેડુનું જીવન ગાળવા તૈયાર થાય તો કેટલા સુખી થાય? ..... મજૂર બનો તો તમારા જીવનમાં રસ આવશે, તમારી વિદ્યાને વેચવી નહિ પડે, પણ તેને દેશની સેવાર્થે વાપરવાની તમને તક મળશે. આટલું કરશો એટલે દેશમાં કરવાનાં કામ તો એટલા ઢગલાબંધ પડયાં છે કે તેને તમે પહોંચી વળી નહિ શકો. એટલે ખરું જોતાં આપણો રોગ બેકારી નથી, આપણો રોગ તો ખરચાળ અને કૃત્રિમ જીવન છે; હાથપગ વાપરવાની આપણી શકિત અને વૃત્તિનો થઈ ગયેલો નાશ છે ..... અંગ્રેજી ભણેલા અને પારકી ભાષામાં ગબગબ વાતો કરતા પરદેશી કપડાંધારી દરેક જુવાનને જોઈને મારું હૈયું રુદન કરે છે. મને એમ થાય છે કે આટઆટલી કેળવણી એની પાણીમાં ગઈ?" (મહાદેવભાઈની ડાયરી – ભાગ ૯, પાનાં ૨૬૭ – ૨૭૩).

આજ કાલ વિજ્ઞાનની આગેકૂચ અને સિદ્ધિઓ ઉપર વારી જવાની ફૅશન થઈ પડી છે. આ આગેકૂચમાં કદમ મિલાવવા (જો કે આપણે વિદેશી ભાષા પર આધાર રાખીશું ત્યાં સુધી પાછળ જ રહેવાના) હોય તો આપણને અંગ્રેજી ભાષા અને અંગ્રેજી માધ્યમ વિના ચાલશે જ નહિ, તથા પરદેશોમાં ભણવા જવું જ પડશે એવી એક સર્વવ્યાપક ભ્રમજાળ આખા દેશમાં વ્યાપેલી જણાય છે. પરંતુ પાયાનો પ્રશ્ન એ છે કે વિજ્ઞાનની આ કહેવાતી સિદ્ધિઓથી માનવજાત ઊંચે ચઢી ખરી? ગાંધીજી કહે છે, "મોટામાં મોટી શોધ આ જગતમાં કઈ? મને તો બે જ લાગી છે. એક સત્યની; ... ... બીજી શોધ તે અહિંસા પરમો ધર્મ:ની. આથી મોટી શોધો ન થઈ શકે એમ મને લાગે છે ... ... દક્ષિણ ધ્રુવ અગર ઉત્તર ધ્રુવ જનારા વીરતા બતાવશે, સાહસો ખેડશે, પણ તેથી દુનિયા કેટલી ચડવાની છે? મને તો લાગે છે કે દુનિયા એથી ચડવાની નથી." (મ. ડા. ભાગ ૯, પાનું ૨૪૨).

પણ આજે તો ગાંધીજીના વિચારો જુનવાણી ગણાય છે. મને યાદ છે કે સર સી. વી. રમણે રૉકેટો છોડવાની ઘેલછા પાછળ જે અઢળક ધન વેડફાય છે તે બદલ અફસોસ વ્યકત કર્યો હતો. ખેદની વાત છે કે છાપામાંના આ લખાણની કાપલી મારી પાસે નથી. તથાપિ ૧-૧૨-૬૮ના પ્ર. જી.માં ડૉ. કોઠારીએ પ્રસિદ્ધ વિજ્ઞાની નીલ્સ બોહરના શબ્દો ટાંકયા છે તે જુઓ: "વિજ્ઞાનનું વલેવારુ ફળ તો બૉમ્બ, મશીનો વગેરે છે, પણ Sprit of Science તો સત્યની ખોજ છે; એને Core of Science પણ કહે છે."

શ્રી દલસુખભાઈ એમને મળેલા ભારતીઓના બચાવમાં દલીલ કરે છે કે આ વિદ્યાર્થીઓનાં માબાપોએ એમની પાછળ ઘણો પૈસો ખરચ્યો હોય છે, ને તેનો યોગ્ય બદલો મળે એવી અપેક્ષા તેઓ રાખે તો તે વ્યાજબી છે. પરંતુ દેશમાંથી જે ઈજનેરો કે ડાકતરો બહાર પડે છે તે પ્રત્યેકની પાછળ સરકારને – એટલે દેશને - શું ઓછો ખરચ થાય છે? કેન્દ્રના આરોગ્યપ્રધાન શ્રી સત્યનારાયણ સિંહાના કહેવા મુજબ દેશની મેડિકલ કૉલેજોમાં તૈયાર થતા દરેક ડાકતર પાછળ સરકારને રૂપિયા એંશી હજારનો ખર્ચ થાય છે. (ભૂમિપુત્ર તા. ૬-૩-૬૮). આ નાણાં દેશના ગરીબ નાગરિકો પાસેથી આવે છે એ આપણે ન ભૂલીએ. ખરી વાત એ છે કે પરદેશ જતા આપણા યુવાનો ત્યાંના સુખાળવા જીવનની માયામાં ફસાય છે, અને એમને ત્યાં જ સ્વર્ગ દેખાય છે. આ માયાવી અને મોહક જીવન તથા ત્યાંની સંસ્કૃતિ વિષે ઈંગ્લંડના પ્રસિદ્ધ લેખક જે. બી પ્રીસ્ટલીનો અભિપ્રાય જાણવા જેવો છે. પ્રીસ્ટલી કહે છે, " આજે આપણી સમક્ષ એક પ્રગતિશીલ સમાજનું ચિત્ર દોરી બતાવાય છે. કહે છે કે ૧૯૭૦ સુધીમાં તો આપણે એટલી બધી પ્રગતિ કરીશું કે આપણું જીવન અદ્‌ભુત બની જશે. દરેકે દરેક પાસે એક મોટર હશે અને તેમાં ઘરે આવીને તે રંગીન ટેલિવિઝન જોઈ શકશે અને તૈયાર ખોરાકના ડબ્બાઓમાંથી ભોજન આરોગી શકશે ... ... આજે આટલા બધા લોકો મોટર લેવા વલખાં મારે છે, તેનું કારણ એ છે કે તેઓ વધુ ને વધુ અશાંત અને બેચેન થતા જાય છે ... ... આપણો આખો યે સમાજ બેચેન છે, અસ્વસ્થ છે, અસંતુષ્ટ છે ... ... તેથી આ બધી દોડધામ છે ... ... આ તે કાંઈ જીવન છે? ... આ રીતે વર્તતો સમાજ બૌદ્ધિક અને નૈતિક નાદારી તરફ અને છેવટે મૂઢતા તરફ જ ધસતો ગણાય. માટે આવી હડિયાપાટુ પ્રગતિશીલતાથી શું વળશે? આજે આપણને જરૂર કૂદકે ને ભૂસકે ઝડપ વધાર્યે જવાની નહિ પણ દિશા બદલાવવાની છે" (ભૂ. પુ. તા. ૨૬-૧૧-૬૫).

આ દિશા કઈ? જે ગાંધીજી અને વિનોબા બતાવે છે તે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહવાળું જીવન. સાદી ભાષામાં કહીએ તો સાદું અને શ્રમનિષ્ઠ જીવન અપનાવી સ્વદેશમાં રહો, સ્વદેશી વસ્ત્ર પહેરો, સ્વદેશી વસ્તુઓ વાપરો, સ્વદેશી ભાષામાં બોલો – લખો – ભણો અને ભણાવો, પરદેશ જવું પડે તો ભણવા નહિ પણ પુખ્ત થયા બાદ માત્ર જોવા જાઓ, અને સ્વરાજ્યનું સુરાજ્ય બનાવો. કાન્તિલાલ શાહ

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો લેખ

ક્રેનેડાથી લખાયેલ અને પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતા, શ્રી. દલસુખભાઈ માલવણિયાના એક પત્રમાં તેમણે જણાવ્યું છે કે ૧૫ મી ઑગસ્ટના સ્વાતંત્ર્યદિનની ઉજવણી માટે, તેઓ મિશિગન યુનિવર્સિટી – ઍન આરબર – ગયા હતા. ત્યાં ભારતમાંથી અભ્યાસ-અર્થે આવેલ ઘણા વિદ્યાર્થીઓને તેમને મળવાનું થયું. તે પ્રસંગે તેમણે ઉદ્યમી, પ્રમાણિક, બુદ્ધિશાળી કાર્યકર્તાઓની દેશને ઘણી જરૂર છે અને તેઓ સૌ ભણીગણી દેશ પાછા ફરી, દેશની ઉન્નતિમાં પોતાનો સહકાર આપશે એવી નમ્ર વિનંતી કરી. પણ ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા થઈ તેમાં "એક પણ વિદ્યાર્થી કે અન્ય એવું કોઈ ન મળ્યું જેમણે પાછા જવાની તૈયારી બતાવી. ઉલટું તેમને સલાહ આપનારા મળ્યા કે તેમણે પાછા ન જવું જોઈએ. અને હજી સુધીમાં તેમના મિત્રો કે પરિચિતો પ્રોફેસરમાંથી કોઈપણ એમ સલાહ કે સંમતિ આપનાર નથી મળ્યું કે તેમણે ભારત પાછા જવું જોઈએ. પરિસ્થિતિથી તેમને ગ્લાનિ, ઉત્પાત અને નિરાશા થઈ. પછી તે પત્રમાં, આ પરિસ્થિતિના વિદ્યાર્થીઓના કહેવા મુજબનાં અથવા તેમને જણાયાં તે કારણો આપ્યાં છે.

અનુયાયી હોવા છતાં દુનિયાના સર્વ ધર્મો પ્રત્યે તેઓ પૂરો આદર ધરાવે છે. આત્મલક્ષી તેમનું જીવન હોવા છતાં સમાજના હિત-અહિતની–સુખ દુ:ખની–તેમના રોમે રોમમાં ચિન્તા છે અને એ ચિંતા સતત કર્મમાં પરિણત થતી રહી છે. સ્થાનિક પ્રશ્નોમાં ડૂબેલા હોવા છતાં વિશ્વના ક્ષિતિજ સુધી તેમની દષ્ટિ પહોંચે છે, ક્ષિતિજને આવરી લેતી હોય છે.

"આવા એક સાધુવિશેષને, જ્યારે મને આજની સભાના પ્રમુખ-સ્થાન ઉપર નિયુક્ત કરવામાં આવ્યો છે ત્યારે, એક સૂચનારૂપે પ્રાર્થના કરું તો અસ્થાને નહિ ગણાય. મુનિશ્રીનાં લખાણો હું અવારનવાર વાંચતો રહું છું તે ઉપરથી મારા મન ઉપર એક છાપ પડતી રહી છે કે જે કાંઈ સારું તે બધું જૈનધર્મમાં સમાવિષ્ટ છે–આવું તેમની સમગ્ર પ્રરૂપણાનું રૂપ હોય છે. જૈનના પ્રાણ સાથે જૈનધર્મ સંકળાયેલો છે અને દુનિયામાં જે કાંઈ સારું અને સાચું છે તેનાથી જે અલગ રહેવા ઈચ્છતો નથી તેના મનનું વળણ આવું હોય એ સમજી શકાય તેમ છે. આમ છતાં જૈનધર્મ વિષેની સામાન્ય સમજણ સંપ્રદાયના આકારની છે અને દરેક સંપ્રદાયમાં ઠીક–અઠીક, ઈષ્ટ–અનિષ્ટ, હળવા–ભારે અનેક તત્ત્વોનું મિશ્રણ હોય છે. આજને તબક્કે ચિન્તનના ક્ષેત્રમાં આગળ વધવા ઈચ્છનાર સાધકે ધર્માતીત થવાની એટલે કે સંપ્રદાયાતીત થવાની જરૂર છે. આવી ધર્માતીતતાની–સંપ્રદાયાતીતાની–મુનિ સન્તબાલજી પાસે હું અપેક્ષા રાખું છું. આ જ્યારે બનશે ત્યારે તેઓ સાચા ધર્મપુરુષ બનશે–સાચા વિશ્વપુરુષ બનશે, એવી મારી શ્રદ્ધા છે.

"આટલા પ્રાસંગિક કથન બાદ હવે તો મુનિશ્રી આપણી નજીક–જાણે કે આપણી વચ્ચે–આવી ને વસવાના છે એ કારણે હું મારો આનંદ વ્યકત કરું છું; અમે પણ એમની એટલી જ સંભાળ લઈશું એમ કુરેશીભાઈને હું આશ્વાસન આપું છું. અને હવેથી શરૂ થતો તેમનો સ્થિરવાસ અનેક પ્રકારે આસપાસની જનતાને કલ્યાણકારી નીવડો એવી પ્રાર્થના કરું છું."

ત્યાર બાદ આભારવિધિ થયા બાદ વંદેમાતરમ્ થી સભા પૂરી થઈ અને અમે ભોજન તરફ પ્રયાણ કર્યું. સન્તબાલજી એકથી ત્રણ મૌન રાખે છે, એટલે વચગાળે ભોજન પતાવીને તથા થોડો આરામ કરીને અમે બપોરના ૩ થી ૫ ફરી એમની સાથે રહ્યા. વાણુગામમાં સ્થપાનાર આન્તરરાષ્ટ્રીય કેન્દ્રની વિશેષ સમજણ લીધી. એ સિવાય પણ કેટલીક ચર્ચાઓ જેમાં, 'દેવનારનું કતલખાનું', 'આચાર્ય રજનીશ', 'ગાંધી શતાબ્દી' વિગેરે વિષયો ઉપર વિચારોની આપ-લે થઈ. સાંજના સાડા પાંચે મુંબઈની ટ્રેઈન પકડવાની હતી એટલે અમે મુનિશ્રીને નમસ્કાર કરી, એમનાં સસ્મિત મુખે માંગલિક સાંભળી, એમની વિદાય લીધી.

મુનિશ્રી સંતબાલજીના દર્શનનો ઘણા ઘણા લાંબા સમયે અમને લાભ થયો અને એમનાં સાન્નિધ્યમાં થોડાક કલાકો ગાળવાનું સંદ્‌ભાગ્ય અમને પ્રાપ્ત થયું. એ પ્રસન્નતા સાથે ટ્રેઈનમાં અમે જગ્યા લીધી ત્યારે વાતાવરણમાં ઠંડીનું મોજું પ્રસરી ગયું હતું અને સૂર્ય પશ્ચિમ બાજુએ અસ્ત થવાની તૈયારીમાં હતો.

ચીમનલાલ જે. શાહ

દેવનાર કતલખાના સંબંધમાં

(આજે જ્યારે દેવનાર ખાતે મુંબઈની મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી ઊભા કરવામાં આવનાર કેન્દ્રીભૂત કતલખાના સંબંધમાં ચોતરફ જે ઉહાપોહ ચાલી રહેલ છે તેના અનુસંધાનમાં તા. ૧-૧-૬૯ ના વિશ્વવાત્સલ્યમાં મુનિશ્રી સંતબાલજી તરફથી નીચે મુજબનું નિવેદન પ્રગટ કરવામાં આવ્યું છે.)

દેવનાર ખાતે એક જંગી કતલખાનું ઊભું થાય છે. તે થતાં પહેલાં 'જીવદયા મંડળી' મુંબઈ મારફત એક મોટું આંદોલન ચાલેલું. વડાપ્રધાન સદ્‌ગત શાસ્ત્રીજીએ "એ નહીં થાય અને એમાં લાગનારા કરોડો રૂપિયા ગોસંવર્ધન ખાતે વપરાશે" એવી જાહેરાત કરેલી. ત્યારબાદ પડોશી દેશનું આક્રમણ આવી પડતાં આંદોલન બંધ રહેલું. તે દરમિયાન શાસ્ત્રીજીના અવસાન બાદ પાછું, તે કામ શરૂ થઈ ગયેલું, અને કહેવાય છે કે તા. ૧-૧-૬૯ ના રોજ આ જંગી કતલખાનું કામ કરતું થઈ જશે. આથી એક બહેનનો મુંબઈથી પત્ર આવ્યો છે. તેઓ જણાવે છે:–

"...અહીં ચેમ્બુર પાસે દેવનારમાં જંગી કતલખાનું તૈયાર થાય છે, તે આપને ખબર જ હશે. રોજના હજારોની સંખ્યામાં નિર્દોષ મૂંગાં પ્રાણીઓની કતલ થાય એ વિચારથી હૃદય કંપી ઊઠે છે. હું અહીંનાં હજારો ધર્મપ્રેમી ભાઈ-બહેનો વતી વિનંતી કરું છું કે આ હિંસા થતી અટકાવવા આપ સત્વર અહીં પધારો. કતલખાનું લગભગ તૈયાર થઈ જવા આવ્યું છે, અને અમારા વિરોધની સત્તાધીશો પર કાંઈ અસર પડશે નહીં, તો આપ અહીં પધારી મુંબઈની પ્રજાને વધુ જાગ્રત કરો એવી નમ્ર વિનંતિ છે. સત્તાધીશો આપનો અવાજ જરૂર સાંભળશે, એવી મને પૂરી ખાતરી છે. આ બાબતમાં આપને વિશેષ લખવાનું હોય જ નહીં..."

આ પહેલાં મેં શ્રી મગનભાઈ દોશી અને જીવદયામંડળીને છેલ્લી હાલત શી છે એ પૂછાવ્યું. તે પહેલાં જનકમુનિનાં પત્રમાં 'જૈન'માંની નોંધ અને 'પ્રબુદ્ધ જીવન'માં આને લગતું જે બ્યાન આવેલું તેની માહિતી હતી તે મેં વાંચી હતી. જીવદયામંડળી તરફથી શ્રી મગનલાલ પી. દોશી જણાવે છે:

"...શ્રી માન્કરજીની તબિયત નરમ હોવાથી સૌરાષ્ટ્રમાં ઘોરાજી છે. તા. ૨૧-૧૨-૬૮ ના આવશે. હવે તબિયત સારી છે. દેવનાર કતલખાના અંગે છેવટના પ્રયાસોમાં એક ડેપ્યુટેશન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને મળ્યું હતું. મેયરશ્રીનું કહેવું એમ હતું કે, 'હાલમાં વાંદરા, કુર્લા ખાતે અને અન્ય રીતે જે જાનવરોની કતલ થાય છે, તેના બદલે આ એક જ કતલખાનાનો ઉપયોગ કરવામાં આવશે અને કુર્લા–વાંદરાનાં કતલખાનાં બિલકુલ બંધ કરવામાં આવશે. આ ઉપરાંત બૃહદ મુંબઈમાં કોઈ જગાએ કતલ નહીં કરવાના હુકમો કરવામાં આવશે. હાલમાં વાંદરા - કુર્લા ખાતે જે કોટા પદ્ધતિથી જાનવરો કપાય છે, તેથી વધુ જાનવર (દેવનારમાં) કાપવામાં નહીં આવે. તેમ જ માંસ નિકાસ કરવામાં પણ નહીં આવે. ફકત સ્થાનિક વપરાશ માટે જ કતલ કરવામાં આવશે. હાલમાં વાંદરા તથા કુર્લા ખાતેના કતલખાનાની હાલત એવી છે કે જાનવરોને ભયંકર ત્રાસ હોય, પણ દેવનાર થતાં તેમને સારા તબેલા, પાણી, સફાઈ વગેરેની વ્યવસ્થા તથા માર્કેટ હશે, એટલે જાનવરોનો ત્રાસ દૂર થશે. ડેપ્યુટેશને તેઓને કહ્યું કે, 'જાનવર વધુ કાપવામાં નહીં આવે તેમ જ સ્થાનિક વપરાશ પૂરતો જ કતલખાનાનો ઉપયોગ થશે. તેમ જ નિકાસ માટે કોઈ ઉપયોગ કરવામાં આવશે નહીં વગેરે હકીકતોની બાંહેધરી તેઓ જનતાને આપે. અને જણાવે કે આ કાર્ય ફકત કતલખાનાની ફેરબદલી પૂરતું છે.' આ ઉપરાંત તેઓ (મેયરશ્રી) જણાવે છે કે "દેવનારની યોજના વર્ષો પહેલાં કરવામાં આવી હતી. હાલમાં વાંદરા અને કુર્લા ભરવસ્તીમાં પડતું હોવાથી તેની બદલી અનિવાર્ય હોવાથી જ આ યોજના કરી છે. જ્યારે પહેલાં યોજના કરી, ત્યારે મુંબઈનો વિસ્તાર ફકત માહીમ સુધી હતો, ત્યાર બાદ છેક દહીંસર અને મુલુંડ, થાણા સુધી વિસ્તાર વધ્યો હોવાથી કતલખાનું ખસેડયા સિવાય બીજો કોઈ ઈલાજ નથી.' નવું કતલખાનું કદાચ ઘેટાં બકરાં પૂરતું ૧-૧-૬૯ થી ચાલુ કરે તેમ જાણવા મળ્યું છે. મુંબઈમાં ઘણા લોકોને વાંદરા–કુર્લામાં જાનવરોને જે ત્રાસ પડે છે, તે સામે પણ સખત વિરોધ છે...."

આ ઉપરથી આજના સંયોગોમાં કોર્પોરેશન ઉપલી બાંહેધરી-

નો એક પ્રસ્તાવ કરે, તેટલું તેના માટે બસ ગણાય. મૂળ વાત તો પાયાની એ છે કે મુસ્લિમ રાજ્યો અને બ્રિટિશ રાજ્યોના વખત-થીજ રાજ્ય તરફથી અને છેવટે પ્રજા પ્રતિનિધિ સંસ્થા તરીકે સુધરાઈ વગેરે તરફથી માંસાહાર માટેની જવાબદારી આ દેશમાં લેવાઈ છે.

સન્તબાલ

તંત્રી નોંધ : ઉપરના લખાણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે મુંબઈમાં છૂટાછવાયાં કતલખાનાઓમાં કતલ કરવા માટે એકઠા કરવામાં આવતાં પશુઓની જે હાલાકી થાય છે તે જોતાં આ કતલખાનાં બંધ કરીને દેવનાર જેવા એક જ વિશાળ સ્થળે પશુઓની કતલ કરવાનો પ્રબંધ થાય એ વધારે ઈચ્છવાયોગ્ય છે તેમ જ આ જવાબદારી વર્ષોથી મુંબઈની મ્યુનિસિપાલીટી સ્વીકારતી આવી છે અને હવે પછી પણ મ્યુનિસિપાલટી જ આ જવાબદારી ઉપાડવાનું ચાલું રાખે તે પણ એટલું જ ઈચ્છવાયોગ્ય છે. કારણ કે ખાનગી વ્યકિતઓને કે સંસ્થાઓને જો આ જવાબદારી સોંપવામાં આવશે તો પશુઓની કતલ ઉપર કોઈ નિયંત્રણનો અમલ કરવાનું શકય જ નહિ રહે. તો પછી જરૂર છે માત્ર જે મુજબ મુંબઈના મેયરશ્રીએ ખાત્રી આપી છે કે મુંબઈની જરૂરિયાતથી જરા પણ વધારે પશુઓની કતલ કરવામાં નહિ આવે તેમ જ નિકાસ કરવાના ખ્યાલથી પણ આવી કોઈ કતલનું અવલંબન નહિ લેવામાં આવે–તે મુજબની ખાત્રી અથવા તો બાંહ્યધરી મુંબઈની મ્યુનિસિપલ કોરપોરેશન સ્પષ્ટ શબ્દોમાં ઠરાવ કરીને આપે. જો વ્યવહારૂ માર્ગ આ પ્રકારનો છે તો, તા. ૮-૧૨-૬૮ ના રોજ મુંબઈના ગોડીજી-ના ઉપાશ્રયમાં જૈનોના ચારે ફિરકાઓ, જીવદયામંડળી અને અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક મંડળના ઉપક્રમે મળેલી સભામાં પસાર કર-વામાં આવેલા ઠરાવ મુજબ મુંબઈની મ્યુનિસિપાલિટી મુંબઈ શહેરની આ જરૂરિયાત પુરી પાડવાની જવાબદારી છોડી દે, અથવા તો દેવનારના કતલખાનાની યોજના બંધ કરે એવી જે માંગણી કરવામાં આવી છે તે ઉપર ભાર મૂકવાને બદલે ઉપર જણાવેલ બાંહ્યધરી મુંબઈની મ્યુનિસિપલ કોરપોરેશન પાસેથી સ્પષ્ટ શબ્દોમાં મેળવવા ઉપર પ્રસ્તુત સંસ્થાઓ પોતાની સર્વ શકિતઓ કેન્દ્રિત કરે અને તેમાં નિષ્ફળતા મળે તો અને ત્યારે જ વધારે સક્રિય પગલું ભરવાનો વિચાર કરે. આ ધોરણે આ આન્દોલનને સીમિત કરવામાં આવે એ ઈચ્છવાયોગ્ય છે.

પરમાનંદ

અવકાશયાત્રા અને વિશદ વિચારણા

આજે દનિયામાં વિશદ ચિન્તનની સૌથી મોટી ઉણપ છે. દેશ-નેતાઓ વાતો ઘણી મોટી મોટી કરે છે, પણ કોઈ પણ વિષય ઉપર વ્યવસ્થિત અને તર્કશુદ્ધ વિચાર ભાગ્યે જ કોઈ નેતામાં જોવામાં આવે છે. જ્યારે ચંદ્ર ફરતું પરિભ્રમણ કરવામાં આવ્યું તે અરસામાં પૃથ્વી ફરતું અવકાશયાનમાં કોઈ સાથી વિના એકલું ઉડ્યન કરનાર અવકાશયાત્રી સર ફ્રાન્સીસ ચીસેસ્ટર એમ સૂચવે છે કે આજની દુનિયાની સમસ્યાઓ અંગે શુદ્ધ વિચારણા પ્રાપ્ત કરવા માટે દુનિયાના નેતાઓને ઊંડા અવકાશમાં એકલા મોકલવાની ખાસ જરૂર છે. આવી એકાન્તમાં વિચરતા માનવીને શું થતું હશે એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે "એ ભ્રમણ દરમિયાન માનવીના જ્ઞાનતન્તુઓ ખૂબ સતેજ બને છે અને સાધારણ રીતે બને છે તે કરતાં દરેક બાબત અંગે તે વધારે તરળતા–ભયગ્રસ્તતા–અનુભવે છે અને વધારે ઘેરાઈથી તે વિચારતો થાય છે, અનેક ગૂંચોનો ઘણી સહેલાઈથી તેને ઉકેલ સાંપડે છે અને ઉચ્ચ કોટિની -પવિત્ર કોટિની - વિચારધારા તેના ચિત્તમાં વહેતી થાય છે. હું પોતે એવી કલ્પના કરી રહ્યો છું કે હવે પછી કોઈ પણ રાજ્યનો મુખ્ય સત્તાધીશ પોતાના સાથી રાજકારણી નેતાને કે મુત્સદ્દીને એમ કહેવાનો કે "આજે આપણા દેશમાં આ બધું વિચિત્ર અને વિસંવાદી બની રહ્યું છે. તો તમે બહાર અવકાશમાં ફરવા જાઓ અને ત્રણ દિવસ અથવા તો ત્રણ મહિના સુધી એકાગ્રતાથી દેશની આ બાબતો ઉપર વિચાર કરો." અને તે જરૂર સાચા અને નક્કર ઉકેલો સાથે પાછો ફરશે. આ બધું ત્યાં તેને એટલું બધું સહેલું અને સરળ લાગશે."

તો હવે જ્યારે થોડા સમયમાં કોઈ પણ માનવી માટે અવકાશ-યાન મારફત પૃથ્વીની આસપાસનું પરિભ્રમણ શરૂ થવાની સંભાવના છે ત્યારે ગૂંચાયેલા રાજ્યનેતાઓ અને મૂંઝાયેલા સમાજધુરીણો માટે પ્રમાણમાં સસ્તા દરે આવા અવકાશી પરિભ્રમણની સગવડો ઊભી કરવામાં આવે એ અત્યન્ત ઈચ્છવાયોગ્ય છે. આમ બનતાં તેમના મગજમાં ભરેલું ભૂસું સાફ થઈ જશે, તેઓ વિશદ વિચારણા સાથે પાછા ફરશે અને તેમના હાથે દુનિયામાં પેદા થતી જટિલતા અને અકળામણ જરૂર હળવી થશે.

પરમાનંદ

સ્વ. અમીચંદ ખેમચંદ શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંદર્ભમાં મારા જૂના સાથી અને સહકાર્યકર શ્રી અમીચંદ ખેમચંદ શાહના તા. ૫ મી જાન્યુઆરી રવિવારના રોજ નીપજેલ અવસાનના સમાચાર જાણી ઊંડી ખિન્નતા અનુભવું છું; આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરનાર સાથી મિત્રોમાંના તેઓ એક હતા. એ દિવસોમાં સંઘની પ્રવૃત્તિ શ્વે. મૂ. સમાજ પૂરતી સીમિત હતી અને બાલદીક્ષાના પ્રશ્ન અંગે ઉગ્ર આન્દોલન ચાલી રહ્યું હતું. અનિષ્ટ ધાર્મિક રૂઢિઓનો પણ પ્રતિકાર થઈ રહ્યો હતો. સાધુસંસ્થાની શિથિલતાને પણ પડકારાઈ રહી હતી. એ આન્દોલનને જોર આપવાના હેતુથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી. એ આન્દોલનમાં સ્વ. મણિલાલ મોકમચંદ શાહ, સ્વ. અમીચંદ ખેમચંદ શાહ, સ્વ. પ્રો. નગીનદાસ શાહ, શ્રી તારાચંદ કોઠારી, તથા શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી અગ્રસ્થાને હતા. હું પણ આ મિત્રોનો સાથી હતો. આ અમારી મંડળીમાં સૌથી વધારે બળવાખોર અને નીડર સાથીઓ હતા મણિભાઈ અને અમીચંદભાઈ. આ પ્રકારનું આન્દોલન એક યા બીજા પ્રકારે લગભગ દશ વર્ષ સુધી ચાલ્યું. એ દિવસોનું આજે અમીચંદભાઈના વિદાય થવા સાથે તીવ્રપણે સ્મરણ થાય છે.

અમીચંદભાઈ મૂળ પાટણના વતની. મુંબઈમાં ઝવેરાતનો વ્યાપાર કરતા અને સાથે સાથે સમાજની અનેક પ્રવૃત્તિઓમાં સંક-ળાયલા રહેતા. સમય જતાં હીરાના જાણીતા વ્યાપારી શ્રી હીરાલાલ ભોગીલાલ શાહે ભારતીય આરોગ્ય નિધિની પ્રવૃત્તિ શરૂ કરી અને અમીચંદભાઈ તેમાં સક્રિય રસ લેવા લાગ્યા. પાટણમાં આ આરોગ્ય-નિધિ તરફથી આશરે દશ વર્ષ પહેલાં એક હૉસ્પિટલ શરૂ કરવામાં આવી અને શ્રી અમીચંદભાઈ મુંબઈ છોડીને પાટણ જઈને વસ્યા અને આ હૉસ્પિટલ અને ભારતીય આરોગ્યનિધિની પ્રવૃત્તિમાં જિંદગીના છેડા સુધી ઓતપ્રોત બનીને રહ્યા. ૮૨ વર્ષની ઉંમરે તેઓ પરલોકવાસી બન્યા. આવી રીતે અર્થસભર જીવન જીવીને પરિપકવ ઉમ્મરે વિદાય થતી વ્યકિત વિષે શોકનાં આંસુ સારવાના ન હોય. આમ છતાં વર્ષોભરના મિત્ર અને સાથીની વિદાય દિલમાં દર્દ પેદા કર્યા વિના રહેતી નથી.

પરમાનંદ

શોક પ્રસ્તાવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના એક આદ્યસ્થાપક શ્રી અમી-ચંદ ખેમચંદ શાહના તા. ૫-૧-૬૯ રવિવારના રોજ ૮૨ વર્ષની ઉમ્મરે નીપજેલા અવસાન બદલ સંઘની કાર્યવાહક સમિતિની તા. ૭-૧-૬૯ના રોજ મળેલી સભા ઊંડા ખેદની લાગણી પ્રદર્શિત કરે છે. શ્રી અમીચંદભાઈ ઉદ્દામ સુધારક હતા અને શ્રી મુંબઈ યુવક સંઘ તરફથી શરૂઆતનાં વર્ષોમાં સ્થિતિચુસ્ત સમાજ સામે ચલાવવામાં આવેલી ઝુંબેશમાં તેમનો અતિ મહત્ત્વનો ફાળો હતો. પાછળનાં વર્ષોમાં તેમણે પાટણમાં સ્થિરવાસ સ્વીકારીને ભારતીય આરોગ્યનિધિના કાર્યને પોતાની સર્વ શકિત સમર્પિત કરી હતી. તેમના અવસાનથી આપણા સમાજને એક સંનિષ્ઠ કાર્યકરની ખોટ પડી છે. તેમના પત્ની અને કુટુંબ પરિવાર પ્રત્યે સંઘ હાર્દિક સહાનુ-ભૂતિ દાખવે છે અને તેમના આત્માને શાશ્વત શાન્તિ ઈચ્છે છે.

પ્રજાસત્તાકદિન પ્રીતિભોજન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘનાં સભ્યોનું અને એમનાં કુટુંબીજનોનું પ્રજાસત્તાક દિન નિમિત્તે એક પ્રીતિભોજન રવિવાર તા. ૨૬-૧-૬૯નાં રાતનાં ૮–૦૦ વાગે મરીનડ્રાઈવ ઉપર આવેલ પી. જે. હિંદુ જીમખાનામાં યોજવામાં આવ્યું છે. સભ્યોને અને એમનાં કુટુંબીજનોને વ્યકિત દીઠ આગળ ઉપર જણાવ્યા મુજબ રૂા. ૧૦) નહિ પણ રૂા. ૭) ફાળો આપી આ ઘણા લાંબા સમયે યોજાયેલા પ્રીતિભોજનમાં ભાગ લેવા અમારૂં હાર્દિક નિમંત્રણ છે. આપના નામો અમને તા. ૨૨-૧-૬૯ સુધીમાં પહોંચાડવા વિનંતી છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ફોન : ૩૫૪૮૭૬, ૩૨૬૭૯૭

મુશ્કેલ છે તે જોઈ લઈએ. તમે જાણતા તો હશો જ કે તોપનો ગોળો કે બંદૂકની ગોળી, તમે અવકાશમાં છોડો તો તે નીચે આવ્યા વિના રહેતાં જ નથી. એનું કારણ પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ છે. પૃથ્વી પોતાના ગુરુત્વાકર્ષણમાંથી કોઈને છટકવા દેતી જ નથી. કેવળ આજનો માણસ જ નહિ પરંતુ લગભગ સાડાત્રણ અબજ વર્ષ પહેલાં પૃથ્વી પર પાંગરેલું જીવન, આ ગુરુત્વાકર્ષણના વાતાવરણમાં જ પાંગરી શકે એમ હતું એટલે સમગ્ર જીવનની ઘણી બધી ખાસીયતો, ગુરુત્વાકર્ષણને અનુરૂપ બનીને ચાલવાની જરૂરિયાતમાંથી જ વિકસી છે. એથી જ ગુરુત્વાકર્ષણ ન હોય એવી પરિસ્થિતિમાં જીવવાનું માણસ માટે મુશ્કેલ બની જાય છે. અવકાશમાં માનવી જાય ત્યારે એને ગુરુત્વાકર્ષણ–વહોણી સ્થિતિમાં જીવવું પડે છે અને એથી જ એને એવી પરિસ્થિતિમાં જીવવા માટેની ખાસ તાલીમ આપવામાં આવે છે અને એ માટેનાં ખાસ સાધનો પણ એને અવકાશમાં લઈ જવાં પડે છે.

ન્યૂટને ગુરુત્વાકર્ષણની શોધ કરી તે પછી એ ગુરુત્વાકર્ષણનો પ્રતિકાર કરવાની શોધ પણ માનવી કરતો આવ્યો છે. માનવીએ શોધી કાઢયું છે કે માનવીની ઝડપ જેમ વધે તેમ માનવીના શરીર ઉપરનું પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ ઓછું થાય. બેઠેલા માનવી કરતાં દોડતા માનવીના શરીર ઉપર ગુરુત્વાકર્ષણની અસર ઓછી હોય છે – પરિણામે એવા દોડતા માનવીનું વજન સૂક્ષ્મ રીતે ઓછું થયેલું જણાય છે. ૫૦૦ માઈલની ઝડપે ઉડતાં વિમાનમાં બેઠેલા માનવીનું વજન ૧ ટકા જેટલું ઓછું ઉતરે છે અને એ રીતે માનવી જો પોતાની ઝડપ વધારતો રહે અને કલાકના ૨૪૨૦૦ માઈલથી માંડીને ૨૫૦૦૦ માઈલ સુધીની ઝડપ એ પ્રાપ્ત કરે તો એ પૃથ્વીના ગુરુત્વાકર્ષણની પકડમાંથી મુકત થઈને અવકાશમાં ઊડી જઈ શકે છે. અવકાશમાં ઉડાડવામાં આવેલાં બધાં યાનોએ આટલી ઝડપ તો પ્રાપ્ત કરવી જ જોઈએ. ઍપોલો - ૮ યાને પણ આટલી ઝડપ પ્રાપ્ત કરી જ હતી. માણસનું શરીર આટલી ઝડપ સહન કરવા માટે રચાયેલું જ નથી. અખબારોમાં "G" એટલે ગ્રેવિટીના બળનો ઉલ્લેખ વારંવાર આવે છે અને અવકાશયાત્રીઓને ૨૦ 'G' સુધીનો વેગ સહન કરવો પડે છે એવું વર્ણન પણ આવે છે. આ ૨૦ 'G' એટલે દર સેકન્ડે ૩૨ × ૨૦ ફીટ જેટલો ગતિમાં વધારો થાય તે. ગતિનો આટલો બધો વધારો માનવી સહન કરી શકે એ માટે એને ખાસ તાલીમ ઉપરાંત ખાસ પ્રતિકારાત્મક ઉપકરણો પણ આપવામાં આવે છે.

આમ અવકાશમાં યાનને ઉડાડવાનો સિદ્ધાન્ત તો સહેલો છે. કલાકના ૨૧ હજાર માઈલની ઝડપ તમે સિદ્ધ કરો એટલે અવકાશમાં ઊડો પણ એ ઝડપ સિદ્ધ કેમ કરવી? એ ઝડપ સિદ્ધ કરવા માટે અવકાશયાનને રૉકેટના માથા પર મૂકવામાં આવે છે અને એ રૉકેટદ્વારા અવકાશયાનને ઉડાડવામાં આવે છે. ઍપોલો-૮નું અવકાશયાન જે રૉકેટદ્વારા ઉડાડવામાં આવ્યું તે સેટર્ન–૫ રૉકેટ હતું.

આ રૉકેટ લગભગ ૩૬ માળના મકાન જેટલું – ૩૬૩ ફીટ ઊંચું છે અને એમાં સેકન્ડના ટનોટન કેરોસીન તથા પ્રવાહી પ્રાણવાયુ બળતણ તરીકે બળે છે. પરિણામે ૭૫ લાખ રતલના વજનનો ધક્કો એ રૉકેટને લાગે એ રીતે, એ ઊડે છે. (આને રૉકેટની ધક્કાશકિત–Thrust– કહેવામાં આવે છે.) ૬૨,૧૮,૫૫૮ રતલનું વજન લઈને આ રીતે સેટર્ન રૉકેટ અવકાશમાં ઊડે છે.

આ સેટર્ન – ૫ રૉકેટનું કામ ચન્દ્ર સુધી પહોંચવાનું નથી. એનું કામ તો માત્ર ૨૧ મિનિટમાં ૩૮ માઈલ ઊંચે સુધી પહોંચી જવાનું અને અવકાશયાનને કલાકના ૬૦૦૦ માઈલની ગતિ આપવાનું જ છે અને ત્રણ અમેરિકન અવકાશયાત્રીઓને લઈને ઉડેલાં સેટર્ન ને પણ એ જ કરવાનું હતું. ૩૧૦૦ ટનનું વજન આટલે ઊંચે ઉડાડયા પછી અને એ વજનને વાતાવરણનાં ગાઢાં પડમાંથી બહાર કાઢયા પછી (૪૦ માઈલની ઊંચાઈ સુધી જ વાતાવરણ ગાઢું હોય છે. પછી તો એ ઘણું આછું પાતળું હોય છે – જો કે આંતરગ્રહો અને આંતરનક્ષત્રી અવકાશમાં પણ પ્રાણવાયુ અને હાઈડ્રોજનના થોડા થોડા કણો તો હોય જ છે) સેટર્નનો પહેલો તબક્કો યોજના પ્રમાણે ખરી પડયો હતો અને બીજો તબક્કો ૧૧,૨૫,૦૦૦ ની ધક્કાશકિત સાથે સળગ્યો હતો. આ બીજા તબક્કાએ અવકાશયાનને કલાકના ૧૪૦૦૦ માઈલની ગતિ આપી હતી અને એને ૧૧૯ માઈલની ઊંચાઈએ ધકેલી દીધું હતું. આટલી ઊંચાઈએ પહોંચ્યા પછી આ બીજો તબક્કો પણ ખરી પડયો હતો (સળગી ચુકેલાં રૉકેટોનાં ખોખાં વાતાવરણ સાથે ઘસાઈને ખરતા તારાની જેમ ભસ્મીભૂત થઈ જાય છે) અને ૧૧૯ માઈલની ઊંચાઈએ સવાબે લાખ રતલની ધક્કાશકિતવાળો ત્રીજો તબક્કો સળગ્યો હતો અને એણે અવકાશયાનને કલાકના ૧૭,૪૦૦ માઈલની ઝડપ અર્પી હતી. સાથોસાથ એ રૉકેટે, અવકાશયાનની દિશા પણ બદલી હતી એટલે, પૃથ્વીના ગુરુત્વાકર્ષણને કારણે, અવકાશયાન પૃથ્વીની આજુબાજુ, ભ્રમણ કક્ષામાં ભ્રમણ કરવા લાગ્યું હતું. આ ભ્રમણ દરમિયાન અવકાશયાત્રીઓ અને જમીન ઉપરના ભ્રમણ નિયામકોએ, અવકાશયાનની બધી યંત્રસામગ્રી બરાબર છે કે નહિ તેની ચકાસણી કરી લીધી હતી અને બધું બરાબર લાગ્યું એટલે, ત્રીજા તબક્કાનાં રૉકેટને, અવકાશયાન જ્યારે હવાઈ બેટ ઉપરથી પસાર થતું હતું ત્યારે ફરીથી પાંચ મિનિટ ૧૧ સેકન્ડ જેટલા સમય માટે સળગાવવામાં આવ્યું હતું. આને કારણે અવકાશયાનની ગતિ ૨૪,૨૦૦ માઈલની થઈ હતી અને અવકાશયાન પૃથ્વીની પકડમાંથી છૂટીને ચન્દ્ર તરફ ઊપડયું હતું. પૃથ્વીની આજુબાજુના ભ્રમણની કક્ષામાંના ચોક્કસ સ્થળે જ રૉકેટનો ત્રીજો તબક્કો ફોડવો જરૂરી હતો, કારણ કે તો જ અવકાશયાન ગણતરી વડે નક્કી કરેલાં ચન્દ્રના મિલનસ્થાન તરફ જાય એમ હતું. ૫ મિનિટ ૧૧ સેકન્ડને બદલે ૧૧॥ સેકન્ડ પણ જો રૉકેટ ચાલે તો ખેલ ખલાસ થઈ જાય. કેવી ગણતરી અને કેવી ચોકસાઈ આ અવકાશયાત્રામાં જરૂરી છે તે આ એક દાખલા ઉપરથી જણાશે. આવી જ ગણતરી અને આવી જ ચોકસાઈ અનેક બાબતો માટે જરૂરી હતી. સેટર્ન રૉકેટના ૫૦ લાખ જુદા જુદા ભાગોમાંથી એક પણ ખોટકાય તો જોખમ ઊભું થાય એટલે એ માટે કેવી ચોકસાઈ રાખવી પડી હશે તેની તો કલ્પના જ કરવી રહી.

રૉકેટનો ત્રીજો તબક્કો, બીજી વખત સળગી ચૂકયા પછી એને છૂટો પાડી નાખવામાં આવ્યો હતો અને અવકાશયાન ચન્દ્ર ઉપર ભવિષ્યમાં થનારાં ઉતરાણ માટેનાં યંત્ર જેટલું વજન લઈને ચન્દ્ર તરફ ઊડયું હતું. છૂટો પડેલો ત્રીજો તબક્કો, એનું વધારાનું બળતણ અવકાશમાં નીતારી નાંખીને સૂર્યની આજુબાજુ ભ્રમણ કરવા નીકળી પડયો હતો. હજારો વર્ષો સુધી એ આ રીતે ભ્રમણ કર્યા કરશે.

અવકાશયાન જ્યારે ચન્દ્રની સપાટીથી ત્રીસ હજાર માઈલ દૂર હતું ત્યારે એની ઝડપ ઘટીને કલાકના ૨,૧૭૦ માઈલ થઈ ગઈ હતી. અવકાશયાનની ગતિને કોઈ અવરોધ નહોતો એટલે ન્યુટનના ગતિશાસ્ત્રના નિયમ પ્રમાણે કોઈ પણ પ્રકારનાં બળતણ વિના અવકાશયાનની આ ગતિ થતી હતી. ચન્દ્રથી ૩૦ હજાર માઈલ દૂર ચન્દ્રના ગુરુત્વાકર્ષણે અવકાશયાન પર પકડ જમાવી હતી અને પરિણામે કલાકના ૨,૧૭૦ માઈલની ઝડપમાં વધારો થવા લાગ્યો હતો.

અવકાશયાન ચન્દ્રથી ૭૦ માઈલ જેટલું દૂર હતું ત્યારે, ચન્દ્રની પશ્ચિમ ધાર ઉપરથી વળાંક લઈને એ, ચન્દ્રની ફરતે ફર્યું હતું. આ તબક્કે અવકાશયાત્રીઓને જો કોઈ યંત્રમાં વાંધો જણાયો હોત તો તેમણે કાંઈ પણ કર્યા સિવાય બેસી રહેવાનું હતું. એટલે, અવકાશયાન, એની ગતિને કારણે ચન્દ્રની ફરતે આંટો મારીને પાછું

પૃથ્વી તરફ ઊડવા માંડયું હોત. પરંતુ યંત્રો બરાબર ચાલતાં હતાં એટલે અવકાશયાનમાં જ ગોઠવવામાં આવેલાં સર્વિસ પ્રોપલ્શન સિસ્ટમનાં એંજિનો બરાબર ૨૪૬ સેકન્ડ સુધી સળગાવવામાં આવ્યાં હતાં અને પરિણામે અવકાશયાનની ઝડપ કલાકના ૩,૬૪૦ માઈલની થઈ ગઈ હતી. ખ–ગતિના સિદ્ધાન્ત પ્રમાણે આ ગતિ અને ચન્દ્રના ગુરુત્વાકર્ષણ વચ્ચે મેળ બેસી ગયો હતો અને અવકાશયાન ચન્દ્રની ફરતે ફરવા લાગ્યું હતું. ૭૦ × ૧૯૬ માઈલની લંબ–ગોળાકાર એની કક્ષા હતી. આવી કક્ષામાં બે વાર પરિભ્રમણ કર્યા બાદ ફરી પેલાં એંજિનો ૧૦ સેકન્ડ સળગાવવામાં આવ્યાં હતાં જેથી અવકાશયાનની કક્ષા ગોળાકાર થઈ ગઈ હતી. અવકાશયાન ચન્દ્રની સપાટીથી ૬૮ માઈલ ઊંચે ઊડતું હતું. દર બે કલાકે એક વાર ચન્દ્રની ફરતે ફરતું અવકાશયાન જ્યારે ૪૫ મિનિટ સુધી ચન્દ્રની પાછળ છૂપાઈ જતું ત્યારે એની સાથેનો રેડિયો સંપર્ક કપાઈ જતો અને પૃથ્વી પરના નિયામકોની ચિન્તા વધી જતી. હકીકતમાં ખોટું સંભળાવાને કારણે અવકાશયાનનું એંજિન બીજી વખત ૧૦ સેકન્ડને બદલે ૬ જ સેકન્ડ સળગ્યું–એવો ખ્યાલ જ્યારે પૃથ્વીના નિયામકોના મનમાં બંધાયો ત્યારે તો એમના જીવ જ અદ્ધર થઈ ગયા હતા. સદ્‌ભાગ્યે આ ભય અસ્થાને હતો એવું પાછળથી જણાયું હતું.

ચન્દ્રની આજુબાજુ ભ્રમણ કરતાં–આવાં ૧૦ પરિભ્રમણો અવકાશયાત્રીઓએ કર્યાં હતાં–તેમણે ચન્દ્ર પર જે પહાડો છે, જે કૂંડો છે, જે "સાગરો" છે–તેનું નિરીક્ષણ કર્યું હતું. (ચન્દ્ર ઉપર કેટલાંક સપાટ મેદાનો દેખાય છે તેને "સાગર" એવું નામ આપવામાં આવ્યું છે. જો કે ચન્દ્રની સપાટી પર તો પાણી છે જ નહિ! ચન્દ્રના ગર્ભમાં હોય તો કોણ જાણે!) આ ઉપરાંત ચન્દ્ર ઉપર ઉતરાણ કરવા માટેનાં પાંચ સગવડભર્યાં સ્થળો પણ તેમણે પસંદ કર્યાં હતાં. જો કે એ સ્થળો પૃથ્વી પરથી કરાયેલાં નિરીક્ષણો દ્વારા નક્કી કરાયેલાં સ્થળોથી ખાસ ભિન્ન નહોતા.

ચન્દ્રના ૧૦ પરિભ્રમણો પૂરાં કર્યા પછી ફરી, અવકાશયાનમાંનું એંજિન ૨૦૬ સેકન્ડ સુધી સળગાવવામાં આવ્યું હતું. પરિણામે યાનની ઝડપ કલાકના ૬૦૬૦ માઈલની થઈ ગઈ અને એ ચન્દ્રના ગુરુત્વાકર્ષણની પકડમાંથી છટકી ગયું હતું. એ પછી ૫૭ કલાકે, પૃથ્વીનાં ગુરુત્વાકર્ષણને કારણે દર સેકન્ડે ૩૨ ફીટ જેટલી વધતી જતી ઝડપથી પૃથ્વીના વાતાવરણ સુધી યાન પહોંચ્યું હતું. આ વખતે યાનની ઝડપ કલાકના ૨૪,૭૬૫ માઈલની હતી. આ ઝડપ હતી ત્યારે, યાનમાંનું રોકેટનું એંજિન અવકાશમાં વામી દેવામાં આવ્યું હતું–જો કે એ પહેલાં, વાતાવરણમાંના પ્રવેશ માટે યાનની જે સ્થિતિ જોઈએ તે સ્થિતિએ એને ગોઠવી દેવામાં આવ્યું હતું. યાન, વાતાવરણમાં કાટખૂણે તો ઊતરી શકે તેમ હતું જ નહિ. એમ ઊતરે તો એ વાતાવરણ સાથેના ઘર્ષણને કારણે બળી જાય. વળી એ, વાતાવરણથી સમાન્તર રહીને પણ ધીરે ધીરે ઊતરી શકે એમ હતું નહિ, કારણ એમ કરવા જતાં વાતાવરણની એવી થપાટ એને લાગે કે એ કયાં તો અવકાશમાં (સંભવત: સૂર્યની આજુબાજુ ફરવા માટે) ચાલી જાય અથવા તો પૃથ્વીની આજુબાજુ ફરવા મંડે અને કક્ષા બદલવા માટે એંજિન ન હોવાને કારણે એ રીતે ફર્યા જ કરે. (આવી કોઈ સ્થિતિમાં બીજું અવકાશયાન મોકલીને આ લોકોને બચાવી લેવાની વાત પણ રશિયામાં થઈ હતી) અવકાશયાત્રીઓને તો ૫૫ થી ૭૫ અંશના ખૂણે જ વાતાવરણમાં, પ્રવેશ કરવાનો હતો અને તે પણ પૃથ્વીના ચોક્કસ સ્થળે કે જેથી અવકાશયાન ૧,૫૦૦ માઈલ જેટલું સરતું સરતું નિર્ધારિત સ્થળે પડે. એપોલો યાન બરાબર આ જ રીતે પડયું હતું–નિર્ધારિત સ્થળે અને નિર્ધારિત સમયે–એ ગણતરીની ચોકસાઈ બતાવે છે. આ ગણતરી અને આ ચોકસાઈ ગણનાયંત્રોની (કોમ્પ્યુટર્સની) શોધ ન થઈ હોત તો શકય જ નહોતી. હકીકતમાં તો ગણનાયંત્રોની સહાય વિના અવકાશયાત્રા શકય જ નથી.

વાતાવરણમાં પુન: પ્રવેશ એ એક અત્યંત જોખમી પ્રક્રિયા છે. વાતાવરણ સાથેના ઘર્ષણને કારણે યાન અત્યંત તપી જાય છે–લગભગ ૫ હજાર અંશ ફેરનહીટ જેટલું–અને કોઈ પણ માણસ લગભગ ૫૦૦૦ ડિગ્રી ફેરનહીટ જેટલી ગરમી ક્ષણમાત્ર પણ સહન કરી શકે નહિ. એટલે યાનની ઉપર, ખાસ કરીને એના મોં બાજુ ગરમીને ખાળવા માટેનું એક ખાસ પ્રકારનું અસ્તર ચઢાવવામાં આવ્યું હતું. કાચના રેસા, રેસીન, પ્લાસ્ટિક, વગેરેમાંથી આ અસ્તર બનાવવામાં આવે છે. આ અસ્તર ગરમ થાય પણ અંદર તો ગરમી ૭૦–૭૨ ડિગ્રી ફેરનહિટ જેટલી જ રહે. એપોલો-૮ ની સમગ્ર યાત્રા દરમિયાન યાનમાં ગરમી કેટલી રહે છે, એમાં હવાનું દબાણ કેટલું રહે છે તે જમીન પરના નિયામકો કાયમ માપ્યા કરતા હતા. વોઈસ ઓફ અમેરિકા ઉપરથી બ્રોડકાસ્ટ થયેલી રનીંગ કોમેન્ટરીમાં પણ આ વિગતો વખતોવખત આપવામાં આવતી હતી. (આ રનીંગ કોમેંટરી પણ કોમ્યુનિકેશન સેટેલાઈટ–સંદેશવાહક ઉપગ્રહ દ્વારા પ્રસારિત કરવામાં આવી હતી.) ૨૪,૭૦૦થી ૨૪,૮૦૦ માઈલની ઝડપ, યાનનું લગભગ ૧૬ ટનનું વજન (૩,૧૦૦ ટન વજન સાથે અવકાશમાં ઊડયું હતું, એમાંથી પૃથ્વી પર પાછું આવનારું યાન ૧૬ ટનનું એપોલો યાન જ હતું, બીજું બધું અવકાશમાં વામી દેવામાં આવ્યું હતું એ યાદ રાખવાની જરૂર છે.) અને વાતાવરણનું ઘર્ષણ–એ બધાંને કારણે જે ગરમી ઉત્પન્ન થઈ તે બધી અવકાશમાં વહી ગઈ હતી. આ ગરમી, શકિત–ઉર્જાના સંદર્ભમાં જોઈએ તો, તારાપુરના આણુ મથકમાં જે વીજળી ઉત્પન્ન થવાની છે તેના ચોથા ભાગ જેટલી લગભગ ૯૦ થી ૯૫ મેગાવૉટ જેટલી હતી. અવકાશયાત્રાની કલ્પનાતીતતાનો આ ઉપરથી ખ્યાલ આવી શકે છે.

એપોલો–૮ પછી આવતા ફેબ્રુઆરીમાં એપોલો–૯ નું ઉડ્ડયન થવાનું છે. આ એપોલો-૯ માત્ર પૃથ્વીની ભ્રમણકક્ષામાં જ ૧૧ દિવસ સુધી રહેશે અને ચન્દ્ર ઉપર ઊતરવા માટે કરવાની પ્રક્રિયાઓની તાલીમ લેશે. એ પછી એપોલો–૧૦ કે એપોલો-૧૧ ના ઊડ્ડયન દ્વારા ચન્દ્ર ઉપર માણસ ઊતારવામાં આવશે. ચન્દ્ર ઉપર ઉતરેલા માનવી દ્વારા ત્યાં, ચન્દ્ર ઉપર પડતા પ્રોટોન–ઈલેકટ્રોન જેવા કણોની માપણી કરનારાં યંત્રો, ચન્દ્ર ઉપર થતાં ધરતીકંપો (કે ચન્દ્ર કંપો?) ની માપણી કરનારાં યંત્રો, ચન્દ્રના ગુરુત્વાકર્ષણની માપણી કરનારાં યંત્રો વગેરે ચોક્કસ સ્થળોએ ગોઠવવામાં આવશે. આ યંત્રો રેડિયો દ્વારા સતત માહિતી પૃથ્વી પર મોકલી શકે એ માટે એક બચુકડી વિદ્યુતોત્પાદક અણુભઠ્ઠી પણ ચન્દ્ર પર ગોઠવવામાં આવશે.

અત્રે પ્રશ્ન એ જરૂર થાય કે માનવીને ચન્દ્ર ઉપર જઈને કરવું છે શું? એક ચન્દ્ર ઉપર માનવ ઉતારવાના કાર્યક્રમ પાછળ થતા ખર્ચમાંથી જ સુરતમાં ઉકાઈ પાસે બંધાય છે તેવા ૨૨૫ બંધો બાંધી શકાય એમ છે. તો પછી આ પૈસા જનકલ્યાણ માટે કેમ ખર્ચાતા નથી એવો પ્રશ્ન સહેજે થાય. આની સામે એ પણ કહી શકાય કે સાહસની નવી દિશા ઉઘડતી હોય અને કોઈ દેશને એ દિશામાં જવું પોસાતું હોય તો એ દિશામાં એ શું કામ ન જાય? પૃથ્વી, ગ્રહમાળા અને બ્રહ્માણ્ડની ઉત્પત્તિની દિશામાં ચન્દ્ર ઘણો પ્રકાશ પાડી શકે એમ છે. ચન્દ્રની પૃથ્વીથી અદૃષ્ય રહેલા બાજુ ઉપર જો એક રેડિયો ટેલિસ્કોપ ગોઠવવામાં આવે તો એના વડે સમગ્ર બ્રહ્માણ્ડનું વધારે ઊંડું અને તલસ્પર્શી નિરીક્ષણ થઈ શકે એમ છે. અવકાશમાં વજનવિહોણી સ્થિતિમાં જો કોઈ વર્કશોપ ચલાવી શકાય તો એ વર્કશોપમાં દુનિયાએ કદી નથી જોયાં એવાં બોલબેરીંગો અને ઢાળાઓ બનાવી શકાય એમ છે. આજે પૃથ્વી પર પણ ચન્દ્ર યાન માટેની જરૂરિયાતોને કારણે, જાતજાતની વિશિષ્ટ મિશ્ર ધાતુઓ, બળતણો અને એવું બધું ઘણું શોધાયું છે. એટલે આ બધા ફાયદાનો ઈનકાર પણ થઈ શકે એમ નથી. અને એમ છતાં, ચન્દ્રનો કોઈ લશ્કરી ઉપયોગ થઈ શકતો હોય તો તે કરવાની વૃત્તિ માનવીમાં જાગે એવું ન બને? એવું જો બનશે તો આણુ–વિસ્ફોટની પ્રક્રિયા શોધીને પરતાયેલા વિજ્ઞાનીઓની જેમ, અવકાશ ઉપર વિજય મેળવનારા વિજ્ઞાનીઓ માટે પણ પસ્તાવાનો વારો આવશે.

એવો વારો તેમને ન આવે એટલું જ આજે તો આપણે ઈચ્છવું રહ્યું.

નોંધ: ચન્દ્ર ઉપર માસ-કોન એટલે કે માસ કોન્સેન્ટ્રેશન હોવાનું ઓબ્ઝર્વેટર ચન્દ્ર યાનોએ પુરવાર કર્યું છે. આ માસ–કોન એટલે કે ચન્દ્રના કેટલાક પ્રદેશોમાં દ્રવ્યનો સંચય એટલો બધો વધારે છે કે ચન્દ્ર ઉપર ઉતરનારું યાન, એ દ્રવ્ય–સંચયનાં વધારાના ગુરુત્વાકર્ષણને કારણે એના તરફ ખેંચાય અને નીચે પછડાય એવું પણ બને. આ એક નવું ભયસ્થાન છે. એક ઠેકાણે તો નીકલ અને લોખંડના ૧૦૦ કિલોમિટર વ્યાસના ગોળામાં હોય એટલો બધો દ્રવ્ય–સંચય થયેલો માલમ પડયો છે.

હવા, પાણી, ખોરાક એ બધું પૃથ્વી પરથી લઈ જવાનું, કાયમ દબાણવાળા સૂટમાં ફરવાનું, (સૂટમાં જો કાણું પડે તો ચન્દ્ર પર ફરતો માનવી લોહીમાંની હવાના દબાણને કારણે ફટાકાની જેમ ફાટી જ પડે) અને બીજી એવી ઘણી ઘણી મુશ્કેલીઓ બરદાસ્ત કરવાની–માનવી આ બધું કરે છે શું કામ? આનો જવાબ એ છે કે આ બધું ન કર્યું હોત તો માનવી આજે જ્યાં છે ત્યાં એ પહોંચ્યો હોત?

મનુભાઈ મહેતા

ચંદ્ર-પૃથ્વીનું વાસ્તવિક સ્વરૂપ અને જૈન ધર્મની પરંપરાગત માન્યતા

(તાજેતરના ચંદ્ર પરિભ્રમણના સંદર્ભમાં ચંદ્ર અને પૃથ્વીનું વાસ્તવિક સ્વરૂપ પાકેપાયે નક્કી થતાં તેને લાગતી જૈન ધર્મની પરંપરાગત માન્યતા અચૂકપણે ખોટી પડે છે. આ વૈજ્ઞાનિક તથ્ય હવે સ્વીકારી લેવાનો અને જૂની માન્યતા સાચી હોવાનું પુરવાર કરવાનો આગ્રહ છોડી દેવાનો અનુરોધ કરતા શ્રી રતિલાલ મફાભાઈ શાહે તા. ૪-૧-૬૮ ના જૈનમાં પ્રગટ થયેલા તેમના લેખમાં જે સ્પષ્ટ અને નીડર રજૂઆત કરી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તે લેખમાંનો જરૂરી ભાગ નીચે ઉદધૃત કરવામાં આવે છે.

પરમાનંદ)

જૈન ધર્મનું હાર્દ

શરૂઆતમાં જૈનધર્મ સત્યલક્ષી છે, પરંપરાલક્ષી નથી એવા અભિપ્રાય ઉપર ભાર મૂકીને જૈનધર્મનું હાર્દ સમજાવતાં તેઓ જણાવે છે કે:

"જૈન ધર્મ એ કોઈ ચાલી આવતી રૂઢિજડતાઓ, જડ પરંપરાઓ, બદ્ધપૂર્વગ્રહો કે ધાર્મિક અંધશ્રદ્ધાઓ પર રચાયેલો ધર્મ નથી, પણ ભગવાન મહાવીરે બાર બાર વર્ષ સુધી કુદરતમાં વિહરી, એનું ઊંડું અવલોકન કરી, એનાં રહસ્યો ઉકેલી પ્રત્યક્ષ અનુભવ મેળવી અને વિશ્વમાં બનતી ઘટનાઓ તથા જીવમાત્રને પ્રાપ્ત થતાં સુખ-દુઃખો પાછળનું વૈજ્ઞાનિક કારણ શોધી એક વૈજ્ઞાનિક ધર્મ આપ્યો હતો. અને એ માટે આપ્તપુરુષોનાં વચનોને તેમ જ ચાલી આવતી પરંપરાઓને પણ પોતાના અનુભવની કસોટીએ કસી જોયા બાદ જ એ માન્ય રાખી હતી અને એમાં પણ અસત્ય લાગતાં તત્ત્વોને જડમૂળથી ઉખેડી ફેંકી દેવાનો તેમ જ ઉપયોગિતાની દૃષ્ટિએ એ કલ્યાણકારી તત્ત્વ બને એ રીતે એમાં ધરમૂળથી ફેરફાર કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો. મતલબમાં કે એમણે શીખવેલો ધર્મ એ એક વૈજ્ઞાનિક ધર્મ હતો, અને તેથી જ્યાં પરસ્પર વિરોધ ઊભો થાય ત્યાં એમણે કોઈ પણ માન્ય પરંપરા–ધર્મશાસ્ત્રો કે પૂજ્ય વ્યક્તિઓને નહીં પણ કેવળ સત્યને જ અનુસરવા પર ભાર મૂક્યો હતો. અને એ માટે એમણે 'सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरई' – સત્યની આજ્ઞાએ ચાલનારો બુદ્ધિમાન પુરુષ આ સંસારને તરી જાય છે – એવી સ્પષ્ટ વાત ઉચ્ચારી હતી, અને તેમાં પણ એટલે સુધી લખ્યું છે કે 'सच्चं तु भयवं' છેવટે તો સત્ય એ જ પરમાત્મા છે."

અદ્યતન વૈજ્ઞાનિક સંશોધનના સંદર્ભમાં આપણું કર્તવ્ય

આ લેખમાં આગળ વધતાં આજના વિશ્વ અંગે મુનિ અભયસાગરજી જેવા કદાગ્રહી જૈન મુનિ જૈન ધર્મની જે પરંપરાગત માન્યતાને આગળ ધરી રહેલ છે તે શું છે અને તે માન્યતાનો અદ્યતન વૈજ્ઞાનિક ખગોળવિષયક સંશોધન સાથે જરા પણ મેળ બેસતો નહિ હોવાથી તેને લગતો આગ્રહ કેવો હાસ્યાસ્પદ બની રહ્યો છે અને તેથી તે અંગે જવાબદાર વર્ગનું શું કર્તવ્ય પ્રાપ્ત થાય છે એ તરફ જૈન પંડિતો, મુનિઓ અને આચાર્યોનું ધ્યાન ખેંચતાં તેઓ જણાવે છે કે:

"લગભગ સમતલ ભૂમિ પર પથરાયેલો અઢીદ્વીપ ૪૫ લાખ યોજન લાંબો ને તેટલો જ પહોળો હોઈ અને મુનિશ્રી અભયસાગરજીના મતે ૧ યોજન = ૪૫૦૦ માઈલ હોય (૪૫૦૦૦૦૦ × ૪૫૦૦) તો વીસ અબજ પચીસ કરોડ માઈલ એનો વ્યાસ થાય, જ્યારે આજની ગોળ પૃથ્વીનો વ્યાસ ફક્ત પચીસ હજાર માઈલ લગભગનો જ છે. આ તો અઢીદ્વીપ સુધીની જ વાત છે. પણ અઢીદ્વીપ ફરતો સમુદ્ર, એના ફરતા દ્વીપો, ફરી એના ફરતા સમુદ્રો, ફરી દ્વીપો અને સમુદ્રો ને તે પણ બમણા બમણા માપે એમ સ્વયંભુરમણ સુધીનો પ્રદેશ પરાર્ધો × પરાર્ધો માઈલ જેટલો થાય જે માનવબુદ્ધિમાં ઊતરે તેવી વાત છે? એ સિદ્ધ કરી શકાશે ખરું? શાસ્ત્રોમાં કહ્યું છે કે જંબુદ્વીપમાં મોટામાં મોટો દિવસ લગભગ ૧૪ કલાકનો હોય છે, પણ ઈંગ્લેન્ડમાં ૧૮ કલાકનો ને તેથી ઉત્તરમાં તેથી પણ મોટો દિવસ થતાં ઉત્તર ધ્રુવમાં ૬ મહિનાનો દિવસ થાય છે ને હાર્મે ફસ્ટમાં તો ૨ મહિના સુધી સૂર્ય આથમતો જ નથી – એ મોતીચંદ ગિરધર કાપડિયા જેવા માનવંતા ચુસ્ત જૈનો પ્રત્યક્ષ જોયેલી વાત તેમના 'યુરોપના સંસ્મરણો' માં ઊતારી છે. એનો આધાર શાસ્ત્રમાં છે ખરો? જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે ચંદ્ર એ ઈંદ્ર છે. એનો વૈભવ સૂર્યથી પણ અધિક છે. એને સેંકડો રાણીઓ છે ને તેના વિમાનને ૬૪૦૦ દેવો ખંભે ઉપાડી રાત દિવસ દોડ્યા કરે છે. પણ ચંદ્ર સુધી પહોંચેલા અમેરિકન વિમાન એપોલો-૮એ ન જોયો કોઈ દેવ, ન જોયું વિમાન, ન જોયો ઈંદ્ર કે ન જોયું રાહુનું વિમાન (કારણ કે રાહુનું વિમાન પણ દેવોથી વહન થતું ચંદ્રના વિમાન સાથે જ ફક્ત ૪ આંગળ નીચે દોડતું આપણે માન્યું છે.) તેમ જ પૃથ્વી ઉપર ૪૫ કરોડ માઈલ ઊંચો ગણાતો મેરુપર્વત પણ નજરે ન ચડ્યો. ફક્ત નિર્જન - હવા વિનાની પૃથ્વી જ જોઈ અને તે પણ એની આજુબાજુ ૧૦ ચક્કરો લગાવીને. આથી આવી હાસ્યાસ્પદ લાગતી વાતો આજના જગતના ગળે કેવી રીતે ઊતારી શકાશે? આ બધું વિચારવા જેવું નથી લાગતું? જોકે એથી થોડો વખત કુતર્કો લડાવીને પ્રશ્નને ગૂંચવી શકાય છે, પણ વૈજ્ઞાનિક સંશોધનો આગળ વધતાં એ બધું ક્યાં સુધી ચાલશે? આજનું જગત પ્રત્યક્ષ વસ્તુને અવગણી હજારો વર્ષ પહેલા લખાયેલી વાતોને સ્વીકારવા જેવું મુર્ખ હવે નથી રહ્યું એ તો આપણે સ્વીકારવું જ પડશે.

"અને આ પ્રશ્ન કંઈ આપણા એકલાનો નથી. વૈદિકો સમેત જગતના સર્વે ધર્મોની લગભગ આપણા જેવી જ માન્યતા હતી કે પૃથ્વી સ્થિર છે અને સૂર્ય એની આજુબાજુ ફરે છે. છતાં આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં સૌથી પ્રથમ આર્યભટ્ટે જ પૃથ્વીના સૂર્યની આજુબાજુ ફરવાની વાત કરી હતી, છતાં વૈદિકોએ એનો વિરોધ કર્યો જાણ્યો નથી. આપણી કરતાં વિશેષ આગ્રહી બની ખ્રિસ્તી પ્રજાએ નવસંશોધક વિજ્ઞાનીઓ પર ભારે સિતમો ગુજાર્યા હતા, બ્રુનોને જીવતો બાળી મૂક્યો. ગેલેલિયોને હેડમાં પૂર્યો અને કોપરનિકસને બબ્બે વર્ષ સુધી હાથે પગે બીલા ઠોકી એક સ્થંભ સાથે જડી દીધો હતો. ખાવું–પીવું–કુદરતી હાજતો પણ એ જ સ્થિતિમાં કરવાની હતી. છતાં એ વીર વિજ્ઞાનીઓ જણાવેલું કે 'મારા પર ગમે તેટલા જુલ્મો થશે તો પણ જે સત્ય મને લાધ્યું છે એ હું છોડવાનો નથી અને એક દિવસ એ સત્ય વિશ્વવ્યાપી બને જ છૂટકો છે,' અને આજે એની શોધ વિશ્વવ્યાપી બની ગઈ છે, એટલું જ નહીં, એની શોધને આગળ વધારનારા વિજ્ઞાનીઓને પોપ જેવા આશીર્વાદ પણ પાઠવે છે. અન્ય ધર્મોનો પણ આ અંગે વિરોધ ઊઠ્યો હોય એ આપણે જાણતા નથી. વિશ્વમાં એક માત્ર આપણે જ આગ્રહી રહ્યા છીએ ને તેથી આપણે હાસ્યપાત્ર બનવા લાગ્યા છીએ.

"એથી આશા રાખું છું કે, આ પ્રશ્ન પર પડદો પાડી જે રીતે ભાવી પ્રજાની ધર્મશ્રદ્ધા અવિચળ રહે એ રીતે દ્રવ્યાનુયોગ અને જીવનસાધના માટે આચારધર્મ પર જ ભાર મૂકવામાં શાસનની સલામતી રહેલી છે. કથાનુયોગમાં તથા કેટલીક દાર્શનીક માન્યતાઓમાં વિવેકદૃષ્ટિ રાખી યુગાનુરૂપ ઘટતા ફેરફાર કરવાની જરૂર છે, અને ગણિતાનુયોગને યોગનો વિષય માની ભદ્રબાહુ સ્વામી જેવો કોઈ યોગીશ્વર ન પાકે ત્યાંસુધી એ પ્રશ્નને ન સ્પર્શવામાં જ સાર છે.

"જો કે મોટું જુથ જમાવી બેઠેલા મુનિશ્રી મારા જેવા એક નાના માણસની વાત સ્વીકારશે એ માનવું વધારે પડતું છે. આમ છતાં શાસનના રખવાળો, પંડિતો, મુનિઓ - આચાર્યો આ પ્રશ્ન લપેટી લેવા મુનિશ્રીને સમજાવે એવી વિનંતિ કરું છું કે જેથી આજના વિકસતા વિજ્ઞાનયુગમાં જૈનધર્મની હાંસી થતી અટકે તેમ જ વિદ્યાર્થીઓની ધર્મશ્રદ્ધાને પણ ઠેસ ન પહોંચે. શાસનદેવ સર્વને બુદ્ધિ આપે."

સંકલન: પરમાનંદ

મુનિ સન્તબાલજીના સાન્નિધ્યમાં

મુનિશ્રી 'સન્તબાલજી' પરંપરાએ જૈન સાધુ હોવા છતાં હવે તેઓશ્રી કોઈ વાડા કે કોઈ સંપ્રદાયના સાધુ નથી. તેમના ચિન્તનમાં રાષ્ટ્ર મુખ્ય સ્થાને છે, – એક ડગલું આથી ય આગળ જઈને કહેવું હોય તો તેઓશ્રી વિશ્વકલ્યાણના સ્વપ્નસેવી છે. આવા સંતનાં સાન્નિધ્યમાં શુક્રવાર તા. ૨૭-૧૨-૬૮ નાં રોજ પાલઘર મુકામે થોડા કલાકો ગાળવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. મુરબ્બી પરમાનંદભાઈ તથા અન્ય મિત્રો સાથે હતા.

આ દિવસે પાલઘરમાં એક અનોખો મેળાવડો મુનિશ્રીને ૪૦ વર્ષ દીક્ષાનાં પૂરાં થતાં હોઈ અભિનન્દન આપવા માટે યોજવામાં આવ્યો હતો. મુરબ્બી પરમાનંદભાઈને કલ્પના પણ નહિ કે મેળાવડાનું પ્રમુખસ્થાન એમને લેવું પડશે, પરંતુ સંતબાલજીના પ્રેમભર્યા આગ્રહને વશ થઈ સભાનું પ્રમુખપદ તેમણે સ્વીકાર્યું. આ મેળાવડામાં અતિથિવિશેષ તરીકે સુપ્રસિદ્ધ ગાંધીવિચારપ્રવર્તક અને પત્રકાર શ્રી પાં. વા. ગાડગીલને નિમંત્રવામાં આવ્યા હતા.

સવારના ૯-૩૦ વાગે સભાની શરૂઆત થઈ અને લગભગ એક વાગ્યા સુધી આ સભા ચાલી – તેમાં જે ત્રણચાર પ્રવચનો થયાં એ ભારે પ્રેરક હતાં. પાલઘર શાળાનાં મહાઆચાર્ય શ્રી સાવેએ એમની ભાવભરી મરાઠી ભાષામાં મુનિશ્રીનો પરિચય આપ્યો અને કહ્યું, "જ્યારથી સન્તબાલજી મહારાષ્ટ્રની ભૂમિમાં આવ્યા છે ત્યારથી એક નવું જ ચેતન અમે અનુભવીએ છીએ. પૂ. મુનિશ્રી સન્તબાલજીએ ધર્મને કોઈ સાંકડું સ્વરૂપ આપ્યું નથી. તેઓશ્રી માને છે કે સમાજનાં અને રાજકારણનાં પ્રશ્નો પણ ધર્મ દૃષ્ટિએજ વિચારવા જોઈએ. સામાજિક ન્યાયની સૌને અનુભૂતિ થવી જોઈએ. અહિંસાત્મક સાધના આપણું લક્ષ્ય હોવું જોઈએ. શરૂઆત આપણા હાથમાં છે – પરિણામ ઈશ્વરના હાથમાં છે. મુનિશ્રી સન્તબાલજી એક વિશિષ્ટ કોટિના સંત છે. અમારા વિસ્તારમાં નશાબંધી મંડળો ઊભાં થયાં અને કેટલાય લોકોએ દારૂ છોડયો – આ કામ મુનિશ્રીની પ્રેરણાથી શક્ય બન્યું છે."

ભાલનળકાંઠાથી આવેલા વયોવૃદ્ધ શ્રી ફૂલજીભાઈએ એમની તળપદી ભાષામાં સુંદર પ્રવચન કર્યું. તેમણે કહ્યું, "ધર્મો અને સંપ્રદાયો નદી જેવા. બધા અંતે સાગરમાં ભળે–એટલે બધા ધર્મોનું તત્ત્વ એક. બધા જ કહે છે કે ક્રોધ, માન, માયા, લોભ–મોહ છોડો. કોઈએ કહ્યું છે કે સત્તાર વસ્તુ ભેગી થાય ત્યારે સંત થાય. સંતબાલજીની નજરમાં એકલો જૈન સમાજ નથી, એકલું ભારત નથી, પણ સારું ય વિશ્વ છે – અને વિશ્વને શું જોઈએ છે? શાંતિ – તો, સંતે શું કરવાનું હોય? શાંતિ ફેલાવવી અને શાંતિ માટે કંઈક કરવું. સન્તબાલજીએ ગુણ અને સદ્‌ગુણ જોયા, જ્ઞાતિ અને સત્તા ન જોઈ. તેઓશ્રી માનવસમાજને સાથે લઈને ચાલે છે, સામુદાયિક ક્ષેત્રના તમામ પ્રશ્નોને સંતબાલજીએ વ્યવહાર સ્વરૂપ આપ્યું છે મહારાજશ્રીએ ખેડૂતને પાયામાં રાખ્યો છે. કારણ ખેડૂત કુદરતની વધુ નજદીક છે. મારે સંતબાલજીને એટલું જ કહેવાનું છે કે તમે સમાજને પોષો – સમાજનું તમે કામ કરો – કારણ સમાજે તમને વન્દન કર્યું છે."

સાબરમતી આશ્રમવાળા શ્રી કુરેશીભાઈ સન્તબાલજી વિષે બોલતાં ગદગદ્ થઈ ગયા અને કહ્યું "સન્તબાલજી આજે મહારાષ્ટ્રમાં સ્થિર થાય છે. તેઓ ગુજરાતમાંથી આવ્યા છે એટલે અમારે મન તે કન્યાને વિદાય આપવા જેવો આ પ્રસંગ છે. મને આનંદ અને દુઃખ બંને છે. બાકી, સન્તબાલજીએ ભાલનળકાંઠામાં શોષણની સામે પડકાર કર્યો હતો એનો હું સાક્ષી છું. સાધુનો ધર્મ છે સમાજને ઉપાડવાનો – અને સંતબાલજીએ સમાજને ઉપાડયો છે, અનેકના અંધકારમય જીવનમાં તેઓશ્રીએ દિવડો પેટાવ્યો છે. ટૂંકમાં એટલું જ કહીશ સંતબાલજીને મેળવીને જીવન બનવાનું છે, એમને છોડીને જીવન કથળવાનું છે."

પત્રકારવિશેષ શ્રી પાં. વા. ગાડગિલે એમનાં અભ્યાસપૂર્ણ પ્રવચનમાં કહ્યું કે સાધુસંતોએ ગ્રામ પુનઃનિર્માણ કરવું પડશે સમાજમાં પ્રફુલ્લતા, શાંતિ, જ્ઞાન અને ચારિત્ર્ય લાવવાનું કામ સંતોનું છે. જીવન કેમ ઉન્નત થાય એ સૌનું ધ્યેય હોવું જોઈએ.

મુનિશ્રી સંતબાલજીએ એમનાં પ્રવચનમાં કહ્યું "સમાજમાં એક મોટા વૃક્ષથી નહિ ચાલે. આજુબાજુ નાનાં નાનાં વૃક્ષો પણ જોઈશે જ. મારા જીવનમાં ગાંધીજીનો બહુ ઉપકાર છે. ગાંધી વિચાર અને જૈન ધર્મને લીધે હું રચનાત્મક અનેકાન્તવાદનું કામ કરું છું. હું માનું છું કે જો રાજકીય અને સમાજશુદ્ધિ થાય તો જ આધ્યાત્મવૃદ્ધિ થાય. હવે હું આ બાજુએ સ્થિરવાસનો સ્વીકાર કરું છું. આજે મને દીક્ષા લીધા ૪૦ વર્ષ પૂરાં થાય છે. હું મારા ગુરુ મુનિશ્રી નાનચંદ્રજી મહારાજને આજે યાદ કરું છું. એમનાં આશીર્વાદ અને પ્રેરણાથી વાણગામમાં એક આંતરરાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપવા ઈચ્છું છું – જ્યાં સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિદ્વારા લોકલક્ષી લોકશાહીનું ગૌરવ કરવામાં આવશે અને આ કેન્દ્રની પ્રવૃત્તિમાં આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ રાખવામાં આવશે. મારું માનવું છે કે આજે રાષ્ટ્રને અને જગતને સાચી દોરવણી કોઈ આપી શકે એમ હોય તો તે સાધુસંતો જ છે.

સભાને અંતે ઉપસંહાર કરતાં શ્રી પરમાનંદભાઈએ કહ્યું, "સમય બહુ થઈ ગયો છે. પ્રવચનો એટલાં રોચક હતા કે હું કોને રોકું? – સિવાય કે હું મારી જાતને હવે રોકું. પરંતુ બે ત્રણ વાત સંતબાલજી અંગે મારે કહેવી છે. આમ તો મારો એમની સાથે વર્ષોનો સંબંધ છે. ઘણીવાર મતભેદો પડયા છે. આમ છતાં ય અમારા બે વચ્ચે મૈત્રીનો પ્રેમભર્યો ઝરો વહેતો જ રહ્યો છે. એટલે મને ઘણા વખતથી થતું કે તેઓશ્રી આ બાજુ આવ્યા છે તો એમને મળું – આજે યોગ થયો – આને હું મારું પરમ સદ્‌ભાગ્ય સમજું છું.

"સન્તબાલજીએ કહ્યું કે દેશને સાધુઓ જ ખરી દોરવણી આપશે. આ વાત મારે ગળે ઉતરતી નથી. આજે મોટા ભાગના સંન્યાસીઓ–સાધુઓ–દેશને ભારરૂપ છે. આમાં વિનોબાજી કે સંતબાલજી જેવા થોડા અપવાદરૂપ છે, પણ જે ટોળે ટોળાં સાધુસંન્યાસીઓનાં આપણે દેશમાં જોઈએ છીએ એ માત્ર 'ઉપદેશ' ને જ જીવનનું કર્તવ્ય સમજી બેઠા છે– એમનાં જીવનમાં સમાજકર્તવ્ય જેવું બહુ ઓછું દેખાય છે. વળી મોટા ભાગના સાધુસન્યાસીઓ જુનવાણી વિચારધારાના પ્રતિનિધિઓ હોય છે. તેમાંના કેટલાક પ્રત્યાઘાતી વલણ ધરાવતા હોય છે. આ જે હું કહું છું તે ગણવેશધારી સાધુસંન્યાસીઓ અંગે કહું છું. બાકી તો જૈનામાં લૌકિક ચિન્તન, ત્યાગ અને તપસ્યા હશે તેવા ગાંધી, વિનોબા જેવા સાધુ પુરુષોનું નેતૃત્વ જ આપણા દેશને તારી શકશે, ડૂબતો બચાવી શકશે એમાં કોઈ શક નથી.

"મુનિ સન્તબાલજી પણ આ દિશાના ચિન્તક, ત્યાગી અને તપસ્વી છે; તેઓ આમ તો જૈન સ્થાનકવાસી સંપ્રદાયના એક ગણવેશધારી સાધુ છે. આમ છતાં તેઓ અન્ય સાધુઓથી બેત્રણ બાબતમાં જુદા પડે છે. એક તો જ્યારે પણ સાધુપણાની પરંપરાનું કોઈ બંધન તેમના ઉત્કર્ષનું બાધક લાગ્યું છે ત્યારે તે બંધનને ફગાવી દેતાં તેઓ અચકાયા નથી. અને તેથી ભવિષ્યમાં પણ જ્યારે પણ કોઈ પરંપરા યા રૂઢિ તેમને અવરોધક લાગશે ત્યારે તેને ફેંકી દેતા તેઓ અચકાશે નહિ એવી મારી શ્રદ્ધા છે. બીજું ગાંધીવિચારને આટલા બધા સમીપ બીજા કોઈ સાધુ હોવાનું મારી જાણમાં નથી. જૈન ધર્મના

હું આશા રાખું છું કે શ્રી દલસુખભાઈએ પોતાના અનુભવ ઉપરથી કરેલ કથન એટલું સર્વવ્યાપક નહિ હોય. પણ એ હકીકત છે કે ભારતમાંથી વિદેશ જતા વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં પાછા ફરતા નથી અથવા પાછા આવે છે તે અહીં ટકતા નથી—આ એક ચિન્તાજનક સ્થિતિ છે.

કેટલીક સંસ્થાઓ તરફથી હું દર વર્ષે લગભગ ૫૦ થી ૬૦ હજાર રૂપિયાની લોન વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને આપું છું. આવી રીતે લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓ ગયા છે. આ વિદ્યાર્થીઓમાં પણ હવે પાછા ન ફરવાવાળાની સંખ્યા વધતી જાય છે. અમેરિકા જતા વિદ્યાર્થીઓમાં એક હવા પેદા થઈ છે કે ભારત પાછા જવામાં કાંઈ લાભ કે સાર નથી. મોંઘવારી બહુ છે, પગાર ઘણો ઓછો મળે છે, નોકરી મળતી નથી, યુનિવર્સિટી, સરકાર અથવા ઉદ્યોગપતિઓનું વર્તન ભણેલાઓ પ્રત્યે સહાનુભૂતિભર્યું નથી, લાગવગશાહી બહુ છે વિગેરે. હમણાં જ એક વિદ્યાર્થીનો મારા ઉપર પત્ર હતો કે આવું બધું તેણે સાંભળ્યું છે અને સાચી હકીકત શું છે અને તેણે ભારત પાછા આવવું કે નહિ તે વિષે મારી સલાહ માગી હતી.

આ કારણોમાં વજુદ નથી એમ તો ન જ કહેવાય. મોટો ખર્ચ કરી, મહેનત કરી, સારું જ્ઞાન અને અનુભવ મેળવી, વિદ્યાર્થી પાછો આવે અને બે – ત્રણ કે તેથી પણ વિશેષ વર્ષો સુધી તેને યોગ્ય નોકરી ન મળે, ઠીક રીતે રહી શકે એવો પગાર ન મળે, તેના પ્રત્યે આદર કે સહાનુભૂતિ ન હોય તો તો નિરાશ થાય તેમાં આશ્ચર્ય નથી. લાગવગશાહીને કારણે તેના કરતાં ઓછી લાયકાતવાળા મોટા પગાર મેળવતા હોય અથવા તેના ઉપરી અધિકારી હોય ત્યારે તેના સ્વમાનને આઘાત લાગે તે સ્વાભાવિક છે. શ્રી દલસુખભાઈએ કહ્યું છે કે દેશભક્તિથી ખેંચાઈ પાછા આવે ત્યારે પણ છેવટ રખડીને પાછા જાય છે. એશ – આરામની અપેક્ષા ન રાખવી એ ખરું. છતાં દેશભક્તો અને નેતાઓ પણ એશ – આરામ ભોગવતા હોય તો આ ઉપદેશની બહુ અસર ન થાય. હવે વળી એમ થયું છે કે કેટલાક ત્યાં જ લગ્ન કરી નાખે છે અથવા ભારત પાછા આવી મહિના-બે મહિનામાં લગ્ન કરી, પત્નીને લઈને અમેરિકા જાય એટલે પાછા આવવાનું આકર્ષણ ઓછું થાય. તેમાં પણ પતિ - પત્ની બન્ને કમાતા થાય—અને ત્યાં તે સરળ છે—તો ત્યાં રહી જવાની લાલચ વધારે થાય.

મને એક બીજો પણ અનુભવ થયો છે. વિદ્યાર્થી જે દેશ જાય તેના પ્રત્યે તેનું આકર્ષણ થાય છે. અમેરિકા, બ્રિટન, જર્મની કે રશિયા ગયેલ વિદ્યાર્થીઓ તે તે દેશના પ્રશંસક થાય છે અને ભારત સાથે સરખાવે ત્યારે ભારત પ્રત્યે આકર્ષણ રહેતું નથી. મને કેટલીક વખત આશ્ચર્ય થતું કે વિદેશી સરકારો, સંસ્થાઓ, ફાઉન્ડેશન્સ વિગેરે આપણા દેશના વિદ્યાર્થીઓને પોતાના દેશમાં અભ્યાસ અર્થે સારા પ્રમાણમાં સહાય કેમ કરે છે? શું આ માત્ર પરમાર્થ વૃત્તિ જ છે? અનુભવે મેં જોયું કે This is a very good investment. અમેરિકાથી અભ્યાસ કરી આવેલ વિદ્યાર્થી તે દેશનો પક્ષપાતી થાય છે. આપણા દેશમાં અમેરિકાની કાંઈ ટીકા થાય તો તેનાથી સહન નથી થતી. અમેરિકન જીવનપદ્ધતિ, આર્થિક વ્યવસ્થા, રાજકારણી વલણ, બધાંનો એ પક્ષપાતી બને છે. આ દેશમાં એક વર્ગ—શિક્ષિત—આવી રીતે અમેરિકાનો ટેકેદાર ઊભો થાય છે. કેટલેક દરજ્જે બીજા દેશો વિષે પણ આવું બને છે. પણ અત્યારે મોટે ભાગે અમેરિકા માટે આ હકીકત છે. એવી જ રીતે સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળોની આવ - જા, Friendship Societies, Indo-British, Indo-Arab, Indo-Israel, Indo-German, Indo-Soviet—આ બધી સંસ્થાઓ આવા પ્રકારનાં માધ્યમો છે— આવી સંસ્થાઓ મારફતે જે ભારતવાસીઓને લાભ થાય તેઓ તે તે દેશના પ્રશંસક બને છે. પણ આ વિષયાન્તર થયો.

આનો ઉપાય શું? કેટલાક એવા મતના છે કે વિદ્યાર્થીઓને વિદેશ મોકલવા જ નહિ. તે ભારતીય મટી જાય છે, તેના સંસ્કારો પલટાઈ જાય છે, તે ભારતનો ટીકાકાર અથવા વગોવનાર થાય છે અને અંતે ભારતને, તેમાં લાભ કરતાં હાનિ વધારે છે. હું હજી આ મતનો નથી. એક તો આપણે બધાને જતા અટકાવી શકીશું નહિ. તેમ કરવું યોગ્ય પણ નથી. ભારતમાં અત્યારે શિક્ષણનું જે ધોરણ છે અને સાધનો છે તે, ખાસ કરી વિજ્ઞાન અને Technologyના ક્ષેત્રે ઘણા અપર્યાપ્ત છે અને દેશના યુવકોને એવા જ્ઞાનથી વંચિત રાખીને લાભ કરતાં હાનિ વધારે છે. ભારતીય સંસ્કાર વિદેશ જઈને જ ગુમાવીએ છીએ તેમ નથી. દેશમાં પણ શું ચાલી રહ્યું છે? દુનિયાભરમાં જે પવન વાય છે તેનાથી બચવા માટે, યુવકોને વિદેશ ન મોકલવા તે ઉપાય નથી, પણ સાચા સંસ્કાર તેનામાં સિંચવા તે છે. આપણા દેશમાં રહેલ યુવક-યુવતીઓમાં પણ કેટલું પરિવર્તન થઈ રહ્યું છે? ભારતીય સંસ્કાર કે સંસ્કૃતિ વાડાબંધીથી નહિ બચે. આપણા જીવનમાં તે ઊંડાં ઊતર્યા હશે અને તેની સમજણ અને કીંમત હશે તો જ ઉગતી પેઢીમાં તે ટકશે. હું એવી આશા રાખું કે આપણે ત્યાં શિક્ષણનું ધોરણ અને સાધનો એટલાં વિકસે કે વિદ્યાર્થીઓને વિદેશ મોકલવાની જરૂર ન રહે. બીજું, ખરેખર લાયકાત ન હોય એવાઓને મોકલવા નહિ. અહીં જે વિષયોનું શિક્ષણ ઉપલબ્ધ ન હોય તેવા શિક્ષણ માટે જ મોકલવા.

બીજું, જે કારણોએ વિદ્યાર્થીઓને વિદેશ રોકાઈ જવાનું મન થાય છે તે કારણો દૂર કરવા પ્રયત્નો કરવા. તેમને લાયક નોકરી મળે, યોગ્ય પગાર મળે, તેમનો આદર થાય, સ્વમાન સચવાય એવી પરિસ્થિતિ થવી જોઈએ. યુનિવર્સિટી, સરકાર, ઉદ્યોગપતિઓ અને સમાજ—બધાંએ આવું વાતાવરણ સર્જવામાં ફાળો આપવાનો રહે છે. આપણે આ બાબતમાં સજાગ છીયે પણ સક્રિય પગલાં લેવાયા નથી. આવા શિક્ષિતો માટે સરકારે પગારનું લઘુતમ Minimum ધોરણ નક્કી કરવું જોઈએ અને એવો પગાર તેમને મળે તેની ઉદ્યોગોને ફરજ પાડવી જોઈએ. શિક્ષિતોનું Exploitation થવું ન જોઈએ. અત્યારે મોટી કંપનીઓમાં ટોચના અધિકારીઓને મોટા પગારો મળે છે—ઘણાં વધારે પડતા, જ્યારે બીજા વર્ગોનાં પગારનું ધોરણ ઘણું નીચું છે. There is great disparity, ઘણી અસમાનતા છે, જેને કારણે ભારે અસંતોષ થાય છે. જીવનધોરણમાં પણ ઘણી અસમાનતા છે. પૈસાવાળા થયા છે તે પૂરા એશઆરામમાં રહે છે, જ્યારે શિક્ષિતને રહેવાલાયક જગ્યા પણ નથી મળતી. નેતાઓએ આ બાબતમાં સારાં ઉદાહરણો પૂરાં પાડ્યાં નથી. આ અસમાનતા ઝડપથી ઘટવી જોઈએ.

આ બધું કહ્યા પછી પણ, એ સ્વીકારવું રહ્યું કે આ પરિસ્થિતિ પલટાતાં સમય જશે. તે દરમ્યાન શું? મારો એક દૃઢ મત છે. કાંઈક વધારે પૈસા કમાવા અથવા વધારે સુખ - સગવડનાં સાધનો મેળવવા માટે જ કોઈ વ્યકિત પોતાનું વતન, પોતાનો કુટુમ્બ કબીલો, ત્યજી કાયમ માટે પરદેશી થાય એ કલ્પના મને અસહ્ય છે. પરદેશ રહી તે ત્યાં પણ વિદેશી જ રહેવાનો. સાત પેઢી સુધી પણ ત્યાંના સમાજનું અંગ તે નહિ બની શકે. પહેલી દર પેઢી વિદેશમાં વસેલ હિન્દીઓના આજે જે હાલ છે તે તેમના અને તેમના કુટુમ્બના થવાના. સુખ મેળવવા જ જો ભારત છોડી વિદેશમાં કાયમ વસવાટ કરતા હોય તો, સુખી નહિ જ થવાના એમ હું માનું છું. સુખ કોને કહેવું? હું માનું છું કે ભારતમાં મુશ્કેલીઓ હોય, પૂરી સુખ—સગવડ ન હોય, તો પણ આવા વિદ્યાર્થીઓ કાયમ માટે પોતાનું વતન છોડે તેમાં તેમનું કલ્યાણ નથી. જીવનધોરણનો બહુ ઊંચો ખ્યાલ કદાચ છોડવો પડે. સાદાઈ અપનાવવી પડે. અત્યારના વાતાવરણમાં આમ કરવું સહેલું નથી, પણ બીજો ઉપાય નથી. થોડા સમય માટે, અભ્યાસ પૂરો કરી, અનુભવ મેળવવા અથવા થોડી રકમ અહીં આવતા પહેલાં ભેગી કરવા વિદ્યાર્થી ત્યાં કામ કરે તેમાં કાંઈ વાંધો ન હોય, પણ પોતાના સંતાનને કાયમ માટે ગુમાવવા કોઈ માબાપ કે સમાજ ઈચ્છે નહિ. તેમ થાય તેનાં કરતાં આવું શિક્ષણ નથી જોઈતું એવી લાગણી પેદા થશે.

મારો બીજો પણ અનુભવ છે. આવા ઘણા વિદ્યાર્થીઓ પાછા આવ્યા છે. તેમને શરૂઆતમાં મુશ્કેલીઓ પડી છે, પણ અંતે ઠીક ઠીક થાળે પડ્યા છે, કેટલાક સારું કમાય છે, સારા ઉદ્યોગો ઉભા કરી શકયા છે અને અંતે દુ:ખી નથી થયા. અધીરા થવાની જરૂર નથી. થોડો વખત અપમાનજનક સ્થિતિ લાગે, મુંઝવણ થાય, ભીડથી રહેવું પડે, તો પણ છેવટે પ્રમાણમાં અસંતોષકારક નહિ એવું સ્થાન મળી રહેશે. થોડી હિંમત પણ જોઈશે. મોટાં શહેરોમાં જ રહેવાની લાલચ છોડી, નાના ઉદ્યોગોમાં પડવું પડશે. સરકારે પણ ઘણી યોજનાઓ કરી છે. તેના અમલમાં વિલંબ થાય છે, લાગવગ છે, અમલદારશાહી છે, બધું ખરું, પણ એક પ્રમાણિક પ્રયત્ન પણ છે.

વિદેશમાં વસતા વિદ્યાર્થીઓએ આ બધું જાણવું જોઈએ, સમજવું જોઈએ, અત્યારે વિપરીત હવા પેદા થઈ છે, તેને પલટાવવી જોઈએ. જે વિદ્યાર્થીઓને વિદેશ મોકલીએ તેમને આ બધું સમજણપૂર્વક કહેવું જોઈએ. પછી કેટલાક ખોટા રૂપિયા નીકળે તો તેમનું નસીબ !

૭-૧-૧૯૬૯ ચીમનલાલ ચકુભાઈ શાહ

ચંદ્ર આસપાસ એપોલો-૮ની ઐતિહાસિક યાત્રા

(મારી વિનંતીને માન આપીને જન્મભૂમિના તંત્રી શ્રી મનુભાઈ મહેતાએ તૈયાર કરી આપેલ લેખ નીચે પ્રગટ કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું અને તેમનો આભાર માનું છું. પરમાનંદ)

સૃષ્ટિની ઉત્પત્તિ અંગેની કલ્પના દુનિયાનાં લગભગ બધાં ધર્મશાસ્ત્રોમાં કરવામાં આવી છે. વેદમાં પણ, પુરુષ-સૂક્તમાં, આ જ વિષયની ચર્ચા કરવામાં આવી છે અને ચન્દ્ર, સૂર્ય તેમ જ ચર-અચર બધી જ સૃષ્ટિ, "આદિ-પુરુષ" માંથી કેવી રીતે ઉત્પન્ન થઈ તેનું રસમય વર્ણન કરવામાં આવ્યું છે. આ "આદિ-પુરુષ" તે સમગ્ર વિશ્વને વ્યાપીને પડેલું અને એ વિશ્વથી પણ દશાંગુલ મોટું એવું કોઈ તત્ત્વ કલ્પવામાં આવ્યું છે અને પછી એ "પુરુષ" ના જુદા જુદા ભાગોમાંથી સૃષ્ટિમાં દૃષ્ટિગોચર થતા જુદા જુદા આવિષ્કારો કેવી રીતે જન્મ્યા તે જણાવવામાં આવ્યું છે. અર્વાચીન વિજ્ઞાને પણ Primeval Atom—આદિઆણુની કલ્પના કરી છે અને એ આણુના મહાસ્ફોટમાંથી જ લગભગ ૧૨ અબજ પ્રકાશ વર્ષના વિસ્તારમાં વિસ્તરેલું બ્રહ્માણ્ડ સરજાયું છે એવું પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે. આ આદિ-આણુ અને વેદના આદિ-પુરુષની કલ્પનામાં સામ્ય છે, પરંતુ તે પછીની વિગતોમાં સામ્ય નથી. દા. ત. વેદમાં ચન્દ્રની ઉત્પત્તિ અંગે **चन्द्रमाः मनसो जातः** ચન્દ્રમા આદિ-પુરુષના માનસમાંથી જન્મ્યો એમ કહેવામાં આવ્યું છે, જ્યારે અર્વાચીન વિજ્ઞાન ચન્દ્ર કેવી રીતે જન્મ્યો એ અંગે હજી એકમત નથી. અર્વાચીનોમાં ચન્દ્રની ઉત્પત્તિ અંગેના ચાર સિદ્ધાન્તો પ્રચલિત છે. (એ ચાર કયા કયા એનું વિવરણ અત્રે અપ્રસ્તુત છે) પરંતુ એ સિદ્ધાન્તોમાંથી કયો સાચો તે તો, ચન્દ્ર પર જઈને એની ધરતીનું ઢેફું કોઈ લઈ આવે તે પછી જ નિશ્ચિત રીતે કહી શકાશે. ચન્દ્ર ઉપર માનવી ઉતારવાના રશિયા અને અમેરિકા દ્વારા જે પ્રયત્નો થઈ રહ્યા છે તે પ્રયત્નોને પરિણામે, ચન્દ્રની માટી પૃથ્વી પર લાવવાનું અને એના ઉપરથી ચન્દ્ર કેવી રીતે ઉત્પન્ન થયો તે નિશ્ચિત રીતે કહેવાનું શક્ય બનશે. એપોલો—કાર્યક્રમમાં ચન્દ્ર ઉપરથી ૩૦ કિલોગ્રામ જેટલી માટી પૃથ્વી પર લાવવાની જોગવાઈ રાખવામાં આવી છે. જો કે માત્ર ૩૦ ગ્રામ જેટલી જ માટી ત્યાંથી લાવવામાં આવે તો પણ વિજ્ઞાનીઓ માટે તે પૂરતી થઈ પડે એમ છે. આજે જે "માઈક્રોએનાલિસીસ"—સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુઓનું પૃથક્કરણ કરવાની પદ્ધતિ વિકસી છે તેને માટે આ ૩૦ ગ્રામ માટી ઓછી નથી. એના ઉપરથી ચન્દ્રની ધરતીમાં કયાં કયાં દ્રવ્યો છે અને એ દ્રવ્યોનાં ચોક્કસ પ્રમાણને લીધે ચન્દ્ર કેવી રીતે જન્મ્યો હશે તે કહેવું શક્ય જરૂર બની શકે.

પરંતુ આ એપોલો—કાર્યક્રમ છે શું? અમેરિકાએ ચન્દ્રના સંશોધન માટે પાયોનિયર, રેંજર,, સર્વેયર, ઓર્બાઈટર અને એપોલો એ પાંચ પ્રકારના નામાભિધાનવાળાં યાનો ચન્દ્ર તરફ મોકલવાની આયોજના કરી હતી. આમાંનાં કેટલાંક ચન્દ્ર પર જઈને પણ પડ્યાં હતાં તો કેટલાંક—ખાસ કરીને ઓર્બાઈટરો હજી પણ ચન્દ્રની આસપાસ ફરે છે. એપોલો એ ચન્દ્ર પર માણસને ઉતારવા માટેનું યાન છે અને અમેરિકાના "મુન-પ્રોગ્રામ" માં એ છેલ્લું છે. અત્યાર સુધીમાં એપોલો યાન અવકાશમાં તરતું મૂકવા માટેના આઠ પ્રયોગો થઈ ચૂક્યા છે. છેલ્લો પ્રયોગ—જેમાં એપોલો યાનમાં બેસીને ત્રણ અમેરિકી અવકાશયાત્રીઓ ચન્દ્રની દસ પ્રદક્ષિણા કરી આવ્યા તે આઠમો હતો અને તેથી એને એપોલો—૮ એવું નામ આપવામાં આવ્યું છે. પાયોનિયર, રેંજર, સર્વેયર અને ઓર્બાઈટરના કાર્યક્રમો આજ પહેલાં પૂરા થઈ ગયેલા છે. આજના લેખમાં આપણે એપોલો-૮ અને એની આયોજના ઉપર દૃષ્ટિક્ષેપ કરીશું. એ પછી થોડી બીજી ચર્ચા કરીશું. (સમાનવ અવકાશ ઉડ્ડયનના ઘણા પ્રયોગો અમેરિકાએ "જેમિની" યાનમાં કરેલા છે એ અત્રે જણાવી દેવાની જરૂર છે.)

સૌથી પહેલાં તો અવકાશયાત્રા માટે યાન મોકલવું કેટલું



એપોલો - ૮ની ચન્દ્રયાત્રાનો ખ્યાલ આપતો નકશો : નાનો ગોળો ચન્દ્ર છે, મોટો ગોળો પૃથ્વી છે - બન્ને વચ્ચેનું અંતર લગભગ ૩૩૦૦૦૦ માઈલ છે. "ચન્દ્ર તરફ જવાનો માર્ગ" એમ જ્યાં લખ્યું છે તે માર્ગ અલબત્ત, આ ૩૩૦૦૦૦ માઈલ કરતાં લાંબો છે, કારણ કે યાનનો પ્રવાસ કાંઈ સીધી લીટીમાં થતો નથી.

☆ સદ્‌ગત ચુનીલાલ મડિયા ☆

૧૯૪૯ની સાલમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી શરૂ કરવામાં આવેલ 'યુગદર્શન' નામના માસિકના તંત્રી તરીકેની જવાબદારી સંભાળવાનું કાર્ય મને સોંપાતાં હું જન્મભૂમિ કાર્યાલયમાં બેસતો હતો અને કામ કરતો હતો તે દરમિયાન 'નૂતન ગુજરાત'ના તંત્રી વિભાગમાં કામ કરતા શ્રી ચુનીલાલ મડિયાનો મને પ્રથમ પરિચય થયેલો અને ત્યારથી તેમને અનેક વાર મળવાનું અને તેમની સાથે ચર્ચાવાર્તા કરવાનું બનેલું. સમય જતાં 'નૂતન ગુજરાત' અને 'યુગદર્શન' બન્ને બંધ થયાં અને ભાઈ મડિયા સાહિત્ય અને લેખનને લગતા એક યા બીજા વ્યવસાયમાં આગળ વધતા ગયા અને તેમની સાહિત્ય-કૃતિઓ પણ એક પછી એક પ્રગટ થતી ગઈ અને એક સાહિત્યકાર તરીકેની તેમણે ઊંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. આમ તેઓ ઉત્કર્ષના નવાં નવાં સીમાચિહ્નો પ્રાપ્ત કરી રહ્યા હતા એવામાં ૪૬ વર્ષની ઉમ્મરે ૨૯ મી ડિસેમ્બરના રોજ તેમનું એકાએક મૃત્યુ થયું અને આ કરુણ ઘટનાએ ગુજરાતીભાષી જનતાને શોકવિહ્વળ બનાવી મૂકી. સદ્‌ગત ચુનીલાલ મડિયા અંગે મારી વિનંતિનો આદર કરીને સૌ. કલાવતીબહેન વોરાએ લખી આપેલી પરિચયનોંધ નીચે આપવામાં આવે છે.

પરમાનંદ

તા. ૨૯ મી ડિસેમ્બરે શ્રી ચુનીલાલ મડિયાનું અવસાન થયું, ઓચિંતુ અને અંતરિયાળ. સહુ સાંભળીને આઘાત અનુભવી રહ્યા. અને ખરેખર જ એ સમાચાર અત્યંત આઘાતજનક જ હતા ને! શ્રી મડિયાનો જન્મ ૧૯૨૨માં થયેલો, એટલે એમની ઉમ્મર હતી માત્ર ૪૬ વર્ષની. આજના વિજ્ઞાનયુગમાં આ ઉમ્મર તદ્દન નાની જ ગણાય. આટલી ટૂંકી જિંદગી, ને આવું આકસ્મિક મૃત્યુ! ભલે આ મૃત્યુ શ્રી મડિયાએ એક વાર ઈચ્છા કરી હતી કે માગી લીધું હતું એવું જ હતું.

'મને મરણ ના ખપે છૂટક ટૂંક હપ્તા વડે' એક જ ઝપાટામાં એમને મૃત્યુએ ઘેરી લીધા. પણ કોઈએ આ રીતે ને આટલું વહેલું તે આવે એમ તેમના જેવા તંદુરસ્ત માણસ માટે તો કલ્પ્યું જ નહોતું.

આમ શ્રી મડિયાની આયુષ્યમર્યાદા ટૂંકી રહી, પણ એમનો પુરુષાર્થ એ ટૂંકી જિંદગીમાં પણ એવડો જબરો હતો કે તેમણે જે સિદ્ધિ અને જે પ્રસિદ્ધિ એટલી ટૂંકી આયુષ્યમર્યાદામાં મેળવી તે કોઈને પણ આશ્ચર્યમાં નાંખી દેવા માટે પૂરતી છે. નાની જિંદગીમાં એમણે ગુજરાતી સાહિત્યને મોટું પ્રદાન કર્યું છે, જે આપણો આદર અધિકારપૂર્વક માગી લે છે.

તેમનું મૂળ વતન હતું સૌરાષ્ટ્રનું એક શહેર ધોરાજી. એ ધોરાજીમાં અભ્યાસ કરતાં કરતાં જ તેમની સર્જનશક્તિ સળવળી ઊઠી હતી. અને તેમની નિરીક્ષણશક્તિ અને કલાપરખે સૌરાષ્ટ્રના જીવનને સૂક્ષ્મ રીતે એ સમય દરમિયાન જોઈ લીધું હતું. એટલે જ્યારે એમની કલમ સર્જન તરફ વળી ત્યારે સૌરાષ્ટ્રના ગામડાંઓ, તેમાં વસતા લોકો, એકલા ઊંચ વરણના જ નહીં, ત્યાંના કોળી, વાઘરી, પસાયતા, ગોવાળો બધા જ આપણી નજર સામે જીવતાં થઈ ગયાં. તેમની સર્જનશક્તિ ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ અને તેમના હાથે અનેક પ્રાણસભર કૃતિઓ રચાતી ગઈ. નવકલથા, નવલિકા, નાટકો, એકાંકિઓ દરેક ક્ષેત્રે એમની કલમ આસાનીથી ફરી વળી છે. અને એ કૃતિઓ દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં તેમણે પોતાનો યશસ્વી ફાળો આપ્યો છે.

પત્રકાર તરીકે તેમણે લખવાનું શરૂ કર્યું. પહેલાં જન્મભૂમિના તંત્રીગણમાં, પછી યુસીસમાં અને છેવટે પોતાનું સ્વતંત્ર માસિક 'રુચિ' કાઢીને તેમણે શબ્દ સાથેનો અને પત્રકારત્વ સાથેનો સંબંધ જાળવી રાખ્યો. બી. કોમ.ની પદવી પ્રાપ્ત ભલે કરી એમણે પણ સ્નેહ તો શબ્દો સાથે, વાણીની કલા સાથે જ બાંધ્યો. અને એ સ્નેહ જ તેમને સૌરાષ્ટ્રની ભરી ભરી ખુમારીભરી લોકબોલીને નવાજવા પ્રેરી રહ્યો. એ દ્વારા સૌરાષ્ટ્રની ધરતીની સોડમ લઈને આવતી ધૂધવતી, ને જોમ ભરી, સૌરાષ્ટ્રની લોકબોલીની વિશિષ્ટ લઢણ અને લહેકાભરી બાનીમાં તેમનો પહેલો વાર્તાસંગ્રહ 'ધુધવતા પૂર' આવ્યો, ને ગુજરાતી જનતાનું ધ્યાન ખેંચી રહ્યો. ત્યારથી શ્રી. મડિયાએ સાહિત્યને એવી જ આકર્ષક કૃતિઓ આપ્યા કરી. એમનું એ વિશિષ્ટ પ્રદાન ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ રહેશે એમાં કોઈ શક નથી.

શ્રી. મેઘાણી પછી સાહિત્યમાં સૌરાષ્ટ્રના ગામડાંઓને, તેના ભૌગોલિક, સામાજિક, અને ઐતિહાસિક સંદર્ભ સાથે જો કોઈએ આવા જીવંત કરી બતાવ્યા હોય તો તે શ્રી મડિયાએ. મેઘાણીમાં સૌરાષ્ટ્રનાં શહેરો અને તેમાં વસતો મધ્યમ વર્ગ વધારે સ્થાન પામ્યો છે. શ્રી મડિયાએ વિશેષ રીતે ગામડાને અને તેની નીચલા થરની વસ્તીને તેના વાસ્તવિક વાતાવરણ સાથે ચિત્રિત કરી છે. તેમણે "ધૂધવતા પૂર" પછી અનેક વાર્તાસંગ્રહો, નવલકથા, નાટકો સર્જ્યાં છે. 'વ્યાજનો વારસ', લીલુડી ધરતી', 'વેળા વેળાની છાંયડી' વગેરે નવલકથાઓ અને 'રંગદા', 'વિષવિમોચન' જેવા નાટકના સંગ્રહો તેમની સમર્થ શક્તિનાં દર્શન કરાવે છે. રણજીતરામ સુવર્ણચંદ્રક અને નર્મદચંદ્રક એનાયત કરીને શ્રી મડિયાની આ શક્તિની ગુજરાતે કદર પણ કરી છે. અંગ્રેજી સાહિત્યનો તેમનો ઊંડો અભ્યાસ તેમની કૃતિને કલાત્મક ઓપ આપવામાં સહાયભૂત થયો હતો. જો શ્રી. મડિયા લાંબુ જીવ્યા હોત તો ગુજરાતી સાહિત્યને એમની સર્જનશક્તિનો હજુ યે વિશેષ લાભ મળત. પરંતુ આપણે માટે આશ્વાસન એ જ છે કે એ જેટલું કરી ગયા છે તે ગુણ અને ઈયત્તાની દૃષ્ટિએ કંઈ ઓછું ન ગણાય.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે.

કલાવતી વોરા

મરણ

(થોડા સમય પહેલાં રચેલું શ્રી ચુનિલાલ મડિયાનું કાવ્ય નીચે રજૂ કરતાં જણાવવાનું કે વિધિનો આ તે કેવો સંકેત કે તેમણે માંગ્યું તેવું તેમને મૃત્યુ મળ્યું! પણ તેઓ આમ અકાળે ઝડપાઈ જશે એવી તો તેમને પણ કલ્પના નહિ હોય! **પરમાનંદ**)

મને ન મરવું ગમે છૂટક ટૂંક હપ્તા વડે,
મળે મરણ ગાય–ગોકળ સમું, ધીમું,–વાવરે
યથા કૃપણ સંપદા અસહ લોભથી–ના ગમે.
ઘણાં ય જન જીવતાં મરણ-ભાર માથે વહી
ભલે હલચલે જણાય જીવતાં, છતાં દીસતાં
મરેલ, શબ શા અપંગ, જડ, પ્રેત દીદારમાં
અને મનસમાંય–ઓઢત ભલે ન કો ખાપણ,
મસાણ તરફે જતાં ડગમગંત પંગુ સમાં.
ગણું મરણ માહરું જનમસિદ્ધ શું માગણું,
અબાધિત લખેલ તામ્રપતરે જિવાઈ સમું.
ન કાં વસૂલ એ કરું મનગમંત રીતે જ હું–
કરે કરજ લેણદાર ચૂકતું તકાદા વડે–?
ચહું જ ઉધરાવવા મરણ એક હપ્તા વડે;
બિડાય ભવ–ચોપડો, કરજમાં ન કાંધાં ખપે.

ચુનીલાલ મડિયા

દરિદ્રનારાયણ

(પાંચ-છ વર્ષ પહેલાનાં ત્રણ પ્રવચનો પરથી સંકલિત)

વિવેકાનંદ જીવ્યા તો બહુ ઓછું, પણ એટલા અલ્પ આયુષ્યમાં પણ તેઓ મોટું પરાક્રમ કરતા ગયા. પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પણ કરીને પૂર્ણ નિર્ભયતાથી એમણે કામ કર્યું. આધુનિક જમાનામાં દુનિયાનું ધ્યાન એકદમ ખેંચનારો વેદાંતનો આટલો મહાન આચાર્ય બીજો કોઈ ધ્યાનમાં આવતો નથી.

અદ્વૈતની સાથે ઉપાસનાનો સમન્વય થઈ શકે એ વાત તો મૂળ શાંકર વિચારમાં હતી જ. શંકરાચાર્યે પોતે એનો આરંભ કરેલો. એટલે વેદાંત સાથે ભક્તિનો સમન્વય એ શાંકર વિચાર માટે કાંઈ નવી ચીજ ન કહેવાય. અદ્વૈતના ભક્તિ સાથેના સમન્વયની વાત મૂળથી જ શાંકર વિચારમાં હતી.

બીજી વાત ઉપાસના-સમન્વયની. શંકરાચાર્યે પોતે પંચાયતન પૂજાની સ્થાપના કરીને ઉપાસના-સમન્વય-કર્યો. એ જમાનાને માટે એટલો ઉપાસના-સમન્વય પર્યાપ્ત હતો. પરંતુ આધુનિક જમાનામાં તે પૂરતો નહોતો. તેથી તેમાં ઈસ્લામ, ખ્રિસ્તી વગેરે ઉપાસનાઓ જોડવાનું કામ આ યુગમાં રામકૃષ્ણ પરમહંસે કર્યું. વિવેકાનંદ એમના સર્વોત્તમ શિષ્ય હોવાને કારણે આ ઉપાસના-સમન્વય એમને પોતાના ગુરુ પાસેથી સહજ પ્રાપ્ત થયો હતો.

વિવેકાનંદની જે વિશેષ વાત કરી તે એ કે અદ્વૈત સાથે પરમેશ્વરની વિવિધ ઉપાસનાઓનો સમન્વય થતો, તેમાં એમણે દરિદ્ર-નારાયણની સેવા પણ જોડી દીધી. આ 'દરિદ્રનારાયણ' શબ્દ પણ વિવેકાનંદનો જ દીધેલો છે. ખ્લેગના દિવસોમાં મહારાષ્ટ્રમાં જેમ લોકમાન્ય તિલકે તેમ બંગાળમાં વિવેકાનંદે સેવાનું ઘણું કામ કર્યું હતું. તો આમ અદ્વૈત વિચારને દરિદ્રનારાયણની સેવા સાથે જોડવાની પ્રક્રિયા મૂળમાં વિવેકાનંદની છે.

આ દરિદ્રનારાયણ શબ્દ લોકમાન્યને બહુ પ્રિય હતો. દેશબંધુ ચિત્તરંજનદાસે પણ તેને પ્રચલિત કર્યો. ત્યાર બાદ એ શબ્દને ઘેર ઘેર પહોંચાડવાનું કામ અને તદનુસાર આખો રચનાત્મક કાર્યક્રમ ઊભો કરવાનું કામ મહાત્મા ગાંધીએ કર્યું.

ભારતીય સંસ્કૃતિમાં જે તાકાત હતી, તેને પ્રગટ કરવાનો મોકો ગાંધીજીને મળ્યો. એમણે સ્વરાજ્યપ્રાપ્તિના કામને પણ માનવ-સેવાનું રૂપ આપ્યું. એ કેવળ એક રાજકીય આંદોલન ન રહ્યું. તેમાં એવા અસંખ્ય પુરુષોએ ભાગ લીધો, જેઓ ભૂતદયા-પરાયણ હતા. ગોળમેજી પરિષદમાં એમણે કહ્યું કે 'અમારે સ્વરાજ જોઈએ છે, કેમકે અમે તેના વિના દરિદ્રનારાયણની સેવા ન કરી શકીએ.'

દરિદ્રનારાયણ શબ્દથી એમણે સારા આસ્તિકો અને સારા નાસ્તિકો વચ્ચેનો ભેદ મિટાવીને એમને બંનેને એક પ્લેટફોર્મ પર લાવી દીધા. સેવાને ભક્તિનું રૂપ આપ્યું. જે પોતાની સામેની પ્રત્યક્ષ સેવા છોડીને હવાઈ વાતો કરવા નથી માગતો, તે 'નાસ્તિક' કહેવાય છે. એવા નાસ્તિકોમાં ઘણા સજ્જન થઈ ગયા. સાચો આસ્તિક એ છે, જે માનવ-હૃદય પર વિશ્વાસ રાખે છે, અને માને છે કે માનવ-હૃદયમાં એક જ્યોતિ છે, અને તેના જ આધારે આપણે બધી જાતનો અંધકાર મિટાવી શકીએ છીએ.

આમ એક જનસેવાનો વિચાર છે; બીજો છે હૃદય-પરિવર્તનનો વિચાર, ભક્તિમાર્ગ. એ કહે છે કે અમે મનુષ્યની સેવા કરીશું, પણ અમારી સેવાથી એના હૃદયમાં પરિવર્તન લાવીશું. તેથી અમારે નારાયણનો સ્પર્શ કરવો પડશે. આ નારાયણ-સ્પર્શ જે સેવાને થશે, તેમાં હૃદયપરિવર્તનની તાકાત આવશે. દરિદ્રનારાયણ શબ્દથી આ બંને વાત જોડાઈ જાય છે.

આ રીતે જોઈએ તો વિવેકાનંદે એક બહુ મોટી ચીજ કરી. તેને લીધે અદ્વૈત તત્ત્વજ્ઞાન, તત્સાધક વિભિન્ન ઉપાસનાઓ અને તત્પ્રકાશક ભૂતસેવા, એવી રીતે જીવનમાં એકરસ વિચાર ભારતને મળી ગયો. મહાત્મા ગાંધીએ આ માનવ સેવાના વિચારને વધુ વ્યાપક બનાવીને એની સાથે ઉત્પાદક શરીરશ્રમની પણ આવશ્યકતા સ્પષ્ટ કરી.

પરંતુ હવે આપણે આગળ વિચારવાનું છે. આપણે સહુ ઈચ્છીએ કે હવે 'દરિદ્ર' શબ્દ ન રહે. કેવળ 'નારાયણ' રહે. દુનિયામાં કોઈ દરિદ્ર રહે અને હું એનાથી અલગ રહીને એની સેવા કરું, તે મને સારું નથી લાગતું. મને સેવાનો મોકો આપવા માટે ભગવાન હમેશાં દરિદ્રના રૂપમાં આવે તે હું પસંદ નથી કરતો. હું સીધી નારાયણની સેવા કરવા માગું છું. એટલે હવે કોઈ દરિદ્ર અને કોઈ અમીર ન રહે. બધા જ અમૃતસ્ય પુત્રાઃ બની જાય. અમૃતના પુત્રોમાં અસમાનતા ન હોઈ શકે. પછી બધા ખભેખભા મિલાવીને ભગવાનની અને સૃષ્ટિની સેવા કરે.

ઈશુએ પણ એક જગ્યાએ કહ્યું છે કે The poor you have always with you – ગરીબ હંમેશાં તારી સાથે હોય. ઈશુની આ વાત મને ખૂંચે છે. આમ થાય તો તે તો બહુ મોટું સંકટ ગણાય. આપણે શું દરિદ્રને હમેશાં દરિદ્ર જ રાખવો છે, જેથી એની સેવાનો આપણને લાભ મળ્યા કરે? નહીં. આપણે તો એની દરિદ્રતા કાઢવી છે. બાકી, કાયમ દરિદ્રની સેવા કરવાની ભાવના રાખવી એ તો દળદરીપણું છે!

(ભૂમિપુત્રમાંથી સાભાર ઉધ્ધૃત) વિનોબા

શુભ સંકલ્પમાં પરિણમતી અશુભ દુર્ઘટના

ભાવનગરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શાખા ઊભી કરવામાં આવે એવી સમજતી ઉપર શ્રી લક્ષ્મીચંદ દુર્લભજી તથા સ્વ. મણિલાલ દુર્લભજીના સુપુત્ર શ્રી શિરીષભાઈ તરફથી રૂપિયા બે લાખના દાનની જે જાહેરાત કરવામાં આવી છે તે અંગે તેમનું બહુમાન કરવાના હેતુથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી તા. ૫મી જાન્યુઆરીના રોજ તેજપાળ ઑડીટોરિયમમાં એક અભિનન્દનસમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મને બોલવાનું નિમંત્રણ મળતાં મેં સભા સમક્ષ જે એક પ્રશ્ન મૂક્યો હતો તે અહિં પણ ચર્ચવા ઈચ્છું છું.

પ્રશ્નનો આકાર આ મુજબનો હતો. શ્રી લક્ષ્મીચંદભાઈ અને ગયા જૂન માસની ૨૬મી તારીખે જેમનું મોટરના અકસ્માતના કારણે મૃત્યુ નિપજ્યું છે તેવા તેમના નાનાભાઈ શ્રી મણિલાલ દુર્લભજીનું કુટુંબ અને તેમનો વર્ષોજૂનો રેશમી કાપડનો વ્યાપાર - આ બન્ને બહુ જાણીતાં હતાં. આમ છતાં આ પરિવાર તરફથી જેની નોંધ લેવી ઘટે એવી કોઈ મોટી રકમનું દાન આજ સુધી કરવામાં આવ્યું જાણ્યું નથી. સાધારણ રીતે આજે જે વ્યકિત બે લાખની રકમ આપવા તૈયાર થાય છે તેની આગળ નાનાં મોટાં અનેક દાનોની પરંપરા હોય છે-આવો આપણો આજ સુધીનો અનુભવ છે. તો પછી આમ ઉપર જણાવેલ બે લાખની રકમનું એકાએક દાન સંભવિત કેમ બન્યું?

આના મૂળમાં નાના ભાઈ મણિલાલના ઉપર જણાવ્યા મુજબના આકસ્મિક મૃત્યુની દુર્ઘટના રહેલી છે એ સહજ વિચારથી સમજી શકાય તેવું છે. કહેવાનો આશય એ છે કે માનવીના જીવનમાં કોઈ મોટી દુર્ઘટના બને છે તે જરૂર દુઃખપરિણામી તો હોય જ છે. પ્રસ્તુત દુર્ઘટના સાથે સંબંધ ધરાવતા કુટુંબીજનો દુઃખવિહવળ બની જાય છે અને દિશાશૂન્યતાનો અનુભવ કરે છે, પણ તે સાથે જ ઘણી વાર તે દુર્ઘટના તેના અન્તસ્તત્વને સ્પર્શી જાય છે અને તે રીતે કોઈ શુભ વિચારની, શુભ સંકલ્પની નિમિત્ત બને છે. આ શુભ વિચાર - આ શુભ સંકલ્પ-કોઈ વાર મહાન ત્યાગનું રૂપ ધારણ કરે છે; કોઈ વાર અસાધારણ જીવનપરિવર્તનમાં પરિણમે છે, જો પ્રસ્તુત કુટુંબ ધનિક હોય તો તે કુટુંબીજનોના દિલમાં એટલે કે કુટુંબના અગ્રેસર વ્યકિતના દિલમાં એકાએક ઉદારતાની સરવાણી ફૂટે છે. "આજ સુધી મેં સંગ્રહ જ કર્યા કર્યો; હવે અન્યના માટે મારી સંપત્તિનું વિસર્જન કરું" આવી વૃત્તિ તેના ચિત્ત ઉપર આરૂઢ થાય છે. આ બે લાખ રૂપિયાની સખાવત આ શુભ વૃત્તિના એકાએક આવિષ્કારનું સુપરિણામ છે. આ ઉપરથી સાર એ તારવવાનો કે કોઈ પણ અસાધારણ દુર્ઘટના એ કેવળ દુઃખ – પર્યવસાયી હોતી નથી, પણ તેના ગર્ભમાં મૌલિક જીવનપરિવર્તનની શકયતા રહેલી છે. તો પછી આપણી ઉપર જ્યારે પણ આવી કોઈ આફત આવે ત્યારે તેથી ભાગીએ નહિ, ભડકીએ નહિ, વિહ્વળ બની બેસીએ નહિ, પણ તે પાછળ કોઈ શુભ સંકેત રહેલો છે એવી શ્રદ્ધાથી વધારે અન્તર્મુખ બનીએ અને એક શુભ સંકેતને પ્રગટ થવાની તક આપીએ.

પરમાનંદ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૧૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૯, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

અમેરિકાના નવા પ્રમુખ રિચાર્ડ નિકસનની આત્મકથા

(અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ રિચાર્ડ નિકસન સત્તારૂઢ થાય છે ત્યારે તેમના જીવનમાં ડોકિયું કરીને તેમના મહાન વ્યકિતત્વની ઝાંખી કરવાનું સ્થાને લેખાશે. તેમની વિચારસૃષ્ટિથી અલ્પાંશે પણ પરિચિત થવાનું એટલું જ રસપ્રદ નીવડશે. નિકસનના જીવનની ઝલક તેમની જ બાનીમાં પામવાનું સવિશેષ રસિક થઈ પડશે. પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ તેમની મુલાકાતની ફિલ્મ ઉતારાયેલી અને તે પ્રસંગે તેમને પૂછાયેલા પ્રશ્નોના તેમણે જે ઉત્તરો આપ્યા તેને સંકલિત કરીને અહીં અખંડસ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે. તંત્રી)

આજે, અલબત્ત, મારા રાષ્ટ્રના અને સારાયે જગતના રાજકારણના પ્રવાહમાં હું આપાદ મસ્તક ડૂબેલો રહું છું એ સાચું છે. કિન્તુ મારે એ પણ જણાવવું જોઈએ કે મારો રાજકારણનો આ ઉત્કટ રસ એ પૂર્વજ–પ્રાપ્ત વારસાના કોઈ અંશ રૂપે નથી. મારાં માતા-પિતા તેમ જ દાદા-દાદીને પણ રાજકારણનું એવું કોઈ ઘેલું લાગ્યું ન હતું.

મારી શૈશવાવસ્થા અને કિશોરાવસ્થાની સ્મૃતિઓ મારા ચિત્તમાં હજીએ લીલીછમ તાજી છે. મારાં શાળાજીવનનાં સંસ્મરણોમાં આમ તો વિશિષ્ટ એવું કશું નથી. હું મારો અભ્યાસ મારાં દાદીને ત્યાં રહીને કરતો, કારણ, અમારા ઘરમાં અભ્યાસ માટે જોઈએ એવી શાંતિ કયારેય મળી શકતી નહિ. એક તો એ પ્રમાણમાં નાનું હતું, કુટુંબના સભ્યોની સંખ્યા પણ કંઈ ઓછી નહિ; અને ઘર આખો દિવસ કુટુંબીજનોથી ગાજતું રહેતું. મારાં દાદીનો આવાસ ઘણો વિશાળ હતો અને ત્યાં દિવસે પણ તપોવનના જેવી શાંતિ અને પ્રસન્નતા અનુભવાતાં. મારાં માતાપિતા રહેતાં હતાં એ ઘરનું વાતાવરણ નગરજીવનના કોલાહલના પ્રતીક જેવું હતું. મારાં દાદી અનહદ પ્રેમાળ અને વત્સલ હતાં. મારે માટે એમને લાગણી અને મમતા તો હોય જ, પરન્તુ કોણજાણે શાથી અને તે વેળા તો મને કશી કલ્પના પણ ન જ હોય, પરન્તુ એમને મારે માટે અપેક્ષાઓ ઘણી હતી. દાદીમા સંપત્તિવાન ખાસ કહેવાય નહિ, તોયે દર નાતાલમાં મને ૨૫ ડૉલર ભેટ આપતાં. એ આર્થિક મંદીના કાળમાં ૨૫ ડોલરનું મારે મન તો કેટલું બધું અસાધારણ મૂલ્ય હોય તે સમજી શકાય એવું છે. મા-બાપથી હું કાંઈ અળગો નહોતો રહેતો. મારાં મા ક્વેકર સંપ્રદાયનાં હતાં અને લગ્નપૂર્વે મારા પિતા મેથોડિસ્ટ સંપ્રદાયના હતા. લગ્નપૂર્વે બંનેનું ક્વેકીફોર્નિયામાં મિલન થયેલું. પિતા ઓહીઓથી ત્યાં પહોંચ્યા હતા અને મા ઈન્ડિઆનાથી ત્યાં ગયેલા. એ વેળા મારા પિતા મોટરમેન હતા.

બંને જણાનું મિલન એક ધાર્મિક સંમેલન પ્રસંગે થયેલું. યુવાન વયે પણ બંને જણાં ખૂબ ધાર્મિક વૃત્તિનાં હતાં. એ બંનેનું પ્રથમ મિલન જીવનભરના સખ્યમાં પરિણમ્યું. બંનેનો સંવનનકાળ છ માસથી વધુ નહોતો. બંને લગ્નગ્રંથિથી જોડાયા તો ખરાં, પરંતુ પછી એક મુશ્કેલી ઊભી થઈ, કારણ બંનેના સંપ્રદાય ભિન્ન ભિન્ન હતા. આ સંપ્રદાયભિન્નતાનો પિતાએ સરળતાથી 'ક્વેકર' સંપ્રદાય અપનાવી લઈને તોડ કાઢયો. પિતા સ્વભાવે ઘણા કડક હતા. બાળઉછેરની અર્વાચીન પદ્ધતિમાં એમને જરાયે શ્રદ્ધા નહોતી. એ તો માનતા કે બાળકને મેથીપાક ન ચખાડો તો એ સખણાં રહે જ નહિ અને સારાં યે ન નીવડે. બાળકને સજા કરાય નહિ એ વાત તેમને ગળે કદી ઊતરી નહોતી. મા સ્વભાવે ઘણાં દ્રઢ મનનાં હતાં. પણ તે સાથે અત્યંત શાંત. ૮૩ વર્ષ સુધી એ જીવ્યાં પણ તે દરમિયાન મેં કયારેય ઊંચે સાદે બોલતાં તેમને સાંભળ્યાં ન હતાં. બાળકોને મારવાની તો વાત જ શી! કદી અમને ધમકાવ્યા હોવાનું યે સ્મરણમાં નથી અને અમે બે ભાઈઓ બાળપણમાં બહુ ડાહ્યાડમરા હતા એવું યે નહોતું. પણ છતાં અમને માતાનો ધાક એ રીતે લાગતો કે અમે કંઈ પણ અજુગતું કરી બેસીશું તો એની કોમળ લાગણી દુભાશે. માના અવાજમાં જ કંઈક એવું હતું કે અમે તોફાન કરતાં અચકાતા. સ્વસ્થ, ધીમો પણ મક્કમ અને છતાં વાત્સલ્યનીતરતો માનો અવાજ હજીયે મારા કાનમાં ગૂંજ્યાં કરે છે. અમારા કુટુંબમાં કોઈને કશું વ્યસન ન મળે. કોઈ સુરાપાન ન કરે. કોઈ ધૂમ્રપાન પણ ન કરે.

કપરા દિવસો

મારો એક સહુથી નાનો ભાઈ હતો. એનું નામ આર્થર. મેનિનજાઈટિસથી એનું મૃત્યુ નીપજેલું એ વેળા હું હાઈસ્કૂલમાં ભણતો હતો. આર્થર પૂરાં પાંચ વર્ષ સુધી માંદગીને કારણે બિછાનાવશ રહેલો. ત્રણ વર્ષ સુધી તો મા આર્થરને લઈને એરિઝોના જઈને રહ્યાં, ત્યારે ઘરની અને અમારી સંભાળ પિતાએ રાખેલી. એ સરસ રસોઈ કરી જાણતા. અમે પણ ઘરકામમાં પિતાને મદદરૂપ થતા; અલબત્ત અમારી ગુંજાયશ પ્રમાણે. એ દિવસો ઘણા કપરા હતા. અમને જીવનપંથ એવો દુર્ગમ કે કાંટાળો નહોતો લાગ્યો. મને લાગે છે કે અમે બધાં બહુ ઝડપથી મોટાં થઈ ગયાં હતાં. અમારો એક સ્ટોર હતો. સ્ટોર પિતાએ કર્યો હતો. સ્ટોરમાં અમે પણ કામ કરતા. અમે શાળાએ જતા, ઘરકામમાં મદદ કરતા અને સ્ટોરમાં પણ કામ કરતા. સ્ટોર ઉપરાંત પિતાએ એક સર્વિસ સ્ટેશન બાંધ્યું હતું. એ સ્ટેશન બ્રીટીઅર અને લા હાબ્રા વચ્ચે હતું. અમે ત્યારે નહોતા સંપત્તિવાન કે નહોતા છેક અકિંચન. મને આ સંબંધમાં જનરલ આઈઝનહોવરનું એક નમુનેદાર વિધાન સાંભરી આવે છે. પ્રમુખ માટે પોતે ઉમેદવારી નોંધાવી પછી પહેલી જ વાર એમણે પ્રવચન કરેલું. તેનો પ્રારંભ એમણે આ રીતે કરેલો: "હું ધારું છું કે આપણે અકિંચન છીએ. પરંતુ ખૂબીની વાત એ છે કે અકિંચનતા આપણે કદી જાણી નથી." અમે યે અકિંચન હતા, પરંતુ તેનો અમે કદી વસવસો કે વિવાદ અનુભવ્યાં નથી. મને યાદ છે કે એક

વાર અમારી પાસે જરાયે પૈસા ન હતા. નાતાલ હતી. ફટાકડા લેવા હતા, પણ પૈસા વગર શી રીતે લઈએ? પણ પૈસા ન હોવાને કારણે ફટાકડા ન ખરીદાયા તેનું અમને દુઃખ નહોતું થયું. અમારાં માબાપ એ જ અમારી મોટામાં મોટી ને મહામુલી સંપત્તિ હતાં. અમારા સહુના ઉછેર પાછળ તેમણે ઘણી બધી કાળજી રાખી હતી.

સુખમય કુટુંબજીવન

અમારું કુટુંબજીવન સુખમય હતું. જીવનમાં પ્રસન્નતા હતી. અલબત્ત, અમારે ય ઘણી કટોકટીઓ આવી હતી. જીવનની ઘણી લીલીસૂકી અમે નિહાળી છે, અનુભવી છે. હર્ષોલ્લાસના તેજ પછી વિષાદનો અંધકાર પણ અમારા જીવનમાં ઓછો નથી ઘૂંટાયો. આર્થર ગુજરી ગયો ત્યારે અમારા ઘરમાં વિષાદ સાલભર મુકામ કરી રહ્યો હતો. હું માનું છું કે જીવનયાત્રા દરમિયાન સુખની હરિયાળીના પટ અને દુઃખનો રણવિસ્તાર–બંને આવવા જોઈએ. લોકો સુખની પાછળ અવિરત દોટ મૂકે છે, પણ ક્યું સુખ? જે પ્રકારના સુખની મૃગયાએ તેઓ નીકળ્યા છે તે કદાચ પ્રાપ્ત થશે ત્યારે મને ખાતરી છે કે આઘાતની લાગણી સાથે તેમને એ ભાન થશે કે પોતે શોધતા હતા એ સુખનો કોઈ અર્થ જ નથી. સમસ્યાઓથી મુક્તિ એ સુખમય અવસ્થા નથી. જેની જિંદગીમાં સમસ્યાઓ જ ઉપસ્થિત ન થાય, કોઈ આહ્વાન ઝીલવાં ન પડ્યાં હોય, નિષ્ફળતા અને પરાજયને જેણે ઓળખ્યાં નથી અને વિષાદને જેણે જાણ્યો નથી એ માનવીએ જિન્દગીનું એક ઘણું મોટું પરિમાણ ગુમાવ્યું છે એમ હું માનું છું.

મારી મહત્ત્વાકાંક્ષા

નાનો હતો ત્યારે હું રેલ-સડકનો ઈજનેર થવાની મહત્વાકાંક્ષા સેવતો હતો અને એવી તો કંઈક મહત્ત્વાકાંક્ષાઓ હું સેવતો હતો અને મારો સહુથી પ્રિય વિષય કોઈ હોય તો એ ભૂગોળ. ઈતિહાસ પણ એટલો જ પ્રિય વિષય હતો. નાનો હતો ત્યારે આખી દુનિયા જોઈ વળવાનાં સ્વપ્નાં સેવતો. અવકાશયાનનો યુગ તો અત્યારે છે. હું નાનો હતો ત્યારે જો આ યુગ પ્રવર્તતો હોત તો અવકાશયાત્રીનો હેલ્મેટ ધારણ કરેલો હું કેવો લાગતો હોત તેની કલ્પના ઘણીવાર કરું છું.

રાજકારણના મહાસાગરમાં મેં કયા સંજોગોમાં ઝુકાવ્યું તે વાત જરાક રસિક પણ છે. ત્યારે હું મિડલ રિવરમાં મેરીલેન્ડ ખાતે હતો. માર્ટિન માર્સ નૌકાયાન માટે હું મોટા મોટા કોન્ટ્રેક્ટસ કરી રહ્યો હતો. યુદ્ધનો અંત આવતાં કોન્ટ્રેક્ટસનો પણ અંત આવ્યો. એ વેળા મારા એક જૂના મિત્રનો તાર આવ્યો. એમાં મને પુછાવ્યું હતું કે, "કૉંગ્રેસના સંચાલન અર્થે અમે ઉમેદવારોની શોધમાં છીએ. ઉમેદવારો નક્કી કરનારી સમિતિ સમક્ષ તમે બીજાઓ સાથે ઉપસ્થિત થશો?" તાર મળતાં જ હું વિમાનમાં ઊપડ્યો. સમિતિ સમક્ષ દશ મિનિટ પ્રવચન કર્યું અને પ્રવચન કરીને પાછો ફર્યો. એક અઠવાડિયામાં જ મને જાણ કરવામાં આવી કે ઉમેદવાર તરીકે મારી પસંદગી થઈ છે. એ સમાચાર ખરેખર રોમાંચક હતા. માનસિક ઉશ્કેરાટ જન્માવનારા હતા. ઉમેદવાર તરીકે બહાર પડ્યા પછી ચૂંટાઈ આવવા માટે આંદોલન શરૂ થયું. એ આંદોલનમાં પણ ઓછો ઉશ્કેરાટ ન હતો. સેનેટમાં હું ચૂંટાઈ આવ્યો. સ્પર્ધાવૃત્તિ એ મારી પ્રકૃતિનું એક મહત્ત્વનું લક્ષણ છે અને એ વૃત્તિને હું તિરસ્કારતો નથી. વ્યક્તિમાત્રમાં એ વૃત્તિ હોવી જ જોઈએ. તમે લોકોને સ્પર્ધાવૃત્તિવિહીન ન બનાવી દો. તમે તેમ કરો તે જ ઘડીએ પ્રજા વ્યક્તિત્વવિહીન બની જાય છે. સ્પર્ધાવૃત્તિ ખોટી વસ્તુ નથી, અપતત્વ નથી. રાજકારણમાં ઝુકાવનારે તો એ વૃત્તિ કેળવવી જ જોઈએ, એટલું જ નહિ, એ વૃત્તિનું એનામાં પ્રાધાન્ય હોવું જોઈએ. "સ્પર્ધામાં ઝુકાવ્યું તો વિજય મેળવીને જ જંપીશ" એ ખુમારી હોવી જોઈએ. રાજકારણના પ્રવાહમાં પડેલાનું લક્ષ્ય વિજય અને કેવળ વિજય જ હોઈ શકે. એમ છતાં પરાજય થાય તો પુનઃ વિજય મેળવવાની એની વૃત્તિમાં ઓટને કોઈ સ્થાન નથી.

પ્રમુખપદની સ્પર્ધા

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી માટે સ્પર્ધામાં ઝુકાવ્યું ત્યારે, એ વસ્તુ મારે માટે જ નહિ, અમારા સમગ્ર કુટુંબ માટે એક મહા અગ્નિકસોટી સમી નીવડવાની મને ખાતરી હતી. અમે ચૂંટણીનું આંદોલન ઉપાડ્યું અને પ્રતિદિન તેની ઉગ્રતા વધતી જતી હતી. આ ચૂંટણી વેળા એક વાતનો મને સતત ખ્યાલ રહ્યો હતો કે અમેરિકાના સારા યે ઈતિહાસમાં અત્યારે જે પ્રકારની જવાબદારી આવી પડી છે એવી ક્યારે ય નથી આવી, અને હું માનું છું કે ભવિષ્યમાં આ પ્રકારની જવાબદારી કદાચ નહિ આવે. પ્રજાને શિરે આવી જવાબદારી યુગમાં એકાદ વાર આવે છે; અને જો એ ઉપાડી લેવાની તક પ્રજાએ ઝીલી ન લીધી હોય તો પછી તેને માટે ભવિષ્ય જેવું કશું રહ્યું ન હોય. અલબત્ત, આ ઘડીએ હું જ અમેરિકાનો તારણહાર રહીશ એવી કોઈ ગર્વગ્રંથિથી પીડાતો નથી; પરન્તુ આ બાબતમાં મારો જે અનુભવ છે એ અપૂર્વ છે. જાગતિક પરિસ્થિતિથી હું સારી રીતે જ્ઞાત છું; જગતના નેતાઓની મને સમ્યક પિછાન છે; આ જગતમાં જે મોટામોટા સંઘર્ષો અત્યારે પ્રવર્તે છે તેનું પણ મને સ્પષ્ટ આકલન થયું છે અને મને એમ લાગે છે કે, આ પ્રકારનો અનુભવ ધરાવનારે પોતાની લાયકાતો પ્રજા સમક્ષ રજૂ કરવી જોઈએ. મને અમેરિકાની સામ્પ્રત પેઢીનો જ નહિ, ભાવિ પેઢીનો પણ ખ્યાલ આવે છે અને મને માત્ર અમેરિકન પ્રજાનો જ નહિ, સમસ્ત જગતની પ્રજાનો વિચાર આવે છે. એ પ્રજાઓ વર્તમાન સંઘર્ષમાંથી સફળતાપૂર્વક બહાર આવશે કે વિલય પામશે એ સર્વનો આધાર અમેરિકામાં અમે શું કરીએ છીએ એના પર છે. જો કંઈ પણ પુરુષાર્થ કરવાનો હોય તો તે કરવાની ઘડી અત્યારની છે. શાંતિ અને આઝાદી ટકી રહેશે કે નહિ તેનો આધાર અમેરિકાને સ્પર્ધા દ્વારા કઈ ઉત્તમોત્તમ નેતાગીરી સાંપડે છે તેના ઉપર છે. યુદ્ધનો અંત આણવો કે શાંતિ જાળવવી બેમાંથી એકે ય વસ્તુ સહેલી નથી. અલબત્ત, યુદ્ધે ચડવા કરતાં શાંતિની સુરક્ષા કરવાનું કાર્ય ઘણું વિકટ છે. અલબત્ત શાંતિનું અવતરણ માત્ર શાંતિની ભાવના સેવવાથી નથી થતું. આજે જે જાતના જગતમાં આપણે જીવીએ છીએ એમાં એવા પણ માનવીઓ છે જેમનો અભિગમ અમારા કરતાં નિરાળો છે. તેઓ યુદ્ધનું જોખમ વહોરવા તત્પર છે. સામ્યવાદી જગતમાં એવી વ્યક્તિઓ છે જ; એટલે આ પરિસ્થિતિમાં અમારે શાંતિની રક્ષા કરવી હોય તો અમારે સારી નેતાગીરીની જરૂર રહેવાની જ. એ નેતાગીરી માત્ર શાંતિની અભિપ્સા ધરાવે એટલું જ પર્યાપ્ત નથી; એ નેતાગીરી વિચારસંપન્ન, શાંત અને સ્વસ્થચિત્ત પણ હોવી જોઈશે. એ સાથે એની મંત્રણા કરવાની શકિત પણ એવી હોવી જોઈશે કે એ શરણાગતિને તો ટાળે જ, સાથે યુદ્ધને પણ ટાળે.

("જન્મભૂમિ પ્રવાસી"માંથી સાભાર ઉદ્‌ધૃત)

વિશ્વશાંતિના મહાપ્રસ્થાનનો પ્રારંભ કરવા અમેરિકાના નવા પ્રમુખનો પ્રાણવાન અનુરોધ

(તા. ૨૦-૧-૬૯ ના રોજ અમેરિકાના પ્રમુખ તરીકેની મહાન જવાબદારી સ્વીકારતા નવા પ્રમુખ શ્રી રિચાર્ડ નિકસને કરેલા મંગળ પ્રવચનના અહેવાલનો સંકલિત અનુવાદ)

અમેરિકાના ૩૭ મા પ્રમુખ શ્રી રિચાર્ડ નિકસને વૉશિંગ્ટનમાં કેપિટલ હીલ ખાતે પોતાના નવા હોદ્દાના તા. ૨૦-૧-૬૯ ના રોજ શપથ લેતાં પોતાનો ડાબો હાથ બાઈબલના જે ફકરા પર મૂક્યો હતો તે ફકરો આ પ્રમાણે છે:

"And he shall judge among the nations and shall rebuke many people; and they shall beat their Swords into ploughshares, and their spears into pruning hooks; nation shall not lift up sword against nation, neither shall they learn war any more."

નવા પ્રમુખે આ ફકરો પોતાની જાતે જ પસંદ કર્યો હતો; વિયેટનામનું યુદ્ધ બંધ કરવાની તેમની આકાંક્ષાની ઝાંખી એમાં

આપણને થાય છે. તેમણે પોતાના પહેલા જ પ્રવચનમાં જગતના સામ્યવાદી દેશોને અમેરિકા સાથે શાંતિમય સ્પર્ધામાં – મનુષ્યના જીવનને વધારે સમૃદ્ધ બનાવવાની સ્પર્ધામાં અને નહીં કે એકબીજાના પ્રદેશો જીતવાની સ્પર્ધામાં – ઉતરવા આહ્વાન કર્યું હતું. તેમણે પોતાનું જીવન, પોતાની તમામ તાકાત અને પોતાની સમગ્ર બુદ્ધિ-શક્તિ જગતના તમામ રાષ્ટ્રો વચ્ચે શાંતિ જાળવવાના પ્રયાસોમાં સમર્પણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રતિજ્ઞાની તમામ દેશોને જાણ કરતાં તેમણે કહ્યું, "મારો આ સંદેશ જગતના નબળા અને સબળા તમામ લોકોને પહોંચાડજો. જે શાંતિને આપણે પ્રાપ્ત કરવા માંગીએ છીએ એ પાછળ એક દેશ પર બીજા દેશનું સ્વામિત્વ સ્થાપવાની કોઈ વૃત્તિ નથી, પરંતુ તે પાછળ લોકોને યાતના ભોગવવી પડી છે તેમના પ્રત્યે કરુણા દાખવવાની, જે લોકોએ આપણો વિરોધ કર્યો છે તેમના વિષે સમજદારી કેળવવાની, અને પૃથ્વી પરના તમામ લોકોને પોતપોતાનું ભાવી પસંદ કરવાની તક ઊભી કરવાની ભાવના રહેલી છે."

તેમના સમગ્ર પ્રવચન દરમ્યાન શાંતિનો નાદ ગુંજતો રહ્યો હતો. તેમના અભિપ્રાય પ્રમાણે આજે વિશ્વમાં શાંતિ અનિવાર્ય છે, જો સંપૂર્ણ વિનાશમાંથી જગતને બચાવવું હોય તો. આજના પ્રમુખ નિકસન એ દશ વર્ષ અગાઉના મી. નિકસન કરતાં જુદા જ તરી આવે છે. દશ વર્ષ અગાઉ પણ તેઓ શાંતિમાં તો માનતા જ હતા, પણ તે અમેરિકાને સ્વીકાર્ય હોય તેવા પ્રકારની શાંતિમાં, જ્યારે આજે તેઓ અમેરિકા આજની દુનિયામાં શાન્તિસ્થાપક બિરુદ પ્રાપ્ત કરે એવી ભાવનાપૂર્વક અદ્યતન જગતમાં શાન્તિ સ્થાપવાનો પુરુષાર્થ કરવા માગે છે. તેમણે પોતાના આ ઉદ્‌ઘાટન પ્રવચનમાં કહ્યું, "મારા આ સન્માનમાં અમેરિકા માટે જગતને શાંતિને માર્ગે દોરવાની તક સમાયેલી છે. આપણે કદાચ બધાને આપણા મિત્રો ન બનાવી શકીએ, પણ કોઈને પણ દુશ્મન બનાવવામાંથી તો આપણે ચોક્કસ જ બચી શકીએ છીએ. તમામ રાષ્ટ્રોને હું જણાવવા માગું છું કે વાટાઘાટોને માટે અમારાં દ્વાર હંમેશાં ખુલ્લાં જ રહેશે. હું જાણું છું કે શાંતિ માત્ર ઈચ્છવાથી આવતી નથી. હું એ પણ જાણું છું કે દિવસો સુધી—અરે, વરસો સુધી—લાંબી વાટાઘાટો કરવી પડે તો પણ, એના વિના આપણા માટે બીજો કોઈ આરો નથી."

પ્રમુખ નિકસને તેમના ૨૦૦૦ શબ્દોવાળા પ્રવચનમાં મોસ્કોની નવી ઓફરનો ઉલ્લેખ કર્યો નહોતો. અમેરિકાના નવા રાજકર્તાઓ સાથે આણ્વશસ્ત્રોની મર્યાદા બાંધવાના વિષયમાં મોસ્કોએ ચર્ચાવિચારણા ચાલુ કરવાની ઓફર તાજેતરમાં જ કરી હતી. અસલ તો આ વાતચીતો ગયા ઉનાળામાં શરૂ થવાની હતી, પરંતુ રશિયાએ ચેકોસ્લોવેકીયા પર કરેલા આક્રમણને કારણે મુલતવી રાખવામાં આવી હતી.

વિશ્વમાં શાંતિને પ્રસ્થાપિત કરવાનો આદર્શ નજર સામે રાખવાનો અનુરોધ કરતાં પ્રમુખ નિકસને કહ્યું, "જ્યાં આજ સુધી શાંતિને જાકારો મળ્યો છે, ત્યાં આપણે શાંતિને આવકાર્ય બનાવવી છે; જ્યાં શાંતિ નબળી પડી છે ત્યાં આપણે તેને મજબૂત બનાવવી છે; અને જ્યાં શાંતિ હંગામી છે ત્યાં આપણે તેને કાયમી બનાવવી છે."

વિદાય લઈ રહેલા પ્રમુખ જોનસનના રાજવહીવટ પાસેથી સત્તાની ફેરબદલી સરળ રીતે કરી રહેલી—૧૯૬૦ પછીની પ્રથમ રિપબ્લીકન પક્ષની—સરકારને સંપૂર્ણ સહકાર આપવાની અમેરિકન પ્રજાને પ્રમુખ નિકસને હાકલ કરી. તેમણે કહ્યું, "આ એક એવી ક્ષણ છે કે જેમાં આવી રહેલા દશકાઓ—કે કદાચ સદીઓ પણ—જે આકાર ધારણ કરવાના છે તેની શરૂઆત છુપાયેલી છે. ઈતિહાસની મોટામાં મોટી નવાજેશ 'શાંતિના પ્રણેતા' નો ઈલ્કાબ છે. અને હું માનું છું કે અમેરિકન પ્રજા પોતાના પર આવી રહેલી આ મહાન જવાબદારી અદા કરવા તૈયાર છે."

ચૂંટણી ઝુંબેશ દરમ્યાન એમણે ગ્રહણ કરેલી Forward Together—સામૂહિક આગેકૂચ—ની ઘોષણા વિષે ખુલાસો કરતાં કહ્યું કે "ટુગેધર" એટલે ગોરા અને કાળા લોકોની બે નહીં પણ એક જ રાષ્ટ્ર તરીકેની આગેકૂચ. તેમણે કહ્યું કે હબસીઓના હકકોને પ્રસ્થાપિત કરતા કાયદાઓ તો આપણે પસાર કરેલા છે; પણ હવે જે કરવાનું બાકી રહ્યું છે તે તો એ કાયદાઓમાં આપણે હવે પ્રાણ પૂરવાનાં છે." વિયેટનામના યુદ્ધ અને હબસી ઈલાકાઓમાં ચાલી રહેલી મારફાડને કારણે દેશના માટે પેદા થઈ રહેલી વિષમ પરિસ્થિતિ વિષે એમણે ખેદ વ્યકત કરતાં કહ્યું કે, "આપણી પાસે વિપુલ સંપત્તિ હોવા છતાં આપણાં મન છીછરાં બની ગયાં છે; એક બાજુ આપણે ચંદ્ર સુધી પહોંચી જવાની અતિભવ્ય સિદ્ધિ હાંસલ કરી છે, જ્યારે બીજી બાજુ અહીં ધરતી પર આપણે ક્ષુલ્લક મતભેદો પર એકબીજા સાથે બાખડી રહ્યા છીએ." અમેરિકન પ્રજાને તેમણે થોડું આંતરનિરીક્ષણ કરીને માનવીના મને પેદા કરેલી આ કટોકટીના ઉકેલ મન પાસેથી જ મેળવવા અનુરોધ કર્યો હતો.

આગળ ચાલતાં તેઓએ ડેમોક્રેટીક પક્ષની છેલ્લા બે સરકારોએ આપેલાં 'New Frontier' અને 'Great Society' એ આકારનાં વચનોની કાંઈક અંશે ટીકા કરતાં કહ્યું, "આ મુશ્કેલીભર્યા વર્ષો દરમ્યાન આપણે શબ્દોની માયાજાળમાં ફસાયેલા રહ્યા છીએ. આપણે ઉદાત્ત સ્વપ્નો સેવ્યાં, જેને આપણે સાકાર કરી શકયાં નહીં. જ્યાંસુધી આપણે એકબીજાના દોષો જોતાં અટકીએ નહીં ત્યાંસુધી આપણે એકબીજાના અનુભવમાંથી કશો સાર ગ્રહણ કરી શકીએ નહીં. આપણે પોતે જ્યાંસુધી બૂમો મારવી બંધ ન કરીએ ત્યાં સુધી આપણી વાત અને આપણા શબ્દો કોઈ સાંભળી શકે પણ નહીં.

"મારી સરકાર પોતાના પક્ષે સૌ કોઈને સાંભળવા ખુલ્લા દિલથી તૈયાર રહેશે, બધા લોકોની હૈયાની વાતો ધ્યાનપૂર્વક સાંભળવાનો અમારો પ્રયત્ન રહેશે: કોઈની ગુસ્સાભરી, કોઈની આતુરતાભરી ને કોઈની નિરાશા ભરી. જે લોકોને આ ભવ્ય સાહસમાં ભાગ લેવામાંથી બાકાત રાખવામાં આવ્યા છે તેમને અમે અંદર લઈ લઈશું અને જે લોકો બહાર રહી ગયા છે તેમને અમારી સાથે થઈ જવામાં મદદ કરીશું. આત્મતત્વને કેન્દ્રમાં રાખીને જે મહાન મંદિર આપણે બાંધવું છે તે કાર્યમાં દરેક જણ, એક પછી એક, અકેક પથ્થર ઊંચકે અને પોતાની બાજુવાળાને પહોંચાડે - સંભાળપૂર્વક, મદદરૂપ થવાની ભાવનાપૂર્વક."

આંતરરાષ્ટ્રીય બાબતોમાં પોતાનો લાંબા ગાળાનો સંબંધ યાદ કરતાં મી. નિકસને કહ્યું, "છેલ્લાં વીસ વર્ષ દરમ્યાન હું જગતના ઘણાખરા દેશોમાં ફર્યો છું અને મોટા ભાગના રાજપુરુષોને મળ્યો છું. પરિણામે જગતને બે ભાગમાં વહેંચી રહેલા—વિભાજિત કરી રહેલા—ભય અને તિરસ્કારના મહાન પરિબળોને હું સમજ્યો છું. દુનિયાના તમામ દેશો જ્યારે યુદ્ધથી ભયભીત છે અને જગતના તમામ લોકો જ્યારે શાંતિ ચાહે છે, ત્યારે આજે પહેલી જ વાર સમય શાંતિના પક્ષે વધારેમાં વધારે અનુકૂળ છે.

"આજે આપણે અવકાશનું સંશોધન કરી રહ્યા છીએ. એવા વખતે નવતર દુનિયામાં આજે આપણે સાથે જ પ્રવેશ કરીએ—નવી દુનિયામાં જીતવા માટે નહિ, પણ એક નવા સાહસમાં ભાગીદાર થવા માટે."

પોતાના પ્રવચનના અંતમાં તેમણે આશાવાદ વ્યકત કરતાં કહ્યું, "આપણે એક આખી રાત્રિનો અંધકાર પસાર કર્યો છે, હવે જ્યારે મોંસૂઝણું થવાની તૈયારી છે ત્યારે આપણે બાકી રહેલા અંધકારને દોષ ન દઈએ. આપણે પ્રકાશને ઝીલવાનું કામ કરીએ. ભાવિના ગર્ભમાં આપણા માટે આશાના સુંદર કિરણો છુપાયેલાં છે."

સંકલન: સુબોધભાઈ એમ. શાહ.

મૂળ અધિકાર—Fundamental Rights

આપણાં દેશના બંધારણના ભાગ ત્રીજામાં નાગરિકના મૂળ-અધિકારો આપવામાં આવ્યાં છે. તા. ૨૭-૨-૬૭ ને દિવસે સુપ્રીમ-કોર્ટે એક ચુકાદો આપ્યો છે કે આ અધિકારો છીનવી લે અથવા ન્યુન થાય (Take away or abridge) એવો, બંધારણમાં કોઈ ફેરફાર કરવાની પાર્લામેન્ટને સત્તા નથી. આ ચૂકાદાથી ગંભીર સમસ્યા ઊભી થઈ છે. પાર્લામેન્ટને આવી સત્તા છે તે સ્પષ્ટ કરવા, બંધારણની કલમ ૩૬૮ માં ફેરફાર કરતો એક ખરડો શ્રી નાથ પાઈએ લોક-સભામાં રજ કર્યો છે. સરકાર આ ખરડાને ટેકો આપે છે એવું જાહેર થયું છે. આ ખરડા ઉપર લોકસભાની ગઈ બેઠકમાં ઉગ્ર ચર્ચા થઈ. સરકાર ટેકો આપે છે એવું જાહેર થયું હોવા છતાં, કૉંગ્રેસના સભ્યોમાં પણ આ વિષે તીવ્ર મતભેદ છે. તેથી આ ખરડા ઉપરની વિશેષ ચર્ચા મુલતવી રહી છે. દરમ્યાન દેશમાં આ વિષે વિવાદ ચાલી રહ્યો છે.

સામાન્યપણે લોકોમાં એવો ખ્યાલ છે કે મૂળ અધિકારોમાં ફેર-ફાર કરી શકાય નહિ. વિશેષ, એવો પણ ખ્યાલ છે કે સુપ્રીમ કોર્ટ ચુકાદો આપે તે છેવટનો ગણાવો જોઈએ અને પછી તે ચુકાદો રદ થાય એવો કોઈ કાયદો પાર્લમેન્ટે કરવો ન જોઈએ. સુપ્રીમ કોર્ટ માટે લોકોમાં, યોગ્ય રીતે, ઓટલો આદર છે કે સુપ્રીમ કોર્ટના ચૂકા-દાને અવગણતો કોઈ કાયદો થાય તે લોકો અયોગ્ય ગણે છે. આ બધા અતિ અગત્યના પ્રશ્નો છે અને લોકોને તે વિષે સાચી સમજણ આપવાની જરૂર છે.

આ પ્રશ્ન નવો ઊભો થયો છે એમ નથી. બંધારણમાં જે ફેરફારો કરવામાં આવ્યા છે તેને આનુક્રમે પહેલો, બીજો, ત્રીજો વગેરે સુધારા એમ કહેવામાં આવે છે. આવી રીતે આજ સુધી કુલ સત્તર સુધારાઓ થયા છે. તેમાં પહેલા, ચોથા, સાતમા, સોળમા તથા સત્તર-મા સુધારાથી મૂળ અધિકારોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. પહેલો સુધારો થયો ત્યારે જ, મૂળ અધિકારો છીનવી લે અથવા ન્યુન કરે, એવો ફેરફાર કરવાની પાર્લમેન્ટને સત્તા નથી એવી અરજી સુપ્રીમ કોર્ટને કરવામાં આવી હતી. આ પ્રશ્નની પૂરી છણાવટ થઈ હતી અને સુપ્રીમ કોર્ટે તા. ૫-૧૦-૫૧ ને રોજ સર્વાનુમતે ચુકાદો આપ્યો હતો કે બંધારણમાં આવો ફેરફાર કરવાની પાર્લમેન્ટને સત્તા છે. આ ચુકાદો આપનાર પાંચ ન્યાયાધિશો હતા. (૧) વડા ન્યાયમૂર્તિ હરિલાલ કણીયા, (૨) પતંજલિ શાસ્ત્રી, (૩) બી. કે. મુખરજી (૪) એ. આર. દાસ (૫) ચંદ્રશેખર આયર. આમાંના કેટલાક પાછળથી એક પછી એક વડા ન્યાયમૂર્તિ થયા. આ કેસમાં અરજદાર શંકરી-પ્રસાદ હતા. આ ચુકાદાને માન્ય રાખી, ત્યાર પછી, સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટો અને બીજી કોર્ટોમાં ઘણાં ચુકાદાઓ અપાયા છે. ત્યાર પછી ૧૯૬૪માં સત્તરમો સુધારો થયો જેણે મૂળ અધિકારોમાં કેટલાક ફેરફારો કર્યા. ફરીથી સુપ્રીમ કોર્ટને અરજી કરવામાં આવી કે આવા ફેરફાર કરવાની સુપ્રીમ કોર્ટને સત્તા નથી. આ કેસમાં અરજદાર સજ્જનસિંહ હતા. આ અરજીમાં શંકરીપ્રસાદના કેસના ચુકા-દાને પડકારવામાં આવ્યો ન હતો. બન્ને પક્ષે સ્વીકાર્યું હતું કે ચુકાદો બરાબર છે. પણ બીજાં કારણોથી સત્તરમા સુધારાને પડકાર આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે સર્વાનુમતે આ બીજાં કારણોને માન્ય રાખ્યા નહિ. પણ આ કેસમાં ચુકાદો આપ્યો તે પાંચ જજોએ, શંકરી-પ્રસાદના ચુકાદાને પણ ફરીથી તપાસ્યો - જે જરૂરનું ન હતું - અને તેમ કરતાં, ત્રણ જજો - ગજેન્દ્રગડકર, વાંછુ અને રઘુવર દયાલે, શંકરીપ્રસાદના ચુકાદાનું પૂર્ણ સમર્થન કર્યું, બે જજો, મુધોલકર અને હીદાયતુલ્લાએ આ ચુકાદા વિષે શંકા ઉઠાવી. સત્તરમો સુધારો સુપ્રીમ કોર્ટે આ કેસમાં સર્વાનુમતે માન્ય રાખ્યો.

૧૯૬૬માં ગોલકનાથ નામની વ્યકિતએ સુપ્રીમ કોર્ટને અરજી કરી ફરીથી મુદ્દો ઉઠાવ્યો કે સત્તરમો સુધારો કરવાની પાર્લમેન્ટને સત્તા ન હતી, શંકરીપ્રસાદના કેસનો ચુકાદો ખોટો છે અને સુપ્રીમ કોર્ટે ફરીથી તેની વિચારણા કરવી જોઈએ. સજ્જનસિંહના કેસમાં બે જજોએ શંકરીપ્રસાદના કેસના ચુકાદા વિષે શંકા ઉઠાવી હતી તેનો આધાર લઈ, સુપ્રીમ કોર્ટે તે ચુકાદાની ગોલકનાથના કેસમાં ફરી વિચારણા કરી. આ વખતના વડા ન્યાયમૂર્તિ જસ્ટીસ સુબ્બારાવ દૃઢપણે એવા મતના હતા કે, પાર્લમેન્ટને આવી સત્તા હોવી ન જોઈએ. એટલે તેમણે ૧૧ જજોની બેંચ રચી, શંકરીપ્રસાદના ચુકાદાને બદલાવવા તક લીધી. બીજા કોઈ વડાન્યાયમૂર્તિ હોત તો કદાચ આવું બન્યું ન હોત. આ વખતે જે ૧૧ જજોએ આ કેસ સાંભળ્યો, તેમાંથી ૬ જજોએ શંકરીપ્રસાદ કેસના ચુકાદાને ખોટો ઠરાવ્યો. પાંચ જજોએ તેનું સમર્થન કર્યું. એટલે એકની બહુ-મતીથી શંકરીપ્રસાદ કેસનો ચૂકાદો રદ થયો અને પાર્લમેન્ટને મૂળ અધિકારો છીનવી લેવાય અથવા ન્યુન થાય એવો બંધારણમાં ફેરફાર કરવાની સત્તા નથી એમ હાલ સુપ્રીમ કોર્ટનો નિર્ણય થયો ગણાય.

આવી રીતે, ૧૬ વર્ષ પછી, સુપ્રીમ કોર્ટે એક બહુમતીથી, પોતાનો અભિપ્રાય બદલાવ્યો.

સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો શંકરીપ્રસાદના કેસમાં પાંચ જજોએ સર્વાનુમતીથી ચૂકાદો આપ્યો, સજ્જનસિંહના કેસમાં, ત્રણ જજોએ તેનું પૂર્ણ સમર્થન કર્યું, અને ગોલકનાથના કેસમાં પાંચ જજોએ તેનું સમર્થન કર્યું. એટલે ૧૩ જજોએ અભિપ્રાય આપ્યો કે પાર્લમેન્ટને આવી સત્તા છે અને ૮ જજોએ આ અભિપ્રાય આપ્યો કે સત્તા નથી. તેમાં સજ્જનસિંહના કેસમાં જે બે જજો હતા. વાંછુ અને હિદાયતુલા તેઓ ગોલકનાથના કેસમાં પણ હતાં. – તેમાંથી વાંછુએ-શંકરીપ્રસાદના કેસનું સમર્થન કરેલું તે અભિપ્રાય કાયમ રાખ્યો, જ્યારે હિદાયતુલ્લાએ શંકા ઉઠાવેલી તે પાકી થઈ અને શંકરીપ્રસાદના ચુકાદાથી વિરુદ્ધ મત આપ્યો. એકંદરે આ પ્રશ્નની ચોકકસપણે વિચારણા કરવાની જેને જરૂર પડી એવા ૧૯ જજોમાંથી, ૧૨ જજોએ પાર્લામેન્ટને સત્તા છે એવો અભિપ્રાય આપ્યો અને ૭ જજોએ, સત્તા નથી એવો અભિપ્રાય આપ્યો. પણ ગોલકનાથના કેસના ૧૧ જજોમાં ૬ જજોનો એક અભિપ્રાય થયો - જેમાં હિદાયતુલ્લા એક છે - એટલે બહુમતિ અભિપ્રાય અત્યારે છેવટનો ગણાયો.

પ્રશ્નના ગુણદોષનો વિચાર કરતા પહેલાં, આટલી વિગતથી મેં આ પ્રશ્નનો ઈતિહાસ આપ્યો છે, એ બતાવવા માટે કે આ પ્રશ્ન કેટલો અટપટો છે અને તેને વિષે કેટલો તીવ્ર મતભેદ હોઈ શકે છે. વળી સુપ્રીમ કોર્ટના ચુકાદાને આપણે જરૂર માન આપીએ; પણ સુપ્રીમ કોર્ટના જજોમાં જ તીવ્ર મતભેદ હોય ત્યારે, આ ચુકાદો છેવટનો અથવા અંતિમ સત્ય છે એમ માનવાને કારણ રહેતું નથી. દરેક જજે, પોતાનો અભિપ્રાય આપતાં, સબળ કારણો આપ્યા છે, જે હવે પછી ટૂંકમાં બતાવીશ. આવા સંજોગોમાં, જો પાર્લામેન્ટ, બંધારણમાં ફેરફાર કરી, સ્પષ્ટ કરવા ઈચ્છે કે મૂળ અધિકારોમાં ફેરફાર કરવાની તેને સત્તા છે – જે સત્તા સુપ્રીમ કોર્ટે ૧૯૫૧ થી માન્ય રાખી હતી – તો પાર્લમેન્ટ કોઈ ભારે અનર્થ કરી રહી છે અથવા સુપ્રીમ કોર્ટનો મોટો અનાદર કરી રહી છે એમ કોઈ સમજદાર વ્યકિત નહિ કહે. આજે દેશમાં એક હવા પેદા થઈ છે કે પાર્લામેંટ અથવા ધારાસભાઓને ઉતારી પાડવા અને કોર્ટો જ એક રક્ષણહાર છે એમ માનવું. ન્યાયાલયોનો જરૂર અને પૂર્ણ આદર કરવો - ખાસ કરી સર્વોચ્ચ અદાલતનો. નાગરિક હકકોના એ ચોકીદાર છે અને રાજ્યના અન્યાયોથી પ્રજાને બચાવનાર છે. પણ તેની મર્યાદા પણ સમજી લેવી જોઈએ. બન્ને પોતાની મર્યાદામાં સર્વોપરી છે. અંતે તો પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓની સંસ્થા જ રાજ્યની નીતિ ઘડી શકે છે, તે યોગ્ય હોય કે અયોગ્ય. આ પ્રતિનિધિઓનું વર્તન કેટલાક સમયથી ખેદજનક રહ્યું છે, એમ છતાં સંસ્થા પ્રત્યે તિરસ્કાર કેળવવાથી લોકશાહીને જ નુકસાન કરીશું.

હવે પછી આ પ્રશ્નના ગુણદોષની આપણે વિચારણા કરીશું.

અપૂર્ણ

ચીમનલાલ ચકુભાઈ શાહ

❋ સાત ઉપવાસનું પ્રાયશ્ચિત્ત સૂચવતા એક સન્મિત્રને જવાબ ❋

અમદાવાદથી પ્રગટ થતા તા. ૧૧-૧-૬૯ ના. 'જનસત્તા' માં ગુજરાત રાજ્યના માજી પ્રધાન અને હાલ દિલ્હીની લોકસભાના સભ્ય શ્રી મનુભાઈ પટેલે બોલાવેલી પત્રકાર પરિષદનો અહેવાલ પ્રગટ થયેલો, તેની એક નકલ સાથે થોડા દિવસ પહેલાં અમરેલી વિભાગમાંથી ચુંટાયેલા ગુજરાત રાજ્યની વિધાનસભાના સભ્ય શ્રી નરસિંહદાસ ગોંદિયા તરફથી એક પત્ર મળ્યો છે. આ અહેવાલમાં ગયા નવેમ્બર માસ દરમિયાન આચાર્ય રજનીશજી દિલ્હી ગયેલા તે પ્રસંગે તેમના અનુસંધાનમાં બનેલી એક વિચિત્ર ઘટનાનો ઉલ્લેખ છે. આ અહેવાલ તરફ મારું ધ્યાન ખેંચીને શ્રી નરસિંહદાસભાઈ પોતાના તા. ૧૨-૧-૬૯ ના પત્રદ્વારા જણાવે છે કે "આચાર્ય રજનીશજીને પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા આપવામાં આપે અને પ્રબુદ્ધ જીવને ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો છે. એક પીઢ પત્રકાર અને સમાજસેવક તરીકે લાંબા સમય સુધી તમે એમને (નજીકનો સહવાસ છતાં) કેમ ઓળખી શકયા નહિ તેનું મને અને કેટલાક મિત્રોને આશ્ચર્ય થાય છે. (મુ. શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ જેવાએ આપને ચેતવ્યા હતા છતાં.).

"મને અને મારા કેટલાક સાથીઓને તો તુલસીશ્યામની શિબિરમાં પ્રથમ દર્શને આચાર્યશ્રીના દંભ અને વિકારનો અણસારો મળેલો."

આવા માણસો બહેનો માટે ઘણી વાર ભયસ્થાનરૂપ નીવડે છે એ મુજબ પોતાના પત્રમાં સૂચવીને તેઓ આગળ ચાલતાં જણાવે છે કે, "તો પછી જૈનદર્શન અને શાસ્ત્ર પ્રમાણે મને લાગે છે કે તમારે આવી ગંભીર ભૂલ બદલ પ્રાયશ્ચિત કરવું જોઈએ, થોડુંક તપ પણ કરવું જરૂરી છે કે જેથી અશુદ્ધિ દૂર થવામાં તેનાથી કંઈ મદદ મળે. તો ત્રણ પ્રાયશ્ચિત્તના અને ચાર તપના મળીને સાત દિવસના ઉપવાસ થઈ શકે તો કરવા જોઈએ."

આવી જ રીતે તા. ૨૧-૧૨-૬૮ના 'જૈન'માં આચાર્ય રજનીશજી વિષે લખતાં લખતાં આ જ બાબત માટે એટલે કે આચાર્ય રજનીશજીને પ્રબુદ્ધ જીવન મારફત આજ સુધી ચાલુ પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા આપતા રહેવા બદલ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ પણ મારી ઘણી સખત ટીકા કરી છે તો આ બાબતમાં પ્રબુદ્ધ જીવનના વાચકો મને યથાસ્વરૂપે સમજી શકે એટલા માટે શ્રી નૃસિંહદાસ ગોંદિયા ઉપર મેં જે જવાબ લખ્યો છે તે અહીં પ્રસિદ્ધ કરવો જરૂરી લાગે છે. તે જવાબ નીચે પ્રમાણે છે:

મુંબઈ, તા. ૧૮-૧-૬૯

પ્રિય ભાઈશ્રી નરસિંહદાસભાઈ,

તમારો તા. ૧૨-૧-૬૯ નો પત્ર મળ્યો. સાથે રજનીશજી અંગે 'જનસત્તા' માં પ્રગટ થયેલા સમાચારની નકલ પણ મળી. આનું કટીંગ તેમ જ અન્ય દૈનિકોમાં પ્રગટ થયેલાં કટીંગો અન્ય મિત્રોએ પણ મારી ઉપર મોકલ્યાં છે. આ બાબત તરફ મારું વિશેષ ધ્યાન ખેંચવા માટે તમારો હું આભાર માનું છું.

તમારા પત્રનો બાકીનો ભાગ વાંચીને મને ભારે આશ્ચર્ય થાય છે. અમારી છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાન પહેલાં આચાર્ય રજનીશજીને હું કેમ ટેકો આપતો રહ્યો હતો એ સંબંધે મારો કશો ખુલાસો માગવાને બદલે, મને જાણે કે ગુનેહગાર ગણીને સાત દિવસના ઉપવાસની તમે સજા ફરમાવો છો! આના જવાબરૂપે જણાવવાનું કે તુલસીશ્યામની શિબિરના સમયથી તમને આચાર્ય રજનીશજીના દંભ અને વિકાર વિષે જે અણસાર મળેલો એવો કોઈ અણસાર ત્યારે કે ત્યાર પછી ઘણા લાંબા સમય સુધી મને મળેલો નહોતો—આ પ્રમાણે જણાવું તો મારી પ્રમાણિકતામાં તમે અવિશ્વાસ નહિ કરો એવી આશા રાખું છું. આને માટે મારી મંદબુદ્ધિ અથવા કોઈ એક વ્યકિત વિષે આંધળો પક્ષપાત જવાબદાર છે એમ તમે કહો તો એ આરોપ હું સ્વીકારવાને તૈયાર છું. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના ચેતવ્યા છતાં પણ હું આમ કેમ વર્ત્યો એના જવાબમાં જણાવવાનું કે આવી કોઈ ચેતવણી મને તેમના તરફથી કદિ મળી નહોતી અને એવી ચેતવણી મળી હોય તો પણ તે મને બંધનકર્તા હોઈ ન જ શકે.

વસ્તુતઃ અમારી બન્ને વચ્ચે ચોક્કસ પ્રકારનો પ્રાકૃતિક ભેદ હોવાના કારણે તેમનું રજનીશજી વિષે પ્રારંભથી જ પ્રતિકૂળ reaction —સંવેદન—રહ્યું હતું, જ્યારે મારું reaction તેમના વિષે પ્રારંભથી જ અનુકૂળ રહ્યું હતું, અને હું તેમનાથી પ્રભાવિત બન્યો હતો. આ પ્રાકૃતિક ભેદનો મુદ્દો જરા વધારે સ્પષ્ટતાની અપેક્ષા રાખે છે એમ મને લાગે છે.

સામાજિક અને ધાર્મિક બાબતોનો ઊંડાણથી વિચાર કરતા ચિન્તકો બે પ્રકારના હોય છે. (૧) Conformist એટલે કે પરંપરા-રક્ષક; (૨) NonConformist એટલે કે પરંપરાભંજક. પહેલી કોટિનો વિચારક ધાર્મિક તેમ જ સામાજિક પરંપરાનું બને ત્યાં સુધી સંરક્ષણ કરીને તથા તેના ચોગઠામાં રહીને ચાલુ જીવનને સંસ્કારવાના અને સમાજનું બને તેટલું શ્રેય સાધવાના વલણવાળો હોય છે; બીજી કોટિનો વિચારક પરંપરાના ભાર નીચે દબાયેલો માનવી કેમ ઊંચે ઊઠે અને તેનામાં વિચારજાગૃતિ અને જીવનપરિવર્તન કેમ પેદા થાય એ રીતે વિચારતો હોય છે અને તેથી જે કોઈ સામાજિક કે ધાર્મિક પરંપરા તેને સમય સાથે અથવા સ્વતંત્ર ચિન્તન સાથે બંધબેસતી ન લાગે અથવા તો સમાજના હિત યા ઉત્કર્ષને બાધક લાગે તે પરંપરાને પડકારવાના – તેનો વિરોધ કરવાના – વલણવાળો હોય છે. ચીમનભાઈનું વલણ મોટા ભાગે પ્રથમ કોટિના વિચારકને મળતું છે; મારું વલણ મોટા ભાગે બીજી કોટિના વિચારકને મળતું છે – આવી અમો બન્ને અંગે મારી સમજણ છે.

તમે જાણો છો કે રજનીશજી ધાર્મિક ક્ષેત્રના સંદર્ભમાં જે વિચારો રજૂ કરે છે તે મોટા ભાગે નિષેધાત્મક ખંડનાત્મક હોય છે; અલ્પાંશે વિધાયક હોય છે; અને તેમની રજૂઆત તો પ્રારંભથી આજ સુધી લોકોને આંચકાઓ આપનારી રહી છે. પરિણામે ચીમનભાઈનું વલણ પ્રારંભથી જ નક્કર વિરોધનું નહિ તો ઉદાસીનતાનું – ઉપેક્ષાનું રહ્યું હતું. મારું વલણ સ્વીકારનું – આદરનું—આવકારનું રહ્યું હતું.

આ જ કારણે તેમને કદાચ રજનીશજીમાં વિચારદારિદ્રય દેખાયું હોય; મને કદાચ આ જ કારણે તેમનામાં વિચારસામર્થ્ય દેખાયું હોય, અને તેમના વિષે હું પ્રભાવિત બનતો રહ્યો હોઉં! મારા મનનું વલણ ત્યાં સુધી કાયમ રહ્યું, જ્યાં સુધી તેઓ આત્મદર્શન અથવા તો આત્મઅનુભૂતિને કેન્દ્રમાં રાખીને પોતાના વિચારો રજૂ કરતા હતા. અલબત્ત, આ દરમિયાન પણ તેમનાં કેટલાંક નકારાત્મક આત્યન્તિક વિધાનો મને તત્સ્વરૂપે સ્વીકાર્ય હતાં એમ નહોતું. ધર્મશાસ્ત્રો અને ધર્મગુરુઓ વિષેનાં તેમનાં વિરોધી વિધાનો મને કેવળ એકાંગી લાગતાં અને કદી કદી ખૂંચતાં. આમ છતાં પણ તેઓ સામાન્ય માનવીમાં જડ ઘાલી બેઠેલી વિચારગ્રંથિઓને તોડી રહ્યા છે, આંચકા આપીને આજના માનવીની વિચાર-જડતાને હચમચાવી રહ્યા છે અને એમ થાય તો જ આજની વિચાર-મૂઢતામાંથી આપણા લોકો ઊંચે ઊઠશે અને નવી વિચારચેતના તેમનામાં જાગૃત થશે અને ધાર્મિક ક્રાન્તિનું તે દ્વારા નિર્માણ થશે – એ આશાએ આચાર્ય રજનીશજીને હું આજ સુધી આવકારતો રહ્યો હતો. પાછળના મહિનાઓ દરમિયાન તેમણે આત્મતત્ત્વની વાત

છોડીને બીજા જ વિષયો ઉપર બોલવાનું શરૂ કર્યું અને 'સેક્સ' ના વિવેચન ઉપર તેઓ ઉતરી પડયા અને આગળ ચાલતાં તેઓ ગાંધીજી, નહેરુ અને વિનોબા ઉપર યદ્વાતદ્વા ઉદ્‌ગારો કાઢવા માંડયા ત્યારથી તેમના વિષેનો મારો આદરભાવ ખંડિત થવાનું શરૂ થયું છે.

અહીં મારે કબૂલ કરવું જોઈએ કે પાછળનાં બે - ત્રણ વર્ષ દરમિયાન તેમના પ્રવચનની ગુણવત્તા ઘટતી જતી હોય અને કથાવાર્તાની પૂરવણી વધતી જતી હોય એમ મને લાગતું હતું અને એ તરફ નજીકના મિત્રોનું હું અવારનવાર ધ્યાન પણ ખેંચતો રહ્યો હતો. આમ છતાં પણ લોકોને આત્મદર્શન તરફ લઈ જવા એ તેમના સર્વ પ્રવચનોનો મુખ્ય સુર રહેતો અને તેમના વિષે મારું આકર્ષણ પણ આ જ કારણે ટકી રહ્યું હતું.

અહીં મારે એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે તેમની સાથેના આજ સુધીના સંબંધ દરમિયાન તેમના ચારિત્ર્યમાં કોઈ ક્ષતિ પેદા થઈ હોય તો તેને લગતી કોઈ નક્કર માહિતી (શ્રી નરસિંહપ્રસાદ ગોંદિયાએ જે સમાચાર તરફ મારું ધ્યાન ખેંચ્યું છે તે હજી પૂરા વિશ્વસનીય ન ગણાય) મારા ધ્યાન ઉપર આજ સુધી આવી નહોતી અને તેથી તે કારણે તેમના વિષે એકાએક અન્યથા વિચારવાનું કોઈ નિમિત્ત મારા માટે પેદા થયું નહોતું.

માત્ર જ્યારથી તેમના પ્રવચનોનો સૂર બદલાયો અને બીજા વિષયોના નિરૂપણ તરફ તેઓ ઢળતા ગયા ત્યારથી તેમના વિષેનું મારા મનનું વલણ બદલાવા લાગ્યું અને એ બદલાતા વલણની પ્રબુદ્ધ જીવનના છેલ્લા આઠ દશ અંકો દરમિયાન સમયે સમયે મારા વાચકોને હું સ્પષ્ટ શબ્દોમાં જાણ કરતો રહ્યો છું અને તેમને ચેતવતો રહ્યો છું. એટલે એક પત્રના જવાબદાર તંત્રી તરીકે જે કાંઈ કરવું ઘટે તે મેં કર્યું છે, તેમના વિષે કશું પ્રતિકૂળ જાણવા છતાં તેમની પ્રતિષ્ઠા ટકાવવા ખાતર કાંઈ કદી છુપાવ્યું નથી અને તેથી મારા માટે તમે સૂચવો છો તે મુજબ કોઈ પ્રાયશ્ચિત તથા તેના કારણે ઉપવાસ કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી એમ મને લાગે છે.

આ તો મારા પૂરતી વાત મેં પૂરી કરી. પણ મારે હવે તમને પ્રશ્ન પૂછવાનો છે કે તમે ગુજરાતની ધારાસભાના સભ્ય છો, વર્ષોથી જાહેર જીવનમાં પડેલા છો, જો વર્ષો પહેલાં યોજાયલી તુલસી–શ્યામની શિબિરથી જ તમારી આંખ ઉઘડી ગઈ હતી તો ત્યાર પછી તો આચાર્ય રજનીશજી સૌરાષ્ટ્રમાં અનેક વાર આવ્યા અને ગયા અને શારદાગ્રામ ખાતે તેમની શિબિર પણ યોજાઈ ગઈ અને અન્ય સ્થળોએ પ્રવચનમાળાઓ પણ યોજાઈ. આમ છતાં પણ તમે આ બાબતમાં આજ સુધી મૌન કેમ રહ્યા? આવી રીતે તમે મૌન સેવીને સમાજની કુસેવા કરી છે એમ કહી ન શકાય? અને જો એમ હોય તો તમે મને જે પ્રાયશ્ચિત કરવાનું સૂચવો છો તેના બદલે તમારે પોતા માટે જ આવું કોઈ પ્રાયશ્ચિત વિચારવું જોઈએ એમ તમને નથી લાગતું?

સ્નેહાંકિત પરમાનંદના પ્રણામ.

'પ્રબુદ્ધ જીવન'ની પત્રચર્યા

મુનિ સન્તબાલજીનો પત્ર

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં 'મુનિ સન્તબાલજીના સાન્નિધ્યમાં' એ મથાળા નીચે શ્રી ચીમનલાલ જે. શાહનો લેખ પ્રગટ થયો છે અને તે લેખમાં મારું એક વિવેચન સંકલિત કરવામાં આવ્યું છે તે વિવેચનને અનુલક્ષીને મુનિ સન્તબાલજી તરફથી મળેલો પત્ર નીચે આપવામાં આવે છે. –પરમાનંદ)

પાલઘર, તા. ૨૨-૧-૬૯

પ્રિય ભાઈશ્રી ચીમનલાલભાઈ,

તા. ૧૬-૧-૬૯ ના પ્રબુદ્ધ જીવનની "મુનિ સંતબાલજીના સાન્નિધ્યમાં" લેખકાયલી તમોએ તમારી સંપાદેલી મોકલી, સાથો સાથ "જન સોશ્યલ ગ્રુપ"ની સુંદર શુભેચ્છાઓ દર્શાવતી મંત્રી તરીકેની તમારી પત્રિકા પણ મળી.

આમ તો મેં સવારના પણ છેલ્લે છેલ્લે આપણા પ્રિયજન ભાઈશ્રી પરમાનંદ કાપડિયાની જિજ્ઞાસાભરી મૂંઝવણના સમાધાન માટે ટૂંકમાં કહ્યું હતું. બપોરના આપણે જે વાતો કરી, તેમાં પણ જરા વિસ્તારથી કહ્યું જ હતું. છતાં અહીં થોડુંક કહું:

આ દેશ ધર્મપ્રધાન દેશ છે. એ રીતે જોતાં ધર્મસ્તંભ સંતોનો દેશ છે. સંતોની જવાબદારી પણ સૌથી મોટી છે. આ સંતોની પરંપરામાં બૌદ્ધ અને જૈન બે જ ધર્મો અગ્રસર ગણાય છે. વૈદિક ધર્મમાં આદર્શપણું ગૃહસ્થાશ્રમને આપ્યું છે, જ્યારે બૌદ્ધ કરતાં પણ જૈનધર્મમાં આદર્શપણું મુખ્યત્વે દીક્ષિત સાધુને આપ્યું છે, એટલું જ નહીં, દુનિયામાં મૌલિક સત્યોને જાળવવાનું સર્વશ્રેષ્ઠ કાર્ય સંત-દીક્ષિત સાધુવર્ગ – ને સોંપ્યું છે. તેથી જ જૈન આગમો સાધુવર્ગને છકાય (જગતનાં પ્રાણીમાત્ર)નાં માતાપિતારૂપ ગણીને વર્ણવે છે. માત્ર આ વાત શાસ્ત્રોમાં હોત અને વર્તમાન ઉપલબ્ધ ઈતિહાસમાં ન હોત તો હું બહુ અપેક્ષા સાધુવર્ગ પાસે ન રાખત, પરંતુ વર્તમાન ઉપલબ્ધ જૈન ઈતિહાસમાં સાધુ - સાધ્વીઓનાં અનેક એવાં તેજસ્વી ઉદાહરણો છે કે જેમણે રાજકારણ, અર્થકારણ, સમાજકારણ ઈત્યાદિ બધાં ક્ષેત્રોમાં પોતાની મર્યાદામાં રહી સક્રિય માર્ગદર્શન આપ્યા જ કર્યું છે. આ કોઈ એકાદ હેમચંદ્રાચાર્ય કે એકાદ યાકિની મહત્તરા સાધ્વીનો જ ઈતિહાસ નથી, અનેક સાધુ–સાધ્વીઓનો ઈતિહાસ છે. ગાંધીજીને એમનાં માતુશ્રી પુતળીબાઈ પોતાના વૈષ્ણવાચાર્ય પાસે લઈ જઈ મોહનદાસને વિલાયત મોકલતાં પહેલાં શું પ્રતિજ્ઞા ન અપાવી શકત? શા માટે તેમણે બેચરજી નામના દીક્ષિત જૈન સાધુ પાસે લઈ જઈ માંસ, શરાબ અને પરસ્ત્રીગમનની બાધા અપાવી? અને હિન્દુધર્મમાં રહેવા માટે અને ખ્રિસ્તીધર્મમાં ધર્માંતર કરી જવા માટે સમજાવવાવાળા પણ શ્રીમદ રાજચંદ્ર જેવા આધ્યાત્મલક્ષી જૈન શ્રાવક તરફ ગાંધીજીની દૃષ્ટિ કેમ ઠરી? તેમણે પોતાના ત્રણ પ્રેરણાપાત્ર પુરુષોમાં સર્વોચ્ચપદ શ્રીમદ્ રાજચંદ્રને જ કેમ આપ્યું? કારણકે શ્રીમદે જ એમને અધ્યાત્મક માર્ગની સર્વોચ્ચ દોરવણી આપેલી. ગાંધીજીને શ્રીમદ ઉપર કેટલો બધો અપરંપાર આદર હતો! ગાંધીજીએ એમને માટે લખ્યું જ છે: 'શ્રીમદે એક પણ શબ્દ લખવા ખાતર લખ્યો નથી.' આવા પ્રમાણપાત્ર શ્રીમદે જ્યારે લખ્યું: "જે બધા ધર્મોમાં છે, તે જૈનમાં છે જ. પણ જૈનમાં ઘણું એવું છે કે જે બીજા કોઈ ધર્મમાં નથી." આમાં કોઈ જૈન ધર્મની બડાઈ કરવા માટેનો સવાલ જ નથી. જૈન ધર્મ ખરેખર જ આ જાતનો વિશ્વધર્મ છે જ. આજે એ જ ધર્મમાં (અનેકાંતવાદી ધર્મમાં) ભારોભાર સાંપ્રદાયિકપણું અને એકાંગિપણું પેઠું છે, પણ તેથી તો લોંકાશાહ જેવા એક મહાન ધર્મક્રાન્તિકાર તેમાં પાક્યા, આ દૃષ્ટિએ હું જો એ સ્થાનકવાસી વેશધારી સાધુ થયો, તો એનું ચિહ્ન મારે શા માટે ત્યાગવું? અને જૈનસાધુવેશ પણ શા માટે ત્યાગવો? એટલું જ નહીં પણ એમાં પેઠેલી સાંપ્રદાયિકતા સંપ્રદાયમાં રહી શા માટે ન કાઢવી? ગાંધીજી સર્વધર્મી છતાં, વૈષ્ણવ મટયા નહોતા જ. એમને સારુ રાજકીય વ્યાસપીઠ મુખ્ય હતી. ધર્મવ્યાસપીઠ નહીં. મારે માટે ધર્મવ્યાસપીઠ મુખ્ય છે, તો મારે એનો આગ્રહ રાખવો રહ્યો. આ પરથી જ મેં કહ્યું: 'ધીરજ રાખો.' સાધુઓ સિવાય નિઃસ્પૃહતા વિષે લોકવિશ્વાસ કોના પર બેસશે? મારા નમ્ર મતે ગાંધીજી અપવાદરૂપ છે. સાધુવર્ગના સંતબાલજી અપવાદરૂપ નથી. ગાંધીજી સર્વાંગી હતા. સંત વિનોબાજી તેવા સર્વાંગી નહીં ગણાય. વિદ્વાનધુરંધર અવશ્ય, પણ અમલ કરી કરાવનારાઓમાં ધુરંધર નહીં જ. સ્વામી વિવેકાનંદ અને મહર્ષિ દયાનંદ જેવા સંન્યાસીઓએ અને ભૂતકાળના હેમચંદ્રાચાર્ય જેવા જૈન વેશધારી સાધુપુરુષે જો વાયુમંડળ તૈયાર ન કરી આપ્યું હોત તો ગાંધીજીને આટલો ઝડપી કામ કરવાનો અવસર ન મળી શક્યો હોત. હા; આજે મોટાભાગના સાધુ–સંન્યાસીઓ 'ઉપદેશ' ને જ જીવનનું કર્તવ્ય સમજી બેઠા છે, પણ એ જ સાધુ–સંન્યાસીઓમાંથી નેમિમુનિ અને જનકમુનિ પાક્યા જ ને? માત્ર ઝુકાવવાવાળા કોઈ જોઈએ જ. 'સંતબાલ' અનુબંધ વિચારધારાના મુખ્ય નિમિત્ત ઝુકાવવાવાળા મળ્યા જ છે ને! સદ્‌ભાગ્યે કાકા-કાલેલકરે 'ધર્મમયસમાજરચના કા પ્રયોગ'–નામના નેમિમુનિના

પુસ્તકમાં – હિંદનો – જગતનો આખોય ઈતિહાસ ચર્ચો જુના વખતના આક્રમણોથી માંડીને ગાંધીજી સુધીની વાતો સારી પેઠે વિસ્તારથી પ્રસ્તાવનારૂપમાં – ચર્ચો છે, તે પરથી મારી આ બન્ને વાતોની સારી પેઠે પ્રતીતિ થશે. **સંતબાલ**

આચાર્ય શ્રી વજુભાઈ પટેલનો પત્ર

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પરદેશમાં સ્થિરવાસ સ્વીકારવા ભારતીય વિદ્યાર્થીઓને અનુલક્ષીને ડૉ. ક્રાન્તિલાલ શાહનો અને શ્રીમનલાલ ચકુભાઈ શાહનો લેખ પ્રગટ કરવામાં આવ્યો છે તેના અનુસંધાનમાં શ્રી ચંદુલાલ નાણાવટી કન્યા વિદ્યામંદિરના આચાર્ય શ્રી વજુભાઈ પટેલનું ચર્ચાપત્ર નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**)

મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,

૧૫ મી જાન્યુઆરીના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાંની બધી જ સામગ્રી બહુ ગમી. શ્રી મનુભાઈએ ચંદ્રની આસપાસ જાણે સજીવયાત્રા કરાવી. શ્રી સંતબાલજીના સાન્નિધ્યમાં લેખમાં આપે સાધુ–સન્યાસીઓ વિશે જે વિચાર રજૂ કર્યા તે પણ મને ખૂબ ગમ્યા. મુનિશ્રી સંતબાલજી હવે વાણગામમાં સ્થિર થવાના છે તે જાણી આનંદ થયો.

આ પત્ર તો પરદેશ સ્થિરવાસ સ્વીકારતા વિદ્યાર્થીઓ અંગે ડૉ. કાંતિલાલ શાહ તથા મુ. શ્રી શ્રીમનભાઈએ જે વિચારો રજૂ કર્યા છે તેના અનુસંધાનમાં લખું છું. ડૉ. કાંતિભાઈના વિચાર ભાવનાના આવેશમાં રજૂ થયેલ છે એમ કહી આપે તે વિચારોને ભલે ઓછું મહત્ત્વ આપ્યું, પણ હકીકતે આજે આ જ દૃષ્ટિએ વિચાર કરનાર કેળવણીકારોની સંખ્યા વધતી જાય છે. ચોથી પંચવર્ષીય યોજનામાં કેળવણી અંગેનો વિચાર "સ્વદેશી" કેળવણીના અનુસંધાનમાં થવો જોઈએ એમ માનનાર કેળવણીકારો આપણા દેશમાં હવે ઠીક ઠીક છે. સ્વદેશી એટલે દેશનું ભાવિ ચિત્ર શું હોવું જોઈએ તે વિચારી તે ચિત્રને ઉપસાવી શકે એવી કેળવણી કયી હોઈ શકે એ દૃષ્ટિએ શિક્ષણનું આયોજન થવું ઘટે. આ સંદર્ભમાં પરદેશમાં શિક્ષણ લેવા જવા માટે હવે કોઈ સ્કૉલરશીપની કે લોનની વ્યવસ્થાને અવકાશ હોવો ન ઘટે એમ વિચારવું તે વાસ્તવિકતા કહેવાય. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિષયના નિષ્ણાતો પણ હવે એમ કહેવા લાગ્યા છે કે વિદ્યાર્થીએ બધો જ અભ્યાસ અહીં દેશમાં જ કરવો જોઈએ અને પરદેશ જવાની જરૂર પોતાના મેળવેલ જ્ઞાનને સમૃદ્ધ કરવા માટે જ અને તે પણ છ માસ જેટલી મુદત પૂરતો જ કાર્યક્રમ હોઈ શકે. વિકસી રહેલા દેશોમાં શૈક્ષણિક વળાંક કેવો આકાર લઈ રહેલ છે તે ધ્યાનમાં લેવા જેવી બાબત છે. પરિણામે મુ. શ્રી શ્રીમનભાઈને વિજ્ઞપ્તિ કરવાનું મન થાય છે કે તેમના નેતૃત્વ નીચે અપાતી સ્કૉલરશીપોનો વિચાર સ્વદેશમાં કેળવણી આપવાના પ્રયત્નમાં ઉપયોગમાં આવે તો તે વધુ હિતાવહ ગણાય. કુશળ હશો. આપનું સ્વાસ્થ્ય સારૂં હશે.

આપના વજુભાઈ પટેલનાં વન્દન

વિષય સૂચિ

		પૃષ્ઠ
અમેરિકાના નવા પ્રમુખ રિચાર્ડ નિક્સનની આત્મકથા	'જન્મભૂમિ પ્રવાસી'માંથી	૨૦૧
વિશ્વશાંતિના મહાપ્રસ્થાનનો પ્રારંભ કરવા અમેરિકાના નવા પ્રમુખનો પ્રાણવાન અનુરોધ	સંકલન: સુબોધભાઈ એમ. શાહ	૨૦૨
મૂળ અધિકાર	ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૦૪
સાત ઉપવાસનું પ્રાયશ્ચિત સૂચવતા એક સન્મિત્રને જવાબ	પરમાનંદ	૨૦૫
પ્રબુદ્ધ જીવનની પત્રચર્ચા	મુનિ સંતબાલજી તથા વજુભાઈ પટેલ	૨૦૬
પ્રકીર્ણ નોંધ: કૃષ્ણો ગયો પણ તેના પ્રત્યેની તોછડાઈનો ડંખ મુકતો ગયો	પરમાનંદ	૨૦૬
કોટિયજ્ઞ એ માનવતાનો દ્રોહ છે.		
સ્વ. સૌજન્યમૂર્તિ પોપટલાલ ગોવિંદલાલ શાહ	મધુરીબહેન શાહ	૨૦૯
યમુના - તીર (કાવ્ય)	ગીતા પરીખ	૨૦૯
યદ્યપિશુદ્ધં, લોકવિરુદ્ધં, નાકરણીયં, નાચરણીયમ્	પરમાનંદ	૨૧૦
પ્રજાસત્તાક દિન-પ્રીતિ ભોજન સમારંભ		૨૧૨
ચૈતન્ય દીપને (કાવ્ય)	સુશીલા ઝવેરી	૨૧૨

પ્રકીર્ણ નોંધ

કૃષ્ણો ગયો પણ તેના પ્રત્યેની તોછડાઈનો ડંખ મુકતો ગયો!

થોડા દિવસ પહેલાં એક સાંજે હું ઘેર આવ્યો અને મારી પત્નીને ખૂબ ગમગીન જોઈ. "આજે આમ કેમ?" મેં પ્રશ્ન કર્યો. તેણે કહ્યું કે: "હું આજે શાક લેવા ગઈ હતી ત્યારે પેલો કૃષ્ણો હતોને તેનું બાજુની મારકીટના ફૂટપાથ ઉપર મડદું પડેલું મેં જોયું. તેની બાજુએથી હું પરમ દિવસે જ પસાર થઈ હતી. તેણે મદદ માટે હાથ લંબાવેલો પણ તેને કશું ન આપતાં અવગણીને હું આગળ ચાલતી થઈ. તે ઘરડો હતો અને માંદા જેવો હતો એટલે તે જીવવાનો યાતનાથી છૂટયો એમ સમજીને તેના આવા મરણથી મને એટલું દુ:ખ થતું નથી, જેટલું દુ:ખ આ જ માણસને મેં મદદ તો ન કરી, પણ તેને અવગણીને હું ચાલતી થઈ તેનું મને થાય છે."

આ કૃષ્ણો અમારા લત્તામાં વર્ષોથી રહેતો હતો અને કંઈ ને કંઈ ઉદ્યમ કરતો અને પેટ ભરતો અને જ્યાં ત્યાં પડી રહેતો. ૧૯૪૩માં અમે ઘર ફેરવેલું ત્યારે અમારા આખા ઘરનું રાચરચીલું એણે જ બીજા મજૂરોની મદદવડે ફેરવી આપેલું. સમય જતાં તે શરીરે ઢીલો પડતો ગયો અને છેલ્લાં બે ચાર વર્ષ દરમિયાન તેને કામ મળતું બંધ થયું અને કામ કરવાની તાકાત પણ ધીમે ધીમે તે ગુમાવી બેઠો. એટલે કે કેવળ કોઈની નાની મોટી મદદ ઉપર જ તે ટકી રહ્યો હતો. તે શરીરે લાંબો, સુકલકડી, આંખે કઢંગીરીતે ચાંદીના ખોળાના પુરાણા ચશ્મા પહેરતો, શરીરે ગળતો જતો અને પાછળના મહિનાઓ દરમિયાન કોઈ ને કોઈ ઠેકાણે ફૂટપાથ ઉપર મોટા ભાગે તે પડી રહેલો જોવામાં આવતો. હું તેને અવારનવાર મદદ કરતો, પણ આને તો હવે ભીખ માગવાની ટેવ પડી છે એમ સમજીને તેની તરફ કદિ કદિ તોછડાઈથી વર્તતો અને કશી પણ મદદ કર્યા સિવાય, સારી સ્થિતિના માણસોના હલનચલનમાં જે ખુમારી હોય છે તેવી ખુમારી દાખવતો, હું આગળ ચાલી જતો. આવા ગરજુ માણસો ઘણી વખત ચીકણા પણ હોય છે અને તેવાને તુચ્છકારીને કાઢી ન મૂકો ત્યાં સુધી ખસે જ નહિ – આવા અનુભવ ઉપરથી ઘરને બારણે માગવા આવેલા માણસ સાથે આપણને આમ વર્તવાની ફરજ પડે છે–આમ આપણા તોછડાપણાનો આપણે ઘણી વાર બચાવ પણ કરતા હોઈએ છીએ.

ઉપર જણાવેલ કૃષ્ણાની માત્ર બે દિવસ પહેલા અવગણના કરવા બદલ મારી પત્ની જેમ તેના મૃત્યુ બાદ ગમગીન બની ગઈ હતી તેમ આ કૃષ્ણા સાથેનો મારો આગળનો તોછડાઈભરેલો વર્તાવ મને યાદ આવ્યો અને ઠીક સમય સુધી તેના પ્રત્યેની તોછડાઈનો વર્તાવ દિલમાં ડંખ મૂકતો ગયો.

હમણાં એક સંસ્કારી બહેનને મળવાનું બનતાં તેમને અમારો આ અનુભવ જણાવ્યો. તો તેમણે પણ આ અમારા અનુભવનું સમર્થન કરતાં જણાવ્યું કે "હું પરામાં આવેલા અમારા બંગલાના ભોંયતળિયે રહું છું. એટલે રસ્તા ઉપર જતા આવતા અનેક લોકો કાંઈ ને કાંઈ મદદની આશાએ મારા બારણે ચડી આવતા હોય છે. હું કદી કોઈને મદદ કરું છું. અને કદી આવી રીતે આવીચડનાર મદદને યોગ્ય નથી એમ લાગવાથી અથવા તેની અપેક્ષા મોટી અને આપણી તાકાત ઓછી એ કારણે તેને પાછો કાઢવો પણ પડે છે. આમ સરળતાથી ના પાડવા છતાં તે માણસ પાછો જતો નથી ત્યારે તેને તુચ્છકારવાની પણ ફરજ પડે છે. આમ કરીએ ત્યારે તે માણસ ચાલી તો જાય છે પણ તેને કરેલો તુચ્છકાર આખો દિવસ મનમાં ડંખ્યા કરે છે અને એ ઉપરથી હું એવા નિર્ણય ઉપર આવી છું કે જેને મદદ કરવા એક યા બીજા કારણે મન વધતું ન હોય તેને મક્કમપણે મદદ ન જ કરવી પણ કોઈ પણ સંયોગોમાં બને ત્યાં સુધી કોઈને તુચ્છકારવો નહિ."

આ નોંધનો સાર પણ એ જ છે કે આપણાથી ન બને તો સામે આવનારને મદદ ન કરીએ, પણ કોઈને આપણે બનતા સુધી તુચ્છકારીએ નહિ. તુચ્છકાર એ માત્ર એ માણસનું જ નહિ, પણ

એ માનવીમાં વસેલા પરમાત્માનું અપમાન છે એમ સમજીને અન્ય માનવીઓ સાથેના વ્યવહારમાં આપણે સદા જાગૃત રહીએ, વિનમ્ર બનીએ, કોઈનો કદિ તુચ્છકાર ન કરીએ, કોઈ પ્રત્યે તોછડાઈથી ન વર્તીએ!

કોટિચંડી યજ્ઞ એ માનવતાનો દ્રોહ છે.

ગયા ઑક્ટોબર - નવેમ્બર માસ દરમ્યાન શિહોર ખાતે કરવામાં આવેલ લક્ષચંડી યજ્ઞના આયોજક તરીકે પ્રસિદ્ધિ પામેલ અને તે પાછળ આમજનતાના અઠ્ઠાવીશ લાખ રૂપિયાનો ધૂમાડો કરાવનાર શ્રી લક્ષ્મણ ચૈતન્યજી મહારાજને હવે રાજકોટ ખાતે કોટિચંડી યજ્ઞ કરવાનો મનોરથ જાગ્યો છે. તે અંગે પ્રચારાર્થે તેમનું મુંબઈ ખાતે આગમન થતાં તે વિષે વિશેષ માહિતી લેવા-દેવાના આશયથી તા. ૧૪-૧-૬૯ ના રોજ એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જાણે કે દુનિયામાં કોઈ દુ:ખ, સંકટ કે આફત જ નથી અને ચોતરફ દૂધપાણીની નદીઓ જ વહ્યા કરે છે અને ધર્મના નામે માંગો તે મળે તેમ છે એવી ભ્રમણામાં વિચરતા આ લક્ષ્મણચૈતન્ય મહારાજની પ્રસ્તુત કોટિચંડી યજ્ઞ વિષે કેવી વાહિયાત કલ્પના છે તેનો પ્રબુદ્ધ જીવનના વાચકોને ખ્યાલ આવે એ હેતુથી તા. ૧૫-૧-૬૯ ના જન્મભૂમિમાં પ્રગટ થયેલ તે પત્રકાર પરિષદનો અહેવાલ નીચે આપવામાં આવે છે:

"તાજેતરમાં શિહોર ખાતે જેમણે લક્ષચંડી યજ્ઞ યોજ્યો હતો તે શ્રી લક્ષ્મણ ચૈતન્ય મહારાજશ્રીએ આજ બપોરે મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં એવી જાહેરાત કરી હતી કે રાજકોટના અગ્રણી શહેરીઓએ મને એમને ત્યાં કોટીચંડી યજ્ઞ યોજવાનું આમંત્રણ આપ્યું છે ને તે મેં સ્વીકાર્યું છે.

"આ યજ્ઞ ક્યારે યોજશે તે વિશે તેઓ કોઈ ચોક્કસ તારીખ જાહેર કરી શક્યા ન હતા પણ આવતા ત્રણ ચાર માસમાં જ યોજશે એવો અંદાજ તેમણે આપ્યો હતો.

"એ યજ્ઞના મુખ્ય યજમાને સવા કરોડ રૂપિયાનો ફાળો આપવાનો રહેશે તેવી તેમની જાહેરાતના સંદર્ભમાં એક પત્રકારે તેમને એવો પ્રશ્ન કર્યો હતો કે આટલા બધા પૈસા કાળા બજારના હોય તો તો તમે ધર્મકાર્યમાં વાપરી જ ન શકો ને ધોળા બજાર (વ્હાઈટ) ના આટલા પૈસા યજ્ઞ માટે કોઈ ફાજલ પાડે તેવો કોઈ કુબેરપતિ અત્યારે તમારી નજરે ચડે છે ખરો?

"મહારાજશ્રીએ જવાબમાં જણાવ્યું હતું કે ધોળા - કાળાની સાથે અમને નિસબત નથી. અમને તો જે મદદ કરે તે અમારો યજમાન.

"આ કોટિ ચંડી યજ્ઞમાં લગભગ દશથી બાર કરોડ રૂપિયા ખર્ચાશે તેવો અંદાજ તેમણે આપ્યો હતો.

"આ યજ્ઞમાં સાડા ત્રણ લાખ મણ તલ, (કિંમત અઢી કરોડ રૂપિયા) એક લાખ મણ ચોખા, (કિંમત નેવું લાખ રૂપિયા) પચાસ હજાર મણ ઘી, પચાસ હજાર મણ જવ તથા ખાંડ વગેરે હોમવામાં આવશે. આ ઉપરાંત કેસર વગેરે કીંમતી વસાણાં પણ લાખો રૂપિયાનાં હોમવામાં આવશે.

"આજે જ્યારે ગુજરાતમાં દુષ્કાળ છે ને માણસો તથા ઢોર ભૂખે મરે છે ત્યારે કરોડો રૂપિયાનો ખાદ્ય માલ આમ બાળી નાખવાને બદલે આ રૂપિયા ગાયો, ભેંસો, જાનવરોને બચાવવામાં ખર્ચો તો શું ખોટું? એવા એક પત્રકારના પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે એ કામ કરનારા એ કામ કરે જ છે ને હું જે યજ્ઞ કરું છું તેનું ફળ પણ પ્રજાના કલ્યાણમાં જ આવશે.

"આવા યજ્ઞથી લોકોનું દારિદ્ર્ય ફીટે અને દેશમાં આવતા દુષ્કાળો ઓછા થાય તો આ દેશના લોકો દસના બદલે તેમને વીસ કરોડ રૂપિયા આપી દે તેવા વિશાળ દિલવાળા છે. તમે એમને ખાતરી આપી શકો તેમ છો કે આ યજ્ઞ પછી દેશમાં દુષ્કાળ નહિ જ પડે! એવો પડકાર એક પત્રકારે ફેંકતાં તે તેમણે ઝીલી લીધો હતો અને પત્રકારને કહ્યું હતું કે તમે મને વીસ કરોડ રૂપિયા આપો તો અત્યારે જ સ્ટેમ્પવાળા પાના ઉપર હું તમને લખી આપવા તૈયાર છું કે આ યજ્ઞ પછી દેશમાં દુષ્કાળ નહિ જ પડે."

વસ્તુત: આજની મોંઘવારીની ભીંસમાં ત્રણ મહિના પહેલાં શિહોરમાં જે લક્ષચંડી યજ્ઞ કરવામાં આવ્યો અને એ યજ્ઞવેદીમાં પાણીની માફક ઘી અને અન્ય ખાદ્ય પદાર્થો ઠલવવામાં આવ્યા અને રાજ્યે તેમ જ પ્રજાના અગ્રણીઓએ આ બધું ઠંડે પેટે જોયા કર્યું, થવા દીધું એ રાજ્ય તેમ પ્રજાજનો ઉભયને ભારે શરમાવનારી બીના છે. આમ છતાં પણ હવે આ કોટિચંડી યજ્ઞની ઉપર જણાવેલી વિગતો બહાર પડતાં તે સામે જે વિરોધનો વાવંટોળ શરૂ થયો છે તે જોતાં તેવો યજ્ઞ થઈ નહિ શકે એવી આશા વધારે પડતી ન લેખાય. આવો યજ્ઞ પ્રજાજનો હવે નહિ થવા દે તેમજ રાજ્ય પણ આવી ઉડાવગીરીને નીભાવી નહિ જ લે. અને એમ પણ કહી શકાય કે લક્ષ્મણચૈતન્ય મહારાજ તે અંગે જે વિરાટ કલ્પના રજૂ કરી રહ્યા છે તેને મૂર્ત રૂપ આપવાનું આજના સંયોગોમાં શક્ય પણ નથી લાગતું. આમ છતાં આજે અત્યન્ત ખર્ચાળ એવાં ધાર્મિક અનુષ્ઠાનો ચોતરફ યોજાઈ રહ્યા છે અને તે પાછળ પાર વિનાનું દ્રવ્ય વેડફાઈ રહ્યું છે— આ આજની હકીકત છે અને આ અંગે પ્રજાજનોએ સચેત થવાની ખૂબ જ જરૂર છે. આ વિરાટ યોજનામાં શ્રી લક્ષ્મણ ચૈતન્ય નિષ્ફળ જશે તો પણ શિહોરમાં થયા એવાં યજ્ઞો સ્થળે સ્થળે યોજવા—ઊભા કરવા—દેશમાં તેઓ ચોતરફ ઘૂમ્યા જ કરવાના અને તેમની માગણીને વધાવનારા હૈયાફૂટા અંધશ્રદ્ધાળુ લોકો તેમને જ્યાંત્યાં મળી જ રહેવાના.

આજે જૈન શ્વે. મૂ. સમાજમાં 'ઉપધાન' અને એવાં બીજા જે ધાર્મિક અનુષ્ઠાનો આગેવાન ધર્માચાર્યો જ્યાં ત્યાં યોજી રહ્યા છે અને તે પાછળ હજારો-લાખો રૂપિયાનું પાણી થઈ રહ્યું છે તે આવા યજ્ઞનું નાનું સ્વરૂપ છે. તાજેતરમાં ખંભાત ખાતે શ્રી વિજયરામચંદ્રસૂરિના માર્ગદર્શન નીચે યોજવામાં આવેલા ઉપધાન અનુષ્ઠાન પાછળ સાંભળવા મુજબ, દશ - બાર લાખ રૂપિયાનું પાણી થઈ ચૂક્યું છે. દેશમાં અતિવૃષ્ટિ થાઓ, અનાવૃષ્ટિ હો, દુષ્કાળ આવો, કોઈ આંધી ચડી આવો-પણ આ આચાર્યો માટે તો સદા સુકાળ જ છે; સદા ચોથો આરો વર્તે છે. તેમને અન્નના અભાવે ભૂખ્યા રહેવું પડતું નથી; પાણીના અભાવે તરસ્યા રહેવું પડતું નથી; વસ્ત્રના અભાવે નગ્ન વિચરવું પડતું નથી; આવાસના અભાવે ખુલ્લામાં પડી રહેવાની અકળામણ અનુભવવી પડતી નથી અને લક્ષાધિપતિઓથી તેઓ સદા ઘેરાયેલા રહે છે. અહિંસાનો ઉપદેશ અપાય છે, ક્રિયાશીલ કરુણાનો સર્વથા અભાવ છે. પ્રસ્તુત લક્ષ્મણ ચૈતન્ય જે કોટિ ચંડી યજ્ઞનો ધજાગરો લઈને નીકળ્યા છે તે આવા ધર્માચાર્યોના એક પ્રતીક રૂપ - એક પ્રતિનિધિ સમાન - છે. જે સમૃદ્ધિના વાતાવરણમાં તેઓ વસે છે એ જ સમૃદ્ધિના વાતાવરણમાં શ્રી વિજયરામચંદ્રસૂરિ કે શ્રી વિજયધર્મસૂરિ અથવા તો કાનજીમુનિ વિચરે છે. આવા આચાર્યોને કોઈ કહેનાર, પૂછનાર કે રોકનાર નથી અને તેથી ધર્મશ્રદ્ધાનાં આવાં કલ્પનાતીત નાટકો આપણા દેશમાં ભજવાયા જ કરે છે. આવાં આવાં નાટકોનો વિરોધ કરવો, તેના યોજકોને પડકારવા અને આવો અવિચારી દ્રવ્યવ્યય શક્ય જ ન રહે એવું ઉગ્ર વાતાવરણ પેદા કરવું એ આજના સમયજ્ઞ યુવકોનો, સમાજના હિતૈષી અગ્રેસરોનો ધર્મ છે. આજની તીવ્ર ભીંસ અને ચોતરફની અકળામણના સમયમાં આવા યજ્ઞનો વિચાર કરવો એ માનવતાનો કેવળ દ્રોહ કરવા બરોબર છે, શ્રી સંપત્તિનું અપમાન છે. આવા દ્રોહથી, આવી બેવકૂફીથી બચીએ એ જ પ્રાર્થના!

પરમાનંદ

☆ સ્વ. સૌજન્યમૂર્તિ પોપટલાલ ગોવિંદલાલ શાહ ☆

વર્ષોજુનો જેમની સાથે સ્નેહસંબંધ હતો એવા વડિલ મુરબ્બી શ્રી પોપટલાલ ગોવિંદલાલ શાહનું તા. ૧૩-૧-૬૯ના રોજ અવસાન થતાં માત્ર મુંબઈ અને મહારાષ્ટ્રે જ નહિ પણ ગુજરાતે એક સંનિષ્ટ સતત સંશોધનશીલ વિદ્વાન પુરુષને ગુમાવ્યો છે. આજથી લગભગ ૪૫ વર્ષ પહેલાં મારા ઝવેરાતના વ્યાપાર–વ્યવસાયના કારણે મદ્રાસ જવાનું થતાં – મારા સ્વર્ગસ્થ મિત્ર ગોવિંદલાલ પુરુષોત્તમદાસ ઝવેરી દ્વારા તેમનો પ્રથમ પરિચય થયેલો. તેઓ તે દિવસોમાં સરકારી હિસાબી ખાતાના એક મુખ્ય અધિકારી તરીકે મદ્રાસ ખાતે નિયુકત હતા. ત્યાર બાદ તેમની મુંબઈ બદલી થતાં તેઓ મુંબઈ આવીને વસ્યા અને એકાઉન્ટન્ટ જનરલના હોદ્દા સુધી પહોંચ્યા. તેમાંથી નિવૃત્ત થતાં પબ્લિક સર્વિસીઝ કમીશનના શરૂઆતમાં સભ્યપદે અને પછી ચેરમેનના પદ સુધી પહોંચ્યા. અને ૧૯૫૧ થી તેઓ સરકારી સર્વ જવાબદારીથી નિવૃત્ત થયા. બાદ ગુજરાત સંશોધન મંડળને તેમણે પોતાની સર્વ શકિતનો યોગ આપ્યો અને તે સંસ્થાનો તેમણે ખૂબ વિકાસ સાધ્યો, અને મુંબઈ બાજુએ આવેલા ખારમાં તે સંસ્થાને તેમના પુરુષાર્થના પરિણામે પોતાનું મકાન પણ પ્રાપ્ત થયું અને તેની પ્રવૃત્તિઓ વધારે ને વધારે ફાલતી ફૂલતી રહી.

તેઓ વર્ષોથી ખારમાં પોતાના જ બંગલામાં સ્થિર થયા હતા. તેમને એક યા બીજી નિમિત્તે અનેકવાર મળવાનું બનતું હતું. તેઓ પૂરા અર્થમાં સૌજન્યમૂર્તિ હતા. મારા પ્રત્યે તેમને ખૂબ સ્નેહ હતો અને પ્રબુદ્ધ જીવનના તેઓ સારા ચાહક હતા. આપણા દેશની આથમતી જતી પેઢીના તેઓ એક સાંસ્કૃતિક પ્રતિનિધિ હતા. ગુજરાતના ઉત્કર્ષમાં તેમને અપૂર્વ રસ હતો અને સંશોધનકાર્યમાં તેઓ સદા ઓતપ્રોત રહેતા હતા. તેમની હરોળના શ્રી કાન્તિલાલ છગનલાલ પંડ્યા, સ્વ. મણિલાલ નાણાવટી, શ્રી હર્ષદભાઈ દિવેટિયા અને બીજા અનેક મહાનુભાવો આજે વિદાય થઈ ચૂકયા છે. તેમા મિત્ર શ્રી મનસુખલાલ માસ્તર પક્ષઘાતના ભોગ બનેલા આજે બિછાનાવશ છે. શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી જરાગ્રસ્ત હોવા છતાં આપણા સદભાગ્યે હજુ કર્મપરાયણ જીવન્ત અને જાગૃત છે. તેમની આગળની હરોળના સાક્ષર શ્રી હિમતલાલ ગણેશજી અંજારિયા ૯૨ વર્ષની ઉંમરના આજે પણ જીવન્ત છે.

શ્રી પોપટલાલભાઈ છેલ્લા દોઢેક વર્ષથી શરીરે ભાંગી ગયા હતા. છએક મહિના પહેલાં તેમને હું મળવા ગયેલો ત્યારે તે કર્મવીર વ્યકિતને સ્થગિત – શિથિલ – blank જોઈને મેં ઊંડી વ્યથા અનુભવી હતી. તેમની સાથે ગુજરાત સંશોધન મંડળમાં વર્ષોથી કામ કરી રહેલા શ્રી મધુરીબહેન શાહે તેમનાં અંગે પરિચયનોંધ લખી આપી છે જે નીચે રજુ કરું છું. પરમાનંદ

શ્રીયુત પોપટલાલ ગોવિંદલાલ શાહનું ૮૧ વર્ષની વયે તા. ૧૩-૧-'૬૯ના રોજ અવસાન નિપજતાં ગુજરાતમાં સંશોધન કાર્યને વેગ અને પ્રેરણા આપતી એક અનોખી શકિતનો વિલય થયો છે. તેઓ ગુજરાત સંશોધન મંડળના સ્થાપક જ નહિ બલ્કે આત્મા સમાન હતા.

શ્રી પોપટલાલ શાહનો જન્મ ડિસેમ્બર ૧૮૮૮ માં થયો હતો. કૉલેજ કાળ દરમ્યાન અનેક શિષ્યવૃત્તિઓ અને ઈનામો મેળવનાર એવા તેમની વિદ્યાર્થીજીવન દરમ્યાનની કારકિર્દી ઘણી જવલંત અને ઉજ્જવળ હતી. શિક્ષણ પૂરું કરી તેમણે રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે પોતાની વ્યવસાયી કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ સનંદી હરીફાઈની પરીક્ષામાં ઉચ્ચ કક્ષા મેળવી ઉત્તીર્ણ થયા બાદ તેમણે મુંબઈ સરકારની નોકરી સ્વીકારી અને પોતાની બુદ્ધિમત્તા અને કામની ચીવટ દ્વારા ઉત્તરોત્તર પ્રગતિ સાધી તેઓ એકાઉન્ટન્ટ જનરલના પદ સુધી પહોંચ્યા હતા. આ પદથી નિવૃત્ત થયા બાદ તેઓ પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય હતા અને સન ૧૯૪૩ થી ૧૯૫૧ સુધી સદર કમિશનની તન-મન-ધનથી સેવા કરી છેવટે તેના ચેરમેનપદથી નિવૃત્ત થયા હતા.

વિજ્ઞાન જેવો કઠિન વિષય સર્વસાધારણ શૈલીમાં જનતા સામે મૂકી તેમણે આ વિષયમાં લોકોનો રસ જાગૃત કર્યો હતો. તેમની સરળ શૈલીમાં લખાયેલાં વિજ્ઞાન વિષેનાં લખાણો, 'વિજ્ઞાન વિહાર', 'વિજ્ઞાન વિનોદ' અને 'વિજ્ઞાન વિચાર'–નામનાં પુસ્તકો દ્વારા પ્રસિદ્ધ થયાં છે. ગુજરાત સાહિત્ય પરિષદમાં વિજ્ઞાન વિભાગમાં તેઓ અગ્રસ્થાને હતા.

સનંદી અધિકારી તરીકેની તેમની સરકારી નોકરી દરમ્યાન તેઓ સતત સંશોધન કાર્ય અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં ગુંથાયલા રહેતા. ઈતિહાસ, પુરાતત્ત્વ અને સાહિત્યમાં તેઓ ઊંડો રસ ધરાવતા.

તેમણે તેમના જીવનકાળ દરમ્યાન આદિવાસીઓની સરસ સેવા બજાવી હતી. આદિવાસીઓ અંગે તેમણે 'દૂબળા', નાયક–નાયકદાસ, ડિનોટિફાઈડ કૉમ્યુનિટિઝ ઑફ વેસ્ટર્ન ઈન્ડિયા, ટ્રાઈબલ લાઈફ ઑફ ગુજરાત વગેરે અનેક સુંદર પુસ્તકો પણ લખ્યાં છે.

મુંબઈમાં સન ૧૯૩૭ માં તેમણે ગુજરાત સંશોધન મંડળની સ્થાપના કરી હતી, સદર સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરી હાલ મહારાષ્ટ્રની એક ગણનાપાત્ર સંસ્થા લેખાય છે. આ સંસ્થા માનસશાસ્ત્ર, કેળવણી, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન વગેરે વિષયો પરના સંશોધનોના લેખો પ્રકટ કરતું ત્રૈમાસિક ચલાવે છે. શ્રી પોપટલાલ શાહના સતત પ્રયાસોના પરિણામે આજે આ મંડળ અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવે છે.

તેમના મૃત્યુથી ગુજરાત સંશોધન મંડળે તેનો આત્મા ગુમાવ્યો છે અને ગુજરાતે સંશોધન કાર્યને વેગ અને પ્રેરણા બક્ષનાર એક મહાન શકિત ગુમાવી છે. મધુરીબહેન શાહ

યમુના–તીર

(આ યમુના–તીર આજનો છે, કૃષ્ણના સમયનો નહીં)

રે મન, ચલ તું યમુના - તીર!
બજી જ્યહીં બંસરી કૃષ્ણની
ઝમ્યા પ્રેમથી સૂર,
આજ એક ના, અનેક કૃષ્ણે
રાધા થઈ, ચકચૂર;
રાસલીલાની ભોમ બની અવ
નવ નવ નૃત્ય – અધીર – રે મન...

હવે હોડમાં દ્રૌપદી મૂકી
'ધર્મરાજ' પસ્તાય?
કુરુક્ષેત્ર તો રોજ નિરંતર
કોઠે પડયાં જણાય;
અઢાર દિનમાં યુદ્ધ પતે તો
'હાશ' ભણે સહુ 'વીર' – રે મન...

રાજ્ય કળામાં નવી ચાતુરી
રોજ રોજ વરતાય,
સારથિ થઈ, જો પ્રભુ પધારે
ઓળખ – પત્ર મંગાય!
પ્રતિબિમ્બ શું ઝીલે હૃદયનું
ડહોળાં યમુના – નીર?
રે મન, જાવું યમુના - તીર?!

ગીતા પરીખ

यद्यपि शुद्धं, लोकविरुद्धं, नाकरणीयं, नाचरणीयम्

('પ્રબુદ્ધ જીવન'ના વાચકોને યાદ આપવું જરૂરી છે કે ઉપરના વિવાદાસ્પદ સૂત્ર ઉપર આજની ૫૦ વર્ષ પહેલાં એક મિત્ર-મંડળીમાં ચર્ચા ગોઠવવામાં આવેલી – એ ચર્ચા દરમિયાન આ સૂત્રનું સમર્થન સ્વ. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડિયાએ કરેલું જે 'પ્રબુદ્ધ જીવન'ના આગળના બે અંકોમાં પ્રગટ થઈ ચૂકયું છે. તેનો વિરોધ કરતાં મેં જે કહેલું તે નીચે રજૂ કરવામાં આવે છે.

પરમાનંદ)

આ આપણ સર્વને સુવિદિત સૂત્રનું વિદ્વાન પક્ષકારે જે સમર્થન કર્યું છે તેનો પ્રતિપક્ષ સ્થાપવાનું કાર્ય મેં માથે લીધું છે. તે આરંભું તે પહેલાં પ્રથમ તો ઉપરોકત સૂત્રનો પ્રચલિત અર્થ સ્પષ્ટ કરવાની જરૂર લાગે છે. તદુપરાંત સાક્ષાત્ ખંડનના કાર્ય ઉપર આવતાં પહેલાં કેટલીક સામાન્ય બાબતોનો પણ ઉલ્લેખ કરવો આવશ્યક છે.

ઉપરોકત સૂત્રનો અર્થ બહુ સામાન્ય છે, છતાં પણ સામાન્ય વસ્તુના સુસ્પષ્ટ ખ્યાલના અભાવે ઘણી વખત ગેરસમજૂતી ઊભી થાય છે. તેનો અર્થ આ મુજબ છે: "આપણે ધારેલું અમુક કાર્ય શુદ્ધ હોય તો પણ જો તે લોક વિરૂદ્ધ હોય તો તે કદિ ન કરવું – કદિ ન આચરવું." 'શુદ્ધ' હોય એટલે કે વિચાર કરતાં તે કાર્ય કરવા લાયક લાગતું હોય, આપણું અન્તઃકરણ સંમતિ આપતું હોય, સર્વ રીતે હિતાવહ લાગતું હોય; લોક વિરુદ્ધ હોય એટલે લોકમતથી વિરૂદ્ધ હોય, સામાન્ય રૂઢિને અસંમત હોય, જનસમાજ તે કાર્યને સંમતિ આપતો ન હોય; 'કરણીય' કે 'આચરણીય'ના અર્થમાં ભેદ નથી, પણ એક બાબત બરોબર ઠસાવવા ખાતર એકાર્થવાચી બે ત્રણ શબ્દોનો ઉપયોગ કરવાની રીતિ કાવ્યવાચકોને સુવિદિત છે. એ રીતે અહિં પણ શુદ્ધ છતાં પણ લોકવિરૂદ્ધ કાર્યની અકરણીયતા ઉપર વધારે ભાર મૂકવા ખાતર અનાચરણીયતાનો પ્રયોગ કરવામાં આવ્યો છે, અથવા તો Doing અને Practisingમાં જે ભેદ રહેલો છે તે ભેદનું 'કરણીય' અને 'આચરણીય' દ્વારા સૂચન કરવામાં આવ્યું છે એમ પણ કહી શકાય.

પ્રસ્તુત સૂત્રની ચર્ચા વ્યષ્ટિ અને સમષ્ટિના સંબંધ પ્રતિ આપણું એકદમ લક્ષ ખેંચે છે અને આ સંબંધની યથાર્થ સમજણ ઉપર જ આપણી ચર્ચાનું સમાધાન અવલંબે છે. વ્યકિતનો સમાજ સાથે શો સંબંધ છે? વ્યકિતની સમાજ પ્રત્યે શી જવાબદારી છે? એ બધી જવાબદારીઓ છતાં પણ વ્યકિતસ્વાતંત્ર્યને જરા પણ અવકાશ છે કે નહિ? અમુક વિચારમાં પોતાને બહુ શ્રદ્ધા હોય પણ સમાજ સ્વીકારતો ન હોય તો તે વિચાર પ્રમાણે આચરવાનો વ્યકિતને હક્ક છે કે નહિ? ઈત્યાદિ પ્રશ્નો બરોબર ઉકેલવાની જરૂર છે.

આપણે સમાજ સાથે એવા બંધને બંધાયેલા છીએ કે તેનો અનાદર આપણાથી કદિ પણ થઈ શકે જ નહિ. સમાજના ઉદયમાં આપણો ઉદય રહેલો છે અને સમાજના નાશમાં આપણો નાશ અન્તર્ભૂત છે એ સર્વથા સત્ય છે. સમાજના આપણે મોટા ઋણી છીએ અને સમાજસેવામાં જ આપણો મોક્ષ છે એ નિઃસંશય છે. સમાજશરીરનાં આપણે અંગો છીએ, અને જેમ દરેક અંગઉપાંગની નાની સરખી પ્રવૃત્તિની સમસ્ત શરીરને ઓછી વધતી અસર પહોંચે છે તેમ જ આપણાં નાનાં મોટાં સર્વ કાર્યોની અસર સમાજને પહોંચ્યા વિના રહેતી નથી. આપણી જીવનવ્યવસ્થા એવી છે કે સમાજ વિના આપણને ઘડિ પણ ચાલી શકે તેમ નથી. આપણને ક્ષણે ક્ષણે આપણા જાતિબંધુઓની સહાયની જરૂર પડે છે. આપણે સમાજની હૂંફે જીવીએ છીએ, સમાજથી તરછોડાયેલ માણસને જીવન બહુ કઠીન થઈ પડે છે. સામાજિક વ્યવસ્થા ઉપર આપણી જીવનવ્યવસ્થાનો મોટો આધાર છે. એક અવ્યવસ્થિત થતાં બીજું પણ તરત જ અવ્યવસ્થિત થવા માંડે છે. આ સર્વ ઉપરથી એ ફલિત થાય છે કે આપણે બધી બાબતોમાં સામાજિક દષ્ટિબિન્દુને કદિ પણ ભૂલવું જોઈએ નહિ. મનમાં આવે તેમ કરવાનો આપણને હક્ક નથી; ઉચ્છૃંખલ વર્તન સમાજનું તેમ જ પોતાનું ઘાતક બને છે. તે માટે આપણી સર્વ કૃતિમાં દીર્ઘ દષ્ટિને પૂર્ણ અવકાશ મળવો જોઈએ અને આપણું વર્તન સામાજિક જીવનને હાનિકર્તા ન નીવડે તે તરફ પૂરતું લક્ષ્ય રહેવું જોઈએ.

આ સર્વે મારે કબૂલ છે. પણ આ સાથે એ પણ ભૂલવું જોઈતું નથી કે સમાજ વ્યકિતઓનો બનેલ છે. સમાજનું જીવન વ્યકિતઓ જ ઘડે છે. સમાજનો વિકાસ કે ધ્વંસ વ્યકિતઓ ઉપર આધાર રાખે છે. જ્યારે સમાજમાં સડો પેસે છે ત્યારે સમાજનો ઉદ્ધાર વ્યકિતઓથી જ થાય છે. આ રીતે વિચારીએ છીએ ત્યારે સુસ્પષ્ટ થાય છે કે સમાજ પ્રત્યે વ્યકિતની અધીનતા સ્વીકારતાં છતાં પણ, સમાજનું ઉન્માર્ગે ગમન દૃશ્યમાન થતાં વ્યકિતને પોતાનું વ્યકિતત્વ દાખવવાનો અધિકાર છે અને આ રીતે વ્યકિત – સ્વાતંત્ર્યને પણ અવકાશ છે.

જ્યાં સુધી સમાજ–સ્વીકૃત માર્ગો સાથે આપણને વિચારભેદ ન હોય ત્યાં સુધી 'જમાલભાઈનો જુદો ચોતરો' એ રીતે આપણે તરંગની ખાતર અન્યમાર્ગગામી થવાની બિલકુલ જરૂર નથી. જ્યાં સુધી રૂઢિગત રીવાજો લોકહિતાવહ જણાતા હોય ત્યાં સુધી તે રીવાજોને આપણે પણ અનુસરવું જોઈએ; તે વિષે બે મત છે જ નહિ. જ્યાં સુધી આપણા લોકોના વિચારો સામાજિક વ્યવસ્થાના પોષક તથા સ્વપરની ઉન્નતિના આવાહક લાગતા હોય ત્યાં સુધી તે વિચારો આપણને અવશ્ય માન્ય તેમજ આદરણીય હોવા જોઈએ. પણ જ્યારે લોકવિચાર એક બાજુએ હોય, અને અન્તઃકરણનો આદેશ બીજી બાજુએ હોય, જ્યારે રૂઢિ કાંઈક કહેતી હોય અને સદ્‌અસદ્‌નો વિવેક અન્ય વસ્તુનું સૂચન કરતો હોય, ત્યારે શું કરવું? લોકો જે ચીલે ચાલતા હોય તે ચીલે ચાલવું, કે પોતાના વિચારને લોકલજ્જા કે લોકોની ટીકાની પરવા કર્યા વિના નિડરપણે અમલમાં મૂકવો? ઉપરોકત સૂત્ર પ્રથમ વિકલ્પ સૂચવે છે; આ લેખનો ઉદ્દેશ બીજા વિકલ્પનું પ્રતિપાદન કરવાનો છે.

સમયના પરિવર્તન સાથે સમાજની વ્યવસ્થામાં યોગ્ય ફેરફારો થવા જ જોઈએ; નહિ તો જેમ બંધાઈ રહેલું પાણી ધીમે ધીમે ગંધાવા માંડે છે અને કાંઈ પણ ઉપયોગનું રહેતું નથી, એટલું જ નહિ પણ, ઉલટું ચારે બાજુના પ્રદેશોમાં અનેક રોગો ફેલાવવાનું નિમિત્ત બને છે, તેમ જે સમાજ કાળપરિવર્તન સાથે પોતાની વ્યવસ્થામાં ફેરફાર કરતો નથી તે સમાજમાં સડો પેસવા માંડે છે, અને પોતાનો તેમ જ અન્યના વિનાશને નોતરે છે. સમાજનો સ્વભાવ સામાન્યતઃ આગળ વધવાનો હોતો નથી, પણ જ્યાં હોય ત્યાં સ્થિર થઈ રહેવાનો હોય છે. લોકસમૂહને ફેરફાર કરવા ગમતા નથી, એટલું જ નહિ પણ, દરેક વ્યકિત પ્રચલિત રૂઢિના પાડેલા ચીલે ચાલે એમ ઈચ્છે છે તથા તેવો આગ્રહ રાખે છે. સમાજ ઘાણીના બળદની માફક પોતે ઉપજાવેલા ચક્રમાં ઘૂમવા માગે છે. વસ્તુસ્થિતિ આમ છે ત્યારે સમય-પરિવર્તનને અનુરૂપ સુધારા કેમ થઈ શકે? અમુક વિચાર, વર્તન કે રૂઢિમાં ફેરફાર કરવાની હવે જરૂર છે એની કેમ ખબર પડે? આ કાર્ય કાળદષ્ટાઓનું છે; સમાજના પ્રશ્નો ઉપર નિરન્તર વિચાર કરતા મહાશયોનું છે. સમગ્ર પરિસ્થિતિનો વિચાર કરીને જે જે સમયે જે જે સુધારાઓ કરવા યોગ્ય લાગે, તથા કાળબળે ઘર કરી રહેલ કુરીવાજો દૂર કરવાની જરૂર લાગે તે સર્વ સમાજના લોકોને જણાવવાની અને જે નવી દિશાએ ગમન કરવાનો સમાજને તેઓ આગ્રહ કરતા હોય તેનો સમાજ આદર કરે કે નહિ તે છતાં પણ તે માર્ગે જવાની પહેલ કરવાની તેઓની ફરજ છે. અને તેમાં જ તેઓનો ખરો

ધર્મ તથા પુરુષાર્થ રહેલ છે. કોઈ પણ નવી વાત, નવો વિચાર સમાજ સ્વેચ્છાએ કે સહેલાઈથી સ્વીકારતો નથી. વ્યક્તિના અસાધારણ પ્રભાવના દબાણ નીચે જ સમાજમાં સુધારા થઈ શકે છે. "આખો સમાજ સ્વીકારે પછી આપણે અમુક કાર્ય કરીએ" – એ વિચારથી આપણું કદિ પણ 'ઊંચું' આવવા પામે જ નહિ. "આ વાત સાચી છે, પણ આપણા લોકોને ગમતી નથી, માટે આપણે ન કરવી" એ વિચાર આપણી ભીરુતા દાખવે છે. જ્યાં સુધી સાચી વાત કહેવાની તથા સાચી રીતે વર્તવાની આપણામાં હિંમત આવી નથી, ત્યાં સુધી આપણો ઉત્કર્ષ થવો કદિ પણ સંભવિત નથી. શુદ્ધ આશયથી સ્વપર-હિતની યોગ્ય તુલના કરતાં જે લાગે તે કહેવામાં તથા કરવામાં જ ખરો પુરુષાર્થ રહેલ છે.

ઈતિહાસ તરફ નજર કરતાં પણ માલૂમ પડે છે કે, સમાજના વિચારમાં પરિવર્તન કરનાર મહાપુરુષોએ કદિ પણ લોકસંમતિ કે લોકવિરુદ્ધતાનો વિચાર કર્યો જ નથી. સમગ્ર આર્યાવર્તમાં જ્યારે યજ્ઞયાગાદિમાં ધર્મ મનાતો હતો, અનેક દેવદેવલાંઓને પૂજવામાં જીવનની સાર્થકતા સમજાતી હતી તથા ભ્રાતૃભાવની વિઘાતક વર્ણભિદની ભાવનાઓ લોકજીવનમાં ઓતપ્રોત થઈ રહી હતી ત્યારે દયાધર્મનું સ્થાપન કરનાર, અનેક પ્રકારના વહેમોનું ઉન્મૂલન કરનાર તથા તત્ત્વચિંતનમાં બુદ્ધિને અગ્રપદ આપનાર ભગવાન્ મહાવીર કે બુદ્ધના જીવનમાં શું ઉપરોકત સત્ય પ્રતીત નથી થતું? પથરા એટલા દેવ પૂજનાર દેશમાં સ્વામી દયાનંદની બલવતી ઉદ્-ઘોષણા શું ધન્યવાદને પાત્ર નથી? ગોસાંઈઓના અત્યાચાર વિરુદ્ધ પોકાર ઊઠાવનાર અને પોતાના સર્વસ્વના ભોગે તેની વિરુદ્ધ જબરું યુદ્ધ કરનાર સ્વ. કરસનદાસ મૂળજીનું ચરિત્ર શું ઉપરોકત કથનને પુષ્ટ નથી કરતું? આવાં અનેક દૃષ્ટાંતો પૂર્વ તથા પશ્ચિમના ઈતિહાસ-માંથી મળી આવશે, અને આ સર્વ ઉપરથી એક જ ઉપનય નીકળી આવશે કે:

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मी : समाविशतु गच्छतु वा यथेष्टम्।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात् पथ : प्रविचलन्ति पदं न धीराः ।।

(વ્યવહારકુશળ માણસો નિન્દા કરો કે સ્તુતિ કરો, લક્ષ્મી પ્રાપ્ત થાઓ કે ચાલી જાઓ, મરણ આજ હો કે યુગાન્તરે હો, પણ ધીર પુરુષો ન્યાયમાર્ગ ઉપરથી એક પગલું પણ પાછું હઠતા નથી.)

હું એમ નથી કહેતો કે લોકમતનો બિલકુલ વિચાર જ ન કરવો. એક કાર્ય કરતી વખતે અનેક બાબતો ધ્યાનમાં લેવાની હોય છે અને તે વિચારણામાં લોકમતને પણ પૂર્વ અવકાશ મળવો જોઈએ. પણ એ સાથે મારે એમ પણ કહેવાનું છે કે આપણે લોકમતના ગુલામ બની જવું ન જોઈએ. કાર્યની ઉચિતતા કે અનુચિતતાનું અનુમાપક યંત્ર Thermometar લોકમત બનવો ન જોઈએ. જો અમુક કાર્ય બીજી બધી અપેક્ષાએ સત્ય લાગતું હોય તો લોકમતની અવ-ગણના કરવામાં હું બીલકુલ દોષ જોતો નથી.

અલબત્ત, એ તો સત્ય જ છે કે લોકમતની ઉપેક્ષા કે અવ-ગણના લોકો પ્રત્યે અપ્રીતિ કે તિરસ્કારમાં પરિણમવી ન જ જોઈએ, તેમ જ અમુક બાબતમાં લોકોનો અભિપ્રાય ન હું સ્વીકારું તે ઉપરથી એવો અર્થ પણ ન થવો જોઈએ કે હું લોકોને ચાહતો નથી. લોકમતનો અનાદર અને લોકપ્રીતિને વિરોધ નથી. સમગ્ર હિન્દમાં વ્યાપી રહેલ હિન્દુ ધર્મનો અનાદર કરનાર ભગવાન મહાવીરના હૃદયમાં લોકો માટે જે કરુણા ભરી હતી તે કરુણાનું બીજું દૃષ્ટાંત ક્યાં મળે એમ છે? અમુક બાબતને લગતા લોકમતનો અનાદર કરવામાં પરિણામે લોકહિત સિદ્ધ કરવાનો જ આપણો આશય હોવો જોઈએ અને એવી ભાવના તથા શ્રદ્ધા ઉપર જ આપણી જીવન-પદ્ધતિ રચાવી જોઈએ.

ઉપરોકત સૂત્રના વિદ્વાન પક્ષકારને મોટો ભય એ લાગે છે કે પોતાના જે વિચાર સમાજ સ્વીકારવા તૈયાર ન હોય, જે વિચારને સમાજ આદર આપે એવું ન હોય તેવા વિચારની પ્રરૂપણા કરવાથી સમાજવ્યવસ્થાનો અંતે લોપ થવાનો. આના ઉત્તરમાં કહેવાનું કે શુદ્ધાશયથી પ્રેરિત એવા વિચારની પ્રરૂપણા કદાચ સમાજમાં ક્ષોભ પેદા કરે, એવા વિચાર વિરુદ્ધ સમાજ કદાચ બંડ ઉઠાવે, પણ તેથી સમગ્ર વ્યવસ્થાનો લોપ થયો હજુ સુધી સાંભળ્યો નથી; એવી ચિન્તા રાખવાનું વિદ્વાન પક્ષકારને કાંઈ કારણ પણ નથી. સમાજમાં ટકી રહેવાની એવી અદ્‌ભુત શકિત રહેલી છે કે સર્વત્ર નિરાશા ઉત્પન્ન કરે તેવા સંયોગો વચ્ચે પણ સમાજની જીવનજ્યોતિ અસ્થિરપણે પણ પ્રજ્વલિત રહ્યા કરે છે. વળી જે વિચારમાં ગઈ કાલે ઉચ્છૃં-ખલતા, નાસ્તિકતા કે પાપમયતાનું સમાજે આરોપણ કીધેલું તે વિચા-રને આજે સમાજે પોતાનો કરી લીધો એવાં દૃષ્ટાંતો કયાં ઓછાં બન્યાં છે?

વિદ્વાન પક્ષકારનો આખો લેખ વાંચતાં તેઓ નીચેની વાત ઉપર બહુ ભાર દેતા હોય એમ જણાય છે: આપણા મનમાં આવે તેમ વર્તીએ અને લોકોની દરકાર ન કરીએ તો આપણને તેમ જ સમાજને ગંભીર નુકસાન થવાનો સંભવ છે. આની કોણ ના કહે છે? પણ અહિં પ્રશ્ન મનમાં આવે તેમ કરવાનો નથી પણ લોકઆનાદત એવા શુદ્ધ વિચારને વર્તનમાં મૂકવાનો છે. વિદ્વાન પક્ષકારને ફરીથી તે સૂત્ર વાંચવાની તથા ખાસ કરીને તેમાં આવતા 'શુદ્ધ' શબ્દ ઉપર તેમનું ધ્યાન ખેંચવાની મને જરૂર લાગે છે. તે કાં તો 'શુદ્ધ' શબ્દને ભૂલી જાય છે અથવા તો 'શુદ્ધ' શબ્દનો 'તરંગજન્ય' કે 'કલ્પનાજન્ય' કે એવો કાંઈ અર્થ કરતા હોય એમ લાગે છે. 'શુદ્ધ' શબ્દમાં બહુ ગંભીર અર્થ રહેલો છે. શુદ્ધ એટલે અન્તઃ-કરણ (Conscience) સંમત, પરમાર્થ દૃષ્ટિથી અનુમત. હવે મારો પ્રશ્ન છે કે આવું શુદ્ધ કાર્ય આત્માનું કે સમાજના હિતનું કઈ રીતે બાધક હોઈ શકે?

તેઓ પ્રશ્ન પૂછે છે કે, સાચી વાત હોય તો સમાજ સ્વીકાર્યા વિના રહે જ કેમ? આ પ્રશ્ન સામાજિક ઈતિહાસનું અજ્ઞાન સૂચવે છે. સામાજિક ઈતિહાસનું યથાયોગ્ય નિરીક્ષણ કરતાં સાચી વાત સમાજે નહિ સ્વીકાર્યાના એક નહિ પણ અનેક દૃષ્ટાંતો મળી આવશે. પાપના અત્યાચાર સામે પોકાર ઊઠાવનાર માર્ટીન લ્યુથરમાં શું સત્ય નહોતું ભર્યું? એમ છતાં લોકોએ તેને કઈ દશાએ પહોંચાડયો હતો? ક્રાઈસ્ટના ભ્રાતૃભાવના ઉપદેશનું તે સમયના લોકોએ કેવું સ્વાગત કીધું હતું? પશ્ચિમમાં આત્માની અમરતા સમજાવનાર, તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં સર્વગ્રાહી દૃષ્ટિબિન્દુથી વિચાર કરતાં શિખવનાર સૉક્રેટીસના લોકોએ કેવા હાલ કીધા હતા? આપણા દેશમાં પણ ગોસાંઈઓના દુરાચાર ખુલ્લા પાડનાર કરસનદાસ મૂળજી પ્રત્યે ભાટિયા જ્ઞાતિએ કેવું વર્તન ચલાવ્યું હતું? સમાજ આંખો બંધ કરીને, કાને પાટા બાંધીને સત્ય અસત્યનો વિવેક કર્યા વગર પોતાના ચીલે ચાલનાર છે. તેની આંખો ઉઘાડવાનું કામ કે કાનના પાટા છોડવાનું કામ સમર્થ વ્યકિતઓનું છે, અને તે વ્યકિતઓ એવું કામ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે સમાજ તેમના પ્રયત્નો સામે કેવો પ્રતિકાર દાખવે છે તે ઉપરના દૃષ્ટાંતોથી સુગમ્ય છે.

હવે વિદ્વાન પક્ષકારના લેખનું જરા બારીકીથી નિરીક્ષણ કરીએ. લેખના આરંભમાં તેઓ કાર્યની આન્તર તથા બાહ્ય અસરનો અને તેવી જ રીતે કાર્યના અંગત અને સામાજિક પરિણામનો ભેદ સમજાવે છે. આ ભેદની વિવક્ષાની અહીં શું જરૂર છે તે મને સમજાતું નથી. કેટલાંક કાર્યો એવાં હોય છે કે જે આત્મપ્રગતિના સાધક હોય પણ સમાજપ્રગતિ સંબંધી નિરપેક્ષ હોય. કેટલાંક કાર્યો એવાં હોય, છે કે જે સમાજહિતના મહાસાધક હોય, પણ જેમાં આત્મહિત પ્રત્યે લક્ષ્ય આપવામાં જ ન આવ્યું હોય. આ બરોબર છે, પણ

સ્વાર્થપરાયણ વૃત્તિના લોકોની સ્વાર્થી પ્રવૃત્તિ બાદ કરતાં આત્મ-હિતનાં સાધક કાર્યો જનહિતનાં કદિ પણ બાધક હોઈ શકે એમ મને લાગતું નથી. તેથી આ દૃષ્ટિબિન્દુ આપણને ઉપરોકત સૂત્રની ચર્ચામાં કોઈ પણ રીતે સહાય કરી શકે તેમ જણાતું નથી. તે લેખમાં આગળ જતાં વિવેકહીન અને વિવેકીનો તફાવત, કાર્યના લાભાલાભનો વિચાર, લોકોને નહિ અનુસરવાથી નિરંકુશતા પેદા થવાનો સંભવ,– આવી કેટલીક બાબતોનો ઉલ્લેખ આવે છે. પહેલી બે બાબતો પ્રસ્તુત વિષયને અસંગત જણાય છે. બીજી બાબતમાં એટલું જ કહેવાનું કે મારા સર્વ કથન માત્રનો ઉદ્દેશ એટલો જ છે કે લોકોની જે જે વાતો સત્ય લાગતી હોય તે તે વાતોને પૂર્ણ ભકિતભાવથી અનુસરવી, પણ જ્યાં લોકમાર્ગનું અનુસરણ અન્તરના આદેશથી વિપરીત હોય ત્યાં જ પોતાને ઈષ્ટ એવા માર્ગે ગમન કરવું ઈષ્ટ છે.

વિદ્વાન પક્ષકાર આગળ જતાં પ્રશ્ન કરે છે કે શુદ્ધ માનવામાં કાં તો સ્વાર્થદૃષ્ટિ હોય અને કાં તો પરમાર્થ દૃષ્ટિ હોય, અને સ્વાર્થદૃષ્ટિની ગણના ધ્યાનમાં લેવાની નથી અને પરમાર્થ દૃષ્ટિથી શુદ્ધ જણાતી બાબતમાં લોકો વિરુદ્ધ પડે જ શાના? અહિં મારે ઉત્તર રૂપે એ જણાવવાનું છે કે કાર્યશુદ્ધિના વિચારમાં સ્વાર્થદૃષ્ટિને જરા પણ અવકાશ છે જ નહિ અને તેથી તેમની પ્રથમ કલ્પના અસદ્ છે. પરમાર્થ દૃષ્ટિએ શુદ્ધ જણાતા કાર્યની વિરુદ્ધમાં લોકો ન પડતા હોય તો પછી મારા નમ્ર મન્તવ્ય પ્રમાણે ઉપરોકત સૂત્રનો જન્મ જ ન થયો હોત.

અપૂર્ણ પરમાનંદ

પ્રજાસત્તાક દિન–પ્રીતિભોજન સમારંભ

તા. ૨૬મી જાન્યુઆરીની રાત્રીના આઠ વાગ્યે હિન્દુ જીમ-ખાનાના ચોગાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનોને અનુલક્ષીને એક ભવ્ય ભોજનસમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભના, અતિથિવિશેષ તરીકે માન્યવર શ્રી ઉછરંગરાય ઢેબર પધારવાના હતા પણ સમારંભના દિવસે જ તેમની તબિયત નાદુરસ્ત હોવાના કારણે તેમની ઉપસ્થિતિ અશકય બની હતી અને તેમના સ્થાને સૌ. પૂર્ણિમાબહેન પકવાસાને અતિથિવિશેષ તરીકે પ્રસ્તુત પ્રસંગને શોભાવવા વિનંતિ કરવામાં આવી હતી અને તે વિનંતિનો તેમણે સરળપણે સ્વીકાર કર્યો હતો. આ સમારંભમાં સંઘના સભ્યો અને કુટુંબીજનો મળીને લગભગ ૨૦૦ ભાઈબહેનોએ ભાગ લીધો હતો અને નિમંત્રિત લગભગ ૨૦ ભાઈ બહેનો ઉપસ્થિત થયાં હતાં. આવા આયોજનના કારણે અનેક પૂર્વપરિચિત ભાઈ બહેનોને પરસ્પર મળવાની સુંદર તક સાંપડી હતી. ઉપસ્થિત વ્યકિતઓમાં ન્યાયમૂર્તિ નરેન્દ્ર નથવાણી, શ્રી ભવાનજી અરજણ ખીમજી, ડૉ. ચીમનલાલ શ્રોફ, શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ડૉ. મુકુંદ પરીખ, શ્રી ચીમનલાલ પી. શાહ, શ્રી લીલાધર પાસુ શાહ, શ્રી મનુભાઈ મહેતા, (તંત્રી, જન્મભૂમિ) શ્રી મનુભાઈ અમૃતલાલ શેઠ, શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, શ્રી કાન્તિલાલ કેશવલાલ તલકચંદ, ડૉ. કેશવલાલ એમ. શાહ, શ્રી. ચંદુલાલ મોહનલાલ ઝવેરી, શ્રી રિષભદાસ રાંકા, શ્રી ગિજુભાઈ મહેતા, ડો. લાખાણી, શ્રી. અમૃતલાલ જેઠાલાલ શાહ વગેરે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે સંબંધ ધરાવતા અગ્રગણ્ય મિત્રોનો સમાવેશ થતો હતો.

ભોજન બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ અતિથિવિશેષ સૌ. પૂર્ણિમાબહેન પકવાસાનો પરિચય કરાવ્યો હતો અને ત્યાર બાદ શ્રી પૂર્ણિમાબહેન અને સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહનાં પ્રેરક પ્રવચનો થયાં હતાં અને સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભારવિધિ કર્યો હતો. રાત્રીના દશ વાગ્યા લગભગ સૌ ભોજન અને પછીના પ્રવચનો અંગે ઊંડી પ્રસન્નતા વ્યકત કરતાં છૂટાં પડયાં હતાં. પ્રસ્તુત પ્રવચનો 'પ્રબુદ્ધ જીવન'ના આગામી અંકમાં વિગતવાર રજૂ કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

ચૈતન્ય દીપને

ચાલી ગયા ચૈતન્યનો દીપક જલાવી
બાપુ ગાંધી.
જ્યોત ઝાંખી શીઘ્ર થઈને વાટ કજળી
મોગરો બાઝી ગયો, ને
દેશમાંહી દસ દિશએ ફેલી રહી
છે આજ આંધી.
તો પછી સુખચેનથી સુતા હશો
કાં? જઈ યમુનાના કિનારે જ્યાં
સમાધિ?
આપને તો પીડતી'તી દીન દરિદ્રીઓ–
તણી, બસ આધિ –
વ્યાધિ.
વીતી શતાબ્દી જન્મની ઊજવે અહીં
ભારતજનો, ને નામથી ચરવા તણો
અહિંયા સદા મહિમા ઘણો.
આપ રચનાત્મક સદા કાર્યના, કર્તા પ્રણેતા
ખુદ હતા,
પણ અમે એ કાર્યક્રમમાં ગોઠવી
જનતા જનાર્દન પાસ તો પહોંચાડશું
ને એમ શતાબ્દી માણશું, ને
સર્વોદય સાકાર કરશું.
જુઓ શતાબ્દી અંગ વિવિધ પ્રવૃત્તિઓ
આદરી ને સર્વ પક્ષો એજ પૂરતી
દાખવે બિરાદરી.
કાવ્યને સાહિત્યનાએ સર્વ ક્ષેત્રે, વિવિધ –
ભાષીઓ સહુ નીજ નીજ રીતે ...
અખબારના એકેક પાને, જ્યાં જુઓ
બસ ગાંધી ગાંધી.
આ પણ શતાબ્દી અંગની છે
એક આંધી.
ભરતી પછીની ઓટ સમ સમી જશે
એ જ્યારે આંધી,
પછી યાદ પણ કયારેક કરશું
બાપુ ગાંધી.

સુશીલા ઝવેરી

મુદ્રણ–શુદ્ધિ

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ ચંદ્ર આસપાસ એપોલો-૮ ની ઐતિહાસિક યાત્રાના લેખમાં આપેલ ચિત્રની ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું અન્તર લગભગ ૩,૩૦,૦૦૦ માઈલ દર્શાવાયું છે તેના સ્થાને ૨,૩૦,૦૦૦ માઈલ વાંચવું. તંત્રી.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી રેટ્ટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૨૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૯, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ પ્રકીર્ણ નોંધ ☆

ગાંધીવિચારધારાના શ્રદ્ધાવાન પુરસ્કર્તા સ્વર્ગસ્થ શ્રી મગનભાઈ દેસાઈ

ફેબ્રુઆરી માસની પહેલી તારીખે બે વાગ્યે છએક કલાકના હૃદયરોગના હુમલાના પરિણામે ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ ઉપકુલપતિ, જાણીતા ગાંધીવાદી અને 'સત્યાગ્રહ' સાપ્તાહિકના તંત્રી શ્રી મગનભાઈ દેસાઈનું ૬૯ વર્ષની ઉંમરે અવસાન થતાં આપણા ગુજરાતીભાષી વિશાળ સમાજને એક સંનિષ્ઠ પ્રજાસેવકની ખોટ પડી છે. તેમના સતત કર્તવ્યપરાયણ જીવનની નીચે મુજબની રૂપરેખા છે:

શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈનો જન્મ તા. ૧૧-૧૦-૧૮૯૯ના રોજ થયો હતો. તેમનું મૂળ વતન નડિયાદ. પિતાનું નામ પ્રભુદાસ લાખાભાઈ દેસાઈ, માતાનું નામ હીરાબહેન ઉર્ફે સૂરજબહેન. માતાપિતા બન્ને ખૂબ જ ધાર્મિક વૃત્તિનાં હતાં. પિતા નિયમિત સંતરામ મંદિરમાં દર્શને જતા. ૧૧ વર્ષે માતાનું મૃત્યુ થયું. ૧૫ વર્ષે નડિયાદમાં ફાટી નીકળેલા કૉલેરામાં પિતાનું મૃત્યુ થયું ત્યારે મગનભાઈના મોટા ભાઈ પૂના સરકારી ડેરીમાં નોકરી કરતા હતા. મોટા ભાઈનું નામ ગોરધનભાઈ હતું. તેમનું પૂનામાં મૃત્યુ થયું હતું. મગનભાઈ પોતાના કાકાના જ્યેષ્ઠ પુત્ર ફૂલાભાઈ સાથે રહીને મેટ્રિક થયા. વિદ્યાર્થીકાળમાં મગનભાઈ બધી રમતો રમતા. ક્રિકેટનો પણ તેમને સારો શોખ હતો. ૧૭ મા વર્ષે તેઓ મેટ્રિક થયા હતા. મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થઈ તેઓ શિક્ષણ લેતા હતા ત્યારે ગોકળદાસ તેજપાલ બોર્ડિંગમાં રહેતા. આ વખતે જ તેમને મોરારજીભાઈની ઓળખાણ થઈ હતી. મોરારજીભાઈ ત્યારે મિશન કૉલેજના ફેલો હતા. બી. એ. ના થોડા સમય અગાઉ જ ગાંધીજીની અને આઝાદીની ચળવળની અસરમાં આવી અંગ્રેજીના બહિષ્કાર માટે કૉલેજ છોડી. ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા. તા. ૩-૮-૧૯૩૭ થી ગુજરાત વિદ્યાપીઠના મહામાત્રપદે હતા. ૨૮-૬-૧૯૪૭ થી શ્રી મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલયના આચાર્ય થયા હતા. ૧૯૩૨ અને ૪૨ માં મગનભાઈ જેલમાં ગયા હતા. તા. ૨૮-૬-૧૯૬૧ સુધી તેઓ ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર રહ્યા. ૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ચૂંટાયા. ૧૯૬૦માં માધ્યમના સવાલ ઉપર તેમણે રાજીનામું આપ્યું.

શ્રી મગનભાઈ દેસાઈ, 'હરિજન બંધુ' તથા 'હરિજન સેવક'ના તંત્રી હતા. આ બે પત્રો કેટલાક સમયથી બંધ થયા છે. છેલ્લા સાડા આઠ વર્ષથી તેઓ 'સત્યાગ્રહ' નામના સાપ્તાહિક પત્રનું સંપાદન કરી રહ્યા હતા, જેનું પ્રકાશન શ્રી મગનભાઈ દેસાઈના અવસાનના કારણે બંધ કરવામાં આવનાર છે એમ જાહેર કરવામાં આવ્યું છે.

શ્રી મગનભાઈ એક સારા લેખક હતા. ગાંધીવાદી વિચારસરણીનો પુરસ્કાર કરતા અને તેને સ્પષ્ટ રીતે સમજાવતાં તેમના તરફથી ૨૫થીવધારે પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. આ પુસ્તકોમાં સત્યાગ્રહની મિમાંસા, અંગ્રેજી વેપારશાહી, કળા એટલે શું?, યોગ એટલે શું?, કઠોપનિષદ, રાજા રામમોહનરાય, ગાંધીજી, કુમારી હેલન કેલર–વગેરેનો સમાવેશ થાય છે. તેમના એક પુસ્તક 'કૃષ્ણ–અર્જુન સંવાદ'ને ગુજરાત સરકાર તરફથી પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

શ્રી મગનભાઈ સાથે મને વર્ષોજૂનો પરિચય હતો. હજુ ગયા ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં અમદાવાદ ખાતે આચાર્ય યશવન્ત શુકલનાં પુત્રીને લગતા સ્વાગત સમારંભમાં તેમને મળવાનું બન્યું હતું. મગનભાઈમાં આજે સામાન્યતઃ વિરલ એવું સ્પષ્ટવકતૃત્વ હતું, જો કે આ સ્પષ્ટવકતૃત્વ સામાના દિલમાં અવારનવાર ડંખ–કટુતા પેદા કરવામાં પરિણમતું. આમ છતાં તેમની સત્યનિષ્ઠા સૌ કોઈના દિલમાં આદર ઉપજાવે તેવી હતી. તેમનામાં એક પ્રકારની મક્કમતા અને આગ્રહીપણું હતું અને આ કારણે તેમનામાં અનોખું વ્યક્તિત્વ અનુભવાતું હતું. તેઓ ગાંધીવિચારધારાના એક વફાદાર પ્રતિનિધિ હતા. તેઓ પોતાની પાછળ પોતાનાં પત્ની શ્રી. ડાહીબહેનને મૂકી ગયા છે જેઓ, મગનભાઈની અનેકવિધ સેવાઓના કારણે, આપણી ઊંડી સહાનુભૂતિના અધિકારી બને છે. વ્યક્તિગત રીતે હું પણ એક પ્રેમાળ સન્મિત્રને ગુમાવ્યાની ખોટ અનુભવું છું અને તેમના પવિત્ર આત્માને મારા અન્તરની અંજલિ અર્પણ કરું છું.

જૈનધર્મ વિશ્વધર્મ ? એક ચિન્તન

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં મુનિ સન્તબાલજીનો પત્ર પ્રગટ કરવામાં આવ્યો છે.તેમાં શ્રીમદ્ રાજચંદ્રનું એક વિધાન "જે બધા ધર્મોમાં છે તે જૈનમાં છે જ, પણ જૈનમાં ઘણું એવું છે કે જે બીજા કોઈ ધર્મમાં નથી." આ આધાર લઈને મુનિ સન્તબાલજી જણાવે છે કે "જૈનધર્મ ખરેખર જ વિશ્વધર્મ છે જ." આ મુદ્દાની મારી સમજણ મુજબ થોડી ચર્ચાવિચારણા કરવી એ આ નોંધનો આશય છે.

પ્રત્યેક ધર્મમાં અમુક તત્ત્વો સમાનપણે નજરે પડે છે. પ્રત્યેક ધર્મમાં કોઈ ને કોઈ ઈષ્ટદેવની કલ્પના હોય છે. તેમાં જીવ, જગત્ અને ઈશ્વર એ ત્રણ તત્ત્વોનો કાંઈક ઉકેલ સૂચવતી તાત્ત્વિક વિચારસરણી હોય છે. આ ઉપરાંત કોઈ ને કોઈ આકારનો કર્મકાંડ પણ હોય છે. આમ માનવીમાં રહેલ ભક્તિ, જ્ઞાન અને કર્મના વળણને પોષનારાં તત્ત્વો ઓછા વધતા અંશે દરેક ધર્મમાં હોય છે.

આ સમાન બાજુ સાથે દરેક ધર્મમાં તેને અન્ય ધર્મથી જુદી પાડતી અમુક વિશેષતા હોય છે. વિશેષતા એટલે અમુક વિચાર, અથવા સિદ્ધાંત ઉપર વધારે ભાર. દા. ત. જૈન ધર્મ અહિંસાપ્રધાન છે એમ આપણે કહીએ છીએ એનો અર્થ એમ નથી કે અન્ય ધર્મો અહિંસાના તત્ત્વને સ્વીકારતા નથી, પણ એનો અર્થ એમ છે કે જૈન ધર્મ અહિંસાના તત્ત્વનો વધારે ઊંડાણથી વિચાર કરે છે અને તે વિચારને વધારે આચરણલક્ષી બનાવે છે. વેદાન્તમાં અદ્વૈત ઉપર જે ભાર મૂકવામાં આવે છે તે અન્યત્ર જોવામાં આવતો નથી.

આજના ધર્મોને બે પ્રકારમાં વહેંચી શકાય છે. ઈશ્વરવાદી અને અનીશ્વરવાદી. ઈશ્વર એટલે આ વિશ્વનો નિર્માતા અથવા તો નિયન્તા. જૈન ધર્મ તેમ જ બૌદ્ધધર્મ આવા કોઈ ઈશ્વરનો અસ્વીકાર કરતા હોઈને અનીશ્વરવાદી તરીકે ઓળખાય છે, જ્યારે

દુનિયાના બીજા ધર્મો મોટા ભાગે ઈશ્વરવાદી હોવાનું જોવામાં આવે છે.

'વિશ્વધર્મ' શબ્દથી જો આપણે એમ કહેવા માગતા હોઈએ કે જૈન ધર્મ માનવીના અમુક સમુદાયને પ્રભાવિત કરતો – આ વિશ્વમાં પ્રચલિત અનેક ધર્મોમાંનો – એક ધર્મ છે તો તે કથન સર્વાંશે બરોબર છે, પણ જો આપણે 'જૈન ધર્મ'ને વિશ્વધર્મ તરીકે ઓળખાવતાં એમ કહેવા યા સૂચવવા માગતા હોઈએ કે બીજા ધર્મોમાં છે એ બધું જૈન ધર્મમાં છે અને જૈનમાં ઘણું એવું છે કે જે બીજા ધર્મમાં નથી, તો તેમ વિચારવું બરોબર નથી. દરેક ધર્મની અમુક લાક્ષણિકતા હોય છે જે તેવા સ્વરૂપે અન્ય ધર્મોમાં હોતી નથી. ધર્મ એટલે ચોક્કસ પ્રકારનું જીવનદર્શન. આવો ધર્મ, તેનો જ્યારે ઉગમ થયો હોય છે તે તે કાળ અને ક્ષેત્રમાં વસતી અમુક જનતાની આધ્યાત્મિક અને ભાવનાત્મક કક્ષા, પરિસ્થિતિ અને જરૂરિયાતો મુજબ નિર્માણ થાય છે અને વિકાસ પામે છે. આ રીતે નિર્માણ પામેલો ધર્મ અમુક એક સમુદાયને જે વૈચારિક સમાધાન આપી શકે છે તે જ ધર્મ અન્ય સમુદાયને તે પ્રકારનું સમાધાન આપવામાં અસમર્થ નીવડે છે. 'જૈન ધર્મ'ના સંદર્ભમાં આપણે વિચાર કરીએ તો માલૂમ પડશે કે ઈશ્વરને ગળથૂથીમાંથી સ્વીકારીને ચાલનાર વર્ગને અનીશ્વરવાદી એવો 'જૈન ધર્મ' કે 'બૌદ્ધ ધર્મ' કોઈ પણ રીતે સમાધાન આપી નહિ શકે, જ્યારે આત્મતત્વની અનન્ત શક્તિમત્તા અને કર્મપુરુષાર્થને મહત્વ આપનાર વર્ગને જૈન કે બૌદ્ધ ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ ખરું સમાધાન આપી નહિ શકે.

આ રીતે વિચારતાં શ્રીમદ્ રાજચંદ્રના અમુક વિધાન ઉપર આધારિત એવું મુનિ સન્તબાલજીનું વિધાન "જૈન ધર્મ ખરેખર જ વિશ્વ ધર્મ છે જ" સ્વીકાર્ય બની શકતું નથી. વળી આવા એકાન્તિક વિધાનમાં પોતાના સંપ્રદાયદ્વારા પ્રાપ્ત થયેલ ધર્મનું અન્ય ધર્મોની અપેક્ષાએ આત્યન્તિક ચડિયાતાપણું સૂચિત થાય છે. શ્રીમદ્ રાજચંદ્રના સમય પછી આજ સુધીમાં ઘણો વૈચારિક વિકાસ થયો છે અને ધર્મોવિષયક ઉદારતા પણ સારા પ્રમાણમાં કેળવાયેલી છે. એ દિવસોમાં મહર્ષિ રામકૃષ્ણ પરમહંસની સર્વધર્મઉપાસનાની આપણા મોટા ભાગના વિચારકોને જાણ પણ નહોતી. વળી ગાંધીજીએ આપણને જે સર્વધર્મસમભાવની ભાવના આપી છે તે ધોરણે વિચારનાર વ્યક્તિ શ્રીમદ્ રાજચંદ્રના કે મુનિ સન્તબાલજીના એકાન્તિક કથનને સ્વીકારી ન જ શકે, તેની દૃષ્ટિ બધા ધર્મોમાંથી સારતત્ત્વ તારવવા તરફ જ હોય અને દુનિયાના ધર્મોને ન્યુનાધિક ભાવે જોવાનું–વિચારવાનું તે પસંદ ન કરે.

અહીં એ સ્પષ્ટ કરવું ઘટે છે કે સર્વધર્મસમભાવની ભાવના સ્વીકારવા છતાં કોઈ પણ માનવી જન્મપ્રાપ્ત અથવા તો સંયોગપ્રાપ્ત ધર્મની ઉપાસના પોતાને વધારે અનુકૂળ છે એમ જરૂર કહી શકે છે અને તે મુજબ વર્તી શકે છે. આવા વળણને સર્વધર્મસમભાવની ભાવના સાથે કોઈ વાંધો કે વિરોધ છે એમ વિચારવું એ બરોબર નથી. જેમ સમુદાયે સમુદાયે રહેણીકરણીમાં ભિન્નતા હોય છે અને એમ છતાં એ કારણે અમુક રહેણીકરણી વધારે ઊંચી કે નીચી એમ માનવા યા મનાવવાને કોઈ કારણ નથી તેવું જ આ બાબતમાં સમજવું યા વિચારવું ઘટે છે.

આ ઉપરથી તાત્પર્ય એ છે કે માત્ર 'જૈનધર્મ' જ વિશ્વધર્મ છે અથવા તો વિશ્વધર્મ બનવાને યોગ્ય છે એમ કહેવું એ સમ્યક ચિન્તન નથી; એમ વિચારવું એ કેવળ એક પ્રકારનું ધર્માભિમાન છે. આમ જણાવીને 'જૈન ધર્મ'ની ગુણવત્તાનો હું જરા પણ ઊતરતો અંક સૂચવવા માગું છું એમ કોઈ ન સમજે. વસ્તુતઃ 'જૈન ધર્મ'ના સ્વીકાર એ પણ એક પ્રકારની વ્યક્તિગત યોગ્યતાની – અધિકારની – અપેક્ષા રાખે છે. તે ધર્મ તરફ તે વ્યક્તિનું આકર્ષાણ થવાનું છે કે જેના દિલમ કરુણાની જાગૃતિ થઈ હોય, જેનામાં આત્મબળે પોતાનો ઉદ્ધાર સાધવાની તમન્ના હોય. 'જૈન ધર્મ'નો પ્રધાન સૂર જ્ઞાન અને તપ હોઈને ભક્તિનું તત્વ જેનામાં પ્રધાનપણે હોય તે વ્યક્તિ 'જૈન ધર્મ' પ્રત્યે આકર્ષાણ ન અનુભવે એમ બનવાજોગ છે. આવા વિવેકપૂર્વક 'જૈન ધર્મ' અને તેના સંદર્ભમાં અન્ય ધર્મોનો વિચાર કરવો ઘટે અને મારો જ ધર્મ સર્વોત્કૃષ્ટ છે એવા અભિમાનમાં ખેંચાવું ન ઘટે. અલબત્ત મારો ધર્મ મારા માટે સંપૂર્ણપણે આદરણીય અને એ અર્થમાં સર્વોત્કૃષ્ટ હોઈ શકે છે પણ અન્યને માટે અન્ય ધર્મ એટલો જ આદરણીય અને સર્વોત્કૃષ્ટ હોઈ શકે છે – આવી વિવેકપ્રાપ્તિ આ ચિન્તન–ચર્ચામથી ફલિત થાય એવી અપેક્ષા છે.

પરમાનંદ

શ્રી ભારત જૈન મહામંડળનો પરિપત્ર

શ્રી ભારત જૈન મહામંડળની કાર્યવાહી તરફથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી લાલચંદ હીરાચંદ દોશી, શાહુ શ્રેયાંસપ્રસાદ જૈન, શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી તથા શ્રી પ્રતાપ ભોગીલાલની સહીથી સંસ્થાનો પરિચય અને જરૂરિયાતનો ખ્યાલ આપતો નીચે મુજબનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે:–

શ્રી ભારત જૈન મહામંડળની અપીલ

'જૈન સમાજમાં એકતા અને ભ્રાતૃભાવ વધે' એ ઉદ્દેશથી આ સંસ્થાની સ્થાપના આજથી ૭૫ વર્ષ પહેલાં કરવામાં આવી છે, ત્યારથી જૈનોના બધા સંપ્રદાયો વચ્ચે એકતા સ્થાપિત કરવાના સંસ્થાના પ્રયત્નો ચાલુ રહ્યા છે.

સંસ્થાનાં–ભારતમાં જુદે જુદે સ્થળે મળેલાં–અધિવેશનોમાં જેમણે પ્રમુખસ્થાન શોભાવેલાં, તેમાં નીચેના જાણીતા નેતાઓનો સમાવેશ થાય છે: શ્રી વાડીલાલ મોતીલાલ શાહ, ગુલાબચંદજી ઢઢ્ઢા, કુંદનમલજી ફીરોદિયા, 'જન્મભૂમિ' પત્રોના સંપાદક શ્રી અમૃતલાલ શેઠ, શ્રી માણેકચંદ ઝવેરી, શ્રી સોહનલાલજી દુગડ, શ્રી તખતમલજી જૈન, શ્રી કે. ટી. શાહ, શેઠ અચલસિંહજી જૈન, શ્રી રાજમલજી લલવાણી, ડૉ. હીરાલાલજી જૈન, શાહુ શાન્તિપ્રસાદજી જૈન, શેઠ લાલચંદ હીરાચંદ દોશી, શેઠ અમૃતલાલ કાળીદાસ દોશી વિગેરે.

જન એકતાના સ્થાપિત હેતુ માટે બધા ફિરકાઓનો મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવ તથા ક્ષમાપના (વિશ્વ–મૈત્રી) દિન સાથે મળીને ઉજવવામાં આવે છે. દેશની અનેક સેવા અને શિક્ષણની સંસ્થાઓનો લાભ બધા સંપ્રદાયોના લોકોને મળે, તેવા પ્રયાસો મંડળે કર્યા છે. તથા વિદ્યાર્થીઓને બે લાખ રૂપિયાની છાત્રવૃત્તિ જુદાજુદા ટ્રસ્ટો તરફથી અપાવી છે.

શ્રી મહાવીર કલ્યાણ કેન્દ્ર તરફથી બિહાર દુષ્કાળમાં રાહત પહોંચાડી તથા ગુજરાત રેલ સંકટમાં મદદ અને લોન આપી છે.

સને ૧૯૬૨ ની વસતી ગણતરીમાં જૈનોને માર્ગદર્શન આપ્યું હતું તેમ જ ધાર્મિક ટ્રસ્ટ કાનૂન પ્રસંગે પ્રતિનિધિમંડળ દ્વારા જૈન સમાજનો અવાજ રજૂ કર્યો હતો.

મંડળ તરફથી "જૈન જગત્" માસિકનું પ્રકાશન થાય છે, તેમજ પંડિતો દ્વારા પુસ્તકો લખાવીને તેનું પ્રકાશન અવારનવાર કરવામાં આવે છે.

સમસ્ત જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી આ એક જ સંસ્થા છે, જે ૭૫ વર્ષથી જૈન સમાજમાં એકતા માટે વાતાવરણ સર્જવા પ્રયત્નો કરે છે. આપણા સમાજના સંગઠનના અભાવે જૈનોને ઘણું સહન કરવું પડયું છે. મહાવીર જયન્તીની રજા પણ આપણે મેળવી શકયા નથી. સમાજમાં એક સંસ્કારી, શિક્ષિત અને વગદાર વર્ગ તૈયાર કરવો જોઈએ, જે સાંપ્રદાયિક મમત્વથી પર થઈ, સમસ્ત સમાજનો વિચાર કરે અને તેનું હિત ચિન્તવે.

ઉપરાંત ભગવાન શ્રી મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ ઉત્સવને શાનદાર રીતે ઉજવવા મંડળ તરફથી પ્રયાસો શરૂ થઈ ચૂકયા છે. અને તે માટે શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે દેશના આગેવાન જૈનોની એક સમિતિની રચના કરવામાં આવી છે, જે દ્વારા પ્રચાર, સાહિત્ય પ્રકાશન, જૈન સાહિત્ય અને કલાનાં પ્રદર્શનો અને પરિસંવાદો યોજવામાં આવશે.

ભારત જૈન મહામંડળને પ્રતિ વર્ષ ખર્ચમાં તોટો રહે છે અને જે વ્યાપક કાર્ય તેની સમક્ષ પડયું છે તેને પહોંચીવળવાની આર્થિક વ્યવસ્થા નથી. સમય આવી લાગ્યો છે જ્યારે મહામંડળને સતેજ અને સક્રિય બનાવી, સમાજનું સંગઠન કરવું જોઈએ. આ સતત આર્થિક ચિન્તા ટાળવા માટે એક સ્થાયી ફંડ કરવાનો નિર્ણય કર્યો છે.

જેને માટે રૂપિયા બે લાખ એકત્રિત કરવા જરૂરી છે.

સંસ્થાની ઉપર જણાવેલી જરૂરિયાત ધ્યાનમાં લઈને આગામી માર્ચ માસની ૧૧ મી તારીખે બિરલા માતુશ્રી સભાગારમાં એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે અને એ પ્રસંગે એક સુવેનીર બહાર પાડવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા અને આ સુવેનીરમાં જાહેરાત આપવા જૈન ઉદ્યોગપતિઓ અને વ્યાપારીભાઈઓને અમારી આગ્રહભરી વિનંતી છે.

સહાય તથા સુવેનીરની જાહેરાત મોકલવા નીચેના સ્થળે સંપર્ક સાધવા વિનંતિ છે :

૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, એક્ઝામિનર બિલ્ડિંગ, ૧લે માળે, દલાલ સ્ટ્રીટ, કોટ, મુંબઈ - ૧.

૨. શ્રી રિષભદાસજી રાંકા, લક્ષ્મીમહલ, ફ્લેટ નં. ૬, બમનજી પેટીટ રોડ, મુંબઈ-૬.

૩. શ્રી જેઠાભાઈ ઝવેરી, ભારત બિજલી લિ. ઉદ્યોગ નગર, કિંગ્ઝ સર્કલ, મુંબઈ-૨૨.

૪. શ્રી ગિજુભાઈ મહેતા, બોમ્બે ડ્રગ ડિસ્ટ્રીબ્યુટર્સ પ્રા. લિ. પ્રોક્ટર રોડ, મુંબઈ-૭.

૫. શ્રી રમણલાલ સી. શાહ, ૫૦૧, કાલબાદેવી રોડ, બીજે માળે, મુંબઈ-૨.

૬. શ્રી જટુભાઈ મહેતા, ૧૪૧, ફોર્ટ સ્ટ્રીટ, ફ્રામ્જી હાઉસ, ૧લે માળે, બોરીબંદર, મુંબઈ-૧.

તંત્રીનોંધ

આ પરિપત્રના સમર્થનમાં જણાવવાનું કે જૈન સમાજના ભિન્ન ભિન્ન ફિરકાઓ વચ્ચે એકતા અને ભ્રાતૃભાવ વધે એ માટે જેટલો આગ્રહ ભારત જૈન મહામંડળનો રહ્યો છે તેટલો જ આગ્રહ મુંબઈ જૈન યુવક સંઘનો રહ્યો છે અને પ્રબુદ્ધ જીવન દ્વારા આ એકતાના વિચારનું અવારનવાર નાની મોટી ટીપ્પણી દ્વારા સમર્થન થતું રહ્યું છે. આ હકીકતને ધ્યાનમાં લઈને મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને અને પ્રબુદ્ધ જીવનના વાચકોને, ભારત જૈન મહામંડળના કાર્યવાહકોની આ અપીલને સક્રિય રીતે ટેકો આપવા પ્રાર્થના છે. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ છે તેવી જ રીતે ભારત જૈન મહામંડળના આજના પ્રમુખ છે.

પ્રસ્તુત બે લાખની રકમ એકઠી કરવા પાછળ એવું એક સંયુકત કાર્યાલય ઉભું કરવાનો આશય છે કે જે દ્વારા ભારત જૈન મહામંડળ, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર અને ભગવાન મહાવીરના ૨૫૦૦ મી નિર્વાણ શતાબ્દીના કાર્યને વેગ આપી શકાય અને આ ત્રણે સંસ્થાના હેતુ અને ઉદ્દેશો સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પૂરી સહમતી છે. તો આ કાર્ય ભારત જૈન મહામંડળનું નહિ પણ આપણા મુંબઈ જૈન યુવક સંઘનું છે એમ સમજી તેની અર્થલક્ષી અપીલને આવકારવા – અપનાવવા વિનંતિ છે.

પરમાનંદ

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું જાહેર વ્યાખ્યાન

"આજના રાજકીય પ્રવાહો"

☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૨ મી ફેબ્રુઆરી શનિવાર સાંજના છ વાગ્યે ધી ગ્રેન, રાઈસ ઍન્ડ ઑઈલ સીડ્ઝ મરચન્ટ્સ એસોસીએશનના સભાગારમાં – મસ્જિદ બંદર રોડ, બેંક ઑફ બરોડા સામે – શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું 'આજના રાજકીય પ્રવાહો' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સભ્યોને વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

મુંબઈમાં અરાજકતાના ચાર દિવસ

શિવસેના પ્રેરિત તોફાનો તા. ૮ મી ફેબ્રુઆરીની રાતથી તા. ૧૧ મી ફેબ્રુઆરી સુધી ચાલ્યાં અને તે દ્વારા કેટલીક જાનહાનિ અને પારવિનાની માલમિલકતની બરબાદી થઈ અને પ્રજાજનોને પણ અપાર યાતના ભોગવવી પડી. મુંબઈમાં વર્ષોથી વસવાટ હોવાના કારણે આવાં તોફાનો – પછી તે હિન્દુ મુસલમાન વચ્ચેનાં હોય કે ગુજરાતી મહારાષ્ટ્રીઓ વચ્ચેના હોય–આજ સુધીમાં અનેક વાર નજરે નિહાળ્યાનું બન્યું છે, પણ આગળનાં અને આ વખતનાં તોફાનોમાં મહત્ત્વનો તફાવત હતો. આગળનાં તોફાનો મુંબઈના અમુક વિભાગ પૂરત. મોટા ભાગે મર્યાદિત રહેતાં. આ વખતનાં તોફાનો મુંબઈના અનેક વિભાગો અને મુંબઈ બહારના કેટલાંક પરાંઓ સુધી વિસ્તરેલાં હતાં. આગળનાં તોફાનો લોકો ટોળે મળીને કરતાં અને તેથી તેને પોલીસ અથવા તો લશ્કરના કાબૂ નીચે લાવવાનું સરળ બનતું અને જોતજોતામાં એ તોફાનો દબાઈ જતાં. આ વખતનાં તોફાનો છૂટાં છવાયાં, મોટા ભાગે જ્યાં ત્યાંથી નીકળી આવતા, જમા થતા અને વિખરાઈ જતા પાંચ, પચ્ચીસ કે પચ્ચાસ જુવાન છોકરાઓને હાથે થયાં છે. આ વખતનાં તોફાનનું સ્વરૂપ અંગ્રેજીમાં જેને 'ગેરીલા વોર ફેર કહે છે તેવું – સંતાકૂકડી જેવું–રહ્યું છે. આવાં જ્યાં ત્યાં વેરવિખેર ચોતરફ ચાલી રહેલાં આક્રમણોને અટકાવવાનું અથવા કાબુમાં લાવવાનું પોલીસ માટે મુશ્કેલ હતું, લગભગ અશક્ય જેવું હતું, એમ પણ કદાચ કહી શકાય. પણ વસ્તુતઃ આ તોફાનો દરમિયાન પોલીસની કામગીરી બહુ નબળી નીવડી છે એમ આ વખતના અનુભવ ઉપરથી ફલિત થાય છે. તા. ૧૨-૨-૬૯ મંગળવારના જન્મભૂમિમાં એ બાબત અંગે જણાવવામાં આવ્યું કે છે કે, "હા, પોલીસતંત્ર નિષ્ક્રિય નથી, એ પગલાં ભરે છે, લાઠીઓ વીંઝે છે, અશ્રુવાયુના ટોટા ફોડે છે, ગોળીબારો કર્યે જાય છે, મવાલીઓ ગોળીના ભોગ બનીને મરે પણ છે; સેંકડો જેલના સળીયા પાછળ ધકકેલાય છે; છતાં યે સરવાળે મવાલી અને ગુંડા તત્ત્વોનો હાથ ઉપર રહેતો હોય એમ જણાયું છે. ફરિયાદ એવી છે – અને તેની સંખ્યા નાની સુની નથી – કે તોફાનીઓ આગ ચાંપી જાય, દુકાનો તોડીને લૂંટફાટ કરી જાય, એ પછી કેટલોય સમય વીતી જાય એ બાદ પોલીસ દેખા દે છે. કેટલીકવાર તો પોલીસની નજર હેઠળ આગ, ભાંગફોડ અને લૂંટનાં કૃત્યો આચરાતાં હોય છે એમ મકાનોની બાલ્કનીઓમાંથી જોનારાઓનું કહેવું છે. આમાં થોડી ઘણી અતિશયોકિત હોવાના સંભવને સ્વીકારીએ તો પણ આવી ફરિયાદ વ્યાપક છે એ હકીકત છે. પોલીસનું સમગ્ર કેન્દ્રીકરણ મધ્ય મુંબઈના અને વિશેષે કરીને વર્લી, પ્રભાદેવી, દાદર અને માહિમના વિસ્તારોમાં હોવા છતાં યે ત્યાં ગુંડાગીરીનાં કૃત્યો સૌથી વધુ પ્રમાણમાં આચરાયાં છે તો પછી પશ્ચિમ અને પૂર્વના દૂરનાં પરાંઓમાં જ્યાં પોલીસની કંગાળ કહી શકાય તેવી હાજરી છે અને બંબાવાળા આવી શકતા નથી ત્યાં તો આગ અને ભાંગફોડની ઘટનાઓને રોકનાર કે ટોકનાર કોણ હોય? ક્યાંથી હોય?" આ વર્ણન પોલીસની કંગાળ કામગીરીનો ખ્યાલ આપવા માટે પૂરતું છે.

જ્યારે કોઈ પણ સ્થળે અશાન્તિનો ભંગ થાય ત્યારે તેને અટકાવવાનું અને લોકોને બચાવવાનું કામ પોલીસનું છે અને જરૂર પડે તો અને ત્યારે લશ્કરનું છે – આવી માન્યતા ઉપર આપણું શહેરી જીવન રચાયલું છે અને તેથી જ્યારે જ્યાં પણ અત્યાચાર ચાલી રહ્યો હોય ત્યારે તે અસહાયતાપૂર્વક જોયા કરવો, પોલીસ આવી પહોંચે અને કંઈ કરે તો ઠીક છે, નહિ તો જે થાય તે નિહાળ્યા કરવું– આવી નિષ્ક્રિયતાના કારણે અને કોઈ પણ હિસાબે જાતને બચાવવી અને જાત જોખમાય એવા પ્રતિકારના વિચારથી દૂર રહેવું – આવ

સર્વવ્યાપી ભીરુતાને કારણે આટલા મોટાં પ્રમાણમાં કરવામાં આવેલી બરબાદી શક્ય બની છે. અને આ વૃત્તિ અને ભીરુતાથી શહેરીજનો મુક્ત નહિ થાય અને જાતજોખમ ખેડીને પ્રતિકારપરાયણ નહિ બને ત્યાં સુધી આવાં તોફાનોની શક્યતા શહેરીજીવન ઉપર તોળાયલી જ રહેવાની છે.

સાધારણ રીતે આવો ઉકળાટ અને તેમાંથી અશાન્તિ અને સંઘર્ષ પ્રજાને માન્ય ન થાય એવા કોઈ કાયદાકાનૂન અથવા કરવેરાના વિરોધમાં ઊભા થાય છે. પણ આ વખતે તો શિવસેનાએ કોઈ જુદા જ પ્રશ્ન ઉપર આ તોફાનોનાં મંડાણ માંડયાં છે. મહારાષ્ટ્ર અને માઈસોર વચ્ચેની સીમાનો પ્રશ્ન ઘણા વખતથી ઊભો છે અને બન્નેને માન્ય થાય એવો ઉકેલ હજી સુધી આવી શકતો નથી. આ પ્રશ્નનો તરત ઉકેલ લાવવા અંગે દબાણ પેદા કરવા માટે આ સંઘર્ષ પેદા કરવામાં આવ્યો છે એમ કહેવામાં આવ્યું છે. મુંબઈમાં આવાં તોફાનો ઊભા કરવાથી પ્રસ્તુત સીમા પ્રશ્ન કેમ ઉકેલી શકાય તે સમજમાં આવતું નથી. જાણે કે તોફાનભૂખ્યું માનસ તોફાન કરવા માટે કોઈ પણ નિમિત્તને આગળ કરી રહેલ હોય—આવી મનોદશાનું આજની દુર્ઘટનામાં દર્શન થાય છે.

આ તોફાનો તા. ૮ મી શનિવારની રાતથી શરૂ થયાં; રવિ, સોમ, મંગળ એમ ત્રણ દિવસ સુધી પૂરજોશમાં ચાલ્યાં. ૧૧ મી મંગળવારે સૌ કોઈ એક જ ચિન્તામાં ગરકાવ હતા કે આ ક્યાં સુધી ચાલશે અને ક્યારે અટકશે? આવો ઉપદ્રવ એકાએક શમી જાય એવી કોઈને કલ્પના સરખી નહોતી, એ શક્ય પણ નહોતું લાગતું. આમ છતાં ૧૧ મીની સાંજે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વી. પી. નાયક જણાવે છે કે પરિસ્થિતિ કાબૂમાં આવી રહી છે અને આવતી કાલથી બસ સર્વિસ રાબેતા મુજબ શરૂ થશે. અને બન્યું પણ એવું કે ૧૩ મી બુધવારથી બધો વ્યવહાર શરૂ થઈ ગયો. તોફાનીઓ ક્યાંના ક્યાં અદશ્ય થઈ ગયા અને મુંબઈના પ્રજાજનોએ ઊંડી રાહતનો દમ ખેંચ્યો. આવી રાહત કોને ન ગમે?

પણ વીજળીનું બટન દબાવો અને અજવાળું થઈ જાય એવો સ્થિતિપલ્ટો આમ એકાએક શક્ય કેમ બન્યો? આ પ્રશ્ન ઊંડી વિચારણા અને વ્યાપક તપાસ માગે છે. એવી કઈ એજન્સી છે કે જેની માફરત તોફાન શરૂ કરવાનું કહેવામાં આવે તો ચોતરફ આગ સળગી ઊઠે છે અને જેની મારફત જાણે કે હવે બંધ કરો એમ કહેવામાં આવે તો પાણી અને બંબાની મદદ સિવાય પણ સળગતી આગ એકાએક ઓલવાઈ જાય છે.

આના સંદર્ભમાં એ પણ પ્રશ્ન મનમાં સળવળે છે કે શ્રી ચવ્હાણના નિવેદનમાં શિવસેનાના વિરોધમાં એક નાનોસરખો ઊડતો ઉલ્લેખ છે, પણ વી. પી. નાયકના એક પણ નિવેદનમાં શિવસેનાના આ જંગલીપણાને વખોડી નાંખતો એક પણ ઉલ્લેખ નથી. જેણે લાખો માણસોનાં જીવ અદ્ધર કરી મૂક્યાં અને કરોડોની મિલકતનો નાશ કર્યો તે શિવસેના વિષે તેમને કશું જ કહેવાનું નથી. શિવસેના વિષે આવી Softness—આવું સુંવાળાપણું—હોવાનું શું કારણ છે? હજુ પણ આવી સંસ્થાને ગેરકાયદે જાહેર કરવામાં આવી નથી એ પણ ઓછા આશ્ચર્યનો વિષય નથી.

તત્કાળ મુંબઈમાં શાન્તિ પથરાણી તેથી મુંબઈમાં રહેનારનાં મન હળવાપણું અનુભવે એ સ્વાભાવિક છે. આમ છતાં પણ મુંબઈમાં આમ એકાએક સ્થાપાયલી શાન્તિથી કોઈએ પણ કશી રાહત અનુભવવાને કારણ નથી. શિવસેનાએ આ તો માત્ર પરચો બતાવ્યો છે અને એ પુરવાર કર્યું છે કે તે ધારે ત્યારે મુંબઈ આખાને અદ્ધર કરી શકે તેમ છે. તેની અંતિમ રેખાદોરી મહારાષ્ટ્રી અને બિન-મહારાષ્ટ્રીની છે. આ રીતે શિવસેનાનું અસ્તિત્વ આખા મુંબઈને અસાધારણ ભયસ્થાનરૂપ છે એ આપણે સમજી લઈએ અને તેમાંથી કેમ ઉગરવું તેનો આપણે બધા વિચાર કરતા થઈએ. દુઃખની વાત તો એ છે કે જેના ચિન્તન અને મનનમાં માત્ર મહારાષ્ટ્રીઓને અગ્રસ્થાન છે તે શિવસેનાને મહારાષ્ટ્રી નહિ એવા કેટલાક આગેવાન શહેરીઓનો સારા પ્રમાણમાં ટેકો છે. "અલબત્ત, તેમનો પણ એક મુદ્દો છે અને તે વિચારવા જેવો છે અને તેમને પણ ફરિયાદનું સંગીન કારણ છે "જો કે અમે તેમની કાર્યપદ્ધતિ સાથે મળતા થતા નથી" આમ જણાવીને શિવસેનાને કેટલાક લોકો સીધો કે આડકતરો ટેકો આપી રહ્યા છે. આ લોકોનો નામોલ્લેખ કરવાની જરૂર નથી. પણ તેઓ આ ટેકો કોના હિતમાં આપી રહ્યા છે તેનો વિચાર કરે અને જ્યાં ઊભા છે ત્યાંથી જલ્દિ પાછા ફરે. કારણ કે શિવસેનાનું જે રાક્ષસી સ્વરૂપ પ્રગટ થઈ રહ્યું છે તે જોતાં તેની પ્રવૃત્તિ મુંબઈના સમગ્ર શહેરીજીવન માટે એક અક્ષમ્ય દ્રોહરૂપ છે. પરમાનંદ

બી. પી. સી. સી.ના પ્રમુખ શ્રી એ. કે. હાફિઝકાનું નિવેદન

(તા. ૧૪-૨-૬૯ના મુંબઈ સમાચારમાંથી સાભાર ઉદ્ધૃત)

બી. પી. સી. સી.ના પ્રમુખ શ્રી એ. કે. હાફિઝકાએ આજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આજના રાજકારણની એ કમનસીબી છે કે લોકશાહીના હિમાયતીઓ એવા લોકોને બચાવવા માટે આગળ આવે છે કે જેઓ લોકશાહીમાં માનતા નથી અને દેશમાંના પ્રશ્નો હલ કરવા ફાસીવાદી નીતિ અખત્યાર કરે છે.

શ્રી હાફિઝકાએ જણાવ્યું છે કે કેટલીક હિત ધરાવતી વ્યકિતઓ અને પક્ષો તરફથી શિવસેના અને તેના નેતા શ્રી બાલ ઠાકરેના બચાવ માટે સંયુકતપણે પ્રયાસો કરવામાં આવે છે અને આ શહેર આગ અને લૂંટના ભયાનક ઓળામાંથી પસાર થયું તે માટેની તેમની જવાબદારીમાંથી તેમને મુકત કરવામાં આવે છે. શ્રી નાથપાઈએ કરેલું નિવેદન આનું એક ઉદાહરણ છે.

શ્રી ઠાકરે પોકારી પોકારીને કહે છે કે હું ફાસિવાદ અને ફાસિવાદી પદ્ધતિમાં માનું છું.

તેમણે આ જાહેરમાં કહ્યું છે અને પોતાના મેગેઝીન "માર્મિક" માં લખ્યું પણ છે. તેમણે કહ્યું છે કે મારી માગણી નહીં સ્વીકારાય તો શહેરને રાબેતા મુજબ કામ કરવા દેવામાં નહીં આવે.

શ્રી હાફિઝકાએ વધુમાં જણાવ્યું હતું કે ગઈ તા. ૨ જી ફેબ્રુઆરીએ શ્રી બાલ ઠાકરેએ જાહેર કર્યું હતું કે સરહદનો પ્રશ્ન શેરીઓમાં પતાવવામાં આવશે અને એવી ચેતવણી આપી હતી કે જો આ આંદોલનને દબાવવામાં આવશે તો પોલીસ શહેરની પરિસ્થિતિ સંભાળી નહીં શકે અને લશ્કર બોલાવવાની ફરજ પડશે.

તોફાનીઓએ વાહનવ્યવહારને મુખ્ય લક્ષ્ય બનાવીને શહેરનો રાબેતા મુજબનો વ્યવહાર ખોરવી નાખ્યો હતો. બસો, ટ્રેનો, સ્ટેશનો, બસ-સ્ટોપો વિગેરે બાળ્યા હતા અને માર્ગો પર અવરોધો મૂકયા હતા, લૂંટફાટો કરી હતી અને કાયદો અને વ્યવસ્થાને ભાંગી નાખી હતી. શ્રી ઠાકરેની ધરકપડ કરવામાં આવી તે પહેલાં ખાનગી મોટરો પર પથરો અને એસિડના ગોળાઓ ફેંકીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું અને કેટલીક બસોને બાળી નાખવામાં આવી હતી. આ બધું બતાવે છે કે બધી તૈયારી અગાઉથી કરવામાં આવી હતી. શ્રી ઠાકરે કહે છે કે જ્યારે મારી ધરપકડ કરવામાં આવી ત્યારે લોકો વધુ ગુસ્સે થયા હતા તે પણ એ વાતની સાબિતી પૂરે છે કે તે જ પોતે જ આ વ્યવસ્થિત હિંસાખોરી માટે જવાબદાર છે. સમાજવિરોધી અને સામ્યવાદી તત્ત્વો પર આ માટે દોષારોપણ કરવું એ બરોબર નથી.

શ્રી હાફિઝકાએ વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા થોડા માસની શિવસેનાની પ્રવૃત્તિ નિઃશંકપણે બતાવી આપશે કે આ સમગ્ર તોફાનનું મૂળ પ્રાંતીયવાદ, ઘૃણા અને હિંસા છે.

કેટલાયે મહિનાઓથી જે શિખવવામાં આવ્યું હતું તે જોતાં મુંબઈમાં હમણાં જે બન્યું તેથી મને નવાઈ લાગી નથી. વધુ આઘાતજનક તો એ છે કે લોકશાહીમાં માનનારાઓ શ્રી ઠાકરેની તરફદારી કરવા લાગ્યા છે. દેશ જે કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે તેથી આપણે જાગૃત થઈએ. કોઈ સારા ધ્યેય માટે પણ હિંસાનો આશ્રય લઈ શકાય નહીં. આ વસ્તુ સમજવામાં નહીં આવે તો ધ્યેય સિદ્ધ તો નહીં થાય પણ આપણા લોકશાહી જીવનનું સત્યાનાશ નીકળી જશે.

☆ પ્રજાસત્તાક દિન–પ્રીતિભોજન પ્રસંગે થયેલાં પ્રવચનો ☆

જાન્યુઆરી ૨૬મી પ્રજાસત્તાકદિનના રોજ રાત્રીના આઠ વાગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી હિન્દુ જીમખાનાના ચોગાનમાં સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનોને અનુલક્ષીને એક પ્રીતિભોજન ગોઠવવામાં આવ્યું હતું. પ્રીતિભોજન બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદભાઈએ સૌ. પૂર્ણિમાબહેન પકવાસાને પ્રસ્તુત સમારંભના અતિથિવિશેષ તરીકે આવકાર આપતાં નીચે મુજબ જણાવ્યું:

શ્રી પરમાનંદભાઇનું આવકારનિવેદન

"આજે આ ભોજનસમારંભ નિમિત્તે એકત્ર થયેલાં ભાઈ બહેનોને આટલી મોટી સંખ્યામાં એકત્ર થયેલાં જોઈને હું અત્યંત ઊંડી પ્રસન્નતા અનુભવું છું અને તેમને સૌને આવકાર આપું છું. સંઘ તરફથી આવું ભોજન આજથી લગભગ પાંચ વર્ષ પહેલાં પ્રબુદ્ધ જીવનના રજત મહોત્સવ નિમિત્તે યોજવામાં આવ્યું હતું. આટલા લાંબા ગાળે આજે એ આકારમાં આપ સર્વને પુનઃ મળવાનું બનતા હું ખૂબ જ આનંદ અનુભવું છું.

આજે અતિથિવિશેષ તરીકે અમે માન્યવર શ્રી ઉછરંગરાય ઢેબરને નિમંત્રણ આપ્યું હતું અને તેમણે સહર્ષ સ્વીકાર્યું હતું, પણ તેમની તબિયત નાદુરસ્ત હોવાના કારણે તેમની ઉપસ્થિતિ શક્ય ન બનતાં અમે આપણાં સર્વને સુપરિચિત એવાં સૌ. પૂર્ણિમાબહેનને શ્રી ઢેબરભાઈનું સ્થાન સ્વીકારવા વિનંતિ કરી અને તેમણે અમારા આગ્રહને વશ થઈને અમારી વિનંતિ, ઓલબત્ત ઘણા સંકોચપૂર્વક, સ્વીકારી અને તે રીતે તેઓ આજે અહિં આપણી વચ્ચે ઉપસ્થિત થયાં છે. તેમને હું અમારા સંઘ તરફથી હાર્દિક આવકાર આપું છું.

સૌ. પૂર્ણિમાબહેન મુંબઈના જાહેર જીવન સાથે ઠીક સમયથી જોડાયલા હોઈને અહિં પધારેલાં ભાઈ–બહેનોમાં ભાગ્યે જ કોઈ એવી વ્યકિત હશે કે જે તેમને ન જાણતી હોય. આમ છતાં આપણા અતિથિવિશેષ તરીકે આપણે જ્યારે તેમને સન્માની રહ્યા છીએ ત્યારે તેમની આજ સુધીના જીવનની કારકિર્દીની હું કાંઈક ઝાંખી કરાવું તા તે અસ્થાને નહિ ગણાય.

તેઓ સૌરાષ્ટ્રની પ્રજાને દીર્ઘકાલીન નિદ્રામાંથી જાગૃત કરનાર અને રાજવીઓ અને દેશી રજવાડાંઓ સામે જિંદગીભર ઝુઝમનાર સ્વ. અમૃતલાલ દલપતભાઈ શેઠનાં ભત્રીજી થાય. તેમનો જન્મ તેમ જ બાળપણ રાણપુરમાં પસાર થયું. શિક્ષણ ભાવનગરના મહિલા વિદ્યાલયમાં તેમણે પ્રાપ્ત કર્યું. ભણતર દરમિયાન ૧૯૩૦–૩૨ની સાલમાં ચાલતા સવિનય સત્યાગ્રહની લડતમાં તેઓ જોડાયેલાં અને છ મહિના જેલવાસ પણ તેમણે ભોગવેલો. ૧૯૩૫ ની સાલમાં તેઓ કર્વે –મેટ્રિકમાં પસાર થયા. ૧૯૩૮ માં સ્વ. મંગળદાસ પકવાસાના પુત્ર શ્રી અરવિન્દભાઈ સાથે તેમનું લગ્ન થયું અને પરિણામે મુંબઈ ખાતેનું તેમનું ગૃહજીવન શરૂ થયું. આઠ વર્ષના ગાળામાં બે બાળકો થયાં અને પછી પાછાં ૧૯૪૫ની સાલમાં તેઓ મુંબઈની એસ. એન. ડી. ટી. ની કૉલેજમાં જોડાયાં અને ૧૯૪૭ માં ગ્રેજ્યુએટ થયા.

૧૯૪૭માં સ્વ. મંગળદાસકાકા મધ્યપ્રદેશના રાજ્યપાલ થયા અને ૧૯૫૨ સુધી તે પદ ઉપર તેઓ કાયમ રહ્યા. આ કારણે પૂર્ણિમાબહેન પણ નાગપુરવાસી બન્યા. નાગપુરના સાત વર્ષના નિવાસ દરમિયાન રાજ્યપાલના પુત્રવધુ તરીકે તેમને દેશના અનેક કૉંગ્રેસી નેતાઓના નિકટ પરિચયમાં આવવાનું બન્યું અને એ કારણે વિશિષ્ટ પ્રકારનું ઘડતર તેમને પ્રાપ્ત થયું. પૂર્ણિમાબહેનની એ વિશેષતા રહી છે કે પોતાને જીવનમાં મળેલી કોઈ પણ તકને તેમણે વ્યર્થ જવા દીધી નથી. દરેક તકનો તેમણે આત્મવિકાસ સાધવામાં ઉપયોગ કર્યો છે. તેઓ નાગપુર હતા તે દરમિયાન મીલીટરી ટ્રેઈનીંગનો શોર્ટ ટર્મ કોર્સ તેમણે કર્યો હતો. શારીરિક વિકાસ અને લશ્કરી તાલીમ પ્રત્યે તેઓ જીવનના પ્રારંભથી આકર્ષાયેલા રહ્યા છે.

નાગપુરથી ૧૯૫૨માં શ્રી પકવાસાનાં હોદ્દાની મુદત પૂરી થતાં તેઓ પાછા મુંબઈ આવીને વસ્યા. મુંબઈ આવ્યા બાદ નાસિકમાં ભોંસલે મીલીટરી ટ્રેઈનીંગ કૉલેજ છે તેની સાથે અનુસંધાન કરીને શરદઋતુમાં બહેનોની તાલીમ શિબિરની શરૂઆત કરી, જે આજે પણ ચાલુ છે. ૧૯૫૬ માં, બહેનોમાં શકિતનો વિકાસ અને વિશ્વાસ પેદા કરવાના હેતુથી શકિતદળની તેમણે સ્થાપના કરી અને તે દ્વારા મુંબઈ, માટુંગા, મહાબળેશ્વર, નાસિક વગેરે સ્થળોએ બહેનોની તાલીમશિબિરો યોજવાનું તેમણે શરૂ કર્યું. ગુજરાત રાજ્યમાં પણ પાંચ વર્ષથી શકિતદળની સ્થાપના થઈ છે, અને શિબિરો યોજાય છે. ૧૯૫૮ માં શકિતદળની માસિક પત્રિકા શરૂ કરવામાં આવી, જેનું છેલ્લાં દોઢેક વર્ષથી એક સુન્દર સચિત્ર માસિકમાં રૂપાન્તર કરવામાં આવ્યું છે.

પૂર્ણિમાબહેન ભારત સ્કાઉટ ગાઈડ્ઝ ઓસોસીએશન, મહારાષ્ટ્ર રાજ્યનાં સ્ટેટ કમિશનર હતા. વચમાં છ મહિના ચીફ કમિશનર પણ હતાં. હાલમાં આ સંસ્થાના તેઓ વાઈસ પ્રેસિડેન્ટ છે.

સ્વ. અમૃતલાલ શેઠનાં કુટુંબીજન હોઈને આઠ વર્ષની ઉંમરથી ગાંધીજી સાથેના તેમના પરિચયની શરૂઆત થઈ હતી. આ સંબંધ અથવા તો સંપર્ક એક યા બીજા નિમિત્તે ગાંધીજીના દેહાન્ત સુધી ટકી રહ્યો હતો.

તેઓ માત્ર ભૌતિક શકિતના ઉપાસક નથી. અધ્યાત્મ અને યોગસાધના તરફ પણ તેઓ કેટલાક સમયથી વળેલા છે. તેઓ ચિન્તક છે, વિચારક છે અને સાથે કર્મકુશળ છે. ભકિત, જ્ઞાન અને કર્મ - ત્રણે પ્રકારના યોગની સાધના–ઉપાસના એ તેમના જીવનનું લક્ષ્ય છે. આજે તેમની ઉમ્મર ૫૧ વર્ષની છે, એમ છતાં શરીરે તેઓ પૂરા તંદુરસ્ત છે.

તેઓ સંગીતના વિષયમાં સારા નિષ્ણાત છે; હિન્દી ભાષા ઉપર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવે છે; શકિતદલનું માસિક હિન્દીમાં જ પ્રગટ થાય છે.

કેટલાએક સમયથી તેઓ શકિતશાળી બહેનોનું નિર્માણ કરવા માટે એક ભવ્ય યોજના વિચારી રહ્યા છે. જાણે કે તેમને ઉપરથી આવ્હાહન ન થયું હોય એવી ધૂનમાં એક મીશનરી માફક તેઓ આ યોજનાને મૂર્તરૂપ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આ કારણે તેઓ અહીં તહીં ઘૂમી રહ્યા છે. આ યોજના તેમની કલ્પનાનું મૂર્તરૂપ ક્યારે ધારણ કરશે તે કહી ન શકાય, કારણ કે તે કોઈ એક વ્યકિતનું કાર્ય નથી. અનેકના અનેક પ્રકારના સહકાર ઉપર તેની સિદ્ધિ અવલંબે છે. એમ છતાં આ બાબતમાં તેમની જે તમન્ના છે તે જોતાં તેમને આ કાર્યમાં સફળતા મળવી જ જોઈએ એવી હું શ્રદ્ધા અનુભવું છું. આવાં એક બહેન આપણને અતિથિ–વિશેષ તરીકે પ્રાપ્ત થાય એમાં આપણા સંઘની ધન્યતા અને ગૌરવ રહેલાં છે. એમ મને લાગે છે. પૂર્ણિમાબહેનને પુનઃ આવકાર આપીને તેમને આજના પ્રસંગે તેમનો અનુભવ, જ્ઞાન અને દર્શનની તારવણી રૂપ સમયોચિત બે શબ્દો કહેવા હું વિનંતિ કરું છું."

અતિથિવિશેષ સૌ. પૂર્ણિમાબહેનનું પ્રેરક પ્રવચન

ત્યાર બાદ સૌ. પૂર્ણિમાબહેને નીચે મુજબ પ્રવચન કર્યું:

ગણરાજ્યની ૨૧મી વર્ષગાંઠ આપણે ઉજવી રહ્યા છીએ. આ શુભ પ્રસંગ પર મને પ્રેમથી બોલાવી તે માટે હું અત્યંત અનુગ્રહિત

છું. હું મને "જૈન યુવક સંઘ' પરિવારની એક સભ્ય જ માનું છું, એટલે અતિથિવિશેષથીયે અધિક આ સંબંધ જ આપણી વચ્ચે રહે તેમ હું ઈચ્છું છું.

ગણતંત્રના પ્રયોગો ભૂતકાળમાં આપણા દેશમાં થઈ ચૂક્યા છે. તે પહેલા રાજાઓ હતા, તેમાંનાં કેટલાકોએ નમૂનેદાર વહીવટ ચલાવ્યો. તે રાજાઓ પ્રજાનાં હતા. પ્રજાની નાડી તેઓમાં ધબકતી હતી. પ્રજાની આશા આકાંક્ષાઓનો તેમનામાં પડઘો પડતો હતો. પછી તેમાં બગાડ થતાં તેઓ સ્થાનભ્રષ્ટ થયા એટલે બીજા ફેરફારો આવ્યા અને આખરે પરદેશી શાસન આવ્યું. આમ અનેક પ્રકારના ઉત્થાન-પતનનો ઈતિહાસ રચાયો, જે આપણને ઘણું ઘણું શીખવી જાય છે.

પરદેશી શાસનની ધૂંસરીમાંથી મુકત થવા માટે પૂ. બાપુનાં નેતૃત્વતળે જે અભૂતપૂર્વ સ્વાતંત્ર્યસંગ્રામ ખેલાયો તેનાં તો આપણાં-માંનાં ઘણાં લોકો સાક્ષી છે, અને ઘણાંઓએ તો તેમાં ભાગ પણ લીધો હશે, જેને પ્રતાપે આજે આપણે આઝાદ ભારતનાં આઝાદ નાગરિકો હોવાનું ગૌરવ અનુભવી શકીએ છીએ.

ગાંધીજી જે કહી ગયા, એમણે જે વાંચ્છયું, આખા દેશનાં લોકો પાસેથી અને વિશેષરૂપે બહેનો પાસેથી જે અપેક્ષા રાખી તેમાંનું કેટલુંક આપણે કરી શકયા, અને કેટલુંક ન કરી શકયા તેનો ગંભીરતાપૂર્વક વિચાર કરીએ તો સ્પષ્ટ જ છે કે આપણે ઘણું નથી કરી શકયા અને એ ન કર્યું અને તેને બદલે બીજું કંઈ થઈ રહ્યું છે, તે પણ એટલું જ સ્પષ્ટ છે. કંઈપણ કર્યા વિના તો એક ક્ષણ પણ આપણે રહી શકતા નથી. છતાં ગાંધીજીનાં નામનો ઉપયોગ આપણને કરવો ગમે છે, કારણ કે તે પ્રતિષ્ઠા આપે છે. પણ તે પ્રમાણે તેમના આદર્શને આજની રીતે આપણી જીવનવ્યવસ્થામાં ગોઠવવાનું બનતું નથી. બુદ્ધ, મહાવીર કે ગાંધીજીને પૂજવાનું ગમે છે, ફૂલો ચઢાવ્યા કરીએ છીએ, પણ વાત ત્યાં જ અટકી છે. ફૂલો ચઢાવ્યા અને પૂજા કર્યા પછી તો બહુ મોટી જવાબદારી છે. તે બાદ એ વિચાર પેદા થવો જોઈએ કે એમણે શું કર્યું કે જેથી આજે તેઓ ફૂલ ચઢાવવાયોગ્ય બન્યા? અને તેઓની આપણી પાસે, ભાવિ પેઢી પાસે શું અપેક્ષા હતી? આવા મહાન પુરુષો માત્ર કોઈ ફૂલ ચઢાવે તેથી સંતોષ પામશે? ના, તેઓને તો પોતે પ્રારંભેલું કાર્ય કોઈ સવાઈ રીતે સંપન્ન કરી શકે તો જ પ્રસન્નતા થાય. આપણો એ તરફ પુરુષાર્થ છે ખરો? કે માત્ર વાતો જ છે, તે વિચારવાનું છે. સ્વશકિત પ્રત્યે તેમનો દઢ વિશ્વાસ હતો, તેઓ કહેતા કે તે જ એક એવું માધ્યમ છે કે જે દ્વારા સંસ્કારી અને બલિષ્ઠ પ્રજાનું નિર્માણ થઈ શકશે. તો તે માટે આપણે શું કર્યું? દેશ બલિષ્ઠ બન્યો? પ્રજા સંસ્કારી અને બલિષ્ઠ બની? જો નથી બની તો કેમ નથી બની, કયાં અપૂર્ણતા રહી ગઈ છે તે તરફ વિચાર કરવો પડશે.

ગાંધી - વિચારધારામાં જીવનને સ્પર્શતા લગભગ બધા જ પ્રશ્નોના ઉકેલ હતાં. કેટલી જ્વલંત ચેતના હતી તેમનામાં? તેમનું જીવન પ્રયોગોથી ભરપૂર હતું. "યોગ: કર્મસુ કૌશલમ્" માં તેમની અપાર શ્રદ્ધા હતી. જીવનનાં દરેક પાસાઓમાં તેમણે યોગ-વિજ્ઞાનને વણી લીધું હતું, અને લોકોને પણ તેમ જ કરવા સલાહ આપતા હતા. જ્યારે તેમની નિકટના સાથીઓએ આ સલાહને અવગણી ત્યારે પણ તેમણે આ પ્રયોગ છોડયો નહીં, સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ બાદ જ્યારે દિલ્હી આનંદઉલ્લાસમાં મગ્ન હતું ત્યારે પ્રયોગવીર બાપૂ નૌઆખલીની સળગતી શેરીઓમાં લોકોનાં આંસુ લૂછતાં હતા. માનવ માનવ અને દેશ દેશ વચ્ચે પ્રેમ અને શાંતિની સ્થાપના થાય, એ વિચાર વિશ્વનાં માનવજીવનને ઉપર ઉઠાવે એ એમના જીવનની સતત ઝંખના હતી. તેમણે પોતાના ક્રાંતિકારી વિચારો અને પ્રયોગોથી સમાજને ઉપરતળે કરી નાંખ્યો. બહેનોને પરંપરાગત પારિવારિક રૂઢિબંધનોમાંથી મુકત કરીને બહાર ખુલ્લી હવામાં લઈ આવ્યા.

પૂ. બાપુની, ભારતીય નારીને ઘર બહાર લાવ્યા બાદ એ નેમ હતી કે તેઓ બહારની મુકત હવાનો આસ્વાદ લે, અને એ ખુલ્લેલી દષ્ટિ સાથે પાછી ઘરમાં જાય, અને પોતાનું ઘર વધારે વ્યવસ્થિત, સ્વસ્થ અને શિસ્તબદ્ધ બનાવે. અને એ રીતે ઘર અને બહાર બેઉ મોરચા પર સમતુલા સાચવવાની તેઓમાં ક્ષમતા આવે. આ સાથે તેઓ પોતાનાં મનનું ઘર પણ તંદુરસ્ત બનાવે, એટલે કે પોતાનામાં રહેલી પરમશકિત, આત્મશકિતને ઓળખે અને તે પ્રતિ જાગૃત થાય, અને તો જ તેમનામાં સાચું તુલન આવી શકે. પણ બાપૂનું એ સ્વપ્ન અધૂરું જ રહ્યું.

આ બધા વિચારો કરતાં કરતાં ભારતીય સ્ત્રીનું સ્વરૂપ કેવું હોવું જોઈએ તેની કલ્પના મારા મનમાં રમ્યા કરે છે. આપણાં દેશના એવા ઘણાં નારીપાત્રો આપણાં સ્મરણમાં છે કે જેમણે સ્વયં પોતાનો તો ઉદ્ધાર કર્યો, પણ સાથે સાથે સમાજ અને દેશનો પણ ઉદ્ધાર કર્યો છે. તેમના ગુણોની સુગંધ બધે જ ફેલાઈ અને તેને લીધે તત્કાલીન અને ભવિષ્યના લોકોને પણ પ્રેરણા મળી.

વાક્ એ આવું એક સ્ત્રીપાત્ર છે. તે આત્મલક્ષી સન્નારી હતાં. તાજેતરમાં રામકૃષ્ણ મિશનનાં પ્રમુખ સ્વામી હિરણ્મયા-નંદજી સાથે મળવાનું થયું ત્યારે આ પાત્ર વિષે જાણવા મળ્યું. હું તેમને કહી રહી હતી કે શકિતદલ સંસ્થા તરફથી ગાંધીશતાબ્દી નિમિત્તે યોજનાર સેમિનાર સાથેનાં પ્રદર્શનમાં આપણાં દેશને ઉંચો ઉઠાવનાર સ્ત્રીપાત્રોનાં વર્ણન, તેઓનાં ચિત્રો અને ઈતિહાસને લગતા વિભાગની જવાબદારી રામકૃષ્ણ મિશન જ ઉઠાવી લે તો બહુ સારું. તેમણે આનંદપૂર્વક હા કહી. આ વાતચીત દરમ્યાન વાક્ નામનાં સન્નારી વિષે જાણવા મળ્યું. આ એક એવી મહિલા હતી કે જેણે મોટા મોટા ઋષિઓને પણ પોતાનાં આત્મચેતનાલક્ષી પ્રશ્નોથી મુંઝવી નાંખ્યા હતા. આપણાં દેશમાં વીર અને વિદુષી નારીપાત્રોની વાતો ઘણી જાણીતી છે, પરંતુ આત્મજ્ઞાનનાં ક્ષેત્રનાં ઉંડાણમાં પણ સ્ત્રીઓ આટલી આગળ વધી હતી કે જેના પ્રશ્નોથી ઋષિઓ પણ વિચારમાં પડી જાય એ કેટલી ગૌરવની વાત છે?

આ એક એવી ભૂમિકા છે કે જ્યાં કોઈ નર નથી કે કોઈ નારી નથી. આ તો આપણાં મન એ રીતે ઢવાયેલાં છે એટલે એમ કહેવું પડે કે એક જમાનામાં એક નારીપાત્ર આટલું વિકસિત હતું. ખરી રીતે જોઈએ તો બીજા પાત્રોની જેમ નારીપાત્ર કેમ વિકસિત ન બની શકે? બધામાં એકસરખી સંભાવનાઓ પડેલી છે. આજે પણ છે.

આવા એક સ્ત્રીપાત્રની કલ્પના કરું છું કે જેનામાં ગાર્ગી-મૈત્રેયીની વિદ્વતા, વાક્ની આત્મલક્ષીતા, ઝાંસીની રાણીની વીરતા, દ્રૌપદીનું સ્વમાન, સીતાનું સતીત્વ, ભારવીની નિષ્ઠા અને જીજા-બાઈનું વાત્સલ્ય હોય. આ બધા તત્વોની સંવાદિતા જેનામાં હશે, તે જ આદર્શ સ્ત્રી અને આદર્શ માતા બની શકશે, અને બલિષ્ઠ પ્રજાનું નિર્માણ કરી શકશે, બીજી નહિં. આપણો આદર્શ દેશને બલિષ્ટ બનાવવાનો હોય તો પ્રજાને તેવી ઘડવી પડશે, અને એ ઘડતર માટે તેવી માતાઓ અને શિક્ષિકાઓ જોઈશે. તેમનામાં જ્વલંત સેવાભાવના, ડાઈનેમિક શકિત અને મિશનરી ઉત્સાહ જોઈશે. ભારતની મહિલાનું આવું ચિત્ર નજર સામે ઉપસે છે. આવાં પાત્રો નિર્માણ થવા શકય છે. એકવાર એક વાત કલ્પનામાં અને વિચારમાં આવી જાય, પછી તેને કેમ સિદ્ધ કરવી તેનું સાયન્સ ખોળવું પડશે, સંશોધન કરવું પડશે. તેને માટે વિચાર, તાલીમ, અને પ્રયોગો થવા

જોઈશે. તેને માટે તેવી સંસ્થાઓનું નિર્માણ થવું જોઈશે. ભારતભૂમિ કદિ વિચારકો, ચિંતકો અને પ્રયોગકારોથી વંચિત નથી બની તે આપણું સૌભાગ્ય છે.

એક યુગમાં જો અમુક ગુણોવાળાં પાત્રો થઈ ગયાં, એક જમાનામાં અમુક રૂપમાં શક્તિ પ્રસ્ફુરિત થઈ અને તેનો વિકાસ થતાં સમાજ અને દેશને લાભ થયો, તો તેમ બનવું આજે પણ શક્ય છે. વખત વીતે છે તેમ જમાનો આગળ વધે છે, અને આજનો યુગ તો મનોવિજ્ઞાનને ક્ષેત્રે ખૂબ આગળ વધેલો છે. આજની મહિલા પછાત નથી, ઘણાં ક્ષેત્રોમાં તે પદાર્પણ કરીને સિદ્ધિ મેળવી રહી છે પણ જો તેની અંદર રહેલી અસલી આત્મશક્તિને ચેતાવવામાં આવે તો બધી સિદ્ધિઓના શિરમોર જેવી અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત થવી શક્ય છે. અને બહેનોમાં આ શક્તિ તો છે જ, પણ તે સુષુપ્ત અવસ્થામાં પડી છે. તેને જગાડવી શક્ય છે, સો ટકા શક્ય છે. તેની પાછળ માત્ર સંકલ્પ અને પુરુષાર્થ જોઈએ. પહેલા આ વાત યથાર્થ રૂપમાં સમજવાની જરૂર છે, પછી જાગૃતિની. ત્યાર બાદ સંકલ્પ અને પુરુષાર્થ એની મેળે આવવાનાં છે.

એક કાળમાં ભારતીય જાગૃતિ, નારીનું ગૌરવ હતું તે શક્તિનો અવતાર મનાતી હતી, તો આજે પણ આવી જાગૃતિ શક્ય છે. આજે આપણે આગળ જરૂર વધ્યા છીએ, પણ એક જ ભૌતિક બાજુનો વિકાસ સધાયો છે, બીજી આત્મવિકાસની બાજુ તદ્દન અવિકસિત રહી ગઈ છે. આ વાત લક્ષમાં આવતાં કોઈ સ્ત્રી એવી નહીં હોય કે જે પોતાનો વિકાસ કરવા ન ઈચ્છતી હોય. સ્ત્રી ઘરનો સ્તંભ છે, એટલે તેનાં વિકાસથી તેનાં કુટુમ્બનો અને સમાજનો વિકાસ સંભવિત બને છે. માતા અને શિક્ષિકા તરીકે પ્રજાને યથાર્થ ક્રમમાં ઘડનારી સ્ત્રી આપણે જોઈએ છે. તેમાંથી જ દેશને સુયોગ્ય નેતાઓ સેવકો અને શાસકો મળી શકે, દેશનો વહીવટ ક્ષમતાવાન બની શકે.

આજે ગણતંત્રની ૨૧મી ઉજવણીના પ્રસંગે આપણે મળી રહ્યા છીએ. આપણે હવે પુખ્ત વયના થયા એટલે કે ૧૯૪૭ ની આઝાદી પછી જન્મ લેનારાઓ હવે મતદારો બન્યા છે. આ વેળા વિચારીએ કે આપણે અપેક્ષિત વિકાસ સાધ્યો કે નહીં? આવું આત્મદર્શન કરવું જરૂરી છે. પ્રમાણિકપણે વિચારીએ તો સમજાશે કે આપણે બીજી ઘણી સિદ્ધિઓ મેળવી શક્યા છીએ, પણ નિતાંત મહત્વનું ઘણું નથી કરી શક્યા તેનો ખ્યાલ આવશે.

યુવાન જનતામાં, નવી પેઢીમાં આજે ભારે અવ્યવસ્થા, અંધાધૂંધી, ગેરશિસ્ત અને હિંસા પ્રસરી ગઈ છે. આનાં કારણોનાં મૂળમાં જઈએ તો જણાશે કે આ લોકોને બાળપણથી પાયાનાં સંસ્કારો મળ્યાં નથી. જો માતાઓ ખરા અર્થમાં જાગૃત હોત, અને પૂ. બાપુની અપેક્ષા મુજબ તેમણે ઘરનો મોરચો સારી રીતે સંભાળી લીધો હોત તો, તેવી માતાના પુત્રો આજે આ જાતનું વર્તન ન દાખવતે. આજે આપણી સામે આ મોટો કોયડો થઈ પડ્યો છે. દેશની વ્યવસ્થા અને વહીવટ સામે મોટી ચુનૌતી છે. એક માતાનો પુત્ર આવો પાકે તે જોઈને આપણે સૌ માતાઓને વિચાર આવે કે આનાં શું કારણો? તેમનાં શિક્ષણમાં ક્યાં અપૂર્ણતા રહી ગઈ છે? ઘરમાં, બાલમંદિર શાળા અને કૉલેજોમાં આપાતું શિક્ષણ બરાબર છે કે? જો નથી તો તે માટે શું કરવું જોઈએ? દેશમાં સુધારણાને ક્ષેત્રે અનેક પ્રયોગો લાખો કરોડોનાં ખર્ચે થઈ રહ્યાં છે. તેમ ખેતીવાડીમાં અનાજ વધારે સારું પાકે, તેની ગુણવત્તા કેમ વધે, ફળફળાદિ વધારે સારા પકાવવા માટે, મરઘાકુકડાની જાતિ સુધારવા માટે, અરે ઢોરોની ઓલાદ પણ સુધારવા માટે અનેક યોજનાઓ દ્વારા ખૂબ ખર્ચ થઈ રહ્યો છે, પણ આ બધું જેનાં માટે છે તે માનવજાતિની ગુણવત્તા વધારવા સુધારવા માટે કોઈ પ્રયોગ મહત્વનો મનાયો નથી તે કેટલું મોટું દુર્ભાગ્ય છે?

અપૂર્ણ

यद्यपि शुद्धं, लोकविरुद्धं, नाकरणीयं, नाचरणीयम्

(આજથી ૫૦ વર્ષ પહેલાં યોજાયેલી વાદ–પ્રતિવાદ (debate) સભામાં કરવામાં આવેલું પ્રતિવાદ–પ્રવચન–ગતાંકથી ચાલુ)

હવે ભગવાન રામચંદ્રજીએ સીતાનો ત્યાગ કીધો તે દૃષ્ટાંત ઉપર આવીએ. પ્રસ્તુત સૂત્રના ઉપદેશકો રામના આ કૃત્યનો બહુ આશ્રય લે છે અને રામચંદ્રનું કૃત્ય પણ એવું છે કે તેમાંથી આ સૂચનાના પ્રતિપાદકોને ઘણું આશ્વાસન મળે છે. રામના આ કૃત્યનું વિવરણ ઘણા દૃષ્ટિબિન્દુથી થઈ શકે અને તેના ઔચિત્ય અનૌચિત્યનો નિર્ણય કરવામાં ઘણી બાબતો લક્ષ્યમાં લેવી પડે. તે સર્વ અહિં કરવા જતાં બહુ લંબાઈ જાય, તેથી સંક્ષેપમાં બને તેટલું જણાવીશ.

જ્યારે રામચંદ્રજી સીતા લક્ષ્મણ સાથે પાછા ફર્યા અને અયોધ્યાનું રાજ્ય પોતે સ્વીકાર્યું ત્યારે પ્રજાગણમાં સીતાના પૂર્વચરિત્ર વિષે વાતો ચાલવા માંડી અને તે સાથે સીતાએ લંકામાં રાવણ પાસે કેવી રીતે જીવન ગાળ્યું હશે તે વિષે આશંકા તેઓ કરવા લાગ્યા. ઉત્તરરામચરિતની કથાને પ્રમાણ ગણીએ તો દુર્મુખ નામના જાસૂસે જ્યારે આ વાતની રામચંદ્રને જાણ કરી ત્યારે પ્રજાને સીતા પોતાની પાસે હોય એ નથી ગમતું એમ વિચારી રામચંદ્રે સીતાને લક્ષ્મણ સાથે જંગલમાં મોકલી દીધી. આ વૃત્તાન્ત ઉપરથી મુખ્ય પ્રશ્ન રાજા અને પ્રજાના ધર્મોનો ઉપસ્થિત થાય છે. જે વર્તન પ્રજાને ન ગમતું હોય તેવું વર્તન રાજા કરી શકે કે નહિ? અથવા તો શું પ્રજામતને રાજા હંમેશાં અનુસરવા બંધાયેલ છે? અથવા તો પ્રજામતની યોગ્ય તુલના કરી પોતાને યોગ્ય લાગે તેમ આચરવાનું રાજાને સ્વાતંત્ર્ય છે કે નહિ?

મારા વિચાર પ્રમાણે બીજું કંઈ પણ વિચાર્યા વિના પ્રજા કહે તેમ કરનાર રાજા કોઈ વખત રાજ્યચક્રને ઊંધું વાળી દે, કારણ કે પ્રજા જે ધારતી હોય તે હંમેશાં સાચું જ હોય એમ માનવાને કારણ નથી. પ્રજા ગાડરીઓ પ્રવાહ છે અને તેની માન્યતાઓ સુવિચાર અને દીર્ઘદૃષ્ટિને અવલંબીને ભાગ્યે જ ચાલતી હોય છે, પણ ઘણુંખરું સમયના બળે ઉદ્‌ભવેલ લાગણીઓનું તે પરિણામ હોય છે. અલબત્ત, પ્રજાહિતની સાધના આવશ્ય રાજાનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ, પ્રજામતની ગણના રાજ્યધર્મનું મુખ્ય અંગ છે, પણ જ્યાં પ્રજા ઊંધે માર્ગે જતી જણાતી હોય ત્યાં તેને અટકાવવી અને સુપથગામિની કરવી તેમાં જ રાજાની ખરી મહત્તા રહેલી છે.

રામચન્દ્ર, આ બાબતમાં એકાન્તધર્મી હતા. પ્રજામત અમુક હોય તો પછી તેથી અન્યથા વિચાર કરવો તેને તે અધર્મ ગણતા. આ આશયને અવલંબીને રામચંદ્ર, એક સ્થળે કહે છે:

स्नेहं दयां तथा सौख्यं, यदि वा जानकीमपि ।
आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ।।

(લોકોના આરાધન અર્થે સ્નેહ, દયા સૌખ્ય તથા જાનકીનો પણ ત્યાગ કરતાં મને જરા પણ વ્યથા નથી થવાની.) આ એકાન્તધર્મમાં તુલનાને જરા પણ અવકાશ નથી. આ જ ધર્મના વિચારે સીતાની વિશુદ્ધિનો વિચાર કર્યા વિના "પ્રજા સીતાની વિરુદ્ધ છે એટલે મારે સીતા ન જોઈએ." એવા નિર્ણય ઉપર તેઓ આવ્યા અને સીતાનો ત્યાગ કીધો.

રામચન્દ્રના ત્યાગની મહત્તા તે લોકમતને અનુસર્યા તે ઉપર નથી, પણ જે વાતને તેમણે ધર્મ તરીકે સ્વીકારી તેનું યથાયોગ્ય પાલન કરવામાં તેમણે બતાવેલી તત્પરતા, અડગતા, દૃઢતા ઉપર રહેલી છે. સ્વધર્મ ખાતર આટલી હદ સુધીનો ભોગ આપનાર જગતમાં વિરલ હોય છે. આ કાર્યમાં રામચન્દ્રે દર્શાવેલ નિઃસ્વાર્થવૃત્તિ પણ એટલી જ સ્તુતિને પાત્ર છે. જે સીતા વિના પોતાને

ઘડી પણ ગમે એવું નહોતું તે સીતાની પ્રજાઆરાધનના યજ્ઞમાં આહુતિ આપવાનો સમય આવ્યો ત્યારે બેધડક પોતાની સુખસગવડનો વિચાર કર્યા વિના સીતાની આહુતિ આપી દીધી–આ કાંઈ નાનીસૂની વાત નથી.

બાકી રામચંદ્રજી જે નિર્ણય પર આવ્યા તે નિર્ણય સાચો હતો કે ખોટો, અથવા તો રામચંદ્રે પ્રજાઆરાધનાને મુખ્ય લક્ષ્ય તરીકે સ્વીકાર્યું તે ઠીક કર્યું કે નહિ–આ વિવાદનો પ્રશ્ન છે. વિચાર કરતાં રામચન્દ્રનો ઉપરોકત નિર્ણય મને તો જરાપણ ન્યાયી - Justificable લાગતો નથી. પ્રજાનો સાધારણ ગણ રાજકુટુંબની અમુક વ્યકિતને માટે અપવાદ બોલે તે ઉપરથી તે વ્યકિતનો સદન્તર ત્યાગ કરવો એ અત્યારે તો કોઈ પણ રીતે ગળે ઉતરે તેવું નથી. મોટા માણસો માટે સાચા ખોટા અપવાદો બોલવાની સાધારણ લોકોને બહુ ટેવ હોય છે તે આપણને કયાં અજાણ્યું છે? જો પ્રજાને સીતાના ચારિત્ર્ય વિષે શંકા હતી તો લંકામાં કરી હતી તેવી જ અગ્નિશુદ્ધિ પુનઃ અયોધ્યામાં તેમણે કરવી જોઈતી હતી, અથવા પ્રજાના સંશયનિવારણાર્થે એવો બીજો કોઈ ઉપાય યોજવો જોઈતો હતો. પરન્તુ રાજરાણી અને તે પણ સગર્ભા સ્ત્રીને જંગલમાં રખડતી નિરાધાર કરી મૂકવી અને તે પણ હલકા વર્ગમાં પ્રચલિત લોકવાયકા ઉપરથી - આ વાતમાં ઔચિત્યનો અંશ સરખો પણ દેખાતો નથી. જો એક બાજુએ એમ કહેવામાં આવે કે મોટાનો દાખલો નાના લે અને રાવણના ઘેર લગભગ એક વર્ષ રહેલી, અને તેથી શંકિત ચારિત્ર્યવાળી થયેલી સીતાને રામચંદ્ર અંગત વ્યામોહને લીધે ઘરમાં રાખી મૂકે તો પ્રજાનો સ્ત્રીવર્ગ ઉન્મત્ત, ઉચ્છૃંખલ બની જાય, પતિની પરવા ન કરે, અને જો પતિ તેનો વિરોધ કરે તો સ્ત્રીઓ સીતાનું દૃષ્ટાંત સંભળાવી પતિઓનાં મોઢાં સીવી લે (આમ વિચારવું કેટલું વ્યાજબી છે તે સામાન્ય બુદ્ધિએ તરત સમજાય એવું છે છતાં પણ આપણો કેટલોક સમજુ વર્ગ આવો મત ધરાવે છે) તો બીજી બાજુએ એમ કાં કહી ન શકાય કે महाजनो येन गतः स पन्थाः એ નિયમાનુસાર રામચંદ્રનું આ દૃષ્ટાન્ત લઈને પ્રજાગણનો પુરુષવર્ગ પોતાની સ્ત્રીઓ પર આવો અત્યાચાર કરતાં શીખે, જરા પણ સ્ત્રીઓ ઉપર શંકા આવતાં અથવા તો લોકોમાં તેના વિષે ચર્ચા થતાં તેમને ઘરબહાર કાઢી મૂકવા માંડે અને આ રીતે સમગ્ર સમાજ અવ્યવસ્થાને પામે?

ઉપરની ચર્ચાથી એટલું સ્પષ્ટ થયું હશે કે રામચંદ્રનું દૃષ્ટાન્ત પ્રસ્તુત સૂત્રનું સમર્થન કરવા માટે કોઈ પણ રીતે યોગ્ય નથી. જ્યાં રામચન્દ્રના કાર્યનું ન્યાય્યત્વ વિવાદાસ્પદ હોય ત્યાં તેના ઉપર પ્રસ્તુત સૂત્રનું મંડાણ માંડવું તે ડગમગતા પાયા ઉપર ઈમારત ચણવા જેવું છે.

હવે ધર્મસંકટના–Conflicting duties-Relative dutiesના પ્રશ્ન ઉપર આવી લેખકે બહુ લંબાણથી લખ્યું છે. ખરેખર આ પ્રશ્નની યોગ્ય આલોચના કરવી તે અતિ કઠિન છે. આ પ્રશ્નને નીતિશાસ્ત્ર સાથે બહુ નિકટનો સંબંધ છે. જ્યારે એક ધર્મનું બીજા ધર્મ સાથે સંઘટ્ટન થતું હોય ત્યારે કયા ધર્મના ભોગે કયા ધર્મને સ્વીકારવો તેનો નિર્ણય કરવો અતિ મુશ્કેલ છે. પરન્તુ આ મહાન પ્રશ્નને પ્રસ્તુત સૂત્ર સાથે બહુ સંબંધ નથી. જ્યારે એક બાજુએ અમુક કાર્ય શુદ્ધ હોય અને બીજી બાજુએ લોકમતથી વિરુદ્ધ હોય ત્યારે તો શુદ્ધના પક્ષમાં જ નિર્ણય થવો જોઈએ એ તો ઉપરની ચર્ચાથી સુસ્પષ્ટ થયું જ હશે. એટલે આપણા સૂત્રની ચર્ચામાં ધર્મસંકટના પ્રશ્નને હવે બહુ આવકાશ રહેતો નથી. જ્યારે નીતિના સર્વમાન્ય બે નિયમો સચવાઈ શકે તેમ ન હોય, જ્યારે એક ફરજ બજાવતાં બીજા ફરજની અવગણના કરવી પડતી હોય, જ્યારે અમુક વ્યકિત તરફનો ધર્મ બજાવતાં બીજી વ્યકિત પ્રત્યેના ધર્મને બાધ આવતો હોય ત્યારે, જે માનસિક કલહ ઊભો થાય છે તેનું નામ ધર્મસંકટ કહેવાય. સારાંશ કે કયું કાર્ય શુદ્ધ અથવા શુદ્ધતર છે તેના નિર્ણયમાં ધર્મસંકટના પ્રશ્નને સ્થાન છે. આ બાબત વિદ્વાન પક્ષકારે આપેલ મુનિ પાસે થઈને નાસી ગયેલા હરણ વિષે પત્તો લેવા આવનાર શિકારીના દૃષ્ટાન્ત ઉપરથી વધારે સ્પષ્ટ થશે. મુનિ અહિં શું કરે? સત્ય બોલે તો મૃગની હિંસા થવા સંભવ છે; જૂઠું બોલે તો પણ સત્યવ્રતનું ઉલ્લંઘન થાય છે. મુનિને વિચાર કરતાં જેમ યોગ્ય લાગે તેમ વર્તવાનો અધિકાર છે; પણ આ બાબતને લોકસંમતિ કે લોકવિરુદ્ધ સાથે કશી લેવાદેવા નથી તે દેખીતું છે. આવાં બીજાં પણ અનેક દૃષ્ટાંતો મળી શકે તેમ છે. જૂઠું બોલતાં એક માણસ ફાંસીએ ચઢતો બચી જતો હોય તો કેમ કરવું? એક પક્ષે માબાપનું દિલ દુભાતું હોય, અન્ય પક્ષે સમાજહિતને હાનિ પહોંચતી હોય, તો કેમ કરવું? આવા અનેક પ્રશ્નોના ઉકેલથી આપણા સૂત્રનો પ્રશ્ન તદ્દન નિરાળો છે એ ભૂલી જવું ન જોઈએ.

વિદ્વાન પક્ષકારે પોતાના પક્ષની સિદ્ધિના અર્થે ભગવાન ઋષભદેવના પુત્ર ભરતનું જે દૃષ્ટાન્ત આપ્યું છે તે તો બહુ જ આશ્ચર્ય પમાડે તેવું છે, કારણ કે મારા નમ્ર મંતવ્ય પ્રમાણે આ દૃષ્ટાન્ત તો પ્રસ્તુત સૂત્રનું મંડન કરવાને બદલે ઉલટું ખંડન કરે છે. ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયાની તથા પોતાને ચક્રરત્ન પ્રાપ્ત થયાની એક સાથે ખબર મળતાં ભરત મહારાજ વિચાર વમળમાં ગુંચવાય છે કે પ્રથમ વંદન કોને કરવું? ચક્રરત્નને કે ઋષભદેવ ભગવાનને? સામાન્ય રૂઢિ અથવા લોકાચાર ચક્રરત્નને વંદન કરવાનો હતો, પણ પ્રસ્તુત સંયોગમાં ઋષભદેવ ભગવાનને વંદન કરવાનો અસાધારણ ધર્મ ઊભો થયો છે એમ સમજી, લોકાચારની અવગણના કરી, ભરત ચક્રવર્તી ઋષભદેવ ભગવાનને નમસ્કાર કરવા ગયા, આ શું સિદ્ધ કરે છે તેનો વિચાર કરવાનો વાચકવર્ગને સોંપું છું.

ભરતચક્રવર્તીનું દૃષ્ટાન્ત ભાંગી પડશે એવી આશંકા થઈ હોય તેવી રીતે આગળ જતાં વિદ્વાન પક્ષકાર લોકવિરુદ્ધનો નવીન જ અર્થ સૂચવે છે. તેઓ લોકવિરુદ્ધ એટલે 'પરલોક વિરુદ્ધ' અથવા 'લોકોત્તર વિરુદ્ધ' એટલે "જે કરવાથી પરલોકમાં આપણને માઠાં ફળ ચાખવાનો પ્રસંગ આવે એવું" એવો અર્થ કરે છે. આ અર્થ માત્ર ઉપજાવી કાઢેલો જ જણાય છે, કારણ કે આ લોકમાં પરલોકની કલ્પના કદિ પણ ઘટી શકે તેમ નથી. વળી તકરારની ખાતર માનીએ કે તેઓનો અર્થ સાચો છે તો અહિં પ્રશ્ન એ ઊભો થશે કે જે શુદ્ધ હોય તે વળી પરલોકવિરુદ્ધ હોઈ શકે ખરું? આ પ્રશ્નનો ઉત્તર તેઓ આપશે?

હવે વિદ્વાન પક્ષકારના લેખને અંગે એક બાબતનો ઉલ્લેખ કરવો બાકી રહ્યો છે. તેઓને માત્ર શુદ્ધને વળગી રહેનારા અને લોકોને તે વાત ગમે છે કે નહિ તેનો વિચાર નહિ કરનારા એકાન્ત વાદી–કદાગ્રહી–દરેક વસ્તુને માત્ર એક જ દૃષ્ટિએ જોનારા–લાગે છે, અને લોકાભિપ્રાયને આદર આપનાર–અનેકાન્તવાદી એક વસ્તુને અનેક દૃષ્ટિબિન્દુથી જોનારા લાગે છે. આનો ઉત્તર આપતાં પ્રસ્તુત સૂત્ર ફરીથી વાંચવા–વિચારવા તેમને વિનંતિ કરું છું અને પૂછું છું કે આપણા સૂત્રમાં કયા વાદનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે? વિચાર કરતાં જણાશે કે એકાન્તવાદનું અણીશુદ્ધ પ્રતિપાદન તો આ સૂત્રમાં જ કરવામાં આવ્યું છે. સૂત્ર એમ કહે છે કે "ગમે તેટલું શુદ્ધ હોય પણ લોકવિરુદ્ધ હોય તો તમારે તે ન કરવું, ન આચરવું." આ સૂત્રને માત્ર લોકસંમતિની જ અપેક્ષા છે. જે કાંઈ કરવા માંગો તે લોકવિરુદ્ધ છે કે લોકસંમત છે તે જ દૃષ્ટિબિન્દુ રાખીને કરવું વા ન કરવું એ આ સૂત્રનો સાર છે. વળી શુદ્ધને વળગી રહેનારને એકાન્તવાદી કહેવા તે 'શુદ્ધ' શબ્દની યથાર્થ સમજણનો અભાવ સૂચવે છે. 'શુદ્ધ' એટલે બધા દૃષ્ટિબિન્દુથી જે કરવા લાયક લાગે, ઉચિત લાગે તે. 'શુદ્ધ' શબ્દના ગર્ભમાં સર્વ દૃષ્ટિબિન્દુનો સમુચ્ચય રહેલો છે. સમગ્ર સૂત્ર તો એકાન્તવાદનો પ્રતિષેધ કરે છે.

અહિં વિદ્વાન પક્ષકારે જે સૂત્રનું બહુ સમર્થ રીતે સમર્થન કર્યું છે તે સૂત્રના ખંડનનો વિષય સમાપ્ત થાય છે. ઉપસંહારરૂપે મારે બહુ થોડું કહેવાનું છે.

જો કે यद्यपि शुद्धं लोकविरुद्धं नाकरणीयं नाचरणीयम् ।

ની વિરૂદ્ધ ગમે એટલું બોલીએ, પણ બોલ્યા પ્રમાણે વર્તનારા આપણામાં બહુ થોડા હોય છે. આપણી જીવનની રહેણીકરણી તપાસતાં માલુમ પડશે કે આપણી જીવનગતિ અંધ માણસ જેવી – જાણીતા માર્ગે આડેઅવળે જોયા વગર ચાલ્યા જવા જેવી – હોય છે. સૌ કરે છે માટે આપણે પણ એ પ્રમાણે કરવું જોઈએ એ વૃત્તિ આપણામાં પ્રધાનપદ ભોગવે છે. આપણે સૌ લોકટીકાના ભીરૂ છીએ. આમ ન હોવું જોઈએ. આપણા જીવનના અંશે અંશમાં આપણી બુદ્ધિમત્તાનો પ્રભાવ પ્રગટવો જોઈએ. સામાન્ય પ્રાણીઓથી આપણી ભિન્નતા દર્શાવનાર વિચારશીલતાનો–વિવેકશીલતાનો ગુણ આપણા સમગ્ર વર્તનમાં પ્રત્યક્ષ થવો જોઈએ.

જેઓ લોકમતને અવલંબીને પોતાનું જીવન રચે છે તેનામાં વ્યક્તિત્વ પ્રગટ થતું નથી. જે પોતાના વ્યક્તિત્વની છાપ સમાજ ઉપર પાડતા નથી તે સમાજનું નિર્જીવ અંગ છે એમ સમજવું. પોતાના મતથી લોકમત જુદો પડે ત્યારે પોતાના મતને છુપાવી લોકમતના 'ગાણાં' ગાવાં તે સમાજ સાથે છેતરપિંડીની રમત રમવા જેવું છે.

આ વિચારક્રાન્તિના કાળમાં સામાજિક જીવનના દરેક વિભાગ ઉપર બહુ સ્વતંત્રપણે વિચાર કરવાની અને યોગ્ય લાગે તે સુધારા કરવાની–સૂચવવાની બહુ જરૂર છે. આપણી લોકમતને આધીન થઈને ચાલવાની પૂરાણકાળથી ચાલી આવેલી રીતિએ આપણને ઘણું નુકસાન કર્યું છે, વ્યક્તિજીવન કે સમાજજીવનમાં યત્કિંચિત્ પણ વિકાસ થતો અટકાવ્યો છે. હવે તો નવજીવનના નવા ચમકાર સાથે સતેજ થઈને દરેકને પોતાપણું દાખવવાનો સમય છે.

લોકકીર્તિના પૂજારી થવા કરતાં પોતાના વિચારો ઉપર મક્કમપણે ઊભા રહેવામાં જ ખરો પુરુષાર્થ છે. આવો માણસ નથી પોતાની જાતને છેતરતો કે નથી સમાજને છેતરતો. સમાજ તેના અમુક વિચારો અંગીકાર કરી શકે તેમ ન હોય તેનો વાંધો નહિ, પરન્તુ સમાજ પ્રત્યે તેણે દાખવેલી પ્રમાણિકતા માટે–સચ્ચાઈ માટે–તેને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

લોકમતનું અંધ અનુકરણ લોકપ્રસાદની વાંછનાનું જ પરિણામ છે. લોકપ્રસાદ એ જ માયા છે. આજે જેને સમાજ ધિક્કારતો હોય છે તેની કાલે સમાજ પૂજા કરે છે. લોકકીર્તિ વિષે કલાપિનું નીચેનું કથન બહુ મનનીય છે.

"કીર્તિને સુખ માનનાર સુખથી કીર્તિ ભલે મેળવો.
' કીર્તિમાં મુજને ન કાંઈ સુખ છે, ના લોભ કીર્તિ તણો,
"પોલું છે જગ ને નકી જગતની પોલી જ કીર્તિ દિસે,
"પોલું આ જગ શું થતાં જગતની કીર્તિ સહેજે મળે.
"એ પોલાણ ત્યજી જનાર કદિએ કીર્તિ ન પામી શકે,
"લોકોની અપકીર્તિમાં હૃદયની સાચી જ કીર્તિ વસે;
"એવી કીર્તિ તણું મહત્વ કદિએ લોકો ન જોઈ શકે,
"દેખે નેત્ર ભલે પરન્તુ ગ્રહણે ના સૂર્ય ઝાંખો પડે."

જેવી રીતે માણસ માણસની ખુશામત કરે છે, તેવી રીતે માણસ સમાજની પણ ખુશામત કરે છે–આવી ખુશામતથી સમાજની પ્રગતિનો અંત આવે છે અને આખરે પ્રગતિવિહીન સમાજનો વિધ્વંસ થાય છે. સમાજનો મોટો ભાગ અજ્ઞાન વર્ગ હોય છે, તેને સમજુ વર્ગ દોરે છે. જ્યારે સમજુ વર્ગ સમાજને દોરવાનું કામ મૂકી દઈ અજ્ઞાન વર્ગ કહે તેમ કરે અને નચાવે તેમ નાચે, ત્યારે મળેલી સમજણનો અર્થ શું? આપણા વિદ્વાન વર્ગમાં નિડરતા અને સત્યપ્રિયતાની જે ખામી છે તે દૂર થાય અને તેઓ લોકકીર્તિની ઉપાસના છોડી દઈ લોકહિતચિન્તનમાં મનને યોજે અને તે ચિન્તનના પરિણામે સત્ય લાગેલા સિદ્ધાન્તોને, સમાજના સ્વીકરણની પરવા કર્યા વગર, ગમે તેટલા આત્મભોગે આચરણમાં મૂકતા થાય એ શુભેચ્છા સાથે આ લેખની સમાપ્તિ કરવામાં આવે છે.

સમાપ્ત **પરમાનંદ**

બાળ મનોવિકાસ

(આ પુસ્તકના લેખક છે મારા મિત્ર શ્રી રમણલાલ પટેલ. તેઓ જાણીતા Psychoanalist–મનોવિશ્લેષક–છે. પુસ્તકની કિંમત રૂા. ૬-૫૦ છે અને મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૨, આ પુસ્તકનું પ્રાપ્તિસ્થાન છે. આ પુસ્તક મારી પાસે અવલોકન માટે ઘણા વખતથી પડ્યું હતું, પણ મનોવિજ્ઞાન મારા અભ્યાસનો વિષય ન હોઈને મારી એમ ઈચ્છા હતી કે આ વિષયની જાણકાર વ્યકિત પાસે તેનું અવલોકન કરાવવું. સદ્‌ભાગ્યે કવેં કૉલેજના અધ્યાપિકા બહેન સૌ. હર્ષિદાબહેન પંડિત જેઓ પ્રસ્તુત વિષયનું અધ્યયન કરાવે છે તેમણે આ જવાબદારી સ્વીકારી અને પરિણામે જે લખાણ મળ્યું તે નીચે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

માબાપને માર્ગદર્શન આપવાના હેતુથી બાળકોને અર્પણ કરાયેલું આ પુસ્તક બાળકના મનોવિકાસ માટે કઈ કઈ વિગતો ધ્યાનમાં રાખવી જોઈએ તેની ઝીણવટભરી રજૂઆત કરે છે. પુસ્તક ચાર ભાગમાં વહેંચાયેલું છે, જેમાં બાળપણની અવસ્થાઓ, બાળકનો આવકાર, એની અવજ્ઞા કે અતિપાલન, બાળકનું પરાવલંબન, ગર્ભમાંનું એનું જીવન, બાળકના જન્મ પછીની વિવિધ ભૂમિકાઓ, મનનું બંધારણ વગેરે ઉપયોગી પાસાંની છણાવટ કરવામાં આવી છે.

બાળકને માટે સામાન્ય રીતે આપણે ત્યાં એક વર્ગમાં એવી માન્યતા હજુ ય પ્રચલિત છે કે બાળકને જેમ વાળીએ તેમ વળે. આથી એને સંસ્કારી બનાવવું હોય તો એના પર ધાક રાખવી ને એના વર્તન ઉપર 'આમ કરાય, આમ ન કરાય' એવા નિષેધાત્મક નિયમો લાદવા જરૂરી છે. બીજો વર્ગ માને છે કે બાળકને ખૂબ લાડ લડાવીએ અને એની દરેક ઈચ્છા પરિપૂર્ણ કરીએ તો જ એનું વ્યકિતત્વ ઈચ્છિત રીતે ઘડી શકાય. ત્રીજો વર્ગ એવું માને છે કે બાળકને જન્મ આપ્યો તો ફરજ તરીકે માત્ર એનું પાલન કરવું ને એની શારીરિક જરૂરિયાતો સંતોષવી એટલી જ માબાપની ફરજ છે એનું વર્તન ઘડવાનું કાંઈ માબાપના હાથમાં નથી, આ પુસ્તક આ ત્રણે ય વર્ગનાં માબાપોને બાળઉછેરની સમજ પૂરી પાડે છે એમાં શંકા નથી. બાળકના વ્યકિતત્વ-ઘડતરમાં માબાપનો, કુટુંબનો, સમાજનો કે રાષ્ટ્રનો ફાળો શું છે તે પણ આ પુસ્તક સમજાવી જાય છે. એટલે અંશે શ્રી રમણલાલ પટેલનું "બાળ મનોવિકાસ" ઉપયોગી નીવડે એવું જરૂર છે.

આમ છતાં આ પુસ્તકની કેટલીક ઊણીને આંખે વળગતી મર્યાદાઓ પ્રત્યે પણ ધ્યાન દોરવું જરૂરી છે. પુસ્તકની ગૂંથણી ઘણી શિથિલ છે. છેલ્લા બે વિભાગો પહેલા મૂકાયા હોત તો આંશિક ફાયદો થાત. પાન પાંચ પર લેખક 'બાળકની જીવનશકિતની પાંચ જુદી જુદી ભૂમિકાઓ એવો શબ્દપ્રયોગ કરે છે, પણ એનો ઉલ્લેખ તો છેક સોળમા પ્રકરણમાં પાન ૧૧૭ થી શરૂ થાય છે. વળી લેખકનો વિચારતંતુ મનોવિજ્ઞાનના ક્ષેત્રની એક જ વિચારધારાને પ્રતિબિંબિત કરે છે એ પણ સહેજ ડંખે એવું છે. શ્રી પટેલ વ્યવસાયે મનોવિશ્લેષક છે. એટલે એમના ચિન્તન પર ફ્રૉઈડની અસર હોય એ સ્વાભાવિક છે; પણ ફ્રોઈડના અવસાન પછી આ ક્ષેત્રે ઘણું પાણી વહી ગયું છે, એની નોંધ એમણે લીધી ન હોવાને કારણે નવા ચિંતનપ્રવાહોનું પ્રતિબિંબ આપણને આ પુસ્તકમાં કયાંય જોવા મળતું નથી.

લેખકના મનમાં ફ્રૉઈડ–ચિંતન વિષે ગૂંચવાડો નહીં જ હોય એવું માની લઈએ તો પણ આ અવલોકનકારને નથી સમજાતું કે 'સુન્નત' શબ્દ ફ્રૉઈડે વાપરેલા Castration ના પર્યાય તરીકે કેમ વાપર્યો હશે? સુન્નત એટલે તો "Circumcise." એ શબ્દનો બિનજરૂરી પ્રયોગ વારંવાર થયો હોય એવું પણ લાગે છે. આખા પુસ્તકમાં આ શબ્દ અનેકવાર વપરાયો છે.

લેખકે કયા શબ્દનો ગુજરાતી પર્યાય "અંતકરણ" (પા. ૧૬૧)

યોજ્યો છે તે સ્પષ્ટ થતું નથી. Conscience હોવાની શક્યતા છે, પણ એને માટે તો ગાંધીજીએ 'અંતરાત્મા' શબ્દ યોજીને આપણી ચિન્તા કે દ્વિધા કયારની ય ટાળી છે. Psychosis એટલે 'ગાંડપણ' અને (Neurosis) એટલે 'માનસિક બીમારી' એમ માત્ર કહેવાને બદલે થોડી વધુ સ્પષ્ટતા કરી હોત તો? આ પર્યાયો વિષે પૂરતી સમજૂતી ન આપી હોવાથી અને બંને પ્રકારના માનસિક રોગોનાં લક્ષણ ન વર્ણવ્યાં હોવાથી સામાન્ય વાચકના મનમાં ગેરસમજૂતી થવાનો પૂરો સંભવ છે.

"અતિ અહં'નું કાર્ય અહં પાસે નૈતિક ગુણોની માગણી કરવાનું અને આદર્શનું ઘડતર કરવાનું છે" એમ (પા. ૧૯૩) કહ્યા પછી તુરત "અતિ અહં અજ્ઞાતપણે એની સઘળી પ્રવૃત્તિ કરે છે અને અજ્ઞાત અસ્તિત્વ ધરાવતા આ અતિઅહં પર બુદ્ધિશુદ્ધિની, વાસ્તવિકતાની, સમજની કે આવેલી વિવેકશક્તિની અસર થતી નથી." (પા. ૧૯૪) એમ લેખકે શી રીતે કહ્યું હશે? અતિ અહમ Super ego ફ્રૉઇડના મતાનુસાર પણ નીતિનો ઠેકેદાર છે જ. કદાચ શરતચૂકથી તો આવું વિશેધાભાસી વિધાન નહીં થયું હોય ને?

પુસ્તકનું સુંદર મુખપૃષ્ટ તે સાફ છપાઈ (જોડણીની અત્યંત ભૂલો કદાચ પહેલી નજરે ધ્યાન ન ખેંચે તો પણ) થી આકર્ષાઈને પુસ્તક વાંચવા બેસીએ ત્યારે એને પૂરું કરવા માટે ઈચ્છાબળને ઘણું મજબૂત કરવું પડે છે. લખાણનું સંકલન - જુદાં જુદાં પાસાંની ઘડી બરાબર ઉકલતી ન હોવાને લીધે - નબળું લાગે છે. વસ્તુની રજૂઆત સમજવા માટે પણ સઘન પ્રયત્ન જરૂરી બને છે. બીજી આવૃત્તિ વેળાએ ભાષાસૌષ્ઠવ જાળવીને સંકલન સુગ્રથિત કરવામાં આવશે અને પુનરાવર્તન ટાળવામાં આવશે એવી અપેક્ષા રાખવી ખોટી નથી.

એકપક્ષીય, એકમાર્ગીય ફ્રૉઇડવાદી વિચારસરણીને સમજવા માટે પુસ્તક જરૂર ઉપયોગી છે, પરંતુ ફ્રૉઇડ પછી છેલ્લાં ત્રીસેક વર્ષમાં મનોવિશ્લેષણક્ષેત્રે જે અનેક અવનવા વાસ્તવવાદી પ્રવાહો વહ્યા છે એથી ફ્રૉઇડવાદને નવો વળાંક મળ્યો છે. આ પ્રવાહોનો અભ્યાસ બાળ મનોવિકાસનાં વિવિધ પાસાં સમજવા માટે ખૂબ જરૂરી છે. નવી આવૃત્તિમાં "છેલ્લાં ત્રણ દસકાની બાલ મનોવિકાસની વિચારધારા" એવું પણ એક પ્રકરણ ઉમેરાય તો પુસ્તકની ગુણવત્તા અને ઉપયોગિતામાં ઠીક ઠીક વૃદ્ધિ થાય.

હર્ષિદા પંડિત

સાભાર સ્વીકાર

જ્ઞાતિદર્શન: (શ્રી કચ્છી વીશા ઓસવાળ જૈન જ્ઞાતિનું) પ્રકાશક: શ્રી કચ્છી વીશા ઓસવાળ દહેરાવાસી જૈન મહાજન– મુંબઈ, તથા કચ્છી વીશા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન– મુંબઈ. કિંમત રૂ. ૬-૦૦.

લેશ્યાકોશ: સંપાદક: શ્રી મોહનલાલ બાંઠિયા તથા શ્રીચંદ-ચોરડિયા; પ્રકાશક: શ્રી મોહનલાલ બાંઠિયા, ૧૬, સી, ડૉવર લેન, કલકત્તા - ૨૯, કિંમત રૂ. ૧૦–૦૦.

ગાંધીજી અને નવી પેઢી: લેખક: રેવરન્ડ ફાધર વાલેસ; પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, મહાત્મા ગાંધી રોડ, અમદાવાદ - ૧ કિંમત રૂ. ૨-૦૦

સંસાર સાધના: લેખક: રેવરન્ડ ફાધર વાલેસ, પ્રકાશક ઉપર મુજબ, કિંમત રૂ. ૧-૭૫.

મુદ્રણશુદ્ધિ

પ્રબુદ્ધ જીવનના આગલા અંકમાં પાનું ૨૦૬, કોલમ ૧, ત્રીજા પારીગ્રાફમાં નૃસિંહપ્રસાદ છપાયું છે તેના સ્થાને નરસિંહદાસ વાંચવું.

પાનું ૨૦૯, કોલમ ૧ બીજા પારીગ્રાફમાં હર્ષદભાઈ દિવેટિયા છપાયું છે તેના સ્થાને હરસિદ્ધભાઈ દિવેટિયા વાંચવું.

તંત્રી: પ્રબુદ્ધ જીવન

અમે પરદેશ આવેલા વિદ્યાર્થીઓ

(અમેરિકા - શિકાગોમાં રહીને 'માસ્ટર ઑફ બીઝનેસ એડ્-મિનિસ્ટ્રેશન' એ ડિગ્રી મેળવવા માટે છેલ્લાં દોઢેક વર્ષથી જગદીશ એન. શાહ અભ્યાસ કરે છે અને સાથે ઠીક ઠીક ટ્રૅવોપાર્જન કરે છે. તેમના તરફથી મળેલો પત્ર પરદેશમાં સ્થિરવાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓના પ્રશ્ન ઉપર વિશેષ પ્રકાશ પાડતો હોઈને નીચે પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું. પરમાનંદ)

પૂજ્ય પરમાનંદભાઈ,

૧૫ મી જાન્યુઆરી '૬૯ નો 'પ્રબુદ્ધ જીવન'નો અંક શ્રી ચીમન-ભાઈ શાહ દ્વારા મળ્યો "પરદેશમાં સ્થિરવાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ અંગે" ના બે લેખો વાંચ્યા. બંને લેખો જે અનુસંધાનમાં લખાયા છે તે પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયાનો લેખ મેં વાંચ્યો નથી, પરંતુ આ બે લેખોમાંથી એનો સારાંશ તો મળી જ રહે છે.

પ્રથમ દૃષ્ટિએ આપ લખો છો એમ ડૉ. કાન્તિલાલ શાહનું લખાણ વધારે પડતું ભાવનાલક્ષી લાગે છે, જ્યારે શ્રી ચીમનલાલ ચ. શાહનું લખાણ એક વ્યવહારિક વિચારણા રજૂ કરીને વાસ્તવિક-તાનો સામનો કરવાનું કહે છે–પરંતુ, આ બંને લેખો વાંચીને હું થોડું લખવા પ્રેરાઉં છું. આમાં થોડા મારા અંગત વિચારો છે, થોડા મારા મિત્રોના છે – જેમાં કોઈ કોઈ સાથે હું સહમત નથી પણ થતો. પણ આ બધા જ વિચારો ભારતીયોના છે અને હું અહીં બધે ખૂબ ફર્યો એટલે જાણવા મળ્યા છે.

દરેક સિક્કાની બે બાજુઓ હોય છે. શ્રી દલસુખભાઈને જે અનુભવ થયો તે દુઃખદ છે. એક પણ વિદ્યાર્થી તેમને એવો ન મળ્યો કે જે ભારત પાછો જવા તૈયાર હોય તે નવાઈજનક પણ છે. હું તો શીકાગોમાં ઘણાં ભારતીય ભાઈઓને મળ્યો છું અને મળતો રહું છું. બીજા ૨૦ થી ૨૨ રાજ્યો–Statesમાં ફરીને ત્યાં પણ આપણા દેશવાસીઓને મળ્યો છું. ઘણી યુનિવર્સિટીઓમાં ભણતા વિદ્યાર્થી મિત્રોને ય મળ્યો છું. આ બધાની સાથે વિચારોની આપ-લે કરતાં મેં જોયું કે તેમાંના ૮૦ ટકાને ભારત પાછા જવું છે, ત્યાં જ સ્થાયી થવું છે. હા, ૨૦ ટકા એવા પણ મળ્યા કે જેઓને અહીં જ રહેવું છે અને પાછા જવું નથી. આ ૨૦ ટકામાં ચાર પાંચ ટકા પોતાને ભારતીય કહેતા શરમાય છે. (હું પણ તેમને ભારતીય કહેતાં શરમાઉં છું.) પરંતુ ઘણાખરાને દેશમાં પાછા જવું છે. હા, અહીં ખૂબ જ મહેનત અને ખર્ચો કરીને વર્ષો સુધી અભ્યાસ કર્યો હોય (દરેક વિદ્યાર્થીને અભ્યાસ કરતી વખતે પ્રતિ વર્ષ ૩૦૦૦ ડૉલર ખર્ચ આવે છે) એટલે પાછા જતી વખતે થોડી મૂડી લઈ જવાનો વિચાર થાય એ સ્વાભાવિક છે. દરેકના મનમાં આવો જ ખ્યાલ હોય છે કે પાંચથી સાત વર્ષ સુધી અહીં રહીએ અને થોડા પૈસા સાથે લઈ જઈએ તો પછી દેશમાં વાંધો નહિ.

મારા થોડા અંગત મિત્રો – એક તો મારો રૂમ પાર્ટનર જ – ત્રણથી ચાર મહિના પછી ભારત આવવા નીકળે છે. આમ, બધાને ત્યાં જ સ્થાયી થવું છે અને અહિંથી ભારતમાં સારી સારી કંપનીઓ સાથે પત્રવ્યવહાર કરતાં બધાને ખૂબ જ નિરાશાજનક જવાબો આવ્યા છે, છતાં તેઓ નીકળે છે. બધા પાસે M.S.ની ડિગ્રી છે. ખૂબ જ હોંશિયાર એન્જીનિયર્સ છે. શિકાગોમાં તેઓ હજાર ડૉલરથી પણ વધુ કમાય છે. બધાંનું ખૂબ માન છે. હવે, દેશમાં જ્યારે આવે ત્યારે તેમની ઈચ્છા અને અપેક્ષા મહિને રૂ. ૧૦૦૦ મળે તેવી હોય તો તે તદ્દન સ્વાભાવિક છે. અહીં, સામેથી એવી દલીલ થશે કે અમે-રિકામાં જીવનધોરણ ઊંચું છે, પણ આ દલીલમાં બિલકુલ વજુદ નથી. અહિં સાતસો ડૉલર કમાતા માણસને ૧૧૦ કે ૧૩૦ ડૉલરમાં અદ્યતન ફરનીચરની સુશોભિત ચાર રૂમનો એપાર્ટમેન્ટ મળે છે,

જ્યારે આપણાં દેશમાં રૂા. ૫૦,૦૦૦ પાઘડી યા ઓનરશીપનાં આપવા પડશે અને ભાડાના રૂા. ૨૦૦ અલગ. અહિં જમવા તથા ટ્રાન્સપોર્ટેશનનાં ૬૦ ડૉલરથી વધારે નહિ...આમ છતાં ય, ઘણા ય ભારતીઓ ભારત આવી ને જ સ્થાયી થવા માંગે છે – અલબત્ત દરેકે પોતે પોતાની સમયમર્યાદા બાંધી છે અને પ્લાનીંગ મુજબ આગળ વધે છે.

વળી ત્યાં એમ કહેવામાં આવે છે કે પરદેશ જઈને વિદ્યાર્થી પોતાના દેશને ભૂલી જાય છે. આ પણ બરોબર નથી. થોડા જ વખત પહેલાં તાપી-નર્મદાના પૂરના સમાચાર શિકાગોમાં બધાને મળેલા, ઈન્ડિયા એસોસીએશનની એક જ અપીલમાં ૨૦૦૦ ડૉલર ભેગા થઈ ગયા.

અત્રે ઈન્ડિયા એસોસીએશન તરફથી દસ પંદર દિવસે ભારતીય ચલચિત્રોનો કાર્યક્રમ હોય છે, ત્યારે આ કાર્યક્રમમાં અન્ય રોકાણોને જતાં કરીને દરેક ભારતીય હાજર રહેવાના જ. શિકાગોમાં તો ઘણી વખત ખૂબ ઠંડી હોય છે ટેમ્પરેચર ૦° થી પણ નીચે હોય તો પણ હજારથી બારસો ભારતીય આવવાના જ અને તે પણ ૪૦-૫૦ માઈલ દૂરથી નહિ પણ સો સો માઈલ દૂરથી પણ આવવાના. આમાં ચલચિત્રો કરતાં બધા દેશી ભાઈઓને મળાશે અને પ્રેમથી વાતો થશે એ જ ભાવના હોય છે.

'પ્રબુદ્ધ-જીવન'ના બંને લેખો મેં અહીં મારા ઘણા મિત્રોને વંચાવ્યા છે, અભિપ્રાયો પણ મેળવ્યા છે. ઘણાને ડૉ. કાન્તિલાલ શાહના લેખનાં ઘણાં અવતરણો સહેજ વાંધાજનક – વધારે પડતાં-પણ લાગ્યાં છે. ઘણાં વિધાનો મને પણ એવાં લાગ્યાં છે, પણ હું જરા બીજી રીતે જોઉં છું. આ લખાણ પાછળ ડૉ. કાન્તિલાલ શાહની ભાવના ઉચ્ચ છે. ભાવનાના આવેશમાં વધુપડતું લખાઈ જવાય એ જુદી વાત છે. પણ દરેકને પોતાના સ્વતંત્ર અભિપ્રાય હોય છે. શ્રી ચીમનલાલ ચ. શાહનો લેખ બધાને ગમ્યો છે. તેમાંથી ઘણું જાણવાનું મળ્યું છે. પરિસ્થિતિનો સામનો કરવો જ રહ્યો. શરૂઆતમાં ત્યાં આવીને થોડું દુઃખ પણ સહન કરવું જ રહ્યું – આ એમની વાત સાચી છે.

અહિં સ્થિર થવા ઈચ્છતા ભારતીય ભાઈઓની એક બે દલીલ આ છે – આપણા દેશનું ચિત્ર સમગ્ર રીતે જોતા ખૂબ જ નિરાશામય લાગે છે. અન્નક્ષેત્રે - રાજકીય ક્ષેત્રે - આર્થિક ક્ષેત્રે – એટલે દેશમાં જઈને દેશનાં પ્રશ્નોમાં વધારો કરવા કરતાં અહિં રહીએ એમાં જ દેશની સેવા છે. બીજું આપણા બધાના વડીલો ગામડામાંથી વધુ કમાવા શહેરોમાં આવ્યા – તો, હવે તેઓ કેમ પાછા ગામડામાં, કમાઈ લીધું છે ત્યારે, પાછા જતા નથી? મેં દલીલ કરી કે એ તો આપણો જ દેશ છે – શું શહેર, શું ગામડું – ત્યારે જવાબ મળ્યો, એવી સંકુચિતતા શું કામ – મારો દેશ શા માટે? મારું જ વિશ્વ એમ કહોને!

ડૉ. કાન્તિલાલ શાહની સૂચના – કાયદાદ્વારા પરદેશ જનાર ઉપર પ્રતિબંધની – મહદ્અંશે ગેરવ્યાજબી લાગે છે. કારણ આ બધા દેશો પાસેથી વિજ્ઞાન, ઔદ્યોગિક અને દરેક ક્ષેત્રે આપણે ઘણું શીખવાનું છે. આ આપણા દેશમાં શક્ય નથી જ. અહિં દરેક વિદ્યાર્થીને શીખવાનું મળે છે – અનુભવ મળે છે. અહિં આવી દરેક જણ પહેલું લેસન જાત મહેનતનું લ્યે છે. શારીરિક શ્રમની સુગ અહિં ઘટાડવી પડે છે. મારો જ દાખલો આપું. ભારતમાં હું તદ્દન પરાવલંબી હતો. ઘરે કોઈ બનાવી આપે ત્યારે જ ચા પીવાની કે જમવાનું. ઘરે બધું કામ ઘાટી કરી જાય – ઈસ્ત્રી પણ બહાર કરાવતો. ત્યારે અહિં તો નાનાથી માંડી દરેક મોટું કામ હાથે જ કરવાનું. સવારે ઊઠીને કામે જ લાગવાનું. રસોઈ કરવાની, કપડાં ધોવાનાં, ઘર સાફ કરવાનું, વાસણો ધોવાનાં. ક્યાંય કોઈ માણસની મદદ ન જ મળે. હા, કપડા વિગેરે ધોવામાં ઓટોમેશનની મદદ મળે. ઑફિસમાં પણ ખુન નહિ. આખા અમેરિકામાં ડ્રાઈવરો આંગળીને વેઢે ગણાય એટલા. અહિં ડ્રાઈવર પોષાય જ નહિં. ૫૦૦૦ ડૉલર પગાર કમાતો માણસ પણ તરસ લાગે તો ઊભો થઈને પાણી પી આવે. કોઈ પાસે માંગવાનું શાનું? અમેરિકા દરેક ક્ષેત્રમાં ભારત કરતાં આગળ છે. એટલે અહિં વિદ્યાર્થીઓનો અનુભવ આધુનિક સાધનોનો હોય છે, જ્યારે ત્યાંના વિદ્યાર્થીઓ આ વૈજ્ઞાનિક શોધોનાં ઉપયોગથી અજાણ હોય છે.

બાકી આપણે ત્યાં દેશમાં વિદ્યાર્થીને કઈ રીતે ભણવું, કેવી રીતે ભણવું, કઈ ભાષામાં ભણવું તે જો સરકાર અને યુનિવર્સિટી-વિદ્યાર્થીની ઈચ્છા વગર પણ તેને માટે નક્કી કરતા હોય તો તે જ સરકાર અને યુનિવર્સિટીની ફરજ છે કે તૈયાર થયેલ દરેક વિદ્યાર્થીને તેનાં ક્ષેત્રમાં યોગ્ય કાર્ય મળી રહે તે અંગે ઘટતા પગલા લેવા...

શ્રી ચીમનલાલ ચ. શાહનાં ઘણા સૂચનો બહુ જ યોગ્ય છે. જે કારણો વિદ્યાર્થીઓને ત્યાં આવતા, આવીને ત્યાં રહેતા અટકાવે છે તે દૂર કરવાને પ્રયત્ન કરવો જ જોઈએ. જેમ કોઈ માબાપ પૈસા ખાતર પોતાના પુત્રોને ગુમાવવા તૈયાર ન હોય તેમ અહિં આવેલા વિદ્યાર્થીઓ પણ પોતાના સ્વજનોને ગુમાવવા તૈયાર ન જ હોય. પણ ત્યાં આવીને સંપૂર્ણ યોગ્ય નહિ તો કંઈ નહિ પરંતુ સારા સ્થાનની તો આશા હોય જ. આપણે આશા રાખીએ કે નજીકના થોડાં વર્ષોમાં આપણે બધા અહિંના વિદ્યાર્થીઓ અને ત્યાંના બધા વડીલો આવું યોગ્ય વાતાવરણ તૈયાર કરી શકીશું?

અહિં એક વાત હું ખાસ જણાવવા માંગું છું કે પરદેશમાં રહેતા ભારતીયો – ખાસ તો વિદ્યાર્થીઓ – બધી પરિસ્થિતિને જાણે છે. પોતે શું કરવું – ક્યારે પાછા ફરવું તે અંગે તેઓ સજાગ પણ છે. તે લોકો જે રીતે ફૅમિલિક અને સામાજિક જીવન ગુમાવી રહ્યા છે તેનો ખ્યાલ કરીને, મને તો ખાતરી છે કે, બધા પોતપોતાની સમયમર્યાદામાં પાછા ફરશે. પાછા નહિ આવવાનો વિચાર કરીને બેઠેલો પણ વહેલા મોડા સમજશે જ. શ્રી ચીમનભાઈનાં શબ્દોમાં કહું તો – જે લોકો નહિ સમજે, કેટલાક ખોટા રૂપિયા નીકળશે તો તેમના નસીબ.

શ્રી ચીમનભાઈનાં એક વિધાન સાથે હું સર્વાંશે સંમત થાઉં છું કે બધા વિદેશોના બીજા દેશને મદદ કરવાના પ્રયાસો પાછળનો હેતુ તે દેશમાં પોતાતરફી એક વર્ગ ઊભો કરવાનો હોય છે. U.S.A. માં આવેલ કોઈ પણ વિદ્યાર્થી કોમ્યુનીઝમનો સખ્ત વિરોધી થઈ જવાનો. તેનાથી ઉલટું રશિયા જનાર કરશે.

અંતમાં 'પ્રબુદ્ધ જીવન'નો પ્રસ્તુત અંક વાંચીને ખૂબ જ આનંદ થયો. આ અંક મોકલવા બદલ મારે તમારા યુવક સંઘનાં મંત્રી અને મારા બનેવી શ્રી ચીમનલાલ જે. શાહનો આભાર માનવો જોઈએ અને હું અંતઃકરણથી માનું છું. ભવિષ્યમાં પણ આવા જાણવા જેવા સમાચારો મને મળતા રહેશે એવી આશા અસ્થાને નહિ જ ગણાય. આપની કુશળતા ચાહું છું.

જગદીશ શાહનાં વંદન

વિષય સૂચિ

		પૃષ્ઠ
પ્રકીર્ણ નોંધ : ગાંધી વિચારધારાના શ્રદ્ધાવાન પુરસ્કર્તા સ્વર્ગસ્થ શ્રી મગનભાઈ દેસાઈ, જૈન ધર્મ વિશ્વ ધર્મ? એક ચિન્તન.	પરમાનંદ	૨૧૩
ભારત જૈન મહા મંડળનો પરિપત્ર	પરમાનંદ	૨૧૪
મુંબઈમાં અરાજકતાનાં ચાર દિવસ	પરમાનંદ	૨૧૫
બી. પી. સી. સી. ના પ્રમુખ શ્રી એ. કે. હાફીઝકાનું નિવેદન		૨૧૬
પ્રજાસત્તાક દિન - પ્રીતિ ભોજન પ્રસંગે થયેલાં પ્રવચનો. શ્રી પરમાનંદભાઈનું આવકાર નિવેદન અતિથિ વિશેષ સૌ. પૂર્ણિમાબહેનનું પ્રેરક પ્રવચન.		૨૧૭
यद्यपि शुद्धं, लोक विरुद्धं, नाकरणीयं, ना चरणीयम्	પરમાનંદ	૨૧૯
બાળક મનોવિકાસ (અવલોકન)	હર્ષિદા પંડિત	૨૨૧
અમે પરદેશ આવેલા વિદ્યાર્થીઓ	જગદીશ શાહ	૨૨૨
નવી દુનિયામાં–૧૨	દલસુખ માલવણિયા	૨૨૪

☆ નવી દુનિયામાં - ૧૨ ☆

માણસજાતિનું આયુ કુદરતની તુલનામાં ઘણું જ ઓછું છે, ખરી રીતે કાંઈ જ નથી એમ કહીએ તો પણ ચાલે. માણસે સૃષ્ટિમાં જે પ્રદાન કર્યું છે તે તેની પોતાની આવશ્યકતામાંથી નિર્મિત છે. પણ કુદરતે અનાદિ કાળથી જે નવનિર્માણ કર્યાં છે તેનો તાગ લેવો અસંભવ છે. એક જીવસૃષ્ટિનો જ વિચાર કરીએ તો પણ ૮૪ લાખ જીવયોનિ કહીને શાસ્ત્રકાર તેથી આગળ ગયા નથી. પણ જેમ માણસ પોતાની આવશ્યકતા સમજીને સર્જન કરે છે તેમ કુદરતમાં પણ એવી કોઈ આવશ્યકતા ઊભી ન જ થઈ હોય એમ તો કેમ કહી શકાય? બધું જ જલબંબાકાર હતું એમ શાસ્ત્રોમાં વાંચ્યું છે. વેદમાં તો વળી એ વિષે અનેક તરંગો જોવા મળે છે. બ્રાહ્મણ-ગ્રન્થોમાં તો વળી જલપ્રલયની જે ચર્ચા છે તેમાં એક માછલી માનવકુળના આદિપુરુષ મનુને જળપ્રલયની ચેતવણી આપે છે અને મનુને તેમાંથી બચી જવાની તરકીબ પણ બતાવે છે. તેને અનુસરીને તે બચી જાય છે. સર્વનો નાશ થયો પણ એક માત્ર મનુ બચી ગયો. પરિણામે આપણે અસ્તિત્વમાં છીએ. આવા પ્રલયો કેટલીવાર થયા હશે તે કોણ જાણી શકે છે? છતાં પણ જીવસૃષ્ટિ વિદ્યમાન છે એ હકીકત છે. જળપ્રલય ઓસરે એટલે નદીનાળાં, પૃથ્વી, તેના ઉપરના પર્વતો એ બધું દશ્ય બને. આ બધું કોણે કર્યું? શાથી થયું? એટલું તો નક્કી જ છે કે, આ બધી જળની કરામત છે. આ બધી જળની કરામતો નજરે દેખાય છે. આજના વૈજ્ઞાનિકો સમુદ્રમાં જે પહાડો છે તેની ભાળ પણ આપે છે. સમુદ્રમાં પણ શિખરબંધી પહાડો અને અનેક જલચરો છે. તેનાં ચિત્રો વૈજ્ઞાનિકો દેખાડે છે, તે પણ જોયા હતા. સૌરાષ્ટ્રમાં માંગરોળ પાસે જમીનની અંદર એક ઝરણું વહે છે અને તેમાં તેને કારણે માણસ ચાલી શકે એવો રસ્તો તે ઝરણાથી જમીનમાં બની ગયો છે તેમ સાંભળ્યું હતું. અંદર પાણીએ શી કરામત કરી હશે તે જોવાનો અવસર તો મળ્યો નથી.

દુનિયાની માનવસર્જિત તાજમહાલ જેવી અદ્‌ભુત વસ્તુઓ તો માત્ર આંગળીને વેઢે ગણાય તેટલી જ છે, પણ કુદરતે સર્જેલ અદ્‌ભુત વસ્તુઓનો કાંઈ તાગ લઈ શકાય તેમ છે? બાલ્ટીમોરમાં હતો ત્યારે શ્રી દિલીપભાઈએ આવી અદ્‌ભુત કળા જોવાનો અવસર આપ્યો. વૉશિંગ્ટનથી ૭૦ માઈલના અંતરે માનવસર્જિત નહીં પણ કુદરત સર્જિત બે મોટી ગુફાઓ છે. એક છે. Skyline Caverns અને બીજી Caverns of Luray છે. દેલવાડાની કળાકારીગરીમાં માનવકારીગરી શું કરી શકે છે તેનાં દર્શન સહેજે થાય છે, પણ અહીં તો માણસથી પણ વિશેષ શક્તિ-સંપન્ન કુદરતની કળાનાં દર્શન થાય છે. પૃથ્વીના પહાડો તો જોયા છે, તેમાં શિખરો ક્રમે સ્થૂલથી સૂક્ષ્મ થાય છે. પણ અહીં તો ઊંધા લટકતા શિખરો; જાણે કે પૃથ્વીને જ ઊંધી પાડી દીધી હોય. આકૃતિઓ દેલવાડામાં તો છેવટે પરિમિત છે, પણ કુદરતે એનું જે નિર્માણ અહીં કર્યું છે તે તો ગણના બહાર છે. ગુફામાં નાના નાના ચોક અને છત ઉપર લટકતા ઝૂમરો, જાણે કે કોઈ કુદરતી રાજમહેલમાં ફરતા હોઈએ એવું દશ્ય ઉપસ્થિત થાય છે. લાખો વર્ષો પહેલા જલપ્રવાહના મારથી આ કુદરતી ગુફાઓનું નિર્માણ થયેલ છે પણ તેમાંની Skyline ૧૯૩૭માં જડી આવી અને Luray ૧૮૭૮માં મળી હતી. ત્યાર પછી તેની સફાઈ કરી આજે લાખો ડોલરની કમાણી એ ગુફાઓને દેખાડીને કરવામાં આવે છે. અંદર વીજળી મૂકવામાં આવી છે અને તે પણ વિવિધરંગી, એટલું જ નહિ પણ, કોઈ કળાકારની સલાહથી જ પ્રકાશની ગોઠવણી કરવામાં આવી છે. આથી ગુફાનું ખરું સત્વ પ્રકટ થાય છે. પ્રકાશ સિવાય બીજી કોઈ વસ્તુ આ ગુફાઓમાં નથી. માત્ર કુદરત નિર્મિત જે છે તે જ છે. પણ શણગાર કે સુશોભનમાં કુદરત શું કરી શકે છે તેનું તાદૃશ્ય ચિત્ર આ ગુફાઓ પૂરું પાડે છે. પ્રવેશદ્વારથી ઊંડા ને ઊંડા જઈએ અને આગળ ને આગળ વધીએ તેમ તેમ નવાં દશ્યો ઉપસ્થિત થાય. આ બધું પાણીના પ્રવાહે જ બનાવ્યું છે. અત્યારે પણ નાનાં ઝરણાં તેમાં વહે છે. તેમાં માછલીઓ પણ છે.

વહેમ અને અંધભક્તિ કાંઈ આપણા ભારતીઓનો જ ઈજારો નથી. ગંગાજી ઉપરથી ગાડી પસાર થતી હોય ત્યારે યાત્રીઓ ગંગાજીમાં નાણું નાંખે છે. અહીં પણ ગુફાના દર્શને આવેલો માનવસમૂહ - નાના દેશનો - નાની જાતિનો-એવું જ કરતો નજરે પડે છે. ગુફામાં પાણીનાં ઝરણાં જોયાં એટલે ધડાધડ નાણું તેમાં પડવા લાગ્યું, પુણ્ય કમાવાની દૃષ્ટિએ જ તો. આમાંથી ગત વર્ષોમાં ૪૩૫૪૨ ડૉલર કેન્સર જેવા રોગની સારવાર માટે વપરાયા છે.

જૈન શાસ્ત્ર જણાવે છે કે પૃથ્વીમાં જીવ છે. વૈજ્ઞાનિકો આમાંની Skyline ગુફામાં સંશોધન કરી રહ્યાં છે. તેમાં ભેંત્રણ સ્થળોએ સફેદ પદાર્થ (Anthodites) છે, જે ૭૦૦૦ વર્ષમાં એક ઈંચ વધે છે તેમ વૈજ્ઞાનિકોનું માનવું છે. તેથી તે સ્થાનોને સુરક્ષિત રાખવામાં આવ્યા છે અને તે લટકતા પદાર્થોને કોઈ અડે નહીં તેવો પ્રબંધ કર્યો છે. મેં દાથી પણ વધારે ઉજવળ પદાર્થની બનેલી શેવ લટકતી હોય તેવું દશ્ય છે.

વિવિધરંગી પત્થરો જોવા મળે છે તે તો ખરું, પણ હજારો-લાખો વર્ષના પાણીના પ્રવાહના મારથી તે એટલા બધા લીસા બની ગયા છે કે આપણને તે ઘસીને તૈયાર કર્યા હોય તેવા જ જણાય છે. નિર્મલ જલપ્રવાહમાં ગુફામાં ઉપર લટકતા શિખરોનું જ્યારે પ્રતિબિંબ જોઈએ છીએ ત્યારે એ ભાન નથી થતું કે આ પ્રતિબિંબ છે પણ તાદૃશ શિખરોની હારમાળા જ દેખાય છે, એક ઊંડી ખીણ જોઈ રહ્યા હોઈએ તેવું ભાન થાય છે.

દેલવાડામાં છત પર લટકતા કમળોની આકૃતિ કાઢવામાં આવી છે અને તેને વિવિધ સુશોભનોથી અલંકૃત કરવામાં આવી છે. પણ આ ગુફાઓની છતમાં તો આકૃતિઓનો પાર જ નથી. માણસ નીચે ઊભો હોય અને ઉપર ૩૦ ફૂટ અગર ૧૫૦ ફૂટ જેટલે ઊંચી છતમાંથી આ વિવિધ આકૃતિઓ લટકતી નજરે પડે છે. ગુફાની અંદર અનેક સ્તરો ક્રમે નિર્મિત થયા છે અને બધાં સ્તરોમાં લટકણીઓ તો છે જ. જ્યારે આપણે આગળ વધવાના માર્ગમાં ચાલતા હોઈએ ત્યારે આપણી ચારે બાજુ આ વિવિધ સ્તરોવાળી લટકણિયાથી અલંકૃત ગુફા વીંટાઈ ગયેલી જણાય છે. કેટલીક વાર તો ભયંકર પણ દેખાય છે. જો આમાં એકલદોકલ માનવી ફરતો હોય તો તે મૂંઝાઈ જ જાય તેવી તેની આંટીઘૂંટી છે.

ગુફામાં એક મોટા હોલ જેવી જગ્યાને દેવળ કહેવામાં આવે છે. અને એક ઠેકાણે તો ગુફાના પત્થરોની વચ્ચેથી સંગીતના વિવિધ સૂરો રમતા મૂકવામાં આવ્યા છે. એથી વાતાવરણ આનંદમય બને છે. એક ઠેકાણે વળી પ્રકાશની યોજના એવી છે કે સવારના ઉષાકાળથી માંડીને રાતના ચંદ્રના અજવાળાના પ્રકાશની ઝાંખી ક્રમે ક્રમે કરાવવામાં આવે છે. એક ઝરણામાં વળી પ્રકાશ ફેંકીને મેઘધનુષ્યની રચના કરવામાં આવી છે.

ગુફાથી થોડે જ દૂર પહાડી પ્રદેશમાંથી માત્ર સફરનો આનંદ લેવાની દૃષ્ટિએ લગભગ ૪૦ માઈલ લાંબો પહાડી રસ્તો બનાવવામાં આવ્યો છે, જ્યાં અનેક સ્થળોએ પિકનિક કરવાની સગવડો રાખવામાં આવી છે. રસ્તા બનાવવામાં અને તેના સુરક્ષણમાં અમેરિકન સરકાર ઘણું જ ધ્યાન આપતી હોય તેમ જણાય છે. બાલ્ટીમોરમાં દરિયામાં જ એક ટનેલ બનાવી માર્ગને ટૂંકો બનાવવામાં આવ્યો છે. એ જ પ્રકારે મેં ડેટ્રોઇટમાં પણ જોયો. ત્યાં પણ ટનેલ અને બ્રીજ બન્નેની વ્યવસ્થા છે. ગુફામાં ૫૪ ડીગ્રી જેટલું તાપમાન હતું.

૨૩-૧૧-૬૮ દલસુખ માલવણિયા

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૨૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧, ૧૯૬૯, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ મૂળ અધિકારો—૨ ☆

(તા. ૧-૨-'૬૯ના અંકથી અનુસંધાન)

હવે આ પ્રશ્નનો ગુણદોષ ઉપર વિચાર કરીએ. તેમાં બે મુખ્ય મુદ્દા સમાયેલ છે.

(૧) બંધારણ મુજબ, મૂળ અધિકારોમાં કોઈ અધિકાર, રદ કરવાની અથવા ન્યૂન કરવાની સત્તા પાર્લમેંટને છે કે નહિ?

(૨) આવી સત્તા પાર્લમેન્ટને હોવી જરૂરની અથવા ઈષ્ટ છે કે નહિ?

સુપ્રીમ કોર્ટ સમક્ષ પહેલો પ્રશ્ન જ હતો. કોર્ટે કાયદાનો અર્થ કરવાનો છે. તેની યોગ્યતા અથવા અયોગ્યતા, જરૂરિયાત અથવા બિનજરૂરિયાત, આ પ્રશ્નો રાજકીય નીતિના છે જે, પ્રજાના ચૂંટાયેલ પ્રતિનિધિઓ—જેને કાયદા ઘડવાની સત્તા છે—તેણે નક્કી કરવાના છે.

Parliament represents the will of the people.

જો આટલી જ વાત છે તો આ બાબત આટલો બધો મતભેદ કેમ થયો? આ પ્રશ્નનો નિર્ણય બંધારણની બે કલમો ઉપર આધાર રાખે છે. કલમ ૩૬૮માં બંધારણમાં ફેરફાર કેવી રીતે થઈ શકે તેની પ્રક્રિયા (Proceedure) બતાવી છે. સામાન્ય કાયદો સામાન્ય બહુમતીથી થઈ શકે. બંધારણમાં ફેરફાર કરતા કાયદા માટે તેની અગત્ય જોતાં, વિશિષ્ટ બહુમતીની જરૂર રહે છે. વળી બંધારણના કેટલાક ભાગો એવા છે જે રાજ્યો અને કેન્દ્ર વચ્ચેના સંબંધોને લગતા છે. આમ તો તેમાં કાંઈ ફેરફાર કરવો હોય તો રાજ્યોની સંમતિ મેળવવાની રહે છે. કલમ ૩૬૮ મુજબ બંધારણના કોઈ પણ ભાગમાં – પછી તે મૂળ અધિકારોને લગતો હોય તો પણ – તેની પ્રક્રિયા મુજબ પાર્લમેન્ટ ફેરફાર કરી શકે છે. કલમ ૩૬૮ માં એવો કોઈ ઉલ્લેખ નથી કે બંધારણના કોઈ ભાગમાં પાર્લમેન્ટ ફેરફાર કરી ન શકે. તો પછી મુશ્કેલી ક્યાં ઊભી થઈ?

મૂળ અધિકારોને લગતો જે ભાગ છે તેની કલમ ૧૪ થી ૩૪ છે. તે ભાગની શરૂઆતમાં કલમ ૧૩ મી છે, જેમાં એમ જણાવ્યું છે કે આ ભાગમાં (મૂળ અધિકારોને લગતા ભાગમાં) જે અધિકારોનો ઉલ્લેખ છે તેમાંથી કોઈ અધિકાર છીનવી લેતો અથવા ન્યૂન કરતો (take away or abridge) કાયદો રાજ્ય (State) જેમાં પાર્લમેન્ટનો પણ સમાવેશ થાય છે, કરી શકશે નહિ. અને એવો કોઈ કાયદો કરશે તો જેટલે દરજ્જે ઉલ્લંઘન કરતો હોય તેટલે દરજ્જે તે કાયદો રદ ગણાશે.

તો ટૂંકો મુદ્દો એટલો જ છે કે જે કાયદાનો આ કલમ ૧૩ માં ઉલ્લેખ છે તે કયો કાયદો? કાયદા બે પ્રકારના છે: એક સામાન્ય કાયદો, સામાન્ય બહુમતીથી થાય તે—By legislative process. આ કાયદો બંધારણની રૂએ, બંધારણ મુજબ—under the Constitution or in accordance with the Constitution કરેલ કાયદો છે. બીજા પ્રકારનો કાયદો તે બંધારણમાં જ ફેરફાર કરતો કાયદો—Constitutional Amendment. આવા પ્રકારનો કાયદો પાર્લમેન્ટ કરે ત્યારે માત્ર legislative process નથી, પણ Constituent Power—બંધારણ ઘડવાની અને તેમાં ફેરફાર કરવાની સત્તાનો અમલ કરે છે. જે જજોએ પાર્લમેન્ટને મૂળ અધિકારોમાં ફેરફાર કરવાની સત્તા છે એમ ઠરાવ્યું તેમણે કલમ ૧૩ નો એવો અર્થ કર્યો કે તેમાં જે કાયદાનો ઉલ્લેખ છે તે સામાન્ય કાયદો, બંધારણમાં ફેરફાર કરતો કાયદો નહિ. ગોલકનાથના કેસમાં જે છ જજોએ પાર્લમેન્ટને આવી સત્તા નથી એમ ઠરાવ્યું તેમણે એ અભિપ્રાય આપ્યો કે કલમ ૧૩માં જણાવેલ કાયદામાં બંધારણમાં ફેરફાર કરતા કાયદાનો પણ સમાવેશ થાય છે. માટે પાર્લમેન્ટ એવો કોઈ કાયદો કરી શકતી નથી.

શંકરી પ્રસાદના કેસમાં ૧૯૫૧માં આ પ્રશ્નનો પ્રથમ ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો તેમાંના બે ફકરાથી સ્પષ્ટ થશે:

"The State" includes parliament (article 12) and "law" must include a constitional amendment.

Although "law" must ordinarily include Constitutional law, there is a clear demarcation between ordinary law which is made in the exercise of legislative power, and Constitutional law which is made in exercise of constituent power."

"We have here two Articles, each of which is widely phrased but, conflicts in its operation with the other. Harmonious Construction requires that one should be read as controlled and qualified by the other.

શંકરી પ્રસાદના કેસમાં પાંચ જજોએ સર્વાનુમતે આ પ્રમાણે અર્થ કર્યો.

ગોલકનાથના કેસના છ જજો જેમણે વિરુદ્ધ અભિપ્રાય આપ્યો તેમાંના નીચેના ફકરાઓથી મતભેદ સ્પષ્ટ થશે.

"An amendment of the constitution is made only by legislative process with ordinary majority or special majority as the case may be. Therefore, amendments under Article 368 or under other Articles are made only by Parliament by following the legislative process adopted by it in making other law. In the premises, an amendment of the Constitution can be nothing but "law".

"Our Constitution adopted a novel method in the sense that Parliament makes the amendment by legislative process subject to certain restrictions and that the Amendment so made being "law" is subject to Article 13(2)"

જે પાંચ જજોએ શંકરી પ્રસાદના કેસનું સમર્થન કર્યું તેમની વતી જસ્ટીસ વાંછુએ કહ્યું:

"If we look at the quality and nature of what is done under Art. 368, we find that it is the exercise of Constituent power.... and is very different from the exercise of ordinary legislative power.... What emerges after the procedure under Article 368 is gone through is not ordinary legislation but an amendment of the Constitution which becomes a part of the fundamental law itself."

ગોલકનાથના કેસમાં આપણાં આખા બંધારણની ખૂબ ઝીણવટપૂર્વક અને વિસ્તારથી છણાવટ થઈ છે. બીજા દેશોના બંધારણોના ઉલ્લેખો થયા છે અને વિદ્વત્તાપૂર્ણ અને સબળ દલીલો સહિતના ચુકાદાઓ બન્ને પક્ષે અપાયા છે.

સામાન્ય જનને આશ્ચર્ય થાય કે કાયદાના અર્થ કરવામાં વળી આટલો બધો તીવ્ર મતભેદ શું?

હકીકતમાં, કાયદાના અર્થ કરવામાં અનેક મુશ્કેલીઓ ઊભી થાય છે. તેની ભાષા બરાબર ન હોય, એ ભાષામાં ભાવ બરાબર આવ્યો ન હોય, એકથી વિશેષ અર્થ સંભવિત હોય. આ તો સામાન્ય મુશ્કેલી થઈ. વિશેષમાં, બધી બાબતોનો પ્રબંધ કાયદામાં થઈ શકતો નથી.

પલટાતા સંજોગો પ્રમાણે તેનો અર્થ કરવો પડે છે. ખાસ કરીં, બંધારણીય પ્રશ્નો હોય ત્યાં આવી મુશ્કેલીઓ વિશેષ રહે છે. દાખલા તરીકે, બંધારણની કલમ ૧૯ મુજબ દરેક નાગરિકને વ્યાપાર અથવા ધંધો કરવાનો મૂળ અધિકાર છે. પણ એ જ કલમમાં આ મૂળ અધિકાર ઉપર, સમાજહિતમાં, વ્યાજબી અંકુશો મૂકવાની રાજ્યને સત્તા છે. કંપની લોમાં આવા અંકુશો છે. દાણચોરી ખૂબ થતી હોય તો વ્યાપાર ઉપર અંકુશો મૂકાય. એવી જ રીતે બીજા —વાણીસ્વાતંત્ર્ય, સભાઓ ભરવી—વિગેરે અધિકારો વિશે પણ. હવે વ્યાજબી અંકુશો કોને કહેવા? પાર્લમેંટને વ્યાજબી લાગે, કોર્ટને વ્યાજબી ન લાગે? leagal અને judiciary વચ્ચે સંઘર્ષનું મૂળ આમાં રહ્યું છે. કાયદાના અર્થ કરવામાં માત્ર શબ્દોનો અર્થ થતો નથી. જજ પણ છેવટ એક ચોક્કસ અભિપ્રાય ધરાવતી વ્યક્તિ છે. અલબત્ત, પોતાના અભિપ્રાયોને કાયદાના અર્થ કરતી વખતે વચ્ચે લાવવા ન જોઈએ. આ કહેવું સહેલું છે. સુપ્રીમ કોર્ટે જ એક કેસમાં કહ્યું છે:

"In evaluating such elusive factors (like reasonable restriction) and forming their own conclusion of what is reasonable, in all the circumstances of a given case, it is inevitable that the social philosophy and the scale of values of the judges participating in the decision should play an important part and the limit to their interference with legislative Judgement in such cases can only be dictated by their sense of responsibility, and self-restraint and the sobering reflection that the constitution is meant, not only for people of their way of thinking but for all and that the majority of the elected representatives of the people in authorising the imposition of the restrictions, considered them to be reasonable.'

જે છ જજોએ પાર્લમેન્ટને આવી સત્તા નથી એવું ઠરાવ્યું તેમણે મૂળ અધિકારો શું છે, તેનું સ્વરૂપ, તેમાં ફેરફાર કેમ ન થઈ શકે, તેમ કરવા દેવાય તો કેવું અનિષ્ટ થાય વિગેરે પ્રશ્નોની લંબાણથી ચર્ચા કરી છે. જે પાંચ જજોએ પાર્લમેન્ટને આવી સત્તા છે એમ ઠરાવ્યું તેમણે આ બધાનો સબળ જવાબ આપ્યો છે. ખરી રીતે આવી ચર્ચા અસ્થાને ગણાય. શંકરી પ્રસાદના કેસમાં આવી ચર્ચા થઈ નથી. એ કેસના જજોએ leagal interpretetion મુખ્ય ધ્યેય રાખ્યું. મેં ઉપર જણાવ્યું તેમ બીજો પ્રશ્ન પાર્લમેંટને સત્તા હોવી જોઈએ કે નહિ તે રાજનીતિનો છે, પાર્લમેન્ટનો અધિકાર છે, કોર્ટનો નહિ. પણ જ્યાં એકથી વિશેષ અર્થ થઈ શકે અથવા કરી શકાય, ત્યાં અજાણપણે, પણ પોતાનો અભિપ્રાય જજના નિર્ણયમાં અગત્યનો ભાગ ભજવે તેવું બને છે. આવી સત્તા હોવી ન જોઈએ, માટે નથી એવા નિર્ણય ઉપર આવી જવાય. આમ કરવા જતાં, જજો કાયદાના અર્થ કરે છે એટલું જ નહિ પણ નવો કાયદો કરે છે જે તેમના અધિકારમાં નથી. ગોલકનાથના કેસની સમીક્ષા કરતાં, મહારાષ્ટ્ર રાજ્યના એડવોકેટ જનરલ સીરવાઈએ કટાક્ષમાં કહ્યું છે:

"But apparently, modern theories of Judicial function in a dynamic society confers on the highest court of the country and on that court alone, a power to make laws for the country, including an amendment of its constitution, a power denied to Parliament ..... It is submitted that such claim made for the Judicial function have no place in our Constitution.

એક અમેરિકન જજે કહ્યું છે તેમ:

It is an exercise of the powers of a super legislature, not the performance of the Constitutional function of judicial review.

ગોલકનાથના કેસમાં જસ્ટીસ બચાવતે કહ્યું:

"Such a naked power of amendment of the Constitution is not given to the Judges."

તો હવે ઉપર જણાવેલ બીજો પ્રશ્ન — પાર્લમેન્ટને આવી સત્તા હોવી જરૂરની અથવા ઈષ્ટ છે કે નહિ તેની ચર્ચા હવે પછી કરીશ.

અપૂર્ણ

ચીમનલાલ ચ. શાહ

પ્રકીર્ણ નોંધ

દિવ્ય દાંપત્યનો આદર્શ શું હોઈ શકે?

તા. ૧-૧૨-'૬૮ના પ્રબુદ્ધ જીવનમાં 'દિવ્ય દાંપત્ય' એ મથાળા નીચે દેવહુતિ અને કર્દમની કથા આપવામાં આવી છે અને તેમાં સ્વીકૃત લગ્નજીવનના પરિણામે એક પુત્ર પ્રાપ્ત થતાં પતિએ પત્નીને માતા સમાન ગણવી જોઈએ અને બન્નેએ આજીવન-બ્રહ્મચર્યનું પાલન કરવું ઘટે એવા આદર્શનું નિરૂપણ છે. તે આદર્શની આલોચના કરતાં મેં એમ જણાવ્યું હતું કે, "પત્ની એકવાર પુત્રવાન થવા સાથે માતા સમાન ગણાય એ વિચાર અથવા તો કલ્પના વધારે પડતી અને કુદરતના સંકેતની વિરોધી લાગે છે. પરિપક્વ લગ્નજીવનના પરિણામે એકથી વિશેષ બાળકોની માતા થયેલી પત્ની પ્રત્યે માતૃભાવથી જોવું—જેવો ભાવ ગાંધીજીનો કસ્તુરબા પ્રત્યે હતો—એ જુદી જ બાબત છે.

આ આલોચનાને ધ્યાનમાં લઈને મારા મિત્ર કાકા અપ્પાસાહેબ પટવર્ધન તેમના મારી ઉપરના એક પત્રમાં લખે છે કે તા. ૧-૧૨-'૬૮ના અંકમાં 'દિવ્ય દાંપત્ય' એ મથાળા નીચે તમે એક બહુ જ ઉદાત્ત વિચાર વાચકો સમક્ષ મૂક્યો છે, પણ આખરે તેને 'વધારે પડતો અને કુદરતના સંકેતનો વિરોધી' બતાવો છો. પણ તેમાં કુદરત એટલે 'પશુજીવન' એવું સમીકરણ તમને અભિપ્રેત હોય એમ લાગે છે. તે કસોટીથી 'પ્રબુદ્ધ જીવન' એ અકુદરતી જીવન જ ગણાય.

વસ્તુસ્થિતિ એ છે કે માનવવંશનું આ દુનિયામાં પહેલુંવહેલું સર્જન થયું ત્યાં સુધી પશુજીવન એ જ કુદરત હતી. પણ માનવ અવતર્યો ત્યારથી પ્રબુદ્ધ જીવનનું નવું વલણ કુદરતે લઈ લીધું. કુદરતનો નવો સંકેત બન્યો છે—ન કે માનવકુળનો વિસ્તાર, પણ તેની મુક્તિ. એક અપત્ય જન્મથી બ્રહ્મચર્ય પાળવું શરૂ થાય તો ધીમે ધીમે માનવ કુળ નષ્ટ નહિ પણ મુક્ત થશે. તે કદરતનું સાફલ્ય હશે.

માનવીના પ્રબુદ્ધ જીવનના સંદર્ભમાં કદરતના આ નવા સંકેતનો

મને ખ્યાલ જ નહોતો. આમ મને એક નવી દૃષ્ટિ આપવા માટે મારે અપ્પાસાહેબનો આભાર માનવો ઘટે. આમ છતાં આ સૂચિત આદર્શ સાથે આજની વાસ્તવિકતાનો વિચાર કરતાં એમ જણાવવાનું પ્રાપ્ત થાય છે કે પ્રસ્તુત આદર્શની બે અપેક્ષા છે : ૧. એક અપત્યથી સંતોષ માનવો; ૨. ત્યાર બાદ પતિપત્નીએ આજીવન બ્રહ્મચર્ય પાળવું. સંભવ છે કે આજે બે કે ત્રણ બાળકથી સંતોષ માનવાનું કહેવામાં આવે છે તેની જગ્યાએ અપ્પાસાહેબની સૂચના અનુસાર આજનો યુવાન એક અપત્યની પ્રાપ્તિથી સંતોષ માનવાનું કદાચ સ્વીકારશે, પણ આજના કૃત્રિમ ઉપાયો દ્વારા કરવામાં આવતા સંતતિનિયમનના વાતાવરણમાં અને એ જ કારણે બ્રહ્મચર્યની ભાવના દિન પ્રતિ દિન ઓસરતી જતી હોવાના કારણે, તે યુવાન અવશેષ લગ્નજીવન માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનો કદાચ સ્વીકાર નહિ કરે. પરિણામે લગ્નજીવન સાથે આ પ્રકારના બ્રહ્મચર્ય પાલનનો હેતુ કદાચ વણપૂર્યો રહી જશે.

'યદ્યપિ શુદ્ધં, લોકવિરુદ્ધં,' નાકરણીયં, નાચરણીયમ' અંગે એક ખુલાસો

આ લખાણ અંગે સ્વજનોમાં એક ગેરસમજૂતી ઊભી થવા પામી છે એમ માલુમ પડતાં ખુલાસો કરવાની જરૂર લાગે છે કે આગળના બે અંકોમાં પ્રગટ થયેલ મારૂં લખાણ, તે પહેલાં પ્રગટ થયેલ મુરબ્બી સ્વ. મોતીચંદ ગીરધરલાલ કાપડિયાના લખાણની ટીકા કે આલોચના કરવાના હેતુથી તાજેતરમાં લખાયલો કોઈ લેખ નથી, પણ આજથી ૫૦ વર્ષ પહેલાં યોજાયલી એક ચર્ચા દરમિયાન પ્રસ્તુત સૂત્રનું સ્વ. મોતીચંદભાઈએ સમર્થન કરવાનું અને મેં ઉત્તરપક્ષ સ્વીકારીને તેમના સમર્થનનું ખંડન કરવાનું માથે લીધેલું અને તે રીતે એક ચર્ચા યોજાયલી હતી તે ચર્ચાને આજે પુનઃ પ્રસિદ્ધિ અપવામાં આવી છે. આવી ચર્ચામાં જેણે જે સૂત્રનું મંડન કર્યું હોય અથવા તો ખંડન કર્યું હોય તેના પોતાના વિચારો એ જ પ્રકારના હતા એમ માની લેવાની જરૂર નથી. તેમ જ આ ચર્ચા અહિં પ્રગટ કરવા પાછળ મોતીચંદભાઈના વિચારોને ઊતારી પાડવાનો કે મારા વિચારોને વધારે પડતા આગળ ધરવાનો આશય હોવાની પણ કોઈએ કલ્પના કરવાની જરૂર છે જ નહિ. આવી ચર્ચામાં એમ પણ બનવાનું એટલું જ સંભવિત હોય છે કે અમુક વિવાદાસ્પદ વિચારનું ખંડન કરનાર વ્યક્તિના ભાગે તે જ વિચારનું મંડન કરવાનું આવે અને મંડન કરનારને ભાગે ખંડન કરવાનું આવે. ૫૦ વર્ષ પહેલાં કૉંગ્રેજમાં અને અન્ય સભા-સંમેલનોમાં આવી ચર્ચા–પ્રતિચર્ચા–Debate ગોઠવવામાં આવતી હતી. આજે આનું સ્થાન સેમીનારે લીધું છે.

આ ચર્ચાના અનુસંધાનમાં એ પણ ફરીથી જણાવવાનું પ્રાપ્ત થાય છે કે મારા નિરૂપણનો એ જ ચર્ચા દરમિયાન શ્રી મોતીચંદ-ભાઈએ લાંબો Rejoinder–પ્રત્યુત્તર આપ્યો હતો અને એ મુદ્દા ઉપર મારા સ્વર્ગસ્થ મિત્ર શ્રી શિવલાલ પાનાચંદ શાહે અંગ્રેજીમાં એક વિદ્વતાપૂર્ણ નોંધ લખી આપી હતી અને સ્વામી આનંદે પણ ગુજરાતીમાં એક મિતભાષી ટીપ્પણી લખી આપી હતી અને આ બધાં લખાણો સ્વ. વાડીલાલ મોતીલાલ તરફથી સંપાદિત થતા-૧૯૧૮ની સાલના-જૈન હિતેચ્છુમાં એક સાથે પ્રગટ થયાં હતાં અને એ આખી ચર્ચાની શ્રી વા. મો. શાહે એક લાંબી સમાલોચના કરી હતી અને આ ચર્ચા-આલોચનાએ એ સમયના વિચારક વર્ગમાં સારૂં આકર્ષણ અને ઉહાપોહ પેદા કર્યો હતો. પણ એ બધું પ્રગટ કરવા જતાં પ્રબુદ્ધ જીવનની ઘણી જગ્યા રોકાય અને આજના વાંચકો તેથી કંટાળે–આમ વિચારીને આખી ચર્ચા પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવાનો લોભ રોકવો પડ્યો છે.

કલકત્તાવાળા સૌ. શારદાબહેનને અભિનંદન

મારા મિત્ર શ્રી બિહારીલાલ શાહ કલકત્તામાં વર્ષોથી વસેલા છે અને ઝવેરાતનો વ્યવસાય કરે છે. આ ઉપરાંત ત્યાંના જાહેર જીવનમાં પણ આગળ પડતો ભાગ લે છે તથા કોંગ્રેસી કાર્યકર્તાઓના તેમ જ રાષ્ટ્રવ્યાપી રચનાત્મક કાર્યમાં નિમગ્ન એવા અનેક પ્રજાસેવકોના નિકટ સંબંધમાં છે. તેમનાં પત્ની સૌ. શારદાબહેન પણ ત્યાંના ગુજરાતી વિભાગના આગળ પડતા એક સામાજિક કાર્યકર છે. પશ્ચિમ બંગાળની સરકારે શારદાબહેનની તાજેતરમાં જે. પી. તરીકે વરણી કરી છે અને આ રીતે તેમની આજ સુધીની સેવાઓની કદર કરી છે. પૂર્વ ભારતમાં વસતા ગુજરાતીઓમાં જે. પી. તરીકે તેઓ પ્રથમ જ ગુજરાતી મહિલા હોઈને આપણ સર્વ ગુજરાતીઓનાં હાર્દિક અભિનંદનના તેઓ અધીકારી બને છે.

શેઠ માણેકલાલ પ્રેમચંદ રાયચંદનો શોકજનક દેહવિલય

તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ મુંબઈના પ્રતિષ્ઠિત વ્યાપારી અને જૈન સમાજના આગેવાન ગૃહસ્થ શેઠ માણેકલાલ પ્રેમચંદનું લાંબી માંદગી બાદ ૮૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. તેમના પત્ની શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદ આપણા સમાજના જાણીતા સામાજિક કાર્યકર છે અને મુંબઈ જૈન મહિલા સમાજના વર્ષોજૂના પ્રમુખ છે. શ્રી તારાબહેને માણેકલાલભાઈની લાંબી માંદગી દરમિયાન અથાક સેવા કરી છે. તેમના ઉપર આવી પડેલી આ આફત અંગે તેમના પ્રત્યે તેમ જ તેમનાં કુટુંબીજનો પ્રત્યે જૈન સમાજના તેમ જ તે સમાજ બહારના અનેક ભાઈબહેનો ઊંડી સહાનુભૂતિ અનુભવે છે. સદ્‌ગતને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના છે.

આચાર્ય રજનીશજી વિષે વિનોબાજી

તા. ૨૬-૧-'૬૯ના 'ભૂમિપુત્ર'માં 'વિનોબાજીના સાન્નિધ્યમાં' એ મથાળા નીચે શ્રી અરુણ ભટ્ટ પોતાની સ્મરણ નોંધમાં જણાવે છે કે "શ્રી રજનીશનાં કેટલાંક વિધાનો અંગે હમણાં ચર્ચા ચાલી રહી છે, તેનીયે વાત નીકળી. શ્રી રજનીશે જૂનાગઢ શિબિરમાં ભૂદાન પ્રવૃત્તિ વિશે કરેલ ટીકાનો મેં ઉલ્લેખ કર્યો : 'હું નથી માનતો કે જમીનના ટુકડાઓ માગવાથી કોઈ ક્રાંતિ થાય. ક્રાંતિ તો વિચારથી થાય છે. આ ભૂદાન આંદોલન તો એક ખતમ થઈ ગયેલી બાબત છે. જેમ કોઈ નવી ફેશન આવે છે, થોડો વખત ચાલે છે, અને પછી ગાયબ થઈ જાય છે, તેમ વિનોબાના આંદોલનનું પણ થયું છે.'

"વિનોબાજીએ અન્ય વિધાનોની વાત કરવાને બદલે આનાથી જ શરૂ કર્યું : 'આ જે ફેશનવાળી વાત છે, તેનો મનેય ડર છે. હવે બહુ થોડો વખત છે તમારી પાસે. ૧૯૭૨ની આવતી ચૂંટણી સુધીમાં જો તમે કાંઈ ન કરી બતાવો તો તમારી વાત ફેશનમાં ગણાશે. આપણું આંદોલન ૧૮ વરસથી ચાલે છે. હજી બીજાં ત્રણ-ચાર વરસ તમને મળશે. સમાજ એક માણસને ૨૦–૨૨ વરસથી વધારે કેટલો સમય આપે ? લોકો જોશે કે આનાથી આપણું કામ થઈ રહ્યું છે તો તમને કામ કરવા માટે અવકાશ રહેશે. નહીં તો પછી તમારે સાર્વજનિક કામ છોડી વ્યક્તિગત કામધંધે લાગી જવું પડશે.'

"ફેશન શબ્દનેય ટાળવા પ્રયત્ન ન કર્યો. ઊલટાનો તે જ આગળ ધરીને સહુને ચેતવ્યા કે ભાઈ, સાવધાન થઈ જાઓ. સમય તમારી નબળાઈઓ, દુર્ધાઓ અને આળસને ધ્યાનમાં રાખીને રોકાવાનો નથી. લાગો કામે. નહીં તો પછી લમણે હાથ દઈને બેસવાનો વારો આવશે. અને પછી શ્રી રજનીશજીનાં અન્ય વિધાનો વિશેનો સંયુકત ટૂંકો જવાબ આપતાં વિનોબાજીએ ઉમેર્યું : 'બાકીની બીજી બધી વાતો છે તેવી વિચિત્ર વાતો હું પણ કરવા લાગું–જે હું એવા વિષયો પર બોલવાનું શરૂ કરી દઉં કે જે વિશે મારો કોઈ ખાસ અભ્યાસ ન હોય. પરંતુ મને અક્કલ છે. જે વિષયનો મને અભ્યાસ નથી, તે વિશે હું મારા વિચારો વ્યકત કરતો નથી."

પરમાનંદ

મહાસતી કોરેટ્ટા કિંગ

(ગયા જાન્યુઆરી માસના પશ્ચાર્દ્ધમાં અમેરિકન હબસી નેતા સ્વ. માર્ટિન લ્યુથર કિંગનાં પત્ની શ્રીમતી કોરેટ્ટા કિંગ તેમના પતિને મળેલું પંડિત જવાહરલાલજીની સ્મૃતિમાં અપાયલું પારિતોષિક લેવા માટે ભારત આવેલાં અને તે જ મહિનાની ૨૭મી તારીખે મુંબઈ એક દિવસ રોકાઈને અમેરિકા તરફ વિદાય થયેલાં તે પ્રસંગના સંદર્ભમાં લખાયલા અને પહેલી ફેબ્રુઆરીના ઈન્ડિયન એક્સ-પ્રેસ માં પ્રગટ થયેલા શ્રી ગગનવિહારી મહેતાના અંગ્રેજી લેખનો અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

આધુનિક સમય દરમિયાન મિસિસ કોરેટ્ટા કિંગને જે સ્વાભાવિક ઉમળકાથી આપણા દેશમાં આવકારવામાં આવેલ છે અને તેની જે બળવાન અસર પડી છે તેવું ભાગ્યે જ બીજી અન્ય વ્યકિતઓ વિષે બનવા પામ્યું છે. ઘણા મોટા સત્તાધીશો આપણા દેશમાં વર્ષ દરમિયાન આવતા રહ્યા છે કે જેમનું કૃત્રિમ ઉત્સાહપૂર્વકનું કરવામાં આવતું સરકારી સન્માન ઔપચારિક અને યાંત્રિક જેવું લાગે છે. જુદા જુદા રાજ્યો અથવા તો રાષ્ટ્રોના આ બધા મુખ્ય પુરુષો સાથે, તેમની ગમે તે રાજનીતિ હોય તો પણ, પુરાણી મૈત્રીઓ "ancient ties" અથવા તો 'સમાન આદર્શો" અથવા તો હિતોની એકવાકયતા–"indetiiy of interests"–હોવાનું આપણે શોધી કાઢતા હોઈએ છીએ.

પણ અહિં એવી વ્યકિત ઉપસ્થિત થઈ કે જેની પાસે કોઈ રાજકીય કે ધાર્મિક દબદબો નહોતો, જેની આગળપાછળ કોઈ ઠાઠ કે ઠઠેરો નહોતો. અને એમ છતાં પણ કોરેટ્ટા કિંગ - એક સામાન્ય જેવી લાગતી સ્ત્રી - સંપૂર્ણ અર્થમાં અસામાન્ય - અસાધારણ- છે. તેમની રીતભાતે અને તેમના સ્વાભાવિક લાવણ્યે લોકોનાં દિલ- જીતી લીધાં છે. તેમની વિચારપૂર્ણ, ધીમી, હાર્દિક વાણી કોઈને પણ પ્રભાવિત કરે અને અન્તસ્તત્ત્વને હલાવે તેવી છે. તેમનામાં કોઈ કૃત્રિમતા નથી; દિલમાં ન હોય એવો એક શબ્દ તેઓ બોલતાં નથી; તેઓ વાચાળ નથી, વાણીચતુર છે, તેમનામાં ઉપરનો કોઈ ચમકાર નથી; એક જીવન્ત જંગુત પારદર્શક વ્યકિતત્વ છે. શ્રીમતી કોરેટ્ટા સંગીત તરફ વળ્યાં હતાં અને તેને પોતાનો જીવનવ્યવસાય તેઓ બનાવી શકયાં હોત, પણ પછી તો તેઓ માર્ટીન લ્યુથર કિંગને મળ્યાં, તેમની સાથે લગ્ન કરતાં પહેલાં તેઓ જરા અચકાયાં, ખચ- કાયાં, પણ એક વખત જોડાયાં એટલે તેઓ તેમનાં જીવનસાથી બની ગયાં. જાતિગત સમાનતા પ્રાપ્ત કરવાની શાન્તિપૂર્ણ જેહાદમાં તેઓ તેમનાં જીવનસંગિની બની ગયાં. તેમની બધી કસોટીઓ અને આફતોનાં તેઓ ભાગીદાર બન્યાં અને તેમને ચાર બાળકો ઉછેરવાના હોવા છતાં, તેમની સાથે તેમણે યાતનાઓ સહન કરી અને પોતાની જાતનો ભોગ આપ્યો. મુંબઈના તેમના એક વાર્તા- લાપ દરમિયાન, તેમના સૌથી મોટા બાળકે - પુત્રીએ - સાત વર્ષની ઉમ્મરે–મારા પિતા આટલી બધી વાર અને આટલો લાંબો વખત કયાં ફર્યા કરે છે એવા કરેલા પ્રશ્નને લગતી એક હૃદયસ્પર્શી ઘટનાનું તેમણે વર્ણન કર્યું હતું.

તેની માતાએ જવાબ આપ્યો કે "એમ બની રહ્યું છે, કારણ કે ઈશ્વરને તેની જરૂર છે." કોરેટ્ટાએ કહ્યું કે, "ઈશ્વરને તારા પિતા જેવા હાથ નથી કે પગ નથી અને તેમનું કામ કરવા માટે ઈશ્વ- રને તારા પિતા જેવા માણસોની જરૂર પડે છે." અને પછી તે નાની છોકરી બોલી કે "હું પણ જ્યારે મોટી થઈશ ત્યારે મારા પિતાની માફક ઈશ્વરનું કાર્ય કરવાની આશા સેવું છું." આ કિંગ પતિ-પત્ની ઊંડી ધાર્મિક શ્રદ્ધાથી પ્રભાવિત બન્યા હતા, અને તે કારણે તે બન્નેને આચરણમાં નમ્રતા, સંઘર્ષમાં બળ, દુ:ખમાં ધીરજ અને ભવિષ્ય અંગે આશા પ્રાપ્ત થઈ હતી.

૧૯૫૭ ના સપ્ટેમ્બર માસની ત્રીજી તારીખે કિંગ અને કોરેટ્ટા અને મિત્રો અને પ્રશંસકોની એક મંડળી–આ બધાં મૉન્ટગોમેરીના રેકર્ડરની અદાલતની બહાર ઊભાં હતાં, જ્યારે એક અમલદારે ત્યાંથી તેમને ચાલી જવા કહ્યું. એ અમલદારના કહેવા મુજબ, કિંગે ત્યાંથી ખસવાની ના કહી અને એક વકીલને પોતે મળવા માગે છે એમ જણાવ્યું. આમ બનતાં, કિંગનું અપમાન કરવામાં આવ્યું, તેમને માર મારવામાં આવ્યો, હાથકડી પહેરાવવામાં આવી અને જેલમાં પૂરવામાં આવ્યા. કોરેટ્ટા આંસુભરી આંખે એ સરઘસમાં સાથે ચાલ્યાં, જ્યારે "તમારે પણ જેલમાં જવું છે, જવાબ આપો." એમ જણાવીને તે અમલદારે કોરેટ્ટાને ત્યાંથી ચાલી જવા કહ્યું. કિંગે કશો પણ જવાબ ન આપવા કોરેટ્ટાને સૂચવ્યું. જેલમાં કિંગની તપાસ કરવામાં આવી, તેમના ઉપર ધક્કામુકી કરવામાં આવી અને તેમને એકાન્ત કોટડીમાં પૂરવામાં આવ્યા. એક અમલદારનું અપમાન કરવાનો તેમના ઉપર આરોપ મૂકવામાં આવ્યો અને જામીન ઉપર તેમને છોડવામાં આવ્યા.

આ ઘટનાના પરિણામે કિંગે ગાંધીજીના પગલે ચાલવાનું શરૂ કર્યું. એ દિવસે પોતાને ઘેર પહોંચ્યા બાદ તેમણે એકઠા થયેલા મિત્રો અને કાર્યકરોને જણાવ્યું કે "આ બાબતનો હવે પૂરતો અનુભવ થઈ ચૂકયો છે." પ્રાર્થનાપૂર્વકના ચિન્તનમાં આખો દિવસ ગાળીને અને કોરેટ્ટા સાથે લાંબી ચર્ચાવિચારણા કરીને પછી દંડ આપવાને બદલે જેલમાં જવાનો તેમણે નિર્ણય કર્યો. આ નિર્ણયનું બીજ કિંગના દિલમાં લાંબા વખતથી સળવળ્યા કરતું હતું. વિશેષ અધ્યયન અને ધ્યાનના પરિણામે ગાંધીવિચારની આવી પરિસ્થિતિમાં શી અપેક્ષાઓ હોઈ શકે તે અંગે તેમને વધારે ઊંડી સમજણ પ્રાપ્ત થઈ.

આ બનાવની બે અઠવાડિયા પહેલાં હિંદીઓની અમુક મંડળીએ આ દંપતી સાથે ત્રણ દિવસનો મોટો ભાગ ગાળ્યો હતો. આ મુલાકાત પછી, કોરેટ્ટાએ આગળ ઉપર જણાવેલું કે "અમે ત્યારથી અહિંસાના સમગ્ર તત્ત્વજ્ઞાન અંગે વધારે ઊંડાણથી વિચારવાનું શરૂ કર્યું. આ અંગેનું અમારું જ્ઞાન કેટલું છીછરું અને અધકચરું હતું તે વિષે પણ અમે વાતો કરેલી." અહિંસક પ્રતિકાર અને તે દ્વારા મેળવવા ધારેલી મુકિતના ધ્યેયને સમર્પિત થતાં જે બનાવો બનવાની સંભાવના ઊભી થાય તેની લાંબી સાંકળમાં પ્રસ્તુત ધર- પકડ કોરેટ્ટા અને કિંગ માટે એક કડીરૂપ બની ગયેલ હોય એમ લાગે છે.

માર્ટીન લ્યુથર કિંગ અને કોરેટ્ટા બન્ને જોખમભર્યું જીવન જીવવા લાગ્યા. જે જોખમોનો તેઓ સામનો કરી રહ્યા હતા અને જે સત્તાને તેમની જેહાદ પડકારી રહી હતી તે બન્ને વિષે તેઓ પૂરા ભાન હતા. તેમના માટે, પોતાના ધર્મનું અંદરથી આવ્હાહન થયેલું હોઈને, પછી કોઈ પાછા ફરવાપણું હતું જ નહિ. જેહાદ વધારે ને વધારે જોર પકડતી ગઈ અને યાતના અને આત્મભોગ અનિવાર્ય બની ગયાં. જાતિગત તિરસ્કાર અને કોમી ઝનુન વચ્ચે ઝઝુમી રહેલા તેઓ ગોરાઓના સર્વશ્રેષ્ઠતાવાદનો પૂરો સામનો કરવા લાગ્યા અને એમ છતાં તેમના દિલમાં કોઈના વિષે કશો રંજ અને વૈમનસ્ય કદિ પણ જોવામાં ન આવ્યાં. આ બાબતમાં તેમણે ખૂદ મૃત્યુને પડકાર્યું હતું.

કિંગનું ખૂન થયું તેના થોડા દિવસ પહેલાં એક હૃદયસ્પર્શી મુલાકાત દરમિયાન કોરેટ્ટા કિંગે જણાવ્યું હતું કે "મારા પતિનું બલિદાન લેવાય એવી પણ ઈશ્વરની ઈચ્છા હોઈ શકે છે. આમ જે કાંઈ બને તે માટે તૈયાર રહેવાનો હું પ્રયત્ન કરી રહી છું." પછી તેમણે દર્દપૂર્વક જણાવેલું કે "કારણ કે જીવનની સિદ્ધિ, તે

દ્વારા તમે શું મેળવો છો તેમાં નહિ પણ તે દ્વારા તમે શું આપો છો તેમાં રહેલી છે." આવા એક વિરલ યુગલને મૃત્યુની કોઈ ભીતિ નહોતી, કબર સામે કોઈ ડંખ કે અણગમો નહોતો. ગાંધીશતાબ્દિના આ વર્ષમાં જ્યારે આપણે બધા સામાજિક ન્યાય અને કોમી એખલાસ અને સહિષ્ણુતા સૂચવતા ગાંધીજીના સંદેશને વિસરી રહ્યા છીએ ત્યારે ડૉ. કિંગે અને તેમના સહકાર્યકર્તાઓએ યુનાઈટેડ સ્ટેટ્સમાં ગાંધીજીની મશાલને સળગતી રાખી છે. ગાંધીજીએ એક વાર કહેલું કે "અહિંસાનો વિશુદ્ધ સંદેશો આ દુનિયાને પહોંચાડવાનું કામ કદાચ હબસીઓના હાથે બને."

ડૉ. કિંગના ખૂનની દુર્ઘટના બની ત્યારે કોરેટ્ટા કિંગે જે અસાધારણ ધૃત્તિનું જગતને દર્શન કરાવ્યું હતું અને ત્યાર બાદ જે શાન્તિપૂર્ણ પ્રતિભા તેમનામાં અભિવ્યકત થઈ રહી છે તેનું વર્ણન કરવા માટે શબ્દો પાતળા અને અસમર્થ માલુમ પડે છે. તેમનાથી ઉતરતી કોટિના માનવીઓએ, અજ્ઞાત રીતે એમ છતાં જરા પણ અયોગ્ય રીતે નહિ, પોતાના દિલમાં વેર અથવા તો તિરસ્કારની લાગણી સંઘરી હોત, બીજા માનવીઓ આવા સંયોગોમાં સાવ ભાંગી પડયા હોત અથવા તો સુવેહશાન્તિપૂર્વકના ઉકેલ અંગે બધી આશાઓ ગુમાવી બેઠા હોત.

પણ કોરેટ્ટા કિંગની બાબતમાં એવું કશું જ બનવા પામ્યું નથી. તેમણે પોતાની ઊંડી વેદનાનું સમર્પણના ભાવમાં રૂપાન્તર કર્યું છે; પોતાની અગાધ વ્યથાને કરુણાવૃત્તિમાં રૂપાન્તર કરી છે. તેઓ બહાદુરીપૂર્વક અને જરા પણ કંટાળ્યા કે થાકયા સિવાય, માર્ટિન લ્યુથર કિંગના કાર્યને આગળ વધારવાનો પ્રયત્ન કરી રહેલ છે અને કોમી એકતા અને વિશ્વબંધુત્વને લગતા તેમના આ આદર્શોને નક્કર આકાર આપવાનો પુરુષાર્થ દાખવી રહ્યાં છે. જ્યારે લોકો ગાંધીજીનાં સ્મારકો ઊભાં કરી રહ્યા છે, ખૂબ ધન ખરચીને તેમની પ્રતિમાઓ સ્થાપિત કરી રહ્યા છે અથવા તો રાજકારણી હેતુઓ સિદ્ધ કરવા માટે તેમના નામને વટાવી રહ્યા છે, ત્યારે કોરેટ્ટા તેમના પતિની માફક પોતાના સમગ્ર સત્વમાં ગાંધીજીના આત્માને મૂર્તિમન્ત કરી રહેલ છે. જ્યાં સુધી આવા આત્માઓનું આ દુનિયામાં અસ્તિત્વ છે ત્યાં સુધી આપણને માનવજાત વિષે નિરાશ બનવાનું કોઈ કારણ છે જ નહિ.

અનુવાદક: મૂળ અંગ્રેજી:
પરમાનંદ **શ્રી ગગનવિહારી મહેતા**

પૂરક પરિચય

સદીઓથી જેમને લલાટે ગુલામી, વૈતરું, અપમાન અને ઉપેક્ષા એ સિવાય કશું લખાયું જ ના હોય એની શામળી પ્રજા – એ પ્રજા વચ્ચે શ્રદ્ધાનો દીપ પ્રકટાવી, પ્રયત્નપૂર્વક, ધીરજથી પોતાનું અજ્ઞાન અને ત્રુટિઓ સાથે સામનો કરી - કોઈનો પણ દ્વેષ કર્યા વગર પોતાનું સ્થાન મેળવવા માટે એક તેજસ્વી યુવાન, હજારો યોજનો દૂર એવા ભારતમાં રહેતા ગાંધીજીના તત્ત્વજ્ઞાનમાંથી માર્ગદર્શન મેળવી રહ્યો હતો. મહાત્માનું તત્ત્વજ્ઞાન એ યુવાનને વ્યવહારુ લાગ્યું. સત્યનો એ એક માત્ર માર્ગ છે એવી નિષ્ઠાથી એ એ માર્ગ પર ચાલ્યો. અનંત યોજનો દૂર રહી સૂરજ પાસેથી પૃથ્વી તેજ મેળવે, પ્રાણ મેળવે, એવી રીતે આ શિખામણ આપ્યા વગર લેવાઈ ગઈ! સત્યાગ્રહનો એક મહાન પ્રયોગ, ભૌતિક સમૃદ્ધિને ટોચે બેઠેલ અમેરિકાની ભૂમિ પર, શ્યામલ વર્ણના, સરળ મનના અને બળશાહી હાથ જેમણે ભગવાને આપ્યા છે એવા લાખો લોકોએ આદર્યો. ઘણા ગોરા માણસો પણ એ પ્રયોગમાં સહભાગી થયા. આ માર્ગ સત્યનો છે. અંતિમ યશ નિશ્ચિત છે. છતાં અનંત યાતનાઓથી એ છવાયેલો છે. લોહીથી ખરડાયેલો છે. ચિરવિરહની ખીણો ત્યાં ઠેર ઠેર ઊભી છે. આ માર્ગના પથિકોને ઝેરના પ્યાલા પીવા પડે છે. પોતાની શૂળી પોતાના ખભા પર લઈ જવી પડે. કંટાળા તાજ અને લોઢાના ખીલાના શણગાર સજવા પડે! ભારત, અમેરિકા, આફ્રિકા, ઝેકોસ્લોવેકિયા - ગમે ત્યાં આ માર્ગ એવો જ છે! યુગોથી માનવને એની ખબર છે. છતાં એ ચમત્કાર થાય છે.

અંતરમાં માનવતાની જ્યોત કોઈ ફિરસ્તો પ્રકટાવી જાય છે- અને કોઈ દૈવીશકિતનો સંચાર થયો હોય એમ લાખો માનવીઓ આ રસ્તે મહાયાત્રાનું પ્રસ્થાન મૂકે છે. એવી જ એક મહાયાત્રા એક હુતાત્માસ્મારક પાસે આવી પહોંચી - અબ્રાહમ લિંકનની ભવ્ય શિલ્પાકૃતિ આ પ્રસ્થાન જોઈ રહી હતી. ત્યાં એ યાત્રિકોનો અગ્રદૂત ઉંમરે નાનો...મનનો મોટો ... બહુ મોટો ... કહી રહ્યો હતો ..." હું એક સ્વપ્ન સેવી રહ્યો છું! માનવમાત્રનાં બાળકો સ્નેહથી હાથ મિલાવી આગળ જઈ રહ્યાં છે ... હું જોઈ શકું છું ... માનવને માનવીથી દૂર રાખતી જંજીરો તૂટી રહી છે. એક નવો સૂર એક નવો શબ્દ, એક નવું ગીત ઊમટી રહ્યું છે." આ અપૂર્વ સ્વપ્ન લાખો આંખો સમક્ષ એણે પ્રત્યક્ષ ખડું કર્યું – નવો સૂર પકડી–નવો શબ્દ વાતાવરણમાં ગૂંજી ઊઠયો.

આવા પોતાના પતિને સ્વ. માર્ટિન લ્યૂથર કિંગને - મળેલું પં. જવાહરલાલજીની સ્મૃતિમાં અપાયેલું પારિતોષિક લેવા એમનાં પત્ની શ્રીમતી કોરેટા ભારત આવી રહ્યાં હતાં. કોઈ સમ્રાટની સામ્રાજ્ઞી પણ ભાગ્યે જ મેળવી શકે એવો પ્રેમ, એવો ઉમળકો ભારતીઓએ શ્રીમતી કિંગ માટે બતાવ્યો. અત્યંત સુજ્ઞતાથી અને કૃતજ્ઞતાથી એમણે એ સ્વીકાર્યો. મળેલા પારિતોષિકનો અરધો ભાગ અહીંના દલિત વર્ગ માટે આપ્યો - અર્ધો ત્યાં લઇ ગયાં.

અમેરિકામાં - જ્યાં ડગલે ને પગલે સાક્ષાત મૃત્યુનો સામનો કરવા તૈયાર રહેવા જેવી દશા છે ત્યાં અડગ શ્રદ્ધાથી અને અપૂર્વ નિર્ભયતાથી આ નમણી નારીએ પોતાના પતિનું અધૂરું કામ પોતે ઉપાડી લીધું છે. "તમે ભારતની નારીઓ ભાગ્યવતી છો." એમણે અહીં કહ્યું હતું. "તમે ગાંધીજીને પ્રત્યક્ષ જોયા છે. એમના શબ્દ તમે સાંભળ્યા છે. સમજીને ઝીલ્યા છે! એમની આગેવાની નીચે સ્વાતંત્ર્ય સંગ્રામમાં તમે ભાગ લઇ શકયા! તમે ઘણું ઘણું સહન કર્યું છે. દુનિયાભરની સ્ત્રીઓ તમારી સામે માનથી અને આશાથી જોઈ રહી છે."

સ્પષ્ટ અને મીઠા અવાજમાં ઊંડી વેદના સાથે એમણે કહ્યું હતું ... "હું મારા મનની વાત કહી નાંખું તો ... મને રજા આપશો સાચું કહેવાની? મારા પતિની બાબતમાં મેં જોયું હતું ... એમની પાસે રહેનારા ભાગ્યે જ એમને ઓળખી શકતા! તમે ગાંધીજીની પાસે હતાં. તમે એમના પર પ્રેમ કર્યો ... પણ આજે ... તેમની જન્મશતાબ્દી વખતે આપણે એમના માર્ગ પર જ જઈ રહ્યા છીએ? કે પછી આત્મબળ ઓછું પડે છે? શસ્ત્રબળનું અવલંબન આપણે શોધી રહ્યા છીએ?" કેવા મર્મઘાતી પ્રશ્નો!

શ્રીમતી કોરેટાનું વ્યકિતત્વ વિલક્ષણ છે. અડગ અને નિગ્રહી વૃત્તિ એમના શબ્દે શબ્દમાંથી, ટટ્ટાર ઊભી રહેતી આકૃતિમાંથી વ્યકત થાય છે. ખડી સાકર જેવો મીઠો મધુરો અવાજ, મોહક હાસ્ય, સ્વચ્છિલ આંખોમાં ચમકતો સ્નેહભાવ, સાદા સરળ ભાષણોમાં રહેલું સંસ્કાર અને વિચારોનું ઊંડાણ, અપાર શ્રદ્ધા અને આત્મવિશ્વાસ ... વિનમ્ર વિવેક અને આ બધાં સાથે સતત રહેલી અનાસકત અલિપ્ત વૃત્તિ ... વજ્જરની વેલ પર ફૂલ ખીલે એવું મનોહર વ્યકિતત્વ!

"તમારાં સ્નેહથી તમે મને જીતી લીધી છે. હું પાછી આવીશ. મારા બચ્ચાંઓને લઈને આવીશ. ગાંધીજીનો ભારત એમને બતાવવા હું લઈ આવીશ!" વિદાય લેતાં એમણે કહ્યું. માર્ટિન લ્યૂથર કિંગ અને કોરેટા કિંગના વારસદારોને આપણે ગાંધીજીનું ભારત બતાવી શકીશું ને?

'જન્મભૂમિ - પ્રવાસી'માંથી સાભાર ઉધ્ધૃત **મૃણાલિની દેસાઈ**

પ્રજાસત્તાક દિન-પ્રીતિભો

(ગતાંકથી ચાલુ)

આ બાબત વિષે હમણાં જ મારે કેન્દ્રિય શિક્ષણપ્રધાન ડૉ. ત્રિગુણસેન જોડે ચર્ચા થઈ હતી. તેમણે જણાવ્યું કે શિક્ષણમાં પાયાના ફેરફારો કરવાનું તો અમને પણ જરૂરી લાગે છે, પણ કયા ફેરફારો કરવા તેનું સ્પષ્ટ દર્શન હજી મળતું નથી. મેં કહ્યું કે પહેલા તમે ફેરફાર કરવાનું નક્કી રાખો, પછી દેશમાં તે ક્ષેત્રનાં નિષ્ણાતોની ખોટ નથી, તેમને તે કામ સોંપી દો. તેમના વિચારોનો ઉપયોગ થવાનો હોય તો તેઓ જરૂર મદદ કરશે. મારી પાસે પણ એક નમ્ર યોજના હતી તે તેમણે મંગાવી લીધી અને તેના પર વિચાર ચાલી રહ્યો છે.

આ યોજના જેને મેં 'મેજર પ્રોજેક્ટ' વીઝન કહ્યું છે તે યોજનામાં આપણાં દેશની મહિલાઓને મિશનરી ઢબે તૈયાર કરવાની નેમ છે. તમે જુઓ તો ખરા કે આપણાં દેશમાં હજારો માઈલ દૂરથી મિશનરી ભાઈ-બહેનો આવે છે. અહીં કામે લાગતા પહેલાં સાત આઠ વર્ષની કડક તાલીમ લે છે. ત્યારબાદ તેઓને જ્યાં મોકલવામાં આવે ત્યાં તેઓ જાય છે અને સેવાનાં કાર્યો ઉપાડી લે છે. પછી ભલે તે સ્થાન ગાઢ જંગલમાં આવેલું હોય, આદિવાસીઓમાં હોય કે પછી વેરાન વગડો હોય, તેઓ હસતે મુખે જઈને ભૂખ્યાને ખાવાનું આપશે, માંદાને દવા અને સારવાર આપશે અને અભણને ભણાવશે. તેમની આવી સેવાભાવના ખૂબ વખાણવાયોગ્ય છે, પણ આ સુંદર ભાવનાનો પાયો ધર્મપલટો કરાવવાની વૃત્તિમાં છે, એટલે આપણને તે તરફ નફરત ઉપજે છે, જ્યારે આપણી યોજનામાં નિઃસ્વાર્થ સેવાભાવના, મિશનરી ઉત્સાહ અને ક્રાંતિકારી સ્પીરીટ-વાળી સેવિકા - શિક્ષિકા બહેનોને તૈયાર કરવાનો વિચાર છે. અને આ કામ અઘરું નથી. આપણે ત્યાં આવી ત્યાગ અને સેવાભાવના-વાળી બહેનોની ખોટ નથી એવો મને વિશ્વાસ છે.

આઝાદી સંગ્રામનાં એ દિવસો મને હજુ બરાબર યાદ છે. બાપૂની એક હાકલે બહેનો ઘરબાર, માલમિલ્કત, આદિ તેમની પ્રિય વસ્તુઓ છોડીને હસતે મુખે જેલવાસ સ્વીકારતી હતી. તે વખતે તેમની દૃષ્ટિમાં દેશને આઝાદ બનાવવાનું એકમાત્ર ધ્યેય હતું અને તેને માટે તેઓ કંઈ પણ કરી છૂટવા, અરે મરી ફિટવા પણ તૈયાર હતા. સેવા, સાદાઈ અને ત્યાગ એ તેમનાં આભૂષણો હતા. નિર્ભયતાપૂર્વક અનેક વિપરિત પરિસ્થિતિઓની વચ્ચે ફરીને તેઓએ કામ કર્યું હતું. તો આજે શું એ ગુણો, એ ભાવનાઓ તદ્દન નામશેષ થઈ ગઈ હશે? ના, મને શ્રદ્ધા છે કે એ ત્યાગ, એ સાદગી, એ સેવાભાવના તો આપણા લોહીમાં વણાએલાં છે. તે કદી નામશેષ થઈ ન શકે. પણ આઝાદી પછી પ્રમાદ અને મોજમજાની વૃત્તિ વધી છે. જો કે તેમાં કશું ખોટું પણ નથી. પણ તે જ એકમાત્ર ધ્યેય ન બની શકે તેટલી જાગૃતિ રાખવાની છે. આવી જાગૃતિ તરફ આપણું ધ્યાન ખેંચવામાં આવે તો પાછા જાગી જઈએ તેમ છીએ અને કામે લાગી શકીએ તેમ છીએ. આપણે આવી સેવાભાવનાવાળી બહેનોનાં જૂથો તૈયાર કરવા છે. તે વખતે દેશને બંધનમુકત કરવાનો આદર્શ આપણી સામે હતો, તે માટે આપણે ઝુઝ્યા અને સો ટકા સિદ્ધિ હાંસલ કરી, તો આજે આપણી સામે તેટલો જ મહત્વનો બીજો પ્રશ્ન છે, તે દેશને નીચે પડતો બચાવીને ઉપર ઉઠાવી લેવાનો. આ કામ—આ મોટી જવાબ-દારી દેશની મહિલાઓ સિવાય બીજા કોઈથી સિદ્ધ થઈ શકે તેમ નથી.

★ પ્રીતિભોજ

આ સિદ્ધ કરવા માટે સૌ પ્રથમ અબળાનો ભાવ—એ લઘુતા-ગ્રંથિ—ને મનમાંથી જડમૂળમાંથી ખોદી કાઢવી પડશે. બહેનોએ શરીરથી સબળ અને મનથી નિર્ભય બનવું પડશે. આત્મશકિતની ઓળખ, જાગૃતિ, અને શ્રદ્ધા પ્રગટાવવા પડશે. આપણી યોજનામાં શરીર અને મનની તાલીમ સાથે સાથે અધ્યાત્મ, વિજ્ઞાન, યોગ વિજ્ઞાન ઉપર પૂરેપૂરો ભાર મૂકવામાં આવ્યો છે. આ માટેનાં ઠેઠલાક એવા પ્રયોગોનું સંશોધન કરવામાં આવ્યું છે કે એ પ્રયોગો જેનાં પર કરવામાં આવે તે પાત્રમાં આત્મચેતનાનો વિકાસ થાય જ.

આવા પ્રયોગો કરવા માટે અને બહેનોને રીતસરની તાલીમ આપવા માટેનો એક ત્રણ વર્ષનો અભ્યાસકમ ગોઠવ્યો છે. આ માટે મહારાષ્ટ્ર સરકાર અને ગુજરાત સરકાર પાસે સંસ્થાએ મોટી જમીનની માગણી કરી છે. મને જણાવતાં આનંદ થાય છે કે ગુજ-રાત સરકારે જમીન આપવાની સંમતિ આપી છે. કોઈ શાંત, સુરમ્ય અને

શ્રી પરમાનંદભાઇ આવકારનિવેદન કરે છે. સૌ. પૂર્ણિમાબહે

પ્રસંગે થયેલાં પ્રવચનો

એક દૃશ્ય

એકાંત સ્થાનમાં આ સંસ્થાનું નિર્માણ થશે. આપણી પ્રાચીન યુનિવર્સિટીઓ—નાલંદા અને તક્ષશિલા—નું આજે આપણને સ્મરણ થાય છે. જમીનના વિસ્તૃત પટ ઉપર એ સંસ્થાઓમાં જીવન-વિજ્ઞાનનાં પ્રયોગો નિષ્ણાત ગુરુઓ દ્વારા થતા હતા અને એ જમાનામાં જ્યારે વાહનની સગવડોનો અભાવ હતો ત્યારે પણ દેશવિદેશથી હજારો વિદ્યાર્થીઓ ત્યાં આવીને અધ્યયન સંશોધન કરતા હતા, અને પછી પોતાનાં દેશમાં તે વિદ્યાનો લાભ બીજાઓને આપતા હતા. આજે પણ દેશનાં ગૌરવરૂપ 'નાલંદા યુનિ.' સંસ્થાનાં અવશેષો આપણને જોવા મળે છે.

આપણાં જૈન દર્શનમાં કેટલું સુંદર રીતે સમજાવ્યું છે કે "પઢમં નાણું તઓ દયા" પહેલાં જ્ઞાન અને પછી દયા, અર્થાત્ પહેલા જ્ઞાનની પ્રાપ્તિ હોય તો જ એ પાત્રમાં અન્ય ગુણોનો અને ફલ-સ્વરૂપ દયા અને સેવાભાવનાનો આપોઆપ વિકાસ થઈશકે છે. જ્ઞાનનાં પ્રકાશના ઉદ્‌ભવ માટે મન પર, મનની ચેતના પર પ્રયોગ કરવા પડે છે. એક મહાન સંત અને આપણી વચ્ચે ફરક ક્યાં પડે છે? આપણાં શરીરો સરખાં હોય છે, એક જ જાતનાં તત્વોનાં બનેલાં હોય છે, તો ફરક માત્ર મનની ચેતનામાં જ પડેલો હોય છે. આ ચેતનાનાં અણુઓ ઉપર પ્રયોગો થાય તો ચેતના બદલાઈ જાય છે. કુદરતી ક્રમમાં ધીરે ધીરે એનો વિકાસ થતો હોય છે, જ્યારે ચોક્કસ પ્રયોગો દ્વારા એનો ઝડપી વિકાસ શકય છે, અને આ જ જન્મમાં તે જ્ઞાન કેવલ્ય સુધી પહોંચવાની સંભવનાઓ ઊભી થાય છે. આપણું આ શરીર કીંમતી નથી, પણ તેમાં રહેલું ચૈતન્ય કીંમતી છે અને ચૈતન્ય પર પ્રયોગ કરનારા અને પ્રયોગમાં બેસનારાઓ કીંમતી છે. આ પ્રયોગમાં શરીરને હોમવાનું છે. આમ પણ આપણું જીવન બીજા ક્ષુલ્લક કાર્યોમાં હોમાઈ તો રહ્યું છે, તો જીવનવિકાસ અને સમૃદ્ધિનાં આવા સુંદર યજ્ઞમાં જ કાં ન હોમીએ? પરમાત્મ-ચેતનાનો સાચો અહંકાર પગટશે ત્યારે બધા ક્ષુલ્લક—નકામાં અહંકારો આપોઆપ ગળી જશે. આવા પ્રયોગો વિષે વિચાર અને સંશોધનનું ક્ષેત્ર આપણે ત્યાં ખૂબ ખેડાયું છે, અને આવા જીવન વૈજ્ઞાનિકો આજે પણ આપણી વચ્ચે વિચરી રહ્યાં છે. છતાં પ્રસિદ્ધ ગીતા-વાક્ય પ્રમાણે

અવજાનન્તિ માં મૂઢા માનુષી તનૂમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ।।

અધ્યાય ૯મો, શ્લોક ૧૧મો.

સંપૂર્ણ ભૂતોના આધારરૂપ મહાન ઈશ્વરનાં પરમ ભાવને ન જાણનારા મૂઢ લોકો, મનુષ્યશરીર ધારણ કરીને વિચરતા મને-પરમાત્માને તુચ્છ સમજતા હોય છે.

જેવું જ્ઞાન તેવું જ કામ થાય છે. એટલે પ્રથમ જ્ઞાન હોવાનાં કેટલી બધી કીંમત છે, કેટલી જરૂર છે તે સમજાય છે. જ્ઞાન વિના કામ નહીં તેવી આપણી પ્રતિજ્ઞા હોવી જોઈએ. જ્ઞાન વિના કામ શી રીતે થાય? અને કહીએ તો તેમાં સફળતા પણ શી રીતે મળે? અધૂરા જ્ઞાનથી કરેલું કાર્ય હંમેશા અધૂરું જ હોવાનું અને અધૂરામાં હંમેશ સંઘર્ષ જ હોય. કોઈ પણ કાર્ય કરવાનું હોય તો તેમાં પ્રથમ જ્ઞાન જ કામ આવે છે. જ્ઞાનપૂર્વક પહેલા સમજીને કાર્યને ગોઠવવામાં આવે તો તેમાં 'રીધમ' સંવાદિતા પેદા થાય છે. જ્ઞાન મેળવીને કામમાં લાગીએ તો આધ્યાત્મિક વિભાગ સાથે સાથે ભૌતિકવિભાગ પણ સમૃદ્ધ થાય છે. જ્ઞાન વિના સર્જનાત્મક વિચારધારા શકય નથી. તે વિના માત્ર અનુકરણ જ શકય બનશે, અને અજ્ઞાન જ પેદા થયા કરશે. આપણાં નવકારમંત્રનાં પાંચમા ચરણનો સાધુ તે માત્ર સંન્યાસી કે તપસ્યા કરતો એકલવિહારી નહીં પણ મોટો વૈજ્ઞાનિક અને સંશોધક હોવો જોઈએ એમ લાગે છે. એક સાચો સાધુ, સાચો યોગી આવે છે ત્યારે ધરતી અને સમાજમાં ખળભળાટ મચી જાય છે, મૂલ્યાંકનો બદલાઈ જાય છે. તો એવા વધારે સાધુઓ પાકે તો શું ન થાય?

આપણી સંસ્થામાં આવાં નમ્ર પ્રયોગો કરવાનું વિચાર્યું છે. બાળક સોળ વર્ષનું થાય ત્યાં સુધીમાં તેને આત્મજ્ઞાન સિદ્ધ થયું હોવું જોઈએ, તેની દૃષ્ટિ ખુલી ગઈ હોવી જોઈએ, શિક્ષણક્રમમાં આ વિજ્ઞાનને પ્રથમ સ્થાન આપવામાં આવે તો તે બાળકની બેઉ બાજૂઓ દૃઢ અને સમૃદ્ધ બની શકે છે અને તે જ્ઞાની અને જાગૃત બાળક પછી કોઈ વિપરીત, વિનાશક, અને સમાજ કે દેશને માટે હાનિકારક કાર્યમાં કેમ જ જોડાઈ શકે? બાળકોને ભણાવવા માટે મોટા પ્રમાણમાં શિક્ષિકાઓની જરૂર પડવાની છે. એટલે આ દેશને



ચન કરે છે.



શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ પ્રવચન કરે છે.

સૌથી વધારે જરૂર આવી વિકસિત આત્મજાગૃતિવાળી માતાઓની અને શિક્ષિકાઓની છે તેવું મનમાં વસે છે. આ તદ્દન પાયાની વાત છે તેવું મનમાં દૃઢપણે લાગે છે. આપણે સૌ સ્વતંત્ર અને તટસ્થ-રીતે આ વાત પર વિચારતા થઈએ તો સંભવ છે કે તેમાંથી ઘણાં સુંદર પરિણામો આવી શકે.

આવા જાગૃત અને વિકસિત પાત્રોમાં સિહણ ચેતનાનો પ્રાદુર્ભાવ થાય, જેને આપણે "લાયનિંગ એનર્જી" કહીશું. આવી વીજળીક શક્તિઓ દેશ પર અને વિશ્વ પર આધ્યાત્મિક આક્રમણ લઈ જઈ શકે છે. અનેક દેશોએ અનેક જાતનાં આક્રમણો કર્યાં છે, પણ આપણાં દેશમાંથી આવી જાતનું વિધાયક આક્રમણ મહિલા સેનાનીઓ-દ્વારા થાય તે વિચાર કેવો આકર્ષક છે? આ 'આક્રમણ' શબ્દની પાછળનો અર્થ અને ચેતના એ છે કે ભારતીય નારી વિશ્વ પર જ્ઞાન, પ્રેમ, શાંતિ અને સંવાદિતાની વર્ષા કરનારી બને. આમ બને તો પછી અશાંતિ, અજ્ઞાન, અપ્રેમ, અનૈક્ય કે હિંસા શી રીતે ટકી શકે?

પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનભાઈનું વેધક પ્રવચન

ત્યાર બાદ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે નીચે મુજબ પ્રવચન કર્યું:

આજે ગણતંત્રદિવસે આપણે એકઠા મળ્યા છીએ. હું ઈચ્છું છું કે હવે પછીનાં વર્ષો આપણા સૌ માટે સુખ-શાંતિમાં જાય.

આપણા પ્રશ્નો, સમસ્યાઓ, નિરાશા, આશંકા અને કુશંકાઓનું દેશનું વાતાવરણ જોતાં આવું કહેવું તે અતિશયોક્તિ જ લાગશે.

આજકાલ એવું કહેવાની ટેવ પડી ગઈ છે કે, આઝાદી આવ્યાને ૨૦-૨૦ વર્ષ થયાં છતાં યે સુખ ન જોયું - કંઈ ફળ ન મળ્યું. આવી ટીકાઓ કરવી-દોષ જોવો એ સામાન્ય થઈ ગયું છે.

આજે એ વિચારીએ કે આ વિકટ પરિસ્થિતિ શા માટે છે? આજના પ્રશ્નો કેમ નથી ઉકલતા? આમાં ઉપરછલ્લો વિચાર નહિ ચાલે. આપણી નેશનલ કૅરેક્ટર-પ્રજાજીવનનું કલેવર-જોવું પડશે. આપણા ઘડતરમાં એવું શું છે કે આવું બને છે? એનાં કારણો શોધીએ. એકતાની ભાવના શા કારણે નથી જામતી? ભાષાના નામે પ્રાદેશિક હિતો માટે વિઘાતક બળો કેમ જોર કરે છે? એકતાનાં બળો કેમ જોર નથી કરતાં? એને માટે આપણાં અંતરમાં ઊંડા ઉતરવું પડશે.

હિન્દુસ્તાનને આઝાદી મળી ત્યારે દેશનું વિભાજન થયું, છતાંય પાંચ હજાર વર્ષના ઈતિહાસમાં રાજકીય એકતા નહોતી તેવી એકતા આજે છે. આટલું મોટું એકત્રિત ભારત રાજકીય રીતે ક્યારેય નહોતું, કે જ્યારે એક રાજ્યતંત્ર હેઠળ, એક છત્ર હેઠળ, એક બંધારણ હેઠળ ભારતનો આટલો મોટો પ્રદેશ હોય. આપણા દેશમાં ધાર્મિક ને સાંસ્કૃતિક એકતા હતી, પણ રાજકીય એકતા આવી ક્યારેય નહોતી. રાજકીય દૃષ્ટિએ એક પ્રજા છીએ એવી ભાવના આપણામાં ન હતી એટલે એ કેળવવાની રહે છે. બીજી વાત એ છે કે આપણી પ્રકૃતિમાં કાંઈક એવું છે કે આપણને એકનાં બે ને બેનાં ચાર કરતાં આવડે છે. પણ બેનું એક કરતાં નથી આવડતું. આપણા લોહીમાં રો છે કે આપણે ભાગલા પાડી શકીએ છીએ, એક નથી કરી શકતા. હા, આપણે આધ્યાત્મિક સ્તર પર અદ્વૈતની વાત સ્વીકારીએ છીએ, પણ સામાજિક જીવનમાં જ્ઞાતિ, વાડા, અસ્પૃશ્યતાનું એથી રંગાયેલા છીએ.

ભાષાવાર રાજ્યોની રચનાથી આપણે એકતા સાધી શકીશું એમ માન્યું, પણ એક ભાષાથી પ્રેમ નથી જામતો એની જુદું તેલંગણ લોકોએ માંગ્યું ત્યારે આપણને ખબર પડી. હવે બીજા પણ માગશે. વળી જો ભાષાથી જ એકતા થતી હોત તો ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર વિગેરેનું એક જ રાજ્ય હોત.

બીજું તત્વ આપણી કહેવાતી આધ્યાત્મિકતા છે. રવીન્દ્રનાથ ટાગોરે ક્યાંક પૂછ્યું છે કે આપણે આટલા આધ્યાત્મિક (Spiritual) છતાં આપણું આટલું અધઃપતન કેમ થયું? કારણ કે, આ આધ્યાત્મિકતાથી આપણે 'અધર વર્લ્ડલીનેસ' (પરલોકલક્ષી ભાવના) કેળવી. આ સંસારને અસાર સમજી તેના તરફ દુર્લક્ષ કર્યું. સમાજસેવાને ભૂલી ગયા. સામાજિક જવાબદારીનું ભાન, નાગરિકતાનું ભાન આપણામાં ઓછું છે. અગાઉ સમાજવ્યવસ્થા બ્રાહ્મણોએ રચી હતી, પણ આપણી વ્યવસ્થામાં તે ટકી શકી નહીં.

પ્રત્યેક પ્રજાને ગાંધી, સરદાર, નેહરુ જેવા નેતાઓ હંમેશ મળ્યા કરે એ સંભવિત નથી.

આજે આપણે શું જોઈ રહ્યા છીએ? વિધાનસભાઓમાં નેતાઓ કેમ વર્તે છે? વારંવાર પાટલીઓ બદલે છે. ઘણું અનિષ્ટ ચાલી રહ્યું છે. પણ આમ કેમ બને છે? એમની તરફ આપણને ઘૃણા કેમ નથી થતી? આવા માણસોને આપણે મુખ્યપ્રધાન તરીકે ચલાવી લઈએ છીએ, તેઓ સોદાબાજી કરે છે, એ બધું આપણે સહન કરી શકીએ છીએ! આવું ઘણું તત્ત્વ આપણામાં પડ્યું છે.

આજે સ્ટુડન્ટ અનરેસ્ટ (વિદ્યાર્થી અસંતોષ) ઘણો છે. પણ સ્ટુડન્ટ અનરેસ્ટ કરતાં યે મેન્સ અનરેસ્ટ (માનવીનો અસંતોષ) કેટલો બધો છે? સ્ટુડન્ટ અનરેસ્ટ તો મેન્સ અનરેસ્ટનું એક સીમ્પટન (પ્રતિબિંબ) છે. એમનામાં શક્તિ વધારે છે એટલે તે ઑવરફ્લો (ઉછળી ઊઠે છે) થાય છે. ટૂંકામાં આપણે કોઈ સ્વસ્થ નથી, કોઈને શાંતિ નથી. એટલે અનરેસ્ટ - અસંતોષ ન થાય તો શું થાય?

આ અનિષ્ટ આપણા દેશની જેમ બધે જ છે. કારણ જીવનની કૉમ્પ્લેક્ષીટી (જટિલતા) વધી ગઈ છે. આજે માનવી જાણતો નથી કે વ્હેર હી સ્ટેન્ડસ. (તેની સાચી સ્થિતિ શી છે?) તે પ્રશ્નોનો સામનો કરી શકતો નથી, કારણ કે તે તેમને સમજતો નથી. આજની દુનિયાના પ્રશ્નો અને પરિબળો વ્યક્તિની શક્તિની બહારના છે. પછી ભલે તે અમેરિકાનો પ્રમુખ નિક્ષન હોય કે રશિયાનો વડો પ્રધાન કોસીજીન હોય. તેમનો કોઈનો આર્થિક પરિબળો, રાજકીય પ્રવાહો પર કન્ટ્રોલ (અંકુશ) નથી. દરેક દેશ પોતાની નિકાસ વધારવા માંગે છે, તો પછી આયાત કોણ કરશે? પરિસ્થિતિ આવી હોય તેમાં ઈન્દિરા ગાંધી યે શું કરે? પાકિસ્તાન કે ચીન ગાંડું થઈને હૂમલો કરે તો દેશનું સંરક્ષણખર્ચ વધે જ.

અમેરિકન પ્રમુખ કેટલાય બીલિયનનું બજેટ બનાવે છે. એમને અમાપ સત્તા છે. કેટલી સત્તા છે તેનું તેમને પોતાને ય માપ નહિ હોય. તે તેમાં જ તણાય છે.

બીજું આજની જીવનદૃષ્ટિ પણ પલટાઈ છે. હાઈ સ્ટાન્ડડ ઑફ લાઈફને નામે ભોગ-વિલાસની લાલસા વધી છે. પછી શાંતિ આવે ક્યાંથી? અને ઈન્ફ્લેશન (ફૂગાવો) વધતો જતો હોય તો નોકરોને પણ સંતોષ કેમ રહે. તમને બે હજારના ખર્ચથી ય પૂરું ન થતું હોય તો નોકરોને ૨૦૦ રૂપિયામાં કેમ પૂરું થતું હશે?

વિદ્યાર્થીઓનો પ્રશ્ન, ભાષાનો પ્રશ્ન બધાંની પાછળ આ બધાં છે. આપણે જાણે કે માનસિક સ્વસ્થતા ગુમાવી બેઠા છીએ.

એથી એક વર્ગ એમ માને છે કે આપણો દેશ ખાડામાં જઈ રહ્યો છે. કૉંગ્રેસ બરબાદીને રસ્તે લઈ જઈ રહી છે. પરંતુ માનવ સ્વભાવ પરની શ્રદ્ધા ગુમાવવી એથી મોટો ગુન્હો કોઈ નથી. સીનીસીઝમ એ સૌથી મોટો ગુન્હો છે.

માનવીમાં ગુડવીલ (શુભેચ્છા) પડેલી છે. સારા કામમાં મદદ મળે જ છે. પણ અંતરની શ્રદ્ધા ન હોય તો કેવી રીતે સફળ થવાય. એ શ્રદ્ધા ફરી જાગવી જોઈએ. એક વ્યક્તિમાં આ શ્રદ્ધા જાગે, એથી જ આ દેશ ને બીજો દેશ ઊંચો આવશે જ. ઈતિહાસના પરિવર્તનમાં ઊંચાણ ને નીચાણ આવે જ છે. નીચાણમાંથી ઊંચે જવા માટે હરક્યુલીયન એફર્ટ (ભગીરથ પ્રયત્ન) ની જરૂર છે. ઓછામાં ઓછી મહેનત કરી વધુમાં વધુ મેળવવાની વૃત્તિ ટાળવી જોઈએ.

આ મૂળ પ્રશ્ન - બેઝીક પ્રોબ્લેમ - નો સામનો ન કરીએ ત્યાં સુધી સુખી ન થવાની ફરિયાદ કર્યા કરવાનો કંઈ અર્થ નથી."

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભાર-નિવેદન કર્યું અને અતિથિવિશેષ સૌ. પૂર્ણિમાબહેનનું પુષ્પહાર વડે સન્માન કરવામાં આવ્યું અને સૌ ભાઈ બહેનો ઊંડી પ્રસન્નતા અનુભવતા રાત્રીના ૧૦ વાગે લગભગ વિખરાયાં.

પંડિતજી સાથેના કેટલાક પાવક પ્રસંગો

('શકિત દલ'ના નવેમ્બર ૧૯૬૭ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત તથા અનુવાદિત)

પંડિતજીના સાન્નિધ્યમાં રહી કામ કરવાનો સૌથી પ્રથમ અવસર મને હરિપુરા કૉંગ્રેસમાં મળ્યો. એ વખતે શ્રી મૃદુલાબહેન સારાભાઈના નેતૃત્વ નીચે હું સ્વયંસેવિકા દળમાં દાખલ થઈ હતી. વિષયવિચારિણીના મંડપના પ્રવેશદ્વાર પર રહી નેતાઓની સગવડ, વ્યવસ્થા વગેરે જોવાનું કામ મારે બજાવવાનું હતું. એક વાર કોઈ નેતાનું લાંબુ ભાષણ ચાલી રહ્યું હતું એ દરમ્યાન પંડિતજી ધીમેથી મંચના પાછલા દરવાજેથી બહાર નીકળી જઈ જ્યાં તેમના આરામ માટે ટેબલ, ખુરશી, કોચ ઈત્યાદિ સાધનોની વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યાં પહોંચી જલદી કાંઈક લખવા લાગી ગયા. એમને ચા આપી હું એક બાજુ બેઠી કે તરત મને ખ્યાલ આવ્યો કે મારી બે ત્રણ સખીઓએ મને તેમની હસ્તાક્ષર ડાયરી, જો કોઈ મોકો મળી જાય તો પંડિતજીના હસ્તાક્ષર મેળવી લઉં એ હેતુથી, આપી હતી. એટલે કયારે પંડિતજી લખવાનું બંધ કરે અને ત્યાં પહોંચી જાઉં એની હું અધિરાઈથી રાહ જોઈ રહી હતી; પરંતુ પંડિતજીનું લેખન એવી ત્વરાથી ચાલી રહ્યું હતું કે પૂર્ણાહૂતિની કોઈ જ નિશાની દેખાતી નહોતી. આ બાજુ મારી ચિંતા વધી રહી હતી કે મંચ પરના નેતાનું વકતવ્ય પૂરું થતાં જ પંડિતજી ત્યાં પહોંચી જશે અને હસ્તાક્ષર મેળવવાની હાથમાં આવેલી તક સરી જશે. થોડી ક્ષણ તો આમ દ્વિધામાં બેસી રહી, પણ પછી બધી હિંમત એકઠી કરી પંડિતજી પાસે પહોંચી જઈ હસ્તાક્ષર માટે વિનંતિ કરી. લેખનકાર્યમાં આમ ખલેલ પડવાથી તેમના ચહેરા પર રોષ પ્રગટયો ને ગરમ થઈ બોલ્યા, "હું કેટલીક અગત્યની બાબતો લખી રહ્યો હતો તેમાં વળી તું કયાંથી આવી પડી?"

'માફ કરો!' છોભીલી પડી જઈ હું તરત મારી જગ્યાએ પાછી ફરી ગઈ. ત્યાં તો તેમણે બૂમ પાડી કહ્યું, "અહીં આવ! બોલ! તારે શું કામ છે?" મે હળવેથી બધી ડાયરીઓ ધરી દીધી." "હમણાં લખી આપું છું" કહી તેમણે દરેક ડાયરીમાં એક એક સુવાકય લખી આપી નીચે પોતાની સહી કરી અને પછી હસીને બોલ્યા, "કેમ! હવે તો ખુશ ને?" કોઈ પણ ખુશ ખુશ થઈ જાય એવું એ મોહક વ્યકિતત્વ હતું!

એ તો પાછા તરત ગંભીર થઈ પોતાના લેખનકાર્યમાં લાગી ગયા. આ પ્રસંગની મારા હૃદય પર ઊંડી અસર થઈ.

નાગપુર, મુંબઈ અને બેંગલોરમાં જ્યારે મારા પૂજય સસરા રાજયપાલ હતા ત્યારે પંડિતજીની મહેમાનગતી કરવાનું સૌભાગ્ય અનેક વાર મને સાંપડયું હતું, પરંતુ નાગપુરમાં સૌથી વધુ રહેવાનું બન્યું એ કારણે ત્યાં તો લગભગ દર વરસે તેમના સાન્નિધ્યનો લાભ મળતો હતો. ભૂતકાળનાં એ બધાં સંસ્મરણો જાગે છે ત્યારે હૃદય ગદ્‌ગદ્‌ થઈ જાય છે!

એક વાર વર્ધામાં મોટો સમારંભ હતો. પંડિતજી દિલ્હીથી નાગપુર આવી સીધા જ વર્ધા જવાના હતા. મારી બે પુત્રીઓ આરતી તથા પાંચ વર્ષની સોનલને લઈ અમે નાગપુર વિમાન-મથકે તેમનું સ્વાગત કરવા ગયા. પંડિતજી વિમાનમાંથી ઉતર્યા કે મેં ગુલાબ આપી તેમનું અભિવાદન કર્યું. ગુલાબ તેમણે કોટ પર લગાડી દીધું. સૌના અભિનંદન ઝીલ્યા, પુષ્પહાર સ્વીકાર્યા. એમનો જાદુ એવો હતો કે તે જ્યાં જાય ત્યાં લોકો તેમને વીંટળાઈ જવા મથામણ કરતા. કેટલીક વાર આથી અવ્યવસ્થા અને શોરબકોર મચી જતા. એક વાર એવું બન્યું કે તારની વાડ પાછળ ઊભેલા અસંખ્ય લોકો તરફ તેમણે પ્રેમથી હાથ હલાવ્યો કે લોકો લાગણીને વશ થઈ તાર તોડી આગળ ધસી આવ્યા. હું તો પોલીસ ઑફિસરની મદદથી માંડ બહાર નીકળી શકી, પરંતુ જોઉં તો સોનલ ન મળે! આરતીએ તો મારો હાથ જોરથી પકડી રાખેલો, પણ સોનલ કયારે છૂટી પડી ગઈ એ ખબર જ ન રહી. અમારી ચિન્તાનો પાર ન રહ્યો. આ દરમ્યાન પંડિતજી તો તેમને માટે તૈયાર રાખેલી મોટરમાં મારા સસરા શ્રી મંગળદાસ પકવાસા સાથે વર્ધા જવા રવાના થઈ ગયા હતા. સોનલને શોધવા પોલીસ તથા રાજભવનના કર્મચારીઓએ મહેનત ઘણી કરી, પણ તેનો કયાંય પત્તો મળ્યો નહીં. છેવટે વાયરલેસ વાન મોકલવામાં આવી. હું તો ફિકરમાં બેઠી હતી. ત્યાં તો દૂરથી મોટરસાયકલ પર એક પોલીસ ઑફિસર આવતા દેખાયા. નજીક આવી તેણે સમાચાર આપ્યા કે પંડિતજીની ગાડી થોડી વાર પહેલાં જ પેલી બાજુથી પસાર થયેલી, ગાડી થોભાવી આપના માટે તેમણે સંદેશો મોકલ્યો છે, "Tell her mother that I have kidnapped her." કેવો કાવ્યમય સંદેશ!

સાંજના સૌ પાછા ફર્યા ત્યારે ખબર પડી કે સખત ભીડમાં સોનલ વિખૂટી પડી પંડિતજી બાજુ પહોંચી ગઈ હતી. મોટરમાં બેસવા જતા હતા ત્યાં તેમની નજર સોનલ પર ગઈ કે તરત જ તેને ઊંચકી પોતાના ખોળામાં બેસાડી દીધેલી! આ બાજુ અમે જ્યારે તેની શોધાશોધ કરતાં હતાં ત્યારે તે તો લહેરથી પંડિતજીના ખોળામાં બેસી તેમણે ખૂદ છોલી આપેલાં ફળો તેમના હાથે આરોગી રહી હતી! આખા રસ્તે તે ખોળામાં જ બેસી રહેલી ને થોડી નિદ્રા પણ તેણે માણી લીધેલી!

રાતના જમતી વખતે પંડિતજીએ કહ્યું, "તારી છોકરી ઉપાડી ગયેલો તેથી નારાજ તો નથી થઈને! છોકરી છે; બાકી હરણ કરવા જેવી જ!"

બીજો એક પ્રસંગ–જ્યારે તેઓ નાગપુર વિદ્યાપીઠના પદવીદાન સમારંભ નિમિત્તે નાગપુર આવેલા ત્યારે જમતી વખતે તેમનું ધ્યાન તલના નાના નાના લાડુ પર ગયું. એક લાડુ ઉપાડીને ખાવાની કોશિશ કરી, પણ લાડુ જરા કડક થઈ ગયેલા, તેથી ઘણી તાકાત વાપરવા છતાં લાડુ ભાંગ્યો નહીં. "રહેવા દો! નાના નાના ટકડા કરાવી આપું છું!" મે કહ્યું, પણ તેમણે એકદમ ઈન્કાર કરી કહ્યું, "શું હું કાંઈ બુદ્ધો થઈ ગયો છું?" વળી ફરી પ્રયત્ન શરૂ કર્યો, કણી કણી કાતરીને છેવટે આખો લાડુ ખાઈ ગયા! મુખ પર વિજયનું સ્મિત ફરકાવી મારી તરફ જોયું, બીજો લાડુ ઉપાડયો ને એ પણ ખાઈ ગયા!

તેમના નાગપુર વસવાટ દરમ્યાન એક વાર તે કોઈ સમારંભમાં હાજરી આપવા ગયેલા, ત્યારે તેમના રૂમની સફાઈ વ્યવસ્થા વગેરે ઠીક છે કે કેમ તે જોવા હું તેમના રૂમ ભણી વળી જોઉં તો પંડિતજીના બે ત્રણ કોટ લઈને બેઠેલો તેમનો વફાદાર નોકર હરિ કોઈ કોટને સાંધી રહ્યો હતો તો કોઈને વળી થીંગડું લગાવી રહ્યો હતો! હું તો છક જ થઈ ગઈ! "આપને આ બધું જોઈ નવાઈ લાગતી હશે, પરંતુ પંડિતજી બહુ ઓછા કપડાં રાખે છે. જનાં કપડાં સાવ ન પહેરવા જેવાં થઈ જાય ત્યારે જ તેઓ એ કાઢી નાંખે છે. એમની રજા સિવાય એક પણ જનું કપડું અમારાથી કઢાય નહીં! એટલે તો એમની સાથે જ્યાં જાઉં ત્યાં સોય દોરા સાથે જ લઈ લઉં છું." હરિએ સ્પષ્ટતા કરી.

એક વાર શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતને પણ આને કારણે પંડિતજીનો ઠપકો સાંભળવો પડેલો. શ્રીમતી પંડિત જ્યારે લંડનમાં ભારતના હાઈકમિશનર તરીકેનો હોદ્દો સંભાળતાં હતાં એ દરમ્યાન, પંડિતજી પ્રધાનમંત્રીઓની પરિષદમાં ભાગ લેવા લંડન ગયેલા.

કપડાં બાબતની તેમની ઉદાસીનતા તથા કેટલીક અંગત આદતોથી પરિચિત વિજયાલક્ષ્મીએ તેમની ગેરહાજરીમાં તેમની બેગ ખોલી જોયું તો તેમાં માત્ર ત્રણ જ કોટ અને તે પણ કેટલીયે જગ્યાએ ફાટેલાં કે રફુ કરેલાં! તરત જ સેક્રેટરીને બોલાવી એક કોટનો નમૂનો આપી તે મુજબના ત્રણ નવા કોટ સીવડાવી મંગાવવાનો આદેશ આપ્યો. પંડિતજીને જરા પણ ખબર ન પડે એ રીતે જૂના કોટ કાઢી લીધા અને તેના સ્થાને નવા ગોઠવી દીધા! પરંતુ પરિપદ બીજે જ દિવસે હોવાથી કપડાં કાઢવા જેવી તેમણે બેગ ખોલી તો જૂના કોટ ગાયબ! બધા જ નવા નકોર! અને તેમનો રોષ બરાબર પ્રગટયો, "કોના કહેવાથી મારા કોટ બદલાયા છે?" નોકર તો થરથર ધ્રૂજવા લાગ્યો! બોલાવી લાવ્યો શ્રીમતી પંડિતને!

"તારો ભાઈ ગરીબ છે. તને એ ગરીબી તથા ફાટેલાં કપડાંની શરમ આવતી હોય તો હું ક્યાંય બીજે રહેવા ચાલ્યો જાઉં!" વિજયાલક્ષ્મી તો બિચારાં ચૂપ થઈ ગયાં!

એક વાર નાગપુરના રાજભવનમાં તેમના સન્માનમાં એક ગાર્ડન પાર્ટી યોજવામાં આવી હતી. પંડિતજી ચારે બાજુ ફરી ફરી અતિથિઓને મળી વાતો કરતા હતા. ત્યાં તેમનું ધ્યાન કોઈકે બેદરકારીથી ફેંકેલી કેળાંની છાલો તરફ ગયું. ખલાસ! બધાંનો સાથ છોડી એ તો ગયા એ ઢગલા ભણી ને છાલો ભેગી કરી કરી એક ટોપલામાં નાંખવા લાગી ગયા. જેણે છાલો ફેંકી હતી એને તો ત્યાં ભારે થઈ પડી! બધાંય છાલો ઊઠાવવાના કામમાં લાગી ગયા!

કોઈ કામ નિમિત્તે દિલ્હી જવાનું જ્યારે મારે બનતું ત્યારે પંડિતજીને અચૂક મળતી. કેટલીક વાર અમારી વચ્ચે શકિતદળની પ્રવૃત્તિ વિષે વાતો ચાલતી. તેમને આ પ્રવૃત્તિમાં રસ હતો એટલે સાથે પત્રિકા, સ્મૃતિગ્રંથ કશું પણ સાહિત્ય લઈ જાઉં તો એ બધું રસપૂર્વક વાંચવાનો તેઓ ઉત્સાહ બતાવતા. શકિતદળને દેશવ્યાપી સંસ્થા બનાવવાની મારી યોજના મેં એકવાર તેમની પાસે મૂકી ત્યારે જવાબમાં તેમણે કહેલું, "ભારતની બહેનોમાં ડાયનેમીક જાગૃતિ લાવવા આવી પ્રવૃત્તિ આવશ્યક છે; પરંતુ તેનો પ્રચાર બરાબર થવો જોઈએ."

"અમે તો કામ કરી જાણીએ. પ્રચાર પાછળ જો પડીએ તો પછી કામ કોણ કરે?"

"હું જોઈ રહ્યો છું કે આજકાલ કામ નાનું હોય પણ તેને માટેનો પ્રચાર બહુ મોટું રૂપ લે છે. તમારું કામ તો ઉપયોગી છે અને એ ભારતની બહેનોના કાન સુધી બરાબર પહોંચે એ માટે સારો એવો પ્રચાર થવો જ જોઈએ."

અને ત્યારપછી ખૂબ જ આત્મીયતાથી તેમણે કહ્યું; "મારી તમને એક સલાહ છે કે તમારી પ્રવૃત્તિ કદી પણ સરકારના હાથમાં ન સોંપશો. કોઈ પણ કામ સરકાર દ્વારા થાય છે ત્યારે જાણે તેનો અસલી રંગ જ ચાલ્યો જાય છે, એટલું જ નહીં પણ, કામ પ્રત્યેની નિષ્ઠા વફાદારી બધું જ ખોવાઈ જાય છે. આ હું મારા અનુભવથી જ તમને કહી રહ્યો છું. હું જ્યારે તમારા જેવો કાર્યકર હતો ત્યારે કોઈ કામ પાછળ ચાર આનાનો જેટલું ટાંગાભાડું પણ ખર્ચવા દિલ નહોતું થતું. ઠંડી, ગરમી વરસાદ કે કાદવકીચડ ગમે તે હોય, પગે ચાલીને જ જવાનું! પણ આજે તો કોઈને મોટર કે જીપ વગર ચાલતું જ નથી. સરકારનું કામ એટલે સરકારનું પેટ્રોલ, ટી. એ. (Travelling allowance) ડી. એ. (Daily allowance) નું ભૂત બધાં પર સવાર છે. કામ નજીવું ને જાહેરાત મોટી! આવું બને ત્યાં કામની ખરી મહત્તા ઘટી જઈ તે ગૌણ બની જાય છે.

રવીન્દ્રનાથ ટાગોરે પંડિતજી માટે યથાર્થ કહ્યું છે, "પંડિતજી ઋતુરાજ વસંતના જીવંત પ્રતીક છે." વધતી જતી ઉંમરે તેમના તરવરતા ઉત્સાહ અને કાર્યક્ષમતા પર જરા પણ અસર નહોતી કરી. ગમે તેવા કોલાહલ કે ભીડમાં તે શિસ્ત સ્થાપિત્ત કરવા કૂદી પડતા, ઘોડેસવારી કરતા, એક સાથે બબ્બે પગથિયાં ચડી જતા. અંતિમ દિવસોમાં મહાસમિતિની બેઠકમાં વૃદ્ધાવસ્થાની છાયા દેખાતી, પરંતુ એ સ્વમાની પુરુષ તો વૃદ્ધાવસ્થાને પણ અંગૂઠો બતાવી તેનાથી વેગળા થઈ જાય તેવા અડંગ હતા. મહાસમિતિની બેઠક મળી ત્યારે કોઈ તેમનો હાથ પકડે કે દોરે તે તેમને પસંદ નહોતું. પોતાની જાત સામે એ બરાબર ઢક્કર ઝીલવા તત્પર રહેતા. પત્રકાર સાથેના વાર્તાલાપમાં પણ તેમણે કહેલું, 'હું તો હજી ઘણું જીવવાનો છું' – પરંતુ અંદરથી તો એ જાણી ગયા હતા કે જે દેહ પર એકવાર તેમનું આધિપત્ય હતું એ દેહ પર વૃદ્ધાવસ્થા કબજો જમાવી રહી હતી.

તેમની સ્ફૂર્તિ, તરવરાટ, ઉત્સાહ, કાર્યનિષ્ઠા જોઈ ઘણા લોકોને અચંબો થતો. પરંતુ એ બધું તેમનું નિયમિત જીવન, યોગાસન વગેરેને આભારી હતું.

એ કોઈ યોગભ્રષ્ટ પુરુષ હતા, દેહરૂપે આજે આપણી વચ્ચે નથી, પણ કરોડો માનવીઓના હૃદયમાં તેમણે અમર સ્થાન મેળવ્યું છે. જવાહરયુગની જે જ્યોત પ્રગટાવી તેની શિખાઓ સદા આ દેશને પ્રકાશ આપતી રહેશે, જો આપણે એ જ્યોતને બરાબર જલતી રાખી શકીએ તો!

અનુવાદક: મૂળ હિંદી.

સૌ. શારદાબહેન શાહ **શ્રી પૂર્ણિમાબહેન પકવાસા**

નવી દુનિયામાં–૧૩

અમેરિકાના પ્રમુખની ચૂંટણી રસાકસીભરી થઈ અને શ્રી નિકસન ચૂંટાઈ આવ્યા અને હવે તો પ્રમુખનો હોદ્દો સ્વીકારી પણ લીધો. લગભગ ત્રણ માસ સુધી ચૂંટણીનો જે પ્રચાર થયો તે ટેલિવિઝનમાં જોયો. પ્રમુખની ચૂંટણીમાં લાખો ડૉલરથી પણ વધારે ખર્ચ કરવો પડે છે અને તેથી સામાન્ય જન ચૂંટાઈ આવે એવો સંભવ ઓછો દેખાયો. વળી આ ચૂંટણી તો મત ધરાવનાર સમગ્ર પ્રજા કરે છે એટલે ચૂંટણીમાં ઊભા રહેનાર વ્યકિતએ આખા દેશમાં ફરવું પડે છે. દેશમાં કાળા - ગોરા વચ્ચે હિંસાનું જે તાંડવ થઈ રહ્યું છે, અને અમેરિકા વિયેટનામની લડાઈમાં ફસાયું છે તેમાંથી બહાર કેવી રીતે નીકળવું - આ બે મુખ્ય સમસ્યા હતી. તેનો સમાધાનમાં પોતે શું કરશે તે સમગ્ર પ્રજાને સમજાવવાનું અને વોટની ભીખ માગવી એટલું જ નહિ પણ ચૂંટણીના ખર્ચને પહોંચીવળવા માટેના ફંડમાં નાણાં ભરવાની વિનંતી પણ પ્રજાને કરવી પડે છે. ઉપરાંત પ્રમુખપદ માટેના અન્ય ઉમેદવારના મતનું ખંડન અને પોતાના મતનું સમર્થન કરવું પડે છે. યુનિવર્સિટીઓમાં જઈને, મેળાઓમાં જઈને, બીચ ઉપર જ્યાં લોકોનાં ટોળાં ભેગાં થતાં હોય છે ત્યાં પહોંચી જઈને એમ - નાની મોટી અનેક સભાઓ ભરવી પડે છે. અને સમગ્ર પ્રજામાં ચૂંટણીનો પ્રચાર ઘરે ઘરે પહોંચાડવો પડે છે. સભામાં અનેક પ્રશ્નો થાય તેના ઉત્તર આપવા પડે છે. ટેલિવિઝનમાં પ્રેસ રિપોર્ટરોના પ્રશ્નોના ખુલાસા કરવા પડે છે– સમગ્ર પ્રજા ઉપરાંત પ્રાંતોની સરકારમાં ચૂંટાયેલા સભ્યોના પણ મતની ગણતરી લેખામાં લેવામાં આવે છે. એટલે પ્રજા ઉપરાંત પ્રાન્તીય સભાસદોમાંથી પણ બહુમતી મેળવવી પડે છે; ટેલિવિઝનમાં પ્રત્યેક ક્ષણે કોણે કેટલા મત મેળવ્યા તેની ગણતરી આવ્યા જ કરે છે અને તે સાથે જ ઉમેદવારોના મતો કઈ તરફ જઈ રહ્યા છે અને તેની શી અસર તેમના ઉપર થઈ રહી છે તેનું પ્રદર્શન થતું રહે છે. લગભગ આખી રાત ટેલિવિઝન ચાલુ રહ્યું અને રીપોર્ટરો મતો વિષેની ચર્ચા કરતા રહ્યા. ઘડીકમાં એમ લાગે કે હમ્ફ્રી આવશે અને ઘડીકમાં એમ લાગે કે નિકસન પ્રમુખ થશે. પણ છેલ્લા કલા-

કોમાં નક્કી થઈ ગયું કે નિક્સન જ આવશે. નિક્સનના વિરોધી હમ્ફ્રીએ સર્વ પ્રથમ નિક્સનને અભિનંદન આપ્યા અને બીજા ઉમેદવારો તથા જૉન્સને પણ અભિનંદન આપ્યા. જે કોઈ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવે છે તે સમગ્ર પ્રજાનો લાડીલો નેતા છે અને તે સૌના પ્રીતિ અને આદરને પાત્ર છે. - આવી ભાવના અમેરિકન પ્રજામાં છે. પછી ભલેને તે કોઈ એક પાર્ટીમાં હોય - કારણ તે સમગ્ર પ્રજાએ ચૂંટેલો ગણાય છે. અને જોયું કે જ્યારે પ્રમુખપદની વિધિ થઈ ત્યારે પ્રજાની આ ભાવના પૂરી રીતે વ્યક્ત થઈ રહી હતી. એ વિધિ ખુલ્લા મેદાનમાં દેશની પ્રજાની સમક્ષ થઈ.

ભારત ધર્મપ્રધાન દેશ ગણાય છે અને આપણે આધ્યાત્મિક તામાં અન્ય કરતા ચડિયાતા છીએ એવી સાચી - ખોટી ભાવના ભારતીયોમાં ઘર કરી ગઈ છે. પરંતુ રાજ્ય તરીકે ભારત ધર્મનિરપેક્ષ છે અને તેનો અર્થ રાજ્ય કરનારા ધર્મની ઉપેક્ષા એવો જ સમજે છે અને તે પ્રમાણે જ આચરણ કરતા હોય છે. અને અમારું રાજ્ય તો સેક્યૂલર છે એવો સાચો ખોટો પ્રચાર કરવામાં મોટાઈ માનતા જણાય છે. આ અમેરિકન પ્રજામાં ધર્મને કેવું મહત્ત્વ છે તે પ્રમુખપદની વિધિ વખતે સમજાયું. પ્રમુખપદની વિધિમાં ચાર વાર તો ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવી અને ઈશ્વરના આશીર્વાદ મંગવામાં આવ્યા. જે ભાષણો થયા તે આ ચાર વાર પાદરીઓએ જ કર્યા અને છેલ્લે પ્રમુખે કર્યું. એ બધાં ભાષણોમાં ઈશ્વર ઉપરની અટલ શ્રદ્ધાના દર્શન થતા. અને મારે કહેવું જોઈએ કે આ પ્રસંગનું ટેલિવિઝન જોઈને મારું હૃદય પણ ગદ્‌ગદ્ થઈ ગયું. ક્યાં આપણી ધર્મની ભાવનાનું પતન અને જેને આપણે ધર્મહીન કહીએ જાણીએ છીએ તેમની ધર્મ વિષેની શ્રદ્ધા? પાદરીઓનો સૂર હતો કે "હે પ્રભુ અમે તમારી આજ્ઞા પ્રમાણે વર્તતા નથી, અમને બળ આપો કે આપની આજ્ઞા અને આદેશોનું યથાર્થ પાલન કરી શકીએ, દુનિયામાં શાંતિ અને સુખનું રાજ્ય સ્થાપી કરી શકીએ. અહીં પણ અનેક ધર્મો છે, ખ્રીસ્તી ધર્મના પણ અનેક સંપ્રદાયો છે, છતાં રાજ્યકાર્યમાં ધર્મને વચ્ચે લાવવામાં અમેરિકન પ્રજાને કશું અજુગતું લાગતું નથી. પણ આપણે ત્યાં ધર્મની આભડછેટ સરકારને લાગી છે. કોઈ પણ કાર્યમાં ધર્મ ભૂલેચૂકે પણ વચ્ચે ન આવી જાય તેવી તકેદારી સેવવામાં રાજ્યકર્તાઓ ગૌરવ અનુભવે છે—આ છે કેવળ દંભ. જે કાંઈ કરવું હોય તે સંસ્કૃતિ—Culture—ને નામે કરવું પણ ભૂલેચૂકે ધર્મને નામે નહિ. આ દંભ સરકારમાં ઘૂસી ગયો છે અને છતાં ભારતીયો ધર્મપ્રધાન છે—એવું ગૌરવ લેવામાં આપણે રાચીએ છીએ. અહીં એ કહેવાનું તાત્પર્ય તો નથી જ કે અમેરિકન પ્રજામાં સાચે જ ધર્મનું સામ્રાજ્ય છે. પરંતુ જ્યાં ધર્મ છે ત્યાં છે જ. તેને આપણી જેમ સંસ્કૃતિનું નામ આપવાનો દંભ કરવો પડતો નથી—એટલું જ કહેવાનું જરૂરી છે. પ્રમુખપદની વિધિમાં કોઈ અન્ય ભાષણો નહિ પરંતુ માત્ર ઈશ્વરની જ યાદી—આ વસ્તુ જ મને બહુ ગમી ગઈ. તે પ્રત્યે ધ્યાન દોરવું જરૂરી લાગ્યું છે તેથી આ વિવરણ કર્યું છે, જેથી આપણામાંથી દંભ ઓછો થાય અને ધર્મને માટે જે કરવું હોય તે ધર્મને નામે જ કરીએ એવી હીંમત આપણામાં આવે.

પ્રચારમાં સર્વત્ર એક વાત નજરે ચડતી કે પોતાનો અને પોતાના કુટુંબીજનોનો પ્રજાને પરિચય પ્રથમ આપવામાં આવતો. પ્રમુખપદ સંભાળતી વખતે પણ બાયબલ પતિ—પત્ની બન્નેએ પકડ્યું હતું. પ્રમુખપદની વિધિ વખતે પ્રમુખ કયા પ્રકારની ટોપી ઓઢશે તે પ્રશ્ન છાપાવાળા વારંવાર કરતા અને કયા પ્રમુખે કેવી ટોપી પહેરી હતી તેનો ઈતિહાસ પણ આપ્યો હતો. પરંતુ શ્રી નિક્સને તો સૌના આશ્ચર્ય વચ્ચે માથું ખુલ્લું જ રાખ્યું. પ્રમુખપદ સંભાળીને પ્રથમ તેમણે પોતાની કેબિનેટ ચૂંટી અને તેમના સૌનો પરિચય આપ્યો. તેમાં એક બાબત ઉપર ભાર આપ્યો તે નોંધવા જેવો છે. મારા મતમાં હાજી હા કરનારા મેં ચૂંટ્યા નથી પરંતુ તે તે ખાતાના નિપૂણોને મેં ચૂંટ્યા છે. મારો મત બરાબર ન હોય તો તે સુધારી શકે એવા સભ્યો મેં આ કેબિનેટમાં લીધા છે. આ બાબત સાચી હોય કે ખોટી તે તો ભવિષ્ય જ નક્કી કરશે પણ સિદ્ધાન્ત રૂપે તો ઉત્તમ છે. અને જો ખરેખર એ જ દૃષ્ટિ નિક્સનની હોય તો તે સફળ પ્રમુખ થશે એમાં શક નથી.

કેબિનેટના સભ્યોની પત્નીઓનો પણ પરિચય કરાવવામાં આવ્યો. અને તેમને સમજાવી દેવામાં આવ્યું કે તમારા પતિદેવોનો સમય રાજકાજમાં ઘણો જશે અને તેથી તમારી અને ઘરનાં બાળકો પ્રત્યે પૂરું ધ્યાન દઈ શકાશે નહિ તો માઠું લગાડશો નહિ. તેમના કાર્યમાં રસ લઈને તેમને મદદ કરજો. પછી નાચ—ગાનની પાર્ટિઓ થઈ તેમાં હાસ્યરસની રેલમછેલ હતી.

વિશ્વમાં અત્યારે બે રાજ્યો બળવાન ગણાય છે—અમેરિકા અને રશિયા. તેમાં અમેરિકાના પ્રમુખ થવું એટલે વિશ્વની મહાન વ્યક્તિમાં ખપવું. એ હોદ્દાને ન્યાય આપી શકે તેવી વ્યક્તિ ન હોય તો વિશ્વમાં તેની અસર માઠી પડ્યા વિના રહે નહિ. આ રીતે મોટી જવાબદારી અમેરિકન પ્રમુખની છે. અને નિક્સન જ્યારથી પ્રમુખ થયા છે ત્યારથી તેમની હરેક પળ દેશકાર્યમાં જ વીતવાની છે એ નક્કી છે. સૌથી મોટી સમસ્યાના સમાધાનમાં તે શું કરી શકે છે તે જોવાનું છે. રશિયા અને અમેરિકા લડી ન પડે તે જોવાનું તેને શિરે છે. લડી પડે તેવી ભૂમિકા તૈયાર છે જ, ઈઝરાયલ અને આરબ દેશો વચ્ચે સમાધાન ન થાય તો એમને લડવું પડશે જ એ નક્કી છે. અને દેશમાં આંતરિક શાંતિનો આધાર વિયેતનામની લડાઈમાંથી બહાર નીકળવા ઉપર અને કાળી પ્રજાના સંતોષ ઉપર છે. આ સમસ્યાના સમાધાનમાં તે લાગી ગયા છે અને યથાશીઘ્ર સમાધાન થાય તે માટે તત્પર હોય એવા લક્ષણ દેખાય છે. તેમાં તે કેટલા પ્રમાણમાં સફળ થશે તે તો ભવિષ્ય દેખાડશે. પણ નિષ્ઠાપૂર્વક તેમાં નિક્સન લાગી ગયા છે તે તો રોજના સમાચારો ઉપરથી જણાઈ આવે છે. આપણે પણ પ્રાર્થીએ કે તેમાં તે સફળ થાય. કારણ, તેમની સફળતામાં વિશ્વનું કલ્યાણ છે અને તે જો નિષ્ફળ જાય તો વિશ્વ માટે વિનાશ સિવાય બીજું કંઈ નથી.

ટોરોન્ટો, ૧૧-૨-૬૯. દલસુખ માલવણિયા

પાનીમેં મીન પિયાસી

પાનીમેં મીન પિયાસી : કબીરજીના આ ભજનનો આધ્યાત્મિક વ્યંગ્યાર્થ ગમે તે હોય, અમને તો આ ભજન આજે કેવળ ભૌતિક— વ્યાવહારિક કારણોસર યાદ આવ્યું છે. દેશમાં અનેક ઠેકાણે પાક ઘણો સારો થયો છે. હરિયાણા ઘઉંથી છલકાય છે, તો કેરળમાં કદી નથી થયો એટલો ચોખાનો પાક થયો છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન વગેરે સ્થળોએ પણ જુવાર, બાજરી, કઠોળ સારા પ્રમાણમાં પાક્યાં છે; પણ આ કમનસીબ દેશની તાસીર જ એવી છે કે કોઈ પણ સારી વસ્તુ હોય એને એ બગાડીને જ જંપે છે. વહીવટી જડતા, આયોજનમાં દૂરંદેશીનો અભાવ, ખોરાકનો રાજકારણમાં ઉપયોગ એ બધા તત્ત્વોને કારણે આજે પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે આટલો બધો પાક થયો હોવા છતાં એ ભૂખ્યાં જનોના મોં સુધી પહોંચશે કે કેમ એવી શંકા કોઈને થાય તો તે અસ્થાને નહિ ગણાય. પાણીમાં રહેલી માછલી તૃષાતુર જ રહે એવી કબીરજીની અધ્યાત્મવાણી, આપણી અન્ન પરિસ્થિતિના સંદર્ભમાં સાચી પડશે કે શું એવું કોઈને થાય તો તે આશ્ચર્ય શા માટે નહિ ગણાય એ નીચે આપેલા કિસ્સાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે.

હરિયાણાનો જ દાખલો લઈએ. હરિયાણામાં રૂા. ૧૬ કરોડને ખર્ચે વિદ્યુત સિંચાઈ અને ડિઝલ સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવી છે, અને હરિયાણાના અડીખમ કિસાને આ વ્યવસ્થાનો લાભ લઈને ત્યાં મબલખ પાક પકવ્યો છે. સમગ્ર દેશના ઘઉંના પાકનો અંદાજ લઈએ તો પહેલાં જેટલો વધારેમાં વધારે ઘઉંનો પાક પાક્યો હતો તેના કરતાં ૧૯૬૮માં ૩૫ ટકા વધારે એટલે કે

૪૩ લાખ ટન વધારે ઘઉંનો પાક આ દેશમાં પાકયો છે; પરંતુ આ દેશની કમનસીબી છે કે, સૂત્રસંચાલકોને આ પાકનું શું કરવું તેની સૂઝ પડતી નથી ! ખેડૂતો પાસે આ પાક ભરી રાખવા માટેના ભંડારો નથી એટલે એ પાક ખુલ્લામાં પડી રહ્યો હોવાનો ઉહાપોહ થોડા સમય પહેલાં ઉત્તર ભારતનાં અખબારોમાં થયો હતો. મુંબઈમાં આ વધારાનો પાક ભરવા માટેના ભંડારો પ્રાપ્ય છે (હજારો ટન ઘઉં સમાવી શકે એવા ભંડારો ખાલી પડયા છે એવા સમાચાર હમણાં જ પ્રગટ થયા હતા અને એનો કોઈ રદિયો સત્તાધારીઓ પાસેથી મળ્યો નથી) પરંતુ થાય શું ? ઝોનબંધી, ફૂડ કોર્પોરેશન, ભાવ સપાટી જાળવવાની જરૂરત વગેરેની આળપંપાળોની વાડ આ વધારાના અનાજની સામે એવી બંધાયેલી છે કે એ વધારાના અનાજનું શું થશે તે અત્યારે કહી શકાય એમ નથી—અને દરમિયાનમાં ઘઉંના સારા જેવા ભાવવધારાની જાહેરાત તો થઈ ચૂકી છે. લાગે છે તો એવું કે અનાજનું તંત્ર જો સરકાર દ્વારા આ પ્રમાણે જ ચલાવાતું રહેવાનું હશે તો અનાજને મોરચે આપણો જયવારો કદી નહિ આવે—ભલેને આપણા કિસાનો ગમે તેટલી જહેમત ઉઠાવ્યા કરે !

ઘઉં, આમ વહીવટી આણઆવડતમાં અટવાયા છે, તો ચોખા, કેટલેક સ્થળે, રાજકારણના દાવમાં અટવાયા છે. મદ્રાસ અને કેરળને ચોખા ઓછા મળે છે એવું ઠીંડવાણું ઊભું કરીને, એ બંને પ્રદેશોની કોંગ્રેસવિરોધી સરકારોએ કેન્દ્રની સામે ભારે ઉહાપોહ કર્યો હતો. હવે જ્યારે મદ્રાસ (તામિલનાડુ) અને કેરળ બંને ઠેકાણે ચોખાનો પાક સારો પાક્યો છે ત્યારે, કેન્દ્ર સરકારને ઠપકારવા માટેનું એક સારું શસ્ત્ર, પોતાના હાથમાંથી સરી જતું આ લોકોને લાગે છે અને પરિણામે ચોખાનો પાક ઓછો પાક્યો હોવાનું બતાવવાની પેરવી આ પ્રદેશમાં થઈ રહી છે. કેરળમાં આ વરસે ભૂતકાળમાં કદી નથી થયો એટલો, એટલે કે ૧૬ લાખ ટન ચોખાનો પાક થવાની વકી છે. આ પાકના પીઠબળ વડે અંકુશો અને માપબંધી કાઢી નાખી શકાય એમ છે એવું નિષ્ણાતોનું મંતવ્ય છે. પરંતુ જે માર્કસ્વિાદીઓનું આજકાલ કેરળમાં શાસન છે તેઓ અંકુશો અને માપબંધીના ભક્ત છે અને તેમને તો અત્યારની પરિસ્થિતિ ચાલુ જ રાખવી છે. વળી વિવિધ તત્ત્વો વચ્ચેની ખેંચતાણને કારણે પણ પાકની લણણીમાં અવરોધો ઊભા થાય છે અને તે પણ પરિસ્થિતિની વિષમતા વધારી મૂકે છે. છતાં કોઈને કાન પકડીને કહેનારું તો કોઈ છે જ નહિ એટલે લાગે છે તો એવું કે કેરળમાં પણ ચોખા હોવા છતાં, ચોખા માટે બૂમ ઊઠયા જ કરશે.

તા. ૬-૨-'૬૯ના "જન્મભૂમિ" માં સત્તાવાળાઓ વચ્ચેની ખેંચતાણને કારણે સડતી રૂા. બે કરોડની જુવારનો દાખલો અમે આપ્યો છે. આવા દાખલાઓ તો અનેક આપી શકાય એમ છે. એવા દાખલાઓ જોઈને એમ થાય છે કે આ અન્નતંત્રને સુધારનારું કોઈ છે જ નહિ ? આ તંત્રમાં ધરમૂળથી ફેરફાર આણી દે એવો કોઈ નવો કિરવાઈ આપણે ત્યાં પાકશે જ નહિ ? દેશના અન્ય ભાગોમાં સારો પાક પાક્યો હોય છતાં, મુંબઈ જેવા સ્થળોના રહેવાસીઓએ તો મોં વકાસીને જ બેસી રહેવાનું અને જે સારું નરસું અનાજ મળે તે મેળવીને સંતોષ માનવાનો ? આવું કયાં સુધી ચાલશે ?

મુંબઈમાં મળતા ઘઉં સારા કરતાં નરસા વધારે પ્રમાણમાં હોય છે એ વાતની તો મુંબઈની લગભગ દરેક ગૃહિણી સાક્ષી પૂરશે. મુંબઈમાં રેશનિંગમાં થોડા પ્રમાણમાં અપાતા પંજાબી ઘઉં, કેટલીયે દુકોનામાં, કેટલાંયે અઠવાડિયાં સુધી મળતા નથી અને પરિણામે સાફ કરતાં થાકી જવાય એવા ઘઉંથી ચલાવી લેવું પડે છે એ વાતની પણ ઘણી ગૃહિણીઓ સાક્ષી પૂરશે. અમે પૂછીએ છીએ કે પંજાબમાં આટલા બધા ઘઉં પાકયા છે તેનું કરો છો શું ? ઈંગ્લેન્ડ-અમેરિકાનાં મોટાં મોટાં અખબારોમાં, ભારતની "હરિયાળી ક્રાન્તિ"ની જે વાત આવે છે તે "હરિયાળી ક્રાન્તિ"નો લાભ પ્રજાને મળે એવું તમે શા માટે નથી કરતા ? આજે ખોગકનું તંત્રસંચાલન, કલ્પનાશીલતા માગે છે અને અમને પારાવાર ખેદ છે કે આવી કલ્પનાશીલતાનો સદંતર અભાવ કેન્દ્રીય અન્નમંત્રાલયમાં અમને જણાય છે.

'જન્મભૂમિ'માંથી સાભાર ઉદ્ધૃત

'મહાત્મા' ચિત્રપટ દર્શન

ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ તરફથી તૈયાર કરવામાં આવેલા 'મહાત્મા' ચિત્રપટ ફેબ્રુઆરીની ૧૪મી તારીખથી ૨૦મી તારીખ સુધી મુંબઈના 'લીબર્ટી' સીનેમામાં દેખાડવામાં આવ્યું હતું. તે દરમિયાન, ૨૦મી તારીખના બીજા શોમાં તે ચિત્રપટ જોવાની શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો માટે રૂા. ૩ની ૩૫૦ ટિકિટો રીઝર્વ કરાવીને ખાસ સગવડ કરવામાં આવી હતી અને સભ્ય દીઠ વધારેમાં વધારે ત્રણ ટિકિટ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. જણાવતાં આનંદ થાય છે કે આ બધી ટિકિટો ખપી ગઈ હતી અને એમ છતાં ટિકિટોની માંગ ચાલુ રહી હતી. સાંજના ૬-૩૦ થી રાત્રીના ૧૨-૩૦ સુધી એમ લગભગ છ કલાક આ ચિત્રપટ ચાલ્યું હતું અને સંઘના સભ્યોએ અને તેમના કુટુંબીજનોએ આ ભવ્ય ચિત્રપટ ઊંડા સંવેદનપૂર્વક નિહાળ્યું હતું અને એ દ્વારા જન્મથી માંડીને અવસાન સુધી ગાંધીજીની પ્રેરક તેમ જ રોમાંચક જીવનકથા પ્રત્યક્ષ કરીને જીવનની ધન્યતા અનુભવી હતી. જણાવતા સવિશેષ આનંદ થાય છે કે આ ચિત્રપટના નિર્માતા શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરીની આવી મહાન સિદ્ધિ બદલ ચાલુ માર્ચ માસ દરમિયાન તેમનું આદર - સન્માન કરવાનો શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિ તરફથી નિર્ણય કરવામાં આવ્યો છે. તેને લગતી જાહેરાત હવે પછી કરવામાં આવશે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

વસન્ત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એપ્રિલ માસની તા. ૮, ૯, ૧૦ તથા ૧૧ના રોજ (મંગળ, બુધ, ગુરુ, શુક્ર) સાંજના ૬-૧૫ વાગ્યે ફ્લોરા ફાઉન્ટન નજીક આવેલા તાતા ઑડિટોરિયમમાં વસન્ત વ્યાખ્યાનમાળા યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમાંનાં બે વ્યાખ્યાનો ગાંધીજી ઉપર અને બે વ્યાખ્યાનો રાષ્ટ્રીય એકીકરણ ઉપર હશે. આ વ્યાખ્યાનો માટે દેશની વિશિષ્ટ વ્યક્તિઓને આમંત્રણ આપવામાં આવશે. આને લગતી વિગતવાર જાહેરાત હવે પછી કરવામાં આવશે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

ફોર્મ નં. ૪

૧.	પ્રસિદ્ધિ સ્થળ ...	: ૧૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ - ૩
૨.	પ્રસિદ્ધિ ક્રમ ...	: દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ
૩.	મુદ્રકનું નામ ...	: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા,
	ક્યા દેશના ...	ભારતીય
	ઠેકાણું	: ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ -૩.
૪.	પ્રકાશકનું નામ ...	: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા,
	ક્યા દેશના ...	: ભારતીય
	ઠેકાણું	૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ—૩.
૫.	તંત્રીનું નામ ...	: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
	ક્યા દેશના ...	ભારતીય
	ઠેકાણું	: ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ—૩.
૬.	સામયિકના ...	: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
	માલિકનું નામ ...	: ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ - ૩.

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા૦ ૧-૩-'૬૯ પરમાનંદ કુંવરજી કાપડિયા—તંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ—૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ—૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૨૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૬૯, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

જમણવારોમાં એંઠી મૂકાતી ચીજોના સદુપયોગ માટે ઉભી કરવામાં આવેલી વ્યવસ્થાના સંદર્ભમાં–

એ તો આપણે મોટાં શહેરોમાં વસનારાં જાણીએ છીએ કે આપણે ત્યાં યોજવામાં આવતા જમણવારોમાં ખાદ્ય પદાર્થો ખૂબ છૂટથી પીરસવામાં આવે છે અને તેથી એઠું પણ સારા પ્રમાણમાં મૂકાતું હોય છે, જે મોટા ભાગે ફેંકી દેવામાં આવે છે અને એ રીતે ખૂબ જ બગાડ થતો હોય છે. આજની આ વસ્તુસ્થિતિ પ્રત્યે મુંબઈમાં વસતા એક દંપતી–શ્રી હાસ્યચંદ્ર મહેતા અને શ્રીમતી સુહાસબહેન મહેતાનું ધ્યાન ખેંચાતાં તેમને સૂઝ્યું કે જ્યાં જ્યાં મોટી જમણવાર થવાની હોય ત્યાં પહોંચી જવાની ગોઠવણ કરવામાં આવે અને ખાતાં વધેલું એકઠું કરવામાં આવે અને ભૂખ્યા લોકોને એકઠા કરીને વહેંચી આપવામાં આવે તો એંઠી મુકાયલી ચીજોનો સદુપયોગ થાય અને ભૂખ્યા લોકોને અન્નભેગાં કરી શકાય. આ વિચારથી પ્રેરાઈને તેમણે મુંબઈમાં કેટલાક સમયથી ઉપર જણાવ્યા મુજબની પ્રવૃત્તિ શરૂ કરી છે. તેઓ જ્યારે કોઈ પણ ઠેકાણે મોટી પાર્ટી અથવા તો જમણવાર થવાની હોય છે ત્યારે એ પાર્ટી યા જમણવારની વ્યવસ્થા કરનારાઓ સાથે સંપર્ક સાધે છે અને તેમની મંજૂરી મેળવીને એંઠવાડ એકઠો કરીને લઈ જવા અંગે નીચે મુજબની ગોઠવણ કરે છે :–

જમણ શરૂ થાય તે પહેલાં દરેક જમનાર સમક્ષ નીચે મુજબની છાપેલી નાની સરખી પત્રિકા મૂકવામાં આવે છે :–

નમ્ર વિનંતિ

(૧) જમ્યા પછી હાથ થાળીમાં ધોશો નહિ.

(૨) અન્ય સગવડ ન હોય તો કૃપા કરીને વાટકીમાં હાથ ધોશો.

(૩) જમતાં થાળીમાં વધેલી વાનગીઓ અશક્ત, અનાથ, ક્ષુધાપીડિતોને પહોંચાડવા માટે પ્રબંધ કરવામાં આવેલ છે.

આપનો હાસ્યચંદ્ર મહેતા, પાંચમે માળ, ફ્લેટ નં. ૫૩, ૬૨, પેડર રોડ, નાલંદા, બી. બ્લોક, મુંબઈ - ૨૬.

ત્યાર બાદ બધાં જમી રહે એટલે આ પરગજુ દંપતી પોતાના સ્વયંસેવકોની મદદથી થાળીએ થાળીએ ફરી વળે છે, ખાતાં વધેલી ચીજો એકઠી કરવા માંડે છે, વાનગીવાર તે ચીજોને અલગ અલગ તારવે છે, પોતાનાં વાહનમાં મોટા ઠામ વાસણમાં ભરે છે અને જુદા જુદા મથકે એકઠા થયેલા ક્ષુધાપીડિતોને રાત્રે અથવા તો બીજે દિવસે સવારે ખાવાનું વહેંચી આપે છે. ગટરમાંથી એંઠું જુઠું શોધીને ખાનારા માટે તો આ પ્રવૃત્તિ એક મોટા આશીર્વાદરૂપ બની જાય છે. આ દંપતીને પ્રસ્તુત કાર્ય માટે જ્યાં બોલાવવામાં આવે ત્યાં તેઓ પહોંચી જાય છે. આવી નિઃસ્વાર્થ અને કેવળ પરોપકારપ્રેરિત પ્રવૃત્તિને હાથ ધરવા માટે આ પરગજુ દંપતીને આપણે જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

આજના મોટા શહેરોના વિવિધ પ્રકારના ભોગોપભોગથી ભરેલા જીવનમાં નાનાં મોટા ભોજનસમારંભો ચાલ્યા કરતા હોય છે. અને એમ છે તો બગાડ પણ અમુક અંશે અનિવાર્ય છે. આ બગાડ બે રીતે થાય છે : એક તો જે સંખ્યામાં નોતરાં અપાયાં હોય છે તે સંખ્યામાં જમનારાંઓ ઉપસ્થિત થતાં નથી. તેથી મોટા ભાગે અમુક રસોઈ વધે જ છે. બીજું પીરસનારા મોકળા હાથે પીરસતા હોય છે. પરિણામે ન ભાવતી ચીજો ભાણામાં પડી રહે છે અને ભાવતી ચીજો પણ ઘણું ખરું ખાતાં વધે જ છે. વધેલી રસોઈ અને વધેલું મિષ્ટાન્ન જેમ તેમ જેને તેને વહેંચી આપવામાં આવે છે તેના બદલે જેને ખરેખર જરૂર છે તેના મોં સુધી વ્યવસ્થિત રીતે આ બધું પહોંચાડવામાં આવે તે સર્વથા યોગ્ય જ છે. આમ છતાં આપણી એંઠી મૂકેલી ચીજો–ખાનપાનની વસ્તુઓ–ક્ષુધાપીડિતોને આપવામાં કેટલાકને મન કાંઈક સુરુચિનો ભંગ થતો લાગે છે. કેટલાકને આ પ્રક્રિયા ગરીબોને–ક્ષુધાપીડિતોને–humiliate કરવા બરોબર - આપમાન કરવા બરોબર – લાગે છે. આ બધું છતાં એઠું બધું ફેંકાઈ જાય તે કરતાં પ્રસ્તુત દંપતી જેવા પરગજુ લોકો, જેને આત્યન્તિક જરૂર છે અને જેમના માટે સ્વતંત્ર ટ્રસ્ટોપાર્જન લગભગ અશક્ય જેવું હોય છે તેવાઓના ભૂખ્યા પેટ સુધી, પોતાના માન–મરતબાનો ખ્યાલ છોડીને ખાવાનું પહોંચાડે તેમાં મને કશું અજુગતું લાગતું નથી. આમ છતાં જેઓ એંઠાનો આ રીતે સદુપયોગ કરવાની ભાવના ધરાવે છે તેઓ પોતાની આ પ્રવૃત્તિ સાથે એઠું નહિ મૂકવાની ઝુંબેશ પણ ચલાવતા રહે તે ખાસ જરૂરી છે. જ્યાં જ્યાં તેઓ એ ઠું એકઠું કરવા જાય ત્યાં ત્યાં "કૃપા કરીને એઠું મૂકશો નહિ; જોઈએ તેથી વધારે લેશો નહિ". એવા બોર્ડ–એવા લખાણવાળાં પાટિયાં–જમવાની જગ્યાએ ગાળે ગાળે ગોઠવે, અને એ રીતે જમનારાઓને સાવધાન બનાવે એ જરૂરી છે. આ ઉપરાંત પીરસનારા જે તે ચીજોનો થાળીમાં ઢગલો કરતા હોય છે તેના બદલે તે ચીજો થોડા પ્રમાણમાં પીરસે અને વારંવાર પીરસે તો એઠું પડી રહેવાનો સંભવ ઘટે છે. ત્રીજું જમી રહ્યા બાદ હાથ ધોવા માટે અન્યત્ર વ્યવસ્થા કરવામાં આવે તે વધારે આવકારપાત્ર છે. આમ ન બને ત્યાં થાળીમાં તો હાથ ન જ ધોવાય એવી પ્રથાનો સર્વત્ર સ્વીકાર થવો ઘટે છે. આ આખી ચર્ચાનો સાર એ છે કે જમણવારમાં એંઠી પડી રહેલી વાનગીઓ વ્યવસ્થિત રીતે એકઠી કરી લૂલાં લંગડાં, અપંગ, આંધળાં ક્ષુધાપીડિતોને પહોંચતી કરવામાં આવે તેવી વ્યવસ્થા જેટલી આવકારપાત્ર છે તેટલી જ આવશ્યકતા એઠું મૂકવા સામે ઉગ્રઆન્દોલન હાથ ધરવાની છે. આ આન્દોલનનું સમય જતાં એવું પરિણામ આવવું જોઈએ કે જમનાર એવી રીતે ચીજો લે અને જમે કે એઠું પડી રહે જ નહિ. પછી તો જમાડતાં વધેલી ચોખ્ખી રસોઈ તેમ જ મિષ્ટાન્ન માત્ર જ અન્યત્ર પહોંચાડવાનાં રહે.

સેવામૂર્તિ ડૉ. બોર્જીઝનું દુઃખદ અવસાન

મુંબઈના તાતા મેમોરિયલ હોસ્પિટલના ચીફ સર્જન અને સુપ્રીન્ટેન્ડન્ટ ડૉ૦ બોર્જીસનું ૫૯ વર્ષની ઉમ્મરે કેન્સરના વ્યાધિના પરિણામે માર્ચ માસની ત્રીજી તારીખે અકાળ મૃત્યુ થતાં માત્ર મુંબઈને જ નહિ પણ સમગ્ર ભારતને એક એવા કુશળ અને દયાનિધિ સર્જનની ખોટ પડી છે કે જેની જોડ મળવી મુશ્કેલ છે. તેમનું આખું નામ હતું ડૉ૦ અર્નેસ્ટ જાકીમ જોસફ બોર્જીઝ. તેઓ ધર્મે ખ્રિસ્તી હતા. ૧૯૦૯ના સપ્ટેમ્બર માસની ૬ઠ્ઠી તારીખે મુંબઈમાં જ તેમનો જન્મ થયો હતો. તેમણે મુંબઈમાં જ અભ્યાસ કર્યો હતો. ગ્રાન્ટ મેડિકલ કૉલેજના વિદ્યાર્થી હતા. ૧૯૩૯માં તેમણે એમ. એસ.ની પરીક્ષા પસાર કરી હતી અને વિશેષ અભ્યાસ માટે તેઓ ઈંગ્લાંડ–લંડન–ગયા હતા અને રોયલ કૉલેજ ઓફ સર્જન્સની ફેલોશીપ તેમણે પ્રાપ્ત કરી હતી. શરૂઆતમાં તેમની સિવિલ સર્જન તરીકે નિમણુક થઈ હતી. ૧૯૪૧માં તેઓ મુંબઈના તાતા મેમોરિયલ હોસ્પિટલમાં જોડાયા હતા અને તેમાં ૨૧ વર્ષની તેમની કામગીરીની કદર રૂપે ૧૯૬૬માં એ જ હોસ્પિટલના ચીફ સર્જન અને સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે તેમની નિમણુક કરવામાં આવી હતી.

દુનિયાના દરેક વિભાગોમાંથી આ ખ્યાતનામ કેન્સર સ્પેશિયાલીસ્ટ પાસે અનેક દર્દીઓ ઉપચાર માટે આવતા હતા અને અમીર કે ગરીબનો માનવી–ધનિક કે ગરીબ–સૌ કોઈની સાથે તેમનો વર્તાવ કશા પણ ભેદભાવ વિનાનો–અત્યન્ત માયાળુ અને ઊંડી સહાનુભૂતિભર્યો રહેતો. તેઓ શરીરે પ્રમાણમાં કૃશ દેખાતા હતા, પણ તેમાં અસાધારણ કાર્યક્ષમતા ભરેલી હતી. હમેશાં સવારથી મોડી રાત સુધી, વર્ષો પર્યન્ત સતત એકસરખી પોતાના દર્દીઓની તેમણે સેવા કરી હતી. ગયા મે માસમાં તેમના ઉપર કેન્સરનું આક્રમણ થયું, અને તેના ઉપચારના કારણે તેમને પોતાના ધર્મકાર્યથી થોડો વખત અલગ રહેવું પડેલું, પણ તેઓ તેમાંથી સાજા થયા કે તરત જ એ જ મીશનરીની તમન્નાથી પોતાના કામ ઉપર લાગી ગયા હતા. આખરે જે વ્યાધિમાંથી તેમણે હજારો લોકોને સાજા કર્યા છે એ જ વ્યાધિએ તેમનો ભોગ લીધો અને આપણી વચ્ચેથી આ માનવતાના મીશનરીએ માર્ચ માસની ત્રીજી તારીખે સદાને માટે વિદાય લીધી.

અત્યન્ત સંસ્કારી એવી આ માનવવિભૂતિનું વાંચન ખૂબ વિશાળ હતું, ઉત્તમ કોટિના તેઓ વકતા હતા અને સંગીતની ઉપાસના પણ તેમને વરેલી હતી. માનવતા-પ્રચૂર તેમના ગુણો અને તેમની એક સરખી વિનમ્રતાના કારણે અનેક કોમના અને અનેક વ્યવસાયોને વરેલા લોકોના તેઓ અત્યન્ત પ્રીતિપાત્ર બન્યા હતા. દર્દીઓ સાથેના વર્તાવમાં પોતાને શું મળે છે તેની તેમણે કદિ પણ પરવા કરી નહોતી અને એવા અનેક દાખલાઓ જાણવા મળે છે કે જેમાં તેમણે પોતાની ચાલુ વ્યવસાયને લગતી ફીને જતી કરી હતી. વૈદ્યકીય ઉપચારના કારણે તેમના સમાગમમાં આવેલા અનેક સંબંધીઓને તેમની જે મુકતકંઠે પ્રશંસા કરતાં મેં સાંભળ્યા છે તેવી પ્રશંસા જવલ્લે જ એમની કોટિના બીજા કોઈ ડૉકટર કે સર્જનની મેં સાંભળી છે. કેન્સરના ઉપચાર માટે તાતા મેમોરિયલ હોસ્પિટલમાં જતાં કોઈ પણ દર્દી કે તેના સગાવહાલાંઓ ડૉ૦ બોર્જીસની સેવા મેળવવા માટે સૌથી વધારે આતુર રહેતા. આવો તેમના વિષે લોકોનો વિશ્વાસ હતો અને આવી તેમની નિરપૃહતા અને દર્દી વિષેની નિષ્ઠા વિષે તેમની શ્રદ્ધા હતી.

તેમણે મુંબઈમાં રહીને વિશ્વવ્યાપી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી; તેમને માનસન્માન સૂચક અનેક પદવીઓ અને ઉપાધિઓ એનાયત કરવામાં આવી હતી; ભારત સરકારે પણ તેમને પદ્મશ્રી બનાવ્યા હતા. તેઓ પૂરા અર્થમાં સાચા ખ્રિસ્તી હતા. ડૉકટરો અને સર્જનો આવશે અને જશે. ડૉ. બોર્જીઝનું નામ સર્જનોની નામાવલીમાં સદાને માટે સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

એક તેજસ્વી આશાસ્પદ સન્નારીનું અકાળ અવસાન

મુંબઈ ખાતે તા. ૯-૩-'૬૯ના રોજ મહારાષ્ટ્ર રાજ્યની વિધાન પરિષદના સભ્ય શ્રીમતી ભટ્ટા દેસાઈનું બહુ ટૂંકી માંદગીના પરિણામે એકાએક અવસાન થયું છે. ૪૬ વર્ષની તેમની ઉંમર હતી. જાણીતા ડૉ. વસંત કલ્યાણદાસ દેસાઈનાં તેઓ પત્ની હતાં. કૉંગ્રેસ મહાસમિતિના સભ્ય હોવા ઉપરાંત બીજી અનેક સામાજિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલાં હતાં. તેઓ સારા લેખક તથા ઉચ્ચ કોટિના વકતા હતા. અંગ્રેજી ભાષા ઉપર તેઓ સારું પ્રભુત્વ ધરાવતા હતા. ખીલતા જતા ગુલાબ માફક તેમની કારકીર્દિ વિકસી રહી હતી. એવામાં કાળની ઝપટ આવી અને એ આશાસ્પદ કારકીર્દિનો એકાએક અંત આવ્યો અને મુંબઈને એક તેજસ્વી કાર્યકરની જલ્દી ન પૂરાય એવી ખોટ પડી. આ રીતે આ ઘટના અત્યંત દુઃખદ છે.

મુનિશ્રી નગરાજજીને હાર્દિક અભિનન્દન

જણાવતાં ખૂબ આનંદ થાય છે કે કાનપુર વિશ્વવિદ્યાલયે ફેબ્રુઆરી માસની ૨૩મી તારીખે પોતાના દિક્ષાન્ત સમારોહ (કૉન્વોકેશન) પ્રસંગે અણુવ્રત પરામર્શક મુનિશ્રી નગરાજજીને ડી. લિટ્. (ડૉકટર ઑફ લિટરેચર) ની ઉપાધિ વડે સન્માનિત કર્યા છે. મુનિશ્રી નગરાજજીનું આ સન્માન તેમની સાહિત્યસેવા તથા અણુવ્રત આંદોલનના માધ્યમ દ્વારા ચાલી રહેલી સમાજસેવાના આધાર ઉપર કરવામાં આવ્યું છે. મુનિશ્રી આજ સુધીમાં ૩૬ મહત્ત્વપૂર્ણ પુસ્તકો લખી ચૂકયા છે. આ પુસ્તકોમાં આગમ ઔર ત્રિપિટક, એક અનુશીલન, હિંસા વિવેક, જૈન દર્શન ઔર આધુનિક વિજ્ઞાન, અણુવ્રત જીવનદર્શન, નૈતિક વિજ્ઞાન, આચાર્ય ભિક્ષુ ઔર મહાત્મા ગાંધી, મહાવીર ઔર બુદ્ધ કી સમસામયિકતા, અહિંસા પર્યેક્ષણ વગેરે ઉલ્લેખનીય છે.

મુનિશ્રી નગરાજજી અણુવ્રત આન્દોલન પ્રવર્તક આચાર્યશ્રી તુલસીના પ્રભાવશાળી શિષ્ય છે. અણુવ્રત કાર્યક્રમની દૃષ્ટિથી દિલ્હી તેમનું પ્રમુખ કાર્યક્ષેત્ર રહ્યું છે. ગત વર્ષ દરમિયાન તેઓશ્રીના પરામર્શથી રાજસ્થાન વિદ્યાનસભાએ અણુવ્રત આન્દોલનના સમર્થનમાં એક પ્રસ્તાવ પસાર કર્યો છે. હાલ તેઓ મુંબઈ વસે છે અને આગામી ચાતુર્માસ તેઓ મુંબઈમાં કરવાના છે.

તેમનો જન્મ સરદારશહર (રાજસ્થાન) માં ૧૯૧૭ના સપ્ટેમ્બર માસની ૨૯ મી તારીખે થયો હતો. ૧૮ વર્ષની ઉમ્મરે તેમણે તેરાપંથ સાધુ સંઘમાં દીક્ષા ગ્રહણ કરી હતી. આજે તેમની ઉંમર ૫૧ વર્ષની છે. કોઈ પણ યુનિવર્સિટી એક જૈન મુનિને ડૉકટર ઑફ લિટરેચરની પદવી અર્પણ કરે–એવો આ સૌથી પહેલો બનાવ છે અને તેથી સમસ્ત જૈન સમાજ માટે આ શુભ ઘટના અતિ ગૌરવપ્રદ છે. આ પ્રસંગે મુનિશ્રી નગરાજજીને આપણા સર્વના હાર્દિક ધન્યવાદ અને અભિનન્દન હો! અને તેમને દીર્ઘ આયુષ્ય અને સુદઢ આરોગ્ય પ્રાપ્ત થાઓ કે જે વડે તેઓ સમાજ અને દેશની અનેક પ્રકારે સેવા કરી શકે એવી આપણ સર્વની પ્રાર્થના હો!

શ્રીમતી ઈન્દુમતીબહેન ચીમનલાલને હાર્દિક અભિનન્દન

શ્રી ઈન્દુમતીબહેન ચીમનલાલ મુંબઈ રાજ્યના એક વખતના શિક્ષણમંત્રી અને ત્યાર બાદ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી તરીકે એટલું જ નહિ પણ ગુજરાતમાં અજોડ એવા–અમદાવાદના શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના મુખ્ય સંચાલિકા તરીકે આપણ સર્વને ખૂબ જાણીતા છે. તેમની તાજેતરમાં ભારત સરકારે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના એક સભ્ય તરીકે નિમણુક કરી છે. આ નિમણુકના સમાચાર ઈન્દુમતીબહેન માટે ઊંડો આદર ધરાવનાર અનેક મિત્રો માટે ખૂબ જ આનંદપ્રદ છે, ઈન્દુમતીબહેનની શિક્ષણના ક્ષેત્રે આજ સુધીની અનેકવિધ સેવાઓ અને વિપુલ અનુભવની ભારત સરકારે આ રીતે કદર કરી છે તે માટે ભારત સરકારને પણ ધન્યવાદ ઘટે છે. આ નવા સ્થાનને ઈન્દુમતીબહેન પોતાની સર્વ શકિતઓનો યોગ આપીને ખૂબ શોભાવે એવી આપણી પ્રાર્થના હો અને ઈન્દુમતીબહેનને આ પદપ્રાપ્તિ માટે આપણાં હાર્દિક અભિનન્દન હો!

પરમાનંદ

મૂળ અધિકારો—૩

બંધારણ મુજબ મૂળ અધિકારોમાંથી કોઈ રદ અથવા ન્યૂન કરવાની પાર્લામેન્ટને સત્તા છે કે નહિ તે આપણે વિચાર્યું. હવે પાર્લામેન્ટને આવી સત્તા હોવી જરૂરની અથવા ઈષ્ટ છે કે નહિ તે વિચારીએ. આ પ્રશ્ન સમજવા મૂળ અધિકારોનું સ્વરૂપ સમજવું પડશે. આ અધિકારો નિમ્ન પ્રકારના છે' (૧) સમાનતા—Right to equality (૨) સ્વાતંત્ર્ય—Right to Freedom (૩) શોષણ-વિરોધી અધિકાર—Right against Exploitation (૪) ધર્મસ્વાતંત્ર્ય—Right to Freedom of Religion (૫) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો—Cultural and Educational Rights (૬) મિલકતના હક—Right to Property (૭) અદાલતી સંરક્ષણનો અધિકાર—Right to Constitutional Remedies આમાંના કેટલાક હકો માનવીના મૂળભૂત અધિકારો છે Human Rights—કોઈ પણ લોકશાહી રાજ્યતંત્રમાં દરેક માનવીને હોવા જોઈએ. વ્યક્તિના આ અધિકારોને સમાજહીતમાં ઘણી મર્યાદાઓ છે. પણ એવી મર્યાદાઓ મૂકવાની રાજ્યની સત્તાને પણ મર્યાદા છે. આમાંના કેટલાક હકો ભારતની પરિસ્થિતિને અંગેના ખાસ છે. દા. ત. અસ્પૃશ્યતા નાબૂદી—સમાનતાના હકનું અંગ છે. આપણો દેશ બહુજાતીય, બહુધર્મી છે. Multi-lingual, multi-racial, multi-religious. વળી ઘણી પછાત કોમો છે. આવી લઘુમતિઓના સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ધાર્મિક હકોના રક્ષણ માટે અને તેમનું શોષણ ન થાય તે માટે કેટલાક અધિકારોને મૂળભૂત ગણ્યા છે.

આપણા બંધારણની એક વિશેષતા છે. તેમાં મૂળભૂત અધિકારો આપ્યા છે. એટલું જ નહિ પણ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો પણ આપ્યા છે. Directive Principles of State policy રાજ્યની ફરજો—રાજ્યે શું કરવાનું છે. બંધારણના ઉદ્દેશ મુજબ દેશના બધા નાગરિકો માટે સામાજિક આર્થિક અને રાજ નૈતિક ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ, Justice, Liberty, Equality and Fraternity, સિદ્ધ કરવાના છે. આ સિદ્ધિ માટે રાજ્યે ઘણું કરવાનું રહે છે. સ્થાપિત હીતો, આ આદર્શની સિદ્ધિમાં અવરોધી હોય તો તેને નાબૂદ કરવા પડે. બંધારણના ચોથા ભાગમાં રાજ્યની આ ફરજોનો ઉલ્લેખ છે. બંધારણની કલમ ૩૭માં કહ્યું છે કે આ સિદ્ધાંતો પણ are fundamental in the governance of the country and it shall be the duty of the State to apply these principles in making laws. આ સિદ્ધાંતો મુજબ દાખલા તરીકે, રાજ્યે પોતાની નીતિ એવી રાખવી કે સમાજની ભૌતિક સાધનસંપત્તિની માલિકી અને અંકુશ સાર્વજનિક હીત માટે હોય અને ઈજારાશાહી પેદા ન થાય; આર્થિક જરૂરિયાતનાં કારણે પોતાની ઉંમર કે શક્તિને અયોગ્ય કામો નાગરિકે કરવા ન પડે અને તેમની તાકાત અને તંદુરસ્તીનો ભોગ ન લેવાય. કામ કરવાના, શિક્ષણ પ્રાપ્ત કરવાના, બેકારી, વૃદ્ધાવસ્થા કે અશક્તિ જેવા સંકટ કાળે સરકારી મદદ મેળવવાના હક નાગરિકને રહે. ચૌદ વર્ષની વય સુધીના બાળકો માટે ફરજિયાત અને મફત શિક્ષણની જોગવાઈ કરવી; દલિત વર્ગોની રક્ષા કરવી, ખેતીવાડી, પશુપાલન ગૃહઉદ્યોગોને અદ્યતન ઢબે વિકસાવવા. આવી ઘણી ફરજો રાજ્ય ઉપર બંધારણમાં નાખવામાં આવી છે. કલ્યાણ રાજ્યનો આદર્શ હોય તો રાજ્યની આ ફરજો મૂળભૂત અને પાયાની અને સર્વોપરી છે.

પણ મૂળભૂત હકો અને રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોમાં એક મોટો ફરક છે. મૂળભૂત હકોનો અમલ કોર્ટ મારફત કરાવી શકાય. નિર્દેશક સિદ્ધાંતોનો અમલ કોર્ટ મારફત ન થઈ શકે. કારણ સ્પષ્ટ છે. મૂળભૂત હકોમાં રાજ્યે શું ન કરવું તેનો પ્રબંધ છે. નિર્દેશક સિદ્ધાંતોમાં રાજ્યો શું કરવું એનો પ્રબંધ છે. Fundamental rights represent the limits of State action; Directive Principles of State policy are the obligations and the duties of the Government as a good and social Government. રાજ્યે શું ન કરવું તે માટે કોર્ટ હુકમ કરી અમલ કરાવી શકે છે; પણ શું કરવું તે કોર્ટ નક્કી પણ ન કરી શકે અને અમલ પણ કરાવી ન શકે. છતાં રાજ્ય માટે તો રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો એટલા જ, કદાચ વિશેષ અગત્યના છે. બે વચ્ચે વિરોધ થાય તો શું કરવું? દા૦ ત૦ મૂળભૂત હકમાં મિલ્કતનો હક છે. એટલે કે દરેક નાગરિકને મિલકત મેળવવાનો અને ધરાવવાનો અધિકાર છે અને વળતર આપ્યા વિના રાજ્ય કોઈની મિલ્કત લઈ શકતું નથી. પણ સંપત્તિની માલેકી અને અંકુશ સાર્વજનિક હીત માટે થાય અને ઈજારાશાહી ન થાય એ રાજ્યનીતિનો સિદ્ધાંત છે. કોર્ટ મૂળભૂત હક્કનો અમલ કરે; રાજ્યને સામાજિક હિતના સિદ્ધાંતનો અમલ કરવો છે અને મૂળભૂત હકનો કોર્ટે કરેલ અર્થ મુજબ, સિદ્ધાંતનો અમલ ન થાય તો મૂળભૂત હકમાં ફેરફાર કરવો જ રહ્યો. કોર્ટે એમ કહ્યું છે કે બનતાં સુધી Harmonious interpretation કરવું પણ એમ બન્યું નથી અને તેથી મૂળભૂત હકોમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. તે હવે પછી જરા વિગતથી આપીશ.

મૂળભૂત હકો ન્યૂન કરવાનો પાર્લામેંટને અધિકાર નથી એવું જે જજોએ કહ્યું છે તેમણે મૂળભૂત હકોને ભાવનાત્મક સ્વરૂપ આપવા કેટલાક વિશેષણો લગાડ્યા. Transcendental, Natural, Immutable, Sacro-sanct, inalienable and inviolable. જાણે આ કોઈ ઈશ્વરદત્ત અધિકારો હોય જેમાં માનવીએ માથું મારવું એ ગુન્હો છે. અલબત્ત, કેટલાક અધિકારો એવા છે કે જે દરેક માનવીને હોવા જ જોઈએ અને રાજ્ય તે છીનવી ન શકે. દા. ત. વાણીસ્વાતંત્ર્ય, સમાનતા, ધર્મસ્વાતંત્ર્ય વિગેરે, પણ આ હકો કોણ છીનવી લેવાનું છે? કોઈ પણ પાર્લામેંટ એ કરવાનો પ્રયત્ન કરશે તો ઉખડી જશે. ૨૦ વર્ષમાં એવું કાંઈ થયું છે? પણ આ વિષે હવે પછી જરા વિગતથી આપીશ.

પાર્લામેંટને મૂળભૂત હકો ન્યૂન કરવાનો અધિકાર નથી એવું જે જજોએ કહ્યું તેમની સમક્ષ બે મોટી મુશ્કેલીઓ આવીને ઉભી રહી. એક, એ કે ૧૯૫૧ થી મૂળભૂત હકોમાં કેટલાક મહત્ત્વના ફેરફાર થયા છે, ખાસ કરી મિલ્કતના હકમાં જેને આધારે દેશમાં, ચીફ જસ્ટીસ સુબારાવના શબ્દોમાં મોટો Agrarian Revolution થઈ ગયો. જમીનદારીઓ નાબૂદ થઈ અને લાખો એકર જમીનની હેરફેર થઈ. જો આ ફેરફાર કરવાનો પાર્લામેંટને હક ન હતો તો ૧૯૫૧થી કરેલ ફેરફારો બધા ગેરબંધારણીય ગણવા જોઈએ અને તેને આધારે જમીનદારીઓ નાબૂદ થઈ છે તે પાછી લાવવી જોઈએ. આવો નિર્ણય કોર્ટ માટે પણ અશક્ય હતો. એવું કાંઈ કરવાનો પ્રયત્ન કરે તો મોટો બળવો થાય. એટલે બહુમતિ ચુકાદો આપ્યો તે છ જજોએ એક નવો માર્ગ શોધ્યો.

આ નવો માર્ગ Prospective overruling એટલે કે આજ સુધી પાર્લામેંટે જે કર્યું તે ગેરબંધારણીય હતું છતાં બંધારણીય ગણવું અને હવે પછી પાર્લામેંટ ને તેમ કરવાનો અધિકાર નથી એમ જાહેર કરવું. આ અમેરિકન Doctrine છે. આપણા બંધારણને અનુકૂળ નથી. છતાં તેને લગાડી દીધું. ચીફ જસ્ટીસ સુબારાવે કહ્યું; As this Court for the first time has been called upon to apply the doctrine evolved in a different country under different circumstances, we would like to more warily. આ નવા સિદ્ધાંત વિષે જસ્ટીસ વાંછુએ કહ્યું :

" We must say we are not prepared to accept the doctrine of prospective overruling. "

જસ્ટીસ બચાવતે કહ્યું :

" If they (amendments of fundamental rights by Parliament) are void, they do not legally exist from

their very inception They cannot be valid from 1951 to 1967 and invalid thereafter."

પણ ચીફ જસ્ટીસ સુબારાવના અભિપ્રાય મુજબ તો આ સુધારાઓ ૧૯૬૭ પછી પણ ગેરકાયદેસર નથી. તેને તો કાયમ માટે કાયદેસર ઠરાવ્યા. જે સત્તરમા સુધારાને તેમણે ગેરકાયદેસર ગણ્યો-અને જેને માટે ગોલકનાથે અરજી કરી હતી તે સુધારો કરવાનો પાર્લામેંટને અધિકાર નથી એમ કહી, તે સુધારો કાયમ માટે સ્વીકાર્યો અને ગોલકનાથની અરજી કાઢી નાખી. છ જજોનો ચૂકાદો કાયદામાં જેને Obiter કહે છે, બિનજરૂરી અભિપ્રાય-તેવો રહ્યો.

આ નવા અમેરિકન Doctrineને બદલે આપણે ત્યાં બીજો સિદ્ધાંત છે. Stare Decisis એક ચુકાદો લાંબો વખત સ્વીકારાયો હોય અને તેને પરિણામે બીજા ઘણાં કાયદાઓ અને આર્થિક વ્યવહારો થયા હોય તો, લાંબા સમય પછી તે ચુકાદો બરાબર ન હતો એમ લાગે તો પણ, તેને રદ કરવાથી અનેક અનર્થો પેદા થાય, તો તેને કાયમ રાખવો. let the decision stand. આ સંબંધે જસ્ટીસ વાંછુએ કહ્યું.

" The is the fittest possible case in which the principle of Stare Decisis. should be applied. "

"We would be very reluctant to over-rule the unanimous decision in Sankari Prasad's case or any other unanimous decision by the slender majority of one in a larger Bench Constituted for the purpose."

છ જજો સમક્ષ બીજી પણ મોટી મુશ્કેલી હતી. મૂળભૂત અધિકારો immutable છે એમ ઠરાવવું અઘરું હતું. ચીફ જસ્ટીસ સુબારાવે જ જણાવ્યું.

"An unamendable constitution is the worst tyranny of time, or rather the very tyranny of time. "

".... it is impossible to conceive of an unamandable Constitution as anything but a contradiction in terms.

જસ્ટીસ હીદાયતુલ્લાએ કહ્યું કે રાજ્યને (the State જેમાં પાર્લામેંટ આવી જાય) હંમેશા બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર છે જ. તો પછી અહીં કેમ નથી? કારણ કે, તેમના કહેવા મુજબ, બંધારણ ઘડતી વખતે રાજ્યે સ્વેચ્છાએ આ અધિકાર જતો કર્યો છે. તો હવે શું કરવું? તેમની સૂચના મુજબ બીજી Constituent assembly બોલાવવી જોઈએ. કોણ બોલાવે? પાર્લામેંટ જ.

The State must reproduce the power which it has chosen to put under restraint, Parliament must amend Article 368 to convoke another constituent assembly; that assembly may be able to abridge or take away fundamental Rights, if desired."

આ દલીલનો જવાબ આપતા એડવોકેટ જનરલ સીરવાઈ કહે છે :

On principle, it is difficult to understand how if a freely elected Parliament cannot be trusted to amend Part III as provided by Article 368, another body, set up by the same parliament, can aquire higher Authority. Therefore, a Constituent Assembly is either legally impossible or wholly unnecessary."

છ જજોએ આવો ચુકાદો કેમ આપ્યો?

એક તો એમ કહેવાય કે તેમણે બંધારણનો સાચો અર્થ કર્યો છે. પણ ૧૩ જજોએ બીજો અભિપ્રાય આપ્યો છે અને માત્ર બંધારણનો અર્થ જ કરવો હતો તો બીજી બધી ચર્ચા અસ્થાને હતી. પણ એમને એમ પણ હતું કે આવી સત્તા પાર્લામેંટને હોય તે યોગ્ય નથી. કેમ? ચીફ જસ્ટીસ સુબારાવે કહ્યું છે:

" Such a restrictive power gives stability to the Country and prevents it from passing under a totaliterian or dictatorial regime"

" Should we hold that....Parliament had power to take away fundamental rights, a time might come when we would gradually and imperceptibly pass under a totalitarian rule."

જસ્ટીસ હીદાયતુલ્લાએ કહ્યું છે:

"the apprehnsion is that democracy may be lost if there is no liberty based on law and law based on equality. The protection of the Fundamental Rights is necessary so that we may not walk in fear of democracy itself."

એટલે, લોકશાહીના રક્ષણ માટે પાર્લામેંટને આવી સત્તા હોવી ન જોઈએ એમ તેમણે માન્યું.

પ્રજાના ચૂંટાયેલ પ્રતિનિધિઓનો આ વિશ્વાસ કરવો એ જો લોકશાહી હોય તો કયાં સુધી એવી લોકશાહી ટકવાની? છેવટ મૂળભૂત અધિકારો બંધારણમાં કોણે મૂક્યા છે? પ્રજાના ચૂંટાયેલ પ્રતિનિધિઓએ કે ક્રોર્ટે? અને જો પાર્લામેંટ ઉપર આવા અંકુશ મૂકવામાં આવે અને પાર્લામેંટને જરૂર લાગે તેવા ફેરફાર કરી ન શકે તો તેને શું વિકલ્પ રહ્યો? બળવો કરવો અથવા બંધારણને ફગાવી દેવું. આવા સંજોગો ઉત્પન્ન કરવાથી લોકશાહી ટકશે? જસ્ટીસ વાંછુએ આ દલીલને " Argument of fear" કહ્યો. તેમણે કહ્યું છે:-

"making our constitution rigid will not stop the frightfulness which is conjured up before us.... an interpretation which makes our constitution rigid.. will make a violent revolution followed by frightfulness .... a nearer possibility than an interpretation which which will make it flexible".

"The power of amendment.... is a safety valve which to a large extent provides for stable growth and makes violent revolution more or less unnecessary. "

"Eeven if it (Parliament) abuses the power of contitutional amendment, the check.... is not in courts, but in the people who elect mambers of Parliament. "

છ જજોએ જે ભય બતાવ્યો એવો ભય રાખવાનું કોઈ કારણ છે? મૂળભૂત અધિકારોમાં ફેરફાર કરતાં જે સુધારા ૧૬ વર્ષના ગાળામાં પાર્લામેંટે કર્યા છે - પહેલો, ચોથો, સોળમો અને સત્તરમો સુધારો - તેમાં મિલ્કતના હકને લગતી ૩૧ મી કલમના ફેરફાર બાદ કરીએ તો, મૂળભૂત હકકના બાકીના બધા સુધારા જસ્ટીસ હીદાયતુલ્લાના મત મુજબ પણ બંધારણ મુજબ કાયદેસર છે. એટલે, કોઈ મૂળભૂત હક - મિલ્કતને લગતા હક સિવાય - પાર્લામેંટે એવો કર્યો નથી કે રદ કર્યો નથી. આ બધા સુધારા ખૂબ વિગતથી તપાસ્યા પછી જસ્ટીસ હીદાય તુલ્લાએ કહ્યું:

"In the result, none of the amendments in the Articles in parts other than that dealing with Right to properly is outside the amending process because Article 13(2) is in no manner breached."

તો પ્રજાના જે પ્રતિનિધિઓએ મૂળભૂત હકો બંધારણમાં મૂક્યા, જેમણે ૧૬ વર્ષમાં મિલ્કતના હક સિવાય, બીજા કોઈ હકને આંચ આવે એવો ફેરફાર કર્યો નથી, તેમનો અણવિશ્વાસ કરી, આવી સત્તા પાર્લામેંટને હશે તો લોકશાહી ખતરામાં છે એમ કહેવું વ્યાજબી છે?

હવે મિલ્કતને લગતા હકમાં પાર્લામેંટે શા માટે ફેરફાર કરવા પડયા? પહેલા તો મિલ્કતને લગતો મૂળભૂત હક હોઈ શકે? જસ્ટીસ હીદાયતુલ્લાએ કહ્યું છે:-

"Our constitution accepted the theory that Right of Property is a fundamental right, In my opinion, it

was an error to place it in that category....of all the fundamental rights it is the weakest."

મિલ્કતનો હક કોઈ કુદરતી હક નથી. It is not a natural right. બલ્કે, સાચો સિદ્ધાંત, સબ ભૂમિ ગોપાલ કી, છે. બંધારણ ઘડાતું હતું ત્યારે હું વિધાનસભાનો સભ્ય હતો. આ વિષય ઉપર ખૂબ ચર્ચા થયેલ. છેવટ એક Compromise formula. તરીકે કલમ ૩૧મી કલમ મૂકાણી. જવાહરલાલ નહેરુને ભય હતો જ કે આ કલમ કૉંગ્રેસને તેની નીતિનો પૂરો અમલ કરતા કદાચ અવરોધક થાય. પણ એમ વિશ્વાસ હતો કે કોર્ટ આ કલમનો એવો અર્થ નહિ કરે કે જમીન દારી નાબૂદી વિગેરે કાર્યક્રમને ખલેલ પહોંચે. પણ દુર્ભાગ્યે એમ જ બન્યું. જસ્ટીસ હીદાયતુલ્લાએ કહ્યું છે :

"All would have been w ll if the Courts had construed Article 31 differently."

જમીનદારી નાબૂદીના કાયદાને પડકારતી અરજીઓ કોર્ટમાં થઈ ત્યારે કોર્ટે એવો અર્થ કર્યો કે કલમ ૩૧ માં મિલ્કતના હકને જે રક્ષણ આપ્યું છે તે જોતાં આ કાયદાઓ ગેરબંધારણીય છે. એટલે કલમ ૩૧ માં ફેરફાર કરી એ હક ન્યૂન કરવા સિવાય પાર્લામેંટને કોઈ માર્ગ ન હતો–સિવાય કે જમીનદારી નાબૂદીનો બધો કાર્યક્રમ જતો કરે. તેથી પ્રથમ સુધારો First Amendment થયો. આવો સુધારો કરવાની પાર્લામેંટને સત્તા નથી એવી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ અને સદ્‌ભાગ્યે શંકરી પ્રસાદના કેસમાં પાંચે જજોએ સર્વાનુમતે ઠરાવ્યું કે આવી સત્તા છે. છ જજોએ, અત્યારે જે અર્થ કર્યો છે તે ત્યારે કરવામાં આવ્યો હોત તો શું થાત તે કલ્પવું મુશ્કેલ છે. ત્યાર પછી જમીનદારી અને જમીન વિતરણ અંગે Land legislation ના ઘણાં કાયદાઓ દરેક રાજ્યે કર્યા. તેને પડકારતી અરજીઓ થઈ. ફરીથી કલમ ૩૧ માં સુધારો કર્યો અને સદ્‌ભાગ્યે સજ્જનસિંહના કેસમાં ફરીથી સુપ્રીમ કોર્ટે આ સુધારાઓ મંજૂર રાખ્યા. પહેલો અને ચોથો સુધારો થયો ત્યારે પણ હું લોક સભાનો સભ્ય હતો અને ખૂબ ચર્ચા પછી એ સુધારા થયા હતા. હવે આપણને કહેવામાં આવે છે કે આ બધા સુધારા, ૧૯૫૧ થી થયા તે – ગેરકાયદેસર હતા. પણ તે કાયદાઓ રદ કરવાની તો સુપ્રીમ કોર્ટની પણ હિંમત નથી. પણ હવે પછી કાયમને માટે એવી સત્તા નથી એવું જાહેર કર્યું.

આ બધી ભાંજગડ મિલ્કતને લગતા મૂળભૂત હકમાં કરેલ સુધારા અંગે જ છે અને જે હક વિષે જસ્ટીસ હીદાયતુલ્લા એમ કહે છે કે બંધારણમાં એને સ્થાન જ મળવું નહોતું જોઈતું તેના જ રક્ષણ માટે જાણે આ બધો વિવાદ છે વાણી સ્વાતંત્ર્ય, ધર્મ સ્વાતંત્ર્ય, સમાનતા, અસ્પૃશ્યતા નાબૂદી, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો, આ બધા કોણ છીનવી લેવાનું છે? ૨૦ વર્ષમાં આટલી મોટી બહુમતિ હતી તો પણ ન કર્યું તો કોઈ પક્ષ હવે કરી શકવાનો છે?

મૂળભૂત અધિકારો ન્યૂન કરવાની સત્તા પાર્લામેંટને શા માટે હોવી જોઈએ તેનો બીજો દાખલો આપું. ધાર્મિક માન્યતાઓને મૂળભૂત હક તરીકે રક્ષણ આપ્યું છે. મુંબઈ રાજ્યમાં એક કાયદો થયો હતો કે કોઈને જ્ઞાતિબહાર મૂકાય નહિ. વડા મુલ્લાંજી સાહેબે કહ્યું કે જ્ઞાતિબહાર મૂકવાનો તેમનો અધિકાર ધાર્મિક હક છે તેથી આ કાયદો તેમને બંધનકર્તા નથી. સુપ્રીમ કોર્ટે વડા મુલ્લાંજીની તરફેણમાં ચુકાદો આપ્યો છે. અત્યારે તો આ પડયું છે પણ ધાર્મિક માન્યતાઓના હકના રક્ષણનો આવો જ અર્થ કરવામાં આવે તો તે હકને લગતી કલમમાં ફેરફાર કરવો પણ પડે. સુપ્રિમ કોર્ટે કરેલ અર્થ હંમેશ સાચા જ હોય, છે એમ નથી અથવા તો કાયદાની ભાષા અધુરી કે અસ્પષ્ટ હોય, તો શું ફેરફાર ન કરવો?

પાર્લામેંટને આવી સત્તા હશે તો ભારે અનર્થ થશે એમ માની લઈ ગોકલનાથના કેસમાં બહુમતિ જજમેંટમાં બંધારણનો ખોટો અર્થ થયો, તે કારણે પરસ્પર વિરોધી એવું જજમેંટ લખાયું અને એક નાજુક પરિસ્થિતિ ઊભી થઈ. એડવોકેટ જનરલ સીરવાઈએ સાચું કહ્યું છે :

"It is submitted that the majority Judgement is clearly wrong, is productive of the greatest public mischief and should be over-ruled at the earliest opportunity."

નાથપાઈનું બીલ કાંઈ નવું કરતું નથી. માત્ર પૂર્વવત સ્થિતિનું સ્પષ્ટીકરણ કરે છે અને પાર્લામેંટની સત્તાનું પુનરુચ્ચારણ કરે છે. નાથપાઈના બીલમાં જોઈન્ટ સિલેક્ટ કમિટીએ ફેરફાર કર્યા છે તે પણ જરૂરના નથી. તે બીલ પાસ થવાથી બધા મૂળભૂત અધિકારો રદ થઈ જવાના છે એવો કોઈ ભય નથી. નાથપાઈનું બીલ જે રીતે પૂર્વવત સ્થિતિ કાયમ કરવાનો પ્રયત્ન કરે છે તે માર્ગ પણ બંધ કરવાનો જસ્ટીસ હીદાયતુલ્લાએ નિર્દેશ કર્યો છે. તેમણે કહ્યું છે :

"It may be said that this is not necessary (to call a constituent Assembly) because Article 368 can be amended by Parliament to confer constinent powers over the fundamental Rights. This would be wrong and against Art.. 13(2) Parliament cannot increase its powers in this way and do inlirectly which it is intended not to do directly."

આ અભિપ્રાય કેટલે દરજ્જે સાચો છે તે તો નાથપાઈનું બીલ પસાર થાય અને તેને પડકાર અપાય ત્યારે સુપ્રિમ કોર્ટ શું વલણ લે છે તે ઉપર આધાર રાખે છે. આપણે આશા રાખીએ કે કોઈ સંઘર્ષ નહિ થાય. ગોકલનાથના બહુમતી ચુકાદાથી ઉત્પન્ન થયેલ પરિસ્થિતિ સર્વથા અસ્વીકાર્ય છે અને સ્ફોટક સંજોગો જાગે તે પહેલા જ સુધારી લેવી યોગ્ય અને જરૂરનું છે.

મેં આ વિષયે ઠીક લંબાણથી લખ્યું છે. વિષયનો વિસ્તાર અને આગત્ય જોતાં, આટલું લંબાણ અનિવાર્ય હતું. બને તેટલું ટૂંકામાં અને મુદ્દાસર રજૂઆત કરવા પ્રયત્ન કર્યો છે. અંગ્રેજી અવતરણો વિશેષ આપ્યા છે જેથી રજૂઆતમાં કોઈ ભૂલ કે ગેરસમજૂતી ન થાય. વિષય કાંઈક ગહન છે અને પાર્લામેંટના સભ્યોમાં પણ કેટલાને પૂરી સમજણ હશે તે કહેવું મુશ્કેલ છે. શ્રી નાથપાઈના બીલને સરકારનો ટેકો છે એમ બે વખત જાહેર થયા પછી પણ, કૉંગ્રેસના સભ્યોમાં મતભેદ હોવાને કારણે, તેની વિશેષ ચર્ચા મુલતવી રહી છે. લોકોમાં પણ ઓછી સમજણ હોય તે સ્વભાવિક છે. આ વિષયનો અભ્યાસ કર્યા પછી મારા મનને કોઈ સંદેહ નથી કે ગોલકનાથના કેસનું બહુમતી જજમેંટ પ્રજાહિતને ભારે અનર્થકારી છે અને પરિસ્થિતિ જેટલી વહેલી સુધારી લેવાય તેમાં દેશનું અને પ્રજાનું કલ્યાણ છે.

તા૦ ૯-૩-૧૯૬૯. (સમાપ્ત) –ચીમનલાલ ચકુભાઈ શાહ

ગુજરાત, દેશ અને વિદેશની રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે બનતી ઘટનાઓનું નિર્ભય, નિષ્પક્ષ, નિરૂપણ અને નિરીક્ષણ કરતું ગુજરાતનું સાપ્તાહિક વિચારપત્ર

નિરીક્ષક

તંત્રી : પ્રબોધ ચોકસી

પરામર્શ સમિતિ : ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, ઈશ્વર પેટલીકર, પુરુષોત્તમ ગણેશ માવલંકર

વાર્ષિક લવાજમ **પંદર રૂપિયા**: વિદેશમાં **રૂપિયા અઠ્ઠાવીસ**
વિશેષ સુવિધા : રૂા. ૧૦માં ૩૨ અંક, રૂા. ૫માં ૧૧ અંક

નિરીક્ષક કાર્યાલય

મૈત્રીસદન, ગીરધરપુર રોડ, **અમદાવાદ–૧**

☆ શિવરાત્રીનો આ મેળો– ☆

[ભરૂચ જિલ્લામાં આવેલા સાગબારા તાલુકામાં આશરે ૨૦૦૦ ફીટની ઊંચાઈએ દેવ–મોગરાના નામનો ડુંગર છે, જ્યાં શિવરાત્રીના રોજ દશ હજાર માણસોનો મેળો જામે છે, જ્યાં ધારિયાના એક એક ઝાટકે ૨૦૦૦ જેટલાં બકરાં કપાય છે, ૩૦૦૦ જેટલાં મરઘાં વધેરાય છે, જ્યાં સ્થાનિક રાજવી પૂજા કરે છે અને પછી આ બલિ હોમાય છે, પાંડરા માતાનું આ સ્થાનક છે, નાળિયેરની જગ્યાએ માતાને હજારોની સંખ્યામાં બકરાં-મરઘાનાં માથાં ચઢાવાય છે. ટોપલાના ટોપલા–ગણી ન શકાય તેટલાં–માથાં મંદિરની છાજલીમાં ઠલવાય છે, પૂજારી સગાંવહાલાં–ઓળખીતાને પ્રસાદરૂપે એની લહાણી કરે છે, વધેલાની મોટી મિજબાની કરાય છે અને સોમરસ ઉડે છે.

ઉપરના મથાળા અને પૂર્વભૂમિકા સાથે ધર્મના નામે ચાલી રહેલાં મુંગા પશુઓના આ હત્યાકાંડની વિગતો તા૦ ૧૮-૨-૬૯ના 'સંદેશ'માં છબીઓ સાથે પ્રગટ થઈ છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. ગુજરાત કે જે ભારતમાં જીવદયા અને અહિંસાધર્મનું સર્વશ્રેષ્ઠ કેન્દ્ર લેખાય છે ત્યાં આટલા મોટા પાયા ઉપરનું હિંસાતાંડવ ચાલી રહ્યું છે તે જાણીને આપણું દિલ આસાધારણ આશ્ચર્ય, આઘાત અને શરમ અનુભવે છે. સદ્‌ભાગ્યે ગુજરાત સરકાર ધર્મના નામે રાજ્યમાં ચાલતી આવી હિંસાની કાનૂની ઝાટકાયત કરતું બીલ વિધાનસભામાં રજૂ કરનાર છે. અશા રાખીએ કે એ બીલ સત્વર રજૂ થાય, પસાર થાય અને ગુજરાતને શરમરૂપ આવી હત્યાઓની સદાને માટે કાનૂની ઝાટકાયત થાય. **પરમાનંદ**]

અંધશ્રદ્ધાને ન કોઈ દોષ દો !
અંધને શ્રદ્ધા ન હોય તો હોય શું ?

મધ્યાહનનો સૂર્ય પરસેવે રેબઝેબ થતો ચકળાતો આકાશના ચોકમાં ઊભો હતો. રાત આખી ફાળજું ઠારી નાખે તેવી ટાઢનો અનુભવ કરી ચૂકેલો દેવમોગરાનો ડુંગર પણ વાતાવરણની આ વિચિત્રતાઓ વિમાસણમાં મૂકાઈ ગયો હતો. રાત જેટલી ટાઢી હતી એટલી બગોર તીખી હતી. બપોરના કરડકણા તડકામાં આદિવાસીઓની અજ્ઞાનતાનું વિષ જાણે કે ભળી ગયું હતું.

રસ્તા પર એક દહેશતનું સામ્રાજ્ય જાણે કે વ્યાપી ગયું હતું. ટોળામાં ભટકતો ભટકતો હું ચોકમાં ઊભેલા 'પાંડરા માતાના મંદિર' સામે આવીને ઊભો રહ્યો. આખાય વિસ્તારમાં જોવાયેલા વાંસની ખપાટોમાંથી તૈયાર કરાયેલા મકાન જેવું જ વાંસ માટીનું એ પણ એક ખોરડું હતું ... જેવું માનું મંદિર તેવી જ સાગબારા સ્ટેટના ઠાકોર સાહેબની ડેલી પણ !

એમનું મકાન પણ એવું જ વાંસ માટીમાંથી તૈયાર કરાયેલું હતું.

આદિવાસીઓના ઠાકોર !
અને એમની કુળ દેવી ! મા પાંડરા !
બેઉ પૂજનીય !
એક પૂજા માટેનું કેન્દ્ર !
બીજું પૂજા માટેનું દ્વાર !

ઠાકોરસાહેબ કે એમના કુટુંબની કોઈ સન્માનીય વ્યક્તિ જ્યાં સુધી દેવમોગરાની પાંડરા માતાની પૂજાવિધિ કરી બલિ ન આપે ત્યાં સુધી બીજા કોઈની બાધા છૂટી ન શકે તેવો વરસોનો શિરસ્તો આજે પણ એ જ રીતે ચાલુ રહ્યો છે.

પાંડરા માતાનું મંદિર

મંદિરમાં હું ત્રણ ચાર વખત જઈ આવ્યો હતો. માટીના એક મોટા ખાડામાં તુલસી ક્યારા જેવી ગોળ માટીના કુંડામાં પાંડરા માની પીત્તળની મૂર્તિ કંકુથી રંગાયેલા હાથમાં નાનકડી પીત્તળની લોટી સાથે ઊભી હતી. દર્શનાર્થીઓ હારબંધ આવતા હતા ને બે પૈસા...પાંચ પૈસા .. દસ પૈસા ગજા પ્રમાણે લોટીમાં નાંખતા, માને નમીને બહાર સરી જતા હતા. બાજુમાં ઊભેલા બે છોકરા વારે ઘડીએ પૈસાથી છલકાઈ જતી લોટીને રૂમાલમાં ઠાલવી લેતા હતા. સૌની શ્રદ્ધા અને ભક્તિભાવ આંધળો હતો.

બકરાં – મરઘાં સાથે સરઘસો

હાથમાં જીવતાં મરઘાં ને બકરાં સાથે બળદગાડીની વલેણાની લાંબી હલગાડોમાં ડુંગરાં ચઢી આવેલાં આશરે દસ હજાર નરનારીઓમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ઊંડાણના ભાગમાંથી સરી આવેલા આદીવાસીઓનો પણ સમાવેશ થતો હતો. ત્રણ ત્રણ ચાર ચાર દિવસની સમૂહયાત્રામાં – મરઘાં–બકરાં (બલિ માટે) અને અનાજ પાણી સાથે સપરિવાર સૌ દેવમોગરાનો ડુંગર ચઢી આવ્યા હતા.

દેવમોગરાના મેદાનમાં પડાવ

જેમની પાસે વાહન ન હતાં તે પગે ચાલતાં આવ્યાં હતાં. અને એક વખતના હેડંબા વનને નામે જાણીતા આ દેવમોગરાના વનમાં જ્યાં સ્થાન મળ્યું ત્યાં પથરાઈને બલિના સમયની વાટ જોતા પડયાં હતાં.

'આમ ટોળે મળીને બધા નાચતા કૂદતા કેમ આવતાં હતાં ? મેં પંથકના જાણીતા એક સાથીને પ્રશ્ન કર્યો.

'જેની બાધા ફળે તે સપરિવાર...સગાંવહાલાં કે આખા ગામને પ્રેમથી જાત્રાએ નિમંત્રે ને એમનો સંઘ જોડે...આગળ 'સોંગાડિયા' નૃત્ય કરતા.

'તોજે નાઉપે આલેમા યહા વા મુર્ગી'

નામક ભક્તિગીત ગાતા દોડતા ચાલે છે. વાજતે ગાજતે દેવમોગરાનો ડુંગર ચઢી... બાધા ઉતારે... બકરો ઝાટકે કપાય ને પછી નારિયેરની જેમ માને જીવતા બકરાનું મસ્તક અર્પણ થયા બાદ એના માંસની પ્રસાદ રૂપે ઉજાણી થાય. બધાંને લાવવા લઈ જવા સુધીની ખાણીપીણીની સઘળી જિમ્મેદારી બાધા ઉતારનારની ગણાય.'

બે હજાર બકરાં – ત્રણ હજાર મરઘા

'અહીં આશરે કેટલાં બકરાં વધેરાતાં હશે.?'

'ઘણી મોટી સંખ્યામાં - દરેક ગાડામાં, દરેક પડાવમાં એક બે બકરાં કે મરઘાંનાં ટોળાં તમને જોવા મળશે..."

'તો તો બેએક હજાર બકરાં વધેરાઈ જતાં હશે?'

ઘણો રૂઢિચુસ્ત આંક મૂકીએ તો પણ એટલી સંખ્યા તો થાય જ.'

'ને મરઘાં? ત્રણ ચાર હજાર કપાતાં હશે!'

'ત્રણેક હજાર કહી શકાય.'

"આ બધા માંસનું શું કરે?"

"માથા પૂજારી લઈ લે ને એનો મરજી મુજબ નિકાલ કરે. મા ભદ્રકાળીના મંદિરમાં આવતાં નારિયેળની જેમ...અહીં માથાંનો ઢગલો થાય!

'ઢગલો મોટો થતો હશે?'

'હા...મોટો જ. પૂજારી એ માથાંની લહાણી કરી, જેના પર એનું મન રીઝે તેને આપે. બાકીનાની ત્રીજા ચોથા દિવસે સોમરસ સાથે ઉજાણી થાય.'

શ્રદ્ધાનાં બે ડગ લીધાં

'પણ ત્યાં સુધી માંસ ગંધાઈ ન ઊઠે?'

'આ લોકો એને ચમત્કાર માને છે. કહે છે કે અહીં એક પણ માખ નથી બેસતી...કાગડા ગીધ કે સમડી પણ નથી ફરકતા!'

'તમે નજરે જોયું છે?'

'ના, પણ કાગડા કે ગીધ તો એ વિસ્તારમાં આમેય નથી ફરકતા ... ને એટલા ઊંચે જ્યાં વારે ઘડીએ વાંસના જંગલમાં દવ લાગતો હોય ત્યાં સાગર તળથી અઢી હજાર ફૂટ ઊંચે માખી સંભવી જ કેવી રીતે શકે?

'હં! ધેર યુ આર ...'એમની વાત મારે ગળે ઊતરી ગઈ. તો આ કારણને એ લોકો દેવીના ચમત્કારમાં ખપાવી રહ્યા હતા.

મેં ચોકમાં નજર કરી. મેદાન ખીચોખીચ ભરાઈ ગયું હતું. હાથમાં મરઘાં - બકરાં સાથે ત્યાં માના દર્શન પછી બલિ વધેરવા અધીરા બની આદિવાસીઓ હારકતાર ઉભા હતા. મંદિરના પ્રવેશ-દ્વારમાં આડો દંડો મૂકી જમાદાર ઊભા હતા. અંદર પૂજા ચાલતી હતી.

ઠાકોરે પૂજા કરી અને–

સાગબારા સ્ટેટના ઠાકોરશ્રી રામસિંહજી, દાદાના પ્રિન્સ ઠાકોર પ્રતાપસિંહજી એમના કાકાઓ ગંભીરસિંહજી ઠાકોર, ભરતસિંહજી ઠાકોર અને બહાદુરસિંહજી ઠાકોર સાથે અંદર પૂજા ભણી રહ્યા હતા. પ્રિન્સ પ્રતાપસિંહજીએ પાંડરા માતાની ચુંદડી બદલાવીને વિધિ મુજબની પૂજા ભણી. પૂજા પછી ડાંગર–જુવારનો અનાજનો નૈવેદ્ય લેવાય અને સ્ટેટ તરફથી નિયત પૂજા પછી મંદિરના ચોકમાં બલિ માટેના બકરાને ઊભા રખાય ને ધારિયાના એક જ ઝાટકે એનું માથું વધેરી નંખાય પછી જ બીજાની બાધા ઊતરે.

સાગબારાના કામરાજ મળ્યા

હું ટોળામાં આગળ સર્યો. એ વિસ્તારના એક આદિવાસી સામાજિક કાર્યકર મળતાં એક સાથીએ મને એમનો પરિચય કરાવ્યો. 'અમે એમને અમારા કામરાજજી કહીએ છીએ, કારણ કે પોતાની આદિવાસી જબાન વગર બીજા કશામાં વાત કરવાનું પસંદ કરતા જ નથી.'

મેં એમને વંદન કર્યા ને પ્રશ્ન મૂક્યો.

'દાદા, બકરાંનો અહીં જ વધ કરાશે?'

'ના... પણે!' કહેતાં એમણે બીજે ચોક ચીંધ્યો.

માથાંની મહેફિલ

'બકરાંના બધાં માથા મંદિરના છાપરે નંખાશે એ વાત સાચી?

'ના...એ માથાં મંદિરની અંદરની છાજલીમાં એકઠાં કરાશે.' એમણે આદિવાસી જબાનમાં માહિતી આપી.

ત્યાં તો સામેના ચોકમાં ધસારો વધી પડતાં હું ઉતાવળે એ તરફ ભાગ્યો.

મોટી મેદનીની વચ્ચે પૂજા પૂરી થવાની વાટ જોતાં શિસ્તબદ્ધ ઊભેલા આદિવાસી નર–નારીઓ તરફ મેં નજર કરી. એક આદિવાસી એક કેડમાં છોકરું ને બીજી બગલમાં બકરું દાબીને ઊભો હતો.

એક હાથમાં એનું લોહીનું સંતાન હતું,

જ્યારે, બીજાનું લોહી માને અર્પણ થવાનું હતું.

ઉજળા લોકો શું કરે?

લાલ રંગના એક મોટા કલગીવાળા મરઘાને બગલમાં દાબી એક વૃદ્ધ આદિવાસી ટોળામાં સરકતો જણાયો. સામે જ એક સાહેબ-શાહી યુવાન પાસે ઉભેલા બીજા ચશ્માધારીએ એને હાથનો ઈશારો કરી પાસે બોલાવ્યો.

મેં એક સાથીને પ્રશ્ન કર્યો. 'એ કોણ છે?'

'બીજા એક તાલુકાના મામલતદાર છે?'

'ચશ્માવાળો જવાન?'

'એ પણ એ જ તાલુકાના પબ્લિક હેલ્થ સેન્ટરના ડૉક્ટર છે.'

'એમની પાસેના મૂછેવાળા ભાઈ?'

'વેકસીનેટર છે.'

'એટલે સરકારી મંડળી છે એમને."

હા...હું એમની પાસે સરક્યો. મંડળીએ ચેલા આદિવાસીને ઘેરી લીધો હતો. મામલતદાર સાહેબ ને એમના સાથીઓની ગીધ નજર ચેલાના મરઘા પર મંડાઈ હતી.

'ઓઈ... આને તું અહીં હુ કામ વધેરશ?'

'બાધા સે બાપા!'

'પછે એનું હું કરસ?'

'પરસાદ ઘેર લઈ જઈશ!'

'સાહેબને ઓળખે છે? મામલતદાર સાહેબ છે?' કહેતાં સાહેબના હજુરિયા જેવા ડૉક્ટરે ચેલાને સકંજામાં લેવા વ્યૂહ રચ્યો.

'ચેલાને તેં ડૂબાડી દીધો એનું તો હજી પત્યું નથી એ ખબર છે ને!' બીજી ધમકી દ્વારા એને બ્લેકમેલ કરવા પ્રયત્ન થયો. એમનો આશય હતો કે મરઘો માના નામ પર સ્હેજ રમતો મૂકવો ને સાહેબના સાથીઓએ એને પકડી લઈ પછી ઉજાણી ઉજવવી.

એ સૌ અમલદારોની હિન મનોવૃત્તિની દયા ખાવી કે નફરત એ હું નક્કી ન કરી શક્યો, છી ...!

કહેતો હું ટોળામાં આગળ સરકી ગયો!

પૂજા–વિધિ પતી ગઈ હતી અને જાહેરમાં બલિ આપવાની તૈયારી થઈ રહી હતી. હું ટોળામાં મોખરે જવા દોડ્યો ને મંદિરમાં અટવાયેલા ફોટોગ્રાફર મિત્રને તેડવા માણસ દોડાવ્યો.

વચ્ચેના ખુલ્લા ચોકમાં ખભે ધારિયું મૂકી એક સખ્સ ઊભો હતો. એની પડખે જ દોરી બંધાયેલું બકરું ઊભું હતું. ચેલાએ બકરાને બરાબર કેન્દ્રમાં લીધું ... એક પગ તળે એને બાંધેલી દોરીને દાબી... બકરાના કપાળે થોડુંક પાણી છાંટયું ને ધારિયું ઊંચકી બકરાના ગળાનું નિશાન લીધું ... અને

ઘચ્ચ...

લાકડાના ઢિમકા પર ધારિયું ઝિકાતું હોય એમ ધારિયું ઝિકાયું.

આહ્... મારી પડખે ઊભેલા સાગબારા હાઈસ્કૂલનાં શિક્ષિકા બહેન ચીસ પાડીને નાઠાં ...

મેં બકરાને સ્થાને નજર કરી.

ધા ઝિકાતાં જ એનું માથું ધડથી અલગ થઈ ધૂળમાં ગડથોલું ખાઈ એના મૃત્યુને જાણે કે ચોંટી રહ્યું હતું ને એનું ધડ?'

અરેરાટીવાળું દશ્ય

ગળાના કપાયલા બૂંચા ભાગમાંથી ઉના ઉના લોહીને ફુવારો ઊડી રહ્યો હતો ને બકરું ધારિયાના ધાના સપાટે આગલા બે પગે ઊભડક બેસી પડયું હતું. જલ્લાદે ધારિયાનો ગોદો મારી એને પાડી નાખ્યું ને એના તરફડતા શરીર પર ધારિયું ફેરવી લોહી લૂછી નાખ્યું, બકરું હજી તરફડતું હતું, ત્યાં જ બીજું બકરું મેદાનમાં ઉતારાયું.

એક પછી અક સેંકડો કપાયા

ઘચ્ચ!

બકરું બેં...એં...એં કરવાનો પણ સમય ન મળતાં મૃત્યુની કાતિલ વેદનામાં તરફડી રહ્યું... ધા ફિક્કો વાગ્યો હતો, ધડથી માથું જુદું થવાને બદલે લટકી ગયું હતું. ચેલાએ માથું પકડી ઊંચું કરી બીજે ધા ઝીંકી એને અલગ કર્યું ને દૂર ફેંકી દીધું.

એના કપાયલા ગળાના બિભત્સ લાગતા ભાગમાંથી લોહીનો ફુવારો ઊડી રહ્યો...

સામેની પાંગતમાં પચાસેક મરઘાં મૂકાયાં ને ઘચ ... ઘચ... ઘચ... કુણાં લસણના જિંડવાં ઉતારાતાં હોય એમ થોડી સેકંડમાં તો સૌનાં માથાં અલગ કરી દેવાયાં.

સાંજ સુધી હજારથી દોઢ હજાર બકરાં ઝાટકાની પ્રસાદી પામી વધેરાઈ ગયાં.

બે હજારથી વધુ મરઘાં પણ!

સાંજના ડુંગરા પરથી નીચે ઊતરતાં મારી આંખ સામે એ દશ્ય રહી રહીને ઝબકી જતું હતું. વચ્ચેના ચોકમાં પાંચેક બકરાના શબ તરફડતા હત ત્યાં જ દ ઠ્ઠો બકરો ઝાટકો ખાવા અંદર ધકેલાયો.

લાલચુની ચાલબાજી

ચોકમાં બકરાંઓનાં શબ પાસે ખાખી ડ્રેસધારી એક ભાઈ ઊભા હતા. એમના ખભા પરની પટ્ટી પર 'ગ્રામરક્ષક દળ' અક્ષરો લખેલા હતા. એ અહીં શું કરતા હશે એનો વિચાર કરું ત્યાં જ બકરાનું માથું ધરંચ કરતુંક જુદું કરી દેવાયું. અને પેલા ગ્રામરક્ષક દળવાળા ભાઈએ માથું ઊંચકી ચાલવા માંડ્યું.

બકરું વધેરનારે દોડીને એના હાથમાંના માથા પર ઝાવું નાખ્યું...'

'લા, કાં લઈ જાય!'

અને પછી બન્ને વચ્ચેની ખેંચાખેંચનું ભૂંડું દશ્ય સર્જાયું. અંતે વધેરનારે ગ્રામરક્ષક દળવાળા સખ્સ પાસેથી માથું પડાવી લીધું... ને પેલા ભાઈ ઠાલે હાથે...વીલે મોંએ બહાર સરી ગયા.

સમજૂતી હાજરીમાં

મને થયું ... મૃતદેહના માંસના લોચાઓ માટે લડતાં ગીધડાં અને આ માનવીઓ વચ્ચે શો ફરક હતો?

એક ગ્રામરક્ષક દળના સભ્ય.

એક મામલતદાર!

એક ડૉક્ટર! ...

સેંકડો દુકાનો માંડનારા ...

બાધા કરનાર જંગલી હતા, પણ આ બધા તો શિક્ષિત હતા, એમાં ય એક તો તાલુકાનો હાકેમ હતો.'

બકરાનાં માથાં.

જીવતાં મરઘાં!

આદીવાસી માનવી પશુ બન્યો હતો અને સુધરેલા કહેવાતા માનવીઓ ગીધડાં, બાજ કે શ્વાનનો અભિનય કરતાં ઘૂમી રહ્યાં હતાં.

શનિવારની રાતનું એક દશ્ય મારી આંખ સામે ઝબકી ગયું.

દવની જ્વાળાઓ દેખાઈ

પાછલી રાતની કાતિલ ઠંડીથી બચવા અમારી મંડળી લાકડાં બાળી આંખો આંખોમાં જાગતી રાત કાપની બેઠી હતી. ત્યાં જ સામેના ઊંચા ડુંગરા પર આગના ભડકા ઊઠતા જણાયા. હું ચમકયો.

'આગ? ડુંગરિયે દવ?'

'હા... ડુંગરદેવ નાહી રહ્યા છે, અમને નવહાંવાઈ રહ્યા છે.' એક સાથીએ જવાબ આપ્યો.

'એટલે?'

'કોક બાધાવાળાએ વાંસના જંગલમાં આગ મૂકી છે. દેવને આગમાં સ્નાન કરાવાય છે.'

ડુંગરાની વ્યાકુળતા

'ના એમ નથી!... મારું મન જાણે મને કહી રહ્યું.

'તો?' બીજાએ મને પ્રશ્ન કર્યો.

'અબોલ જાનવરોને રહેંસી નાખવાની માનવીની આ પિશાચ લીલાની કલ્પના માત્રથી ડુંગરદેવ જાણે વ્યાકુળ બની આત્મવિલોપન કરી રહ્યા છે. કાલનું અફેરાટીભર્યું દશ્ય જોતાં પહેલાં જ એ પણ ગભરાઈને અંગે આગ ધરી બેઠા છે.'

..... છી!

નરી પશુતાનો છૂટો દોર!

આ દશ્ય આફ્રિકાના કોઈ જંગલનું નથી, પણ ... ગુજરાતના, ભરૂચ જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ડુંગર પર આ રવિવારે જ ભજવાયેલું ખૂની નાટક છે!

અંધશ્રદ્ધા!

એ અંધશ્રદ્ધા હતી કે માનવીની પશુત્વની લાગણીને મુક્તદોર!

મારા મનમાં પ્રશ્ન ઘૂમરાતો હતો અને ત્યારે મેળામાં અપાયેલા બલિના માંસની મિજબાનીઓની ચાલતી તૈયારીની પૂર્વભૂમિકારૂપે ધૂમાડો ડુંગરિયા વાતાવરણમાં ઊંચે ચઢી રહ્યો હતો.

સામે જ સમી સાંજનો સૂરજ માનવીના આ હીણાં વર્તનથી ત્રસ્ત બની લોહી ઝરતી લાલ લાલ આંખે ડુંગર પરથી કૂદકો મારવાની તૈયારી કરતો હતો ને સંધ્યા?

વધેરાયેલાં બકરાં - મરઘાંના રકતમાં ચૂંદડી ઝબોળી ડૂસકે-ડૂસકે રોઈ રહી હતી.

પ્રબુદ્ધ જીવનની પત્રચર્યા

અમદાવાદથી ડૉ. કાન્તિલાલ શાહ તરફથી મળેલો પત્ર.

અમદાવાદ, ૯. તા. ૫-૨-૬૯

મુ. પરમાનંદભાઈ,

'પ્રબુદ્ધજીવન'ના તા. ૧-૨-૬૯ના અંક સંબંધી આ લખું છું:

(૧) શ્રી નરસિંહદાસ ગોદિયાએ આપને ઠપકારૂપે જે પત્ર લખ્યો છે તે મને નિષ્કારણ અને નબળો લાગે છે. આચાર્ય રજનીશના આત્મદર્શન અથવા આત્મઅનુભૂતિ સંબંધેના વિચારો આજે પણ સર્વમાન્ય અને આવકારપાત્ર છે. એમના ગ્રંથોમાંથી અનેક રત્નકણિકાઓ આજે પણ મળી શકે છે. એમના રતિસુખ અંગેના કે રાજકારણ અંગેના વિચારો સાથે આપણે સમંત ન થઈએ તેથી શું? મેં પણ એમના આ વિચારોનો વિરોધ કરતો બહુ કડક લેખ અન્યત્ર લખ્યો છે. તથાપિ એક મનુષ્યને અનેક પાસાં હોય છે. આચાર્ય રજનીશ અને આપણે કોઈ નહિ હોઈએ ત્યારે પણ "ક્રંતિબીજ" જેવાં એમનાં પુસ્તકો વંચાશે અને અનેકને પ્રેરણા આપશે. આજે ખાદી ફેશનેબલ શેઠાણી બની ગઈ છે અને ગ્રામોદ્યોગ ધનિકોનાં દીવાનખાનાં સજાવતો હજુરિયો બની ગયેલ છે, તેથી કંઈ આપણે ખાદી છોડી દેતા નથી—હાલનાં આલીશાન ખાદીભવનો પ્રત્યે નફરત પેદા થવા છતાં, તેમ "પ્રબુદ્ધ જીવન"માં છપાઈ ગયેલાં આચાર્ય રજનીશજીનાં અગાઉનાં વ્યાખ્યાનો માટે એના તંત્રીનો દોષ કાઢવો એ વાજબી નથી, એટલું જ નહિ, પેલું 'વિવાદાસ્પદ' વ્યાખ્યાન છાપી મારા જેવા અનેકની (જેમણે રજનીશજીનાં વ્યાખ્યાનો ન સાંભળ્યાં હોય) આંખો ઉઘાડી છે, અને સમાજની સેવા જ કરી છે.

(૨) મુનિ સંતબાલે જૈન ધર્મ વિષે જે લખ્યું છે તેની ચર્ચા નહીં કરું, કારણ મારો એવો અભ્યાસ નથી. તથાપિ એમના વાક્યમાં બે ઠેકાણે "જ" અવ્યય વપરાયું છે—"જૈન ધર્મ ખરેખર જ આ જાતનો વિશ્વધર્મ છે જ" તેના પર થોડો વધારે પ્રકાશ પડે તો સારું. મારે તો એમના પત્રના આગલા અને પાછલા ભાગમાં જે વિરોધાભાસ છે તે જ બતાવવો છે. શરૂઆતમાં તેઓ જણાવે છે કે સમાજને એટલે ગૃહસ્થાશ્રમીઓને સાચું માર્ગદર્શન સાધુઓ જ—એટલે જેઓ ગૃહસ્થાશ્રમ છોડી ગયા છે તે જ—આપી શકે. પાછળના ભાગમાં તેઓ એવી અપેક્ષા દર્શાવે છે કે પોતે સંપ્રદાયમાં રહીને સાંપ્રદાયિકતા કાઢી શકશે!

(૩) કૃષ્ણાનો કિસ્સો આપે લખ્યો તેવું મારે પણ વારંવાર બને છે. બારણે કે રસ્તામાં કોઈ માંગનાર મળે તો પહેલી "ના" જ મુખમાંથી નીકળે ને પછી મનમાં વિચાર આવે છે કે સામી વ્યકિત ખરેખર સુપાત્ર હોય તો બિચારાને કેવું દુ:ખ થાય! આપણે જ એની જગાએ હોઈએ તો? અને પછી વિનોબાજીની માતાની શિખામણ યાદ આવે છે કે બારણે આવનાર ભગવાન છે એમ જ માનવું. આપે યોગ્ય જ લખ્યું છે કે "તુચ્છકાર એ માનવીમાં વસેલા પરમાત્માનું અપમાન છે." માનવીમાં પરમાત્મા વસે છે. (આત્મા જ નહિ) એવું જૈન ધર્મ માને છે? જિજ્ઞાસુભાવે પૂછું છું. લિ. કાન્તિલાલના નમસ્કાર.

તંત્રીનોંધ: આ પત્રના ત્રીજા મુદ્દામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે મારું ચિન્તન જૈન વિચારસરણીના ચોકઠામાં સીમિત રહીને ચાલતું નથી, અને તેથી તેમના પ્રશ્નની તાત્વિક ચર્ચામાં ઉતરવાની મને જરૂર લાગતી નથી. **પરમાનંદ.**

કોટિયંડી યજ્ઞ વિષેની નોંધ અંગે મળેલાં બે પત્રો

તા. ૧-૨-૬૯ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ નોંધ અંગે મારા મિત્ર શ્રી રવિશંકર મહાશંકર રાવળ તથા શ્રી. અંબાલાલ લલ્લુભાઈ પરીખ તરફથી નીચે મુજબ પત્રો મળ્યા છે:

૧

અમદાવાદ, તા. ૫-૨-૬૯

પ્રિય ભાઈશ્રી પરમાનંદ,

'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી ૧, ૬૯નો અંક મળ્યો. તમે જે વિલક્ષણ નજરે સમાજ પર ચોકી રાખો છો તે અનન્ય લાગે છે.

પૃષ્ટ ૨૦૮ પર "કોટિયંડી યજ્ઞ એ માનવતાનો દ્રોહ છે" એ નોંધ વાંચી હું ખૂબ હૃદયથી તમારા અભયત્વને માટે ધન્યવાદ આપું છું. તમારી તે બાબતની ટીકા સાથે હું પૂર્ણ સંમત છું. આપણા સુશિક્ષિત સજ્જનો, પ્રોફેસરો અને યુવક વિદ્યાર્થીઓ રાજપ્રકરણમાં અને પોતાના ક્ષેત્રમાં હડતાળો અને અસહકારનાં ધાંધલો મચાવે છે તેમને આ રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિ વિષે જાણે કોઈ જ ચિન્તા ન હોય એવી ઉપેક્ષાથી તેઓ મૌન સેવે છે. (यज्ञेनावाप्यते स्वर्गो। અને शुक्रुं डुक्रुं रटणे नहि नहि मुक्तिर्भवति जन्मशतेन।) એવાં વાક્યો ઉચ્ચારનાર આદ્ય શંકરાચાર્ય આજે પણ હોત તો આ ઘોર અપવ્યય રોકવા સાથ આપત. શાહબુદ્દિન ઘોરી, મહમદ ગઝની અને અલાઉદ્દીનનાં આક્રમણો વખતે આ મંત્રબળોવાળા ક્યાં હતા? દેવળ મુનિ ગ્રીકો, હુણો અને શકોને રાજપુત જાતિમાં લઈ શકયા અને આ આચાર્યપદો ધારતા જનો કાશ્મીરના મુસલમાન ભાઈઓને કે દક્ષિણના ક્રિશ્ચિયનોને અપનાવી કે પાવન કરી ન શકયા, હરિજનોને ન્યાય આપી શકયા નથી અને બ્રિટિશ રાજ્યમાં માથું ઊંચકી શકયા નહોતા તે હવે ગાંધીજીએ સ્વતંત્રતા અપાવી પછી જોર બતાવે છે. કંઈક હિંદુઓ ખોજા, મેમણ, વોરા, ક્રિશ્ચિયન થઈ ગયા તે આજના નવેણ (એટલે કે નાહી ધોઈ અસ્પૃશ્યતા પાળવાવાળા– અડશો નહિ કહેવાવાળા) સંસ્કૃતિવાળા જડ વેદમાર્ગીઓથી. તમારો, રવિભાઈ

૨

મુંબઈ, તા. ૮-૨-૬૯

શ્રી તંત્રી, પ્રબુદ્ધ જીવન,

તા. ૧-૨-૬૯નું 'પ્રબુદ્ધ જીવન' ખૂબ આકર્ષક છે. છતાં કેટલાક ખોટા ખ્યાલમાં સુધારો કરવા જેવો છે.

(૧) "ધાર્મિક અનુષ્ઠાનોમાં લાખો રૂપિયાનું પાણી થઈ રહ્યું છે." રૂપિયાનું પાણી થતું જ નથી. રૂપિઆ ફરતા રહે છે એ તે હંમેશાં તે જ રૂપમાં કાયમ રહે છે. ફકત ધણી બદલાય છે. ધાર્મિક અનુષ્ઠાન તે પ્રીતિભોજન જેવું છે, તમો શકિત હોય તો ૨૦૦૦ માણસને ભોજન આપો તેમાં રૂપિયાનું પાણી નથી, પણ તમારા પૈસાનો ત્યાગ છે, અને બીજાને લાભ છે. તેવું જ ધાર્મિક અનુષ્ઠાનમાં. (યજ્ઞમાં વસ્તુનો નાશ છે તેટલા પૂરતું જ ખરાબ છે.)

(૨) "ધોળા રૂપિયા અને કાળા રૂપિયા." રૂપિયા અક જ જાતના છે, તે જુદા નથી અને સમાજમાં તેનો ઉપયોગ થાય છે. જેની પાસે નથી તે જ આવા આક્ષેપ મૂકે છે. કાળા રૂપિયા તે બનાવટી રૂપિયા નથી. એજ લિ૦ અંબાલાલ પરીખ.

તંત્રીનોંધ: બીજા પત્રના પત્રલેખકના પહેલા મુદ્દાના જવાબમાં જણાવવાનું કે "ધાર્મિક અનુષ્ઠાનોમાં લાખો રૂપિયાનું પાણી થઈ રહ્યું છે." આ વિધાનમાં 'પાણી થઈ રહ્યું છે' એ શબ્દોને અક્ષરશ: સમજવાના નથી, પણ તે પાછળ રહેલા ભાવાર્થને ગ્રહણ કરવાનો છે. આ જગતમાં દ્રવ્યના રૂપાન્તરની સતત પ્રક્રિયા ચાલ્યા કરતી હોય છે. કોઈ પણ દ્રવ્યનો સંપૂર્ણત: નાશ સંભવતો નથી. જેમ કે જ્યારે કોઈ એક મકાનને આગ લાગે છે ત્યારે જે દ્રવ્યોનું એ મકાન બનેલું હોય છે તે દ્રવ્યોનું ભિન્ન ભિન્ન પ્રકારના વાયુઓમાં મોટા ભાગે રૂપાન્તર થાય છે અને મકાનનું ખોખું અવશેષમાં રહે છે. આમ છતાં એ મકાનનો મકાન તરીકેનો ઉપયોગ સમાપ્ત થતાં એ મકાનનો નાશ થયો એમ આપણે કહીએ છીએ. આવી જ રીતે અમુક ધાર્મિક અનુષ્ઠાનો પાછળ સમાજની બીજી અનેક તાકીદની જરૂરિયાતોની ઉપેક્ષા કરી અઢળક દ્રવ્યનો જ્યારે વ્યય કરવામાં આવે છે અને વિવેકશૂન્યતાનું પ્રદર્શન કરવામાં આવે છે ત્યારે વસ્તુત: તો દ્રવ્યનો તો હાથબદલો જ થયો હોય છે, એમ છતાં જ્યારે સમાજહિતના વિશાળ દૃષ્ટિકોણથી વિચારતાં પ્રસ્તુત દ્રવ્યરાશિનું પાણી થઈ ગયું છે એમ આપણે કહીએ છીએ ત્યારે તે દ્રવ્યરાશિનો અવિવેક પૂર્વકનો અપવ્યય થયો છે એવો અભિપ્રાય વિવક્ષિત છે.

બીજા મુદ્દાના જવાબમાં જણાવવાનું કે ધોળા રૂપિયા અને કાળા રૂપિયા - એ પ્રકારની ઉકિતમાં ધોળા અને કાળા શબ્દથી કોઈ એક યા અન્ય રંગ વિવક્ષિત નથી, પણ કઈ રીતે એ રૂપિયાનું ઉપાર્જન કરવામાં આવ્યું છે - એ રૂપિયા ન્યાયસંપન્ન છે કે અન્યાય સંપન્ન છે - એવો ભેદ સૂચવવા માટે ધોળા અને કાળા એ વિશેષણોનો ઉપયોગ કરવામાં આવે છે. કાળા રૂપિયા અવશ્ય કોઈ બનાવટી રૂપિયા નથી, પણ રાજ્યના કોઈ પણ કાયદાકાનૂનનો દ્રોહ કરીને, ઉપાર્જિત કરેલા રૂપિયા – જેનું ચોપડે કોઈ નામું નથી હોતું – તેવા રૂપિયા વિવક્ષિત છે અને આજનાં અતિ ખર્ચાળ ધાર્મિક અનુષ્ઠાનોમાં મોટા ભાગે આવા કાળા રૂપિયાનો ઉપયોગ કરવામાં આવે છે અને અધર્મપ્રાપ્ત દ્રવ્યનો ધાર્મિક અનુષ્ઠાનો પાછળ વ્યય કરીને પુણ્યોપાર્જનનો સંતોષ અને ધર્મસમાજમાં ધાર્મિકતાની પ્રતિષ્ઠા મેળવવાનો આશય હોય છે. પત્રલેખકે પોતે વ્યાપારવ્યવસાયમાં આખું જીવન વ્યતીત કરેલું હોવા છતાં આવો મુદ્દો ઊભો કરે છે તે ભારે આશ્ચર્ય પમાડે તેવું છે, જાણે કે, ધોળા અને કાળા રૂપિયાનો ભેદ તેઓ સમજતા જ ન હોય. પરમાનંદ

પંડિત બેચરદાસનો પત્ર

(તા. ૧–૨–૬૯ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ મુનિ સન્તબાલજીના પત્રને અનુલક્ષીને પં. બેચરદાસ તરફથી મળેલો પત્ર).

સ્નેહી શ્રી પરમાણંદભાઈ અમદાવાદ તા. ૨૨–૨–૬૯

ગયા પ્રબુદ્ધજીવનમાં શ્રી સંતબાલજીનું લખાણ વાંચી મારો વિચાર તે બાબત લખવાનો હતો, પણ વિશેષ બીમારીને કારણે લખી ન શકયો. શ્રી સંતબાલજીના લખાણમાં મને યાદ છે ને પ્રમાણે એમ લખેલું હતું કે પૂ. ગાંધીજીના માતાજી પુતળીબાઈ વૈષ્ણવાચાર્યોને બદલે ગાંધીજીને જૈન મુનિ બેચરજી સ્વામી (સ્થાનકવાસી મુનિ) પાસે લઈ ગયાં. તેમનું આ લખાણ "બીજા ધર્મો કરતાં જૈન ધર્મમાં કાંઈ વિશેષ છે" એના સંદર્ભમાં મને લાગ્યું. ખરી રીતે કોઈ પણ ધર્મનો સાધુ હોય પણ જો ગુણવંત હોય અને સાધુતાને શોભે તેવી પવિત્ર પ્રવૃત્તિ કરતો હોય તો તે ખરેખર સાધુ જ છે. માત્ર જૈન વેશ હોવાથી સાધુતામાં વૃદ્ધિ થતી નથી. આ માન્યતા જૈનપ્રવચનની જ છે અને આ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને અને ગુણોને પ્રધાનતા આપીને નમો લોए सव्वसाहूणं એ પદ કહેવામાં આવેલ છે. શ્રી પુતળીમાને જૈનધર્મના સાધુઓ સાથે વિશેષ સંબંધ હોય વા તેમનામાં કોઈ રીતે જૈન સંસ્કારની અસર હોય તેથી તેઓ ગાંધીજીને જૈન સાધુ પાસે લઈ ગયા એ હકીકત બીજા કરતાં જૈન ધર્મમાં કાંઈ વિષેષતા છે એ સંદર્ભમાં બંધબેસતી મને તો લાગતી નથી. જેમને તેઓ ધર્મપ્રાણ વિશેષણ લગાડે છે તે શ્રી લોકશાહે તો મુહપત્તી બાંધી ન હતી, છતાં તે પરંપરા કેવી રીતે શરૂ થઈ એ ખરેખર શોધનને પાત્ર છે. વળી મૂર્તિના આલંબનનો વિરોધ કરનાર વેશનું આલંબન તો સ્વીકારે છે અને વેશ એ મૂર્તિ નથી ત્યારે બીજું શું છે? કોઈપણ ગુણવંત મુનિ પોતાનો વેશ ઉતારી નાખે તો સમાજમાં તેની શી પરિસ્થિતિ થાય છે? એટલું બધું વેશનું મહાત્મ્ય છે, છતાં મૂર્તિનું આલંબન ટાળીને વેશના આલંબનને લોકોને પકડાવવું એમાં કોઈ વિશેષ લાભ મને તો દેખાતો નથી. મારી તો એવી સમજ છે કે શ્રી લોંકાશાહે યતિઓને મૂર્તિપૂજા કરતાં તથા મંદિરોની વ્યવસ્થા કરતા જોયા, તેથી તેમણે એમ જણાવેલું કે મૂર્તિપૂજા યા મંદિરોની વ્યવસ્થા એ યતિઓનો ધર્મ નથી, પણ ગૃહસ્થોનો ધર્મ છે. આ વિચારમાંથી સાર્વત્રિક આલંબનનો નિષેધ કેવી રીતે થઈ ગયો એ વિશેષ વિચારણીય છે અને શોધનીય પણ છે. ખરી રીતે શ્રી લોંકાશાહનો ઈતિહાસ જ કોઈ શોધતું નથી. આ અંગે શ્રી દલસુખભાઈએ એક સરસ લેખ લખેલ છે, જે એક મુનિના સ્મારક અંકમાં છપાયેલ છે. ખરી રીતે આ બાબત વિશેષ શોધનને પાત્ર છે. પણ આપણે ત્યાં સંશોધનનો રસ ઘણો જ ઓછો છે. પ્રબુદ્ધજીવનમાં મુહપત્તી અંગે થોડી સાધારણ ચર્ચા આવ્યા પછી તે અંગે કોઈએ વિશેષ ઊહાપોહ જ ન કર્યો એવી આપણા લોકોની પ્રવાહપતિતતા અથવા ગતાનુગતિકતા છે. તમે નોંધ લખી એ ઉત્તમ કર્યું છે.

તમારો, બેચરદાસ

કર્મશૂન્ય અને કર્મપરાયણ વક્તાઓ વચ્ચેનો તફાવત

મનુષ્ય શેનાથી શોભે છે? પોતાના ઓજારથી. જેના વડે તે કંઈક સર્જી શકે છે તેનાથી. પરંતુ શરતચૂકથી જીભને એવું એક ઓજાર માનવામાં આવ્યું છે કે એ વડે સર્જતા શબ્દોની અપાર શોભાથી શ્રોતાસમૂહ અંજાઈ જાય છે. ધર્મ, સાહિત્ય, શિક્ષણ, રાજકાજ, તત્ત્વજ્ઞાન વગેરે ક્ષેત્રના અગ્રગણ્ય વક્તાઓ શહેરમાં અવારનવાર આવતા હોય છે અને તેમને સાંભળવા તે તે ક્ષેત્રના રસ અને શ્રદ્ધા પ્રમાણેનો શ્રોતા સમૂહ તેમને મળી રહેતો હોય છે. તેમના વક્તૃત્વ-માંથી કર્ણમાધુર્ય અને વિચારમાધુર્ય ઝીલવાને તે તે સમૂહ સમર્થ હોય છે.

આમ બોલવું અને સાંભળવું એ આપણા સમાજમાં એક પ્રથા પડી ગયેલી છે. બંને ક્રિયામાં કંઈક ગર્વ અને શોભા મનાયા છે. બંને ક્રિયા આપણી વધતી ઓછી નિષ્ક્રિયતાની (નવરાશની) પ્રતીતિ કરાવે છે એ વાત વિસરાઈ જવાય છે.

શ્રોતા સમૂહનો વિચાર ઘણો વિસ્તાર માગી લે છે. અહીં વક્તા વર્ગનો વિચાર કરીએ. વક્તાનું ઘડતર સક્રિયતા વચ્ચે થયું હશે તો તેનાં ઉદ્‌ગારો અને ઉદ્‌બોધનો રણકદાર હશે અને નિષ્ક્રિયતા વચ્ચે થયું હશે તો તેમાં મોહક અને શૂન્યતામય આકર્ષણ હશે. પોતાના આત્માને તાવે, પોતાની આત્મશક્તિને ખીલવે એવા જીવનસંગ્રામમાં એક સૈનિકની અદાથી જેઓ ઝઝૂમ્યા હશે તેઓને અન્યને તે માટે પ્રેરવાના હેતુથી બોલવાનું ફલિત થતું હોય છે. બોલવું તેમને માટે આપદ્‌ધર્મ થઈ પડે છે.

જ્યારે કેટલાક વક્તાઓએ સલામતીભરી જિંદગી વચ્ચે શબ્દ-શોખ ખીલવ્યો હોય છે અને એવી અજબ શબ્દરંજણી તેઓ કરી શકતા હોય છે કે એ વડે તેઓ શ્રોતાસમૂહની માત્ર વાહવાહ જ નહિ પણ શ્રદ્ધાને પણ ઝડપી લેતા હોય છે. તેઓ શ્રોતા કઈ નાડ પકડવાથી ખુશી થશે તેની પરખ કરી શકતા હોય છે અને એ રીતે શ્રોતાસમૂહની પ્રછન્ન વિચારધારાના પ્રકટ પ્રતિનિધિ બનતા હોય છે.

આ સામાન્ય વાત પરથી આપણે એક દાખલા પર જઈએ.

આપણી પ્રકટ વિચારધારા સંયમની કે કામવિજયની હોય તો પણ કામુકતા આપણને પ્રચ્છન્નપણે આકર્ષતી હોય છે. આવી કામુકતાને બિરદાવી બ્રહ્માનંદ સાથે સરખાવી વધુ જનસંખ્યા પોતાની કરી શકવાનું જે વક્તા ચૂકે નહિ તે વક્તા હિંમતબાજ તો કહેવાયજ, કામભોગ માનવશરીરની હાજત હોવા ઉપરાંત માનવતંતુને અમર રાખનાર આવશ્યકતા હોય તેથી તેનો તોલ બ્રહ્માનંદ સાથે કરીએ તો કામવાસનાથી નિર્લેપ બનવાના આનંદનો તોલ શેની સાથે કરીશું?

આ દાખલા પરથી કહેવાનું એ જ ફલિત થાય છે કે વક્તાઓ શ્રોતાસમૂહની લાગણી જીતવાને બદલે તેની તર્કશક્તિમાં વિશ્વાસ રાખી પોતાનો વિચાર રજૂ કરવો જોઈએ.

બીજી વાત લઈએ. ગાંધીજીએ પ્રબોધેલા રચનાત્મક કાર્યક્રમો, બુનિયાદી કેળવણી અને સ્વરાજ્યનું આયોજન શિથિલ અને સદોષ રહ્યા હોઈ જનસમૂહની લાગણી ગાંધીવાદ પ્રત્યે નફરતભરી રહી છે. ગાંધીજીની કલ્પના પ્રમાણેનો વ્યવહાર, શું રાજકાજ કે શું રચનાત્મક કાર્યક્રમ, ક્યાંય જોવા મળતો નથી. એટલે લોકો ગાંધી-નામને પૂજતા હોવા છતાં તેમને સાચો ગાંધીવાદ તે શું એ કદી જોવા મળ્યું જ નથી.

ગાંધીજીનું ખૂન ગોડસેએ કર્યું, માત્ર શરીરનું. તેમના સિદ્ધાંતોનું અને આદેશોનું ખૂન કરનારની સંખ્યા આપણા અગ્રેસરોમાં વધતી જાય છે. ત્યાં જનમાનસ જે નફરત સેવતું થઈ જાય છે તેના પ્રકટ પ્રતિનિધિ આવા વક્તાઓ થઈ બેસે છે.

ગાંધીજીની કે ગાંધીવાદની પ્રશંસા કરનાર પોતાની જાતને ઢાંકે છે. ગાંધીજીની ને ગાંધીવાદની ટીકા કરનાર પોતાની જાતને ખુલ્લી કરે છે. બેઉ એક જ જાતના, બંને નિષ્ક્રિયતાના પ્રતિનિધિ છે. પ્રશંસા કરનાર નિર્દેશેલ કાર્યક્રમોથી વેગળો રહે છે; ટીકા કરનાર પાસે એની તોલે આવી શકે એવો કોઈ કાર્યક્રમ જ હોતો નથી.

આવા દાખલાઓ પરથી સમજાય છે કે જેઓ પાસે નક્કર કાર્યક્રમ છે, ચોક્કસ દિશામાં લઈ જતું કર્મઠ આયોજન કે આંદોલન છે, જેઓ જાતે ઝઝૂમતા પ્રયોગવીર કે જીવનવીર છે તેમનું ઉદ્‌બોધન એ જ ખરું ઉદ્‌બોધન છે. બાકી શાબ્દિક સૌંદર્યને અને શાબ્દિક આભા શ્રોતાજનોને આંજી દેતી હોય તો તેમાં શું નવાઈ? શું વશેકાઈ?

વક્તાએ જો ખરેખર શ્રાવ્ય બનવું હશે તો માત્ર શાબ્દિક ઉડ્ડયન નહિ પણ વક્તવ્ય વિષયનું તલસ્પર્શી અવગાહન અને સક્રિય પરિશીલન તેની પાસે મૂડીરૂપે હોવું જોઈશે. બાકી તો પ્રભાતનાં પુષ્પો સૂર્યોદય થતાં સુધી પોતાને સૂર્ય માની પોતાની ખુશી બહલાવે છે અને સૂર્યોદય બાદ ચીમળાઈ જાય છે તેના જેવું થશે.

રાતભરનું અંધારું પી પી ને એ પુષ્પ ખોળો ફાટતાં જ ધરતી-માંથી ફૂટી નીકળે છે અને ફરવા નીકળનારના મનને આહ્‌લાદ આપે છે, પણ સૂર્યોદય બાદ તેની હયાતિ રહેતી નથી. કદાચ તેનો ધર્મ સૂર્યના આગમનની છડી પોકારવાનો જ હશે. તો આપણે નસીબે પુષ્પની છડી સાંભળી સૂર્યના આગમનની રાહ જોવાની જ રહે. આમ વક્તા બે વર્ગના હોય છે. એક આ પુષ્પવર્ગના અને બીજા સૂર્યવર્ગના.

લલિત શાહ

આગામી વસન્ત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે, આગામી એપ્રિલ માસની તા. ૮-૯-૧૦ તથા ૧૧ ના રોજ (મંગળ, બુધ, ગુરુ, શુક્ર) સાંજના ૬-૧૫ વાગ્યે, ફ્લોરા ફાઉન્ટન નજીક બ્રુસ સ્ટ્રીટમાં આવેલા તાતા ઑડિટેરિયમમાં (બૉમ્બે હાઉસના ભોંયતળિયે), વસંત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ આખી વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ શોભાવશે. પહેલા દિવસે ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્ નારાયણ, બીજે દિવસે શ્રી નાથ પૈ અને છેલ્લા દિવસે શ્રી જયપ્રકાશ નારાયણ વ્યાખ્યાન આપશે. બાકીના વ્યાખ્યાતાનું નામ તથા પ્રત્યેકના વ્યાખ્યાન વિષય હવે પછીના અંકમાં જાહેર કરવામાં આવશે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન

"આજના રાજકીય પ્રવાહો"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે માર્ચ માસની ૨૨મી તારીખે સાંજે ૬-૧૫ વાગ્યે મસ્જીદબંદર ઉપર, બેંક ઑફ બરોડાની સામે આવેલા ધી ગ્રેન, રાઈસ ઍન્ડ ઑઈલ સીડઝ મરચન્ટ્સ એસોસિયેશનના હૉલમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, "આજના રાજકીય પ્રવાહો" ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. સંઘના સભ્યોને વખતસર ઉપસ્થિત થવા અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૨૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૬૯, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ 'મહાત્મા' પાછળની સાધના ☆

લગભગ સાડા પાંચ કલાક ચાલતું 'મહાત્મા' ચિત્રપટ મુંબઈ શહેરમાં જાહેર રીતે દેખાડવાનું કેટલાક સમયથી શરૂ થયું છે. આપણામાંના ઘણાંયે એ ચિત્રપટ જોયું હશે અને તે દ્વારા ગાંધીજીની સળંગ જીવનકથા નજરે નિહાળવાની તક પ્રાપ્ત કરી હશે અને આપણી વચ્ચે શું ખરેખર આટલો મોટો મહા પુરુષ આવ્યો હતો તેવું આશ્ચર્ય અનુભવ્યું હશે. મારી જેવા આજે પણ અનેક છે જેમણે ગાંધીજી ભારતમાં આવ્યા અને આ દુનિયામાંથી વિદાય થયા ત્યાં સુધીની તેમની કારકીર્દીને પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે જોઈ છે, જાણી છે અને સમગ્ર ગાંધીયુગના જેઓ સાક્ષી બન્યા છે. તેવાઓને એ ચિત્રપટ જોતાં વિગત વર્ષોનાં અનેક સ્મરણો તાજાં થયાનો—જાણે કે એ વર્ષો પુનઃ જીવી રહ્યા હોઈએ એવો—રોમાંચપ્રેરક અનુભવ થાય છે. નવી પેઢીના યુવાનોને ગાંધીજી કોણ હતા અને કેવા હતા અને તેઓ કેવું ભવ્ય જીવન જીવી ગયા અને દેશની કેવી કાયાપલટ કરી ગયા-તેનું આ ચિત્રપટ દ્વારા પ્રેરક અને પાવક દર્શન થાય છે. આ ચિત્રપટ ભારત બહાર દુનિયાના અન્ય દેશોમાં દેખાડવામાં આવશે અને દુનિયાના લોકોને આ લોકોત્તર માનવીનો પ્રત્યક્ષ પરિચય થશે અને પારવિનાનું વિસ્મય અને અહોભાવ અનુભવશે.

આમ આ ચિત્રપટનું નિર્માણ કંઈ કાળ સુધી અનેક લોકોને માટે પ્રેરક અને ઉપકારક બનશે. આવી ભવ્ય સાધના માટે ગાંધી સ્મારક નિધિ અને પ્રસ્તુત ચિત્રપટના નિર્માતા શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરી અનેક ધન્યવાદને પાત્ર બને છે. તેમણે આ કાર્ય પાર પાડીને આજની જ માત્ર નહિ પણ આગામી અનેક પેઢીઓ ઉપર અનહદ ઉપકાર કર્યો છે.

આટલું લાંબું ચિત્રપટ ભારતમાં અને કદાચ આજની સિનેમા દુનિયામાં સૌ પ્રથમ જ છે. આટલી લાંબી લંબાઈ હોવા છતાં અમુક પ્રસંગો આ ચિત્રપટમાં ઉતારવા રહી ગયા છે એમ કેટલાકને લાગશે, તો બીજી બાજુએ આ ચિત્રપટમાંથી તેમની નજરે અમુક અલ્પ મહત્ત્વના પ્રસંગો કાઢી નાંખીને તેને થોડું ટૂંકું કર્યું હોત તો સારું થાત એમ પણ કેટલાકને લાગશે. આવા મતભેદો અને ટીકા ટીપ્પણી તો ચાલ્યા જ કરવાની. આ બધું હોવા છતાં, જે નક્કર પરિણામ પ્રસ્તુત ચિત્રપટ દ્વારા આપણી સમક્ષ ખડું થાય છે તે સર્વ પ્રકારે આવકારયોગ્ય અને અભિનન્દનને પાત્ર છે. ચિત્રપટ જરૂર લાંબુ છે, પણ તે વિના ગાંધીજીના જીવનનું આખું ચિત્ર પ્રેક્ષકો સમક્ષ ઊઠી શકત જ નહિ. આ ચિત્રપટ આદ્યન્ત નિહાળીને ઘેર પાછા ફરીએ છીએ ત્યારે જાણે કે એક પુણ્યયાત્રા કરીને, જાણે કે કોઈ દિવ્ય જીવનદર્શનને ચિત્તમાં સુપ્રતિષ્ઠિત કરીને પાછા ફરતા હોઈએ એવો અન્તઃ સંતોષ આપણે અનુભવીએ છીએ. આ સર્વસાધારણ અનુભૂતિ એ જ આ મહાન પુરુષાર્થ અને પરિશ્રમનું સારું વળતર છે.

આ 'મહાત્મા' ચિત્રપટની કેવી રીતે સાધના થઈ તેનો ખ્યાલ આપતી એક અંગ્રેજી નોંધ મને મળેલી. તે નોંધનું સંક્ષિપ્ત ગુજરાતી સંકલન અન્ય મિત્રે કરી આપ્યું છે, જે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો માટે નીચે પ્રગટ કરતાં મને બહુ આનંદ થાય છે. **પરમાનંદ**

મહાત્મા ગાંધી હિન્દુસ્તાનમાં જન્મ્યા અને જીવ્યા એ આ દેશનું પરમ સૌભાગ્ય છે. જેઓ ગાંધી-યુગમાં જન્મ્યા અને જીવ્યા એમનું જીવન પણ વત્તેઓછે અંશે સાર્થક થયું, કારણ ગાંધીજી જેવી મહાન વિભૂતિને સદેહે સંચરતી જોવી એના જેવું જીવનનું સાર્થક્ય બીજું શું હોઈ શકે? આઈન્સ્ટાઈને કહ્યું છે એમ ભવિષ્યની પેઢીઓ તો કદાચ આ વાત માનવાને પણ તૈયાર ન થાય. આમ ન બને અને મહાત્માજીનાં વ્યક્તિત્વ અને જીવન સાથે સંકળાયેલી સૌ બાબતો અને પ્રસંગોનો સાચો અને સચોટ ઈતિહાસ દેશના અને દુનિયાના લોકોને જોવા મળે એ માટેની વ્યવસ્થા ખૂબ જરૂરી હતી.

આ વિચારથી પ્રેરાઈ ગાંધી સ્મારક નિધિએ મહાત્મા ગાંધીના જીવન અને કાર્યોને આવરી લેતું એક સંપૂર્ણ દસ્તાવેજી ચિત્ર બનાવવાનો નિર્ણય લીધો. લાંબી વિચારણાને અંતે શ્રી આર. આર. દિવાકરના પ્રમુખપણા નીચે કામ કરતી ગાંધી—ફિલ્મ—સમિતિએ આ કામ માટે શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરીની વરણી કરી.

શ્રી વિઠ્ઠલભાઈએ નાનપણથી જ દેશના સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝૂકાવ્યું હતું, ગાંધી-ચીંધ્યા-પંથે ચાલવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો હતો. એમણે શ્રી ડી. જી. ટેન્ડુલકરની આઠ ગ્રંથોમાં લખાયેલી ગાંધીજીની જીવનકથાની સજાવટ કરી હતી અને મુંબઈની મણિ-ભવનની તેમ જ ભાવનગરની ગાંધી-સ્મૃતિની ચિત્રાવલિઓનું સંકલન પણ કર્યું હતું. એમને ચિત્રપટ બનાવવાનો અનુભવ નહોતો, પણ એમણે એક ભક્તની ભાવનાથી આ કામ માથે લીધું અને પ્રથમ 'અમર સ્મૃતિ' અને 'અંતિમ યાત્રા' નામનાં ગાંધીજી અંગેનાં બે નાનાં બોલપટો તૈયાર કર્યાં. એની સફળતાથી પ્રેરાઈ ૧૯૬૧-૬૨માં એમણે સંપૂર્ણ ચિત્ર માટેનાં કામનો શુભારંભ કર્યો. કોઈ અદ્યતન કે સાધન-સામગ્રીસંપન્ન સ્ટુડિયોમાં નહિ પણ જેના ખંડ ખંડમાં બાપુની પુણ્યસ્મૃતિ અંકિત છે એવા મણિભુવનના એક નાનાશા કક્ષમાં.

સર્વપ્રથમ તો એમણે બાપુના દેશપરદેશમાં લેવાયેલાં ચિત્રો અને ચલચિત્રોનાં વિપુલ સંગ્રહમાંથી એકઠાં કરી ચિત્રો જોયાં, વીણ્યાં. એને સમયક્રમમાં ગોઠવ્યાં. જે જીવનકાળનાં ચિત્રો અલભ્ય હતાં એને માટે નવી તસ્વીરો તૈયાર કરી, જૂનાં સ્થિરચિત્રોને સજીવન કર્યાં; પોરબંદર, કોચરબ, સાબરમતી, પૂના, યરવડા, દિલ્હી, વર્ધા વગેરે ગાંધીધામોની યાત્રા કરી. આફ્રિકા, ઈંગ્લાંડ, ફ્રાન્સ, ઈટલી, ઈજીપ્ત આદિ દેશોનો સંપર્ક સાધી બધેથી શક્ય એટલી સામગ્રી જેમાં તસ્વીરો, પુસ્તકો, જાતજાતનાં નકશાઓ, પત્રો આદિનો સમાવેશ થાય છે એ બધી સામગ્રી ભેગી કરી. આવા ભગીરથ પ્રયત્ન છતાં કેટલાંક પ્રસંગો અને સિદ્ધાન્તોને ચિત્રોદ્વારા પ્રદર્શિત કરવાનું કામ અતિ કપરું હતું. દા. ત. ગાંધીજીએ 'આજીવન બ્રહ્મચર્યનું વ્રત લીધું' અથવા અસ્પૃશ્યતા અંગે સાબરમતી આ

મચેલું તોફાન શમી ગયું એ ચિત્રોમાં કેમ અંકિત કરવું? આ માટે વિઠ્ઠલભાઈએ 'બિડાઈ જતાં કમળ' અને 'કૂવામાં સહેલાઈથી ભરાતા ઘડા' જેવા સૂચક ચિત્રો (Symbolic shots) જેવી આકર્ષક રીતિ (technique) નો ઉપયોગ કર્યો.

ચિત્રસંચય કે નવી તસવીરો તૈયાર કરવાની સાથે સાથે વિઠ્ઠલભાઈએ ચિત્ર માટે વૃત્તાંત અને પટકથા લખવાનું કામ પણ શરૂ કર્યું. આ માટે મણિ-ભવનના પુસ્તકાલય ઉપરાંત એમનાં પોતાનાં ગાંધી - સંગ્રહ, વિશ્વવિદ્યાલયનું પુસ્તકાલય, સરકારનાં Records વિભાગ વગેરે અનેક સ્થળોએ બેસી સંશોધન કર્યું. એક બાજુ પટકથા લખાતી જાય; બીજી બાજુ એ ચિત્રિત થતી જાય, અને ચિત્ર અને કથનો સમન્વય સધાતો જાય.

વિઠ્ઠલભાઈને સતત્ એક જ ધૂન હતી, બાપુ અને એમના અમર સંદેશને સારામાં સારી રીતે એટલે કે એમાં નાટકીય કે કૃત્રિમ કોઈ પણ તત્ત્વ લાવ્યા વિના દુનિયાના ખૂણે ખૂણામાં પહોંચાડવાની. વર્ષોનાં વિચારમંથન બાદ એમણે નક્કી કર્યું કે ચિત્રની કથા બને ત્યાં સુધી ગાંધીજીના પોતાના શબ્દોમાં જ કહેવી, સારાયે ચલચિત્રનું વાતાવરણ ગાંધી-દર્શનને અનુરૂપ રાખવું. ચલચિત્રની રીતિ (technique) નો ઉપયોગ કરવા છતાં ગાંધીજીનું ગૌરવ કયાંયે ખંડિત ન થાય એ માટેની પૂરેપૂરી તકેદારી રાખવી.

ચિત્ર માટે ગીતોનો તો કોઈ પ્રશ્ન જ નહોતો, કારણ એનું મુખ્ય ગીત (theme song) તો 'વૈષ્ણવ જન' સિવાય બીજું કોઈ હોઈ જ ન શકે અને બીજા ગીતોમાં પણ ગાંધીજીને પ્રિય ભજનોનો જ ઉપયોગ કરવાનો હતો. સંગીત માટે પાશ્ચાત્ય દેશો અને ત્યાંના સંગીત સાથે પરિચિત છતાં યે ભારતીય સંગીતની પરંપરાને સાચવવાની નેમવાળા પીઢ સંગીતકાર વિષ્ણુદાસ શીરાળીજીની પસંદગી કરવામાં આવી અને વૃત્તાંતના નિરૂપણ માટે ગાંધી-યુગની સર્વ વિશિષ્ટતાઓને છતી કરવાની શકિત ધરાવતા અવાજવાળા શ્રી રમેશ થાપરની.

જેમ જેમ કામ આગળ વધતું ગયું તેમ તેમ એ અંગેની અડચણો પણ વધતી ગઈ. એક પછી એક રીલ તૈયાર થતાં જાય એમ એમનાં સંગ્રહનો સવાલ ઊભો થાય, એને માટે યોગ્ય માણસોની જરૂર પડે, પ્રયોગશાળાની જરૂર પડે, અને વિઠ્ઠલભાઈએ પોતે આ કામ સેવા-કાર્ય તરીકે અપનાવ્યું હતું એટલે એમને માટે તો નહિ, પણ એમના બીજા સાથીદારો તેમ જ સાધનસામગ્રી માટે સૌથી વધુ પૈસાની જરૂર પડે. આ જવાબદારી ગાંધી નિધિએ માથે લીધી. રોજ રોજ બીજી પણ અનેક નાનીમોટી સમસ્યાઓ ઊભી થતી. એમાંની કેટલીક તો જડ નિયમોને આધારે કામ લેવાવાળી નોકરશાહીને લીધે થતી. પરંતુ 'જહાં ચાહ વહાં રાહ' એ હિંદી કહેવત અનુસાર વિઠ્ઠલભાઈ અને એમના સાથીઓએ દૃઢ સંકલ્પ કર્યો હતો કે ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરીને પણ આપણે ગાંધી ચિત્રપટ તૈયાર કરવું જ છે. એટલે એઓ કદિ કદિ હતાશ થતા પણ કદિયે હિંમત ન હારતા.

આમ સૌ મુસીબતોનો સફળ સામનો કરી એમણે સાત વર્ષમાં 'મહાત્મા' ચિત્રપટ તૈયાર કર્યું, જેને ગાંધી શતાબ્દી માટે ગાંધી નિધિએ દેશને આપેલી એક સુંદર ભેટ લેખી શકાય.

આ ચિત્ર અત્યાર સુધી તૈયાર થયેલાં દસ્તાવેજી ચિત્રોમાં કદાચ સૌથી વધુ લાંબું હશે. કેટલાક આને ચિત્રનો દોષ માને છે, પણ એ એનો દોષ નહિ પણ સિદ્ધિ છે. કારણ ચિત્ર આટલું લાંબું હોવા છતાં સૌ પ્રેક્ષકો એક અવાજે કહે છે કે એ જોતાં ક્ષણભર પણ કંટાળો નથી આવતો, એટલું જ નહિ પણ, થાય છે કે "જાણે જોયાં જ કરીએ, જોયાં જ કરીએ, ચિત્ર હજી યે આગળ ચાલ્યાં જ કરે." ચિત્ર સફળ હોવાનો આથી વધુ સારો બીજો પુરાવો શો હોઈ શકે? બહુલક્ષી ગાંધીજી અને એમની અનેકવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ આપતું ચિત્ર લાંબું હોય એ સ્વાભાવિક છે. કારણ ગાંધીજીનું જીવન એટલે સત્યાગ્રહનો અને હિન્દુસ્તાનના સ્વાતંત્ર્ય સંગ્રામનો ઈતિહાસ. આવા આદર્શ જીવન અને જવલંત ઈતિહાસના સુભગ સમન્વયનો વૃત્તાંત ફકત ૨૦,૦૦૦ શબ્દોમાં આપવામાં આવ્યો છે. સંપૂર્ણ ચિત્રમાંથી ગાંધીજીના જીવનનાં જુદાં જુદાં પાસાંઓને આવરી લેતાં ચૌદ નાનાં ચલચિત્રો અને મૂળ અંગ્રેજીનાં હિંદુસ્તાની, બંગાળી, તામીલ, તેલુગુ રૂપાંતરો પણ તૈયાર થયાં છે, પણ દુઃખની વાત એ છે કે 'મહાત્મા'નાં ચૌદ નાનાં ચિત્રો પણ ફૂટ અને ઈંચોની માપદોરીથી મપાય છે અને ચૌદમાંના બે-ત્રણ ની લંબાઈ સરકારી ધોરણો અનુસાર થોડાં ફૂટ વધારે હોવાને લીધે એ ચિત્રોનાં પ્રદર્શનના માર્ગમાં વિઘ્નો નાંખવામાં આવે છે. આમ ગાંધીજી જડ નિયમોની નાગચૂડમાં જકડાઈ ગયા છે અને જનતા બિચારી મહાત્માનાં દર્શનથી વંચિત રહે છે.

૨જી ઑકટોબર, ૧૯૬૮ એ ગાંધી-શતાબ્દીની શુભ શરૂઆત રાષ્ટ્રપ્રમુખ ડૉ. ઝાકિર હુસેને આ ચલચિત્રના પ્રદર્શન દ્વારા કરી. પ્રેક્ષકોની ભાવનાને વ્યકત કરતાં પ્રમુખશ્રીએ સાચું જ કહ્યું કે, 'આપણા મહાન નેતાની રાહબારી નીચે જે અનોખો સ્વાતંત્ર્ય-સંગ્રામ ખેલાયો એ દિવસોનો ઈતિહાસ જુવાનો તેમ જ પ્રૌઢો બન્ને માટે આ ચિત્ર સફળ રીતે રજુ કરે છે. એનાથી સ્વાતંત્ર્ય વીરો માટે એ સંગ્રામની સ્મૃતિઓ તાજી થશે એટલું જ નહિ પણ એઓ જાણે ફરીને એ સંગ્રામ ખેલતા હોય એવો અનુભવ કરશે, જ્યારે નવી પેઢી માટે એ સાહસભર્યા સંકેત અને ગાંધીજીના જવલંત વારસામાં સહભાગી બનવા માટેનાં આવ્હાન સમું બની રહે છે."

ચિત્ર-જગતમાં અનોખો ચીલો પાડતા આવા આ ચલચિત્ર માટે ગાંધી સ્મારક નિધિ તેમ જ એના માનાર્હ દિગ્દર્શક શ્રી વિઠ્ઠલ ભાઈ ઝવેરી અનેક અભિનંદનને પાત્ર છે. સાત વર્ષની સતત્ સાધના પછી તૈયાર થયેલું આ ચિત્ર અને એની પાછળની અનેક જ્ઞાત-અજ્ઞાત કાર્યકરોની મહેનત એળે ન જાય, 'સંપૂર્ણ' તેમ જ ચૌદ નાનાં ચલચિત્રો પ્રદર્શિત થાય અને બાપુનો અમર સંદેશ દેશનાં ખૂણેખૂણામાં પહોંચે એ માટે સરકાર અને ગાંધી સ્મારક નિધિ સર્વ પ્રયત્નો કરે એ જ અભ્યર્થના!

તા. ક. અહિં આટલું ઉમેરવું આવશ્યક છે કે પ્રસ્તુત ચિત્રપટની અંગ્રેજી આલોચના શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરીની લખેલી છે અને હિંદી આલોચના-કોમેન્ટરી શ્રી ઉષાબહેન મહેતાની લખેલી છે.

વસન્ત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ગાંધીજીની જન્મશતાબ્દિના સવિશેષ ઉપલક્ષમાં એપ્રિલ માસની તા. ૮, ૯, ૧૦, ૧૧ના રોજ ફ્લોરા ફાઉન્ટન પાસે ખુસ સ્ટ્રીટમાં આવેલા તાતા ઑડિટોરિયમમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની અધ્યક્ષતામાં નીચે મુજબની વસન્ત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે:

તારીખ	વ્યાખ્યાતા	વિષય
એપ્રિલ ૮, મંગળવાર	શ્રીમન્ નારાયણ, ગુજરાતના રાજ્યપાલ.	ગાંધીજી અને વર્તમાન રાષ્ટ્રીય સમસ્યાઓ
એપ્રિલ ૯, બુધવાર	શ્રી નાથ પૈ, (એમ્. પી.)	રાષ્ટ્રની ભાવાત્મક એકતા
એપ્રિલ ૧૦, ગુરુવાર	શ્રી સુધાંશુ દાસગુપ્તા	રાષ્ટ્રની ભાવાત્મક એકતા
એપ્રિલ ૧૧, શુક્રવાર	શ્રી જયપ્રકાશ નારાયણ	ગાંધીજી અને સર્વોદય

દરેક વ્યાખ્યાનસભા સાંજના ૬-૧૫ વાગ્યે શરૂ થશે. આ વ્યાખ્યાનોનો લાભ લેવા રાષ્ટ્રપ્રેમી ભાઈબહેનોને અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ-૩.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ્. શાહ
મંત્રીઓ

☆ મિચ્છામિ દુક્કડમ્ ☆

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૭-૮-૬૮ ના રોજ રેવ. ફાધર વાલેસે આપેલ વ્યાખ્યાનની નોંધ).

પર્યુષણ આત્મશુદ્ધિનું પર્વ છે. વર્ષા દરમિયાન મેલ ભરાયો હોય, ધૂળ ચોંટી હોય તે સાફ કરવાનો સમય છે.

ભૂલો તો થાય જ, તેની ક્ષમા માગી લેવી. માટે જૈન ધર્મનો પવિત્ર પરિશુદ્ધિનો રિવાજ અપનાવવા જેવો છે.

અમદાવાદના મારા પહેલા વર્ષે સંવત્સરી વેળા મને એક કાર્ડ મળ્યું હતું. મારા કોઈ વિદ્યાર્થીએ મોકલ્યું હતું. તેમાં મારી ક્ષમા માંગી "મિચ્છામિ દુક્કડમ્" કહ્યું હતું. મને તે ખૂબ જ ગમ્યું. આ કેવું સુંદર! માફી માંગીએ અને મેળવીએ પણ.

આપણી ભાવના ગમે તેટલી શુદ્ધ હોય. પણ આપણે માનવીઓ છીએ. નબળાઈમાં જાણેઅજાણે ભૂલો થાય જ છે.

એક સાધક સાથે ચર્ચા કરતો હતો તે વેળા તેણે કહ્યું કે ઘણાં વર્ષોથી હું કોઈ નિર્ણય કરતો નથી, ઠરાવ કરતો નથી કે પ્રતિજ્ઞા લેતો નથી. કારણ, અત્યાર સુધી એટલી બધી વાર નિર્ણય કરી તેનો ભંગ કર્યો છે કે હવે તેવું નથી કરતો. ભૂલ થાય ત્યારે ભગવાન પાસે કૃપા માગું છું કે આવું ફરી ન થાય તેવું વરદાન આપો. સહાય માગું છું. આપણે શું કરીશું? ઠરાવો કરીએ છીએ ને તોડીએ છીએ.

શરીર પરનો મેલ દૂર ન કરીએ તો બેચેની લાગે છે તેવું જ આત્મા માટે પણ છે.

એક વખત કૉલેજમાં પરીક્ષામાં એક વિદ્યાર્થી સારું પરિણામ લાવ્યો. મેં તેને અભિનંદન આપ્યાં ત્યારે તેણે કહ્યું 'હું સારા નંબરે પાસ થયો પણ તે ખોટી રીતે.'

'એ કેમ?'

'મેં એક દાખલામાં ચોરી કરી હતી. એથી મારા દિલમાં શાંતિ નથી.'

આમ ખોટું કરીએ તો દિલને ડંખ રહી જ જાય છે.

એકવાર ક્લાસમાં ધર્મ ને નીતિની વાતો કરતો હતો. બીજે દિવસે એક વિદ્યાર્થી મને ચૂપચાપ એક પરબીડીયું આપી ગયો. પરબીડિયું ખોલ્યું તો તેમાં રૂા. ૩૦ની નોટો ને એક પત્ર હતો. તેમાં લખ્યું હતું કે "પાંચ વર્ષ અગાઉ હું લગ્ન પ્રસંગે એક જગાએ ગયો હતો. ત્યાં જાનમાં એક ભાઈ મારી સાથે હતા. તેમની પાસે સુંદર પાકીટ હતું. તેમની જાણ બહાર તે એકવાર પડી ગયું ને મેં તે લઈ લીધું. જોયું તો તેમાં રૂા. ૩૦ હતા. પછી ઘણી શોધખોળ થઈ. પણ પાકીટ પાછું આપવાની ને ચોરી કબૂલવાની હિંમત ન ચાલી. પણ સાથે સાથે એ પૈસા વાપરવાની યે હિંમત ન ચાલી. ત્યારથી એ પૈસા મેં જેમના તેમ સાચવી રાખ્યા છે. આ સાથે તેમનું શીરનામું છે તેમને તમે મોકલી આપશો તો મોટો ઉપકાર થશે."

આ પ્રકારે કબૂલાત કર્યા પછી એ છોકરો આગળ વધ્યો. કારણ કે તેના મનનો ભાર ઊતરી ગયો. તે ભણવામાં ને રમતગમતમાં ય મોખરે રહેવા લાગ્યો. મનનો ભાર ઊતરતાં જ તેની બધી શક્તિ ખીલી ઊઠી.

ભૂલો તો કરીએ જ છીએ. પણ કબૂલાતથી શાંતિ મેળવીએ ત્યારે દિવ્ય અનુભવ થાય છે.

ક્ષમા માગવી એ સહેલું છે. પોસ્ટકાર્ડ નાખવું એ એથીયે સહેલું છે. પણ ઝઘડો થયા પછી દિલથી માફી માગવી એ સહેલું નથી. સાચાખોટાનો સંકોચ નડે છે. એથી મનનું સમાધાન થતું નથી. પણ 'મારી યે ભૂલ તો છે જ' એમ માની ઉદારતાથી માફી માગો તો જ દિલને આનંદ થાય. ધન્યતા અનુભવાય. એકબીજા પાસે જઈએ. માફી મળે, આનંદ મળે.

...પણ મુશ્કેલી ત્યાં આવે છે કે જેની માફી માગવાની હોય તે હયાત જ ન હોય. ત્યારે મનની વાત કરી શકાતી નથી.

એક માસિકમાં લેખકે પોતાના જીવનનો એક પ્રસંગ એટલા માટે જણાવ્યો હતો કે તેમ કરવાથી તેને માનસિક શાંતિ મળે.

લેખકના પિતા બીમાર હતા. તેમની બાજુમાં બેસીને તે નવલકથા વાંચતો હતો. પિતાએ કંઈક વાત કરવા માંડી. પણ નવલકથામાં તે એટલો બધો મશગૂલ હતો કે 'થોડી વાર પછી' એમ કહી વાત ટાળતો જ રહ્યો. પછી એના પિતા ગુજરી ગયા. તેના મનમાં એ પ્રસંગનો અફસોસ રહી ગયો, એની માફી માગવાની ય ઈચ્છા થઈ, પણ પિતાજી ગુજરી ગયા હતા, માફી યે કોની માંગે? એટલે તેનો આ પ્રસંગ લખીને છપાવ્યો ને એ રીતે મનનો ભાર હળવો કર્યો.

ઘણીવાર આવી નાની વાતમાં ખોટું લાગી જાય છે અને મામલો વધે છે. ઘણીવાર માફી માગ્યા પછી ય અસંતોષ રહે છે. ચોરેલા પૈસા પાછા તો આપ્યા, પણ ગુન્હો તો કર્યો જ ને. કે ઈની લાગણી દુ:ખાવીએ ત્યારે ભગવાનને પણ દુ:ખ પહોંચાડયું તેમ લાગે છે. એટલે એ વ્યકિતની માફી માગવા સાથે પ્રભુની માફી માગવી ય જરૂરી રહે છે. કારણ કે આપણે જનસેવા એ પ્રભુસેવા કહીએ છીએ. એટલે પડોશીની સેવા એ પ્રભુસેવા જ થઈ. ધર્મસેવાનો આ ઉત્તમ પ્રકાર છે. પછી તો જનનિંદા એ પ્રભુનિંદા જ ગણાય ને. અને જનને દુ:ખ થતાં પ્રભુને ય દુ:ખ થાય. નિશાન નીચે તાકયું ને તીર ઉપર વાગ્યું! એમના (પ્રભુના) હૃદયને દુ:ખ થાય.

મહેમાનને ભગવાન માનવાનું અતિથિધર્મમાં છે. આ સુંદર અને સાચી ભાવના છે. એનો અર્થ એ થયો કે મહેમાનનો તિરસ્કાર એ ભગવાનનો તિરસ્કાર કરવા બરાબર છે.

જેમ મૂર્તિ તોડો તો અપમાન પથ્થરનું નહીં પણ ભગવાનનું થાય છે. એમ જ માણસનું અપમાન એ ભગવાનનું જ અપમાન છે. કારણ માણસ એ ભગવાનની જીવતી મૂર્તિ જ છે ને! એટલે તેને કરેલા પ્રહારનું પરિણામ ઉપર સુધી પહોંચે છે. દુ:ખ ઠેઠ ત્યાં સુધી લાગે છે. તો પછી ક્ષમા કોની પાસેથી માગવી? માણસ પાસેથી અને ભગવાન પાસેથી પણ. એ મળે તો જ શાંતિ થાય. નીચેનું તો અંદરમેળે પતાવ્યું, પણ ઉપરનું ત્યારે અપમાન કર્યું, તેની માફી માગી નથી.

પેલા સાક્ષરની પણ નાનપણની ભૂલ થઈ હતી. તેણે મોટપણમાં માફી માંગી. તેણે ગુન્હો કર્યો. તેનો ભગવાન પિતા હતો. મારા પણ પિતા ભગવાન તો છેને. તમે જો ગુન્હો કર્યા પછી લાગણીથી માફી આપી શકો તો ભગવાન પણ આપે.

મારી પાસે એક વાર એક વિદ્યાર્થી આવ્યો. તે ખોટે માર્ગે ચડી ગયો હતો. નિરાશાથી તે નિખાલસપણે મારી આગળ બધી વાતો કરતો હતો. હું તે સાંભળતો જતો હતો; અચાનક તે અટકી ગયો. મેં પૂછ્યું કેમ અટકી ગયો? તેણે કહ્યું, ફાધર આ સાંભળી તમને મારા તરફ તિરસ્કાર થતો હશે કેમ? મને એની નિખાલસતા જોઈ તેના તરફ વ્હાલ ઉપજ્યું.

મેં કહ્યું: "ભાઈ, ભૂલો તો જેમ તમારી છે તેમ મારી ય છે. માણસ માણસ વચ્ચે નિખાલસતાથી વાતો કરે છે. મને તારા ઉપર પહેલાં કરતાં યે હવે વધુ પ્રેમ ઉપજે છે. ભાઈ, ગમે તેમ હોય પણ એક વિનંતિ કરું છું કે મારા પ્રેમ પર શંકા લાવીશ નહીં."

મારી વાત સાંભળી તેની આંખમાં આંસુ આવ્યાં. તેણે હાથ લીધો. જોરથી દબાવી તે ચાલી ગયો. પછી હું એ પ્રસંગ ભૂલી ગયો.

બીજે દિવસે હું પ્રાર્થના કરતો હતો, પણ પ્રાર્થનામાં દિલ ન ચોંટે. સારા મનનું ઠેકાણું નહોતું. એકાગ્રતા નહિ, ધ્યાન નહિ,

ભક્તિ નહિ, મને દુઃખ લાગ્યું. મનનો નિગ્રહ કરી શકતો નથી. તો પછી સંસારમાં પડું તો શું ખોટું? ભગવાન મને કેટલો તિરસ્કારતા હશે? હું મૂઢ બની વિચારતો રહ્યો.

અચાનક મને યાદ આવ્યું. મારી પરિસ્થિતિ પણ ગઈ કાલે પેલા છોકરાની હતી તેવી જ છે. એટલે એ છોકરાએ જેમ દિલ ખોલીને મને બધી વાત કરી હતી તેમ મેં ભગવાન સામે દિલ ખોલીને વાત કરી. મને થયું કે એ છોકરાની વાત સાંભળી મને થયું તેમ ભગવાનને પણ મારા તરફ વ્હાલ નહીં થતું હોય? ભગવાને પણ જાણે મને કહ્યું કે મારા પ્રેમ પર શંકા ન રાખીશ. ને મારા મનનું સમાધાન થઈ ગયું.

કરસનદાસ માણેકનું એક ભજન છે –

"હરિ મને એકાદિ ઓંધાણી,
દ્યોને મને એકાદિ ઓંધાણી.
ધગધગતા સંશયના રણમાં,
પાઓ પાવળું પાણી."

મને થયું કે ભગવાને મને પણ પાવળું પાણી પાયું. સંકેતમાં તેમનો પ્રેમ મળ્યો. આને માટે ચમત્કારોની જરૂર નથી. ભગવાનની એ કળા છે કે તેની લાગણીની દિલને પ્રતીતિ થાય છે. આપણે નાનાં છોકરાં થઈ જઈએ તો તે ક્ષમા આપે જ છે. એથી દિલને શાતા થાય છે.

એકવાર કેટલાક ધર્મગુરુઓ અને ઢોંગી ધાર્મિકો એક પતિતા સ્ત્રીને ઈસુ સમક્ષ લઈ આવ્યા. ને કહ્યું કે આ સ્ત્રીએ પાપ કર્યું છે. ધર્મની આજ્ઞા અનુસાર અમે તેને પથ્થરથી મારી નાંખી સજા કરીશું. તમે શું કહો છો!'

ઈસુએ તો દયાનો સંદેશ આપ્યો હતો. તેની સામે આ લોકોએ કસોટીની પરિસ્થિતિ ઊભી કરી હતી. જો તે આ બાઈને સજા કરવાની સલાહ આપે તો દયા ક્યાં રહી? અને સજા નથી કરતો તો ધર્મના નિયમભંગનું આળ તેના પર લગાવવા સૌ તૈયાર જ હતા.

ઈસુએ કહ્યું: "તમારામાંથી જેણે કદિયે પાપ ન કર્યું હોય તે આ બાઈને પહેલો પથ્થર મારે."

એક કવિએ આ પ્રસંગને બે પંક્તિમાં સરસ રીતે મૂક્યો છે:

"જેણે ન કર્યું પાપ એકે,
તે પહેલો પથ્થર ફેંકે."

કોઈની હિંમત ચાલી નહીં. સૌ વિખેરાઈ ગયા.

પેલી બાઈને થયું કે હવે ઈસુ મને વઢશે, ઠપકો આપશે.

પણ ઈસુ તો કરુણાના અવતાર હતા. તેમણે કેવળ એટલું જ કહ્યું: "હવે તારા ઉપર કોઈ આરોપ મૂકનાર નથી, તો તો હું પણ મૂકવાનો નથી. શાંતિને પંથે જજે."

ઈસુ પેલી બાઈને ઠપકો નથી આપતો પણ તેના દૂષણોનું ભાન કરાવી જવા દે છે. ભગવાન પાસે એ જ રીત છે.

ઉપરથી ક્ષમા પામવી હોય તો બીજાને ક્ષમા આપો. દિલથી બીજાઓને માફી આપીએ તો ભગવાન પણ માફી આપશે.

પણ એની ખાત્રી દિલથી થવી જોઈએ, કેવળ શબ્દોથી નહિ. તો જ ઉપરની ક્ષમાની પ્રતીતિ થશે. ભૂલો અપૂર્ણતાનું ભાન કરાવે છે. ક્ષમાની શાંતિથી શાંત્વન મળે છે. પાપનું ભાન થતાં ક્ષમા મળે છે. તેનો સાક્ષાત્કાર પણ થાય છે. એવી કોઈ શક્તિ છે કે જે આપણો હાથ પકડી ઉપર લાવે છે. આગળ જવા માટે તેમાંથી વધુ શક્તિ મળે છે.

જીવનમાં શુભ - અશુભ; પાપ – ક્ષમા બન્ને સાથે રાખીએ. ક્ષમા આપવાની રીત ઉત્તમ રીત છે. વર્ષમાં એક વાર જ નહિ પણ જ્યારે જરૂર હોય ત્યારે ક્ષમા માગવી જોઈએ – મનુષ્ય પાસે અને ભગવાન પાસે પણ "મિચ્છામિ દુક્કડમ્" કરીને નવું જીવન શરૂ કરીએ.

આ વર્ષે મિચ્છામિ દુક્કડમ્ કરીએ છીએ. ફરી આવતા વર્ષે કરીશું. એમ એક દિવસ જ નહિ પણ વર્ષભર આવો જ સંબંધ રાખીએ તો જ જીવન આગળ વધે.

મારી વાત કહું. ભણાવવાનું, લખવાનું, માર્ગદર્શન આપવાનું મારું કામ છે. એમાં પક્ષ લેવાનો પ્રસંગ આવે ત્યારે કેટલાકને દુઃખ થાય તો તેમની માફી માગી લઉં છું. જાણે અજાણે કોઈની લાગણી દુભાઈ હોય તો માફી માંગી લઉં છું.

મારે માટે આ પદ્ધતિ મેં ઠરાવી છે. આપણને એક પળ ઓંધાણી આપી પ્રભુ પ્રતીતિ કરાવે છે. ધર્મ જેવી કોઈ ચીજ છે. ધર્મની આસ્થા સાચી છે. તે આપણને પાવળું પાણી પાઈ દે છે જેથી આપણે રણની સફર કરી શકીએ છીએ. ફાધર વાલેસ

આચાર્ય રજનીશજીની અદ્યતન વિચારધારાનું તારણ

(ફેબ્રુઆરીની આખર અને માર્ચ માસની શરૂઆતમાં અમદાવાદ ખાતે ત્રણ દિવસના ગોઠવાયેલા કાર્યક્રમ દ્વારા આચાર્ય રજનીશજીએ અનેક ચોંકાવનારા વિધાનોનો વરસાદ વરસાવ્યો હતો અને સ્થાનિક છાપાવાળાઓએ પણ ઢગલાબંધ ચર્ચાપત્રોનો એટલો જ મુશળધાર વરસાદ વરસાવ્યો હતો. આ ચર્ચાપત્રો કોઈ કોઈ અનુકૂળ પણ મોટા ભાગે રજનીશજીના વિચારોના પ્રતિકાર રૂપ હતા. તેમના તાજેતરમાં રજૂ થયેલા વિચારો, વિધાનો, અભિપ્રાયોનું તા. ૧૬-૩-૬૯ના રવિવારના સંદેશમાં પ્રગટ કરવામાં આવેલા એક લેખમાં વ્યવસ્થિત તારણ કાઢવામાં આવ્યું છે, જે તેમાંથી નીચે સાભાર ઉદ્‌ધૃત કરવામાં આવે છે. પરમાનંદ)

આચાર્ય રજનીશનું ખસી ગયું છે એમ કહેવું એ ભૂલ છે. એ માણસ સમજ્યા વિના દીધે રાખે છે એમ કહેવું એમાં બુદ્ધિનો અભાવ છે. એ માણસ પોતાની અંગત પ્રસિદ્ધિના શોખ ખાતર આવા સનસનાટીભર્યા વિચારો કરે છે એમ કહેવું એ એક મોટી ગેરસમજ છે.

આચાર્ય રજનીશ જે બોલે છે તે બરાબર સમજી વિચારીને બોલે છે, હેતુપૂર્વક બોલે છે; હેતુ સિદ્ધ કરવાના આશયથી બોલે છે. એ હેતુ શું છે એને એની પાકી સમજ છે. પ્રજા એ હેતુને સમજતી નથી. પ્રજાએ એ હેતુને સમજવાની જરૂર છે.

પ્રજાનું કર્તવ્ય

હેતુ સ્પષ્ટ છે. હેતુ છે સામ્યવાદની સ્થાપના માટેની પૂર્વભૂમિકા તૈયાર કરવી તે. એમનાં વિધાનો તથા એમના વિધાનો પાછળ રહેલા ગણત્રીપૂર્વકના તર્ક અને ઉગ્રતા એમના હેતુને સ્પષ્ટ કરે છે. એમના વિધાનો જે તે ક્ષણે થયેલા આકસ્મિક વિધાનો નથી, પણ ઊંડો અભ્યાસ, પાકી સમજ, સતત પરિશ્રમ તથા પૂર્વયોજીત તરકીબ મુજબ થયેલા વિધાનો છે. એ વિધાનો તથા એ વિધાનો પાછળ રહેલી વિચારશ્રેણી ચકાસવી એ પ્રજાનું કર્તવ્ય છે.

આચાર્ય રજનીશની વિચારશ્રેણી સમજવા માટે સામ્યવાદના પ્રણેતા કાર્લ માર્કસ તથા તેના ઉગ્રવાદી ભાષ્યકાર માઓત્સે તુંગની વિચારશ્રેણી સમજવી જોઈએ.

હેગલના દ્વન્દ્વાત્મક વિકાસના સિદ્ધાંત ઉપર આધારિત કાર્લમાર્કસની વિચારસરણી પ્રમાણે સમાજમાં વર્ગસંઘર્ષ સતત ચાલુ હોય છે. ક્રાંતિની પ્રક્રિયા અહર્નિશ ચાલતી જ રહે છે. સતત ચાલતા વર્ગ સંઘર્ષ તથા અહર્નિશ ચાલતી ક્રાંતિની પ્રક્રિયાને કારણે વર્ગો નાબૂદ થવાના છે અને દુનિયામાં સામ્યવાદ આવવાનો છે અને વર્ગવિહીન સમાજરચના થવાની છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો, તમે કંઈ કરો કે ન કરો, પણ સામ્યવાદ આવવાનો છે. સામ્યવાદ તમારા કલ્યાણ માટે છે. જો સામ્યવાદ તમારે વહેલો લાવવો હોય તો ક્રાંતિની પ્રક્રિયાને આંચકા અને ધક્કા મારી વેગવાન બનાવો. ચાલુ સમાજવ્યવસ્થા તોડી નાંખો. તૂટેલી સમાજવ્યવસ્થાના ભંગારમાંથી નવી વ્યવસ્થા

આપોઆપ થઈ જશે. નવી વ્યવસ્થા તમારે કરવાની નથી; એને માટે તમારે કંઈ કરવાનું નથી; એને માટે તમારે કોઈ વિચાર અગર આયોજન કરવાનું નથી. નવી વ્યવસ્થા માટે ફક્ત તમારે એક જ કામ કરવાનું છે; અને તે ચાલુ સમાજવ્યવસ્થા તોડવાનું. બીજું તમારે કંઈ કરવાનું નથી. બધું આપોઆપ થઈ જશે અને નૂતન સમાજની રચના થશે. ચાલુ વ્યવસ્થા જેટલી વહેલી તોડશો એટલો વહેલો સામ્યવાદ આવશે અને તમારું ભલું થઈ જશે.

સાંસ્કૃતિક ક્રાંતિ

માઓની ઉગ્ર વિચારશ્રેણી પ્રમાણે, રશિયામાં સામ્યવાદ નથી, કારણ કે રશિયામાં સામ્યવાદી સંસ્કૃતિ નથી. સામ્યવાદી સંસ્કૃતિ વિના સામ્યવાદ સંભવી શકે નહીં. સામ્યવાદ એ માત્ર રાજકીય અગર આર્થિક ક્રાંતિ નથી, પણ સાંસ્કૃતિક ક્રાંતિ પણ છે. સામ્યવાદ એના ખરા અર્થમાં કેવળ સાંસ્કૃતિક ક્રાંતિ જ છે. ઉત્પાદનના સાધનો ખાનગી માણસોના હાથમાંથી બળજબરીથી છીનવી લઈને રાજ્યની માલિકીના કરવા માત્રથી સામ્યવાદની સ્થાપના થઈ જતી નથી. સામ્યવાદની સ્થાપના સામ્યવાદી સંસ્કૃતિમાં જ થઈ શકે. આજની ચાલુ સંસ્કૃતિ સામ્યવાદની અવરોધક છે. આજની સંસ્કૃતિ રાષ્ટ્રીય સંસ્કૃતિ છે. રાષ્ટ્રીય સંસ્કૃતિ સામ્યવાદી સંસ્કૃતિ બની શકે નહીં. સામ્યવાદી સંસ્કૃતિને રાષ્ટ્રીયતાની મર્યાદા હોતી નથી. રાષ્ટ્રીય સંસ્કૃતિમાં સામ્યવાદની સ્થાપના થઈ શકે નહીં. સામ્યવાદની સ્થાપના માટે સામ્યવાદી સંસ્કૃતિ નિર્માણ કરવી જોઈએ. અને સામ્યવાદી સંસ્કૃતિના નિર્માણ માટે આજની તમામ સંસ્કૃતિઓ ભૂંસી નાંખવી જોઈએ. આજની સંસ્કૃતિને ખતમ કરી નાંખશો તો જ સામ્યવાદી સંસ્કૃતિ ઉત્પન્ન થશે, અને સામ્યવાદની સ્થાપના થશે. માત્ર રાજકીય ક્રાંતિથી કંઈ થઈ શકશે નહિ. સાંસ્કૃતિક ક્રાંતિ એ જ મહત્ત્વની વસ્તુ છે. સાંસ્કૃતિક ક્રાંતિ વિના સામ્યવાદની સ્થાપના શક્ય નથી.

સંસ્કૃતિ કેવી રીતે ખતમ થઈ શકે? માઓની વિચારશ્રેણી પ્રમાણે સંસ્કૃતિના જે અંગો હોય તેને ખતમ કરવાથી સંસ્કૃતિ ખતમ થઈ શકે. દેશનો ઈતિહાસ, સામાજિક પરંપરા, ધર્મ, ધર્મશાસ્ત્રો, ધાર્મિક માન્યતાઓ, નીતિમત્તાના મૂલ્યો, સમાજની આદર્શ વ્યક્તિઓ, સામાજિક સંબંધો, નૈતિક મર્યાદાઓ, રીત રિવાજો, તત્ત્વજ્ઞાન, વગેરેનો સમાવેશ થાય છે. માઓની વિચારશ્રેણી પ્રમાણે, આ વસ્તુઓને ભૂંસી નાંખો તો સંસ્કૃતિ ભૂંસાઈ જશે.

જુની સંસ્કૃતિ કેવી રીતે ભૂંસાઈ શકે?

સંસ્કૃતિની આ વસ્તુઓને કેવી રીતે ભૂંસવી? માઓ કહે છે કે સંસ્કૃતિની આ વસ્તુઓ ભૂંસવા નીચે મુજબ કરો:

(૧) ધર્મ જુઠો છે એવું ઉગ્રતાથી જાહેર કરો. ધર્મની વાતોમાંની વિસંગતીઓને મોટું રૂપ આપી ધર્મમાં અશ્રદ્ધા ઉત્પન્ન કરો. ધર્મનો ઈતિહાસ એ ધાર્મિક લોકોના પાપનો ઈતિહાસ છે એવું દાખલા ટાંકીને બતાવો. ધાર્મિક હોવું એટલે જુઠા હોવું એવું સિદ્ધ કરો.

(૨) શાસ્ત્રો જ્ઞાન નથી, પણ અજ્ઞાન છે એવું સમજાવો. શાસ્ત્રો સાચાં ન હોઈ શકે એવું તર્કબુદ્ધ રીતે ચાલાકીપૂર્વક બતાવો. અને શાસ્ત્રો જુઠાં છે એવી ગર્જના કરો. આ માટે નવી નવી વાર્તાઓ અને દાખલાઓ જોડી કાઢો. ઈતિહાસની કઢંગી વાતોને દાખલારૂપે રજૂ કરો. પંડિતો મૂર્ખ છે, કંઈ જાણતા નથી અને ખોટે રસ્તે લઈ જાય છે એ કહેવાનું ન ચૂકો.

(૩) ઈતિહાસના બનાવો દેશની સંસ્કૃતિ, લોકસ્વીકૃત મહાપુરુષો તથા ધર્મ પ્રત્યે ધૃણા ઉત્પન્ન થાય એ રીતે રજૂ કરો. પાછળનો ઈતિહાસ જોવાની જરૂર નથી અને પાછળ જોનારો બુઢો હોય છે અને જલ્દી મરી જાય છે એવું સમજાવો.

(૪) ધર્મપરાયણ મનુષ્યો તથા ધર્મગુરુઓની મશ્કરી કરો અને મોટા માણસોની નાની વાતો કહી પ્રજાનો તેમના તરફનો આદર તોડો. તેમના ઉપર જરૂર પડયે ખોટા પ્રહારો કરીને સમાજ ઉપરની એમની અસર તોડો.

(૫) ધાર્મિક સ્થાનો બિનજરૂરી છે અને સમાજની સંપત્તિનો દુર્વ્યય છે એવું ખૂબીથી સમજાવો.

(૬) નીતિના સનાતન મૂલ્યો ઉપર આકરા પ્રહારો કરો અને આ મૂલ્યોને કારણે જ સમાજ પ્રગતિ કરી શકતો નથી એવું પ્રજાને બુદ્ધિપૂર્વક તર્કબદ્ધ દલીલથી સમજાવો. આ મૂલ્યોને કારણે જ સમાજમાં ગરીબાઈ છે એવું સાબિત કરો.

(૭) ચાલુ સમાજવ્યવસ્થા જુઠાં ધર્મ, જુઠાં મૂલ્યો અને જુઠાં શાસ્ત્રો ઉપર રચાયેલી હોવાથી પ્રજા માટે દુ:ખદાયક છે એવું દેખાય છે એવા પૃથક્કરણો કરો અને પ્રજામાં તીવ્ર અસંતોષ ઉત્પન્ન કરો.

(૮) ઈશ્વર વિષે બહુ સંભાળીને બોલો અને કોઈની લાગણી દુ:ખાય નહીં એનું ધ્યાન રાખો. પ્રજાના હાથમાંથી ઈશ્વરનું રમકડું એકદમ ખૂંચવી ન લો. આસ્તે આસ્તે એ રમકડું ભૂલાવી દો.

(૯) પ્રજાના માનસમાં પડેલી ધાર્મિક, સામાજિક, કૌટુંબિક લાગણીઓનો નાશ કરો. પ્રજાના માનસમાં સંપૂર્ણ અરાજકતા હશે તો જ સમાજમાં અરાજકતા થશે. અરાજકતામાં જ ક્રાંતિ પાંગરી શકે.

(૧૦) ક્રાંતિની અનિવાર્યતા સમજાવો અને ભૂતકાળમાં અને શાસ્ત્રોમાં અશ્રદ્ધા કરશો તો જ ક્રાંતિ થશે એવું ઠસાવો.

(૧૧) રાષ્ટ્રીયતા મનુષ્યોએ ઉત્પન્ન કરી છે અને તે ખોટી વસ્તુ છે. રાષ્ટ્રીયતા ખતમ થશે તો જ સુખી સમાજ ઉત્પન્ન થશે એવું સમજાવો.

ઉપર જણાવેલી વિચારશ્રેણીના પ્રકાશમાં આપણે આચાર્ય રજનીશના વિધાનો તપાસીશું તો એમનો હેતુ સ્પષ્ટ થઈ જશે. ઉપર જે યોજના બતાવી છે તે યોજના મુજબની વાતો રજનીશજી તેમના પ્રવચનમાં કરે છે. તેઓ કહે છે: ધર્મ જુઠો છે, શાસ્ત્રો જુઠાં છે, ધાર્મિક માણસો જુઠાં છે, રાષ્ટ્રીયતા જુઠી છે, આ દેશના ઈતિહાસ, શાસ્ત્ર, ફિલસૂફી, સાહિત્ય, પરંપરા, વ્યવહાર વગેરેમાં કંઈ પણ સારું નથી. રજનીશજી લોકોના મનની સ્લેટ ઉપર આલેખાયેલા સંસ્કારોને ભૂંસી નાંખીને સ્લેટને તદ્દન કોરી કરવા માંગે છે, કે જેથી તેના ઉપર જેવા અક્ષરો પાડવા હોય તેવા પાડી શકાય. વૈચારિક ક્રાંતિના ઓઠા હેઠળ તેઓ વ્યક્તિને વિચારશૂન્ય કરવા માંગે છે. એનો અર્થ એટલો જ કે તેઓ વ્યક્તિને વિચાર કરતી બંધ કરવા માગે છે.

બધું તોડયા પછી શું?

અમદાવાદમાં તેમને પૂછવામાં આવ્યું કે બધું તોડી નાખ્યું, પછી શું? એના જવાબમાં તેમણે કહ્યું કે પછીની વાતો છોડો. એક વખત બધું તોડી નાંખો, પછી બધું આપોઆપ થઈ જશે. પછીની ચિંતા કરવાની જરૂર નથી. રૂઢ સામ્યવાદી વિચારશ્રેણી મુજબનો આ જવાબ છે.

તા. ૬-૧૧-૬૮ ના રોજ સુરત પાસે આવેલા નારગોળ ગામમાં રજનીશજીએ નીચે મુજબ કહ્યું:

(૧) જે લોકશાહી દેશના વિકાસમાં આડે આવતી હોય તેને ખતમ કરવાની જરૂર છે. આપણી લોકશાહી દેશના વિકાસને અટકાવે છે.

(૨) હું જરૂર કોઈ ઉદારમતવાદી સરમુખત્યારને પસંદ કરું જ. આ દેશને બેચાર દાયકા માટે લશ્કરી છાવણીમાં ફેરવી નાંખવો જોઈએ.

(૩) અનિવાર્યપણે જો હિંસક ક્રાંતિ કરવી પડે તો તેની સામે મને વાંધો નથી.

(૪) મને કોઈ વાદ સામે વાંધો નથી, ચાહે તે સામ્યવાદ હો કે બીજો કોઈ વાદ હો.

(૫) સમાજને હું જે જાતના ધર્મથી ઓતપ્રોત કરવા માંગું છું તેમાં રાજકારણ આવી જાય છે.

(૬) આગામી દસ વર્ષમાં દેશમાં આમૂલ સામાજિક પરિવર્તન કરવા માગું છું, એને માટે ભૂમિકા રચાઈ જાય ત્યારે પરિવર્તનની પ્રક્રિયાને જરૂરી જોર મળી રહે તે માટે સૈન્યના ઘોરણે હું યુવકદળ (યુથ ફોર્સ) ઊભું કરવા માગું છું.

અમદાવાદમાં એમણે કહ્યું: રાષ્ટ્રીયતા ખોટી વસ્તુ છે. માણસના હાથમાં કપડાનો એક ટુકડો પકડાવી રાષ્ટ્રીય ઝંડાને નામે તેને ઝેર પીવડાવવામાં આવે છે વિશ્વની ભૂમિ અખંડ છે તેને રાજકારણીઓએ ખંડિત કરી છે. લોકોને એનું ભાન થશે ત્યારે રાષ્ટ્રીય સીમાઓ ભૂંસાઈ જશે.

આટલું જ બસ છે. રજનીશજી શું છે, એમની વિચારશ્રેણી શું છે, અને શું કરવા માંગે છે એ વિશે વધુ કહેવાની જરૂર નથી. સામ્યવાદના નામે લોકો ભેગા થતા નથી અને તેથી તેઓ સામ્યવાદના નામનો ઉપયોગ કરતા નથી, બલ્કે તેઓ રશિયન છાપ સામ્યવાદની થોડી ટીકા પણ કરે છે. પ્રજાએ ભ્રમમાં રહેવા જેવું નથી. રજનીશજીને તેમના સાચા રંગમાં ઓળખી લેવાની જરૂર છે.

સુરેશ વકીલ

☆ દુનિયા ગઈકાલની ☆

[આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા યહૂદી લેખક સ્ટિફન ઝ્વાઈગે પોતાની આત્મકથા લખી છે – 'The World of yesterday-તેની છ પાનાંની પ્રસ્તાવનાનો આ અનુવાદ છે. તેના ઉપરથી એની આત્મકથાનો અંદાજ સચોટ રીતે મળી રહે છે. બીજા વિશ્વયુદ્ધમાં યુરોપના દેશેદેશમાં ભટકવું પડયું. તેમનું સર્વસ્વ યુદ્ધમાં હોમાઈ ગયું. તેમનું ઘર, તેમનાં પુસ્તકો, નોંધો અને પત્રો અને તેની સાથે આખો ભૂતકાળ આગમાં બળીને ખાખ થઈ ગયો. છેવટે બ્રાઝીલમાં તેમને આશરો મળ્યો. પરંતુ તેમના અતિ કોમળ અને સંવેદનશિલ હૃદયે યુદ્ધની ભીષણતા, દૂર બેઠાં પણ જીરવી નહિ, અને મનની શાંતિ તેમને ક્યાંય મળી જ નહિ. ૪૨ ની ૨૨ મી ફેબ્રુઆરીના રોજ દુનિયાને એક વિદાયસંદેશ આપી ઝ્વાઈગદંપતીએ આત્મહત્યા કરી જીવનની કટુતામાંથી છૂટકારો મેળવ્યો. જો આ ભટ્ટ પુરુષ યુદ્ધ પૂરું થયું ત્યાં સુધી જીવ્યો હોત તો નાગાસાકી – હિરોશીમાની ઘટનાએ એના પ્રાણ અચૂક હરી લીધા હોત. આ લેખ 'સમર્પણ'માંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે.]

મેં મારી જાતને એટલી અગત્ય ક્યારેય આપી નથી કે મારી કથની બીજાઓ સમક્ષ કહેવા હું લલચાઉં. જે પુસ્તકમાં હું કેન્દ્રવર્તી પાત્ર હોઉં તે લખવાની હિંમત મારામાં આવી તે પહેલાં તો એક પેઢીની તવારીખ માટે અતિશય કહેવાય તેટલા બનાવો, વીતકો અને સંઘર્ષો મારે નજરે નિહાળવાનાં હતાં. એક ચિત્રકથાને શબ્દ આપતા સંવાદદાતાના પાઠમાં મારી જાતને મૂકવા સિવાય વિશેષ મનીષા મેં રાખી નથી. સમય - મહાકાલ આ ચિત્રોને આલેખે છે; તેમની પિછાન માટેના શબ્દો હું બોલું છું. ખરી રીતે આ કહાણી મારી પોતાની કિસ્મતની જેટલી નથી એટલી એક આખી પેઢીની– આમારા સમયની પેઢીની છે, જે ઈતિહાસમાં બીજી કોઈ પણ પેઢી કરતાં દુર્દૈવના ભારથી વિશેષ ત્રાસી હતી. આમારામાં દરેક જણ નાનામાં નાનો તેમ જ આદનો આદમી યુરોપની ભૂમિ ઉપર સતત ભભૂકી રહેલા જ્વાળામુખીના ઊભરાથી, પોતાના અસ્તિત્વમાં અમૂલાગ્ર હચમચી ગયો હતો. મારે કોઈ ખ્યાતિની એષણા રહી હોય તો, આટલી જ કે એક ઑસ્ટ્રિયનને નાતે, યહૂદી તરીકે, સાહિત્યકાર લેખે અથવા માનવતાવાદીની રૂએ આ બધા ધરતીકંપોના આંચકા મેં તેના તીવ્રતમ બિંદુએ રહીને ઝીલ્યા છે. ત્રણ ત્રણ વાર હું મારા ઘરમાંથી અને સમગ્ર અસ્તિત્વમાંથી ભૂતકાળ સાથેના સંબંધો તોડી-ફોડી, અજ્ઞાત શૂન્યતામાં ફેંકાઈ ગયો છું. ઘરબાર વગરનો રખડુ એક અર્થમાં સ્વતંત્ર બને છે ખરો. એવો સ્વતંત્ર જેણે દુન્યવી સંબંધોથી સંન્યાસ લીધો હોય. અને તેથી જ મને લાગે છે કે મારા જમાનાનું ચિત્ર રજૂ કરવા માટે યોગ્યતા ધરાવવાની શરતોને હું સંતોષી શકીશ–પ્રામાણિકતા અને તાટસ્થ્ય. કેમકે જે ભૂમિમાં હું ઊછર્યો છું અને જે ભૂમિએ મને પોષ્યો છે તેનાથી તો હું જડમૂળથી અલિપ્ત બની ગયો છું.

હેસ્બર્ગ રાજવંશના મહાબલિષ્ઠ સામ્રાજ્યમાં ૧૮૮૧માં મારો જન્મ. આજે નકશામાં તે શોધ્યું ન જડે તેવી રીતે નષ્ટપ્રાયઃ થઈ ચૂકયું છે. બે હજાર વર્ષ પૂર્વેની પચરંગી વિયેના નગરીમાં હું મોટો થયો અને જર્મનોએ તેને પોતાના તાબાની બનાવી ત્યારે મેં તેને ત્યજી. મારી બધી જ સાહિત્યકૃતિઓ–જે ભાષામાં મેં તેને ખેડી, અને જેના દ્વારા મને અગણિત પ્રશંસકો, મિત્રો અને ચાહકો મળ્યા હતા–તે બધી બળીને ખાખ થઈ ગઈ. આજે હું કયાંયનો રહ્યો નથી. જ્યાં જઉં છું ત્યાં નવા આગંતુક તરીકે–બહુ તો મહેમાન તરીકે. હૃદયે જેને વતન માન્યું તે યુરોપનાં દ્વાર તો મારા માટે બીડાઈ ગયાં. કેમકે ભાઈની સામે ભાઈની લડાઈમાં બીજીવાર પોતાને હોમીને યુરોપે આત્મઘાત કર્યો છે. ઈચ્છા વિરુદ્ધ મારી આંખોએ યુરોપના ઈતિહાસમાં તર્કબુદ્ધિનો નાલેશીભર્યો પરાજય અને જંગાલિયતનો જવલંત વિજય નિહાળ્યો છે. ગૌરવથી તો નહિ પણ શરમથી ઝૂકીને કહેવું પડે છે કે આધ્યાત્મિકતાના શિખરે પહોંચ્યા પછી માનવજાતનું આમારી પેઢીએ જોયેલું નૈતિક અધઃપતન માનવીની બીજી કોઈ ઓલાદે જોયું નથી. મને મૂછનો દોરો ફૂટયો ત્યારથી મારી દાઢીના વાળ શ્વેત બન્યા ત્યાં સુધીના અર્ધા સૈકામાં જે ક્રાંતિકારી પરિવર્તનો થયાં છે, તે આગાઉની દસ પેઢી જેટલા કાળમાં દષ્ટિગોચર પણ નહિ થયાં હોય. મારી આજ અને ગઈકાલ, મારી ચડતી અને પડતી એકબીજાંથી એટલાં ભિન્ન છે કે મને હમેશાં લાગ્યું છે કે હું એક નહિ પણ અનેક વિરોધાભાસી જીવતર જીવી રહ્યો છું. મારા જીવન વિષે વિચાર કરતાં હંમેશાં એ સવાલ ઊભો થયો છે કે મારી કઈ જિંદગીની આ કથની છે? પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાંની–પહેલા અને બીજા વચ્ચેની–કે બીજા વિશ્વયુદ્ધ પછીની? અથવા મારું ઘર એમ બોલું છું ત્યારે કયું ઘર સમજવું? બાથ ખાતેનું–સાલ્ઝબર્ગનું કે વિયેનાનું? અથવા 'આમારા લોકો વચ્ચે' એમ બોલું છું ત્યારે મને તીવ્ર ભાન થાય છે કે જેટલો ઘરોબો મેં અંગ્રેજો કે અમેરિકનો સાથે કેળવ્યો એથી વિશેષ મારા પોતાના જ વતનીઓ સાથે રાખ્યો નથી અથવા રહ્યો નથી. પ્રથમકથા સાથે હું સંબંધો દઢ કરી શકયો નથી અને મારાં કહેવાય તેવાંઓની સાથે સંબંધો જાળવી શકયો નથી. મારો ઉછેર થયો એ દુનિયા જુદી હતી; આજની તો ન્યારી છે; અને આ બે વચ્ચે વળી એક ત્રીજી દુનિયા પણ ખરી. મારા જુવાન મિત્રો સાથે પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાંની કોઈ ઘટના વિષે વાત કરું છું ત્યારે તેમની કતૂહલજનક પૃચ્છામાંથી એ ખ્યાલ મળી રહે છે કે મને જે હકીકત લાગે છે તે તેમને માટે ઈતિહાસની અગ્રાહ્ય બીના છે અને વાત પણ સાચી છે. આપણી આજ અને કાલને જોડતી સાંકળના વચ્ચેના મણકા અદશ્ય થયા છે.

મને આશ્ચર્ય તો ત્યારે થાય છે કે મારા બાપદાદા જે જીવન જીવી ગયા તેની સાથે સરખાવતાં આજની એક જ પેઢીના અશાંત અને ભયપ્રેરિત અસ્તિત્વમાં કેટલાં વૈવિધ્ય અને બહુલતા દાખલ થઈ ગયાં છે? મારા બાપ અને એના બાપ–એમણે જીવનમાં શું શું જોયું! એ બધા જ એકધારું જીવન જીવી ગયા – શરૂથી અંત સુધી એકધારું; તેમાં નહીં ચઢાવ કે નહીં ઢોળાવ; નહીં કોઈ ઝંઝાવાત કે આપત્તિ. તેમણે બહુ બહુ તો અનુભવ્યા સામાન્ય ઉધામા, ક્ષુલ્લક પરિવર્તનો–જે આજે ધ્યાનમાં પણ ન આવે. સમયના પ્રવાહમાં એકધારા લયથી મંદ મંદ અને શાંત રીતે, પારણામાંથી કબ્રસ્તાન સુધીની તેમના જીવનચક્રની ગતિ રહી. તેમનું જીવન એક જ દેશમાં એક જ ગામમાં અને એક જ ઘરમાં બહુધા વ્યતીત થયું. 'દુનિયામાં જે કાંઈ બનતું તે છાપાંઓનાં મથાળામાં ચમકતું–તેમના ઘર સુધી જીવન સુધી કોઈ બનાવની અસર પહોંચતી નહિ. કદાચ કોઈ યુદ્ધ તેમના જમાનામાં કયાંય ખેલાયું હશે જે આજના ધોરણે તો એક છમકલું કહેવાય અને વતનની સરહદોથી તો કેટલેય દૂર; તોપના અવાજે તેમણે સ્વપ્નમાં પણ નહિ સાંભળ્યા હોય. આવું યુદ્ધ અચાનક જેમ શરૂ થતું તેમ બંધ પડી ઈતિહાસના પાનામાં ખોવાઈ જતું.

પણ અમારા જમાનાના સંઘર્ષમાં પુનરાવર્તનને સ્થાન રહ્યું નહિ. ભૂતકાળ હંમેશને માટે ભૂંસાઈ ગયો – તેમાંથી કાંઈ જ બચ્યું નહિ. ઈતિહાસે ભૂતકાળમાં કોઈ દેશને અથવા કોઈ એક સદીને છૂટક છૂટક બનાવોની લહાણ કરી પણ અમારે નસીબે, એક જ સામટું અનુભવવાનું આવી પડયું. ભૂતકાળમાં કોઈ પેઢીએ ક્રાંતિ જોઈ હશે; કોઈને લડાઈ જોવી પડી હશે; કોઈને કારમા દુષ્કાળનો અનુભવ થયો હશે; કોઈ દેશે પોતાનું પતન પણ જોયું હશે.

ઘણા બડભાગી દેશો અથવા નસીબદાર પેઢીઓએ આમાંનું કાંઈ જોયું પણ નહિ હોય. પણ અમે આજના સાઠ વર્ષના બુઢ્ઢા—અમે શું નથી જોયું? શું સહન નથી કર્યું? અને કઈ તાવણીમાંથી અમે પસાર નથી થયા? શક્ય અને ચિંત્ય એવી બધી જ આફતો વેઠીને અમે જીવનનૈયા ચલાવી છે અને છતાં હજુ અમારી જીવનકિતાબનું છેલ્લું પાનું લખાવું બાકી છે. માનવજાતે જોયેલાં બે વિશ્વયુદ્ધોનો હું સાક્ષી અને કેવો સાક્ષી? બન્ને વખતે જુદે જુદે મોરચેથી લડાઈ જોઈ છે: પહેલી વખતે જર્મનીમાંથી! બીજી વખતે જર્મની વિરોધી છાવણીમાંથી. લડાઈ પહેલાં મેં સ્વતંત્રતાને તેના ઉચ્ચતમ સ્વરૂપમાં મનભર માણી છે. અને છેવટમાં, એ જ સ્વતંત્રતાની એક સદીમાં પણ જોવા ન મળે તેવી હીણામાં હીણી કક્ષા પણ મારે જોવી પડી છે. વ્યક્તિપૂજા અને ધિક્કાર, મુક્તિ અને ગુલામી, સંપત્તિ અને ગરીબી—બધું જ મેં અનુભવ્યું છે. ક્રાંતિ, દુષ્કાળ, ફુગાવો, ત્રાસવાદ, રોગચાળો, હિજરત—આમાંનો કોઈ અનુભવ મારા માટે બાકી રહ્યો નથી. મારી પોતાની નજર સમક્ષ મહાન વિચારધારાઓને જન્મ લેતી અને સમષ્ટિમાં ફેલાતી મેં જોઈ છે. ઈટાલીમાં ફાસીઝમ, જર્મનીમાં રાષ્ટ્રીય સમાજવાદ, રશિયામાં બોલ્શેવિઝમ અને જર્મનીમાં ફરીથી નાઝીવાદ. જેના વિષે આપણે સ્મૃતિભ્રંશ હતા એવી જંગલી પશુતામાં, માનવતાને રૂપાંતર થતી જોવાનો અસહાય બચાવવિહોણો સાક્ષી રહેવા મને ફરજ પડી છે. સૈકાઓ બાદ, છેલ્લી પચાસ પેઢીને જે અજાણ્યું હતું, તેવી જાહેર કર્યા વિનાની લડાઈઓ, સામૂહિક કતલ અને લૂંટ, અસહાય શહેરો પર બૉમ્બમારો, કૉન્સેન્ટ્રેશન કેમ્પ, હીન કોટિનું દંભી રાજકારણ—આવી વકરેલી પશુતાના આવિષ્કારો નિહાળવાનું કપાળે માંડ્યું જ હશે ને! ભગવાન કરે, ભવિષ્યની પેઢી આવું જોવામાંથી બચે.

અને કેવો વિરોધાભાસ! જે યુગમાં માનવજાત નૈતિક દૃષ્ટિએ એક હજાર વર્ષ પાછી ગઈ ત્યારે એ જ માનવીએ બૌદ્ધિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે જાણે એક લાખ વર્ષ આગે હરણફાળ ભરી હોય એટલી સિદ્ધિઓ પણ મેળવી જાણી. હવામાં ઊડવાની, દુનિયા ફરતો ગમે ત્યાં સંદેશ તત્કાલ પહોંચાડવાની, અવકાશનાં રહસ્યો પામવાની, અણુનું વિભાજન કરવાની, અસાધ્ય રોગોને જેર કરવાની—એવી અનેક. જે જમાનાની માનવજાતે પશુતાભર્યું આચરણ કર્યું તો બીજી તરફ દૈવી કહી શકાય તેવી સિદ્ધિઓ હાંસલ કરી. જિંદગીના આ નાટ્યતત્ત્વના સાક્ષી તરીકે મેં જે કાંઈ જોયું તેનું બયાન આપવાની ફરજ લાગે છે. હું એકલો જ નહિ—મારો સમકાલિન દરેક આવા વિરોધી ચમત્કારનો સાક્ષી હતો—કેમકે પ્રેક્ષક તરીકે એક બાજુ ઊભા રહીને જોવાનો યુગ તો ચાલ્યો ગયો હતો.

આજે તો આપણે એવા યુગમાં છીએ કે સમયની સાથે જ કૂચ કરી શકીએ છીએ. શાંગહાઈમાં બૉમ્બમારો થાય તેની ખબર, ત્યાંથી ઘવાયેલાઓને ખસેડાય તે પહેલાં યુરોપ-અમેરિકામાં પડી જાય. હજારો માઈલ દૂર દરિયાપાર બનતા બનાવો ટેલિવિઝન પર આંખ સમક્ષ રજૂ થાય છે. પણ જે ગઈકાલની આ વાત છે ત્યારે કોઈ રક્ષણ ન હતું કે બનાવોમાં હોમાઈ જવા સામે પાળ બાંધવાનો અવકાશ ન હતો. એવો કોઈ દેશ ન હતો જ્યાં ભાગીને કોઈ જઈ શકે; એવી શાંતિ ન હતી જે કોઈ મેળવી શકે; જ્યાં જઈએ ત્યાં નસીબ બે ડગલાં આગળ રહેતું અને દૈવની રમતનાં પ્યાદાં બનાવવા તત્પર રહેતું; રાજ્યની ઇચ્છા પ્રમાણે નાગરિકોને અધીન થવાનું હતું; મૂર્ખાઈભર્યા રાજકારણના શિકાર બનવાનું હતું; અતિ વિચિત્ર પરિવર્તનોને તાબે થવાનું હતું. વ્યક્તિની સ્વતંત્રતા સમીટની સામાન્યતામાં રૂપાંતરિત હતી; વ્યક્તિનો ગમે તેટલો વિરોધ હોય તો પણ યુગના પ્રવાહમાં તેને ઘસડાવાનું જ હતું. અને જે કોઈ આ પ્રવાહમાં

અનુભૂતિ સવિશેષ કરી છે. ફરી એકવાર આપણે એક યાદગાર બિંદુ ઉપર આવી ઊભા છીએ.

અને તેથી જ હું મારા જીવનનું જે સિંહાવલોકન કરી રહ્યો છું તેમાં હેતુસર તવારીખનો નિર્દેશ કરું છું. કેમકે ૧૯૩૯ ના સપ્ટેમ્બરનો તે દિવસ, અમે જેઓ સાઠીમાં છીએ તેમને સર્જનાર અને કેળવનાર યુગનો આખરી દિવસ હતો. યુગના ભાંગી રહેલા અવશેષોમાંથી ભવિષ્યની પ્રજાને સત્યની એક કણી પણ લાધશે તો મારી મહેનત એળે નહિ જાય.

જે પ્રતિકૂળ સંજોગોમાં હું સંસ્મરણો ફંફોળવા બેઠો છું તેનું મને ભાન છે. પરદેશમાં બેસીને, ચાલુ યુદ્ધે અને યાદદાસ્તને મદદરૂપ કોઈ સાધનસામગ્રી વિના હું લખી રહ્યો છું. મારાં પુસ્તકો, મારી નોંધો, મિત્રોએ લખેલા પત્રો: આમાંનું કાંઈ મારી હૉલેના ઓરડામાં હયાત નથી. કયાંથી માહિતી પણ મળે તેમ નથી. દેશદેશ વચ્ચેના પત્રવ્યવહારને સેન્શરશીપે ગળેચીપ દીધી છે. આજે એકબીજાથી કપાઈ ગયા છીએ—સો દોઢસો વર્ષ પહેલાં જ્યારે આગબોટ, રેલ્વે, ઍરોપ્લેન અને ટપાલની શોધ થઈ ન હતી તે યુગમાં મૂકાઈ ગયા છીએ. મારા મનમાં સંઘરી શક્યો છું તેથી વિશેષ ભૂતકાળ મારી પાસે નથી. પણ જે ગુમાવ્યું તેનો અફસોસ કરવાનું અમારી પેઢીએ છોડી દીધું છે. અને તેથી મારા આગામી પુસ્તક માટે આ આશીર્વાદસમું નીવડે. કેમકે યાદદાસ્તમાં તો છેવટે તે સચવાઈ રહે છે. જે સત્વશીલ અને બીજાઓને આપવા જેવું હોય છે— બાકીનું બધું ભૂલાઈ જાય છે.

ત્યારે, આવો, અરે ઓ મીઠાં સંભારણાઓ, તમે આવો અને મારા જીવન વિષે મારે જે કહેવાનું છે તેને અંધકારમાં વિલીન થાય તે પહેલાં તમે જ વાચા આપો.

અનુવાદક: શ્રી શિવપ્રસાદ જોષી

મૂળ અંગ્રેજી: શ્રી સ્ટીફન્વાઈગ

જીવન જીવવાનું વ્યાકરણ

એવું કોણ હતું હિન્દુસ્તાનમાં, જે એ વખતે ગાંધીજીની બહાર જીવી શકયું? એ વખતના તરંગમાં અમે સહુ ઊંચકાયા હતા. એ અમારી નહીં, યુગની ઊંચાઈ હતી. એ અનુભૂતિનો રોમાંચ હજી આજેય અનુભવાય છે.

બાપુના હિંદુસ્તાનમાંના કાર્યના ત્રણ કે ચાર મુખ્ય તબક્કા ગણાવી શકાય. ૧૯૨૦, ૧૯૩૦ અને ૧૯૪૨. ૧૯૨૦નો તબક્કો નવો હતો. જુવાળ આવ્યો હતો. હજી નીતર્યાં પાણી જેવી સ્થિતિ ન પણ હોય. ૧૯૩૦માં નીતર્યાં હતાં. એમની તપસ્યા પ્રજા સુધી પહોંચી હતી. એ ગાળામાં લેખકો, કલાકારો, સાંસ્કૃતિક કાર્યકરો એમના પ્રત્યે ખેંચાઈ ગયા. ૧૯૪૨ નો તબક્કો જુદી જ જાતનો હતો. આ પછી છેલ્લો તબક્કો વિભાજન, હત્યાકાંડો, સ્વાતંત્ર્યની અરુણિમાનો. હું ૧૯૩૦માં દાખલ થયો છું. જો કે ૧૯૨૦ના ભણકારા મેં અનુભવ્યા છે.

બાપુ અહીં ૧૯૧૫માં આવ્યા. ત્યારથી આખર સુધી એમની નિરંતર કર્મધારા ચાલી. આખાયે રાષ્ટ્રીય જીવન ઉપર તેનો ઘેરો પ્રભાવ પડ્યો. આજના તરુણ મિત્રોને ગાંધીજી કદાચ દૂર લાગતા હશે. પણ આવી વ્યક્તિ દૂર થતી નથી. ૯૯ વર્ષ પહેલાં આ દેશમાં એમનો જન્મ થયો, ત્યારે કેવી સ્થિતિ હશે? તે વખતે ભારત અને દુનિયા માટે દીવો પ્રગટ્યો. ભારતમાતાની કૂખ સબળી છે. રામમોહન રાયથી માંડીને અનેક મહાનુભાવ વ્યક્તિઓ અહીં પાકી. જાણે એક નવી નક્ષત્રમાળા પ્રગટી. એને માટે તો નવું આકાશ જોઈએ. ભારત જ્યારે દબાયું હતું, એના ઉપર ભીંસ હતી, એના શીલની કસોટી હતી, ત્યારે કેવી કેવી વ્યક્તિઓ બહાર આવી છે!

પણ એ બધામાં ગાંધીજી જુદા તરી આવે છે. એક એક ગુણ લઈ ગોતવા જઈએ તો તમને એ ગુણ બીજાઓમાં વધારે ખીલેલા જોવા મળશે. વિદ્વત્તા, બુદ્ધિશક્તિ, વાગ્મિતા, પ્રભાવ, મુત્સદ્દીગીરી,

વધુ માત્રામાંયે જોવા મળશે. પણ આ બધા જ ગુણો એકમાં ભેગા થઈ જે સકળ પુરુષ થાય છે, તે દુનિયામાં વારંવાર જોવા મળતો નથી.

આવો મોટો પુરુષ, પણ એમની સાથે ચમત્કારો જોડાયેલા નથી. બાપુએ કોઈ ચમત્કાર પોતાના જીવન સાથે જોડાવા જ દીધો નથી. કોઈએ કહ્યું, 'ગાંધી-સાહેબ, તમારા જેવા તો કેમ થવાય?' તો તુરત જ તેને રોકયો કે 'તમારી વાત બરાબર નથી. અરે, મારા કરતાં આગળે ય જઈ શકાય. ફેર એટલો કે મને કોઈ વસ્તુ સમજાય છે તો તેનો હું તરત અમલ કરું છું.'

આપણી એક યુક્તિ છે કે કોઈ પણ મહાપુરુષને ચમત્કારમાં વીંટાળીને અભરાઈએ ચઢાવી દેવો, જેથી આપણને આપણી પામરતામાં પડયા પાથર્યા રહેવાનું સહેલું પડે. પણ બાપુએ બહુ જ સભાનતાપૂર્વક આવું ન થાય તે માટે કાળજી લીધી હતી. આશ્રામમાં સાપ નીકળ્યો. મહાદેવભાઈએ પાછળથી બાપુની મહત્તા બતાવતાં કહ્યું કે સાપ પાસેથી પસાર થયો ત્યારે બાપુ જરીક હલ્યા પણ નહીં! કેવો અભય! પરંતુ ગાંધીજીએ આખી વાતને તુરત ભૌતિક સ્તર ઉપર લાવી દીધી. એમણે કહ્યું, 'મારે જીવવું હોય, તો હલ્યા વિના રહેવું જ પડે.'

જન્મ્યા ત્યારે તો બીજા બધા બાળક જેવા જ સામાન્ય બાળક હતા. તેમાંથી આ વિભૂતિ થઈ કેવી રીતે? એમણે પોતાની જાતને કેવી રીતે ઘડી? મોટામાં મોટો ચમત્કાર કોઈ હોય, તો આ છે. આ ઘડતર દ્વારા બાપુએ મનુષ્યજાત આગળ જીવન જીવવાનું વ્યાકરણ રમતું મૂકયું છે. તેમાં એકડો છે, સત્ય. પછી બીજું બધું તેમાં ઉમેરાય છે. પોતે ભૂલ કરતા, પણ તે સ્વીકારવાની શકિત એમની અજબ હતી. દેશભરમાં મોટું આંદોલન ચાલતું હોય, તેની વચ્ચેયે હિમાલય જેવી ભૂલનો એકરાર કરી દેતાં તેઓ અચકાય નહીં. ગાંધી-ઈરવીન કરાર થયા. તેના અર્થઘટન અંગે કંઈક ભાંજગડ ઊભી થઈ. ત્યારે વાઈસરૉયે કહ્યું કે ગાંધીને પૂછો. સામા માણસનેય કેટલી હૈયાધારણ હશે? કેટલો વિશ્વાસ હશે કે આખા દેશનું સ્વરાજ્ય મળતું હોય તોયે આ માણસ કદી ખોટું નહીં બોલે! આપણી તો જૂઠું જીરવવાની શકિત સારી એવી છે. પણ આનાથી સહેજે ય જીરવાય નહીં.

ચોરી કરી. કહું કાખ્યું. પણ એ જીરવાય કેમ? છેવટે ચિઠ્ઠી લખીને પિતાને આપી. કોઈ પણ શિક્ષા માટે તૈયાર રહ્યા. પિતા કાંઈ ન બોલ્યા. એમની આંખમાંથી મોતી ઝર્યાં. કેવો અદ્‌ભુત પ્રસંગ છે! એવો જ નિશાળનો પ્રસંગ. માસ્તરને કહ્યું કે હું કસરત માટે આવ્યો હતો, પણ મોડું થયું એટલે બધા વિખેરાઈ ગયેલા. હું પિતાની સારવારમાં હતો. બહાર વાદળાં હતાં. ઘડિયાળ નહોતી. એટલે વખતનો ખ્યાલ રહ્યો નહીં. પણ મોટાઓ તો હમેશાં આને બહાનું માનવાના. આમાંથી મોહને સાર એ કાઢયો કે સાચવાળા માણસને ગાફેલ રહેવું પોષાય નહીં.

આ બાળક પોતાને આમ જુદી રીતનો ઘાટ કયા બળથી પ્રેરાઈને આપી શકે છે? કંઈક આનુવંશિક સંસ્કાર પણ ખરા. એમના કુટુંબમાં દૃઢ મનોબળ જોવા મળે છે. મેં શ્રી નાનાભાઈ ભટ્ટને મોઢે સાંભળ્યું છે કે બાપુ કહેતા કે 'દૃઢ'ની જોડણી 'દૃઢ્ઢ' કરવી જોઈએ. જુઓ, ઓતા ગાંધી ડાબા હાથે સલામ કરે છે, કારણ કે જમણો તો ચોરબંદરને આપેલો છે. આ જે વ્યકિતત્વનો વળ છે, તે આનુવંશિક સંસ્કાર લાગે છે. કબા ગાંધી પણ એક વાર રજવાડા તરફથી થયેલ કંઈક અન્યાયના વિરોધમાં થેલી મૂકીને ચાલ્યા જાય છે. આ જે એંઠ છે, વળ છે, તે મનોબળની શકિત છે.

એક પ્રસંગ મહાદેવભાઈ મારફત સાંભળવા મળ્યો છે. જેલમાંના અમુક કારણો માટે બાપુએ છેવટે ઉપવાસ કરવાનું નક્કી કરેલું, ઈલાકાની જેલોના ઉપરી મળવા આવ્યા. બાપુને કહ્યું કે મેં બધો જ પત્રવ્યવહાર ઉપરવાળાઓને પહોંચાડયો છે, પણ ત્યાંથી જવાબ નથી આવ્યો. બાપુ કહે, મેં વચ્ચે એટલો ગાળો પહેલેથી રાખેલો કે જે ગાળામાં જવાબ જરૂર આવી જવો જોઈએ. બાપુ હંમેશાં મારજીન રાખતા. આપણી બધી વ્યવસ્થા બરાબર પાકી નથી હોતી એનું એમને ભાન હતું. ચંપારણમાં હતા ત્યારે એક જગ્યાએ ૧૧ વાગે પહોંચવાનું હતું, તે માટે સાડાદસે ઘોડાગાડી મંગાવી. કોઈએ કહ્યું, આટલી વહેલી શું કામ મંગાવો છો? ઘોડાગાડીમાં તો ત્યાં પાંચ મિનિટની અંદર પહોંચી જવાશે. પણ બાપુ કહે, ઘોડાગાડી ન આવી તોયે ચાલતા જઈને પણ સમયસર પહોંચી જવાય ને! આમ તેઓ આપણી અવ્યવસ્થા માટેનો મારજીન રાખતા જ.

પેલો કહે, જવાબ આવી જ જશે. ઉપવાસ શરૂ થઈ જાય તો હું વાંકમાં આવી જઈશ. બાપુ કહે, સારું, એક ટંક મોડા ઉપવાસ શરૂ કરીશ. અને એમણે ખાવાનું મંગાવ્યું. મોંમાં કોળિયો મૂકયો. પણ મોઢામાં અમી છૂટે નહીં. વિચાર કરો, આ માણસનું બળ કેવું હશે, એની તપસ્યાની કોટિ કેવી હશે! આપણને તો ખાવાનું જોયું કે મોઢામાં પાણી છૂટયું જ છે! પણ આણે તો એક ટંક મોડા ઉપવાસ શરૂ કરવાનું માન્યું, તો યે એના શરીરનો સહકાર મળતો નથી! એવી જ રીતે દક્ષિણ આફ્રિકામાં કહી દીધું કે કાંડું ખડશે, પણ સિગરામનો સળિયો હાથમાંથી નહીં છૂટે. એ પહેલો સત્યાગ્રહ હતો. આ જે મનોબળ છે, તે કંઈક અંશે તો એમને વારસામાં મળેલું છે, અને ઘણું પોતે ખીલવેલું છે.

એવી જ રીતે શરીરશકિત પણ કંઈક એમને મળેલી, પણ ઘણી પોતે ખીલવેલી છે. ઓતા ગાંધી તો બંદરમાં ઘણું કામ કરતા. કબા ગાંધી જરા સુંવાળા હતા, પણ ગાંધીજીની શરીરશ્રમની શકિત અપાર હતી. ટૉલ્સ્ટૉય ફાર્મમાં ખૂબ મહેનત કરતા. બૉઅર લડાઈ વખતે ઘવાયેલા સૈનિકોને પચીસ-પચીસ માઈલ સુધી ખભે ઉપાડીને લઈ જવા એ એમને માટે રમત વાત હતી.

આ બધી પ્રવૃત્તિ વચ્ચેયે એમના હૃદયનો તાર સંધાયેલો છે બીજે કયાંક પરમેશ્વરની સાથે. રામકૃષ્ણ પરમહંસ કહેતા કે દિવસે આપણે એક હાથે પરમેશ્વરના પગ પકડી રાખવા અને બીજે હાથે કામ કરતા રહેવું. જ્યારે રાતે બેઉ હાથે પરમેશ્વરના પગ પકડી લેવા. બાપુના એકેએક આવિષ્કાર સાથે કેટલી સુંદરતા જોવા મળતી! એ અલૌકિક આભા આવતી કયાંથી? વિશ્વના શકિતકેન્દ્ર સાથે નિરંતર સંબંધ હોય, તો જ એ શકય બને. મુખ્ય પાવરહાઉસ સાથે તાર સંધાયેલો હોય, તો જ દીવો અજવાળું પાથરી શકે.

અને આ સંસ્કાર પણ નાનપણથી મળેલા છે. ચંદ્રદર્શન પછી જ ખાવાનું માતાનું વ્રત. ચોમાસામાં કયારેક ચંદ્ર દેખાય. દીકરો દોડતો દોડતો માને કહેવા જાય. પણ માને હાથ પકડીને બહાર લઈ આવે, ત્યાં તો ફરી વાદળાં ચંદ્રને ગળી ગયાં હોય!

ઘરની આયા પ્રત્યેનો અહેસાન પણ ગાંધીજીએ વ્યકત કર્યો છે. એણે નાના મોહનને શીખવાડયું કે બીક લાગી હોય, તો રામનું નામ લેવું. આ સંસ્કાર મળ્યા છે. અન્યસ્માત્ બિમેતિ। માણસ બીજાથી ડરે છે, પણ આને તો ધીરે ધીરે બીજું કોઈ રહ્યું જ નહીં. પછી ડર કોનો?

(ભૂમિપુત્રમાંથી સાભાર ઉદ્‌ધૃત) ઉમાશંકર જોશી

વિષય સૂચિ

		પૃષ્ઠ
'મહાત્મા' પાછળની સાધના		૨૪૭
વસન્ત વ્યાખ્યાનમાળા		૨૪૮
મિચ્છામિ દુક્કડમ્	ફાધર વાલેસ	૨૪૯
આચાર્ય રજનીશજીની અદ્યતન વિચારધારાનું તારણ	સુરેશ વકીલ	૨૫૦
દુનિયા ગઈ કાલની	સ્ટીફન ઝ્વાઈગ	૨૫૨
જીવન જીવવાનું વ્યાકરણ	ઉમાશંકર જોષી	૨૫૩
વર્તમાન રાજકીય પ્રવાહો	ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૫૫
'બાળ મનોવિકાસ'	રમણલાલ પટેલ	૨૫૮

વર્તમાન રાજકીય પ્રવાહો

(તા. ૨૪-૩-૧૯૬૯ને દીને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આપેલ વ્યાખ્યાનની નોંધ)

છેલ્લા ત્રણચાર મહિનામાં રાજકીય ક્ષેત્રે ઘણા બનાવો બની ગયા. તે હું ટૂંકામાં તમારી સામે રજૂ કરીશ. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણી પછી રાજકીય પરિસ્થિતિમાં પલટો આવ્યો. આપણા દેશનાં ૧૬માંથી ૯ રાજ્યોમાં બિન-કૉંગ્રેસી તંત્રો રચાયાં. કેન્દ્રમાં કૉંગ્રેસની ઠીક ઠીક કહી શકાય તેવી બહુમતી ટકી રહી. અન્ય કેટલાક રાજ્યોમાં જ્યાં કૉંગ્રેસી તંત્રો રચાયાં ત્યાં પણ મોટા પાયા ઉપરના પક્ષપલટાને કારણે સ્થિતિ પલટાઈ. બિનકૉંગ્રેસી રાજ્યોમાં પણ આવું બન્યું.

મદ્રાસ અને ઓરિસ્સા સિવાય બિન - કૉંગ્રેસી રાજ્ય - તંત્રોમાં કોઈ પણ એક પક્ષની બહુમતી નહોતી. નવાં રાજ્યોની સરકારો કેવળ વિવિધ પક્ષોના શંભૂમેળા જેવી હતી. ક્યાંક બે - ત્રણ તો ક્યાંક ૧૨ - ૧૪ પક્ષોની સરકારો રચાઈ હતી - આવાં સંયુકત દળોમાં એક જ સામાન્ય તત્વ હતું તે 'કૉંગ્રેસનો વિરોધ'. બીજું કોઈ તત્વ તેમને કાયમને માટે સાંકળી રાખે તેવું નહોતું. એટલે બિન - કૉંગ્રેસી રાજ્ય-તંત્રો ટકવા વિષે શંકા હતી. પક્ષાંતરો થયાં એટલું જ નહીં પણ ધાર્યા ન હોય તેટલા વેગથી થયાં. અનૈતિકતાની હદ ન રહી. કોઈ પક્ષ આવા કાવાદાવાથી બાકી ન રહ્યો. કોઈ પણ ભોગે સત્તા મેળવવી અથવા ટકાવી રાખવી એ એક જ લક્ષ્ય રહ્યું. પરિણામે પાંચ રાજ્યોમાં વચગાળાની ચૂંટણીઓ આવી પડી. કૉંગ્રેસની સ્થિતિ ૧૯૬૭માં હતી તે કરતાં પછી કાંઈ સુધરી નહિ. આ ચૂંટણીઓ પછી કદાચ વિશેષ ખરાબ થઈ. હરિયાણામાં કૉંગ્રેસી રાજતંત્ર રચાયું. પહેલાં તો એમ લાગતું હતું કે તે ટકશે નહીં. કારણ કે ત્યાંના કૉંગ્રેસના મજબૂત ગણાતા નેતા ભગવતદયાળ શર્માને કૉંગ્રેસ સાથે મતભેદ થયો. તેમને ચૂંટણીમાં ઊભા રહેવા દીધા નહિ. નવા મુખ્ય પ્રધાન બંસીલાલને પોતાના પ્રતિનિધિ માની ગાદીએ બેસાડયા. તેમણે બંસીલાલ પાસે વફાદારી અથવા તાબેદારીની આશા રાખી હશે, પણ એક મહિનામાં જ બંસીલાલે બતાવી દીધું કે તેઓ કોઈના નોમિની - પ્રતિનિધિ - નથી. આથી શર્માએ પલટો લીધો. અનેક ખટપટો થઈ. બંસીલાલ સરકાર પડી ભાંગે એવી સ્થિતિ ઊભી થઈ. પણ આપણે જોયું કે ખટપટમાં બંસીલાલ પણ તેમનાથી ઊતરે એવા ન નીકળ્યા. શર્મા જેમને ખેંચી લઈ ગયેલા તેવા ઘણાઓને તેઓ પાછા ખેંચી લાવ્યા અને અત્યારે હવે ટકી રહ્યા છે.

બીજાં ચાર રાજ્યોમાં પ. બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, અને પંજાબમાં - વચગાળાની ચૂંટણીઓ થઈ. પ. બંગાળ માટે એવી સામાન્ય માન્યતા હતી કે ત્યાંના સંયુકત મોરચાથી લોકો ખૂબ કંટાળી ગયા છે, અવ્યવસ્થા દૂર કરવાની મોરચાની શકિત નથી, તેથી કૉંગ્રેસની સ્થિતિ સુધરી છે અને કૉંગ્રેસને સફળતા મળશે. પણ જે પરિણામ આવ્યું તે દેશ અને કૉંગ્રેસને માટે આઘાત-જનક નિવડયું. પ. બંગાળમાં એવી દૃઢ માન્યતા હતી કે સંયુકત દળે જે ગેરવર્તન કર્યું હતું તેથી તેને ફરી લોકો ચૂંટશે નહીં. અને કૉંગ્રેસના મોવડીઓને પૂરો વિશ્વાસ હતો કે કૉંગ્રેસ સારી એવી બહુમતીથી સત્તા પર આવશે. પરંતુ આશ્ચર્યકારક પરિણામો આવ્યાં. સંયુકત મોરચાને મોટી બહુમતી મળી અને કૉંગ્રેસને માત્ર ૫૭ - ૫૮ બેઠકો જ મળી.

આવું પરિણામ કેમ આવ્યું? સૌ કોઈ તેનાં કારણો શોધી રહ્યા છે.

એક વાત છે કે, કૉંગ્રેસનો આમ જનતા સાથેનો સંપર્ક નહિવત્ હતો. યુનાઈટેડ ફ્રન્ટનો આવો સંપર્ક રહ્યો હતો. કૉંગ્રેસનો સંપર્ક ઉપલા વર્ગો - પૈસાવાળા - ઉદ્યોગપતિઓ - સાથે જ હતો. ચૂંટણીમાં એકંદર મતો કૉંગ્રેસને વધુ મળ્યા છે. પણ તેની વહેંચણી કેમ થઈ એ જાણવા જેવી વાત છે. યુનાઈટેડ ફ્રન્ટના પક્ષો આ વેળા એકત્રિત રૂપે ચૂંટણી લડયા. એથી સંયુકત માર્કિસસ્ટ પક્ષે ૧૦૦ ઉમેદવારોમાંથી ૮૮ ને જીત અપાવી. જ્યાં જ્યાં જે પક્ષનો સંપર્ક હતો ત્યાંની બેઠકો તેમણે વહેંચી. તે તે પક્ષના ઉમેદવારો ઊભા રાખી બાકીનાઓએ તેને ટેકો આપ્યો. આમ તેઓ સહકારથી ચૂંટણી લડયા ને જીત્યા.

કૉંગ્રેસનો લોકસંપર્ક નહિવત્ હોવા ઉપરાંત, તેના ઉમેદવારોની પસંદગી પણ આવકારપાત્ર નહોતી. એમાં એવી વ્યકિતઓ હતી કે જેમને આપણા પ્રતિનિધિ તરીકે આપણે ન જ મોકલી શકીએ. કૉંગ્રેસે નવા માણસોને કે યુવાન પેઢીને તક ન આપી.

વળી રાજ્યપાલ ડૉ. ધર્મવીરે જે રીતે અજય મુકરજીની સરકારને બરતરફ કરી તેની પણ ઊંડી અને કૉંગ્રેસ - વિરોધી અસર થઈ. બંધારણીય દૃષ્ટિએ તેઓ ભલે બરાબર હતા, પણ વિધાનસભા બોલાવવાના તેમના હુકમ અને અજય મુકરજીએ નક્કી કરેલ તારીખ વચ્ચે માત્ર થોડા દિવસનો જ ફરક હતે છતાં રાજ્યપાલે શા માટે એમ કર્યું? લોકોમાં એવી છાપ પડી કે કેન્દ્રના કહેવાથી કૉંગ્રેસના લાભ ખાતર રાજ્યપાલે સરકારને બરતરફ કરી. તેથી પ્રજાએ બતાવી આપ્યું કે અમારે આવું પગલું સહન નથી કરવું.

કોઈ પણ રાજકીય પક્ષને ટકવું હોય તો સ્થાપિત હિતોના ટેકાથી જ નભી નહિ શકે. આમ જનતાના હિતમાં વેગપૂર્વક એ પક્ષ પરિવર્તન કરવા આતુર છે એવું દેખાઈ આવવું જોઈએ. હવે તો લેફ્ટીસ્ટ (ડાબેરી) પક્ષો તરફ જ પ્રજાનું વલણ રહેશે. માટે દરેક પક્ષે એ ધ્યાનમાં રાખવાનું કે તે સ્થાપિત હિતોનો ટેકેદાર પક્ષ છે એવી છાપ લોકોમાં ઊભી ન થાય.

હવે તો આર્થિક અને સામાજિક અસમાનતાઓ ઝડપભેર દૂર ન કરી શકે તેવા પક્ષને લોકો સત્તાસ્થાને નહીં લાવે.

પ. બંગાળ એ 'પ્રોબ્લેમ સ્ટેટ' (અનેક પ્રશ્નોવાળું રાજ્ય) છે. રેફ્યુજીઓનો (નિર્વાસિતોનો) પ્રશ્ન વિકટ છે. કલકત્તા શહેરનો પ્રશ્ન તેથી વિકટ છે. આગેવાન વિદેશી વર્તમાપનપત્રના એક પ્રતિનિધિએ હમણાં જ લખ્યું હતું કે, Can India survive Calcutta? તેના કહેવાનો ભાવાર્થ એ હતો કે કલકત્તાની પરિસ્થિતિ નહીં સુધરે તો સમસ્ત દેશને અસર પહોંચશે. કલકત્તા જ્વાળામુખી જેવું શહેર છે. ભડકો કયારે ફાટી નીકળશે એ કહેવાય નહીં. કલકત્તાને Biggest slum (મોટો દળદરવાળો) કહી શકાય. ત્યાં લૉ ઍન્ડ ઑર્ડર (કાયદો ને વ્યવસ્થા) જેવું નથી. સેનીટેશન (સુધરાઈની આરોગ્ય સેવાઓ) તૂટી પડી છે. લોકોની બેહાલિયત જોતાં એમ લાગે છે કે તેઓ જીવતાં કેમ હશે?

જલપાઈગીરીમાં ને મીદનાપુરમાં રેલો આવી. કોઈ પક્ષે કશું ય ન કર્યું. આથી કેટલાક લોકો ત્યાં એવા છે કે જેમને યુનાઈટેડ ફ્રન્ટને સત્તા પર લાવવામાં કશું ય ગુમાવવાનું તો નહોતું પણ કૉંગ્રેસને હરાવવાનો આત્મસંતોષ મેળવવાનો હતો વળી એવી આશા-યે ખરી કે આ લોકો તો કંઈક કરશે જ. તેઓ કહે છે કે બગડશે તો આમારું શું બગડવાનું છે? બગડશે ધનિકોનું. તેમને ખાતરી થઈ ચૂકી છે કે આજની હાલતમાં કૉંગ્રેસ ક્રાન્તિકારક પરિવર્તન નહીં લાવી શકે. આર્થિક અને સામાજિક ક્રાંતિ લાવવાની કૉંગ્રેસની શકિત કે દાનત નથી.

છેલ્લી ચૂંટણીનાં પરિણામો પછી અતુલ્ય ઘોષે રાજીનામું આપ્યું, એ સારું કર્યું. કૉંગ્રેસના એક જવાબદાર નેતા તરીકે તેમણે રાજીનામું

આપવું જ જોઈએ. તેમની સામે પ. બંગાળની કૉંગ્રેસમાં પણ વિરોધ છે, બેદિલી છે. પણ તેમણે રાજીનામું પાછું શા માટે ખેંચ્યું? વર્કીંગ કમિટીએ રાજીનામું પાછું ખેંચવા તેમને આગ્રહ શા માટે કર્યો?

પશ્ચિમ બંગાળમાં જે બન્યું છે તેની ઊંડી અસર દેશ ઉપર પડશે. દેશમાં, પહેલી વખત સામ્યવાદીઓ એક રાજ્યમાં મોટી બહુમતીથી સત્તાસ્થાને આવ્યા છે. એટલે હવે તોફાન કે કોઈ ચમત્કારીક દેખાવો કર્યા વિના તેઓ સામ્યવાદી કાર્યક્રમ અમલમાં લાવવા પૂરો પ્રયત્ન કરશે.

પ્રધાનમંડળની રચનામાં અગત્યના અને લોકસંપર્કવાળા ખાતાંઓ, જેવાં કે ગૃહ, મજૂર, કેળવણી વિગેરે સામ્યવાદીઓએ રાખ્યા છે. તેઓ આ ખાતાંઓ દ્વારા પોતાના પક્ષની સત્તા અને લાગવગ તથા તેનો કાર્યક્રમ અમલમાં લાવવા દરેક પ્રયત્ન કરશે. પ. બંગાળમાં સામ્યવાદી કાર્યક્રમ દેખીતી રીતે લોકશાહી ધોરણે અમલમાં મૂકવા તૈયાર થશે.

આ ચૂંટણીનું બીજું પરિણામ રાજ્યો અને કેન્દ્ર વચ્ચેના સંબંધો તંગ થશે. અને સંઘર્ષ પેદા થશે. આ સંબંધોમાં પરિવર્તન આવશે. પ. બંગાળને પગલે બીજા બિન-કૉંગ્રેસી રાજ્યો પણ વિશેષ સત્તા માગશે.

બિહારમાં કૉંગ્રેસને વચગાળાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી ન મળી, ૧૧૬ બેઠકો મળી. બિહારમાં કૉંગ્રેસે સત્તા મેળવવાની ઊતાવળ કરી એ સારું નથી કર્યું. પહેલાં વિરોધ પક્ષ તરીકે રહી હોત, બધા પક્ષોને થાકવા દઈને પછી કૉંગ્રેસે સરકાર રચવી જોઈતી હતી. પણ સત્તાનું જબરું આકર્ષણ છે. કૉંગ્રેસે ઉતાવળ કરી સરકાર રચી. કૉંગ્રેસને એવા પક્ષો સાથે જોડાણ કરવું પડ્યું જેમની સાથે તે કદિયે મેળ ન કરી શકે. તેમાં લાઈક-માઈન્ડેડ (સરખા ધ્યેયવાળી) પાર્ટી નથી. કૉંગ્રેસે રામગઢના રાજાનો સાથ લીધો. હરિહરસિંહ કૉંગ્રેસ પક્ષના નેતા ચૂંટાયા. હરિહરસિંહે પોતે જ પક્ષાન્તર કર્યું છે. પ્રજામાં વિશ્વાસ કે પ્રતિભા પાડી શકે તેવું તેમનું વ્યકિતત્વ નથી. રામગઢના રાજા સંબંધે નિર્ણય લેવામાં કૉંગ્રેસના મોવડીઓ વચ્ચેની ફાટફૂટ ઉઘાડી પડી. રામગઢના રાજાને પ્રધાન તરીકે લેવાની મંજૂરી કોણે આપી. કૉંગ્રેસ પ્રમુખે આપી? તેઓ કહે છે કે તેમણે દિલ્હીમાં હાજર હતા તેવા આગેવાનોને પૂછી લીધું હતું. તેમાંના કેટલાકે પોતાના પરથી જવાબદારી કાઢી નાખવા પ્રયત્ન કર્યા. ખુદ વડા પ્રધાન પણ આ બાબત મૌન રહ્યાં અને એવી છાપ ઊભી કરી કે એમને પૂછવામાં આવ્યું ન હતું અથવા તેમની સંમતિ ન હતી. રામગઢના રાજા સામે સમસ્ત બિહારમાં વિરોધ છે. તેની સામે સુપ્રિમ કોર્ટે કડક ટીકાઓ કરી છે. તેની આર્થિક અને સામાજિક નીતિઓ કૉંગ્રેસથી ઊલટી છે. તેણે સેંકડો ક્રેસો કરી હજી જમીનદારીનો કબજો છોડ્યો નથી. એવા રામગઢના રાજાને પ્રધાનમંડળમાં કેમ લેવાયા? એમ કહેવાય છે કે રાજાની વાત કૉંગ્રેસ કેન્દ્રીય પાર્લામેન્ટરી બૉર્ડમાં આવી જ નહોતી. મતભેદ એટલો તીવ્ર થયો કે, એક તબક્કે કૉંગ્રેસ અધ્યક્ષે રાજીનામું આપવાની ધમકી આપી. બધાએ તેમને મનાવ્યા. શ્રી સુબ્રમણ્યમે રાજીનામું આપ્યું અને પાછું ખેંચ્યું. બૉર્ડે રામગઢના રાજાને પડતા મૂકવા હરિહરસિંહને આજ્ઞા આપી. સમાધાન કેવું કર્યું? રાજાને પડતા મૂકી તેના દીકરાને પ્રધાન બનાવે તો વાંધો નથી. તેમ પણ હજી નથી બન્યું. હરિહરસિંહ હજી યે રાજાને સમજાવવા સમય માગે છે. જે કાંઈ બન્યું તેથી કૉંગ્રેસની પ્રતિષ્ઠા ઘટી છે. બિહારમાં કૉંગ્રેસ તંત્ર કેટલું ટકશે તે કહેવું મુશ્કેલ છે.

ઉત્તર પ્રદેશમાં કૉંગ્રેસને લગભગ બહુમતી મળી. ત્યાંના કૉંગ્રેસી નેતાઓએ હાલ તો પોતાના મતભેદો દૂર કર્યા હોય તેમ લાગે છે. ચંદ્રભાણ ગુપ્ત અને કમલાપતિ ત્રિપાઠી મુખ્યપ્રધાન અને ઉપ-મુખ્ય પ્રધાન બન્યા. પણ આ મેળ કયાં સુધી ટકશે એ જોવાનું છે. ત્યાં ચરણસિંહ બળવાન વ્યકિત છે. ભારતીય ક્રાંતિદળે સંયુકત પ્રાન્તમાં સારો દેખાવ કર્યો. લગભગ ૯૦ સભ્યો આ પક્ષના ચૂંટાયા છે. એટલે કૉંગ્રેસને નિરાંતે રાજ કરવા નહીં દે. ઉત્તર પ્રદેશની આશ્ચર્યકારક ઘટના જનસંઘની હારની છે. ત્યાં જનસંઘની જગાએ ભારતીય ક્રાંતિદળે જોર કર્યું છે. ભારતીય ક્રાંતિદળ એક રાજકીય પક્ષ છે. પછી ભલે તેની નીતિ ગમે તેવી રહે. ગુપ્તજી પણ કુશળ છે. તેઓ પટાબાજી ખેલી શકે છે. તેઓ ચરણસિંહને મચક નહીં આપે. સંભવ છે કે, ત્યાં કૉંગ્રેસ લાંબો સમય, કદાચ બીજી ચૂંટણી સુધી સરકાર નિભાવી શકે. પરંતુ તે કેવી નીતિ અપનાવે છે તેના પર આધાર છે.

પંજાબમાં અકાલીઓની જીત થઈ. ભાગલા પછી કોમી વલણ વધ્યાની એ નિશાની છે? ત્યાંની કૉંગ્રેસના મતભેદોને લઈને તેની નિર્બળતા ઉઘાડી પડી. કૉંગ્રેસે ત્યાં પહેલાં જ ભૂલ કરી હતી. લઘુમતીવાળી ગીલ સરકારને ઊભી કરી, ગાદીએ બેસાડી. હવે અકાલી-જનસંઘનું જોડાણ થયું છે. મુખ્યપ્રધાન ગુરમાનસિંહ એક ધીર વ્યકિત છે. એટલે ત્યાંનું તંત્ર ઠીક ચાલશે એવું લાગે છે.

મદ્રાસમાં અન્નાદુરાઈનું અવસાન થયું. તેનો પડઘો પક્ષમાં ઊંડો પડશે. અન્નાના અવસાન વેળા લોકોની તેમના પ્રત્યેની ઊંડી લાગણી જોવા મળી. તેમના જવા પછી દ્રામુક (ડી. એમ. કે.) નિર્બળ થયો. કરુણાનિધિ આમ તો કુશળ છે, પણ તેમણે હજી સજ્જનતાની છાપ પાડવાની છે. પટનાયક જેવા ખેલાડી માણસ છે. નાગરકોઈલમાં કામરાજની જીત થઈ તેથી કૉંગ્રેસને બળ મળ્યું. કામરાજ ફરી કૉંગ્રેસને સત્તાસ્થાને લાવવા મેદાને પડ્યા છે. એટલે તેઓ ભાષાના પ્રશ્ન અંગે નમતું વલણ રાખવા કેન્દ્રને સમજાવી રહ્યા છે. કેન્દ્ર-રાજ્ય સંબંધોમાં પણ વધારે ઉદાર વલણ રાખવા તેમનો આગ્રહ છે. વડા પ્રધાને આ પ્રશ્નની સમગ્ર વિચારણા માટે તૈયારી બતાવી છે.

મધ્યપ્રદેશમાં સંયુકતદળ સરકાર અંતે પડી ભાંગી. આ સરકારને ટકાવી રાખવા રાજમાતાએ તથા ગોવિંદનારાયણ સિંહે, ઘણાં ફાંફાં માર્યાં. રાજમાતાએ એમ જણાવ્યું કહેવાય છે કે "બેાડાક લાખ રૂપિયા ખર્ચો હજી આ સરકારને ટકાવી શકતે, પણ હવે તે રમત રમવા જેવી રહી નથી." કેટલો ઊંડો સડો હશે? કેટલી ખટપટ હશે? સારણગઢના રાજા આવ્યા ને ગયા. ગોવિંદનારાયણસિંહ કૉંગ્રસમાં પાછા આવ્યા. સારણગઢના રાજાએ પણ કૉંગ્રસમાં જોડાવાની તૈયારી બતાવી - જો મુખ્યપ્રધાન બનાવાય તો. અનૈતિકતાની હદ જ રહી નહીં. કોઈ પણ ભોગે સત્તા પર ટકી રહેવાના પ્રયાસો થયા. કમનસીબે હાઈકોર્ટનું જજમેન્ટ ટાણસર જ મિશ્રાજીને નડ્યું. પણ મિશ્રાજી તો ખેલાડી છે. તેમણે અગાઉ પણ રાજકીય કારાવાસ ભોગવેલો છે. ફરી મોખરે આવવા દરેક પ્રયત્ન કરશે. નવા નેતાની ચૂંટણી પછી મધ્યપ્રદેશની સરકાર કેટલો વખત ટકશે એ કહેવું મુશ્કેલ છે. કારણ કે મિશ્રાજી તેને કેટલો વખત ટકવા દે છે તે જ જોવાનું છે. જો સુપ્રીમ કોર્ટનો ચુકાદો તેમની તરફેણમાં આવશે તો તેઓ ફરી મુખ્યપ્રધાનપદ માટે પણ પ્રયત્ન કરશે. જાણે કે તેઓ વંશવારસનો હક્ક લઈને આવ્યા ન હોય! ઉત્તર પ્રદેશમાં ચંદ્રભાણ ગુપ્ત જ મુખ્યપ્રધાન હોય, મધ્યપ્રદેશમાં દ્વારકાપ્રસાદ મિશ્રા જ મુખ્ય પ્રધાન થઈ શકે-એવું કયાં સુધી ચાલશે?

દિલ્હીના ચંદ્રશેખર પ્રકરણે કૉંગ્રસ પક્ષને પાયામાંથી હચમચાવી, વરિષ્ઠ નેતાગણના પરસ્પરના અવિશ્વાસ ઉઘાડા પાડ્યા. મોરારજીભાઈ તરફ કાદવ ઉડાવવામાં ઈન્દિરાજીના ટેકેદારોએ ભાગ લીધો, એવો આક્ષેપ થયો. તેની સામે શિસ્તભંગનું પગલું લેવા આગ્રહ થયો. પક્ષની કારોબારી અને વર્કિંગ કમિટીમાં ઉગ્ર ચર્ચા થઈ. આ વાત ઊભી તો કરી, પણ હવે સાપે છછુંદર ગળ્યા જેવું થયું છે. ચંદ્રશેખરને પક્ષ કે દેશની કેટલી પડી છે તે જોવાનું છે.

તેમણે ઈરાદાપૂર્વક આક્ષેપો કર્યા છે. મોરારજીભાઈની ચેલેંજનું બાણ વચ્ચે જ ઊભું છે. કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષની બેઠકમાં પ્રશ્ન લઈ જવાશે કે પછી ભીનું સંકેલાશે એ જોવાનું છે. અંતે તો કોઠી –ઘોઈને કાદવ જ નીકળવાનો છે. વડાપ્રધાન એકઝીકયુટીવમાંથી કારોબારીમાંથી–જનરલ બોડીમાં (સામાન્ય સભામાં) આ પ્રશ્ન લઈ જવા માગે છે. ત્યાં કદાચ ચંદ્રશેખરની સામે જરૂરી બહુમતી ન મળે.

'ઈન્ડિયન એક્ષપ્રેસ' માં પરમ દિવસે અગ્રલેખમાં જાણીતા પત્રકાર ફ્રેંક મોરાઈઝે લખ્યું છે કે, "વડાપ્રધાને પોતાના સાથી-દારોનો બચાવ કરવો જ જોઈએ. ક્લેકટીવ રીસપોન્સીબિલિટી–સામુ-દાયિક જવાબદારી–માંથી તેઓ છટકી ન જઈ શકે." આજે તેમણે ફરી અગ્રલેખમાં લખ્યું છે કે "ઈન્દિરાને નેતાપદેથી દૂર કરવાનો કોઈ પ્રયત્ન વ્યર્થ છે. એટલે કે તેમના લખ્યા પછી કદાચ દિલ્હીમાં એવી હિલચાલ ઊભી થઈ પણ હોય કે આવા નબળા વડા-પ્રધાનને બદલવા જોઈએ. એટલે તેમને ખુલાસો કરવો પડયો, 'આજે નેતાગીરી બદલી કાંગ્રેસ કશું મેળવી શકશે નહીં." પહેલાં તેમણે લખ્યું હતું કે "બન્ને સાથે મળીને કામ કરો."

આર્થિક દૃષ્ટિએ પ્રમાણમાં સ્થિતિ સારી થતી જાય છે. ખેતી ને વ્યાપારઉદ્યોગ બન્નેમાં ઉપરનો જુવાળ છે; સુધરતી સ્થિતિ છે. વર્ષ સારું ગયું, પણ તેનો પૂરો લાભ લેવાયો નથી. અનાજની ઝોનબંધી હજી યે રાખી બેઠા છે. મારી સમજમાં નથી આવતું કે ઝોન-બંધી શા માટે રાખી છે? શેરબજાર, ટેક્ષટાઈલ, એન્જિનિયરીંગમાં સુધરતી સ્થિતિ છે. પણ રાજ્યકીય સ્થિરતા ન હોય ત્યારે આર્થિક પ્રગતિ રૂંધાય છે. રાજકીય સ્થિરતા માટે વિશ્વાસ ન હોય તો આર્થિક ક્ષેત્રે કોઈ જોખમ ખેડવા તૈયાર ન થાય. આજે રાજકીય સ્થિરતા જોખમાતી જાય છે. ચોથી યોજના આર્થિક વિકાસનો મેજર પ્લાન છે. તે ચોથી યોજના જ છેવટની નક્કી થતી નથી. તે ધકેલાયે જ જાય છે. તેનું કારણ શું? ચોથી યોજના પાર પાડવા નાણાં–સાધનો કેન્દ્રે કે રાજ્યોએ ઊભાં નથી કર્યાં. કેન્દ્રે ૧૦૦ કરોડ આ બજેટમાં ઊભા કર્યા છે. કૃષિ ક્ષેત્રને હજી તો માત્ર આંગળી અડાવવાની હિંમત કરી, એમાં તો હો હા થઈ ગઈ. બંધારણીય મુદ્દો ઊભો થયો કે આ તો રાજ્યનો વિષય છે. રાજ્યના નાણાં–સાધન પર તરાપ મારવામાં આવી રહી છે. પણ તેમાં તથ્ય નથી. તથ્ય એ વાતમાં છે કે કૉંગ્રેસ અને કૉંગ્રેસી ઉમેદવારો સુખી ખેડૂતોને નારાજ કરવા તૈયાર નથી. ઉદ્યોગો અને શહેરો પર ક્રરબોજ વધારાય છે, પણ ખેતીવિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થયો, છતાં ય તેનો દેશને લાભ મળતો નથી. અને ખેતી પરનો મિલ્કતવેરો કોના ઉપર પડ-નાર છે? માલદાર અને ધનિક ખેતીવાળાઓ ઉપર. ગામડામાં ગરીબી છે, પણ ખેડૂતોની સ્થિતિ એકંદરે ઘણી સુધરી છે. શહેરના નીચલા મધ્યમ વર્ગની હાલત બૂરી છે. તેના કરતાં ખેડૂતોની હાલત સારી છે. ઍગ્રીકલ્ચરલ ઈન્કમટેક્ષ (ખેતી પરનો આવક વેરો) કેવળ મહારાષ્ટ્રમાં છે. અને તેની લીમીટ રૂા. ૩૬ હજારની છે. એથી કેટ-લાય કેળવાયેલા અને ધંધાદારી લોકો તથા નિવૃત્ત અમલદારો હવે ખેતીના ધંધામાં પડયા છે. કાળા નાણાંને ધોળા કરવાનો પણ તે એક રસ્તો છે.

બધાં રાજ્યોએ ખાધવાળાં બજેટો રજૂ કર્યા, છતાં કર નાંખ્યા નથી. રાજ્યો યોજનાઓ માટે નાણાં ઊભાં ન કરે તો પૈસા કયાંથી આવે? આર્થિક વિકાસ કેમ થાય? અસંતોષ કેમ દૂર થાય? આ બધું ક્યાં અટકશે? કેટલાંક રાજ્યોએ ઈરાદાપૂર્વક મોટી ખાધ બતાવી છે - કેન્દ્રને મુંઝવવા માટે. મોરારજીભાઈએ કેટલીક સાફ વાતો કરી છે, પણ તેમનું કેટલું ચાલશે?

૫. બંગાળ કહેશે કે યોજના માટે નાણાં નહીં આપો તો લોકોને ઉશ્કેરશું. અત્યારના બંધારણમાં કેન્દ્રના હાથમાં આર્થિક સત્તા સારા-પ્રમાણમાં છે. કેન્દ્ર ઉપર રાજ્યોનો આધાર રહે એવી ગોઠવણ છે. નાણાંપંચો નિમાય છે. તે ઉદારતાપૂર્વક ફાળવણી કરે છે. પણ રાજ્યો કેન્દ્રની નબળાઈ જાણે છે. જેટલું વધુ મુંઝવે તેટલું વધુ મળે તેમ તેઓ માનતા થયા છે.

આપણું બંધારણ 'ફેડરલ કોન્સ્ટીટયુશન - સમવાયી બંધારણ' ગણાય છે. આવા તંત્રમાં કેન્દ્રમાં ઓછી ને રાજ્યોમાં વધારે સત્તા-ઓ હોય છે. પણ આપણે ત્યાં કેન્દ્રને વધુ સત્તા આપી છે. બંધા-રણ ઘડાતું હતું ત્યારે એકવાર કેવળ વિદેશ ખાતું, લશ્કર અને માર્ગવહેવારનું તંત્ર કેન્દ્ર હસ્તક રહે અને બીજી બધી સત્તા રાજ્યોને રહે એવી દરખાસ્ત હતી. પણ બંધારણ ઘડતરના ત્રણ વર્ષ દરમિયાન આ વિચારો બદલાયા અને મજબૂત કેન્દ્રની જોગવાઈ બંધારણમાં થઈ છે. મજબૂત કેન્દ્ર વિના દેશની એકતા અને સુરક્ષા ભયમાં મૂકાય. સ્વતંત્રતા પછીનાં ૨૦ વર્ષોમાં બંધારણને કારણે જેટલી એકતા જળવાઈ તેટલી જ, કદાચ તેથી વિશેષ, કૉંગ્રેસને કારણે જળવાઈ. કેન્દ્ર અને બધાં રાજ્યોમાં કૉંગ્રેસની સત્તા હતી. તેથી એકસૂત્રી રાજનીતિ જળવાઈ રહી.

હવે કૉંગ્રસની એકતાનું બળ રહ્યું નથી. કૉંગ્રસ વરિષ્ઠ-મંડળ અગાઉ ૧૬ રાજ્યોના મુખ્ય પ્રધાનોને આદેશ આપી શકતું, હવે તો કૉંગ્રસી મુખ્ય પ્રધાનો પણ માને છે કે 'નબળી ગાય'ને લાત મારવામાં વાંધો નથી.

૧૯૭૨ ની ચૂંટણીમાં કેન્દ્રમાં કૉંગ્રેસ ન રહે તો શું થાય એ ભારે ચિન્તાનો વિષય છે. વરિષ્ઠ નેતાઓના મતભેદો પણ ચિન્તાનો પ્રશ્ન છે. ફ્રાન્સમાં આવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. કોઈ પણ એક પક્ષ દેશને સ્થિર સરકાર આપી શકે તેમ ન હતો. ત્યારે દ'ગોલે દેશના તારણહારનું કામ કર્યું. પણ ત્યાં તો વર્ષોથી એક રાજ્ય, એક પ્રજાની ભાવના લોકોમાં વખણાયેલી છે. આપણે ત્યાં એવી એકા-ત્મતા કેળવવાની જરૂર છે. કાં તો કૉંગ્રેસી નેતાઓ તેઓના મતભેદો ભૂલી એક થાય. તેમ ન થાય તો કૉંગ્રસનાં વિવિધ બળો છૂટાં થઈ 'લાયક માઈન્ડેડ' (સરખા મતવાળા) પાર્ટીઓ સાથે જોડાઈ જાય અને નવા રાજકીય પક્ષો રચાય. ૧૯૭૨ પહેલા કૉંગ્રેસે ગંભીરપણે આ વાતનો વિચાર કરવાનો રહે છે.

ચંદ્રશેખર પ્રકરણે તો આ પરિસ્થિતિનું માત્ર એક ચિન્હ જ હતું. આ રોગનાં મૂળ ઊંડાં છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

શ્રી ભારત જૈન મહામંડળની અપીલને મળેલો સંતોષકારક આવકાર

તા. ૧૬-૨-૬૯ ના 'પ્રબુદ્ધ જીવન' માં જાહેર કરવામાં આવી હતી એ મુજબ માર્ચ માસની ૧૧ મી તારીખે, ભારત જૈન મહા-મંડળના લાભાર્થે "બાંધવ માડીજાયા" નામનું એક નાટક રાખવામાં આવ્યું હતું. પ્રસ્તુત આયોજનને લગતા પ્રચાર અને પરિશ્રમના પરિણામે ભારત જૈન મહામંડળના ફંડમાં આશરે કુલ રૂા.૧,૧૫૦૦૦ની રકમ ભરાઈ છે. આ ઉપરાંત ક્રોટમાં આવેલા હોર્નિ-મેન સર્કલની એક બાજુના મકાનમાં ત્રીજે માળે સાહુ શ્રેયાંસપ્રસાદ જૈનની ઑફિસ હતી, તે ઑફિસ તેઓ અન્યત્ર લઈ ગયા છે અને તે ઑફિસનો અમુક ભાગ સાહુજીએ કશું પણ વળતર લીધા સિવાય શ્રી ભારત જૈન મહામંડળને ત્રણ વર્ષ સુધી વાપરવા આપ-વાની કૃપા કરી છે. આવી ઉદારતા માટે સાહુજીને અનેક ધન્યવાદ ઘટે છે. અને આ બધી અનુકૂળતાઓને પરિણામે ભારત જૈન મહા-મંડળને મુંબઈના કેન્દ્રસ્થાને પોતાનું સ્વતંત્ર કાર્યાલય શરૂ કરવાની સગવડ મળી છે અને ઉપર જણાવેલ ભંડોળની પ્રાપ્તિના પરિણામે ચાલુ કાર્યવાહીને લગતી આર્થિક ચિન્તા પણ સરળ બની ગઈ છે.

"બાળ મનોવિકાસ"

મારા મિત્ર ભાઈ શ્રી રમણલાલ પટેલે લખેલા 'બાળ મનોવિકાસ' નામના પુસ્તકનું કવે કૉલેજના મનોવિજ્ઞાનના અધ્યાપિકા બહેન શ્રી હર્ષિદા પંડિતે કરેલું અવલોકન ૧૬મી ફેબ્રુઆરીના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યું છે. આ અવલોકનમાં ઉદ્ધૃત કરવામાં આવેલાં અમુક અવતરણો અધુરાં છે અને તેમાં રજૂ કરવામાં આવેલા અભિપ્રાયો મૌલિક અન્યાય કરનારાં છે એમ શ્રી રમણલાલ પટેલે મને જણાવ્યું "કોઈ પણ પુસ્તકનું અવલોકન કરનારને તે પુસ્તકમાંનાં વિધાનો અંગે અનુકૂળ યા પ્રતિકૂળ અભિપ્રાયો દર્શાવવાનો હક્ક છે, અને તે સંબંધિની ચર્ચામાં ઉતરવામાં આવે તો આવી ચર્ચા - પ્રતિચર્ચાનો અંત ન આવે, તેથી તેવી ચર્ચાને પ્રબુદ્ધ જીવનમાં હું અવકાશ આપી ન શકું, પણ પ્રસ્તુત અવલોકનમાં ઉદ્ધૃત કરવામાં આવેલાં અવતરણો અંગે તેમને જે કહેવાનું હોય તે જો તેઓ લખી મોકલે તો તે પ્રબુદ્ધ જીવનમાં હું જરૂર પ્રગટ કરીશ" એમ ભાઈશ્રી રમણલાલને મેં જણાવેલું. તેના અનુસંધાનમાં તેમણે મારી ઉપર મોકલેલું લખાણ અને તે સંબંધમાં હર્ષિદાબહેનનો ટુંકો જવાબ નીચે પ્રગટ કરું છું અને આ રીતે એ ચર્ચા હવે બંધ કરવામાં આવે છે. પરમાનંદ

શ્રી રમણ પટેલનો હકીકતલક્ષી ખુલાસો

"બાલ મનોવિકાસ" દરેક માબાપને ઉપયોગમાં આવે તે હેતુથી લખાયેલું પુસ્તક છે. તેમાં બાળકનો માનસિક વિકાસ કેવી રીતે થાય છે તેનું સરળ વર્ણન કરવામાં આવ્યું છે.

આ પુસ્તકનું અવલોકન કરવામાં શ્રીમતી હર્ષિદા પંડિતે જેને ક્ષતિ તરીકે ગણ્યા છે તેવા કેટલાક મુદ્દાઓની સાચી રજૂઆત કરવા, પુસ્તકમાંથી જ સીધા ઉતારા આપું છું.

(૧) શ્રીમતિ પંડિત લખે છે, "પાંચ પાન પર,

લેખક 'બાળકની જીવનશકિતની પાંચ જુદી જુદી ભૂમિકાઓ' એવો શબ્દપ્રયોગ કરે છે, પરંતુ એનો ઉલ્લેખ છેક સોળમાં પ્રકરણમાં પાન ૧૧૭ થી શરૂ થાય છે"

પુસ્તકમાં પાન પાંચ પર નીચે પ્રમાણે લખેલું છે.

"બાળકની જીવનશકિત, પહેલાં પાંચ વર્ષમાં જુદી જુદી ભૂમિકાઓમાંથી પસાર થઈ ઉત્તરોત્તર વિકાસ પામે છે. બાળક જ્યારે છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે તેની શકિત તેની છેલ્લી અવસ્થામાંથી પસાર થાય છે. જન્મથી આવેલી આ શકિત બાળક જન્મે છે કે તરત વહેવા લાગે છે."

(૨) અવલોકનકાર લખે છે

"Psychosis એટલે ગાંડપણ અને neurosis એટલે માનસિક બિમારી એમ માત્ર કહેવાને બદલે થોડી વધુ સ્પષ્ટતા કરી હોત તો? આ પર્યાયો વિષે પુરતી સમજૂતી ન આપી હોવાથી અને બન્ને પ્રકારના માનસિક રોગોનાં લક્ષણ ન વર્ણવ્યાં હોવાથી સામાન્ય વાચકના મનમાં ગેરસમજૂતી થવાનો પૂરો સંભવ છે."

હવે વાંચો પુસ્તકમાં શું લખેલું છે –

"માનસિક બિમારી એટલે ગાંડપણ નહિ. ગાંડપણ (Psychosis) અને માનસિક બિમારી (neurosis) આ બંન્ને વચ્ચે બહુ મોટો ફરક છે. ગાંડપણ જેને આવે છે તે વાસ્તવિકતાની સમજ, વિવેકશકિત ગુમાવી બેસે છે, જ્યારે માનસિક બિમારી ભોગવતા માણસમાં વાસ્તવિકતાની સમજ હોય છે. પોતાની બિમારી વિષેની એને સમજ હોવા છતાં એ પોતાના પ્રયત્ને એનાથી મુકત થઈ શકતો નથી. દરેક માણસમાં કામ, ક્રોધ, રાગ, દ્વેષ, ભય, શોક, ચિન્તા, વગેરે હોય છે પરંતુ આમાંના કોઈ એકનું પણ પ્રમાણ વધી પડે છે ત્યારે તે માનસિક બિમારીનો ભોગ થઈ પડયો છે તેમ કહેવાય." (પાન ૧૬૬).

(૩) અવલોકનકાર લખે છે:

"અતિ અહંનું કાર્ય અહં પાસે નૈતિક ગુણોની માગણી કરવાનું અને આદર્શનું ઘડતર કરવાનું છે." એમ (પા. ૧૯૩) કહ્યા પછી તુરત "અતિઅહં અજ્ઞાતપણે એની સઘળી પ્રવૃત્તિ કરે છે અને અજ્ઞાત અસ્તિત્વ ધરાવતા આ અતિઅહં પર બુદ્ધિચાતુર્યની, વાસ્તવિકતાની, સમજની કે આવેલી વિવેકશકિતની અસર થતી નથી. (પા. ૧૯૪) એમ લેખકે શી રીતે લખ્યું હશે? અતિઅહમ્ ફ્રોઈડના મતાનુસાર પણ નીતિનો ઠેકેદાર છે જ. કદાચ શરતચૂકથી તો આવું વિરોધાભાસી વિધાન નહીં થયું હોય ને?

"આ આખા પેરામાં અવલોકનકાર શું કહેવા માગે છે તે મને તો સમજાતું નથી. જે હોય તે. આપણે આ પુસ્તકમાં શું લખ્યું છે તે જોઈએ –

"અહંનું મુળ કાર્ય બહારની દુનિયા સાથે વાસ્તવિકતપણે સંબંધ રાખવાનું છે. પરંતુ તેનું આ કાર્ય પાર પાડવામાં અંદરથી ઉઠતી વૃત્તિઓ અને અતિઅહંની માગણીઓ મુશ્કેલીઓ ઊભી કરે છે. વૃત્તિઓને જો બહાર આવવા દે તો જીવન મુશ્કેલ બની જાય; અતિઅહંની માગણીઓ પ્રમાણે વર્તે તો વૈજ્ઞાનિક સમજથી થયેલાં વર્તનો થઈ શકે જ નહિ. આથી બહારની વાસ્તવિકતા, અંદરની પ્રકૃતિ અને અતિઅહં આ ત્રણે વચ્ચે મેળ સાચવવાનું કાર્ય અહંને કરવાનું હોય છે. આ કારણે માબાપે બાળક સાથે એવી રીતે વર્તવાનું હોય કે જેથી બાળકનું અહં મજબુત બને, તેનામાં અંદરની અને બહારની મુશ્કેલીઓનો સામનો કરવાની તાકાત આવે.

"અતિ અહંનું કાર્ય અહં પાસે નૈતિકગુણોની માગણી કરવાનું અને આદર્શનું ઘડતર કરવાનું છે. જેમાં નીતિ–અનીતિનો સવાલ ગૂંચવાયેલો છે, જેમાં સામાજિક સલામતીનો ભય સમાયેલો છે તેવાં વર્તનો કરવા માટે તે અહંની ટીકા કરે છે, નિંદા કરે છે, અને તેને શિક્ષા પણ કરે છે. અહં સાથેનું તેનું વર્તન કઠોર હોય છે. અતિઅહંની સખ્તાઈ વધતી જાય તો માણસ દુષ્કૃત્યના ડંખને કારણે થઈ જાવતું આંતરિક દુઃખ વધુ ને વધુ ભોગવે છે.

"અતિઅહં અજ્ઞાતપણે એની સઘળી પ્રવૃત્તિઓ કરે છે. બાલ્યકાળથી થતી એની વૃદ્ધિ વિષે બાળક તદ્દન અજ્ઞાત હોય છે. માબાપનો પ્રેમ ગુમાવી બેસવાનો ભય કે સુન્નત કરી નાખવામાં આવશે તેવા બાહ્ય ભયનું સ્થાન અતિઅહં લે છે.

"અજ્ઞાત અસ્તિત્વ ધરાવતા આ અતિ અહં પર બુદ્ધિચાતુર્યની, વાસ્તવિકતાની સમાજની કે આવેલી વિવેકશકિતની અસર થતી નથી. તેથી એને રાજી રાખવા, ચિન્તા, ભય, શિક્ષાથી મુકત રહેવા અતિઅહં માંગે છે તેવાં વર્તનો અનિચ્છાએ પણ માણસને કરવાં પડે છે. (પાન ૧૯૩, ૧૯૪). રમણલાલ પટેલ

હર્ષિદાબહેનનો પ્રત્યુત્તર

લેખક ઉભા કરેલા પ્રથમ મુદ્દા અંગે લખવાનું કે સામાન્ય કક્ષાનાં માબાપને બાળકની જીવનશકિતની પાંચ જુદી જુદી ભૂમિકાઓ વિશે શરૂઆતમાં જ સમજાવવું જોઈતું હતું. લેખકના મનમાં જીવનશકિતનો ખાસ અર્થ અભિપ્રેત છે, એટલે "પહેલાં પાંચ વર્ષમાં જુદી જુદી ભૂમિકાઓમાંથી પસાર થઈ ઉત્તરોત્તર વિકાસ પામે છે" એટલું કહેવું પૂરતું નથી, એની વિસ્તૃત સમજૂતી પણ શરૂઆતમાં જ આપવી જોઈતી હતી એવું હું નમ્રપણે માનું છું.

મારી સમજ પ્રમાણે બીજા મુદ્દા વિષે ગાંડપણ એટલે દર્દી જે માત્ર વાસ્તવિકતાની સમજ કે વિવેકશકિત ગુમાવી બેસે, એટલું જ નહીં પણ, એના સમગ્ર વ્યકિતત્વનો હ્રાસ થાય, એ અસંબદ્ધ વર્તન વર્તે, વગેરે લક્ષણો પણ લેખકે ઉમેરીને (Neurosis) માનસિક બિમારી તથા ગાંડપણ (Psychosis) વચ્ચેનો તફાવત સમજાવવો જોઈતો હતો. આ પુસ્તક સામાન્ય વાચક માટે લખાયું છે માટે તો ખાસ.

આ ફકરામાં અવલોકનકાર ફકત એટલું જ કહેવા માંગે છે કે અતિઅહમ્ અજ્ઞાત અસ્તિત્વ ધરાવતું નથી. લેખક અતિઅહમ્ના કાર્યનું વર્ણન પાન ૧૯૩ પર બરાબર રીતે કરે છે અને પાછું પાન ૧૯૪ પર એને અજ્ઞાત અસ્તિત્વ ધરાવતું વર્ણવે છે એ સહેજ નવાઈ પમાડે છે. હર્ષિદા પંડિત

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ખત્તર સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : શ્રી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૦ : અંક ૨૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૬૯, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી બચુભાઈ રાવતનો વાર્તાલાપ

તા. ૨૮-૨-૬૯ શુક્રવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ધી ગ્રેન, રાઈસ ઍન્ડ ઑઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતનો, તેઓ સાડાત્રણ મહિનાનો યુરોપ–અમેરિકાનો પ્રવાસ કરીને ડીસેમ્બરની મધ્યમાં અમદાવાદ ખાતે પાછા ફરેલા તે પ્રવાસના સંદર્ભમાં, સાંજના વખતે એક વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો. શ્રી બચુભાઈ રાવતને સંઘ તરફથી આવકાર આપતાં સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદભાઈએ જણાવ્યું કે "કુમારના તંત્રી શ્રી બચુભાઈ રાવતને આપમાંથી કોઈ પણ ઓળખતા ન હો એમ બને જ નહિ, તેથી તેમનો ખાસ પરિચય આપવાની હું જરૂર જોતો નથી. તેમને આપણા સંઘના સભ્યો સમક્ષ રૂબરૂ કરવા કેટલાય સમયથી ઈચ્છી રહ્યો હતો, પણ એવો સરખો યોગ આજ સુધી ઉપસ્થિત થયો નહોતો. ગયા ઑગસ્ટ માસમાં તેઓ અહિંથી પરદેશ જવા વિદાય થયા, ત્યારે સંઘ તરફથી વિદાયસભા ગોઠવવા હું બહુ આતુર હતો, પણ તે વખતે પણ તેમના મુંબઈના ટૂંકા નિવાસ દરમિયાન સભ્યોને ખબર આપીને સભા ગોઠવવાનું શક્ય નહોતું. આ વખતે તેમનું ગાંધી શતાબ્દી નિમિત્તે મુંબઈ આવવાનું થયું અને તેઓ લગભગ અઠવાડિયું રોકાવાના છે એમ જાણ થતાં, આ સભા ગોઠવવા માટે સર્વ પ્રબંધ કર્યો અને પરિણામે આજે આપણે આપણી વચ્ચે બચુભાઈને અહિં લાવી શક્યા છીએ. આ કારણે હું અંગત રીતે ખૂબ આનંદ અનુભવું છું અને મારી તેમ જ આપ સર્વની વતી તેમને હું હાર્દિક આવકાર આપું છું. મારા મિત્ર રવિભાઈ 'કુમાર'નું સંપાદન કરતા હતા તેની શરૂઆતથી જ–કુમાર કાર્યાલયમાં બચુભાઈ જોડાયા ત્યારથી–હું તેમને ઓળખું છું અને ત્યારથી અમારો પરસ્પર સંબંધ વધારે ગાઢ થતો ગયો છે અને અમે એકમેક વિષે આત્મીયતા અનુભવતા થયા છીએ.

"કુમાર ગુજરાતી ભાષાનું તો સર્વોત્કૃષ્ટ માસિક છે, પણ ભારતભરનાં સચિત્ર માસિકોમાં પણ 'કુમાર' માસિક અનોખું સ્થાન ધરાવે છે. આપણે મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોના નાતે એકમેકને યુવક તરીકે ઓળખાવીએ છીએ, એમ છતાં આપણામાંના ઘણા યુવકભાવથી જેમ આગળ ગયા છે તેવી રીતે કુમાર માસિક મૂળ તો ૧૫-૨૦ વર્ષના કુમારો માટે શરૂ કરવામાં આવેલું, એ કુમાર એ અર્થમાં આજે કુમાર રહ્યું નથી અર્થાત્ કુમાર પ્રૌઢોનું માસિક બની બેઠું છે એમ કહું તો ખોટું નથી. આમ છતાં પણ 'કુમાર' જે રસસામગ્રી પીરસે છે તેવી રસસામગ્રીનો આસ્વાદ અન્ય કોઈ માસિકમાં ભાગ્યે જ માણવા મળે છે, અને આ પણ પોતાની આગવી પ્રતિભા અને સુરુચિનું ધોરણ જાળવીને. આવા 'કુમાર'નું સંવર્ધન કરવા પાછળ અને તેમાં સતત નવા નવા ક્લા–અંશોની પૂરવણી કરવા પાછળ બચુભાઈ પોતાની કાયાને જે રીતે ઘસી રહ્યા છે અને પોતાની બુદ્ધિશક્તિને જે રીતે કસી રહ્યા છે તેનો હું વર્ષોનૂનો સાક્ષી છું અને એટલે કુમાર અને બચુભાઈ પર્યાયવાચી શબ્દો બની શક્યા છે. આવા બચુભાઈને હું ફરીથી આવકારું છું અને આમ તો આજનો વાર્તાલાપ તેમના તાજેતરના પ્રવાસને અનુલક્ષીને ગોઠવવામાં આવ્યો છે એમ છતાં પ્રવાસની વાતોની સાથે સાથે કુમારના સંપાદક તરીકેના બહોળા અનુભવમાંથી તેમને જે કંઈ કહેવા–રજૂ કરવાનું મન થાય તે મુક્ત મને કહેવા મારું તેમને નિમંત્રણ છે. તેઓ કહેતાં થાકશે, અમે સાંભળતાં નહિ થાકીએ તેની હું તેમને ખાત્રી આપું છું."

ત્યારબાદ શ્રી બચુભાઈએ એમની વિદેશયાત્રાને કેન્દ્રમાં રાખીને નીચે મુજબ વિવેચન કર્યું:–

જીવનભર મેં લખવાનું કાર્ય કર્યું છે, બોલવાનું કર્યું નથી. એટલે તમારી જિજ્ઞાસા કેટલી સંતોષી શકાય એ એક પ્રશ્ન છે. એટલું કહી દઉં કે વિદેશ જવાનું સદ્‌ભાગ્ય જે રીતે બીજાઓને સાંપડે છે એટલે કે, કાં તો ભારત સરકારનાં કોઈ પ્રતિનિધિમંડળમાં જવાનું હોય–કાં તો ત્યાંની સરકારનાં નિમંત્રણથી જવાનું હોય–આવું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું ન હતું. એક વ્યાપારી કે એક વિદ્યાર્થી તરીકે જવાનું સદ્‌ભાગ્ય મારું ન હતું. બાળપણમાં અમારી પડોશમાં ચાર અંગ્રેજો રહેતા, પિતા એ અંગ્રેજોને ત્યાંથી તેમ જ ઠાકોરસાહેબને ત્યાંથી અંગ્રેજી છાપાં લઈ આવતા એ હું વાંચતો. ત્યારથી, કુમાર અવસ્થાથી જ સાહિત્યનો નાદ લાગ્યો. વળી સ્વામી સત્યદેવનો અમેરિકાનો પ્રવાસ પણ સોળ સત્તર વરસની ઉમરે વાંચેલો ત્યારથી જ એક આકાંક્ષા પરદેશ જવાની હતી પણ સંજોગો અનુકૂળ ન હોઈ પરદેશ જવાનું પાર પડે એમ હતું નહિ. કેટલાક મિત્રોએ એલચી ખાતાંઓમાં મારું નામ પણ સૂચવ્યું હતું પણ ઉમરનો બાધ નડતો હતો. આમ એ મનીષા મેં છોડી જ દીધી હતી. એવામાં જન્મભૂમિના ખબરપત્રી શ્રી રમણીકલાલ સોલંકી, જે મારા મિત્ર છે એમનો ઈંગ્લેન્ડથી પત્ર આવ્યો–પાસપોર્ટ તૈયાર રાખો–આમ સંજોગો સાનુકૂળ થતા ગયા.

મારી આ વિદેશયાત્રામાં 'કુમાર'ના ચાહકોના સદ્‌ભાવ ઉપરાંત બધો આર્થિક બોજો ઈંગ્લાન્ડ–અમેરિકાનાં મિત્રોએ જ ઉપાડી લીધો હતો. એમનાં આ ઋણનો મારે સ્વીકાર કરવો જોઈએ.

શ્રી રમણીકલાલ સોલંકી એક 'ગરવી ગુજરાત' નામનું પખવાડિક પત્ર કાઢે છે, એમણે ઈન્ગ્લાન્ડનાં મારા પ્રવાસની બધી રૂપરેખા કરી હતી અને ઈન્ગ્લાન્ડ ગયા પછી અમેરિકાથી મારા એક મિત્રે મારો અમેરિકાનો પ્રવાસ ગોઠવ્યો હતો.

વિદેશ જઈ આવ્યા પછી મને બધા બે જ પ્રશ્નો વિશેષ પૂછે

છે; મારા પોશાક અને મારા ખોરાક વિશે. તો, પોશાક તો મેં આ જ–રાષ્ટ્રીય પોશાક–રાખ્યો હતો અને ખોરાકની મુશ્કેલી–ઈન્ગ્લાન્ડમાં તો અઢી માસ ગુજરાતીઓ સાથે જ રહ્યો હતો તેથી તેમ જ ત્યાં હજારોની સંખ્યામાં ગુજરાતીઓ–હિંદીઓ વસતા હોવાથી–બિલકુલ પડતી જ નહોતી. અમેરિકામાં પણ સારાં ફળો અને શાકભાજી મળે જ છે એટલે, પોશાક અને ખોરાકની કોઈ તકલીફ પડી નથી.

વળી, મારા જે યજમાન હતા તે સામાન્ય સ્થિતિવાળા હતા એટલે, ત્યાંની મધ્યમ વર્ગની પ્રજા વચ્ચે રહેવાની તક મળી, તેથી એ પ્રજાની આંતરિક સ્થિતિ જોવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું. ઈન્ગ્લાન્ડમાં બધું મોઘું – પણ ખોરાક પ્રમાણમાં મોંઘો નથી, આ સિવાય, જે કંઈ મળે એ શુદ્ધ અને ભેળસેળ વિનાનું.

વિદેશની યાત્રામાં મારા રસના વિષયો બે હતા; પત્રકારિત્વ અને કલાનું દર્શન. વળી હું કોમનવેલ્થ પ્રેસ યુનિયનનો સભ્ય હોવાથી તેમ જ મારા મિત્ર કાંતિ સોલંકી ત્યાંના પત્રકાર જગતમાં સારો સંપર્ક ધરાવતા હોવાથી એ ક્ષેત્રમાં હું ઠીક ઠીક જોઈ – જાણી શક્યો. મારી વિશેષ જિજ્ઞાસા પ્રાંતીય પત્રકારત્વ વિષે જાણવાની હતી–જે આપણે ત્યાં ખીલ્યું નથી. છેલ્લા થર સુધી પ્રજાને કેળવવા માટે તે અગત્યનું સાધન છે. ત્યાં તમે કોઈ પણ નાના ગામમાં જાવ ત્યાં એ ગામ કે પરગણા પૂરતું એક પત્ર તો નીકળતું જ હોય – આ પત્રમાં સ્થાનિક સમાચારો ને સ્થાનિક પ્રશ્નો જ અગત્યનું સ્થાન ધરાવતા હોય છે. પ્રત્યેક ગામ - પરગણાને પોતાની આગવી સાંસ્કૃતિક પરંપરા પણ હોય છે. તેને પણ આ પત્ર પોષતું – વિકસાવતું રહે છે. મારા પ્રવાસમાં ગામડાંઓમાં જવાની ઠીક ઠીક તક મને સાંપડી.

લંડનમાંથી નીકળતું લંડનનું 'ટાઈમ્સ' એનો ફેલાવો ઓછો – પણ અભિપ્રાયનું વજન ઘણું. રાજદ્વારી આગેવાનો 'ટાઈમ્સ' નો અભિપ્રાય પહેલા વાંચે. તો બીજા છેડાનું – અત્યંત લોકપ્રિય પત્ર 'ડેઈલી મિરર' એ જનતાનું દૈનિક ગણી શકાય. એની રોજિંદી આવૃત્તિ બાવન લાખની અને રવિવારની આવૃત્તિ ૬૦ લાખની! એ બન્ને પત્રોની કચેરીઓ જોવાની તક મને મળી. આ ઉપરાંત સામયિક પત્રોના પ્રકાશનમાં 'ધ ન્યુ સાયન્ટિસ્ટ, ધ ન્યુ સોસાએટી અને ધ જ્યોગ્રાફિકલ મેગેઝીનની નાની સરખી પ્રકાશનસંસ્થા હું જોઈ શક્યો. છેક કુમાર વયથી હું જેનો ચાહક છું તે ઈંગ્લાંડના પ્રથમ અને અગ્રિમ ચિત્રમય સાપ્તાહિક ધી ઈલસ્ટ્રેટેડ લંડન ન્યુસની કારવાઈ જોવાની તક મળી તેથી મને અત્યંત પરિતોષ થયો. 'લંડન ટાઈમ્સ' સાથે આ પત્રના પણ માલિક લોર્ડ ટૉમસન આજે પત્રકારિત્વની દુનિયાનો બેતાજ બાદશાહ ગણાય છે. છેલ્લાં પાંચેક વર્ષથી હું તેને વિષે ખૂબ વાંચતો આવ્યો છું. એના જેવા સાથે મારી દસ મિનિટની મુલાકાત ગોઠવાઈ હતી. એમને હું તથા ભાઈ સોલંકી મળવા ગયા. અમે પાંચેક પ્રશ્નો તૈયાર રાખ્યા હતા, જેમાં એક પ્રશ્ન, એમને આટલી ઉંમરે પણ આટલું સખત કામ તેઓ કરે છે ઓના રહસ્ય વિષે પૂછયો. ત્યારે એમનો જવાબ હતો: મારા કામમાં ઉત્કટ રસ અને નિયમિત અને મિતાહારી જીવન. બીજો એક પ્રશ્ન મારો હતો, – તમારી જ માલિકીનાં બે પત્રોની રાજકીય માન્યતાઓમાં ફેર હોય છે એ વાત સાચી? ત્યારે તેમણે કહ્યું, 'હા, હું સંપાદકીય – તંત્રીગત અભિપ્રાયોની બાબતોમાં મારાં જુદાં જુદાં પત્રોના તંત્રીઓને સંપૂર્ણ મુક્ત રાખું છું – એમની વચ્ચે હું આવતો નથી. હું તો ફક્ત જોઉં છું વર્ષના અંતેનું 'બેલેન્સ શીટ.' 'દુનિયાભરમાં તમારી માલિકીનાં પત્રો છે, તો તમે ભારતમાંથી પણ પત્ર ચલાવવાનું વિચારો છો ખરા? આ પ્રશ્નના જવાબમાં તેઓએ કહ્યું, 'તમારી સરકાર મને રજા ન આપે, અને ખાસ તો 'ભારત'માં હું કોઈ 'બિઝનેસ' જોતો નથી. છેલ્લો પ્રશ્ન મેં એમના 'ઓવરકોટ'ની વાત વિષે પૂછયો, જે એમણે એક સ્ટોરના સેઈલમાં અરધો કલાક કયૂમાં ઊભા રહી ૧૯ પૌન્ડની ઓછી કિંમતે (કરકસર ખાતર) ખરીદ્યો હતો. એમણે કહ્યું કે, 'હા, એ વાત સાચી છે.' એક હજામના છોકરામાંથી આ પદે પહોંચનાર એ સ્વાશ્રયી માણસની ઘડતરકથા 'કુમાર'માં આપવા માટે જરૂરી સામગ્રી મેં માગી ત્યારે તેમણે તાજી બહાર પડેલી પોતાની જીવનકથા મને ભેટ આપી. એમને મળીને બાજુમાં ઈલસ્ટ્રેટેડ લંડન ન્યૂઝની કચેરીમાં અમે ગયા. એ સચિત્ર સાપ્તાહિકનું મુદ્રણકામ તો ત્યાંથી ૪૦ માઈલ દૂર આવેલા પ્રેસમાં થાય છે, પણ તેની લેખસામગ્રી આધુનિક યંત્રોની મદદથી તતક્ષણ મોકલવામાં આવે છે એ વીજળીક તરકીબો મુગ્ધકર હતી. બીજી ખાસ નોંધપાત્ર બીના એ હતી કે એ પત્રના તંત્રી તથા લગભગ બધા વિભાગીય તંત્રીઓ તદ્દન યુવાન વયના હતા. અમે મળ્યા તે મદદનીશ તંત્રીની ઉંમર ચોવીસેક વર્ષની હતી. એમની નીતિ વિકાસોન્મુખી હતી – આવતી પેઢીને શું આપવું જોઈએ તેની ખેવના એ પ્રજા બહુ રાખે છે. વળી, અંગ્રેજોમાં એક ખાસિયત છે કે મુકત અભિપ્રાયોનો તે આદર કરે છે. તમારો મત દબાવીને એમની હા એ હા તમે કરતા હો તો સંભવ છે કે તમે એમના પર સારી છાપ ન પાડી શકો.

લંડન 'ટાઈમ્સ' જેમ પીઢ વિચારણાનું પત્ર છે, તેમ 'ડેઈલી મિરર' એ બીજા છેડાનું જનસામાન્યનું સૌથી બહોળો ફેલાવો ધરાવતું માનીતું પત્ર છે. ૨૭૦ ફૂટ ઊંચા અને જમીન ભીતરમાં ચાર બેઈઝમેન્ટ સાથે ૧૬ માળના તેના વિશાળ ને અદ્યતન મકાનમાં એનાં સાંચાસ્ટોરથી માંડીને પુસ્તકપ્રકાશન સુધીનો સમાવેશ છે. જાણે એક નાનુંસરખું ઉદ્યોગનગર! લંડનં 'ટાઈમ્સ' દુનિયાભરમાં તેની ઑબિટ (ઑબિચ્યુઅરી - સદ્યસંપૂર્ણ અવસાન–નોંધ) ની વિશિષ્ટતા માટે વખણાય છે એમ એના નિદર્શકે મને કહ્યું. જગતના કોઈ પણ દેશની કોઈ પણ ક્ષેત્રની વ્યક્તિવિશેષની અવસાન નોંધ માટે જરૂરી સામગ્રી તે માટેના તેના વિશાળ આગારમાંથી ઘડીના છઠ્ઠા ભાગમાં મળી રહે. એમ 'ડેઈલી મિરર' ની વિશિષ્ટતા તેની છબિ – વિપુલતા અને ટૂંકા લખાણ માટે છે. તેના નિદર્શકે અમને કહ્યું છે કે લાંબાંલચ લખાણો વાંચવાનાં વખત કે વૃત્તિ જેને નથી એવો અમારો વાચકવર્ગ મુખ્ય સમાચારની છબિઓ નીચે મુદ્દાસર ને પરિમિત લખાણ પસંદ કરે છે. લેખનલાઘવ –(થોડી જ લીટીઓમાં બધાં મુદ્દા–માહિતી સમાવી લેવાની કળા) એ અમારા સંપાદનની વિશિષ્ટતા છે.

મને એક પ્રશ્ન વારંવાર પૂછાયો છે કે ઈંગલાંડ અને અમેરિકાના લોકો વચ્ચે તમને શો તફાવત લાગ્યો? બન્ને પ્રજા પોતાની રીતે નિરાળી છે. ઈન્ગલાન્ડ પાસે ઈતિહાસ અને સંસ્કારની એક મોટી પરંપરા છે; એટલે એ રીતે ઈંગલાન્ડની પ્રજામાં તમને જે જણાશે તે અમેરિકાની પ્રજામાં નહિ જોઈ શકો–અમેરિકાનો ઈતિહાસ માત્ર સાડાત્રણસો વર્ષનો, અને યુરોપની જુદી જુદી પ્રજા આવીને ત્યાં વસી એટલે ત્યાં નાનાવિધ પ્રજાના સંસ્કારનો–સંસ્કૃતિનો સમન્વય છે. ઈન્ગ્લાન્ડની પ્રજામાં જે ખમીર જોશો એવું અમેરિકાની પ્રજામાં નહિ જુઓ. ઈન્ગ્લાન્ડની પ્રજા ઠાવકી અને અતડી – રીઝર્વ લાગે, જ્યારે અમેરિકનો નિખાલસ ને બોલકણા લાગે. અંગ્રેજો તેના ઓછાબોલાપણા માટે – અન્ડરસ્ટેટમેન્ટ માટે જાણીતા છે, અમેરિકનો બહુબોલા – કંઈક તડાકાબાજ લાગે.

મારા કલારસની તૃપ્તિ માટે મેં ત્યાં શકય તેટલાં મ્યુઝિયમો અને પીકચર–ગૅલેરીઓ જોયાં. એનાં પ્રમાણમાં આપણે તો ઘણા પાછળ છીએ એમ લાગે. બ્રિટિશ મ્યૂઝીયમ મેં છૂટક છૂટક ત્રણ દિવસ સુધી જોયું તો ય માત્ર ઉપર ઉપરથી જ જોઈ શકાયું. ત્યાં પ્રદર્શિત વસ્તુઓ તથા ચિત્રોની માહિતી અને રસાસ્વાદ આપતી ટેઈપવાળાં ખિસ્સાયંત્રો થોડા શિલિંગના ભાડાથી મળે છે, જે

ગજવામાં રાખી, તેનો શ્રવણ છેડો કાનમાં ભરાવી સ્વિચ દાબો એટલે ટેઈપ બોલવા માંડે. અહીં બાળકોના પણ કાર્યક્રમો સતત ચાલતા જ હોય છે. ભાવિ પેઢીને તૈયાર કરવાની કાળજી એ લોકોમાં મેં ઘણી જોઈ. નાના વિદ્યાર્થીઓનાં ટોળાં ને ટોળાં તેમના શિક્ષકની રાહબરી નીચે કલાસંગ્રહસ્થાનો અને મ્યુઝિયમોમાં આવતાં મેં જોયા, જેને ત્યાંના નિદર્શકો જુદા જુદા વિભાગોમાં પોતાની આસપાસ એકઠાં કરીને સરળ ને રસભરી વાણીમાં ચિત્રો કે ઈતિહાસ, વિજ્ઞાન, પુરાતત્ત્વ આદિના નમૂનાઓ સમજાવતા હોય. નેચરલ હિસ્ટરી મ્યુઝિયમમાં તો એક ઓરડામાં ખાસ બાળ-કેન્દ્ર (ચિલ્ડ્રન્સ સેન્ટર) ચાલતું જોયું. બાળકો તેના સભ્ય થઈને (વડીલોની મદદ વિના જ) સ્વતંત્રપણે ભાગ લે અને ચિત્રો આદિની તેની હરીફાઈઓ વગેરેમાં પોતાને મનફાવે તે પ્રકૃતિ-વિષયનાં ચિત્રો, વર્ણનો આદિ ફળો પોતાની સ્વેચ્છા અને સૂઝ પ્રમાણે આપે.

આજે જ્યાં નેચરલ હિસ્ટરી મ્યૂઝિયમ છે એ મકાન મૂળ તો ઔદ્યોગિક પ્રદર્શન માટે ગઈ સદીના અંતમાં બાંધેલું. પણ એ બાંધતી વખતે જ વિચાર કરેલો કે એ પ્રદર્શન તો થોડા મારા પછી પૂરું થઈ જશે. આથી ત્યાર બાદ આ મકાનમાં બ્રિટિશ મ્યૂઝિયમના નેચરલ હિસ્ટરી વિભાગને સ્વતંત્ર મ્યૂઝિયમ રૂપે વિકસાવીને તેમાં સ્થાન આપવું એવું આયોજન મકાન બાંધતી વખતે જ કરી રાખેલું અને તદનુસાર મકાનના થાંભલા, કમાનો, છત આદિ દેશ દેશનાં પશુ - પ્રાણી - વનસ્પતિનાં શિલ્પો તથા ચિત્રોથી એ જ વખતે મંડિત કરી રાખેલાં.

ઈન્ગ્લાન્ડમાં હું અઢી મહિના રહ્યો; અમેરિકામાં ત્રણ અઠવાડિયાં રહ્યો. બન્ને સ્થળે મને ઠીક ગામડાં જોવા મળ્યાં. દેશ નાનકડો છતાં ઈન્ગ્લાન્ડની કન્ટ્રી સાઈડ - ગ્રામપ્રદેશ - તો જગવિખ્યાત છે. સૌન્દર્ય અને રમણીયતાની દૃષ્ટિએ ઈંગ્લાન્ડ અગ્રસ્થાને છે. સાગરનાં મોજાં જેવી લહેરાતી ઊંચી નીચી ધરતી, તે પર બારે માસ ઝરમરતા વરસાદની કૃપાથી લીલોછમ અને પુષ્પમંડિત પ્રદેશ અને તેને સ્વચ્છ ને સોહમણો રાખવાની એ પ્રજાની ચિન્તા - બધું અજોડ છે. ત્યાંની પ્રજામાં તેમની ધરતી માટે - ધરતીનાં ઢેફે ઢેફાં માટે અને કણ કણ માટે જે પ્રેમ મેં જોયો અને ત્યાંની જે સ્વચ્છતા ને વ્યવસ્થા જોઈ એ ખરેખર જ અનન્ય લાગ્યાં. આપણે ત્યાં ધરતીનું સૌન્દર્ય છે એ કોઈથી જરાય ઉતરે એમ નથી, પણ આપણે ત્યાં એમના જેવો કણકણ માટેનો પ્રેમ નથી. કાળજી લેવાતી નથી. ત્યાં ઔચિત્યબુદ્ધિ છે - મહેનત છે - નિષ્ઠા છે - દેશપ્રેમ છે. બુદ્ધિશક્તિમાં પણ ભારતવાસી કોઈથી ઉતરતો નથી. આપણે ત્યાં ય દૈવત છે; પણ દાનત નથી. રાષ્ટ્રીય ચારિત્ર્યની આપણી શિથિલતા દુઃખદ છે. અલબત્ત, ગામ હોય ત્યાં ઊકરડો તો હોય જ; ત્યાં પણ ઊકરડા નથી એવું નથી. પણ ત્યાં ગામ મોટું છે, ઊકરડો નાનો છે; જ્યારે આપણે ત્યાં ગામ નાનું અને ઊકરડો મોટો છે, એ આપણી ચિન્તાનો સતત વિષય હોવો જોઈએ. મને તમે શાંતિથી સાંભળ્યો એ માટે તમારા સૌનો આભાર માનું છું.

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે બચુભાઈનાં વાર્તાલાપને રસપ્રદ, આનંદપ્રદ અને જ્ઞાનપ્રદ તરીકે ઓળખાવ્યો અને તેમણે લંડનમાં લૉર્ડ ટૉમ્સનને જે પ્રશ્ન પૂછ્યો એ જ પ્રશ્ન બચુભાઈને પૂછતાં કહ્યું; આપ પણ આજે બોતેર વર્ષે આટલું બધું કામ કરો છો એનું રહસ્ય અમને 'કુમાર' દ્વારા જાણવા મળશે તો અમને ઘણી પ્રેરણા મળશે. આપ વયોવૃદ્ધ, વૃદ્ધ કે કુમાર નથી પણ બચુ- ભાઈ છો એટલે આપનામાં અમે એક બાળકની નૈસર્ગિક નિર્દોષતા - નિખાલસતા જોઈએ છીએ. તો આપના પ્રવાસનું વર્ણન પણ અમે 'કુમાર'માં "નવા ગગનની નીચે' એ રીતે 'નવી ધરતીની ઉપર' જેવું શીર્ષક લઈને આવે એવું હું ઈચ્છું છું. હું આપનો, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ખૂબખૂબ આભાર માનું છું. ત્યારબાદ શ્રી પરમાનંદભાઈએ બચુભાઈને પુષ્પમાળા પહેરાવી અને સભા પ્રસન્ન વાતાવરણમાં પૂરી થઈ.

સંકલન : શ્રી ચીમનલાલ જે. શાહ

લોકસેવા ટ્રસ્ટ અને તેના સંસ્થાપક શ્રી કાન્તિલાલ હરિલાલ ગાંધી

આપણામાંના ઘણાને હજુ અપરિચિત એવા સામાજિક કાર્યકર ડૉ. કાન્તિલાલ હરિલાલ ગાંધી અને તેમની પ્રેરણાથી સંચાલિત થયેલ "લોકસેવા ટ્રસ્ટ'નો પરિચય આપવો એ આ લેખનો આશય છે.

ડૉ. કાન્તિલાલ ગાંધી એ ગાંધીજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી હરિલાલ ગાંધીના પુત્ર થાય. તેમનો જન્મ ૧૯૧૧ માં થયેલ. છ વર્ષની ઉમ્મરથી આશરે છવ્વીશ વર્ષ સુધી ગાંધીજીની છત્રછાયા નીચે સાબરમતી આશ્રમમાં તેઓ ઉછરેલા અને બાપુજીની તીવ્ર શિસ્તમાંથી પસાર થયેલા. આશ્રમમાં રહ્યા તે દરમિયાન તેમણે સુતારીકામ, વણાટ અને ડેરીના કામમાં કુશળતા મેળવેલી. અને ખેતીના વિષયમાં પણ તેઓ ઠીક ઠીક તાલીમ પામેલા. તદુપરાન્ત કાકાસાહેબ કાલેલકર અને શ્રી મગનભાઈ દેસાઈ નીચે સંસ્કૃત, સંગીત, ઈતિહાસ ભૂગોળ અને ગણિત, આટલાં વિષયોમાં તેમણે નિપુણતા સંપાદન કરેલી. સમયના વહેવા સાથે ૧૯૩૦ - ૩૩ ની સવિનય સત્યાગ્રહની લડત આવી, એ દરમ્યાન તેઓ ગાંધીજીએ ઉપાડેલી દાંડીકુચમાં જોડાયેલા. તેમને ચાર વાર જેલની શિક્ષા થયેલી અને સાબરમતી, યરવડા, વીસાપુર, નાસિક અને કલકત્તાની પ્રેસીડેન્સી જેલ-એમ જુદી જુદી જેલોમાં તેમણે કુલ બે વર્ષ પસાર કરેલાં.

આ લડત પૂરી થયા બાદ ગાંધીજીનો હરિજન પ્રવાસ શરૂ થયેલો. ઓરિસ્સામાં હતા તે દરમિયાન ભાઈ કાન્તિલાલ ગાંધીજી સાથે થોડો સમય જોડાયા હતા. ત્યાર બાદ આગળ ઉપર ગાંધીજીના અંગત મંત્રી તરીકેનું કામ તેઓ સંભાળી શકે તે હેતુથી અંગ્રેજી શૉર્ટહેન્ડ અને ટાઈપરાઈટીંગ શીખવા માટે ભાઈ કાન્તિલાલને દેવદાસ ગાંધી પાસે મોકલવામાં આવ્યા. ત્યાં તેઓ થોડો સમય રહ્યા. તે બાદ ઉપરના વિષયો શિખવામાં વધારે સગવડ મળશે એમ વિચારીને રાજાજીના કહેવાથી ત્રાવણકોર ખાતે હરિજન સેવક સંઘના મંત્રી તરીકે કામ કરતા શ્રી. જી. રામચંદ્રન પાસે કાન્તિલાલ જઈને રહ્યા.

અહીં શ્રી. રામચંદ્રનની ભાણેજ સાથે ભાઈ કાન્તિલાલને પ્રેમસંબંધ બંધાયો. આ બાબતની ગાંધીજીને ખબર આપવામાં આવી. ગાંધીજીએ આ સંબંધમાં જરૂરી તપાસ કરીને પ્રસ્તુત નવા પ્રેમ-સંબંધને આવકાર્યો. આમ છતાં ગાંધીજીએ કાન્તિલાલને તત્કાળ પોતાની પાસે વર્ધા બોલાવી લીધા. અહીં મગનવાડીમાં ઑલ ઈન્ડિયા વિલેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનનું મુખ્ય કાર્યાલય શરૂ કરવામાં આવ્યું હતું. તેમાં તેમને મગનવાડીના આશ્રમના હિસાબકિતાબની દેખરેખનું કામ અને બાપુજીના મંત્રીઓને મદદ કરવાનું કામ સોંપવામાં આવ્યું. અહીં આ કામ સાથે ભાઈ કાન્તિલાલ અને કનુ ગાંધી કુમારપ્પાની પ્રવૃત્તિમાં પણ મદદ કરતા હતા.

૧૯૩૬ની સાલમાં કાન્તિલાલે ડાકટર થવાની ઈચ્છા બાપુજી સમક્ષ રજુ કરી. બાપુજી તો તેને પોતાની સાથે જ રાખવા માંગતા હતા. તેથી આ બાબત જાણીને તેમને બહુ દુઃખ થયું. પણ કાન્તિલાલનો આ બાબત અંગેનો આગ્રહ કાયમ રહ્યો. ડૉકટર થવા માટે સૌથી પહેલાં તો તેમણે મેટ્રિકની (આજે જેને એસ. એસ. સી. ના નામે ઓળખવામાં આવે છે તેની) પરીક્ષામાં પસાર થવાનું આવશ્યક હતું. કાન્તિલાલના આગ્રહને વશ બાપુજી થયા, અને વિલે-પારલેમાં એ દિવસોમાં શિક્ષણ-પ્રદાન કરતી ન્યુ પ્યુપીલ્સ ઑન સ્કૂલમાં તેમના અભ્યાસની સગવડ બાપુજીએ કરી આપી. આ માટે તેઓ ૧૯૩૬ના સપ્ટેમ્બરમાં વિલે - પારલે ગયા. ત્યાંની સત્યાગ્રહની છાવણીના મકાનમાં રહ્યા, અને ૧૯૩૭ ની સાલમાં સારા માર્ક મેળવી

૨૬ વર્ષની ઉંમરે તેઓ મેટ્રિકની પરીક્ષામાં પસાર થયા.

ત્યાર બાદ તેમણે ડૉકટરી અભ્યાસમાં જોડાવા માટે ઈન્ટર-મીડીએટ સાયન્સની પરીક્ષા પસાર કરવાની હતી. તે માટે બાપુજીએ બેંગ્લોરમાં વ્યવસ્થા કરી અને ૧૯૩૯માં કાન્તિલાલે ઈન્ટરની પરીક્ષા પસાર કરી. આ બધાયે અભ્યાસ બાપુજી અથવા મહાદેવભાઈ દ્વારા મળતી એક યા અન્યની આર્થિક સહાય દ્વારા થઈ શકયો હતો. બેંગ્લોરમાં હતા તે દરમિયાન કાન્તિલાલ વાઈ. એમ. સી. ઓ. માં રહેતા હતા. અને હરિજન વિદ્યાર્થીઓને પ્રાર્થના અને કાંતણ શિખવવા માટે હંમેશા હરિજન હોસ્ટેલમાં જતા હતા. બાપુજી સાથે તેમનો સંપર્ક પત્ર-વ્યવહાર દ્વારા સતત ચાલુ હતો.

૧૯૩૯માં તેમનાં શ્રી. જી. રામચંદ્રનની ભાણેજ સાથે લગ્ન થયાં. અને ડૉકટરી અભ્યાસ માટે તેઓ માઈસોરની મેડિકલ કૉલેજમાં દાખલ થયા. ૧૯૪૨ ની 'કવીટ ઈન્ડિયા' ની લડત શરૂ થતાં કાન્તિલાલે પણ મેડિકલ કૉલેજ છોડી અને 'કવીટ ઈન્ડિઆ'ની ભાંગફોડની લડતમાં જોડાયા.

આગાખાન મહેલમાં કરવામાં આવેલા બાપુના ઉપવાસ બાદ કાન્તિલાલ પાછા માઈસોરની મેડિકલ કૉલેજમાં જોડાયા. માઈસોરમાં હતા તે દરમિયાન કાન્તિલાલે ગાંધી સેવા સંઘ અને ગાંધી વિદ્યાર્થી મંડળ- આવી સંસ્થાઓ ઊભી કરેલી અને માઈસોરમાં જુદા જુદા સ્થળોએ એમ કુલ ૧૪ કાંતણ-કેન્દ્રો શરૂ કરેલાં. અહિં રહીને તેમણે ગાંધીજીના રચનાત્મક કાર્યને ખૂબ વેગ આપ્યો હતો અને બાપુજી તેથી ખૂબ રાજી થતા હતા.

ભાઈ કાન્તિલાલ ડૉકટરની આખરી પરીક્ષામાં ૩૭ વર્ષની ઉંમરે પસાર થયા, તેના થોડા મહિના પહેલાં બાપુજીએ આ દુનિયામાંથી ૧૯૪૮ ના જાન્યુઆરી માસમાં વિદાય લીધી. આ કારણે ભાઈ કાન્તિલાલના જીવન ઉપર ભારે મોટો ફટકો પડયો. જે બાપુજીની હૂંફના આધારે કાન્તીલાલ આજસુધી આગળ વધી રહ્યા હતા તે હુંફ તેમણે સદાને માટે ગુમાવી દીધી.

ડૉકટરી પરીક્ષામાં પસાર થયા બાદ કાન્તિલાલ રાજકોટ ગયા—એ આશાએ કે ત્યાંની હૉસ્પીટલમાં તેમને કાંઈક કામ મળશે અને તેમનાં માંદા માસીની તેઓ સંભાળ લઈ શકશે અને ગૃહસ્થ જીવનમાં પણ સ્થિર થઈ શકશે. પણ આ આશામાં તેમને કશી સફળતા ન મળી. તેથી તેઓ મુંબઈ પાછા આવ્યા અને કમાવા માટે તેમને ફાંફા મારવા પડયા. તે દિવસોમાં મોટી મુશ્કેલી રહેઠાણ માટે જગ્યા મેળવવાની હતી. પાઘડી વિના જગા મળે તેમ નહોતું અને બાપુ તેમના માટે કશું મૂકી ગયા નહોતા.

આમ ઠેકાણે પડવામાં પાંચ છ વર્ષ નીકળી ગયા. એ દરમિયાન રહેવાને માટે તેમને બ્લોક મળ્યો અને મુ. મોરારજીભાઈની ભલામણથી સેન્ચુરી મિલના મેડિકલ ઓફિસર તરીકે તેમની નિમણૂક થઈ અને પ્રેકટીશ કરવા માટે પણ તેમને જગ્યા મળી ગઈ.

આમ જીવનમાં સ્થિર અને સ્વસ્થ થયા બાદ ગાંધી-વિચાર પ્રચારને લક્ષમાં રાખીને તેમણે કેટલાક મિત્રોના સાથ અને સહકાર વડે લોકસેવા ટ્રસ્ટની ૧૯૫૭ ની સાલમાં સ્થાપના કરી.

આ લોકસેવા ટ્રસ્ટનો નીચે મુજબ ઉદ્દેશ નક્કી કરવામાં આવ્યો છે:

"To provide as cheaply as possible triple health: physical, mental and moral to people."

"લોકોને શારીરિક, માનસિક અને નૈતિક આરોગ્ય બને તેટલું સૌથી રીતે પૂરું પાડવું."

આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ બે ક્ષેત્રમાં વહેંચાયેલી રહેશે, એમ તેના બંધારણમાં જણાવવામાં આવ્યું છે, શૈક્ષણિક ક્ષેત્રે સામાન્ય લોકોને બાલમંદિર, સિવણવર્ગો અને બાલસંસ્કાર વર્ગો દ્વારા શિક્ષણ આપવું.

આરોગ્ય ક્ષેત્રે, ડૉકટરી કલીનીકો ખોલવા, અમુક લત્તાની ડૉકટરી સર્વે કરવી, વગેરે.

આજે આ લોકસેવા ટ્રસ્ટ તરફથી ત્રણ ગાંધી તત્ત્વ પ્રચાર મંડળો મુંબઈમાં જુદા જુદા સ્થળોએ ચલાવવામાં આવે છે, એક આદિવાસી સ્કૂલ ચલાવવામાં આવે છે, અને એક વસ્ત્ર સ્વાવલંબન વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. અને દર મહિને ૧૦૦૦ થી ૧૧૦૦ સુધીની રકમ કામ બદલ ચૂકવવામાં આવે છે.

ઉપર જણાવેલ પ્રત્યેક ગાંધી તત્વ પ્રચારક મંડળમાં બાલમંદિર, મહિલા વિભાગ, (સિવણ વર્ગ) તથા બાલ-સંસ્કાર વર્ગ ચલાવવામાં આવે છે. દરેક વર્ગમાં એક મુખ્ય શિક્ષક અને એક સહાયક શિક્ષક હોય છે. આ શિક્ષકોના વેતન માટે વિદ્યાર્થીઓ પાસેથી થોડી ફી લેવામાં આવે છે. આ રીતે સર્વ પ્રવૃત્તિઓ લગભગ સ્વાવલંબી હોય છે. આ બધી પ્રવૃત્તિઓનો આરંભ અને અંત હંમેશા પ્રાર્થનાથી આવે છે. દરેક કેન્દ્રમાં એક વાચનાલય અને પુસ્તકાલય હોય છે. દરેક કેન્દ્રમાં કાંતણ શિક્ષણની પણ વ્યવસ્થા હોય છે. આ વ્યવસ્થા દ્વારા વસ્ત્રસ્વાવલંબી એવાં ૬૦ થી ૭૦ ભાઈ-બહેનોનો એક પરિવાર ઊભો થઈ રહ્યો છે.

આ સંસ્થાના સભ્ય બનનારે ગાંધી જયન્તીના દિવસે ઓછામાં ઓછા ઉદ્દા પૈસાનું લવાજમ ભરવું પડે છે. આ માટે ચોક્કસ પ્રવેશપત્ર છે, તે જે ભરે અને જેનું પ્રવેશપત્ર વ્યવસ્થાપક સમિતિ મંજૂર કરે તે વ્યકિત આ ટ્રસ્ટમાં સભ્ય તરીકે જોડાઈ શકે છે. આવા સભ્યોની સામાન્ય સમિતિ બને છે અને દર વર્ષે તે સામાન્ય સમિતિ વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરે છે, અને તે વ્યવસ્થાપક સમિતિ પ્રમુખ, મેનેજીંગ ટ્રસ્ટી અને હિસાબનીશની નિમણૂંક કરે છે. ચાલુ સાલ દરમિયાન શ્રી કાન્તીલાલ નથ્થુભાઈ પારેખ પ્રમુખ છે, અને શ્રીમતી જસવન્તી શાહ હિસાબનીશ છે, ડૉ. કાન્તિલાલ હરિલાલ ગાંધી મેનેજીંગ ટ્રસ્ટી છે. તાજેતરમાં અહમદનગર બાજુએ ઘોડ નદી પાસે આજુબાજુની ગ્રામ્યજનતામાં આરોગ્યની પ્રવૃત્તિ કરવા માટે આ લોકસેવા ટ્રસ્ટને પૂરતી જમીન મળી છે, અને ત્યાં ગાંધી જન્મશતાબ્દી મેમોરિયલ હૉસ્પિટલ કૉલોની ઊભી કરવાનો લોકસેવા ટ્રસ્ટે નિર્ણય કર્યો છે. કોઈ એક દાતાએ પોતાની સ્વર્ગસ્થ પત્નીની યાદમાં લગભગ ૨૫ થી ૩ લાખના ખર્ચે ૪૦ બિછાનાનું ટી. બી. નર્સિંગ હોમ બાંધી આપવાનું શરૂ કર્યું છે. આ પ્રકારના ક્ષયરોગના નર્સિંગ હોમના નિભાવખર્ચને પહોંચીવળવા માટે મે માસની ૪ તારીખે સાંજના ૬ વાગ્યે માટુંગા બાજુએ આવેલા સન્મુખાનંદ હૉલમાં ભારતના ઉપપ્રધાન મંત્રી અને અર્થસચિવ માન્યવર મોરારજી દેસાઈના અધ્યક્ષસ્થાને એક મનોરંજન કાર્યક્રમ યોજવાનું વિચારાયું છે. આ હૉસ્પિટલને મૂર્ત આકાર મળે તો જેમને લક્ષમાં રાખીને આ આખી નોંધ લખવામાં આવી છે તે ડૉ. કાન્તિલાલ હરિલાલ ગાંધીએ પોતે જાતે ત્યાં જઈને વસવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ કાર્યમાં બને તેટલા મદદરૂપ થવા પરોપકારલક્ષી ભાઈ-બહેનોને પ્રાર્થના છે.

પ્રસ્તુત ગાંધી જન્મશતાબ્દી મેમોરિયલ હૉસ્પિટલના આયોજનમાં અનુદાન, પ્રવેશપાસ અથવા તો તેને લગતા સોવેનીયરમાં જાહેરખબર દ્વારા મદદરૂપ થવા ઈચ્છતા ભાઈ-બહેનોને ડૉ. કાન્તિલાલ હરિલાલ ગાંધી, લોકસેવા ટ્રસ્ટ, સંચાલક, સેન્ચુરી કામગાર નિવાસ ગૃહ, ગ્લોબ મિલ પેસેજ, (વરલી) મુંબઈ-૧૩, સાથે પત્રવ્યવહાર કરવા અનુરોધ કરવામાં આવે છે.

પરમાનંદ

First Person Singular: પહેલો પુરુષ એકવચન

(ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના દર રવિવારના અંકમાં 'First Person Singular' એ મથાળા નીચે એક યા અન્ય વ્યકિત-વિશેષનું એક પ્રકારનું આત્મકથન અવારનવાર પ્રગટ કરવામાં આવે છે. ગત ફેબ્રુઆરી માસની બીજી તારીખના અંકમાં કી ગગનવિહારી મહેતાનું આવું એક આત્મકથન પ્રગટ થયું છે. આ કથન એક પ્રકારની–બાળપણથી માંડીને આજ સુધીની–સ્મરણોંધ જેવું હોય છે. પ્રસ્તુત આત્મકથનના પશ્ચાદ્ અર્થનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આત્મકથનના આ વિભાગ અંગે જણાવવાનું કે ગગનભાઈ અને હું અમે બન્ને ૭૦ વર્ષ વટાવીને આગળ ચાલી રહ્યા છીએ. તેમના લખાણના આ વિભાગમાં આ ઉમ્મર સાથે સંબંધ ધરાવતા સંવેદનો રજુ કરવામાં આવ્યા છે. આ નિવેદન જાણે કે મારા સંવેદનોને આબેહુબ પ્રતિબિંબિત–પ્રતિધ્વનિત કરતું હોય એવો આનંદ અને આત્મીયતા તેમનું આ લખાણ વાંચતાં મેં અનુભવ્યાં છે અને તેથી મારી ઉમ્મરના અન્ય મિત્રો પણ આ સંવેદનના ભાગીદાર બને એ હેતુથી તે વિભાગનો અનુવાદ અહિં પ્રસિદ્ધ કરવા હું આકર્ષાયો છું. પરમાનંદ)

ધી લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિકસમાં મેં એક વર્ષ સુધી અભ્યાસ કરેલો. આ સંસ્થા સાથેનો આ પ્રકારનો સંબંધ મારા બૌદ્ધિક વિકાસ અંગે એક બળવાન નિમિત્તમાં પરિણમ્યો હતો. મારા સમગ્ર જીવન દરમિયાન, હેરોલ્ડ લાસ્કી જે કહેતા રહ્યા હતા કે કેળવણીની પ્રક્રિયા એક એવી પ્રક્રિયા છે કે જેનો અન્ત માનવીના જીવનના અન્ત સાથે જ આવવો જોઈએ–આ તેમનું કથન હું હમેશાં યાદ કરતો રહ્યો છું. જ્યારે આ પ્રક્રિયા અટકે છે ત્યારે, આપણે ગમે તેટલા મોટા સ્થાન ઉપર પ્રતિષ્ઠિત હોઈએ અથવા તો આપણે ત્યાં ગમે તેટલો ધનસંચય થયા કરતો હોય તો પણ, આપણો વિકાસ અટકી જ જાય છે. મારા અનુભવના પરિણામે હું એ પણ માનવા લાગ્યો છું કે માનવી–માનસની ગુણવત્તાનું સિદ્ધાન્તો કરતાં વધારે મહત્વ છે. અને મહાન વિચારો ભલેને મગજમાંથી ખેદા થતા હોય તો પણ, તે વિચારોનું હૃદય સાથે અનુસંધાન હોવું જોઈએ. બુદ્ધિના સમર્થન વિનાની ભાવુકતા લાગણીવેડામાં, વેવલાપણામાં પરિણમે એ સંભવિત છે, આમ છતાં પણ, અન્તઃસંવેદન વિનાનો તર્ક વન્ધ્ય નીવડવાનો એટલો જ સંભવ છે. અન્તઃસંવેદન વિના કોઈ પણ બાબત અંગેની સમજણ આપણા દિલમાં પુરેપુરી ઊતરી છે એમ કહી શકાય નહિ. જો આપણે કાંઈ પણ ઉપયોગી કાર્ય સાધવા ઈચ્છતા હોઈએ અથવા તો ઉપયોગી જીવન હાંસલ કરવા માગતા હોઈએ તો તે માટે આન્તરિક સંવાદિતાની જરૂર છે, જે આપણે અન્તઃસંવેદન વિના પ્રાપ્ત કરી શકીએ જ નહિ.

આપણે ઉમ્મરમાં આગળ વધતા જતા હોઈએ એ દરમિયાન, શારીરિક સ્વાસ્થ્ય અને સંયોગો અનુકૂળ હોય તો મને લાગે છે કે, આપણે કુતુહલની લાગણી તેમ જ મગજનું સમધારણ ગુમાવવા ન જોઈએ. આત્મસંતોષ એ બૌદ્ધિક સ્થગિતતાનું માત્ર બીજું નામ છે. ઘણા લોકો મને વારંવાર પ્રશ્ન પૂછે છે કે મારી આ ઉમ્મરે હું કામ શી રીતે કરી શકું છું અથવા તો અનેક પ્રવૃત્તિઓમાં આટલો બધો રસ શી રીતે દાખવી શકું હું? બીજો પ્રશ્ન, ખરી રીતે પહેલા પ્રશ્નનો ઉત્તર છે. તીવ્ર અને વ્યાપક રસો ટકાવી રાખવા અને હવે હું જુવાન રહ્યો નથી એ હકીકત વિષે સતત ચિન્તા કર્યા કરવાની જગ્યાએ જેમાં પોતે ઉપયોગી થઈ શકે તેમ હોય એવી પ્રવૃત્તિઓ સાથે સંલગ્ન રહેવું એ જ માત્ર ઘડપણ અંગેની સભાનતા અટકાવવાનો ઉપાય છે.

જેમ મૃત્યુ આપણો એક એવો દુશ્મન છે કે જેને આપણે હાર આપી શકીએ તેમ નથી તેવી જ રીતે વૃદ્ધત્વ એક એવી બીમારી છે કે જેને કોઈ માનવી ટાળી શકે તેમ નથી. પણ જેવી રીતે ભીરુ લોકો પ્રત્યક્ષ મૃત્યુના ભોગ બનવા પહેલાં મનથી અનેક વાર મરી જતા હોય છે તેવી રીતે Senility–વૃદ્ધત્વ – પરિણામી શિથિલ માનસ Self centerednessનું–કેવળ સ્વલક્ષીપણાનું–ઘણીવાર પરિણામ હોય છે. જો આપણે બીનઅંગત એવી સંસ્કારલક્ષી બાબતોમાં ઊંડો રસ કેળવી શકીએ અને ઉપયોગી પ્રવૃત્તિઓ સાથે આપણી જાતને ઓતપ્રોત બનાવી શકીએ, તો પછી આપણે કેટલાં વર્ષ જીવ્યા તેની કોઈ ગણતરી કરતા રહેવાની અથવા તો હવે કેટલાં ઓછાં વર્ષ આપણે જીવવાનું બાકી છે તેના ખ્યાલથી ભડકતા રહેવાની કોઈ જરૂર નથી. એ પહેલાના સરસ દિવસો માટે–good old days માટે–સતત નિસાસા નાખતા રહેવાની જરૂર નથી–એ દિવસો કે જ્યારે જેઓ એ વખતે ઘરડા હતા તેઓ પણ તેમનો પોતાના એ પહેલાના સરસ દિવસો અંગે નિસાસા નાખ્યા કરતા હતા. જે દિવસો કોઈ પણ સંયોગમાં પાછા આવવાના નથી એ દિવસોનું રટણ કર્યા કરવાની કોઈ જરૂર જ નથી. કારણ કે કાળની ગતિને કોઈ પાછા ફરવાપણું હોતુ નથી. જ્યોર્જ સન્તયાનાએ કહ્યું છે તેમ ઈશ્વર પણ ભૂતકાળને ભૂંસી શકતો નથી.

તો પછી, પહેલા પુરુષ એકવચનને–અસ્મિતાને–ધીમે ધીમે ખતમ કરતા કાળના અનન્ત એવા પ્રવાહને સ્વીકારી લીધા સિવાય આપણા માટે બીજો કોઈ વિકલ્પ છે જ નહિ. આખરે આ પહેલા પુરુષમાં એવી કોઈ વિશેષતા નથી–After all, nothing is so singular about this first person. જો કે આપણા અહંભાવના પરિણામે આ દુનિયા આપણા માટે જ બનાવેલી છે એવું ધમંડ આપણે સેવતા હોઈએ છીએ, એમ છતાં આ દુનિયા આપણા માટે ખાસ બનાવેલી નથી એ હકીકત છે. આપણે આ દુનિયામાં વિચરવાનું શરૂ કર્યું તે પહેલાં તે હતી અને જેઓ આપણી પાછળ આંસુ સારતા હશે તેઓ પણ વિદાય થઈ ચુકયા હશે ત્યાર બાદ પણ આ દુનિયા ચાલતી રહેવાની છે–આવી સભાનતા, જો કે તે પ્રાપ્ત કરવી ઘણી મુશ્કેલ છે એમ છતાં પણ, માનવીસમાજ અને તેની આળપંપાળ વિષે–અને આપણી જાત વિષે જરા પણ નહિ–પ્રમાણપુરઃસર વિચારતાં શિખવી શકે તેમ છે, આવી પ્રમાણ–બુદ્ધિમાંથી સાચી વિનમ્રતા, બૌદ્ધિક પ્રમાણિકતા, અને sense of humour–પોતાને પણ તટસ્થપણે જોઈ શકે અને હસી શકે એવી વિનોદવૃત્તિ–પેદા થઈ શકે છે. આપણને જે રીતે બીજાઓ જુએ છે તે રીતે નિહાળી શકીએ તો પહેલા પુરુષની વિશેષતા ઓગળી બધી અભિનિવેશજનક અથવા તો યુકત ચિન્તનની અવરોધક નહિ બને. આત્મલક્ષી વિનોદ અથવા હાસ્ય અહંને ઓગાળી દે છે.

અનુવાદક: પરમાનંદ

મૂળ અંગ્રેજી: શ્રી ગગનવિહારી લ. મહેતા

પ્રાર્થના

દીન ભંગી તણી હીન કુટિયા મહીં
નિવસતા નમ્રતાના નિધિ હે!
જાહ્નવી બ્રહ્મપુત્રા તણાં જળ વહે,
સરિત જમુના તણાં પુણ્યગહરાં
એહ સુંદર અહો દેશમાં શોધવા
સૌ મથીએ તને, સ્હાય તું થા! દીન૦
થાય મન મોકળાં, હૃદય ખુલ્લાં રહે,
હે હરિ, તાહરી નમ્રતા દે!
ભૂમિ ભારત તણાં લોકથી એકરસ
થઈ જવા શકિત મતિ અંખના દે! દીન૦
હે પ્રભુ! સ્હાય તું થાય છે માત્ર જ્યાં
થઈ રહે નર નિરધાર છેક,
મિત્ર ચાકર બની સેવીએ લોક જે
તેથી વિખૂટા ન પડીએ, તું દેખ, દીન૦
આત્મ બલિદાનની મૂર્તિ થઈએ અમે
દિવ્ય મૂર્તિમતી નમ્રતા – શા
જેથી આ ભૂમિનું થાય દર્શન સુભગ
ને વહે એ પ્રતિ પ્રેમધારા. દીન૦

પંડિત સુખલાલજીની સંવેદનશીલતાનો એક પ્રેરક નમુનો

પંડિત સુખલાલજીના વતન લીમલી ગામની નિશાળમાં તા. ૨૯-૩-'૬૯ શનિવારના રોજ ગુજરાત રાજ્યના પંચાયત અને સહકાર ખાતાના પ્રધાન શ્રી ઠાકોરભાઈ દેસાઈના હાથે પંડિતજીની છબીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લીમલી આવવાનો લીમલીના ભાઈઓએ પંડિતજીને ખૂબ આગ્રહ કર્યો હતો, પણ પોતાની બહુ નાજુક તબિયતનો વિચાર કરીને પંડિતજી ત્યાં જઈ શકયા નહોતા, પણ એ પ્રસંગને ધ્યાનમાં લઈને લીમલીના વતની શ્રી અનોપચંદ રાજ્યપાળ શાહ જેઓ પંડિતજીના સગપણ સંબંધમાં છે અને સ્થાનિક રચનાત્મક કાર્યકર છે અને લોકસેવા પાછળ તન, મન અને ધનનો ખૂબ ભોગ આપી રહ્યા છે તેમને સંબોધીને અને પોતાના ગામના લોકોને અનુલક્ષીને પંડિતજીએ એક પત્ર લખી મોકલ્યો હતો. આજે ૮૭ કે ૮૮ વર્ષની ઉમ્મરે પંડિતજી કેટલા જાગૃત અને સંવેદનશીલ છે એનો પ્રબુદ્ધ જીવનના વાચકોને ખ્યાલ આવે એ હેતુથી તે પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ.

સરિત્કુંજ, આશ્રમ રોડ, અમદાવાદ–૯
તા. ૨૨-૩-'૬૯

ભાઈશ્રી અનુપચંદ,

પ્રણામ, તમારો અને શ્રી ખોડાજી આદિનો, એમ બધા પત્રો મળ્યા છે. તમારા પિતામહ અને પિતાનાં મધુર સ્મરણો તો છે જ, વધારામાં તમારી બન્ને ફોઈઓ–મારી ભાભીઓએ જે મારા જીવનમાં મમતા સિંચી છે અને પરિચર્યા કરી છે, તેની સુવાસ સદાય આવ્યા કરે છે. આ આપણા કૌટુંબિક સંબંધની વાત થઈ, પણ અહીં એ પ્રસ્તુત નથી. પ્રસ્તુત તો બીજું જ છે. હવે તે અંગે.

સામાન્ય રીતે મૂર્તિ, ફોટો કે એવાં બીજાં અનાવરણ યા ઉદ્‌ઘાટનના પ્રસંગોમાં હું અંતઃકરણથી રસ લેતો નથી, પણ લોકોની સામાન્ય રુચિ, નવું જાણવાની વૃત્તિ અને વિશિષ્ટ પૂર્વ–પુરુષો તેમ જ વૃદ્ધજનો પ્રત્યેની મમતા કે જિજ્ઞાસા, એની હું કદી ઉપેક્ષા કરતો પણ નથી. પૂજ્ય ગાંધીજી જેવા વિશિષ્ટ પુરુષોની જીવનકથા વાંચે કે એમના પુરુષાર્થ વિશે જાણે, તેમ જ એમની પ્રત્યક્ષ પ્રાપ્ય કૃતિને* નિહાળે, તો ઘણીવાર લોકોને એમાંથી નવો ઉલ્લાસ પ્રગટે છે, અને કોઈ કોઈ વાર એનાંથી એકાદ જણમાં પણ સદ્‌ધર્મનું બીજ–રોપવાનું બીજ–રોપાઈ પણ જાય છે. આથી જ આપણે વિશિષ્ટ પુરુષોને પૂજતા આવ્યા છીએ. પરંતુ હું મારી પોતાની મર્યાદા જાણું છું. બહારના જાણે તે કરતાં મારી અંગત જાણવાની રીત જુદી છે. તે દષ્ટિએ મને પોતાને મારા ફોટાનું પ્રદર્શન કયારેય મહત્ત્વનું લાગ્યું જ નથી. આ મારા સંકોચની કથા થઈ.

પણ હું ત્યાં જન્મસ્થાનમાં આવી નથી શકતો એ તો પ્રકૃતિની પરાધીનતા અને વૃદ્ધત્વને કારણે. છતાં લગભગ પાંસઠ વરસથી છૂટી ગયેલ જન્મભૂમિનો પરિચય આજના નવા સંયોગોમાં કરવાનું મન થાય એ સહજ જ છે. માતા અને જન્મભૂમિનું સ્થાન સ્વર્ગથી પણ ચડિયાતું મનાયું છે, એમાં વાસ્તવિકતા છે. આજના નવા સંયોગોમાં જે ગ્રામજીવન અને પ્રજાજીવનમાં નવતા આવી છે, તેનો પ્રત્યક્ષ પરિચય સાધવાનું મન છે જ, પણ એ મનોરથ તો ફળે ત્યારે ખરો.

મેં લીમલી અને એ વખતમાં સુપરિચિત ગામડાંઓ, કસબાઓ, અને શહેરોની જે બાહ્ય–આંતર સ્થિતિ જોયેલી, એમાં અનેક ચીજો એવી હતી, જે આજે ભૂંસાઈ ગયા જેવી છે અને તે શુભ ચિહ્ન છે. બીજી કેટલીક એવી બાબતો હતી, જે માનવતાને દીપાવતી. એમાંથી કેટલીકનો આજે લોપ નહીં તોય હ્રાસ થયેલો દેખાય છે, જ્યારે બીજી કેટલીક સત્યવૃત્તિઓ વિકસી પણ છે. આમ નવા યુગનું ચિત્ર એકંદર મને આકર્ષક લાગ્યું છે. એટલે આવું ચિત્ર પ્રત્યક્ષ નિહાળવાનું મન મારા જેવા જિજ્ઞાસુને થાય જ.

જે વિશ્વસ્ત મિત્રો આલાવાડમાંથી આવે છે, અને આજકાલ ત્યાં ચાલી રહેલા કામનો અહેવાલ સંભળાવે છે તે જાણીને ઘણીવાર રોમાંચ અનુભવું છું. માત્ર લીમલીની જ કથા કહું તો એક વાર ત્યાં કેવા કલેશ–કંકાસ, કોરટબાજી, ઊંચનીચના ભાવ ઈત્યાદિ હતું; અને ગામમાં જ્યાં દેખો ત્યાં ઉકરડા અને ગંદવાડ, વસવાયા તો શું, પણ કણબી, નાડોદા જેવી કોમોમાં પણ કોઈ ભણનાર નહીં; થોડાક વાણિયા–બ્રાહ્મણ અને ગરાસિયા ભણે, પણ એમાંય કોઈ પૂરું ભાગ્યે જ ભણે, અને કોઈ કન્યા તો નિશાળમાં હોય જ નહીં. આ માળખું અત્યારે સાવ બદલાઈ ગયું છે. સાંભળું છું તે પ્રમાણે હવે ગામમાં પાકાં મકાનો પણ છે. અને બીજા વર્ણની વાત તો ઠીક જ, પણ ઢેઢ, વાઘરી, ભંગી, ભરવાડ–રબારી આદિને પણ નિશાળમાં પૂરી છૂટ છે. ભણાવનાર બ્રાહ્મણને પણ એ કામ કરવામાં સૂગ ઓસરી ગઈ છે. કન્યાઓ પણ ભણતી થઈ છે. આ ફેરફાર જેવો તેવો નથી. અને આ ફેરફારમાં જમાનાનું પ્રતિબિંબ તો છે જ, પણ વધારે તો ગાંધીજીની કઠોર સાધના અને તપસ્યાનું પ્રતિબિંબ છે.

ગામમાં કોરટબાજી, કલેશ-કંકાસ ચાલતાં, પણ કોઈ ગામમાં માંદું પડયું કે મરી ગયું ત્યારે જાણે કુટુંબ હોય તેમ લગભગ બધાં મળી જતાં. પાઈ–પાઈ માટે ભાઈઓમાં પણ લડાઈ–ઝઘડા મેં જોયા છે, જેમાં મારું કુટુંબ અને વડીલો પણ બાકાત નથી. પરંતુ એક અદ્‌ભૂત સ્મરણ એ છે કે કોઈ ગામમાં કે ગામના પાદર ભુખ્યો ન રહે અને ન જાય એની સૌને કાળજી રહેતી. બારે માસ કૂતરાંને રોટલા, પંખીઓને ચણ, વટેમાર્ગુઓને સદાવ્રત એવાં એવાં પારમાર્થિક કામો આખું ગામ મળીને હોંશથી કરતા અને કૃતકૃત્યતા લેખતા. માંસ, દારૂ ઈત્યાદિનો તો પ્રવેશ જ ન હતો. વચ્ચે પીઠું સ્થપાયાની વાત જાણેલી, પણ હવે તો એ નહીં હોય. અને ઉપર જણાવેલ લોકોપકારી કામોમાં પણ ઓટ નથી આવી એમ સાંભળું છું, તેમ જ તમામ વર્ણ અને જ્ઞાતિના લોકો એકંદર ઠીક ઠીક પગભર અને સુખી છે એમ પણ સાંભળું છું, ત્યારે આ નવા યુગના ચિત્ર પ્રત્યે સવિશેષ આદર ઊપજે છે.

આ તો સામાન્ય વાત થઈ. તમારા બધાનો મારા પ્રત્યે આટલો બધો સદ્‌ભાવ, એનું મૂલ્ય, જો હું સમજતો હોઉં તો, ઘણું છે. જે નવી પેઢીઓ મને જોયો જ નથી, અને જે પેઢીઓને હું જાણતો જ નથી, એના વચ્ચે આવું આકર્ષણ છે. એના મૂળમાં બીજું જે કાંઈ હોય તે હો, પણ ભારતીય સંસ્કૃતિનો આત્મા રહેલ છે, અને એ આત્માનું તેજ આ યુગમાં જેટલું ગાંધીજીએ પ્રગટાવ્યું છે, એટલું બીજા કોઈ એકે કયારેય પ્રગટાવ્યું હોય, એમ હું નથી જાણતો. તેથી આ પ્રસંગે તમે સહૃદય ભાઈઓ ગાંધીજીના પુરુષાર્થને ગામમાં સાકાર કરવાનો પ્રયત્ન કરો એમ હું ઈચ્છું છું.

ત્યાંની નિશાળના આચાર્ય અને સરપંચ, એ બન્નેને હું જુદું નથી લખતો.

હવે તમને સંબોધી મારે એકાદ વાકયમાં કાંઈક કહેવાનું રહે છે તે. તમે અર્થાત તમારું કુટુંબ જુદી જુદી પરિસ્થિતિમાંથી પસાર થતાં થતાં આજે જ્યાં, જેવી રીતે ઊભા છો, તેમાંથી તમને–ઓછામાં ઓછું એક ભાઈને–મળેલી આર્થિક સગવડ અને સી. એન. વિદ્યાવિહાર જેવી સંસ્થામાંથી પ્રાપ્ત થયેલ સંસ્કાર, એ બધાંને લોકકલ્યાણકાર્યમાં યથાશકિત વાપરવાનો વિચાર આવ્યો છે, અને એ દિશામાં કામ કરો છો એ જાણું છું ત્યારથી મને એક જાતનો આનંદ થયો છે.

સુખલાલ

* પ્રત્યક્ષ પ્રાપ્ય કૃતિથી ગાંધીજીના અપ્રકાશિત પત્રો, યરવડા ચક જેવી એમણે બનાવેલી વસ્તુઓ જે સંગ્રહસ્થાનમાં સંગ્રહાયલી છે તે અભિપ્રેત છે.

☆ પ્રકીર્ણ નોંધ ☆

આ અંક સાથે 'પ્રબુદ્ધ જીવન' ૩૦ વર્ષ પૂરાં કરે છે

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો એ જાણીને આનંદ અનુભવશે કે પ્રસ્તુત અંક સાથે 'પ્રબુદ્ધ જીવન' ૩૦ વર્ષ પૂરાં કરે છે. કોઈ પણ સામયિક માટે ૩૦ વર્ષ જેટલી લાંબી કારકિર્દી ગૌરવપ્રદ ગણાય. પ્રબુદ્ધ જીવને આજ સુધીમાં નાની મોટી અનેક વ્યકિતઓની ચાહના મેળવી છે. તે ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે પ્રબુદ્ધ જીવન અંગે પોતાની શુભેચ્છાના ઉદ્‌ગારો લખી મોકલે અને તેના ભાવી વિકાસ અંગે સલાહ સૂચનો પણ લખી જણાવે તેવી આ ચાહકોને વિનમ્ર પ્રાર્થના છે.

Plain Living and High Thinking:

સાદું જીવન અને ઉર્ધ્વ ચિંતન

સુરેન્દ્રનગરથી શ્રી લલિત શાહ પોતાના એક પત્રમાં શ્રી કે. એમ. પનીકરે લખેલા 'ધી સ્ટેટ એન્ડ ધી સિટિઝન' નામના પુસ્તકમાંથી નીચેનો અંગ્રેજી ફકરો લખી મોકલે છે અને તેની વિશદ છણાવટ માંગે છે:—

"No one is likely to deny the importance of physical welfare, improved conditions of living and the hundred other things resulting from material prosperity, in the make up of civilisation. Simple living and high thinking is nothing but the escapist cry of a porerty-stricken people who like to delude themselves that though poor they are superior in mind."

અનુવાદ: "આજની સભ્યતાની સજાવટમાં, આર્થિક ઉત્કર્ષ દ્વારા પરિણમતી શારીરિક સુખાકારી, માનવી જીવનમાં વધી રહેલી સહુલિયતો અને બીજી સેંકડો બાબતોનું મહત્ત્વ આજે કોઈ પણ માનવી ઈનકારી શકે તેમ નથી. 'સાદું જીવન અને ઉર્ધ્વ ચિન્તન' એ એવા દારિદ્રયપીડિત લોકોનું–વાસ્તવિકતાનો ઢાંકપીછોડો કરતું–સૂત્ર છે કે જે લોકો પોતા વિષે છલનાપૂર્વક એવી શેખી કરતા હોય છે કે જો કે પોતે બાહ્ય દૃષ્ટિએ ગરીબ છે એમ છતાં આંતરિક દૃષ્ટિએ અન્ય લોકો કરતાં ઘણા ચડિયાતા છે."

પ્રસ્તુત સૂત્રને આગળ ધરીને અંગત જીવનમાં બીજી રીતે નાસીપાસ થયેલા અને એ કારણે દારિદ્રતાને વરેલા માનવીઓ ઉપરના અવતરણમાં જણાવ્યું છે તેવી કદાચ શેખી કરતા હોય એમ બનવાજોગ છે, એમ છતાં પણ, પ્રસ્તુત સૂત્રનું હવે એટલું જ મૂલ્ય રહ્યું છે એમ કહેવું કે વિચારવું બરોબર નથી. વસ્તુત: આ સૂત્રનું મહત્ત્વ કાળનિરપેક્ષ છે અને માનવી જીવનના અન્તસ્તત્વને ઊંડાણથી સ્પર્શે છે.

Plain living and high thinking 'સાદું જીવન: ઉર્ધ્વચિન્તન' એ સૂત્ર તો આ બન્નેનો પરસ્પર અનિવાર્ય જેવો સંબંધ સૂચવવા માટે રચાયું છે. ભોગોપભોગથી ભરેલું જીવન એ સાદું જીવન ન કહેવાય અને એવા જીવન સાથે ઉર્ધ્વ ચિન્તનનો કોઈ મેળ નથી—આ એક માનવી જીવનના ચાલુ અનુભવ ઉપરથી તારવેલું તથ્ય છે. વિજ્ઞાનવિકાસના કારણે માનવીના જીવનમાં, સુખ-સગવડોનો ખૂબ વધારો થઈ રહેલ છે અને પહેલાં સહજ પ્રાપ્ત નહોતી તેવી અનેક સુખ-સગવડો સામાન્ય માનવીને આજે સુલભ બની છે અને એ રીતે સાદા જીવનના સ્વરૂપમાં–સાદા જીવનની કલ્પનામાં–ફેરફાર થતો રહ્યો છે, ગઈ કાલે જે જીવનની અનિવાર્ય જરૂરિયાતો ગણાતી નહોતી તે આજે જાણે કે જીવનની અનિવાર્ય જરૂરિયાતનું રૂપ ધારણ કરી રહેલ છે. આમ છતાં પણ જેમ ગરીબ અને ધનિકના ભેદ માનવ સમાજમાં સ્થાયી છે તેમ સાદા જીવન અને વૈભવપૂર્ણ જીવનનો ભેદ પણ સ્થાયી રહેવાનો છે. સાધનોની વિપુલતાના અભાવે અનિવાર્ય બનતું સાદું જીવન અહિં ખાસ પ્રસ્તુત નથી. પણ સાધનોની વિપુલતા સહજપ્રાપ્ત હોય એમ છતાં પણ ઉર્ધ્વચિન્તનને લક્ષમાં રાખીને, જેમાં વિપુલ ભોગોપભોગને અવકાશ ન હોય, એવું સાદું જીવન અહિં વિવક્ષિત છે. આ હેતુથી જ ધન-સંપત્તિ હોવા છતાં વિવેકી મહાનુભાવો સાદા જીવનનો સ્વીકાર કરતા જોવામાં આવે છે. ઉર્ધ્વ ચિન્તન માટે અન્તર્મુખતા અને higher values of life—જીવનના ઉચ્ચત્તર મૂલ્યો-નો સ્વીકાર અપેક્ષિત છે અને વૈભવલક્ષી માનવી માટે અન્તર્મુખતા ભાગ્યે જ શકય હોય છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે કોઈ પણ સામાજિક પરિસ્થિતિમાં ઉર્ધ્વ ચિન્તન માટે સાદું જીવન અપેક્ષિત છે, આવશ્યક છે.

સાથે સાથે આપણા એ અનુભવ તરફ પણ ધ્યાન ખેંચવાની જરૂર છે કે પરિસ્થિતિવશાત્ કોઈ માણસ ગરીબ હોય એમ છતાં ધર્મપરાયણ હોય છે, અંગત ચિન્તનમાં અને જીવનની ગુણવત્તામાં તે સામાન્ય લોકો કરતાં ઘણો ચડિયાતો હોય છે. જૈન કથામાં પુણીયા શ્રાવકની કથા જાણીતી છે. આ શ્રાવક પતિ-પત્ની પુણીઓ બનાવીને જીવન-નિર્વાહ કરતાં હતાં, એમ છતાં, અત્યન્ત ધર્મપરાયણ અને સ્વસંતુષ્ટ હતા, Plain Living and High thinkingના નમુનારૂપ હતા.

બીજું એ પણ આપણા અનુભવનો વિષય છે કે માત્ર ઉર્ધ્વ ચિન્તન જ નહિ પણ ઉર્ધ્વ જીવન અખત્યાર કરવા માટે ધનદોલતનો ત્યાગ કરીને માનવી સ્વેચ્છાએ ગરીબી સ્વીકારે છે, સંન્યાસ ધારણ કરે છે. સંન્યાસની–સંસારત્યાગની ભાવના પાછળ પણ આ જ તત્વ–આ જ વિચાર–રહેલો છે.

પુરીના શંકરાચાર્યે કરેલી અસ્પૃશ્યતા–સમર્થક ઘોષણા

૨૯ મી માર્ચના રોજ પટણા ખાતે ભરાયેલા બીજા વિશ્વ હિન્દુ ધર્મ સંમેલનમાં ઉપસ્થિત થયેલા જગન્નાથ પુરીના શંકરાચાર્યે જણાવ્યું કે, "અસ્પૃશ્યતા એ હિન્દુ ધર્મનો એક પાયાનો સિદ્ધાન્ત છે અને રાજ્યનો કોઈ પણ કાયદો હિન્દુઓને અસ્પૃશ્યતાને વળગી રહેતા અને તદનુસાર વર્તતા અટકાવી શકે નહિ."

શ્રીમદ્ શંકરાચાર્યનું આ ચોંકાવનારૂ વિધાન સાંભળીને કેટલાક યુવાનો ચોંકી ઊઠ્યા હતા અને તેમણે તે સામે ઉગ્ર વિરોધ રજુ કર્યો હતો અને શંકરાચાર્યને ઘેરી વળ્યા હતા અને સંમેલનની વ્યવસ્થા લગભગ તૂટી પડી હતી.

આ ઘટનાએ દેશભરમાં ખાસ કરીને હિન્દુ સમાજમાં અત્યન્ત ઉગ્ર ખળભળાટ પેદા કર્યો છે. લોકસભામાંની તાજેતરની બેઠકમાં પણ શંકરાચાર્યના પ્રસ્તુત વિધાન અને વર્તન સામે ઉગ્ર રોષભરી ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચાને અનુલક્ષીને આગળના ગૃહખાતાના પ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાએ છાપાજોગા એક નિવેદનમાં જણાવ્યું છે કે, "લોકસભાની આ બાબતને લગતી ચર્ચા જ્યારે ચાલી રહી હતી અને લોકસભાના બધા પક્ષો તરફથી પુરીના શંકરાચાર્યના અમુક ઉદ્‌ગારો ઉપર રોષ અને પ્રકોપની ઝડી વરસી રહી હતી ત્યારે મેં જે તીવ્ર વ્યથા અને શરમ અનુભવી તે હું શબ્દોમાં વ્યકત કરી શકતો નથી. શંકરાચાર્ય હિન્દુ સમાજના એક વિભાગના પ્રતિનિધિસમા છે. આ રીતે લોકોના અપમાન અને ઉપહાસને પાત્ર બનીને તેમણે અનેક હિન્દુઓના સ્વમાન અને કોમળ લાગણીઓને ભારે હાનિ પહોંચાડી છે, ભારે ધક્કો લગાડયો છે. ધર્મશાસ્ત્રના ઓઠા નીચે ધારણ કરાયલું શંકરાચાર્યનું આ કટ્ટર વલણ દેશના કાયદાઓને નહિવત્ કરી શકે તેમ છે જ નહિ. ધર્મ-ગ્રંથો સંબંધમાં પણ જણાવવાનું કે તેના અનેક રીતે અર્થઘટન

થઈ શકે છે અને ધર્મગ્રંથો પણ અનેક કોટિ અને કક્ષાના છે."

અસ્પૃશ્યતા હજુ આપણા દેશમાંથી તદ્દન નાબૂદ થઈ નથી. એમ છતાં ધીમે ધીમે ચારે બાજુએ અદશ્ય થઈ રહી છે અને અસ્પૃશ્યો ઊંચે આવી રહ્યા છે—આ હકીકત છે. આમ છતાં પણ આવા બુદ્ધિજડ અને ધર્મઝનૂની શંકરાચાર્યો હજુ આપણે ત્યાં વિદ્યમાન છે એ આપણી એક મોટી શરમ અને કમનસીબી છે. આ જાતના વલણે હજારો અસ્પૃશ્યોને હિન્દુધર્મ છોડાવીને બૌદ્ધ-ધર્મ તરફ વાળ્યા છે અને શંકરાચાર્યે અસ્પૃશ્યતા—સમર્થક જે કટ્ટર વલણ રજુ કર્યું છે તે વલણ કાયમ રહેશે તો બાકી રહેલા અસ્પૃશ્યો પણ પોતાના અન્ય જાતિબંધુઓ માફક બૌદ્ધધર્મ તરફ ઢળતા જશે એમાં કોઈ શક નથી. તેઓ બૌદ્ધધર્મ અંગીકાર કરે તેનો વાંધો નથી, પણ તેનું આડકતરું પરિણામ તેમને હિન્દુધર્મના કટ્ટર વિરોધી બનાવવામાં આવે છે, જે હિન્દુસમાજ માટે ભારે ખતરનાક છે. એમ ન સમજતા કે આવા શંકરાચાર્ય દેશમાં એક માત્ર છે. આવા પ્રચ્છન્ન શંકરાચાર્યો અને જુનવાણી મનોદશાને પોષતા અને પંપાળતા ધર્માચાર્યો દેશમાં અનેક છે. આવા શંકરાચાર્યો અને ધર્માચાર્યો દેશને કેવું નુકસાન કરી રહેલ છે તેનો આ ઉપરથી ખ્યાલ આવશે. આવા શંકરાચાર્યો અને ધર્માચાર્યોથી ભગવાન આપણને બચાવે !

રાષ્ટ્રગીત 'જન ગણ મન'નું પુરીના શંકરાચાર્યે કરેલું અપમાન

ઉપરોક્ત સંમેલન પુરું થતાં જ્યારે 'જનગણમન' થી શરૂ થતું રાષ્ટ્રગીત કન્યાઓએ ગાવાનું શરૂ કર્યું ત્યારે આ મહાનુભાવ શંકરાચાર્યે તે સામે વિરોધ ઉઠાવ્યો હતો અને માઈકોફોનનો કબજો લઈ "આપણું ખરું રાષ્ટ્રગીત આ નથી, પણ વન્દેમાતરમ્ છે. જન ગણ મન' તો વર્ષો પહેલાં કલકત્તા આવેલા પ્રિન્સ આફ વેલ્સને આવકાર આપવાના હેતુથી રવીન્દ્રનાથનું રચેલું ગીત છે. આવું ગીત રાષ્ટ્ર-ગીત હોઈ ન જ શકે." એમ જણાવ્યું હતું અને 'વન્દેમાતરમ્' ગાવાની તેમણે ચેષ્ટા કરી હતી. સર્વસ્વીકૃત રાષ્ટ્રગીતનું આ રીતે અપમાન થતું જોઈને શ્રોતાવર્ગ ખૂબ જ ઉશ્કેરાઈ ગયો હતો અને તેમની ઉપર ધસી ગયો હતો અને એ ધસારામાંથી તેમના ભકત-જનો તેમને છોડાવી ને માંડમાંડ બહાર લઈ જઈ શકયા હતા.

આ 'જન ગણ મન' ની રચનાને અને પ્રિન્સ ઑફ વેલ્સના કલકત્તા ખાતે કહેવાતા આગમનને કોઈ સંબંધ છે કે કેમ તે વિષે સ્પષ્ટતા કરતો એક પત્ર તા. ૯-૪-૬૯ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેના ઉપયોગી ભાગનો અનુવાદ નીચે મુજબ છે:—

"આ સંદર્ભમાં ભારત સરકારના પ્રકાશન ખાતા તરફથી પ્રગટ થયેલ Our National Songs—આપણાં રાષ્ટ્રીય ગીતો-માંથી પ્રસ્તુત અને પૂરી સ્પષ્ટતા કરતો ફકરો હું ઉધ્ધૃત કરું છું.

"આ જન ગણ મન' ગીતને મહાત્મા ગાંધીએ માત્ર એક સાદા ગીત તરીકે નહિ પણ એક ભકિતપૂર્ણ ભજન તરીકે વર્ણવ્યું છે. આ ગીત ૧૯૧૧ ની ડિસેમ્બર માસની ૧૧ મી તારીખે-કલકત્તા ખાતે ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનના બીજે દિવસે સૌથી પહેલાં ગવાયું હતું. પહેલા દિવસે, સામાન્ય પ્રણાલી મુજબ 'વન્દેમાતરમ્' ગવાયું હતું. 'ભારત ભાગ્યવિધાતા,' 'જનગણમન અધિનાયક' 'ચિર સારથિ' વગેરે વિશેષણો આ ગીતમાં કોને અનુલક્ષીને વપરાયાં છે એ વિષેનો શરૂ શરૂનો વાદવિવાદ, જો કે કશા પરિણામ વિનાનો એમ છતાં, ખરેખર કમનસીબ હતો.

એ વખતે એમ પણ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું કે "એ વખતે એટલે કે ૧૯૧૧ ની સાલમાં પાંચમા જ્યોર્જ ભારતની મુલા-કાતે આવેલા તેમને ઉદ્દેશીને આ બધાં વિશેષણો વાપરવામાં આવ્યાં હતાં. કવિવર ટાગોરને પોતાને આ પ્રકારના દ્વેષીલા અર્થઘટન સામે જાહેર જનતાને ચેતવવાની ફરજ પડી હતી. તેમણે આ બાબતને અનુલક્ષીને જણાવેલું કે, "માનવજાતના અનન્ત ઈતિહાસના અસંખ્ય યુગોમાં પ્રવાસ કરી રહેલા યાત્રિકોને દોરનાર ચિરસારથિ તરીકે જ્યોર્જ ચોથા કે જ્યોર્જ પાંચમાના ગુણગાન કરવા જેટલી ભયંકર બેવકૂફી આચરવાની મારામાં શકયતા જેઓ કલ્પતા હોય તેમને જવાબ આપવાની દરકાર સરખી કરું તો તે મારું પોતાનું જ અપમાન કરવા બરોબર લેખાય."

"સુભાષચંદ્ર બોઝ ની આઝાદ ભારત સરકારે આ ગીતનો હિન્દી અનુવાદ કર્યો હતો અને આ નવા રૂપાન્તરને રાષ્ટ્રીય ગીત - નેશનલ એન્થેમ - તરીકે અપનાવ્યું હતું. તેમણે એવી નોંધ પણ કરી છે કે આ 'જય' ના લય વાળું ટાગોરનું ગીત આપણું નેશનલ એન્થેમ બની ચૂકયું છે."

અસ્પૃશ્યતા નિવારણ સામે જેહાદ સ્વરૂપનો વિરોધ દાખ-વીને પૂરીના શંકરાચાર્યે જેમ ધાર્મિક જડતા અને સમયઅનભિજ્ઞતા દાખવી છે તેમ આ 'જન ગણ મન' નો વિરોધ કરીને તેમણે વસ્તુસ્થિતિનું અજ્ઞાન અને બૌદ્ધિક જડતા પ્રદર્શિત કરી છે. આ બન્ને ઘટના કમનસીબ અને ભોળા લોકોને ભરમાવનારી છે.

પૂરક નોંધ: તા. ૯-૩-૬૯ ના જન્મભૂમિના પ્રતિનિધિ સમક્ષ દિલ્હી ખાતેથી પુરીના શંકરાચાર્યે એક લાંબો ખુલાસો કરતાં જણાવ્યું છે કે "હરિજન સંડાસમાં જતો હોય તો સંડાસ સાફ કરવા માટે પણ મારી તૈયારી છે, પરંતુ એ સંડાસ સાફ કર્યા પછી હું જો સ્નાન કરવાનો નિર્ણય કરું તો કોઈએ તે સામે વાંધો ઊઠાવવો જોઈએ નહિ." અને આગળ બોલતાં તેમણે જણાવ્યું છે કે "હું તો પુરીમાં અને દિલ્હીમાં હરિજનો માટે એક એક હૉસ્પિટલ બાંધવા ધારું છું. આ યોજના સંબંધમાં મને અનુમોદન આપનારાઓ સાથે મેં ચર્ચા કરી છે અને ટૂંક સમયમાં હૉસ્પિટલ તૈયાર થઈ જશે." પણ આમ કહીને પછી તેઓ ઉમેરે છે કે, "આ બધું છતાં હું અસ્પૃશ્યતામાં ખસુસ માનું છું અને હિન્દુ શાસ્ત્રમાત્ર નિર્વિવાદ રીતે કોઈ ને કોઈ પ્રકારની અસ્પૃશ્યતાની હિમાયત કરે જ છે."

શંકરાચાર્યના આ શબ્દોથી રખેને કોઈ ભરમાય. શંકરાચાર્ય ભલેને સંડાસ અને તે પણ હરિજનના, સાફ કરવાની વાતો ભલે કરે, પણ એ વિચારનો અમલ કરી બતાવે ત્યારે ખરા. શંકરાચાર્ય સંડાસ સાફ કરશે ત્યારે તો સૂર્ય પૂર્વનું બદલે પશ્ચિમમાં ઉગ્યો હશે. અને શંકરાચાર્યના હાથે હરિજનો માટે હોસ્પિટલો પણ બંધાય ત્યારે ખરા. પણ આ બધી વાતો કરીને પોતાનો અસ્પૃશ્યતાને લગતો કક્કો તો ખરો જ છે એમ તેઓ મક્કમપણે કહે છે અને એ રીતે તેઓ પોતાનું અસલી રૂપ પ્રગટ કરે છે અને તે સામે જ આપણો સખ્ત વિરોધ છે.

"જનગણમન" વિષે પણ એ જ નિવેદનમાં શંકરાચાર્યે કેટલુંક ફેરવી તોળ્યું હોય એમ લાગે છે. આમ છતાં તેમાં પણ "જનગણમન" સામેના પોતાના વિરોધને તેમણે એ ગીત પાંચમાં જ્યોર્જનો (પટ-ણાની સભામાં પ્રીન્સ ઑફ વૅલ્સ નો તેમણે ઉલ્લેખ કર્યો હતો) આદર કરવા માટે કવિવર ટાગોરે રચેલું હતું એવા વિધાન ઉપર આધારિત કર્યો છે. આ વિધાન કેટલું અસત્ય છે તે તો ઉપર આપેલા વિવેચન ઉપરથી વાચકોને પૂરેપૂરું સ્પષ્ટ થશે.

મુંબઈમાં આ વખતે ઉજવાયલી બધા ફિરકાની મહાવીર જયન્તી

મુબઈ ખાતે જૈન સમાજના બધા ફિરકાના આગેવાનો એકઠા મળીને મહાવીર જયન્તી ઉજવે છે અને તેમાં બધા ફિરકાના સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ ભાગ લે છે. આ વખતે ઉજવાયલી મહાવીરજયન્તીમાં શ્વે. મૂ. સમાજના સાધુઓ તથા સાધ્વીઓ ઉપસ્થિત થયાં નહોતાં. જૈન સમાજ એકતાની દિશાએ આગળ વધતો જાય છે, જ્યારે તેમની આ વખતની મહાવીર જયન્તીમાં ગેરહાજરી એકતાની દિશાએ પીછેહઠ

જેવું લાગ્યું. તેમને આમંત્રણ આપવામાં આવેલું એમ છતાં તે વર્ગના કોઈ સાધુ-સાધ્વીએ કેમ ભાગ ન લીધો એનું કારણ સમજાયું નહિ.

આ વખતની જયન્તીમાં કોઈ મહાનુભાવની પ્રમુખસ્થાને નિમણૂક કરવામાં આવી નહોતી, જ્યારે અતિથિવિશેષ તરીકે બે મહાનુભાવોને નિમંત્રણ આપવામાં આવ્યા હતા. એક જૈન શ્વે. મૂ. સમાજના આગેવાન અને વિદ્વાન શેઠ શ્રી. અમૃતલાલ કાળીદાસ અને બીજા મહારાષ્ટ્ર સરકારના મહેસૂલ ખાતાના પ્રધાન શ્રી. બાળાસાહેબ દેસાઈ. આવા પ્રસંગે અતિથિ વિશેષ તરીકે કે પ્રમુખ તરીકે અમૃતલાલભાઈની યોગ્યતા સંબંધે કોઈને કશું કહેવાનું હોય નહિ, પણ શ્રી બાળાસાહેબ દેસાઈની પસંદગી કરતી વખતે તેમની મદ્યપ્રિયતા, શિવસેનાના ઉગમ સાથે તેમનો કહેવાતો સંબંધ —આ બધું આપણે વિચારવાનું ખરું કે નહિ? અને આવી જયન્તી પ્રસંગે ગમે તેવો પણ કોઈ એક પ્રધાન તો હોવો જ જોઈએ એ શું આવશ્યક છે? બીજા પ્રસંગે ગમે તેને ગમે તે સ્થાન શોભાવવા માટે લાવવામાં આવે તે ચાલે, પણ મહાવીર જયન્તી જેવા પ્રસંગે વ્યક્તિની ધનિકતા અથવા તો સત્તા-પ્રતિષ્ટા નહિ પણ તેની વિદ્વત્તાને, શીલસંપન્નતાને, જીવનની પવિત્રતાને જ સવિશેષ-મહત્ત્વ આપવું ઘટે. મહાવીર જયન્તીનું આયોજન વ્યાપારી ધોરણે નહિ પણ ગુણવત્તાના ધોરણે જ વિચારવું ઘટે.

ભારત જૈન મહામંડળના કાર્યાલયનું ઉદ્‌ઘાટન

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં જણાવવામાં આવ્યું હતું તે મુજબ કોટમાં હોર્નીમેન સર્કલની એક બાજુએ આવેલ સાહુ શ્રેયાંસપ્રસાદની જૂની ઓફિસના વિભાગમાં ભારત જૈન મહામંડળ, ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર અને ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દિ સમિતિના સંયુક્ત કાર્યાલયનું શેઠ કસ્તુરભાઈ લાલભાઈના શુભહસ્તે માર્ચ માસની નવમી તારીખે સવારના સાડા દશ વાગ્યે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં ઉપર જણાવેલ ત્રણે સંસ્થાઓ સાથે ગાઢપણે જોડાયેલા શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે ત્રણે સંસ્થાના કાર્યક્ષેત્રની ટૂંકામાં સમજૂતી આપી અને શ્રેયાંસપ્રસાદની ઉદારતાથી આવું સંયુક્ત કાર્યાલય નિર્માણ થઈ શકવા બદલ ઊંડો આનંદ પ્રદર્શિત કર્યો અને શાન્તિપ્રસાદજીનો આભાર માન્યો. આ પ્રસંગે આ ત્રણે પ્રવૃત્તિઓ સાથે જોડાયલા કેટલાક આગેવાન ગૃહસ્થો ઉપસ્થિત થયા હતા. તેમાંના કેટલાકે શેઠ કસ્તુરભાઈના અનુરોધથી આ પ્રસંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા અને સૌ કોઈએ જૈનોને જુદા પાડતા કારણોનો - ખાસ કરીને જૈન તીર્થોને લગતા ઝઘડાઓનો-ઉલ્લેખ કર્યો હતો અને એનો જેમ બને તેમ જલ્દિ ઉકેલ લાવવા સમીપસ્થ આગેવાનોને અનુરોધ કર્યો હતો.

ત્યાર બાદ શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને પ્રસંગોચિત વિવેચન કર્યું હતું. આ શુભ અવસર ઉપર પ્રમુખસ્થાને બિરાજેલા શેઠ કસ્તુરભાઈ ત્રણે સંસ્થાની કાર્યવાહી વિષે તેમ જ જૈન સમાજની એકતા વિષે માર્ગદર્શક એવાં પોતાનાં મન્તવ્યો રજૂ કરશે એવી ઉપસ્થિત કાર્યકરોની અપેક્ષા હતી, પણ શેઠ કસ્તુરભાઈએ તો પ્રારંભથી મૌન ધારણ કરેલું તેને વળગી રહીને, એવું કશું વિવેચન ન કરતાં, ભગવાન મહાવીરની છબી સમક્ષ મુકાયલી દીવીની પાંચ શિખાઓ પ્રગટાવીને પ્રસ્તુત કાર્યાલયનું ઉદ્‌ઘાટન થયાનું સૂચવ્યું હતું.

ઉપર જણાવ્યું તે મુજબ ત્રણે સંસ્થાનું એકત્ર કાર્યાલય આ રીતે ઊભું થઈ શક્યું તે જેમના દિલમાં જૈન સમાજની એકતાની તમન્ના છે, દર્દ છે, તેવા મારી જેવા અનેક માટે અત્યન્ત આવકારયોગ્ય ઉત્સાહપ્રેરક ઘટના છે. એકતાની સાધનાની દિશાએ આ એક અતિ મહત્વનું પ્રસ્થાન છે. આજના વખતમાં મુંબઈના આવા મધ્યવર્તી સ્થળે આવી જગ્યા મળવી તે લગભગ અશક્ય જ ગણાય અને તે પણ કથા વળતર વિના મળે તે તો કલ્પનાની બહારની બાબત છે. આ માટે જૈન સમાજ શ્રેયાંસપ્રસાદજીની હંમેશાની ઋણી રહેશે.

કલાગુરુ રવિશંકર મ. રાવળને હાર્દિક અભિનંદન

૧૯૬૮-૬૯ વર્ષ દરમિયાન પ્રગટ થયેલ સાહિત્યમાંના જીવનચરિત્ર વિભાગમાં, ગુજરાતના કળાગુરુ શ્રી રવિશંકર મહાશંકર રાવળનાં 'કુમાર'માં કેટલાયેક સમયથી પ્રગટ થઈ રહેલાં 'જીવન-પટનાં સ્મૃતિચિત્રો'માંથી પ્રારંભના અમુક પ્રકરણો સંગ્રહિત થઈને 'આત્મકથાનક ખંડ-૧' ના નામથી પ્રસિદ્ધ થયેલ છે તેને શ્રેષ્ઠ જીવનચરિત્ર તરીકે લેખીને તેમને રૂ. ૧૦૦૦ નું ગુજરાત સરકાર તરફથી પારિતોષિક આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે શ્રી રવિભાઈને આપણા સર્વના હાર્દિક અભિનંદન ઘટે છે છે. આ લેખમાળાનાં આજ સુધીમાં ૪૩ પ્રકરણો પ્રગટ થયાં છે. અને એમ છતાં 'કુમાર'ના વાચકો આ જીવનકથા એક સરખા રસથી વાંચી છે. આનું કારણ રવિભાઈનું નિર્મળ જીવન, તેમનું સરળ અને વિનમ્ર નિરૂપણ અને જીવનના નાના પ્રસંગોને હૃદયંગમ બનાવવાની તેમને વરેલી કળા છે. આ કથામાં લેખકના ઉદાત્ત વ્યક્તિત્વનું આપણને અભિનવ દર્શન થાય છે અને કઠણ સંયોગોને પાર કરતી તેમની અપૂર્વ કલાસાધના આપણને પ્રત્યક્ષ થાય છે. સાધારણ ચિત્રકારોનો સંબંધ પીંછી સાથે હોય છે; રવિભાઈનો સંબંધ માત્ર પીંછી સાથે નહિ પણ લેખિની સાથે પણ છે. તેમનું જીવન એકાંગી ચિત્રકારનું નથી, પણ જીવનના અનેક પાસાઓને સ્પર્શતા એક સહૃદય ચિન્તકનું છે. આપણે ઈચ્છીએ કે તેમની આ લેખનક્ષમતા ટકી રહે અને આ તેમનું આલેખન-આ તેમની સ્મરણયાત્રા-જીવનના કોઈ નજીકના તબક્કે ન અટકતાં અદ્યતન તબક્કા સુધી લંબાતી રહે.

'અતિથિ વિશેષ' વિષે

આજે જે તે સમારંભોમાં કોઈ વ્યક્તિવિશેષ પ્રમુખસ્થાન શોભાવે છે તો અન્ય કોઈ વ્યક્તિવિશેષનું અતિથિ વિશેષ તરીકે બહુમાન કરવામાં આવે છે. આવી અતિથિ વિશેષની સર્વમાન્ય બનેલી પ્રથાનું મૂળ શું તેનો વિચાર કરતા એમ લાગે છે કે, જ્યારે કોઈ પણ જાહેર સંસ્થા તરફથી ભોજનસમારંભ યોજવામાં આવ્યો હોય અને આ પ્રસંગે અનેક અતિથિઓને નિમંત્રણ આપવામાં આવ્યાં હોય ત્યારે કોઈ એક વ્યક્તિવિશેષનું વિશિષ્ટ રીતે બહુમાન કરવા માટે તેને અતિથિ વિશેષ તરીકે નિમંત્રણ આપવાનું વિચારવામાં આવ્યું હોય અને એ રીતે આ પરંપરાની શરૂઆત થઈ હોય અને ભોજનસમારંભ અને અતિથિ વિશેષ એ પરસ્પર સંવાદી હોઈને આવી પરંપરામાં સુસંગત લાગી હોય એમ બનવા જોગ છે. પણ પછી તો જેમાં ભોજનસમારંભ જેવું કશું જ ન હોય તેવાં જાહેર સમારંભો અથવા પ્રસંગોમાં પણ જ્યારે એક સાથે બે વિશેષ વ્યક્તિઓને આગળ ધરવી હોય ત્યારે એકને પ્રમુખ બનાવવાની અને અન્યને અતિથિ વિશેષ બનાવવાની પ્રથા ચાલુ થઈ છે. સામાન્ય માન-સન્માનના કે સંમેલન-ઉદ્‌ઘાટનના પ્રસંગોએ આ પ્રથા એવી બેહુંદી લાગતી નથી, પણ કદિ કદિ એવાં પણ સંમેલનો હોય છે દા. ત. મહાવીર જયંતિની ઉજવણી-આવા પ્રસંગે કોઈ એક વ્યક્તિને પ્રમુખ બનાવવામાં આવે તે તો બરોબર છે, કારણ કે આવા સંમેલનના સંચાલન માટે કોઈ એક પ્રમુખની જરૂર હોય જ છે, પણ આવા પ્રસંગે અન્ય કોઈ વ્યક્તિને અતિથિ વિશેષ તરીકે પણ બોલાવવામાં આવે છે, બેસાડવામાં આવે છે, તેનો શું અર્થ કે ઔચિત્ય છે તે મારા સમજવામાં આવતું નથી.

આ તો આપણે થોડી તાત્ત્વિક ચર્ચા કરી. અતિથિ વિશેષ વિશે વિશેષ ચર્ચા આગળ ચલાવતાં જણાવવાનું પ્રાપ્ત થાય છે કે આજ કાલ

હવે એક જ અતિથિ વિશેષથી ચાલતું નથી. જરૂરિયાત પ્રમાણે એકથી વધારે વ્યકિતઓને અતિથિ વિશેષ તરીકે બોલાવવામાં અને બેસાડવામાં આવે છે. અને તેમાં વળી અમુક એક વ્યકિતને મુખ્ય મહેમાન બનાવવામાં આવે છે.

આથી આગળ વધીને, તાજેતરમાં ભરાયલા એક ઉદ્‌ઘાટન સમારંભમાં રાખેલા મુજબ પ્રમુખ તો સદ્‌ભાગ્યે એક જ હતા, પણ સ્વાગત પ્રમુખ બે હતા, અતિથિ વિશેષ પાંચ હતા અને સંસ્થાના જુદા જુદા વિભાગના ઉદ્‌ઘાટકો છ હતા. આ બધું મંડળના પોતાના પ્રમુખ, ઉપ-પ્રમુખ અને બે મંત્રીઓ ઉપરાંત. અને દરેક અતિથિ વિશેષ અને ઉદ્‌ઘાટકને બોલવાની તક તો આપવી જ જોઈએ, એટલે બપોરના ૩-૩૦ વાગ્યે શરૂ થયેલો આ ઉદ્‌ઘાટન સમારંભ સાંજના (અલબત્ત બીજા દિવસની સવારના નહિ) સાત વાગ્યે પૂરો થયો હતો. આ મેળાવડામાં શ્રોતાઓ યા પ્રેક્ષકો તો આવ્યા અને ગયા, ઉદ્‌ઘાટકો પણ આવ્યા અને ગયા, અતિથિ વિશેષો ઠેઠ સુધી બેઠા હતા કે નહિ તેની પાકી ખબર નથી, પણ પ્રમુખ મહાશયને મેળાવડાના અંત સુધી બેસીને સન્માનનું પૂરું વળતર ચુકવવું જ પડ્યું હતું. તેમના પ્રત્યે આપણા સર્વની હાર્દિક હમદર્દી હો!

આ આલોચનાનો આશય એ વસ્તુસ્થિતિ તરફ ધ્યાન ખેંચવાનો છે કે આપણા સામાજિક સમારંભોના આ પ્રકારનાં આયોજનોમાં ઔચિત્યનો અને પ્રમાણનો ભારે ભંગ થઈ રહ્યો છે. દાન મેળવવાની અધીરાઈમાં ગમે તેટલી વ્યકિતઓનું ગમે તે આકારમાં સન્માન કરવાનો રવૈયો આપણા માટે જરા પણ શોભાપ્રદ નથી. આ બાબતમાં વિશેષ વિચાર કરવાની અને વિવેક કેળવવાની ખૂબ જ જરૂર છે.

ચાર ચંદ્રશેખરમાંથી મોરારજીભાઈ સાથે અથડામણમાં આવેલા ચંદ્રશેખર કોણ છે?

ભારતના નભોમંડળમાં ચમકતા ચંદ્રશેખર કુલ ૪ છે. તેમાંના ત્રણ દક્ષિણ ભારતના છે: એક ખગોળવેત્તા ચંદ્રશેખર, બીજા સંતતિનિયામક ચંદ્રશેખર જેઓ આજના કેન્દ્રસ્થ પ્રધાનમંડળમાં છે અને ત્રીજા ઠેકઠેકાણે ફરીને આજે પોતે સ્થાપેલા અલગ સંયુકત સમાજવાદી પક્ષમાં સ્થિર થયેલા કેરળના ચંદ્રશેખર. આ ત્રણે ચંદ્રશેખરોને વટાવી જાય એવા આ ચોથા ચંદ્રશેખર મૂળ ઉત્તર પ્રદેશના બલિયાના વતની છે. તેમની ઉમ્મર ૪૨ વર્ષની છે. રાજકીય વિજ્ઞાન લઈને એમ. એ. થયેલા છે અને દ્વિતીયાદેવી નામનાં સન્નારી સાથે તેમણે લગ્ન કરેલા છે. કોંગ્રેસમાં 'યંગ ટર્ક્સ'ના નામથી ઓળખાતા તોફાની જૂથમાં તેઓ અગ્રસ્થાને છે. ૧૯૬૨માં તે આ રાજ્યસભામાં ચુંટાયા હતા અને ૧૯૬૭માં કોંગ્રેસ પક્ષ તરફથી લોકસભામાં ચુંટાઈ આવેલા કટ્ટર સમાજવાદી સભ્ય છે.

ધારણા મુજબ સફળ બનેલી વસન્ત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા એપ્રિલ માસની તા. ૮, ૯, ૧૦, ૧૧ ના રોજ એમ ચાર દિવસ માટે તાતા ઑડિટોરિયમમાં યોજાયેલી 'વસન્ત વ્યાખ્યાનમાળા'નો કાર્યક્રમ ધારણા મુજબ સફળ થયો હતો. મુંબઈના કોટ વિભાગમાં વર્ષના પ્રથમાર્ધ દરમિયાન આ પ્રકારની વ્યાખ્યાનમાળા યોજવાનો મુંબઈ જૈન યુવક સંઘનો સૌ પ્રથમ પ્રયોગ હતો. અઠવાડિયાના ચાલુ દિવસોમાં સાંજના સમયે શ્રોતાઓ પૂરતી સંખ્યામાં આવશે કે કેમ તે વિષે મનમાં અનિશ્ચિતતા હતી. સદ્‌ભાગ્યે ચારે દિવસ શ્રોતાઓની હાજરીથી તાતા ઑડિટોરિયમનું સભાગૃહ ભરાયલું રહ્યું હતું. વ્યાખ્યાનો પણ એક સરખા ઉચ્ચ કક્ષાનાં રજૂ થયાં હતાં. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન મુખ્ય પ્રવકતાની આગળ તેમ જ પાછળ પોતાના મિતાક્ષરી છતાં સચોટ વકતવ્ય વડે શોભાવ્યું હતું. પહેલા ત્રણ દિવસની સભાનો સૌ. સુલોચનાબહેન ત્રિવેદીના પ્રાર્થના ગીત વડે પ્રારંભ થયો હતો. ચોથા દિવસની સભામાં સૌ. ગુણવન્તીબહેને પ્રારંભમાં 'ૐ તત્સત્, શ્રી નારાયણત, પુરુષોત્તમ ગુરુ તૂ' ગાયું હતું અને અન્તમાં 'જન મન ગણ' રાષ્ટ્રીય ગીત ગવરાવ્યું હતું.

પહેલા દિવસના વ્યાખ્યાતા હતા ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્ નારાયણ. તેઓ તેમનાં પત્ની સૌ. મદાલસાબહેન સાથે ઉપસ્થિત થયાં હતાં. તેમણે ગાંધી વિચારતત્ત્વ બહુ સુન્દર અને વ્યવસ્થિત રીતે હિન્દીમાં રજૂ કર્યું હતું. બીજા દિવસના વ્યાખ્યાતા પ્રજા સોશિયાલિસ્ટ પાર્ટીના નેતા શ્રી નાથ પૈ હતા. તેમણે પોતાની જોરદાર વાણી વડે શ્રોતા સમુદાયને મુગ્ધ કર્યો હતો. તેમણે રાષ્ટ્રીય ભાવાત્મક એકતાના સંદર્ભમાં ગાંધીજીનાં પ્રમુખ મન્તવ્યોને અંગ્રેજી ભાષામાં રજૂ કર્યા હતાં. ત્રીજા દિવસે પ્રસ્તુત વ્યાખ્યાનમાળા માટે કલકત્તાથી ખાસ આવેલા શ્રી સુધાંશુ દાસગુપ્તાનું વ્યાખ્યાન હતું રાષ્ટ્રીય ભાવાત્મક એકતા ઉપર. શ્રી સુધાંશુ દાસ ગુપ્તા કલકત્તાની લા કૉલેજની પ્રાધ્યાપક અને ત્યાંના ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટના ડેપ્યુટી સેક્રેટરી છે. મુંબઈ બાજુએ આ રીતે તેમનું આવવાનું પહેલી વાર બન્યું છે. તેમણે રાજ્યબંધારણની ભૂમિકા ઉપર પોતાના વિષયની અંગ્રેજી ભાષામાં પ્રાણવાન રજૂઆત કરી હતી. ચોથા દિવસે ગાંધીજી અને સર્વોદય ઉપર શ્રી જયપ્રકાશ નારાયણનું હિન્દીમાં વ્યાખ્યાન હતું. તેમણે પોતાના વ્યાખ્યાન દરમિયાન ગાંધીજીના ટ્રસ્ટીશીપના ખ્યાલ ઉપર અને ગ્રામદાન આન્દોલનના ગર્ભમાં રહેલા દેશની આમૂલ ક્રાન્તિ ઉપર વિસ્તારથી વિવેચન કર્યું હતું. આવી રીતે સફળતાને પામેલી આ વસન્ત વ્યાખ્યાનમાળાએ મુંબઈ જૈન યુવક સંઘની આજ સુધીની કારકિર્દીમાં એક નવું સીમાચિહ્ન નિર્માણ કર્યું હતું અને સંઘના ભાવિ વિકાસ અંગે નવી આશાઓ પેદા કરી હતી. પરમાનંદ



વસન્ત વ્યાખ્યાનમાળાની પહેલી સભામાં પ્રવચન કરતા ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્ નારાયણ અને તેમની બાજુએ અનુક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, રાજ્યપાલનાં પત્ની સૌ. મદાલસા બહેન અને શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા. (બ્લોક: ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના સૌજન્યથી)

◆ દિવંગત આત્માઓને ભાવભરી અંજલી ◆

એક ચિરકાલીન મિત્રે લીધેલી આખરી વિદાય

મારા સમકાલીન સહાધ્યાયી મિત્ર શ્રી. દેવચંદ અમરચંદ શાહે ૭૭ વર્ષની ઉમ્મરે અમદાવાદ ખાતે તા. ૨૮મી માર્ચના રોજ હંમેશને માટે વિદાય લીધી. ૧૬ મી ઑગસ્ટના પ્રબુદ્ધ જીવનમાં તેમનો આ જ સુધીની કારકિર્દીનો ખ્યાલ આપવામાં આવ્યો છે તેમ જ તેમના તરફથી પ્રગટ થયેલ "આ રીતે સાજા થાઓ અને સાજા રહો!" એ પુસ્તકનું અવલોકન પ્રગટ કરવામાં આવ્યું છે, તેથી તે વિગતોની હું અહિં પુનરાવૃત્તિ કરવા ઈચ્છતો નથી. તેઓ પૂનાની ડેક્કન કૉલેજમાં બી. એ. થયા, ત્યાર બાદ એમ. એ તથા એલ્.એલ્. બી. થયા અને સહકારી પદ્ધતિ (cooperative societies) ને લગતો તેમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો અને સરકારના સહકારી ખાતામાં તેઓ જોડાયા અને તે ખાતાની ઉચ્ચતમ કક્ષા સુધી તેઓ પહોંચ્યા. આ સહકારી ખાતું પૂનામાં હોઈને તેમણે પૂનામાં જ વ્યવસાયી જીવનની શરૂઆત કરી અને ત્યાં જ તેની તેમણે પૂર્ણાહુતિ કરી.

તેમની સાથેની મારી મૈત્રીની શરૂઆત મારા સ્વર્ગસ્થ મિત્ર શિવલાલ પાનાચંદ શાહ અને મારા કૉલેજના સહાધ્યાયી શ્રી વાલજી ગોવિંદજી દેસાઈ મારફત થયેલી અને એ રીતે શરૂ થયેલો અમારો મૈત્રી સંબંધ આજ સુધી અતૂટ-અખંડિત રહ્યો હતો. પોતાના વ્યવસાય દરમિયાન તેમણે એક શોખ-એક હોબી-તરીકે બાયોકેમીસ્ટ્રીનો અભ્યાસ શરૂ કર્યો હતો અને સાથે સાથે જુદા જુદા દર્દોથી પીડાતા લોકોનો કેવળ સેવાભાવથી ઉપચાર કરવાનું પણ શરૂ કર્યું હતું.

આ અભ્યાસ અને અનુભવના પરિણામે તેઓ ક્વૉલીફાઈડ ડૉક્ટર થયા અને ડૉ. દેવચંદ અમરચંદ શાહ તરીકે ઓળખાવા લાગ્યા. નિવૃત્તિના પાછળનાં વર્ષો દરમિયાન દર્દીઓનો ઉપચાર અને મફત ઔષધપ્રદાન-એ જ તેમ ના જીવનની મુખ્ય પ્રવૃત્તિ બની ગઈ હતી.

એક કે બે વર્ષ પહેલાં તેમનાં માતુશ્રીનું પૂના ખાતે અવસાન થયું. ત્યાર બાદ પૂના છોડીને જ્યાં તેમના બીજા ભાઈઓ રહે છે તે અમદાવાદમાં સ્થાયી વસવાટનો તેમણે વિચાર કર્યો. છએક મહિના પહેલાં તેઓ અમદાવાદ આવીને વસ્યા. ગયા નવેમ્બરની આખરમાં હું અમદાવાદ હતો ત્યારે તેમને બે વખત મળવાનું બનેલું. તે વખતે તેમની તબિયત નરમ તો હતી જ. અમદાવાદ માફક ન લાગવાથી તેઓ પૂના પાછા જવાનો વિચાર કરતા હતા. પણ તે વિચાર અમલી બને તે પહેલાં તેમની તબિયત ક્ષીણ બનતી ચાલી અને ૨૮મી માર્ચે તેમનો જીવનદીપ તેલ ખૂટતાં બૂઝાઈ ગયો.

તેમના જીવનનો ઘણો મોટો ભાગ પૂનામાં જ વ્યતીત થયો. પૂનામાં વસતી ગુજરાતી પ્રજાની તેમણે અનેક સેવાઓ કરી. પણ આપણી બાજુએ કે ગુજરાતમાં તેમને બહુ ઓછા લોકો જાણી શક્યા. ૩૨ વર્ષની વયે વિધૂર થયા ત્યાર બાદ બીજા લગ્નનો તેમણે કદિ વિચાર સરખો ન કર્યો અને અનાસક્તિને વરેલું એવું વિશુદ્ધ જીવન તેમણે ગાળ્યું.

આ દુનિયામાં અનેક વ્યક્તિઓ આવશે અને જશે, પણ જ્ઞાન અને કર્મનો-સમ્યક ચિન્તન અને શીલનો-સમન્વય તેમનામાં મેં જે જોયો તેવો સમન્વય ભાગ્યે જ અન્યમાં જોવા મળશે.

પરમાનંદ

પરદુઃખભંજન યોગી દેવચંદભાઈ

(શ્રી દેવચંદભાઈના નિકટના મિત્ર અને પૂનાના વર્ષોભરના સાથી શ્રી. વાલજી ગોવિંદજી દેસાઈ તરફથી મળેલ ભાવાંજલિ નીચે આપવામાં આવે છે.)

દેવચંદભાઈના પિતા અમરચંદભાઈ શાહ જેતપુરમાં પોલિસ સુપરિન્ટેન્ડન્ટ હતા ત્યારથી મારે દેવચંદભાઈની ઓળખાણ થઈ હતી. ગાંધીજીનું ડૉકે લખેલ ચરિત્ર એણે મને વાંચવા આપ્યું હતું. તે પછી ગુજરાત કૉલેજના છાત્રાલયમાં અમારો સહવાસ થયો હતો.

દેવચંદભાઈને નાની ઉંમરે જ ક્ષયનો રોગ લાગુ પડયો હતો. ક્ષયના રોગી મોટે ભાગે રોગ સામે ઝઝૂમતાં હારી જાય છે, જિજીવિષા ટકાવી શકતા નથી અને મૃત્યુ પામે છે. પણ દેવચંદભાઈ રોગગ્રસ્ત હોવા છતાં સહકારી ખાતામાં ઉંચામાં ઉંચા પદ લગી પહોંચ્યા એ એની જેવી તેવી સિદ્ધિ નહોતી.

બેંતાલીસની લડત વખતે એ રાજીનામું આપું આપું કરતા હતા, પણ મેં એમને રોકયા હતા.

નોકરી અનેક જણ સારી રીતે કરે છે એમ દેવચંદભાઈએ કરી, પણ નિવૃત્ત થયા પછી એમણે જે પરોપકારાર્થે કામગીરી કરી તે વિરલા જ કરવા પામે છે.

પૂનામાં પ્રોફેસર જયશંકર પીતાંબર ત્રિવેદીના સ્મારકરૂપે જે ભવ્ય આરોગ્યભવન (સેનેટોરિયમ) બંધાયેલ છે તે દેવચંદભાઈ ન હોત તો ન થાત એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી દેવચંદભાઈના ભેગા ઝોળો ઉઘરાવવા કરવામાં શ્રી. વિનાયકભાઈ કુંવરજી શાહ, શ્રી સંઘવીજી વગેરેનો સહકાર હતો, પણ મૂળ પ્રેરણા દેવચંદભાઈની હતી. નિવૃત્તિ પછી દેવચંદભાઈએ આ એક જ કામ કર્યું હોત તો ય તે અસાધારણ ગણાત.

પણ એટલી પ્રવૃત્તિથી એમને સંતોષ નહોતો. તે ઉપરાંત એ જીવનરસાયણવૈદકના નિષ્ણાત બન્યા અને જીવ્યા ત્યાં લગી કેવળ નિષ્કામભાવે અનેક દર્દીઓની સેવા કરી.

વળી સહકારના વિશારદ લેખે સહકારી સમિતિઓમાં, ખાદી કમિશનમાં તથા બીજે પણ ઠેઠ લગી તેઓ સેવા કરતા રહ્યા હતા.

શરીરે વ્યાધિગ્રસ્ત હોવા છતાં ઈચ્છાશક્તિના આધારે ૭૭ વર્ષનું આયુષ ભોગવવું, એટલું જ નહિ પણ, ઠેઠ લગી જાતજાતની સેવા કરતા રહેવું-આવું જે કરવા પામે તેનાં ધન્ય ભાગ્ય.

સં. ૧૯૨૫ ના ચૈત્ર વ-૬. દેસાઈ વાલજી ગોવિન્દજી

સ્વર્ગસ્થ શ્રી જટુભાઈ મહેતા

વર્ષોજૂના સાથી શ્રી જટુભાઈ મહેતાનું તા. ૬-૩-૬૯ના રોજ ૬૨ વર્ષની ઉમ્મરે એકાએક અવસાન થતાં દિલ એક પ્રકારની ઊંડી વ્યથા અનુભવે છે.

૧૯૩૬ ની સાલમાં અમદાવાદ ખાતે ભરાયેલી જૈન યુવક પરિષદના પ્રમુખસ્થાનેથી કરવામાં આવેલા વ્યાખ્યાન સામે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં મોટો ખળભળાટ પેદા થયેલો અને અમદાવાદના જૈન શ્વે. મૂ. સંઘે એ કારણે મારો બહિષ્કાર જાહેર કરેલો. આ બહિષ્કારના વિરોધમાં અમદાવાદના જૈન યુવકોએ મારા માટે એક સન્માન સમારંભ યોજેલો. એ સમારંભમાં જટુભાઈ ઉપસ્થિત થયેલા અને એ વખતે તેમનો મને સૌથી પહેલો પરિચય થયેલો.

આ પ્રસંગે, થોડા સમય બાદ રાજકોટ ખાતે ભરાનાર જૈન યુવક પરિષદના પ્રમુખ થવાનું તેમણે મને નિમંત્રણ આપેલું. એ મુજબ રાજકોટ મુકામે એક પરિષદ ભરાઈ ગઈ અને અમો બન્નેના સહસંપાદન નીચે 'પરિવર્તન' નામનું એક માસિક રાજકોટથી શરૂ કરવામાં આવેલું, જે કેટલોક સમય ચાલ્યું હતું. સમય જતાં જટુ-

ભાઈ દ્રવ્યોપાર્જનાર્થે મુંબઈ આવીને વસ્યા અને મુંબઈ જૈન યુવક સંઘમાં જોડાયા. કેટલાંક વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી શરૂ કરવામાં આવનાર 'યુગદર્શન' નામના માસિકની મેં કામગીરી સ્વીકારેલી એ કારણે એ વખતના 'પ્રબુદ્ધ જૈન'ના સંપાદનની જવાબદારી જટુભાઈએ એકાદ વર્ષ માટે સંભાળેલી. સમય જતાં અમુક મતભેદના કારણે તેઓ મુંબઈ જૈન યુવક સંઘમાંથી છૂટા થયા અને ભારત જૈન મહામંડળની મુંબઈ શાખાના તેઓ અગ્રગણ્ય કાર્યકર્તા બન્યા. એ દરમિયાન આચાર્ય રજનીશજીનાં વ્યાખ્યાનો શરૂઆતમાં ભારત જૈન મહામંડળ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અને થોડા સમય બાદ મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ગોઠવાવા લાગ્યા. સમય જતાં લોકપ્રિય બનતા જતા, આચાર્ય રજનીશજીના વિચારોનો પ્રચાર કરવાના આશયથી તેમના નિકટવર્તી પ્રશંસકો એ જીવન જાગૃતિ કેન્દ્ર નામની સંસ્થા મુંબઈ ખાતે ઊભી કરી અને તે તરફથી શરૂ કરવામાં આવેલ ત્રિમાસિક 'જ્યોતિશિખા' તેમના તંત્રીપણા નીચે શરૂ કરવામાં આવ્યું, જે જવાબદારીથી તેઓ બહુ થોડા સમય પહેલાં છૂટા થયા હતા.

આ સિવાયની બીજી અનેક જાહેર પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લેતા હતા. તેઓ એક વાર કૉંગ્રેસી હતા અને તે કારણે તેમણે જેલવાસ પણ ભોગવ્યો હતો. પછી સ્વતંત્ર પક્ષમાં તેઓ જોડાયા હતા. તાજેતરમાં રાજકારણના ક્ષેત્રે તેમનું શું વલણ હતું તેનો મને સ્પષ્ટ ખ્યાલ નથી. આ ઉપરાંત જૈન સમાજની તેમ જ સ્થાનકવાસી સમાજની પ્રવૃત્તિઓમાં તેમ જ અન્ય અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં તેઓ સારો ભાગ લેતા હતા. પ્રગતિશીલ તેમના વિચારોનું વલણ હતું અને નિડર તેમના વિચારોની અભિવ્યક્તિ હતી. પ્રેમાળ તેમનો સ્વભાવ હતો અને જે કોઈ પ્રવૃત્તિ તેઓ હાથ ધરતા તે પાછળ તેઓ અસાધારણ ઉત્સાહ દાખવતા.

મુંબઈમાં જાહેરખબરોને લગતા વ્યવસાય દ્વારા તેમણે આર્થિક પ્રગતિ ઠીક પ્રમાણમાં સાધી હતી. છેલ્લાં પાંચેક વર્ષથી તેમને હૃદયરોગની બીમારી લાગુ પડી હતી. તે કારણે તેમનું સ્વાસ્થ્ય અવિશ્વસનીય બન્યું હતું. એમ છતાં તેઓ સતત પ્રવૃત્ત રહેતા અને બોલવા ચાલવામાં પણ પ્રફૂલ્લ દેખાતા હતા. આવા જટુભાઈ ચોથી એપ્રિલની રાત્રે જે સૂતા તે સૂતા જ રહ્યા અને સવારે ઉઠાડવા જતાં માલુમ પડ્યું કે રાત્રીની કોઈ ઘડિએ તેમનું પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. એક રીતે સુખપૂર્ણ લાગતું આવું મૃત્યુ સ્વજનો માટે અત્યંત આઘાતજનક બને છે. હજુ થોડા દિવસ પહેલાં તેમના બીજા દીકરાના તેમણે લગ્ન કર્યા હતાં અને તે નવદંપતી અમેરિકાના માર્ગે જઈ રહેલ હતાં એવામાં જટુભાઈનો ઉપર જણાવ્યા મુજબ એકાએક દેહવિલય થયો. તેમની પુત્રી તેના પતિ સાથે કેટલાંક વર્ષથી અમેરિકામાં છે. અહિં તેમનાં પત્ની છે અને મોટો દીકરો તેમનો વ્યવસાય સંભાળે છે. આ સર્વ કુટુંબીજનો પ્રત્યે આ દુઃખદ ઘટના પ્રસંગે આપણું અન્તર ઊંડી સહાનુભૂતિ અનુભવે છે. તેમનાં બહોળા મિત્રમંડળ અને સહકાર્યકર્તાઓને એક શકિતસંપન્ન અને ભાવનાશાળી સાથીની ખોટ પડી છે.

પરમાનંદ

પ્રબુદ્ધ જીવનના વાચકોને વિનંતિ

પહેલી એપ્રિલના પ્રબુદ્ધ જીવનની નકલો હાથ ઉપર બહુ ઓછી રહી છે તો જેમને એ અંકની નકલનો ખપ રહ્યો ન હોય એ પોતાની નકલ સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા કૃપા કરે.

વ્યવસ્થાપક 'પ્રબુદ્ધ જીવન'

એંઠના સદુપયોગ સંબંધી એક ચર્ચાપત્ર

શ્રી તંત્રી, "પ્રબુદ્ધ જીવન",

તા. ૧૬-૩-૬૯ ના 'પ્રબુદ્ધ જીવન' માં "જમણવારોમાં એંઠ મૂકાતી ચીજોના સદુપયોગ માટે ઊભી કરવામાં આવેલી વ્યવસ્થા સંદર્ભમાં' લખાયલી આપની નોંધ વાંચી. પરગજુ મહેતા દંપતીને એમના કામ માટે નિઃસંકોચ ધન્યવાદ અભિનંદન આપવા ઘટે છે, તથાપિ આપે કહ્યું છે તેમ "આપણી એંઠી મૂકેલી ચીજો ખાનપાનની વસ્તુઓ - ક્ષુધાપીડિતોને આપવામાં કેટલાકને મ કાંઈક સુરુચિનો ભંગ થતો લાગે છે. કેટલાકને આ પ્રક્રિયા ગરીબોને ક્ષુધાપીડિતોને – humiliate કરવા બરોબર - અપમાન કરવા બરોબર લાગે છે."

મારો મત પણ આવો છે, મને લાગે છે કે આ પ્રથાને આપણે ઉત્તેજન નહિ આપવું જોઈએ. મારી દલીલો નીચે મુજબ છે:

(૧) હું ધારું છું કે ગાંધીજી પણ અજાઠી વસ્તુઓ લોકો આપવાના વિરોધી હતા. અત્યારે મને એમના શબ્દો જડતા નથી પરંતુ આપણે વિદેશી કાપડની હોળી કરતા હતા ત્યારે ઘણા લોકો આવી જ દલીલ કરતા હતા કે, "કપડાં બાળો છો શું કામ? તે નવરા છે તેમને જ આપોને." આપે પણ તે જમાનામાં આવી દલીલ કરી હોય તો તો કંઈ કહેવાનું નથી, પણ ગાંધીજીનું દૃષ્ટિબિંદુ આપે સ્વીકાર્યું હશે તો તો આપ સમજી શકશો કે વધેલો ઓંઠવાડ આપણાં જ માનવબંધુઓને આપવામાં માનવતાનું અપમાન છે.

(૨) આપ સ્વાસ્થ્યની દૃષ્ટિએ વિચાર કરો. એક જ ગોળીમાં એક જ પવાલું બોળીને ઘણાં માણસો પાણી પીએ તો પણ મને કે આપને ન ગમે; તો પછી અનેક માણસોએ પોતાના મોંમાં ઘાલેલાં આંગળાંથી ચૂંથેલાં દાળ, ભાત, શાક, શીખંડ, દૂધપાક, આદિ વાનીઓ બીજાને ખાવા આપવી અગર પીવા દેવી એ શું ઈષ્ટ છે?

(૩) આપ એમ દલીલ કરી શકો કે, "આ તો એક આપદ્‌ધર્મ છે. બગાડ થાય તેના કરતાં એ બગાડનો સદુપયોગ થાય એ વધારે સારું; ઉત્તમ તો એ કે બગાડ જ ન થવો જોઈએ." અને આપે યોગ્ય રીતે લખ્યું છે કે, "તેઓ (મહેતા દંપતી) પોતાની આ પ્રવૃત્તિ સાથે એઠું નહિ મૂકવાની ઝુંબેશ પણ ચલાવતા રહે તે ખાસ જરૂરી છે." છતાં આપ જોઈ શકશો કે એમની "નમ્ર વિનંતિ" માં આનો ઉલ્લેખ જ નથી. વળી એમની પ્રવૃત્તિ જો લોકપ્રિય થાય તો તો લોકો - ખાસ કરીને જૈનો (ખોટું લાગે તો માફ કરશો)– ઓછું છાંડવાને બદલે ક્ષુધાપીડિતોની મિષ્યા દયા ખાઈ વધારે છાંડશે.

(૪) આપ મને સામો પ્રશ્ન પૂછી શકો કે, "ત્યારે શું ઓંઠવાડ ફેંકી દેવો એ વ્યવહારુ છે?" યોગ્ય છે? મને લાગે છે કે આ બધો વધેલો બગાડ પાંજરાપોળમાં મોકલી શકાય, અને ઢોરોના કામમાં આવે. જરૂર પડે તો પાંજરાપોળને જ વેચી શકાય અને એના નાણાંમાંથી ગરીબોને મફત અનાજ અપાય." આ હું અચકાતાં અચકાતાં લખું છું, કારણ મને જાતઅનુભવ નથી.

(૫) પ્રત્યેક પ્રસંગે અત્યારની 'બુફે' પ્રથા અપનાવવી. મને પોતાને આ પદ્ધતિ ગમતી નથી, કારણ, શાંતિથી બેસવાનું ન હોય, કોઈ પ્રેમથી પીરસતું ન હોય તો એ જમણવાર નથી, પણ વેઠ છે એવું મને લાગે છે. મારો અંગત મત આવો હોવા છતાં એ કબૂલ કરવું જોઈએ કે "બુફે" પ્રથામાં બિલકુલ બગાડ થતો નથી. આમ કરીએ તો વધેલી બધી શુદ્ધ રસોઈ ગરીબોને પીરસી શકાય.

(૬) 'બુફે'માં થોડો સુધારો કરીએ, બધા પાટલા પર શાંતિથી બેસી જાય પછી પીરસનારા પ્રત્યેક વાનગી જમનાર સમક્ષ ધ અને જમનાર પોતાને જે જોઈએ તે અને તેટલું જ લે તો મા વાંધાઓનો છેદ ઊડી જાય છે.

અમદાવાદ, તા. ૨૧-૩-૬૯ લિ. ડૉ. કાન્તિલાલ શાહ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

૫૩

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧, ૧૯૬૯, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગાંધીજી અને ટૉલ્સ્ટૉય

(તા. ૧૨મી માર્ચના રોજ ઑલ-ઈન્ડિયા રેડિયો મુંબઈ ઉપરથી પ્રસારિત પ્રવચન કેટલુંક વિસ્તારી નીચે આપવામાં આવે છે.)

ગાંધીજી ઉપર ટૉલ્સ્ટૉયની કેવી અને કેટલી અસર થઈ છે તે જાણવાનું સાધન છે મુખ્યત્વે ગાંધીજીએ તે વિષે જે છૂટુંછવાયું લખ્યું છે તે અને ટૉલ્સ્ટૉય સાથેનો તેમનો કેટલોક પત્રવ્યવહાર. આ ઉપરાંત વિશેષ માહિતી મારી જાણમાં નથી.

ગાંધીજી ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકા દાદા અબદુલ્લાના કેસ માટે ગયા ત્યાં, કેટલાક ખ્રિસ્તી મિત્રોએ, તેમની ધર્મજિજ્ઞાસા જોઈ, ધાર્મિક પુસ્તકો તેમને વાંચવા આપ્યાં. તેમાં એક પુસ્તક ટૉલ્સ્ટૉયનું Kingdom of God is Within You, હતું. આ પુસ્તક વિષે લખતાં ગાંધીજી કહે છે:-

"ટૉલ્સ્ટૉયના 'વૈકુંઠ તમારાં હૃદયમાં છે' નામના પુસ્તકે મને ઘેર્યો. તેની છાપ મારા ઉપર બહુ ઊંડી પડી. આ પુસ્તકની સ્વતંત્ર વિચારશૈલી, તેની પ્રૌઢ નીતિ, તેમાં રહેલાં સત્ય આગળ મિ. ક્રોટ્સે આપેલાં બધાં પુસ્તકો શુષ્ક લાગ્યાં."

આ વખતે ગાંધીજીની ઉંમર લગભગ ૨૪ વર્ષની હતી. તે પૂર્વે, ૧૮૯૧માં બૅરિસ્ટર થઈ વિલાયતથી તેઓ પાછા આવ્યા ત્યારે શ્રીમદ્ રાજચંદ્રનો તેમને પ્રથમ પરિચય થયો. આ વખતની પોતાની સ્થિતિ વિષે લખતાં ગાંધીજી કહે છે:-

"અમે પ્રથમ મળ્યા તે વેળાની મારી આધ્યાત્મિક સ્થિતિ કેવળ જિજ્ઞાસુની હતી. ઘણા પ્રશ્નો વિષે મનમાં શંકા રહેતી...મેં મારા પ્રયત્નથી ધર્મ વિશે બહુ જાણ્યું હોય એમ ન હતું. પણ મને ધર્મ વિશે જાણવાની ઉત્કંઠા રહેતી. તેથી રાયચંદભાઈનો સમાગમ મને ગમ્યો ને તેમનાં વચનોની અસર મારી ઉપર પડી. મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો."

બે વર્ષ પછી તેઓ દક્ષિણ આફ્રિકા ગયા ત્યાં, ગાંધીજીએ સારી પેઠે ધાર્મિક મંથન અને ધર્મનિરીક્ષણ કર્યું. આત્મકથામાં પોતે કહ્યું છે:—

"હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં, આત્મદર્શનના પ્રયત્નમાં."

તેઓ ગયા હતા એક કેસ માટે જ, પણ ઓતપ્રોત થઈ ગયા કોમની—હિંદીઓની—સેવામાં. આત્મદર્શનની અભિલાષાએ, ઈશ્વરની ઓળખ સેવાથી જ થશે એમ ધારી તેમણે સેવાધર્મનો સ્વીકાર કર્યો.

ધાર્મિક સાહિત્યનું વાંચન ખૂબ વધ્યું. બધા ધર્મોનાં પુસ્તકો વાંચ્યાં. "ટૉલ્સ્ટૉયના પુસ્તકોનું વાંચન વધારી મૂક્યું. તેનું 'Gospels in Brief'—નવા કરારનો સાર, "what shall we do then ?" ત્યારે કરીશું શું? વગેરે પુસ્તકોએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી. વિશ્વપ્રેમ મનુષ્યને ક્યાં લગી લઈ જઈ શકે છે એ હું વધારે અને વધારે સમજવા લાગ્યો."

ગાંધીજીના ભવિષ્યને વિષે ખ્રિસ્તી મિત્રોની ચિન્તા વધતી જતી હતી, તેમને ખ્રિસ્તી બનાવવા તેમના પ્રયત્નો ચાલુ હતા, પણ ગાંધીજીની મુશ્કેલીઓ ઊંડી હતી. તેમણે કહ્યું છે:—

"ઈશુ ખ્રિસ્ત એ જ એક ઈશ્વરનો પુત્ર છે, તેને જે માને તે તરે એ વાત મને ગળે ન ઉતરે...ઈશુના મૃત્યુથી ને તેમના લોહીથી જગતના પાપ ધોવાય એ અક્ષરશ: અર્થમાં માનવા બુદ્ધિ તૈયાર ન થાય...વળી ખ્રિસ્તી માન્યતા મુજબ, મનુષ્યને જ આત્મા છે, બીજા જીવોને નથી, અને દેહના નાશની સાથે તેમનો સર્વથા નાશ થઈ જાય છે, ત્યારે મારી માન્યતા આથી વિરુદ્ધ હતી."

ઈશુના પ્રેમનો સંદેશ, જે ગિરિપ્રવચનમાં આપાયો છે, તે ગાંધીજીના હૃદયને સ્પર્શતો. પણ ખ્રિસ્તી ધર્મની રૂઢ માન્યતાઓ તેમને સ્વીકાર્ય ન હતી. પણ જેમ તેઓ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર ન કરી શક્યા, તેમ હિંદુ ધર્મની સંપૂર્ણતા વિષે અથવા તેના સર્વોપરીપણા વિષે પણ ત્યારે નિશ્ચય ન કરી શકયા. હિંદુ ધર્મની ત્રુટિઓ—અસ્પૃશ્યતા જેવી—તેમની નજર સમક્ષ તર્યા કરતી.

આ સંજોગોમાં ગાંધીજીએ પોતાની મુસીબતો શ્રીમદ રાજચંદ્ર સમક્ષ મૂકી. તેમણે ધીરજ રાખવા અને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ આ હતો : "હિંદુ ધર્મમાં જે સુક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી એવું નિષ્પક્ષપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે."

શ્રીમદ સાથે પત્રવ્યવહાર ચાલુ રહ્યો. ૧૮૯૬માં હિંદ આવ્યા ત્યારે અંગત ચર્ચાઓ પણ કેટલોક સમય થઈ.

ફરી દક્ષિણ આફ્રિકા પાછા ગયા અને સત્યાગ્રહની લડતમાં પડયા. ૧૯૦૬માં એક દિવસ નાતાલ જવા ટ્રેઈનમાં ઊપડયા ત્યારે મી. પોલાકે એક પુસ્તક રસ્કિનનું "અન્ટુ ધીસ લાસ્ટ— Jnto This Last" રસ્તામાં વાંચવા આપ્યું. આ પુસ્તક વિષે ગાંધીજી લખે છે:—

"આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો. ટ્રેઈન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઉંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલ વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો...મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું. એવાં પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ જ પુસ્તક કહેવાય..." પરિણામ, ફિનિક્સ આશ્રમની સ્થાપના અને ત્યાર પછી ટૉલ્સ્ટૉય ફાર્મ.

ટૉલ્સ્ટૉયનાં બીજાં ક્યાં પુસ્તકોનું ગાંધીજીએ વાંચન કર્યું છે તે કહેવું મુશ્કેલ છે. ટૉલ્સ્ટાયની વિખ્યાત નવલકથાઓ ગાંધી-

જીએ વાંચી જણાતી નથી. ટૉલ્સ્ટૉયનું જીવનપરિવર્તન થયું ત્યાર પછી જે ધાર્મિક સાહિત્ય તેમણે લખ્યું તે ઠીક પ્રમાણમાં ગાંધીજીએ વાંચ્યું હશે એમ જણાય છે. દા. ત. ટૉલ્સ્ટાયનું My Confessions એમણે વાંચ્યું છે. તેમની કેટલીક ધાર્મિક કથાઓનો અનુવાદ પણ તેમણે કર્યો છે.

આ ત્રણે મહાપુરુષો વિષ લખતાં ગાંધીજી કહે છે:-

"મારી ઉપર ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે. ટૉલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. ટૉલ્સ્ટૉયની તેમના એક પુસ્તક દ્વારા અને તેમની સાથેના થોડા પત્રવ્યવહારથી. રસ્કિનની તેના એક જ પુસ્તક unto this last થી–જેનું ગુજરાતી નામ "સર્વોદય" મેં રાખ્યું છે અને રાયચંદભાઈની તેમની સાથેના ગાઢ પરિચયથી."

અન્યત્ર ગાંધીજીએ કહ્યું છે:-

"મારા જીવન ઉપર છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે. રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના "વૈકુંઠ તારા હૃદયમાં છે." પુસ્તકથી અને રસ્કિને તેના "unto this last" 'સર્વોદય' નામના પુસ્તકથી મને ચકિત કર્યો.

"મારા જીવનમાં શ્રીમદ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટૉલ્સ્ટૉય તથા રસ્કિન કરતાં પણ શ્રીમદે મારા ઉપર ઊંડી અસર કરી છે." આમ છતાં, ગાંધીજીએ કોઈને ગુરુ તરીકે સ્વીકાર્યા નથી. શ્રીમદને પણ નહિ. તેનું કારણ આપતાં તેમણે કહ્યું છે:-

"હિંદુધર્મે ગુરૂપદને જે મહત્વ આપ્યું છે તેને હું માનનારો છું. ગુરુ વિના જ્ઞાન ન હોય એ વાક્ય ઘણે અંશે સાચું છે. અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય, પણ આત્મ-દર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવાય. ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય."

ગાંધીજીએ ટૉલ્સ્ટૉયના પુસ્તકોનું વાંચન ૧૮૯૩થી શરૂ કર્યું. પણ ટૉલ્સ્ટૉય સાથે પત્રવ્યવહાર તો છેક ૧૯૦૯માં થયો, જ્યારે ટૉલ્સ્ટૉયની અતિ વૃદ્ધ અવસ્થા હતી. આ સમય દરમિયાન ગાંધી-જીના સત્યાગ્રહના પ્રયોગો અને જીવન-ઘડતર ઘણું આગળ વધ્યું હતું. પત્રવ્યવહાર મુખ્યત્વે ગાંધીજી સત્યાગ્રહની જે લડત દક્ષિણ આફ્રિકામાં ચલાવી રહ્યા હતા તેમાં ટૉલ્સ્ટૉયના આશીર્વાદ મેળવવા માટે હતો. હવે આ પત્રવ્યવહાર સંક્ષેપમાં જોઈએ.

પ્રથમ પત્ર ગાંધીજીએ લંડનથી તા. ૧-૧૦-૧૯૦૯ના રોજ લખ્યો. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓની સ્થિતિનો ખ્યાલ આપ્યો. સત્યાગ્રહની લડત, જેને એ વખતે passive resistance એવું નામ આપ્યું હતું તેની વિગતો તેમાં આપી છે. ગાંધીજીએ આ પત્રમાં લખ્યું છે:-

"હું અને મારા કેટલાક મિત્રો દૃઢપણે માનીએ છીએ કે અન્યા-યનો સામનો હિંસાથી – Non-resistance to evil by force-થી–ન થાય. તમારા લખાણોનો મેં અભ્યાસ કર્યો છે અને મારા મન ઉપર તેની ઊંડી છાપ રહી છે. અમે સ્પષ્ટપણે માનીએ છીએ કે હિંસક બળ નિષ્ફળ જાય ત્યાં સત્યાગ્રહ સફળ થશે."

આ પત્રમાં ગાંધીજીએ એક બીજો પણ ઉલ્લેખ કર્યો છે. ટૉલ્સ્ટૉયે એક લાંબો પત્ર લખેલો. A Letter to a Hindu જેની નકલ ગાંધીજીને મળી હતી. તે પત્ર વિષે હવે પછી હું કહું છું. પણ તે પત્રમાં ટૉલ્સ્ટૉયે, ખ્રિસ્તી માન્યતા મુજબ, પુન-ર્જન્મનો અસ્વીકાર કર્યો છે. તે સંબંધે ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને લખ્યું છે કે આ પ્રશ્નનો તમે અભ્યાસ કર્યો છે કે નહિ તેની મને જાણ નથી, પણ હું એટલું જ કહું કે હિંદમાં કરોડો લોકોની આ દૃઢ શ્રદ્ધા છે. આ માત્ર ચર્ચાનો નહિ પણ અનુભવનો વિષય છે અને જીવનના ઘણાં ગૂઢ રહસ્યોનો તેમાં ઉકેલ છે. ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓ માટે પુનર્જન્મની શ્રદ્ધા મોટું આશ્વાસન છે. છેવટ A Letter to a Hindu માંથી આ ભાગ કાઢી નાખવાની તેમણે વિનંતી કરી છે.

અંતમાં ગાંધીજી લખે છે:-

"I, however who is an utter stranger to you, have taken this liberty of addressing this communication in the interest of truth, and in order to have your advice on problems, the solution of which you have made your life work."

ટૉલ્સ્ટૉયે આ પત્રનો તુરત જવાબ આપ્યો છે. તેમાં સત્યા-ગ્રહીઓને આશીર્વાદ આપ્યા છે. પુનર્જન્મ સંબંધે ટૉલ્સ્ટૉયે લખ્યું છે કે "હું મારા પત્રનો કોઈ ભાગ કાઢી નહીં નાખું, પણ તેના ગુજરાતી અનુવાદમાં તે ઉલ્લેખ તમારી ઇચ્છા હોય તો તમે કાઢી નાખી શકો છો."

ગાંધીજીએ બીજો પત્ર તા. ૧૦-૧૧-૧૯૦૯ના રોજ લખ્યો. તે સાથે રેવ. ડોકે લખેલ ગાંધીજીના જીવનચરિત્રની નકલ મોકલાવી, પોતાની પ્રસિદ્ધિ માટે નહિ, પણ પોતે જે જે કાર્ય કરી રહ્યા છે તેમાં ટૉલ્સ્ટૉયની સહાનુભૂતિ અને સક્રિય સાથ મળે અને તેમની પ્રવૃત્તિઓથી ટૉલ્સ્ટૉય વાકેફ થાય તે માટે. ગાંધીજીએ લખ્યું કે "ટ્રાન્સવાલમાં ચાલતી હિંદીઓની લડત વર્તમાન સમયની એક મહાન લડત છે, કારણ કે તેમાં સાધ્ય અને સાધનની શુદ્ધિ રહેલી છે. એ જો સફળ થાય તો અધર્મ, વેરઝેર અને અસત્ય ઉપર ધર્મ, પ્રેમ અને સત્યનો વિજય થશે, એટલું જ નહિ પણ, હિંદના કરોડો લોકોને અને દુનિયાના બીજા ભાગમાં પીડિતો છે તેમને પણ દાખલો મળશે અને હિંસામાં માનવાવાળાઓ ખાસ કરી હિંદમાં જે છે તેમનું જોર ઓછું થશે."

તા. ૪-૪-૧૯૧૦ના પત્ર સાથે ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને તેમના પુસ્તક 'હિંદ સ્વરાજ'નો પોતે કરેલો અંગ્રેજી અનુવાદ મોકલ્યો. બ્રિટિશ સરકારે આ પુસ્તક જપ્ત કર્યું હતું, એટલે ગાંધીજી ટૉલ્સ્ટૉ-યનો અભિપ્રાય જાણવા ઇન્તેજાર હતા. હિંદ સ્વરાજમાં ગાંધી-જીએ પોતાના વિચારો અને જીવનદૃષ્ટિ પહેલીવાર સંકલિત રીતે રજૂ કરેલ છે અને તેમના જીવનના એ પાયાના સિદ્ધાંતો રહ્યા છે. આ સમયે ટૉલ્સ્ટૉયની તબિયત લથડતી હતી. એટલે તેમણે તા. ૮-૫-૧૯૧૦ના રોજ ટૂંકો પણ માર્મિક જવાબ લખ્યો: અંગ્રેજીમાં અવતરણ કરું છું.

"I have read your book with great interest, because the question you have therein dealt with is important, not only for Indians but for the whole of mankind."

રેવરન્ડ ડોકે લખેલ ગાંધીજીના જીવનચરિત્ર સંબંધે લખ્યું.

"I happen to know you through that Biography which gripped me and it gave me a chance to know and understand you better."

ટૉલ્સ્ટૉયે તા. ૭-૯-૧૯૧૦ ને રોજ એક લાંબો પત્ર ગાંધીજીને લખ્યો છે. તેમાં ગાંધીજીના 'Indian Opinion' નાં લખા-ણોની તારીફ કરી છે. અન્યાયના પ્રતિકારમાં હિંસાના ઉપયોગનું સમર્થન કરવાવાળા ઈશુ ખ્રિસ્તના ઉપદેશને કેવી રીતે વિકૃત કરે છે તે બતાવ્યું છે. ટ્રાન્સવાલની ગાંધીજીની લડત વિષે લખ્યું છે:

"Your work in Transval which seems to be far away from the centre of our World, is yet the most fundamental and the most important to us supplying the most weighty practical proof in which the World can now share and with which must participate, not only the Christans, but all the people of the World."

ટૉલ્સ્ટૉયનો ગાંધીજી ઉપરનો આ છેલ્લો પત્ર છે. ૭, નવેમ્બર ૧૯૧૦ના રોજ તેમનું અવસાન થયું.

હવે, ઉપર જણાવેલ A Letter to a Hindu સંબંધે બે શબ્દો કહું.

બંગભંગ પછી હિન્દમાં Terrorist Party ખાસ કરી બંગાળમાં ખૂબ જોરમાં હતી, જેમાં શ્રી અરવિંદ ઘોષ, સી. આર. દાસ વિગેરે હતા. સી. આર. દાસ 'Free Hindustan' નામે છૂપી પત્રિકા કાઢતા હતા. ટૉલ્સટૉયનાં લખાણો તેમણે વાંચ્યા હશે અને હિંસક પ્રતિકાર ન કરવો તે સિદ્ધાંત તેમને માન્ય ન હતો. તેથી તેમણે ટૉલ્સટૉયને પત્ર લખેલો જેના જવાબમાં ટૉલ્સટૉયે A Letter to a Hindu લખ્યો, જેમાં હિન્દુધર્મ અને અન્ય ધર્મોની સમીક્ષા કરી, કોઈ ધર્મે હિંસાને અનુમતિ આપી નથી તે બતાવ્યું. સ્વાભાવિક રીતે, ગાંધીજીને આ પત્ર ગમ્યો. તેમણે ટૉલ્સટૉયની સંમતિથી તેનો ગુજરાતીમાં અને કદાચ અન્ય ભાષાઓમાં પણ, અનુવાદ કરી, પોતે પ્રસ્તાવના લખી, પ્રકટ કર્યો.

આ સમયે પણ સ્વતંત્રતાની લડત માટે હિંસક સાધનો અથવા ત્રાસવાદી માર્ગો અંગે ગાંધીજી ચિંતિત હતા જ. હિન્દુસ્તાન ૧૯૧૫માં આવ્યા પછી આવી રીતે ખોટે માર્ગે જતા આ દેશભક્તોને ગાંધીજીએ કેવી રીતે પાછા વાળ્યા તેનો ઈતિહાસ જાણીતો છે. ટૉલ્સટૉયના આ પત્રની પ્રસ્તાવનામાં ગાંધીજીએ કહ્યું છે:

" If we do not want the English in India, we must pay the price. Tolstoy indicates it. 'Do not resist evil', but also do not yourselves participate in evil."

ટૉલ્સટૉયની ગાંધીજી ઉપર શું અસર થઈ છે? રસ્કિનના પુસ્તક Unto This Last વિષે ગાંધીજીએ કહ્યું છે:

"મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું ને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સુતેલી હોય તેને જાગૃત કરવાની શકિત જે ધરાવે છે તે કવિ છે. બધા કવિની બધા ઉપર સરખી અસર નથી થતી, કેમકે બધામાં સારી ભાવનાઓ, એકસરખા પ્રમાણમાં હોતી નથી."

રસ્કિનના પુસ્તક વિષે ગાંધીજીએ કહ્યું તે જ ટૉલ્સટૉયના લખાણો વિષે કહી શકાય. A Letter to a Hinduની પ્રસ્તાવનામાં ગાંધીજીએ લખ્યું છે:

"There is no doubt that there is nothing new in what Tolstoy preaches. But his presentation of the old Truth is refreshingly forceful. His logic is unassialable."

હકીકતમાં, આ સમય દરમ્યાન ગાંધીજી પાસે જે મૌલિક-વિચારધન હતું તે સ્પષ્ટપણે રજૂ કરવા ભાષાવૈભવ હજી તેમણે મેળવ્યો ન હતો. હિન્દ સ્વરાજ્યની ભાષા જોતાં આ તુરત દેખાઈ આવે છે. એટલે રસ્કિન અને ટૉલ્સટૉય જેવા જગવિખ્યાત સાહિત્યસ્વામીઓના પુસ્તકોમાં સબળપણે પોતાના વિચારોની રજૂઆત અને સમર્થન તેમણે જોયાં ત્યારે એ ગ્રંથોથી તેઓ પ્રભાવિત થયા. પણ આ બેમાંથી કોઈની અસર એવી ન હતી કે જેણે ગાંધીજીનું જીવનપરિવર્તન કર્યું કહેવાય. વિચારોનું સામ્ય હતું, પણ ગાંધીજી તો તેથી ઘણા આગળ હતા.

ગાંધીજી અને ટૉલ્સટૉય વચ્ચે વિચારોનું સામ્ય હવે સંક્ષેપમાં જણાવીશ. અને પછી તેમનાં જીવનઘડતર અને જીવનકાર્યમાં કેટલો મોટો ફેર છે તે ટૂંકમાં બતાવીશ.

ટૉલ્સટૉયના વિચારોનું મધ્યબિન્દુ છે હિંસાનો સર્વપ્રકારે વિરોધ. Resist not evil by force. રાજ્ય હિંસા ઉપર નિર્ભર છે. યુદ્ધ, લશ્કર, પોલિસ, કોર્ટ કચેરી, ધારાસભાઓ, કરવેરા – બધું હિંસા – આધારિત છે. તેવી જ રીતે સર્વપ્રકારની મિલ્કતમાં હિંસા છે. પરિગ્રહ મેળવવામાં અને મેળવેલ પરિગ્રહ જાળવવામાં હિંસા છે. બીજાની મહેનતનું ફળ સત્તાધીશો અથવા મિલ્કત ધરાવનાર ભોગવે છે. વર્તમાન સમાજવ્યવસ્થાનો પાયો હિંસા છે. તેથી પશ્ચિમની કહેવાતી સંસ્કૃતિ વેસ્ટર્ન સિવિલીઝેશનનો–Western Civilizationનો–ટૉલ્સટૉયે સખ્ત વિરોધ કર્યો હતો. સાદું, મજૂરીનું, ખોટું તનું, અપરિગ્રહી જીવન નૈતિક અને આધ્યાત્મિક વિકાસને અનુકૂળ છે. સ્થાપિત ધર્મો–Established Churches હિંસાનિર્ભર રાજ્ય અને સમાજ-વ્યવસ્થાને ટેકો આપે છે અને સાચા ધર્મથી વિમુખ છે. ટૉલ્સટૉયે મુખ્ય ત્રણ મુદ્દાઓ સમાજ આગળ રજૂ કર્યા છે. (૧) પ્રાણીમાત્રનું હિત ઈચ્છનાર અને પોતાનું આત્યંતિક શ્રેય કરવા ઈચ્છનાર ધાર્મિક પુરુષથી પરિગ્રહ રાખવો, વૈભવ ભોગવવો અને બીજાઓને પોતાના દાસત્વમાં રાખવા – એવું જીવન આચરી શકાય કે? (૨) યુદ્ધમાં થતી હિંસાને તેમ જ રાજદંડ દ્વારા કાયદા અને વ્યવસ્થાને નામે થતી શિક્ષાને કોઈ સાચો ધર્મ વ્યાજબી ઠરાવી શકે કે? (૩) સમાજની વ્યવસ્થા રાજ્યની દંડશકિત વિના રહી ન જ શકે એમ જો પ્રજાને લાગતું હોય તો પ્રજામાં રહેનાર શ્રેયાર્થી અને અહિંસાધર્મી પુરુષનું કર્તવ્ય શું? પહેલા બે પ્રશ્નનો જવાબ તો નકારમાં જ હોય. સાચી મુશ્કેલી ત્રીજા પ્રશ્નના જવાબમાં જ આવે છે. હિંસા ઉપર નિર્ભર રાજ્ય અને સમાજ સાથે સહકાર કરવો કે અસહકાર કરવો?

ગાંધીજીને આ વિચારો આવકારપાત્ર હતા. હિન્દ સ્વરાજ્યમાં લગભગ આવા વિચારો છે. પશ્ચિમના સુધારાની તેમાં સખત ઝાટકણી છે. વિચારોનું સામ્ય હોવા છતાં ગાંધીજી અને ટૉલ્સટૉયની ભૂમિકા અને જીવન–ઘડતર ભિન્ન છે.

ટૉલ્સટૉયે ૩૪ વર્ષની ઉંમર સુધી તે સમયના અમીરોની પેઠે ખૂબ સ્વચ્છંદી અને ભોગવિલાસ અને વૈભવનું જીવન ગાળ્યું. ૩૪ વર્ષની ઉંમરે લગ્ન થયું અને ત્યાર પછી ૧૬ વર્ષ શાંતિ અને સુખી ગૃહસ્થ જીવનનાં ગયાં; સાત બાળકો થયાં; અને સાહિત્યના ક્ષેત્રે તેની સર્જકશકિત ટોચે પહોંચી. શ્રેષ્ઠ નવલકથાઓ 'એના કેરીના' અને 'વૉર ઍન્ડ પીસ' લખ્યા. બહારથી બધું જ શાંત, સુખમય હતું, ત્યારે ભોંમાંથી ભાલા ઊઠે તેમ અંતરમાં ભૂકંપ થયો. આ બધું જીવન મિથ્યા લાગ્યું અને આત્મ–અસંતોષ જાગ્યો. જીવનના પાયાના પ્રશ્નો નજર સમક્ષ આવી ઉભા રહ્યા. જીવનપરિવર્તન થયું અને ધાર્મિક દિશા લીધી. ટૉલ્સટૉયના ઉત્તર જીવનમાં અંતર અને બાહ્ય સંઘર્ષ તુમુલ હતો. તેમની પ્રકૃતિ, ઉછેર, શારીરિક શકિત વિગેરે જે નવું જીવન તેમણે સ્વીકાર્યું હતું તેથી પ્રતિકૂળ હતું. બ્રહ્મચર્યની આવશ્યકતા ટૉલ્સટૉયને ઘણી મોટી ઉંમરે સમજાઈ. તેમના કુટુંબીજનો ખાસ કરી તેમની પત્નીનો આ બધામાં સખ્ત વિરોધ હતો. Tolstoy was a tortured soul. But out of that torture came immortal literature. પોતાની ત્રુટીઓનું તેમને પૂરું ભાન હતું. પોતાની નિંદા તેમણે નિર્દયપણે કરી છે. આ આંતર-બાહ્ય સંઘર્ષ ટૉલ્સટૉયે પોતાના શ્રેષ્ઠ નાટક Light Shineth in Darkness માં રજૂ કર્યો છે. આ આત્મચરિત્રાત્મક નાટકના નાયક મારફત ટૉલ્સટૉય પોતાના જીવનસિદ્ધાંતોનો અમલ કરવાની મુશ્કેલીઓનો ચિતાર આપે છે અને નિષ્ફળ નાયક પોતે હોય તેમ બતાવે છે. હકીકતમાં ટૉલ્સટૉયનો ઉદ્દેશ આપણાં ચાલુ સમાજમાં સત્યને માર્ગે ચાલવામાં પત્ની, કુટુંબીઓ, મિત્રો, સગાંઓ અને સામાજિક વાતાવરણ કેવાં કઠણ વિઘ્નો ઉત્પન્ન કરે છે એ બતાવવાનો છે.

ગાંધીજીને આવો કોઈ સંઘર્ષ ન હતો. માતાપિતાએ ધાર્મિક સંસ્કારો આપ્યા હતા. ત્યાગ, તપશ્ચર્યા અને સંયમનો વારસો હતો. અડગ આત્મબળ હતું. જે સાચું લાગે તેનો તત્કાલિક અમલ

કરવાની શકિત હતી. પોતાની નજીકનાઓને – કસ્તુરબાથી માંડીને– પોતાના વિચારોને તેઓ અનુકૂળ કરી શકતા; કારણ કે પોતાના જીવનમાં પોતે કહેતા તેનો પૂર્ણ અમલ થતો અને તેથી અસર થતી. Gandhiji was an integrated personality તેમનું જીવન એકધારું, સળંગસૂત્રે ગૂંથાયેલ હતું. સત્ય અને અહિંસામાં ગાંધીજીની શ્રદ્ધા અખંડ અને અવિચળ હતી. ટૉલ્સ્ટૉય એ શ્રદ્ધા પ્રાપ્ત કરી શકયા ન હતા. તેમનો એ દિશામાં ભગીરથ પ્રયત્ન હતો.

ગાંધીજી અને ટૉલ્સ્ટૉયના જીવન – ઘડતરમાં ફેર હતો તેમ તેમના જીવનકાર્યમાં પણ ફેર હતો. પોતાના સિદ્ધાંતોનો અમલ ટૉલ્સ્ટૉય પોતાના જીવનમાં પૂર્ણપણે કરી ન શકયા, એટલું જ નહિ, મેં ઉપર જણાવ્યો તે ત્રીજા પ્રશ્નનો સ્પષ્ટ જવાબ પણ તેમની પાસે ન હતો. હિંસાનિર્ભર રાજ્ય અને સમાજવ્યવસ્થા હોય ત્યાં આત્માર્થીઓ શું કરવું ? એવા રાજ્ય અને સમાજને તજી દેવા અને આત્માનું જ સંભાળવું ?

ગાંધીજીએ પાયામાંથી સમૂળી ક્રાંતિ કરી, અહિંસક સમાજ-રચનાનો માર્ગ બતાવ્યો. ખાદી, ગ્રામોદ્યોગ, અપરિગ્રહ, શ્રમજીવન સાદાઈ, પાયાની કેળવણી–જીવનનું કોઈ ક્ષેત્ર એવું ન હતું કે જેમાં ગાંધીજીએ નવો ક્રાંતિકારી અહિંસા ઉપર રચાયેલ માર્ગ બતાવ્યો ન હતો. આલ્બર્ટ સ્વાઈટ્ઝરે ગાંધીજી વિષે કહ્યું છે :–

"Never before has any Indian taken so much interest in concrete reality as has Gandhi. Others were for the most part contented to demand a charitable attitude to the poor. But he wants to change the economic conditions that are at the root of poverty."

ટૉલ્સ્ટૉયની વિચારધારા મુખ્યતયા નકારાત્મક રહી. વર્તમાન જીવનની અસમાનતાઓ અને અનૈતિકતા તેમણે ઉઘાડી પાડી. ગાંધીજીએ નવા સમાજના સર્જનનો માર્ગ બતાવ્યો. ટૉલ્સ્ટૉય સાહિત્યસ્વામી હતા. ગાંધીજી કર્મયોગી હતા. બન્ને મહાપુરુષોનો સંદેશ હિંસાથી ઉન્મત જગત માટે સંજીવની છે. તેની અવગણનાથી વિનાશ છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

લાંબો છતાં ટૂંકામાં ટૂંકો

અહિંસા – પ્રેમ દ્વારા મનુષ્યના હૃદયપલટાનો ગાંધી–વિનોબાનો માર્ગ લોકોને બહુ લાંબો – લગભગ અશકય લાગે છે. પરંતુ વિચાર કરીએ તો એ માર્ગ લાંબો દેખાતો છતાં ટૂંકામાં ટૂંકો છે. એ માર્ગમાં પૂર્ણ નિશ્ચલ શ્રદ્ધા હોવી જોઈએ. અને તેને અમલમાં મૂકવાનો આગ્રહ હોવો જોઈએ.

હમણાં ભૂમિપુત્ર (તા. ૬-૨-૬૯ નો અંક)માં વાંચ્યું કે ૧૯૬૬-૬૭ માં જગતના દેશોએ ભેગા મળીને શસ્ત્ર–સરંજામ બનાવવા પાછળ ૧૧૯ અબજ ડૉલર ખરચ્યા. જો આ જ રકમ પૃથ્વીના ત્રણ અબજ મનુષ્યો વચ્ચે વહેંચી નાખીએ તો પ્રત્યેક વ્યકિતને ત્રેપન ડૉલર અથવા ૩૭૧ રૂપિયા મળે. એક ભારતીય નાગરિકને આટલી રકમ મળે તો એની વાર્ષિક આવક લગભગ બેવડી થઈ જાય, અને એને ભૂખે મરવાનો પ્રસંગ જ ન આવે. જગતના રાષ્ટ્રો માત્ર એટલો જ સંકલ્પ કરે કે આવતી કાલથી અમે શસ્ત્રો બનાવવાનું બંધ કરીશું, તો જગતની સમૃદ્ધિમાં એકદમ કેટલો બધો વધારો થાય તેનો વિચાર કરો, અને એટલી જ રકમ ઉત્પાદન વધારીને મેળવવી હોય તો જગતને કેટલો વખત લાગે તથા કેટલી મૂડી રોકવી પડે તેનો વિચાર કરો, તો સમજાશે કે શસ્ત્રસંન્યાસ અથવા અહિંસાનો માર્ગ એ જગતમાં શાંતિ સ્થાપવા માટે અને આઝાદી લાવવા માટે ટૂંકામાં ટૂંકો છે. એ માટે જરૂર છે શ્રદ્ધાની, તીવ્ર સંવેદનની અને આગ્રહપૂર્વકના પ્રચારની.

રાજકારણમાં પડેલાઓને આ વાત હાસ્યાસ્પદ લાગશે. પણ વિચાર કરો કે જગતના સામાન્ય જનને તો યુદ્ધ નથી જોઈતું, શાન્તિ જ ખપતી હોય છે. ખૂદ અમેરિકામાં હજારો પ્રજાજનોએ વિયેટનામના યુદ્ધ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો એ આ વિધાનની સાબિતી છે. ત્યારે યુદ્ધ કોને જોઈએ છે ? કોઈને પણ જોઈતું હોય તો એમ કહી શકાય કે જેમના હાથમાં સત્તાનાં સૂત્રો છે એવા રાજપુરુષોને યુદ્ધ જોઈતું હોય છે. એમને પણ હૃદયના ઊંડાણમાં તો યુદ્ધ નહિ પણ શાંતિ જ જોઈતી હોય છે. સંભવ છે કે સત્તાના મોહમાં એમની શાંતિની આકાંક્ષા દબાઈ જતી હોય. છતાં એવા પુરુષોમાં પણ વિચારમંથન ચાલતું હોય છે. સાત વર્ષ સુધી અમેરિકાના સંરક્ષણ પ્રધાન રહેલા એવા શ્રી મૅકનામારાએ "ધિ એસન્સ ઑવ સિકયુરીટી" નામના પોતાના પુસ્તકમાં લખ્યું છે કે શાસ્ત્રાસ્ત્રોની હોડ આજે હવે મૂર્ખાઈ ભરી જ નહીં બલ્કે આત્મઘાતક બની ચૂકી છે (ભૂમિપુત્ર તા. ૧૬-૧૧-૬૮). વળી ધ્યાનમાં રહે કે યુનો, યુનેસ્કો, એફ. એ. ઓ. અને ડબલ્યુ. એ.ચ એ.ઓ. જેવી આંન્તરરાષ્ટ્રીય સંસ્થાઓ અત્યારે સક્રિય છે. એ બતાવે છે કે સહકાર અને સંપનું વાતાવરણ તો છે જ. હવે જે જરૂર છે તે સચ્ચાઈપૂર્વક શાંતિ માટે પ્રયત્ન કરવાની અને પ્રતિજ્ઞા લેવાની કે કોઈ પણ સંજોગોમાં જગતમાં કોઈ પણ ઠેકાણે યુદ્ધ થવા નહિ દઈએ; અને એ સચ્ચાઈના પુરાવા રૂપે શસ્ત્રસંન્યાસની પ્રતિજ્ઞા લેવી જોઈએ. શાંતિચાહક ચિન્તકો વિજ્ઞાનીઓ, ધર્મગુરુઓ – બધાની ફરજ છે કે તીવ્રતાથી આગ્રહપૂર્વક આ એક જ વાતનો પ્રચાર કરે – શસ્ત્રસંન્યાસ કરો !



શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત વસન્ત વ્યાખ્યાનમાળાની ચોથી વ્યાખ્યાનસભામાં શ્રી જયપ્રકાશ નારાયણ પ્રવચન કરી રહ્યા છે. બાજુએ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ બેઠા છે.

(બ્લોક માટે ફ્રી પ્રેસ જર્નલના આભારી)

રાજકારણના અભ્યાસીઓ કદાચ આપણને ડાગ હેમરશુલ્ડના ભેદી મૃત્યુની તથા ઉ-થાન્ટના નિષ્ફળ પ્રયાસોની યાદ આપશે. રાજકારણ એ મારો વિષય નથી. મને પોતાને તો યુનોમાં જરા પણ શ્રદ્ધા નથી. એમ કહેવાનું મન થાય કે જગતની આંખમાં ધૂળ નાખવા મહા સત્તાઓએ ઊભું કરેલું આ એક તોતિંગ ધતિંગ છે. આમ કહેવામાં મારા અજ્ઞાનનું પ્રદર્શન થતું હોય એવો પણ સંભવ છે. આમ છતાં આ સંસ્થા છે જ, અને ઘણાં વર્ષોથી કામ કરે છે તો જગતના સામાન્ય પ્રજાજનને પોતાના રાષ્ટ્રના પ્રતિનિધિને એ સંસ્થામાં મોકલતાં પહેલાં એની પાસે શપથ લેવડાવવા જોઈએ કે પોતે ત્યાં રહી શાન્તિનો જ પ્રચાર કરશે અને શસ્ત્રસંન્યાસ માટે ઝઝૂમશે. દરેક પ્રતિનિધિ પોતાની રાષ્ટ્ર સરકારના આદેશ અનુસાર કામ કરવાનો છે, અને તેથી આ આદેશ શાંતિનો જ હોય, શસ્ત્ર સંન્યાસનો જ હોય —એ જોવાનું કામ શાંતિચાહક સામાન્ય જનોનું છે. આપણા દેશની વાત કરીએ તો આપણી લોકસભામાંના જે સભ્યો લડાયક વૃત્તિના હોય, જેમને હિંસામાં એટલે યુદ્ધમાં જ શ્રદ્ધા હોય — જેમને પાકિસ્તાન અને ચીનનો ભય હોય — તેવાઓનો જ હૃદય પલટો કરાવવાની જરૂર છે. વિનોબા તો આ કહી જ રહ્યા છે, પણ દેશના સાધુ સંતો, શંકરાચાર્યો, આચાર્યો, — બધાએ આ વાત ઉપાડી લેવી જોઈએ. સંભવ છે કે આમાંના કેટલાક યુદ્ધને અનિવાર્ય માનતા હોય. એવાને અત્રે ગણતરીમાં લેવાના નથી.

આપણા અર્થશાસ્ત્રીઓ કટાક્ષપૂર્વક હસીને પૂછશે, " શસ્ત્રોનાં કારખાનાં બંધ કરશો તો પરિણામે લાખો લોકો બેકાર થશે, તેમને રોજી રોટી કયાંથી આપશો ?" અર્થશાસ્ત્ર મારો વિષય નથી, પરંતુ જગતના ત્રણ અબજ માનવી ગણ્યાં એમાં આ બધા આવી જ ગયા. એટલે પ્રત્યેકને ભાગે ત્રેપન ડૉલર તો આવશે જ. પણ અર્થશાસ્ત્રી મિત્ર કહેશે, " ભાઈ, ત્રેપન ડૉલર તમે માથા દીઠ ગણ્યા, પણ એમાં તો રશિયા અમેરિકાએ ખરચેલી રકમ પણ આવી ગઈ. એમનો ગણેા કુંવારો નથી કે શસ્ત્ર સંન્યાસ દ્વારા બચેલી રકમ તેઓ આખી દુનિયામાં વહેંચે. તમે માત્ર ભારત માટે જ બોલી શકો. ભારત શસ્ત્રસંન્યાસ કરે તો માત્ર અગિયાર અબજ બચે, એટલે વ્યકિત-દીઠ બહુ બહુ તો બાવીસ રૂપિયા બચે. અર્થાત્ પરાણે એક મહિનાની ખાધા - ખરચી મળે. બાકીના અગિયાર મહિના પેલા લોકો શું કરે ?" પ્રશ્ન પ્રસ્તુત છે. બેકાર થતા લોકોને અનાજના ઉત્પાદનમાં લગાડી શકાય. એમાંથી વધે તેને માટે ગાંધીજીનો રેંટિયો છે જ. અહીં જ રેંટિયામાં રહેલી શકિતની પ્રતીતિ થાય છે. કેટલું સુલભ, સસ્તું અને સહેલું યંત્ર અને છતાં યંત્રનું તેમાં કોઈ કુલક્ષણ નહિ!

આ લેખકનો એવો દાવો નથી કે શસ્ત્ર સંન્યાસને પરિણામે ઊભા થતા દરેક પ્રશ્નનો ઉકેલ એના ખિસ્સામાં છે, પરન્તુ જે લોકો વિચારક છે તેમની સમક્ષ આ પ્રશ્ન રજૂ કરવાનો મુદ્દો છે, જે અઢળક પૈસો જગત શસ્ત્રોની પાછળની આંધળી દોટને પરિણામે ખરચે છે, અને જેના વાદે આપણે પણ નિઃસહાય બની તણાયે જઈએ છીએ તે તરફ આંગળી ચીંધવાનો છે. વળી એ પણ જુઓ કે આ વિનાશક ઉડાઉગિરીથી કોઈનું પણ રુંવાડું ફરકતું નથી. પણ કોઈ બાવો યજ્ઞ કરવા જાય છે તો અમારા ચોખાવાળા સાહેબ, પરમાનંદભાઈ, વગેરે અનેક એના પર તૂટી પડે છે. અને વિચાર કરો કે યજ્ઞમાં જે કંઈ ઘી, અનાજ, આદિ હોમાય છે, તે નાશ પામ્યાથી દેશને નુકસાન થાય છે એટલું જ; ત્યારે શસ્ત્રના ઉત્પાદનમાં દ્રવ્ય તો વેડફાય છે જ, પરંતુ પ્રત્યેક શસ્ત્રમાં એક નહિ, બલ્કે અનેક માનવીઓના પ્રાણ લેવાની શકિત રહેલી છે. જેમ જેમ શસ્ત્રોનું ઉત્પાદન વધે છે તેમ તેમ આ વિનાશક શકિત જમા થયા કરે છે.

યજ્ઞમાં વેડફાતા દ્રવ્યનો કોઈ રીતે બચાવ કરવાનો મારો ઈરાદો નથી; માત્ર એટલું જ બતાવવું છે કે શસ્ત્રઉત્પાદન પાછળ અબજો રૂપિયા ખરચાય છે તેથી કોઈ અંગ્રેજી ભણેલાને આઘાત નથી, પણ ધર્મની કોઈ વિધિ યા શ્રદ્ધા નિમિત્તે (ભલે એ શ્રદ્ધા અંધ હોય) કંઈ દ્રવ્ય વપરાય છે, તો ચારે બાજુથી " પુણ્ય પ્રકોપ " ફાટી નીકળે છે, ને પ્રહારો (અલબત્ત શાબ્દિક) નો વરસાદ વરસે છે. આને હું " તૈશ્ય પ્રકોપ " કહું છું. વાણિયાવાડમાં કોઈ ચોર પકડાય, તો પકડાયા પછી બધા વાણિયા એને મારવા તૂટી પડે છે. આપણને અહિંસામાં જીવંત અને સાચી શ્રદ્ધા હોય તો શસ્ત્રો પાછળ વેડફાતા અબજો રૂપિયાના આંધણ સામે આપણામાં પુણ્ય પ્રકોપ ભભૂકી ઊઠવો જોઈએ, કારણ શસ્ત્રસંન્યાસ એ જગતમાં શાંતિ સ્થાપવાનો ટૂંકામાં ટૂંકો માર્ગ છે.

તા. ૧૦-૪-'૬૯. કાન્તિલાલ.

ડૉ. કાંતિલાલ શાહના લેખની આલોચના

આ લેખ 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તે એટલા માટે નહિ કે તેમાં દર્શાવેલા વિચારો સ્વીકાર્ય છે. તે એટલા માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે કે તેમાં રજૂ કરવામાં આવેલી વિચારણા ઘણા લોકો ધરાવે છે, જેમને ખ્યાલ આવે કે તે વિચારણા આજની વાસ્તવિકતા સાથે સુસંગત નથી, વ્યવહારુ નથી અને તેથી તે વિચારણા ઉપર ઊભી કરવામાં આવેલી કાલ્પનિક ઈમારતનો કોઈ અર્થ નથી.

સૌથી પહેલાં તો તેમનું વિધાન "જગતના સામાન્ય જનને તો યુદ્ધ જ નથી જોઈતું" આ પાયાનું વિધાન જ બરોબર નથી. સામાન્ય જનને યુદ્ધ ત્યાં સુધી નથી જોઈતું કે જ્યાં સુધી તે જન પોતે જે રાષ્ટ્રનો હોય તેની Sovereigntyને—સ્વાયત્તાતાને—અન્ય કોઈ રાષ્ટ્ર સીધું કે આડકતરું પડકારતું ન હોય. પણ તેની સ્વાયત્તતાને જેવો પડકાર કરવામાં આવે છે કે તરત જ તે રાષ્ટ્રનો માનવી આત્મરક્ષણના નામે યુદ્ધ કરવા તૈયાર થઈ જાય છે. ભારત અને પાકિસ્તાનનો વિચાર કરો; વિશાળ સંદર્ભમાં અમેરિકા અને રશિયાનો વિચાર કરો. એટલે તરત માલુમ પડશે કે જગતના સામાન્ય માનવીને યુદ્ધ નથી ખપતું એમ કહેવામાં કેવળ અતિશયતા જ રહેલી છે. શાંત પળોમાં માનવી માત્ર જરૂર વિચારે છે, ઇચ્છે છે કે આ દુનિયામાં લડાઈ ન હોય તો સારું, પણ એ જ માનવી અન્ય રાષ્ટ્રના આક્રમણ પ્રસંગે પોતાના દેશનો બચાવ કરવા માટે બંદુક લઈને દોડે છે, એટલું જ નહિ પણ, અન્ય દેશ ઉપરના આક્રમણમાં પણ સામેલ થાય છે. આમ હોવાથી તેમનું પાયાનું વિધાન જ બરોબર નથી.

બીજું તેઓ જણાવે છે કે "હમણાં ભૂમિપુત્ર (તા. ૬-૨-૬૯નો અંકમાં) વાંચ્યું કે ૧૯૬૬-૬૭માં જગતના દેશોએ ભેગા મળીને શસ્ત્રસરંજામ પાછળ ૧૫૯ અબજ ડોલર ખરચ્યા. જો આ જ રકમ પૃથ્વીના ત્રણ અબજ મનુષ્યો વચ્ચે વહેંચી નાખીએ તો પ્રત્યેક વ્યકિતને ત્રેપન ડૉલર અથવા ૩૭૧ રૂપિયા મળે. એક ભારતીય નાગરિકને આટલી રકમ મળે તો તો તેની વાર્ષિક આવક લગભગ બેવડી થઈ જાય અને ભૂખે મરવાનો પ્રસંગ જ ન આવે." કેવું સુંદર અને મોહક ચિત્ર? અને આ ક્યારે બને કે જ્યારે બધા દેશો શસ્ત્રસંન્યાસ કરે તો અને ત્યારે. પણ 'વો દિન કહાં કે મિયાં કે પાંઉમે જૂતિયાં!' આવો શસ્ત્રસંન્યાસ એકદમ નજીકના ભવિષ્યમાં શક્ય છે ખરો? જો શક્ય ન હોય તો તેની ઉપર આવા હવાઈ કિલ્લાઓ ઊભા કરવાનો અર્થ શું છે ? એમાં કોઈ શક નથી કે શસ્ત્રસંન્યાસ જો ખરેખર બધા રાષ્ટ્રો સ્વીકારે તો જરૂર સર્વત્ર શાંતિ અને અભ્યુદયનાં અભિનવ દર્શન થાય. પણ જ્યાં સુધી પરસ્પરની સ્પર્ધા, મોટા પાયાના રાગદ્વેષો અને નાની મોટી બાબત ઉપર ગંભીર અથડામણોની શક્યતા ઊભી હોય ત્યાં સુધી શસ્ત્રસંન્યાસની વાત કેવળ સ્વપ્નવત્ રહેવાની છે.

લેખક આગળ ચાલતાં જણાવે છે કે જો માત્ર ભારત શસ્ત્રસંન્યાસ સ્વીકારે તો માત્ર અગિયાર અબજ બચે. એટલે કે વ્યકિત દીઠ બહુ બહુ તો બાવીશ રૂપિયા બચે. અર્થાત સામાન્ય નાગરિકને લગભગ એક મહિનાની ખાધાખરચી મળે. પણ ભારત માટે આવો એકપક્ષી શસ્ત્રસંન્યાસ શક્ય છે ખરો? આજની પરિસ્થિતિમાં જે શાસક વર્ગ ક્ષેત્ર સંન્યાસની વાતો કરશે તે શાસક વર્ગ રાજસત્તા ઉપર ટકી જ નહિ શકે એનો લેખકને ખ્યાલ છે ખરો ?

આ ચર્ચા દરમિયાન વ્યકિતગત શસ્ત્રસંન્યાસ એટલે કોઈ પણ સંયોગોમાં સામનો કરવાના હેતુથી પશુબળનો જરાપણ ઉપયોગ ન કરવાની પ્રતિજ્ઞા. આ અને એવો જ રાષ્ટ્રગત શસ્ત્રસંન્યાસ—એ બે વચ્ચે મોટો ફરક રહેલો છે તે આપણે ધ્યાનમાં લેવો જોઈએ. કોઈ પણ વ્યકિત જ્યારે આવી પ્રતિજ્ઞા લે છે ત્યારે તે પ્રતિજ્ઞાની ખાતર પોતાની જાતની આહુતિ આપવાને તે તૈયાર હોય છે અને તે દ્વારા તે કૃતાર્થતા—ચરિતાર્થતા અનુભવે છે, કારણ કે અહિંસાની દિશાએ તે વ્યકિતએ એ હદ સુધીનો વિકાસ સાધ્યો હોય છે. આ કોઈ એક વ્યકિતની બાબતમાં આ શક્ય છે. પણ કોઈ એક રાષ્ટ્ર માટે પ્રસ્તુત શસ્ત્રસંન્યાસ ત્યારે જ શક્ય બની શકે કે,

(૧) જ્યારે તેની આસપાસનાં પ્રતિદ્વન્દ્વી રાષ્ટ્રો પણ એ પ્રકારનો શસ્ત્રસંન્યાસ સ્વીકારવાને—અમલી બનાવવાને—તૈયાર થયેલા હોય અથવા તો

(૨) જ્યારે પ્રસ્તુત દેશ અહિંસાની ભાવના ઉપર ન્યોચ્છાવર થવાને—ફના થવાને—અને એ રીતે એક આદર્શને મૂર્તરૂપ આપવાને

ખરેખર તૈયાર હોય. આ બીજા વિકલ્પ માટે ભારત કે અન્ય કોઈ દેશ આજે તૈયાર હોય અથવા તો તરતના ભવિષ્યમાં તૈયાર થાય એ આપણી કલ્પનામાં આવતું નથી. પહેલો વિકલ્પ હજુ આજે અસ્તિત્વમાં નથી. તેથી ભારત માટે એકપક્ષી શસ્ત્રસંન્યાસની વાતો કરવી એ આજની પરિસ્થિતિના સંદર્ભમાં વ્યર્થ વાણીવિલાસ છે.

અહિં થોડુંક તાત્ત્વિક નિરૂપણ કરું તો અહિંસા ઉપદેશનો વિષય નથી. જીવનભરની ઉપાસનાનો વિષય છે. વ્યકિત માટે અહિંસાની સાધના તદ્‌લક્ષી સતત પુરુષાર્થદ્વારા શકય બને છે. આવી સાધનાનાં દષ્ટાંતો માનવીના ઈતિહાસમાંથી અવારનવાર મળી પણ આવે છે. પણ કોઈ પણ રાષ્ટ્રે અહિંસાને વળગી રહીને પોતાની આહુતિ આપવાની તૈયારી દેખાડયાનું હજુ સુધી જાણવામાં આવ્યું નથી. વ્યકિતગત અહિંસાનો વિચાર ઠીક પાંગર્યો છે, પણ સમુદાયના વિચાર તેમ જ આચારમાં અહિંસાની જડ હજુ બેઠી નથી. એ દિશાએ સમુદાયે–રાષ્ટ્રે પણ–આગળ વધ્યે જ છૂટકો છે. અહિંસાના સામુદાયિક સ્વીકાર સિવાય માનવજાત કદી પણ સ્થાયીપણે સુરક્ષિત બની શકવાની છે જ નહિ.

હવે પાછા આપણે મૂળ ચર્ચા તરફ વળીએ. ડૉ. કાંતિલાલ શાહ પોતાના લખાણને વચગાળે જણાવે છે કે "મને પોતાને તો યુનોમાં જરા પણ શ્રદ્ધા નથી. એમ કહેવાનું મન થાય કે કે જગતની આંખમાં ધૂળ નાંખવા મહાસત્તાઓએ ઊભું કરેલું તોતીંગ ધતીંગ છે" આમ કહીને લેખક જણાવે છે કે "આમ કહેવામાં મારા અજ્ઞાનનું પ્રદર્શન થતું હશે એવો પણ સંભવ છે." આ લેખકને જણાવવાનું મન થાય છે કે આમ કહીને ખરેખર તેમણે નર્યા અજ્ઞાનનું પ્રદર્શન કર્યું છે.

પહેલા વિશ્વયુદ્ધ પછી લીગ ઓફ નેશન્સ નામની સંસ્થા હતી. તે મોટા ભાગે નિષ્ફળ નીવડી અને બીજું વિશ્વયુદ્ધ આવ્યું. તે પૂરું થયા બાદ આ યુનો અસ્તિત્વમાં આવેલ છે. તેણે આજ સુધીમાં ઘણું કામ કર્યું છે. અને કેટલાંક યુદ્ધ શરૂ થતાં અટકાવ્યા છે અથવા તો કેટલીક અથડામણો વાટાઘાટો દ્વારા શાંત પાડી છે. એમ છતાં હજુ દુનિયામાં શાંતિનું વાતાવરણ સ્થિર થયું નથી. કારણ કે ચીન જેવી સત્તા હજુ એના પરિઘની બહાર છે અને અમેરિકા-રશિયા, પાકિસ્તાન-ભારત, ઈજિપ્ત-ઈઝરાઈલ વગેરે દેશોનાં દિલ સાફ નથી. આમ છતાં આજે પણ આ સંસ્થાની ઘણી ઉપયોગીતા છે તે જે કોઈ દિનપ્રતિદિન બનતી આંતરરાષ્ટ્રીય ઘટનાઓ અને બદલાતી જતી પરિસ્થિતિનો અભ્યાસ કરતા હોય છે તેણે કબૂલ કર્યા સિવાય છૂટકો નથી.

લેખક આ જ વિષયની આલોચનાના સંદર્ભમાં એક એવી સૂચના કરે છે કે "આમ છતાં આ સંસ્થા છે જ અને ઘણાં વર્ષોથી કામ કરે છે તો જગતના સામાન્ય પ્રજાજને પોતાના રાષ્ટ્રના પ્રતિનિધિને સંસ્થામાં મોકલતાં પહેલાં એની પાસે શપથ લેવરાવવા જોઈએ કે પોતે ત્યાં રહીને શાંતિનો જ પ્રચાર કરશે અને શસ્ત્ર–સંન્યાસ માટે ઝઝુમશે." આ સૂચના પાછળ પણ ઊંડી સમજણનો અભાવ દેખાય છે. યુનોમાં કોઈને પણ પ્રતિનિધિ તરીકે મોકલવાની જવાબદારી તે તે રાષ્ટ્રના શાસક વર્ગની હોય છે અને એ પ્રતિ-નિધિએ પોતાના રાષ્ટ્રના શાસક વર્ગની નીતિનું તેમ જ હિતોનું સમર્થન કરવાનું હોય છે. જો પાકિસ્તાન અને ભારત વચ્ચે અથડામણ થઈ તો યુનોમાં બેઠેલા ભારત અથવા તો પાકિસ્તાનના પ્રતિનિધિએ પોતપોતાના રાષ્ટ્રોની નીતિને આગળ ધરવી કે શાંતિ અને શસ્ત્રસંન્યાસ ની જ વાતો કર્યા કરવી ? અને એ પણ સમજી લેવું ઘટે છે કે આવી અથડામણ દરમિયાન તે તે રાષ્ટ્રનો સામાન્ય નાગરિક પણ મોટા ભાગે શાન્તિ અને સુલેહતરફી નહિ, પણ યુદ્ધતરફી બની ગયો હોય છે એ આપણો રોજ-બ-રોજનો અનુભવ છે.

આ ઉપરાંત લેખક ડૉ૦ કાન્તિલાલ શાહ પોતાના લેખમાં આક્ષેપ કરે છે કે, શ્રી પરમાનંદભાઈનું કે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ચોખાવાળાનું દીલ લક્ષચંડી યજ્ઞ પાછળ કરવામાં આવેલો દ્રવ્યવ્યય જોઈને ખૂબ ઊકળી ઊઠે છે અને તે યજ્ઞ કરનાર ઉપર તૂટી પડે છે, જ્યારે શસ્ત્રસરજામ પાછળ કરવામાં આવતા અનર્ગળ દ્રવ્યવ્યય અંગે તેમનું રૂવાડું પણ ફરકતું નથી. આ વિધાન પણ અમારા વિષે તેમણે બાંધેલી અમુક કલ્પના ઉપર આધારિત છે. શસ્ત્રસ્પર્ધા પાછળ થતા દ્રવ્યવ્યય અંગે આજ સુધીમાં પ્રબુદ્ધ જીવનમાં કાંઈક લખવાનો સંયોગ ઊભો થયો ન હોય તે ઉપરથી તે અંગે અમારું દિલ જરા પણ ધબકતું નથી એમ માની લેવાને કશું જ કારણ નથી. એવી ઘણી બાબતો છે કે જે વિષ પ્રબુદ્ધ જીવનમાં ખાસ કશું લખવાનું ન બન્યું હોય દા. ત. માંસાહાર નિમિત્તે થતી ઢગલાબંધ પશુઓની કતલ. એમ છતાં, આ બાબત વિષે અમારું ચિત્ત કશું સંવેદન અનુ-ભવતું નથી એમ સૂચવવું કે માની લેવું વધારે પડતું છે.

આંખ સામે જે ઘટના બની હોય અને દિલમાં ડંખ અને દુ:ખ પેદા કરતી હોય અને એ જ ઘટનાનું પાછું વધારે મોટા પાયા ઉપર પુનરાવર્તન થવાનો સંભવ હોય ત્યારે પત્રકાર તરીકે તે ઘટના અંગે લખવાનું–લોકોનું ધ્યાન ખેંચવાનું–સહેજે પ્રાપ્ત થાય છે. શસ્ત્રસ્પર્ધા પાછળ દુનિયાનાં રાષ્ટ્રો જે પાર વિનાનો વ્યય કરી રહેલ છે તે અંગે દિલમાં પારાવાર દુ:ખ થાય છે. આમ છતાં, જ્યાં સુધી એક રાષ્ટ્રને અન્ય રાષ્ટ્રના આક્રમણનો ભય છે, એટલું જ નહિ પણ, જે પ્રકારની પૂરી સંભવિતતા છે, ત્યાં સુધી આત્મરક્ષણ અર્થે શસ્ત્રસ્પર્ધા અનિવાર્ય છે અને તે સામે અવાજ ઊઠાવવાનો હાલ કોઈ અર્થ નથી એમ સમજીને તે અંગે મૌન ધારણ કરવામાં આવે છે. દુનિયામાં શાન્તિની સ્થાપના કરવા માટે શસ્ત્રસંન્યાસની નહિ, પણ રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે ભાઈચારો પેદા થવાની જરૂર છે. એ ભાઈચારો પેદા થશે કે આપોઆપ શસ્ત્રસંન્યાસ થવાનો જ છે. માટે આજે ભાર મૂકવાની જરૂર છે પરસ્પર ભાઈચારા ઉપર અને નહિ કે શસ્ત્રસંન્યાસ ઉપર.

આ લખાણ ઉપર આટલી લાંબી ચર્ચા કરવાનું પ્રયોજન એ છે કે શસ્ત્રસંન્યાસના સંદર્ભમાં જે અનેક લોકો ડૉ. કાંતિલાલ શાહ જેવી ભ્રમણાઓ સેવતા હોય છે અને શસ્ત્રસંન્યાસની જાદુઈ લાકડી ફેરવતાં દુનિયાના બધાં દુ:ખોનું નિરાકરણ થઈ જશે અને સુખશાંતિ અને આબાદીનું સામ્રાજ્ય સ્થપાશે એમ માનતા હોય છે. તેમની ભ્રમણાઓનું પણ આ વિવેચનથી જરૂરી નિરસન થઈ જાય.

આ વિવેચનનો સાર એ કે ડૉ. કાંતિલાલ શાહે દેખાડેલો સર્વસ્વીકૃત શસ્ત્રસંન્યાસનો માર્ગ હજુ ભાવિનું સ્વપ્ન છે, વર્તમાનની વાસ્તવિકતા નથી. ઘણો લાંબો છે, ટૂંકો નથી. ઘણો અઘરો છે, સહેલો નથી. **પરમાનંદ.**

સુધારો–

વર્ષ ૩૦, અંક ૨૪ (૧૬-૪'૬૯)માં ૨૬૯ મે પાને, બીજા કોલમની ત્રીજી લીંટીમાં 'ડૉકે'ને બલે 'ડોક' અને આઠમા પેરેગ્રાફમાં '૭૭'ના બદલે '૭૬' વાંચવા વિનંતિ છે.

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં 'પહેલો પુરુષ એક વચન' એ શિર્ષક લખાણની નોંધમાં શ્રી ગગનવિહારી મહેતાએ મારી માફક ૭૦ વર્ષ વટાવ્યાનું જણાવ્યું છે તેમાં સુધારવાનું કે તેમને હજ થોડા દિવસ પહેલાં જ ૭૦ મું વર્ષ શરૂ થયું છે. **પરમાનંદ**

ભગવાન બુદ્ધ

મે માસની બીજી તારીખે રાત્રે ૮-૪૫ વાગ્યે મુંબઈના ઑલ ઈન્ડિયા રેડિયો ઉપરથી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો 'ભગવાન બુદ્ધ' ઉપરનો વાર્તાલાપ પ્રસારિત કરવામાં આવશે.

શ્રીમતી ઊર્મિલાબહેન ગિરધરલાલની

માટી અને આભલાંની લોક-કળા

શ્રીમતી ઊર્મિલાબહેન ગિરધરલાલે 'માટી ને આભલાં'-ના કરેલા અદ્યતન પ્રયોગોએ, ભારતની લોક-કલા માટે નવી દિશા ઉઘાડી આપી છે. ગુજરાતના એક ગર્ભશ્રીમંત અને સુસંસ્કૃત કુટુંબનાં એ સુપુત્રીનો જન્મ ૧૯૧૩માં ગુજરાતના આગેવાન ઉદ્યોગપતિ શેઠશ્રી મંગળદાસ ગિરધરદાસને ત્યાં થયો. તેમનાં લગ્ન કલારસજ્ઞ શ્રી ગિરધરલાલ દામોદરદાસ સાથે થયાં. માતુશ્રી કંચનગૌરીને ગુજરાતના લગભગ દરેક ઘરમાં સ્થાન પામી ચૂકેલ ભરતકામ તેમજ મોતીનાં તોરણ વગેરે ભરતાં જોઈ, ઊર્મિલાબહેનમાં આવી લોક-કલા પ્રત્યે અભિરુચિ જાગૃત થઈ. કલા પ્રત્યેનો આ આદર અને રસ ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ કલાકાર શ્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન નીચે સવિશેષ પાંગર્યા. કૌટુંબિક તેમ જ સામાજિક જવાબદારી અદા કરવાની સાથે ઊર્મિલાબહેન ગુજરાતની સામાજિક–સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ ઓતપ્રોત બની રહ્યાં છે. તેઓશ્રી ગુજરાતની પ્રથમ સ્ત્રીસંસ્થા 'જ્યોતિસંઘ'નાં પ્રમુખ છે. નકામી કે ફેંકી દેવા જેવી ચીજવસ્તુઓમાંથી તેઓ નયનરમ્ય સુશોભનો, ફર્નિચર વગેરે બનાવતાં રહી પોતાની કલાશક્તિનો સ્રોત વહેતો રાખી રહેલાં છે. અમદાવાદમાંનું તેમનું ઘર પરંપરાગત તેમ જ આધુનિક કલાશૈલીના સમન્વયના પર્યાય સમું બની રહ્યું છે.

સુશ્રી ઊર્મિલાબહેન ગિરધરલાલ

આજે હવે એક સોપાન આગળ વધીને એમની એ મૃદુ કલાભિમુખતા માટી, રંગ ને આભલાંના નવીન પ્રયોગોમાં પ્રફુલ્લવા લાગી છે.

ભારતની લોક-કલા

ભારતની લોક-કલા છેલ્લાં બે હજાર વર્ષથી પ્રાચીન પ્રણાલિ સાથે સુમેળ સાધીને કાળની સામે ઝઝૂમતી રહી છે, અને પોતાનામાં કલાના નવા પ્રકારો આમેજ કરતી રહી છે. આમાંના કેટલાક પ્રકારો ગ્રામીણ તત્ત્વોથી સભર છે; કેમકે એક બાજુ ગ્રામજનતાની અંતરતમ ઊર્મિઓ, આકાંક્ષાઓ અને અનુભવોનો આવિષ્કાર હતો, તો સાથેસાથે બીજી તરફ એને ઘરેલુ રીતરસમો જોડે જોડતી કોઈ એક કડી હતી. એમાં ભલે સિદ્ધહસ્તપણાની ઊણપ દેખાય, પરંતુ પ્રાણી અને માનવ-આકારોમાં જણાતી પ્રાણવાન સાદગી, આનંદોર્મિ અને જીવનનો ધબકાર તો એમાં સજીવન બની રહે છે. આ સ્થાપિત થએલી શૈલી અનેક કલા-પદ્ધતિઓનો પરિપાક છે.

મહદ અંશે ભારતીય સ્ત્રીઓ ભૂમિ પર, ભીંત પર કે ભરતગૂંથણ દ્વારા જે ઉચ્ચ કોટિના આકારો—ભાત અને તેને અનુરૂપ નયનરમ્ય રંગો—માં કલાનું નિરૂપણ કરે છે તેમાં જે ભાવપ્રધાન પ્રતીકોનો પ્રયોગ કરે છે, તે સર્વમાં ભારતીય લોક-કલાની લાક્ષણિકતાઓનો તાદશ ચિતાર અનુભવી શકાય છે.

સુંદર આકૃતિઓથી સભર ધૂલીચિત્ર (રંગોળી) પાડવાનો રિવાજ તો ભારતમાં મહિલાઓના વિશિષ્ટાધિકાર સમો છે. આર્યોના આગમન નીચે પહેલાં, પરંપરાથી તેઓ એ શીખ્યાં છે. ભારતના વિભિન્ન વિસ્તારોમાં સ્ત્રીઓ ભૂમિ કે ભીંતોને ચિત્તાકર્ષક આકારોથી આલેખે છે. કંથા, રંગોળી, અલ્પના, આભલાં મઢેલું ભરતકામ અને આદિવાસી તેમ જ ગ્રામીણ લોકોની ભીંતો પરનાં આલેખનોમાં વ્યક્ત થતાં પ્રતીકો એ જ શૈલીનો પરિપાક છે.

નવો આવિષ્કાર

સ્ત્રીઓ દ્વારા વિકસતી આ પરંપરાગત, ધાર્મિક અને વ્યવહારગત કલા જેવો એક વિશિષ્ટ પ્રકાર શ્રીમતી ઊર્મિલાબહેનમાં નવો આવિષ્કાર પામે છે. તેમની આ નવીન કૃતિઓ પુરાણી શૈલીઓ સાથે સુસંગત બની રહેલી છે. એમાં એમની આગવી કલાદૃષ્ટિ તેમ જ એક શિલ્પીની સૂઝનો સમન્વય સધાયો છે. સુરેખ આકારો સાથે તાલ લેતું સોહામણું ભરતકામ, ભવ્ય સાદગી અને નયનરમ્યતા એમાં તાદશ્ય થાય છે. એમણે લોક-

કલાનાં તમામ તત્ત્વોને અપનાવીને નાવિન્યને સભર બનાવ્યું છે. બધી જ વસ્તુઓ—ઘડા, વાસણો, રમકડાં, ટ્રે, તોરણો—કલાકારના એક સ્પર્શમાત્રથી જીવંત કલાની ભાષા બોલતી થઈ જાય છે. એમની કૃતિઓ ખરેખર દૃષ્ટિની તૃપ્તિ છે.

આમ, તેઓશ્રી પાશ્ચાત્ય કલાની કેટલીક લાક્ષણિકતાઓ સ્વીકારીને પરંપરાના આશ્રયે આદિવાસી તેમ જ ગ્રામકલા વચ્ચે સેતુ સમાન બની રહ્યાં છે. પરંપરાગત શૈલીઓનો સમન્વય સાધી, ભવ્ય અને પ્રાણવાન આકારોની સાથેસાથે આધુનિક ઘરોની સમુચિત તેમ જ રૂઢિગત જરૂરિયાતો પોષી શકે તેવી કલાને સ્થૂલ અને યાંત્રિક ગણતરીવાળી આધુનિક કલાના સ્થાને એમણે સ્થાપિત કરી છે. આમાં હેતુનું સામ્ય તો છે જ; સજાવટ જોકે કેટલીક વાર વધારે સભર અને ભવ્ય બની રહે છે તો પણ વસ્તુઓનાં માપ સાથે આદિવાસી કલાનું પ્રમાણ સુમેળ સાધી રહે છે; પરિણામે ધારી અસર ઊભી થાય છે. આમ, કલા કલાકાર અને સમાજની વચ્ચે એક તાર સંધાય છે. આ રીતે શ્રીમતી ઊર્મિલાબહેન કલા અને કલાપિપાસુઓ વચ્ચે સેતુ સમાન બની રહ્યાં છે.



આભૂષણપેટી

દીપઘાળા

રંગની રેખાઓ સાથે મોતી અને આભલાં ચોડીને સર્જેલી કૃતિઓ
નીચે : 'દાણલીલા' અને 'કૂલદાન'

☆ પ્રકીર્ણ નોંધ ☆

રવીન્દ્ર સરોવર સ્ટેડિયમની પિશાચી લીલા અંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ઠરાવ

તા. ૧૭-૪-૬૯ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ નીચે મુજબ ઠરાવ કર્યો છે :-

"એપ્રિલ માસની છઠ્ઠી તારીખે મોડી સાંજના સમયે કલકત્તા ખાતે રવીન્દ્ર સરોવર સ્ટેડિયમમાં યોજવામાં આવેલા એક મનોરંજન કાર્યક્રમ દરમિયાન એકાએક ધ્વનિવર્ધક યંત્રો બંધ કરવામાં આવ્યા, ઈલેક્ટ્રીસીટીનો સંબંધ કાપી નાખવામાં આવ્યો, અને એ રીતે પેદા થયેલા અંધારાનો લાભ લઈને હેતુપુરઃસર આવેલા કેટલાએક ગુંડાઓએ અંધાધૂંધી ફેલાવી અને ત્યાં એકઠા થયેલા નાગરિકો સાથે કેવળ હેવાનિયતભર્યું આચરણ કર્યું અને અનેક બહેનોની બેઈજ્જતી કરી અને તેમનાં કપડાં, દાગીનાંઓની લૂંટ ચલાવી – આ બધા છાપાઓ દ્વારા બહાર આવેલા સમાચારો જાણીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ઊંડા રોષ અને શરમની લાગણી અનુભવે છે અને આપણી પ્રજા કેવા નૈતિક અધઃપતનના માર્ગે ઉતરી પડી છે તેના ખ્યાલપૂર્વક, ઉગ્ર પ્રકોપની લાગણી દાખવે છે. અહેવાલો ઉપરથી જણાય છે કે આ શરમજનક દુર્ઘટના એક વ્યવસ્થિત યોજનાનું પરિણામ હતું અને ઉચ્ચ સ્થાન ધરાવતી કેટલીક વ્યકિતઓ તે સાથે સંકળાયેલ હતી. પશ્ચિમ બંગાળની સરકારે આ અંગે તપાસ સમિતિ તો નીમી છે, પણ એ માત્ર દેખાવ પૂરતી ન રહે, પણ ઊંડી તપાસ કરી આ હેવાનિયત સાથે સંકળાયલા ગુંડાઓને શોધી કાઢી તેમની સાથે પ્રસ્તુત સરકાર સખ્ત હાથે કામ લે એવી આ સંઘ અપેક્ષા રાખે છે."

એક અલ્પખ્યાત છતાં અણમોલ ગૃહસ્થનો દેહવિલય

ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડતના એક વખતના સાથી શ્રી કલ્યાણદાસ જગમોહનદાસ મહેતાનું ૮૬ વર્ષની ઉંમરે મુંબઈ ખાતે એપ્રિલ માસની ૧૧ મી તારીખે અવસાન થયું.

શ્રી રામદાસ ગાંધી જેમનું તાજેતરમાં મુંબઈ ખાતે અવસાન થયું છે તેમણે લખેલા સંસ્મરણોમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ "સ્વ. કલ્યાણદાસભાઈ બાપુજી સાથે દક્ષિણ આફ્રિકા ઠેઠ ૧૯૦૨ માં અઢારેક વર્ષની ઉંમરે ગયા હતા, અને બાપુજીની ઑફિસમાં કામ કરતા હતા. બાપુજી તેમને 'કલ્યાણદાસ' કહીને સંબોધતા હતા. કલ્યાણદાસભાઈ બા બાપુ સાથે એક સન્નિષ્ટ પુત્રની જેમ વર્ત્યા હતા. જોહાનિસબર્ગના રંગીન જાતિના મલયનિવાસમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. એ ભાગમાં હિંદી ભાઈઓ પણ રહેતા હતા. એ વખતે બાપુની પડખે રહીને પ્લેગમાં સપડાયલા ૭૦ માણસોની તેમણે સેવા કરી હતી, અને એ સિત્તેરમાંથી માત્ર એક જ માણસ બચી શકેલો. એ બધાના અન્તિમ સંસ્કાર પણ તેમણે જ કરેલા.

"કલ્યાણદાસભાઈ લોકોના ઉપયોગ માટે સ્વચ્છ પાણીના કૂવા ખોદવાનું કામ પણ કરતા, અને અમારી સાથે આત્મસાત થઈને રહેલા. અમારા સુખ-દુઃખમાં ભાગ લેવાનું કદી ચૂકતા નહિ.

"૧૯૪૮ માં જ્યારે ગોડસેની ત્રણ ગોળીથી બાપુની દિલ્હીના બિરલા હાઉસની પ્રાર્થના ભૂમિ ઉપર ૩૦ મી જાન્યુઆરીએ હત્યા થઈ તેના ૧૫ જ દિવસ પહેલાં કલ્યાણદાસભાઈ પોતાના એક મિત્ર સાથે બાપુને મળવા ગયેલા. તે વખતે બાપુએ પોતાની આસપાસની મંડળીને ઉદ્દેશીને કહ્યું હતું કે :" કલ્યાણદાસે કદીયે મારી પાસે મદદ માગી નથી. મારી સાથેના સંબંધને તેમણે કદી પણ પોતાના ધંધા અર્થે વટાવ્યો નથી."

"છેક યુવાવસ્થાથી માંડીને આજની ઘડી સુધી એમનું જીવન 'નિર્માનમોહા જિતસંગદોષા' (ગીતા અધ્યાય ૧૫, શ્લોક ૫) એ વાક્યને સાર્થક કરતું અનુભવ્યું છે, એટલે સહજ ભાવે તેમના પ્રતિ મસ્તક નમે છે." બાપુજીએ પણ ૧૯૦૬ ની સાલમાં જોહાનિસબર્ગથી શ્રી લક્ષ્મીદાસ ગાંધી ઉપરના પત્રમાં તેમના વિષે લખ્યું હતું કે "જેઓ દિલના સાચા હોય છે તેઓ મને ગમે છે. જગમોહનદાસના દીકરા કલ્યાણદાસનો આત્મા પ્રલ્હાદના જેવો છે. એટલા ખાતર તો તે મને, જે જન્મના કારણે મારો દીકરો છે તેના કરતાં વધારે પ્રિય છે."

આવી એક માનવવિભૂતિએ ઉપર જણાવ્યું તે મુજબ એપ્રિલ માસની ૧૧ મી તારીખે આપણી વચ્ચેથી હંમેશને માટે વિદાય લીધી છે. તેઓ કોઈ રાજકારણમાં કે જાહેર જીવનની ધાંધલ ધમાલમાં પડયા નહોતા, અને આ દુનિયાના બહુ લોકોએ તેમને જાણ્યા નહોતા. આમ છતાં તેમને જેમણે જાણ્યા હશે તેઓ તેમને એક ઉત્કૃષ્ટ કોટિના શીલસંપન્ન સજ્જન તરીકે, સચ્ચાઈને વરેલા એક માનવી તરીકે, વિનમ્ર, નિર્દંભ, પ્રેમાળ સન્મિત્ર તરીકે કંઈ કાળ સુધી સંભારશે. ગાંધીજીએ જેમને આવું પ્રમાણપત્ર આપ્યું છે તેવા પુણ્યપુરુષને આ રીતે અંજલિ આપતાં હું એક પ્રકારની કૃતાર્થતા અનુભવું છું.

સ્વ. કલ્યાણદાસભાઈ પોતાની પાછળ વયોવૃદ્ધ પત્ની, બે પુત્રો અને બે પુત્રીઓ મૂકી ગયા છે. બન્ને પુત્રો વ્યાપાર-વ્યવસાયમાં સારી રીતે ગોઠવાયા છે. બે પુત્રીઓમાં મોટાં પુત્રી સાહિત્યકાર શ્રી હીરાબહેન પાઠક ક્વૅ કૉલેજમાં અધ્યાપિકા છે; અને બહેન શકુન્તલા ક્વૅ કૉલેજના અધ્યાપન વિભાગની પ્રિન્સીપાલ છે. આ કુટુંબ પરિવાર સાથે હું વર્ષોથી સુપરિચિત છું અને સ્વજન ભાવે સંકળાયેલો છું. તેમના પ્રત્યે આ દુઃખદ પ્રસંગે હું ઊંડા દિલની સહાનુભૂતિ અનુભવું છું.

શ્રી એસ. કે. પાટિલને મત આપવા અનુરોધ

ચાલુ થયેલા મે માસની ચોથી તારીખે લોકસભાની એક બેઠક માટે બનાસકાંઠા જિલ્લામાં થનાર ચૂંટણીઅંગેનો જંગ ત્રણ મહારથીઓ વચ્ચે ખેલાઈ રહ્યો છે. તેમાં એક છે કૉંગ્રેસ તરફથી શ્રી એસ. કે. પાટિલ, બીજા છે સ્વતંત્ર પક્ષ તરફથી શ્રી મનુભાઈ અમરશી અને ત્રીજા છે અપક્ષ ઉમેદવાર તરીકે શ્રી હિમતસિંહજી. આ ત્રણ ઉમેદવારોમાંથી વર્ષો જુની જેની ઉજ્જવલ રાષ્ટ્રસેવાઓ છે એવા શ્રી એસ. કે. પાટિલને જોરદાર ટેકો આપતું એક નિવેદન સ્વતંત્ર પક્ષના ઉપપ્રમુખ અને ગુજરાત ઉપર જેમનું અસાધારણ વર્ચસ્ ગણાય એવા ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ તા. ૨૩ મી એપ્રિલના રોજ એક છાપા જોગું નિવેદન બહાર પાડયું છે, જે નીચે મુજબ છે :

"એવા પ્રસંગો આવે છે જ્યારે વ્યકિતએ રાજકીય પક્ષપાતથી પર થવું જોઈએ. અને આખા ય રાષ્ટ્રને ધ્યાનમાં રાખી પરિસ્થિતિનો વિચાર કરવો જોઈએ. આવો એક પ્રસંગ હમણાં ઊભો થયો છે.

"છેલ્લાં થોડા વર્ષો દરમિયાન ભારત એક પછી એક કટોકટીમાંથી પસાર થતું આવ્યું છે. સાંકડાં ખંડનાત્મક પરિબળો વેગ પકડતાં જાય છે અને એના કારણે આપણી રાષ્ટ્રીય તાકાત શોષાઈ રહી છે. આ ખરેખર અકળાવનારી ઘટના છે.

"જ્યારે રાષ્ટ્ર ઈતિહાસને ત્રિભેટે ઊભું છે એ પ્રસંગે પક્ષ કે રાજકારણના તફાવતને ધ્યાનમાં લીધા વિના જે લોકો દઢ રાષ્ટ્રવાદને વરેલા છે તેમના હાથ મજબૂત કરવાની સૌ કોઈ રાષ્ટ્રવાદીની ફરજ છે એમ મને લાગે છે.

"શ્રી એસ. કે. પાટિલ નિવડેલા કાર્યકર છે. તેમણે ચાર દાયકાથી અવિરતપણે રાષ્ટ્રની નિષ્ઠાપૂર્વક સેવા કરી છે. એ આઝાદીના વીર યોદ્ધા હતા. એમનામાં અપ્રતિમ વ્યવસ્થાશકિત છે અને તેઓ સબળ સંસદ-કાર્યપટુ છે. એમના રાજકીય ગુરુ સરદાર વલ્લભભાઈ પટેલની માફક શ્રી પાટિલ પણ રચનાત્મક દૃષ્ટિવાળા અને વ્યવહારૂ વળણવાળા રાજપુરુષ છે.

"પહેલાં, પછી અને હંમેશાં 'હિંદી' એવા મંત્રને વરેલા શ્રી પાટિલ જ્ઞાતિ અને સંપ્રદાયથી પર, પ્રદેશવાદ અને સંકુચિતતાથી

પર, ઉદાર અને સહિષ્ણુ એવા ભારતીય રાષ્ટ્રવાદના સાચા અને અધિકૃત પ્રતીક છે.

"શ્રી પાટિલ સરદાર પટેલના વહીવટી હાથ સમાન હતા; અને સરદારની માફક તેઓ જે કંઈ કાર્ય હાથ ધરે છે તેને કુશળતા સાથે સંગીન એવી સ્થિરતા આપે છે.

"શ્રી પાટિલનો અખિલ ભારતીય દરજ્જો, રાષ્ટ્રીય દૃષ્ટિબિન્દુ અને અનોખી શક્તિને ધ્યાનમાં લેતાં રાજકીય પક્ષાપક્ષીથી પર એવી રીતે તેમનો વિચાર કરવો જોઈએ. આથી જ હું અખિલ હિંદ સ્વતંત્ર પક્ષના ઉપ - પ્રમુખોમાંનો એક છું તો પણ, પક્ષની ગણતરીઓથી પર થઈને શ્રી પાટિલે બનાસકાંઠા સંસદીય મતદાર વિભાગમાંથી નોંધાવેલી ઉમેદવારીને મારો હાર્દિક ટેકો આપું છું.

"હું ઈચ્છું છું કે રાષ્ટ્રીય હિતના દૃષ્ટિબિન્દુને સર્વોચ્ચ મહત્ત્વ આપી શ્રી પાટિલની કક્ષાના અને કૌશલના માણસને લોકસભામાં ચૂંટી કાઢવા માટે સ્વતંત્ર પક્ષમાંના મારા સાથીઓને પણ હું સમજાવી શકું.

"હું બનાસકાંઠા મતદાર વિભાગના મતદારોને હૃદયપૂર્વક અનુરોધ કરું છું કે તમે સૌ દૃઢપણે શ્રી પાટિલને જ મત આપજો.

"ગુજરાતના લોકો તેમનાં વિશાળ મન અને ઉદાર દૃષ્ટિ માટે જાણીતા છે અને તેઓ શ્રી પાટિલને ઝળકતી સફળતા આપીને મહાત્મા ગાંધી અને સરદાર પટેલે આંકેલી મહાન પરંપરામાં એક ઉજ્જ્વળ પ્રકરણ ઉમેરશે એવી મને શ્રદ્ધા છે."

પોતાના રાજકીય પક્ષથી પર બનીને આવું નિવેદન બહાર પાડવા માટે શ્રી મુનશીને અનેક ધન્યવાદ ઘટે છે. આ રીતે પક્ષની મર્યાદા ક્યાં સુધી અને ક્યારે તેથી મુક્ત બનીને વિચારી અને આચરી શકાય તેનો તેમણે આપણને પદાર્થપાઠ શિખવ્યો છે. નહિ કે કૉંગ્રેસ પ્રત્યેની કોઈ ખાસ નિષ્ઠા હોવાના કારણે, પણ દેશનું સમગ્ર હિત લક્ષમાં લઈને શ્રી પાટિલની ઉમેદવારીનું આપણે પણ સમર્થન કરીએ, સ્થાનિક મતદારોને પોતાના મત પાટિલને આપવા વિનવીએ અને પાટિલને આપણે સફળતા ઈચ્છીએ!

એંઠના સદુપયોગ વિષે વિશેષ ચર્ચા

તા. ૧૬-૪-૬૯ ના પ્રબુદ્ધ જીવનમાં ડૉ. કાન્તિલાલ શાહનું ઉપરના વિષયને લગતું એક ચર્ચાપત્ર પ્રગટ કરવામાં આવ્યું છે. તેમાં ઊભા કરવામાં આવેલા મુદ્દાઓનો એ અંકમાં જગ્યાના અભાવે જવાબ આપવાનું શક્ય બન્યું નહોતું. અજાઠ વસ્તુઓ ક્ષુધા-પીડિતોને આપવાના વિરોધમાં અસહકારના આંદોલન વખતે પરદેશી કાપડની ગાંધીજીની પ્રેરણા અને આનુમોદનથી જે હોળી કરવામાં આવી હતી તે ઘટનાને તેઓ આગળ ધરે છે. આમ કરતી વખતે તત્કાલીન પરિસ્થિતિ અને અદ્યતન પરિસ્થિતિ વચ્ચેના તફાવતને તેઓ ભૂલી જાય છે. અસહકારના ઉગ્ર આંદોલનનો એ એક તબક્કો હતો, જ્યારે અત્યારે અજાઠી વસ્તુના ઉપયોગના પ્રશ્નને એવા કોઈ આંદોલન સાથે સંબંધ જ નથી. એ વખતે પણ પરદેશી કાપડની આવી હોળી સામે કોઈ પ્રતિકૂળ મત નહોતો એમ નથી, આમ છતાં પણ, પરદેશી કાપડ બાળવા પાછળ પરદેશી હકુમત સામેની ઝુંબેશ અને સ્વદેશી ને પ્રજાજીવનમાં પુનઃ પ્રતિષ્ઠિત કરવાની તીવ્ર ભાવના હતી અને તે ભાવનાથી પ્રેરાઈને મારી જેવા અનેકે તેવી હોળીનું સમર્થન કર્યું હતું. આજે એંઠનો સદુપયોગ કરવાનો વિચાર પણ ન જ થઈ શકે એવું કોઈ આંદોલન અસ્તિત્વમાં નથી.

અહીં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે એક બાજુએ મોટા જમણવારોમાં ગમે તેટલું કહેવાય યા સમજાવવામાં આવે તો પણ, એંઠું પડી રહે છે અને નકામું જાય છે એ હકીકત છે અને બીજી બાજુએ મુંબઈ જેવા શહેરમાં અનેક ભૂખ્યા લોકો ગટરમાં પડેલા અન્નના દાણા વીણી વીણીને ખાય છે, એંઠાની બાલદીઓ ઠલવાય છે તેનાં ઉપર આવા લોકો તૂટી પડે છે, અને જે હાથમાં આવ્યું તે મોંમાં નાંખે છે અને પેટ ભરે છે, જ્યાં ત્યાં પડેલી કેરીની છાલ અને ગોટલાઓ ચૂસે છે, આમાં પણ આંધળા લુલા અપંગો ફાંફા મારે છે તો પણ તેમનો પત્તો ખાતો નથી. આ પણ આજની હકીકત છે. એંઠું કોઈને પણ આપવાનો વિચાર આપણને ગમે તેવો નથી એ મને કબૂલ છે; પણ બીજી બાજુએ ઉપર જણાવ્યું તેવું જ ભૂખ્યે ટળવળતા લોકો જે તે ખાય તે કરતાં ફેંકાઈ જવા સરજાયેલું એવા એંઠાનો સદુપયોગ થાય તે વધારે આવકારવા યોગ્ય લાગે છે. એક મોટા અનિષ્ટને ટાળવા માટે એક નાના અનિષ્ટને આપદ્ ધર્મ તરીકે સ્વીકારવા બરોબર આ બાબત છે અને એ રીતે મહેતા દંપતીએ મુંબઈમાં થોડા સમયથી શરૂ કરેલી પ્રવૃત્તિ આવકારપાત્ર છે સહકારપાત્ર છે એવો મારો અભિપ્રાય છે.

અલબત્ત, એંઠાનો સદુપયોગ કરવાની પ્રવૃત્તિ સાથે એંઠું ન જ મૂકાય તેને લગતો પ્રચાર એથી પણ વધારે આવશ્યક છે અને જેમ ચુસ્ત જૈન ભાણામાં એંઠું તો ન જ મૂકાય એમ માને છે અને તે મુજબ મોટા ભાગે વર્તે છે – તે પાછળ એક પ્રકારની ધાર્મિક ભાવના રહેલી છે, તેવી જ રીતે સામાજિક સભ્યતાના આપણા જે ખ્યાલો છે તેમાં એંઠું ન જ મૂકાય એ ખ્યાલ ઉપર શક્ય તેટલો વધારે ભાર મૂકાવો ઘટે છે અને એવો ભાર મૂકાતાં અને પીરસનારાઓને એને લગતી તાલીમ અપાતાં અને જમનારાઓના મનમાં આ બાબત વધારે દૃઢીભૂત થતાં, એક દિવસ એવો જરૂર આવશે કે જ્યારે, આપણા જમણવારો એંઠવાડના કલંકથી મુક્ત થયા હશે, અને પછી તો માત્ર વધેલી રસોઈને જ ઠેકાણે પાડવાનો પ્રશ્ન ઊભો રહેશે.

ડૉ. કાન્તિલાલ શાહ એંઠું પાંજરાપોળને વેચવાનું સૂચવે છે. પાંજરાપોળવાળા એંઠું ખરીદે અને માનવીને ખાવાયોગ્ય દાળભાત શાક વગેરે ખોડા ઢોરને ખવરાવે – આ તેમની સૂચના સ્વતઃ અવ્યવહારૂ અને હાસ્યાસ્પદ લાગે છે. 'બુફે' પદ્ધતિમાં સંભવ છે કે એંઠું ઓછું પડી રહે, પણ પ્રસ્તુત મહેતા દંપતીનો અનુભવ એવો છે કે આ પદ્ધતિમાં પણ એંઠું ઠીક પ્રમાણમાં પડી રહે છે. તદુપરાંત બુફે પદ્ધતિ પરિચિત સંખ્યાના જમણવાર માટે બરોબર છે. મોટી સંખ્યામાં જમનારા હોય ત્યારે તે પદ્ધતિ એટલી યવહારૂ માલૂમ પડતી નથી. તેવા ઠેકાણે મોટા ભાગે પૂરતી વ્યવસ્થા હોતી નથી અને ધસારો બહુ થાય છે અને જમનાર જોઈએ તેથી મોટા ભાગે વધારે લે છે. વળી આ પદ્ધતિના અનુસંધાનમાં કરવામાં આવેલી સૂચના અનુસાર જો પાટલા ઉપર જમનારા બેસે અને પીરસનારા પીરસે તો પછી 'બુફે' પદ્ધતિ રહી જ નહિ.

આ ચર્ચાના અનુસંધાનમાં મહેતા દંપતી પોતાનું કાર્ય સરળ થાય તે માટે નીચેની સૂચનાઓને પ્રસિદ્ધિ આપવા વિનંતિ કરે છે:–

(૧) લોકો આમને આગળથી ખબર આપવા મહેરબાની કરે, તેમાં સ્થળ, સમય અને જમનારાની સંખ્યા જણાવે.

(૨) ખુશ્કળ જગ્યાએથી ખબર આવે છે ને આવશે તે બધે તો પહોંચવું અશક્ય. એટલે અમે ત્યાં જે સવારથી ન પહોંચી શકીએ તો પાછળ વધેલી ચોખ્ખી રસોઈ એક બાજુ ખ્યાલ રાખી મૂકે અને અમને ખબર આપે તો અમે તે લેવા જવા જરૂર પ્રયત્ન કરીએ.

(૩) તેમ છતાં જેને ત્યાં પ્રસંગ હોય તેને ત્યાં મોટે ભાગે સાધન સગવડ તો હોય જ. તો તેઓ જો નીચેના બે સરનામા પર પહોંચતું કરવા કૃપા કરે તો ઘણું સારું.

(૧) શ્રી ચંપકભાઈ એસ. મોદી – શ્રીમતી ઈલાબહેન મોદી, ૭૩/૭૫, ગીતાંજલિ, ફ્લેટ નં. ૧૧. વાલકેશ્વર, મુંબઈ-૬. ટે. નં. ૩૫૭૮૫૬

(૨) શ્રી એચ. સી. મહેતા, શ્રીમતી સુહાસ મહેતા, ૫૩, બી, "નાલંદા", ૬૨, પેડર રોડ, મુંબઈ-૬૨. ટે. નં. ૩૫૮૫૩૨

આ ઉપરાંત તેમણે બાર સંસ્થાઓની લાંબી યાદી બીડી છે, જે સંસ્થાવાળા જમણવારમાં વધેલું ચોખ્ખું ખાવાનું સ્વીકારવાની ઈચ્છા દર્શાવે છે અને તેમાંથી કોઈ પણ સંસ્થાને મહેતા દંપતી વધેલું ચોખ્ખું ખાવાનું પહોંચાડે છે અને મહેતા દંપતી મારફત આને લગતી માહિતી મેળવીને જમાડનાર પોતે પણ પોતાને વધેલું ચોખ્ખું ખાવાનું પહોંચાડી શકે છે. **પરમાનંદ**

'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે સદ્‌ભાવ દાખવતા થોડાક પત્રો

('પ્રબુદ્ધ જીવન' આજે ૩૦ વર્ષ પૂરાં કરીને ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે. તે વિશિષ્ટ અવસરના સંદર્ભમાં કેટલાક શુભેચ્છક મિત્રો તરફથી પત્રો મળ્યા છે જે નીચે રજૂ કરું છું. આવા પત્રોમાં સ્વાભાવિક રીતે મારા વખાણના બે શબ્દો હોય. તે કારણે આ પત્રો પ્રગટ કરતાં હું ખૂબ સંકોચ અનુભવું છું. તેમાં રહેલી સદ્‌ ભાવની લાગણી અને વિધાયક સૂચનોને હું અન્તરથી આવકારું છું. પરમાનંદ)

સુરતથી શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીનો પત્ર

સ્નેહી ભાઈશ્રી પરમાનંદભાઈ,

'પ્રબુદ્ધ જીવન' વિચાર–સામગ્રીનું સામયિક છે તે હું જાણું છું અને એ પણ જાણું છું કે આવા વિચારપત્રોને જેટલો લોકાદર મળવો જોઈએ તેટલો મળતો નથી. 'પ્રબુદ્ધ જીવન' વિલાઈ ગયું નથી તેનું કારણ તેને મળેલો શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ટેકો છે, દરેક નાનો મોટો ધર્મ–સમાજ સ્વ–અભિજ્ઞાન કરવામાં પડયો છે. સ્વ–વિશેષના વર્ધનમાં મગ્ન છે, ત્યારે તમે સ્વચ્છ, ઉદાર અને પ્રગતિ-શીલ દૃષ્ટિ રાખી છે તે સંતોષ અને અભિનન્દનનો વિષય છે.

પારંપરિક બધાં જ જીવનમૂલ્યો એક કાળમાં એક સરખાં ઉપયોગી કે ઉચ્ચ રહ્યા નથી; તેમાં ફેરફારને, તેને સંસ્કારવાને, તેને યથાર્થ સમજવાને અવકાશ છે. આજે તો બધાં જ પારંપરિક મૂલ્યો જાણે અવનતિ તરફ લઈ જતાં હોય એવો વંટોળ જાગ્યો છે અને સમ્યક્ શ્રદ્ધા સાવ જવા બેઠી છે. (રજનીશનો ઉપદેશ આ દશા સૂચવે છે.) આવા સાંસ્કૃતિક સંકટને પ્રસંગે જે વ્યક્તિ કે સમૂહ જ્ઞાન અને કરુણાના વિસ્તાર માટે પુરુષાર્થ કરે તે પુણ્યનું કાર્ય કરે છે. એ દૃષ્ટિએ એ 'પ્રબુદ્ધ જીવન"નું કાર્ય કલ્યાણલક્ષી અને સ્વાસ્થ્ય પોષક હું ગણું છું.

આ ઉંમરે પણ આપનું સ્વાસ્થ્ય સારું ગણાય. એ સ્વાસ્થ્યનો સદુપયોગ પણ આપ કરતા રહો છો. મારી તબિયત તો ઠીક ઠીક જ રહે છે કેટલાંય વરસથી. આપનું કુશળ ચાહું છું.

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના સાદર નમસ્કાર.

વેડછીથી શ્રી જુગતરામભાઈનો પત્ર

પ્રિય ભાઈશ્રી પરમાનંદભાઈ,

પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકમાં જોયું કે આ પત્રિકાએ ૩૦ વર્ષ પૂરાં કર્યાં છે. એમાં શંકા નથી કે તમે એક ભાત પાડી જનારી પત્રિકા કાઢો છો, અને વાંચીએ નહિ ત્યાં સુધી સ્વસ્થતા ન લાગે એવી તે છે.

વચ્ચે મગનભાઈ દેસાઈના અવસાન બાદ સત્યાગ્રહ પત્રિકા બંધ થઈ તે વખતે પ્રબુદ્ધ જીવનની યાદ આપવામાં આવી હતી. બન્ને પત્રો સમાજના પ્રશ્નો ઉપર સ્વતંત્ર અને હિમતભરી દોરવણી આપે છે, અને ટીકા કરવા જેવું હોય ત્યાં કોઈની પણ શેહ રાખતા નથી. છતાં 'સત્યાગ્રહ' તે 'સત્યાગ્રહ' છેઅને 'પ્રબુદ્ધ જીવન' તે 'પ્રબુદ્ધ જીવન' છે, કારણ મગનભાઈ દેસાઈ અને તમે બે જુદી જ વ્યક્તિઓ છો. બન્નેનાં જીવન અને વિચારશૈલી જુદાં છે. બન્નેનાં વિચારકેન્દ્રો અને જીવનકેન્દ્રો પણ તેમનાં પોતાનાં છે. તમારી ભાષામાં અને ટીકાઓમાં વિવેક, સંસ્કારિતા, સ્વચ્છતા કેટલાં બધાં ઉચ્ચ કોટિનાં હોય છે, છતાં તમારે પણ વખતોવખત કોઈ કોઈને નારાજ કરવાના પ્રસંગો આવે જ છે. આમ છતાં ડંખ ન મારવાનો તમારો પ્રયત્ન સ્પષ્ટ જોઈ શકાય છે.

દેશના અને જગતના આજના જીવનમાં કેટલાક વિષયો એવા છે કે જેને તમારાં કેન્દ્રો તમે બનાવી શકો તો સારું લાગે. મગન-ભાઈ ગયા તે સાથે અંગ્રેજી ભાષા–સામેનો મોરચો ગયો છે. તે પ્રશ્ન ભલે તમારી રીતે તમે ઉપાડી લ્યો તો કેવું સારું! હાલના શિક્ષણમાં નવો જીવ આવે એ માટે પણ તમારા વિચારો વધારે પ્રમાણમાં આપી શકો. અત્યારનું રાજકારણ ડહોળાઈ રહ્યું છે. તેમાં પણ તમારે માટે ક્ષેત્ર છે. વિનોબા સમાજમાં સર્વોદય લાવવા કંઈ કંઈ નવા વિચારો અને આંદોલનો ચલાવી રહ્યાં છે. તેને પણ તમે તમારી રીતે મૂલવતા રહો એ જરૂરનું લાગે છે.

આવું કંઈકને કંઈક પ્રબુદ્ધ જીવનમાં અવાર નવાર આવી જાય છે એ ખરું. એ ક્ષેત્ર વધારે વ્યાપક કરો એટલું જ મારું સૂચન છે.

તમારી નોંધમાં તમે વાચકોનાં સૂચન માગ્યાં છે, તેથી આ લખવાનું મન થયું. સ્વ. કિશોરલાલભાઈ 'હરિજન' ચલાવતા તે તરફ આંગળી ચીંધું તો મારે શું કહેવાનું છે તે વધારે વિસ્તાર વગર કહેવાઈ જાય છે.

તમે કોઈ કોઈ વાર મિત્ર મંડળના પ્રવાસો કાઢતા હો છો અને તે વિષેનાં રસિક નિવેદનો પ્રસિદ્ધ કરો છો. આ પણ તમારી વિશેષતા છે. પ્રવાસનાં ક્ષેત્રોમાં કોઈ કોઈ વાર અમારા જેવાં ગ્રામસેવાનાં કેન્દ્રોને પણ સમાવી શકો એમ ઇચ્છું છું. કામમાં મચી રહેનારાઓ બહુ બોલે અને લખે એમ બનતું નથી. ને બોલવામાં નવ ગુણ તે તેમને માટે તો સાચું જ વચન છે. પણ કોઈ તમારા જેવા નજરે જોઈને મૂલવે તો કીંમતી મદદ જેવું થાય. નવી આંખે નવાં દૃષ્ટિ-બિન્દુઓ પણ જોવામાં આવે અને કામ કરનારાઓને અને તેમના સમાજોને તેમાંથી કીંમતી માર્ગદર્શન મળી જાય.

તમારી સૌની કુશળતા ઈચ્છું છું.

સ્નેહાધિન જુગતરામ દવેનાં જય જગત્

મુંબઈથી શ્રી વાડીલાલ ડગલીનો પત્ર

મુરબ્બી પરમાનંદભાઈ,

'પ્રબુદ્ધ જીવને' એના વૈચારિક આયુષ્યનાં ત્રીસ વર્ષ પૂરાં કર્યાં એ જાણી આનંદ થયો.

'પ્રબુદ્ધ જીવન' એટલે પરમાનંદભાઈ. વિચારના સામયિકની વિશિષ્ટતા એ હોય છે કે એ હંમેશાં એકાદ નિર્ભય વિચારકનું માધ્યમ બનતું હોય છે. વિચારનું સામયિક આથી વ્યક્તિનિષ્ઠ સામયિક જ હોય છે, 'પ્રબુદ્ધ જીવન'ની ત્રીસ વરસની સેવા એ પરમાનંદભાઈનો વિચારયજ્ઞ છે.

ત્રીસ વર્ષનો ગાળો અંગ્રેજીમાં એક પેઢીનો ગાળો કહેવાય છે આ ગાળા દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલાં ઉત્તમ લખાણોનું એક પુસ્તક પ્રગટ થાય તો 'પ્રબુદ્ધ જીવન'નો વિચાર-વારસો વ્યવસ્થિત રીતે સચવાય. ઈંગ્લેન્ડમાં આવાં સામયિકોનાં ઉત્તમ લખાણોના ગ્રંથો નિયમિત બહાર પડતા હોય છે. કોઈ તટસ્થ, વિવેક-શીલ અને સુરુચિવાળો સંપાદક શોધી આટલું કામ તરત કરવું જોઈએ. આવા ગ્રંથને હું 'પ્રબુદ્ધ જીવન વાચનપોથી' કહું.

'પ્રબુદ્ધ જીવન'નો ઉત્તરોત્તર વિકાસ થશે એમાં મને કોઈ શંકા નથી કેમ કે તેની પાછળ અનાસકત વિચારબળ છે.

સ્નેહાધીન વાડીલાલ ડગલીના પ્રણામ

પૂનાથી શ્રી શામજી નેણશી ધરોડનો પત્ર

માન્યવર કાકી પરમાનંદભાઈ,

પ્રબુદ્ધ જીવન પોતાના જીવનનાં ૩૦ વર્ષ પૂરાં કરીને ૩૧ મા વર્ષની મજલમાં આવે છે તે જાણી ખૂબ ખૂબ આનંદ થાય છે. પ્રબુદ્ધ જીવનના એક ગ્રાહક અને ચાહક તરીકે હું આજે ભારે આનંદ અનુ-ભવું છું. આપે પ્રબુદ્ધ જીવન દ્વારા જૈન–જૈનેતર જગતની સેવા કરી છે. આપના લાંબા અજોડ જીવનની તપશ્ચર્યા દ્વારા તમે યુવાન પેઢીને નવો રાહ અને નવી ક્રાંતિકારી વિચારસરણી પૂરી પાડી છે. પ્રબુદ્ધ જીવન પાક્ષિક દ્વારા આપે જે જે પીરસ્યું છે તે અજોડ છે. આવતાં વર્ષો દરમિયાન પ્રબુદ્ધ જીવન વધુને વધુ ફાલે એ જ પ્રભુ પ્રાર્થના!

આપનો શામજી નેણશી ધરોડ

'પ્રબુદ્ધ જીવન' ૩૧મા વર્ષમાં પ્રવેશ કરે છે

'પ્રબુદ્ધ જીવન' આ અંકથી ૩૧ માં વર્ષમાં પ્રવેશ કરે છે. મુંબઈ જૈન યુવક સંઘની સ્થાપના ૧૯૨૯ની સાલમાં કરવામાં આવી ત્યારથી આજ સુધી સંઘની કાર્યવાહી સાથે એક યા બીજા પ્રકારની સામયિક પ્રવૃત્તિ જોડાયલી રહી છે. ઘણું ખરું આર્થિક કારણોને લીધે ૧૯૩૭માં આ પ્રવૃત્તિ બંધ કરવી પડેલી, પણ બે વર્ષ બાદ ૧૯૩૯ના મે માસથી 'પ્રબુદ્ધ જૈન' એ નામથી પાક્ષિક પત્રની શરૂઆત કરવામાં આવેલી; જે આજ સુધી અખંડિતપણે ચાલુ રહી છે. આ સામયિકના પ્રારંભથી આજ સુધીના ઈતિહાસની વિગત ટૂંકમાં જણાવું તો 'પ્રબુદ્ધ જૈન' શરૂ કર્યું ત્યારથી કેટલાંક વર્ષ સુધી સંઘના મંત્રી સ્વ. મણિલાલ મોકલચંદ શાહ 'પ્રબુદ્ધ જૈન'ના પણ તંત્રી હતા. આમ છતાં, તેના સંપાદનકાર્યની જવાબદારી માટે શિરે જ રહી હતી. વર્ષો વ્યતીત થતાં મણિભાઈની તબિયત લથડવા લાગી અને તા. ૧-૫-૫૧ થી 'પ્રબુદ્ધ જૈન"નો હું અધિકૃત તંત્રી થયો. 'પ્રબુદ્ધ જૈન'ની વ્યાપક વિચારસરણી ધ્યાનમાં લઈને તા. ૧-૫-૫૩ થી 'પ્રબુદ્ધ જૈન'નું નામ બદલીને 'પ્રબુદ્ધ જીવન' કરવામાં આવ્યું, જે આજ સુધી કશો પણ ખાંચો પડયા સિવાય નિયમિત રીતે પ્રગટ થતું રહ્યું છે. પત્ર માટે પ્રારંભમાં આઠ પાનાની મર્યાદા સ્વીકારવામાં આવી હતી, પણ સમય જતાં તે મર્યાદાને વધારીને દશ પાનાની કરવામાં આવી છે. તેમાં પણ અવારનવાર બે પાનાં વધારવામાં આવે છે, ગયા વર્ષે કુલ ૨૫૮ પાનાનું વાંચન પૂરું પાડવામાં આવ્યું હતું, જ્યારે આ વર્ષે કુલ ૨૭૦ પાનાનું વાંચન પૂરું પાડવામાં આવ્યું છે. આ પાક્ષિક પત્રના પ્રારંભથી ગાંધીજીના, ખ્યાલોને સ્વીકારીને જાહેર ખબરને સ્થાન આપવામાં આવ્યું નથી અને તે નીતિને આજ સુધી વળગી રહેવામાં આવ્યું છે. વધતી જતી મોંઘવારી અને ઉત્તરોત્તર કરવામાં આવતા પગાર વધારાના કારણે આ પત્રની પ્રકાશન પ્રવૃત્તિ પાછળ ખોટ વધતી જાય છે અને આજે તે ખોટનો આંક લગભગ રૂ. ૫૦૦૦ સુધી પહોંચ્યો છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી પાંચેક વર્ષથી દર વર્ષે રૂ. ૧૫૦૦ ની મદદ મળતી હતી, જેમાં ગયા એપ્રિલ માસથી રૂ. ૧૦૦૦નો વધારો કરીને કુલ રૂ. ૨૫૦૦ની વાર્ષિક મદદ મળે એવો નિર્ણય સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી લેવામાં આવ્યો છે. આ માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટનો મુંબઈ જૈન યુવક સંઘ ખૂબ ઋણી છે. આ ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક લવાજમ પ્રારંભથી રૂ. ૪-૦૦ હતું તે લવાજમ બે વર્ષથી રૂ. ૭-૦૦ કરવામાં આવ્યું છે. આ બધું છતાં, જ્યાં સુધી પ્રબુદ્ધ જીવનની ગ્રાહક સંખ્યા સારા પ્રમાણમાં વધે નહિ ત્યાં સુધી આ ખોટ ચાલુ રહેવાની જ છે. 'પ્રબુદ્ધ જીવન' કોઈ પક્ષ કે પંથનું પ્રચારપત્ર નથી અને તેથી કોઈ અનુયાયી વર્ગના ટેકાને તેમાં અવકાશ જ નથી. તેની ગ્રાહક સંખ્યા તો જ વધે કે જો સંઘના સભ્યો તેમ જ 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે ઊંડો સદ્‌ભાવ અનુભવતા ગ્રાહકો આ બાબતમાં ઊંડો રસ દાખવે અને ગ્રાહકો બનાવવાની દિશાએ કાંઈક સક્રિય બને. તેમને આ પ્રકારની સક્રિયતા માટે સપ્રેમ અનુરોધ છે.

'પ્રબુદ્ધ જીવન'ના સંપાદનકાર્યમાં, ગયા વર્ષના આ પ્રકારના તંત્રી નિવેદનમાં (તા. ૧-૫-૬૮ના 'પ્રબુદ્ધ જીવન'માં) જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે શ્રી મેનાબહેન નરોત્તમદાસ, શ્રી સુબોધભાઈ એમ શાહ તથા તેમનાં પત્ની સૌ. નીરૂબહેનનો સહકાર મળતો રહ્યો છે. આ ઉપરાંત સૌ. શારદાબહેન શાહ ગયા વર્ષ દરમિયાન અંગ્રેજી યા હિંદી લેખોના અનુવાદની બાબતમાં સવિશેષ ઉપયોગી થયા છે. તેમનો પણ અહીં મારે ઉલ્લેખ કરવો જ જોઈએ. તેઓ કર્વે યુનિવર્સિટીના એમ. એ. છે અને સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહનાં પત્ની છે. સંગીતના તેઓ સારા જાણકાર છે અને માત્ર હિંદી જ નહિ પણ અંગ્રેજી લેખોના તેઓ પૂરા ભાવવાહી–અર્થવાહી–અનુવાદો કરી શકે છે. આ ઉપરાંત ગયા વર્ષ દરમિયાન સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનાં લખાણો 'પ્રબુદ્ધ જીવન'માં ઠીક પ્રમાણમાં પ્રગટ થતા રહ્યા છે અને 'પ્રબુદ્ધ જીવન'નું તે એક સવિશેષ આકર્ષક અંગ બન્યું છે. બીજી પણ અનેક વ્યકિતઓનો પ્રબુદ્ધ જીવનને સમૃદ્ધ બનાવવામાં સારો સાથ મળ્યો છે, જેમનો વ્યક્તિગત ઉલ્લેખ કરવાનું આ સ્થળે શકય નથી. આ સર્વનો હું અન્તઃકરણથી આભાર માનું છું અને આ રીતે તેમના તરફથી સતત સહકાર મળતો રહેશે એવી આશા રાખું છું.

આજે જ્યારે ૩૦ વર્ષના લાંબા ફલક ઉપર હું નજર કરું છું, અને ખરી રીતે તો સંઘની ૧૯૨૯માં સ્થાપના થઈ ત્યારથી તેની કાર્યવાહી સાથે અને તેની સામયિક પ્રવૃત્તિ સાથે હું એક યા બીજી રીતે જોડાયલો હોઈને, ૪૦ વર્ષના લાંબા ફલક ઉપર નજર ફેરવું છું ત્યારે સિનેમાના ચિત્રપટ માફક અનેક દૃશ્યોની હારમાળા નજર સામે ખડી થાય છે. એ દરમિયાન સવિનય ભંગની લડત, બીજું વિશ્વ યુદ્ધ, 'કિવટ ઈન્ડિયા'નો જંગ, સ્વરાજ્ય પ્રાપ્તિ અને ત્યાર પછીની અનેક ઘટનાઓ નજર સામે તરવા લાગે છે. 'પ્રબુદ્ધ જૈન'નું સંપાદન હાથ ઉપર લીધા બાદ દરેક વિશિષ્ટ ઘટનાને મેં એક પડકાર રૂપ લેખી છે અને 'પ્રબુદ્ધ જૈન' યા 'પ્રબુદ્ધ જીવન' મારફત તેનું ઈન્ટર પ્રેટેશન – અર્થઘટન – કરવા મેં યથાશકિત પ્રયત્ન કર્યો છે. સંભવ છે કે કોઈ ઘટનાને વધારે પડતું વજન આપવામાં આવ્યું હોય, જ્યારે અન્ય કોઈ ઘટનાની ઉપેક્ષા પણ કરવામાં આવી હોય. આમ છતાં પણ, આ લાંબા ગાળા દરમિયાન હું સતત સજાગ રહ્યો છું, અનેક આઘાત પ્રત્યાઘાતોમાંથી પસાર થયો છું અને તેને આ સામયિકમાં પ્રતિબિંબિત કરવા ચિન્તિત રહ્યો છું. આજે ઉંમરની અસર મારી કાર્યક્ષમતા ઉપર સ્વાભાવિક રીતે પડી રહી છે , એમ છતાં, સંવેદનશીલતા હજુ ઠીક પ્રમાણમાં ટકી રહી લાગે છે. ઓ છે ત્યાં સુધી 'પ્રબુદ્ધ જીવન' ની સેવા અને ઉપાસના કરતા રહેવાની હું આશા સેવું છું.

'પ્રબુદ્ધ જીવન' પાછળ શકિતનો સમગ્ર યોગ લગાડવા છતાં તેની ત્રૂટિઓ વિષે હું પૂરો સભાન છું. મારી પોતાની મર્યાદાઓના કારણે દેશ અને દુનિયાને લગતી એવી અનેક મહત્ત્વની બાબતો છે કે જે અંગે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા કશું માર્ગદર્શન આપી શકાતું નથી. આ ઊણપો દૂર કરવામાં મદદરૂપ થવા 'પ્રબુદ્ધ જીવન'ના ચાહક મિત્રોને મારું ભાવભર્યું નિમંત્રણ છે. છેવટે તા. ૧-૫-૬૮ના પ્રગટ થયેલ આ જ વિષયને લગતી નોંધમાંની છેલ્લી પંકિતઓ અહિ ઉધ્ધૃત કરીને આ નિવેદન પૂરું કરું છું.

"આદર્શપરાયણ પત્રકારત્વ માટે જરૂરી છે વ્યાપક અને વિપુલ જાણકારી, સારાસાર વિવેક અને ઊંડી સંવેદનશીલતા. એટલી જ જરૂરી છે નિર્ભયતા, સત્યાભિમુખતા અને સંયમપૂર્ણ અભિવ્યકિત. મારા પત્રકારત્વમાં આ તત્ત્વો જેટલા પ્રમાણમાં હું સાકાર કરી શકું તેટલી મારી સફળતા; બાકી બધો વાણીવિલાસ. આ તત્ત્વોની સિદ્ધિ માટે આવશ્યક તાકાત અને ચેતના–જાગૃતિ વિશ્વવ્યાપી અનન્ત ચૈતન્યના સ્રોતમાંથી મને મળતી રહે એ જ ઊંડા અન્તરની પ્રાર્થના!"

પરમાનંદ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩.
મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧૬, ૧૯૬૯, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ગાંધીજી અને આપણા આજના રાષ્ટ્રીય પ્રશ્નો

[શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત વસંત વ્યાખ્યાનમાળાનું ઉદઘાટન તા. ૮-૪-૬૯ ને દિને ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણે કર્યું હતું અને તે પ્રસંગે **"ગાંધીજી અને આપણા આજના રાષ્ટ્રીય પ્રશ્નો"** ઉપર તેમણે મુદ્દાસર, ધીરગંભીર અને ચિંતનશીલ પ્રવચન કર્યું હતું. શ્રી શ્રીમન્નારાયજી પૂ. બાપુના સાન્નિધ્યમાં વર્ષો સુધી રહ્યા છે, ગાંધીવાદી અર્થશાસ્ત્રી તરીકે પ્રખ્યાત છે ને આયોજન પંચના સભ્ય તરીકે પણ તેમને બહોળો અનુભવ પ્રાપ્ત છે. આપણો સંઘ વસંત વ્યાખ્યાનમાળાનું પ્રથમવાર આયોજન કરે ને તેમાં શ્રી શ્રીમન્નારાયણજી જેવા પીઢ અભ્યાસી "ગાંધીજી અને આજના રાષ્ટ્રીય પ્રશ્નો" ઉપર પ્રવચન કરે એ બાબત આપણ સૌ માટે ગૌરવ ને આનંદની લેખાવી જોઇએ.

પરમાનંદ]

મને હરહંમેશ એમ લાગ્યું છે કે મહાત્મા ગાંધી એક ઉત્તમ પંક્તિના વ્યવહારુ આદર્શવાદી હતા. દેશ સમક્ષના ઘણા સામાજિક ને રાષ્ટ્રીય પ્રશ્નો વ્યવહારુ માર્ગે ઉકેલવા તે મથતા ને જીવનના કાયમી મૂલ્યોને તે હંમેશાં દઢતાથી વળગી રહેતા. તેમના વિચારો ગગનવિહારી કે હવાઇ ને નર્યા આદર્શભર્યા નહોતા. તેમના વિચારો ધરતી સાથે જડાયેલા રહેતા. સત્ય-શોધનના સતત પ્રયાસોમાં ગાંધીજીએ ઘણા યે પ્રશ્નો હલ કર્યા ને તે પણ વાસ્તવિકતાની ભૂમિ પર. મને લવલેશ શંકા નથી કે તેમના જીવન દરમિયાન તેમણે જે ઉપાયો ને ઉકેલો સૂચવ્યા છે તે આજે પણ તેટલા જ ખરા છે, તેટલા જ આવકાર્ય છે. જેઓ ગાંધીજીના વિચારોને જૂનવાણી લેખાવે છે કે ગઇ કાલની ગુજરી તરીકે ઘટાવે છે તેમને, મારા મત પ્રમાણે આજની દેશની પરિસ્થિતિની નક્કર વાસ્તવિકતાનું ભાન નથી. ગાંધીજીએ આપણી સમક્ષ જે પાયાના આદર્શો રજૂ કર્યા છે તે જો આપણે ભૂલી જઇશું તો તેમાં દેશનું અકલ્યાણ જ થવાનું છે એમ મને લાગે છે.

આપણા દેશ જેવા વિકાસ પામતા દેશોમાં બેકારી, ને અર્ધબેકારી જેવા પ્રશ્નો ઊભા થાય છે ને ગાંધીજી આ બાબતમાં સતત ચિંતા રાખતા. સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક વિકાસ માટે પણ આજીવિકા મેળવવા માટે ઉત્પાદક કાર્ય કરવું જોઇએ એમ ગાંધીજી મક્કમ રીતે માનતા. કામ વિનાનો માણસ શારીરિક રીતે, માનસિક રીતે અને નૈતિક રીતે પણ નીચે ઊતરતો જાય છે. આથી, દરેક સશક્ત માણસને કામ મળી રહેવું જોઇએ–જો તે કામ કરવા માગતો હોય તો. માટે જ સશક્ત વ્યક્તિઓ માટે બધી જાતની ઉત્પાદક પ્રવૃત્તિઓ પૂરી પાડવી જોઇએ એ બાબત ભારે મહત્ત્વની બની રહે છે. આ જ સિદ્ધાંત એક અગત્યના Directive Principle તરીકે આપણા રાજ્ય-બંધારણમાં પણ અંકિત થયો છે. ત્રણ ત્રણ પંચવર્ષીય યોજનાઓ છતાં બેકારીનો પ્રશ્ન સંતોષકારક નિરાકરણને તબક્કે પહોંચ્યો નથી એ ભારે દુ:ખદ પરિસ્થિતિ છે. હકીકતે તો યોજના–દર–યોજનાએ તે પ્રશ્ન વધુ વિકટ ને જટિલ બનતો રહ્યો છે. આયોજન પંચની છેલ્લી ગણતરીઓ મુજબ ચોથી પંચવર્ષીય યોજનાને અંતે બેકારોની સંખ્યા લગભગ ૧૧૦ કરોડની થવા જશે. ગ્રામ્ય વિસ્તારોમાં જે અર્ધબેકારીની પરિસ્થિતિ પ્રવર્તે છે ને લોકો પીડાય છે તે ઉપરની સંખ્યા ઉપરાંતની ગણવી જોઇએ. આ બધી વ્યક્તિઓને ઉત્પાદક કાર્યોમાં જોતરવા અથાગ પ્રયાસો કરવા જોઇએ. છતાં હકીકતે તો નાના ઉદ્યોગો, ગ્રામોદ્યોગો ને ગૃહઉદ્યોગોનો દેશભરમાં વિકાસ કર્યા સિવાય આ બધાને કામ આપવાનું અશક્ય બની રહેશે.

કેટલાક આગળ વધેલા દેશોમાં બેકારોનું રજિસ્ટર રાખવામાં આવે છે ને તેમને નાણાકીય મદદ (Doles) સરકાર તરફથી આપવામાં આવે છે. આપણા દેશમાં પણ આવું થવું જોઇએ એમ કેટલાકનું માનવું છે. આ માન્યતા પોકળ છે ને ભ્રામક છે, કારણ કે વિકસિત દેશોમાં જે શક્ય હોય તે અવિકસિત દેશો માટે શક્ય નથી. તેમને તો કામ જ આપવું રહ્યું. જરા વિચાર તો કરો કે ચોથી પંચવર્ષીય યોજનાને અંતે ૧ ૫/૨ કરોડ લોકો બેકાર રહેશે એમ મેં જે કહ્યું, તે દરેકને રોજનો એક રૂપિયો પણ આપવાનો હોય તો દર વર્ષે આપણે રૂા. ૫૫૦ કરોડ ખર્ચવાના રહ્યા. આનો અર્થ એ કે યોજના પૂરતી રૂા. ૨૭૫૦ કરોડની જોગવાઇ આપણે કરવાની રહી. આપણા દેશ માટે આવી પોકળ યોજનાઓ વિચારાશે તો દેશ આર્થિક નાદારી ને નાશને માર્ગે જ આગળ વધશે. એ દીવા જેવું સ્પષ્ટ છે કે 'ડોલ' આપવા કરતાં ઉત્પાદક રોજી આપવી એ કોઇ પણ કાળે બહેતર છે, અને આપણા ગામડાંઓમાં ગ્રામોદ્યોગો ને ગૃહોદ્યોગો, જે વર્ષોથી ચાલે છે, તે જ આ પ્રશ્ન હલ કરવાનો અસરકારક માર્ગ છે. અલબત્ત, એ જૂનીપુરાણી રીતે ન ચાલવો જોઇએ. તેમાં આધુનિકતા લાવવી જોઇએ ને યાંત્રિક ફેરફારો કરવા જોઇએ. મેં કેન્દ્ર સરકારને સૂચન કર્યું છે કે બીજું કાંઇ ન બને તો જેઓ કામ માગે છે તેમને બે ત્રાકનો અંબર ચરખો આપવો જોઇએ. આની કિંમત લગભગ રૂા. ૧૫૦ છે. તે મારફતે રૂા. ૧૫ની રોજની રોજી કોઇ પણ વ્યકિત કમાઇ શકે છે. હા, એ ખરું કે આ બધું સૂતર કોઇ જાહેર સંસ્થાએ ખરીદવું જોઇએ, અને આ સૂતરમાંથી બનેલું કાપડ સરકારે ને લોકોએ વાપરવું જોઇએ. તાકીદની પરિસ્થિતિ ગણી રાષ્ટ્રીય આંદોલન તરીકે બેકારીના પ્રશ્નને ઉપાડી લેવામાં આવે તો પ્રજા સાથ આપશે જ એમ મારી ખાતરી છે. આવી યોજના પાછળનો હેતુ દેશના કમનસીબ દેશવાસીઓને મદદ કરવાનો છે તે લોકોને હૈયે વસવું જોઇએ. હમણાં જ્યારે મેં જાણ્યું કે કેન્દ્ર ને રાજ્યોની સરકારોએ ખાદી–ખરીદી ઓછી કરી છે, ને તેથી ૪ લાખ જેટલા કાંતનારાઓ ને વણકરોની રોજી ગઇ છે, ત્યારે મને ઊંડો આઘાત થયો. વિનાવિલંબે આ પરિસ્થિતિ નિવારવી જોઇએ. જે આયોજિત આર્થિક વિકાસના બે દાયકા પછી પણ જેમને રોજી જોઇતી હોય તેમને તેવી તક

આપવામાં આપણે અસમર્થ નીવડીએ, તો પ્રજાનો લોકશાહીમાંથી ને સમાજવાદમાંથી વિશ્વાસ ડગમગી જશે.

આજનો બીજો પ્રશ્ન છે : હિંસા, લૂંટ અને તારાજીનું વાતાવરણ. ગાંધીજીએ ભારપૂર્વક શીખવ્યું હતું કે ઉચ્ચ આદર્શોની સિદ્ધિ અર્થે શુદ્ધ સાધનોનો આગ્રાય લેવાવો જોઈએ. મહાત્માજીએ કહ્યું હતું કે અશુદ્ધ સાધનો વડે શુદ્ધ હેતુઓ સિદ્ધ થઈ શકતા નથી. આવા સાચા સાધનોથી આપણે પૂ. ગાંધીજીના નેતૃત્વ નીચે રાજકીય આઝાદી મેળવી. તે પછીના દેશના ભાગલાના ગોઝારા દિવસો દરમિયાન પણ પૂર્વ વિસ્તારોમાં ગાંધીજીએ એકલે હાથે કોમી દ્વેષની આગ બુઝાવી, લોર્ડ માઉન્ટબેટને પૂ. બાપુને જવલંત અંજલિ આપતાં તેમને "દેશના એક માત્ર શાંતિ-ચાહક" – "one man boundry peace foree – તરીકે વર્ણવ્યા હતા. દેશના પશ્ચિમ ભાગમાં ૧૦,૦૦૦ સૈન્ય જે કામ ન કરી શક્યું તે ગાંધીજી ને તેમના ગણ્યાંગાંઠ્યા સેવકોએ કરી બતાવ્યું. બાપુજીએ માર્ગ આપણે રખે ભૂલીએ – 'શુદ્ધ સાધ્ય માટે શુદ્ધ સાધનો અનિવાર્ય છે.' રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કોઈપણ પ્રશ્ન લડાઈ કે હિંસાથી ઉકલી શક્યો નથી. દેશની કટોકટીને હાલને તબક્કે ગાંધીજીની સોનેરી શિખામણ આપણે ભૂલીશું તો પસ્તાવાનો વારો આવવાનો જ છે. હિંસાત્મક આંદોલનો વધુ ને વધુ હિંસાત્મક આગ ફેલાવશે અને દેશમાં અંધાધૂંધી ને વિનાશ સર્જાશે. આનો અર્થ એ નથી કે વિવિધ ક્ષેત્રોમાં આપણે અન્યાય સહી લેવો. સાચા અર્થમાં સત્યાગ્રહનો આગ્રાય આપણા લોકશાહી ને આઝાદ દેશનાં બંધારણ મુજબ ગમે ત્યારે લઈ શકાય. પણ આ અહિંસાના નાજુક શસ્ત્રને સસ્તું ને હાસ્યાસ્પદ તો ન જ બનાવવું જોઈએ. ગાંધીજીના જીવનમાંથી દેશના યુવાનોએ ઘણું બધું શીખવાનું છે. નહીં તો તેમને કારણે દેશની મહામૂલી આઝાદી જોખમમાં મુકાશે.

આજના રાષ્ટ્રીય પ્રશ્નોમાંના શિક્ષણ અંગે હું કાંઈક કહીશ. હાલની શિક્ષણપદ્ધતિ ઉગતી પેઢીની શક્તિઓને રચનાત્મક માર્ગે વાળવામાં તદ્દન નિષ્ફળ નીવડી છે. ત્રણ દાયકા પહેલાં ગાંધીજીએ દેશ સમક્ષ પાયાના શિક્ષણની પદ્ધતિ રજૂ કરી હતી, જેમાં કામનું મહત્ત્વ મુખ્ય હતું. કમનસીબી તો એ છે કે સરકારે તથા શિક્ષણકારોએ તેનો યોગ્ય રીતે પ્રયોગ પણ કર્યો નથી. પરિણામ શું આવ્યું છે ? વિદ્યાર્થીઓ વિવિધ હિંસાત્મક આંદોલનોથી જાનમાલ–મિલકતનો નાશ કરવાની પ્રવૃત્તિમાં પડ્યા છે. આનું એક કારણ એ છે કે તેઓ નિરાશ થયા છે અને તેમની સમક્ષ બેકારીનો હાઉ ખડો છે. આપણી ઉગતી પેઢી માટે ઉચ્ચ ધોરણના શિક્ષણ સાથે ઉત્પાદક પ્રવૃત્તિનો સમન્વય કરવાની જરૂર છે. પાયાના શિક્ષણ અંગેના ગાંધીજીના વિચારોને ભલે કેટલાક હસી કાઢે કે 'ખ્યાલી' ગણે. મારી દૃષ્ટિએ તે અપનાવવાની ખૂબ જરૂર ઊભી થઈ છે.

દેશમાં આજે વિશ્વાસની કટોકટી–crisis of confidence–દેખાય છે. લોકોએ નેતાઓમાં તો વિશ્વાસ ગુમાવ્યો છે જ. તેમના પોતાનામાંથી પણ વિશ્વાસ ગુમાવ્યો છે. હરહંમેશ આપણે બીજાની ટીકા કરવામાં ઓતપ્રોત થઈએ છીએ અને હતાશાનું વાતાવરણ સર્જીએ છીએ. આવા અંધારામાં, આવી ઘોર નિરાશામાં, ગાંધીજીએ આપણને કહ્યું હતું કે આપણે આત્મસંશોધન–આત્મપરીક્ષા કરવી જોઈએ. ૧૯૪૬માં જ્યારે ગાંધીજીને કેટલાક શિક્ષકો નૌઆખલીમાં મળ્યા ત્યારે તેમણે સૂચક રીતે જણાવ્યું હતું કે "જ્યારે તમને મનમાં એમ લાગે કે તમે જ સાચા છો અને બીજા બધા ખોટા છે, ત્યારે તમારે એ નિર્ણય પર આવવું જોઈએ કે બીજા બધા સાચા છે ને તમે જ ખોટા છો." આજે દેશ સમક્ષ અનેક મુશીબતો ખડી છે, અનેક પ્રશ્નો વણઉકેલ્યા પડ્યા છે, ત્યારે રાષ્ટ્રપિતાના આ સોનેરી શબ્દો આપણે હૃદયમાં અંકિત કરીએ. સન્માન ને શ્રદ્ધાથી જો આપણે આપણો દીવો સળગાવવાના પ્રયાસો કરીશું તો છેવટે થોડુંક અજવાળું તો દેખાશે જ. થોડી વધુ મીણબત્તીઓ પ્રગટાવો ને વળી થોડો વધુ પ્રકાશ મળશે, ને આપણે જીવનપથ પર આગળ વધી શકીશું.

અનુવાદક: શ્રી કાન્તિલાલ બરોડિયા

મૂળ અંગ્રેજી: શ્રીમન્ નારાયણ

રાષ્ટ્રપતિની ચિરવિદાય

[તા. ૩ મે શનિવાર સવારના ૧૧-૨૦ મિનિટે ન્યુ દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેનનું ૭૨ વર્ષ ઉમ્મરે એકાએક અવસાન થતાં આખા દેશે દુઃખ અને વ્યથાનો એક સખ્ત આંચકો અનુભવ્યો છે. શ્રી. ચક્રવર્તી રાજગોપાલાચાર્ય, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ડૉ. રાધાકૃષ્ણન્-એ મુજબ શરૂ થયેલી પરંપરાના એટલા જ ઉજ્જવલ અનુગામી ડૉ. ઝાકીર હુસેનને ગુમાવતાં દેશને એક ભવ્ય દેશભક્ત અને આદર્શ મુસ્લીમની ખોટ પડી છે. તેમના વિષે આજ સુધી ઘણું લખાયું છે તેમાં વિશેષ ઉમેરો ન કરતાં ડૉ. ઝાકિર હુસેનનું સમગ્ર વ્યકિતત્વ કેવા ઉચ્ચ આદર્શ ઉપર ઘડાયલું હતું અને કેવી ઉત્તરોત્તર વિશિષ્ટ ઘટનાઓથી સભર હતું તેનો ખ્યાલ આવે તે હેતુથી તા. ૪-૫-૬૯ ના જન્મ-ભૂમિ પ્રવાસીમાં પ્રગટ થયેલ તેમના જીવનની ઝરમર અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ**]

મે માસની ત્રીજી તારીખે રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેનનું સાવ આણધાર્યું અવસાન નિપજતાં રાષ્ટ્રના રાજકીય તખતા ઉપરથી એક વિલક્ષણ રાજપુરુષની હસ્તી હંમેશને માટે લુપ્ત થઈ છે. રાષ્ટ્રપતિની ચિરવિદાયથી રાષ્ટ્રે એક સ્વાર્પણની ભાવનાવાળો અને ગાંધીભાવનાથી બાહ્યાભ્યંતર રંગાયેલો શિક્ષણશાસ્ત્રી ખોયો છે અને એક માનવતા-વાદી માનવી ખોયો છે. ડૉ. ઝાકીરહુસેન રાષ્ટ્રપતિપદે ડૉ. રાધાકૃષ્ણન જેવા જગવિખ્યાત, અત્યંત પ્રભાવશાળી પંડિત, વિચક્ષણ રાજપુરુષ મેધાવી વિચારક અને તત્ત્વચિંતક, તથા મુત્સદ્દી અને મહાન વકતાના અનુગામી તરીકે આરૂઢ થયા એ હકીકત સહેજે સર્વત્ર પુરોગામી અને અનુગામી વચ્ચે તુલનાભાવ પ્રેરે. અને એમ છતાં ડૉ. ઝાકીરહુસેન રાષ્ટ્રપતિ તરીકે કોઈની પણ દૃષ્ટિમાં જરા યે ઊણા નથી ઊતર્યા એટલું જ નહિ પણ સર્વજનપ્રિય અને લોકાદરને પાત્ર નીવડ્યા છે.

વ્યકિતમાત્રના જીવનમાં નિદાન એક ક્ષણ એવી આવે જ છે, જ્યારે એણે ભાવિ કારકીર્દી જેવા મહત્ત્વના પ્રશ્ન પરત્વે આ પાર કે પેલે પાર એવો અંતિમ નિર્ણય લેવો પડે છે. ડૉ. ઝાકીરહુસેન આ બાબતમાં અપવાદરૂપ નહોતા.

૧૯૨૦ની એ સાલ

સન ૧૯૨૦ ની સાલ હતી. હાલ જે અલીગઢ યુનિવર્સિટી તરીકે જાણીતી છે તે, તે કાળે મહમેડન એંગ્લો ઓરિયેન્ટલ કૉલેજ તરીકે ઓળખાતી. એનું સંચાલન બ્રિટિશ સામ્રાજ્યને વફાદાર અને રાષ્ટ્રના સ્વાતંત્ર્ય આન્દોલનના વિરોધી એવાં તત્ત્વો દ્વારા થતું. ૧૯૨૦માં ૧૨ મી ઑકટોબરે ગાંધીજીએ એ કૉલેજની મુલાકાત લીધી. સાથે અલીબંધુઓ પણ હતા. સ્વાતંત્ર્ય જંગના ઘણા મુસ્લિમ નેતાઓમાં અલીભાઈઓ ઘણા સમય પૂર્વેથી અગ્રેસર હતા. ગાંધીજીએ એ સંસ્થામાં જઈને ભાષણ કરતાં બ્રિટિશ સરકારના અંકુશ હેઠળની તમામ શિક્ષણસંસ્થાઓનો બહિષ્કાર કરવાની હાકલ કરી. આ હાકલને ઝીલી લઈ તદનુસાર વર્તન કરનાર જે થોડાક વિદ્યાર્થીઓ તે કાળે નીકળ્યા, તેમાંના એક ડૉ. ઝાકીરહુસેન હતા. થોડાક શિક્ષકોએ પણ એ સંસ્થાને તિલાંજલિ આપી દીધી. શિક્ષકોના સાથમાં ડૉ. ઝાકીર-હુસેને ગાંધીજી પાસે જઈ જામિયા મિલિયા ઈસ્લામિયા રાષ્ટ્રીય વિદ્યા-પીઠની સ્થાપના કરવાની વિજ્ઞપ્તિ કરી અને તે પ્રમાણે એ સંસ્થા હસ્તીમાં આવી. ડૉ. ઝાકીરની દેશભકિતનો આ પ્રથમ આવિષ્કાર હતો.

અફઘાન વંશજો

ડૉ. ઝાકીરના દેહમાં અફઘાન વંશજોનું રુધિર વહેતું હતું. પોતાની આગલી સાત પેઢી સુધીના પૂર્વજોએ શસ્ત્રો વાપરી જાણ્યાં હતાં, જો કે ડૉ. ઝાકીરના પિતા કાયદાનો અભ્યાસ કરી હૈદરાબાદ જઈ વસ્યા અને સફળ ધારાશાસ્ત્રી તરીકે નામ કાઢ્યું.

હૈદરાબાદમાં જન્મ

ડૉ. ઝાકીરહુસેનનો જન્મ હૈદરાબાદમાં ૧૮૯૭ ના ફેબ્રુઆરીની તા. ૮ મીએ થયો હતો. તેમણે પ્રારંભિક શિક્ષણ ઘેર એક જ અંગ્રેજ

શિક્ષકની પાસે મેળવ્યું હતું. હજી પૂરાં નવ વર્ષ પણ થયા નહોતાં ત્યાં પિતાનું અવસાન થયું. હુસેન પરિવારે તે પછી ૧૯૦૭ માં સ્થળાંતર કરીને ઉત્તર પ્રદેશમાં ઈટાવા ખાતે કાયમી મુકામ કર્યો... દસ વર્ષની વયે ઝાકિરહુસેન પોતાના ત્રણ ભાઈઓ સાથે ત્યાંની એક શાળામાં દાખલ થયા.

ડૉ. ઝાકીરહુસેનની વિદ્યાર્થી તરીકેની કારકીર્દી અત્યંત તેજસ્વી હતી. વિદ્યાભ્યાસ ઉપરાંત વાદસભાની તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ઉત્કટ રસ લેતા.

ડૉ. ઝાકીરહુસેન અલીગઢ વિદ્યાપીઠના સ્નાતક હતા. વધુ અભ્યાસ અર્થે તેઓ જર્મની ગયા હતા અને ત્યાં જઈ બર્લિન વિદ્યાપીઠની પી. એચ. ડી. ની ઉપાધિ મેળવી હતી.

ગાંધીજીનો પ્રભાવ

ડૉ. ઝાકીર હુસેને ગાંધીજીથી પ્રભાવિત થઈને વીરતાપૂર્વક અને દઢતાપૂર્વક રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય અન્દોલનમાં ઝુકાવવાનો સંકલ્પ કર્યો ત્યારે તેમના મિત્રોને વિસ્મય થયેલું. કારણ ડૉ. ઝાકીર ત્યારે પરિણીત હતા. ૧૮ વર્ષની વયે તેમણે લગ્ન કર્યું હતું.

મે, ૧૯૬૭ માં પોતે જ્યારે રાષ્ટ્રપતિપદે ચૂંટાયા ત્યારે ડૉ. ઝાકીર હુસેનને ઓકટોબર, ૧૯૨૦ ના દિવસો યાદ આવી ગયા. એમણે ત્યારે કહ્યું હતું કે, ૪૭ વર્ષ પૂર્વે રાષ્ટ્રીય શિક્ષણના ક્ષેત્રમાં કામ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી એવા જ રાષ્ટ્રે પોતાને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટી કાઢયા છે એ વાતનું મને ગૌરવ છે.

યુરોપમાં વિદ્યાભ્યાસ ઉપરાંત અન્ય અનેક પ્રવૃત્તિઓમાં તેઓ ઓતપ્રોત રહ્યા. સ્કેન્ડીનેવિયન દેશોનો પ્રવાસ કર્યો. પોતાનો ખર્ચ કાઢવા એમણે ગાંધીજી વિષે લેખો લખ્યા. પ્રવચનો લખ્યાં. સુલિપિ (કેલીગ્રાફી) વિષે પોતાનું જ્ઞાન વધાર્યું અને મિરઝાં ગાલિબની કવિતાના પ્રકાશનમાં તેનો ઉપયોગ પણ કર્યો. ચિત્રકલા અને સંગીતનું જ્ઞાન પણ સારું એવું વધાર્યું.

૧૯૨૪માં પોતે જર્મનીમાં હતા ત્યારે ડૉ. ઝાકીરહુસેનને જામિયામિલિયા આર્થિક ભીંસને કારણે બંધ થશે એવી જાણ થઈ. જાણ થતાં વેંત તારથી તેમણે જણાવ્યું કે જામિયામિલિયા બંધ ન કરશો. અમે જીવનભર એને માટે કાર્ય કરીશું. જામિલા મિલિયા બંધ ન થયું. ગાંધીજીના કહેવાથી જામિયામિલિયા અલીગઢથી દિલ્હીમાં લાવવામાં આવ્યું. ડૉ. ઝાકીર હુસેનને તેના ઉપકુલપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ત્યારે તેમની વય માત્ર ૨૭ વર્ષની હતી. તેમણે એવો નિર્ણય કર્યો કે જ્યાં સુધી ભારત ઉપર અંગ્રેજોનું શાસન હોય ત્યાં સુધી મહિને રૂા. ૧૦૦ થી વધુ વેતન ન લેવું. તેમણે એ નિર્ણયનું પાલન કર્યું. ઉપકુલપતિ ઉપરાંત પોતાના અંગત મંત્રી અને કોષાધ્યક્ષની કામગીરી પણ પોતે જ સંભાળી લીધી. જામિયા મિલિયાને સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત કરવા ડૉ. ઝાકીરહુસેને કરેલો પુરુષાર્થ અનન્ય અસાધારણ કહેવાય.

બાગાયતનો શોખ

ડૉ. ઝાકીરહુસેનને પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને બાગાયતનો શોખ હતો. પ્રાચીન કાળના પાષણો એકત્ર કરવાનો પણ તેમનો શોખ હતો.

સહુથી વિશેષ શોખ તેમને વાંચવાનો અને લખવાનો હતો. લેખક તરીકે ડૉ. ઝાકીરે બાળકો માટે અનેક પુસ્તકો લખ્યાં છે. પ્લેટોના "રિપબ્લિક" તથા "ઍજ્યુકેશનલ રિકન્સ્ટ્રકશન ઈન ઈન્ડિયા" તથા "એસેસમેન્ટ ઓફ ઈકોનોમિક્સ" એ પુસ્તકોને તેમણે ઉર્દૂમાં ઉતાર્યાં છે.

બુનિયાદી શિક્ષણનો સિદ્ધાંત

૧૯૩૭ માં દેશને પ્રાંતીય સ્વરાજ્ય પ્રાપ્ત થયું ત્યારે ગાંધીજીએ નવી સરકારને બુનિયાદી શિક્ષણનો સિદ્ધાન્ત અપનાવવાનો આગ્રહ કર્યો હતો. ગાંધીજીએ બુનિયાદી શિક્ષણની રાષ્ટ્રીય સમિતિનું અધ્યક્ષ પદ ડૉ. ઝાકીર હુસેનને સોંપ્યું. એમણે બુનિયાદી શિક્ષણનું જે સમતુલપણે અર્થઘટન કર્યું તે એવું સચોટ હતું કે બુનિયાદી શિક્ષણના કટ્ટર વિરોધીઓ પણ ઢીલા પડી ગયા.

૧૯૪૬ માં જામિયા મિલિયાની રજતજયંતી ઊજવાઈ. એ પ્રસંગ જેમ ડૉ. ઝાકીરહુસેન માટે ગૌરવભર્યો હતો તેમ વિષાદ જન્માવનારો પણ હતો, કારણ કે ત્યારે દેશમાં કોમી તંગદિલીથી હવા ભારે બની ગઈ હતી. વાતાવરણમાં આગ હતી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જામિયા મિલિયાના ઘણાખરા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ પાકિસ્તાન ચાલી ગયા હતા. કેટલાકોએ તેમને જામિયામિલિયાનું વિસર્જન કરવાનું સૂચવ્યું. પરન્તુ ૧૯૪૮ માં ડૉ. ઝાકીરહુસેને ફરી ઉપકુલપતિપદ સંભાળી તેને નવેસરથી દોરવણી આપવાની જવાબદારી ઉઠાવી.

૧૯૫૨ માં તેમને રાજ્યસભાની વિવિધક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓ માટેની અનામત બેઠક પર નિયુક્ત કરવામાં આવ્યા.

૧૯૫૭માં તેમને બિહારના રાજ્યપાલપદે નિયુક્ત કરવામાં આવેલા.

૧૯૬૨માં તેઓ ભારતના ઉપરાષ્ટ્રપતિ બન્યા. એ પદે તેમની વરણી પંડિત નહેરુએ કરી હતી. ઉપરાષ્ટ્રપતિ હોવાને કારણે તેઓ રાજ્યસભાના અધ્યક્ષ હતા. ૧૯૬૬ ના મેમાં રાષ્ટ્રપતિની ચૂંટણી થઈ ત્યારે દેશની રાજકીય પરિસ્થિતિ અત્યંત વિચિત્ર અને અભૂતપૂર્વ હતી. કૉંગ્રેસનો પ્રભાવ ઓસરવા માંડયો હતો અને રાષ્ટ્રપતિની ચૂંટણી પણ ઘણી રસાકસીભરી પુરવાર થઈ. તેઓ રાષ્ટ્રપતિપદે ચૂંટાઈ આવ્યા.

આ સર્વોચ્ચ હોદા પર રહીને એમણે જે કામગીરી બજાવી તે ખરેખર અત્યંત યશસ્વી હતી. તેઓ અનન્ય-સાધારણ નિષ્ઠાવાન પુરવાર થયા. તેઓ સમાધાનપ્રિય હતા, નેકદિલ હતા, પ્રામાણિક હતા.

હવે એમણે ચિરવિદાય લીધી. એમના વ્યક્તિત્વની અને એમનાં કાર્યોની સુવાસ ચિરકાળ સુધી રાષ્ટ્રવ્યાપી રહેશે અને સહુ કોઈને પ્રેરણાદાયી નીવડશે. ઈશ્વર એમના આત્માને શાશ્વત શાંતિ બક્ષો !

સાભાર-સ્વીકાર

ગાંધી શતાબ્દી કે ઉપલક્ષ્ય મેં : આણુવ્રત: માર્ચ-મે તથા એપ્રિલનો વિશેષ અંક સંપાદક શ્રી. રિષભદાસ રાંકા; પ્રકાશક આ. ભા. આણુવ્રત સમિતિ, છત્તરપુર રોડ, મહારોલી, નવી દિલ્હી - ૩૦.

મને કે ઉસ પાર: પ્રવચન સંગ્રહ. લેખિકા: શ્રી વિમલાબહેન ઠકાર, પ્રકાશક: ધી ન્યુ ઑર્ડર બુક કંપની, એલિસ બ્રિજ, અમદાવાદ.

જીવન સંગીત: લેખત: શ્રી. હરીશ વ્યાસ, ઠેકાણું: ૧૦૨/ચી, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ - ૯.

ચૂંટણીનો ચકરાવો: લેખક: સંપાદક શ્રી મોહનલાલ મહેતા (સોપાન) ઠે. સુકાની કાર્યાલય, ૯૪, ભગતસિંહ રોડ, (મિન્ટ રોડ,), મુંબઈ-૧, કિંમત રૂા. ૧-૫૦.

તેતલી પુત્ર : પ્રવચનકાર : શ્રી લીલાવંતીબાઈ મહાસતી. પ્રાપ્તિસ્થાન : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, ૧૭૦, કાંદાવાડી, મુંબઈ - ૪. કીંમત રૂ. ૩-૦૦.

રાતે વાત : લેખક શ્રી હીરાલાલ ફોફલિયા; પ્રકાશક: નવ ભારત સાહિત્ય મંદિર, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૨. કિંમત રૂ.૫-૦૦.

જૈન જર્નલ : મહાવીર જયંતી સ્પેશિયલ ત્રિમાસિક એપ્રિલ ૧૯૬૯નો અંક; તંત્રી શ્રી ગણેશ લાલવાણી; પ્રકાશક : જૈન ભવન, પી. ૨૫, કલાકાર સ્ટ્રીટ, કલકત્તા - ૭.

Britain 1969 : An Official Handbook પ્રકાશન : બ્રિટિશ ઈન્ફરમેશન સર્વિસિઝ, ઠે. મરકન્ટાઈલ બૅંક, મહાત્મા ગાંધી રોડ, મુંબઈ -૧.

જ્ઞાતિદર્શન : શ્રી કચ્છી વીશા ઓસવાળ જ્ઞાતિનું; પ્રકાશક: શ્રી કચ્છી વીશા ઓસવાળ જ્ઞાતિ ગણતરી સમિતિ; કિંમત રૂ. ૬-૦૦.

હકીકત-શુદ્ધિ

તા. ૧૬-૪-૬૯ ના પ્રબુદ્ધ જીવનમાં મોરારજીભાઈ – વિરોધી ચંદ્ર શેખર અંગે જે રોમ જણાવવામાં આવ્યું છે કે તેઓ ૧૯૬૭માં કૉંગ્રેસ પક્ષ તરફથી લોકસભા – સંસદમાં ચૂંટાઈ આવ્યા છે તે બરોબર નથી. તેઓ સંસદના નહિ પણ કૉંગ્રેસ પક્ષની ભલામણ ઉપર નિમાયેલા રાજ્ય સભાના સભ્ય છે. તંત્રી: **પ્રબુદ્ધજીવન**

क्या शास्त्रों को चुनौती दी जा सकती है?: शुं शास्त्रोने पडकार आपी शकाय छे?

(श्री सन्मति, ज्ञान पीठ, आग्रा- तरफथी प्रगट थता 'अमर भारती'ना फेब्रुआरी मासना अंकमां, तत्ववेत्ता उपाध्याय श्री अमर मुनिओ आग्रा खातेना तेमना निवास दरमियान चालु वर्षना जान्युआरी मासनी पहेली तारीखे आपेल प्रवचन उपरथी संकलित करवामां आवेल लेख उपर जणावेल मथाळा नीचे प्रगट करवामां आव्यो छे. ते लेख घणो लांबो होईने तेमांथी उपयोगी अने सविशेष प्रस्तुत भाग तारवीने तेनो श्री मेनाबहेन नरोत्तमदासे करी आपेल अनुवाद नीचे प्रगट करतां बहु आनंद थाय छे.

ज्यारे आधुनिक विज्ञानद्वारा थती नवी शोधो परंपरागत धार्मिक मान्यतानो विरोध करे त्यारे कोनो स्वीकार करवो अने कोनो विरोध करवो ए मुंझवण धर्मश्रद्धा धरावतो कोई पण सामान्य मानवी अनुभवे छे. आ बाबतमां श्री अमर मुनिओ असाधारण निडरता दाखवीने नीचेना लेखमां योग्य मार्गदर्शन कराव्युं छे अने एक चोक्कस विवेकरेखानुं निरुपण कर्युं छे. धर्म अने विज्ञानने लगतो प्रश्न आजे चोतरफ खूब चर्चाय छे. आवी परिस्थितिमां श्री अमर मुनिनुं प्रस्तुत विवेचन आने लगती चर्चा-विचारणामां जरूर उपयोगी थशे एवी आशा राखुं छुं. परमानंद)

शुं शास्त्रोने पडकार आपी शकाय छे?

आध्यात्म अने विज्ञान ओ बे मानव जीवनना मोटा प्रश्नो छे. जीवन साथे बंनेनो घनिष्ठ संबंध होवा छतां बंनेनी आजे जूदी भूमिका रचाई गई छे. अध्यात्मने बाह्य क्रियाकांड अने रूढिगत मान्यताओ साथे सांकळी लेवामां आव्युं छे अने विज्ञानने केवळ भौतिक जगत साथे बांधी लेवामां आव्युं छे. बंनेमां एक प्रकारनी वैचारिक प्रतिबद्धता आवी गई छे, तेना कारणे एक विरोधाभास ऊभो थयो छे, एटले के एकबीजाने परस्परना विरोधी मानवामां आवे छे. धार्मिक जन विज्ञानने जूठुं कहे छे अने विज्ञान कहेवाती धार्मिकतानी हांसी उडावे छे.

अॅपोलो – ८ चंद्रलोकनुं परिभ्रमण करीने आवी गयुं छे. त्यां मात्र पहाड अने ऊंडी खाडीओथी पथरायेली वेरान जमीन सिवाय बीजुं कशुं नथी एम ते यानना त्रणे अमेरिकी प्रवासीओए जाहेर कर्युं छे अने ए वातने रशिया जेवा विरोधी राज्यना वैज्ञानिकोए पण स्वीकारी छे. जैन शास्त्रोमां चंद्र स्फटिक रत्नथी बनेलुं एक देवविमान छे, ते मेरुपर्वतनी आसपास प्रदक्षिणा फरे छे अने तेमां अनेक देवदेवीओ वसे छे. त्यारे आमां साचुं शुं? शास्त्रोनां कथन के आ विज्ञानीओए प्रत्यक्ष जोएली हकीकत? धार्मिक गणाती व्यक्तिने थाय छे के शास्त्रो जूठां केम होई शके? ए तो भगवाननी वाणी छे.

विज्ञान अने आध्यात्मनुं क्षेत्र

धार्मिक गणाती व्यक्तिना मनमां आ अकळामण थाय छे. केमके तेनामां रूढिगत विचारो दृढ थई गया छे. बधा ज पुस्तकोने तेणे शास्त्र मान्या होय छे. तेमांथी विश्लेषण करी ते सत्य तारवी शकतो नथी अने सत्य जणाय तो तेने गळे उतरतुं नथी. आ जे चुस्त मान्यता ते ज तेनी अकळामणनुं कारण छे.

एक वात समजी लईए के शास्त्र अने विज्ञान परस्पर विरोधी नथी. बंने विज्ञान छे. एक आत्मानुं विज्ञान तो बीजुं प्रकृतिनुं छे. अध्यात्म विज्ञानमां आत्मानुं शुद्धाशुद्ध स्वरूप, शुभाशुभ परिणति वगेरेनुं विश्लेषण करेलुं होय छे, ज्यारे प्रकृति विज्ञानमां शरीर इंन्द्रिय अने कुदरतना अन्य जड पदार्थोनुं तलस्पर्शी विश्लेषण होय छे.

आम अध्यात्म अने विज्ञान एकबीजाना प्रतिस्पर्धी नथी, पण एकबीजाना पूरक छे. विज्ञान प्रयोग छे, अध्यात्म योग छे. विज्ञान प्रकृतितत्वनी चमत्कारी शक्तिओनुं उद्घाटन करे छे, अध्यात्म ए शक्तिओनो कल्याणकारी उपयोग करवानी दृष्टि आपे छे. तो पछी ए बे वच्चे विरोध केवी रीते संभवी शके?

मानवजीवन केवल आत्ममुखी के केवल बाह्योन्मुखी नथी रही शकतुं. अंतरंग जीवनने आहार, निहार, शरीर वगेरे बाह्य पदार्थोनी अपेक्षा रहे छे. आ दृष्टिए जोईए तो अध्यात्म विज्ञान अने भौतिक विज्ञान बन्ने जीवनना अंगभूत छे.

शास्त्र विरुद्ध ग्रन्थ

भूगोल - खगोल संबंधी धर्मग्रंथोनी केटलीक मान्यताओ आजे असत्य सिद्ध थई रही छे. आ धर्मग्रंथोमां अनेक वर्षोथी चाली आवती मान्यताओमां जेमने श्रद्धा छे तेओ तेने अप्रमाणित मानी शकता नथी अने बीजी बाजुथी प्रत्यक्ष सिद्ध थयेली हकीकतने असत्य कही शकाती नथी. धर्मग्रन्थोमां जेमने दृढ श्रद्धा छे तेओ विज्ञानने प्रतिस्पर्धी माने छे अने नवी दिशाना विचारको धर्मने एक मादक नशो चढावनार वस्तु तरीके अथवा तो पाखंड अने असत्यना प्रतिनिधि तरीके गणे छे.

आम, धर्मग्रन्थ अने विज्ञानमां विरोध देखाय छे. आ बाबतमां बे वस्तु समजवानी जरूर छे, एक तो शास्त्रनी परिभाषा कई छे, तेनुं प्रयोजन शुं छे, अने ते शुं प्रतिपादन करवा मागे छे ते समजवुं अने बीजुं शास्त्रोना नामे चाल्या आवता बधा ज ग्रन्थ, पुराण के अन्य पुस्तकोने अक्षरशः सत्य मानवा के नहि?

ग्रन्थ अने शास्त्रमां भेद छे

शास्त्र ओ एक पवित्र अने व्यापक शब्द छे, ग्रन्थनुं एटलुं महत्व नथी. जो के शब्दकोशमां बंनेने पर्यायवाची शब्द कह्या छे पण व्याकरणनी दृष्टिओ एम मानी नहि शकाय.

शास्त्रोनो संबंध अंतर साथे छे. तेमां सत्यं शिवं सुंदरम् नी साक्षात् अनुभूति छे. शास्त्रो सत्यना साक्षात दर्शन अने आचरणना उपदेष्टा छे. ग्रंथ माटे एम नहि कही शकाय. शास्त्र अने ग्रंथ वच्चेना आ भेदनी जो विवेकदृष्टि आवी जाय तो पछी अध्यात्म अने विज्ञान, धर्म अने विज्ञान के शास्त्र अने विज्ञान वच्चे कोई विरोध नहि जणाय.

धर्मग्रंथो, पछी ते जैन शास्त्र होय के स्मृति पुराण होय, पण आजनो बुद्धिशाळी तेना तरफ उपहासनी नजरे जुओ छे. आनुं कारण ए छे के आपणे शास्त्रनी मूळ मर्यादाओने समजया नथी अने जे कोई संस्कृत प्राचीन ग्रंथ कहेवायो ते बधाने शास्त्र–भगवाननी वाणी–मानी बेठा छीओ.

कहेवाय छे के साउदी अरेबियामां ज्यारे टेलिफोनना तार नंखावा लाग्या त्यारे "आ तो शैतान छे" एम कही धर्मगुरुओए तेनो उग्र विरोध कर्यो. त्यांना बुद्धिमान बादशाहे फेंसलो आप्यो के आ तार उपर कुरानની आयतो बोलवामां आवे. जो आ शैताननुं काम हशे तो बीजी बाजु ते संभळाशे नहि. अने परिणाम जे आववानुं हतुं ते ज आव्युं. आम सत्यनी सामे खोटी मान्यताओ टकी शकती नथी.

धर्मग्रन्थो तरफ बंधाई गयेली आ विवेकहीन दृष्टि भारतमां ज छे एम नथी. समग्र विश्वमां छे, अने एना कारणे कंईक वैज्ञानिको मोतने भेटी चूक्या छे.

ग्रन्थ : संकलना मात्र

ग्रंथ एटले गांठ–गांठ जेम जोडवानुं काम करे छे तेम कोई विचार अहिथी लीधो, कोई तहिथी लीधो अने विचारोनी अने

માન્યતાઓની સંકલના કરી તે ગ્રન્થ. ગ્રન્થમાં મૌલિક ચિન્તનની અપેક્ષા નથી રહેતી. શાસ્ત્રની બાબતમાં એમ નહિ કહી શકાય.

શાસ્ત્ર : સત્યનું સાક્ષાત્ દર્શન

શાસ્ત્ર સંબંધમાં મારી ધારણા એવી છે કે શાસ્ત્ર એ આર્ષવાણી-ઋષિવાણી છે. યાસ્કે કહ્યું છે કે સત્યના સાક્ષાત્ દ્રષ્ટા તે ઋષિ. હરેક સાધક ઋષિ નથી બની શકતો. જે પોતાની સૂક્ષ્મ પ્રજ્ઞા અને તર્કશુદ્ધ જ્ઞાન દ્વારા સત્યની સ્પષ્ટ અનુભૂતિ કરી શકે તે ઋષિ. એટલે કે સ્વાનુભવપૂર્વકનું શિવત્વ-પ્રતિપાદક જે મૌલિક જ્ઞાન તે આર્ષવાણી. આર્ષવાણીનું મુખ્ય પ્રતિપાદન આત્મા ઉપર છવાઈ ગયેલી મલીનતાના નિવારણ, અને આત્માના અનંત જ્ઞાન દર્શન રૂપ સ્વરૂપને વ્યક્ત કરવા સાથે સંબંધ ધરાવે છે.

આચાર્ય શ્રી જિનભદ્રગણીને પૂછવામાં આવ્યું કે શાસ્ત્ર કોને કહેવા? ત્યારે તેમણે કહ્યું "સા સિ જ્જઇ તેણ તહિં વા નેવમાયા-વતો સત્યં" જેના દ્વારા આત્માના સત્ય સ્વરૂપનું જ્ઞાન થાય અને જેનાથી આત્મા ઉપર અનુશાસન કરી શકાય તે શાસ્ત્ર. ભગવાન મહાવીરે ઉદ્‌ઘોષણા કરી છે કે જેના દ્વારા આત્મા જાગૃત થાય, તપ, ક્ષમા અને અહિંસાની સાધના કરવા પ્રવૃત્ત થાય તે શાસ્ત્ર.

આ સંદર્ભમાં ક્ષમાનો અર્થ પણ સમજી લેવો જોઈએ. માત્ર ક્રોધને શાંત કરવો તેનું નામ ક્ષમા નથી, પણ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોનું શમન કરવું તે ક્ષમા. ક્ષમાનો મૂળ અર્થ સમર્થ પણ થાય છે. અર્થાત્ જે કષાયોનું શમન કરવા સમર્થ છે તે ક્ષમાવાન્ છે.

અપૂર્ણ

ઉપાધ્યાય શ્રી અમરમુનિ

આદર્શ અને વાસ્તવિકતા

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં ડૉ. કાન્તિલાલ શાહનો 'લાંબો છતાં ટૂંકામાં ટૂંકો' એ મથાળાનો લેખ અને તે ઉપરની માર્મિક સમાલોચના પ્રગટ થયેલ છે, જ્યારે નીચે આપેલા લખાણમાં શ્રી ચીમનભાઈએ ડૉ. કાન્તિલાલ શાહના લેખના મુખ્ય મુદ્દાનું સમર્થન કર્યું છે. 'વાદે વાદે જાયતે તત્ત્વબોધ:' આમ વિચારીને શ્રી ચીમનભાઈની આ આલોચનાને આવકારું છું અને બહુ આનંદ સાથે નીચે પ્રગટ કરું છું. તે આલોચનાનો જવાબ આપવાની કોઈ જરૂર નથી. બન્ને આલોચનામાં રહેલો તથ્યાંશ વાચક ક્ષીરનીરવિવેક વાપરીને તારવી લેશે એવી આશા છે. પરમાનંદ)

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં ડૉ. કાન્તિલાલ શાહનો એક લેખ- "લાંબો છતાં ટુંકામાં ટૂંકો' એ શિર્ષકનો - છપાયો છે. પરમાનંદભાઈએ એ લેખની તે જ અંકમાં આલોચના કરી છે. આલોચના કરવા જ આ લેખ છાપ્યો છે - ડૉ. કાન્તિલાલ શાહ જેવી ભ્રમણાઓ સેવતા હોય તેમની ભ્રમણાઓનું નિરસન કરવા. આલોચનામાં ડૉ. કાન્તિલાલ શાહના વિચારોની સખ્ત ઝાટકણી કાઢી છે. આ વિચારણા કાલ્પનિક ઈમારત, કેવળ સ્વપ્નવત્, વ્યર્થ વાણીવિલાસ, વિગેરે વિશેષણો પામી છે.

ડૉ. કાન્તિલાલના લેખનો મુદ્દો એ છે કે, અહિંસા - પ્રેમ દ્વારા મનુષ્યના હૃદયપલટાનો ગાંધી - વિનોબાનો માર્ગ, લોકોને બહુ લાંબો, લગભગ અશક્ય લાગે છે, પરંતુ વિચાર કરીએ તો તે માર્ગ ટૂંકામાં ટૂંકો છે - જો તેમાં નિશ્ચલ શ્રદ્ધા હોય અને તેને અમલમાં મૂકવાનો આગ્રહ હોય તો. આ મુદ્દાના સંદર્ભમાં, શસ્ત્રસરંજામ બનાવવા પાછળ દુનિયાના દેશો અબજો ડૉલર, અનર્ગળ ધન ખરચી રહ્યા છે, તેને બદલે, શસ્ત્રસંન્યાસ અથવા અહિંસાનો માર્ગ અપનાવે અને તે ધનનો વ્યય લોકોની ગરીબાઈ ફીટાવવા કરે તો દુનિયામાં શાંતિ સ્થાપવાનો આ ટુંકામાં ટુંકો માર્ગ છે તેમ ડૉ. કાન્તિલાલનું કહેવું છે. તેમણે વિશેષમાં કહ્યું છે કે રાજકારણમાં પડેલાઓને શસ્ત્રસંન્યાસની વાત હાસ્યાસ્પદ લાગશે. વિશેષમાં તેમણે કહ્યું છે કે શસ્ત્રસંન્યાસને પરિણામે ઊભા થતા દરેક પ્રશ્નનો ઉકેલ તેમના ખિસ્સામાં નથી. પરંતુ જે લોકો વિચારક છે તેમની સમક્ષ આ પ્રશ્ન રજૂ કરવાનો મુદ્દો છે.

ડૉ. કાન્તિલાલે કહ્યું તેવું ઘણા વિચારકોએ અથવા આદર્શવાદીઓએ કહ્યું છે. તેમાં કાંઈ નવું નથી. કોઈક દિવસ દુનિયા આ માર્ગે જશે એવાં સ્વપ્નો-ભ્રમણાઓ?-ઘણા સેવે છે. દુનિયાને તે માર્ગે લઈ જવા પ્રયત્નો પણ થાય છે. નિ:શસ્ત્રીકરણ પરિષદો પણ થાય છે. ગાંધીજીએ પણ આવું જ કહ્યું છે. છતાં, પરમાનંદભાઈને આવી ભ્રમણાઓ ભાંગવા, ખાસ આ લેખ છાપી, તેની લંબાણ આલોચના કરવી પડી, તેથી કાંઈક આશ્ચર્ય થાય. તેનું કારણ એમ લાગે છે કે ડૉ. કાન્તિલાલે તેમના લેખમાં એક ભૂલ કરી છે. તેમણે લખ્યું છે કે, "કોઈ બાવો યજ્ઞ કરવા જાય છે તો અમારા ચોખાવાળા સાહેબ, પરમાનંદભાઈ-વગેરે અનેક ઓના પર તૂટી પડે છે. યજ્ઞમા વેડફાતા દ્રવ્યનો કોઈ રીતે બચાવ કરવાનો મારો ઈરાદો નથી; માત્ર એટલું જ બતાવવું છે કે. શસ્ત્ર ઉત્પાદન પાછળ અબજો રૂપિયા ખરચાય છે તેથી કોઈ અંગ્રેજી ભણેલાને આઘાત નથી."

ડૉ. કાન્તિલાલે પરમાનંદભાઈને આવું મહેણું માર્યું એ ભારે ભૂલ કરી. એટલે તેમને જવાબ આપવો પડ્યો:-

લેખક ડૉ. કાન્તિલાલ શાહ પોતાના લેખમાં આક્ષેપ કરે છે કે શ્રી પરમાનંદભાઈનું કે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ચોખાવાલા.નું દીલ લક્કડંડી યજ્ઞ પાછળ કરવામાં આવેલો દ્રવ્યવ્યય જોઈને ખૂબ ઉકળી ઊઠે છે અને તે યજ્ઞ કરનાર ઉપર તૂટી પડે છે, પરંતુ શસ્ત્રસરંજામ પાછળ કરવામાં આવતા અનર્ગળ દ્રવ્યવ્યય અંગે તેમનું રૂંવાડું પણ ફરકતું નથી. આ વિધાન પણ અમારા વિષે તેમણે બાંધેલી અમુક કલ્પના ઉપર આધારિત છે. શસ્ત્રસ્પર્ધા પાછળ થતા દ્રવ્યવ્યય અંગે આજ સુધીમાં પ્રબુદ્ધજીવનમાં કાંઈક લખવાનો સંયોગ ઊભો થયો ન હોય તે ઉપરથી તે અંગે અમારું દિલ જરાપણ ધબકતું નથી એમ માની લેવાનું કશું જ કારણ નથી."

પરમાનંદભાઈએ આટલું જ લખ્યું હોત તો મારે આ "આલોચના" કરવાની ન રહેત. શસ્ત્રસરંજામ પાછળ થતાં અનર્ગળ દ્રવ્યવ્યયથી તેમનું દીલ ખૂબ ધબકે છે એ આશ્વાસનથી મને આનંદ થાત. આવી ખાત્રી આપવાની પણ જરૂર નથી. આપણે જાણીએ જ છીએ કે પરમાનંદભાઈ ઘણા અન્યાયો અને અત્યાચારો પ્રત્યે તીવ્ર સંવેદન અનુભવે છે અને નિડરપણે લખે છે.

પણ પરમાનંદભાઈ ડૉ. કાન્તિલાલના લેખની આલોચના કરવામાં કાંઈક આગળ ગયા છે. પોતે સંવેદન અનુભવે છે એટલેથી અટકયા નથી, પણ ડૉ. કાન્તિલાલની વિચારસરણી ભ્રમણા છે અને તેનું નિરસન કરવાની તેમણે ફરજ માની છે તેથી આ લખવું મને પ્રાપ્ત થાય છે:

શ્રી પરમાનંદભાઈ લખે છે કે:-

"એમાં કોઈ શક નથી કે શસ્ત્રસંન્યાસ જો ખરેખર બધા રાષ્ટ્રો સ્વીકારે તો જરૂર સર્વત્ર શાંતિ અને અભ્યુદયના અભિનવ દર્શન થાય."

"સમુદાયના વિચાર તેમ જ આચારમાં અહિંસાની જડ હજુ બેઠી નથી. આ દિશાએ સમુદાયે - રાષ્ટ્રે પણ - આગળ વધ્યે જ છૂટકો છે. અહિંસાના સામુદાયિક સ્વીકાર સિવાય માનવજાત કદી પણ સ્થાયીપણે સુરક્ષિત બની શકવાની છે જ નહિ."

જે આદર્શથી શાન્તિ અને અભ્યુદયના અભિનવ દર્શન સર્વત્ર થાય અને જે માર્ગે આગળ વધ્યે જ છૂટકો છે અને જેના વિના કદી પણ સ્થાયી સુરક્ષિતતા મળવાની નથી, એ માર્ગ કે આદર્શ માત્ર ભ્રમણા છે, વ્યર્થ વાણીવિલાસ છે, કાલ્પનિક ઈમારત છે એમ કહેવું યોગ્ય ગણાય? પરમાનંદભાઈનો જવાબ એક જ છે કે આ આદર્શ વાસ્તવિક નથી. વાસ્તવિકતાને નામે આદર્શના અમલ પ્રત્યે કેટલી અને ક્યાં સુધી અશ્રદ્ધા સેવવી

એ માનવજાતનો સનાતન પ્રશ્ન છે. શ્રી. પરમાનંદભાઈની ટીકા કરવા મેં આ લખાણ નથી લખ્યું. એવું હું કરું જ નહિ. કેટલુંક રમુજમાં પણ લખ્યું છે પણ તેમની આલોચનામાં જે મહત્ત્વનો પ્રશ્ન રહ્યો છે તે પ્રત્યે ધ્યાન ખેંચવા મેં આ લખ્યું છે. આદર્શને સાચો માનજો, તે જ માર્ગ અનિવાર્ય ગણવો અને છતાં વાસ્તવિક નથી એમ કહી તેના વિષે મૌન સેવવું અથવા ઉપેક્ષા કરવી એ જ આપણી મોટી ઉણપ છે. જેણે આદર્શ સેવ્યા છે તે બધાને શરૂઆતમાં દુનિયાના ડાહ્યા માણસોએ પાગલ કહ્યા છે. માનવ સ્વભાવના જાણકારો આદર્શને અવાસ્તવિક કહે. પ્લેટોએ આદર્શનગર રચ્યું Republic ત્યારે તેના શિષ્ય ઓરિસ્ટોટલે કહ્યું કે, માનવસ્વભાવથી આ વિપરીત છે. ગાંધીએ અહિંસા સામુદાયિક ક્ષેત્રે આચરવા કહ્યું ત્યારે પણ આ જ જવાબ મળે છે. માનવસ્વભાવ શું છે? માનવીમાં સ્વાર્થ છે, લોભ છે, અસત્ય છે, હિંસા છે, પણ તેનામાં જ પરમાર્થ છે, ત્યાગ છે, સત્ય છે, પ્રેમ-કરુણા છે. શું વધારે સાચું છે? દુનિયાના ડાહ્યા માણસો વાસ્તવિકતાને નામે કહેશે કે સ્વાર્થ, લોભ, હિંસા, સત્તાશોખ આ માનવજીવનનો પાયો છે, એને અવગણી આચરણ કરવાવાળા બધું ગુમાવશે અને મૂર્ખ ઠરશે. આ મૂર્ખાઈ નોતરવી એમાં માનવજીવનની ધન્યતા છે કે વાસ્તવિક થઈ, જેવાની સાથે તેવા થવામાં? ગાંધીજી અને લોકમાન્ય ટીળક વચ્ચે આ પાયાનો મતભેદ હતો. ગાંધીજી માનતા કે સાધનશુદ્ધિ એ જ અભ્યુદયનો પાયો છે. લોકમાન્ય ગીતાનું પદ ટાંકતા કે યો યથા માં પ્રપદ્યન્તે, તાન્ તથૈવ ભવામ્યહમ્ લોકમાન્ય તેને Responsive Co-operation કહેતા. ગાંધીજી કહેતા હતા કે જે સાચું છે, શ્રેય છે તે કોઈ પણ ભોગે આચરવું. પરમાનંદભાઈએ કહ્યું છે–અને આ સામાન્ય વિચારણા છે–કે બધા રાષ્ટ્રો શસ્ત્રસંન્યાસ સ્વીકારે તો ભારતે પણ સ્વીકારવો. સાચી વસ્તુના આચરણમાં શરૂઆત કોણ કરશે તે પ્રશ્ન છે. સાચું છે તો પણ બીજા કરે તો હું કરું એમ કહેવું કે બીજા કરે કે ન કરે પણ જે સાચું છે તે જ હું તો આચરીશ? એમ કહેવાય છે કે વ્યકિત આ કરી શકે, સમુદાય કે રાષ્ટ્રથી ન થાય. ગાંધીજીને વ્યકિત અને સમુદાય માટે એક જ ધોરણ હતું. શસ્ત્રસંન્યાસ વિષે જ આ પ્રશ્ન છે એમ નથી. ૧૯૪૨ માં જાપાનના આક્રમણનો ભય હતો ત્યારે આ પ્રશ્ન ખૂબ ચર્ચાયો હતો. કૉંગ્રેસ વર્કીંગ કમિટી ગાંધીજીનો રાહ સ્વીકારી ન શકી. હું આ પ્રશ્ન વ્યાપક દૃષ્ટિએ મૂકું છું. પછી માંસાહાર વિષે હોય, મદ્યપાન વિષે હોય, કે કોઈ પણ અનિષ્ટ આચરણ વિષે હોય. વાસ્તવિકતાને નામે, આદર્શને અવ્યવહારુ કહી, અવગણના અથવા ઉપેક્ષા કરવી તે સાચો માર્ગ નથી. આદર્શનો આગ્રહ અને તેની શ્રદ્ધા જીવંત રહે તેમાં જ શ્રેય છે.

અલબત્ત, આદર્શનું આચરણ અઘરું છે. તે ત્યાગ માગે છે. બધાની એ શકિત નથી હોતી. સમજણો માણસ પોતાની નિર્બળતા સ્વીકારે છે, જાણે છે, તેમાંથી છૂટવા પ્રયત્ન કરે છે અને આગળ વધે છે. પણ વાસ્તવિકતાને નામે આદર્શને ઉતારી પાડશું અને તેનો અમલ શક્ય નથી એમ માની તેને ભૂલી જશું તો પતન છે. આદર્શના અમલમાં મુસીબતો ન હોત તો તે આદર્શ જ ન ગણાત. આદર્શની પૂર્ણસિદ્ધિ શક્ય હોતી જ નથી. પણ જાગ્રત સમાજ અને વ્યકિત તેની શક્ય તેટલી સિદ્ધિ મેળવવામાં સતત પ્રયત્નશીલ રહે છે. શસ્ત્રસરંજામની બાબત. દા. ત. ભારતવર્ષે નિર્ણય કર્યો છે કે આણુબૉમ્બ નહિ બનાવીએ. જનસંઘ, સ્વતંત્ર પક્ષ અને બીજા વાસ્તવદર્શી લોકો ભારતે આણુબૉમ્બ બનાવવો એવો આગ્રહ રાખે છે. ક્યાંક તો અટકવું પડશે? હરિફાઈદોટમાં વિનાશ છે અને મોટા દેશો પણ થાકી જાય. એટલે જ અમેરિકા રશિયાએ Non-Proliferation Treaty કરી. Anti-Ballastic-Missiles (ABM)ના ઉપયોગની મર્યાદા વિચારે છે. વાસ્તવિક દૃષ્ટિએ વિચારી એ તો પણ આ લાંબો દેખાતો માર્ગ ટુંકો છે. કોઈ પણ અનિષ્ટને બને તેટલી મર્યાદા બાંધવી–પૂર્ણ મર્યાદા શક્ય નથી, માટે મૌન સેવવું એ માર્ગ નથી.

સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ।

૧૦-૫-૬૯ ચીમનલાલ ચકુભાઈ શાહ

અદ્યતન લોકશાહીનું વિશદ વિશ્લેષણ

(ત્રીજી માર્ચના 'ઑપીનિયન' માં પ્રગટ કરવામાં આવેલ અંગ્રેજી લેખમાં સૌ. સુજાતાબહેન મનોહરે તાજેતરમાં થયેલી વચગાળાની ચૂંટણીને અનુલક્ષીને લોકશાહીની એક વિશદ આલોચના કરી છે. તેનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

વચગાળાની ચૂંટણીઓ સમાપ્ત થઈ ગઈ છે. પરિણામે કેટલાક રાજકારણી પુરુષો સત્તાસ્થાન ઉપર આરૂઢ થયા છે; કેટલાકે સત્તાસ્થાનો ગુમાવ્યાં છે. આવી આજની પરિસ્થિતિમાં એવો પ્રશ્ન અસ્થાને નહિ લેખાય કે મત આપવાના હકકનો અમલ થવાના પરિણામે શું સિદ્ધ થયું છે? આ હકકનો અમલ કરવા પાછળ થયેલા અનર્ગળ ખર્ચથી શું લાભ થયો છે? સત્તાનો અમલ કરવા માટે સૌથી વધારે યોગ્ય લેખાતા ઉમેદવારો શું ખરેખર ચૂંટાયા છે? શું સારામાં સારા ઉમેદવારોને મત આપવાની મતદારોને આ ચૂંટણીઓ દ્વારા પૂરી તક મળી છે ખરી? જો તેમને આવી તક મળી હતી તો બહુમતીએ શું આ તકનો પૂરો ઉપયોગ કર્યો છે ખરો?

આજે એ તો સ્વત: સિદ્ધ જેવું મનાય છે કે ડેમોકસી–લોકશાહી સૌથી સારામાં સારી રાજ્યપદ્ધતિ છે. જે કોઈ આ સિદ્ધાંતનો પ્રતિકાર કરે છે તે એક પ્રકારનો નાસ્તિક લેખાય છે અને આજે જે શબ્દો વડે તેની સાધારણ રીતે નિંદા કરવામાં આવે છે તે શબ્દો છે 'ફેસીસ્ટ' અથવા તો 'કોમ્યુનીસ્ટ'. આમ છતાં પણ લોકશાહીના સર્વ કોઈ આગળ પડતાં પુરસ્કર્તાઓ આ સિદ્ધાંતને આટલું અસાધારણ મહત્ત્વ આપતા નથી. કેટલાક શાણા અને સ્પષ્ટ વિચારણા ધરાવતા લોકોના અભિપ્રાય મુજબ, આ લોકશાસન પદ્ધતિ, આજના ઐતિહાસિક સંદર્ભમાં વિચારતાં, જુલમી લેખાતી રાજાશાહી અથવા સરમુખત્યારશાહીની અપેક્ષાએ સૌથી ઓછી વાંધા પડતી એવી રાજ્યપદ્ધતિ છે. અમુક લોકોનું જૂથ અમુક મુદત સુધી રાજ્ય વહીવટનાં સૂત્રો સંભાળે અને એ જૂથ રાજ્યના નાગરિકોની બહુમતીથી ચૂંટાયેલું હોય–આવી રાજ્ય રચનામાં લોકશાહીનું હાર્દ રહેલું છે. જે રાષ્ટ્રો જુલ્મગારો અને સરમુખત્યારોના ત્રાસના ભોગ બનેલા છે તેમને લોકશાહીના લાભો સ્પષ્ટ રૂપમાં દેખાય છે. બધાં ચૂંટાયલા શાસકોને અમુક મુદત સુધી જ રાજ્ય કરવાનું છે – એ ભૂમિકા જ એવી છે કે આ શાસકોએ સંભાળ અને સમજપૂર્વક જ વર્તવું પડે, ચૂંટણીની પ્રક્રિયાંમાંથી પણ એમ જ ફલિત થાય છે કે તે દ્વારા નાગરિકોની – પ્રજાજનોની – ઇચ્છાઓ અને આકાંક્ષાઓ પ્રત્યે પૂરું ધ્યાન આપવામાં આવશે. લોકપ્રિયતાનો અભાવ અને સત્તાનો અભાવ હમેશાં સહચારી અથવા તો એક બીજાને અનુસરતા હોય છે. લોકપ્રિયતા ગુમાવો તો સત્તા લાંબો સમય ટકી ન જ શકે. આ બધું છતાં, વ્યવહારમાં આખરે, લોકશાહીના તત્ત્વપ્રણેતાઓની બધી આશાઓ અને અપેક્ષાઓ ફળીભૂત થતી જોવામાં આવતી નથી. સૌ પ્રથમ તો, લોકશાહીના અમલનો આધાર એક ઉમેદવારની જગ્યાએ બીજા ઉમેદવારને પસંદ કરવાનો હકક – આ પ્રકારની પસંદગીને કેટલો અવકાશ છે તેના ઉપર રહેલો છે. પણ આ પ્રકારની પસંદગી તો જ ખરા અર્થમાં સફળ બને કે જો પ્રસ્તુત ઉમેદવારોમાં થોડા ઉમેદવારો પણ ખરેખર પસંદ કરવા યોગ્ય હોય. જો બધા ઉમેદવારો નાલાયક જેવા જ હોય તો મતપ્રદાન કશા પણ મહત્ત્વવાળું રહેતું નથી. એનું પરિણામ તો એ જ આવે કે લોકશાહી તેના હાર્દ વિનાના–સત્ત્વ વિનાના – પ્રાણ વિનાના–માળખા જેવી બની જાય. રાજકારણી મિમાંસક એમ માનીને ચાલે છે કે સત્તાપ્રાપ્તિનું આકર્ષણ એવું છે કે દેશના શ્રેષ્ટ કોટિના માનવીઓ ઉમેદવાર તરીકે આગળ આવ્યા વિના ન જ રહે. વ્યવહારમાં આ માન્યતા કેવળ પાયા વિનાની પુરવાર થઈ ચૂકી છે. ઉત્તર પ્રદેશના એક મતદારે જાહેર કરેલું કે "મારા મતને યોગ્ય એવી કોઈ વ્યકિત મારી નજરે પડતી નથી"

આ રીતે વિચારનાર વ્યક્તિ કોઈ એકલદોકલ છે એમ નથી. આવું સંવેદન ધરાવનાર દેશમાં અનેક લોકો હતા અને છે. શું આ દુનિયામાં એવી પણ વ્યવહારૂ અમલ કરતી લોકશાહી સરકાર છે કે જે પ્રમાણિકપણે કહી શકે કે જે પ્રતિનિધિઓ તેનો રાજ્ય વહીવટ સંભાળે છે તે સુલભ એવા લોકોમાંથી સારામાં સારા લોકો છે? આનો એમ અર્થ સમજવાનો નથી કે આવી લોકશાહી રાજ્યરચનામાં એક ખરેખર શકિતશાળી પુરુષ કદી પણ સત્તાના સ્થાન ઉપર આરૂઢ થતો જ નથી. પણ જ્યારે આમ બને છે ત્યારે સ્વાભાવિક રીતે આવા પુરુષને છાપરે ચડાવવામાં આવે છે. આવા પુરુષની વધારે પડતી પ્રશસ્તી કરવામાં આવે છે. આ હકીકત જ આવી ઘટના કેટલી વિરલ હોય છે તે પુરવાર કરવા માટે પૂરતી છે. એટલે પ્રસ્તુત પ્રશ્ન તો ઊભો જ રહે છે. આ લોકશાહીની પ્રક્રિયા તેનો જે રીતે આજે અમલ થઈ રહ્યો છે તે જોતાં તે દ્વારા દેશના સૌથી વધારે તેજસ્વી માણસો સત્તા ઉપર આવશે એવો વિશ્વાસ શું રાખી શકાય ખરો? કમનસીબે આ પ્રશ્નનો નકારમાં જ જવાબ આપવો પડે છે. સંભવિત છે કે શકિતશાળી માણસોને બહાર આવવામાં અનેક અવરોધોનો સામનો કરવાનો હોય. એમ પણ બને કે સૌથી વધારે શકિત અને યોગ્યતા ધરાવતો માણસ સૌથી વધારે લોકપ્રિય ન હોય. અને સત્તાસ્થાન ઉપર આવવાનું સાધન મતો જ છે એટલે કે લોકપ્રિયતા જ છે. સાધારણ માણસ ઉમેદવારની આકૃતિ, જાહેર જનતા સમક્ષ તેની અવાર-નવાર થતી ઉપસ્થિતિ, કોટુંબિક દરજ્જો,—આવી બાબતોને અને નહિ કે તેની તાકાત, પ્રમાણિકતા કે કાર્યનિષ્ઠાને વધારે મહત્ત્વ આપતો હોય છે. અને વસ્તુતઃ એમ બનવાનો વધારે સંભવ છે કે મતદાતાઓના મોટા ભાગને ઉમેદવારની ઉપર જણાવેલી ગુણવત્તાની કશી ખબર જ ન હોય. વળી, ચૂંટણીમાં ઊભા રહેવું એ સૌ કોઈને માટે સહેલી બાબત હોતી નથી. માણસ શકિતશાળી હોય તો પણ ચૂંટણી લડવા માટે તેની પાસે પૂરતાં નાણાં જ ન હોય એમ બનવા જોગ છે. અને એ પણ સંભવિત છે કે પક્ષના મુખીઓનું તેના પ્રત્યે અનુકૂળ વલણ પણ ન હોય. તો પછી આ બાબતનો આપણે પૂરી ગંભીરતાથી વિચાર કરવાનો રહે છે કે ચૂંટણીની આજની પ્રથામાં જ શું એવું કાંઈ નથી કે જે યોગ્યતા ધરાવતા માણસો માટે આગળ આવવાનું અને ચૂંટણીમાં ઊભા રહેવાનું અશકય બનાવે છે? શકિતશાળી માણસો રાજકારણમાં ભાગ લેતા નથી અથવા તેથી દૂર રહેવાનું પસંદ કરે છે—આ બાબતની બુમરાણ મચાવવાની આજ કાલ એક ફેશન થઈ પડી છે. જાહેર જીવનમાં વધારે સક્રિય ભાગ લેવાનું તેમને વારંવાર કહેવામાં આવે છે. પણ માત્ર ઉપદેશો અથવા તો ઉદ્‌બોધનો વડે આ સુન્દર હેતુ સિદ્ધ થતો નથી. આને બદલે એમ વિચારવું ઘટે છે કે આજે જે લોકશાહીની પ્રક્રિયા ચાલી રહી છે તેવી પરિસ્થિતિમાં શકિતશાળી માણસો માટે જાહેર જીવનમાં ભાગ લેવાનું શકય છે ખરું? એક જી. એલ. મહેતા કરતાં એક બાલ ઠાકરે માટે ચૂંટણી જીતવી વધારે સહેલી છે.

લોકશાહીમાં બીજી મહત્ત્વની બાબત મતને લગતી છે. એમ માની લેવામાં આવે છે કે કેળવાયેલા મતદારોની બહુમતી જે નિર્ણય કરે તે સર્વોત્કૃષ્ટ નિર્ણય હોય છે. આપણા દેશમાં થતી ચૂંટણીનાં જે કમનસીબ પરિણામો આવે છે તે બાબતનો એમ જણાવીને ખુલાસો કરવામાં આવે છે કે ઘણા ખરા મતદારો અભણ હોય છે અને તેથી પોતા માટે શું સારું છે તેનો નિર્ણય કરવાને તેઓ અસમર્થ હોય છે. અતિ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પામેલા લોકોનાં નાનાં મંડળોમાં થતી ચૂંટણીઓનાં પરિણામો મેં જાતે જોયેલાં હોઈને, હું એવા નિર્ણય ઉપર આવી છું કે લોકશાહીને લગતું ઉપર જણાવેલું સૂત્ર સ્વતઃ સિદ્ધ જેવું છે જ નહિ. લોકો જૂથમાં એવા નિર્ણયો ઉપર આવતા હોય છે કે વ્યકિતગત રીતે એ જ નિર્ણયોને તેઓ તદ્દન ગેરવ્યાજબી અથવા તો અસંતોષકર લેખતા હોય. યોગ્ય નિર્ણય ઉપર આવવાની બાબતને કેળવાયલા ચૂંટણી—મંડળ સાથે કોઈ અનિવાર્ય સંબંધ છે જ નહિ.

'એક માણસે એક મત'—આ પ્રકારનું—લોકશાહીની કલ્પના સાથે સંકલિત એવું—સૂત્ર એ સિદ્ધાંત ઉપર આધારિત છે કે સૌ કોઈ માનવી સરખા છે. આ વિધાન અલબત્ત, શાબ્દિક અર્થમાં સાચું છે. બધા નહિ તો ઘણા ખરા માણસોને બે હાથ છે, બે પગ છે વગેરે. પણ એ ઉપરથી એમ કહી શકાશે ખરું કે બધા માણસો એક સરખો સ્વભાવ, શકિત અથવા તો ચારિત્ર્ય ધરાવે છે? આકાશમાં જેટલા તારા છે તેટલું વૈવિધ્ય માણસ—માણસ વચ્ચે રહેલું છે. માનવીની સમાનતાને લગતા સિદ્ધાંતનો એટલો જ અર્થ છે કે સરખી તાકાત ધરાવતા માણસોને—પછી વાસ્તવિક જીવનમાં તેઓ ગમે તે સામાજિક સ્તર ઉપરના હોય તો પણ—સરખી તકો હોવી ઘટે. પણ મતાધિકારના લોકશાહી સિદ્ધાંતના પાયા તરીકે આ અર્થમાં આ સૂત્ર ઉપયોગી બની શકતું નથી. જો સૌ કોઈ માનવીઓ એક સરખી તાકાત ધરાવતા નથી, તો પછી દરેક વ્યકિતને એક સરખો મતાધિકાર આપવો એ શું યોગ્ય છે? તાત્ત્વિક રીતે વિચારતાં ગમાર અને વિકલ માનવીઓને કોઈ પણ મતાધિકાર હોવો ન ઘટે, જ્યારે ભદ્ર કોટિના સજાગ માણસને કદાચ એક હજાર મત આપવાનો અધિકાર હોવો ઘટે. પણ માણસ માણસ વચ્ચે રહેલી આવી અસંખ્ય કક્ષાઓનું અને તે પ્રમાણે નીચેની કક્ષાથી સર્વોત્કૃષ્ટ કક્ષા સુધીનું વર્ગીકરણ કોણ નક્કી કરી શકે તેમ છે? આમ હોવાથી મતપ્રદાનને લગતી યોજના—તેમાં રહેલી સઘળી ત્રૂટિઓ સાથે—જેવી છે તેવી જ ચાલુ રહેવી જોઈએ. એટલું જ કે તે સંબંધમાં કોઈએ કોઈ પણ પ્રકારની ખોટી ભ્રમણાઓમાં રહેવું ન ઘટે. આ પદ્ધતિ એવા માણસને સત્તાસ્થાન ઉપર મૂકશે કે જે માણસ લોકોને સંતોષ આપી શકે તેમ હશે, જે માણસ રાષ્ટ્રીય કરતાં વિભાગીય હિતોને વધારે સંતોષી શકશે, જે માણસ અલ્પ માણસોની બુદ્ધિમત્તા કરતાં બહુમતિની લાગણીઓને વધારે ઉત્તેજિત કરી શકશે, વધારે અપીલ કરી શકશે.

ચૂંટણી પદ્ધતિમાં રહેલાં સ્પષ્ટ ભયસ્થાનો છતાં, દુનિયાની કોઈ પણ લોકશાહીની રચનામાં ઉંમરની મર્યાદા સિવાય બીજી કોઈ પણ યોગ્યતાની અપેક્ષા રાખવામાં આવી નથી. જ્યારે રાજ્યના મુખ્ય કર્તવ્ય કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરતું સીમિત હતું તેવી જૂની ઢબની—અન્ય કોઈ નિયંત્રણો વિનાની—સરકારના વહીવટમાં, ઉમેદવારની ગુણવત્તા—સૂચક મર્યાદાઓનો અભાવ હોવા છતાં પણ, કોઈ પણ મુશ્કેલી ઊભી થવા પામી ન હોય, પણ આજનું રાજ્ય કે જેણે અનેક ભિન્ન-ભિન્ન પ્રકારની જવાબદારીઓ સ્વીકારી છે તેના સરળ વહીવટમાં આ ઊણપ પાર વિનાની મુશ્કેલીઓ ઊભી કરે છે. એમ શા માટે નિયમ કરવામાં ન આવે કે અર્થમંત્રી અર્થશાસ્ત્રી તો હોવો જ જોઈએ અને આરોગ્ય મંત્રી ડૉકટર તો હોવો જ જોઈએ અને એ રીતે જે તે ખાતાનો મંત્રી તે તે ખાતાનો નિષ્ણાત હોવો જ જોઈએ? ધારાકીય પ્રવૃત્તિ માત્ર એવી વ્યકિતઓએ જ શા માટે હાથ ન ધરવી જોઈએ કે જે વ્યકિતઓ કાયદા-કાનૂનને લગતા તે તે ક્ષેત્રના નિષ્ણાત હોય? આજે જ્યારે નિષ્ણાતોની જ બોલબોલા છે ત્યારે આપણા લાયકાત વિનાના પ્રધાનો ખરેખર બહુ કંગાળ દેખાવ રજૂ કરતા હોય છે. થોડા સમય પહેલાં એક પ્રૌઢ રાજકારણપ્રેત્તાએ જણાવ્યું હતું તે મુજબ, આપણી એ દયાજનક સ્થિતિ છે કે જે દેશમાં જ્ઞાનનો પરંપરાથી આટલો બધો આદર કરવામાં આવ્યો છે તે દેશમાં રાજ્ય નિરક્ષરોનું ચાલે છે. જ્યારે ક્લાર્ક અને પટ્ટાવાળાઓ માટે પણ ગુણવત્તાનું અમુક ધોરણ અપેક્ષિત છે ત્યારે ચૂંટણી દ્વારા પ્રાપ્ત થતાં સત્તાસ્થાનો માટે યોગ્યતાનું કશું પણ ધોરણ સ્વીકારાયલું જ ન હોય. આ કેવળ ભેવકૂફી છે. માણસ જાતના ટકાવનો આધાર આજે ચૂંટણી દ્વારા સત્તા સ્થાન ઉપર આરૂઢ થતી વ્યકિતઓના હાથમાં છે. એટલા માટે એવો પ્રબંધ થવાની ખાસ જરૂર છે કે આવાં સત્તાસ્થાનો ઉપર સારામાં સારા માણસો નિયુકત થાય.

આજના જમાનાની ચેલેન્જનો—અસાધારણ અપેક્ષાનો—લોકશાહી તો જ જવાબ આપી શકે, જો તેમાં પાયાના ફેરફાર કરવામાં આવે. એ દરમિયાન ચૂંટણીનાં પરિણામોથી નિરાશા અનુભવી એ નિરર્થક છે.

અનુવાદક: પરમાનંદ

મૂળ અંગ્રેજી: સૌ. સુજાતાબહેન મનોહર

કૉંગ્રેસ અધિવેશન

ફરીદાબાદમાં કૉંગ્રેસનું અધિવેશન થઈ ગયું. આ અધિવેશનમાં કોઈ નવી ચેતના, અથવા સ્પષ્ટ માર્ગદર્શનની અભિલાષા રાખી હશે તેવાઓ નિરાશ થયા. આ અધિવેશનની ફલશ્રુતિ શું? પ્રસ્તાવો થયા હોય તો શું નિર્ણય થયા તે કહી શકાય. પણ કૉંગ્રેસના મોવડીઓએ આ વખતે નવી રીતિ આપનાવી. ત્રણ સમિતિઓ (Panels) રચી, ત્રણ વિષયોની ચર્ચા કરી. રાજકીય બાબતો, સામાજીક અને આર્થિક બાબતો અને સંસ્થાકીય સુધારાની બાબતો. પહેલી સમિતિના પ્રમુખ હતા શ્રી. ચવ્હાણ, બીજીના શ્રી. મોરારજી દેસાઈ અને ત્રીજીના શ્રી. સાદીકઅલી. શ્રીમતી ઈન્દિરા ગાંધી કોઈ સમિતિના પ્રમુખ ન થયા. પણ ત્રણે સમિતિઓની ચર્ચામાં ભાગ લીધો. ગણતરી એવી હતી કે ત્રણે સમિતિઓમાં ચર્ચા બાદ, દરેક સમિતિ, ચર્ચાના પરિણામરૂપ, સર્વસંમત નિવેદન તૈયાર કરશે જે અધિવેશનમાં મંજુરી માટે રજુ થશે. પણ સામાજીક અને આર્થિક બાબતોની સમિતિ અને સંસ્થાકીય સુધારા બાબતોની સમિતિમાં મતભેદો એટલા તીવ્ર થયા કે કોઈ નિવેદન તૈયાર થઈ ન શક્યું. એટલે બન્ને બાબતો, હવે પછીની ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ સમિતિની બેઠક બેંગ્લોરમાં મળશે તે ઉપર, મુલતવી રાખી. મોવડીમંડળની રાબેતા મુજબ, કેટલાક સભ્યો તરફથી ખૂબ આકરી ટીકા થઈ. પણ સંસ્થા ઉપર નેતાઓનો કાબુ છે, એટલે આવી ટીકાને તેઓ અવગણી શક્યા અને કોઈ નિર્ણય સિવાય અધિવેશનની પૂર્ણાહુતિ કરી.

રાજકીય બાબતોની સમિતિ તરફથી સર્વસંમત નિવેદન તૈયાર થયું, જેનો સાર (૧) કૉંગ્રેસે પોતાના ભાવિ માટે કોઈ નિરાશા સેવવાનું કારણ નથી. નિરાશાના સૂર કાઢવાવાળાઓની નેતાઓએ તેમ જ કૉંગ્રેસ પ્રમુખે પોતાના ભાષણમાં, ઠીક ઠીક ઝાટકણી કાઢી. (૨) કૉંગ્રેસમાં ડાબેરી અને જમણેરી બળો વચ્ચે ધ્રુવીકરણ – Polarisation – માટે કોઈ અવકાશ નથી. કૉંગ્રેસ રાષ્ટ્રીય સંસ્થા છે અને તેણે સ્વીકારેલ મધ્યમ માર્ગ Middle of the Road ની નીતિ કૉંગ્રેસ માટે શ્રેષ્ઠ છે. (૩) કૉંગ્રેસે, બીજા રાજકીય પક્ષો સાથે મળી, સરકાર રચવાની જરૂરિયાત નથી. (Coalition Government), ૧૯૭૨ની ચૂંટણીથી આવી પરિસ્થિતિ ઊભી થશે એવી કોઈ ભીતિ નથી. કૉંગ્રેસ મધ્યવર્તી સરકારમાં તો બહુમતિમાં રહેશે જ. બીજાની સાથે મળી સરકાર રચી શકાય એવા like-minded રાજકીય પક્ષ કૉંગ્રેસને દેખાતા નથી. ૧૯૭૨ માં જે થશે તે. અત્યારે તેની ચિન્તા કરવાની જરૂર નથી.

પ્રજામાં પોતાની મૂર્તિ (Image) અખંડિત રાખવા આવો આત્મવિશ્વાસ જરૂરનો હશે, પણ સમજદાર વર્ગ સારી રીતે જાણે છે કે, આ ચિત્ર વાસ્તવિકતાથી ઘણું દૂર છે. કૉંગ્રેસની છિન્નભિન્ન અવસ્થા, આંતરિક મતભેદો, ગેરરીતિઓ અને આશિસ્ત, અંગત હરીફાઈ અને ઈર્ષ્યા, એક બીજાને તોડી પાડવાની યુકિતઓ, ૧૯૬૭ અને ૧૯૬૯ ની ચૂંટણીઓનાં પરિણામો, શહામૃગની વૃત્તિ ન હોત તો, નેતાઓની આંખ ખોલવા અને કોઈક અંતર નિરીક્ષણ કરાવવા પૂરતા છે.

કૉંગ્રેસ પ્રમુખના ભાષણમાં આ બધું સારા પ્રમાણમાં તરી આવે છે. નિખાલસતા કે હીંમત માટે શ્રી નિજલિંગપ્પાને અભિનંદન આપી શકાય. પણ તેમનું ભાષણ કૉંગ્રેસની સ્વીકૃત નીતિનું સમર્થન કરે છે એમ નહિ કહી શકાય. આખા ભાષણમાં Socialism સમાજવાદ શબ્દ એક વખત ભૂલથી પણ વાપર્યો નથી. સ્વતંત્ર પક્ષનું અધિવેશન હોત તો તેનો પ્રમુખ પોતાના પક્ષની નીતિનું આથી વધારે સમર્થન કરતું નિવેદન કરી ન શકત. જાહેર ક્ષેત્રના ઉદ્યોગોની આવી સખ્ત ટીકા કૉંગ્રેસ પ્રમુખ કરે એમ કલ્પી ન શકાય. આ ઉદ્યોગોની ગેરવ્યવસ્થાની ટીકા સમજી શકાય, પણ Industrial Policy નીતિની આવી ટીકા કૉંગ્રેસ પ્રમુખ કરે તેથી આશ્ચર્ય થાય. Private Sector ને તેમણે સારા પ્રમાણમાં અભિનંદન આપ્યા છે અને તેને ઉત્તેજન આપવાની હીમાયત કરી છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ આડકતરી રીતે કૉંગ્રેસ પ્રમુખને જવાબ આપ્યો છે. કૉંગ્રેસ પ્રમુખને પણ ખુલાસાઓ કરવા પડયા. આ ભાષણ ઉપર ચર્ચા કરવા માટે માગણી થઈ. અલબત્ત, તેનો અસ્વીકાર થયો.

સામાજીક અને આર્થિક બાબતમાં ડાબેરી અને જમણેરી બળો વચ્ચેનું અંતર વધતું જાય છે. તેના પુરાવાઓ મળતા જ રહે છે. Polarisation નહિ, કૉંગ્રેસ રાષ્ટ્રીય – National – સંસ્થા છે અને એક રાજકીય પક્ષ જ નહિ, કૉંગ્રેસમાં બધા પ્રકારના વિચાર ધરાવતી વ્યકિતઓને સ્થાન છે – આ વાતો હવે નિરર્થક છે. હમણાં જ પાલનપુરમાં કૉંગ્રેસ પ્રમુખે પોતે કહ્યું કે (Internal Polarisation) અનિવાર્ય છે. અને કૉંગ્રેસમાં ભાગલા પડે– જેમ ૧૯૦૭ માં પડયા હતા – તેવી શકયતા છે. વળી તેમણે થોડું ફેરવી તોળ્યું છે કે મારા કથનને તેના સંદર્ભમાંથી તોડી છાપાઓમાં રજુ કરવામાં આવ્યું છે. રાજકીય નેતાઓ માટે, મુંઝવણ ભરી પરિસ્થિતિમાંથી છટકવાની આ જાણીતી રીત છે. ૧૯૭૨ સુધીમાં કૉંગ્રેસ વધારે સંગઠિત થશે કે છિન્નભિન્ન થશે તે જોવાનું છે. હકીકતમાં કૉંગ્રેસના જમણેરી અને ડાબેરીઓમાંથી, કોણ કોને કૉંગ્રેસમાંથી હાંકી કાઢે છે તે મુખ્ય પ્રશ્ન છે. હજી કૉંગ્રેસના નામની પ્રતિષ્ઠા છે, દેશભરમાં તેનું વ્યવસ્થાતંત્ર છે, અને કૉંગ્રેસ સંસ્થાનો કબજો જે પક્ષ પાસે રહે તે સત્તાસ્થાને આવવાની આશા રાખી શકે, છેવટે બહુસંખ્યક રહે અને બીજા પક્ષો સાથે મળી સત્તા મેળવે. એટલે જ કૉંગ્રેસ પ્રમુખે શ્રી ચન્દ્રશેખર અને શ્રી. મોહન ધારિયા જેવાને ઉદ્દેશીને પોતાના ભાષણમાં કહ્યું છે:

"After independence .... a class of people without faith in its traitions and programmes have got into the Congress. They want to become heroes by criticising the Congress and slandering its leadership."

"સ્વતંત્રતા પછી, કૉંગ્રેસની પ્રણાલિકાઓ અને કાર્યક્રમમાં શ્રદ્ધા ન હોય એવો એક વર્ગ કૉંગ્રેસમાં દાખલ થયો છે. કૉંગ્રેસની ટીકા કરી અને નેતાગીરીને ઉતારી પાડી, આ વર્ગ વીરપુરુષ દેખાવા માગે છે."

કૉંગ્રેસ પ્રમુખે તેમના ભાષણમાં બે ત્રણ વાતો ઘણી વિચારવા જેવી કહી છે. ભાષાકીય ધોરણે રાજ્યરચનાના તેઓ પ્રખર હીમાયતી હતા. હવે તેમણે કહ્યું છે કે ભાષાવાર રાજ્યરચનાથી દેશની એકતા જોખમાય છે અને તે રદ કરી, આર્થિક ધોરણે રાજ્યોની પુનઃરચના કરવી જરૂરી છે. બનશે?

શિવસેના જેવા બળોની તેમણે સખ્ત ઝાટકણી કાઢી છે અને એક સૂચના કરી છે કે મોટા શહેરોમાં લઘુમતિઓને વિશ્વાસ પેદા થાય તે માટે, આવા શહેરોની પોલીસ સર્વ કોમોના પ્રતિનિધિત્વ વાળી હોવી જોઈએ. આ સૂચનાને અમલી બનાવવા કૉંગ્રેસ પ્રમુખ પગલાં લેશે?

ડૉ. ઝાકીરહુસેનના અણધાર્યા અવસાનથી એક નાજુક સ્થિતિ ઊભી થઈ છે. અત્યાર સુધી રાષ્ટ્રપતિની ચૂંટણી, સામાન્ય ચૂંટણી સમયે જ થઈ છે. એટલે સત્તાધારી પક્ષે–જે આજ સુધી કૉંગ્રેસ રહી છે.––પોતાને અનુકૂળ વ્યકિતની રાષ્ટ્રપતિ તરીકે ચૂંટણી કરી છે. હવે રાષ્ટ્રપતિની ચૂંટણી થશે તે વ્યકિત પાંચ વરસ સુધી પૂરા તે પદે રહેશે. એટલે ૧૯૭૨ની સામાન્ય ચૂંટણી સમયે, રાજકીય

પ્રબુદ્ધ જીવનની પત્રચર્યા

પ્રબુદ્ધ જીવન ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગને અનુલક્ષીને નીચે મુજબના બે પત્રો મળ્યા છે:

કલીકટથી શ્રી છગનલાલ ગોકળદાસ શાહનો પત્ર

ભાઈશ્રી પરમાનંદભાઈ,

'પ્રબુદ્ધ જીવન' ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે તે સમયે તેનું હાર્દિક સ્વાગત કરતાં ખૂબ આનંદ અનુભવું છું. આર્થિક પલોભનો જતાં કરી જે નિર્લેપ ભાવ, ચિન્તનશીલ, સંવેદનશીલ, અને પ્રજ્ઞાશીલ લેખો, પ્રથમ કક્ષાની વિશિષ્ટતાઓ ધરાવતી વ્યક્તિઓનાં સુંદર શૈલીવાળા વ્યાખ્યાનો, પ્રવચનો આદિ ઉત્કૃષ્ટ ધોરણ જાળવી રહેલું આ પત્ર પત્રકારિત્વ જગતમાં નિરનિરાળું છે. અને એ બધા માટેનો સવિશેષ યશ આપ મુરબ્બીને ઘટે છે એમ કહેવું તે અતિશયોકિતભર્યું નહિ જ ગણાય. અંતમાં મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ સાથે.– શુભકાંક્ષી છગનલાલ ગોકળ

સુરેન્દ્રનગરથી શ્રી લલિત શાહનો પત્ર

પૂ. મુરબ્બીશ્રી

'પ્રબુદ્ધ જીવન' ૩૦ વર્ષ પૂરા કરી ચોથા દશકામાં પ્રવેશે છે. જીવનલક્ષી પ્રબુદ્ધતામાં એક માળીની અદાથી સિચન કર્યા કરવું એ આ પત્રનું કાર્ય છે. સમાજજીવનની સર્વ બાજુ વિશે તેના વાંચકની વૈજ્ઞાનિક દષ્ટિ એટલે કે નિર્ભેળ – નિર્ભીક દષ્ટિ ખીલે અને તેના વિચાર – વિવેકમાં પ્રાણ પુરાય એ આ પત્રની પાયાની દષ્ટિ છે. કર્તવ્યનું મૂલ્ય ભાવના કરતાં ચઢિયાતું ગણાતું હોવા છતાં ભાવનાના ઘડતર વિના કર્તવ્યની શકયતા નથી. મનુષ્ય પશુજીવનમાંથી મુકત બની માનવજીવનમાં પ્રવેશી શકયો તે આ વિચારશકિત અને વિવેકશકિતને કારણે. શિખર પછી શિખર ચઢતા રહીએ તો પણ નવા પ્રાણવાયુની જરૂર કાયમ રહેવાની જ. 'પ્રબુદ્ધ જીવન' જેવા પત્રો આ પ્રાણવાયુની ગરજ સારતા હોય છે.

'પ્રબુદ્ધ જીવન'ની મૂળભૂત નીતિ એ જ કાયમ રાખીને તેનું સ્વરૂપ બદલાવી શકાય, તેનું વર્તુળ વિસ્તારી શકાય, પ્રજા જીવનને સ્પર્શતા દરેક પગલાની આલોચના એમાં ઓવી થવી જોઈએ કે જેથી પગલું ભરનાર 'પ્રબુદ્ધ જીવન' શું કહેશે એનો વિચાર કરે જ.

એક સારું પત્ર સારા ય રાષ્ટ્રના આચાર્યની ગરજ સારી શકે. માત્ર જનહૃદય પર જ નહિ પણ જનતાને દોરનાર વર્ગ પર તેનું સાત્ત્વિક વર્ચસ હોવું જોઈશે. પ્રજાનું ખમીર કેમ વધુ ને વધુ પ્રગટે, તેની સત્ત્વશીલતાનો ફાલ કેમ વધુ ને વધુ નીપજ્યા કરે તેની ચીવટ આવા વિચારપત્રો ચેવ્યા કરે. વર્તમાનપત્ર રાજ્યને અને પ્રજાને એકબીજાના સંપર્કમાં રાખી શકે છે, પણ વિચારપત્ર તો એ બંનેનું ઘડતર કરે છે.

'પ્રબુદ્ધ જીવન'ના ૩૧ મા વર્ષમાં પ્રવેશ થતી વખતે મને જે વિચારો આવ્યા તે મેં અહીં નિર્દેશ્યા. એનું વર્તુળ વિસ્તરે એટલે કે રાષ્ટ્રના જીવત આચાર્ય સમોવડું એ નિવડે એ જ ભાવના!

ઇ : લલિતના પ્રણામ.

મુંબઈ–વીલેપારલે ખાતે આવેલા શ્રી ચંદુલાલ નાણાવટી કન્યાવિદ્યામંદિરના આચાર્ય શ્રી વજુભાઇ પટેલનો પત્ર

મુરબ્બી શ્રી પરમાનંદભાઈ

સાદર નમસ્કાર,

મે ૧ નું પ્રબુદ્ધ જીવન વાંચતાં આનંદ થયો. સાક્ષરવર્ય શ્રી વિષ્ણુપ્રસાદભાઈએ પ્રબુદ્ધ જીવન પ્રત્યે સદ્‌ભાવ દાખવતાં વર્તમાન જીવન પરિસ્થિતિ વિષે જે વિધાન કર્યું છે તેના અનુસંધાનમાં આ પત્ર લખું છું.

આજની જીવનપરિસ્થતિને સાંસ્કૃતિક સંકટ રૂપે ગણી તેઓ લખે છે: "આજે તો બધાં જ પારંપરિક મૂલ્યો જાણે અવનતિ તરફ લઈ જતાં હોય એવો વંટોળ જાગ્યો છે અને સમ્યક્ શ્રદ્ધા સાવ જવા બેઠી છે." સર્વગ્રાહી વાણીમાં આજની વિષમ પરિસ્થિતિનો કેવો વેધક ચિતાર તેમણે આપ્યો છે!

આપણી મહારાષ્ટ્ર સરકારે દારૂનિષેધની નીતિ હળવી કરી અને તે બાદ હમણાં લોટરી શરૂ કરી – બંને ગાંધી શતાબ્દિના વર્ષ દરમ્યાન જ! આ બાબત ચિંતાપ્રેરક હોઈ થોડા વખત પહેલાં કેટલાક મિત્રો ચર્ચા કરવા મળેલા ત્યારે એક મિત્રે ટકોર કરી કે દારૂ ગાળવાની પ્રવૃત્તિ ખૂબ ફાલીફૂલી છે, માટે દારૂનિષેધની નીતિ હળવી કરી એમ આપણી સરકાર દલીલ કરે છે અને મટકાંપ્રવૃત્તિ વધી પડી તેથી લોટરી શરૂ કરી એમ આગળ વધીને સરકાર દલીલ કરે છે, તો ચોરી અને હિંસા વધી રહ્યાં છે તેથી તેને માટે લાઇસેન્સની પ્રથા આપણી સરકાર શરૂ કરે તો નવાઇ નહિ!

આ આખી બાબત ઘણી વ્યગ્રતા પેદા કરે તેવી છે. સમાજના જાગૃત લોકોએ સવેળા સક્રિય બનવું પડશે; નહિતર પરિસ્થિતિ વધુ કથળશે એમ સર્વત્ર વિચાર કરનાર બધાને જણાય છે. ગરીબ અને મધ્યમવર્ગ તેમ જ થોડો ઉપલો મધ્યમવર્ગ આ જાહેર જુગારની બદીમાં ફસાય છે. કારણ આપણી પ્રજાકીય લોકશાહી સરકાર આ બધું કરી રહી છે. મારા વર્તુળમાં મેં તપાસ કરી તો જણાયું કે દર પાંચ માણસે એક માણસ આ લોટરીની ટિકિટ લે છે. મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોમાંથી કેટલાયે ટિકિટ લીધી હશે તે તો તપાસ કરીએ ત્યારે ખબર પડે. પણ આ અને આવી બીજી ઘણી બાબતો આપણા માટે અકળાવનારી છે તેમ મને લાગે છે.

વજુભાઈ પટેલના વંદન

પંડિત દલસુખભાઈ માલવણિયા પાછા આવી રહ્યા છે.

આજથી દોઢ વર્ષ પહેલાં ટૉરોન્ટો યુનિવર્સિટીમાં ભારતીય દર્શનનો અભ્યાસ કરાવવા માટે કેનેડા ગયેલા પંડિત દલસુખભાઈ માલવણિયા તા. ૩૦-૪-૬૯ ના રોજ ટૉરોન્ટોથી રવાના થઈ ગયા છે અને વચમાં બાલ્ટીમોર, લંડન, પેરીસ, જર્મની, તથા વિયેનામાં રોકાતાં રોકાતાં દિલ્હી થઈને તા. ૧૯-૫-૬૯ સોમવારના રોજ અમદાવાદ આવી પહોંચશે.

પરિસ્થિતિ પલટો લે તો પણ, અત્યારે ચૂંટાયેલા રાષ્ટ્રપતિ તે પદે ત્યાર પછી બે વરસ રહેશે. અત્યારસુધી રાષ્ટ્રપતિ એક બંધારણીય વડા (Constitutional Head) તરીકે રહ્યા છે. સત્તા બધી વડા પ્રધાનની રહી છે. ૧૯૭૨ માં કોઈ એક પક્ષ મધ્ય સરકારમાં સ્પષ્ટ બહુમતિમાં ન આવે ત્યારે, વડા પ્રધાનની પસંદગીમાં અને રાજ્ય વહીવટમાં રાષ્ટ્રપતિની મહત્તા વધી પડશે અને આ સ્થાન ઉપર પ્રતિભા શાળી વ્યકિત હોય તો દેશના રાજ્યતંત્રમાં અસરકારક ભાગ ભજવી શકે. એટલે અત્યારે કૉંગ્રેસ કોની પસંદગી કરે છે તે ઘણું અગત્યનું થઈ પડશે. કૉંગ્રેસમાં પણ તીવ્ર મતભેદ છે - એટલે કે પસંદ કરાયેલ વ્યકિત કેવા વિચારો ખાસ કરીને આર્થિક ક્ષેત્રે ધરાવે છે, તે જોવાનું જરૂરનું છે. આ પસંદગીમાં શ્રીમતી ઈન્દિરા ગાંધી, ડૉ. ઝાકીરહુસેન વખતે બન્યું હતું તેમ, મહત્ત્વનો ભાગ ભજવશે. સર્વસંમત પસંદગી કરવાની હોય તો પ્રશ્ન વધારે નાજુક બને છે. સ્વતંત્ર પક્ષ અથવા જનસંઘ, અને સામ્યવાદી કે સંયુકત સમાજવાદી પક્ષ, અને કૉંગ્રેસના જમણેરી–ડાબેરી બળો સર્વસંમત પસંદગી કરી શકે એવો સંભવ ઓછો જણાય છે. આ પસંદગીમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીના સ્થાન અને સત્તાનો કાંઈક પરિચય મળશે.

૧૦-૫-૬૯. ચીમનલાલ ચકુભાઈ શાહ

પ્રકીર્ણ નોંધ

એક સામાન્ય માણસે કરેલી અસામાન્ય સખાવત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મકાન ફંડને લગતી અપીલમાં શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહ તરફથી સંઘના મકાનફંડમાં મળેલી રૂ. ૫૦૦૧ ની રકમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પહેલાં જૈન મહિલા સમાજના મકાનને રૂા. ૧૦,૦૦૦, ધોધારી દવાખાનાને ૧૦,૦૦૦, પાલીતાણાના દવાખાનાને રૂ. ૧૨,૫૦૦–આવાં થોડાંક દાનો તેમના નામે નોંધાઈ ચૂક્યા છે. આ જ બાબુભાઈએ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને કશી પણ શરત સિવાય કેવળ દાન તરીકે રૂ. ૫૧,૦૦૦ની રકમ ચેક દ્વારા તાજેતરમાં અર્પણ કરી છે. આ માટે તેમને આપણે જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. આવી સખાવત કરનારને કોઈ પચીસ પચાસ લાખનો આસામી માની લે એ સ્વાભાવિક છે, પણ બાબુભાઈની બાબતમાં આવા કોઈ અનુમાનને સ્થાન નથી. તેમની આર્થિક પરિસ્થિતિ મધ્યમ વર્ગના માનવીની આપણે કલ્પીએ તેથી જરા પણ વિશેષ નથી. વળી તેમના માથે ચાર પુત્રીઓને ભણાવવા–ગણાવવાની અને સમય પાકતાં ઠેકાણે પાડવાની મોટી જવાબદારી છે. તેઓ ઈન્કમટેકસના સલાહકાર છે, પરંતુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ નથી. સાધારણ સ્થિતિમાં તેમણે જીવનની શરૂઆત કરી છે અને આજે પણ તેમને ત્યાં દ્રવ્યનો કોઈ અંધુધાર્યો પ્રવાહ વહેવા લાગ્યો નથી. આવા પરિમિત સંયોગોમાં આવી ઉદારતા –આવાં અનુદાનોનું શકય કેમ બને? આવો પ્રશ્ન કોઈને પણ થયા વિના ન રહે. આપણે જાણીએ છીએ કે વૈશ્યવૃત્તિના પાયામાં પારવિનાનો દ્રવ્યલોભ રહેલો છે. તે ગમે તેટલું કમાય તો પણ ભાગ્યે જ તે તૃપ્તિ અનુભવે છે. Insecurity –બીનસહીસલામતી – નો હાઉ તેને એટલો બધો પીડે છે કે તેની પાસે ગમે તેટલી મિલ્કત હોય તો પણ તે તેને ઓછી જ પડે છે, અને તે ગમે તેટલો મોટો આસામી હોય તો પણ આવકનું પ્રમાણ કોઈ વર્ષ ઘટયું અને પોતાના ખર્ચને પહોંચી વળવા માટે મિલ્કતમાંથી–એકઠી થયેલી મૂડીમાંથી – જો થોડું પણ ઓછું કરવાનો વખત આવ્યો તો તેની બેચેનીનો કોઈ પાર રહેતો નથી. આવી આજની પરિસ્થિતિમાં ઉપર જણાવી તેવી ઉદારતા શકય જ કેમ બને? બાબુભાઈ સાથેના અંગત પરિચયથી હું અહીં જણાવી શકું તેમ છું કે દ્રવ્યવિષયક સર્વસામાન્ય મૂર્છાથી તેમનું મન મહદ્ અંશે મુકિત અનુભવે છે. તેમને ઉપરનો જ પ્રશ્ન પૂછતાં તેમણે મને જવાબ આપેલો કે "મને પૂરતું મળી રહે છે; મારી પાસે પણ પૂરતું છે. મને મોટો ધનસંચય કરવાનો કોઈ મોહ નથી." ધન તો ઘણા કમાશે; યેનકેનપ્રકારેણ કમાયલા ધનમાંથી દાન દ્વારા તેઓ દાનેશ્વરી પણ કહેવાશે, પણ જે વર્ગમાં આપણે વસીએ છીએ તે વર્ગમાં આવી મૂર્છામુકિત ભાગ્યે જ અન્યત્ર જોવા મળશે. આવી એક વ્યકિત આપણી વચ્ચે છે તે હકીકત આપણને પણ ગૌરવાન્વિત બનાવે છે.

ભકિતનો અતિરેક

શ્રી કાનજીસ્વામી તેમની ૮૦ મી વર્ષગાંઠના અનુસંધાનમાં મુંબઈ ખાતે એપ્રિલ માસની ૧૨મી તારીખે પધાર્યા અને એક મોટો ભરચક કાર્યક્રમ પતાવીને મે માસની પાંચમી તારીખે મુંબઈથી તેઓ વિદાય થયા. તેમનાં પ્રવચનો માટે મુંબઈના આઝાદ મેદાનમાં એક ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો અને તેને અનેક રીતે સુશોભિત કરવામાં આવ્યો હતો. આ રચનાને 'મહાવીરનગર' નામ આપવામાં આવ્યું હતું. આ 'મહાવીરનગર'માં એક સામુદાયિક ભોજનાલયની ગોઠવણ કરવામાં આવી હતી, જે સગવડ દ્વારા ભકતજનો–મુમુક્ષુઓ–મહારાજશ્રીનાં વ્યાખ્યાનો સાંભળી શકતા હતા અને ત્યાં જ રહીને આખો દિવસ ગાળી શકતા હતા. આ ભવ્ય આયોજન ઉપરાંત મલાડ તથા ઘાટકોપરમાં મહારાજશ્રીના શુભહસ્તે નવાં મંદિરોની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ દિવસો દરમિયાન આખું આઝાદ મેદાન એક પ્રકારના ધાર્મિક ઉત્સવના વાતાવરણથી ધમધમી રહ્યું હતું. મુંબઈ જેવા સ્થળે પોતાના ગુરુવર્ય પધારે, વળી ૮૦ મી વર્ષગાંઠ જેવો અસાધારણ પ્રસંગ હોય તો તેમના અનુયાયીઓ ભકિતભાવથી ઘ્રેરાઈને આવું બધું કરે તેમાં વાંધો ઉઠાવી ન શકાય. આમ છતાં પણ ગુરુવર્યની મુંબઈ ખાતેની ઉપસ્થિતિના સંદર્ભમાં મુંબઈના દૈનિકોમાં પાનાંનાં પાનાં રોકીને ઢગલાબંધ જાહેરખબરો આપવામાં આવેલી, હેલીકોપ્ટરમાંથી જ્યાં ત્યાં પુષ્પવૃષ્ટિઓ કરવામાં આવેલી, નાટકી ઢબના વરઘોડાઓ કાઢવામાં આવેલા અને મોટા મોટા જમણવારો પણ કરવામાં આવેલા અને આ બધા પાછળ દ્રવ્યનો પારવિનાનો વ્યય કરવામાં આવેલો. કહેવાય છે કે આ પંદર-વીશ દિવસના કાર્યક્રમ અને સમારંભ પાછળ પંદરથી વીશ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ભકિતનો આ બધો અતિરેક સમજદાર કોઈ પણ માનવીને ખૂબ ખૂંચે તેવો હતો. મુંબઈમાં અનેક ધર્માચાર્યો આવ્યા છે અને ગયા છે, પણ શ્રી કાનજીસ્વામીના આ વખતના આગમન પાછળ જે ધામધુમ અને દ્રવ્યનો અનર્ગળ વ્યય કરવામાં આવ્યો છે તેવી ધામધુમ અને દ્રવ્યવ્યય ભાગ્યે જ પહેલાં જાણવા સાંભળવામાં આવેલ છે. આ બાબતમાં યોગ્ય વિવેક વાપરવામાં આવ્યો હોત તો પ્રસ્તુત ગુરુ–સન્માન સમારંભ ચોતરફ જે ભારે ટીકાને પાત્ર બન્યો છે તે બનવા ન પામત.

જમણવારોનો અતિરેક

'લગ્નની મોસમ અને જમણવાર' એ મથાળા નીચે છઠ્ઠી મેના જન્મભૂમિમાં શ્રી ચીમનલાલ જે. શાહનું નીચે મુજબનું ચર્ચાપત્ર પ્રગટ થયું છે:–

"આજકાલ લગ્નની મોસમ પૂરબહારમાં ચાલે છે. લગ્નની સાથે અનેક વ્યવહારો જોડાયા છે. આમાં ચાંદલા બક્ષીસના વ્યવહારો ઓછા થતા જાય છે, જ્યારે જમણવારનો વ્યવહાર વિકસતો ચાલ્યો છે. આની પાછળ વાહવાહ બોલાવવા સિવાય બીજી કોઈ દૃષ્ટિ છે કે કેમ એ પ્રશ્ન છે! પણ જમાડવાનું અને જમવાનું ચાલે છે. દેશ પણ અન્નક્ષેત્રે સ્વાવલંબી થતો ચાલે છે. પછી આ મિજબાનીઓમાં મર્યાદા શા માટે? વળી, મિજબાનીઓમાં વધેલું એઠું જૂઠું ભૂખ્યાના ભેરુ શ્રી હાસ્યચંદ્રભાઈ અને એમના સાથીઓ ગરીબોને પહોંચાડે પણ છે એટલે આવા જમણવારોમાં હજારો લોકોને નિમંત્રવામાં પણ વાંધો શું?

"વળી સમારંભો, પાર્ટીઓ અને મિજબાનીઓ એકધારી રીતે રોજ ને રોજ ચાલે જ છે. ત્યારે આપણો દેશ દુ:ખી–ગરીબ છે, એ તો આજે કલ્પવું પણ મુશ્કેલ થઈ ગયું છે.

આપણે ત્યાં લાખોને એક ટંક જમવા મળતું નથી એ માની શકાતું નથી–જ્યારે, આપણે લગ્ન પ્રસંગે અને ઘણી વાર ધાર્મિક પ્રસંગે પણ લાખો રૂપિયાનાં આંધણ થતાં જોઈએ છીએ.

"મારા એક પરદેશી મિત્રે મને હમણાં જ પૂછયું: "કોણ કહે છે તમારો દેશ ગરીબ છે? અમે તમને શું કામ મદદ કરીએ છીએ એ જ મને સમજાતું નથી. હું જ્યાં જ્યાં નજર નાખું છું ત્યાં ત્યાં લોકોને આનંદવિનોદ અને ગપ્પાં મારતાં જોઉં છું. શું તમારે ત્યાં કોઈ કહેવાવાળું જ નથી?"

"મને મારા આ મિત્રની વાત સાંભળી વારંવાર દુ:ખ થયું. આ દુ:ખ હજુ સમાવી શકું ત્યાં તો મારા એક સ્થાનિક મિત્રે મને તાજેતરમાં કહ્યું: "સી. સી. આઈ. ખાતે એક મોટો ભોજનસમારંભ તાજેતરમાં યોજાયો હતો. સાત હજાર ભાઈ-બહેનોને નિમં-

ત્રવામાં આવ્યાં હતાં. પડાપડી અને ધક્કામુક્કીમાં ઘણાને તો એમ જ ભૂખ્યા પાછા જવું પડ્યું હતું."

લગ્નસમારંભના અનુસંધાનમાં આજે જમણવારોનો જે રાફડો ફાટયો છે તે અત્યંત શોચનીય અને દુઃખદ છે. એક બાજુએ દેશના એક યા બીજા વિભાગમાંથી અનાજ-પાણીની તંગીના સમાચારો આવે છે અને દુષ્કાળ અને ભુખમરાની ભીંસમાં પીસાતા જનવરો અને લોકોની કારમી ચીસો સંભળાય છે, ત્યારે બીજી બાજુએ મુંબઈ જેવા મોટાં શહેરોમાં સંખ્યાની કોઈ મર્યાદા નહિ એવા બેફામ જમણવારો પાછળ અનર્ગળ દ્રવ્યનું આંધણ મૂકાતું જોવામાં આવે છે. આવા જમણવારોમાં અંગત સ્નેહસંબંધના દબાણ નીચે કદિ કદિ ભાગ લેવાનું બને છે—આવા નિમંત્રણોનો ઈનકાર અથવા અસ્વીકાર કરવાની નબળાઈને લીધે – પણ જમતાં જમતાં દિલ કોઈ આનંદને બદલે એક પ્રકારની વ્યથા—બેચેની અનુભવે છે અને મનમાં પ્રશ્ન ઊઠે છે કે આપણે આ શું કરી રહ્યા છીએ? ઉપરના ચર્ચાપત્રમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જમણવાર તો અતિરેકની પણ પરાકાષ્ટા સમાન હતો. 'જનશક્તિ'ના બીજી મેના અંકમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ એઠું એકઠું કરીને ક્ષુધાપિડિતોમાં વહેંચી આપનાર દંપતીએ આ જમણવારમાંથી ૮૦૦ થી ૧૦૦૦ કીલો રાંધેલું શાક, ૪૦ કિલો શીખંડ અને ૪૦ કીલો ગુલાબજાંબુ એકઠા કર્યા હતા. આ ઉપરથી પ્રસ્તુત જમણવારમાં કેટલો બધો બગાડ થયો હશે અને તે પાછળ કેટલો બધો દ્રવ્યવ્યય થયો હશે તેનો ખ્યાલ આવશે. આ બધું એક કેળવાયેલ, સુશીક્ષિત જૈન આગેવાનના હાથે થાય તો પછી અન્ય કોઈને તો કહેવાપણું જ શું રહે? આવા અમર્યાદ જમણવારો અંગે સમજુ અને વિવેકી લોકો માટે એક જ કર્તવ્ય પ્રાપ્ત થાય છે કે આવા જમણવારોમાં ભાગ નહિ લેવાનો તેઓ નિર્ણય કરે અને તે સામે બળવાન લોકમત પેદા કરે. આપણે સમજી લઈએ કે આ પ્રકારના જમણવારો આજના વ્યાકુળતાભર્યા સમયમાં શ્રીમન્તાઈના આછકલાં પ્રદર્શનો છે, મુંબઈ જેવા મોટા શહેરોમાં જ્યાં ત્યાં નજરે પડતી દારૂણ દરિદ્રતાની મશ્કરી કરવા બરોબર છે. લગ્ન જેવા પ્રસંગે જમણવારને કોઈ સ્થાન જ નથી એમ કહેવું યોગ્ય નથી; પણ તે સંબંધમાં ઉચિત મર્યાદા અને વિવેકની જાળવણી અત્યન્ત અપેક્ષિત છે. આ વિવેકનો ભંગ થતાં યોગ્ય પ્રવૃત્તિ અસામાજિક—અધર્મમય બની જાય છે અને દીનહીન લોકોના દિલમાં કટુતા પેદા કરે છે.

"માટી અને આભલાંની લોકકળા" ના સંદર્ભમાં

શ્રી ઊર્મિલાબહેન ગિરધરલાલની માટી અને આભલાંની લોકકળાનો પરિચય આપતી જે પરિપૂર્તિ 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંક સાથે જોડવામાં આવી હતી તે પરિપૂર્તિના અનુસંધાનમાં જણાવવાનું કે એ લોકકળાના કેટલાક નમૂનાઓનું એક પ્રદર્શન એપ્રિલ માસની તા. ૧૧થી ૧૩ એમ ચાર દિવસ માટે મુંબઈની જાણીતી જહાંગીર આર્ટ ગેલેરીમાં યોજવામાં આવ્યું હતું અને તેનો અનેક કળારસિક ભાઈબહેનોએ ઘણી મોટી સંખ્યામાં લાભ લીધો હતો અને તે અનેક કળાવિદોની પ્રશંસાને પાત્ર બન્યું હતું. તેમાંની વસ્તુઓનાં વેચાણ પણ સારા પ્રમાણમાં થયાં હતાં. માટી અને આભલાં જેવી સામાન્ય વસ્તુઓમાંથી આપણા દીવાનખાનાઓને અને જાહેર સંસ્થાનાં કાર્યાલયોને શોભાવે એવી નાની મોટી સુન્દર કલાકૃતિઓ આ રીતે નિર્માણ થઈ શકે છે, જેમાં વપરાયલી ચીજવસ્તુઓનું મૂલ્ય બહુ ઓછું, પણ જેમાં કળાપૂર્ણ આકાર ઊભો કરવાની કલ્પના અને સાથે તેને સાકાર બનાવવા પાછળની મહેનત મુખ્ય—આ સૌ કોઈના મહદ્ આશ્ચર્ય અને આનંદનો વિષય બન્યું હતું. આ કળાકૃતિઓ શ્રી ઊર્મિલાબહેને જાતે તેમ જ તેમના માર્ગદર્શન નીચે કામ કરતાં કારીગરોએ નિર્માણ કરી હતી. આવા અભિનવ સર્જન માટે સૌ. ઊર્મિલાબહેનને હાર્દિક અભિનન્દન ઘટે છે. આ પ્રકારની લોકકળાને એક પ્રકારના દ્રવ્યોપાર્જક વ્યવસાયમાં વિકસાવી શકાય તેમ છે અને તે દ્વારા અનેક લોકોને સારી રોજી આપી શકાય તેમ છે, જે તરફ ધ્યાન આપવા ખાદી અને ગૃહઉદ્યોગના સંચાલકોને મારો નમ્ર અનુરોધ છે.

પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાનના લાભાર્થે યોજાયેલો સમારંભ

બનારસ હિન્દુ યુનિવર્સિટીના અનુસંધાનમાં વર્ષોથી સંશોધનકાર્ય કરતી અને અનેક સંશોધક વિદ્યાર્થીઓને તૈયાર કરતી આ સંસ્થાના લાભાર્થે આગામી જૂન માસની આઠમી તારીખ રવિવારે સવારના ભાગમાં બિરલા માતુશ્રી સભાગારમાં સંસ્થાના સંચાલકો તરફથી 'સંભવામિ યુગે યુગે' એ નામનું એક નાટક ગોઠવવામાં આવ્યું છે અને તેને લગતું એક સોવેનીર – સ્મરિણકા – બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ સંસ્થા તરફથી આજ સુધીમાં ઉચ્ચ કક્ષાનાં અનેક પ્રકાશનો કરવામાં આવ્યાં છે અને આ સંસ્થા દ્વારા અનેક વિદ્યાર્થીઓએ ડૉક્ટરેઈટની પદવી પ્રાપ્ત કરી છે, જેમાં ડૉ. નાથમલ ટાંટીયા, ડૉ. ઈન્દ્રચંદ્ર શાસ્ત્રી, ડૉ. મોહનલાલ મહેતા, ડૉ. ગુલાબચંદ ચૌધરી, ડૉ. ગોકુલચંદ જૈન, ડૉ. સુદર્શનલાલ જૈન, ડૉ. કમલચંદ્ર જૈન, ડૉ. વસિષ્ઠ નારાયણ સિંહા, ડૉ. શ્રીમતી મધુ સેન, ડૉ. અજિત શુક્દેવ શર્માનો સમાવેશ થાય છે. આ સંસ્થા શતાવધાની રત્નચંદ્ર વાચનાલય ધરાવે છે, જેમાં ૧૧૦૦ પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ સંસ્થા દ્વારા 'પુરાણકાળથી જૈન ધર્મનો ઈતિહાસ' આઠ ભાગમાં પ્રગટ કરવાની એક બૃહદ યોજના હાથ ધરવામાં આવી છે અને આજ સુધીમાં તેના ત્રણ ભાગ બહાર પડી ચૂક્યા છે. આમ સંશોધન, પુસ્તક પ્રકાશન અને યોગ્ય પુરસ્કાર દ્વારા વિદ્યાર્થીઓને તૈયાર કરવાની દિશાએ આ સંસ્થા વર્ષોથી અત્યંત ઉપયોગી સેવા બજાવી રહેલ છે.

વિદ્વદ્વર્ય ડૉ. મોહનલાલ મહેતા આ સંસ્થાના નિયામક છે, જેમણે આ સંસ્થા મારફત જ ડૉક્ટરની પદવી પ્રાપ્ત કરી છે, અને જેઓ બનારસ યુનિવર્સિટીની 'કૉલેજ ઑફ ઈન્ડોલોજી'ના માનદ અધ્યાપક છે. સંસ્થા મારફત છેલ્લાં ૨૦ વર્ષથી પ્રગટ થતા શ્રમણ માસિકના પણ તેઓ સંપાદક છે.

આ સંસ્થા માટે અનેક પ્રકારની સગવડતાઓ ધરાવતું મકાન ઊભું કરવા માટે અને તેને પૂરી પગભર બનાવવા માટે સંસ્થાના સંચાલકોએ દશ લાખની રકમ એકઠી કરવાનો સંકલ્પ કર્યો છે, અને તેના સંદર્ભમાં ઉપર જણાવેલ નાટક–સમારંભ યોજવામાં આવ્યો છે. આ સંસ્થામાં કરવામાં આવતા દાનોને આવકવેરામાંથી મુક્તિ મળી છે.

જૈન સમાજના જાણીતા આગેવાન અમૃતસર નિવાસી વયોવૃદ્ધ લાલા હરજસરાયજી આ સંસ્થાના આત્મા રૂપ છે. મુંબઈ ખાતે વસતા જૈન આગેવાન લાલા શાદીલાલજી જૈન આ સંસ્થાના પ્રમુખ સંચાલક છે. તેમણે હાથ ધરેલ ઉપર જણાવેલ ફંડમાં જાહેર ખબરો દ્વારા અથવા તો અનુદાન દ્વારા મદદરૂપ થવા વિદ્યાપ્રિય જૈન સમાજના સુસ્થિત વર્ગને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે. આ કાર્યમાં મદદરૂપ થવા ઈચ્છતા ભાઈબહેનોને શ્રી શાદીલાલજી જૈન (ઠે. આર. સી. એચ. બરાર ઍન્ડ કું. બરાર હાઉસ, ૨૩૯, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૩. (ટે. નં. ૩૨૬૦૩૯) સાથે સંપર્ક સાધવા વિનંતિ છે.

—પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
ગાંધીજી અને આપણા આજના રાષ્ટ્રીય પ્રશ્નો	શ્રીમન્ નારાયણ	૧૧
રાષ્ટ્રપતિની ચિરવિદાય શું શાસ્ત્રોને પડકાર આપી શકાય છે?	શ્રી અમરમુનિ	૧૨
આદર્શ અને વાસ્તવિકતા	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૫
અદ્યતન લોકશાહીનું વિષદ વિશ્લેષણ	સુજાતાબહેન મનોહર	૧૬
કૉંગ્રેસ અધિવેશન	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૮
પ્રબુદ્ધ જીવનની પત્રચર્યા		૧૯
પ્રકીર્ણ નોંધ : એક સામાન્ય માણસે કરેલી અસામાન્ય સખાવત, ભક્તિનો અતિરેક, જમણવારોનો અતિરેક, 'માટી અને આભલાંની લોકકળા'ના સંદર્ભમાં, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાનના લાભાર્થે યોજાયેલો સમારંભ	પરમાનંદ	૨૭
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મકાન ફંડ : સભ્યોને તથા પ્રશંસકોને અનુરોધ	મંત્રીઓ	૨૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મકાન ફંડ: સભ્યોને તથા પ્રશંસકોને અનુરોધ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઈ. સ. ૧૯૨૮ ના નવેંબર માસમાં (કાર્તિક શુદ ૫ ના રોજ) સ્થાપના કરવામાં આવી હતી અને તે દિવસોમાં ધનજી સ્ટ્રીટમાં આવેલા એક મકાનના નાના ઓરડામાં સંઘની પ્રવૃત્તિનું સંચાલન કરવામાં આવતું હતું. સંઘની પ્રવૃત્તિ એ કાળે શ્વે. મૂ. જૈન સમાજ પૂરતી મર્યાદિત હતી. સમય જતાં ઈ. સ. ૧૯૩૮ માં સંઘના બંધારણમાં પાયાના સુધારા કરીને બન્ને ફિરકાના પ્રગતિશીલ યુવકો માટે સંઘનાં દ્વાર ખુલ્લાં કરવામાં આવ્યા, અને ૧૯૩૯ ના મે માસમાં 'પ્રબુદ્ધ જૈન' નું પ્રકાશન શરૂ કરવામાં આવ્યું. ૧૯૪૦ ના માર્ચ માસમાં આજની જગ્યાએ સંઘનું કાર્યાલય ફેરવવામાં આવ્યું અને એ જ વર્ષના ઑગસ્ટ માસમાં શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય - પુસ્તકાલયની સ્વ. બાલાસાહેબના વરદ હસ્તે શરૂઆત કરવામાં આવી.

સંઘની આ રીતે વિકસતી જતી પ્રવૃત્તિઓ ચલાવવા માટે હવે આજની જગ્યા બહુ સાંકડી પડે છે. વાચનાલય - પુસ્તકાલયના વિકાસને આજની જગ્યામાં હવે વિશેષ કોઈ અવકાશ રહ્યો નથી. નવું વાંચન સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં પ્રગટ થતું જાય છે. આમ છતાં નવાં પુસ્તકો મૂકવા વસાવવા માટે કોઈ જગ્યા નથી. નવી પ્રવૃત્તિઓ હાથ ધરવી હોય તો તેના સંચાલન માટે હાલ કોઈ અવકાશ નથી. વળી ધનજી સ્ટ્રીટમાં દિન પ્રતિ દિન માણસોની ભીડ વધતી જાય છે. દિવસના કોઈ ભાગમાં અને તેમાં પણ સાંજના સમયે મોટરવાળાઓને પોતાની મોટર મૂકવા માટે ભાગ્યે જ જગ્યા મળે છે. ખૂબ વધી રહેલા ધંધા-વ્યવસાયના કારણે આખો લત્તો લોકોના અવાજથી ખૂબ ધમધમતો હોય છે. આ ઉપરાંત જે મકાનમાં સંઘનું કાર્યાલય છે તે મકાન ઘણું જૂનું છે અને તેમાં રહેવા વસવાનું દિનપ્રતિદિન વધારે જોખમભર્યું બનતું જાય છે.

આવાં કેટલાંક કારણોસર સંઘનું કાર્યાલય વધારે વિશાળ અને પ્રમાણમાં શાન્ત એવા લત્તામાં લઈ જવાની જરૂર ઊભી થઈ છે. કેટલાક સમયથી સંઘના કાર્યવાહકો આ બાબતનો વિચાર કરી રહ્યા હતા અને તે અંગે ચિન્તા સેવી રહ્યા હતા. પણ આજ સુધી તે દિશાએ કોઈ સક્રિય પગલું ભરવામાં આવ્યું નહોતું.

આજે જ્યાં સંઘનું કાર્યાલય છે તેની નજીકમાં સંઘ માટે અપેક્ષિત એવી કોઈ ખાલી જગ્યા મળવાનો સંભવ નથી. આ માટે બહુ દૂર નહિ એવા લતામાં બંધાતા અથવા તૈયાર થયેલા મકાનમાં માલેકીના ધોરણે કોઈ જગ્યા પસંદ કરવામાં આવે તો જ આ પ્રશ્નનો ઉકેલ આવી શકે. આવી જગ્યા માટે સંઘ પાસે ઓછામાં ઓછી એક લાખની રકમ હોવી જરૂરી છે. તો એક બાજુએ જગ્યા શોધવા માંડવી અને બીજી બાજુએ મકાન ભંડોળ ઊભું કરવું - એ બન્ને બાબતો એક સાથે હાથ ધરવાનું આવશ્યક બન્યું છે.

આ વિષય અંગે આમ ચર્ચાવિચારણા ચાલતી હતી એ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી. બાબુભાઈ ગુલાબચંદ શાહ, જેઓ મુંબઈમાં કેટલાંક વર્ષોથી ઈન્કમટેકસના સલાહકાર તરીકેનો વ્યવસાય કરે છે તેમના તરફથી, જો સંઘની કાર્યવાહક સમિતિ સંઘના મકાન માટે એક લાખની રકમ એકઠી કરવાનો સંકલ્પ કરે તો, આ કાર્ય માટે રૂા. ૫૦૦૦ ની રકમ આપવાની ઈચ્છા દર્શાવતો પત્ર મળ્યો. આ પત્ર ઉપર વિચાર કરવા માટે તા. ૧૮-૪-૬૯ ના રોજ સંઘની કાર્યવાહક સમિતિની સભા બોલાવવામાં આવી. એ સભામાં પ્રસ્તુત વિચારને વધારે વેગ મળે એ હેતુથી શ્રી બાબુભાઈએ તેમના પત્રમાં જણાવેલી શરતને જતી કરીને તત્કાળ રૂા. ૫૦૦૦ નો ચેક રજુ કર્યો અને તેના અનુમોદનમાં સંઘની કાર્યવાહક સમિતિના બીજા એક સભ્ય શ્રી દામજી વેલજી શાહે પણ પોતાની પુત્રીનાં નામથી રૂા. ૫૦૦૦/ ની રકમ આપવાની ઈચ્છા દર્શાવી. આ બાબત ઉપર વધારે વિચારણા કરવા માટે અને મકાન ફંડને વધારે પુષ્ટિ આપવા માટે સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી. ધીરુભાઈ કુલચંદ શાહે સંઘના કાર્યવાહકો અને અન્ય નિકટવર્તી સભ્યોનું સાયન ખાતે આવેલા તેમના નિવાસસ્થાને એક સ્નેહસંમેલન યોજવા નિમંત્રણ આપ્યું અને તે મુજબ તા. ૩-૫-૬૯ શનિવારે યોજાયેલા સંમેલનમાં કેટલીક ચર્ચાવિચારણા બાદ ઉપસ્થિત સભ્યો તરફથી નાની મોટી રકમો નોંધાતાં મકાનફંડ ખાતે કુલ રૂ. ૨૨૦૧૮ ની રકમ નોંધાણી, જેની યાદી નીચે મુજબ છે:

૫૦૦૧-૦૦ શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહ
૫૦૦૧-૦૦ બહેન રેખા, હસ્તે: શ્રી દામજી વેલજી શાહ
૨૫૦૧-૦૦ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૧૫૦૧-૦૦ શ્રી ખીમજીભાઈ માડણ ભુજપુરીયા
૧૦૦૧-૦૦ શ્રી ધીરજલાલ કુલચંદ શાહ.
૧૦૦૧-૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૧૦૦૧-૦૦ શ્રી સુબોધભાઈ એમ. શાહ.
૧૦૦૧-૦૦ શ્રી ટોકરશીભાઈ વીરા
૧૦૦૧-૦૦ શ્રી નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૦૧-૦૦ શ્રી અમૃતલાલ જે. શાહ
૫૦૧-૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૫૦૧-૦૦ શ્રી મદનલાલ ઠાકોરદાસ શાહ
૫૦૧-૦૦ શ્રી હીરાલાલ ઝવેરી
૧૦૧-૦૦ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
૧૦૧-૦૦ શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ
૧૦૧-૦૦ શ્રી અજિતભાઈ દેસાઈ
૧૦૧-૦૦ શ્રી ખેતશીભાઈ સાવલા
૧૦૧-૦૦ શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ

૨૨૦૧૮-૦૦

મકાનફંડની આવી શુભ શરૂઆત જાહેર કરતાં અમો ઘણો આનંદ અનુભવીએ છીએ અને સંઘના સભ્યોને અને સંઘ દ્વારા સંચાલિત થતા પ્રબુદ્ધજીવન અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રશંસકોને અમો અનુરોધ કરીએ છીએ કે સંઘનું પોતાનું મકાન થતાં તેને વધારે સ્થાયી રૂપ મળશે અને તેમ થતાં તેની આજની પ્રવૃત્તિઓને વિકસાવવાની તેમ જ નવી પ્રવૃત્તિઓ નિર્માણ કરવાની શક્યતાઓ વધશે એમ વિચારીને અમોએ નક્કી કરેલા લક્ષ્યાંકને સત્વર પહોંચીવળવાની દિશાએ તેઓ પોતાનો ઉદાર હાથ લંબાવે. સંઘના પોતાના માટે આવું ફંડ એકઠું કરવાનો આ પહેલો જ પ્રસંગ છે. મુંબઈ શહેરમાં અનેક સામાજિક સંસ્થાઓ છે. તેમાં છેલ્લાં ૪૦ વર્ષોથી કાર્ય કરતા આ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ભાત જુદી જ છે. તેનું નામ એક-સંપ્રદાય સૂચક હોવા છતાં તેની બધી પ્રવૃત્તિ કોઈ પણ પ્રકારના સાંપ્રદાયિક ભાવ કે અભિનિવેશથી હંમેશા મુકત રહી છે. પ્રબુદ્ધ જીવન હોય કે પર્યુષણ વ્યાખ્યાનમાળા હોય, લોકોને સમ્યક ચિન્તનલક્ષી બનાવવા અને સાચી સમજણ તરફ વાળવા - એ જ માત્ર તેનું ધ્યેય રહ્યું છે.

અહીં એ જણાવવું અપ્રસ્તુત નહિ લેખાય કે આ મકાનફંડને ધ્યાનમાં લઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘને આવકવેરામાંથી મુકિત અપાવવાનો પ્રયત્ન તાજેતરમાં હાથ ધરવામાં આવ્યો છે અને તેમાં અમને સફળતા મળવાની પૂરી આશા છે.

આ સંયોગોમાં સંઘના સભ્યોને અમારો સવિશેષ અનુરોધ છે કે તેઓ પોતા તરફથી આ ફંડમાં જરા ખેંચાઈને પણ સારી રકમ ભરે અને પ્રસ્તુત લક્ષ્યાંકને પહોંચી વળવામાં પોતાની લાગવગનો પૂરો ઉપયોગ કરીને પોતાના મિત્રો સ્વજનો પાસેથી સારી સારી રકમો મેળવી આપે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧, ૧૯૬૯, રવીવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ભગવાન બુદ્ધ

(વૈશાખી પૂર્ણિમા—તા. ૨—૫—૬૯ના રોજ રાત્રિના ઑલ ઈન્ડિયા રેડિયો—મુંબઈથી પ્રસારિત વાર્તાલાપ—થોડો વિસ્તારીને—નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

આજે વૈશાખી પૂર્ણિમા - બુદ્ધજયંતી છે. ભારત વર્ષમાં અને સમસ્ત એશિયામાં કરોડો નરનારીઓ **बुध्धं सरणं गच्छामि, धम्मम् सरणं गच्छामि, संघं सरणं गच्छामि** એવું ત્રિવિધ શરણ સ્વીકારી, ધન્યતા અનુભવશે. કારણ, ભગવાન બુદ્ધનું શાસન, **सब्ब पापस्स अकरणं** સર્વ પાપનું નાશ કરવાવાળું, **कुसलस्स उपसंपदा** કલ્યાણનું કરવાવાળું છે.

કોઈ પણ વ્યકિતના નામથી પ્રવૃત્ત થયેલા ધર્મનું ખરું સ્વરૂપ સમજવા માટે તે વ્યકિતનું ચરિત્ર, તેણે કરેલ ધર્મ—સંસ્થાપનનો પ્રયત્ન અને વ્યવસ્થા અને તેણે કરેલા ઉપદેશનું જ્ઞાન થવું જોઈએ. ભગવાન બુદ્ધનો ઉપદેશ જેટલો ભવ્ય છે એટલી જ એમની જીવનકથા રોચક અને અદ્‌ભુત રસપૂર્ણ છે.

માયાદેવીની કૂખે, લુંબિની ઉદ્યાનમાં સિદ્ધાર્થનો જન્મ થયો ત્યારે જ્યોતિષીઓએ ભવિષ્ય ભાખ્યું કે શુદ્ધોદન રાજાનો આ પુત્ર ચક્રવર્તી થશે અથવા બુદ્ધ થશે. પિતાની તીવ્ર ઈચ્છા હતી કે પુત્ર યોગમાર્ગ છોડી દઈ ચક્રવર્તી રાજા થાય. ભવિષ્યવેત્તાઓએ કહ્યું, "સિદ્ધાર્થની સામે વૃદ્ધ, વ્યાધિગ્રસ્ત અને મૃત મનુષ્ય આવશે તો તેમનાં દર્શનથી તેને વૈરાગ્ય ઉપજશે અને તે ગૃહત્યાગ કરશે. માટે એવા માણસો એની નજરે કદી યે પડે નહિ એવો બંદોબસ્ત કરો." પિતાએ પુત્રને પૂર્ણ સુખમાં રાખવા બધી વ્યવસ્થા કરી. તેના મનનું વાદ્ય અને નૃત્યથી રંજન કરવા સંખ્યાબંધ નૃત્યાંગનાઓ રાખવામાં આવી. યશોધરા જેવી રૂપવતી કન્યા સાથે લગ્ન કર્યું. ભારે આનંદથી યૌવનના દિવસો ગાળવા લાગ્યો. ૨૯ વર્ષ આવી રીતે ભોગવિલાસમાં વીતી ગયાં. એક દિવસ પિતાની રાજધાની જોવાનું અને રાજોદ્યાનમાં ફરી આવવાનું સિદ્ધાર્થને મન થયું. પિતાને ખબર પડી એટલે રસ્તા સાફસુફ કરાવ્યા અને આંધળા, પાંગળા, ઘરડા, દુબળા લોકોએ તે દિવસે રસ્તા પર ફરકવું નહિ એવો હુકમ કર્યો. પણ જેને હાથે જગતનું કલ્યાણ થવાનું હતું તેવા મહાપુરુષને જગતની



વાસ્તવિકતાથી અંધારામાં કયાં સુધી રાખી શકાય? ઘડપણથી વાંકા વળી ગયેલ એક માણસને તેણે જોયો. છન્ન સારથિને પૂછ્યું: "આ સામે જે પ્રાણી જાય છે તે મનુષ્ય છે કે કોણ છે? એના વાળ ધોળાં થઈ ગયા છે, દાંત બિલકુલ નથી, ડોળા ઊંડા ઊતરી ગયા છે, લાકડીથી કાંપતો ચાલે છે, પીઠ છેક જ વળી ગઈ છે." સારથિએ કહ્યું : "આર્યપુત્ર, વૃદ્ધાવસ્થા કહે છે તે આ. એક વખત તમારા જેટલો જ યૌવનમદ એના અંગમાં હતો. હે રાજપુત્ર, યૌવન ચંચળ છે. આપણી પણ આ દશા થયા વિના રહેવાની નથી." સિદ્ધાર્થે રથને પાછો વાળ્યો. ઉદ્યાનમાં ક્રીડા કરવાની ઈચ્છા રહી નહિ. વળી એક દિવસ ફરવા નીકળ્યો તો રોગી માણસ મળ્યો. વૃદ્ધ નહીં છતાં તેનાથી પણ અધિક અશકત. સારથિને પૂછ્યું તો કહે, "આર્યપુત્ર, આનું નામ વ્યાધિ, મનુષ્યપ્રાણીનું બળ અસ્થાયી છે. આરોગ્યમદ મિથ્યા છે." વળી એક દિવસ ફરવા નીકળ્યો અને વાટમાં મૃતદેહનું દર્શન થયું. સારથિને પૂછ્યું તો તેણે કહ્યું, "આર્યપુત્ર, આ મનુષ્ય ગતપ્રાણ છે, તેના શબને બાળી કે દાટી દેશે. તમને તથા અમને કયારેક તો આ અવસ્થા પ્રાપ્ત થવાની જ છે." સિદ્ધાર્થનું મન ચકડોળે ચડ્યું. જરા, વ્યાધિ અને મરણનો વિચાર કરવાથી માણસનો યૌવનમદ, બળમદ અને આયુષ્યમદ નષ્ટ થાય. છતાં માણસો, અજ્ઞાનથી, સુકાયેલા ખાબોચિયામાંની માછલીની જેમ, સંસારના પ્રપંચમાં તૃષ્ણાથી તરફડે છે. ખરો સુખી કોણ? સાચું સુખ શેમાં? સિદ્ધાર્થની આવી મનોદશા હતી ત્યારે તેને ત્યાં પુત્રનો જન્મ થયો. વધામણી આપનારને કહ્યું, આ બંધન આવ્યું, રાહુ પેદા થયો. પુત્રનું નામ રાહુલ પાડ્યું. સિદ્ધાર્થનું મન બીજી જ દિશામાં વળેલું હતું. તેને જરા, વ્યાધિ, મરણ ઈત્યાદિ દુઃખમાંથી મુકત થઈ, આત્યન્તિક સુખનો માર્ગ શોધવો હતો, શાશ્વત સુખની પ્રાપ્તિ કરવી હતી. મધરાતે જાગ્યો. અવ્યવસ્થિતપણે સુતેલી નર્તકીઓ ભણી નજર ફેંકી. જીવંત માણસોના સ્મશાનમાં બેઠો હોય એવો તેને ભાસ થયો. સૌંદર્યની ક્ષણભંગુરતા અનુભવી. ગૃહત્યાગનો નિર્ણય કર્યો. છન્નને બોલાવી કંથક ઘોડો સજ્જ કર્યો. પ્રિય પત્ની અને તે જ દિવસે

જન્મેલ પુત્ર યાદ આવ્યા. પત્નીને ઉઠાડી તેની આખરી વિદાય લેવી અને પુત્રમુખ નીરખવું એવો વિચાર આવ્યો. પણ તેમ કરતાં ગમનમાં અંતરાય પડશે એમ થયું. કેટલોક વખત અંતરમાં તુમુલ યુદ્ધ મચ્યું. છેવટ પત્ની અને પુત્રના મોહની જાળમાં ન સપડાતાં, મોક્ષમાર્ગના અભિલાષી સિદ્ધાર્થે જગતકલ્યાણ માટે મહાભિનિષ્ક્રમણ કર્યું.

ગૃહત્યાગ કરી, સિદ્ધાર્થે કાલામ અને ઉદ્રક જેવા વિખ્યાત ઋષિઓના આશ્રમમાં રહી, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. યોગથી સમાધિની આઠ પાયરીઓ વટાવી ગયો. પણ તત્ત્વજ્ઞાનની પોપટ-પંચીથી અથવા યોગની સિદ્ધિઓથી સિદ્ધાર્થના મનનું સમાધાન ન થયું. તેથી પ્રચલિત ધર્મપન્થોમાં પેસી વખત ન બગાડતાં, પોતે જ પ્રયત્ન કરી નિર્વાણનો માર્ગ શોધી કાઢવાનો નિર્ણય કર્યો.

હઠયોગની સાધના કરી, કઠોર તપશ્ચર્યા આદરી. હાથપગ સાંઠીકા જેવા થઈ ગયા. બરડાની કરોડ સાફ દેખાવા લાગી. ભાંગેલા ઘરના વાંસની પેઠે પાંસળીઓ હચમચી ગઈ. પાણીમાં પડેલ નક્ષત્રોનાં પ્રતિબિંબ જેમ ઊંડા ગયેલા દેખાય છે તેમ તેની આંખની કીકીઓ ઊંડી ઊતરી પડી. કડવું કોળું કાચું કાપીને તડકામાં નાખતાં જેમ કરમાઈ જાય છે તેમ તેની અગાઉની સુંદર અંગકાંતિ છેક કરમાઈ ગઈ અને તેનાં પેટ અને પીઠ ચોંટીને એક થઈ ગયા. ઉગ્ર તપશ્ચર્યાના વિકટ માર્ગથી પણ પરમ શાંતિ પ્રાપ્ત થઈ નહિ. તેથી સિદ્ધાર્થે ઉગ્ર તપશ્ચર્યા છોડી દીધી. તેના સાથીઓએ તેને ઢોંગી ગણી તેનો ત્યાગ કર્યો. છ વર્ષની તપશ્ચર્યા પછી, સિદ્ધાર્થે અનુભવ્યું કે જેમ કામોપભોગમાં સુખ નથી તેમ માત્ર દેહદંડથી સુખ પ્રાપ્તિ થતી નથી. તેણે મધ્યમ માર્ગ સ્વીકાર્યો અને તેનું ધર્મચિંતન આગળ વધ્યું. ધ્યાનસ્થ સમાધિમાં અંતે બોધિજ્ઞાન પ્રાપ્ત થયું અને સિદ્ધાર્થ બોલી ઊઠ્યા :

અનેક જન્મજન્માંતરોવાળા આ સંસારમાં હું રાત્રિદિવસ દોડ્યો અને ગૃહકર્તાની શોધ કરતાં વારંવાર જન્મદુ:ખ પામ્યો. હે ગૃહકર્તા, આજ તું મને પ્રત્યક્ષ થયો છે. હવે ફરીથી ઘર કરીશ નહિ. તેનાં સર્વ પીઢિયાં પાટિયાં ભાંગી ગયા છે અને મોભ તૂટી ગયા છે. મારું ચિત્ત નિર્વાણ પામ્યું છે અને તૃષ્ણાનો ક્ષય થયો છે. પોતાની જ્ઞાન દૃષ્ટિ વડે ચાર આર્યસત્યો અને તદન્તર્ગત આર્યઅષ્ટાંગિક માર્ગ તેણે જોયો. વિમુક્તિ સુખનો અનુભવ થયો. અવિદ્યાથી જરા-મરણ સુધીની કાર્યકારણ પરંપરા શોધી, દુ:ખના આત્યંતિક નાશનો માર્ગ જડ્યો.

સંબોધિજ્ઞાનની પ્રાપ્તિ પછી, બુદ્ધનાં મનમાં વિચાર આવ્યો કે મને જે ધર્મજ્ઞાન પ્રાપ્ત થયું છે તેનો બોધ જગતના પ્રપંચમાં રચ્યાપચ્યા રહેલા જનોને થવો શક્ય નથી. માટે ધર્મોપદેશની ખટપટમાં ન પડતાં એકાંતમાં જ કાલક્રમણ કરવું સારું છે. વળી વિચાર આવ્યો કે આ જગતમાં જેમના જ્ઞાન પર અજ્ઞાનમળનાં પડ ઘટ્ટ બેઠાં નથી એવા પુષ્કળ જીવે છે. ધર્મવાક્ય એવાના કાને ન પડવાથી ભારે હાનિ થાય છે. નિર્મળ અંત:કરણથી જાણેલ અમૃત-તુલ્ય ધર્મનો ઉપદેશ એવાઓને થશે તો તેનું રહસ્ય જાણનાર ઘણાં લોક આ જગતમાં મળી આવશે. જગતના પરમ સદ્‌ભાગ્યે, ભગવાન બુદ્ધે પોતે જાણેલ ધર્મનો ઉપદેશ કર્યો અને ૪૪ વર્ષ સુધી આ ભારતવર્ષમાં ધર્મચક્ર પ્રવર્તાવ્યું.

ભગવાને તેમનો પ્રથમ ઉપદેશ, ઋષિપતનમાં, જે પાંચ તપસ્વીઓએ તેમને ઢોંગી સમજી તેમનો ત્યાગ કર્યો હતો, તેમને જ કર્યો અને તે જ તેમના પ્રથમ શિષ્ય થયા. ચાર આર્યસત્યો અને તદન્તર્ગત આર્ય અષ્ટાંગિક માર્ગ ટૂંકમાં આ પ્રમાણે છે :

જન્મ, જરા, વ્યાધિ, મરણ, અપ્રિય વસ્તુઓનો સમાગમ અને પ્રિય વસ્તુઓનો વિયોગ ઇત્યાદિ કારણોથી મનુષ્ય આ લોકમાં દુ:ખી થાય છે. આ જે રાયથી રંક પર્યંતનું સર્વસાધારણ દુ:ખ એ પ્રથમ આર્યસત્ય છે.

આ સર્વ દુ:ખનો ઉદય તૃષ્ણામાંથી થાય છે. ઐહિક ઉપભોગોની તૃષ્ણા, સ્વર્ગલોકમાં જન્મવાની તૃષ્ણા, યથેચ્છ સુખ ભોગવી, આત્મહત્યા કરી જગતમાંથી લુપ્ત થઈ જવાની તૃષ્ણા—આ ત્રણ તૃષ્ણાથી મનુષ્યપ્રાણી અનેક પાપો આચરે છે અને દુ:ખભાગી થાય છે. તેથી તૃષ્ણાને દુ:ખનું મૂળ સમજવું જોઈએ. દુ:ખ-સમુદય નામનું આ બીજું આર્યસત્ય છે.

તૃષ્ણાનો નિરોધ કરવાથી નિર્વાણનો લાભ મળશે. દેહદંડથી કે કામોપભોગથી મોક્ષપ્રાપ્તિ થનાર નથી. આ દુ:ખનિરોધ નામનું ત્રીજું આર્યસત્ય છે

સમ્યક દૃષ્ટિ, સમ્યક સંકલ્પ, સમ્યક વાચા, સમ્યક કર્મ, સમ્યક આજીવ, સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ અને સમ્યક સમાધિ—દુ:ખનિરોધનો આ અષ્ટાંગિક મધ્યમ માર્ગ દુ:ખનિરોધગામિની પ્રતિપદા ચોથું આર્યસત્ય છે.

આ ધર્મ અંગીકાર કરી જે બ્રહ્મચર્યનું પાલન કરશે તે ભવ-દુ:ખનો અંત આણશે.

ભગવાન બુદ્ધ તાર્કિક અને દાર્શનિક ચર્ચાના મોહમાં પડ્યા નથી. પરલોકની જાતજાતની કલ્પનાઓ ઉપર પણ તેમનો ધર્મ રચાયો નથી. એમણે જીવનનું ખરેખરું રહસ્ય શું છે એ શોધવાનો જ પ્રયત્ન કર્યો છે. જીવતરની સફળતા શામાં રહેલી છે, જીવનમાં શું કેળવવા જેવું છે, શું મેળવવા જેવું છે, શું ત્યાગવા જેવું છે, કઈ વૃત્તિ ધારણ કરીને જીવનનો વ્યવહાર ચલાવવાનો છે એ બધું સમજી, સમજાવવા માટે જ બુદ્ધનો સર્વપ્રયાસ હતો અને તેથી જ જીવનધર્મી મનુષ્ય-સમાજને બુદ્ધના ઉપદેશ પ્રત્યે આટલું આકર્ષણ રહ્યું છે. બુદ્ધનો ધર્મ એહિ **પશ્યક** ધર્મ કહ્યો છે: આવો અને જુઓ, પોતાની મેળે તપાસો અને ખાતરી થાય તો સ્વીકારો. બુદ્ધના પરિનિર્વાણદિને આનંદે ભગવાનને કહ્યું કે, "ભિક્ષુ સંઘને છેવટની કાંઇક વાત કર્યા વિના નિર્વાણ પામશો નહિ." ત્યારે બુદ્ધ કહ્યું : "આનંદ, ભિક્ષુસંઘ મારી પાસેથી બીજી કઈ વાત સમજી લેવાની ઈચ્છા રાખે છે? મારો ધર્મ મેં ખુલ્લો કરી બતાવ્યો છે. તેમાં ગુરુ-કુંચી રાખી નથી. હવે પોતા પર જ અવલંબીને રહો!"

બુદ્ધ ધર્મનો પાયો એ છે કે મનુષ્ય માત્ર રાય કે રંક જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ ઈત્યાદિ દુ:ખથી ઘેરાયેલો છે. વળી મનુષ્યના દુ:ખનું મૂળ તૃષ્ણા છે. એટલે જીવ, જગત, ઈશ્વર વિગેરે તાત્ત્વિક વિવાદમાં પડવાને બદલે આ દુ:ખમુક્તિનો માર્ગ તેમણે શોધ્યો. તેમના એક શિષ્ય માલુંક્યપુત્રે બુદ્ધને પૂછ્યું : "જગત શાશ્વત છે કે અશાશ્વત? શરીર અને આત્મા એક છે કે ભિન્ન છે? પુનર્જન્મ છે કે નહિ?" બુદ્ધે કહ્યું : "એકાદ માણસ શરીરમાં બાણનું વિષમય શલ્ય પેસવાથી તરફડતો હોય, તો તેનાં સગાંવહાલાં વૈદને બોલાવી લાવશે. આ રોગી વૈદને કહે, "આ બાણ કોણે માર્યું છે? તે બ્રાહ્મણ હતો કે શુદ્ર, કાળો હતો કે ગોરો? ધનુષ્ય કેવું હતું? તેની દોરી કેવી હતી? આ બધું મને સમજાવો. પછી શલ્યને હાથ લગાડવા દઈશ." આવી હઠ પકડે તો તેનું મરણ જ થાય. તે જ પ્રમાણે જગત શાશ્વત છે કે અશાશ્વત ઈત્યાદિ સર્વ મુદ્દા સમજ્યા વિના હું બ્રહ્મચર્યનો અભ્યાસ કરીશ નહિ, તો તે મુદ્દા સમજતાં પહેલાં જ મરણ આવશે. જગત શાશ્વત છે કે અશાશ્વત એથી ધાર્મિક આચરણમાં ફેર પડતો નથી. આવા વાદથી વૈરાગ્ય ઉત્પન્ન થવાનો નથી, પાપનો નિરોધ થનાર નથી, શાંતિ, સંબોધ, પ્રજ્ઞા અને નિર્વાણની પ્રાપ્તિ થનાર નથી.

બુદ્ધના ઉપદેશનો સાર એ છે કે દુ:ખમય જગતમાં શાશ્વત સુખનો અથવા દુ:ખમુક્તિનો માર્ગ અંતર-કરુણા, દયા, પ્રેમ, અહિંસા, મૈત્રી એ જ છે. ક્રોધની સામે ક્રોધ, વેરની સામે વેર, હિંસાની સામે હિંસાથી દુ:ખ વધે જ છે, કોઈ કાળે ઘટે નહિ.

अक्कोच्छि मं अवधि मं अजिनि मं अहासि मे ।
ये तं न उपनय्हन्ति वेरं तेसूपसम्मति ।।
न हि वेरेन वेरानि सम्मन्तीध कुदाचनं ।
अवेरेन च सम्मन्ति एस धम्मो सनन्तनो ।।

અમુકે મને ગાળ દીધી, માર્યો, અમુક મને જીતી ગયો, મારું લૂંટી ગયો, જેઓ આવી વાતોની ગાંઠ નથી વાળી રાખતા, તેમનું

વેર શાંત થઈ જાય છે. આ જગતમાં વેરથી વેર કદી શાંત થતા નથી. પ્રેમથી જ વેર શાંત થાય છે. આ સનાતન ધર્મ છે.

આવી અવેર, પ્રેમ–કરુણાવૃત્તિ કેળવવા, તૃષ્ણાનો ત્યાગ અને અપ્રમત્તપણે ચિત્તશુદ્ધિની સાધના જરૂરી છે. તૃષ્ણા વિષે ભગવાને કહ્યું :–

જે મનુષ્ય પ્રમાદી થઈને પ્રવૃત્તિ કરે છે, તેની તૃષ્ણા માલુવાનો વેલની પેઠે વધ્યે જાય છે. આસક્તિરૂપ એ તૃષ્ણા આ જગતમાં ભારે દુષ્ટ છે અને મનુષ્યને હંફાવે છે. પણ જે મનુષ્ય આવી તૃષ્ણાને હંફાવી શકે છે તેના તમામ શોકો પદ્મપત્ર ઉપરથી પાણીના તમામ ટીપાં ખરી પડે છે તેમ ખરી પડે છે.

ચિત્તશુદ્ધિ માટે ભગવાને કહ્યું છે :

જેમ બાણને બનાવનારો, વળી ગયેલા બાણને સીધું કરે છે, તેમ બુદ્ધિમાન પુરુષ વારંવાર ફફડાટ કરતા ચંચલ અને ન સાચવી શકાય એવા અને મહામુસીબતે નિગ્રહમાં લાવી શકાય એવા ચિત્તને સીધું કરે છે.

પાણીમાં રહેનારા માછલાંને પાણીમાંથી બહાર કાઢી જમીન ઉપર એક સ્થાનેથી બીજે સ્થાને ફેંકવામાં આવતાં તે જેમ તરફડે છે, તેમ કામવાસનાઓને છોડવાનું આવતાં આ ચિત્ત ભારે ફફડાટ કરે છે.

ચિત્ત દૂર દૂર સુધી ભટકનારું છે, એકલું એકલું ફર્યા કરે છે. અશરીરી છે, હૃદયની ગુફામાં સંતાઈ રહેનારું છે. જેઓ આ ચિત્તને સંયમમાં આણી શકશે, તેઓ માયાના બંધનોમાંથી મુક્તિ મેળવશે.

આવા ધર્મમાં જાતિભેદને કોઈ સ્થાન ન હોય, સર્વજીવ પ્રત્યે સમાન વર્તન હોય તે સ્વાભાવિક છે. જૈન ધર્મની પેઠે, બુદ્ધ ધર્મમાં માનવ-માનવ વચ્ચે ઉચ્ચનીચના ભેદ નથી. બુદ્ધે કહ્યું છે :

"સર્વ સંસાર બંધન છોડી જે કોઈ પણ પ્રકારનાં પ્રાપંચિક દુ:ખથી બીતો નથી, કોઈ પણ વાતની જેને આસક્તિ નથી તેને હું બ્રાહ્મણ કહું છું. બીજાએ દીધેલી ગાળો, બંધન, વધ ઇત્યાદિ જે સહન કરે છે, ક્ષમા એ જ જેનું બળ છે, તેને હું બ્રાહ્મણ કહું છું. જન્મને લઈને કોઈ બ્રાહ્મણ કે અબ્રાહ્મણ થતું નથી. કર્મથી જ બ્રાહ્મણ કે અબ્રાહ્મણ થાય છે."

એટલે ભગવાન બુદ્ધ અંગુલિમાલ જેવા ભયંકર લૂંટારાને પોતાના શિષ્ય બનાવી શક્યા, લીચ્છવી રાજાઓનું આમંત્રણ તજીને, આમ્રપાલી ગણિકાને ત્યાં ભોજન માટે ગયા.

ભગવાન બુદ્ધનું જીવન જગતના દુ:ખી જીવો પ્રત્યે કરુણા–સભર હતું. તેના કેટલાક પ્રસંગો સંક્ષેપમાં જોઈએ.

પહેલો પ્રસંગ : મહાભિનિષ્ક્રમણ સમયે, પત્નીની વિદાય ન લીધી કે પુત્ર-મુખ જોવા પણ ન રોકાયા અને મનોમન વિચાર્યું :

"યશોધરા, હું તને અજાણમાં રાખી અરણ્યવાસ સ્વીકારું છું, તેથી તારા પર મારો પ્રેમ નથી એમ ન સમજતી. પ્રાણીમાત્રનાં દુ:ખથી મારું હૈયું કકળી રહ્યું છે. મારા પર ક્રૂરપણાનો આરોપ ભલે થાય, પણ મારું મન પહેલાં કરતાં વધારે મૃદુ બન્યું છે. પહેલાં મારા મનને મારા દુ:ખથી જ કષ્ટ થતું હતું. હવે સકળ જગતના દુ:ખથી મારું મન દુ:ખાય છે. સગાંવહાલાં સૌ મારા સુખને માટે છે એમ મને લાગતું હતું. પણ હવે જગતના કલ્યાણ માટે જ જીવવું એવો મારો સંકલ્પ થઈ ચૂક્યો છે. ગૃહત્યાગ કરવાનો હેતુ કેવળ મારા જ આત્માનો મોક્ષ નથી. મારે તો અનેક દુ:ખથી પીડાયેલી આ માનવ-જાતિને સુખની પ્રાપ્તિ થશે કે નહિ એની શોધ કરવી છે. જન્મ-જરાદિ દુ:ખમાંથી છૂટવાનો માર્ગ જડી આવશે તો મારા પુત્રનું અને મારી સ્ત્રીનું કલ્યાણ મારાથી થઈ શકશે."

બીજો પ્રસંગ : માગિન્દિય બ્રાહ્મણે, પોતાની સર્વલક્ષણ સંપન્ન કન્યાનો સ્વીકાર કરવા બુદ્ધ પાસે માગણી કરી ત્યારે બુદ્ધે કહ્યું : "આ નાશવંત મનુષ્ય–શરીર પર ઘૃણા આવવાથી તો મેં ગૃહત્યાગ કર્યો. કામસુખમાં મને આનંદ નથી." કન્યાને બુદ્ધ ઉપર ગુસ્સો આવ્યો. વખત જતાં ઉદયન રાજાની પટરાણી થઈ. ભગવાન બુદ્ધ કૌશામ્બીમાં વિચરતા હતા ત્યારે તેમનાં પર વેર વાળવાનો નિર્ણય કર્યો. ધૂર્ત લોકોને લાંચ આપી જ્યાં જ્યાં બુદ્ધ જાય ત્યાં ગાળો દેવડાવી તેમને ત્રાસ આપ્યો. આનંદે કહ્યું : "ભગવાન, આ શહેર છોડી જઈએ." ભગવાને કહ્યું, "આનંદ બીજે જઈશું તો પણ ક્લેશ-ભાગી થઈશું. અહીં જ સહન કરીએ. બીક રાખવાનું કોઈ પ્રયોજન નથી." અને સાતઆઠ દિવસમાં ભગવાને કહ્યું હતું તેમ જ થયું.

ત્રીજો પ્રસંગ : ભગવાનનો શિષ્ય દેવદત્ત ઈર્ષ્યાથી તેમનો વેરી બન્યો, અને બુદ્ધના પ્રાણ લેવા યુક્તિ રચી. ભગવાન પર્વતની છાયામાં બેઠા હતા ત્યાં ઉપરથી મોટો પથ્થર ધકેલ્યો. પગમાં વાગ્યું અને મોટો જખમ થયો. ભિક્ષુઓને ભય પેઠો અને ભગવાનની ચોકી કરવી શરૂ કરી. ભગવાને કહ્યું : "ભિક્ષુઓ, મારા દેહની આટલી બધી કાળજી લેવાનું કોઈ કારણ નથી. મારા શિષ્યો મારું રક્ષણ કરે એવી મારી ઇચ્છા નથી. બીજી તક શોધી, દેવદત્તે, ભગવાન સાંકડી ગલીમાંથી વિચરે ત્યારે, તેમનાં ઉપર મસ્ત હાથી છોડવાનું કાવતું કર્યું. વિશ્વમૈત્રીનું મનોબળ જેના અંતરમાં હતું એવા બુદ્ધની સમીપે મદોન્મત હાથીએ સૂંઢ વડે ભગવાનની ચરણરજ માથે ચડાવી. ભગવાનને દેવદત્ત ઉપર ક્રોધ થયો નહિ.

ચોથો પ્રસંગ : અંતિમ પ્રસંગ ભગવાનના પરિનિર્વાણનો. ચુંદ લુહારને ત્યાં, આમંત્રણથી ભોજન માટે ગયા. નાના પ્રકારના પકવાનોમાં એક પદાર્થ સૂકરમદવ હતો. તે લેવાથી ભગવાનને અતિસારનો વિકાર થયો અને મરણાંતિક વેદના થઈ. ચુંદ લુહારને ત્યાંથી વિહાર કરી, કુકુત્થા નદીને તીરે, કંથા પાથરી ભગવાન સૂતા અને આનંદને કહ્યું:–

"આનંદ, મને ભોજન કરાવ્યા બદલ ચુંદ લુહારને માઠું લાગવાનો સંભવ છે. પણ તમો તેને એમ કહેજો કે, તારું ભાગ્ય સમજ કે તથાગતને છેવટની ભિક્ષા દેવાનો અલભ્ય પ્રસંગ તને જ પ્રાપ્ત થયો."

ચુંદને ખોટું ન લાગે તે માટે કેટલી અંતર કરુણા! આવા કરુણા-મૂર્તિ ભગવાન બુદ્ધનો આજે જન્મદિન, બુદ્ધપદ–પ્રાપ્તિનો દિન અને પરિનિર્વાણ દિન છે : આ પવિત્ર દિવસે.

નમો તસ્સ ભગવતો અરહતો સમ્માસંબુધ્ધસ્સ

એ અરહંત ભગવંતને, એશિયાની જ્યોતને મારા તમારા નમસ્કાર હો ...!

વૈશાખ પૂર્ણિમા : ૨–૫–૧૯૬૯. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મકાન ફંડમાં નોંધાયેલી વિશેષ રકમો

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પ્રસ્તુત મકાન ફંડને લગતી અપીલ કરવામાં આવી હતી અને સાથે સાથે એ ફંડમાં રૂા. ૨૨૦૧૮ ની કુલ રકમ ભરાયાની જાહેરાત કરવામાં આવી હતી, ત્યાર બાદ આ ફંડમાં નીચે મુજબની રકમો નોંધાઈ છે:

૨૨૦૧૮	અગાઉ જાહેર થયેલી રકમો
૨૫૦૧	શ્રી ચંપકભાઈ દાદભાવાળા
૧૫૦૧	શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦૧	શ્રી જાસુદબહેન ફત્તેહચંદ શાહ
૫૦૧	શ્રી કોરશીભાઈ હીરજી
૨૫૧	શ્રી નવજીવન કાગદીની કું.
૧૦૧	એક બહેન તરફથી
૧૦૧	શ્રી નાનાલાલ હંસરાજ શાહ
૧૦૧	શ્રી વસંતકુમાર મોહનલાલ જસાણી

૨૮૦૭૬

આ માટે આ ગૃહસ્થોનો અમે આભાર માનીએ છીએ અને અન્ય સભ્યો અને પ્રશંસકોને આ ફંડ પ્રત્યે પોતાનો ઉદાર હાથ લંબાવવા પ્રાર્થના કરીએ છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

"પોતાના બાળકના ખૂનીને તેણે માફી આપી"

(માથા સાટે માથું લેવાની વેરવૃત્તિ રાખવાને બદલે પોતાની જ પુત્રીના ખૂનીને ક્ષમા આપવાનો આગ્રહ રાખનાર એક માનવીના ઉમદા ચારિત્ર્ય અને ઊંડી સમજનો પરિચય કરાવતી નીચે આપેલી કથા 'કોરોનેટ''ના ૧૯૬૦ મે માસના અંકમાં પ્રસિદ્ધ થયેલ સત્ય ઘટનાનો ગુજરાતી અનુવાદ છે. તંત્રી)

૧૯૫૯ જૂનની પાંચમી તારીખે ફિલાડેલ્ફીઆની એક શેરીમાં અસ્વસ્થ એનેટૉલ હૉલ્ટ આખી રાત આમથી તેમ આંટા મારી રહ્યો હતો. સવારે છ વાગે તેની નજરે છાપું પડ્યું ને તેણે મથાળું વાંચ્યું. "૧૫ વર્ષના એક કિશોરે સાડા ત્રણ વર્ષની છોકરીનું કરેલું ખૂન." આ સમાચારની વધુ વિગતમાં ઊતરવાની હૉલ્ટને જરૂર નહોતી; કારણ કે મરનાર છોકરી તેની પોતાની જ પુત્રી હતી.

આગલા દિવસે બપોરના ત્રણેક વાગે નાનકડી બંકી, ફિલાડેલ્ફીઆની વાયવ્ય બાજુ વૃક્ષાચ્છાદિત રુરલ લેઇન પર આવેલા પોતાના ઘરમાંથી રમતાં રમતાં બહાર નીકળી ગઈ. રેમિંગ્ટન રેન્ડ જેવી કંપનીમાં કામ કરતા તેના ૩૧ વર્ષના બુદ્ધિશાળી પિતાને પેન્સિલ્વીઆ યુનિવર્સિટીએ ખાસ આગ્રહ કરી પોતાને ત્યાં ગણિતના પ્રાધ્યાપક તરીકે કામ કરવા આમંત્રણ આપ્યું હતું. બંકી બહાર ચાલી ગઈ ત્યારે તેના પિતા યુનિવર્સિટીની ઑફિસમાં હતા અને ૩૨ વર્ષની તેની સુંદર દેખાવડી માતા ટાટાઈના હૉલ્ટ એ વખતે તેની બીજી બે પુત્રીઓ – પાંચ વર્ષની ડેનિયલ અને છ માસની મીલા – સાથે ઘરમાં હતી.

ઘર બહાર જતાં જ તોફાની બંકીની નજર પોતાના ઘરથી થોડે દૂર રહેતાં કુની કુટુંબના કૂતરા પર ગઈ. રસોડામાં કૂતરાને જતો જોઈ બાલસહજ કુતુહલથી બંકી પણ તેની પાછળ પાછળ ગઈ.

૧૧ વર્ષનો એડવર્ડ કુની એ વખતે રસોડામાં હતો. સેન્ટ જોસેફ કૅથોલીક સ્કૂલના આ તેજસ્વી વિદ્યાર્થીએ પોતાના સુંદર દેખાવ અને સુઘડ રીતભાત માટે 'મૉડેલ બૉય' તરીકે નામના મેળવી હતી. કૂતરા સાથે રમી રહેલી છોકરીને તે ઘડી ભર નિહાળી રહ્યો, અને અગાઉ કદી ન અનુભવી હોય તેવી જાતીય સંબંધ ભોગવવાની વૃત્તિ તેનામાં ઉભરાઈ આવી.

જ્યારે બંકીએ પ્રતિકાર કર્યો ત્યારે કુનીને પોતે શું કરી રહ્યો છે તેનો ખ્યાલ આવ્યો. આ વાત છોકરી કયાંક જાહેર કરી દેશે એ બીકે તે ખૂબ ગભરાઈ ગયો ને છોકરીને નીચે ભંડારિયામાં લઈ જઈ ગૂંગળાવી મારી નાખી અને શબને રમકડાંની પેટીમાં સંતાડી દીધું.

બંકી પાછી ન ફરતાં તેના માબાપે તેને શોધવા જે દોડધામ કરી તેમાં કુની પણ ભળ્યો. ગમે તેમ કરીને તેણે સાંજ તો પસાર કરી અને તે દિવસે છેક મોડેથી પાદરી પાસે જઈ તેણે પોતાના ગુનાનો એકરાર કર્યો. બધી હકીકત સાંભળ્યા પછી પાદરીએ જવાબ આપ્યો, 'તારે જે કરવાનું છે તે તો તું જાણે છે,' અને રાતના દસ વાગે કુની ડિટેકટીવને બંકીના શબ પાસે લઈ ગયો.

પોતાની પુત્રીનું ખૂન થયા પછી ટાટાઈનાએ સ્વસ્થતા જાળવી ઊંધવા ઘણી કોશિશ કરી. પોતે ધીરજ ગુમાવી રડારોળ કરી મૂકે તો તેની અસર બીજાં બાળકો પર ઘણી ખરાબ પડે એટલું સમજવા જેટલી તે શાણી હતી. ભૂતકાળમાં તેના રશિયન દાદાએ આપેલી શિખામણ તેને યાદ આવી, 'જીવનમાં કટોકટીની પળે ગભરાયા સિવાય કાંઈક પ્રવૃત્તિમાં મન પરોવવું જોઈએ.' અત્યારે સૂઈ જવું એ એની ફરજ હતી અને કામ તો જે બાકી રહ્યું હતું તે અતિ દર્દભર્યું હતું.

પરંતુ હૉલ્ટને ઊંઘ હરામ થઈ ગઈ હતી. ઊંઘવાની ગોળીની પણ જ્યારે કાંઈ અસર ન થઈ ત્યારે તે ઘર બહાર આંટા મારવા નીકળી પડ્યો. છાપામાં સમાચાર વાંચ્યા પછી બનેલા બનાવ પર વિચાર કરતો તે કયાંય સુધી તંદ્રાવસ્થામાં રહ્યો. વેદનાની તીવ્રતા ઘટતાં પોતાને જે કરવાનું હતું તેનો એકદમ તેને ખ્યાલ આવ્યો.

ઘેર આવી, કાગળ–પેન લઈ તેણે લખવાની શરૂઆત કરી, 'ફિલાડેલ્ફીઆના વહાલા નાગરિકો,' અને વ્યથાપૂર્ણ હૃદયે ૧૩૦૦ શબ્દોનો પત્ર લખ્યો જે તે જ દિવસે સાંજે 'ઇવનિંગ બુલેટીન' માં પ્રસિદ્ધ થયો. હૉલ્ટનું આ લખાણ સૌ કોઇ સમજી શકે તેટલું સીધું, સરળ નહોતું, પરંતુ તે અત્યંત હૃદયસ્પર્શી હતું, કારણ કે તેમાં તેણે પોતાની જ પુત્રીના ખૂનીને યોગ્ય રીતે સમજવાની અને તેના પ્રત્યે હમદર્દી બતાવવાની દર્દભરી અપીલ કરી હતી.

પત્રના આરંભમાં તેણે લખ્યું, 'વેદનાભર્યા ભારે હૈયે અત્યારે પરોઢિયે આપ સૌને હું આ લખી રહ્યો છું. ગઈ કાલે જૂનની ૪ થીની સાંજે, કુદરતે મને જે અમૂલ્ય ભેટ આપી હતી તેને હું ખોઈ બેઠો છું. પ્રેમ અને પવિત્રતાના પ્રતીક સમી મારી સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકી હજી તો કળીમાંથી પુષ્પ પાંગરી પોતાનો પમરાટ ફેલાવે તે પહેલાં તો એણે ચિર વિદાય લીધી! આ બાળકીમાં અસાધારણ પવિત્રતા અને ચેતના હતી. તેનામાં જીવનની પ્રાણમયતા ઉભરાતી હતી. આ જ કારણે તે જે કોઇના પરિચયમાં આવતી તેના ચિત્તને તે આકર્ષ્યા વિના રહેતી નહિ. તેના આ ખાસ ગુણોનો હું એટલા માટે ઉલ્લેખ કરું છું કે તેના સંબંધમાં શું બન્યું તે યથાસ્વરૂપે સમજવા માટે આ જાણકારી જરૂરી છે.

"આ પત્ર લખવાનો ઉદ્દેશ એટલો જ છે કે આ બાબતમાં મારા જે કંઈ વિચારો અને માન્યતાઓ છે તે આપની પાસે રજૂ કરું, જેથી આપણે એકબીજાના દૃષ્ટિબિંદુને સાચી રીતે સમજી શકીએ."

કુની પરિવારનો પરિચય આપતા હૉલ્ટે લખ્યું, "એ કુટુંબનો વડીલ કુની સજ્જન માણસ છે. અંગત રીતભાત, રહેણીકરણીમાં ઘરનાં સૌ સુઘડ અને સંસ્કારી છે, તેમ જ સામાજિક વ્યવહારોમાં પણ એ લોકો ઘણાં માયાળુ અને સમજુ છે. એમની એક પુત્રી હાલ વૉશિંગ્ટનમાં નર્સિંગનો અભ્યાસ કરે છે તે ગયે વર્ષે અમારે ત્યાં અમારા બાળકને સાચવવા આવતી. એની આવડત અને વિનયની અમારા પર ઘણી સારી છાપ પડેલી છે. આ છોકરો – જેના વિષે તમે છાપામાં વાંચ્યું હશે તે પણ ભણવામાં હોશિયાર, દેખાવમાં સુંદર અને બીજી રીતે પણ સારો જ હતો.

"હું જાણું છું કે તમને અહીં આ પ્રશ્ન અકળાવી મૂકશે કે છોકરો જો એટલો સારો હતો તો પછી આ બધું બન્યું કઇ રીતે? આટલા સદ્‌ગુણો આવી કરુણાજનક વિકૃતિમાં પરિણમી શકે ખરા!

"મારે હવે અહીં એ કહેવાનું છે કે આપણામાં રહેલી છૂપી, ઊંડી બીકને કારણે આ બધું બને છે. જાતીય આવેગો આપણા સૌમાં છે અને તે કુદરતી છે, છતાં અમુક સંજોગોમાં, સારા દેખાવાની લાલચમાં આપણે તેનો ઢાંકપિછોડો કરીએ છીએ.

"પોતે કાંઇક છે એવી જે પોકળ વૃત્તિ માણસમાં છે – આ દોષ આખા સમાજનો છે – એને લીધે આપણને જે ગુપ્ત રાખવા જેવું લાગે છે તેને આપણે અમાનુષી, ઊતરતું ગણી, ઢાંકયુંઢુબ્યું જ રાખવા મથીએ છીએ. આ રીતે આપણું અખંડ વ્યકિતત્વ ખંડિત થઇ બે ભાગમાં વહેંચાઇ જાય છે. એક ભાગ આપણા વ્યકતત્વની સારી બાજુ–એક પરાક્રમી પુરુષ, નમૂનેદાર કુમાર, આદર્શ પિતા– રજૂ કરે છે તો બીજો ભાગ – બીજી બાજુ અસ્વસ્થ વિકળ, ગુનેગાર માનસનો પરિચય કરાવે છે. હું તો એમ માનું છું કે આપણે બધાએ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઇએ કે માણસમાં તેની પ્રકૃતિના ઉદાત્ત અંશો – પ્રેમ, સૌજન્ય, વિવેક, સભ્યતા – જે રીતે પ્રગટ થાય છે તે રીતે, તેનામાં રહેલી વિકૃતિઓ – ક્રોધ, ધિક્કાર, બીક – પણ એટલી જ મુકત રીતે પ્રગટ

થવી જોઈએ. કડક કાયદાઓને કારણે આપણી જાત પર જે નિયંત્રણ રાખવું પડે છે તેને લીધે માનવ–પ્રકૃતિનાં અમુક તત્ત્વો અંદર છૂપાઈને પડી રહે છે, પરંતુ એ તત્ત્વો તક મળતાં બહાર ધસી આવ્યા સિવાય રહેતાં નથી; અને ત્યારે જ માણસના ખરા સ્વરૂપની પિછાન થાય છે. આટલા સદ્‌ગુણી દેખાતા છોકરામાં કાંઈક એવું અનિષ્ટ દબાયેલું પડયું હતું કે જેને તે પોતે કદી પ્રદર્શિત કરી શક્યો નહોતો.

"કોઈ તદ્દન સારું નથી તેમ કોઈ તદ્દન ખરાબ પણ નથી. સૌ માનવપ્રાણીઓ છે. કોઈ પોતાની જાત પર સંયમ રાખી શકે છે, પરંતુ આ સંયમ કોઈ કેળવાયેલી દઢતા કે સમર્થ આત્મશક્તિ માંથી ઉદ્‌ભવેલો જણાતો નથી, પરંતુ સમાજમાં સારા દેખાવાની આવેગમય વૃત્તિમાંથી જન્મેલો હોય છે. આ કિશોરના માબાપ ધર્મપ્રિય આદર્શ નાગરિક છે એમાં કોઈ જ શંકા નથી, પરંતુ પોતાના પુત્રની બાલ્યાવસ્થાથી જ તેની ઝીણી ઝીણી વર્તણૂક પાછળની મનોદશાને સમજવા જેટલા શિક્ષિત કે ઊંડી દૃષ્ટિવાળા ન કહી શકાય. સ્કૂલમાં વિદ્યાર્થી તરીકેની તેની તેજસ્વી કારકીર્દિ માટે કે ચર્ચમાં તેની ઠાવકી રીતભાત માટે માબાપ હમેશાં **ગર્વ** લેતા હોય છે, પરંતુ તેમને સ્વપ્નેય ખબર હોતી નથી કે તેની દેખીતી આ સારી રીતભાત જ તેમના માટે એક દિવસ ગંભીર ચિંતાનો વિષય બની જશે.

"બાળકો આજ્ઞાંકિત, ડાહ્યાંડમરાં બને એવો જડ આગ્રહ રાખવાથી કોઈ શુભ સ્થાયી પરિણામ આવી શકતું નથી. અલબત્ત, આવા વલણથી બાળકો ઉપરથી જરૂર સારા દેખાય છે. કેટલીક વાર બાળકોનું વડીલો તરફ વિદ્રોહી વર્તન હોય છે. તેના ઊંડાં મૂળને સમજ્યા વગર તેને સજા કરવી, છંછેડવા કે વારંવાર ટોકીને તેને તેના ગુનાનું ભાન કરાવવું – આમાંની કોઈ પણ રીત બાળકને સાચો નાગરિક બનાવવામાં ઉપયોગી નહીં થાય. કેટલાક કિસ્સામાં શિક્ષા અનિવાર્ય બને છે, પરંતુ એ વડીલોના એવા શ્રેષ્ઠતાના દાવા સાથે હોવું ન ઘટે કે 'અમારા જેવા આબરૂદાર મા–બાપનાં તમે આવાં દુષ્ટ સંતાનો પાકયાં'. અમે સારા ને તમે ખરાબ એમ બે પક્ષ પાડયા સિવાય જીવનમાં ઊભી થતી ગૂંચોને સાથે મળીને ઉકેલવી, તેમ જ તેમાંથી નીપજતાં સારાં માઠાં પરિણામોને પણ ખેલદિલીપૂર્વક સાથે રહીને જ ભોગવવા – આ જ સાચું વલણ છે."

તીવ્ર અને ઊંડા મનોમંથનને અંતે પ્રગટેલા હૉલ્ટના આ નિવેદને વાચકોના દિલને હચમચાવી મૂકયા.

તેણે આગળ લખ્યું, "તમે એમ ન માનશો કે હું કોઈ ભાષણ આપવા બેઠો છું કે આદર્શોમાં રાચવાનો રસાસ્વાદ માણી રહ્યો છું. મારા દિલને તો કારી ઘા લાગ્યો છે અને એટલે જ આપ સૌને નમ્રતાપૂર્વક ચેતવું છું કે આપનાં બાળકોની પહેલેથી જ યોગ્ય સંભાળ રાખો. છેલ્લે મારે એટલું જ કહેવાનું છે કે કોર્ટ આ કિરસાને યોગ્ય ન્યાય આપે. છોકરાને આ કૃત્ય કરતા મેં નજરે જોયો હોત તો તેને મારી નાખવાનું મને પણ મન થઈ આવત; પરંતુ માનવસહજ નબળાઈને કારણે જે બને છે તે જ આ છોકરાથી ભૂલથી થઈ ગયું છે. જે બન્યું તે તો મિથ્યા થવાનું નથી જ; માટે આદિમાનવ જેવી વેરવૃત્તિ રાખવાને બદલે આપણે તેના પ્રત્યે સહાનુભૂતિ બતાવી કાંઈક મદદ કરીએ એ જ હું ઉચિત ધારું છું.

લિ. એક દુ:ખી પિતા."

હૉલ્ટના આ વિધાનોનું સમર્થન અગાઉ પણ સમાજશાસ્ત્રીઓએ, માનસશાસ્ત્રીઓએ તેમ જ ધર્માચાર્યોએ કરેલું જ હતું, એટલે આ બધા કાંઈ તદ્દન નવા વિચારો નહોતા. પરંતુ અત્યારે તે તીવ્ર અસરકારક એટલા માટે જ નીવડયા કે આ વિધાનો રજૂ કરનાર હોલ્ટની પોતાની જ પુત્રી એક માનવીની ભૂલનો ભોગ બની હતી અને એની અંતિમ ક્રિયા પણ હજી બાકી હતી. હોલ્ટ કેવળ મોટી વાતો કહીને જ બેસી ન રહ્યો, પરંતુ બે દિવસ બાદ પોતાની પુત્રીની અંતિમ ક્રિયા વખતે પોતાના ઉમદા વર્તન દ્વારા તેણે એ વિચારોને સાકાર સ્વરૂપ આપ્યું.

દેવળમાં દાખલ થઈ પોતાની પુત્રીના ખુલ્લા કોફીન પર હોલ્ટે સફેદ ગુલાબનો ગુચ્છો મૂકયો અને પાછા ફરી ત્યાં એકત્રિત થયેલા ૧૫૦ શોકગ્રસ્ત લોકો તરફ શાંતિપૂર્વક નજર ફેરવી. અચાનક નિસ્તબ્ધ વાતાવરણમાં છોકરાના પિતાના આગમનથી થોડો સળવળાટ થયો. હળવે પગલે ખંડ વીંધી કુની પોતાની નજીક આવી પહોંચ્યો કે હોલ્ટે તેનો હાથ પકડી લીધો. મૃત બાળકીના કોફીન પાસે ઊભા રહી ગયેલા આ બંને દુ:ખી પિતા એકબીજાને આશ્વાસન આપવા જાણે શબ્દો શોધી રહ્યા હતા!

કુનીએ ભારે હૈયે પોતાની બેઠક લીધા પછી હોલ્ટ ત્યાં ઉભેલા સમુદાયને ઉદ્દેશી બોલ્યો, "હું લગભગ પોણા કલાકથી મારી વહાલી પુત્રીના શબ પાસે ઊભો છું એ આપ સૌ જાણો છો. ગમગીનીની આ ગંભીર પળોમાં હું આપની પાસે એટલી જ અપેક્ષા રાખું છું કે વધુ વખત અહીં શોકમગ્ન દશામાં ઊભા રહેવા કરતાં, આપ સૌની પાસે તો તક છે તો આપનાં બાળકોના વિકાસ તરફ યોગ્ય લક્ષ આપો."

ટાટાઈનાએ પણ અદભુત આત્મસંયમ બતાવ્યો. "ત્રણ વર્ષ સુધી અમારા જીવનને જેણે કલ્લોલતું રાખ્યું એવી પુત્રીની માતા બનવાનું મને સદભાગ્ય સાંપડયું હતું. કુની દંપતી માટે મારે હમદર્દીપૂર્વક કહેવાનું કે પંદર વર્ષ સુધી પોતાના પુત્રને ઉછેરી મોટો કર્યો અને રાતોરાત જ તેમને આ કલંક લાગ્યું." 'ખૂની' શબ્દપ્રયોગ તેણે બહુ સમજપૂર્વક દૂર રાખ્યો.

પેન્સિલ્વેનીઆ રાજ્યની મ્યુસિપિલ કોર્ટમાં બાળગુનેગાર વિભાગમાં આવા કેસને તપાસ્યા બાદ તેને બાળગુના સુધારક સંસ્થામાં મોકલવામાં આવતો. ગુનેગાર જો માનસિક રીતે અસ્થિર જણાય તો તેને ગાંડાની હોસ્પિટલમાં મૂકવામાં આવતો. ક્વાર્ટર સેશન્સ કોર્ટમાં જો તેની ઉપર કામ ચલાવવામાં આવે તો તેને પુખ્ત ઉંમરનો ગણીને કદાચ તેને આજીવન કેદ અથવા મૃત્યુદંડની શિક્ષા કરવામાં આવત.

કુનીના કેસમાં જજ જે. સીડની હાફમેને વિશિષ્ટ પદ્ધતિ અપનાવી. કોર્ટના પોતાના મનોવૈજ્ઞાનિક સાથે તેણે બહારના બીજા બે મનોવૈજ્ઞાનિકોને બચાવપક્ષની તપાસ માટે બોલાવ્યા. તપાસને અંતે જાહેર થયું કે છોકરો માનસિક રીતે અસ્થિર નહોતો, પરંતુ આંતર આવેગો અને નૈતિક બંધનો વચ્ચે ઝટવાઈ આખરે ઊર્મિવશ થઈ ગયો હતો. જાતીયતાની દૃષ્ટિએ હજી તે કાચો અને દબાયેલો હતો. તેનું જાતીય જ્ઞાન સ્કૂલમાં શીખવેલી બાયોલોજીની કેટલીક બાબતો સુધી જ મર્યાદિત હતું. આ વિષે માબાપ પાસેથી તેને કાંઈ જાણવા મળ્યું નહોતું, આ કેસને નિષ્ણાતોએ બાળગુનાની કોર્ટમાં ચલાવવા ભલામણ કરી.

ચુકાદો આપતા પહેલાં જજ હૉફમેને હૉલ્ટનો પત્ર મોટેથી વાંચ્યો. આ વખતે હૉલ્ટ કૉર્ટમાં હાજર હતો. પત્રમાં એક સ્થળે તેણે લખ્યું હતું. "સમાજે ગુનાઓ થતા અટકાવવા અથવા તો તેનું પ્રમાણ ઘટાડવા પ્રયત્ન કરવો જોઈએ, પરંતુ અમુક બની ગયેલી વસ્તુઓ જે મૂળમાંથી પાછી સુધરી જ શકે તેમ ન હોય ત્યાં અમુક સજા તો થવી જ જોઈએ એવો જડ આગ્રહ રાખવો ન જોઈએ. શિક્ષા ગુનાના બદલારૂપે નહીં પરંતુ ગુનાઓ થતાં અટકાવવાની તાલીમરૂપે થવી ઘટે.

"એક વસ્તુને આપણે પોતે જ બરાબર ન સમજી શકતા હોઈએ તે આપણે બીજાને કઈ રીતે કહી શકવાના? આ કિસ્સાના પ્રેરક બળોને પિછાનવા એ એકદમ સરળ નથી. આમ જુઓ તો

ખાસ કાંઇ જટિલ પણ નથી, પરંતુ ખરી વાત તો એ છે કે આપણને સૌને છૂપી બીક છે કે કુનીને સાચી રીતે સમજવા જઇશું તો અંતે તો આપણે જ ઉઘાડા પડવાના. એનામાં જે મૂળભૂત તત્ત્વો– Fundamental Elements–હતા, હજી પણ છે, એને તો આપણે આપણા સદ્‌ગુણો ગણીને વહાલ કરીએ છીએ. એના દ્વારા આપણે ઉઘાડા પડીએ એ કરતાં, એના ગુના માટે એને સજા કરવાનું આપણને વધુ સરળ લાગે છે. પછી એને ભૂલી જવા આપણે સ્વતંત્ર છીએ. આવું વળી બીજું કોઇ અનિષ્ટ બને ત્યારે વળી જોઇ લેવાશે... પરંતુ હું કહું છું કે છોકરો પોતાની ભૂલને સમજી શકે તેમ આપણે પણ આપણી જાતને તેમ જ તેને સમજી શકીએ એ માટે તેને જીવવા દેવો જોઇએ. આપણે આશા રાખીએ કે એનો ગુનો આપણને કાંઇક શીખવે."

જજે આપેલા ચુકાદામાં કુની બાળગુનેગાર થયો. ચેન્સિલ્વી-આમાં કેમ્પ હીલ ઉપર રાજ્ય તરફથી ચાલતી બાળકોને સુધારવાની સંસ્થામાં એ ૨૧ વર્ષનો થાય ત્યાં સુધી રહેવાની તેને સજા થઇ.

આવો ન્યાયસંગત પ્રખર ચુકાદો હૉલ્ટના માર્મિક વિધાનોને જ આભારી હતો. આ પત્રના પ્રસિદ્ધ થયા પછી અનેક માબાપોના રાંખ્યાબંધ પત્રો હૉલ્ટ પર આવ્યા. કેટલાક તેને જરા પણ ન સમજી શકયા અને 'અવ્યવહારૂ પિતા' કહીને તેને ધિક્કાર્યો, તો જેમણે તેની આટલી ઊંડી અને ઉદાર દૃષ્ટિ માટે પ્રશંસા કરી તેમાંથી પણ કેટલાક તેની દલીલોને પૂરેપૂરી તો ન જ સમજી શકયા.

હૉલ્ટ કહે છે, "આધુનિક માનસશાસ્ત્રના અભ્યાસ પછી મારા વિચારો પરિપકવ થયા છે. આપણા સૌમાં સારા અને ખરાબ તત્ત્વોનું મિશ્રણ છે. એટલે ગુનેગાર લોકો, કાયદાનું પાલન કરનાર લોકો કરતાં વધારે દુષ્ટ જંગલી રાક્ષસ જેવા છે એમ માનવાનું નથી. એમાં યે ૧૫ વર્ષની વય સુધી તો નહીં જ."

જિંદગીભરના ચિન્તનના પરિણામે હૉલ્ટ આવા નિર્ણયો ઉપર આવી શકયો હતો. અમેરિકામાં સ્થાયી થયેલા પરદેશી માબાપનો હૉલ્ટ પુત્ર હતો. નવમાસની ઉંમરે પિતાનું મૃત્યુ થતાં દસ વર્ષની ઉંમર સુધી તેણે પોતાના મોસાળ રીગામાં ગાળ્યા હતા, જ્યાં તેની માતાએ અનુવાદક અને પત્રકાર તરીકેનો વ્યવસાય હાથ ધર્યો હતો. ૧૯૩૯ માં હૉલ્ટ ફરી માતા સાથે પોતાના દેશ (અમેરિકા) પાછો ફર્યો. નૌકાદળમાં બે વરસ ઇલેકટ્રોનિક ટેકનિશિયન તરીકે કામગીરી બજાવતાં પહેલાં તેણે કિશોરાવસ્થા બોર્ડિંગ સ્કૂલમાં ગાળી હતી. આ શાળાનો અભ્યાસ કરનારા એ વખતના થોડા વિદ્યાર્થી-ઓમાંનો તે એક હતો. હાર્વર્ડ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ થયા પછી તેણે M. I. T. ની માસ્ટર ડિગ્રી મેળવી.

યુવાવસ્થા સુધી તેનો ઉછેર યૂરોપિયન ઢબે થયો હતો. બોર્ડિંગ સ્કૂલમાં શિસ્ત અને આજ્ઞાપાલનના કડક વાતાવરણમાં રહ્યા પછી હોલ્ટે નિશ્ચય કરી લીધો હતો કે પોતાના સંતાનોને તે કદી એ રીતે ઉછેરશે નહીં. તે માનતો કે સુખી ગૃહજીવનનો પાયો આનંદ અને પ્રસન્ન વાતાવરણ છે. ૧૯૫૩ માં તેણે ટાટાઈના સાથે લગ્ન કર્યું જે પતિની સાચી મિત્ર બની શકે તેટલી સમજુ હતી.

હૉલ્ટ જણાવે છે, "બંકી પર જાતીય આક્રમણ કર્યા પછી કુનીને પોતાની જાત પર ધિક્કાર આવ્યો અને દુનિયામાં કયાંય પોતાનું સ્થાન હોય તેમ તેને ન લાગ્યું. મેં તો મારાં બાળકોને એ શીખવવા પ્રયાસ કર્યો છે કે સાચા ખોટા વિષેની પણ આપણી ગણ-તરીઓ હોય છે. કોઈ કામ ખોટું થઈ ગયું એથી બાળકો માબાપના વાત્સલ્યના અધિકારી નથી રહેતા એમ ન માનવું જોઈએ."

તો ૧૯૫૯ જૂનની ૧૫ મી તારીખે જે બન્યું તે સંક્ષેપમાં આ છે. દીર્ઘ અનુભવને અંતે દૃઢ થયેલા એક માનવીના મંતવ્યોની આકરી કસોટી થઈ અને તે માનવી અને તેનાં મંતવ્યો અણનમ અને અફર રહ્યા.

અનુવાદક :
સૌ. શારદાબહેન શાહ

રાજસ્થાનમાં પ્રકૃતિનો ભીષણ પ્રકોપ : પાણીની કઠિન સમસ્યા

રાજસ્થાનના અકાલગ્રસ્ત ક્ષેત્રમાં બિમારીથી થતા મૃત્યુના સમાચાર સાંભળીને ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રે પોતાના કાર્ય-કર્તાઓને ત્યાંની પરિસ્થિતિ જોઈને રાહત કાર્ય વ્યાપક બનાવવા માટે મોકલ્યા. શ્રી. છોટુભાઈ કામદાર, દાદા ધામણસ્કર તથા કલ્યાણ કેન્દ્રના મંત્રી શ્રી ત્રિપ્રભદાસજી રાંકાએ રાજસ્થાનના અત્યંત અકાલ પીડિત ક્ષેત્રનો વ્યાપક પ્રવાસ કર્યો. તેઓ જોધપુર, બાડમેર અને બિકાનેર જિલ્લામાં ઘુમ્યા. આ સમયે સૌથી અધિક કઠિન પરિસ્થિતિ બાડમેર અને જેસલમેરની જોવા મળી, ત્યાર બાદ જોધપુરના ફલોદી, સીંચન, શેરગઢ, અને બિકાનેર તથા પૂગલ અને કોલાયત ભાગની છે.

સૌથી કઠિન સમસ્યા પાણીની છે. એક તો પહેલેથી પાણી ઘણુ ઊંડું; ઘણા વર્ષોથી પાણી આવે, ન આવે; જ્યાં ગરમી ઘણી, ત્યાં પાણીની આવશ્યકતા પણ વધારે, પરંતુ અહીં તો વ્યકિત દીઠ બે ગેલન પાણી મળવું પણ ભાગ્યની વાત છે. કેટલીક જગ્યાએ તો ૫૦ - ૫૦ માઈલથી પાણી પહોંચાડવામાં આવે છે.

રેતાળ પ્રદેશમાં આવવા જવાના સાધનોમાં પણ પ્રતિકૂળતા માલૂમ પડે છે. કેટલાંક સ્થળોએ, ઊંટ, જીપ કે ટ્રક દ્વારા પાણી પહોંચા-ચાડવાનું કામ ખર્ચીલું હોવા ઉપરાંત પૂરું પાણી પહોંચાડી શકાતું નથી. પ્રતિનિધિમંડળે જોયું કે લેબરકેમ્પોમાં પાણી સંગ્રહ ડામરના ડ્રમમાં કરવામાં આવે છે. ઝાડ વિનાના રણની ધગધગતી ગરમીમાં ડામર પણ તેમાં પિગળી જાય તેવી સ્થિતિ છે. કેટલાંક સ્થળોએ ઈન્દિરાજીના આગમન નિમિત્તે ગેલ્વેનાઈઝ્ડ પીપો પહોંચ્યા છે. થોડી ઝાઝી માત્રામાં આ કારણે બિમારીનો પ્રકોપ થાય તે સ્વાભાવિક છે. ત્યાં ગ્રેસ્ટ્રો એન્ટ્રાઈટિસ, કોલેરા, ટાઈફોઈડ, નિમોનિયા, દેવી, ઓરી તથા રતોંધી જેવા રોગો મુખ્યત્વે થાય છે. જેસલમેર, બાડનેરના પ્રદેશમાં તથા બાડમેરમાં જે પ્રકોપ છે તેના એક સ્થાનની પરિસ્થિતિનો કંઈક અંદાજ આવી શકે તેમ છે. લખા ક્ષેત્રમાં અધિકૃત રૂપે ૧૨૯ મોત પાછલા મહિનામાં દર્શાવાયેલ છે. તે કેમ્પમાં ઢેબરભાઈ ગયા. ત્યાં તેઓએ જોયું કે એક પરિવારની ૯ વ્યકિતઓ મરણ પામી હતી અને દશમી તાવમાં તરફડી રહી હતી. તેની મા રોતા રોતા બોલી, 'આને બચાવો' ત્યાં એક ૧૮ વર્ષની યુવતીને ગર્ભપાત થઈ ગયો અને આંખની જ્યોતિ પણ જતી રહી. જ્યારે મહાવીર કલ્યાણ કેન્દ્રના મંત્રી શ્રી. રાંકાજી તેમને મળ્યા ત્યારે તેમણે તેને તથા અનસૂયાદેવી બજાજને ત્યાંની કરુણ પરિસ્થિતિનો ચિતાર આપીને રાંકાજીને તુરત જ કંઈક કરવા વિનંતિ કરી. આ પરથી મહાવીર કલ્યાણ કેન્દ્ર દ્વારા જેસલમેરથી ૮૦ તંબુ, દાકતર, દવા, વગેરે તુરત મોકલવાનું કહેવામાં આવ્યું. રાજસ્થાન રિલીફ સોસાયટીએ રાંકાજીને ૮૦ ગુણી ખ્યાજ મોકલાવી. ત્યાં સવા મહિ-નાથી કારણવશાત મજૂરી મળી નહોતી. તેથી નાગપુરથી આવેલ ડાગાજી અને ડા. પુંગલિયા આદિએ દવાઓ ઉપરાંત ૨૦ ગુણી બાજરો અને કપડાં વહેંચ્યા.

બાડમેર - મારવાડ રીલીફ સોસાયટી સારુ કામ કરી રહી છે. સરકાર પણ દાકતરો અને દવાઓનો પ્રબંધ કરી રહી છે, પરંતુ વ્યાપક ક્ષેત્ર, આવવા જવાની પ્રતિકૂળતા જોઈને તેમ જ અધિક કામ કર-વાની જરૂરિયાત સમજીને મહાવીર કલ્યાણ કેન્દ્ર તથા રાજસ્થાન રિલીફ સોસાયટીએ અભાવગ્રસ્ત ક્ષેત્રોને નીચે મુજબ સુવિધા આપવાનો નિશ્ચય કર્યો છે અને ત્રણ જિલ્લામાં દશ કેન્દ્રો સ્થાપિત કર્યા છે. સેવાભાવી સંસ્થાઓ અને કાર્યકર્તાઓને વિનંતિ કરવામાં આવે છે કે તેઓ નીચે મુજબ સહાયતા આ ક્ષેત્રોમાં પહોંચાડવામાં સહયોગ આપે :–

૧. સંપૂર્ણ રાજસ્થાનમાં એલોપથી, આયુર્વેદિક તથા હોમિયો-પેથી જેટલી દવાઓની જરૂરત હોય તેની પૂર્તિ કરવામાં આવે;

૨. આમલી, ગોળ, મગફળી અને શેકેલા ચણાના અર્ધા કિલોના પેકેટ દર સપ્તાહ લેબર કેમ્પમાં પહોંચવામાં આવે.

૩. જેટલા માટલાની જરૂરિયાત હોય તે પૂરા પાડવામાં આવે.

૪. વિસ્થાપિતોને પડતર કિંમતે અનાજ આપવા માટે આવશ્યક પૂંજી આપવામાં આવે.

ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર

क्या शास्त्रों को चुनौती दी जा सकती है?: શું શાસ્ત્રોને પડકાર આપી શકાય છે?

(ગતાંકથી ચાલુ)

શાસ્ત્રના નામે –

હવે આગળ કહેલી વિજ્ઞાનની વાત ઉપર હું આવું. ઉપર મેં જે શાસ્ત્રની વ્યાખ્યા કરી તે ઉપરથી ફલિત થાય છે કે શાસ્ત્ર પણ એક વિજ્ઞાન છે. તો પછી વિજ્ઞાન વિજ્ઞાનને કેવી રીતે પડકાર ફેંકી શકે અથવા તેને અસત્ય ઠરાવી શકે? જો સત્ય સત્યને કાપે તો તે સત્ય જ નથી એમ સમજવું. આજે જે શાસ્ત્રો સામે વિજ્ઞાન પડકાર ફેંકી રહ્યું છે તે ખરું જોતાં શાસ્ત્ર જ નથી. શાસ્ત્રને નામે મનાતા આવતા ગ્રન્થો અથવા પુસ્તકો છે. પછી તે જૈન આગમ હોય, સ્મૃતિ પુરાણ હોય કે બાઈબલ હોય, પણ પ્રાચીન કે અર્વાચીન કોઈ પણ પ્રકારની અંધશ્રદ્ધા મને માન્ય નથી. આંખો મીંચીને કોઈ પણ વસ્તુને સત્ય તરીકે સ્વીકારી લેવી તે મને માન્ય નથી. કોઈ પણ ચિન્તકને પણ માન્ય ન જ હોય.

જે શાસ્ત્રો દ્વારા ધર્મના નામે પશુહિંસા અને નરબલિનો પ્રચાર થયો, જેણે માનવ - માનવ વચ્ચે નફરતની દીવાલ ઊભી કરી, માનવજાતિનું જ એક અંગ જે શુદ્રો તેને જીવિત સ્મશાન કહ્યા, નારીને નરકની ખાણ કહી, આવા વર્ગ સંઘર્ષ, જાતિ વિદ્વેષ અને સાંપ્રદાયિક ઘૃણાના બીજ વાવતા હોય, તેને શાસ્ત્ર કેવી રીતે કહેવાં? તેમાં આત્મબોધની કોઈ ઝલક હોય છે ખરી?

જેમ શાસ્ત્રોના નામે આવી બેહુદી વાતો કહેવામાં આવી, તેવી જ રીતે ભૂગોળ - ખગોળની બાબતમાં પણ અનેક વિચિત્ર અને અસંબદ્ધ કલ્પનાઓ ઊભી કરવામાં આવી, પૃથ્વી, ચન્દ્ર, સૂર્ય વગેરે વિષે ખૂબ મનોહર વાતો મૂકવામાં આવી, પણ તે વાતોનો આજના પ્રત્યક્ષ અનુભવ સાથે કોઈ સંબંધ બેસતો નથી. એમ લાગે છે કે એવી ધારણાઓ એ યુગમાં ખૂબ પ્રચલિત હશે, અને અનુમાનના આધાર પર તે ધારણાઓ પરંપરાગત ચાલી આવી હશે. તો આવી માન્યતાઓને શાસ્ત્રનું રૂપ કેવી રીતે આપી શકાય? મધ્યકાળમાં કોઈ વિદ્વાને સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં કોઈ ગ્રંથમાં આવી વાતો લખી, અથવા તો કોઈ શાસ્ત્રમાં પોતાનું નામ આપ્યા વગર આવી વાતો પ્રક્ષિપ્ત કરી દીધી, તેથી શું તેને ભગવાનની વાણી કહીને શિરોધાર્ય કરી લેવી?

ઉત્તરકાલીન સંકલન

સ્મૃતિઓ, પુરાણ, મહાભારત, ગીતા વગેરે ગ્રન્થોને ધાર્મિક માનસ ભગવાનની વાણી માને છે. તે બધું આજે ખોટું પુરવાર થયું છે. મહાભારત કે જે વ્યાસમુનિના મુખમાંથી નીકળેલું મનાય છે તે શરૂઆતમાં તો પાંડવોના વિજયનું વર્ણન કરતો 'જય' નામે એક ઈતિહાસગ્રંથ હતો. ઈ. સ. પૂર્વે ૧૭૬માં એનું બીજું સંસ્કરણ થયું ત્યારે તેનું નામ 'ભારત' રાખવામાં આવ્યું. ઘણા લાંબા સમય બાદ અનેક પ્રક્ષિપ્ત અંશો ઉમેરાતાં ઉમેરાતાં તે મહાભારત બની ગયું. આજની ગીતા શું ખરેખર કુરુક્ષેત્રમાં શ્રી કૃષ્ણે અર્જુનને કરેલો ઉપદેશ છે કે યુદ્ધ બાદ કોઈ વિદ્વાને તેને પરિવર્ધિત કરેલી છે? મનુસ્મૃતિ કે જે માનવધર્મશાસ્ત્ર કહેવાય છે તે ક્યા મનુની વાણી છે? તથ્ય આજે ઈતિહાસથી છાનું રહ્યું નથી. આ ધર્મગ્રંથોમાં અનેક સુંદર અંશ છે અને સાંપ્રદાયિક દૃષ્ટિએ હું તેનો વિરોધ નથી કરતો, પણ મધ્યકાળમાં જે વિદ્વાનોએ લખ્યું અથવા તો કોઈ શાસ્ત્રમાં પ્રક્ષિપ્ત કર્યું તેને ધર્મશાસ્ત્ર માની ન બેસીએ એટલું જ મારું કહેવું છે.

ઉત્તરકાળમાં આગમોની સંકલના

સત્ય સંબંધમાં વિશેષ ચિન્તન કરવામાં હું પૂર્વગ્રહથી બંધાયેલો નથી રહેતો. સદા મુક્ત અને સ્વતંત્ર ચિન્તનનો હું પક્ષપાતી છું. એટલે જે વાત વૈદિક ગ્રન્થો માટે મેં કહી તેવી જ વાત જૈન ગ્રંથો માટે કહેવામાં મને સંકોચ નથી. પ્રત્યેક ધર્મપરંપરામાં સમય સમય પર પરિવર્તન આવ્યા કરે છે અને તેમાં મૂળ હકીકતની સાથે ઘણું બધું ગલત પણ ઉમેરાયું હોય છે. દાખલા તરીકે જૈન આગમોમાં નંદીસૂત્ર પણ એક આગમ મનાય છે. ખરી રીતે ભગવાન મહાવીર પછી ઘણા લાંબા સમયે તેની સંકલના થઈ છે. અને તે સમયના દેશકાળને અનુસરી તેમાં ઘણું ઉમેરાયું છે, પણ આપણે તેને કે જે મહાવીર પછી હજાર વર્ષ રચાયું તેને ભગવાનની વાણી ગણીએ છીએ. તેજ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્ર, દશવૈકાલિક સૂત્ર વગેરે સૂત્રો વિષે છે. એ સૂત્રોમાં ઘણું જીવનસ્પર્શી છે, પરંતુ તે સીધી ભગવાનની વાગ્ધારા નથી એ નિશ્ચિત છે.

આમ ઘણી ઉત્તરકાલીન સંકલનાઓને પ્રમાણભૂત માનવામાં આવે છે, કેમકે અંગ સાહિત્યમાં તે તે નામો છે અને અંગ સાહિત્ય ભગવાનની વાણી ગણાય છે. પણ આવો તર્ક કરવાથી જે સત્ય સ્થિતિ છે તે છુપી રહી શકતી નથી. ભગવતીસૂત્ર કે જે એક વિશાળકાય ગ્રન્થ છે તેમાં મહાવીરના મુખે એમ કહેવડાવવું "जहा पण्णवणाए" આ કયા ઈતિહાસ સાથે સુસંગત થશે? પ્રજ્ઞાપના, રાયપસેણી, ઉવવાઈનાં ઉદ્ધરણો ભગવાન મહાવીર પોતાના મુખે કેવી રીતે કહી શકે? કેમકે તે સંકલનાઓ તો ભગવાન મહાવીર પછી ઘણાં વર્ષો બાદ થઈ છે.

આ તર્કનું સમાધાન એમ કરવામાં આવે છે કે પછીના વિદ્વાનો અને આચાર્યોએ સંક્ષિપ્ત રુચિના કારણે સ્થાન સ્થાન પર એવો ઉલ્લેખ કર્યો છે. જો આચાર્યોએ આ પ્રમાણે આગમોમાં સંક્ષિપ્તિકરણના નામે હસ્તક્ષેપ કર્યો. તો પછી એમ પણ કેમ ન માનીએ કે તે જ પ્રમાણે કયાંક કયાંક મૂળ કરતાં ઘણું વધારી પણ દીધું હોય? ભલે આચાર્યોએ તે પ્રભુભક્તિ અને શ્રુતની મહત્તા વધારવા કર્યું હોય, આશય શુદ્ધ હોય, પણ જેમ સંક્ષિપ્ત કરવું સંભવિત છે તેમ તેમાં વધારો કરવો તે પણ અસંભવિત નથી.

ભૂગોળ ખગોળ મહાવીરની વાણી નથી

એ સર્વસંમત વાત છે કે મૌખિક પરંપરા અને સ્મૃતિ–દૌર્બલ્યના કારણે ઘણું લુપ્ત થઈ ગયું હતું. તો જ્યારે શાસ્ત્રો પુસ્તકારૂઢ થયા ત્યારે તે સમયમાં સર્વસાધારણ પ્રચલિત વાતો આગમોમાં કેમ ઉમેરવામાં ન આવી હોય? મારી તો દૃઢ માન્યતા છે કે આમ બનવું સંભવિત છે. એ યુગમાં ભૂગોળ, ખગોળ, ગ્રહ, નક્ષત્ર, નદી, પર્વત, વગેરે સંબંધમાં કેટલીક માન્યતાઓ પ્રચલિત હતી. કેટલીક વાતો તો ભારતની બહાર ઈસ્લામ અને ખ્રીસ્તી ધર્મગ્રન્થોમાં પણ કયાંક કયાંક સાંસ્કૃતિક સુધારાઓ કરીને ઉલ્લિખિત છે. એ બતાવે છે કે કેટલીક ધારણાઓ સર્વસામાન્ય હતી. એ યુગમાં પરીક્ષણ કરવાનાં કોઈ સાધનો નહોતાં. એટલે બધી વાતોને સત્ય માની લેવામાં આવી અને શાસ્ત્રો સાથે જોડાઈ ગઈ. પણ આ બધી વાતોને મહાવીરના નામે વર્ણવવી તે શું ઉચિત છે? જ્યારે અમેરિકી વિજ્ઞાનીઓ પ્રત્યક્ષ જોઈને આવ્યા કે ચંદ્રલોકમાં વેરાન પહાડો અને ઊંડા ખાડાઓ સિવાય કંઈ નથી ત્યારે હજી પણ આપણે માન્યા કરવું કે ત્યાં દેવદેવીઓ વિમાન વગેરે છે? એ કેટલું અસંગત છે? એ સર્વજ્ઞની વાણી કેવી રીતે હોઈ શકે? જે ગંગા આદિ નદીઓનું ઊંચે ઊંચ માપ કાઢવામાં આવ્યું છે તેને આજે પણ લાખો માઈલ લાંબી પહોળી કહેવી તે સર્વજ્ઞતાનો ઉપહાસ નથી!

આજે આપણે યથાર્થતાની ભૂમિકા ઉપર ઊભા રહી સત્યનું મૂલ્યાંકન કરવાનું છે. મહાવીરનાં વચન કયા છે અને ઉત્તરકાલીન સંકલનાઓ કઈ છે તેનો ભેદ જો નહિ પાડીએ, શાસ્ત્રનો અક્ષરેઅક્ષર મહાવીરનું વચન છે એવી માન્યતાની સંકુચિતતા રાખશું તો મહાવીરની સર્વજ્ઞતા અપ્રમાણિત ઠરશે. મહાવીર સર્વજ્ઞ હતા જ એ જો આપણે સત્ય ઠરાવવું હોય તો શાસ્ત્રો અને ઉત્તરકાલીન સંકલનાઓનો વિવેકપૂર્વક અભ્યાસ કરી ભેદ પાડવો જ રહ્યો.

શાસ્ત્રોનું સંશોધન કરવું જ પડશે

કોઈ એમ પૂછી શકે કે મહાવીરની વાણી ઉપર પણ સંશોધન કરનારા તમે કોણ? તમને શું આ અધિકાર છે? હું કહું છું આપણે ભગવાન મહાવીરના વારસો છીએ. એમનું ગૌરવ આપણા મનમાં પૂરેપૂરું સમાયું છે, તો ભગવાનની અપભ્રાજના થાય તે આપણે કઈ રીતે સહન કરી શકીએ? આપણે કોઈ કાળે એમ માની શકવાના નથી કે ભગવાન અસત્ય પ્રરૂપણા કરે. આજે જે વચનો પ્રત્યક્ષ રીતે અસત્ય પૂરવાર થઈ રહ્યા છે તે ભગવાનનાં વચન હોઈ જ

ન શકે. એટલે શાસ્ત્રોની તારવણી કરી યથાર્થ સત્યના આધાર પર આ પડકારનો આપણે જવાબ આપવો જોઈએ.

વિજ્ઞાને આપણા શાસ્ત્રોની પ્રામાણિકતા સામે પડકાર ફેંકયો છે. આપણા કેટલાક વિદ્વાન મુનિરાજો અને શ્રાવકો હજી પણ એમ કહે છે કે "ચંદ્રમા તો ઘણો દૂર છે. આ વૈજ્ઞાનિકો કહે છે તે જૂઠું છે." જે વસ્તુને લાખો લોકોએ ટેલિવિઝનમાં પ્રત્યક્ષ જોઈ, જેને વિરોધી રાજ્યોએ સાચી કહી બિરદાવી છે તે વસ્તુને હઠાગ્રહથી જૂઠી કહેવી તે તો ઉપહાસને પાત્ર જ છે.

હવે શાસ્ત્રોનું સંશોધન કરી તેમાંથી તારવણી કરવાનો અધિકાર આપણને કેમ નથી? એક સમય હતો કે જ્યારે આગમો ચોર્યાસી માનવામાં આવતા હતા. તે પછી બીજી પરંપરા ઊભી થઈ જેણે આગમોને ચોર્યાસીમાંથી ઘટાડી પિસ્તાલીશ કર્યા. ભગવાન મહાવીર પછી બે હજાર વર્ષે ધર્મવીર લોંકાશાહ જાગ્યા, જેમણે પિસ્તાલીશમાંથી બત્રીશ કર્યા. શું લોકાંશાહ કોઈ મોટા શ્રુતધર આચાર્ય હતા? અથવા તો શું તેમને કોઈ વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું? તો પછી એમણે જે નિર્ણય કર્યો તેને તમે કયા આધાર પર માનો છો? એમણે એમની પ્રજ્ઞા અને દૃષ્ટિથી ફેરફાર કર્યો તો આજે પણ એવા પ્રજ્ઞાશીલ અને વિદ્વાન સાધુઓ છે જ કે જેઓ ભગવાનની વાણી કઈ અને તેમના બાદના શાસ્ત્રો કયા છે તેની કસોટી કરી કયાસ કાઢી શકે, અને તે કરવાનો સમય આજે આવી પહોંચ્યો છે.

શાસ્ત્ર–સોનાની પરખ

પ્રજ્ઞા એક કસોટી છે કે જે દ્વારા શાસ્ત્ર રૂપ સોનાની પરીક્ષા કરી શકાય છે. આપણામાંના કેટલાક આ પરીક્ષા કરતાં ગભરાય છે. તેમને બીક છે કે રખેને અમારું સોનું પીત્તળ પુરવાર થાય. પણ હું કહું છું એમાં ગભરાવાની જરૂર નથી. જે સોનું છે તે સોનું રહેવાનું જ છે અને જો તે પીત્તળ હશે તો તમે સોનું છે કહીને કયાં સુધી ખોટો મોહ રાખી શકશો? માટે સોનું અને પીત્તળને જુદાં પાડવા દો.

મહાન ટીકાકાર અભયદેવસૂરીએ ભગવતીસૂત્રની ટીકાની પીઠિકામાં એક બહુ મોટી વાત કહી છે કે જે આપણા માટે ભગવત્-વાણીની કસોટી રૂપ થઈ શકે તેમ છે.

આપ્ત પુરુષ અને તેની વાણી કોને કહેવી એ પ્રશ્નના ઉત્તરમાં તેઓશ્રી કહે છે કે "જે મોક્ષનું અંગ છે, મુકિતનું સાધન છે તેનો જ ઉપદેશ આપ્ત ભગવાન આપે છે. આત્માની મુકિત સાથે જેને પ્રત્યક્ષ કે પારંપરિક કોઈ સંબંધ નથી તેવો ઉપદેશ ભગવાન કયારે પણ કરતા નથી. જો તેવો ઉપદેશ પણ ભગવાન કરે તો તેની આપ્તતામાં દોષ આવી જાય."

શ્રી અભયદેવસૂરીની પણ પહેલાં ચોથી કે પાંચમી શતાબ્દિમાં મહાન તાર્કીક આચાર્ય સિદ્ધસેન દિવાકર થઈ ગયા. એમણે પણ શાસ્ત્રની કસોટી દર્શાવેલી છે. "જેને આપ્તપુરુષોએ પ્રત્યક્ષ કર્યું છે, જે અન્ય વચનો દ્વારા અન્યથા ન કરી શકાય, જે તર્ક કે પ્રમાણથી ખંડિત ન કરી શકાય, જે સર્વજનોના હિતને માટે હોય અને જેનો અધ્યાત્મ સિવાય બીજી કોઈ વિચારસરણી સાથે સંબંધ ન હોય તે શાસ્ત્ર છે."

આ કસોટી આજે પણ એટલી જ માન્ય થઈ શકે તેમ છે. વૈદિક પરંપરામાં દાર્શનિક કપીલે પણ શાસ્ત્ર માટે આવી જ કસોટી કહી છે. એટલે જે વચન સત્યની કસોટી પર સત્ય પુરવાર નથી થતું તે ચાહે તેટલા વિરાટ ગ્રન્થમાં લખાએલું હોય પણ તેનો આપ્ત-વચન તરીકે ઈન્કાર કરી દેવો જોઈએ.

આપણે પોતે નિર્ણય કરીએ

શાસ્ત્ર વિષેની આટલી સુક્ષ્મ વાતો મેં એટલા માટે કરી કે વસ્તુતઃ શાસ્ત્ર શું છે તેનો તો આપણે જાતે જ પરખ કરી નિર્ણય કરીએ. તપ, ક્ષમા, અને અહિંસાની જે પ્રેરણા આપે અને આત્મદૃષ્ટિને જાગૃત કરે તે જ શાસ્ત્રની શ્રેષ્ઠ કસોટી છે. આ કસોટી ઉપર કસવાથી જે આગમ શાસ્ત્ર તરીકે પુરવાર ન થાય તેનો આગમ તરીકે અસ્વીકાર કરતાં જરાય ખચકાવું ન જોઈએ. અંતરમાં જે સાચું લાગ્યું તેને લોકભયથી ન સ્વીકારવું એ પતનની નિશાની છે.

ભગવાનની ભકિત કે શાસ્ત્રોનો મોહ

શાસ્ત્રથી ભગવાનનું જ્ઞાન થાય છે. આપણે આત્મા છીએ. ભગવાન પરમાત્મા છે. બન્ને વચ્ચે અંતર શુદ્ધ અને અશુદ્ધ સ્થિતિનું છે. એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ તે ભગવાન. એટલે જે શાસ્ત્ર આત્મ-સ્વરૂપનું જ્ઞાન કરાવે, આત્મામાંથી પરમાત્મા થવાનો માર્ગ બતાવે, જીવનની પવિત્રતા અને શ્રેષ્ઠતા દેખાડે તે શાસ્ત્ર. ત્યારે ચંદ્ર, સૂરજ, ગ્રહ, નક્ષત્ર, નદીઓ, પહાડો વગેરેનાં લાંબાચોડાં વર્ણનોમાંથી પરમાત્મા થવાના માર્ગની શું પ્રેરણા મળે તેમ છે? અને શાસ્ત્રો ઉપરના મોહના લીધે આવી વાતો દર્શાવતા ગ્રન્થોને જો ભગવાનની વાણી કહેશું તો ભગવાન ઉપરથી જ શ્રદ્ધા ઊઠી જવાનો વખત આવશે.

મેં પહેલાં જ કહ્યું છે કે જૈન અને વૈદિક ગ્રંથોનું નિર્માણ અને નવીન સંસ્કરણ ઈસ્વીસન પૂર્વે પહેલી સદીથી લઈને ઈસ્વી-સનની ચોથી પાંચમી શતાબ્દિ સુધીમાં થયું છે. તે સમયમાં જે કાંઈ સંસ્કૃત પ્રાકૃતમાં લખાયું તે શાસ્ત્રના નામે ચઢી ગયું. પરિણામે માનવ તર્કબુદ્ધિ ચલાવવાના બદલે શ્રદ્ધાન્વિત બની ગયો. પ્રારંભમાં શ્રદ્ધાના કારણે આમાં કોઈને ભૂલ થાય છે તેવું ન લાગ્યું, અને આજે હવે એ ભૂલનાં પરિણામ ભોગવવાનો વખત આવ્યો છે.

મારું આ કહેવું શાસ્ત્રની નિંદા કરવા કે તેને ઉતારી પાડવા માટે નથી. પણ જે સત્ય હકીકત છે તેને જાણી સમજી શાસ્ત્રના નામે ચાલતી અંધપ્રતિબદ્ધતાથી આપણે મુકત થઈએ. હું તત્ત્વદ્રષ્ટા ઋષિ-ઓની વાણીને પવિત્ર માનું છું. ભગવાન મહાવીરની વાણીને આત્મ-સ્પર્શી માનું છું, એટલે કે તે સત્ય છે – ધ્રુવ છે. પણ એમના નામે રચાએલા ગ્રંથો કે જેમાં અધ્યાત્મ ચેતનાનો સ્પર્શ પણ નથી તેને હું શાસ્ત્ર માનતો નથી.

મને કોઈ નાસ્તિક કહે છે, કોઈ અર્ધનાસ્તિક કહે છે. ગમે તે કહો. સત્યનું ઉદ્‌ઘાટન કરવું અને તેને મુકત મનથી સ્વીકારવું તેમાં જો નાસ્તિકતા આવી જતી હોય તો તેવી નાસ્તિકતા મને કબુલ છે.

ભગવાન મહાવીર ઉપર મને અતૂટ શ્રદ્ધા છે અને જેમ જેમ ઊંડા ચિંતનમાં ઉતરું છું તેમ તેમ એ શ્રદ્ધા વધારે દૃઢ થતી જાય છે. ભગવાન મહાવીર મારે માટે એક જ્યોતિ સ્તમ્ભ છે. એમની વાણી મારા આણુએ આણુમાં પ્રકાશિત થઈ રહી છે. પણ કઈ ભગવાનની વાણી છે અને કઈ નથી તે મારા અન્તરવિવેકના પ્રકાશ વડે જોઈને હું ચાલું છું. ભગવાનની વાણીની સ્ફુરણા આત્માની ગતિ-અગતિ સાથે સંબંધિત છે. નદી, પહાડો, વર્ગસંઘર્ષ, જાતિવિદ્વેષ અને અસત્‌કલ્પનાઓ જેમાં હોય તે સાથે નથી. ભગવાનની વાણીને કોઈ અસત્ય ઠરાવી શકે નહિં. જે વિચાર, જે વાણી માત્ર ભૌતિક જગતનું વિશ્લેષણ કે વિવેચના કરતા હોય, જે પ્રત્યક્ષ પ્રમાણથી અસત્ય પુરવાર થતું હોય તે ભગવાનની વાણી નથી. જો આપણે સાચા ભગવાનના ભકત હોઈએ તો ગ્રન્થોમાં જે કાંઈ લખાયું તે બધાંને શાસ્ત્ર ઠરાવી ભગવાનની અવહેલના કરાવવાથી બચીએ.

હું જાણું છું કે મારી આ વાતથી ખૂબ ઉહાપોહ જાગશે. ઘણાને જે મનમાં આવશે તે મને કહેશે. પણ મને તેની ચિન્તા નથી. આજે ઊભા થયેલા પ્રશ્નોનું આ દૃષ્ટિએ જ સમાધાન થઈ શકશે. જેમના મનમાં સંદેહ ભર્યા છે છતાં મોઢેથી શાસ્ત્રશ્રદ્ધાની ગર્જનાઓ કરે છે એવા શ્રદ્ધાળુઓ કરતાં મારી સ્થિતિ સારી છે. જેમનામાં વિવેકશૂન્ય શ્રદ્ધા છે એ શ્રદ્ધા કાલ તૂટી જવાની છે અને ન તૂટે તો પણ એમાંથી કંઈ શ્રેય સધાવાનું નથી. પણ જેમનામાં વિવેક-પૂર્ણ શ્રદ્ધા જાગી છે એ શ્રદ્ધામાંથી જે જ્યોત પ્રગટ થશે તેનું જ પોતાના માટે તેમ જ જગતના માટે ખરું મૂલ્ય છે. સમાપ્ત

અનુવાદક તથા સંક્ષેપક: **શ્રી મેનાબહેન નરોત્તમદાસ**

મૂળ હિંદી: **ઉપાધ્યાય શ્રી અમરમુનિ**

પ્રકીર્ણ નોંધ

સૌ. શારદાબહેન શાહનો પરિચય

આ અંકમાં પ્રગટ થયેલ 'પોતાના બાળકના ખુનીને તેણે માફી આપી." એ મથાળા નીચે મૂળ અંગ્રેજીમાં લખાયલી સત્ય ઘટનાનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરી આપનાર સૌ. શારદાબહેનની આજ સુધીની એક તપસ્વિની–સદશ જીવનકથા રોચક તેમ જ પ્રેરક હોવાથી તેમનો પરિચય આપવાને હું આકર્ષાયો છું.

શારદાબહેનની આજે ૪૩ વર્ષની ઉંમર છે. તેમનો જન્મ સુરેન્દ્રનગર ખાતે ઈ. સ. ૧૯૨૬ની સાલમાં થયો હતો. ૧૯ વર્ષની ઉંમરે એટલે ૧૯૪૫ ની સાલમાં ફાગણ મહિનામાં તેમનાં લગ્ન થયેલાં, લગભગ એક વર્ષ બાદ ત્રણ મહિનાની માંદગી ભોગવીને તેમના પતિ સ્વર્ગવાસી થયા. ત્યાર બાદ એ જ વર્ષના જુન યા જુલાઈ લગભગમાં તેઓ ભાવનગરના મહિલા વિદ્યાલયના દશમા ધોરણમાં દાખલ થયા. તેમના આ અભ્યાસના અનુસંધાનમાં જણાવવાનું કે સુરેન્દ્રનગરની કન્યાશાળામાં તેમણે સાત ધોરણ સુધી અભ્યાસ કરેલો. તેથી આગળ અભ્યાસ કરવાની તે કન્યાશાળામાં સગવડ નહોતી અને છોકરાઓની નિશાળમાં તેમને ભણવા મોકલવાની તેમના વડિલોની અનિચ્છાના કારણે ઘેર ટ્યુશનદ્વારા તેમણે પોતાનો અભ્યાસ ચાલુ રાખેલો. આ અભ્યાસ ચાલતો હતો તે દરમિયાન તેમના પતિનું અવસાન થયું અને ઉપર જણાવ્યું તે મુજબ, પરીક્ષા લઈને ભાવનગરના મહિલા વિદ્યાલયના દશમા ધોરણમાં તેમને સીધા દાખલ કરવામાં આવેલા.

૧૯૪૮ માં તેમણે એસ. એસ્. સી.ની પરીક્ષા પસાર કરી. અને એસ્. એન્. ડી. ટી. નો ત્રણ વર્ષનો કૉલેજનો અભ્યાસક્રમ પૂરો કરીને ૧૯૫૧ ની સાલમાં તેમણે સંગીત સાથે બી. એ. ની પરીક્ષા પણ પસાર કરી. બી. એ. થયા બાદ એક વર્ષ તાપીબાઈ મહિલા છાત્રાલયમાં ત્યાંના ગૃહપતિ શ્રી. ગૌરીબહેન ત્રિવેદીના મદદનીશ તરીકે તેમણે કામ કર્યું અને બીજું વર્ષ શ્રી. દાણીભાઈ કન્યાછાત્રાલયનાં ગૃહપતિ તરીકે તેમણે કામ કર્યું. ત્યાર બાદ સ્વતંત્ર ઓરડી લઈને ભાવનગરમાં તેઓ રહ્યાં અને ચારેક વર્ષ મહિલા વિદ્યાલયમાં તેમણે નોકરી કરી. એ દરમિયાન નાદુરસ્ત તબિયતના કારણે તેમણે નોકરી છોડી દીધી અને સુરેન્દ્રનગરમાં રહીને એમ. એ. ની પરીક્ષા માટે તેમણે તૈયારી કરવા માંડી. પ્રતિકુળ સ્વાસ્થ્યના કારણે તેમ જ સંગીતના શિક્ષણની સગવડના અભાવને કારણે સંગીતનો વિષય છોડીને તેમણે હિન્દી વિષય લઈ લીધો અને ૧૯૬૧ માં તેમણે એમ્. એ. ની ડીગ્રી પ્રાપ્ત કરી.

ત્યારબાદ મુંબઈ ખાતે રહેતાં, તેમનાં મોટાં બહેનને ત્યાં આવીને તેઓ રહ્યાં. આ રીતે શરૂ થયેલા મુંબઈ ખાતેના તેમના વસવાટ દરમિયાન, થોડા સમય પહેલાં વિધુર થયેલાં શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહના પરિચયમાં તેઓ આવ્યાં. શ્રી બાબુભાઈ મુંબઈમાં ઈન્કમ-ટેકસ એડ્વાઈઝર તરીકે કેટલાક સમયથી કામ કરતા હતા. (તેમની અસાધારણ ઉદારતાઓ વિષે 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.) પ્રસ્તુત પરિચયના પરિણામે શારદાબહેન ૧૯૬૨ ના સપ્ટેમ્બર માસમાં તેમની સાથે લગ્નગ્રંથીથી જોડાયા. ત્યારથી પોતાના પરિવાર સાથે શારદાબહેન મુંબઈ ખાતે શિવમાં રહે છે. તેમનો સંગીતનો અભ્યાસ ચાલુ છે. આનો લાભ મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાને છેલ્લાં બે ત્રણ વર્ષથી મળતો રહ્યો છે.

આ ઉપરાંત તેમનું તત્વવિષયક વાંચન–ચિન્તન પણ ચાલુ છે. અંગ્રેજી યા હિંદી કોઈ પણ લખાણના અનુવાદની મને જરૂર પડે છે ત્યારે તેઓ વિના વિલંબે કરી આપે છે અને તેમનું લખાણ ભાગ્યે જ જોવું કે સુધારવું પડે તેવી અનુવાદકુશળતા તેમણે પ્રાપ્ત કરી છે. આગળના ઘરનાં પાંચ બાળકોને ઉછેરવાની પોતાના માથા ઉપર જવાબદારી હોવા છતાં, તેમનાં કૌટુંબિક જીવનમાં સંવાદિતાની સૌરભનો અનુભવ થાય છે. તેમના જીવનમાં એક જ પ્રતિકુળતા છે તેમના શારીરિક સ્વાસ્થ્યને લગતી. નાનપણથી જ તેઓ કૃશકાય છે. જીવનની શરૂઆતથી જ જે સંકટો, હાડમારી અને મથામણમાંથી તેમને પસાર થવું પડયું છે અને તે કારણે તેમના શરીરસ્વાસ્થ્યને જે ધક્કો લાગ્યો છે તેમાંથી હજુ તેઓ ઊંચે આવી શકયા નથી. આપણે ઈચ્છીએ અને પ્રાર્થીએ કે તેઓ શરીરસ્વાસ્થ્ય સત્વર પ્રાપ્ત કરે અને તેમનામાં રહેલી સાહિત્યશકિતનો આપણને ખૂબ લાભ મળતો રહે!

સ્વતંત્ર પક્ષમાં ચાલુ રહીને મુનશીએ પાટીલને ટેકો આપ્યો તે બરોબર છે?

ઘણી વખત એવું બને છે કે અમુક વ્યકિતવિશેષના કાર્યનું અમુક આવેગને વશ થઈને આપણે હાર્દિક અનુમોદન કરીએ છીએ અને ત્યાર બાદ એમ કરવામાં આપણે કાંઈક ઉતાવળ કરીએ છીએ, પ્રસ્તુત અનુમોદનનો બીજી રીતે પણ આપણે વિચાર કરવો જોઈતો હતો, એમ પાછળથી આપણને લાગે છે. આવું જ કાંઈક શ્રી. એસ્. કે. પાટીલની ઉમેદવારીનું જોરદાર સમર્થન કરતા માન્યવર શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીના નિવેદનને આવકારવા અંગેની તા. ૧-૫-૬૯ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલી મારી નોંધમાં થઈ ગયું હોય એમ બનવા પામ્યું છે. અને એમ હોય તો મારે તેનો અકરાર કરવો જોઈએ એમ પણ મને લાગે છે.

અલબત્ત, આ નોંધ પ્રગટ થયા બાદ શ્રી. પાટીલની ચૂંટણી થઈ ગઈ છે અને તેઓ ઘણી મોટી બહુમતીથી ચૂંટાઈ ગયા છે. એટલે આ એકરારને હવે તે ચૂંટણી સાથે કોઈ સંબંધ રહ્યો જ નથી. આમ છતાં પ્રસ્તુત બાબત અંગે મેં જે રજુઆત કરી હતી તેને આ એકરાર સાથે અમુક સંબંધ છે જ.

પ્રશ્ન એમ છે કે શ્રી મુનશી સ્વતંત્ર પક્ષના એક પાયાના આગેવાન હતા અને એ હકીકતને ધ્યાનમાં લેતાં, પક્ષના શિસ્તની દષ્ટિએ મુનશીએ એ જ પક્ષના ઉમેદવાર શ્રી મનુભાઈ અમરશીની વિરુદ્ધમાં જાહેર નિવેદન કરીને શ્રી પાટીલને ટેકો આપ્યો. આ તેમનું વર્તન બરોબર છે કે નહિ? પક્ષના શિસ્તનો ખ્યાલ કરતાં શ્રી. મુનશીના આ પગલાનો કોઈ પણ રીતે બચાવ થઈ ન શકે એમ આજે મને લાગે છે. આમ છતાં પણ શ્રી. પાટીલને ટેકો આપવો એ દેશહિતની દષ્ટિએ આજની પરિસ્થિતિમાં અત્યન્ત આવશ્યક છે અને તેથી એમ કરવું એ પોતાને ધર્મપ્રાપ્ત છે એમ જો મુનશીને અંતરના ઊંડાણથી ભાસતું હતું તો તેમણે પ્રથમ સ્વતંત્ર પક્ષમાંથી રાજીનામું આપવું જોઈતું હતું અને ત્યાર બાદ શ્રી. પાટીલને ટેકો આપતું નિવેદન બહાર પાડવું જોઈતું હતું. તેમના માટે આ જ સાચો માર્ગ હતો. આમ નહિ વર્તવામાં મુનશી પોતાના કર્તવ્યધર્મમાં કાંઈક ચૂકયા છે એમ મને સ્પષ્ટપણે ભાસે છે અને તેથી તેમના પગલાનું નિરપવાદ અનુમોદન કરવામાં મેં પણ ભૂલ કરી છે એમ મને લાગે છે.

આ ચર્ચા કરું છું ત્યારે મને મારા જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. હું ભાવનગરનો જૈન ઘોઘારી ન્યાતનો. એટલે એ જ્ઞાતિના સભ્ય તરીકે મારાં બાળકોને મારી જ્ઞાતિના વર્તુળની અંદર જ વિવાહિત કરવા જોઈએ. આમ છતાં મારા અંગત સંયોગોમાં જ્ઞાતિનો આ નિયમ પાળવાનું મારા માટે શકય નહોતું. એટલે મારી મોટી પુત્રીનો જ્ઞાતિબહાર વિવાહસંબંધ નક્કી કરવાની પરિસ્થિતિ ઊભી થઈ ત્યારે મેં પ્રથમ મારી જ્ઞાતિ ઉપર રાજીનામું મોકલી આપ્યું અને પછી વિવાહસંબંધ નક્કી કર્યો. જ્ઞાતિમાં રહીને જ્ઞાતિના પાયાના નિયમનું ઉલ્લંઘન કરવું તેના કરતાં જ્ઞાતિમાંથી સભ્ય તરીકે છૂટા થવાની માંગણી કરવી તે મને વધારે ઉચિત અને ધર્મ્ય લાગ્યું. મુનશીજીએ પણ સ્વતંત્ર પક્ષમાં ચાલુ રહીને તેના શિસ્તની અવગણના કરી તેના બદલે, તે પક્ષમાંથી નીકળી જવા બાદ તેમણે પાટીલની ઉમેદવારીને ટેકો આપ્યો હોત તો તે વધારે ઉચિત અને વિનયભર્યું લેખાત.

શિવ ખાતેની મંદિર પ્રતિષ્ઠા પાછળ
જૈનોની જાહોજલાલીનું વિવેકહીન પ્રદર્શન

શિવ ખાતે તાજેતરમાં બંધાયેલ એક નવા જિનમંદિરની પ્રતિષ્ઠા અને ત્યાં પધરાવવામાં આવેલા જિનબિંબોની અંજનશલાકા અને પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી. આ બન્ને નિમિત્તોને અનુલક્ષીને તા. ૧૧-૫-૬૯ થી તા. ૨૩-૫-૬૯ સુધી એમ ૧૩ દિવસનો એક ભરચક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રારંભથી અન્ત સુધી લાગ-લગાટ મોટા પાયા ઉપરના જમણવારો કરવામાં આવ્યા હતા. આ જમણવારો લગભગ આખો દિવસ ચાલતા હતા અને આશરે પાંચ હજારથી માંડીને કોઈ કોઈ દિવસ પંદર હજારની સંખ્યામાં ભાઈ-બહેનો અને બાળકો જમતાં હતાં. આ પ્રસંગે ઈન્દ્ર–ઈન્દ્રાણીના નાટકી વરઘોડાઓ કાઢવામાં આવ્યા હતા. આ મહોત્સવ પાછળ આશરે ત્રણ થી ચાર લાખ રૂપિયાનો વ્યય કરવામાં આવ્યો હતો. જુદા જુદા પ્રસંગો અને નિમિત્તો આગળ ધરીને ઉછામણીઓ દ્વારા હજારો રૂપિયાની આવક દેવદ્રવ્ય ખાતે જમે કરવામાં આવી હતી. શકય તેટલો ઠાઠ-માઠ, લોકોની ભીડ અને રાત્રે કરવામાં આવતી રોશનીની ઝાકઝ-માળથી આખો વિભાગ લગભગ એક પખવાડીયા સુધી ધમધમી ઊઠયો હતો.

આ દેશમાં ભાગ્યે જ એવો મહિનો જાય છે કે જ્યારે દેશમાં એક યા બીજા પ્રકારની આફત ઊતરી આવતી ન હોય. બનાસ-કાંઠામાં અને રાજસ્થાનના અમુક વિભાગમાં કારમો દુષ્કાળ પ્રવર્તી રહ્યો છે અને અકાળે જાનવરો અને માણસો ભૂખે મરે છે. તાજે-તરમાં કુદરતી વાવાઝોડાએ આંધ્ર પ્રદેશ ઉપર કલ્પી ન શકાય એવો કાળો કેર વર્તાવ્યો છે. બીજી બાજુએ જમણવારો અને મહોત્સવ પાછળ લખલૂટ ખરચ થઈ રહ્યો છે અને જાહોજલાલીનાં વિવેકહીન પ્રદર્શનો થઈ રહ્યા છે, જાણે કે બન્ને વિભાગ વચ્ચે કોઈ પરસ્પર સંબંધ જ ન હોય! આવા આંધળા અમર્યાદ દ્રવ્યવ્યય માટે જવાબદાર કોણ? આ માટે જવાબદાર એ ધર્મોચાર્યો છે, જેમની પ્રેરણા અને માર્ગદર્શન નીચે આવા વિવેકહીન જલસાઓ નિર્માણ થાય છે અને એટલા જ જવાબદાર સ્થાનિક સંઘના આગેવાન નિમંત્રકો છે કે જેઓ તે તે આચાર્યોની આગેવાનીને વશ થઈને કલ્પનામાં ન આવે એવાં–આ પ્રકારનાં આડંબરવાળાં–ધાર્મિક આયોજનો કરે છે. આ બન્નેને સામાન્ય ભોળો સમુદાય અનુસરે છે અને સામાન્ય જનતાની ચાલુ ભીંસ અને પારવિનાની હાડ-મારીઓની જાણે કે મશ્કરી કરતા હોય એવા સમારંભો ધર્મના નામે ઉજવાય છે. આમ જનતા ઉપર આના કેવા આઘાત પ્રત્યાઘાતો પડે છે તેનો તો કોઈ વિચાર જ કરતું નથી. આ એક પ્રકારની ઉડાવગીરી જ છે. અને સામાન્ય જનતાની આંખમાં આ બધું કણાની માફક ખૂંચે છે.

કોઈ એમ નથી કહેતું કે મંદિરની પ્રતિષ્ઠા જેવો પ્રસંગ હોય તો તેને અનુરૂપ મહોત્સવ જેવું કશું જ ન કરો. પણ આપણે જે કાંઈ કરીએ તેમાં વિવેક, પ્રમાણબુદ્ધિ, મર્યાદા અને સામયિક પરિ-સ્થિતિનો પૂરો ખ્યાલ હોવો જોઈએ. એમ ન કરીએ તો અન્ય સમા-જના આપણે હાંસીપાત્ર બનીએ. સમય પણ આપણી આવી ઉડાવ-ગીરીને સહન કરી શકતો નથી અને તેનું યોગ્ય પ્રાયશ્ચિત કરાવ્યા વિના રહેતો નથી. શાણો ગણાતો સમાજ જો શાણપણ ગુમાવી બેસશે તો પછી શાણપણના પાઠ કોણ કોને શિખવશે?

જૈન સમાજમાં ચાલી રહેલું અંધશ્રદ્ધાનું તાંડવ:
પંડિત બેચરદાસનો પુણ્યપ્રકોપ

અમદાવાદથી પંડિત બેચરદાસ જીવરાજ દોશી તરફથી તા. ૨૧-૫-૬૯ નો પત્ર મળ્યો છે. તેમાં પોતાના અંગત સમાચાર આપ્યા બાદ તેમ જ આચાર્ય રજનીશજી પાછળ–તેમની મધુર મોરલી પાછળ–મારી જેવો વિવેકી અને પ્રાજ્ઞ માણસ કેમ ખેંચાઈ ગયો તે વિષે આશ્ચર્ય વ્યકત કર્યા બાદ આજે જૈન સમાજમાં જે અંધશ્રદ્ધાનું તાંડવ ચાલી રહ્યું છે તેનો ઉલ્લેખ કરતાં તેઓ જણાવે છે કે:

"હમણા તા. ૧૭-૫-૬૯ ના "જૈન"માં છેલ્લા પાને કેટલાક ભાઈઓ શિલાઓની પૂજા કરી રહ્યા છે તેને લગતી છબીઓ પ્રગટ થઈ છે, આ છબીઓ જોઈને અને એક ફોટામાં એક જૈન વેશવાળી વ્યકિત બેઠી છે એ જોઈને ભારે આશ્ચર્ય થયું અને વિચાર આવ્યો કે જ્યાં 'પ્રબુદ્ધ જીવન'ની હાક વાગતી હોય ત્યાં આવું તુત કેમ ચાલતું હશે? આપણા લોકો કયાં સુધી શિલાઓની પૂજા કર્યા કરશે? કયાં સુધી ઈન્દ્ર–ઈન્દ્રાણી થવાનાં નાટકો ભજવ્યા કરશે? કયાં સુધી ગ્રહોની અને દિક્‌પાળોની તથા ઘંટાકર્ણ મહાવીર વગેરેની પૂજા કર્યા કરશે? જે ઈન્દ્ર-ઈન્દ્રાણી વા ગ્રહો કે દિક્‌પાળો વગેરે કલ્પનામાંથી પેદા થયેલ છે તેમની પૂજાથી પ્રજાને કોઈ લાભ ખરો? અને મુનિવેશધારીઓ એ પૂજાના એજંટો બનતા રહે છે એ પણ મુનિવેશને શોભતું નથી એમ નથી લાગતું? અત્યાર સુધી અનેક વાર ગ્રહોની તથા દિક્‌પાળોની પૂજા કરી કરાવી. કોઈ દિક્‌પાળ કે ગ્રહ પૂજા કરનારની પાસે આવ્યો ખરો? એક તરફ એ મુનિવેશ-ધારીઓ જ કહે છે કે મિથ્યાદષ્ટિ દેવોની પૂજા ન કરવી અને બીજી બાજુ એ જ મહાશયો બ્રાહ્મણોની જેમ ગ્રહો વગેરેના એજન્ટો બની તેમની પૂજા કરાવે છે તો શું એ ગ્રહો તથા દિક્‌પાળો સમ્યગ્-દષ્ટિ જૈનો છે? જો સમ્યગ્ દષ્ટિ હોય તો આપણને આનંદ કે ઉપર પણ તેઓ જૈન ધર્મ ફેલાવે છે. ભલેને આ દેશમાં તેમનો હ્રાસ થયો હોય!!! આવાં કાલ્પનિક તુતો કયાં સુધી ચાલવા દેશો? તમારી લેખિનીનો પુણ્યપ્રકોપ તે બાબત જરૂર પ્રગટ થવો જોઈએ.

"જૈન સમાજમાં વિદ્વાનો ભારે હ્રાસ છે તથા બેકારી તો સમગ્ર દેશમાં છે. એટલે એની અસર પણ જૈન ભાઈ-બહેનોને થાય જ. એટલે આવા શિલાપૂજા જેવા કામમાં ધનનો વ્યય કરનાર ભાઈ બહેનો પોતાનો સમાજ વિશેષ વિદ્વાવંત થાય અને સમાજમાં એક પણ ભાઈ બહેન બેકારીની પીડાથી ન પીડાય એ અંગે ધ્યાન રાખી ધનનો વ્યય કરે અને એ બન્ને કામ સધાય પછી જ આખા દેશનું જે પ્રત્યક્ષ કષ્ટ છે તેનું નિવારણ કરવા લક્ષ્ય આપે એવી તેમને મારી વિનંતિ કોણ પહોંચાડે? જૈન મુનિઓ બહુ મોટા પંડિતો હોય છે અને વ્યાખ્યાનમાં લોકોનાં માથાં ડોલાવે એ રીતે લોકરંજનકુશળ પણ હોય છે. છતાં તેઓ આવા શિલાપૂજન વા ગ્રહપૂજન વા દિક્‌પાળપૂજન તથા હોમહવનોમાં કેમ ફસાયા? જે કામ પહેલાં લોભી બ્રાહ્મણો ઈન્દ્રના કે ગ્રહોના એજન્ટો બની કરતાં તે જ કામ આ પાંચ મહાવ્રતધારી મુનિઓ શી રીતે કરાવતા હશે?

"શાસ્ત્રમાં જણાવેલ છે કે શાસ્ત્રમાં બે જાતની ભાષા વપરાયેલ છે: એક તો સત્ય ભાષા અને બીજી સત્ય નહિ અને અસત્ય નહિ એવી ભાષા એટલે વ્યવહારભાષા, જેમાં અતિશયોકિત અમર્યાદ હોય છે અને ફલાદેશ પણ પાર વગરનો હોય છે. આ વ્યવહાર-ભાષાને વ્યાખ્યાતા મુનિપંડિતો બરાબર સમજી શકયા જણાતા નથી અને તેથી જ તેઓ એ જાહેરખબરી આકર્ષક ભાષાને પરમાર્થ-માં ગણી લોકોને ભુલાવામાં નાખે છે, અને પોતે પણ ભુલાવામાં પડે છે. જેમ કે નવકાર-મહામંત્ર ઉચ્ચાટન, સ્તંભન, મોહન, વશી-કરણ વગેરેને કરનાર છે. કયાં વીતરાગ અને પવિત્ર પુરુષોનું સ્મરણ અને કયાં ઉચ્ચાટન, સ્તંભન અને વશીકરણ વગેરે? બીજો દાખલો ભગવાન મહાવીર કે આદિનાથ ભગવાન વગેરે સિદ્ધાચળ ઉપર આવ્યા અને સમોસર્યા હતા. શ્રી આદીશ્વર ને ભગવાન મહાવીરનું પ્રાચીન ચરિત્ર શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમ તથા શ્રી હરિભદ્ર-સૂરિએ લખેલ છે. તેમાં આ બન્ને તીર્થંકરો સૌરાષ્ટ્રમાં આવ્યાની નોંધ નથી. તો તેઓ સિદ્ધાચળ શી રીતે આવ્યા? અસત્યા – અમૃષા ભાષા વિશેષત: લોકાર્ષક અને એક પ્રકારે જાહેરખબરની ગરજ

સારે એવી હોય છે. કવિ કાળીદાસ એમ કહે છે ઘરોની ભીંતો સુવર્ણની, - મણિઓની જડેલી અને ઘરનાં જાળીયાં સોનાનાં:—આ ભાષા અસત્યાઅમૃષા. બીજું ઘણું ય લખવાનું છે પણ અત્યારે આટલું જ."

હકીકતદોષ અંગે સુધારણા

તા. ૧૬-૫-૬૯ના 'પ્રબુદ્ધ જીવન'માં 'જમણવારોનો અતિરેક' એ મથાળા નીચેની નોંધમાં તા. ૩૦-૪-૬૯ ના રોજ મુંબઈમાં સી. સી. આઈ. ખાતે યોજાયેલા ૭૦૦૦ માણસોના ભોજનસમારંભ સંબંધમાં એમ ઉલ્લેખ કરવામાં આવેલો કે 'જનશકિત'માં જણાવવા મુજબ એકઠું એકઠું કરીને ક્ષુધાપીડિતોને વહેંચી આપનાર દંપતીએ આ જમણવારમાંથી ૮૦૦ થી ૧૦૦૦ કીલો રાંધેલું શાક, ૪૦ કીલો શ્રીખંડ અને ૪૦ કીલો ગુલાબજાંબુ એકઠા કર્યા હતા. આના અનુસંધાનમાં પ્રસ્તુત દંપતીમાંના એક શ્રી. હાસ્યચંદ્ર સી. મહેતા ઉપરના નિવેદનમાં રહેલા હકીકતદોષ તરફ ધ્યાન ખેંચતાં જણાવે છે કે, ઉપર જણાવેલ ભોજનસમારંભમાંથી કારેલાં, વટાણા ભીંડા, તુરિયાં, પરવળ, કોથમીર, વઘારંધાયેલું ૮૦૦ કીલો, રાંધેલું શાક ૧૦૦ કીલો, વઘારપીરસાયેલો શ્રીખંડ ૪૦ કીલો, ગુલાબજાંબુ ૪૦ કીલો, કોલસાની ગુણ - ૩, તેલના બે ડબ્બા વાપરેલ,—આટલી ચોખ્ખી ચીજો શ્રી દીપચંદભાઈ ગાર્ડીના સહકારથી તેમને પ્રાપ્ત થઈ હતી, જે ૧૫ સંસ્થાઓને વહેંચી આપવામાં આવી હતી. આ ઉપરાંત એટું તો ઢગલાબંધ વધ્યું જ હોવું જોઈએ, જેનું કોઈ માપ કાઢવાનું શકય હોતું નથી. આ હકીકત સુધારણા આખરે તો પ્રસ્તુત જમણવાર કેટલા મોટા પાયા ઉપરનો યોજવામાં આવ્યો હતો અને તેમાં કેટલો બગાડ થયો હતો અને કેટલું વણવપરાયલું પડી રહ્યું હતું તેનો ખરો ખ્યાલ આપવા માટે પૂરતી છે અને આ ભોજન સમારંભને જમણવારોના અતિરેકની પણ પરાકાષ્ટા તરીકે વર્ણવવામાં આવેલ છે તે વિધાનની યથાર્થતા પુરવાર કરે છે. **પરમાનંદ**

પક્ષપરિવર્તનનું પરિણામ: દર મહિને એક રાજ્યસરકારનું પતન

('ગુજરાત મિત્ર'માંથી ઉધ્ધૃત)

૧૯૬૭ની સામાન્ય ચૂંટણી પછી સરાસરી એકથી વધુ ધારાસભ્ય રોજ પાટલી બદલે છે. આવા પક્ષાંતરના કારણે ૧૬ માસમાં દરેક મહિને ઓછામાં ઓછી એક રાજ્યસરકારનું પતન થયું છે.

બંધારણીય અને સંસદીય અભ્યાસ માટેના ઈન્સ્ટીટયૂટના છેલ્લામાં છેલ્લા પ્રકાશનમાં આપવામાં આવેલી ઘણી રસપ્રદ માહિતીઓમાંની આ એક રસપ્રદ માહિતી છે. એનું શિર્ષક છે "પક્ષાંતરનું રાજકારણ : ભારતના રાજકીય રાજકારણનો અભ્યાસ." એના લેખક છે ડૉ. સુભાષ સી કશ્યપ. માજી સંસદ સભ્ય ડૉ. એલ. એમ. સંઘવી એના સંપાદક છે.

આ પ્રકાશનમાં પક્ષાંતર વિશેની અન્ય રસપ્રદ માહિતીઓ પણ આપવામાં આવી છે. સાત રાજ્યોમાં હરિયાણા, પંજાબ, બિહાર, ઉત્તર પ્રદેશ, પ. બંગાળ, મધ્યપ્રદેશ, અને રાજસ્થાનમાં લગભગ ૨૧ ટકા ધારાસભ્યોએ (દર ચારે એક) ઓછામાં ઓછી એક વાર પાટલી બદલી છે.

પાટલી બદલવાનો આ ચાળો માત્ર ઉત્તર ભારત પૂરતો મર્યાદિત રહ્યો નથી. તમામ રાજ્યોમાં બધું મળીને અત્યાર સુધીમાં પાટલી બદલવાના ૧૦૦૦ કિસ્સા બન્યા છે. કેટલાક આયારામ ગયારામોએ ત્રણ ચાર કે પાંચ વાર પાટલીઓ બદલી છે. એક કિસ્સામાં તો એક સભ્યે સાત વાર પક્ષ બદલ્યો હતો. એક સભ્યે માત્ર પાંચ દિવસ પુરતા પ્રધાન બનવા પાંચ વાર પક્ષ બદલ્યો હતો.

૧૯૫૭ થી ૧૯૬૭ સુધીમાં ૫૪૨ પાટલી બદલવાના કિસ્સા બન્યા હતા. આનો એકંદર લાભ કૉંગ્રેસને મળ્યો હતો. ૧૯૬૭ પછી પક્ષ—પલટાને કારણે બધા રાજકીય પક્ષોને સહન કરવું પડયું છે પણ સહુથી વધુ ખોટ કૉંગ્રેસને ગઈ છે.

સામાન્ય ચૂંટણી પછીના પહેલા વર્ષમાં ૧૧૧ પાટલી—બદલુઓને પ્રધાનપદાનો લાભ મળ્યો હતો.

'પ્રબુદ્ધ જીવન' વિષે સદ્‌ભાવ દાખવતા પત્રો

કલીકટથી શ્રી હેમચંદ્ર વીરજી જણાવે છે કે, "'પ્રબુદ્ધ જીવન' મારફત વર્ષોથી જડ ઘાલી બેઠેલી માન્યતાઓને આપ તથા આપ જેવા મહાનુભાવો ચિન્તનાત્મક લખાણો દ્વારા સમાજ સમક્ષ નવો પ્રકાશ પાડી રહ્યા છો તે માટે હું અને બીજાં અનેક લોકો આપના ઋણી છીએ. વધારે લખવું એ મારા ગજાની બહાર છે, પણ 'પ્રબુદ્ધ જીવન' તેના નિયત દિવસથી જરા પણ મોડું આવે છે તો તે દિવસે અમે એક પ્રકારની નિરાશા અનુભવીએ છીએ. આપને તથા 'પ્રબુદ્ધ જીવન' ને હું દીર્ઘાયુષ્ય ઈચ્છું છું."

* * *

મુંબઈથી શ્રી ચીમનલાલ પી. શાહ જણાવે છે કે "'પ્રબુદ્ધ જીવન' ની તમે છેલ્લાં ત્રીશ વર્ષથી નિષ્કામ અહોનિશ સેવા કરી છે. તે ફાલ્યુંફૂલ્યું તે બધું મુખ્યત્વે તમારી ઊંડી નિષ્ઠા અને પરિશ્રમનું પરિણામ છે. શરૂઆતથી જ તેમાં આવતા તમારા લેખો મૌલિક વિચારોથી ભરેલા અને ઊંચી કક્ષાની ભાષાથી મઢાયલા રહ્યા છે અને એટલે જ હું હંમેશા તેનો ચાહક રહ્યો છું. 'પ્રબુદ્ધ જીવન' વધુ ફાલેફૂલે અને દેશના ઉત્કર્ષમાં ખૂબ જરૂરી એવાં પરિવર્તનો કરવામાં વધુ અને વધુ ફાળો આપતું રહે એ શુભેચ્છા સાથે તમને તેમ જ સામયિકને આ શુભ પ્રસંગે મારાં હાર્દિક અભિનંદન છે."

* * *

મુંબઈથી શ્રી શાંતીલાલ એમ. કોઠારી જણાવે છે કે, "મુંબઈ જૈન યુવક સંઘની તથા તમારી રાહબરી નીચે ચાલી રહેલા આ પત્રે જે સફળતાપૂર્વકની આગેકૂચ કરી છે તે બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘને તેમ જ આપને હાર્દિક અભિનંદન ઘટે છે. પત્રકારિત્વનું ઊંચું ધોરણ જાળવી રાખીને આગળ વધી રહેલું 'પ્રબુદ્ધ જીવન' સમાજના તથા રાષ્ટ્રના અનેક પત્રોની દીવાદાંડી સમાન બની રહેશે. સામાજિક, ધાર્મિક તેમ જ રાષ્ટ્રીય પ્રશ્નોની છણાવટ કરીને જે વાચનસામગ્રી પીરસવામાં આવે છે તે ખૂબ જ મહત્ત્વની હોય છે. 'પ્રબુદ્ધ જીવન' આવા અનેક પ્રસંગો ઊજવે અને ગુજરાતી પત્રોમાં તેનું આગવું સ્થાન સતત જળવાઈ રહે એ જ પ્રાર્થના."

* * *

મુંબઈથી શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન પત્રિકા જણાવે છે કે, " શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક પત્ર ૩૦ વર્ષ પૂરાં કરી ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે. ઉત્તમ લખાણો તથા વિશિષ્ટ વિચારક તરીકે પ્રબુદ્ધ જીવનની અસર છે. આ પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન'ને અમારા હાર્દિક અભિનંદન."

વિષય સૂચિ

		પૃષ્ઠ
ભગવાન બુદ્ધ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૨૩
પોતાના બાળકના ખૂનીને તેણે માફી આપી.	અનુ૦ સૌ. શારદા બહેન શાહ	૨૬
રાજસ્થાનમાં પ્રકૃતિનો ભીષણ પ્રકોપ		૨૮
શું શાસ્ત્રોને પડકાર આપી શકાય છે?	ઉપાધ્યાય શ્રી અમર મૂનિ	૨૯
પ્રકીર્ણ નોંધ: સૌ. શારદાબહેન શાહનો પરિચય, સ્વતંત્ર પક્ષમાં ચાલુ રહીને મુનશીએ પાટિલને ટેકો આપ્યો તે બરોબર છે? શિવ ખાતેની મંદિર પ્રતિષ્ઠા પાછળ જૈનોની જાહોજલાલીનું વિવેકહીન પ્રદર્શન, જૈન સમાજમાં ચાલી રહેલી અંધશ્રદ્ધાનું તાંડવ, હકીકતદોષ અંગે સુધારણા.	પરમાનંદ	૩૧
જોઈએ છીએ કન્યા.	વાસંતી મોદી	૩૪

જોઈએ છે કન્યા....

"જોઈએ છીએ અમેરિકામાં વસવાટ કરતાં--સારું કમાતા યુવાનને દેખાવડી, ગ્રેજ્યુએટ સંસ્કારી કુટુમ્બની કન્યા. લગ્ન કરી અમેરિકામાં વસવાટ કરવાની તૈયારી કન્યા માટે જરૂરી છે."

દૈનિકપત્રોમાં અવારનવાર ચમકતી આ જાહેરાતમાં પરદેશ જવાનું આકર્ષણ એટલું પ્રબળ હોય છે કે વર માટે રાહ જોતી કન્યા, કે દીકરી માટે મુરતીયો શોધતાં માતાપિતા આવી જાહેરાતો વાંચી તક ઝડપવા તત્પર બની જાય છે. સમયના પરિવર્તન સાથે વર કે કન્યાની લગ્ન માટેની લાયકાતના ધોરણોમાં પણ પરિવર્તન આવે છે. આજે દરેક સુશિક્ષિત કન્યા પરદેશ ભણેલો વર ઈચ્છતી હોય છે. તેના માતાપિતા પણ (Foreign Returned) જમાઈ મેળવવામાં પોતાનું ગૌરવ સંતોષાતું જુએ છે, અને તેમાંય પરદેશ રહેવાનું મળે તો તો અહોભાગ્ય માને છે.

છેલ્લા દસકામાં જે ઝડપથી સામાજિક પરિવર્તન આવી રહેલું છે, તેનાથી લગ્નસંસ્થા પણ અલિપ્ત નથી રહી. સૈકા પહેલાં હિન્દુ સમાજમાં લગ્નસંસ્થાનો પહેલો તબક્કો એટલે ન્યાત-ગોર દ્વારા ગોઠવાતાં લગ્નો, જેમાં વર કે કન્યાના માતાપિતા પણ ગોરદ્વારા બંધાયેલ સંબંધથી જ એકબીજાને ઓળખતાં થતાં. આ સમયે લગ્ન એક સામાજિક પ્રસંગ હતો. બીજા તબક્કામાં લગ્ન કૌટુમ્બિક પ્રસંગ બની જાય છે, જેમાં વર કે કન્યાના માતા-પિતા દ્વારા જ ભાવિ વર-વધૂ લગ્નગ્રંથિથી જોડાતા. લગ્નથી જોડાતી વ્યકિતઓની સંમતિ કે અસંમતિનો ખ્યાલ સુધ્ધાં કોઈ ન કરતું અને એ સાવ સ્વાભાવિક મનાતું. ત્રીજા તબક્કામાં લગ્ન કૌટુમ્બિક પ્રસંગ જ રહે છે, છતાં વર કે કન્યાની સંમતિ આવશ્યક લેખાય છે.

આજે લગ્નવિકાસનો ત્રીજો તબકકો અસ્ત પામી રહ્યો છે અને ચોથા તબક્કાનો ઉગમ થઈ રહ્યો છે. સંધિકાળને કાંઠે ઊભેલી લગ્ન ઘટના કૌટુમ્બિક પ્રસંગ મટી વ્યકિતગત ઘટના કે પ્રસંગ હોવાનો આકાર ધારણ કરી રહેલ છે. અલબત્ત, યૌવનકાળમાં પ્રવેશતાં યુવક - યુવતીઓ માટે જીવનસાથી શોધવાની તકો સુલભ બની છે એમ તો ન કહેવાય, પરંતુ સુલભતાની દિશાઓ તેઓ માટે ખૂલી રહી છે એમ તો જરૂર કહી શકાય. સ્ત્રીના વિકાસ સાથે વિકાસ પામતા લગ્ન સ્વરૂપમાં આજે પાંચ - પંદર દિવસના ટૂંકા ગાળામાં જ પરિચય, સંવનની ભૂમિકા વટાવી યુવક - યુવતી લગ્ન કરવા તત્પર થાય છે, તેમાં સ્ત્રી પ્રગતિની કેડીએથી પીછેહઠ કરતી હોય તેમ નથી લાગતું? ભાવિ જીવનસાથીને ઓળખવાનો કે તેનો પરિચય પામવાનો આમાં અવકાશ જ કયાં રહ્યો? તો પછી અગાઉના ન્યાત-ગોર દ્વારા ગોઠવાતાં લગ્નો અને આજના તો જાહેરખબર દ્વારા યોજાતાં લગ્નમાં તફાવત કયો શોધવો? કહેવું હોય તો એમ કહી શકાય કે અગાઉની પતિથી અનભિજ્ઞ એવી કન્યા લાચાર દશાએ પતિને સ્વીકારતી, જ્યારે આજે કન્યા સાવ અનભિજ્ઞ એવી વ્યકિત સાથે સહર્ષ સમજી બુઝીને જીવન જોડવા તૈયાર થાય છે. અહીં કહેવાનો આશય એ નથી કે પરિચય વગરનાં લગ્નો સર્વથા નિષ્ફળતામાં જ પરિણમે છે. પરંતુ આજના સમાજમાં પરિચયની ભૂમિકા બે ભિન્ન ભિન્ન વ્યકિતત્વને નિકટ આણવાની તક ઊભી કરે છે. વ્યકિતના અંતરંગને પામવો મુશ્કેલ છે; છતાં પાંચ - પંદર દિવસના ઉપરછલ્લાં પરિચયમાં સુશિક્ષિત કન્યા પરદેશ જવાનો મોહ લગ્નની લાયકાત દ્વારા જ તૃપ્ત કરે એ યોગ્ય નથી લાગતું.

વળી આજે પરદેશ વિદ્યાભ્યાસ માટે જવામાં યુવકની એવી કોઈ વિશિષ્ટ શકિતનાં દર્શન નથી થતાં. સાવ સામાન્ય કહી શકાય તેવા યુવકો પણ નાણાંકીય સરળતાને કારણે અમેરિકા જેવા દેશમાં તો એક જ શહેરમાં પણ એકથી વધુ યુનિવર્સિટીઓમાંથી એકમાં પ્રવેશ મેળવી શકે છે. દરિદ્રનારાયણ એવા આપણા દેશમાં લક્ષ્મી પ્રાપ્ત કરવી, અને ઉચ્ચ જીવનધોરણ જાળવવું એ જેટલું મુશ્કેલ છે, તેવી મુશ્કેલી ત્યાં નથી. અનેકવિધ પ્રકારના વ્યવસાયની અનેકવિધ તકો સુલભ હોવાથી આર્થિક દૃષ્ટિએ કશી મુશ્કેલી નથી અનુભવાતી.

માતા - પિતાના આગ્રહથી લગ્ન માટે જ સ્વદેશ આવેલા યુવાનોનાં એકાદ બે કિસ્સાઓ મારી જાણમાં આવ્યા છે, જે અત્રે રજૂ કરું છું.

પહેલા કિસ્સામાં ઉચ્ચ કુટુમ્બનો, અમેરિકામાં વિદ્યાભ્યાસ કરી વસવાટ કરતો યુવક માતા - પિતાના આગ્રહ અને દબાણથી લગ્ન માટે સ્વદેશ આવે છે. બે પાંચ સારી કન્યાઓ જોઈ એકની ઉપર તેની પસંદગીનો કળશ ઢોળાય છે અને લગ્નગ્રંથી જોડાય છે. થોડા સમય બાદ અમેરિકામાં વસતી યુવાનની જર્મન પત્નીને મિત્રો દ્વારા પતિના લગ્નની જાણ થાય છે, અને તે ભારત આવે છે. યુવાનનાં માતા - પિતા અને કન્યાના માતા-પિતાને મળે છે. બંનેના માતા - પિતાઓને આ હકીકતની કશી જ જાણ ન હતી. વધુ કફોડી સ્થિતિ તો કન્યા અને તેના માતા - પિતાની થાય છે. સાધનસંપન્ન પૈસાપાત્ર કન્યાના પિતા જર્મન યુવતીને પૈસાથી ખુશ કરી યુવાનથી છૂટી થવા સમજાવે છે. પરિણામ શું આવ્યું તેની ખબર નથી, પણ એક પ્રપંચી અને કાયર યુવાનને કારણે કેટકેટલી વ્યકિતઓ પરેશાન થઈ જાય છે તે આ ઉપરથી સહેજે સમજાશે.

બીજા કિસ્સામાં કિશોરાવસ્થાની મૈત્રીમાંથી સીમા અને મેહુલે પરસ્પરને લગ્નનો કોલ આપ્યો હતો. મેહુલ વધુ અભ્યાસ અર્થે અમેરિકા ઉપડી જાય છે અને સીમા પોતાનો તબીબી અભ્યાસ પૂરો કરતાં મેહુલના પાછા ફરવાની પ્રતીક્ષા કરે છે. આ સમય દરમ્યાન પ્રીતની ગાંઠને મજબૂત કરતો પત્રવ્યવહાર પણ ચાલે છે. મેહુલમય સીમા તો મેહુલ આવે કે તેની સાથે લગ્નગ્રંથિથી જોડાઈ પરદેશ જવાનાં સ્વપ્નાં જૂએ છે. મેહુલ આવે છે, સીમાને જણાવે છે કે મા-બાપની ઈચ્છા પોતે ન્યાતબહાર લગ્ન કરે તેવી નથી. સાથે એ પણ જણાવે છે કે અમેરિકામાં તેને બે - ચાર પ્રણય સંબંધો છે, જે પોતે લગ્ન પછી પણ ચાલુ રાખવા માંગે છે. સ્વમાનશીલ ડૉ. યુવતી મેહુલના બદલાયેલા સ્વરૂપને ઓળખે છે, અને વર્ષોથી જતન કરી પાંગરેલી પ્રીતને શમણું સમજી હૃદયમાં ભંડારી દે છે. મેહુલ મા-બાપે નક્કી કરેલી કન્યા સાથે જોડાઈ પરદેશ ઉપડવાની તૈયારી કરે છે. મેહુલના પ્રણયસંબોધથી સાવ અજાણ પેલી નિર્દોષ કન્યાનું પરદેશમાં શું?

પરદેશમાં વસવાટ કરતા બધા જ યુવાનો આવા પ્રપંચી નથી હોતાં. છતાં ત્યાંના વિવિધ પ્રલોભનો, આકર્ષણો, અને મુકત સમાજ વચ્ચે જીવતાં યુવાન સાથે લગ્ન - ગ્રંથિથી જોડાતાં પહેલાં કન્યા અને તેના માતા - પિતાએ પરદેશ વસવાના મોહમાં ઉતાવળ ન કરતાં પરિચયને પરિપકવ થવા દેવો જરૂરી છે.

વાસન્તી મોદી

'જ્યોતિસંઘ પત્રિકા'માંથી સાભાર ઉધ્ધૃત.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧૬, ૧૯૬૯, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ "શિવરાત્રીનો આ મેળો....": એક ચર્ચા ☆

તા. ૧૬-૩-૬૯ના પ્રબુદ્ધ જીવનમાં 'શિવરાત્રિનો આ મેળો'– એ મથાળા નીચે 'સંદેશ' પત્રમાંથી એક લેખ ઉદ્ધૃત કરવામાં અવ્યો હતો અને તે લેખમાં, ભરૂચ જિલ્લામાં આવેલા સાગબારા તાલુકામાં આશરે ૨૦૦૦ ફીટની ઉંચાઈએ દેવમોગરા નામના ડુંગર ઉપર શિવરાત્રિના દિવસે આશરે ૧૦,૦૦૦ માણસોનો મેળો જામે છે અને પાંડરા માતા સમક્ષ આશરે ૨૦૦૦ જેટલાં બકરાં અને ૩૦૦૦ જેટલાં મરઘા ધર્મના નામે વધેરાય છે – એ આખા કરુણ દશ્યનું વર્ણન કરવામાં આવ્યું હતું અને એ લેખ ઉપર મારી એક ટૂંકી નોંધ હતી. આ વાંચીને અમદાવાદથી આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્રના નિયામક શ્રી વિમલ શાહે તા. ૨૬-૫-૬૯ના રોજ લખેલા પત્રમાં તેમના દિલમાં પેદા થયેલું સંવેદન રજૂ કર્યું છે. શ્રી વિમલ શાહને હું ઘણા વર્ષથી તેમના સંશોધનપૂર્ણ પુસ્તક 'ધુવેલની તપાસ'ના કારણે જાણું છું. અને તે કારણે તેમના વિષે મને ઊંડો આદર છે અને તેથી તેમના આવા પત્રનું મારે મન ઘણું મહત્ત્વ છે. આમ છતાં તેમના પ્રસ્તુત સંવેદન સાથે હું મળતો થતો નથી. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ચિન્તનની થોડી સામગ્રી મળશે એમ ધારીને તેમનો એ પત્ર અને મારો ઉત્તર નીચે ક્રમસર પ્રગટ કરું છું. –પરમાંદ

શ્રી વિમળભાઇ શાહનો પત્ર

અમદાવાદ, તા. ૨૬–૫–૬૯

મુ. પરમાનંદભાઈ,

તા. ૧૬-૩-૬૯ ના 'પ્રબુદ્ધ જીવન'માં "શિવરાત્રિનો આ મેળો" એ નામનો એક લેખ 'સંદેશ' માંથી તમે તમારી નોંધ સાથે ઉતાર્યો છે. લેખના લેખકે અને તમે જૈન ધર્મના દૃઢ સંસ્કારને કારણે આ પ્રસંગ જોઈ વાંચી ભારે આઘાત અનુભવ્યો છે એ સ્પષ્ટપણે જોઈ શકાય છે. તમારી બંનેની આ પ્રકારની લાગણી મને તદ્દન સ્વાભાવિક લાગે છે. પરંતુ આ લાગણીના દબાણ નીચે લેખકે તેમના લેખમાં એવી કેટલીક વાતો લખી છે અને આદિવાસીઓ માટે એવાં કેટલાંક વિશેષણો વાપર્યા છે જે તે પ્રજાને અન્યાયકર્તા લાગે છે, અને તમારી નોંધ પણ એમાં સૂર પુરાવતી હોય એવું જણાય છે.

જે પ્રજાએ માંસાહારને પોતાના ખોરાકનો અગત્યનો ભાગ ગણ્યો છે તે પ્રજાને માટે આ પ્રકારની ઉત્સવ ઉજવણી તદ્દન સ્વાભાવિક ન ગણાવી જોઈએ? આપણે માંસાહાર ન કરતા હોઈએ તેથી તે આપણને અસ્વાભાવિક લાગે તે સાચું, પણ જેને માટે માંસાહારનો નિષેધ નથી તેને માટે તેમાં અસ્વાભાવિક જેવું શું છે? લેખકે પોતે જ સરખામણીમાં જણાવ્યું છે તેમ આપણા મંદિરોમાં નારીએળ કે અન્ય ખોરાકી પદાર્થો દેવને ધરાવી પછી તેનો પ્રસાદ ઉપયોગમાં લેવાય છે તેવું જ આ પણ નથી? આપણા મંદિરોમાં ઉત્સવ પ્રસંગે જે દશ્યો જોવા મળે છે તેનાથી આ દશ્ય કેવી રીતે જુદુ પડે છે તે સમજવું બાકી રહે છે. ત્યાં પણ લોકો બાધા પૂરી કરવા આવતા હોય છે, અને તેની પૂર્તિરૂપે દેવને ખોરાકી પદાર્થો ભેટરૂપે ધરાવતા હોય છે. ફેર માત્ર એટલો જ છે કે માંસાહાર કરનારા લોકો પશુનો ભોગ દેવને ધરાવે છે જ્યારે તેમાં ન માનનારા લોકો અન્ય ખોરાકી ચીજોનો ભોગ ધરાવે છે. બેની માન્યતામાં કે વર્તનમાં આ સિવાય બીજો કોઈ ફરક નથી. તો પછી આદિવાસી લોકો અન્ય પ્રજા કરતાં વધારે અંધશ્રદ્ધાળુ કે વધારે વહેમી કેમ ગણાય? અને તેમના આ પ્રકારના વર્તન માટે આપણે વિશેષ શરમ અનુભવવાનું શું કારણ? પશુનો વધ હજુ અત્યાર સુધી બીનઆદિવાસી એવી ઘણી હિંદુ જ્ઞાતિઓમાં પ્રચલિત હતો અને હજુ આજે પણ કેટલીક જ્ઞાતિઓમાં પ્રચલિત છે. કલકત્તાના દુર્ગા મંદિરના પાડાવધ વિષે આપણે સૌ જાણીએ છીએ. આ સંદર્ભમાં જોઈએ તો આખો લેખ આદિવાસી પ્રજાને ભારે અન્યાય કરનારો જણાય છે. લેખક પોતે બીનમાંસાહારી હોઈ તેમને આખા દશ્યે ભારે આઘાત પહોંચાડ્યો, અને એ આઘાતના દબાણ નીચે તેમણે આ લેખ લખી નાંખ્યો પણ તેમા તે સ્વસ્થતા ચૂકી ગયા છે, અને આખી પ્રજાને અન્યાય કરી બેઠા છે. આવા પ્રસંગોને ઘણી સ્વસ્થતાથી જોનારા તમે પણ આ પ્રસંગે બીનમાંસાહારી હોવાને કારણે તથા દૃઢ જૈન સંસ્કારોને કારણે તે લેખની નબળાઈ બતાવવાને બદલે તે લેખનું સમર્થન કરતા જણાયા તેથી મને જે આશ્ચર્ય થયું તે વ્યકત કરવા પૂરતો આ પત્ર લખ્યો છે. આખી એક પ્રજાન અન્યાય કરતું આપણે કંઈ લખતા પહેલાં વધારે સાવધાની રાખીએ એ મને આપણા અત્યારના સંજોગો જોતાં વધારે ઈચ્છનીય લાગે છે. તેમાં કંઈ અયોગ્ય હોય તો તે તરફ ધ્યાન ખેંચવા વિનંતિ છે

આ લખ્યા પછી એક બીજો મુદ્દો પણ ધ્યાનમાં આવે છે. બીનમાંસાહારી પ્રજાની જ્યાં બહુમતી હોય તેવા પ્રદેશોમાં જાહેર પશુવધની મનાઈ કરવામાં આવે એની પાછળની ભૂમિકા સમજી શકાય છે. પરંતુ આ જે વિસ્તારનું વર્ણન કરવામાં આવ્યું છે તે તો આખો આદિવાસી વિસ્તાર છે, જ્યાં બીનમાંસાહારી લોકો શોધ્યા પણ જડે તેમ નથી. તેવા વિસ્તારોમાં જાહેર પશુવધને કારણે કોમી લાગણીઓ દુભાવવાનો સવાલ ઊભો થાય છે તે હું સમજી શકતો નથી.

વિમલ શાહ

શ્રી પરમાનંદભાઇનો પ્રત્યુત્તર

પ્રિય વિમળભાઈ,

તમારો તા. ૨૬-૫-૬૯ નો પત્ર મળ્યો. 'પ્રબુદ્ધ જીવન' તમારી જેવા આટલી બધી ઝીણવટથી વાંચે છે તે જોઈને મને એક પ્રકારનો આનંદ થયો.

તા. ૧૬-૩-૬૯ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ 'શિવરાત્રીનો આ મેળો' એ મથાળાના લેખ ઉપર તમે જે કાંઈ લખ્યું તે વાંચ્યું. અને એ લેખ પણ હું ફરી જોઈ ગયો અને એમ છતાં મૂળ લેખમાં કે તે ઉપરની મારી નોંધમાં મને ખાસ વાંધાપડતું એવું કશું જણાયું નથી. આખા

લેખનો ઝોક આદિવાસીઓ માંસાહારી છે તે કારણે તેમને કોઈ રીતે ઉતારી પાડવાનો નહિ પણ ધર્મના નામે તેઓ શિવરાત્રીના રોજ બકરાં - મરઘાંની જે બેસુમાર કતલ કરી રહ્યા છે તેની ભયંકરતા અને તેમાં રહેલું જંગલીપણું જનસમાજના ધ્યાન ઉપર લાવવાનો છે અને એમાં મૂળ લેખકે કે મેં કોઈ દોષ કર્યો હોય એમ મને લાગતું નથી. આપણે ત્યાં મંદિરોમાં નારીયેળ કે અન્ય ખાદ્ય પદાર્થો દેવને ધરાવીને પછી તેને પ્રસાદ ગણીને ઉપયોગમાં લેવાય છે એમાં અને આ દશ્યમાં કશો ફરક નથી એમ તમે જણાવો છો એ મને કબૂલ નથી. દેવને આવા ખાદ્યપદાર્થો ધરવાનો કોઈ અર્થ છે કે નહિ તે જુદો પ્રશ્ન છે, પણ જે પાછળ કોઈ પ્રાણહરણ નથી, ક્રૂરતા નથી, મરઘાની કે બકરાની પ્રાણાન્તક ચીચીયારીઓ નથી એવી ચીજો ધરવી અને જાણે કે નાનું કતલખાનું ઊભું કર્યું હોય એ રીતે પાંચ પાંચ હજારનાં માથાં વધેરીને ધરવા એ બેમાં કશો ફરક નથી એમ કેમ કહેવાય?

તમે એમ કહો છો કે તેઓ માંસાહારી છે તેથી પોતાના દેવ-દેવીઓ સમક્ષ પોતાની ખોરાકીની ચીજો ધરે એ સ્વાભાવિક છે. આ સ્વાભાવિક છે એથી યોગ્ય છે એમ ન જ કહેવાય. આમ કરવાથી ધર્મ થાય છે—આવી તેમની માન્યતા પાછળ કેવળ અજ્ઞાન છે, વહેમ છે અને આ આખી પ્રક્રિયાનું દશ્ય કોઈ પણ જોનારના દિલમાં ઘૃણા પેદા કરે તેવું છે. ભગવાન બુદ્ધે યજ્ઞોમાં બલિ આપવા માટે લઈ જવાતા ઘેટાના બચ્ચાને ઉપાડી લીધું અને આવા બલિદાનનો વિરોધ કર્યો ત્યારે તેમનો વિરોધ માંસાહાર સામે નહોતો, પણ ધર્મના નામે કરવામાં આવતી આવી હિંસા સામે હતો. તેમનું એમ કહેવું હતું કે તમે ખાવા માટે પશુને મારો તે હું સમજી શકું છું, પણ યજ્ઞનિમિત્તે પશુને મારવાથી ધર્મ થાય છે એ મારા સમજવામાં આવતું નથી. આજે આ પ્રકારના યજ્ઞો થવા લગભગ બંધ થયા છે. અનેક દેવદેવીઓ સમક્ષ અપાતાં પશુઓનાં બલિદાનો પણ કાયદા-કાનૂનથી અથવા તો અંદર અંદરની સમજુતીથી બંધ થયા છે. એવી જ રીતે શિવરાત્રીના રોજ ધર્મના નામે ચાલતી આ બકરાં—મરઘાંની સામૂહિક કતલ બંધ થવી ઘટે.

આમ સૂચવવામાં તેમનાં આનંદ - મનોરંજનને હું કોઈ અંશમાં ઝૂંટવી લેવા માગતો નથી, પણ આવી કતલ કરવામાં દેવામાં ન આવે તો તેમને આનંદ જ ન મળે એમ માની લેવાને હું તૈયાર નથી. આનંદના બીજા અનેક પ્રકારો યોજી તેમ જ વિચારી શકાય છે. અલબત્ત, આ માટે માત્ર કાનૂની ઉપાયથી સંતોષ માની લેવો એ પૂરતું નથી. આ પ્રતિબંધનો તેમની પાસે સ્વીકાર કરાવવો હોય તો તેમની પાસે જઈને, તેમની વચ્ચે વસીને તેમને સમજાવવું જોઈએ, તેમના દિલમાં સુષુપ્ત એવી કરુણાને જાગૃત કરવી જોઈએ.

તમારા પત્રના અન્તમાં તમે એવી દલીલ કરી છે કે જ્યાં આવા બીનમાંસાહારીઓની બહુમતી હોય ત્યાં જાહેર પશુવધની મનાઈ કરવી યોગ્ય છે પણ આ જે વિસ્તારનું વર્ણન કરવામાં આવ્યું છે તે તો આખો આદિવાસી વિસ્તાર છે અને તેઓ તો સૌ કોઈ માંસાહારી છે. આના જવાબમાં જણાવવાનું કે આ વિસ્તાર આખરે ગુજરાતનો એક ભાગ છે અને ગુજરાતમાં બિનમાંસાહા-રીઓની બહુમતી છે તો આવા ગુજરાતમાં કોઈ પણ સ્થળે મહા-શિવરાત્રી જેવા પવિત્ર દિવસે દેવીનાં મંદિર આગળ આટલા મોટા પાયાની કતલ ચાલ્યા કરે તે ચલાવી લેવાય જ નહિ.

આ બાબત અંગેનું મારું તીવ્ર સંવેદન મારા જૈન ઉછેરને આભારી છે એમ તમે જણાવો છો. એ જૈને આભારી હોય તે અહિં પ્રસ્તુત નથી, પણ તેનો મૂળમાં કરુણાવૃત્તિ—પ્રેરિત દિલનું દર્દ છે. ગાંધીજી સામે આ ઘટના આવી હોત તો તેમનું પણ આ જ પ્રકારનું ઉગ્ર સંવેદન હોત અને આલ્બર્ટ સ્વાઈટ્ઝર સમક્ષ આ હિંસાતાંડવની વિગતો રજૂ કરવામાં આવી હોત તો તેમના દિલનો આવિષ્કાર પણ આવો જ ઉગ્ર હોત. આપણે બધાં લગભગ એક સંસ્કારમાં અને એક જ સભ્યતાની અસર નીચે ઉછર્યા છીએ. એમ છતાં તમારા દિલમાં ધર્મના નામે ચાલતા ઢગલાબંધ પશુઓની આ કતલ સામે કોઈ દર્દ નથી એ મારા માટે આશ્ચર્યનો વિષય છે.

અહિં એ સ્પષ્ટ કરું કે આ આદિવાસીઓ અંગે કોઈ આકરો શબ્દ વપરાઈ ગયો હોય તો પણ તેમના વિષે મારા દિલમાં કરુણા સિવાય બીજો કોઈ ભાવ છે જ નહિ. તેમના માટે 'જંગલી' શબ્દ વાપર્યો હોય તો પણ તેમનું આ કાર્ય મને જંગલી જેવું લાગે છે એટલા માટે, પણ તેમની કોઈ અવમાનના કરવા માટે નહિ. તેમના દિલને કોઈ જીતી લે અને તેમાં કરુણાવૃત્તિને જાગૃત કરે તો ધર્મના નામે થતા આવા પશુવધથી તો તેઓ જરૂર અટકે એવી મારી શ્રદ્ધા છે, વસ્તુતઃ આવા કોઈ પુરુષાર્થનો અભાવ એ કારણે જ આ હિંસાનું ઘોર તાંડવ આજ સુધી ચાલી રહ્યું છે.

સ્નેહાંકિત પરમાનંદ

તા. ક. આ પત્ર પૂરો કરું તે પહેલાં ગામડાના લોકોમાં—ખાસ કરીને આદિવાસીઓમાં—મોટા ભાગે પ્રચલિત એવી એક પ્રથાનું સ્મરણ થાય છે. આ લોકો કોઈ પણ ગામના ચોગાનમાં અવારનવાર એકઠા થાય છે અને કુકડાઓ વચ્ચે યોજવામાં આવેલી લડાઈ માણતા હોય છે. આ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા કુકડા-ઓના નહોર સાથે લોઢાની ધારદાર સોયો બાંધવામાં આવે છે અને પછી તેમને સામસામા લડતા કરવામાં આવે છે. સાંભળવા મુજબ ઘણીવાર આ કુકડાઓને મસ્ત બનાવવા માટે દારૂ પણ પાવામાં આવે છે. કુકડાઓ સામસામા લડે છે અને એકમેકને લોહી લુહાણ કરી નાખે છે અને એકઠા થયેલા લોકો આ બધું મોજથી માણે છે. તમે કહેશો કે એમાં શું ખોટું છે? ભલેને કુકડા લડે અને મરે પણ લોકોને આથી આનંદ મળે છે તો તેમાં શું વાંધો છે? મને લાગે છે કે પ્રાણીઓને રીબાતા જોવામાં આનંદ અનુભવવો એ જંગલીપણાની નિશાની છે અને તેથી આવી કુકડાબાજીની અટકાયત કાનૂનથી તેમ જ સમજાવટથી થવી જોઈએ. આવી જ રીતે સુધરેલા ગણાતા લોકોમાં જાનવરોની સાઠમારી યોજાય છે અને જનતા આવી સાઠમારીને મોજથી માણે છે. માનવતા એટલે જીવો પ્રત્યે દયા અને કરુણા હોય તો આવી વૃત્તિ મારી સમજણ મુજબ માનવતાની વિરોધી છે.

આવી જ રીતે સ્પેનમાં વર્ષોથી ચાલતી આવેલી આખલા-ઓની સાઠમારી છે. આ રમતમાં આખલા—આખલાને લડાવવામાં આવે છે અથવા તો અલમસ્ત આખલાને તેનો પાલક જે 'માતેદાર' કહેવાય છે તે એક જાડી ચાદરના આવરણ નીચે છરાના ઘા ઉપર ઘા મારીને તેને વીંધી નાખે છે અને આખરે લોહીલુહાણ થઈને જ મીન ઉપર ભાંગી પડે છે. આ જોવા હજારો માણસો દેશ પરદેશથી સ્પેન આવે છે અને સ્પેનની સરકારને તેની લાખો રૂપિયાની આવક થાય છે. આ તો સુધરેલા કહેવાતા લોકોનો આનંદમેળો છે. આમ છતાં આ ઉજવણીને કેવળ જંગલી સિવાય બીજા કયા વિશેષણથી વર્ણવી શકાય? અલબત્ત મરઘાના દ્વંદ્વયુદ્ધમાં કે આખલાની ઉપર જણાવેલી સાઠમારીમાં ધર્મના નામનો ઉપયોગ કરવામાં આવતો નથી, પણ એમાં કોઈ શક નથી કે આ બધી પ્રક્રિયા પાછળ માણસમાં રહેલો પશુ જ નગ્નાકારે બહાર આવે છે અને માનવતાને કલંકિત બનાવે છે. શું આવી ગતિવિધિનો આપણે વિરોધ કરવો ન જોઈએ? તે અટકાવવા માટે આપણે સૂર ઉઠાવવો ન જોઈએ? અને એ રીતે જો તેઓ આનંદ માણતા હોય તો ભલેને તેઓ એ રીતે આનંદ માણે એમ વિચારીને તથા કહીને આ બધા સામે માત્ર સ્થિતપ્રજ્ઞનો ભાવ ધારણ કરવો જોઈએ?

પરમાનંદ

વિષય સૂચિ

		પૃષ્ઠ
શિવરાત્રીનો આ મેળો—એક ચર્ચા	પરમાનંદ	૩૫
ગાંધીજી અને રાષ્ટ્રીય એકતા	નાથ પૈ	૩૭
રવિન્દ્ર સરોવર ઘટના :		
એક આંખો દેખા હાલ.	વિશ્વનાથ વિકે	૩૯
સંતપ્રેમી તુકારામ	વિમલા ઠકાર	૩૯
સમાજ સાપેક્ષ ધર્મ વિચાર	પરમાનંદ	૪૦
એક સુવર્ણ વિચાર	ડૉ. ઝાકિરહુસેન	૪૧
આચાર્ય રજનીશજીની કામમાંથી રામની યાત્રા	ઈશ્વર પેટલીકર	૪૩

☆ ગાંધીજી અને રાષ્ટ્રીય એકતા ☆

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાયેલી વસન્ત વ્યાખ્યાનમાળાના બીજા દિવસે–તા. ૯-૪-૬૯ ના રોજ સંસદસભ્ય શ્રી નાથ પૈએ આપેલ વ્યાખ્યાનની નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**)

"He is the one Luminous
Creator of all, Mahatma
Always in the hearts of people enshrined;
Revealed through Love, Intuition and thoughts;
Whoever knowest him Immortal becomes."

મહાત્મા ગાંધીને જ્યારે સાબરમતી આશ્રમમાં ટાગોર મળવા ગયા હતા ત્યારે ઉપનિષદની ઉપરની ઋચાઓ ટાંકી તેમણે ગાંધીજીને 'મહાત્મા' તરીકે ઓળખાવ્યા હતા.

ગાંધીજીનું આ વર્ણન જ યથાર્થ વર્ણન છે, કારણ કે કવિ–કુલગુરુ ટાગોરે આ કહ્યા પછી એક અજોડ ચમત્કાર સર્જાયો અને ૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭ ના રોજ જગતે જોયું કે જગતની એક પ્રભાવશાળી સત્તાનો શાંતિપૂર્વક અસ્ત થયો. આમ મહાત્માજીએ ભારતીઓની પેઢી–દર–પેઢીની મહત્વાકાંક્ષા પૂરી કરી. ભારતીયોને વહીવટમાં સ્થાન મળે, ભારતીઓને ઊંચા અધિકારો મળે, ભારતીય પ્રમુખ બની શકે એવી આકાંક્ષાને તેમણે માર્ગ આપ્યો.

આમ છતાં ય ગાંધીજીએ પોતે તો તેમાંનું કશું જ ન સ્વીકાર્યું. તેઓ તો સત્તાથી દૂર રહ્યા હતા. ઉત્સવઘેલાં લોકોથી દૂર દૂર તેઓ કલકત્તાની શેરીઓમાં ઘવાયેલી માનવતાના ઘા પર શાંત્વનનો ચંદન-લેપ કરી રહ્યા હતા. આવું ઉમદા, યાદગાર દૃષ્ય જગતભરમાં અજોડ છે. એમાં જ તો ટાગોરે કહેલ તે ઉપનિષદની ઋચાનું યથાર્થ દર્શન થાય છે. ૧૫ મી ઑગસ્ટની સત્તાની ફેરબદલી કદાચ લોકો ભૂલી જશે, પણ તેમણે કરેલું આ માનવતાનું કાર્ય જગતને હંમેશ યાદ રહેશ.

ગાંધીજીના જીવનમાં પાંચ મહાન એષણાઓ હતી : સર્વપ્રથમ તેઓ ઈચ્છતા હતા કે માનવીનો સંપૂર્ણ વિકાસ થાય. માનવીના સ્વત્વમાંથી જ એક એવો નવો માનવી પેદા થાય કે જે ભય થકી મુક્ત હોય, લોભથી પર હોય અને ધિક્કારથી વિમુખ હોય.

આ જ એષણાએ તેમને બળ અને પ્રેરણા આપી હતી. તેમણે આ કાર્ય માટે પોતાની માતૃભૂમિનું મર્યાદિત ક્ષેત્ર સ્વીકાર્યું. ભારતને કાર્યક્ષેત્ર તરીકે સ્વીકારતાં ગાંધીજીએ કહ્યું હતું કે;

"I am weded to India, because I believe absolutely that she has a mission for the world."

આવા માહન ઉદ્દેશને લીધે તેમની બીજી એષણા હતી ભારતની મુક્તિની, ત્રીજી ભારતની એકતા માટેની. એવી એકતા જેમાં બધા જ મતભેદો દૂર થયા હોય, જન્મના, ભાષાના, ધર્મના, જ્ઞાતિના ભેદો દૂર કરવા તેઓ મથ્યા. તેઓ માનતા હતા કે જ્યાં સુધી આવો સમભાવી ભારતીય નહીં જન્મે ત્યાં સુધી નવો માનવી નહીં જન્મે. તેમને તો ભારતીયને કેવળ બ્રિટિશ રાજ્યમાંથી જ મુક્ત નહોતો કરવો. તેઓ તો ઈચ્છતા હતા કે રૂઢિઓ, વહેમો ને જૂની માન્યતાઓની ચુંગાલમાંથી એ મુક્ત થઈને પેલી ઉપનિષદ્‌ની ઋચાઓની જેવો ઊંચો મહામાનવ બને. એટલે જ તેમણે એક પછી એક પોતાની એષણાઓ પ્રકટ કરવા માંડી. તેમની ચોથી એષણા હતી અસ્પૃશ્યતા-નિવારણની. અને પાંચમી ને છેલ્લી એષણા હતી ભારતમાંથી અસમાનતા, અન્યાય, શોષણ અને દારિદ્રય દૂર થાય તેની.

ગાંધજીમાં આદર્શોની આવી ઉમદાવૃત્તિ (Nobility) હતી. તેમનામાં વીરતા હતી. તેમને જીવનમાં ઘણી નિષ્ફળતાઓ મળી, પણ એ ય મહાન હતી, ઈતિહાસ કહે છે કે એક જણ ડાહ્યો થવા ગયો ને ઝેર પીવું પડ્યું. બીજો એક જણ પોતાને પ્રભુના પુત્ર તરીકે ઓળખાવવા ગયો અને શૂળીએ ચડવું પડ્યું; જ્યારે એક જણનો હત્યારાની ગોળીએ જીવ લીધો. તેઓ બધા જ તેમના હેતુઓમાં તાત્કાલિક નિષ્ફળ ગયા હતા, પણ તેમની નિષ્ફળતાઓ ભવ્ય હતી. તેમાં જ માનવતાને આશાનું કિરણ દેખાયું.

સોક્રેટીસ, ક્રાઈસ્ટ અને ગાંધીજીની આ કેવી ભવ્ય નિષ્ફળતાઓ હતી? તેમાં જ સફળતા છુપાયેલી હતી.

ભારતને સ્વરાજ મળે એવી ગાંધીજીની એષણા જરૂર પૂરી થઈ. પણ ગાંધીજીનો હેતુ સર્યો નહીં. તેમને ગોરા માલિકોની જગાએ દેશી માલિકો જોઈતા નહોતા. તેમને તો ભારત ભયમુકત, સમાનતાયુકત જોઈતું હતું. એવું સ્વરાજ હજી નથી આવ્યું. બ્રિટિશ-રાજનો અંત એ તો લડતનો જ એક ભાગ હતો.

ગાંધીજીને દેશની જે એકતા જોઈતી હતી, તે બહારની એકતા નહોતી જોઈતી, બળથી લાદેલી એકતાની વાત નહોતી; તેમને તો હાર્દિક એકતા જોઈતી હતી; કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશ એક બનેલો જોઈતો હતો.

પરંતુ આઝાદીની સાથે જ દેશનો એક ભાગ અલગ થઈ ગયો. તેમના ભાગે પ્રેમની નદીઓ ને બદલે લોહીની નદીઓ જોવાનું આવ્યું. કારણ કે કેટલાકોને સત્વર સત્તાનાં સૂત્રો સંભાળવાં હતાં. તેમને ગમે તેટલું નાનું રાજ મળે તોય તે ચલે તેમ હતું. ગાંધીજીનો આત્મા રડી ઊઠ્યો : તેમણે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધા-કૃષ્ણન સમક્ષ તે વખતે કહ્યું હતું કે; "મેં કદિયે માતૃભૂમિની એકતા તોડવાની વાત નથી કબૂલી." આ ભાગલાથી તેમને કેટલી વેદના થઈ હશે તેની તો કલ્પના જ કરવી રહી.

એટલે જ તેઓ આઝાદીની ઉજવણીથી દૂર રહ્યા. તેઓ કલકત્તા, લાહોર, અમૃતસરનાં પીડિતોની સેવામાં લાગી ગયા.

આપણે સૌ આજે એકતા માટે મથીએ છીએ. ગાંધીજીએ જે જીવનના ભોગે ન મેળવી તે એકતા શું આપણે શ્રીનગર કે ઊટીની રાષ્ટ્રીય એકતા સમિતિની બેઠકોથી જ મેળવી શકીશું? ખરી એકતા તો લોકોના હૈયામાંથી જ મળશે. તેને માટે ઘણી વધુ દિલપૂર્વકની મહેનતની જરૂર છે.

અસ્પૃશ્યતા માટે તેમણે કેટલી મથામણ કરી? તેમણે કેટલું કહ્યું, આજીજી કરી, તેમણે કહ્યું 'કાળો હોવાને લઈને મને ટ્રેનમાંથી (દક્ષિણ આફ્રિકામાં) કાઢી મૂયો હતો, જ્યારે મારી માતૃભૂમિમાં જ આવી રીતે અનેકોને કાઢી મૂકવામાં આવે છે!' 'અને અસ્પૃશ્યતાનિવારણની પાછળ તેમણે પોતાની જાત ખર્ચી નાંખી.

છતાં... હજી હમણાંની જ વાત છે. આપણા દેશમાં જ મધ્ય-પ્રદેશમાં એક હરિજન યુવાનને એટલા માટે ઠાર કરવામાં આવ્યો કે તેણે સવર્ણોની સામે ઊંચું માથું કર્યું હતું, તેની કોને શરમ છે? બંધારણમાં આપણે અસ્પૃશ્યતા દૂર કરવાનો આદેશ આપ્યો છે, મોઢેથી તેમ કહ્યા કરીએ છીએ, છતાં યે લાખો - કરોડો હરિજનો અસ્પૃશ્યતામાં સડી રહ્યાં છે.

ગાંધીજીની જયંતીથી શું થાય? આ બધું જવું જોઈએ. રાજ-કીય જ નહીં પણ બીજાં બંધનો પણ જવાં જોઈએ–જો આપણે ગાંધી-જીની કલ્પનાના સ્વરાજનું ચિત્ર પૂરું કરવું હોય તો.

ગાંધીજીનું જીવન એક ગ્રીક કરુણાન્તિકા (ટ્રેજેડી) સમું કરુણતા, વીરતા ને નિષ્ફળતાથી ભરપૂર રહ્યું છે.

પ્રોમીથીમસ નામના વૈજ્ઞાનિકને ગ્રીક લોકોએ તેમના ભગવાન સૂર્ય પાસેથી તેજ અને આગ લઈ આવવા માટે બળપૂર્વક બળ-બળતા ખડકો સાથે બાંધ્યો હતો અને તેના માંસને ગીધડાંઓ પાસે ચૂંથાવ્યું હતું. છતાં યે એ વૈજ્ઞાનિક તેજ અને ઉષ્ણતાના પોતાના સિદ્ધાંતો બદલવા તૈયાર નહોતો થયો.

ગાંધીજીએ ઈચ્છેલી સમાનતા આજે કયાંય જોવા મળે છે? તેમનાં સ્વપ્ન, તેમની વીરતા ભૂલાઈ ગઈ છે. વિધિની એ એક વિચિત્રતા છે કે ગાંધીજીની માતૃભૂમિમાં જ તેમની વાતની ઉપેક્ષા થઈ રહી છે, મૂળ વાત ભૂલી જવામાં આવે છે. કેવળ જેની નવી પેઢી ઠેકડી કરે છે તે દારૂબંધી અને બ્રહ્મચર્ય જેવા ઔપચારિક કાર્ય-ક્રમો જ યુવાનો આગળ ધરવામાં આવે છે. આમ નવી પેઢી સમક્ષ આવા મહાન ક્રાંતિકારીનું એક વિકૃત ચિત્ર રજૂ કરવામાં આવી રહ્યું છે.

પંજાબમાં–ગોવામાં કેટલાક ડાહ્યા માણસોએ ઠરાવ્યું કે ગાંધી-શતાબ્દીના વર્ષથી આઠ વર્ષમાં દેશમાં દારૂબંધી લાવવી! આઝાદી

પછી યે હજી આઠ વર્ષ સુધી રાહ જોવાની રહી? આમ કહીને તેમણે ગાંધીજીને દારૂબંધીના દેવતા બનાવ્યા! પણ એ ગાંધીજીનું સાચું ચિત્ર નથી.

હું અન્યાયનો હાડોહાડ વિરોધી છું. જ્યાં જ્યાં અન્યાય જોઉં છું ત્યાં હું પડકાર કરું છું. અને ગાંધીજીનું અન્યાય સામે લડતું ચિત્ર જ વધુ આકર્ષક ને પ્રેરક લાગે છે. સમગ્ર દુનિયાના યુવાનોને પ્રેરણા આપે એવી વીરતાભરી ગાંધીજીની લડત હતી. તેઓ જેવા હતા તેવા જ દુનિયાની સામે રજૂ કરો. પ્રત્યેક અન્યાયની સામે અણથક, અણનમ, અને અડગ લડત આપનાર ગાંધીજીનું ચિત્ર જગતના યુવાનો માટે 'ચે ગ્યુએરા' (Che Guera) કરતાંયે વધુ આકર્ષક નીવડશે. આ ચે વ્યુએરાનું આજે યુરોપના યુવાનો પર ઘણું આકર્ષણ છે. કાસ્ટ્રોનો એક સેનાપતિ ચે ગ્યુએરા લેટીન અમેરિકાનાં જંગલોમાં લડતો લડતો મરણ પામ્યો. તેનું વીરતાભર્યું ચિત્ર એવી સરસ રીતે રજૂ કરવામાં આવ્યું હતું કે તેના મૃત્યુના સમાચારે અનેક યુવક-યુવતીઓને રડાવ્યાં હતાં અને હજીયે તેને યાદ કરીને રડે છે.

ગાંધીજી વિષે ભારતમાં ઘણું કહેવાય છે, ઘણું ઓછું સમજાય છે અને ઓછામાં ઓછું પળાય છે. કદાચ આ ભારતની વિશેષતા છે. આપણે નેતાઓની પૂજા કરીએ છીએ. આપણે ઉપર ઉપરથી જ બધી વાતો વિચારીએ છીએ.

એ દુઃખની વાત છે કે કેટલાક લોકોએ લોકોને નિર્વીર્ય બનાવ્યાનો તેમની અહિંસા પર આરોપ મૂક્યો છે. આ કેવો ભયંકર આરોપ છે? આપણા દેશને રામમોહન રોય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, વિવેકાનંદ, લોકમાન્ય, અરવિંદ બધાયે જાગૃત કર્યો. પણ ગાંધીજીએ તો દેશને ખૂણે ખૂણે-ઘેર ઘેર જઈને મુક્તિમંત્ર ફૂંક્યો, ગાંધીજીએ વાસ્તવમાં એક ભારતનો પાયો નાંખ્યો.

આજે તો કોઈ મોટો બનાવ બને છે, કયાંય ગોળીબાર થાય, તોફાનો થાય ત્યારે દેશના મોટા નેતાઓ મળે છે અને ઠરાવો પસાર કરે છે અને પછી વાત ભૂલી જાય છે. એવી એકતા આપણે નથી જોઈતી.

ગાંધીજીમાં સિંહની વીરતા હતી, કદાચ કાઠિયાવાડમાં સિંહથી નજીક રહીને તેમનામાં એ આવી હશે. વાતાવરણ પણ અસર કરે છે. ભારતમાં ૧૯૨૦ના ઑગસ્ટમાં તેમણે આ શબ્દોમાં તેમની અહિંસાની રજૂઆત કરી હતી:

"I would risk violence a thousand times rather than emasculation of the race. I would rather have India resort to arms to defend her honour than that she should die in a cowardice manner or remain a helpless victim to her dishonour."

આમ ગાંધીજીએ કહ્યું હતું કે અહિંસાથી સામનો ન થાય તો હિંસાથી લડો, પણ રણમાંથી ભાગો નહીં. નેફામાં આપણે નબળાઈ દેખાડી, અને કેટલાકો આપણી નબળાઈના ઢાંકણ તરીકે અહિંસાનો ઉપયોગ કરે છે. ગાંધીજીએ તો વીરની અહિંસા ઉપદેશી હતી. જે ઉપરના ટાંચણથી સિદ્ધ થાય છે.

મને તો એમ થાય છે કે બંધારણને વફાદાર રહેવાના સોગંદ લેવાને બદલે બધા જ પ્રધાનો ને સંસદસભ્યોએ આ જાહેરાતને જ વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. આ પંક્તિઓમાં રાજધર્મ છે એમ ગાંધીજીએ કહ્યું હતું.

આજે ચારેબાજુ સંકટનો ભય છે, દેશનું શું થશે તેની ખબર નથી. આ દેશ બચશે? તેનું સાર્વભૌમત્વ અખંડ રહેશે? એક રાષ્ટ્ર રહેશે? મુક્ત પ્રજાનો દેશ આ દેશ રહેશે? આ બધી વાતોની શંકા છે. દરેક વાતનો ભય છે. ખુદ લોકશાહી જોખમમાં છે. ભોપાળ, લખનૌ, પટના ને ચંડીગઢમાં લોકશાહીને નામે શું થઈ રહ્યું છે? જ્ઞાતિને નામે, ધર્મને નામે, ભાષાને નામે ભયાનક તોફાનો ઠેર ઠેર થઈ રહ્યાં છે. ગાંધીજી કહેતા કે ભારત કોઈ પણ સત્તાજૂથથી નહીં દોરવાય. પણ ભારતના સરસેનાપતિની નિયુક્તિમાં સુદ્ધાં એક સત્તાએ રસ લીધો હતો, જો કે તે પોતાની પસંદગીની વ્યક્તિની નિમણૂકમાં સફળ ન રહી.

૨૬મી જન્યુઆરી અને ૧૫મી ઑગસ્ટે લશ્કરી પરેડ થાય છે. લાલ કિલ્લા પરથી ધ્વજવંદન વેળા આપણે તટસ્થ નીતિની મોટી મોટી જાહેરાતો કરીએ છીએ. પણ વખત આવ્યે ભારતનો અવાજ જાણે ગુંગળાતો હોય તેમ લાગે છે. નાના દેશ પર મોટા દેશનું આક્રમણ થાય, છતાં યે તેનો આપણે નિષેધ નથી કરી શકતા. ઝેકોસ્લાવેકિયા પર રશિયાએ નિર્લજ્જ આક્રમણ કર્યું ત્યારે આપણે વિરોધ ન કરી શકયા.

આજે યે ૩૩ ટકા જેટલાં ગામોને પાણીની નિશ્ચિત વ્યવસ્થા નથી. આઝાદી મળ્યાને ૨૦ વર્ષ પછીયે આ હાલત છે. ગાળેલા પાણીની વાત નથી કરતો, સાદું પાણીયે નથી મળતું. આવી નાની નાની બાબતો દેશને પરેશાન કરી રહી છે. દેશની મુક્તિ, તેની એકતા ને તેનું સાર્વભૌમત્વ ખતરામાં છે. તે ઉગારી શકે એવા કોઈ નવા મહાત્મા અત્યારે તો જણાતા નથી.

સત્તાશીલ નેતાઓને દેશની પડી નથી. ૧૯૭૨ પછી દેશનું શું થશે તેના કરતાં તેમનું શું થશે તેની તેમને ફિકર છે.

ગાંધીજીનું જીવન ને અંત ગ્રીક કરુણાંતિકાને બરાબર મળતાં આવે છે. તેઓ જીવનભર પ્રેમ, સમભાવ ને કરુણાનો ઉપદેશ દેતા રહ્યા, છતાં તેઓ ધિક્કારનો ભોગ બન્યા.

ઈતિહાસને પાને તો ગાંધીજીનું નામ અમર રહેશે. લાંબી જીવનયાત્રામાં માનવી જ્યારે થાકશે કે ભૂલ કરશે અને જ્યારે અણખેડ્યા સાગરો ખેડવા તે બહાર પડશે ત્યારે ગાંધીજી તેને માટે આશાની દીવાદાંડી બની રહેશે.

આજે ચારેકોર અંધારું ને નિરાશા જણાય છે. ત્યારે તેમનામાંથી પ્રેરણા લઈએ. તેમને તો નાનામાં નાના માનવીને હિમાલયથી યે ઊંચો બનાવવો હતો. તેમણે આજે આપણાં માથાં ઊંચાં કર્યા છે. તેમનામાંથી પ્રેરણા લો. આપણે દેશના પડકારોને પહોંચી વળીશું.

નાથ પૈ

* * *

પૂરવણી

(વ્યાખ્યાન પૂરું થયા બાદ નીચે મુજબ સવાલ-જવાબ થયા હતા.)

સવાલ: પ્રદેશવાદ અંગે તમે શું ધારો છે?

જવાબ: ભારતમાં જે જન્મ્યો હોય તેનો આ દેશ છે આ વાતનો પ્રચાર કરો. અધૂરી રાષ્ટ્રીય ક્રાંતિ (ઈનકમ્પ્લીટ નેશનલ રેવોલ્યુશન) પૂરી કરવી છે. અધૂરી સામાજિક ક્રાંતિ (ઈનકમ્પ્લીટ સોશ્યલ રેવોલ્યુશન) પૂરી કરવી છે. મને એ વાતની ખબર છે કે ચીનાઓ ૭૦ કરોડ છે, પાકિસ્તાનીઓ સાડા બાર કરોડ છે, પણ ભારતીઓ કેટલા છે તેની મને ખબર નથી. હા, મહારાષ્ટ્રીયન કેટલા છે તે હું જાણું છું, ગુજરાતીઓ કેટલા છે તેની ખબર છે, કન્નડ ને પંજાબીની ખબર છે, પણ આ બધું જવું જોઈએ. જે ભારતમાં જન્મ્યા હોય તે ભારતના જ છે – તેમ જ બનવું જોઈએ. તેને માટે કામ કરીએ તો જ નવું ભારત બનશે. દિલ્હીમાં કે લાલકિલ્લામાં તે નથી બનવાનું. આપણા મકાનમાંથી જ તે બની શકે. મીઝો ને નાગ લોકો પણ મારા દેશના જ નાગરિકો છે. તેમને બેયોનેટોથી દેશભક્તો ન બનાવી શકાય. પ્રેમથી જ વિશ્વાસ જીતવો જોઈએ. ભૂતકાળ ભૂલો એમ ગાંધીજી કહેતા હતા.

આ કોઈ પાર્ટી કે વ્યક્તિનું નહીં, સૌકોઈનું કામ છે.

સવાલ: તમે ભાષાવાર રાજ્યો દૂર કરાવવા મથશો?

જવાબ: હું ભાષાવાર રાજ્યોમાં માનું છું. એવાં રાજ્યો કે જેઓ બધાં મળીને એક ભારતનું સર્જન કરતાં હોય. ગાંધીજીએ એવાં જ ભાષાવાદ રાજ્યો કલ્પ્યાં હતાં. માતૃભાષા પ્રત્યેનો પ્રેમ એટલે બીજી ભાષાઓનો દ્વેષ નહીં. એ રીતે જોઉં તો હું મરાઠો છું પણ ૧/૧૬ ભાગનો, એવી જ રીતે ૧/૧૬ સિંધી છું, ૧/૧૬ ગુજરાતી છું. એમ ૧૬ ભાગ મળીને હું સંપૂર્ણપણે ભારતીય છું. મને જ્ઞાનેશ્વરી ગમે છે, પુરંદરદાસ પણ ગમે છે. બધાનો મને ગર્વ છે. ભારતના ભાષાવાદના અન્યાયો દૂર કરવાની જરૂર છે.

☆ રવીન્દ્ર સરોવર ઘટના : એક આંખો દેખા હાલ ☆

(રવીન્દ્ર સરોવર ઘટના વિષે જાતજાતની વાતો ચાલે છે અને તેનાં અલ્પોકિત અને અતિશયોકિતભર્યા ચિત્રો રજુ થાય છે એ પરિસ્થિતિમાં નીચેનો લેખ નજરે જોનારનો લખેલો હોઈને પ્રસ્તુત ઘટના અંગે વિશ્વસનીય સમાચાર પુરા પાડે છે. પરમાનંદ)

રવીન્દ્ર સરોવર સ્ટેડિયમ એ દક્ષિણ કલકત્તામાં આવેલ એક ભવ્ય સ્ટેડિયમ છે. પાસે જ રવીન્દ્ર સરોવર પાણીથી છલોછલ છે. ૬ એપ્રિલે હું તેમ જ મારા મિત્ર શ્રી શૈલેશ દાસ બંને દસ રૂપિયાવાળી ખુરશી ઉપર જઈને બેઠા. અમારી સામે ૨૦ રૂપિયાની ટિકિટવાળી ખુરશીની હાર હતી. આગલી ત્રણ-ચાર હાર સિવાય બાકીની બધી ખાલી જ હતી. અમારી આસપાસ ઘણી સ્ત્રીઓ, તરુણ છોકરીઓ, છોકરાઓ અને સદ્‌ગૃહસ્થો બેઠાં હતાં. રાત આખી સંગીત કાર્યક્રમ ચાલવાનો હતો. શરૂ થવાનો હતો સાડાછ વાગે, પણ થયો એક કલાક મોડો.

અડધા કલાક પછી ૧૦ રૂપિયાની ટિકિટવાળા પોતાની જગ્યા છોડી ૨૦ રૂપિયાની હારમાં જઈને બેસવાનો પ્રયત્ન કરવા લાગ્યા. જે તે પોતપોતાની ખુરશી ઉપાડીને આગળ જવાનો પ્રયત્ન કરતા હતા. અમે પણ! થોડીવારમાં જોયું તો અમે એકદમ મંચની લગોલગ જઈને બેઠેલા. પણ આમ કરતાં કરતાં બધાં સગાં તેમ જ મિત્રો એકબીજાથી છૂટાં પડી ગયાં. કોઈ છોકરીનો બાપ અહીં, તો તે છોકરી ૧૫ ફૂટ દૂર અને તેની બહેન ૨૦-૨૫ ફૂટ દૂર! આવી સ્થિતિ થઈ. તોય બને તેટલી નજીકથી સાંભળવાની ને જોવાની લાલચે કોઈ ચસકયું નહીં. મારો મિત્ર પાંચ ફૂટ ઉપર બેઠેલો દેખાયો.

આ બધી ગરબડને લીધે લાઉડ સ્પીકરમાં શું ચાલતું'તું તે કાંઈ જ સંભળાય નહીં! મંચની પાછળ એક ત્રણ માળનું મકાન હતું. ત્યાં પુષ્કળ માણસો ચઢયા. સ્વયંસેવકો નકામા થયાં. લાઉડ સ્પીકર બરાબર ચાલતાં નહોતાં. તેથી લોકોએ બૂમાબૂમ શરૂ કરી. વ્યવસ્થાપકો આશ્વાસન દેતા રહ્યા, 'અમે અડધા કલાકમાં બધી સગવડ કરીએ છીએ.'

સ્ટેડિયમની બહાર હજારો લોકો કે હજારો ગુંડા ભેળા થયેલા. એમણે બહાર જ ઉત્પાત શરૂ કર્યો. એમણે બહાર લાઉડ સ્પીકર મૂકાય એવી માગણી કરી. એમને ય વ્યવસ્થાપકો પાસેથી આશ્વાસન મળ્યું. આઠ વાગ્યા ને ઉપર વીસ મિનિટ થઈ, અને ટિકિટ વગરનાં ટોળાં ને ટોળાં બહારથી અંદર આવવાં લાગ્યાં. પોલીસે અશ્રુવાયુ છોડયો. તે અમારીયે આંખમાં ગયો અને રૂમાલો વડે આંખો લૂછવાનું શરૂ થયું.

તો યે અંદર લોકો ચૂપ જ. બહાર ગુંડાગીરી ખૂબ જ વધી. પોલીસે લાઠીમાર કર્યો. ગોળીબાર શરૂ કર્યો. ચાર રાઉન્ડ છોડયા. ગોળીબારમાં ત્રણ મરાયા. ધાંધલ વધી. ટિકિટ વગરના મંચની સામે જઈને ઊભા રહ્યા. અમે પૈસા ખર્ચેલા છતાં અમને બરાબર દેખાતું નહોતું. પછી તો ખુરશીના હાથા તોડી મંચ ઉપર ફેંકવાનું શરૂ થયું. એક કલાક થયો તોયે માઈકનું ઠેકાણું ન પડયું. પરિણામે ચારે કોર ધાંધલ જ ધાંધલ! દસ-સાડા દસ સુધી આવું ચાલ્યું. પણ સાડા દસ પછી પથરા અને ખુરશીઓએ રૌદ્ર રૂપ ધારણ કર્યું. કેટલાકની ખુરશી મંચ સુધી જવાને બદલે નીચે બીજા કોઈ ઉપર પડી અને તે ત્યાં જ બેભાન થઈને પડયો. લોકોમાં જાણે ખુરશી-ફેંકની હરીફાઈ ચાલી હતી.

અને હવે લગભગ પોણાઅગિયારે ગુંડાઓને ગુંડાગીરી કરવાનો ખરો મોકો મળ્યો. માઈકની લાઈન કપાઈ. લાઉડ સ્પીકર બંધ. મંચ ઉપર પથરા ને ખુરશીના ઢગ જામ્યા. એક પછી એક બત્તી બુઝાવા લાગી. બધા લોકો અહીં – તહીં ભાગવા લાગ્યા. એટલામાં અમારી નજીક જ એક બૉમ્બ 'ફટ્ટામ્‌ ઽઽ' ફૂટયો. દસ ફૂટ ઉપર જ બીજો! અમે બંને મિત્રો જુદી જુદી બાજુ છૂટા પડી ગયા. હું ખૂબ જ ગભરાયો. અંદર ફકત રહ્યાના દયનીય સૂર કાને પડવા લાગ્યા. એક તરુણ છોકરી આવીને મને વળગી. હું વધુ ગભરાયો. તે વ્યાકુળ હતી. મદદ માટે યાચના કરતી હતી. પણ હું મારો જ જીવ બચાવવામાં પડયો હતો. વળી, કોઈ માણસ કોઈ છોકરીને લઈને જતો દેખાય તો તેના પર ગુંડા તૂટી પડતા.

ભાગંભાગા થઈ પડી. ભાગતાં ભાગતાં કોઈ સરોવરમાં પડયા. ધરતીકંપ થાય અને જેમ દરેક પોતપોતાનો જીવ બચાવવા ભાગે તેમ બધા ભાગવા માંડયા. અંધારું ઘોર થઈ ગયું. ખુરશીના ઢગના ઢગ આંખ સામે બળી રહ્યા છે. કેકર્સ એક પછી એક ફૂટી રહ્યા છે. એક નવું જોઉં ગમે તેમ જીવ બચાવી એક બાજુ જાય છે. એક સ્ત્રીને કેટલાક ખભે નાખીને લઈ જાય છે. છોકરીને ગુંડાઓએ પછાડી. સામેનું દૃશ્ય જોવું અસહ્ય બની ગયું.

હું અગિયાર ને વીસ સુધી અંદર હતો. ગમે તેમ મારગ શોધી બહાર મુખ્ય દરવાજે આવ્યો. બહારના મેદાનમાં મિલિટરી ને પોલીસ નિષ્ક્રીય બનીને પડી હતી. મુખ્ય દરવાજે મારો ખોવાયેલો મિત્ર મળ્યો. અમે થોડું ચાલ્યા. બહાર ચાર બસ બળી રહી હતી. એક દૂધનો ડેપો બળતો હતો. આ બધું યાદ કરું છું તો આજેય રૂંવા ઊભાં થઈ જાય છે. અમે સ્ટેડિયમ છોડયા બાદ રાત્રે ત્યાં છોકરીઓની ને સ્ત્રીઓની શી દશા થઈ હશે, તેની કલ્પના થઈ શકતી નથી!

કેટલાક અહેવાલ એવા છે કે ઘણી સ્ત્રીઓએ સરોવરનો આશરો લીધો. પણ આ બરાબર નથી. મળેલાં મુડદાંમાં એક પણ મુડદું સ્ત્રીનું નથી મળ્યું. લોકસભામાં શ્રી રાજનારાયણે કહ્યું કે બીજે દિવસે ફાટેલી સાડી, બ્લાઉઝ, બ્રેસિઅર્સના ટૂકડા ત્રણ ગાડી ભરી અહીંથી ગયા. બીજા એકે કહ્યું કે એક દુકાનદારને કેટલાક તાકા કાપડ નગ્નાવસ્થામાંની સ્ત્રીઓ અને છોકરીઓને બીજે દિવસે આપવું પડયું. આ બધાં કથનોમાં કેટલું સાચું એ તો ભગવાન જ જાણે!

'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત' વિશ્વનાથ વિકે

સંતપ્રેમી તુકારામ

(મે માસ દરમિયાન મિત્રમંડળી સાથે મનાલી જઈને રહેલા શ્રી વિમળાબહેન ઠકાર તરફથી નીચેનો લેખ મળ્યો છે.'

આ દિવસોમાં મહારાષ્ટ્રના વારકરી સમ્રાટ તુકારામનો સત્સંગ ચાલી રહ્યો છે. સંતોને માટે તુકારામ કહે છે:

સંતાંચિયે ગાંવી પ્રેમાચા સુકાળ,
નાહીં તળમળ દુઃખલેશ.

સંત જ્યાં નિવાસ કરે છે ત્યાં પ્રેમ લૂંટાય છે. એટલા માટે બેચેની, દુઃખ અથવા કોઈ પ્રકારનો કલેશ ત્યાં પ્રવેશ પામી શકતો નથી.

સંતાંચે ભોજન અમૃતાચે પાન,
કરિતી કીર્તન સર્વકાળ.
સંતાંચા ઉદીમ કીર્તનાચા હાટ,
પ્રેમસુખ સર્વા દેતી ઘેતી.

નામના અમૃતનું સર્વદા ભોજન પામનારા સંત નામસંકીર્તનનો હાટ માંડીને સૌને પ્રેમસુખ વહેંચે છે. આ જ એમનો અક માત્ર વ્યવસાય હોય છે.

આલિંગને ઘડે મોક્ષ જોડે સાયુજ્યતા,
ઐસા સંતાંચા મહિમા ઝાલી બોલાયાચી સીમા.

સંત જેમને આલિંગન આપે છે, તેઓ મુકત તો થઈ જ જાય છે., સાથે સાથે સાયુજ્ય પણ પામે છે, એવો જેનો મહિમા છે તેમની સામે શબ્દ પોતાની અશકિત જોઈને મૌન થઈ જાય છે. આવા પરા ભકિત સંપન્ન, હંમેશાં ઉન્મુકત ભાગવતો સાથે મળવા માટે તુકારામ

આકુળવ્યાકુળ રહેતા હતા. એમનાં કુલ, ગોત્ર, બિરાદરી બધું પ્રેમી વૈષ્ણવો હતા. કહે છે:

માઝિયા જાતિચે મઝ ભેટો કોણી,
આવડીચી ધણી ફેડાવયા,
આવડે જ્યા હરી અંતરા પાસુની;
અૅસી યાંચે મની આર્ત માઝે.

હે પ્રભુ! મને મારી નાતજાતવાળા મેળવી આપો. જેમને હૃદયથી તમારી સાથે પ્રેમ હોય! એવા પ્રેમી ભક્તોને મળવાની આર્તતા હૃદયમાં ઊભરાય છે.

તયા લાગી જીવ હોતો કાસાવીસ,
પાહતાતી વાસ નયન માઝે.

એમને મળવા માટે મારો જીવ તલપાપડ થઈ રહ્યો છે. મારી આંખો એમને માટે પથરાઈ રહી છે.

સફલ હા જન્મ હોઈલ વિઠ્ઠલા,
દેતાં આલિંગન વૈષ્ણવાંસી.

વૈષ્ણવોને હૃદય સરસાં ચાંપીશ ત્યારે જ આ જન્મ સફળ કૃતાર્થ થશે, હે વિઠ્ઠલ!

કેમ કૃતાર્થ થશે, ત્યારે તુકારામ કહે છે:

બ્રહ્મરસ ગોડી તયાં સી ફાવલી,
વાસના નિમાલી સકળ ત્યાંચી.

એમની વાસના નિર્મૂળ થઈ ગઈ છે. એઓ જ બ્રહ્મરસનો સ્વાદ જાણે છે. એટલા માટે:

તુકા મ્હણે ત્યાંચે પાયીં પાયપોસ,
હાઉલિયા વાસ કરીં તે થે.

તુકારામ સંતોની પાસે એમની ચરણસેવા કરતાં કરતાં અખંડ-રૂપે રહેવા ચાહે છે. તમે ત્યાં રહેશો તો તમારાં કુટુંબો સગાંવહાલાં વગેરે જવાબદારીઓનું શું થશે? તુકારામ જવાબ આપે છે:

કામક્રોધ આમ્હી વાહિલે વિઠ્ઠલા,
ધારિલી આવડી સંતાં સવે.
આતાં કોણ પાહે માગે પરતોની,
ગેલા હાર પોની દેહભાવ.

અમારો દેહભાવ ખોવાઈ ગયો છે. કામક્રોધ તો કયારનો વિઠ્ઠલને ચરણે ચઢાવાઈ ગયા છે. અમારો અનુરાગ હવે કેવળ સત્સંગમાં છે. હવે પાછું વાળીને જોવા જેવું પણ કોઈ બચ્યું નથી ને!

તો પછી તમારી દેહયાત્રા કેમ ચાલશે? એના જવાબમાં ભક્તરાજ કહે છે:-

પ્રારબ્ધ કલેવર ભોગી,
આમ્હી સાક્ષી આહો બ્રહ્મમૂર્તિ.

પ્રારબ્ધ તો આ પાંચભૌતિક કલેવર ભોગવે છે. એમાં બેઠેલા અમે કેવળ સાક્ષી નથી બલ્કે અમે તો સદેહ બ્રહ્મમૂર્તિ બની ગયા છીએ!

એટલું જ નહીં; એક ઠેકાણે આ ઐશ્વર્યશીલ પ્રેમી કહે છે:

બ્રહ્મરસ આમુચ્યા ઓતલાસે આંગી,
આહો આમ્હી સ્વયે બ્રહ્મરૂપ.

અમારી કાયામાંથી બ્રહ્મરસ છલકાઈ રહ્યો છે. અમે પોતે બ્રહ્મરૂપ છીએ.

છે ને સરસ મઝાનો માણસ! નામદેવની વાણી પણ આવી જ શક્તિશાળી છે. સોંસરી ઊતરી જાય છે. સંત એકનાથમાં તો જ્ઞાન ને ભક્તિનો મધુર સંગમ જ હતો. સંત સાવતા, ચોખા, ગોરા, સેના એ સૌ એ જ કક્ષાના આત્મપ્રત્યયી ભાગવતજનો હતા. સંત મુક્તા, જના, કાન્હોપાત્રા વેણુ વગેરે સ્ત્રી દેહધારી ભક્તજનોનાં વચનો પણ અદ્‌ભુત છે. જેમની ચેતનાને સંતચેતનાનો સ્પર્શ થાય છે તેમનું જીવન ખરેખર કૃતાર્થ થતું હોય છે. જે પોતાનો હાથ પ્રભુને ઝાલવા દે છે અને પ્રભુ જ્યાં જેવી રીતે દોરે ત્યાં દોરવા દે છે, જેમ જિવાડે છે તેમ જીવવામાં ધન્યતા અનુભવે છે તેમનું જીવન કેટલું રસમય બનતું હશે!

વિમલા ઠકાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જૂન માસની ૨૧મી તારીખ શનિવારે સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે, જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે:

(૧) ગત વર્ષના વૃત્તાન્તને તથા સંઘના તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ, સાર્વજનિક વાચનાલય – પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબને મંજૂરી આપવી.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૪) સંઘ તથા વાચનાલય પુસ્તકાલયના ઑડિટરોની નિમણૂક કરવી.

ઉપર જણાવેલ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે ઉપર જણાવેલ સંઘનો વૃત્તાંત તથા સંઘના તેમ જ વાચનાલય પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો તેમ જ ચોપડાઓ સંઘના સભ્યોના વ્યક્તિગત નિરીક્ષણ માટે સંઘના કાર્યાલયમાં ખુલ્લા રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના સમય ૨ થી ૫ સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.

બીજી વિનંતી કે સંઘનું નવું વર્ષ શરૂ થયાને લગભગ છ મહિના પૂરા થવા આવ્યા છે એમ છતાં ઘણાખરા સભ્યોના વાર્ષિક લવાજમ હજુ સુધી ભરાયા નથી તો તેઓ પોતપોતાનાં લવાજમો વિના વિલંબે ભરી જાય અથવા તો વાર્ષિક સભાના દિવસે સાથે લેતા આવે.

વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલ સ્થળે તેમ જ સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વ સભ્યોને વિનંતિ છે.

સભાસ્થળ:
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
સમય:
તા. ૨૧-૬-૬૯. શનિવાર
સાંજના ૫-૦૦

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ

મકાન ફંડ અંગે–

એ સુવિદિત છે કે સંઘ અંગે નવું કાર્યાલય વસાવવા માટે એક લાખનો લક્ષ્યાંક નિરધારિત કરીને થોડા સમયથી સંઘનું મકાન ફંડ શરૂ કરવામાં આવ્યું છે. આ મકાનફંડમાં આજ સુધીમાં (તા. ૮-૬-૬૯ સુધીમાં) રૂ. ૨૯૦૦૦ની કુલ રકમ નોંધાણી છે. આ ફાળામાં અનેક સભ્યોની રકમ નોંધવી બાકી છે. આ વાર્ષિક સામાન્ય સભાના મંગળ પ્રસંગે આ સભ્યોને આ ફંડમાં ઉદારતાપૂર્વક પોતપોતાનો ફાળો નોંધાવવા અથવા મોકલી આપવા પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

ગુજરાત, દેશ અને વિદેશની રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે બનતી ઘટનાઓનું નિર્ભય, નિષ્પક્ષ, નિરૂપણ અને નિરીક્ષણ કરતું
ગુજરાતનું સાપ્તાહિક વિચારપત્ર

નિરીક્ષક

તંત્રી: સુરેન્દ્ર કાપડિયા

પરામર્શ સમિતિ: ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, ઈશ્વર પેટલીકર, પુરુષોત્તમ ગણેશ માવલંકર

વાર્ષિક લવાજમ પંદર રૂપિયા: વિદેશમાં રૂપિયા અઠ્ઠાવીસ
વિશેષ સુવિધા: રૂા. ૧૦માં ૩૨ અંક, રૂા. ૫માં ૧૬ અંક

નિરીક્ષક કાર્યાલય

મૈત્રીસદન, મીરઝાપુર રોડ, અમદાવાદ–૨

સમાજસાપેક્ષ ધર્મવિચાર

આજે ચાલતી ધર્મચર્ચા દરમિયાન સ્વ અને પરનો ભેદ સમજાવતાં કોઈ કોઈ ઠેકાણે એવી રજુઆત કરવામાં આવે છે કે વ્યકિત અને સમાજ એકમેકથી તદ્દન અલગ અને એકમેકને તદન બીનજવાબદાર છે. વિચારની સૂક્ષ્મતા શ્રોતાઓની બુદ્ધિમાં ઉતારવા ખાતર આવી ઝીણવટભરી ચર્ચા કરવામાં આવે તેમાં વાંધો નથી, પણ એ ઉપરથી આ બે તત્વો વચ્ચે કોઈ સંબંધ જ નથી એવી ભ્રાન્તિ જો ઊભી કરવામાં આવે તો પરિણામે સર્વ કોઈ સામાજિક જવાબદારીઓનો નિષેધ થઈ બેસવાનો સંભવ રહે છે.

વસ્તુત : ધર્મતત્વનો વિચાર માનવીના માનસમાં કેમ ઉદ્‌ભવ્યો તેના ઊંડાણમાં ઉતરતાં સહેજે માલુમ પડશે કે ધર્મતત્ત્વની વિચારણા બે મુદ્દા ઉપર આધારિત છે. (૧) વ્યકિતનો સમાજ સાથેનો સંબંધ કેમ સંવાદી બની રહે અને વ્યકિતદ્વારા સમાજકલ્યાણનું શી રીતે સંવર્ધન થતું રહે? (૨) સમાજ સાથેની આવી સંવાદિતા અને તેના કલ્યાણના સંવર્ધન સાથે વ્યકિત પોતાનો અંગત વિકાસ–આધ્યાત્મિક ઉત્કર્ષ–શી રીતે સાધી શકે? આ મુદ્દાઓનો સમ્યક્ વિચાર અને વિશ્લેષણ એ સર્વ ધર્મોના પાયામાં રહેલી બાબતો છે. આ બન્નેમાં કોઈ એક બાબત અન્યથી ગૌણ નથી. કોઈ એકની ઉપેક્ષા કરીને અન્યને પ્રાધાન્ય આપવામાં આવે તો તે ધર્મવિચાર અધૂરો કહેવાય, પાંગળો બની જાય.

અહિં' ધર્મવિચારમાં રહેલી સામાજિક બાજુ સવિશેષ પ્રસ્તુત છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ આ પાંચ આચારનિયમો સમાજઘટકના સ્વીકાર ઉપર જ આધારિત છે. આનો અર્થ એ છે કે સામાજિક સ્વાસ્થ્ય, સામાજિક સંવાદિતા તેમ જ સંવર્ધન વ્યકિત પક્ષે આ પાંચ નિયમોના યથાશકિત આચરણોની અપેક્ષા રાખે છે. જો સમાજ નથી તો આ પાંચ નિયમોના અનુપાલનનો કોઈ અર્થ જ નથી. આવી જ રીતે 'મિતિ મે સવ્વભૂએસુ, વેરં મઝઝં ન કેણઈ' અથવા તો "આત્મવત્ સર્વભૂતેષુ' –આ સૂત્રો પણ સામાજિક સંવાદિતાને લક્ષમાં રાખીને રચાયા છે. જ્ઞાન અને પ્રેમ બન્નેની અન્તિમ સાધના માનવી જીવનમાં પરમ લક્ષ્ય મનાયાં છે. પૂર્ણજ્ઞાન એટલે જીવ, જગત અને ઈશ્વરના રહસ્યની પ્રાપ્તિ. આમાંના જગતતત્વના રહસ્યને પામવામાં સમાજ સૂચિત છે જ અને પ્રેમનો વિસ્તાર એટલે સમાજને આત્મૌપમ્ય ભાવે જોતા થવું, વિચારતાં થવું, તદનુરૂપ આચરણ કરવું. દાન, શીલ, તપ અને ભાવ–આ ચાર આચારતત્વોમાં દાન તો કેવળ સમાજલક્ષી જ છે એમાં કોણ ના કહી શકે તેમ છે? મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા - આ ચાર ભાવના પાછળ પણ સામાજિક સંવાદિતાનો જ ભાવ રહેલો છે. આ રીતે વિચારતાં પ્રતીતિ થશે કે, ધર્મવિચાર હંમેશાં સમાજસાપેક્ષ રહ્યો છે. તેની ઉપેક્ષા કરવાનું કહેનાર ધર્મવિચારને અધૂરો સમજ્યો છે.

અલબત્ત, સાધકે માત્ર સમાજલક્ષી ધર્મવિચારથી અટકવાનું નથી. સાધકે સાથે સાથે પોતે કોણ છે? કયાંથી આવ્યો છે, કયાં જવાનો છે? પોતાના જીવનનું અન્તિમ ધ્યેય શું છે? શરીરથી અલગ એવા આત્માનો ધર્મ શું છે? તેની અનુભૂતિ કેમ થાય? તે અનુભૂતિ સ્થાયી અને સ્થિર કેમ થાય?–આ બધા પ્રશ્નો વ્યકિતગત કક્ષાએ વિચારવાના છે જ અને તેની વિચારણા અને સંશોધનમાંથી જે આચરણ, જે ઉપાસના, જે સાધના તેને પ્રાપ્ત થાય તે માર્ગે તેણે જવાનું છે જ. સમાજ સમગ્રપણે અમુક હદથી આગળ વધી શકતો નથી. તેને સારાં તેમ જ નરસાં તત્ત્વો પરસ્પર વિરુદ્ધ દિશામાં ખેંચતાં હોય છે. અહિંસા, સત્ય વગેરે તત્ત્વો તેના આચરણમાં અમુક સીમા સુધી જ પ્રગટ થવાનાં છે. વ્યકિતએ સમાજ જે સંસ્કૃતિ અને સભ્યતાની કક્ષાએ ઊભો હોય તે કક્ષા ઉપર અટકવાનું નથી, પણ તે કક્ષાથી બને તેટલા આગળ વધીને પોતાનો વિકાસ સાધવાનો છે. તે દ્વારા સમાજનું કલ્યાણ તેમ જ સંવર્ધન પણ તે કરી જ શકે છે. આ રીતે વ્યકિતના વિકાસને કોઈ સીમા નથી. પણ એ વિકાસ તેણે સમાજની ઉપેક્ષા કરીને નહિ પણ તેના શ્રેયની સુરક્ષા કરીને સાધવાનો છે. આ મુદ્દો વ્યકિતના ધ્યાનબહાર કદિ પણ જવો ન જ જોઈએ.

અહિં બીજી કેટલીક બાબતો જે આ ચર્ચા સાથે સીધી પ્રસ્તુત નથી તે પણ, વિચારણાની વિશદતા ખાતર, ચર્ચવી જરૂરી લાગે છે. કેટલાંક ધર્મચિન્તકો અહિંસા શબ્દમાં રહેલા નકારાત્મક ભાવને આગળ ધરીને તેમાં રહેલા દાન, દયા, કરુણા અને મૈત્રીના વિધાયક ભાવોનો નિષેધ કરે છે. આનું પરિણામ એ આવ્યું છે કે આમ વિચારનારાઓના અભિપ્રાય મુજબ અહિંસા–સ્વીકારથી આપણે પોતે કોઈ પણ જીવની બને ત્યાં સુધી હિંસા ન કરવી એટલો જ ધર્મ આપણને પ્રાપ્ત થાય છે. કોઈ જીવ મરતો હોય, દુ:ખી થતો હોય તો તેને બચાવવો, રાહત આપવી એ અહિંસાના કર્તવ્યપ્રદેશમાં આવતું નથી. અહિંસાનો આવો વિચાર કેવળ એકાંગી છે. અહિંસા સાથે દયા, કરુણા, પ્રેમ અને મૈત્રીની ભાવના જોડાયેલી જ છે અને એ પ્રકારે સમગ્ર રીતે અહિંસાનો વિચાર કરવાથી જ સાચી અહિંસા આપણને પ્રાપ્ત થાય છે.

અહિંસાના વિચારના મૂળમાં શું રહેલું છે? જેમ મને મારો જીવ વહાલો છે તેમ અન્યને તેનો જીવ વહાલો છે. જો મને કોઈ ઈજા કરે તો મને ન ગમે તેમ હું કોઈને ઈજા કરું તો તેને ન ગમે. આ પ્રમાણે હું એટલા માટે વિચારું છું કે તે જીવ માટે મારા દિલમાં સહાનુભૂતિ છે. આ સહાનુભૂતિ અન્ય જીવને ઈજા ન કરવાના વિચાર પૂરતી જ સીમિત બની ન જ શકે. એ જ જીવને કોઈ ઈજા કરતું હોય તો તેને બચાવવાનો વિચાર પ્રસ્તુત સહાનુભૂતિ સાથે જોડાયેલો હોવો જ જોઈએ. ભગવાન મહાવીરનું વર્ણન કરતાં તેમને ભાગ્યે જ કોઈએ અહિંસામૂર્તિ તરીકે વર્ણવ્યા છે. તેમને કરુણાનિધાન તરીકે જ હંમેશાં વર્ણવવામાં આવ્યા છે અને આ કરુણા અહિંસા પૂરતી સીમિત બની ન જ શકે. આ કરુણાએ પૂર્ણરૂપે પ્રગટ થવા માટે ક્રિયાશીલતામાં પરિણમવું જ જોઈએ અને આ ક્રિયાશીલતા એટલે જ અનુકંપા, દયા, પ્રેમ, સેવા.

અહિંસાનો જો કેવળ નકારાત્માક અર્થ સ્વીકારવામાં આવે તો તેનું પરિણામ કહેવાતો અહિંસાધર્મ નિષ્ઠુર બનવામાં જ આવે, આવો જડ અહિંસાધર્મી કોઈ જીવને રીબાતો જોઈને એમ જ કહેવાનો કે તેને બચાવવો, રાહત આપવી એ મારો ધર્મ નથી. કારણ કે તેમ કરવું એટલે કોઈને કોઈ હલનચલન કરવાનું જ અને કોઈ ને કોઈ હલનચલન સાથે હિંસા અનિવાર્યપણે જોડાયેલી રહેવાની જ. આ અહિંસાની અધૂરી સમજણ છે.

બીજી બાબત કર્મના સિદ્ધાંતને લગતી છે. કેટલાક અહિંસાવાદી કર્મના સિદ્ધાન્તને આગળ ધરીને એમ દલીલ કરે છે કે પ્રત્યેક જીવ પોતપોતાના કર્મનાં પરિણામ ભોગવે છે. આપણે તેવાં પરિણામોથી કોઈને મુકત કરી શકતા નથી. પરિણામે દાન, દયા, સેવા કરવાનો કોઈ અર્થ નથી. આમ દલીલ કરીને–વિચારીને–આવી વ્યકિત સમાજધર્મથી વિમુખ બને છે. આ વિચારણા અટલી જ ખોટે રસ્તે દોરનારી છે. કર્મનો વિચાર અન્ય પ્રત્યે કઠોર થવા માટે નથી, પણ આત્મલક્ષી જીવનસંશોધન માટે છે, સ્વાર્થી મટી પરાર્થી બનવા

માટે છે. ઐહિક મટી પરલોક તરફ લક્ષને કેન્દ્રિત કરવા માટે છે. અન્ય વિષે આત્મીયતાનો અનુભવ કરવો—અન્યના સુખદુઃખને પોતાનાં ગણવા, જગતમાં દુઃખની માત્રા ઓછી કરવી અને સુખની માત્રા વધારવી તે માનવીજીવનનું પરમ લક્ષ્ય છે. અરસપરસ સદ્‌ભાવ અને સહાનુભૂતિ દાખવવી એમાં જ સ્વપરનું કલ્યાણ રહેલું છે. આમ છતાં કર્મનો એકાંગી વિચાર માનવીને સહૃદય અને સહાનુભૂતિપૂર્ણ બનાવવાને બદલે હૃદયહીન અને લાગણી-શૂન્ય બનાવે છે.

આવી જ રીતે શુદ્ધ કર્મ અને શુભાશુભ કર્મ વચ્ચે ભેદ ઊભો કરીને માત્ર શુદ્ધ કર્મ કર્તવ્ય છે અને શુભાશુભ કર્મ—ઉભય—વર્જ્ય છે—આવી ભેદરેખા કેટલાક ધર્મચિન્તકો આગળ ધરે છે. શુદ્ધ કર્મ એટલે કેવળ આત્મલક્ષી—આત્મસાક્ષાત્કાર પ્રત્યે લઈ જતું—કર્મ. દા. ત. ધ્યાન, ચિન્તન, જપ, પ્રાર્થના, તપ, સ્વાધ્યાય વગેરે. શુભ કર્મ એટલે સમાજકલ્યાણ—સંવર્ધક કર્મ અને અશુભ કર્મ એટલે સમાજકલ્યાણ—વિરોધી કર્મ. શુભાશુભ કર્મનું આ વર્ણન જો બરોબર હોય તો ધર્મવિચારને લગતી પ્રારંભની ચર્ચામાં રજુ કરેલ સામાજિક સંવાદિતા અને કલ્યાણ સંવર્ધનને ખ્યાલમાં રાખીને સૌ કોઈ માટે શુભકર્મ આદરણીય બને છે અને અશુભકર્મ વર્જ્ય બને છે. આમ વિચારવામાં શુભ કે અશુભ કર્મના સંચય-અસંચયની ગણતરીને કોઈ સ્થાન જ નથી. આમ છતાં કર્મ માત્ર આખરે દરેક જીવે ભોગવવાનાં છે, શુભકર્મ સોનાની બેડી છે, અશુભકર્મ લોઢાની બેડી છે, આત્માર્થીએ આ બન્ને કર્મો છોડીને માત્ર શુદ્ધ કર્મ પ્રતિ અભિમુખ બનવું ઘટે અને સ્વદેહથી માંડીને સમગ્ર સમાજસંસારના વિચારને છોડીને કેવળ આત્મવિચારમાં જ નિમગ્ન બનવું જોઈએ—આવી પ્રરુપણાપૂર્વક સમાજવિષયક કર્તવ્યની ઉપેક્ષા કરવાની આ ધર્મવિચારકો પ્રેરણા આપે છે અને આ રીતે તેમને અનુસરનારાઓ સમાજવિમુખ બને છે. આ વિષયમાં સોના અને લોઢાની બેડીના રૂપકની ભ્રમણામાં નાંખીને અનુયાયીઓને ખોટે રસ્તે દોરવામાં આવે છે અને સમાજ સાથે પોતાને કશી લેવાદેવા નથી એવા અસમ્યક્ વલણના તેમને ભોગ બનાવવામાં આવે છે. જેવી રીતે આત્મોપાસનાની દૃષ્ટિએ શુદ્ધ કર્મ આદરણીય અને અશુદ્ધ કર્મ વર્જ્ય છે, તેવી રીતે સમાજધર્મની દૃષ્ટિએ શુભ કર્મ આદરણીય અને અશુભ કર્મ વર્જ્ય છે. આ આપણે બરોબર સમજી લઈએ અને તદનુસાર પોતાના જીવનને વિવેકપૂર્ણ અને ચરિતાર્થ બનાવીએ!

પરમાનંદ

પૂરક નોંધ:

ભારતમાં પ્રચલિત ધર્મવિચાર મોટા ભાગે આત્મસાપેક્ષ જોવામાં આવે છે આમ છતાં વૈદિક ધર્મ એવો છે કે જેમાં બન્ને બાજુ-આત્મસાપેક્ષતા અને સમાજ સાપેક્ષતાનું સન્તુલન જોવામાં આવે છે. આમ છતાં પણ તેના પુરસ્કર્તાઓ પણ અવારનવાર આત્મસાપેક્ષતા તરફ જ ઢળતા જોવામાં આવે છે, જ્યારે પશ્ચિમનું વલણ સમાજ ઉપર વધારે ને વધારે ભાર મૂકતું માલુમ પડે છે અને પરિણામે આપણે સામ્યવાદ*માં જોઈએ છીએ તે મુજબ ત્યાંના જીવનદર્શનમાં એટલે કે ધર્મવિચારમાં વ્યકિત શૂન્ય બની જાય છે અને સમાજ અથવા તો રાજ્ય જ આખરે સર્વેસર્વા બની બેસે છે. આ બીજા છેડાની એકાંગીતા છે અને તેમાં પણ ધર્મની અધૂરી સમજણ જ આપણને જોવા મળે છે.

પરમાનંદ

* સામ્યવાદ જેને ધર્મવિરોધી લેખવામાં આવે છે તેણે પણ એક પ્રકારના ધર્મનું જ સ્વરૂપ ધારણ કર્યું છે અને બન્નેના અનુયાયીઓમાં એક સરખું ધાર્મિક ઝનુન જ જોવા—અનુભવવા મળે છે.

પ્રબુદ્ધ જીવન વિષે સદ્‌ભાવ દાખવતા પત્રો

મિરતોલાથી શ્રી કિસનસિંહ ચાવડા લખે છે કે "વડોદરામાં વાંચ્યું હતું કે 'પ્રબુદ્ધ જીવને' પોતાના આયુષ્યનાં ત્રીશ વરસ પૂરાં કર્યાં, ત્યારે જ તમને એક સ્નેહપત્ર લખીને અભિનંદન આપવાં હતાં. પણ અમે લોકો (વડોદરાથી) નીકળવાની ધમાલમાં હતાં અને કામની ભીંસ હતી એટલે લખવાનું બન્યું નહીં. પણ અભિનન્દન અને સ્નેહ કયારેય મોડાં પડતાં નથી. તમારી એકનિષ્ઠા માટે અને તમારા જીવનની તપસ્યા માટે અમારાં અંતરનાં સ્નેહપૂર્વક અભિનન્દન સ્વીકારશો. એક જ કાર્યને ત્રીસ વર્ષ સુધી એકાગ્રતા અને એકનિષ્ઠાથી ઉપાસવું એ પોતે જ એક તપ છે."

પૂનાથી શ્રી શાંતિલાલ સી. શાહ જણાવે છે કે "પ્રબુદ્ધ જીવન ૩૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે એનું હું હાર્દિક સ્વાગત કરૂ છું. આપણા સમાજમાં અને દેશમાં વિજ્ઞાનની દૃષ્ટિ આવવી જોઈએ. આજે આપણને ધાર્મિક વિજ્ઞાન અને વૈજ્ઞાનિક ધર્મ જોઈએ છીએ, પરંતુ એવો ધર્મ અને એવો વિચાર કહેવાવાળા દેશમાં ઘણા ઓછા છે. સત્તા અથવા સંપત્તિની પૂજા કરવાવાળા જ ઘણા!

"'પ્રબુદ્ધ જીવને' સમાજ અને દેશ આગળ સારા સારા આધુનિક વિચારો મૂકયા છે અને એનું મુખ્ય શ્રેય આપને જાય છે. સમાજને વિચાર ન ગમે તો એની પરવા કર્યા વિના તમોએ સમાજને માર્ગદર્શન કરેલું છે એ માટે જૈન સમાજ તમારો ખરેખર ઋણી છે.

"'પ્રબુદ્ધ જીવન'ની દૃષ્ટિ વ્યાપક છે. એમાં સમાજ, રાજકારણ, પરરાષ્ટ્ર નીતિ એ બધા વિષયોની ચર્ચા આવે છે. તેથી વાચકને બધા વિષયોની મીજબાની મળે છે. સારાં થએલાં ભાષણો અથવા લેખો ખ્યાલમાં લઈને એ પ્રસિદ્ધ કરવામાં આવે છે, તેથી વાચક વર્ગને ઘણો જ લાભ મળે છે. પ્રબુદ્ધ જીવનની આવી જ પ્રગતિ થાઓ એ સદ્‌ઈચ્છા!"

એક સુવર્ણ વિચાર

What can bring us together and keep us together is not an equally high standard of living but an equally high standard of truthfulness to ourselves, of tolerance of ways of life different from our own and the effortless sense of equality as men and women.

Then we can stand before God and our conscience, united in humility and determination to make our lives and actions the expression of an inner striving for perfection.

Dr. Zakir Husain.

અનુવાદ

જે આપણને નજીક લાવી શકે છે અને એકઠા રાખી શકે છે તે નથી કોઈ સર્વસામાન્ય ઊંચું જીવનધોરણ, પણ તે છે આપણે પરસ્પર પ્રમાણીક બનવાનું સત્યાભિમુખ બનવાનું, આપણા કરતાં જુદી એવી જીવનપદ્ધતિ અંગે દિલની ઉદારતા દાખવવાનું અને સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે સહજ એવી સમાનતાની ભાવનાનું એટલું જ ઊંચું ધોરણ. જો આપણે એમ કરીએ—એવા ધોરણને આપણા જીવનમાં અમલી બનાવી શકીએ તો જ—આપણું જીવન અને આચરણ પૂર્ણતા માટેના આન્તરિક પુરુષાર્થને અભિવ્યત કરે અને એ પ્રકારના નિશ્ચય અને નમ્રતાથી સંકળાયલા એવા આપણે ઈશ્વર સમક્ષ તેમ જ આપણા અન્ત:કરણ સમક્ષ ટટ્ટાર ઉભાં રહી શકીએ.

ડૉ. ઝાકિરહુસેન

☆ આચાર્ય રજનીશજીની કામમાંથી રામની યાત્રા! ☆

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાન-માળામાં ઑગસ્ટ માસની ૨૮મી તારીખે આચાર્ય રજનીશજીએ વ્યાખ્યાન આપેલું તેમાં તેમણે સ્ત્રી–પુરુષ વચ્ચેના કામ (Sex) સંબંધની મુખ્યત્વે કરીને ચર્ચા કરી હતી અને તે કારણે તે વ્યાખ્યાન ચોતરફ બહુ ચર્ચાસ્પદ બન્યું હતું. ત્યાર બાદ સપ્ટેમ્બર માસની આખરમાં આચાર્યશ્રીએ મુંબઈ ખાતે ગોવાલિયા ટૅંક ઉપર યોજાયેલાં ચાર વ્યાખ્યાનોમાં એ જ વિષય ઉપર સવિસ્તર ચર્ચા અને છણાવટ કરી હતી અને આ વ્યાખ્યાનોએ મુંબઈ તેમ જ અન્યત્ર ઘણો પ્રક્ષોભ પેદા કર્યો હતો. આ પાંચે વ્યાખ્યાનોમાં રજૂ કરાયેલાં કામવિષયક વિચારોની એક તટસ્થ આલોચના થોડા સમય પહેલાં 'સંદેશ' પત્રમાં શ્રી ઈશ્વર પેટલીકરે પ્રગટ કરી હતી. તે આલોચના 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોની જાણકારી ખાતર નીચે આપવામાં આવે છે.

આ પાંચે વ્યાખ્યાનો અધિકૃત આકારમાં એક સંગ્રહ રૂપે–મુંબઈના જીવનજાગૃતિ કેન્દ્ર (૨૯, ઈસ્ટર્ન ચેંબર્સ, ૧૨૮, પૂના સ્ટ્રીટ, મુંબઈ-૧) તરફથી થોડા સમય પહેલાં પ્રગટ કરવામાં આવેલ છે. તે પુસ્તકનું નામ છે 'સંભોગ સે સમાધિ કી ઔર' કિંમત રૂા. ૩-૫૦. પરમાનંદ]

આચાર્ય રજનીશજીની વ્યાખ્યાન શૈલી અવળવાણી જેવી છે તેમ અગાઉના વિષયો માટે જેમ કહેવાયું છે, તે જ કામ (સેક્સ) અંગેના એમના વિચારોને પણ લાગુ પડે છે.

"સૌથી પહેલી વાત તો એ છે કે પ્રેમની યાત્રાનું પ્રાથમિક બિંદુ કામ છે. પ્રેમની ગંગોત્રી કામ છે, જ્યારે જગતના તમામ ધર્મ અને મહાત્માઓ એના વિરોધમાં છે. તેઓ કહે છે કે કામ અધમ છે, પાપ છે, ઝેર છે. આપણે કદી માન્યું નથી કે પ્રેમનો વિકાસ એ કામની શક્તિનું રૂપાંતર છે. કામની શક્તિ જ પ્રેમમાં પરિણમે છે પણ એનો વિરોધ કરનારા દુશ્મનો અનેક છે, જેમણે પ્રેમના અંકુર ફૂટે તે પહેલાં જ એનો નાશ કરી દીધો છે. મનુષ્ય કયારેય પણ કામવાસનાથી મુક્ત થઈ શકવાનો નથી.

"પરંતુ આપણે માણસના ચિત્તને કામના વિરોધથી ભરી દીધું છે. પરિણામ એ આવ્યું છે કે એમનો વિકાસ અટકી જ ગયો છે અને મનુષ્યનું મન વધારે ને વધારે કામી બનતું ગયું છે. કામ પ્રત્યેની આ શત્રુતાને કારણે જ મનુષ્યજાતિ આટલી બધી કામુક દેખાય છે અને એની પાછળ તથાકથિત સાધુસંતોનો હાથ છે. જ્યાં સુધી સારી ય માનવજાત આ કહેવાતા સંત પુરુષોના અનાચારથી મુક્ત નહિ થાય, ત્યાં સુધી પ્રેમનો વિકાસ થવાની કોઈ સંભાવના નથી. કામની ઘૃણા કરવાથી, ધિક્કારવાથી, નિંદિત કરવાથી પ્રેમ ઉપલબ્ધ થવાનો નથી. આપણે કહીએ છીએ કે જગતમાં પ્રેમ કયાંય દેખાતો નથી, પણ કયાંથી દેખાય?

"હું તો કહું છું કે કામ દિવ્ય છે. કામની શક્તિ ઈશ્વરની શક્તિ છે. જેટલી પવિત્રતાપૂર્વક કામનો સ્વીકાર કરશો એટલો જ કામ વધુ ને વધુ પવિત્ર થતો જશે. માણસને સમાધિનો સૌથી પ્રથમ અનુભવ જ્યારે પણ થયો હશે, ત્યારે તે સંભોગની ક્ષણમાં જ થયો હશે. સંભોગની ક્ષણમાં મન તદ્દન વિચારશૂન્ય બની જાય છે અને એ રીતે વિચારોના અટકી જવાથી જે આનંદ પ્રાપ્ત થાય છે તેના પરથી જ કદાચ યોગની કાર્યવ્યવસ્થા વિકાસ પામી હશે. વ્યકિત જ્યારે પોતાનું હુંપદ મિટાવે છે ત્યારે એનામાં પ્રેમની ગંગા વહેવા માંડે છે. અહંકાર એક પ્રયોજન છે; પ્રેમ નિષ્પ્રયોજન છે. અહંકાર રોકે છે; પ્રેમમાં કશી રોકટોક નથી. અહંકાર માત્ર લેવાની જ પરિભાષા જાણે છે; પ્રેમ માત્ર આપવાની જ પરિભાષા સમજે છે."

આમાં એમણે બધા ધર્મો કામના વિરોધી હોવાનો આરોપ મૂકીને કામ દિવ્ય છે તેમ કહેનાર પહેલા પોતે હોય તેવી રજૂઆત કરી છે. પરન્તુ કોઈ ધર્મે કામનો ઈન્કાર કર્યો નથી. જે વિરોધ કર્યો છે તે સ્વેચ્છાચારનો. બાકી લગ્નસંસ્થા દ્વારા દરેક ધર્મે કામનું, રજનીશજી કહે છે તેમ પ્રેમમાં ઉર્ધ્વીકરણ કરવાનો માર્ગ ગ્રહણ કર્યો છે. લગ્ન દ્વારા દામ્પત્ય, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ એમ વિવિધ તબક્કાની પ્રેમભાવના સર્જી છે. મહાનદીઓના જળરાશીઓને નિરર્થક સમુદ્રમાં વહી જવા દેવાને બદલે એને નાથીને વીજળી અને નહેરો દ્વારા વિજ્ઞાને માનવજાતની સંપત્તિમાં વધારો કર્યો છે, તેમ જાતીય-વૃત્તિના બળને લગ્નદ્વારા નાથીને સમભાવની સંપત્તિ સર્જી છે. જ્યાં સંસ્કૃતિ હોય ત્યાં વિકૃતિ–ગંદકી ઓછીવત્તી રહેવાની. જે વિકૃતિને મોટું રૂપ આપે છે તે સંસ્કૃતિની ભવ્યતા જોઈ શકતા નથી, અને જે સંસ્કૃતિથી અંજાઈ જાય છે તે વિકૃતિનાં ભયસ્થાનો અંગે બેપરવા રહે છે.

વાત્સલ્યમાંથી સંસ્કૃતિ

મનુષ્યમાં વાત્સલ્યની અને પ્રેમની જે ઉદાત્ત ભાવના છે તે કામસુખની વૃત્તિને લગ્ન દ્વારા નાથીને સંસ્કૃતિએ સર્જી છે. પ્રાણી વંશવૃદ્ધિના કુદરતી હેતુને લીધે કામેષણાને વશ થાય છે. વંશવૃદ્ધિ થતાં એ જ બળને વશ થઈ એ વત્સને ઉછેરે છે. પરંતુ એ પ્રકૃતિની કક્ષાએ છે એટલે વત્સ પોતાની જાતે પોતાને સંભાળી શકે તે વયે પહોંચતાં માતા–વત્સનો સંબંધ પૂરો થાય છે, જ્યારે માબાપનું વાત્સલ્ય બાળક પુખ્ત થતાં સમાપ્ત થતું નથી, એટલું જ નહિ પરંતુ, એ વાત્સલ્યની ગંગોત્રીમાંથી–કરુણા, દયા, પ્રેમ વગેરે ઉદાત્ત સરવાણીઓમાંથી–ગંગા બને છે. વસુધૈવ કુટુંબકમ્‌ની ક્ષિતિજ સુધી પ્રેમને વિકસવાની શકયતા વેદકાળના ઋષિઓએ જોયેલી છે.

આ કરુણા-પ્રેમનો વારસો મનુષ્યજાતિને પ્રભુએ પક્ષપાત કરીને બક્ષ્યો છે અને પ્રાણીઓને અણમાનીતા માની એનાથી વંચિત રાખ્યા છે તેવું માનીને જો આપણે ચાલીશું તો પ્રભુને જ અન્યાય કરી બેસીશું કે અ પક્ષપાતી છે. મનુષ્યજાતિએ સંસ્કાર દ્વારા વંશવૃદ્ધિના કુદરતી બળમાંથી પ્રેમનું મોતી મેળવ્યું છે. કામના પુરુષાર્થમાંથી મનુષ્ય–જાતિએ આ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. કામેષણાને વશ પ્રાણી અને મનુષ્ય બન્ને થાય છે. પણ વાત્સલ્ય, ભકિત અને પ્રેમનો વિકાસ મનુષ્યમાં જોવા મળે છે તે પ્રાણીમાં જોવા મળતો નથી. મનુષ્ય જાતિએ આ સંપત્તિ પુરુષાર્થથી પ્રાપ્ત કરી છે તે નજરે, એની મૂલતણી થતી નથી, એટલે માનવજાત પામર છે તેવી નિરાશા વ્યાપેલી જોવા મળે છે. પ્રાણી માત્રમાં પ્રકૃતિએ જિજીવિષા અને કામેચ્છા મૂકેલી છે. આને લીધે પ્રાણી પોતાનો જ વિચાર કરે છે અને એને બીજાનો વિચાર કરવાની કક્ષા પ્રાપ્ત થઈ નથી. મનુષ્યમાં એ વિચારશકિત જાગી હોવા છતાં 'સબ સબકી સંભાલો, મેં મેરી ફોડતા હું' ને વશ થઈ સ્વાર્થી બને છે, પશુન્યાયને વર્તી વર્તન કરે છે. આ એની દરિદ્રતાનો સ્વીકાર કરવા સાથે, એ ભૂલવું ન જોઈએ કે, એણે એ દરિદ્રતામાંથી જ આજની સંપત્તિનું ઉપાર્જન કર્યું છે. એનામાં વસુધૈવ કુટુમ્બકમ્‌ સુધીનું વાત્સલ્ય ભલે વ્યાપ્યું ન હોય, પણ એના પૂર્વજોએ, એ કક્ષાએ એણે પહોંચવાનું છે તે આર્ષદૃષ્ટિથી જોયેલું છે. અને આપણી ક્ષિતિજો પણ ઠીક ઠીક વિસ્તારી છે, કુટુંબ સુધી જેમની દૃષ્ટિ હતી તેમની ગામ સુધી વધી છે, ગામ સુધી હતી તેમની પ્રદેશ સુધી વધી છે, અને પ્રદેશ સુધી હતી તેમની રાષ્ટ્ર સુધી લંબાઈ છે, અને વિજ્ઞાને વસુધૈવ કુટુમ્બકમ્‌ વિના ઉગારો નથી તેની પ્રતીતિ કરાવી છે.

કામુકતાનો વિરોધ

મતલબ કે રજનીશજી વિધાન કરે છે તેમ જગત્‌ના ધર્મો કે મહાત્માઓ કામના વિરોધમાં નથી. એમનો જે વિરોધ છે, તે કામુકતા, સ્વેચ્છાચાર, અસંયમ વિશે છે. એથી કામની શક્તિનું રૂપાંતર જે પ્રેમમાં થવું જોઈએ તે થઈ શકતું નથી. આથી ધર્મોએ કે

મહાત્માઓએ માણસના ચિત્તને કામના વિરોધથી ભરી દીધું નથી પણ કામુકતાના વિરોધથી ભરી દીધું છે. કામુકતા ચોમેર દેખાતી હોય તો એનો ગુનો ધર્મને કે મહાત્માઓને શીરે જતો નથી, પરંતુ મનુષ્ય જાતિએ ધર્મની કક્ષા સુધી વિકાસ સાધ્યો નથી, અને સભ્યતાની અમુક કક્ષાએ તે ઊભેલી છે તેનું એ કારણ છે.

બાકી કામ એ જો પ્રેમની ગંગોત્રી હોય તો એ પશુઓમાં પણ રહેલો છે. અને રજનીશજી કહે છે તેમ પશુઓ તે એટલો ઊંડો ભોગવી શકે છે કે તે મનુષ્યની માફક સદાય કામુક રહેતાં નથી અને વંશ-વૃદ્ધિની ઋતુમાં કામને વશ થાય છે. તો કામમાંથી પ્રેમનું ઉર્ધ્વીકરણ પશુઓમાં પણ થવું જોઈએ, જે થયેલું જોવા મળતું નથી.

રજનીશજી, કામ પ્રેમની ગંગોત્રી હોવા છતાં મનુષ્યમાં પ્રેમની ગંગા પ્રગટી શકી નથી તેનું કારણ કામ અંગેનું મનુષ્ય જાતિનું અજ્ઞાન માને છે. જો પૂર્ણ કામસુખની અનુભૂતિ માનવી એક વખત પ્રાપ્ત કરે તો આજીવન શું—નવા જન્મે પણ—તેને બ્રહ્મચર્ય સાહજિક સાધ્ય થઈ શકે. કામની કલા અને એનું શાસ્ત્ર માણસ સમજ્યો નથી. ન એને કોઈએ સમજાવ્યું છે કે ન એનો વિચાર કર્યો છે. જો આ શિક્ષણ મનુષ્યને આપવામાં આવે તો પૂર્ણ સંભોગની અનુભૂતિને પ્રતાપે તે કામની ગંગોત્રીમાંથી મુકત થઈ પ્રેમની ગંગા વહેતી થઈ જાય. કામમાંથી રામની યાત્રા આરંભાય.

અતિમાનવનો જન્મ થશે

રજનીશજી એક વખત કહે છે કે મનુષ્ય કયારે ય પણ કામ-વાસનાથી મુકત થઈ શકવાનો નથી અને બીજી બાજુ તે જણાવે છે કે એક પૂર્ણ સંભોગની અનુભૂતિ થઈ જાય તો વ્યકિતને આ જન્મ તો શું પણ નવા જન્મે સુધી પણ બ્રહ્મચર્ય સાધ્ય બની જાય છે. વિનોબાને, મને અગર કોઈને પણ કામસુખના પૂર્ણ અનુભવ વિના બ્રહ્મચર્ય સાધ્ય થઈ શકે નહિ. આ અનુભવ ચાહે આ જન્મનો હોય અગર પૂર્વ જન્મનો હોય. જો આ જન્મમાં કોઈને તે અનુભવ વિના બ્રહ્મચર્ય આસાન હોય તો તે પૂર્વજન્મના અનુભવના આધારે હોઈ શકે, એ સિવાય નહિ. એના વિના કોઈ રસ્તો જ નથી, એ જ પૂર્ણ સંભોગનો મહિમા કરતાં રજનીશજી કહે છે કે, મહાવીર, બુદ્ધ, ઈશુ, કૃષ્ણ, આકસ્મિક રીતે પેદા થતા નથી. બે વ્યકિતઓના પરિપૂર્ણ મિલનનું એ પરિણામ છે. જે દિવસે આપણે સારા જગતમાં કામની કલા અને એના વિજ્ઞાન સંબંધી વાત કહી શકીશું અને સમજાવી શકીશું ત્યારે નવા મનુષ્યનો જન્મ થશે. જેને નિત્શે 'સુપર-મેન' કહે છે અને જેને અરવિંદ 'અતિ માનવ' કહે છે તેવું જગત્ નિર્માણ થશે અને જ્યાં સુધી એવું જગત્ નિર્માણ નહિ થાય, ત્યાં સુધી જગત્માં શાંતિ સ્થપાશે નહિ, યુદ્ધ અટકશે નહિ અને ઘૃણા, અનીતિ, ચારિત્ર્યહીનતા, વ્યભિચાર અટકશે નહિ અને જીવનનો સારોય અંધકાર દૂર થશે નહિ.

રજનીશજી કામના શિક્ષણનો આ પ્રકારનો મહિમા કરતાં જણાવે છે કે, રાજનીતિજ્ઞ ગમે તેટલા પોકાર કરે, ધાર્મિક નેતાઓ ગમે તેટલો ઉપદેશ કરે અને શાંતિ—અહિંસાના પ્રચારનાં સાધનો કામે લગાડે તો પણ યુદ્ધ અટકશે નહિ, અશાંતિ દૂર થશે નહિ, હિંસા નાબૂદ નહિ થાય અને ઈર્ષા અદશ્ય નહિ થાય. દસ હજાર વર્ષ થઈ ગયાં મનુષ્ય જાતિને પૈગંબર, તીર્થંકર, અવતાર પણ પ્રાપ્ત થવા છતાં આદમી અશાંત છે અને તે અશાંતિમાં નવાને જન્મ આપે છે. એટલે નવજીવનમાં અશાંતિના કિટાણુ હોય છે, એના પ્રમાણમાં અશાંતિનો રોગ હોય છે. જન્મની પહેલી ક્ષણથી જ જીવનનું આખું સ્વરૂપ નિર્મિત થઈ જાય છે. એથી બુદ્ધ, મહાવીર, કૃષ્ણ, ક્રાઈસ્ટ હારી ગયા છે અને આદમી રોજ બગડતો ગયો છે. જ્યાં સુધી મનુષ્ય કામ સુખમાં સુવ્યવસ્થિત પૂર્ણતાની અનુભૂતિ દ્વારા સંતતિને જન્મ નહિ આપે ત્યાં સુધી માનવતા પ્રગટશે નહિ.

આત્યંતિક રજુઆત

રજનીશજીના આ મંતવ્ય પ્રમાણે સૌ પ્રથમ સારી ય માનવ-જાત માટે કરવા જેવું પાયાનું કોઈ કોર્ય હોય તો પૂર્ણ કામસુખના શિક્ષણનું કહી શકાય. પરંતુ એમની આત્યંતિક પ્રકારની રજૂઆતને સમજી લઈએ તો તેઓ વિચારકની ભૂમિકાએ રહેવાને બદલે પ્રચારકની ભૂમિકાએ ઊતરી પડતા જોવા મળે છે. કોઈ પ્રચારક જ્યારે ગાજરના ગુણ વર્ણવવા બેસે છે ત્યારે એ સાંભળીને એમ જ થાય કે ગાજર સંપૂર્ણ ખોરાક છે. એ જ રીતે ભાજીના ગુણ વર્ણવે ત્યારે એમ જ ઠસાવવા પ્રયત્ન કરે કે એનાથી બેડો પાર થઈ જશે!

રજનીશજી રાજકારણની વાત કરતા હોય છે ત્યારે સમાજની બેહાલી માટે રાજકારણીઓને જવાબદાર ગણે છે અને ગાંધીજીને પણ દેશના હત્યારા કહેવા સુધીની હદનો અતિરેક કરી બેસે છે. અને તે સુધારવા માટે સાધુઓ સિવાય બીજાનું ગજું નહિ તેમ જણાવતા હોય છે ત્યારે એ એમાં કૂદી પડશે તેમ લાગે છે. જ્યારે જવાનોનો પ્રશ્ન રજૂ કરતા હોય છે ત્યારે એ આત્મા—પરમાત્માને હડસેલી મૂકીને ચાલે છે. જ્યારે કામનો આ વિષય ચર્ચાતો હોય છે ત્યારે કિશોરોમાં કામવૃત્તિ જગે તે પહેલાં ધ્યાન અને કરુણાનું દ્વાર એમને ખોલી આપવું જોઈએ કે જેથી તે કામવૃત્તિના આકર્ષણનો ભોગ ન બને. કુમળો છોડ વાળીએ તેમ વળે છે; પાકટ થયે તે થઈ શકતું નથી, કામમુકતાનો ભોગ બન્યા પછી તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. એટલે બાળપણથી ધ્યાન અને પ્રેમના સંસ્કાર શરૂ કરી દેવા જોઈએ. અને બીજી બાજુ યુવકો સમક્ષ, આત્મા—પરમાત્માની આ ઉંમરે જરૂર નથી તેમ એથી વિરોધાભાસી વિચાર જણાવતા હોય છે!

ધર્મની વાત કરે છે ત્યારે સંપ્રદાય-ધર્મગુરુઓને તે દોષિત ઠરાવી તેમણે દુનિયાને ઝેરી બનાવી મૂકી તેમ કહે છે. એ જીવનના જે જે અંગ તરફ નજર કરે છે તે એમને રોગી અને મૃત લાગે છે અને તેને માટે કોણ ગુનેગાર છે તે તેમની નજરે ચડે છે. પરંતુ ક્યાંય એમને કોઈનો સક્રિય ફાળો વસતો નથી, કંઈક માનવ-જાતિએ હાંસલ કર્યું છે તેમ પુરુષાર્થ વસતો નથી, એનો અતિરેક કરતાં એ કામના વિષયની ચર્ચા વખતે કહે છે કે હવે આપણું એટલું પતન થયું છે કે અવનતિની તક પણ રહી નથી! અને તેનો ઉગાર પૂર્ણ કામ સુખના શિક્ષણ દ્વારા સંતતિની પેદાશ અને એની અનુભૂતિ દ્વારા પ્રેમ શિખરની પ્રાપ્તિનો એક જ માર્ગ બાકી રહેલો કહે છે!

પરંતુ, કામવૃત્તિ મનુષ્યમાં ગમે તેટલી બળવાન હોય તોપણ તે એક માત્ર નથી. માનવી વિવિધ કામનાઓ, લાગણીઓ અને વિચારોનું સંયોજન છે, એને પ્રતાપે અંતરાત્માનું પ્રગટીકરણ થયું છે—જેનાથી બીજી સૃષ્ટિ વંચિત છે. આ સંયોજનનું સમતોલપણું સાધવાથી ઉત્ક્રાન્તિની માત્રા આગળ વધી શકે. કામ (સેકસ) ને પણ તે કારણે ધર્મ, અર્થ અને મોક્ષની જેમ પુરુષાર્થ કહ્યો છે. ભલે આજે એના શિક્ષણથી સમાજ વંચિત જોવા મળતો હોય, પણ જે ધર્મોએ એને પણ પુરુષાર્થ ગણ્યો છે તે એના શિક્ષણની જરૂર ન માને તેમ કેમ બને? એને બ્રહ્માનંદ સહોદર કહેનાર પણ ઋષિઓ હતા. જો એને એ ઘૃણિત માનતા હોત તો એને સહોદર તરીકે સરખાવત નહિ. પરંતુ બંનેમાં જે ફેર છે તે અમૃત—મૃતનો. કોલસામાંથી હીરો બને છે, પણ કોલસો હીરો નથી. કોલસાનું રૂપાંતર થાય તો જ હીરો બને. વિષયાનંદને મૃતમાંથી અમૃતમાં રૂપાંતર કરવા માટે જ ધર્મોએ અને મહાત્માઓએ સંયમ અને બ્રહ્મચર્યનો માર્ગ ચીંધેલો છે. રજનીશજી પણ તેના વિરોધી નથી. કામનો પ્રચાર કરતા નથી, પણ પ્રેમના પદાર્થ માટે તેની શકિતનો ખ્યાલ આપે છે. પરંતુ પૂર્ણ કામસુખના શિક્ષણથી પૂર્ણ માનવ જન્મશે તે એકાંગી પ્રચારક કક્ષા રજનીશજીને નીચે ઉતારે છે.

રજનીશજીએ કામ જેવો જાહેરમાં ન ચર્ચાતો વિષય રજૂ કરવાની જે હિંમત બતાવી છે, તે એમના આગવા વ્યકિતત્વનું દ્યોતક છે. જીવનને સ્પર્શતા દરેક વિષય અંગે માનવીને જાણકારો હોવી જોઈએ અને કામ જીવનનું નાનું સૂનું બળ નથી. એટલે તે અસ્પૃશ્ય ન હોવો જોઈએ. પરંતુ રજનીશજીએ અવળવાણીની શૈલી સ્વીકારી હોવાથી એ નકારાત્મક રજૂઆતમાં જે સક્રિય પ્રદાન થયું છે તેને એ લક્ષમાં ન લેતાં જાણે કંઈ શુભ થયું જ નથી તેવી એકાંગી રજૂઆત આકર્ષક નીવડતી હોય તો પણ તે અપૂર્ણ રહે છે. કામ વિષયમાં પણ એ જ સ્થિતિ એમના એ અંગેના પાંચ વ્યાખ્યાનના વિસ્તાર પછી રહે છે. ગુણ પક્ષે હોય તો ગુજરાતના બંધિયાર વિચાર—વાતાવરણમાં તેમણે મોજાં ઉત્પન્ન કર્યાં તે છે.

ઈશ્વર પેટલીકર

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી રજેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧, ૧૯૬૯, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીને હાર્દિક આવકાર

ઘણા લાંબા સમયના ગાળે વડોદરાથી વિહાર કરતાં કરતાં જૂન માસની આખરે મુંબઈ ખાતે આવી પહોંચેલા આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીને આપણા સર્વનો હાર્દિક આવકાર હો ! તેઓ શ્વે. મૂ. સંપ્રદાયનાં એક અગ્રગણ્ય મુનિ છે. એ સંપ્રદાયમાં સુવિખ્યાત શ્રીમદ્ વિજયાનંદ સૂરિ જેઓ આત્મારામજી મહારાજના નામે ઓળખાતા હતા તેમના શિષ્ય પ્રવર્તક મુનિશ્રી કાન્તિવિજયજી, તેમના શિષ્ય મુનિ ચતુરવિજયજીના તેઓ શિષ્ય છે. તેમની આજે ૭૧ વર્ષની ઉમ્મર છે. આમ તેઓ એક સાંપ્રદાયિક ગચ્છના અનુગામી હોવા છતાં, સંપ્રદાયભાવથી તદ્દન મુકત છે. તેમનું લગભગ આખું જીવન જૈનોના હસ્તલિખિત ગ્રંથોના સંશોધન પાછળ વ્યતીત થયું છે. જેસલમેર જેવા દૂર દૂરના રણથી ઘેરાયેલા સ્થળોમાં લાંબો સમય રહીને તેમણે ત્યાંના જ્ઞાનભંડારોને સંશોધનદ્વારા જીવતા કર્યા છે. પાટણ, ખંભાત, અમદાવાદ જેવાં સ્થળોએ રહીને પણ તેમણે આ જ કાર્ય વર્ષોથી કર્યા કર્યું છે અને પુરાતત્ત્વ સંશોધનના વિષયમાં તેઓ એક અદ્વિતીય નિષ્ણાત ગણાય છે. કેટલાક વર્ષથી મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે તેમના માર્ગદર્શન નીચે જૈન આગમોની પ્રમાણભૂત આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે અને તેમાંના બે આગમો પ્રસિદ્ધ થઈ ચુકયા છે. આવા એક સરસ્વતીના પરમ ઉપાસક મુનિવર ચાર્તુમાસ વ્યતીત કરવા માટે મુંબઈ આવી પહોંચ્યા છે તે પરમ સૌભાગ્ય લેખાય. જૈન સમાજમાં મુનિઓ તો અનેક છે આમ છતાં, કેટલીક વિશેષતાઓના કારણે મુનિ પુણ્યવિજયજીની જોડી મળવી દુર્લભ છે. સ્વભાવથી જ તેઓ ખૂબ શાન્ત અને પ્રસન્ન છે; જૈન સમાજમાં વિખવાદ પેદા કરતા પ્રશ્નોથી તેઓ હમેશાં અલગ રહ્યા છે. તેમની આગમનિષ્ઠા અપૂર્વ અજોડ છે, તેમના મુંબઈ ખાતેના આગમનને હું પુનઃ પુનઃ આવકારું છું.

નાગપુરયાત્રા : સ્મરણનોંધ

નાગપુર ખાતે શ્રી વર્ધમાન સ્થાનવાસી જૈન શ્રાવકસંઘની વર્ષો પહેલાં સ્થાપના કરવામાં આવી છે. આ સંઘ તરફથી ૧૯૫૦ની સાલમાં જ્યાં ગુજરાતી ભાઈઓની ગીચ વસતિ છે તે ઈતવારી લત્તામાં 'મહાવીર ભવન' નામથી એક વ્યાખ્યાનહૉલ નિર્માણ કરવામાં આવેલ છે. અહિં સ્થાનકવાસી ઉપાશ્રય, જૈન ચિકિત્સાલય અને પુસ્તકાલય પણ વસાવવામાં આવેલ છે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન મંદિર પણ નજીકમાં જ છે. આ જ સ્થળ ઉપર તાજેતરમાં રૂપિયા એક લાખના ખર્ચે છાત્રાલય નિર્માણ કરવામાં આવ્યું છે. આ છાત્રાલયમાં તત્કાળ ૨૬ વિદ્યાર્થીઓ વસી શકે એવી સગવડ કરવામાં આવી છે. આ છાત્રાલય ઊભું કરવા માટે ત્યાંના જૈન સ્થાનકવાસી આગેવાન શેઠ નાગશી હીરજી જેમનું અઢી વર્ષ પહેલાં અવસાન થયું હતું તેમના તરફથી રૂા. ૩૬૧૧૧નું દાન મળેલું તેથી પ્રસ્તુત છાત્રાલયને તેમનાં નામ સાથે જોડવામાં આવ્યું છે.

આ છાત્રાલયનું ગત જૂન માસથી ૮મી તારીખે ઉદ્‌ઘાટન કરવાનું હતું. એ નિમિત્તે યોજાનાર સભાના પ્રમુખસ્થાન માટે મને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેનું ઉદ્‌ઘાટન શ્રી લીલાધર પાસુ શાહના હાથે થવાનું હતું અને શ્રી ખીમચંદ મગનલાલ વોરાને અતિથિ-વિશેષ તરીકે પધારવાનું નિમંત્રણ મળ્યું હતું. શ્રી લીલાધરભાઈ મહારાષ્ટ્ર ધારાસભાની અમુક કાનૂની કાર્યવાહી અંગે નાગપુર આવી શકયા નહોતા. તેમની ગેરહાજરીમાં શ્રી ખીમચંદભાઈએ પ્રસ્તુત છાત્રાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

નાગપુર ખાતે દિગંબર જૈન વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય વર્ષોથી ચાલે છે, તેથી આ છાત્રાલયમાં દિગંબર સિવાયના અન્ય સર્વ ફિરકાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

તા. ૮મી જૂનના સંમેલનમાં બધા વિભાગના ભાઈ-બહેનો ઉપસ્થિત થયાં હતાં અને એ રીતે જૈનોની એકતાનું સુભગ દર્શન થતું હતું. તેરાપંથી સંપ્રદાયના સુખ્યાત સાધુ શ્રી રાંકેશ મુનિ નાગપુરમાં ઉપસ્થિત હોઈને આ સભામાં પધાર્યા હતા અને તેમણે એકતાલક્ષી અને ઉદારભાવપ્રેરક પ્રવચન કર્યું હતું. ખીમચંદભાઈએ છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરતાં અનેક વિષયોને સ્પર્શતું વ્યાખ્યાન આપ્યું હતું. મારા ભાગે પ્રમુખ તરીકે પ્રસંગોચિત થોડુંક કહેવાનું આવ્યું હતું. અન્ય આગેવાન વ્યકિતઓએ પણ આ પ્રસંગે પોતાના વિચારો રજૂ કરતાં છાત્રાલયની શરૂઆત અંગે પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો હતો.

નાગપુરમાં મારા એક મિત્ર ડૉ. કિશોર ત્રિવેદીને ત્યાં હું ઊતર્યો હતો. ત્યાંના આગેવાન ગુજરાતી લેખાતા શ્રી ડાહ્યાભાઈ સુતરિયાને આ નિમિત્તે મળવાનું બનતાં મને બહુ આનંદ થયો હતો. આમ નાગપુરના ત્રણ દિવસનો નિવાસ અને બે દિવસનો પ્રવાસ અનેક રીતે સુખપ્રદ અને મુંબઈના ચીલાચાલુ જીવનમાંથી છૂટકારાની રાહત આપનારો બન્યો હતો.

આ ટૂંકી સ્મરણનોંધમાં નાગપુર ખાતે ઊભું કરવામાં આવેલ 'જૈન ભવન'નો ઉલ્લેખ ન કરું તો તે અધૂરી ગણાય. સાધુસંતો ચાતુર્માસ કરી શકે અને સગાઈ વિવાહ વગેરે સમારંભમાં તેમ જ સામાજિક કાર્યક્રમોમાં ઉપયોગી થઈ શકે એ માટે ગાંધી બાગ નામના સ્થળ ઉપર શાહ મૂળજી દેવજી સ્મૃતિક્ષેત્ર ઉપર શ્રી જેઠાલાલ વ્રજપાલ કામદાર જૈન ભવનનું ત્યાંના જૈન સ્થાનકવાસી સંઘ તરફથી ઈ. સ. ૧૯૫૮ની સાલમાં રૂા. ૧,૪૦,૦૦૦ના ખર્ચથી નિર્માણ કરવામાં આવ્યું છે અને તેમાં જમણવારો થઈ શકે, બહારગામથી જનો આવે તો ઊતારી શકાય, જૈન સંઘોને પણ ઊતારી શકાય એવી સગવડ માટે રૂા. ૨૦,૦૦૦ની સાધનસામગ્રી વસાવવામાં આવી છે. આ વિશાળ

જગ્યા અને તેમાં આપવામાં આવતી સગવડો જોઈને મને ખૂબ આનંદ થયો. મૂળ સ્થાનકવાસી સંઘે આ જૈન ભવન ઊભું કરેલ હોવાથી કોઈ પણ જૈન સ્થાનકવાસી કુટુંબ પાસેથી લગ્ન સમારંભ કરવા માટે એક દિવસ માટે માત્ર રૂા. ૫ લેવામાં આવે છે. અન્ય સમુદાય માટે પણ બહુ ભારે ન પડે એવા દરો રાખવામાં આવ્યા છે. નાગપુર જેવા મોટા શહેરમાં કરવામાં આવેલા આ પ્રકારના જૈન ભવનની સગવડ અન્ય મોટાં શહેરો માટે અનુકરણીય છે.

ઉપર જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સ્વ. શેઠ નાગશી હીરજીના બહોળા કુટુંબનો આ પ્રવાસ પ્રસંગે પ્રથમ પરિચય થતાં ધન્યતા અનુભવી. તેઓ મૂળ કચ્છી સ્થાનકવાસી જૈન છે; વર્ષોથી નાગપુરમાં વસેલા છે. તેમનો અનાજનો જથ્થાબંધ વ્યાપાર છે. તેમની પેઢી શાહ નાનજી નાગશીના નામથી ચાલે છે, જો કે નાગશી હીરજીના પુત્ર આ નાનજીભાઈ મધ્યપ્રદેશના ચીફ એન્જિનિયર છે. આ નાનજીભાઈ ઉપરાંત, બીજા બે ભાઈઓ વિસનજીભાઈ અને પ્રેમજીભાઈ વ્યાપાર સંભાળે છે અને એ ઉપરાંત નાગપુરના આગેવાન સામાજિક કાર્યકર્તાઓ છે. બન્ને ગ્રેજ્યુએટ છે અને રાજકીય ક્ષેત્રે ભિન્ન ભિન્ન પક્ષને વરેલા છે. એટલી જ સુશિક્ષિત તેમની બહેનો છે. આ ઉપરાંત નાગપુરના બીજા કેટલાંક આગેવાન જૈન ભાઈઓને પણ મળવાનું બન્યું, પણ તેમનો ઉલ્લેખ કરવા જાઉં તો નોંધ વધારે લાંબી થઈ જાય.

પારામાંથી સોનું

અમદાવાદ ખાતે જૂન માસની ૬, ૭, તથા ૮ એમ ત્રણ દિવસ અખિલ ભારત પારદ સંસ્કાર પ્રયોગાત્મક પરિષદ ભરવામાં આવી હતી. આ પરિષદનું ઉદ્‌ઘાટન ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના વાઈસ-ચેન્સેલર શ્રી મોહનલાલ વ્યાસે કર્યું હતું અને વૈદ્યરાજ શ્રી ગોવિંદપ્રસાદે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. આ પરિષદ દરમિયાન વૈદ્યરાજ શ્રી એ. પી. આચાર્યે પારા ઉપર ૧૩ સંસ્કાર કરીને તેનું સુવર્ણસદશ રૂપાન્તર કરી દેખાડ્યું હતું અને આ રૂપાન્તરને શ્રી એ. પી. આચાર્યે 'બીજબદ્ધ પારદ' એવું નામ આપ્યું હતું. આ પરિષદમાં ગુજરાત રાજ્યના જુદા જુદા પ્રધાનોએ છુટીછવાઈ હાજરી આપી હતી અને અન્તિમ પ્રયોગ ગુજરાતના મહેસૂલ પ્રધાન શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કરની હાજરીમાં થયો હતો. પ્રયોગ કરનાર વૈદ્યરાજ શ્રી એ. પી. આચાર્યે પ્રસ્તુત પરિષદ પુરી થયા બાદ ૧૫મી જૂનના રોજ એક સામયિકના ખબરપત્રીને એ મતલબનું જણાવ્યું હતું કે 'પારાને તેર સંસ્કાર આપીને તૈયાર કરેલા આ પદાર્થને હું સુવર્ણ શબ્દ આપતો નથી. અમારા શાસ્ત્રની પરિભાષામાં તેને 'બીજબદ્ધ પારદ'ને નામે ઓળખાવવામાં આવે છે. આ પારદ વૈદ્યોની દવાના ઉપયોગ માટેનું સોનું છે, પણ તેના ગુણધર્મ પારાના છે. બજારમાં વેચાતા સોનાના દવાના ગુણધર્મો કરતાં આ પારાના સોનાના ગુણધર્મો અનેકગણા ઊંચા છે, જુદા છે. હું પારાના કુલ ૧૪ સંસ્કાર જાણું છું.' તેમના કહેવા મુજબ પારાનું ખરા સોનામાં પરિવર્તન કરવા માટે તેને કુલ ૧૮ સંસ્કાર આપવા પડે છે. આ કુલ સંસ્કારપ્રક્રિયા ભારતમાં ભાગ્યે જ કોઈ જાણે છે.

વૈદ્ય એ. પી. આચાર્યના કહેવા પ્રમાણે ૧૮ સંસ્કાર આપવાથી પારાનું સોનામાં સંપૂર્ણ પરિવર્તન થઈ શકે છે. આવો દાવો એ આજના અણુવિશ્લેષણના યુગમાં સ્વીકારી શકાય તેમ નથી. તેવી પ્રક્રિયાથી સોનાને મળતી આવતી કોઈ મિશ્ર ધાતુ જરૂર કદાચ બનતી હશે, પણ ખરું સોનું તો બની ન જ શકે. પારો મૂળદ્રવ્ય છે અને તેનું અન્ય મૂળદ્રવ્યમાં પરિવર્તન ભગીરથ પ્રયત્નની અપેક્ષા રાખે છે.

પણ સાથે સાથે એ જણાવવું પ્રસ્તુત બને છે કે મૂળદ્રવ્ય એટલે કે કોઈ પણ પદાર્થનું પાયામાંથી રૂપાન્તર જો કે લગભગ અશકય છે અને એમ છતાં, આજે કલ્પનામાં શકય બન્યું છે. આ માટે અણુરચના જરા વિગતથી સમજવી જરૂરી છે.

અણુના કેન્દ્રમાં બે પ્રકારના પરમાણુઓ અથવા કણો હોય છે (૧) ન્યુટ્રોન અને તેની આસપાસ ફરતા (૨) પ્રોટોન. આ બન્નેની સંયુકત સંખ્યાને 'એટમીક વેઈટ' (આણ્વીક વજન) કહેવામાં આવે છે, જ્યારે ફકત પ્રોટોનની સંખ્યાને એટમીક નંબર (આણ્વીક સંખ્યા) કહેવામાં આવે છે. ન્યુટ્રોનની સંખ્યા એટમીક વેઈટમાંથી એટમીક નંબરને બાદ કરવાથી જાણી શકાય છે. કેન્દ્રમાં રહેલો પ્રોટોન અને ન્યુટ્રોન દરેક તત્ત્વના ભૌતિક અને રાસાયણિક ગુણો માટે જવાબદાર છે. જો અણુમાં રહેલા પ્રોટોન અને ન્યુટ્રોનની સંખ્યા બદલવામાં આવે (જે ઘણું જ અઘરું છે) તો ભૌતિક અને રાસાયણિક ગુણો પણ જરૂર પલટાવી શકાય.

પારા અને સોનાનું એટમીક વેઈટ અનુક્રમે ૨૦૦ અને ૧૯૭ છે. જ્યારે એટમીક નંબર અનુક્રમે ૮૦ અને ૭૯ છે. આથી પારાના ન્યુટ્રોનની સંખ્યા ૨૦૦–૮૦=૧૨૦ થાય, જ્યારે સોનાના ન્યુટ્રોનની સંખ્યા ૧૯૭–૭૯=૧૧૮ થાય. આથી પારાને સોનામાં બદલવું હોય તો પારાના દરેક અણુમાંથી એક પ્રોટોન અને બે ન્યુટ્રોન કાઢી નાખવા જોઈએ, જેથી પારો સોનાના પૂરા ગુણો દેખાડી શકે. અણુ એટલો સૂક્ષ્મ છે કે તેને દુનિયાના કોઈ પણ વિજ્ઞાનીએ જોયો નથી. આ ઉપરથી અણુમાં રહેલા પ્રોટોન તથા ન્યુટ્રોન અને તે કેન્દ્રની આસપાસ ફરતા ત્રીજાં કણો ઈલેકટ્રોન કેટલા બધા સુક્ષ્મ હોવા જોઈએ તે કલ્પી શકાય તેમ છે. આને માટે અણુભઠ્ઠી અને અણુ વિસ્ફોટની જંગી તૈયારી જોઈએ. આવો વિસ્ફોટ શ્રી એ. પી. આચાર્યની સાદી સીધી સંસ્કારપ્રક્રિયાથી થઈ શકે એમ માની લેવાને કશું જ કારણ નથી અને તેથી તેમણે તો અશકય વસ્તુને શકય બનાવવાનું પુરાણકાળના આલ્કેમીસ્ટના સ્વપ્નને ફરીવાર જીવતું કરી બતાવ્યું છે અને વૈજ્ઞાનિક વર્તુળોમાં એક નવું કુતૂહલ પેદા કર્યું છે. આ માટે તેમને અવશ્ય ધન્યવાદ આપવા જોઈએ અને તે માટે આપણે ગર્વ અનુભવવો જોઈએ.

શ્રી મગનલાલ પી. દોશીનું દુઃખદ અવસાન

જૂન માસની ૧૪મી તારીખે મુંબઈ ખાતે શ્રી મગનલાલ પી. દોશીનું બપોરના ભાગમાં પોતાની ઓફિસમાં કામ કરતાં કરતાં એકાએક હૃદય બંધ પડવાથી ૭૦ વર્ષની ઉમ્મરે અવસાન થયું. આ દુર્ઘટનાથી તેમના બહોળા સ્વજન સમુદાયને ઘણો સખત આઘાત લાગ્યો છે. તેઓ વર્ષોજૂના એક સામાજિક કાર્યકર હતા; મુંબઈ જીવદયા મંડળીના કાર્યમાં પ્રમુખસ્થાન ધરાવતા શ્રી માનકરના સાથી હતા; મુંબઈના જૈન સ્થાનકવાસી સમુદાયના એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. સેવાના ક્ષેત્રે સતત ઊભા પગે કામ કરી રહેલા તેમના જેવા સમાજસેવકની આજે ઘણી મોટી ઊણપ છે, અને તેથી તેઓ જે જે ક્ષેત્રને પોતાની સેવા આપી રહ્યા હતા તે તે ક્ષેત્રમાં તેમની ખોટ પુરાવી ઘણી મુશ્કેલ બની છે. તેમના કટુંબીજનો આપણી ઊંડી સહાનુભૂતિના અધિકારી છે. તેમના આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણ સર્વની પ્રાર્થના હો !

પરમાનંદ.

"રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણ"

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રયે સંઘના કાર્યાલયમાં ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, જુલાઈ માસની પમી તારીખ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણ" એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવેલ છે, આ વિષયમાં રસ ધરાવતાં ભાઈ–બહેનોને ભાગ લેવા હાર્દિક વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ,

☆ દેવદ્રવ્યનો સમાજકલ્યાણ માટે ઉપયોગ ☆

(તા. ૧૮મી મેના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાંથી સાભાર ઉદ્‌ધૃત)

મંદિરના ભંડારના કાણામાં સીક્કા પાછળ સીક્કા પડયા જ કરે છે. ભકતો તરફથી દાનનો પ્રવાહ વહ્યા જ કરે છે. હિન્દુ મંદિરનો ભંડાર આ રકમોથી ઊભરાયા જ કરે છે. જરૂર આમાંનાં કેટલાંક મંદિરો ખૂબ જ ધનવાન હોવા જોઈએ. આમ છતાં ભંડોળમાંથી કેટલું વપરાય છે?

સામાન્યત: એવો ખ્યાલ પ્રવર્તે છે કે આ ધનસંગ્રહમાંનો ઘણો મોટો ભાગ અદ્ધર જ ચવાઈ જાય છે. આ અટકાવવા માટે પોતાની આવક અને ખર્ચનો વિગતવાર હિસાબ રજૂ કરવાની મંદિરોને ફરજ પાડવામાં આવી છે અને ચેરીટી કમિશનરને ગેરવહીવટનો વહેમ આવે તો કોઈ પણ ટ્રસ્ટીને રદ કરવાનો અધિકાર છે. પણ આવા પગલાંથી આવા ગેરવહીવટ ઉપર ખરેખર કોઈ અંકુશ મૂકાયો છે ખરો? જે કેટલાકને હું મળી તેમના અભિપ્રાય મુજબ આનો જવાબ 'ના' છે.

એકઠા થયેલા ફંડમાંનો અમુક ભાગ સમાજસેવાનાં કાર્યો પાછળ ખરચાયો છે, પણ મંદિરમાં જે અઢળક નાણું એકઠું થાય છે અથવા તો મૂર્તિઓનાં આભૂષણો પાછળ જે રકમ ખરચાય છે તેના પ્રમાણમાં બહુ જ નાનો હિસ્સો જનસેવાનાં કાર્યો પાછળ વપરાયેલો માલુમ પડે છે. મંદિરની આસપાસ ભીખારીઓ પડયા પાથર્યા રહેતા હોય છે. મંદિરની ચોતરફ પારવિનાની ગંદકી અને મંદિરની બહુ ઉપરછલ્લી દેખરેખ–આ બધું આપણી આંખોને કણાની માફક ખૂંચે છે.

પબ્લિક રીલીજિયસ ટ્રસ્ટ તરીકે મંદિરમાં એકઠું થતું દ્રવ્ય મુખ્યત્વે કરીને ધાર્મિક લેખાતી બાબતો પાછળ ખરચવાનું હોય છે. આથી બીજો ઉપયોગ કરવો હોય તો મૂળ ટ્રસ્ટમાં તેના માટે ખાસ જોગવાઈ હોવી જોઈએ. અથવા તો 'સાઈપ્રે'નો સિદ્ધાન્ત મંદિરની મિલકતને લાગુ પાડવા માટે મંદિરના વહીવટકર્તાઓએ અરજી કરવી જોઈએ. ('સાઈપ્રે'ના સિદ્ધાન્તનો અર્થ એ છે કે કોઈ પણ ચેરીટીના હેતુને પૂરેપૂરું પહોંચી વળ્યા બાદ જે કાંઈ રકમ વધે તે રકમનો ઉપયોગ મૂળ હેતુને વિરોધી નહિ એવા સામાજિક કે ધાર્મિક હેતુ માટે કરવાની કોર્ટ અથવા તો જવાબદાર સત્તાધિકારી છૂટ આપી શકે).

"પણ આ પ્રમાણે કરવામાં આવે છે ખરું?" બાબુલનાથ મંદિરના એક ટ્રસ્ટી શ્રી. જે. એચ. દવે પૂછે છે. "ધાર્મિક હેતુ કોને કહેવાય એ વિષે કેટકેટલું અસ્પષ્ટ ચિન્તન ચાલતું હોય છે. અલબત્ત આનો અર્થ પૂજા અથવા તો ક્રિયાકાંડ માત્ર તો ન જ હોઈ શકે. આમ છતાં ખરી રીતે મોટા ભાગે આ દ્રવ્ય આવી બાબતો પાછળ જ ખરચાતું જોવામાં આવે છે. આ દ્રવ્યમાંથી ભારતીય સંસ્કૃતિ, ચિન્તન તથા તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરવા માટે કોઈ પ્રયત્ન થાય છે ખરો? ધર્મ આજે એક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. ..... પંડયાઓ અને પૂજારીઓનું અજ્ઞાન અને લોકવૃત્તિ ધૃણાપાત્ર હોય છે. ક્રિયાકાંડની પ્રક્રિયાઓનું ઓજસ્ સાવ ઓસરી ગયું છે.

"આ પૂજારીઓને તાલીમ અને કેળવણી આપવા માટે શિક્ષણ-સંસ્થાઓ ઊભી કરવાન જરૂર છે. જે લોકો પૂજારીનું કામ કરતાં હોય તેમની આજીવિકા ચલાવવા માટે આપણે આર્થિક પુરવણી પણ કરવી જોઈએ. 'મંદિરના ઉંદર જેટલો ગરીબ' આ વિશેષણ આપણે આપણા દેવમંદિરના પૂજારી માટે જરૂર વાપરી શકીએ. મંદિરોની આસપાસના લત્તાઓમાં વસતા લોકોના ઉદ્ધાર તરફ દેવમંદિરોએ સવિશેષ લક્ષ આપવું જોઈએ."

એવા કેટલાક નિયમો છે કે જેનું આ પબ્લીક રીલીજિયસ ટ્રસ્ટો દ્વારા મિલ્કતોની થતી ખરીદી અને વેચાણના અનુસંધાનમાં પાલન કરવાનું રહે છે. કોઈ પણ મંદિર તેને લાગતા વળગતા ખાતાને અરજી કર્યા સિવાય મૂડીના રોકાણ માટે કોઈ જમીન ખરીદી શકતું નથી. કોઈ પણ સંસ્થાને તે ભેટ આપી શકતું નથી, ગીરો મૂકી શકતું નથી તેમ જ વેચી શકતું નથી. આજ સુધી મંદિરો આવકવેરાથી મુકત હતાં, એ સરતે કે તેની આવક સરવાળે કોઈ પણ સંયોગોમાં ૨૫ ટકા અથવા રૂ. ૧૦,૦૦૦ બેમાંથી જે વધારે હોય તેથી વધારે થવા પામી ન હોય.

૧૯૬૨ ના એપ્રિલ માસની પહેલી તારીખ પછી ઊભા કરવામાં આવેલાં ટ્રસ્ટોને આ લાભ મળી શકતો નથી. નવા ટ્રસ્ટોને આ લાભ તો જ મળી શકે કે જો તેનો હેતુ Secular–ધર્મનિરપેક્ષ હોય.

આજની સામાજિક જરૂરિયાતો અંગે મંદિરો ધીમે ધીમે સજાગ બનતા જાય છે. વધારાની રકમો જનકલ્યાણનાં કાર્યો પાછળ વધારે ને વધારે ખરચાતી જાય છે, "અને આમ જ બનવું જોઈએ." એક ટ્રસ્ટી જણાવે છે. "પોતાના ભકતો પ્રત્યે, માનવજાત પ્રત્યે મંદિરોની આ ફરજ છે." જ્યારે ધર્મ સમાજકલ્યાણની ચિન્તા ધરાવતો થાય છે ત્યારે તે નવું પરિમાણ ધારણ કરે છે એ સૂચવવા માટે, દક્ષિણમાં આવેલ તિરૂપતિનું મંદિર એક ખૂબ જ આગળ પડતો દાખલો છે.

તેની વાર્ષિક આવક લગભગ એક કરોડ રૂપિયાની છે. આ જ દ્રવ્ય કેટલીયે યોજનાઓ દ્વારા લોકોને જ પાછું મળે છે. શ્રી તિરૂમલ તિરૂપતિ દેવસ્થાન કમિટી શ્રી વ્યંકટેશ્વર ઓરિયેન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ ચલાવે છે, બે પ્રાથમિક શાળાઓ, બે હાઈસ્કૂલો, એક અનાથાશ્રમ, એક પાઠશાળા, એક શ્રી વ્યંકટેશ્વર કૉલેજ, એક દરિદ્રાલય, એક મ્યુઝિયમ અને ટ્રાન્સપોર્ટ સર્વીસ ચલાવે છે. આ ઉપરાંત શ્રી. વ્યંકટેશ્વર યુનિવર્સિટી ચલાવે છે.

અહિં જુદી જુદી પૂજાઓ અને ઉત્સવો તેના નિયત ક્રમ મુજબ ચાલ્યા કરે છે. દિવસમાં ત્રણ વાર દર્શન થતા હોય છે. આ માટે કોઈ પણ પ્રકારનું લવાજમ હોતું નથી, પણ ખાસ પૂજા અને ઉત્સવો માટે યાત્રાળુઓએ ચોક્કસ રકમ આપવાની હોય છે અને તેની તેમને પાવતી મળે છે. દેવસ્થાન કમિટી અને બોર્ડ ઑફ ટ્રસ્ટીઝ, તીર્થસ્થાન ઉપર આવતા જતા લોકો માટેની સગવડોમાં ચાલુ સુધારા વધારા કરતા હોય છે.

મંદિરોનું આ સામાજિક વળણ સતત વિકસતું જાય છે. મુંબઈના મહાલક્ષ્મીના મંદિરની ગયા વર્ષે ચોખ્ખી આવક રૂ. ૩,૨૫,૦૦૦ની હતી. ધસારો, જાળવણી અને અનામત ફંડ માટેની રકમો જે આવકના ૧૦ ટકા લગભગ હતી તે બાજુએ મૂકતાં વધેલી રકમનો સાર્વજનિક કાર્યો માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

એ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી. જે. એમ. બારોટના જણાવવા મુજબ, રૂ. ૭૫,૦૦૦ ની રકમ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને મદદ તરીકે આપવામાં આવી હતી. લગભગ એક લાખ રૂપિયા યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ તરીકે, આશરે ૨૦૦૦૦ રૂપિયા હૉસ્પિટલોને, અને લગભગ ૭૦૦૦૦ રૂપિયા વિશિષ્ટ અભ્યાસ માટે પરદેશ જતા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. ગયા વર્ષે આદિવાસીઓ અંગે યોજાયલા કોઈ એક શૈક્ષણિક કાર્યક્રમ અંગે રૂ. ૨૦,૦૦૦ ની રકમ આપવામાં આવી હતી. સંસ્થાઓની જરૂરિયાતો પ્રમાણે આ રકમોનો દર વર્ષે હવાલો નાંખવામાં આવે છે.

મુંબાદેવીનું મંદિર તેની આવકના લગભગ ૮૦ ટકા ધર્મ-નિરપેક્ષ એવા સેવાકાર્યો પાછળ ખરચે છે. બાબુલનાથનું મંદિર સંસ્કૃત પાઠશાળા ચલાવે છે. માધવબાગનું મંદિર પણ સામુદાયિક યોજનાઓમાં એટલો જ રસ ધરાવે છે. ધાકલેશ્વર ટેંપલ ટ્રસ્ટમાંથી હૉસ્પિટલો, સ્કૂલો અને સેવા સંઘો તરફ દ્રવ્યનો પ્રવાહ વહ્યા જ કરે છે.

કુદરતી આફતોના ભોગ બનેલા લોકોને સહજ રીતે અને ઉદાર પ્રમાણમાં મદદ પહોંચાડવામાં આવે છે. એકલા મહાલક્ષ્મીના મંદિરે જ કોયના રીલીફ ફંડમાં ત્રણ લાખ રૂપિયાની રકમ ભરી હતી. ઘણાં મોટાં મંદિરોના ભંડારો બિહાર દુષ્કાળના ભોગ બનેલા લોકોના દુ:ખનિવારણ અર્થે વહેતા કરવામાં આવ્યા હતા.

આ સાથે એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે બધાં મંદિરો કાંઈ સમૃદ્ધ હોતાં નથી. દૂર દૂરના લત્તાઓમાં આવેલાં ઘણાંયે

નાનાં મંદિરો પાસે પોતાના નિભાવ અર્થે પણ પૂરતાં નાણાં હોતાં નથી. આ મંદિરોની કોઈ દરકાર પણ કરતું હોતું નથી.

મહારાષ્ટ્રની સરકારે આવાં મંદિરોને મદદ કરવા માટે એક યોજના ઊભી કરી છે. પશ્ચિમ મહારાષ્ટ્રની દેવસ્થાન કમિટીએ પોતાના પ્રદેશમાં આવેલા નાનાં મોટાં—ગરીબ પૈસાદાર—બધાં દેવસ્થાનોને પોતાના વહીવટ નીચે મૂકયાં છે. તેની બધી આવકો એકઠી કરવામાં આવશે અને પ્રત્યેક મંદિરની જરૂરિયાતો મુજબ તે આવકને વહેંચી દેવામાં આવશે. આ યોજના જો સફળ નીવડે તો તેનું અન્યત્ર જરૂર અનુકરણ કરવામાં આવશે.

આ જાણીને એવા એક ગૃહસ્થ કે જેણે અનેક મંદિરોમાં એક ટ્રસ્ટી તરીકે કામ કર્યું છે તે બોલી ઊઠયા કે "આના પરિણામે તો આપણા મંદિરોમાં સરકારી દખલગીરી પારવિનાની વધી જશે." તેમના કહેવા મુજબ સરકારને જો એક ઈંચ સ્થાન આપશો તો તે બધું જ પચાવી પાડશે."

તેઓ વિશેષમાં જણાવે છે કે "નાથદ્વારા મંદિરનો દાખલો લ્યો. ત્યાં ખૂબ ગેરવહીવટ ચાલતો હતો, તે જોઈને આખરે રાજસ્થાન સરકારે ટેંપલ બોર્ડ કમિટીની સ્થાપના કરી. એમ છતાં આજે ત્યાંની પરિસ્થિતિ વધારે ખરાબ નહિ તો પહેલાં જેટલી ખરાબ તો છે જ. મંદિરના વહીવટમાં ત્યારથી રાજકારણ દાખલ થયું છે. સંસ્કૃત કમિશને તેના અહેવાલમાં (૧૯૫૬-૫૭) એવો જ ભય દાખવ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે પ્રસ્તુત ધાર્મિક બક્ષિસોના મૂળ ઉદ્દેશો અને હેતુઓની કાનૂની ઝીણવટનો નહિ પણ તત્કાલિન રાજકારણી વાતાવરણનો આ ફંડોનો કેવી રીતે ઉપયોગ કરવો તેને લગતા નિર્ણયો ઉપર પ્રભાવ પડી રહ્યો છે અને ધાર્મિક હેતુઓની ઉપેક્ષા કરવામાં આવે છે.

પાર્લામેન્ટમાં સ્વ. સર સી. પી. રામસ્વામી આયરે એક બીલ રજુ કર્યું છે. આ બીલમાં જાહેર ધાર્મિક ટ્રસ્ટોને વહીવટ અખિલ ભારતીય ધોરણે અને સરકારી દેખરેખ નીચે કરવાની ભલામણ કરવામાં આવી છે. આપણે આશા રાખીએ કે આ પગલા પાછળ અથવા તો આના અમલ પાછળ રાજકીય દબાણ કામ કરતું નહિ થાય.

અનુવાદક: મૂળ અંગ્રેજી
પરમાનંદ **શ્રી જ્યોત્સના શેઠ**

તંત્રી નોંધ:

આ લેખમાં જે મંદિરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જૈનેતર મંદિરોને અંગે છે. જૈન મંદિરોની આવક અંગે—ખાસ કરીને જૈન શ્વે. મૂ. મંદિરો કે જે મોટી આવકનાં ધામ છે તેની આવક અંગે—કેટલાય સમયથી એક એવી જડ મર્યાદા સ્વીકારવામાં આવી છે કે, તે આવકનો ઉપયોગ નવાં મંદિરો બાંધવા સિવાય, નવી નવી મૂર્તિઓ નિર્માણ કરવા સિવાય અને તેનાં આભૂષણ તેમ જ શોભા-શણગાર સિવાય બીજા કોઈ કાર્યમાં થઈ જ ન શકે. આજે દક્ષિણ હિંદુસ્તાનમાં તિરૂમલ તિરૂપતિ દેવસ્થાન કમિટી અનેક શૈક્ષણિક સંસ્થાઓ ચલાવીને તેમ જ એક મોટી યુનિવર્સિટી ઊભી કરીને જે લોકસેવા કરી રહેલ છે તેવું જ મહાભારત કાર્ય અનેક તીર્થોના વહીવટોનું સંચાલન કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરી શકે છે, પણ દેવદ્રવ્યને લગતી જડ ઘાલી બેઠેલી માન્યતા તે પેઢીના સંચાલકોને મંદિર અને મૂર્તિથી આગળ નજર કરવા દેતી નથી. આ માટે માત્ર એ સંચાલકો જ જવાબદાર છે એમ નથી, પણ તે પાછળ સ્થિતિચુસ્ત ધર્માચાર્યો અને તેમને અંધપણે અનુસરતો બહોળો જૈન સમુદાય છે. આ વિચારજડતા ક્યારે દૂર થાય અને મંદિરોની અઢળક આવક જનકલ્યાણના કાર્ય માટે, શિક્ષણસંસ્થાઓ અને હૉસ્પિટલો માટે, દેશમાં અવારનવાર આવી પડતી કારમી આફતોના સંકટનિવારણ માટે ક્યારે વહેતી થાય—આ પ્રશ્ન દરેક સમજદાર વ્યકિત સામે ઊભો થવો જોઈએ અને આ વિચારજડતાની દિવાલ તોડવા માટે સમજદાર સૌ કોઈએ કટિબદ્ધ થવું જોઈએ. પણ કમનસીબની વાત એ છે કે 'પ્રબુદ્ધ જીવન'ની આ પપુડી કોઈ સાંભળતું નથી, કોઈના કાને અથડાતી નથી! **પરમાનંદ**

વિનમ્રતાનાં શિખરો: ત્રણ ચિરસ્મરણીય પ્રસંગો

(તા. ૧૮-૫-'૬૯ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રગટ થયેલ અંગ્રેજી લેખનો અનુવાદ)

હું ભૂલી ગયો છું, પરંતુ કોઈ લેખકે કયાંક કહ્યું છે કે પાનખરમાં પણ ગુલાબની સુગંધ માણી શકીએ તે માટે, ભગવાને આપણને સ્મૃતિ આપી છે.

સ્મૃતિના સંગ્રહસ્થાનમાં ગુલાબની સાથે કાંટાઓ (આપણને અણગમો પેદા કરે તેવા પ્રસંગો) પણ હોય છે, કે જેનો સ્પર્શ આપણને ગમતો નથી. કેટલાંક શબ્દો અને કાર્યો, કેટલીક મૂંઝવણભરી ક્ષણો, અતૃપ્ત વાસનાઓ અને દુ:ખો એવાં હોય છે કે જેને લીધે આપણે શરમ અનુભવીએ છીએ. આ બધું સામાન્ય રીતે આપણે ભૂલી જઈએ છીએ. સમય અને સંજોગો આવી મળતાં તે આપણી સ્મૃતિમાં ડોકિયાં કર્યા કરે છે, અને આપણા અહમ્‌ને ઓગાળે છે. આ ઉપરાંત આપણી બાલસહજ જિજ્ઞાસા અને આનંદના કેટલાંક પ્રસંગો રણમાં મીઠી વીરડી જેવા પણ હોય છે કે જેની સહાયથી વૃદ્ધત્વની નિરાશા દૂર થાય છે અને પરિવર્તનશીલ જગતનાં દુ:ખો પણ હળવાં બને છે.

૭૦ વર્ષના મારા જીવનપટ ઉપર દૃષ્ટિપાત કરતાં આવું ઘણું ઘણું મને યાદ આવે છે. દા. ત. મારા જીવનમાં કેટલાંક પ્રસંગોના પડેલાં સૌ પ્રથમ પ્રત્યાઘાતો—દરિયાના મોજાંઓનું મુગ્ધ કરી દેતું નૃત્ય, બરફની વર્ષાનો પહેલો સ્પર્શ, કુમારિકાનાં નયનો પ્રતિ પ્રથમ દૃષ્ટિ પડતાં અનુભવેલું પુરુષત્વ, નાના બે બેઠકવાળા ખ્વેઈનમાં કરેલું પ્રથમ આકાશ ઉડ્ડયન, મારા નાના બાળકના કુમળા હાથની પડેલી પ્રથમ તાળી, પ્રકાશકની મારા પુસ્તક માટેની પહેલી વારની માંગ, ઉત્તુંગ હિમાલયની અડગ અને આકર્ષક ભવ્યતાનું કરેલું પ્રથમ દર્શન અને પ્રથમવાર જ.....

યાદી ઘણી લાંબી છે. અનેકવાર ભૂતકાળનાં આ સ્પષ્ટ સંસ્મરણો મારા સ્મૃતિપટ પર ધસી આવવાથી હું સુખદ લાગણી અનુભવું છું અને તૃપ્ત થાઉં છું. લોકસ્વે હોલની માફક આ સુખદ સંસ્મરણો મને ગમગીન નથી બનાવતાં.

પરંતુ સાચા સ્મરણીય પ્રસંગો તો બહુ થોડા છે, જેને હું સાચવી રાખવા માગું છું. આંગળીને ટેરવે ગણી શકાય તેટલાં. તેમનું મારા જીવનમાં એક અનોખું સ્થાન છે, કારણ તે મારે મન માનવજીવન અને મનુષ્યસ્વભાવની મારી સમજણના વિકાસનાં સોપાનો છે. તેમની યાદથી હું તૃપ્તિ અનુભવું છું અને મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું.

૧૯૨૪માં કેમ્બ્રીજ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્ર અને ગણિતના વિષયોનો અભ્યાસ પૂરો કરી ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષામાં બેસવાની મારી તૈયારી ચાલતી હતી તે દરમિયાન આવી એક ચિર-સ્મરણીય ઘટના બની હતી. મેં ખગોળશાસ્ત્રને એક ઉપ-વિષય તરીકે લેવાનું નકકી કર્યું હતું. આ માટે અભ્યાસક્રમનું મેં પરિપત્ર જોયું. તેમાં વિગતો બહુ જ ટુંકાણમાં આપવામાં આવી હતી. મારે શું વાંચવું અને શું કરવું તે મને સ્પષ્ટ સમજાતું નહોતું. તે વખતે આર્થર એડીંગટન સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર—આ ત્રણના પરસ્પર ગુરુત્વાકર્ષણના વિષય ઉપર વ્યાખ્યાન આપતા હતા. એમની પાસે મને માર્ગદર્શન આપવાની મેં માંગણી કરી. આ પ્રશ્નની ચર્ચા કરવા માટે તેમણે મને તેમને ઘેર ચા પીવાનું નિમંત્રણ આપ્યું.

હું જાણતો હતો કે એડીંગ્ટન ઈંગ્લેન્ડના ભૌતિકશાસ્ત્રના એક પ્રખર અભ્યાસી વિદ્વાન પુરુષ હતા. આઈનસ્ટાઈનને બાદ કરતાં આ એક જ વ્યકિત એવી છે કે જે સાપેક્ષવાદના સિદ્ધાંતને તેના સાચા અર્થમાં સમજવાને શકિતમાન હતા. તેમનું તારાઓની રચના

ઉપરનું પુસ્તક મેં વાંચ્યું હતું અને તેમાં આ ગહન વિષયનું સરળ અને ભાવવાહી વર્ણન આપેલું હતું.

જ્યારે હું તેને મળવા જવા તૈયાર થયો ત્યારે એક જાતની ક્ષોભયુક્ત માનની લાગણીએ મારા મનને ઘેરી લીધું. આટલા મોટા વૈજ્ઞાનિકને મળવા જવામાં હું વધારે પડતું ડહાપણ તો બતાવતો નથી ને ?

મોટાઈનો કોઈ પણ જાતનો દેખાવ કર્યા વગર અત્યંત લાગણીપૂર્વક બોલાવી તેમણે મને હળવો બનાવી દીધો. તરત જ મારે વાંચવા માટેનાં પુસ્તકોની એક યાદી મારા હાથમાં મૂકી અને તેમનાં વ્યાખ્યાનો સાંભળવાનું તેમણે સૂચન કર્યું. ત્યાર પછી અમે સાથે ચા પીધી અને મારું કામ પૂરું થયું. ઊઠીને જવા માટે મારા યજમાનના સૂચનની હું રાહ જોતો હતો. વાતોમાં એક કે બે વાર ન સમજી શકાય તેમ ભંગ થયો, પરંતુ એકદમ ઊઠીને ચાલી જવાનું મને યોગ્ય ન લાગ્યું. આથી હું બેસી રહ્યો.

મારું કામ પૂરું થયું છે અને અમારી મુલાકાત ખતમ થઈ છે એવું એક પણ વચન કે સૂચન મને તેમના તરફથી મળ્યું નહિ, સામાન્ય રીતે મોટા માણસો પોતાનાથી નાના માણસો માટેનું કામ ટૂંકાણમાં પતાવતાં હોય છે અને નાના માણસો દ્વારા થતો સમયનો વિલંબ સહી શકતા નથી, એટલું નહીં પરંતુ, આ અસહિષ્ણુતાને ખુલ્લી પાડતાં પણ તેઓ અચકાતા હોતા નથી, જો કે, એડીંગ્ટન આ બાબતમાં તદ્દન જુદા જ હતા.

બારી ખુલે અને પ્રકાશનો પૂંજ રૂમમાં ફરી વળે તે રીતે આ સત્ય મને સમજાયું. અત્યંત શરમ અને સંકોચપૂર્વક મેં તેમની માફી માંગી, આભાર માન્યો અને મારા ઘરનો રસ્તો મેં પકડયો. ત્યાર પછી તેમનાં વ્યાખ્યાનો સાંભળ્યા અને તેમણે સૂચવેલા પુસ્તકો પણ વાંચ્યા, પરંતુ તેમની સાથે ગાળેલા અડધા કલાકમાં હું જે પાઠ શીખ્યો હતો તે મારે માટે ચિરસ્મરણીય બની ગયો. મારી જિંદગીના પાછળના દિવસોમાં અનેક લોકો મારી પાસે આવી પોતાનાં દુઃખો ઠાલવે છે અને કંટાળી જવાય ત્યાં સુધી વાતનો દોર ચલાવ્યે રાખે છે, ત્યારે મને એડીંગ્ટનની એક ઊગતા યુવક તરફની ઉદારતાભરી વર્તણૂંક યાદ આવી જાય છે.

મહાત્માજી સાથે ગાળેલી ૩૦ મિનિટો પણ એક એવો જ પ્રસંગ છે, કે જેને હું હંમેશા મારી સ્મૃતિમાં સાચવી રાખવા માગું છું. તેમની શહીદીના ત્રણ દિવસ પહેલાં જ આ મુલાકાત યોજાઈ હતી. નિર્વાસિતોની મિલકતોની વ્યવસ્થાના સંબંધમાં હું તેમની સલાહ લેવા માંગતો હતો. દિલ્હીના હજારો મુસલમાનો પોતાના ઘરબાર છોડી પાકિસ્તાન જવા માટે પોતાના વારાની રાહ જોતા ટ્રાન્ઝીટ કેમ્પમાં આશરો લઈ રહેલા હતા. તેઓના ખાલી ઘરો ઉપરની પોલિસ ચોકી ઈર્ષ્યાની આગ પ્રગટાવતી હતી; કારણ પાકિસ્તાનથી આવેલા લાખો હિંદુઓ અને શીખો દિલ્હીની શેરીઓમાં અને ખુલ્લાં મેદાનોમાં ઠંડીમાં ધ્રૂજતા ભટકતાં હતાં અને અસલામતીભર્યું જીવન ગુજારતાં હતાં. મેં એવું સાંભળ્યું હતું કે મોટા માણસોની આજુબાજુ મંત્રમુગ્ધ કરી દે તેવું જાદુઈ વાતાવરણ હોય છે, કે જેની અસર નીચે વિચાર-શક્તિ શૂન્ય બની જાય છે અને તેમની જાણીતી વિચારધારાથી વિરુદ્ધ કાંઈપણ બોલવું કે વિચારવું અશક્ય બની જાય છે. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે જ્યારે મેં તેમના ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે મેં અત્યંત માનસિક હળવાશ અને સાહજિકતા અનુભવ્યાં. મારે જે કહેવું હતું તે બધું જ સહજ રીતે હું કહી શક્યો. મહાત્માજીએ એક મિત્રની માફક મને સાંભળ્યો. ભગવાનની માફક જાણે પોતે જ સાચા છે અને ભવિષ્ય ભાખી રહ્યા છે એવા કોઈ પણ જાતના (ડોળ) અભિનય વગર એક સામાન્ય માણસની માફક સહજ રીતે તેમણે મારી સાથે વાત કરી. આ અદ્‌ભુત અનુભવે મને સમૃદ્ધ બનાવ્યો, અને મારી વિવેકશક્તિને વેગ આપ્યો. 'મહાત્માજી સાથેનું પ્રથમ મિલન'—આ એક જ પ્રસંગ મને હંમેશને માટે યાદ રહે એમ હું ઈચ્છું છું, જો કે આ પ્રસંગ હું ભૂલી શકું તેમ છે જ નહીં; કારણ કે ત્યાર બાદ ફક્ત ત્રણ દિવસ પછી જે કરૂણ પ્રસંગ બન્યો તેણે મારા મન ઉપર કદી ન ભૂલી શકાય તેવી છાપ મૂકી દીધી છે.

નહેરુને વિષે તેમની અસહિષ્ણુતા, એમનો આણધાર્યો ગુસ્સો, એમનું અભિમાન, મૂર્ખતાને ન નભાવી લેવાની એમની વૃત્તિ—આ બધા વિષે ઘણું કહેવાય છે; પરંતુ હું હંમેશા એમને એક પ્રફુલ્લિત તરવરાટભરી અને અત્યંત આકર્ષક વ્યકિત તરીકે જ યાદ કરું છું. દિલ્હીના ધમાલિયા જીવનથી દૂર ત્રણ અઠવાડિયા માટે તેઓ મનાલી પોતાની રજાઓ ગાળવા આવ્યા હતા. ત્યાંના ડાક બંગલામાં તેમના માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. ત્યાં બાજુના જ કેમ્પમાં હું મારા મિત્રો તથા કુટુંબીજનો સાથે રહેતો હતો. અહીં રાજકીય વ્યકિતઓ અને સરકારી અધિકારીઓને મળવા ઉપર સખત નિયંત્રણ મુકાયેલું હતું, પરંતુ અમે તો તેમને પાઈન વૃક્ષોના જંગલોમાં ફરતાં, ડાક બંગલાંમાં ચા પીતાં અથવા અમારા કેમ્પફાયર પાસેના લાકડાના થડા ઉપર બેસતા રોજ નિહાળતાં હતાં. પરંતુ એક પણ વાર તેમની ગુસ્સામાં તંગ બનેલી ભ્રમરો કે ચિન્તાગ્રસ્ત નયનો અમારા જોવામાં આવ્યા નહોતાં. એમની સાથે ખૂબ હળવી અને કેટલીકવાર તો નજીવી કહી શકાય તેવી વાતો થતી. આ ઉપરાંત એમના અત્યંત આકર્ષક સ્મિત દ્વારા તેમણે અમારા હૃદયને સંપૂર્ણપણે જીતી લીધાં હતાં. એકવાર ખૂબ સહજ રીતે તેમણે મને પૂછ્યું; 'તમે કેટલી ભાષા જાણો છો ?" 'ચાર' મેં જવાબ આપ્યો. અને આંખોમાં તોફાન સાથે તેમણે મને પૂછ્યું 'પંજાબી સાથે ?' મેં કહ્યું 'ના'. તેની સાથે તો પાંચ ભાષા થાય. આ સાંભળી તેઓ ખૂબ હસ્યા. અને બીજી કઈ ચાર ભાષાઓ છે તે જાણવા તેમણે ખૂબ ઉત્સુકતા દર્શાવી.

જ્યારે તેઓએ રોહટાક ઘાટ જવાની વાત કરી ત્યારે અમારામાંના એક જણે પ્રશ્ન કર્યો કે, આ સામાન્ય બૂટથી તેઓ કેવી રીતે ચડી શકશે ? આ સાંભળી તેઓ એકદમ કુદ્યા અને હન્ટીંગ બૂટની જોડી લઈ આવ્યા. જાણે પડકાર કરતાં હોય તેમ બોલ્યા કે " આ બૂટ તો ચાલશે ને? હું પહેલાં પણ પહાડો ચઢયો છું ?" રોહટાક પાસથી પાછા આવ્યા ત્યારે તેઓ હસતાં હસતાં ફરિયાદ કરતા હતા કે ડાકટરે મને છેક ઉપર સુધી ચઢવાની મનાઈ કરી હતી.

એક વખત તેમણે એક થાળ ભરીને તેમને ભેટ મળેલી કાશ્મીરી તાજી ચેરીઝ અમને મોકલી આપી. મારી પત્નીએ જ્યારે તેમનો આભાર માન્યો ત્યારે હસતાં હસતાં કહેવા લાગ્યાં કે 'તમારા કુલુ કરતાં મારા કાશ્મીરમાં ચેરીઝ સારાં થાય છે.'

આ પ્રસંગોમાં આપણે બધાએ કાંઈક બોધ લેવા જેવું છે એમ ધારીને આ મારા જાત-અનુભવો મેં વર્ણવ્યા છે. સાચા મહા-માનવોમાં એક પ્રકારની નમ્રતા હોય છે અને સંપૂર્ણ નિરભિમાનપણું હોય છે કે જેથી તેઓ સર્વને આકર્ષે છે.

નહેરુની મોહિની અજબ વસ્તુ હતી. મહાત્માજી અને એડીંગ્ટનની માફક તેઓ પણ સહજ વર્તન, નાની વ્યકિત તરફ આદરપૂર્વક જોવાની વૃત્તિ અને બધા જ વિષયોમા રસ દાખવવાની શક્તિ ધરાવતા હતા.

સત્તાસ્થાનો પર બિરાજેલા આજના આપણા નેતાઓ પોતાના સત્તાના સ્થાનોની મહત્તા છોડીને મુકતપણે પોતાને વ્યકત પણ કરી શકતા નથી. તેઓ દાંભિક રીતે તંગ મુખાકૃતિ ધારણ કરી, મગજમાં રાઈ ભરી, જાણી જોઈને ધીમી ગતિએ ચાલતાં હોય છે. આવા લોકોને જોઈને તેઓના કાનમાં કહેવાનું મને મન થઈ જાય છે કે 'સહજ બનો, નેતાજી, સહજ બનો.'

હ્ વર્તમાનની આ પડતીના ચિહ્નો ભૂલી જવા માંગું છું અને મારા હૃદયને પ્રભાવિત કરનાર પ્રસંગો જે દૂરથી પોતાનાં કિરણો મારા પ્રતિ વહાવી રહ્યા છે તેને જ હું યાદ રાખવા માંગું છું.

અનુવાદક : મૂળ અંગ્રેજી

સૌ. સુનીતાબહેન શેઠ **શ્રી જી. ડી. ખોસલા**

કામથી આનંદ !

('નયા માનવી'માંથી સાભાર ઉધ્ધૃત)

સવારના પહોરમાં છાપું લઈ ચંદુભાઈ દોડતા આવી પહોંચ્યા.

"વાંચ્યું ?"

"શું ? આજનું છાપું."

"પણ છે શું ?"

"આચાર્ય રજનીશજીએ સ્ત્રી પુરુષ સંબંધો - સેકસ–વિષે ખુલ્લે ખુલ્લી વાત કરી દીધી. જુઓ તો ખરા કામાનંદ ને બ્રહ્માનંદ."

"પણ તમે આટલા અકળાઈ શું કરવા જાવ છો ? આ વિચાર રજનીશજીના છે એ ભૂલી જાવ ને પછી વાંચો."

"એમ તો કેમ વંચાય ?"

"એનો અર્થ તો એ કે તમને આંચકો વિચારનો નથી, પણ જે રજનીશજીને તમે આધ્યાત્મિક માન્યા હતા, સંત માન્યા હતા, તેમને મોઢેથી આ વાત નીકળી તેનો છે. ધારો કે કાલે રજનીશજી દાઢી કાઢી નાંખે ને સગવડની દૃષ્ટિએ નાઈલોનનું પેન્ટ ને બુશશર્ટમાં વ્યાખ્યાન આપવા આવે તો ?"

"કેવી વાત કરો છો ?"

"પણ તમે ધારો તો ખરા !"

"શું ધૂળ ધારું ? એવું કરે તો અડધા માણસો ય એમને સાંભળવા ન આવે ?"

"એનો અર્થ એ કે તેઓ સાધુ છે, સાધુના જેવો લેબાસ પહેરે છે, દાઢી રાખે છે, વળી મનની સ્થિરતા - ધ્યાન વગેરેની વાતો કરે છે, આ બધાથી આપણા મનમાં આધ્યાત્મિકતાના જે ખ્યાલો હતા તેને બળ મળતું હતું. એટલે એમને સાંભળતા હતા."

"હાસ્તો."

"ખેર એ જે હોય તે. જુઓ સાચું કહું : સ્ત્રી - પુરુષ સંબંધ વિષે તેમણે જે કહ્યું તેમાં કશું જ નવું નથી કહ્યું."

"તમે કેવી વાત કરો છો ?"

"હું તદ્દન ઉઘાડું સત્ય કહું છું. પશ્ચિમમાં ફ્રોઈડ નામનો એક મોટો મનોવૈજ્ઞાનિક થઈ ગયો. તેણે વર્ષો પહેલાં પ્રતિપાદન કર્યું છે કે માણસની બધી જ પ્રવૃત્તિનું પ્રેરક બળ જાતીયતા છે."

કોઈ પણ વિચારને તમે દબાવી રાખો તો તે દબાયેલો વિચાર ગમે ત્યારે નીકળવાનો જ છે. આપણા શાસ્ત્રોએ શીખવ્યું છે કે સ્ત્રીના અંગો ન જોવા. વિકાર ઉત્પન્ન થાય તેવો પહેરવેશ ન પહેરવો. એકાંતમાં સ્ત્રીસંગ ન કરવો વિ.

મનોવૈજ્ઞાનિકો કહે છે કે, એક બીજા સાથે હળવા ભળવાથી સહજતા ઊભી થાય છે. આપણે ત્યાં કોઈ માણસ સ્ત્રીનો હાથ હાથમાં લઈને ચાલે કે જાહેરમાં ચુંબન કરે તો તે ચર્ચા–વિષય બને, પણ ઈંગ્લાંડ કે અમેરિકામાં એ સ્વાભાવિક છે.

એ જ મનોવૈજ્ઞાનિકની વાત રજનીશજીએ કરી છે. ૧૪ વર્ષ સુધી બાળકોએ નગ્ન રહેવું જોઈએ વગેરે.

હવે પ્રશ્ન આટલો જ છે કે પશ્ચિમના મનોવૈજ્ઞાનિકોએ જાતીયતા અંગે પ્રયોગો કરી જે વિધાનો તારવ્યાં તે સાચાં કે આપણા ઋષિ-મુનિઓએ ઊંડું ચિંતન કરી મનુષ્યમાં રહેલા કામને જીતવાના ને શુદ્ધ ચૈતન્ય તત્ત્વને પામવાના જે વિવિધ માર્ગો સૂચવ્યા તે સાચા ?

એમનો પહેરવેશ, દેખાવ અને આજ સુધી રજનીશજીની સાંભળેલી વાતોને આધારે આપણે માનતા હતા કે તેઓ ઋષિ પરંપરાના છે. એમના વિષે આપણા મનમાં એક પ્રકારની અપેક્ષા ઊભી થઈ હતી. એટલે જ આ વાતો સાંભળી અકળાઈ ઊઠીએ છીએ.

આધ્યાત્મિક માર્ગનું ખેડાણ કરનાર લોકોએ અનુભવ કરી અનુભવને અંતે કહ્યું કે કામથી સુખ ઉપજે છે; અને એની સાથે દુ:ખ જોડાયેલું જ હોય છે. કામથી આનંદની વાત કોઈ પણ જ્ઞાનીએ કરી નથી. સુખ ને આનંદ એ બે તદ્દન જુદી વાત છે. વિષયનું સુખ ભોગવવાથી વધે છે. એની કદી તૃપ્તિ નથી. વિષયમુકત થવામાં આનંદ છે.

મન ગયું તો જાને દો.
મત જાને દો શરીર.

એટલે કે માણસ માત્રના દિલમાં વિકાર તો ઊઠવાના. તે વિષે શું કરવું ? વિકારને ભોગવવા કે એ વિકારના હુમલા વખતે સાચવી લેવું ?

ઋષિ પરંપરાનું માનવું છે કે વિકારને ભોગવીએ તો વિકારનો પાછો બીજો ઊંડો સંસ્કાર પડે ને ફરીથી વિકાર ઊઠે એટલે વિકાર ઊઠે ત્યારે સંકલ્પશકિતથી શરીરને રોકવું, મનને રોકવું ને ધીમે ધીમે મનને પરિશુદ્ધ કરવું.

એ વાત માત્ર રોકવાની જ વાત નો'તી. વિકાર ન ઊઠે તે માટે ચિત્તની શુદ્ધિ કરવાની વાત પણ એની સાથે જ કરવાની હતી. એનું નામ જ સાધના. માત્ર કામ વિકાર જ નહિ. ક્રોધ, લોભ ને મોહ એ બધાં જ વિકારો ઓછા કરતાં જવું એ આ માર્ગનું વલણ રહ્યું છે.

આપણે સાધક અને મનોવૈજ્ઞાનિક સંશોધકની ભૂમિકા ને તેના સંશોધનના ક્ષેત્રો સમજવાં જોઈએ. મનોવૈજ્ઞાનિક માત્ર માણસ કયા પ્રસંગે એ કેવી રીતે વર્તે છે તેનું નિરીક્ષણ કરે છે ને તેના પરથી વર્તનના (બિહેવીયર) નિયમો તારવે છે. એટલે કે બાહ્ય મન દ્વારા જે કાંઈ પ્રવૃત્તિ ચાલે છે, મુખ્યત્વે તેના એ નિયમો છે. જીવનના એ વહેવારોથી ઉપર ઊઠી, સંકલ્પશકિતથી શુદ્ધ ચેતનાને પામવા માટેના અનુભવના એ નિયમો નથી.

સાધનાની શરૂઆત જ આપણા વ્યકિતત્વના ઊંડાણમાં પડેલાં સંસ્કારોના સંશોધનથી થાય છે. જેને આપણે અ કે બ તરીકે ઓળખીએ છીએ, તેના જીવનને દોરનાર અને કટોકટીમાં પ્રેરનાર તેની અંદર પડેલી ચેતના ને તે વ્યકિતત્વ સાથે એકરૂપ થઈ ગયેલા તીવ્ર સંસ્કારો છે, એટલા માટે જ યોગસૂત્રમાં પહેલું જ સૂત્ર આવે છે, 'અથ તો બ્રહ્મજિજ્ઞાસા.'

'અથ' એટલે હવે. આ અથ ઘણો મહત્ત્વનો શબ્દ છે. જ્યાં સુધી માણસ ઉપરછલ્લા મનમાં જીવે છે, ત્યાં સુધી તેને માટે બ્રહ્મ-જિજ્ઞાસાનો પ્રશ્ન જ રહેતો નથી. આ આધ્યાત્મિક માર્ગનો આરંભ જ 'અથ'થી થાય છે. તે અંદર વળે ને પોતામાં શું પડેલું છે તે સંશોધે.

જીવન કેવી રીતે જીવાય છે ? ઋષિ પરંપરાનો અનુભવ આ હતો : અનેક જન્મોના સંસ્કારો જ વ્યકિતનું છેવટનું પ્રેરક બળ છે. એ જ સંસ્કારો એના બાહ્ય જીવનને દોરે છે. એક સ્ત્રીને જોતાં 'અ'ના દિલમાં જોવાની ઈચ્છા થઈ. એ જ સ્ત્રીને જોતાં 'બ'ના દિલમાં ઈચ્છા થતી નથી. એનું શું કારણ ? તો ઋષિ પરંપરા કહે છે કે જેના જેવા સંસ્કારો. જો બંનેના કામ સંસ્કાર સરખા હોય તો બંનેને વિકાર ઊઠે.

હવે એ સંસ્કાર ઊઠવાને પરિણામે તે વાસનાને 'અ' ભોગવે છે. તેનું શું પરિણામ આવે ? તેની વાસના સંતોષાય, પણ સાથે સાથે એ ભોગને પરિણામે વળી પાછો ભોગવેલો કામ-સંસ્કાર બીજી છાપ મૂકી જાય. આમ કામ-સંસ્કારની છાપ ગાઢ બનતી જાય. આ સંસ્કા-રોને પરિશુદ્ધ કરતાં કરતાં ચૈતન્યને ઘેરી વળેલા કામ, ક્રોધ આદિ ૬ રિપુઓથી માણસે મુકત થવાનું છે. એ ઋષિ પરંપરાનું ધ્યેય છે.

એટલે તેમણે અનુભવે કહ્યું કે નિમિત્ત મળતાં અંદર જે પડેલું છે તે નીકળવાનું છે જ. તે વખતે તમે તમારા સંકલ્પ બળથી તેને શુદ્ધ કરવાને મથો. સ્ત્રીનું રૂપ જોતાં ઈચ્છા થાય તો એને રોકો,

એને સમજાવો અને વિવેક દ્વારા વિકારના આવેગને જીતો. છતાં ન સમજે તો તમે કામાવેગમાં ખેંચાઈ ન જાઓ, પણ તમારી જાતને ત્યાંથી ખસેડી લો. આવું કરવાથી તમે આગળ નહિ જાઓ, પણ તમે જન્મેલી વાસના ભોગવવાથી જે નવા ગાઢ સંસ્કારની વૃદ્ધિ થવાની છે તેથી બચશો. પણ આ રોકવું એટલું કહી તેણે બસ માન્યું નથી. છેવટે તો શુદ્ધ ચૈતન્યને પામવાનું છે. એ માટે વિવેક અને અનુભવને આધારે જ આગળ વધવાનું છે.

હવે પશ્ચિમના મનોવૈજ્ઞાનિક સંશોધને માણસોના ને તેમાં ય ખાસ કરીને (એબ્‌નોર્મલ) અસામાન્ય માણસોના મનનું વિશ્લેષણ કર્યું. તેમણે જોયું કે વૃત્તિને કચડવાથી તે જ વૃત્તિ ફરીથી જોર કરે છે ને તેની પ્રતિક્રિયા જીવનમાં ઊઠે છે, એટલે એ અનુભવોએ કહ્યું કે તમે વૃત્તિને દાબો નહિ. એને સહજ રીતે ઉપભોગી લો. પરિણામે જીવનમાં પ્રત્યાઘાત નહિ પડે. આ વૈજ્ઞાનિક વિશ્લેષણ ખોટું છે એવું કોઈ કહી જ ન શકે. એથી સહજતા આવે.

દા. ત. આપણો પહેરવેશ શરીરના અંગઉપાંગોની મર્યાદા સાચવે એવો છે. આપણી આંખ અને મન એ રીતનું જોવા ટેવાયેલાં છે. વધારે ખુલ્લા અંગોવાળું કપડું પહેરેલી કોઈ સ્ત્રી નજરે ચડે તો આપણને વિકાર ઊઠે અથવા તો જોવાની વૃત્તિ થાય. એ પરથી એમ ન કહી શકાય કે જે સમાજમાં અંગો વધારે ઉઘાડાં દેખાય છે તે સમાજ વધારે નિષ્કામ છે અથવા ઓછો વિકારી છે. વાસ્તવમાં એ સમાજમાં જીવનારની આંખ અને મન એવા દશ્યથી ટેવાઈ જાય છે. એને પણ એથી વધારે ખુલ્લા અંગોવાળું દશ્ય જોવા મળે છે તો એ પણ એવી જ કામનાનો અનુભવ કરે.

પરિણામે આજે પશ્ચિમ પોતાની કામવૃત્તિને સંતોષવા નગ્ન નૃત્યો સુધી પહોંચ્યું છે. એ નૃત્યોમાં શરીરના ભાગોનું જે હલનચલન છે તે પણ વધારે વાસનાને બહેકાવે એવું છે. આપણા ભારતીય નૃત્યોમાં આપણને એ જોવા મળતું નથી.

ટૂંકમાં પરિસ્થિતિ બદલવાથી માણસની અંતરચેતનામાં ફેર પડતો નથી. એક સમાજમાં બધા લોકો નગ્ન ફરે છે તેથી કાંઈ તે સમાજ નિરવિકારી થઈ જતો નથી. બીજો સમાજ મર્યાદિત વહેવાર સ્વીકારે છે તેને. પરિણામે એક વાત તો સ્પષ્ટ છે કે તેને વિકારનાં નિમિત્તો ઓછા મળે છે. પરિણામે આગળ વધવા માટે તેનો માર્ગ સરળ બને છે.

એક દૃષ્ટાંત આપવામાં આવે છે કે વિશ્વામિત્રે દશ હજાર વર્ષ તપ કર્યું, છતાં પણ મેનકાના રૂપ આગળ ચળ્યા.

આ દૃષ્ટાંત બે રીતે સમજી શકાય કે દશ હજાર વર્ષ સુધી માણસ તપ કરે ને મહાન તપસ્વી બને તો પણ તે ચળી જાય છે.

બીજી રીતે એમ પણ કહી શકાય કે મનુષ્યમાં પડેલો કામનો ગાઢમાં ગાઢ સંસ્કાર એટલો તીવ્ર છે કે દશ હજાર વર્ષ સુધી તપ કર્યા છતાં પણ કોઈ ખૂણે એ સંસ્કાર સૂતેલો રહી જાય છે. તે નિમિત્ત મળતાં જાગૃત થાય છે, એટલે સાધકે ખૂબ જાગૃત રહીને ચાલવું જોઈએ તે આ દૃષ્ટાંત પાછળનો ભાવ છે.

હવે બીજી રીતે જોઈએ. વિશ્વામિત્રે ઋષિ પરંપરા મુજબ સાધના કરી, સંયમી જીવન જીવ્યા. પણ એમને ચળાવવા માટે ઈન્દ્રને સંકલ્પ કરવો પડયો ને પોતાના સ્વર્ગના દરબારની સુંદરમાં સુંદર અપ્સરાને મોકલવી પડી. એટલે કે જે સાધક છે તેને સામાન્ય નિમિત્તો ચળાવી શકતા નથી.

જે માણસ આવે માર્ગે આગળ નથી જતો તે માણસ જીવનમાં કેટલીક વાર ચળે છે? મેનકા તો શું? રસ્તે ચાલતાં સામાન્ય નિમિત્ત મળતાં તેનું મન કેવું ચંચળ બની જાય છે?

એટલે જે મનને રોકતો નથી. પુરુષાર્થ કરી સંસ્કારોને શુદ્ધ કરતાં કરતાં ચૈતન્ય સ્વરૂપને પામવા મથતો નથી, તે તો સામાન્ય નિમિત્તો મળતાં રોજ પડે છે.

એટલે 'અથ તો' થી શરૂ થતા સાધનામય જીવનના માર્ગે સાધકોએ જીવનના ઊંડા અનુભવમાંથી સાર કાઢયો છે તે આપણે ભૂલવો ન જોઈએ. પણ એ તો જે એ માર્ગે જાય છે તેને માટે જ છે. જે વિષયસુખને આનંદ માની મોજ લૂંટે છે તેમને માટે તો મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ જ વધુ સાચું છે.

માત્ર બાહ્ય તપ કે દબાણથી જીવન આગળ વધતું નથી. પ્રત્યાઘાતોનો ઉમેરો થતાં એક દિવસ ભડકો થાય છે. એટલે તપ કે સંયમની એકે એક પ્રવૃત્તિ માત્ર દબાણની પ્રવૃત્તિ ન બનવી જોઈએ. એની સાથે સાથે મનની સમજ અને વિવેક દ્વારા શુદ્ધિ કરવી જોઈએ.

આટલું સમજી આપણે આગળ ચાલીએ તો વ્યકિત અને સમાજ બંને આગળ ચાલી શકે. માત્ર મુકત સહચાર કે સહજીવનની વાતોથી પણ નહિ ચાલે તેમ માત્ર શારીરિક દમનની વાતથી પણ નહિ ચાલે. એથી દંભ ને મિથ્યાચાર વધશે.

પણ એની સાથે ઋષિ પરંપરાએ આપણને જીવનનો જે ઊંડો તાગ મેળવી અનુભવ આપ્યો છે તેને જતો કરવાની વાતથી પણ વ્યકિત કે સમાજનું હિત થવાનું નથી.

રજનીશજીની વાત ઋષિપરંપરાની નથી એવું બંને વાતોનો કોઈ પણ અભ્યાસી કહી શકે. ઋષિ પરંપરાના અનુભવોને જતા કરવાથી સંસ્કૃતિનો જે વારસો છે તે આપણે ખોઈ બેસીશું. પામીશું શું તે તો કોણ કહી શકે? **નવલભાઈ શાહ**

પંડિત બેચરદાસનો પરિતાપ

(પંડિત બેચરદાસ તરફથી મળેલો નીચેનો પત્ર જૈન શ્વે. મૂ. સમુદાયની ધાર્મિક રૂઢિઓમાં રહેલી જડતા ઉપર વેધક પ્રકાશ પાડે છે. પરમાનંદ)

૧૨/ બ, ભારતીનિવાસ સોસાયટી. અમદાવાદ-૬.

તા. ૮/૬/૬૯.

સ્નેહી શ્રી પરમાનંદભાઈ

સપરિવાર કુશળ હશો. બે ત્રણ દિવસથી વળી થોડું લખવાનો વિચાર વારંવાર આવે છે અને એમ થાય છે કે વ્યાખ્યાનમાળાઓ દ્વારા અમુક જાતના નવા વિચારો લોકો સાંભળતા જરૂર થયા, પણ સાંભળનારા લોકો સાંભળેલા વિચારો વિશે પોતાની દૃષ્ટિથી ચર્ચા કરે અને મુકતપણે વિશેષ વિચાર કરે એવી કોઈ યોજના સંઘ દ્વારા થવી જરૂરી છે અથવા વ્યાખ્યાનમાળામાં જ બેએક દિવસ એવા રાખવા જેથી શ્રોતાઓ પોતાની જિજ્ઞાસાનુસાર પ્રશ્નો પૂછે અને ચર્ચા કરે. જેમકે સ્થાનકોમાં કે મંદિરોમાં જવાનો પ્રધાન હેતુ શું છે? જે ભાષા આપણે ન સમજીએ તે ભાષામાં પ્રાર્થના કે પ્રતિક્રમણ કરવાથી શો લાભ? શું કેવળ શબ્દો જ પવિત્ર હોઈ શકતા હશે? જેમના જીવનવ્યવહાર વિશે આપણે કાંઈ જ ન જાણતા હોઈએ તેમનો વિનય કરવો એ સભ્યતાની દૃષ્ટિએ જુદી વાત છે, પણ તેમને ગુરુ સમજી વંદન કરવાથી શો લાભ? સાધુઓને માત્ર વેષ દ્વારા 'સ્વામી શાતા છે જી,' એમ શા માટે પૂછતા રહેવું? રાત્રીભોજનનું વ્રત શ્રાવકના વ્રતોમાં તો આવતું નથી તો પણ એ ઉપર શા માટે વિશેષ ભાર મૂકવામાં આવે છે? સાધુઓને સાંજની ભીક્ષા મળી રહે એ માટે તો ભાર મૂકવામાં નથી આવતો? શું સાધુઓ આપણો ઉદ્ધાર કરવા સાધુઓ થાય છે? કેટલાક એવા પણ લોકો સાધુ થાય છે જેમને પોતાના ઉદ્‌ દશની જ ખબર નથી હોતી તો એવાને શા માટે મુંડવા જોઈએ? કોઈ પણ પ્રવૃત્તિની પાછળ ચિંતનમનન હોય તો તે સારી રીતે કરી શકાય; પણ જૈનધર્મને નામે ચાલતાં કર્મકાંડોમાં તો ચિંતનમનને અવકાશ જ મળતો નથી એ માટે શું કરવું જોઈએ? શ્રાવકધર્મ જ સાધુ ધર્મનો મૂળ પાયો છે તો પ્રથમ શ્રાવકધર્મની પૂરી સમજણ અને વ્યવહારની પુરી માહિતી શુદ્ધ રીતે કેમ

આપવામાં આવતી નથી ? પોસહ કરવાથી શો ફાયદો ? રસ્તા ઉપર મેલું પાણી ઢોળવાથી અધર્મ નથી થતો ? કેવળ દેહદમન કરવાથી પાપ શી રીતે ટળે ? આંબેલનાં ખાતાં ખોલવાથી ભલે લોકોને ખાવાનું મળે, પણ તેમ કરવાથી તપ કેવી રીતે થાય ? તપની પ્રવૃત્તિમાં બની શકે તેટલી સ્વાદવૃત્તિનો જય કરવા તરફ લક્ષ્ય હોવું જોઈએ છતાં, લોકો ખીરનાં એકાસણાં કરાવવાના તપની ઘણીવાર જાહેરાત કરે છે. શું એ તપ છે કે તપને બહાને ખીરના ભોજનની તો દષ્ટિ નથીને ? ઉપધાનની વિધિ જ્યાં બતાવવામાં આવેલ છે ત્યાં નવકારના ઉપધાનમાં તો આંબિલ અને ઉપવાસની પ્રધાનતા બતાવેલ છે. છતાં, ઉપાનમાં એકાસણા કરનારા માટે રોજરોજ ત્રીશ ચાળીશ જુદી જુદી વાની બનાવવા માટેની પ્રવૃત્તિ ચાલે છે એ શું તપ છે કે વૈષ્ણવોના છપ્પનભોગનો ઠાઠ છે ? અથવા એ બહાને વસાણાં ખાવાનો લાભ લેવાની યુકિત તો નથી ને ? ઉપવાસના પચકખાણમાં 'चउत्थैमतं નું પચક્ખાણ કરવામાં આવે છે અને ચઉત્થભત્તંનો અર્થ ચાર ટંક ભોજનનો ત્યાગ છે તો પછી અત્તરવારણા અને પારણાની શોધ કોણે કરી ? છઠભત્તંનો અર્થ છ ટંક અને અઠભત્તંનો અર્થ આઠ ટંક ભોજનનો ત્યાગ છે છતાં, એ અર્થ પ્રમાણે તો કોઈ વર્તતું દેખાતું નથી. એટલે પચકખાણના ભંગની જ પ્રવૃત્તિ ચાલી રહી છે એમ કેમ ન કહેવાય ? સાધુઓ અને શ્રાવકોમાંના ઘણા ખરા વારંવાર એમ કહેતાં સંભળાય છે કે આ વાત તો શાસ્ત્રમાં લખેલી છે અને આ વાત તો શાસ્ત્રમાં નથી લખી એમ કહીને બખેડો ઊભો કરે છે તો એમને નમ્રપણે જણાવવાનું કે શું તેઓ શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે વર્તી રહ્યા છે ? જો ન વર્તતા હોય તો તેઓ શાસ્ત્રનું નામ લેવાના અધિકારી છે એમ કેમ કહેવાય ? હવે પજુસણ નજીકમાં આવે છે. તે વખતે અપાશરામાં કલ્પસૂત્ર દર વરસે વંચાયા કરે છે અને વરસોવરસ એકની એકજ વાત કાન ઉપર અથડાયા કરે છે એ શું બરાબર છે ? કલ્પસૂત્ર સિવાય બીજું કોઈ પુસ્તક વાંચવાનો કાંઈ વાંધો ખરો ? જગતમાં એવી કોઈ બીજી પ્રજા છે જે આપણી જેમ સ્વપ્નોના હાથી, બળદ વગેરેની પૂજા કરતી હોય ? મંદિરોના વ્યવસ્થાપકો–ટ્રસ્ટીઓ– ઘણાં ખાતાં રાખે છે એના કરતાં એક જ સાધારણ ખાતું રાખતા હોય તો તેમાંથી જ્યાં જ્યાં જરૂર હોય તે તમામ ખાતામાં નાણું લઈ જઈ શકાય અને સાધારણ ખાતામાં કે બીજા ખાતામાં નુકસાન થવાનું ઓછું થઈ જાય તો એકલું સાધારણ ખાતું શા માટે ન રાખવું ?

આવા અનેક પ્રશ્નો મધ્યસ્થ ભાવે નિખાલસપણે ચર્ચી શકાય. આમ કરવાથી લોકોની ચિંતનશકિત અને મનનશકિત જરૂર વધે અને પ્રવૃત્તિમાં શુદ્ધતા પણ વધે ? વળી પૂછનારાઓ હોય તો વકતાને બરાબર સમજીને જ બોલવું પડે. એમને એમ જાહેરખબરીયા ભાષા વાપરતાં વિચાર કરવો પડે.

કલ્પસૂત્રનો અર્થ આચારનું જ્ઞાન આપનાર સૂત્ર એવો થાય છે. વર્તમાનમાં તો આપણે માત્ર તીર્થંકરોની હકીકતો કલ્પસૂત્ર દ્વારા સાંભળીએ છીએ અને છેલ્લાં ભાગમાં જ્યાં સાધુઓના આચારો બતાવવામાં આવ્યાં છે તેને કેમ કોઈ સંભળાવતું નથી ? કલ્પસૂત્રના વાચનના પ્રારંભમાં જ ટીકામાં ચૌદપૂર્વોના નામ આવે છે અને તેમાં એમ જણાવેલ છે કે પ્રથમ પૂર્વ લખવા માટે એક હાથીના વજન જેટલી શાહી જોઈએ, બીજા પૂર્વને લખવા માટે બે હાથીના વજન જેટલી શાહી જોઈએ. એમ એક એક પૂર્વને લખવા સારું બમણા બમણા હાથીના પ્રમાણની શાહી જોઈએ અને એમ કરતાં છેક છેલ્લાં ચૌદમાં પૂર્વને લખવા માટે આઠ હજાર એકસો બાણું હાથીના વજન જેટલી શાહી જોઈએ અને ચૌદે પૂર્વને લખવા માટે સોળ હજાર ત્રણસો ત્રાશી–૧૬૩૮૩–હાથીના વજન જેટલી શાહી જોઈએ.

આ હકીકત આપણે સૌ વરસોવરસ સાંભળીએ છીએ, પણ વકતાને કોઈ એમ પૂછતું નથી કે આ જાહેરખબરીયા ભાષા છે કે કેમ ? જોકે વર્તમાનમાં આ પૂર્વેનો કોઈ અંશ મળતો નથી અને તે પણ શ્રી ભદ્રબાહુસ્વામીના વખતથી મળતો બંધ થઈ ગયો છે. ઉપરની હકીકતમાં હાથીના વજન જેટલી શાહી બતાવેલ છે તો કોઈ એમ કેમ ન કહી શકે કે હિમાલયના વજન જેટલી શાહી હોય તો પ્રથમ પૂર્વ લખી શકાય અને ચૌદમું પૂર્વ લખવા માટે આઠ હજાર એકસોને બાણું હિમાલયના વજનના પ્રમાણ જેટલી શાહી જોઈએ. જૈન પૂર્વશાસ્ત્રો લખવાં એ શું જેવી તેવી વાત છે ? એવો તેનો ભારે મહિમા છે. શું આમ કહેવાથી જૈનધર્મની મહત્તા વધવાની ખરી ? શાહીના વજનની જ વાત ટીકામાં જણાવેલ છે પણ તાડપત્ર અને કલમ તથા લહિયાઓની વાત પણ સાથે જ જણાવવાની જરૂર હતી. આશ્ચર્ય એ છે કે એ બધું એક સાથે કેમ નહીં કલ્પી શકાયું ?

વકતા બોલે ત્યારે હાજી હાજી કરવાથી પોતાને કદી લાભ થવાનો નથી, પણ સાંભળેલ વાતને સમજવામાં આવે અને સમજાવવામાં આવે તો જ થોડોઘણો જ્ઞાનલાભ થઈ શકે. આપે વ્યાખ્યાનમાળાઓ બહુ સરસ ચલાવી, પણ હવે લોકોની વિચારશકિત, ચિંતનમનનશકિત ખીલે એમ પ્રયત્ન કરવાની જરૂર છે એમ આપને નથી લાગતું ? એટલું જ નહીં પણ હવે કોઈ પણ પ્રકારે સક્રિય થઈને આંદોલન કરવાનો વખત પણ આવી લાગ્યો છે.

સૂત્રોનાં વચનો સામે પડકાર એવા આશયનો લેખ મારા મિત્ર શ્રી અમરચંદજી મુનિએ પોતાની અમરભારતીમાં લખ્યો અને તમે 'પ્રબુદ્ધ જીવન'માં તેનું ભાષાંતર છાપ્યું એ ઘણું જ સારું કર્યું છે. મારો તો વિચાર છે કે સૂત્રોનાં વચનોનો જરૂર વિચાર કરવો જોઈએ, તેના અર્થોનું વિશ્લેષણ પણ કરવું જોઈએ. અહિં એ યાદ રાખવું જોઈએ કે સૂત્રોની શબ્દરચનાની જવાબદારી તીર્થંકર ઉપર નથી જ પણ તેમના મુખ્ય શિષ્ય ગણધરો કે જેઓ છદ્મસ્થ છે એટલે રાગદ્વેષની વૃત્તિથી પર નથી તેવા મહાનુભાવો ઉપર છે અને એ હકીકતને જણાવવા સારું જૂના પંડિતોએ આગળથી જ પાળ બાંધેલી છે કે "अत्थं भासइ अरहा सुतं जंथंति गणहरा निउणं" અર્થાત–હકીકતો તો અરિહંતો સંભળાવે છે અને તે હકીકતોને પોતાની યોગ્યતા પ્રમાણે ગણધરો સૂત્રબદ્ધ બનાવે છે. વળી સૂત્રો તો લોકોએ કંઠસ્થ રાખેલાં, એટલે એમાં ઘણા પ્રકારનાં પરિવર્તનોનો અવકાશ છે, ઘણી વધઘટ થતી આવી છે, ઘણો પ્રક્ષેપ પણ જરૂરિયાત પ્રમાણે કરવામાં આવેલ છે. શ્રી મુનશીજીએ કૃષ્ણાવતાર નામનું પુસ્તક લખેલ છે તેના ચાર ભાગ તો વાંચી ગયો. એમાં એમણે જણાવેલ છે કે મહાભારતમાં ઘણી હકીકતો પ્રક્ષેપાઈ છે અને ઘણી હકીકતો ઓછી થઈ ગઈ છે. જે વાત સવારે સાંભળી હોય તે જ વાતને સાંજે સાંભળતાં તેમાં અંતર પડી જાય છે તો પછી જે વાત હજારો વરસથી ચાલી આવતી હોય તે બાબત તો શું ન થાય ?

આપનો **બેચરદાસ**

ઝરે છે.....

(ગાન)

ઝરે છે મમ શ્રાવણની અભિલાષા,
ઝમે છે મનભાવનની મૃદુ આશા.
–ઝરે છે.....

આભ ભરી છલકંત વાદળી,
ધરા હરી મલકંત સાંવરી;
ઝૂલે છે લીલી ઝરમરની પરિભાષા
–ઝરે છે.....

પ્રસન્નતા ઝમઝુમતી છાની,
વર્ષાની નર્તંતી પાની;
સરે છે ઝીણાં ફોરાંની ઋજુ ભાષા.
–ઝરે છે.....

ગીતા પરીખ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ઈ. સ. ૧૯૬૮ નો વાર્ષિક વૃત્તાન્ત આપની સમક્ષ રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. સમયનો પ્રવાહ કેટલો ઝડપથી ચાલે છે કે જોતજોતામાં એક વર્ષ પૂરું થયું છે અને સંઘે ૪૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

પ્રસ્તુત વૃત્તાન્ત વહિવટી દૃષ્ટિએ તા. ૧-૧-૬૮ થી ૩૧-૧૨-૬૮ સુધીનો અને કાર્યવાહીની દૃષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૮-૬-૬૮ના રોજ મળી ત્યારથી આજ સુધીનો–તા. ૨૧-૬-૬૯ સુધીનો છે.

આ વૃત્તાન્ત ઉપરથી આપ જોશો કે ૪૦ વર્ષની વણઅટકી કાર્યવાહી પછી આપણા સંઘની પ્રવૃત્તિ આ વર્ષે પણ એકધારી ટકી રહી છે. આપણી સંસ્કારપ્રધાન પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રેરણાના પરિપાક રૂપે આ વર્ષે આપણે વસન્ત વ્યાખ્યાનમાળા ઘણી જ સારી રીતે અને સફળ રીતે યોજી શકયા હતા. આપણું ગૌરવપત્ર "પ્રબુદ્ધ જીવન" ઉત્તરોત્તર ઉચ્ચ કોટિનું વધુ ને વધુ લખાણ આપતું રહ્યું છે. સંઘના નવા મકાનનું સ્વપ્ન ધીરે ધીરે સાકાર રૂપ પામતું પણ આપણે આ વર્ષમાં જોઈ શકીએ છીએ. વાચનાલય – પુસ્તકાલય, વૈદ્યકીય રાહત અને શૈક્ષણિક વાર્તાલાપો અને સ્નેહમિલનો તથા આ વર્ષનું મીઠું સંભારણું વજેશ્વરી પર્યટન – આવી નાની મોટી પ્રવૃત્તિઓ આપણી જાગૃતિ અને ચેતનાની પ્રતીતિ કરાવે છે.

પ્રબુદ્ધ જીવન

આપણા સંઘના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદભાઈની સંપાદકીય રાહબરી નીચે "પ્રબુદ્ધ જીવન" ઉત્તરોત્તર વિકાસ પામતું રહ્યું છે. માનવજીવનને સ્પર્શતા વિવિધ પાસાઓને જુદા જુદા દૃષ્ટિકોણથી નિરખતું અને મુખ્યત્વે જીવનને કોઈ ને કોઈ પ્રકારે વધારે ઉન્નત કરવા મથતું આપણા સંઘનું આ મુખપત્ર છે. આ પત્રનો કોઈ વિશિષ્ટ ગુણ હોય તો તે તેની નિર્ભીકતા છે. સાચી વાત કહેવામાં તે કોઈની શેહ કે શરમથી પર રહે છે અને એટલે જ આ પત્રનું સમાજની અને દેશની અગ્રતમ વ્યકિતઓનાં દિલમાં માનભર્યું સ્થાન છે. સંઘના આ પત્રને આવા વિશિષ્ટ કોટિના તંત્રી મળ્યા છે તે સંઘનું સૌભાગ્ય છે, આવા વિચારગંભીર પત્રોની ગ્રાહક–સંખ્યા બહુ વધી શકતી નથી તે પણ અત્યારના ચાલુ કાળપ્રવાહની એક વિચિત્રતા છે. આથી, જેને હૈયે આ પત્રનું ગૌરવ છે, જેનાં દિલમાં આ પત્ર પ્રત્યે લાગણી છે, તેમની ફરજ થઈ પડે છે કે તેમણે પોતાના વર્તુલમાંથી આ પત્રના ગ્રાહકો મેળવી આપવા જોઈએ. મિત્રોને તથા પ્રશંસકોને અમારી વિનંતી છે કે નવા વર્ષમાં સૌ પોત-પોતાની શકિત પ્રમાણે ગ્રાહકો મેળવી આપી આ પત્રના વિકાસના સહભાગી બને. જો ગ્રાહકો સારી એવી સંખ્યામાં વધે તો આ પત્રની એટલી ખોટ હળવી થાય.

ગત વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન'ને રૂા. ૯૦,૪૪-૬૮ની આવક થઈ છે, જ્યારે રૂા. ૧૧,૪૬૬-૬૭નો ખર્ચ થયો છે, પરિણામે રૂા. ૨,૪૨૧-૯૯ની ખોટ આવી છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી ભેટના રૂા. ૧૫૦૦–૦૦ મળે છે તે જો ન ગણીએ તો ખોટ રૂા. ૩,૯૨૧-૯૯ની ગણાય. એ જણાવતા આનંદ અનુભવીએ છીએ કે નવા વર્ષથી, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આપણને મળતી રૂા. ૧૫૦૦–૦૦ની ભેટની રકમમાં વધારો કરીને તે વાર્ષિક રૂા. ૨૫૦૦–૦૦ની કરી આપેલ છે, આવી ઉદારતા માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

સંઘના કાર્યાલય (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ)ના એક નાના ઓરડામાં ચાલી રહેલી આ વાચનાલય તથા પુસ્તકાલયની પ્રવૃત્તિ આ વિસ્તારના મધ્યમવર્ગના લોકો માટે ખરેખર ખૂબ જ ઉપકારક સાબિત થઈ છે. સંઘનું તથા 'પ્રબુદ્ધ જીવન'નું કાર્યાલય અને વાચનાલય તથા પુસ્તકાલય-આ બધું આટલી નાની જગ્યામાં ચલાવવું એ ખરેખર મુશ્કેલ છે. અને આ કારણે આ પ્રવૃત્તિને લગતો વધારે વિકાસ સાધવાની કોઈ શકયતા રહી નથી; પરંતુ ઘણાં વર્ષો સુધી જગ્યાની સંકડાશની તકલીફ ભોગવ્યા પછી હવે એ મુશ્કેલીનો અંત નજદીકનાં ભવિષ્યમાં દેખાય છે, કારણ કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહીએ સંઘના મકાન ફંડ માટે ટહેલ શરૂ કરી છે અને ટૂંક સમયમાં જ તેનું સારું પરિણામ આવશે એમ દેખાય છે, એટલે આશા રાખીએ કે બીજા વર્ષના વૃત્તાન્તમાં આ મુશ્કેલીનો અંત આવી જશે અને આ પ્રવૃત્તિને વધારે વિકસાવી શકાશે. વાચનાલય અને પુસ્તકાલયની વિગતો નીચે પ્રમાણે છે:

પુસ્તકાલયનો લાભ લેનારની સંખ્યા ૪૦૦ આસપાસ છે, વાચનાલયનો લાભ લેનારની સંખ્યા ૨૦૦ આસપાસની છે, એકંદરે સામયિકો ૧૦૮ આવે છે, જેમાં ૭ દૈનિક, ૨૦ સાપ્તાહિક, ૧૧ પાક્ષિક, ૬૩ માસિક, ૨ ત્રિમાસિક અને ૫ વાર્ષિક છે. ભાષાની દૃષ્ટિએ જોઈએ તો ૫ અંગ્રેજી, ૧૪ હિન્દી, અને ૮૯ ગુજરાતી પત્રો આવે છે.

ગત વર્ષ દરમિયાન પુસ્તકાલયમાં ૧૬૫૭-૯૬ રૂપિયાનાં નવાં પુસ્તકો ઉમેરવામાં આવ્યાં છે. પુસ્તકાલયમાં એક ખાસ ગાંધી સાહિત્યનો વિભાગ પણ ઊભો કરવામાં આવ્યો છે, જેમાં ગાંધી સાહિત્ય અને સર્વોદય સાહિત્યનાં છેલ્લામાં છેલ્લાં પ્રકાશનો મૂકવામાં આવ્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૮૩૪૧-૪૩નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૫૫૩૫-૬૧ની થઈ છે. (જેમાં મ્યુનિસિપલીટીનાં રૂા. ૨૦૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે રૂા. ૨૭૬૬-૨૨ની ખોટ આવી છે. આગલા વર્ષોની ખોટ રૂા. ૯૬૭૪-૬૬ તેમાં ઉમેરતાં એકંદર ખોટ રૂા. ૧૨૪૪૦–૮૮ની ઊભી રહે છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૨૦-૮-૬૮થી તા. ૨૮-૮-૬૮ સુધી–એમ નવ દિવસની અધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ વખતના નવ દિવસના અઢારે વ્યાખ્યાનો ભારતીય વિદ્યાભવનમાં ગોઠવવામાં આવ્યાં હતાં. જેમાં નીચે મુજબના વ્યાખ્યાતાઓ હતા-એમાંથી શ્રી મનુભાઈ પંચોળી, શ્રી રોહિત મહેતા, રેવરન્ડ ફાધર વાલેસ તથા શ્રી શ્રીદેવી મહેતાના બે બે વ્યાખ્યાનો હતાં.

શ્રી ભવંરમલ સીંધી	શ્રી તારકેશ્વરી સિંહા
„ ચીમનલાલ ચકુભાઈ શાહ	„ પુરૂષોત્તમ માવલંકર
„ ડો. ઈન્દ્રચન્દ્ર શાસ્ત્રી	„ વિણૂ મલ્હોત્રા (ભજનો)
„ „ એમ. એમ. ભમગરા	„ રોહિત મહેતા
„ ગુલાબદાસ બ્રોકર	„ રેવરન્ડ ફાધર વાલેસ
„ રવિશંકર મ. રાવળ	„ શ્રીદેવી મહેતા
„ નિર્મળાબહેન શ્રીવાસ્તવ	„ આચાર્ય રજનીશજી
„ મનુભાઈ પંચોળી	

આ વખતનાં વ્યાખ્યાતાઓમાંથી અગિયાર વ્યાખ્યાતાઓને મુંબઈ બહારથી બોલાવવામાં આવ્યા હતા.

આપણી આ વ્યાખ્યાનમાળાનું આકર્ષણ ઉત્તરોત્તર વધતું જાય છે, આ માટે આપણે જરૂર ગૌરવ લઈ શકીએ.

વસન્ત વ્યાખ્યાનમાળા

આ વર્ષ ગાંધીશતાબ્દિને લગતું હોઈને, એના અનુસંધાનમાં સંઘ તરફથી આ વખતે એક વધારાની વસન્ત વ્યાખ્યાનમાળા-એપ્રિલ માસની તા. ૮-૯-૧૦-૧૧ એમ ચાર દિવસ માટે-ફલોરા ફાઉન્ટન ઉપર આવેલા તાતા ઓડિટોરિયમમાં, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના

પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી, જેમાં બે વ્યાખ્યાનો ગાંધીજી ઉપર અને બે વ્યાખ્યાનો 'રાષ્ટ્રીય એકીકરણ' ઉપર રાખવામાં આવ્યાં હતાં. આપણા માટે આ રીતની વ્યાખ્યાનમાળાનું આયોજન નવું હોવા છતાં, તેને ભારે સફળતા સાંપડી હતી. આ વ્યાખ્યાનમાળાના વકતાઓમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીમનનારાયણને અમદાવાદથી, સર્વોદય નેતા શ્રી જયપ્રકાશ નારાયણને અમદાવાદથી, શ્રી નાથ પૈને દિલ્હીથી અને પ્રો. સુધાંશુ દાસગુપ્તાને કલકત્તાથી બોલાવવામાં આવ્યા હતા.

વૈદ્યકીય રાહત

સંઘના કાર્યાલયમાં વૈદ્યકીય સારવાર માટેનાં નીચે મુજબનાં સાધનો રાખવામાં આવે છે.

(૧) ગરમ પાણીની થેલી, (૨) મેઝર ગ્લાસ, (૩) ગ્લિસરીન સીરીંજ, (૪) બરફની થેલી, (૫) થરમોમીટર, (૬) એનીમા ડુશ, (૭) પેશાબનું સાધન, (૮) મીણ કાપડ, (૯) ચેમ્બર પોટ, (૧૦) બેડપેન, (૧૧) ફીડિંગ કપ.

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને નાતજાતનો કાંઈ પણ ભેદ રાખ્યા સિવાય વૈદ્યકીય રાહત માટે ઈંજેકશનો તથા પેટંટ દવાઓ આપવામાં આવે છે. પહેલા આ વૈદ્યકીય રાહત સંઘના કાર્યાલયમાંથી જરૂરિયાતવાળા માણસોને ચકાસણી કરીને આપવામાં આવતી હતી; પરંતુ થોડા દાખલાઓ એવા જાણવા મળ્યા કે આપણે આપાવેલી દવાઓનો દુરૂપયોગ થતો હતો, એથી જૈન કલીનિકવાળા ડો. સાંગાણી ત્યાંના ખૂબ જ જરૂરિયાતવાળા દર્દીઓને પસંદ કરીને દવાઓ માટેની ચિઠ્ઠી આપણે નક્કી કરેલી દવાની દુકાન ઉપર લખી આપે એવી વ્યવસ્થા ઊભી કરી છે, જેથી તેનો બિલકુલ દુરૂપયોગ ન થાય. આ ગોઠવણના પરિણામે આ પ્રવૃત્તિ સંતોષકારક રીતે ચાલી રહી છે.

વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો

૧. તા. ૨૫ મી જૂનના રોજ મસ્જિદ બંદર ઉપર આવેલ ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેસ્ટ સમિતિના ચેરમેન નિમાયા તે સંબંધે શ્રી જીવરાજ ભાણજી શાહનું સન્માન કરવા માટે સંઘ તરફથી સભ્યોનું એક સંમેલન યોજવામાં આવ્યું હતું.

૨. તા. ૬ ઠ્ઠી જુલાઈના રોજ વિઠ્ઠલભાઈ પટેલ રોડ ઉપર આવેલ સિકકાનગરમાં-મોડર્ન સ્કૂલના સભાગૃહમાં, સંઘના એક સભ્યના પુત્રી—જે વર્ષોથી ચક્ષુહિન બનેલાં છે તે—કુમારી જ્યોતિબહેન મોહનલાલ પારેખ M. A.ની પરીક્ષામાં બીજા વર્ગમાં પાસ થયા તેને અભિનંદન આપવાને લગતો એક સમારંભ સંઘના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.

૩. તા. ૨૨મી જુલાઈના રોજ સાંજના, સંઘ તરફથી મસ્જિદ બંદર રોડ ઉપર આવેલ ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં, "રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ"એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

૪. તા. ૧૯મી ઓગસ્ટના રોજ, સંઘના ઉપક્રમે ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં, 'વસતિ વધારાની સમસ્યા' એ વિષય ઉપર કલકત્તાવાળા શ્રી ભંવરમલ સીંધીનું એક જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

૫. તા. ૨૩મી સપ્ટેમ્બરના રોજ, સંઘના ઉપક્રમે ધી ગ્રેન રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં, દુનિયાના અનેક દેશોના પ્રવાસ દ્વારા પૃથ્વીની પરિક્રમા કરીને આવેલા મુંબઈના જાણીતા ઓરથોપેડીક સર્જન ડો૦ રસિકલાલ એમ. ભણશાળીનો એક જાહેર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

૬. તા. ૧૬મી ઓકટોબરના રોજ, સંઘના વર્ષોજૂના સભ્ય અને કારોબારીનાં સભ્ય શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહના (વકીલ)ના ૭૨ વર્ષની ઉમ્મરે થયેલા અવસાન અંગે શોક પ્રદર્શિત કરવા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એક શોકસભા સંઘના કાર્યાલયમાં મળી હતી.

૭. તા. ૨૬મી જાન્યુઆરી (૧૯૬૯)ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે, મરીન ડ્રાઈવ ઉપર આવેલા હિન્દુ જીમખાનાના ચોગાનમાં સંઘના સભ્યો તેમ જ તેમના કુટુંબીજનો માટે સંઘ તરફથી એક પ્રીતિભોજન યોજવામાં આવ્યું હતું. જેમાં અતિથીવિશેષ તરીકે શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાએ એક પ્રેરક પ્રવચન કર્યું હતું. અને બહુ મોટી સંખ્યામાં આપણા સભ્યોએ તેમાં ભાગ લીધો હતો.

૮. તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ તરફથી તૈયાર કરવામાં આવેલ "મહાત્મા" નામનું લગભગ છ કલાક લાંબુ ચિત્રપટ 'લીબર્ટી' સિનેમામાં સંઘના સભ્યોને સામુહિક રીતે જોવાને લગતું સંઘ તરફથી આયોજન કરવામાં આવ્યું હતું.

૯. તા. ૨૨મી ફેબ્રુઆરીના રોજ ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં "આજના રાજકીય પ્રવાહો" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન સંઘના ઉપક્રમે યોજવામાં આવ્યું હતું.

૧૦. તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ, ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં, સંઘના ઉપક્રમે 'કુમાર' માસીકના તંત્રી શ્રી બચુભાઈ રાવતનો તેમના યુરોપ-અમેરિકાના પ્રવાસના અનુભવો સાંભળવાને લગતો એક જાહેર વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

૧૧. તા. ૩જી માર્ચના રોજ, સંઘના મકાન ફંડને અનુલક્ષીને સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી ધીરજલાલ ફુલચંદ શાહના નિવાસસ્થાને-સાયન, સંઘના કાર્યવાહક સમિતિના સભ્યો તેમ જ અન્ય નિકટવર્તી સભ્યોનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું.

૧૨. તા. ૨૪મી માર્ચના રોજ ધી. ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડ્ઝ મરચન્ટસ એસોસીએશનના હોલમાં, સંઘના ઉપક્રમે, "આજના રાજકીય પ્રવાહો" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

સંઘ તરફથી યોજવામાં આવેલ પર્યટન

તા. ૫-૧૦-૬૮ના રોજ સંઘ તરફથી સંઘના સભ્યો તેમ જ તેમના કુટુંબીજનો માટે વર્જે શ્વરી ખાતે એક આનંદ પર્યટન યોજવામાં આવ્યું હતું. સંઘની પર્યટન પ્રવૃત્તિ હમણાં લાંબા સમયથી મંદ હતી, એટલે જ્યારે આ પર્યટનનો નિર્ણય લેવાયો ત્યારે દરેકના દિલમાં ખૂબ આનંદ થયો હતો. પર્યટન મંડળીમાં શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા તથા સુલોચના બહેનના શાસ્ત્રીય સંગીતે સારૂં એવું આકર્ષણ ઊભું કર્યું હતું. બીજાં બહેનો તથા ભાઈઓ તેમાં ભળ્યા અને મંડળીને સંગીતનો સારો લહાવો મળ્યો. આ રીતે આ પર્યટન સંપૂર્ણ સફળ અને આનંદવિભોર બન્યું હતું. તેની સ્મૃતિ લાંબા સમય સુધી દિલમાં સંઘરાઈ રહેશે.

સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૧ સભાઓ બોલાવવામાં આવી હતી.

સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂ. ૧૦૯૮૯-૮૨નો થયો છે, આવક રૂ. ૧૯૮૭૬-૦૨ની થઈ છે, અને સરવાળે રૂ. ૮૮૮૬-૨૦નો વધારો રહ્યો છે. તેમાંથી 'પ્રબુદ્ધ જીવન'ને લગતી ખોટ રૂ. ૨૪૨૧-૯૯ બાદ કરતાં વર્ષની આખરે ૬૪૬૪-૨૧નો વધારો રહ્યો છે.

આપણું જનરલ ફંડ ગયા વર્ષે ૨૫,૯૦૨-૬૩નું હતું, તેમાં આ વર્ષનો વધારો રૂ. ૬૪૬૪-૨૧ ઉમેરતાં વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂ. ૩૨૩૬૬-૮૪નું રહે છે.

આપણું રીઝર્વ ફંડ રૂ. ૨૬૭૦૪-૮૯નું છે.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂ. ૨૦૯૨-૨૫નું હતું, તેમાં પુસ્તકોના વેચાણના રૂ. ૪૦-૫૦ આ વર્ષે ઉમેરતાં વર્ષની આખરે પુસ્તક પ્રકાશન ફંડ રૂ. ૨૧૩૨-૭૫ રહે છે.

સંઘે ૪૦ વર્ષ પૂરાં કર્યાં છે.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયે ૨૯ વર્ષ પૂરાં કર્યાં છે.

'પ્રબુદ્ધ જીવને' ૩૦ વર્ષ પૂરાં કર્યાં છે.

છેલ્લે જણાવવાનું કે, સંઘના કાર્યાલયની જગ્યા હવે ખૂબ જ સાંકડી પડે છે, મકાન જર્જરિત થઈ ગયું છે, આ વિસ્તારમાં ગીચતા પણ એટલી વધી રહી છે કે, સાંજના સમયે ચાલવું પણ મુશ્કેલ પડે-આ બધાં કારણોસર સંઘના કાર્યાલય માટે સારા વિસ્તારમાં મોટી જગ્યા અથવા પોતાનું મકાન હોવું જોઈએ એવું જે ઘણા વર્ષનું આપણું ચિન્તવન હતું, તેણે વાસ્તવિકતા તરફ ડગ ભર્યા છે અને એ જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે, સંઘ માટેનું મકાન ફંડ શરૂ કરવાને અમો ભાગ્યશાળી બન્યા છીએ, તેમાં રૂ. ૩૪૦૦૦ના ફાળાના વચનો મળી ગયા છે અને આથી સંઘના બધા જ પ્રસંશકોને અનુરોધ કરવાની રજા લઈએ છીએ કે, સંઘના ઈતિહાસમાં આ રીતની તેની પ્રથમ જ ટહેલ હોઈને પોતાથી શક્ય તેટલું વધારે સૌ આપે અને પોતાના મિત્રવર્તુલમાંથી મેળવી આપે, આમાં કોઈ કહેવા આવે પછી રકમ લખાવીએ એની રાહ ન જોતાં સૌ પોતપોતાની રકમો મોકલી આપી સંઘના રૂ. ૧૦૦૦૦૦ એક લાખના લક્ષ્યાંકની ઝોળીને છલકાવી પોતાની ફરજ અદા કરે એવી ફરીથી નમ્ર પ્રાર્થના કરીએ છીએ.

આના અનુસંધાનમાં જણાવવાનું કે, સંઘનું મકાનફંડ શરૂ કરવું જોઈએ એવી વાત તો છેલ્લાં પાંચ વર્ષથી આપણે કરતા હતા, પરંતુ ગમે તે કારણે તેને મૂર્તસ્વરૂપ મળતું નહોતું, પરંતુ ગયા વર્ષથી આપણી કાર્યવાહક સમિતિમાં આવેલા શ્રી બાબુભાઈ જી. શાહે વિના શરતે રૂ. ૫૦૦૦-૦૦નો ચેક ટેબલ પર મુકીને સંઘનું મકાન ફંડ શરૂ કરવાની પ્રેરણા આપી અને તરત જ કાર્યવાહક સમિતિના બીજા જૂના સભ્ય શ્રી દામજી વેલજી શાહે તેમની દીકરી રેખાબહેનના નામ પર પોતા તરફથી રૂ. ૫૦૦૦-૦૦ લખાવ્યા-આમ આ મકાન ફંડ શરૂ કરવામાં નિમિત્ત બનેલા આ બન્ને સદ્‌ગૃહસ્થોનો આપણે અંતકરણ-પૂર્વક આભાર માનીએ છીએ. અને સાથે સાથે બીજા મિત્રોની દિલની જ્યોત આ પ્રગટેલી જ્યોતના અનુસંધાનથી પ્રગટે એમ પ્રાર્થીએ છીએ.

અન્તમાં

અમે કારોબારીના સૌ સભ્યોનો એમના સહકાર બદલ આભાર માનીએ છીએ, સંઘના પ્રમુખ શ્રી ચીમનભાઈએ અને સંઘના પ્રાણસમા મુરબ્બી શ્રી પરમાનંદભાઈએ પ્રેરણાપાન કરાવી સુંદર માર્ગદર્શન આપ્યું છે. આ માટે સંઘ ખરેખર તેઓશ્રીનો હંમેશા ઋણી રહેશે.

આ સિવાય સંઘના અન્વેષક, મેસર્સ શાહ મહેતા એન્ડ કું.નો પણ અમે આ સ્થળે આભાર માનીએ છીએ.

અને આ અહેવાલ પૂરો કરીએ તે પહેલાં કોઈ એક મહાન વ્યક્તિએ 'કર્તવ્ય' વિષે સુંદર વિચારો મૂકતા કહ્યું છે કે,

"કોડિયામાંથી જે કોડિયું તેલ સમાવીને દીપ પેટાવી અજવાળાં પાથરે છે, તે જ કોડિયાનું જીવતર ધન્ય બને છે.

પ્રકાશ પાથરવા માટે જીવનનું સમર્પણ કરવું એ જ એનું કર્તવ્ય છે, આપણું પણ એ જ કર્તવ્ય છે."

મંત્રાઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચંટણીનું પરિણામ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ૨૧-૬-'૬૯ શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાના પ્રમુખપણા નીચે મળી હતી.

શ્રી મગનલાલ પી. દોશીના દુઃખદ અવસાન અંગે શોકપ્રસ્તાવ

સભાનું કામકાજ શરૂ થતાં પહેલાં તા. ૧૪-૬-'૬૯ના રોજ નિપજેલા શ્રી મગનલાલ પી. દોશીના દુઃખદ અવસાન સંબંધે નીચે મુજબનો શોક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો :–

"શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આજ રોજ (તા. ૨૧-૬-'૬૯ શનિવારના રોજ) મળેલી વાર્ષિક સામાન્ય સભા, મુંબઈ જીવદયા મંડળીના અત્યન્ત નિષ્ઠાવાન કાર્યકર અને મુંબઈના જૈન સ્થાનક-વાસી સમુદાયના એક અગ્રગણ્ય સેવક શ્રી મગનલાલ પી. દોશીના તા. ૧૯-૬-'૬૯ના રોજ એકાએક નિપજેલ અવસાન બદલ ઊંડી શોકની લાગણી પ્રદર્શિત કરે છે અને તેમના કુટુંબીજનો પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ પાઠવે છે."

માસંગિક પ્રવચનો

ત્યાર બાદ નીચે મુજબની કાર્યવાહી થઈ હતી.

(૧) શરૂઆતમાં સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વા. પુ. ના ૧૯૬૯ના વર્ષના ઓડીટ થયેલા હિસાબો રજુ કરવામાં આવ્યા હતા.

આ વૃતાન્ત અને હિસાબોને ધ્યાનમાં લઈને જે કોઈ સભ્યને સંઘની કાર્યવાહી સંબંધમાં ટીકા–આલોચના રૂપે જે કાંઈ કહેવાનું હોય તે જરૂર કહે એવી પ્રમુખસ્થાનેથી સૂચના થતાં શ્રી કાન્તિલાલ બરોડિયાએ સંઘ તરફથી ગયા એપ્રિલ માસમાં યોજાયેલી વસન્ત વ્યાખ્યાનમાળાની કેટલીક આલોચના કરી અને રાજકારણના વિષયમાં જેવી રીતે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનાં અવારનવાર વ્યાખ્યાનો યોજાય છે તેવી રીતે મુંબઈમાં વસતી એવી જ અન્ય વિશિષ્ટ વ્યક્તિઓનાં અને તે પણ રાજકારણી જ વિષય ઉપર નહિ પણ સામાજિક વિષયો ઉપર પણ સંઘ તરફથી વ્યાખ્યાનો યોજાવા જોઈએ એવી તેમણે સૂચના રજૂ કરી. આ ઉપરાંત, સંઘ તરફથી મેરેજ બ્યુરો જેવી કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે આજના સમયમાં ખાસ ઈચ્છવાયોગ્ય છે એમ પણ તેમણે સૂચવ્યું.

તેમની પછી અન્ય સભ્ય શ્રી વસન્તરાવ નરસિંહપુરાએ સંઘની પ્રવૃત્તિઓની પ્રશંસા કરવા સાથે સામુદાયિક લગ્નો થઈ શકે એવી વ્યવસ્થા ઊભી કરવાની આજે ખાસ જરૂર છે, આ દિશાએ સંઘ કાંઈક કરવાનું વિચારે એવી તેમણે સૂચના કરી. સાથે સાથે સંઘનું બેંકમાં જે ચાલુ ખાતું–કરન્ટ એકાઉન્ટ–છે તેને જો સેવિંગ્ઝ એકાઉન્ટમાં બદલવામાં આવે તો વ્યાજની ચાલુ આવક થાય એ તરફ તેમણે સંઘના કાર્યવાહકોનું ધ્યાન ખેંચ્યું.

ત્યાર બાદ પ્રમુખસ્થાને બિરાજેલા શ્રી પરમાનંદભાઈએ સંઘના આટલા બધા સભ્યોને વાર્ષિક સભાના આકારમાં મળેલા જોઈને પોતાનો આનંદ વ્યકત કર્યો. આગળના વિવેચકોએ જે કાંઈ કહ્યું તે અંગે તેમણે જરૂરી સ્પષ્ટતા કરી અને તેમણે જે કાંઈ સૂચનાઓ કરી તેનો નવી ચૂંટાનારી કાર્યવાહક સમિતિ યોગ્ય વિચાર કરશે એવી આશા આપી. અને ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિ તરફથી મકાનફંડની જે શુભ શરૂઆત કરવામાં આવી છે તેનો વિગતથી ઉલ્લેખ કરતાં જણાવ્યું કે "સંઘ તરફથી પોતાના કાર્યાલય માટે આ પ્રકારનો પુરુષાર્થ પહેલી જ વાર હાથ ધરવામાં આવ્યો છે. કેટલાકની એવી ફરિયાદ છે કે સંઘની પ્રવૃત્તિઓ બહુ જ સીમિત છે. આ અભિપ્રાય અમુક અંશે સાચો છે. એમ છતાં, પણ આજના કાર્યાલયમાં સંઘના કાર્યવિસ્તાર માટે અવકાશ પણ નથી. આ કારણે પુસ્તકાલય જકડાઈ ગયું છે, તેને વિકસાવવા માટે અહિં કોઈ અવકાશ નથી. એક વખત કોઈ વિશાળ જગ્યામાં જઈને વસીએ પછી કામ આપોઆપ ફૂટી નીકળશે. આ ઉપરાંત, આપણી પાસે વિશાળ જગ્યા હશે તો બીજી અનેક પ્રવૃત્તિઓને સીધા યા આડકતરો આપણે સહકાર આપી શકીશું. આજે હવે આ જગ્યામાં આપણને પારવિનાની ગૂંગળામણ લાગે છે; ધનજી સ્ટ્રીટના નાકાથી સંઘના

કાર્યાલય સુધી સાંજના સમયે પહોંચવું એ એક કસોટીરૂપ બની બેઠું છે. તો સંઘના અહિં ઉપસ્થિત થયેલા સભ્યોને—ભાઈઓ તેમ જ બહેનોને—મારી પ્રાર્થના છે કે ઘેર લગ્ન આવ્યા હોય તો જરા ખેંચાઈને આપણે જેમ લગ્ન સારી રીતે પતાવવાનો આગ્રહ રાખીએ છીએ તે મુજબ આ પ્રસંગે આપ જરા ખેંચાઈને પણ આ ફંડમાં આપની રકમ નોંધાવશો અને આને લગતો નિર્ણય આવતી કાલ ઉપર નહિ પણ આજે ને અત્યારે જ કરશો. આપની પાસેથી અમારી અપેક્ષા છે કે, આ ફંડના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે આપની જ્યાં લાગવગ હોય તેનો પૂરો ઉપયોગ કરશો પણ એ સાથે આપનું ધ્યાન ખેંચવાનું કે આપના નામ ઉપર સારી રકમ નોંધાયલી નહિ હોય તો આપ અન્યને આ વિષે કશું કહી નહિ શકો તો પછી વિનંતિ કે આપથી શરૂ કરો અને પછી સંઘના પ્રશંસક એવા આપના મિત્રો અને સંબંધીઓ પાસે પહોંચી જાઓ અને સંઘની થેલીને છલકાવી દો.

"અહિં મારે જણાવવું જોઈએ કે આપણે લાખની રકમનો લક્ષ્યાંક બાંધ્યો છે પણ લાખ તો જગ્યા મેળવવામાં જ કદાચ વપરાઈ જશે. પછી મેળવેલી મોટી જગ્યાનો વહીવટ પણ મોટો ખર્ચ માગશે, તેનો પણ આપણે વિચાર કરવાનો રહેશે જ. જણાવતા આનંદ થાય છે કે, આજ સુધીમાં આપણે રૂ. ૪૦૦૦૦ ની રકમ એકઠી કરી શકયા છીએ.

"આજે આપણે અહિં સાંકડી જગ્યામાં એકઠા થયા છીએ-નવી વિશાળ જગ્યાના સ્વપ્નને સત્વર સાકાર રૂપ આપવા માટે આપણે આશા રાખીએ. આવતા વર્ષની વાર્ષિક સામાન્ય સભા કોઈ નવી વિશાળ જગ્યામાં આપણે અને તે પારકી નહિ પણ આપણી પોતાની જગ્યામાં એકઠા થયા હોઈશું અને સંઘની પ્રવૃત્તિઓ કેમ વિકસાવવી-વિસ્તારવી-તેની પ્રસન્નતાપૂર્વક ચર્ચા-વિચારણા કરતાં હોઈશું? એ દિવસ જેમ બને તેમ જલદી આવે એવી આજે સર્વના અંતરની પ્રાર્થના હો!"

ચૂંટણીનું પરિણામ

ત્યાર બાદ નીચે મુજબ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી:

૧	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	પ્રમુખ
૨	,, પરમાનંદ કુંવરજી કાપડિયા	ઉપપ્રમુખ
૩	,, ચીમનલાલ જેઠાલાલ શાહ	મંત્રી
૪	,, સુબોધભાઈ એમ. શાહ.	,,
૫	,, મફતલાલ ભીખાચંદ શાહ	કોષાધ્યક્ષ
૬	,, દામજીભાઈ વેલજી શાહ	સભ્ય
૭	,, નીરૂબહેન એસ. શાહ	,,
૮	,, બાબુભાઈ જી. શાહ	,,
૯	,, જયન્તિલાલ ફત્તેહચંદ શાહ	,,
૧૦	,, પ્રવીણભાઈ મંગળદાસ શાહ	,,
૧૧	,, પ્રો. રમણલાલ ચી. શાહ	,,
૧૨	,, ધીરજલાલ ફૂલચંદ શાહ	,,
૧૩	,, રમણલાલ લાલભાઈ લાકડાવાળા	,,
૧૪	,, રમણિકલાલ એમ. શાહ	,,
૧૫	,, કે. પી. શાહ	,,
૧૬	,, હરિલાલ ગુલાબચંદ શાહ	,,
૧૭	,, ભગવાનદાસ સી. શાહ	,,
૧૮	,, લીલાવતીબહેન દેવીદાસ	,,
૧૯	,, ભગવાનદાસ સી. શાહ	,,
૨૦	,, ટોકરસી કે. શાહ	,,

ત્યારબાદ સંઘના તથા શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડીટર તરીકે મે. શાહ મહેતા એન્ડ કું. ની ૧૯૬૯ના વર્ષ માટે ચાલુ મહેનતાણાથી સર્વાનુમતે નીમણૂંક કરવામાં આવી હતી.

કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

ત્યાર બાદ તા. ૨૭-૬-'૬૯ના રોજ મળેલી સંઘની નવી ચૂંટાયલી કાર્યવાહક સમિતિએ, કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલા ચાર સભ્યોની પૂરવણી કરી હતી.

૧ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૨ ,, જસુમતીબહેન મનુભાઈ કાપડિયા
૩ ,, ખેતસી માલસી સાવલા
૪ ,, અમર જરીવાળા

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય સમિતિ

આ સમિતિમાં પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચે જણાવેલા પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂઈએ સભ્યો ગણાય છે.

૧ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨ ,, પરમાનંદ કુંવરજી કાપડિયા
૩ ,, રતિલાલ ચીમનલાલ કોઠારી
૪ ,, રમણિકલાલ મણીલાલ શાહ
૫ ,, ચીમનલાલ જેઠાલાલ શાહ

આ ઉપરાંત, સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી.

૧ શ્રી સુબોધભાઈ એમ. શાહ
૨ ,, પ્રવિણભાઈ મંગળદાસ શાહ
૩ પ્રો. રમણલાલ સી. શાહ
૪ ,, ટોકરસી કે. શાહ—મંત્રી

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને શ્રી ટોકરસી કે. શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ.

કંપનીઓએ રાજકીય પક્ષોને કરેલી નાણાંકીય મદદ

('ગુજરાતમિત્ર'માંથી ઉધ્ધૃત)

ઔદ્યોગિક વિકાસ કંપની લોન, પ્રધાન શ્રી. ફકરૂદ્દીન અલી અહમદે આજે લોકસભામાં જણાવ્યું હતું કે, ૧૯૬૬-૬૭ થી ૧૯૬૮-૬૯ દરમિયાન કંપનીઓ તરફથી જુદા જુદા રાજદ્વારી પક્ષોને નીચે મુજબ દાન આપવામાં આવ્યાં હતાં. તા. ૧ લી એપ્રિલથી તા. ૩૧ મી માર્ચ સુધીના વર્ષના આ આંકડા છે.

પક્ષ	૧૯૬૬-૬૭	૧૯૬૭-૬૮	૧૯૬૮-૬૯
કૉંગ્રેસ	રૂા. ૬૫,૭૬,૩૧૭	૭૪,૯૪,૭૭૯	૩,૩૪,૮૫૧
સ્વતંત્ર	,, ૨૧,૭૨,૩૨૨	૧૯,૧૫,૨૮૬	૧૮,૦૦૦
જનસંઘ	,, ૨૬,૦૦૧	૧,૪૦,૮૦૨	
પ્રજાસમાજવાદી	,, ૭૧	૧,૭૦૦	
સામ્યવાદી	,,	૧૬૦	
સંયુકતવિધાયક દળ	,,		
ભારતીય ક્રાંતિદળ	,,	૧,૦૦૧	
હિંદુ મહાસભા	,, ૧૦૧	૬૧૧	
જનતા પાર્ટી	,,	૧,૦૦૦	
જનકૉંગ્રેસ	,,	૫,૦૦૦	
મહાગુજરાત પ્રાંતીય-હિંદુ મહાસભા	,,	૧૦,૦૦૦	
કુલ	રૂા. ૮૭,૮૭,૯૮૩	૯,૮૦,૦૩૦	૩,૧૨,૮૫૧

તા. ક.: આ અંગે તાજેતરમાં પાર્લામેન્ટમાં પસાર થયેલા ધારા નીચે હવે પછી કંપનીઓ રાજકીય પક્ષોને જાહેર રીતે આર્થિક મદદ કરી શકશે નહિ. તંત્રી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧મી ડિસેમ્બર ૧૯૬૮ સુધીનું વાર્ષિક સરવૈયું

ફંડો અને દેવું :	રૂ. પૈ.	રૂ. પૈ.
રિઝર્વ ફંડ ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૬,૭૦૪.૮૯
શ્રી સંઘ હસ્તકનાં ફંડો :		
(૧) શ્રી પુસ્તક પ્રકાશન ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૨,૦૯૨-૨૫	
ઉમેરો: વર્ષ દરમિયાન પુસ્તક વેચાણ	૪૦-૫૦	
	૨,૧૩૨-૭૫	
(૨) શ્રી માવજત ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૯૫-૬૧	
ઉમેરો : માવજત ઘસારાના વસૂલ કરેલા	૩-૫૭	
	૨૯૯-૧૮	
બાદ : ગયા વર્ષ દરમિયાન ખર્ચના	૪-૭૫	
	૨૯૪-૪૩	
		૨,૪૨૭-૧૮
દેવું ;		
પરચુરણ દેવું (પરિશિષ્ટ અ મુજબ)	૨,૭૧૫-૬૮	
સ્ટાફ પ્રોવિડંડ ફંડ અંગે	૨,૧૫૦-૦૮	
અગાઉથી આવેલ લવાજમો અંગે	૬૪૦-૦૦	
		૫,૫૦૫-૭૬
જનરલ ફંડ ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૨૫,૯૦૨-૬૩	
ઉમેરો : મુંબઈ જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૮,૮૮૬-૨૦	
	૩૪,૭૮૮-૮૩	
બાદ :		
શ્રી પ્રબુદ્ધ જીવનના આવક ખર્ચ ખાતેથી લાવ્યા	૨,૪૨૧-૯૯	
		૩૨,૩૬૬-૮૪
	કુલ રૂ.	૬૭,૦૦૪-૬૭

મિલકત અને લેણું :	રૂ. પૈ.	રૂ. પૈ.
ઈન્વેસ્ટમેંટસ (ચોપડા પ્રમાણે)		
૭ ટકાના ઈન્ડીયન હ્યુમ પાઈપ કું. લિ. ના ડિબેન્ચરો (ફે. વે. ૫૦૦૦) બજાર કિંમત રૂ. ૪,૭૦૦		૫,૨૩૬.૩૯
ફરનીચર અને ફીકચર્સ : (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી	૮૪૫-૨૪	
બાદ : ઘસારાના કુલ લખીવાળ્યા	૪૯૦-૨૪	
		૩૫૫-૦૦
સ્ટોક :		
શ્રી પ્રબુદ્ધ જીવન પેપર સ્ટોક		૨૦૪-૦૦
ડિપોઝીટ્સ :		
પોસ્ટ ઑફિસમાં	૭૫-૦૦	
બી. ઈ. એસ. ઍન્ડ ટી. પાસે	૮૦-૦૦	
		૧૫૫-૦૦
લેણું (સદ્ધર)		
શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય - પુસ્તકાલય પાસે	૬,૪૫૬-૩૯	
ઈન્કમ ટેક્ષ રીફંડનું લેણું :	૪૯૧-૭૩	
સંભ્યલવાજમ અંગે	૧,૬૦૦-૦૦	
સ્ટાફ પાસે	૧,૯૨૪-૩૩	
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસે	૭૫૦-૦૦	
		૧૧,૨૨૨-૪૫
રોકડ તથા બેંક બાકી :		
બેંક ઑફ ઈન્ડિયા લિ. ચાલુ ખાતે	૩૭,૬૧૧-૩૬	
બેંક ઑફ ઈ. લિ. ફીક્સ ડિપો. ખાતે	૧૧,૬૧૮-૬૧	
રોકડ સિલક	૩૮૯-૫૨	
		૪૯,૬૧૯-૪૯
પરચૂરણ ખાતાંઓ :		
શ્રી વૈદ્યકીય રાહત ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી ૮૬-૦૪		
ઉમેરો : વર્ષ દરમ્યાન વૈદ્યકીય રાહત ખર્ચ ૩૬૯-૩૦	૪૫૫-૩૪	
બાદ :		
વર્ષ દરમ્યાન ભેટના	૨૪૩-૦૦	
		૨૧૨-૩૪
		૬૭,૦૦૪-૬૭

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-મુંબઈનું તા. ૩૧-૧૨-૬૮ ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડ્યું છે.

શાહ મહેતા ઍન્ડ કું.,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
ઓડીટર્સ

મુંબઈ, તા. ૧૬-૫-૧૯૬૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ.

શ્રી 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૩૧-૧૨-'૬૮ ના રોજ પૂરાં થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક :	રૂા. પૈ.	રૂા. પૈ.
લવાજમના આવ્યા :	૩,૩૩૫-૬૮	
ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પત્રો મોકલવામાં આવે છે તેના એડજેસ્ટ કર્યા	૩,૦૮૪-૦૦	
		૬,૪૧૯-૬૮
ભેટના :		
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી	૧,૫૦૦-૦૦	
પરચૂરણ ભેટના	૧,૧૨૫-૦૦	
		૨,૬૨૫-૦૦
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો		૨,૪૨૧-૯૯
	કુલ રૂા.	૧૧,૪૬૬-૬૭

ખર્ચ :	રૂા. પૈ.
માણસોને ૧/૨ ભાગના પગારના	૨,૮૬૨-૫૦
પેપર ખર્ચના	૧,૫૨૬-૪૬
છપામણી ખર્ચના	૪,૫૬૫-૬૬
પોસ્ટેજ ખર્ચના	૧,૩૪૦-૧૯
પરચૂરણ ખર્ચના	૧,૧૭૧-૮૬
કુલ રૂા.	૧૧,૪૬૬-૬૭

ઉપરનો હિસાબ તપાસ્યો છે, અને બરાબર છે.

મુંબઈ, શાહ મહેતા ઍન્ડ કું.,
તા. ૧૬-૫-૧૯૬૯ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૬૮ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક :	રૂા. પૈ.	રૂા. પૈ.
ભેટના :		૧૫,૫૩૦-૧૧
લવાજમના કુલ્લે આવ્યા	૫,૨૦૦-૦૦	
બાદ : મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને 'પ્રબુદ્ધ જીવન' ની પ્રતો મફત મોકલવામાં આવે છે તેના એડજસ્ટ કર્યા	૩,૦૮૪-૦૦	
		૨,૧૧૬-૦૦
વ્યાજના :		
ડિબેન્ચર પર	૩૫૦-૦૦	
બેંક ખાતાઓ પર (ફીક્સ ડીપોઝીટ્સના)	૧,૮૭૯-૯૧	
		૨,૨૨૯-૯૧
	કુલ રૂા.	૧૯,૮૭૬-૦૨

ખર્ચ :	રૂા. પૈ.
માણસોને પગારના ૧/૨ ભાગના	૨,૮૬૨-૫૦
મકાન ભાડું તથા વીજળી ખર્ચ	૩૭૬-૪૮
પ્રીન્ટીંગ અને સ્ટેશનરી	૩૩૩-૧૧
ટેલિફોન ખર્ચના	૨૮૮-૭૦
પોસ્ટેજ ખર્ચના	૫૩૬-૦૫
પરચૂરણ ખર્ચના (સમારંભો વિ.)	૯૫૩-૧૨
ઑડિટરોને ઑનરેરિયમ	૧૦૧-૦૦
સ્ટાફ પ્રો. ફંડ ફાળાના	૩૭૯-૨૦
ફર્નીચર અને ફીકચર્સ પર ઘસારાના	૪૦-૦૦
પ્રોવિડંડ ફંડ ઉપર વ્યાજના	૨૭-૨૮
ગુજરાત રેલ રાહત ફંડના ફાળામાં	૧,૦૦૧-૦૦
બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ એડમિનિસ્ટ્રેશન ફંડને ફાળાના	૪૯૩-૮૪
ઉદ્દેશો અંગે ખર્ચ :	
વ્યાખ્યાનમાળા ખર્ચ	૩,૫૯૮-૫૪
વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા	૮,૮૮૬-૨૦
કુલ રૂા.	૧૯,૮૭૬-૦૨

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

મુંબઈ, શાહ મહેતા ઍન્ડ કું.,
તા. ૧૬-૫-૧૯૬૯. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મકાન ફંડમાં નોંધાયેલી વિશેષ રકમો

૨૮૦૭૬	અગાઉ જાહેર થયેલી રકમો.
૧૫૦૧	શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૫૦૧	,, ગીરજાશંકર ઉમિયાશંકર મહેતા.
૧૦૦૧	,, લીલાધર પાસુ શાહ.
૧૦૦૧	,, કે. પી. શાહ.
૧૦૦૧	,, કે. એમ. દિવાનજી
૧૦૦૧	,, રબ્બર ગુડઝ ટ્રેડિંગ કું.
૧૦૦૧	,, જસુમતિબહેન કાપડિયા
૫૦૧	,, શીખભદાસજી રાંકા.
૫૦૧	,, જગજીવનદાસ પોપટલાલ શાહ
૫૦૧	,, વિસનજી નરસી વોરા.
૫૦૧	,, રતિલાલ ચી. કોઠારી.
૨૫૧	,, ભગવાનદાસ સી. શાહ.
૨૫૧	,, એક ભાઈ તરફથી.
૨૫૧	,, ન્યાલચંદ જે. મહેતા.
૨૫૧	શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી.
૨૫૧	મે. નીરૂ એન્ડ કું.
૧૦૧	શ્રી શાન્તિલાલ એ. ઝવેરી.
૧૦૧	,, રમણલાલ લાલભાઈ લાકડાવાળા.
૧૦૧	,, ગંભીરલાલ ચુનિલાલ ડગલી.
૧૦૧	,, નરભેરામ મોરારજી ઝાટકીઆ.
૧૦૧	,, વસન્તલાલ નરસીંગપુરા.
૧૦૧	,, એક સદ્‌ગૃહસ્થ.
૧૦૧	સ્વ. ચંદુલાલ સાંકળચંદ શાહ. હા. શ્રી સમરતબહેન.
૧૧	,, એક સદ્‌ગૃહસ્થ.
૪૦૦૫૯	

આ માટે આ ગૃહસ્થોનો અમે આભાર માનીએ છીએ અને અન્ય સભ્યો અને પ્રસંશકોને આ ફંડ પ્રત્યે પોતાનો ઉદાર હાથ લંબાવવા પ્રાર્થના કરીએ છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧ ડિસેમ્બર ૧૯૬૮ના રોજ પૂરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

આવક:	રૂ. પૈ.	રૂ. પૈ.
વ્યાજના:		
સીક્યુરીટીઓના	૪૫૦-૦૦	
ડિબેન્ચરોના	૭૦૦-૦૦	
		૧,૧૫૦-૦૦
ભેટના:	૧,૨૯૧-૦૦	
પુસ્તકોના લવાજમોના	૯૨૯-૦૦	
		૨,૨૨૦-૦૦
મ્યુનિસિપલ ગ્રાન્ટ:		૨,૦૦૦-૦૦
પરચૂરણ આવક:		
પસ્તીના વેચાણના	૧૦૧-૩૧	
પાસ બુકના વેચાણના	૫૯-૮૦	
પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઈ જતાં દંડના	૪૪-૫૦	
		૨૦૫-૬૧
વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો		૨,૭૬૬-૨૨
	કુલ રૂ.	૮,૩૪૧-૮૩

ખર્ચ	રૂ. પૈ.	રૂ. પૈ.
ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચના:		
કેળવણી અંગે ખર્ચ:		
પેપર્સ લવાજમના	૪૭૮-૬૯	
પગારના	૫,૫૨૧-૫૦	
મકાનભાડાના તથા વીજળી ખર્ચ	૫૪૧-૫૪	
પુસ્તક રીપેર્સ–બુક બાઈન્ડીંગ ખર્ચ	૮૮-૪૦	
		૬,૬૨૯-૭૩
પ્રોવિડન્ડ ફંડના ફાળાના	૨૫૯-૨૦	
પ્રોવિડન્ડ ફંડ ઉપર વ્યાજના	૨૭-૬૭	
		૨૮૬-૮૭
વ્યવસ્થા ખર્ચ:		
ફરનીચર રીપેર્સ, ઈલેકટ્રીક રીપેર્સ તથા પરચુરણ ખર્ચ	૧૯૩-૭૩	
વીમા પ્રીમીયમના	૪૯-૫૦	
ઑડિટરોને ઑનેરેરીયમ	૧૦૧-૦૦	
		૩૪૪-૨૩
ઘસારાના:		
ફરનીચર પર	૯૧-૦૦	
પુસ્તકો પર	૯૯૦-૦૦	
		૧,૦૮૧-૦૦
	કુલ રૂ.	૮,૩૪૧-૮૩

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

મુંબઈ,
તા. ૨૧–૩–૧૯૬૯

શાહ મહેતા અન્ડ કું.,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઑડિટર્સ

* 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે સદ્‌ભાવ દાખવતા પત્રો *

વારાણસીથી શ્રી રોહિત મહેતા તા. ૧૯-૬-૬૯ ના પત્રમાં જણાવે છે કે:

"'પ્રબુદ્ધ જીવન" નિયમસર આવે છે અને એની રાહ જોઈને બેસીએ છીએ. જાણે પંદર દિવસનો ગાળો બહુ મોટો લાગે છે. પ્રબુદ્ધ જીવનમાં તમારું સુન્દર વ્યકિતત્વ ઓતપ્રોત છે અને તેથી એ વાંચતી વખતે જાણે તમારી સાથે વાર્તાલાપમાં બેઠા હોઈએ એવું લાગે છે. 'પ્રબુદ્ધ જીવન'નું એક વિશિષ્ટ સ્થાન છે – ગુજરાતના બૌદ્ધિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં એનું નીડર નેતૃત્વ, એની સ્પષ્ટ વિચારણા, એનું નિષ્પક્ષપાત દર્શન, એની બિનસાંપ્રદાયિક દૃષ્ટિ–આ બધું 'પ્રબુદ્ધ જીવન'ને એક વિશિષ્ટ સ્થાન અપાવે છે પણ આ બધું બન્યું છે, કારણ એની પાછળ તમારી અડગ અને અવિચળ સાધના છે. અમારા જેવા ગુજરાતથી દૂર બેઠેલાને માટે તો એ ગુજરાતની સુંદર સૌરભ લાવે છે. 'પ્રબુદ્ધ જીવન' ખૂબ ખૂબ પ્રગતિ કરે અને એનું તંત્રીપદ તમે હજુ ઘણા વર્ષો સુધી સંભાળો એ જ પ્રાર્થના."

* * *

વડોદરાથી પ્રાધ્યાપક શ્રી કેશવલાલ હિમતલાલ કામદાર જણાવે છે કે: " તમે 'પ્રબુદ્ધ જીવન'માં જૈન સમાજ તરફથી કરવામાં આવતા અતિ ખર્ચાળ, વિવેકહીન, જાહેરાતના રૂપમાં જે સમારંભો થાય છે તેની અવારનવાર કડક ટીકાઓ કરો છો તે યોગ્ય છે. કાલે 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧-૬-૬૯નો અંક વાંચ્યો તેમાં પણ એવી કડક ટીકા મેં વાંચી. એમાં પંડિત બેચરદાસે તમને નિમંત્રણ આપ્યું છે કે શિલાઓ વગેરેના પૂજન સંબંધી કડક ટીકાઓ આવવી જોઈએ. તમે આવા વ્યવહારથી વિરુદ્ધ છો તે હું ઘણા વખતથી જાણું છું, તેમ જ તે માટે તો જૈન સમાજના કેટલાક વર્ગનો તમે ખોપ વહોરી લીધો છે.

"એક બાબત લખું તો તે ચલાવી લેશો. પ્રબુદ્ધ જીવન મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર છે. આમ છતાં તેમાં જૈન વિદ્યા વિષે કાંઈ આવતું નથી! હમણાં મુનિ પુણ્યવિજયજી મહારાજ સંબંધે અભિનન્દનના બે ખંડો પ્રસિદ્ધ થયા છે; તે અગાઉ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં પચ્ચાસ વર્ષ પૂરાં થતાં એક સુન્દર સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ થયો છે. આ સાહિત્યનું અવલોકન હજુ સુધી મેં ટાઈમ્સમાં કે અન્ય છાપામાં જોયું નથી. આ તરફ 'પ્રબુદ્ધ જીવને' ખાસ ધ્યાન આપવું જોઈએ એમ મને લાગે છે."

* * *

મુંબઈથી શ્રી લવણપ્રસાદ શાહ જણાવે છે કે: 'પ્રબુદ્ધ જીવને' ૩૦ વર્ષ પૂરાં કર્યાં તે અંગે કેટલાક સ્નેહીઓએ આપને અભિનંદન મોકલાવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. જરૂરી હકીકતો મેળવવા કોઈના લખાણનું ભાષાન્તર કરવું પડે તેમ હોય તો તેનું ભાષાન્તર યોગ્ય રીતે કરી આપે એવા સાથીઓ શોધવામાં તેમ જ હકીકતો યોગ્ય રીતે રજૂ કરવામાં આપ જે શ્રમ અને કાળજી લઈ રહ્યા છો તે માટે હું જરૂર આપને અભિનન્દન આપું છું, જે ધગશ અને તાલાવેલીથી આપ આ પત્ર ચલાવો છો તેની યોગ્ય કદર લોકોએ નથી જ કરી એમ મારું માનવું છે. જે કોટિના લેખો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધ થાય છે તે ગણતરીએ તેની પચ્ચીસ હજાર નકલ ખપવી જોઈએ. હું કોઈ વાર મુસાફરીને કારણે સમયસર પત્ર વાંચી શકતો નથી, છતાં તેનો એક પણ અક્ષર વાંચ્યા સિવાય જવા દેતો નથી, અલબત્ત, મતભેદ હોય છે તો પણ. દાખલા તરીકે "પોતાના બાળકના ખૂનીને તેણે માફી આપી." આપે તે માટે અઢી પાનાં રોક્યા –તા. ૧-૬-૬૯ના પ્રબુદ્ધ જીવનમાં– તે વધારે ગણાય. આના કરતાં પણ વધારે વેધક પ્રસંગો આ દેશમાં બને છે.

તંત્રી નોંધ: ભાઈ લવણપ્રસાદ જેવી કડક વ્યકિત 'પ્રબુદ્ધ જીવન' માટે આટલા સારા શબ્દો લખી મોકલે તે 'પ્રબુદ્ધ જીવન' માટે ધન્યતાનો વિષય લેખાવો ઘટે. તા. ૧-૬-૬૯ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ વાર્તાના મહત્ત્વ વિષે તેમને મતભેદ હોય એ હું સમજી શકું છું. આવા મતભેદો થતા જ રહેવાના. આમ છતાં પ્રસ્તુત વાર્તાના અનુસંધાનમાં જણાવતાં આનંદ થાય છે કે નડિયાદથી મારા મિત્ર શ્રી નંદલાલ શાહ – 'પૂજ્ય મોટાના' નામથી સંબોધાતી માન્યવર વ્યકિતના મુખ્ય અનુગામી – તેમણે આ વાર્તાની ૧૦૦૦ નકલ છપાવીને સમાજમાં વહેંચી આપવા માટે પત્ર દ્વારા મારી અનુમતિ માગી છે.–પરમાનંદ

* * *

ભાવનગરથી શ્રી હરભાઈ ત્રિવેદી જણાવે છે કે "પ્રબુદ્ધ જીવન" દિન પ્રતિ દિન ઊંચે ને ઊંચે ચડતું જાય છે તે માટે હું ગર્વ અનુભવું છું.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૬૮ સુધીનું વાર્ષિક સરવૈયું

ફંડો તથા દેવું	રૂ. પૈ.	રૂ. પૈ.
શ્રી સ્થાયી ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી		૨૪,૫૬૧-૦૦
શ્રી પુસ્તક ફંડ :		
ગયા સરવૈયા મુજબ બાકી		૫,૫૦૦-૦૦
શ્રી ફરનીચર ફંડ		
ગયા સરવૈયા મુજબ બાકી		૨,૪૦૦-૦૦
દેવું :		
ડિપોઝીટ :		
પુસ્તકો અંગે	૭,૦૯૧-૦૦	
માસિકો અંગે	૨૧-૦૦	
પરચૂરણ દેવું :		
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ	૬,૪૫૬-૩૯	
માણસોનું પ્રો. ફંડ	૧,૨૫૮-૨૨	
	———	૧૪,૮૨૬-૬૧
	કુલ રૂ.	૪૭,૨૮૭-૬૧

મિલ્કત અને લેણું :	રૂ. પૈ.	રૂ. પૈ.
ઈન્વેસ્ટમેન્ટ્સ (ચોપડા પ્રમાણે)		
પબ્લિક લિ. કંપનીઓના ડિબેન્ચરો :		
૭ ટકાના રાવલગાંવ સુગર ફાર્મ લિ. ના ડિબેન્ચરો	૧૦,૦૦૦-૦૦	
૫ ટકાના તાતા એન્જીનિયરીંગ ઍન્ડ લોકોમોટીવ કું. લિ. ના ડિબેન્ચરો	૬,૧૬૩-૫૦	
	———	૧૬,૧૬૩-૫૦
ફરનીચર : (ચોપડા પ્રમાણે)		
ગયા સરવૈયા મુજબ બાકી :	૩,૩૧૦-૯૩	
બાદ : કુલ ઘસારો તા. ૩૧-૧૨-૬૮ લખી વાળ્યા	૧૫૭૪-૫૮	
	———	૧૭૩૬-૩૫
પુસ્તકો : (ખરીદ કીંમત)		
ગયા સરવૈયા મુજબ બાકી	૧૪૫૨૭-૩૬	
ઉમેરો : વર્ષ દરમ્યાન ખરીદી	૧૬૫૭-૯૬	
	૧૬૧૮૫-૩૨	
બાદ : કુલ ઘસારો તા. ૩૧-૧૨-૬૮ સુધીનો લખી વાળ્યો	૧૦,૫૫૯-૯૬	
	———	૫,૬૨૫-૩૬
લેણું :		
ઈન્કમટેક્ષ રીફંડ અંગે		૬૪૧-૭૦
રોકડ તથા બેંક બાકી :		
ધી બેંક ઓફ બરોડા લી.	૩,૨૭૭-૦૦	
ધી બેંક ઑફ ઈન્ડિયા લી.	૭,૩૬૯-૭૨	
રોકડ સિલક	૩૩-૧૦	
	———	૧૦,૬૭૯-૮૨
શ્રી આવક - ખર્ચ ખાતું :		
ગયા સરવૈયા મુજબ બાકી	૯,૬૭૪-૬૬	
ઉમેરો : વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો :	૨,૭૬૬-૨૨	
	———	૧૨,૪૪૦-૮૮
	કુલ રૂ.	૪૭,૨૮૭-૬૧

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય મુંબઈનું તા. ૩૧-૧૨-'૬૮ ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડ્યું છે.

મુંબઈ, તા. ૨૧-૩-૧૯૬૯.

શાહ મહેતા ઍન્ડ કું., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઑડિટર્સ.



☆

તા. ૮ મી જૂનના રોજ નાગપુર ખાતે શ્રી નાગજી હીરજી જૈન છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયલી સભાનું દશ્ય, જેમાં ડાબી બાજુથી અનુક્રમે છાત્રાલયના ઉદ્‌ઘાટક શ્રી ખીમચંદ મગનલાલ વોરા, સભાના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, નાગપુરના આગેવાન ગુજરાતી શ્રી ડાહ્યાભાઈ સુતરીયા તથા સ્થાનકવાસી જૈન સમાજના અગ્રણી શ્રી માંગીલાલજી મુણોત નજરે પડે છે.

☆

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ખનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી રૂટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭.

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૬૯, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ડેલહાઉસી ખાતે શ્રી વિમલાબહેનના સાન્નિધ્યમાં

[શ્રી વિમલાબહેન ઠકારના નામથી 'પ્રબુદ્ધ જીવન' ના વાચકો લાંબા સમયથી સુપરિચિત છે. તેઓ ગયા જાન્યુઆરી માસની શરૂઆતમાં અમેરિકાથી જાપાન થઈને ભારત ખાતે પાછા ફર્યા બાદ માર્ચની શરૂઆત સુધી આબુમાં સ્થિર થઈને રહ્યાં હતાં. ત્યાર બાદ તેઓ નેપાલનો પ્રવાસ કરીને એપ્રિલની શરૂઆતમાં ડેલહાઉસી આવીને રહેલાં. ત્યાં તેમના સાન્નિધ્યમાં મોટી મિત્રમંડળી એકત્ર થઈ હતી. ડેલહાઉસીમાં લગભગ બે માસ ગાળ્યા બાદ આસપાસનાં સ્થળોમાં થોડું પરિભ્રમણ કરીને જૂન માસની ૨૩ મી તારીખે તેઓ આબુ ખાતે પાછા ફર્યા છે. ૨૪ મી ઓગસ્ટે તેઓ મુંબઈ આવનાર છે અને ૨૬ મી ના રોજ અહિંથી પરદેશ વિદાય થવાના છે. સપ્ટેમ્બર માસ હોલાંડમાં, ઓકટોબર માસ ઈંગ્લાંડમાં, નવેમ્બર ફ્રાન્સ તથા સ્વીટ્ઝરર્લેન્ડમાં અને ડીસેમ્બર માસ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં—આ મુજબનો તેમનો કાર્યક્રમ ગોઠવાયો છે. તે તે દેશમાં ભિન્ન ભિન્ન સ્થળોએ તેમના વાર્તાલાપો ગોઠવવાના છે. ૧૯૭૦ ના જાન્યુઆરી માસમાં તેઓ ભારત ખાતે પાછા ફરવા ધારે છે અને આબુ ખાતે સ્થિર થઈને રહેવાનું વિચારે છે.

તેમનાં ડેલહાઉસી બાજુના પરિભ્રમણ દરમિયાન તેમનાં સાથી અને અન્તેવાસીસમાં શ્રી પ્રભાબહેન મરચન્ટે તે પરિભ્રમણ દરમિયાન વિમલાબહેન સાથેના સહવાસનો—તેમના તરફથી મળેલી એક સ્મરણનોંધ દ્વારા ખ્યાલ આપ્યો છે. વિનોબાજી વિમલાબહેનને પરદેશમાં પરિભ્રમણ કરતા આપણા Cultural Ambassador—સાંસ્કૃતિક દૂત—સમા લેખે છે. તેમનું વ્યકિતત્વ કેટલું બધું અધ્યાત્મપ્રચૂર અને જ્ઞાનસમૃદ્ધ છે તેનો નીચેની સ્મરણનોંધદ્વારા આપણને સુમધુર પરિચય થાય છે. પરમાનંદ]

નેપાળ—યાત્રા પૂરી કર્યા બાદ અમે દિલ્હી આવ્યાં અને એપ્રિલની તા. ૧૪ મીએ દિલ્હીથી પઠાણકોટ જવા નીકળ્યા, પઠાણકોટથી બસમાં ડેલહાઉસી આવ્યા. શ્રી. વિમળાબહેન સાથેની અમારી આ યાત્રામાં સહભાગી બન્યાં હતાં શ્રી. વસુભાઈ, ચંદ્રાબહેન, શ્રી. લાલુભાઈ, એમનાં માતુશ્રી તથા આરતીબહેન.

ડેલહાઉસી જેવું શાંત એકાંત સુંદર સ્થળ કે જ્યાં પ્રકૃતિએ પોતાનો વૈભવ ઠાલવવામાં જરાયે કંજુસાઈ કરી નથી, છૂટે હાથે પોતાનું સૌંદર્ય વેર્યું છે, જ્યાં અર્ધચંદ્રાકારે આવી રહેલી ધવલ હિમગિરિમાળા સવાર—સાંજ અભિનવ સૌંદર્યનું દર્શન કરાવીને જીવનની કૃતાર્થતાના બોલ જીભને ટેરવે મૂકી જાય છે—આવા સ્થળમાં શિરમોર સમો રહ્યો શ્રી. વિમલબહેનનો અદભૂત મધુર સહવાસ. પ્રકૃતિ—પુરુષાર્થના અજબ મિલને મનુષ્યની પામરતાને હાંકી કાઢીને કોઈ અણજાણી પ્રચંડ શકિતનું ભાન કરાવ્યું. ડેલહાઉસીમાં ગાળેલા દિવસો જીવનનો એક અનુપમ અવિસ્મરણીય લ્હાવો બની ગયો. હૃદયમાં એની છાપ ચિરઅંકિત રહેશે.

વહેલી સવારે – સૂરજદેવની સવારી પધારે એ પહેલાં એટલે કે, છ વાગે અમે બધાં ધ્યાનમાં બેસતાં. એક કલાક સુધીનો બેસવાનો સમય નિશ્ચિત હતો. આ દરમિયાન શ્રી વિમલબહેનની પવિત્ર સંગીતમય વાણી સાંભળવા મળતી. જીવનને સંગીત સાથે સરખાવતાં એમણે શરીરને ષડ્જ, મનને ઋષભ, બુદ્ધિને ગાંધાર, પ્રાણને મધ્યમ, મૌનને પંચમ, આકાશને ધૈવત અને આત્માને નિષાદ તરીકે વર્ણવ્યા. સાથે સાથે તેમણે જણાવ્યું કે, આ સાત સુરોનો સમન્વય જીવનમાં સધાય તો જીવન એક અનુપમ સંગીત બની રહે. દરેક સુર ઉપર એકેક દિવસ બોલ્યા. સવારનો અમારો આ કાર્યક્રમ રહેતો. આ જીવન—સંગીતની ઉપાસનામાં સહભાગી બન્યા હતા; મુંબઈના શ્રી વસુભાઈ, શ્રી. ચંદ્રાબહેન, શ્રી. લાલુભાઈ, ઈન્દુબહેન મુન્સીફ તથા શ્રી વસુબહેન મહેતા, અમદાવાદનાં શ્રી. કલ્યાણભાઈ, સુશીલાબહેન, સુનંદાબહેન તથા ડેલહાઉસીના કેટલાંક ભાઈબહેનો.

રોજ ફરવા જવાનું, એટલે કે દિવસનાં દસેક માઈલ ચાલવાનું બનતું. ફરતાં ફરતાં જ્ઞાનગોષ્ઠિ ચાલતી, કેટલાય સવાલજવાબો થતા, આ રીતે ફરવામાં ડેલહાઉસીનો એક પણ ખૂણો બાકી રાખ્યો નહોતો. સુનંદાબહેન અને સુશીલાબહેનનું આ રીતે ચાલવાનું વિમલબહેનને નવાઈ પમાડનારું બની ગયું હતું. સતધારાનું મીઠું પાણી, પંચપુલના ઝરણાનો મધુર ધુઘવાટ જ્યાં ભગતસિંહના કાકા અજીતસિંહ સોડ તાણીને સૂતા છે ત્યાં ગાળેલો સમય—સઘળું અદભુત હતું.

ડેલહાઉસીના નિવાસ દરમિયાન શ્રી. દિલીપકુમાર રૉયે લખેલ યોગીશ્રી કૃષ્ણપ્રેમના ચરિત્રનું સહવાચન થયું. આ રીતે વિમલબહેન અમને જાણે કે, મીરતોલામાં રહેલા સાથી કૃષ્ણપ્રેમના સાન્નિધ્યમાં લઈ જતા હોય એમ લાગ્યું. વાંચન દરમિયાન નીચેનાં વાકયો હૃદયમાં જડાઈ ગયાં. "He who loves and does not know does not love. He who knows and does not love does not know. But love is too sacred a thing to be talked about. Let us keep love for the heart where it belongs to and reserve our lips for knowledge. The eyes alone express both!" "જેનામાં પ્રેમ છે પણ જ્ઞાન નથી તે ચાહતો નથી. જેનામાં જ્ઞાન છે પણ પ્રેમ નથી તે જાણતો નથી. પણ પ્રેમ એવી પવિત્ર વસ્તુ છે કે જે વાણીથી પર છે. આપણે પ્રેમને હૃદય કે જેનો તેના ઉપર અધિકાર છે ત્યાં સંગ્રહી રાખીએ અને માત્ર આપણા જ્ઞાનને વાચા આપીએ. આંખો દ્વારા એ બન્ને પ્રગટ થાય છે."

સાથે સાથે શ્રી વિમલબહેને સમર્પણના રહસ્યને ખુલ્લું કરી બતાવ્યું. ત્યાર બાદ વંચાયું સત્યદેવ વ્યાસનું "Science of Soul અને એમનું જીવન ચરિત્ર 'હિમાલયનો યોગી', આખા ભગતની સાખીઓ નહિ પણ એના કરતાં ચાબખા જ કહું, જે આરપાર હૃદય - મન પર લાગ્યા તે પણ વંચાયા. શ્રીમદ્ રાજચંદ્રના, શ્રી. સૌભાગભાઈ ઉપર લખેલ પત્રો, હૃદયને હલબલાવી મૂકે એવો

આત્માર્થી નહિ મળવાથી તેમાં વ્યકત કરવામાં આવેલો વલોપાતના મનુષ્ય પ્રત્યેની કરુણા—આ બધાને શ્રી. વિમળાબહેને પોતાના શબ્દ-સ્પર્શથી પ્રાણ આપ્યો. સઘળું સજીવન થઈ ઊઠ્યું. ત્યારે કાળ હઠી ગયો હતો. સમયનું ભાન સઘળાં ગુમાવી બેઠાં હતાં. અદ્‌ભુત રહી એ સ્થિતિ. અદ્‌ભુત રહ્યો એ સમાગમ. શ્રી. અરવિંદનું અતિમાનસ પણ વંચાયું.

આ બધામાં અખંડ સૂત્ર તરીકે જ્ઞાનેશ્વરી રહી. જ્ઞાનેશ્વરીનો નવમો તથા બારમો અધ્યાય ડેલહાઉસીમાં જ વંચાયો. દૂર દૂરથી આર્ય-સમાજના લોકો, રાધાસ્વામી પંથના અનુયાયીઓ, સ્વામી શ્રી. સચ્ચિદા-નંદજીના શિષ્યો, મા બ્રહ્મજ્યોતિની શિષ્યાઓ વિગેરે જ્ઞાનેશ્વરીના પાઠ વખતે અચૂક સાંભળવા આવતાં હતાં. એ રીતે ડેલહાઉસીમાં મેળો જામ્યો હતો. શ્રી. વિમલબહેનના મુખથી જ્ઞાનેશ્વરીનું શ્રાવણ કરવું એ પણ જિંદગીનો એક અનુપમ લહાવો છે. ભકિતનો મહિમા અજબ રીતે જ્ઞાનેશ્વરીના બારમા અધ્યાયમાં ગાયો છે. અહંવિસર્જનની વાત અતિ સુંદર ઢંગથી એમાં મુકાઈ છે. જ્ઞાનેશ્વરીના શ્રાવણથી અમે લોકો ખૂબ જ પ્રભાવિત બની ગયા હતા. જીવન—શોધનની કડી સાંપડી ગઈ એમ લાગ્યું. ચિંતન માટેની પૂરી સામગ્રી શ્રી. વિમલબહેને જ્ઞાનેશ્વરીદ્વારા અમને પીરસી દીધી. શ્રી. વિમલ-બહેનની વાણીને ટેપમાં સંગ્રહિત કરી શકાય તેટલી કરી છે.

આરામ તેમજ કામનો સંવાદ એવો સુમધુર રીતે ચાલી રહ્યો હતો કે, કયારે ય કોઈને આરામથી આળસ ઊપજી નહિ, અને કયારેય કોઈને કામની ખેંચ મન ઉપર રહી નહિ. આવો અદ્‌ભુત સમન્વય રહ્યો કામ અને આરામનો.

ઈંદ્રિયોથી ઉપજતા આવેગ, મનથી ઉપજતા આવેશ, અભિનિવેશ આ બંનેની રમતને શ્રી. વિમલબહેને ખુલ્લી કરી બતાવી. આવેગ એ ક્ષણિક ઉત્તેજના છે, આનંદ જેવી સંવેદના એનાથી થાય છે, પરંતુ એ આનંદની નથી. આવેગની તૃપ્તિમાં એક પ્રકારનો નશો હોય છે અને ગતિનો આભાસ હોય છે. એને તૃપ્ત કરવામાં ન આવે તો દુઃખ થાય છે. એમાં ગતિશીલતાનો ભ્રમ છે. જ્યાં હોઈએ છીએ ત્યાં જ રહીએ છીએ. જ્યાં સુધી આવેગોને આધીન છીએ, એના ગુલામ છીએ, ત્યાં સુધી આનંદ નહિ મળે. જ્યાં આવેગ નથી, મનના સ્તર પરના આવેશ અભિનિવેશ નથી, જ્યાં શરીર, મન, બુદ્ધિના, સ્તર પરથી ઊંડાણમાં જતાં જીવનની ઊર્જાની અનંત ગતિનો અનુભવ થતાં જ આનંદરૂપ થઈ જવાય છે, ત્યારે રહી જાય છે કેવળ આનંદ. આ જ છે મનુષ્યજન્મની કૃતાર્થતા. જ્યારે માનવતા સંપૂર્ણ—સમગ્ર રીતે પાંગરી ઊઠે છે ત્યારે એની મ્હેંક ઊઠે છે વ્યકિતના વ્યકિતત્વમાં. જે જે મનુષ્ય આવી વ્યકિતઓના સમાગમમાં આવે છે તેને પણ તેની મ્હેંક પુલકિત કરી દે છે. ઓહ! જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં ગમ્મત સાથે એમનાં જ્ઞાનની ફૂલઝડીઓ ઊડતી જ રહી.

ડેલહાઉસીથી જૂન માસમાં ચંબા જવા નીકળ્યા, ચંબામાં બનારસ-વાળા પ્રેમલતાબહેન શર્મા અમને આવી મળ્યાં. ડેલહાઉસીથી ચંબા ૩૮ માઈલ દૂર આવેલું છે. ત્યાં બે રાત ગાળવાનું બન્યું. ત્યાંના લોક-ગીતો પહાડી કંઠે ગવાતાં સાંભળ્યાં, કાનમાં એ સુરોનું ગુંજન હજી પણ સંભળાય છે. ખાસ કરીને લોકગીતોમાં રાવી નદીનો મહિમા જ ગવાયો છે. લોકગીતો સાંભળીને મન તરબતર બની ઊઠ્યું. ચંબાની ચારે બાજુ પહાડો આવેલા છે અને રાવી નદીનો એને સાથ છે. રાવીનો સર્પાકાર સમુદ્ર સરીખો ધુઘવાટ, એની અર્ધાકાર ચાલ, એના અનેક નખરાથી અમે સૌ મુગ્ધ બન્યા.

ચંબાથી ખજિયાર ગયા. ખજિયાર ડેલહાઉસીથી બાર માઈલ દૂર છે. ઓહ, એ સ્વપ્નભૂમિ, એ દેવભૂમિ, આંખમાં વસી ગઈ. કુદરતી રીતે બનેલું નાનકડું મેદાન, એમાં નાની શી તલાવડી, એનો રમકડા સરીખો પુલ, એની ચારે બાજુ દેવદારનાં વૃક્ષ કે જે આભને આંબવાની સ્પર્ધામાં પડી ગયા છે. દેવદારના વૃક્ષોનું ગાઢ જંગલ, વૃક્ષોને વીંધીને આવતો પવન કોઈ અજબ સંગીતનું નિર્માણ કરતાં હતાં. વળી પક્ષીઓનું મધુર કર્ણપ્રિય સંગીત જે ગે, રે, ગરેસાનાં સુરોમાં સંભળાયા જ કરતું હતું તે અત્યંત મીઠું લાગતું હતું. ખૂબ ખૂબ ફર્યા, પેટ ભરીને પ્રાકૃતિક સૌંદર્યનું પાન કર્યું. ખજિયારમાં રેસ્ટ હાઉસમાં ખાવાપીવાની સગવડ સારી છે. કોઈ જગાએ ખાવા-પીવાની મુશ્કેલી નથી. ખજિયારને લોકો Heaven on Earth કહે છે.

ખજિયારથી ચંબા આવ્યા અને સવારે ૫-૩૦ કલાકે ભરમોર જવા પ્રયાણ કર્યું. ત્યાં બસ પણ જાય છે. પરંતુ ખડામુખ સુધી જ જાય છે. ખડામુખથી ભરમોર ૧૨ માઈલ દૂર છે. જીપ ભરમોર સુધી જઈ શકે છે, પણ રસ્તા પર ગાડી ચલાવતા ચાલકને ખૂબ સાવધ રહેવું પડે છે. જો સહેજ પણ ચૂકી જવાય તો ઊંડી કરાળ ખીણમાં કયાંય અટવાઈ જવાય. ભરમોર મનમહેશની તળેટી કહેવાય છે. વર્ષમાં એક વખત ત્યાં મેળો ભરાય છે. બ્રહ્મપુરનું અપભ્રંશ ભરમોર બન્યું છે. ભરમોર સઘળાં સ્થળોમાં કલગીસમ બની રહ્યું. ત્યાંના પ્રાકૃતિક સૌંદર્યે—ત્યાં દેખાતી ધવલ હિમગિરિમાળાએ—સવાર-સાંજના વિવિધ રૂપ ધારણ કરીને અમને ખરીદી લીધાં. એ સ્થળ સાથે અમે સૌ એકાકાર બની ગયાં. ચારેબાજુ ઝરણાં કલકલ નિનાદ કરતાં વહે છે. પાણીન પછડાટથી ઉત્પન્ન થતું ફીણ સૂર્યનાં પ્રકાશમાં અવનવું સ્વરૂપ ધારણ કરતું હતું. પ્રકૃતિએ ભરમોરને જબરા લાડ લડાવ્યા છે. જ્યાં જ્યાં નજર પડે ત્યાં અડીખમ પહાડો, નાંખી નજર ન પહોંચે, નજર ચકરાય એવી ઊંડી ખીણો અને એ લીલી વનરાજી - આ બધાંએ અમારું મન હરી લીધું. સ્વીટ્‌ઝર-લેન્ડને જોનાર વ્યકિત કહે છે કે, સ્વીટ્‌ઝરલેન્ડને તો આ સ્થળ કયાંય આંટી મારે એવું સુંદર છે.

પ્રકૃતિનું દર્શન તો અનેકવાર કર્યું હશે, પરંતુ શ્રી વિમળાબહેનના મધુર સહવાસે અમને પ્રકૃતિનું સૌંદર્ય નીરખવાની—પારખવાની કોઈ અનોખી દષ્ટિની ભેટ કરી. શ્રી. વિમલબહેને જીવનશોધન માટેની પૂરતી સામગ્રી અમને પીરસી. એમના પ્રેમસ્પર્શે દરેકને સજીવનતા બક્ષી. તેમની વાણીમાંથી ખરતી ચિંન્તન—કણિકાઓ સર્ચલાઈટ સરીખી ભાસી. નૈસિગિક સૌંદર્ય સાથે આવો રહ્યો શ્રી વિમળાબહેનનો મધુર સહવાસ, જેણે સઘળાંનાં અસ્તિત્વને મહેંકાવી દીધું.

સાથીઓમાંના કેટલાકને વિદાય કરીને જૂન માસની તા. ૨૧ મીએ અમો ડેલહાઉસથી વિદાય લીધી, તા. ૨૩મીએ આબુ પહોંચ્યા.

પ્રભાબહેન મરચન્ટ.

ચેતનાની મીઠાશને માણો

આમ તો તમને અસંખ્ય આશિષ મળેલા છે પણ એ સહુમાં સૌથી વધારે મહાન વરદાન છે તમારું જીવન—આ ધરતી પરનું તમારું અસ્તિત્વ. એમાં સૌંદર્યપૂર્ણ આનંદ અને શુભસંકલ્પનો અનંત વિસ્તાર પથરાયેલો છે.

તમારી જાતને નાની ન માનશો. તમારામાં જ રહેલું ઈશ્વર-તત્ત્વ તમારી ઓળખાણની રાહ જુએ છે. તમારી ઈચ્છા, બુદ્ધિ, વિચાર, ભાવના અને અનુભૂતિઓને આ દૈવી તત્ત્વમાં નિયોજિત કરો.

ભયભીત ન થશો, ગભરાશો નહીં. પરમ પાવન જીવનભાગી-રથી તમારી બહાર નહીં પણ તમારી અંદર જ છે. શેરડીનાં કઠોર લાગતા સાંઠામાં જેમ મધુર રસ હોય છે એ જ રીતે તમારામાં જીવનની ચેતના છલકાઈ રહી છે. અંદર ઊતરીને એનો પરિચય કરો, એની મીઠાશને માણો, પછી વિશ્વની તમામ કડવાશ ઓગળી જશે, પણ એકવાર અંદરના આ ચેતન—માધુર્યને ચાખો તો ખરા. તમારી જાતને બદલતા રહો, ક્ષણે ક્ષણે બદલતા રહો. જડ બનીને બેસી ન રહો. અંદરની ચેતનાને બહાર પ્રગટાવો. આપણે જડ નથી, ચેતન માનવી છીએ. માટે જ દીપકની જેમ પળે પળે અધિક પ્રજ્વલિત થઈને આત્મપ્રકાશ મેળવવો પડશે.

'ભૂમિપુત્ર' માંથી

આલ્બર્ટ સ્વાઈત્ઝર

☆ સાંપ્રત રાજકારણના પ્રવાહો ☆

(તા. ૫-૭-૬૯ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે આપેલ વ્યાખ્યાનની નોંધ.)

ભારતનાં ચાર રાજ્યોમાં વચગાળાની ચૂંટણીઓ થઈ એ પછીની પરિસ્થિતિ પર આપણે નજર નાંખશું. પંજાબ, હરિયાણા, બિહાર અને પ. બંગાળમાં થોડા મહિના પહેલા ચૂંટણીઓ યોજાઈ ગઈ.

વચગાળાની ચૂંટણીના પરિણામે હરિયાણામાં કૉંગ્રેસનું શાસન સ્થપાયું ને આજ સુધી ટક્યું પણ છે.

બિહારમાં કૉંગ્રેસે ઉતાવળે ખટપટ કરી સરકાર રચી. પણ તે ટકશે નહીં એવી નિરીક્ષકોની આગાહી સાચી પડી. ત્રણ ચાર મહિના કૉંગ્રેસે જે રાજ ચલાવ્યું તેમાં નીતિમત્તાનું કોઈ પણ ધોરણ નહોતું. તેમાં ખટપટોથી સત્તાસ્થાને ચીટકી રહેવાની અનૈતિકતા ભારોભાર હતી, તોય તે શાસન ટકી ન શક્યું. બિહારના રાજ્યપાલે ઉતાવળથી શ્રી ભોલાપાસવાનને સરકાર રચવા નિમંત્રણ આપ્યું. કેવળ નવ દિવસમાં જ તેમની સરકાર પણ તૂટી પડી અને રાષ્ટ્રપતિનું શાસન આવ્યું. રાષ્ટ્રપતિનું શાસન આમ અનિવાર્ય હતું છતાંય બિહારના બધા જ પક્ષોએ રાષ્ટ્રપતિના શાસનને વખોડ્યું છે ને તેમાં તેમણે લોકશાહીનું ખૂન જોયું છે. કૉંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડે હમણાં બિહારમાં સરકાર રચવા ના પાડી છે. પણ સ્થાનીક નેતાઓને હજીયે મિશ્ર પ્રધાનમંડળ રચવું છે. શ્રી હરિહર સિંહ વળી પાછા પોતાને બહુમતિનો ટેકો હોવાનો દાવો કરે છે. આશા રાખીયે કે કૉંગ્રેસ મોવડી મંડળ આ વખતે સત્તાની લાલચમાં નહિ પડે, કારણ કે આવી સરકાર ટકે તેમ નથી. ફરી ૧૦ દિવસમાં જ સરકાર તૂટી પડશે. તો પણ કૉંગ્રેસી નેતાઓનો સત્તા માટેનો મોહ છૂટતો નથી.

બિહારની આજની પરિસ્થિતિમાં સ્થિર રાજતંત્ર સંભવિત નથી. ફરી વચગાળાની ચૂંટણી તુરત જ ન કરવી હોય તો છ મહિના સુધી રાષ્ટ્રપતિનું શાસન રાખવાનો જ માર્ગ હવે બાકી રહ્યો છે.

બિહારમાં ખટપટો ને અનૈતિકતા થઈ એટલી કદાચ બીજા કોઈ પણ રાજ્યમાં નહીં થઈ હોય. વચગાળાની ચૂંટણી ત્રણ-ચાર મહિનામાં જ થાય તો આ જ સ્થિતિ રહે એટલા માટે જ છ મહિના રાષ્ટ્રપતિનું શાસન ચાલુ રહે એ ઈચ્છનીય છે.

બિહારની વિધાનસભા વિખેરી નાંખવામાં નથી આવી. કારણ, રાષ્ટ્રપતિની ચૂંટણી થવાની છે. તેમના મતો કામમાં આવે એ ગણતરી પણ હોય. વળી બે વર્ષમાં જ ત્રીજી વખત ચૂંટણી કરવી એ ઓછી ખર્ચાળ નથી. ૧૯૬૭ માં ચૂંટણી થઈ, ૧૯૬૮ માં પણ થઈ અને ૧૯૬૯ માં પણ ચૂંટણી થાય તો ખર્ચ કેટલો બધો થાય? આમ આ રાજ્યમાં છ મહિના કે તેથી યે વધુ સમય રાષ્ટ્રપતિનું શાસન રાખી લોકોને સ્થિર રાજ્યતંત્ર આપવું પ્રજાના હિતમાં છે. હું માનું છું કે સંજોગો તેમને આમ કરવાની ફરજ પાડશે.

પંજાબમાં અકાલી દળે જનસંઘ સાથે જોડાણ કરી રાજતંત્ર રચ્યું છે. જો કે જનસંઘની સંખ્યા ઓછી છે, સરકાર રચાયા પછી અકાલીઓનું બળ વધ્યું છે, જનસંઘનું જોર ઘટ્યું છે. એટલે આજની સરકાર અકાલીની જ સરકાર છે. સરકારે હમણાં જે ભાષાનીતિ ફેરવી તેના પરથી તે સ્પષ્ટ થાય છે. પંજાબ સરકારે પંજાબી ફરજિયાત કરી છે. હિંદી છોડી દીધી છે અને ત્રિભાષી નીતિનો અમલ શરૂ કર્યો છે. આ વાત અકાલીઓનું જોર બતાવે છે.

શ્રી ગુરુનામસિંહ ગંભીર પ્રકૃતિના ને જવાબદાર રાજપુરુષ છે. તેઓ સારી રીતે રાજ કરશે એવી આશા રાખી શકાય.

પ. બંગાળમાં સંયુકત મોરચાની સરકાર રચાયા પછી તેમના કેટલાક આંતરિક મતભેદો બહાર આવ્યા, ત્યારે કેટલાક એમ માનતા થયા કે આ મતભેદો ઉગ્ર બનશે ને મોરચો તૂટી પડશે. હું એમ માનું છું કે જુદા જુદા રાજકીય પક્ષો સંયુકત રાજ્યતંત્ર રચે ત્યારે મતભેદો અનિવાર્ય છે. કારણ કે બધા કંઈ 'રબર સ્ટેમ્પ' જેવા નથી હોતા. દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ હોય છે. બંગાળમાં મોરચાની બહુમતિ ઘણી છે. અને બધા પક્ષો વચ્ચે પાયાની સમજૂતી છે. એટલે સંયુકત મોરચાને લાંબા સમય સુધી વાંધો નહીં આવે એમ લાગે છે.

શ્રી જ્યોતિ બસુએ કેન્દ્ર સાથે સંઘર્ષ ઓછો કરવા કોશીશ કરી. કંઈક એમણે નમતું મૂકયું તો કાંઈક કેન્દ્રે પણ નમતું જોખ્યું. હવે આમ બન્ને એક-બીજાને ઓળખતા થયા છે. એટલે તેઓ સંઘર્ષ ટાળવાની કોશીશ કરશે જ.

સંયુકત મોરચાનું મુખ્ય ધ્યેય કેન્દ્ર સામે લોકોનો અસંતોષ વધારવાનો છે. આર્થિક ક્ષેત્રે (કામદાર સંબંધોને ક્ષેત્રે) એમની નીતિ અનુસારના કાયદાઓ ઘડી આ ધ્યેયને કેટલેક દરજ્જે અમલી બનાવી શકશે. જો કે શ્રી. અજયમુકરજી અને જ્યોતિ બસુએ ઉદ્યોગોને આશ્વાસન આપવા પ્રયત્નો તો કર્યા છે. પણ તેમણે સ્પષ્ટ કહ્યું છે કે મજૂરોની માગણીઓ સંતોષવી જોઈશે. અમે તેમની બાજુ ઓજ છીએ.

ઘેરાવને અદાલતે ગેરકાયદે જાહેર કર્યો છતાં યે યુનાઈટેડ ફ્રંટની કોઓર્ડિનેશન કમિટિએ હમણાં નિર્ણય લીધો છે કે ઘેરાવ રોકવા નહીં.

દુર્ગાપુરની સ્થિતિ અને હમણાં બહાર પડેલ એલ્યુમિનિયમ કોર્પોરેશનના ડીરેકટરોનું નિવેદન જણાવે છે તે પ્રમાણેની પરિસ્થિતિ હોય તો એમ જણાય છે કે કામદાર સંબંધો નહીં સુધરે. ઉદ્યોગોને આશ્વાસન આપતા શબ્દો વચ્ચે ય અશાંતિ રહેવાની જ, કારણ કે તેઓ અશાંતિમાં જ જીવનારા છે. પરિસ્થિતિ થાળે પડે તે તેમને નથી ગમતું.

શ્રી. એસ. કે. પાટીલ, પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એક થઈ જશે અને ચીની સામ્યવાદીઓની ચઢવણીથી તેઓ અલગ રાજ્ય બનાવશે એવો ભય બતાવે છે, પણ તેમાં અતિશયોકિત છે. પહેલાં તો બન્ને બંગાળ એક થાય એવો સંભવ નથી. ચીની સામ્યવાદીઓના વલણની પણ આ કેવળ દૂરગામી ભયસૂચક રજૂઆત છે. નજીકના ભવિષ્યમાં એ ભય સંભવિત નથી. વળી હિન્દુસ્તાન કે પાકિસ્તાન આવી પરિસ્થિતિમાં પગલાં નહીં લે એમ કેમ માની શકાય? કારણ કે પૂ. બંગાળ કે પ. બંગાળ સરકારો પાસે લશ્કર નથી. સરકાર કામ જ ન કરી શકે એવી અરાજકતા પેદા થાય તો વાત જુદી છે. આજે એવી સ્થિતિ નથી.

પ. બંગાળમાં પરિસ્થિતિ પ્રમાણમાં સ્થિર રહેશે. કારણકે મોરચાને સત્તાસ્થાને રહેવું છે. પણ સ્થિરતામાં ય તેઓ મજૂરોના લાભની નીતિ કાયદાથી અમલમાં મૂકી શકશે.

કેરળનો યુનાઈટેડ ફ્રન્ટ બંગાળ કરતાં નિર્બળ છે. કારણ કે ત્યાં બહુમતી ઓછી છે. મુસ્લિમ લીગને એણે કેવળ સગવડતા ખાતર લીધી છે. ત્યાં સ્થિરતા નથી. મોરચાના પક્ષો જાહેરમાં એક બીજાની વિરુદ્ધ આક્ષેપો કરે છે. પરસ્પર લાંચરુશ્વતખોરીના ગંભીર આક્ષેપો થતા રહ્યા છે. શ્રી. નાંબુદ્રીપાદ ને નાણાંપ્રધાન સામસામા આક્ષેપો કરી રહ્યા છે. સામ્યવાદીઓની જમણેરી ને ડાબેરી પાંખ સામસામે લડે છે. એટલે આ સરકાર લાંબો સમય નહીં ટકે એમ લાગે છે. વિવિધ પ્રકારના સામ્યવાદીઓ ને નક્ષલવાદીઓ વચ્ચે ફેર શો છે? આની સુંદર સમજણ થોડા વખત અગાઉ ટાઈમ્સના તંત્રીલેખની બાજુના લેખમાં આપવામાં આવી હતી.

સામ્યવાદીઓ પણ એક બીજા સાથે ઝનૂનથી લડે છે, પણ સૌનું પાયાનું ધ્યેય એક જ છે.

સામ્યવાદીઓનું જમણેરી જૂથ કે જે શ્રી. ડાંગે જૂથ તરીકે ઓળખાય છે, તે પાર્લામેન્ટરી પદ્ધતિ એટલે પાર્લામેન્ટ દ્વારા ધાર્યું કરવાની રીતમાં હાલ તુરત માને છે. તેનો ઝોક રશિયા તરફ

છે, જ્યારે સામ્યવાદીઓનો ડાબેરી માર્કસ્વાદી પક્ષ ચીન તરફી છે. તેની રીતરસમમાં પાર્લામેન્ટરી પદ્ધતિનો થોડો અવકાશ છે ખરો, પણ ધારાસભાઓનો ઉપયોગ હિંસક ક્રાન્તિની તૈયારી માટે પણ થાય. જ્યારે નક્સલવાદી સામ્યવાદીઓ કેવળ હિંસાખોરીમાં જ માને છે. આમ છતાં આ બધા સામ્યવાદીઓ પ્રસંગ આવ્યે એક થઈ જાય ખરા,

કેરળમાં કદાચ યુનાઈટેડ ફ્રન્ટ લાંબો વખત નહિ ટકે, એમ અત્યારની ખેંચતાણ પરથી લાગે છે. પણ સામ્યવાદી કાર્યકરો ભારે ધૈર્યવાન હોય છે. તેમનું ખમીર ઊંડું હોય છે, તેમનું જીવન સદા સંઘર્ષમય જ હોય છે. એમને એ વિના ચેન જ ન પડે.

શ્રી નાંબુદ્રીપાદ કુશળ વ્યકિત છે. શ્રી ડાંગેને બાદ કરતાં, દેશમાં તેમના જેવો બીજો કુશળ સામ્યવાદી નથી. શ્રી જ્યોતિ બસુ કરતાં ય તે વધે તેવા છે. એટલે કેરળમાં ફરી ચૂંટણી થાય તો પણ માર્કસ્વાદી સામ્યવાદીઓ જ ચૂંટાઈ આવે. કેરળમાં કાંગ્રેસ છે જ નહીં. જમણેરી સામ્યવાદી પક્ષ નબળો છે. નાંબુદ્રીપાદ, મુસ્લિમ લીગને પોતાના બળ માટે ટેકો આપે છે. એટલા માટે તેમનો અલગ જિલ્લો કરી આપ્યો, પણ વખત આવ્યે તેઓ લીગને તોડી પાડશે. કારણ કે તે પ્રત્યાઘાતી બળ છે.

મધ્યપ્રદેશમાં શ્રી મિશ્રા સામે યુવાન નેતા શ્રી શ્યામચરણ શુકલ ચૂંટાઈ આવ્યા છે. શ્રી મિશ્રાને ખરી ઘડીએ કોર્ટનો ચુકાદો નડયો ને તેમને મુખ્ય પ્રધાનપદ છોડવું પડયું છે. કૉંગ્રેસજનો એકબીજાને તોડી પાડવાની વૃત્તિ કેવી રાખે છે તેનો નમૂનો આ રાજ્યમાં જોવા મળે છે. હવે શ્રી શુકલની સામે શ્રી મિશ્રા અને શ્રી ગોવિંદનારાયણ સિંહ એક થયા છે, એક વેળા બન્ને એક બીજાના પ્રતિસ્પર્ધી હતા. આમ આ રાજ્યમાં સ્થિરતા નહીં રહે. કારણ કે આ રાજ્ય પછાત વિસ્તારવાળું છે. ત્યાં રાજકીય ભૂમિકા ઓછી છે. ૧૦ વર્ષ સુધી શ્રી મિશ્રાને વનવાસ ભોગવવો પડયો હતો અને શ્રી રવિશંકર શુકલ આવ્યા હતા. વળી પાછા શ્રી મિશ્રા આવ્યા. હવે ફરી શ્રી રવિશંકરના પુત્ર આવ્યા. આમ અત્યારે તો પરિસ્થિતિ અનિશ્ચિત જ રહેશે.

હવે તેલંગણનો આજનો સળગતો પ્રશ્ન જોઈએ. એસ. આર. સી. એ. (States' Reorganisation Commission) તેલંગણની જુદા રાજ્ય માટેની ભલામણ કરી હતી. કારણ, આંધ્રના કિનારાના વિસ્તારો અંદરના વિસ્તારોથી વધુ વિકસિત હતા. તેથી તેલંગણને તેની સાથે મૂકવાથી તેલંગણનો વિકાસ રૂંધાશે એમ પંચને લાગ્યું. પાર્લામેન્ટમાં હૈદરાબાદપરના પોલીસએકશનનો પ્રશ્ન આવ્યો ત્યારે આ વાત ચર્ચાઈ હતી અને ઠરાવાયું હતું કે નિઝામના હૈદ્રાબાદ રાજ્યનું સંપૂર્ણ વિસર્જન કરવું. તેનો કોઈ પણ એક ભાગ સુદ્ધા સ્વતંત્ર રાજ્ય રૂપે ન રહે. એટલા માટે તેલંગણને આંધ્ર સાથે જોડયું. એ વેળા તેલંગણ માટે લગભગ રૂા. ૫૦ કરોડ અલગ તારવ્યા હતા અને એવું જેન્ટલમેન્ટ્સ એગ્રીમેન્ટ (કરાર) હતું કે તેલંગણના વિકાસનાં પગલાં લેવાશે. તેલંગણવાસીઓને નોકરીઓ તેમ જ ઈતર સ્થાનોએ ટકો આપવામાં આવશે. પણ તેલંગણ માટેની આખી રકમ વપરાઈ ગઈ અને તેલંગણવાસી 'મુલ્કી' લોકોને નોકરીઓમાં કે બીજે બહુ સ્થાન ન મળ્યું. આને માટે આંધ્રના નેતાઓના જેટલો જ દોષ તેલંગણના આગેવાનોનો પણ છે. તેમના પ્રધાનો ને વિધાનસભ્યોએ આ વાતનો કેમ ખ્યાલ ન રાખ્યો.?

તેલંગણમાં આંદોલન તો મૂળે હતું જ. પહેલાં જમીનદારો સામેનું સામ્યવાદી આંદોલન વિનોબાજીએ ભૂદાનથી શાંત કર્યું હતું. રઝાકારોનું આંદોલન પણ હતું. પણ કૉંગ્રેસના નેતાઓના આંતરિક મતભેદોથી આ ભડકો જાગ્યો છે. શ્રી ચેન્ના રેડ્ડીની ચૂંટણી રદબાતલ થઈ અને છ વર્ષ સુધી તેઓ ચૂંટણી લડી ન શકે તેવી સ્થિતિ ઊભી થઈ. તેથી આ આંદોલનની તેમણે આગેવાની લીધી છે.

કૉંગ્રેસજનોમાં જ અસંતોષ ઊંડો છે. આ આંદોલન તેલંગણની સમગ્ર પ્રજાનું નથી, પણ આવા આંદોલનના જુવાળમાં અંતે પ્રજા પણ આવે જ છે, પછી એનું પ્રમાણ ખાળવું અઘરું બને છે. છેલ્લા ચાર મહિનામાં આંદોલન ઘણું બહેકી ગયું તેનું કારણ કૉંગ્રેસ કારોબારીની નિર્ણય લેવાની અશકિત છે. જે સમયે જે નિર્ણય લેવો જોઈએ તે લીધો હોત તો આજની પરિસ્થિતિ ઊભી ન થાત. તેલંગણની માગણીઓ સંતોષવાના તાત્કાલિક પગલા લીધા હોત તો આ સ્થિતિ ન આવતે. એ અંગે વાતો ઘણી થઈ પણ નક્કર કશું થયું નહીં. બ્રહ્માનંદ રેડ્ડીએ 'આ તો માત્ર કાયદો ને વ્યવસ્થાનું જ કામ છે.' એમ કહી પોતે આંદોલન દબાવી દેશે, એવી છાપ ઊભી કરી. જ્યારે આંદોલન આગળ વધ્યું ત્યારે તેમના રાજીનામાની માગણી ઊભી થઈ. કૉંગ્રેસના કેટલાક ઉચ્ચ નેતાઓએ શ્રી બ્રહ્માનંદ રેડ્ડીને ટેકો આપ્યો. શ્રી રેડ્ડીના રાજીનામાથી તેમને ટોળાશાહી સામે લોકશાહીની શરણાગતી જેવું લાગ્યું. બ્રિટિશ સરકાર પણ શરૂઆતમાં તો એમ જ કહેતી, પણ પાછળથી નમવું પડતું. આજે જાણે તેનું પુનરાવર્તન થઈ રહ્યું છે.

તેલંગણ પ્રજાસમિતિના નેતાઓને જેલોમાં પૂર્યા છે. પછી શ્રી બ્રહ્માનંદ રેડ્ડીએ રાજીનામાની ઑફર કરી છે. પાર્લામેન્ટરી બોર્ડે આ અંગેનો નિર્ણય લેવાનું ટાળી વિધાનસભ્યોને પૂછવા માટે રાખ્યું. વિધાનસભ્યોએ શ્રી બ્રહ્માનંદ રેડ્ડી ઉપર ફરી વિશ્વાસ જાહેર કર્યો છે. આથી આંદોલન બંધ પડશે નહિ. હું માનું છું કે જો સમયસર શ્રી બ્રહ્માનંદ રેડ્ડીએ સ્વેચ્છાએ રાજીનામું આપ્યું હોત તો આટલી ઉગ્ર સ્થિતિ ન થાત. આવા પ્રસંગોએ કોઈકનો ભોગ આપવો પડે છે. હવે તો નવા નેતાથી પણ આ બાબત નહીં પતે, એટલે રાષ્ટ્રપતિનું શાસન અનિવાર્ય બની રહે છે. સેન્ટ્રલ પાર્લામેન્ટરી બોર્ડ નિર્ણય નથી લઈ શકતું, કારણ કે તેમાં ઉગ્ર મતભેદ છે. એકબીજાનાં હિતો એકબીજાથી વિરુદ્ધ છે. આંધ્રમાં લોકશાહી ચાલુ રાખવી હોય તો તેલંગણના નેતાને મુખ્યપ્રધાન બનાવો એમ કહેવાય છે, પણ તેલંગણની પ્રજા જ તેને ટકવા નહીં દે. રાષ્ટ્રપતિનું શાસન જ આજનો જુવાળ શાંત પાડશે. પણ પછીયે પ્રશ્ન તો ઊભો જ રહે છે કે તેલંગણનું થશે શું? અલગ તેલંગણ કરવું કે કેમ? એક ભાષી રાજ્યરચનાને એમ માની આવકાર આપવામાં આવ્યો હતો કે એકભાષી રાજ્યથી પ્રજાનું સંગઠ્ઠન વધશે, પણ આ માન્યતા ખોટી ઠરી છે. હવે શ્રી જયપ્રકાશજી 'પ્રમાણમાં નાનાં રાજ્યો સારાં' એવો અભિપ્રાય વ્યકત કરે છે. એમની વાત થીયેરેટીકલ કે એકેડેમિક ચર્ચા વેળા સારી લાગે. જેમકે ઉત્તર પ્રદેશ જેવા જબરદસ્ત મોટા રાજ્યનાં બે રાજ્યો કર્યાં હોય તો ખોટું નથી. પણ આવા આંદોલન વેળા આવું નિવેદન બળતામાં ઘી રેડે છે; તેના ટેકારૂપ બને છે. તેમણે એવી દલીલ કરી છે કે નાનાં રાજ્યોથી ભાષાનું ઝનૂન ઓછું થશે, નાનું રાજ્ય કેન્દ્રને દબાવી શકશે નહિ. જેમ મોટું રાજ્ય તેમ કેન્દ્ર સામે લડવાની તેની તાકાત વધારે. નાનાં રાજ્યોથી લોકોનો સંપર્ક વધુ સરળ બને અને તંત્ર કાર્યક્ષમ થાય. આ બધા કારણો વિચારવા જેવા છે, પણ આની સામે એવી દલીલ થઈ શકે કે અત્યારે જો કેન્દ્ર નમતું જોખે તો હિન્દુસ્તાનના ટુકડે ટૂકડા થઈ જશે. એટલે અત્યારે તો અલગ તેલંગણને રોકવું જ જોઈએ. નહીં તો પછી વિદર્ભ, સૌરાષ્ટ્ર, માયસોર, એવાં બીજાં રાજ્યોની માગણી થશે. જો કે ગુજરાતમાં તો કોઈ સૌરાષ્ટ્રની માગણી કરી શકે તેમ નથી. પણ આપણે સંયુકત મહારાષ્ટ્રની ચળવળ વેળા જોયું કે ગુજરાત મળતું હોય તો આપણે મુંબઈ છોડી દેવા તૈયાર થયાં.

હું માનું છું કે તેલંગણમાં રાષ્ટ્રપતિનું શાસન એ જ એક એ રાજ્યમાં અત્યારે શાન્તિ સ્થાપવાનો ઉપાય છે. છ મહિના સુધી રાષ્ટ્રપતિનું શાસન જરૂરી છે. આથી કાંઈ અલગ તેલંગણની માગણીનો સ્વીકાર થતો નથી.

રાષ્ટ્રપતિની ચૂંટણી વિષે કૉંગ્રેસના નેતાઓમાં ગંભીર મતભેદ છે. કૉંગ્રેસનો જ ઉમેદવાર ચૂંટાઈ આવશે એ વાત નક્કી છે. કારણ કે વિરોધ પક્ષોમાં ગયા વખત જેટલી એકતા નથી.

કૉંગ્રેસ અધ્યક્ષ શ્રી નિજલિંગપ્પાજીએ એક વાર કહ્યું હતું કે રાષ્ટ્રપતિપદનો ઉમેદવાર કૉંગ્રેસી જ હોવો જોઈએ. વિરોધ પક્ષોને સ્વતંત્ર ને તટસ્થ વ્યકિત જોઈએ છે. આ વેળાની રાષ્ટ્રપતિની ચૂંટણી વધારે મહત્ત્વની બની રહેશે. કારણ કે, હાલની પાર્લામેન્ટ ત્રણ વર્ષમાં પૂરી થશે, પણ ચૂંટાયેલ રાષ્ટ્રપતિ પાંચ વર્ષ સુધી રહેશે. આગામી ચૂંટણીઓમાં કદાચ કેન્દ્રમાં કૉંગ્રેસની બહુમતી ન રહે તો રાષ્ટ્રપતિનું સ્થાન મહત્ત્વનું બની રહે. કારણ કે કોને રાજ્યતંત્ર રચવા નિમંત્રણ આપવું એ તેમની સત્તા છે અને તે અગત્યનો ભાગ ભજવી શકે. અત્યાર સુધીના રાષ્ટ્રપતિ રાજકારણમાં સક્રિય ભાગ લઈ નહોતા શકતા. શ્રી. રાજેન્દ્રબાબુ અને શ્રી નહેરુ વચ્ચેના મતભેદો જાણીતા છે. ત્યારે તો વડા પ્રધાનનું ધાર્યું જ થતું. હિન્દુ કોડ બીલ રોકવા રાષ્ટ્રપતિએ બંધારણીય હક્ક વાપરવા એક વાર ધમકી પણ આપેલી, પણ કાંઈ કરી ન શકયા એમ છતાં હજી ત્રણ વર્ષો સુધી તો કૉંગ્રેસ કેન્દ્રમાં સત્તા પર રહેશે એટલે વડા પ્રધાનને અનુકૂળ રહે એવી વ્યકિત રાષ્ટ્રપતિ-પદે હોવી જોઈએ. બન્ને વચ્ચે પાયાનો વિરોધ હોય એવી વ્યકિતની પસંદગી ન થઈ શકે. કૉંગ્રેસ પોતાના પક્ષનો જ ઉમેદવાર મૂકે તેમાં કાંઈ અનુચિત નથી.

ઘણા, વડી અદાલતના ચીફ જસ્ટીસને રાષ્ટ્રપતિ બનાવવાની વાત કરે છે. ચીફ જસ્ટીસ કાયદાના ભલે નિષ્ણાત હોય પણ તેમનું જાહેર જીવન કેટલું? રાષ્ટ્રપતિપદ માટે વ્યાપક જાહેરજીવન – ઊંડી રાજકીય સમજ, દીર્ઘદૃષ્ટિ, દૃઢતા વિગેરે જોઈએ. શ્રી રાજાજીએ તેમના ટીખળી સ્વભાવ પ્રમાણે અને કૉંગ્રેસને મુશ્કેલીમાં મૂકવા તથા પ્રજામાં ભ્રમ પેદા કરવા કુમાર મંગલમ અને કુંઝરુના નામો રજૂ કર્યા છે. આ તો પથરા નાંખવાની વાત છે. જેમ અમેરિકા અને રશિયાની ટ્રસ્ટીશીપ હેઠળ કાશ્મીરને મૂકવાની તેઓ વાત કરે છે. મોટા માણસો કેટલીક વખત મોટી ભૂલ કરતા હોય છે.

રાષ્ટ્રપતિપદ માટે જે જે નામો સૂચવાયાં છે તેના ગુણ-દોષમાં ન ઊતરીએ, પણ એ વ્યકિત વધુ મોટી ઉંમરની તો નહીં જ હોવી જોઈએ. કારણ જે વ્યકિત દૃઢતાથી કામ ન કરી શકે તેને એ સ્થાને બેસાડવી અત્યારના સંજોગોમાં યોગ્ય નથી. કૉંગ્રેસના ઉચ્ચ નેતાઓને પાયાના મતભેદો છે. દરેક પોતાની પસંદગીનો માણસ લાવવાની કોશીશ કરે છે. ઈન્દિરાજી જેમ ડૉ. ઝાકીરહુસેનને જ લાવ્યાં તેમ, હજી સુધી જાહેર રીતે કોઈ પણ વ્યકિત તરફ પક્ષપાત બતાવ્યો નથી. શ્રી ગિરિ ચાલુ રહેશે કે સંજીવ રેડ્ડી આવશે? સંજીવ રેડ્ડી સિંડિકેટના ઉમેદવાર છે. પ્રમાણમાં ઓછી ઉંમરના છે, તેમનામાં રાજકીય અનુભવ છે પણ સિન્ડિકેટ તેમનું નામ રજૂ કરે છે માટે ઈન્દિરાજી કદાચ તેમને પસંદ નહીં કરે. કારણ એમ અપાય છે કે તેઓ લોકસભાનું કામ સારી રીતે સંભાળે છે, તેમને ત્યાંથી ખસેડતાં લોકસભા માટે નવા અધ્યક્ષની ચૂંટણીનો પ્રશ્ન ઊભો થાય. એટલે કોઈ ત્રીજું જ નામ આવે તો આશ્ચર્ય નહીં. ઈન્દિરાજીએ હજી કોઈનું નામ સૂચવ્યું નથી. આ પસંદગીમાં કૉંગ્રેસની મોટી જવાબદારી છે. પસંદગી કરાયેલ ઉમેદવારના વિચારો – ખાસ કરી આર્થિક ક્ષેત્રે – કેવા છે, તે પણ પસંદગીમાં અગત્યનો ભાગ ભજવશે. કૉંગ્રેસના આગેવાનોમાં જે જમણેરી– ડાબેરી પક્ષો કહેવાય છે, તે દરેક પોતાના વિચારોને સાનુકૂળ હોય એવી વ્યકિત માટે આગ્રહ રાખે તે સ્વભાવિક છે. જો રાષ્ટ્રપતિપદે શ્રી ગિરિ નહીં ચૂંટાય તો ઉપરાષ્ટ્રપતિની પણ ચૂંટણી કરવી પડશે. કારણ કે તેમણે જાહેર કર્યું છે કે તેમને રાષ્ટ્રપતિ નહીં બનાવાય તો તેઓ ઉપરાષ્ટ્રપતિપદે ચાલુ નહીં રહે.

આમ રાષ્ટ્રપતિની પસંદગી મુશ્કેલ છે, પણ નિર્ણય તો કરવો જ પડશે. મતભેદો હોવા છતાં કૉંગ્રેસ કદાચ સર્વાનુમતે નિર્ણય કરશે. કદાચ શ્રી ગિરિ અથવા સંજીવ રેડ્ડીને છોડી કોઈ બીજી જ વ્યકિતની પસંદગી થાય.

મુંબઈ, તા. ૫-૭-૬૯. ચીમનલાલ ચકુભાઈ

પૂરક નોંધ: આ વ્યાખ્યાન અપાયું પછી, કૉંગ્રેસ મહાસમિતિની બેઠક બેંગ્લોર ખાતે થઈ ગઈ. આ બેઠકમાં કૉંગ્રેસ મોવડી મંડળના મતભેદો ઉઘાડા પડયા અને તે કેટલા ઊંડા છે તેની જાણ થઈ.

આર્થિક નીતિની ચર્ચા ફરીદાબાદમાં થઈ હતી. નિર્ણય લઈ ન શકયા. ચર્ચાના આધારે પ્રસ્તાવ તૈયાર કરવાનું સુબ્રમણ્યમ અને સાદીક અલીને સોંપાયું હતું અને તેમણે પ્રસ્તાવ તૈયાર કર્યો હતો. જેના ઉપર કૉંગ્રેસ વર્કીંગ કમિટી વિચાર કરતી હતી. બેઠક ચાલુ હતી તે દરમ્યાન ઈન્દિરા ગાંધીની એક નોંધ અચાનક રજુ થઈ. આ નોંધ વર્કીંગ કમિટી સમક્ષ કેવી રીતે આવી તેનાં રહસ્યનો સ્ફોટ હજી સુધી થયો નથી. આ નોંધમાં ઈન્દિરા ગાંધીએ દેશના આર્થિક પ્રશ્નો વિષે પોતાના છૂટાછવાયા વિચારો ઉતાવળથી ટપકાવ્યા છે એમ તેમણે કહ્યું છે. પણ વર્કીંગ કમિટીમાં ભારે ખળભળાટ થયો. ઈન્દિરા ગાંધી બીજે દિવસે આવ્યાં ત્યારે ગરમાગરમ ચર્ચા થઈ એટલી હદે કે પાટીલે પક્ષમાં ભંગાણ પાડવાની ધમકી આપી. ઈન્દિરા ગાંધીએ ચેલેન્જ સ્વીકારી લીધી. સમાધાનનો ઠરાવ ઘડવાનું ચવ્હાણને સોંપાયું. તેમણે પ્રસ્તાવ રચ્યો કે ઈન્દિરા ગાંધીની નોંધ વર્કીંગ કમિટી સ્વીકારે છે અને તેનો અમલ કરવાનું કેન્દ્ર અને રાજ્ય સરકારને સોંપે છે. મોરારજી દેસાઈએ શિસ્ત ખાતર આ સ્વીકાર્યું. પોતે જ પ્રસ્તાવ રજુ કરી શહીદી પૂરી કરી. શિસ્ત અને શરણાગતિને બહુ અંતર નથી હોતું. આર્થિક નીતિ નાણાંમંત્રીને રુપશે છે, પણ આવી નોંધ મોકલતાં પહેલાં નાણાંમંત્રી સાથે કોઈ વિચારણા કરવાની અથવા તેમને ખબર પણ આપવાની ઈન્દિરા ગાંધીને જરૂર ન જણાઈ.

આ નોંધમાં બૅંકોના રાષ્ટ્રીયકરણ ઉપરાંત સંખ્યાબંધ આર્થિક મુદ્દાઓ છે. કેટલાક અનેક વખત સ્વીકારાયા છે અને તેનો કાંઈ અમલ થયો નથી. કેટલાક અસ્પષ્ટ છે, કેટલાક ચર્ચાસ્પદ છે અને બૅન્કોનું રાષ્ટ્રીયકરણ ગંભીર મતભેદનું કારણ છે. બૅંકો ઉપર સામાજિક અંકુશો મૂકવાનો કાયદો થોડા મહિના પહેલા જ થયો હતો. ઈન્દિરા ગાંધીએ તેને ટેકો આપ્યો હતો. હવે તેમને અચાનક ખબર પડી કે આ વિષે અસંતોષ છે અને પ્રશ્ન પુન: વિચારણા માગે છે. તુરત જ રાષ્ટ્રીય-કરણ થવું જોઈએ એમ તેમણે કહ્યું નથી. સામાજિક અંકુશો વધારે કડક બનાવવા અથવા મોટી પાંચ છ બૅંકોનું રાષ્ટ્રીયકરણ કરવું અથવા બૅંકો સરકારી જામીનગીરીઓમાં વધારે રકમ રોકે જેથી જાહેર ક્ષેત્રના ઉદ્યોગો માટે ૨૦૦ કરોડ રૂપિયા સરકારને વધારે મળે–આવા કેટલાક વિકલ્પો તેમણે રજુ કર્યા છે. વર્કીંગ કમિટી અથવા મહાસમિતિએ આમાંના કોઈ મુદ્દા ઉપર ગંભીરપણે કે ઊંડાણથી વિચાર ન કર્યો, પણ અમલ માટે, ઓળઘોળ સરકાર ઉપર મોકલી આપ્યું અને ઈન્દિરા ગાંધીની સરકાર ઉપર જવાબદારી નાખી. આવી રીતે ઉતાવળથી ટપકાવેલ છુટાછવાયા વિચારો કૉંગ્રેસની આર્થિક નીતિ બને છે! આ વિચારોમાં મોટા ભાગ સાથે ઘણા લોકો સંમત થાય એવા છે. મુદ્દા વિચારોના ગુણદોષનો નથી; આમાં બહુ ઓછી નવીનતા છે. મુદ્દા એ છે કે, ઈન્દિરા ગાંધીએ આવો ધડાકો કેમ કર્યો? રાજકીય રમત હતી? પોતાની સરસાઈ પૂરવાર કરવાની મુરાદ હતી? આ નીતિનો અમલ મુખ્યત્વે નાણાંમંત્રીએ કરવાનો રહે છે. મોરારજી-ભાઈ અમલ કરશે કે ટાળશે અથવા વિલંબમાં નાખશે? ઈન્દિરા ગાંધીના આ પગલાથી દેશનું અર્થતંત્ર સુધરી જાય, બેકારી ઓછી થાય, ગરીબાઈ અથવા અસમાનતા અંશત: પણ દૂર થાય એવો નજીકના ભવિષ્યમાં કોઈ સંભવ નથી. પણ ઈન્દિરા ગાંધીનો એમના પ્રતિસ્પર્ધીઓ ઉપર વિજય થયો એવી છાપ દેશમાં અને વિદેશોમાં પડશે અને કદાચ આ પગલાંનું એટલું જ ધ્યેય હોય.

આર્થિક નીતિના પ્રશ્નમાં આવો વિજય મેળવ્યો તો રાષ્ટ્રપતિના ઉમેદવારની પસંદગીમાં હાર ખાધી અને બન્ને પક્ષોએ હિસાબ સરખો કર્યો. સંજીવ રેડ્ડી બહુમતિથી કૉંગ્રેસના ઉમેદવાર જાહેર થયા. ઈન્દિરા ગાંધીએ જગજીવનરામનું નામ રજૂ કર્યું. બે જ મત મળ્યા - તેમનો અને ફખરુદીન અહમદનો. ઈન્દિરા ગાંધીએ ખુલાસો કર્યો કે, ગાંધી શતાબ્દી સમયે હરિજન રાષ્ટ્રપતિ થાય તો સારું. આ ખુલાસો પાંગળો છે. તેમણે વિશેષમાં કહ્યું કે, રાષ્ટ્રપતિ બિનપક્ષી હોય તો સારું અને બનતાં સુધી સર્વપક્ષોની સંમતિથી પસંદ કરાય તો સારું. સાથે ઉમેર્યું કે તેમણે કરેલ મંત્રણા ઉપરથી શ્રી. ગિરિ માટે બહુમતિ હતી. તો ગિરિનું નામ તેમણે કેમ રજૂ ન કર્યું? જગજીવનરામ અને સંજીવ રેડ્ડી વચ્ચે જ પસંદગી કરવાની હોય તો સંજીવ રેડ્ડી વધારે આવકાર-પાત્ર છે. સંજીવ રેડ્ડીની પસંદગી ઈન્દિરા ગાંધીને અસ્વીકાર્ય છે.

તેનાં પરિણામો વિષે તેમને પત્રકારોએ પૂછ્યું તો કહ્યું કે વિચારવું પડશે. કૉંગ્રેસના આ ઉગ્ર મતભેદના પરિણામે ગિરિએ પોતાની ઉમેદવારી તુરત જાહેર કરી. ઈન્દિરા ગાંધીનાં વિચારો જોતાં, કૉંગ્રેસના મતોમાં ફાટફૂટ પડે તો નવાઈ નહિ. વિરોધ પક્ષો–કદાચ સ્વતંત્ર પક્ષ સિવાય–ગિરિની ઉમેદવારીને ટેકો આપશે અને કૉંગ્રેસના મતો વહેંચાઈ જાય તો સંજીવ રેડ્ડીનું ચૂંટાવું અનિશ્ચિત બને. ગિરિ ચૂંટાય તો ઈન્દિરા ગાંધીને વાંધો નથી. સિન્ડિકેટની પસંદગી આ રીતે ઊંધી વાળશે કે? કૉંગ્રેસ સભ્યોને આદેશ આપશે કે મતદાનની સ્વતંત્રતા રહેશે? આદેશ આપાય તો પણ બધા સ્વીકારશે કે કેટલાક અવગણશે?

તેલંગણની કોઈ ચર્ચા મહાસમિતિમાં થઈ નહિ. તેલંગણનાં આઠ પ્રધાનોના રાજીનામાનો બ્રહ્માનંદ રેડ્ડીએ સ્વીકાર કર્યો છે. નવું મંત્રીમંડળ બ્રહ્માનંદ રેડ્ડી રચી શકશે? તેલંગણનો ઊકળતો ચરૂ બ્રહ્માનંદ રેડ્ડી શાંત કરી શકશે?

૧૪-૭-૬૯ ચીમનલાલ ચકુભાઈ શાહ

અનાજની અવહેલના

યજ્ઞોની વાત આવે છે ત્યારે મને મારા બાળપણમાં મળેલાં સૂચનો યાદ આવે છે: (૧) ઘરમાં અનાજસફાઈનું કામ ચાલતું હોય ને રમતા કૂદતા અમારા પગ નીચે કોઈ દાણા કચરાય નહિ, (૨) જમવા બાબત વાંધો પાડી કજિયો કર્યો હોય તો પીરસેલી થાળીને પગ વડે ખસેડાય નહિ, (૩) જમ્યા પછી થાળીને પગે લાગવું જોઈએ, (૪) ન ભાવતી ચીજની કે નહિ પસંદ પડેલી રસોઈની નીંદા કરાય નહિ. આ ચારે ય આગ્રહો જાળવવા – પાળવા એ ઘરઘરનો બાળકને મળતો સંસ્કાર છે. એનું રહસ્ય એક જ છે. અનાજ પ્રત્યેનો – ખાદ્યપદાર્થ પ્રત્યેનો–આદર.

જેની સરખામણી બ્રહ્મ સાથે થઈ છે, જે જીવોનું જીવન છે, તેની અવહેલના એક યા બીજા બહાના તળે કેમ થઈ શકે? જે દેશના કુટુંબોમાં ઉપરની ચાર બાબતોનો આગ્રહ સેવાય છે તે તે દેશની પ્રજા અનાજને બળતામાં હોમવા કેમ તૈયાર થાય?

એક પાંચમું સૂચન પણ મને યાદ આવે છે. જે ચીજ જે ઉપયોગ માટે નિર્માઈ હોય તેથી જુદો ઉપયોગ અમે કરીએ તો અમને મનાઈનું ફરમાન મળ્યું જ હોય. જેમકે: વેલણ, રોટલી વણવા માટે જ છે, બકરી કે કૂતરું હાંકવા માટે નહિ. અનાજનું નિર્માણ જે હેતુસર થયું છે તેથી જુદા હેતુ માટે કેમ થઈ શકે? અનાજનો મબલખ પાક ઊતરતો હોય તો પણ તેનો નાશ કેમ કરાય? કોઈ એક દેશે ભાવ – રાપાટી જાળવવા કે એવા કોઈ આર્થિક કારણસર ટનના ટન ઘઉં સમુદ્રમાં ડૂબાવી દીધેલા. અનાજની આવી અવહેલના – તેને બાળો કે ડૂબાડો – કરતાં આપણો જીવ કેમ ચાલે?

જ્યાં અનાજ પ્રત્યે ઉપરોક્ત ચાર સૂચનો વડે સન્માન જાળવવાનું શીખવવામાં આવે છે અને એ પરંપરાથી ચાલ્યો આવતો સંસ્કાર છે ત્યાં આ યજ્ઞોની વાત કેમ નભી શકે? એક આખો માનવસમૂહ ભેગો થઈને અનાજની આવી અવહેલના કરે તે કેમ જોયું જાય?

અન્ન અને અગ્નિ બંને પ્રત્યે આપણને આદર છે. અગ્નિ આપણને ગરમી મેળવવામાં, પ્રકાશ મેળવવામાં અને રસોઈ પકવવામાં તથા ઉદ્યોગો ચલાવવામાં ઉપયોગી છે. એ બંનેમાં દેવત્વ છે. પરંતુ એ બંનેને એકઠા કરવામાં રાખનો ઢગલો તથા દુષ્ટતાનો આનંદ એ બે જ વધે છે. આપણી બડાશ અને બહાદુરી બતાવવા એક આ જ રસ્તો આપણને સૂઝે છે શું? નરી બેવકૂફીને કોઈ આકર્ષક તર્ક વડે ઉપસાવી જનતાની આંખને આંજી નાખવાનું કામ આપણે ક્યાં સુધી કર્યે રાખશું? –લલિત શાહ

સંઘના મકાન ફંડ અંગે સવિશેષ અનુરોધ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મકાન ફંડમાં રકમો ભરાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ ફંડમાં છુટીછવાઈ રકમો ભરાતી રહી છે. આમ છતાં લક્ષ્યાંકની પ્રાપ્તિ હજુ ઘણી દૂર છે. શક્ય હોય ત્યાં જાતે મળવા જવાનો અમારો પ્રયત્ન ચાલુ છે. પણ આ સંબંધમાં અમારા સમય અને શક્તિને મર્યાદા છે. તો સંઘના સભ્યોને, તેમ જ પ્રશંસકોને તથા પ્રબુદ્ધ જીવનના વાચકોને પણ અમારી નમ્ર પ્રાર્થના છે કે તેઓ અમારા જાતે મળવા આવવની રાહ ન જોતાં ઉદાર દિલથી આ ફંડમાં પોતપોતાનો ફાળો નોંધાવતા જાય અને પોતાના મિત્રો તેમ જ સાથીઓ પાસેથી પણ આ ફંડ માટે નાની મોટી રકમો મેળવવા માટે પ્રયત્નશીલ બને. યોગ્ય મકાન અથવા તો જગ્યા મેળવવાના પ્રયત્નો ચાલુ છે, તેનું શુભ પરિણામ જુલાઈ માસની આખરમાં આવી જવા આશા છે તો તે દરમિયાન પ્રસ્તુત મકાન ફંડમાં પણ એક લાખની રકમનો લક્ષ્યાંક સિદ્ધ થવો જોઈએ એવી અમારી અપેક્ષા છે. 'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં રૂ. ૪૦,૦૫૯ સુધીની રકમો નોંધાયાનું જણાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ આ અંક પ્રગટ થઈ રહ્યો છે તે દરમિયાન નીચે મુજબની રકમો નોંધવામાં આવી છે.

૪૦૦૫૯	અગાઉ જાહેર થઈ ગયેલી રકમો
૧૫૦૦	અરજણ એન્ડ દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ
૧૫૦૦	શ્રી ચીમનલાલ પી. શાહ
૧૦૦૧	શ્રી. મેઘજી પી. શાહ
૧૦૦૦	સ્વ. અમરચંદ તલકચંદના સ્મરણાર્થે હા. શ્રી. અનિલભાઈ હેમચંદ કાપડિયા.
૫૦૧	શ્રી. પાસુ કાયા
૨૫૧	મે. ધીરજ સ્ટીલ કું.
૨૫૦	શ્રી દામજી મેઘજી શાહ - મુલુંડ
૧૦૧	શ્રી વસન્તબહેન હીરાલાલ શાહ
૧૦૧	સ્વ. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા અને સ્વ. ચંચળબહેન ઉમેદચંદના સ્મરણાર્થે. હા. શ્રી શાન્તિભાઈ તથા કાન્તિલાલ બરોડિયા.
૧૦૧	શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ તથા પ્રો. રમણલાલ સી. શાહ.
૧૦૧	શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ.
૫૧	શ્રી પૂર્ણિમાબહેન પકવાસા.
૪૬૫૧૭	

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

હિમશિખર–આરોહક કુમારી ઉષા ભટ્ટનું સન્માન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ચાલુ જુલાઈ માસની ૨૬ મી તારીખ શનિવાર સાંજના સવાછ વાગ્યે ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસીએશનના હૉલમાં (મસ્જીદ બંદર રોડ બૅંક ઑફ બરોડાની સામે) મનાલી બાજુએ આવેલ હનુમાન ટીબાનાં શિખરો (લગભગ ૧૯૫૦૦ ફીટ)નું સફળ પર્વતારોહણ કરીને તાજેતરમાં પાછાં ફરેલાં ચાર ગુજરાતી બહેનોમાંનાં એક કુમારી ઉષા ભટ્ટનું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે સંઘ તરફથી સન્માન કરવામાં આવશે અને એ પ્રસંગે કુ. ઉષાબહેન પોતાના અનુભવો રજુ કરશે. સંઘના સભ્યોને સહકુટુંબ આ પ્રસંગનો લાભ લેવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

પ્રકીર્ણ નોંધ

હાસ્યરસના સ્વામી શ્રી ચીનુભાઈ પટવાનું અકાળ અવસાન

અમદાવાદ ખાતે તા. ૮ મી જુલાઈના રોજ જાણીતા લેખક અને વિવેચક શ્રી ચીનુભાઈ પટવાનું ૫૮ વર્ષની ઉમ્મરે હૃદય-રોગના પરિણામે અવસાન થતાં આપણા ગુજરાત અને ગુજરાતી-ઓએ હાસ્યરસના નિપુણ એવા એક અગ્રગણ્ય લેખક ગુમાવ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ એક યા અન્ય પ્રકારની બીમારી અથવા તો શારીરિક ઉપાધિના અવારનવાર ભોગ બની રહ્યા હતા. સમય જતા હૃદયરોગના હુમલાથી તેઓ અવારનવાર પીડાતા હતા. છએક માસથી તેઓ પથારીવશ હતા. આ બધું છતાં તેમના વિનોદ-પ્રધાન સ્વભાવ ઉપર જાણે કે કશી જ અસર પડી ન હોય તેવી પ્રસન્નતાનો, તેમને જ્યારે મળવાનું બનતું ત્યારે, અનુભવ થતો હતો. છેલ્લાં પાંચ છ વર્ષથી તેમના પરિચયમાં આવવાનું મારું સદ્‌ભાગ્ય હતું. ગયા નવેમ્બર માસની આખરમાં અમદાવાદ થોડા દિવસ રહેવાનું થતાં તેમને મળવાનું બન્યું હતું. તેમને મળવું એટલે ગંભીર વિચારોની દુનિયામાંથી હળવા વિનોદમય વાતાવરણમાં પ્રવેશ કરવો. થોડા સમય પહેલાં તેમણે આચાર્ય રજનીશજીના જાતીય બાબતોને લગતા વિચારોની ગુજરાત સમાચારમાં આલોચના કરેલી. તેની એક નકલ તેમણે મારી ઉપર મોકલેલી, તેનું મથાળું હતું. 'વિષયાનંદ કે બ્રહ્માનંદ?' તેને લગતા પત્રમાં તેમણે મને જણાવેલ કે "આ લેખનું મથાળું મેં ભૂલથી 'વિષયાનંદ કે પરમાનંદ' એમ કરેલું પણ તંત્રી ઉપર આ લેખ રવાના કરતાં તે ભૂલ તરફ મારું ધ્યાન ખેંચાયું અને મથાળું સુધારેલું." આની પાછળ રહેલો વિનોદ સહજમાં પકડી શકાય તેમ છે.

ભાઈ ચીનુભાઈ પટવા ૧૯૪૧ થી 'ગુજરાત સમાચાર'માં 'પાન-સોપારી'ના મથાળા નીચે નિયમિત રીતે હળવી કટારો લખતા રહ્યા હતા. તેમનો સૌ પ્રથમ વાર્તાસંગ્રહ 'નવોઢા' નામનો પ્રગટ થયો હતો. ત્યાર બાદ 'પાન-સોપારી' 'ફિલસૂફિયાણી!' 'શકુન્તલાનું ભૂત' 'ચાલો સજોડે સુખી થઈએ' 'સાથે બેસીને વાંચીએ', 'હળવું ગાંભીર્ય,' 'ગોરખ અને મચ્છેન્દ્ર' 'અવળે ખૂણેથી' અને છેલ્લે 'ચાલો સજોડે પ્રવાસ કરીએ' એમ બધાં મળીને તેમણે ગુજરાતને ૧૫ પુસ્તકો આપ્યાં છે.

તેઓ મુંબઈની એલ્ફિસ્ટન કોલેજમાંથી સ્નાતક થયા હતા. તેમનો ચાલુ વ્યવસાય વીમાને લગતો હતો. સત્યાગ્રહની લડત દરમિયાન તેમણે ચાર વાર કારાવાસ ભોગવ્યો હતો. અમદાવાદ યુવક સંઘ ને એલિસબ્રિજ આરોગ્ય સમિતિને તથા અખિલ અમદાવાદ ઓલિમ્પિક એસોસીએશનને તેમણે ઘણાં વર્ષો સુધી સેવા આપી હતી. આ રીતે આપણને એક ઉદાત્ત કોટિના સાહિત્યકાર અને સમાજ-સેવકની ખોટ પડી છે. તેમના જેવાં જ વિનોદશીલ તેમનાં પત્ની શ્રી કંચનબહેન જેમનો પણ મને પરિચય હતો તેમના ઉપર આવી પડેલી આ આણધારી આફતમાં તેમના પ્રત્યે આપણ સર્વ ઊંડી સહાનુભૂતિ અનુભવીએ છીએ.

વયોવૃદ્ધ શ્રી માણેકલાલ અમુલખરાયનો દેહવિલય

મહાનુભાવ શ્રી માણેકલાલભાઈનું જૂન માસની ૨૭ મી તારીખે મુંબઈ - ઘાટકોપર ખાતે ૮૮ વર્ષની ઉમ્મરે અવસાન થતાં એક વિશિષ્ટ વ્યકિતની આપણને ખોટ પડી છે. તેમનો મુખ્ય વ્યવસાય હિસાબનીશનો—ઑડીર્ટીગનો—હતો. પણ આ વ્યવસાય સાથે તેમને અનેક ધાર્મિક સામાજિક તેમજ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ખૂબ રસ હતો અને અનેક સેવાક્ષેત્રે તેમનો ફાળો હતો. તેઓ રાષ્ટ્રપ્રેમી તથા ગાંધીભકત હતા; ગ્રામોદ્યોગને લગતી પ્રવૃત્તિઓમાં તેમને ખૂબ આકર્ષણ હતું. વર્ષોથી તેઓ ખાદી પહેરતા હતા. ગૌરક્ષા અને પશુ-રક્ષાના મોટા હિમાયતી હતા. જૈન સ્થાનકવાસી સંઘના આગેવાન હતા. અને ઘાટકોપર જૈન સ્થા. સંઘના તેઓ પ્રમુખ અને ટ્રસ્ટી હતા અને બીજી અનેક સંસ્થાઓ સાથે જોડાયલા હતા. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના પણ તેઓ એક સમયે ટ્રસ્ટી હતા. ૧૯૨૩ માં ઘાટકોપરમાં સાર્વજનિક જીવદયા ખાતું સ્થપાયું ત્યારથી તેના એક સ્થાપક પુરુષ તરીકે તે પ્રવૃત્તિમાં તેઓ ખૂબ રસ ધરાવતા હતા. સ્વામી આનંદ તેમના ઘનિષ્ટ સંબંધમાં હતા. પૂ. રવિશંકર મહારાજ પ્રત્યે તેમને અત્યન્ત આદર હતો. તે બન્નેની પ્રેરણા દ્વારા અનેક સેવાક્ષેત્રોને અપનાવીને તેમણે પોતાના જીવનને સફળ અને સાર્થક કર્યું હતું. આવા ઉદાત્ત શીલસંપન્ન મહાનુભાવને આપણાં આદરયુકત નમન હો!

પરમાણુ વિશ્લેષણ

પોતાનો જે વિષય ન હોય તેવા વિષયનું વિવેચન કરતાં તેમાં ક્ષતિ રહી જવાનો સંભવ રહે જ છે. 'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં પ્રગટ થયેલ 'પારામાંથી સોનું' એ મથાળાની મારી નોંધમાં, અન્ય વિશેષ જાણકાર સાથે ચર્ચા કરતાં માલુમ પડે છે કે, તેમાં આવી ક્ષતિ રહી ગઈ છે. તેમાં કરવામાં આવેલા આણુ બંધારણ અંગેના વિવેચનને નીચે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતિ છે.

પરમાણુ ત્રણ કણોનું બનેલ છે: (૧) ન્યુટ્રોન, (૨) પ્રોટોન, (૩) ઈલેકટ્રોન. પરમાણુનું કેન્દ્ર ન્યુટ્રોન અને પ્રોટોનનું બનેલ છે અને ઈલેકટ્રોન આ કેન્દ્રની આસપાસ અમુક સંખ્યામાં ફરતા હોય છે. ન્યુટ્રોનને કશો ઈલેકટ્રીક ચાર્જ હોતો નથી, જ્યારે પ્રોટોન અને ઈલેકટ્રોનની સંખ્યા સરખી હોય છે, અને પ્રોટ્રોનને પોઝિટીવ ઈલેકિટ્રક ચાર્જ હોય છે, જ્યારે ઈલેકટ્રોનને નેગેટીવ ઈલેકિટ્રક ચાર્જ હોય છે. પરમાણુને અંગ્રેજીમાં 'ઍટમ' કહે છે, જ્યારે આણુને એટલે કે પરમાણુ સ્કંધને અંગ્રેજીમાં 'મોલેકયુલ' કહે છે. એક પરમાણુ અન્ય પરમાણુથી જુદું પડે છે તેનો અર્થ એ છે કે એ પરમાણુના બંધારણમાં રહેલા ન્યુટ્રોન, પ્રોટોન તથા ઈલેકટ્રોનની સંખ્યામાં પરમાણું દીઠ તફાવત હોય છે. કોઈ પણ પરમાણુના મૂળ બંધારણની રચનામાં એટલે કે ઉપર જણાવેલ ત્રણ પ્રકારના કણોની સંખ્યામાં ફેરફાર કરી શકાય તો એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં રૂપાન્તર થઈ શકે. પારામાંથી સોનામાં રૂપાન્તરના પ્રશ્નને આગળ ધરીને આ બાબત ગતાંકની નોંધમાં ઠીક પ્રમાણમાં સ્પષ્ટ કરવામાં આવી છે.

પરમાણુ વિસ્ફોટ શું છે?

સાધારણ રીતે દરેક પરમાણુનાં કણોની સંખ્યા નિશ્ચિત હોય છે. આમ છતાં પરમાણુના ન્યુટ્રોનની સંખ્યામાં કદિ કદિ થોડો સરખો ફરક જોવામાં આવે છે. દા. ત. યુરેનિયમના પરમાણુનું બંધારણ મુખ્યત્વે બે પ્રકારનું હોવાનું માલુમ પડે છે; અમુક યુરેનિયમમાં ન્યુટ્રોનની સંખ્યા ૧૪૬ હોય છે, જ્યારે અન્ય પ્રકારના યુરેનિયમમાંની ન્યુટ્રોનની સંખ્યા ૧૪૩ હોય છે. આ બંનેમાં પ્રોટોનની સંખ્યા ૯૨ હોય છે. આ રીતે વિચારતાં યુરેનિયમના કેન્દ્ર બે પ્રકારના હોય છે. (૧) યુરેનિયમ ૧૪૬+૯૨=૨૩૮ (૨) યુરેનિયમ ૧૪૩+૯૨=૨૩૫. એક જ પરમાણુના આવા બે પ્રકારને તેના આઈસોટોપ્સ કહેવામાં આવે છે. પરમાણુ વિસ્ફોટ માટે માત્ર યુરેનિયમ ૨૩૫ જ ઉપયોગી થઈ શકે છે.

આણુ વિસ્ફોટનો અર્થ એ છે કે પરમાણુના કેન્દ્રની રચનાને તોડવી. ઉપર જણાવેલ જે યુરેનિયમ ૨૩૫ નો ઉપયોગ 'ઍટમ' બૉંબમાં કરવામાં આવ્યો હોય છે તે સંબંધમાં એમ બને છે કે કોઈ પણ એક ન્યુટ્રોન વડે યુરેનિયમ ૨૩૫ ના પરમાણુને બૉંબાર્ડ કરવામાં આવે - ગોળીબાર માફક વીંધવામાં આવે તો તે યુરેનિયમ ૨૩૫નું કેન્દ્ર તૂટે છે, અને તે કેન્દ્ર એટલે કે તે પરમાણુ બે વિભાગમાં

વિભાજિત થાય છે અને તે સાથે અમુક એનર્જી - શકિત - હીટ ગરમી મુકત થાય છે તથા ઉપરની પ્રકિયાના પરિણામે બે ન્યુટ્રોન છુટા થાય છે. આ બે છુટા થયેલા ન્યુટ્રોન બાજુના યુરેનિયમના કેન્દ્રને તોડતા જાય છે અને તેમાંથી દ્વિગુણીત એનર્જી પેદા થાય છે અને ચાર ન્યુટ્રોન છુટા થાય છે.

આ પ્રમાણે પરમાણુવિસ્ફોટની પરંપરા અને અનર્ગળ શકિત પેદા થવા માંડે છે જે શકિત એનર્જી–હીટ–ગરમી આણુબોંબના આકારમાં જે સ્થળ ઉપર પડે તેનો મોટા પાયા ઉપર વિનાશ સર્જે છે. એટમ બોંબનું રહસ્ય આ છે. આ અનર્ગળ શકિતને જો નાથવામાં આવે–નિયંત્રિત કરવામાં આવે–તો તે શકિતમાંથી પારાવાર ઈલેકટ્રીસીટી પેદા કરી શકાય છે અને તેનો જનકલ્યાણ માટે ઉપયોગ થઈ શકે છે. તાજેતરમાં તારાપોર ખાતે જે ન્યુકલીયર પાવર સ્ટેશન ઊભું કરવામાં આવ્યું છે તે ઉપર જણાવેલ આણવિક શકિતમાંથી–એનર્જી'માંથી–અત્યન્ત વિપુલ પ્રમાણમાં ઈલેકટ્રીસીટી પેદા કરવા માટે છે. અહિં એ પણ જણાવવું પ્રસ્તુત છે કે યુરેનિયમ ૨૩૫ના એક પાઉન્ડમાંથી ઉપર જણાવેલી રીતે એક હજાર ટન કોલસા જેટલી એનર્જી–શકિત પેદા થઈ શકે છે.

પરમાણુ–સંયોજન શું છે?

આ તો પરમાણુ વિસ્ફોટની વાત થઈ–આને અંગ્રેજીમાં 'fission' કહે છે. બૉંબ બનાવવાની બીજી પદ્ધતિ અમુક પ્રકારના પરમાણુના અમુક સંખ્યામાં સંયોજનને લગતી છે. આને અંગ્રેજીમાં 'fusion' કહે છે. હાઈડ્રોજન બૉંબ આ પદ્ધતિ મુજબ તૈયાર કરવામાં આવતો બોંબ છે. આમ હાઈડ્રોજનના ચાર પરમાણુનું સંયોજન (fusion) કરવામાં આવે છે. આ ફ્યુઝનનું પરિણામ હીલીયમ નામનું એક નવું દ્રવ્ય નિર્માણ કરવામાં આવે છે અને તે સાથે આણુવિભાજન કરતા અનેક ગણી વધારે શકિત પેદા થાય છે, જેને અમુક બૉંબમાં સંકલિત કરવામાં આવે છે અને જે એટમ બૉંબ કરતાં ઘણા વધારે મોટા પ્રમાણમાં વિનાશ સરજી શકે છે.

આ બે પદ્ધતિના અનુસંધાનમાં ધ્યાનમાં લેવા જેવી એક ખાસ બાબત એ છે કે પરમાણુ–વિભાજનથી પેદા થતી શકિતને નાથી શકાય છે, નિયંત્રિત કરી શકાય છે, જ્યારે પરમાણુ–સંયોજન દ્વારા પેદા થતી શકિતને હજુ સુધી જનતાના ઉપયોગ માટે નાથવાની શકયતા ઊભી થઈ નથી. તેનો કેવળ સંહાર માટે જ ઉપયોગ થઈ શકે છે.

પાકિસ્તાનના ઉદ્‌ભવ અંગે નવો પ્રકાશ

મુંબઈના માજી રાજ્યપાલ શ્રીપ્રકાશ જેઓ ભારતના ભાગલા થયા એ અરસામાં ભારતના પાકીસ્તાન ખાતેના સૌથી પહેલાં હાઈકમિશનર હતા તેમણે ઈ. સ. ૧૯૬૫માં પ્રગટ કરેલ 'Pakistan: Birth and Early Days' એ મથાળાનું પુસ્તક તાજેતરમાં વાંચવામાં આવતાં અને તેમાંની કેટલીક વિગતો ધ્યાનમાં લેતાં પાકિસ્તાન આપણા માથે ઠોકી બેસાડવામાં આવ્યું છે એ હકીકત છે એમ છતાં, પાકિસ્તાન ખરેખર કોઈને જોઈતું હતું ખરું ? આપણને ભારતવાસીઓને તો નહોતું જોઈતું, પણ પાકિસ્તાનના પ્રણેતા કહેવાતા કાયદે આઝમ ઝીણા અને તેના સાથીઓને પણ પાકિસ્તાન ખરેખર શું જોઈતું હતું ? એ પ્રશ્ન તેના કઠોર સ્વરૂપમાં આપણી સામે આવીને ઊભો રહે છે.

શ્રીપ્રકાશજી પોતાના પુસ્તકના ૫૪મા પાને જણાવે છે કે, "શ્રી ખુરો (જેઓ સીંધના એ વખતે ચીફ મીનીસ્ટર હતા અને ઝીણાના એક મુખ્ય અનુગામી હતા.) અને હું એક જ ગાડીમાં લાંબા અંતરો સુધી અનેકવાર સાથે મુસાફરી કરતા હતા અને મુકતપણે વાતો કરતા હતા એ દરમિયાન એક વખત તેમણે મને કહેલું કે અમારામાંથી કોઈને પણ ખરી રીતે દેશના ભાગલા અને એક અલગ પાકિસ્તાન ખપતું જ નહોતું. તેમના કહેવા મુજબ તેઓ પોતે મુસ્લીમ લીગની ખાનગીમાં ખાનગી વાટાઘાટો અને ચર્ચાઓમાં જોડાયલા હતા અને તેથી તેઓ પોતે મને શું કહી રહ્યા હતા તે વિષે તેમને પૂરો ખ્યાલ હોવો જ જોઈએ. એ દિવસોમાં જે સંયુકત ભારત હતું તેની નવરચનામાં મુસલમાનોને વધારેમાં વધારે હિસ્સો મળે એવો સોદો કરવાના ખ્યાલથી જ તે લોકો પાકિસ્તાનની માગણી કરી રહ્યા હતા. એક મહત્ત્વના અંગ્રેજી સામયિકનું પ્રતિનિધિત્વ કરતા કરાંચીમાં વસતા એક અંગ્રેજ પત્રકાર સાથેની વાતચિત દરમિયાન તેમણે જણાવેલું કે, પાકિસ્તાન સ્વીકારાયું અને સ્થપાયું–આ ઝીણાની જિંદગીમાં સૌથી વધારે આઘાતજનક ઘટના હતી. તેને ખરી રીતે પાકિસ્તાન જોઈતું જ નહોતું, અને જ્યારે તેના હાથમાં પાકિસ્તાન આવી પડયું ત્યારે શું કરવું તેની તેને ભારે મૂંઝવણ થઈ પડી હતી. પાકિસ્તાન ચલાવવું તે તેને લગભગ અશકય જેવું માલુમ પડેલું. આ જે હોય તે. મારા જીવનના એ કઠણ દિવસો દરમિયાન અનેક લોકો સાથે થયેલા તરેહ તરેહના વાર્તાલાપોમાંની કેટલીક રસપ્રદ વાતો માત્ર હું અહીં રજૂ કરી રહ્યો છું".

આ વિગતો જાણવામાં આવે છે ત્યારે પાકિસ્તાન અંગે ગાંધીજીનો કટ્ટર વિરોધ છતાં, આપણે જાણીએ છીએ તે મુજબ એ વખતના આપણા કૉંગ્રેસી નેતાઓએ–પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલે–જો પાકિસ્તાનનો સ્વીકાર નહિ કરવામાં આવે તો હિન્દુ મુસલમાનના લોહીની નદીઓ વહેશે અને અંગ્રેજ સરકાર વળી પાછી ચીટકી બેસશે એવી ભયવ્યાકુળતા નીચે અંગ્રેજ સરકારથી સતત પ્રોત્સાહિત બનતા રહેલા કાયદેઆઝમ ઝીણાની પાકિસ્તાનની માગણી સ્વીકારી લીધી હતી અને જેનો કદિ પણ છેડો નહિ આવે એવી અનર્થપરંપરાને નોતરી લીધી હતી. ઉપરની વિગતોના પ્રકાશમાં એમ વિચાર આવે છે કે આપણા નેતાઓ, પાકિસ્તાન સામેના મક્કમ વિરોધને થોડો વધારે વખત વળગી રહ્યા હોત તો, તત્કાળ ભલે જે થવાનું હોત તે થાત, પણ આજે ૨૨ વર્ષના ગાળે, આપણે હિન્દુઓ અને મુસલમાનો પરસ્પરના સ્વાર્થને સમજીને પણ શું વધારે નજિક આવ્યા ન હોત અને આજે જે આર્થિક કટોકટી દેશના માથે ઝઝૂમી રહી છે તેના સ્થાને આખું ભારત શું આબાદીના શિખરે પહોંચ્યું ન હોત અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેણે શું સર્વમાન્ય આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું ન હોત ?

પાકિસ્તાન કેમ પેદા થયું તેની તારવણી કરતાં શ્રીપ્રકાશજી અન્તમાં જણાવે છે કે "સત્તાનો મોહ અને દેશમાં અરાજકતા ફેલાવાની શકયતાનો ભય –આ બે કારણો આપણા નેતાઓનાં દિલને ઘેરી વળ્યાં અને પરિણામે તેમણે આપણી સર્વસાધારણ માતૃભૂમિના ભાગલા સ્વીકાર્યા. આ બેમાંથી કઈ લાગણી વધારે બળવાન હતી–સત્તાનો મોહ કે દેશમાં અરાજકતા ફેલાવાનો ભય – એ આજે કહેવું મુશ્કેલ છે. આમ છતાં એ હકીકત છે કે બન્ને બાજુના આગેવાનોને જાનની બાબતમાં કે મિલકતની બાબતમાં જરા પણ સહન કરવું ન પડયું, પણ આ રમતમાં સામાન્ય સ્ત્રી-પુરુષો જ લાખોની સંખ્યામાં હોમાયાં અને પાયમાલ બની બેઠાં. તેમને રાજકારણ સાથે કશી લેવાદેવા નહોતી; તેમણે કદી ભાગલાની માગણી કરી નહોતી; તેમને તો માત્ર પોતાના ઘરસંસારમાં અને પોતાના ધંધા રોજગારમાં જ રસ હતો. એમ છતાં તે એ લોકો હતા કે જેઓ બધું ખોઈ બેઠા છે. મને લાગે છે ત્યાં સુધી, ભારતના ભાગલા પડયા અને પાકિસ્તાન ઊભું થયું તેના આખરી કારણના સંદર્ભમાં આ અત્યન્ત ખેદજનક કથા છે."

પરમાનંદ

જનાબ ઝીણાના અવસાન આસપાસ છવાયેલી ગૂઢતા

(જનાબ ઝીણાએ દમદાટીથી પાકિસ્તાન મેળવ્યું તો ખરૂં પણ મેળવીને તેઓ માણી ન જ શકયા. એ તો હવે બહુ જાણીતી વાત છે કે પાછળના મહિનાઓ દરમિયાન તેમને જીભનું કેન્સર થયેલું, વાચા બંધ થઈ ગયેલી. આ હકીકત છૂપી રાખવા માટે તેમને કરાંચીથી કવેટા લઈ જવામાં આવેલા અને ત્યાં જ તેમનું મૃત્યુ થયેલું. ત્યાર બાદ તેમની બહેન તે અંગે કોઈને પણ ખબર આપ્યા સિવાય કરાંચી લઈ આવેલા અને સાંજના સમયે છૂપી રીતે તેમને ગવર્મેન્ટ હાઉસમાં પહોંચાડવામાં આવ્યા. જે સ્થાન આપણા દિલમાં ભારતની આઝાદીના પ્રણેતા તરીકે ગાંધીજીનું હતું તે જ સ્થાન મુસલાનોના દિલમાં પાકિસ્તાનના પ્રણેતા તરીકે ઝીણાનું હતું. આમ છતાં વિધિની પણ કેવી વિચિત્રતા કે જે દિવસે પાકિસ્તાનના અગ્રણીઓ ફ્રેંચ ઍમ્બેસીની કોકટેઈલ પાર્ટી માણતા હતા અને ત્યાર પછી આગળથી યોજાયેલા ભોજન સમારંભમાં ભાગ લેતા હતા તેની આગળના દિવસે કવેટા જનાબ ઝીણાનું અવસાન થઈ ચૂકયું હતું અને તેમનું શબ મૌરીપુર એરોડ્રોમથી એક સાધારણ એમ્બ્યુલન્સમાં અને પછી બીજી પણ એવી જ સાધારણ એમ્બ્યુલન્સમાં અથડાતું - પછડાતું સરકારી મુકામે પહોંચાડવામાં આવ્યું હતું અને ત્યાર બાદ પણ છ સાત કલાક સુધી ઉપેક્ષિત દશામાં તે શબ પડી રહ્યું હતું. આ વિચિત્ર ઘટનાની વિગતો ૧૯૬૫ ના જાન્યુઆરી માસમાં પ્રગટ થયેલ "Pakistan: Birth and Earty Days" એ મથાળાના, મહારાષ્ટ્રના માજી રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશજીએ લખેલા પુસ્તકમાંથી નીચે મુજબ જાણવા મળે છે. **પરમાનંદ**)

તે ૧૯૪૮ ના સપ્ટેમ્બર માસની વહેલી સવારના ચાર વાગ્યાનો સમય હશે - અને આ વખતે કરાંચી આખું અંધારામાં ડૂબેલું હતું કે જ્યારે એકાએકા ટેલીફોનની ઘંટડીઓ વાગવી શરૂ થઈ. કોનો ટેલીફોન છે તે પૂછવા હું ઊભો થયો. સરકારનો મંત્રી મને ટેલિફોન દ્વારા જણાવતો હતો "અરે સાંભળો છો કે તે ..... મરી ગયા!' તેણે વાપરેલું વિશેષણ બહુ સભ્યતાભર્યું નહોતું. "કોણ?" "અલબત્ત કાયદે આઝમ" જવાબ આવ્યો. "નહિ, નહિ! આપ ખરૂં કહો છો?" આ રીતે મેં સ્વાભાવિક વિસ્મયભર્યો જવાબ વાળ્યો. મેં વિશેષમાં કહ્યું કે "અરે, હજુ ગઈ સાંજે આપ અને હું ફ્રેંચ ઍમ્બેસીની પાર્ટીમાં સાથે હતા. આપ સર્વેએ મને ચોક્કસપણે જણાવેલું કે શ્રી ઝીણાને સારું છે, તો પછી આટલી વારમાં એવું શું બન્યું? "માત્ર પાર્ટી જ નહિ" બીજે છેડેથી જવાબ આવ્યો, "ત્યાર પછી તો અમે ભોજન સમારંભમાં પણ ગયેલા. માત્ર મધ્યરાત્રીના સમયે અમને આ મૃત્યુના ખબર મળ્યાં. તેમની પાછળ કોની નિમણૂંક કરવી તે બાબત નક્કી કરીને હું હમણાં જ ગવર્મેન્ટ હાઉસમાંથી ઘેર પાછો ફર્યો છું. દિલ્હી અહિંથી એકદમ એરોપ્લેઈન જઈ શકે અને ત્યાંથી નવા ગવર્નર - જનરલને અને બીજા મોટા માણસોને અહિં જલદીથી લાવી શકાય તે માટે મને તમારી પરમીટની જરૂર છે."

એમ બનેલું કે, નવા નિમાયેલા ખ્વાજા નઝીમુદ્દીન જેઓ એ વખતે પૂર્વ પાકિસ્તાનના મુખ્ય પ્રધાન હતા તેઓ એ દિવસોમાં કોઈ ચોક્કસ કામકાજ માટે દિલ્હી ગયા હતા. આ સેક્રેટરી - મિત્રને મારા નિવાસસ્થાને કોઈને મોકલવા જણાવ્યું અને દિલ્હી જેમ બને તેમ જલ્દિથી પહોંચી શકાય તે માટે તરત જ જરૂરી પરમીટ્સ તેને આપવાની મેં તત્પરતા દેખાડી. થોડી વારમાં જ તેનો દૂત આવ્યો. મેં પોતે જ બત્તી પેટાવી, કારણ કે એ વખતે મારો કોઈ મદદનીશ મારી પાસે નહોતો. અહિં જણાવવું જરૂરી છે કે હું મારા મકાનના પહેલા માળ ઉપર રહેતો હતો અને ભોંયતળીયે મારી ઑફિસ હતી. મારું પોતાનું રહેવાનું અને ઓફિસ - બન્ને બહુ સાદાં હતાં. આ બરોબર નથી-મારા હોદ્દા સાથે સુસંગત નથી - એમ કેટલાક મિત્રો મને કહેતા. હું હંમેશા તેમને જવાબ આપતો કે જો હું પોતે જ up to the mark - મારી પદવીને અનુરૂપ - ન હોઉં તો પછી ઠાઠમાઠ અને શોભાશણગારથી મારું કામ શી રીતે Up to the mark—મોભા અનુસાર થઈ શકવાનું છે? મેં જરૂરી પેપર્સ - કાગળિયા - હાથ ઉપર લીધા - આ કાગળિયા કોઈ પણ કટોકટી વખતે શોધવા ન પડે તે માટે મેં આગળ જણાવ્યું છે તે મુજબ હું હંમેશા હાથવગા રાખતો. અને એ કાગળિયામાં લખી શકું તે માટે જે લોકો અહિંથી જવા માગતાં હતાં તેમનાં નામ જણાવવા મેં પેલા દૂતને કહ્યું. કરાંચીથી કોણ જવાનું હતું તેની તેને ખબર નહોતી. તેથી જેઓ દિલ્હી જવા માંગતા હોય તે બધાંનાં નામ દાખલ કરી શકાય એ રીતે સત્તા આપતા કોરા કાગળ ઉપર સહી કરીને મેં તે કાગળ તેને આપ્યો. મારે નમ્રતાપૂર્વક જણાવવું જોઈએ કે પાકિસ્તાન સરકારની ઈચ્છાને બને તેટલો અનુકૂળ થવાના અને આ બાબત અંગે કોઈને કશી પણ ફરિયાદ કરવાનું કારણ ન રહે એ પ્રકારના સર્વ કોઈ પ્રયત્નો હું કરી છૂટયો.

શ્રી. ઝીણાના અવસાન આસપાસ એક પ્રકારની ગૂઢતા–રહસ્યમયતા - છવાયલી છે. તેને લગતી બધી હકીકતો હજી સુધી જાણવામાં આવી નથી અને હવે પછી જાણવામાં આવશે નહિ. આ વિષે કોઈ પણ સારો પ્રકાશ પાડી શકે તેમ હોય તો તેમની બહેન મીસ ફાતિમા ઝીણા છે. (આજે તો તે પણ હયાત નથી.) આ હકીકત પ્રગટ નહિ કરવામાં - છૂપી રાખવામાં - તેમને તેમના પોતાના હેતુઓ હોઈ શકે છે. એ તો સ્પષ્ટ જ છે કે ખરી રીતે સપ્ટેમ્બર માસની ૧૧ મીની બપોર પછીના સમયે શ્રી ઝીણા કવેટાથી કરાંચીના લશ્કરી એરપોર્ટ મૌરીપુર ખાતે ગવર્નર - જનરલના ખાસ એરોપ્લેનમાં ઊતર્યા હતાં. મીસ ફાતીમા ઝીણા તેમની સાથે હતાં. પછીથી એમ જણાવવામાં આવેલું કે તેમની સાથે કોઈ ડોકટર કે નર્સો નહોતી. આ સમાચાર સાચા હોય તો ભારે વિચિત્ર ગણાય. સાધારણ રીતે જ્યારે પણ તેઓ કરાંચી આવતા ત્યારે ડીપ્લોમેટીક કોરને વખતસર ખબર આપવામાં આવતી; અને અમે બધા સત્તાવાર રીતે તેમને આવકારવા માટે એરોડ્રોમ ઉપર વખતસર હાજર થતાં. રાજ્યના પ્રધાનો, મોટા સરકારી અમલદારો અને આમ જનતા પણ સારી સંખ્યામાં તેમનું સ્વાગત કરવા માટે હંમેશાં એરપોર્ટ ઉપર હાજર રહેતી. ડીપ્લોમેટીક કોરના સભ્યો એક લાઈનમાં ઊભા રહેતા અને તેમની રીતસર ઓળખાણ કરાવવામાં આવતી. તેમનું આગમન હંમેશા જાહેર રીતે થતું. આ વખતે તેમના આગમન વિષે કોઈને ખબર આપવામાં આવી નહોતી. મૌરીપુર ખાતે તેમને એક પ્રકારની એમ્બુલન્સ જે સારી હાલતમાં નહોતી તેમાં મૂકવામાં આવ્યા હોય એમ લાગે છે. ગવર્મેન્ટ હાઉસ તરફ આગળ વધતાં રસ્તામાં જ આ એમ્બુલન્સ કાર અટકી પડી હતી.

રેડકોસના શ્રી જમશેદ મહેતા પ્રમુખ હતા. જમશેદ મહેતા એ વખતના કરાંચીના અતિ આદરણીય અને લોકપ્રિય નાગરિક હતા. તેમના વિષે આગળ ઉપર પણ મેં ઉલ્લેખ કર્યો છે. પાછળથી તેમણે મને જણાવેલું કે એ દિવસની સાંજે તેમને સંદેશો મળેલો કે કોઈ બહુ ગંભીર માંદું છે અને તેના માટે એક રેડ - ક્રોસ વાનની ખાસ જરૂર છે. શ્રી. જમશેદ મહેતાએ મને જણાવેલું કે, શ્રી. ઝીણા માટે રેડ - ક્રોસ વાન જોઈએ છીએ એમ તેમને કહેવામાં આવેલું નહિ. નહિ તો તેઓ પોતે જ ત્યાં ગયા હોત. તેમણે વાન મોકલી, જેમાં ગોઠવીને શ્રી ઝીણાને ગવર્મેન્ટ હાઉસમાં લાવવામાં આવ્યા. આ લગભગ સાંજના સાડા પાંચ વાગ્યે બન્યું હશે. આગળ ઉપર એમ જાહેર કરવામાં આવેલું કે તેઓ સાડા સાત વાગ્યે ગુજરી ગયા હતા. પણ એ વખતે આ બાબતની કોઈને કશી જ ખબર આપવામાં આવેલી નહિ. શ્રી ઝીણાનું મૃત્યુ થવાના સમયે ચાલી રહેલ ફ્રેંચ એમ્બેસેડરની કોક - ટેઈલ પાર્ટીમાં એ વિષે કોઈ કેમ જાણતું નહોતું

એની યાદ આપીને મેં જ્યારે આગળ ઉપર નવાબઝાદા લિયાકત-અલી ખાનને આ વિષે પૂછેલું, ત્યારે તેમણે મને જણાવેલું કે કાયદે આઝમ બહુ સાદા માણસ હતા અને આવી બાબતની ધમાલ તેમને બિલકુલ પસંદ નહોતી. તેથી તેમના કરાંચી ખાતે થયેલા આગમન વિષે કોઈને ખબર આપવામાં આવી નહોતી. કેટલાકોનું એમ માનવું છે કે શ્રી ઝીણા ખરી રીતે ક્વેટામાં જ ગુજરી ગયા હતા અને તેને લગતી છેવટની ક્રિયા કરવા માટે જ તેમની બહેન તેમને કરાંચી લઈ આવ્યાં હતાં. આ ગમે તે હોય, પણ એ તો સ્પષ્ટ જ છે કે મધ્યરાત્રિ સુધી મુખ્ય પ્રધાનને કે બીજાઓને તેમના અવસાન વિષે જરા પણ ખબર આપવામાં આવી નહોતી. મુખ્ય પ્રધાનને કે બીજાઓને પાંચ કલાક સુધી શ્રી ઝીણાના પરલોકગમનની ખબર કેમ આપવામાં આવી નહોતી – આ વિષે જેને જે અનુમાન કરવું હોય તે કરી શકે છે. એમ જાણવા મળેલું છે કે નવાબઝાદા પોતે સુવાની તૈયારી કરતા હતા, ત્યારે તેમને આ સમાચાર મળ્યા, અને તેઓ એકદમ ગવર્મેન્ટ હાઉસ પહોંચી ગયા. તેમની પાછળ ગવર્નર-જનરલ તરીકે કોણ આવે તે વિષે તેમની અને અન્ય રાજકારણી આગેવાનોની સવારના ચાર વાગ્યા સુધી ચર્ચા-વિચારણા ચાલી હતી. કરાંચીમાં ઘણાના મનમાં એવી લાગણી હતી કે મીસ ફાતિમા ઝીણા પોતે જ પોતાના ભાઈની વારસદાર થવાની સૌથી વધારે હક્કદાર હતી. પણ એ વખતે જેમના હાથમાં સત્તા હતી તેમણે ખ્વાજા નઝિમુદ્દીનના પક્ષમાં નિર્ણય કર્યો.

* * *

આ રીતે એક મહત્ત્વપૂર્ણ વ્યકિતની જીવન-કારકિર્દીનો અન્ત આવ્યો. શ્રી ઝીણા દુનિયાના ઈતિહાસમાં પેદા થયેલા એવા થોડા માણસોમાંના એક હતા કે જેણે એક નવા દેશનું નિર્માણ કર્યું અને દુનિયાના નકશા ઉપર તેને સ્થાન આપ્યું. તેમના છેવટના દિવસો કમનસીબે સુખી નહોતા. તેઓ એકલવાયા બની ગયા હતા. તેમને બહુ થોડા મિત્રો હતા, કારણ કે તેઓ કોઈને પણ પોતાની સમાન લેખતા નહોતા. એક બેરિસ્ટર અને કાનૂનનિષ્ણાત તરીકે ભારતના ભાગલા પછી જે કાંઈ બન્યું તે વિષે તેમણે કદાચ ગમગીની અનુભવી હશે. પણ તેમનો અહંકાર તેમને એટલું યે કબૂલ કરવા દે તેમ નહોતો. એમ લાગે છે કે દેશના શાન્તિપૂર્વક ભાગલા પડશે એવી તેઓ આશા સેવતા હતા. તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં આટલી મોટી નાસભાગ થશે કે જ્યારે લાખો પુરુષો, સ્ત્રીઓ અને બાળકો પોતપોતાના ઘર-બારથી વિખૂટા પડી જશે અને તેના અનુસંધાનમાં આટલી બધી ખુનરેજી અને પારવિનાની હિંસા નિર્માણ થશે. જેવી ઈશ્વરની ઈચ્છા! તેઓ હવે તો પરલોક સીધાવ્યા છે. મરેલાનું ભલું ઈચ્છવા સિવાય બીજું આપણે ન ચિન્તવીએ! તેને શાન્તિ પ્રાપ્ત થાઓ!

અનુવાદક: **પરમાનંદ** મૂળ અંગ્રેજી: **શ્રી પ્રકાશ**

પૂરક નોંધ

મીસ ફાતિમા ઝીણા પોતાના ભાઈના શબને ગવર્મેન્ટ હાઉસમાં સાંજના સાડા પાંચે લગભગ લઈ આવી અને તેના મૃત્યુના ખબર તેણે તે દિવસની મધરાતના સમયે મુખ્ય પ્રધાન નવાબઝાદા લિયાકત અલીખાનને આપ્યાં. આ ગાળામાં તેણે શું કર્યું તેની કોઈને ખબર નથી. એમ છતાં શ્રી પ્રકાશના આ જ પુસ્તકમાં ૧૨૪મા પાને ઝીણા ગુજરી ગયાના બે કે ત્રણ દિવસ બાદ નવા ગવર્નર જનરલ તરીકે ખ્વાજા નાઝિમુદ્દીનની સોગંદવિધિના પ્રસંગે ગવર્મેન્ટ હાઉસમાં જવાનો શ્રી પ્રકાશજી માટે પ્રસંગ ઊભો થયેલો. તે પ્રસંગનું વર્ણન કરતાં શ્રી પ્રકાશ જણાવે છે કે: "ગવર્મેન્ટ હાઉસ તદ્દન બદલાયેલું લાગ્યું. ઝીણાના ભભકાભર્યા ડ્રોઈંગ રૂમમાંથી કાર્પેટો અને કર્ટનો–જાજમો અને પડદાઓ–અદૃષ્ય થઈ ગયા હતા અને બેસવા માટે ભાગ્યે જ એક ખુરશી નજરે પડતી હતી."

ઉપરની સમસ્યાનો પછી આપેલી હકીકતમાંથી જવાબ મળી રહે છે. –પરમાનંદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ અંગે શ્રી કાન્તિલાલ બરોડિયાનાં સૂચનો

(તા. ૨૧-૬-૬૯ ના રોજ મહેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભાનો તા. ૧-૭-૬૯ના 'પ્રબુદ્ધ જીવન' માં વૃત્તાન્ત પ્રગટ કરવામાં આવ્યો છે. તે સભામાં શ્રી કાન્તીલાલ બડોડિયાએ જે વિચારો રજુ કરેલા તેનો ટૂંકો ઉલ્લેખ તે વૃત્તાન્તમાં છે. શ્રી કાન્તિલાલ બરોડિયા ઈચ્છે છે કે તેમણે તે સભામાં રજુ કરેલા વિચારો સંઘની સભ્યોના જાણ ખાતર 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થવા જોઈએ અને તે આશયથી તેને લગતી રજુઆત તેમણે એક પત્ર દ્વારા લખી મોકલી છે તે રજુઆત નીચે છે. તંત્રી)

"વસન્ત વ્યાખ્યાનમાળા અંગે મેં તો મારા બે ત્રણ ટૂચક વિચારો દર્શાવ્યા હતા. (આલોચના બહુ ભારે શબ્દ છે.) રાજકારણના વિષયમાં આપણા પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનાં વ્યાખ્યાનો આપણે યોજીએ છીએ તેનો વિશાળ શ્રોતાવર્ગ લાભ લે તેવો પ્રબંધ થવો જોઈએ એમ કહી, બીજી વિશિષ્ટ વ્યકિતઓને પણ બોલવાવી જોઈએ એમ મેં સૂચવ્યું હતું. રાજકારણ ઉપરાંત, અર્થશાસ્ત્ર, ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક વિષયો ઉપર પણ ચર્ચા-વ્યાખ્યાનો રાખવાનું મારું સૂચન હતું. આ બાબતમાં શ્રી પરમાનંદભાઈ જેવા પીઢ વિચારક પાસેથી ઘણા નવા વિચારોની આશા રાખી શકાય ને તેમણે આ પ્રમાણે કરવું જોઈએ એવું મારું સૂચન હતું. શ્રી. પરમાનંદભાઈની વધતી જતી ઉંમર તથા તંત્રીપદનો બોજો જોતાં ભવિષ્યમાં પણ 'પ્રબુદ્ધ જીવન' સરળતાથી ને સરળ રીતે ઉચ્ચ ધોરણ જાળવી આગળ ધપે તે માટે તેમના તંત્રીપણા નીચે એક સંપાદન મંડળ હોવું જોઈએ એવું પણ મારું સૂચન હતું. આજના લગ્નજીવન, સામાજિક જીવન ને વ્યકિતગત જીવનના અનેક નાજુક સવાલો ઉપર માર્ગદર્શન આપી શકાય તો તેવું કાંઈક વિચારવા મેં શ્રી. પરમાનંદભાઈને મેં વિનંતિ કરી હતી અને 'Marriage counsulting service' જેવું વિચારવા સૂચના કરી હતી. છેલ્લે, બીજા કાર્યક્રમો ગોઠવવા સાથે સભાસદોનું get together–સહમિલન'–યોજવા પણ મેં સૂચવ્યું હતું, જેથી સભાસદો ને તેમના કુટુંબીજનો છૂટથી હળે મળે, ને અરસપરસ પરિચય વધારે, જેથી સંઘની પ્રગતિને લાભ થાય."

કાન્તિલાલ બરોડિયા

ભૂલ-સુધાર

(૧) 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પાના ૫૬ ઉપર 'ચૂંટણીનું પરિણામ' એ મથાળા નીચે નામો છપાયાં છે તેમાં નં. ૧૭ અને નં. ૧૯ બન્નેની સામે શ્રી ભગવાનદાસ સી. શાહ એમ શરતચૂકથી છપાયું છે, તેને બદલે નં. ૧૭ ની સામે ભગવાનદાસ પી. શાહ એમ સુધારીને વાંચવું.

(૨) પાના ૫૫ ઉપર બીજી કોલમને છેડે, જ્યાં વાર્ષિક રીપોર્ટ પૂરો થાય છે. ત્યાં 'મંત્રાઓ, મુંબઈ જૈન યુવક સંઘ' એમ છપાયું છે તેને બદલે 'મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ' એમ સુધારીને વાંચવું. તંત્રી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટસ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૭

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧, ૧૯૬૯, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

કુંડલિની યોગ

(અમે સંઘના કેટલાક સભ્યો સહકુટુંબ સાતઆઠ મહિના પહેલાં એક દિવસ ઊતરતા પહોરે વજ્રેશ્વરીના પર્યટન ઉપર ગયેલાં. અને બીજે દિવસે સવારે વજ્રેશ્વરીની બાજુએ આવેલ ગણેશપુરી ગયા હતા. તેની બાજુમાં સ્વર્ગસ્થ સ્વામી નિત્યાનંદજીના સ્મરણમાં એક મોટો આશ્રમ ઊભો કરવામાં આવ્યો છે અને તેના મુખ્ય સંચાલક રથાને સ્વામી મુક્તાનંદજી છે.

મારા સ્વર્ગસ્થ મિત્ર શ્રી દલપતરામ ત્રિવેદીનાં પુત્રી કુમારી પ્રતિભાબહેન એમ. એ. થયા બાદ કેટલોક સમય ભવન્સ કૉલેજમાં અધ્યાપિકા તરીકે તત્ત્વજ્ઞાનનો વિષય શિખવતાં હતાં. છેલ્લાં પાંચ છ વર્ષથી તેઓ ગણેશપુરીમાં રહે છે અને હાલ કેટલાક સમયથી ઉપર જણાવેલ આશ્રમમાં વસે છે અને એક સંન્યાસીનીનું જીવન ગાળે છે. અમે ગણેશપુરી ગયા ત્યારે બાજુએ વહેતી નદીમાં સ્નાન પછી નાસ્તો વગેરે પતાવીને પાછા ફરતાં ઉપર જણાવેલ આશ્રમ જોવા અમે રોકાયેલા હતા અને ત્યાં વસતા પ્રતિભાબહેનને પણ એ જ પ્રસંગે મળવાનું બન્યું હતું. તે વખતે તેમણે 'કુંડલિની યોગ' ઉપર લખેલાં અંગ્રેજી લેખની એક નકલ અમને આપી હતી. તેનો સૌ. શારદાબહેન શાહે કરી આપેલો ગુજરાતી અનુવાદ નીચે પ્રગટ કરતાં હું પ્રસન્નતા અનુભવું છું.

આ વિષય ઉપરનો લેખ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલો જોઈને કેટલાકને આશ્ચર્ય થશે. મને પોતાને યોગને લગતો કોઈ અભ્યાસ નથી. આ લેખમાંના કેટલાંક વિધાનો ઘણાંને અસ્વીકાર્ય લાગવા સંભવ છે. પ્રસ્તુત લેખમાં આવી બાબતમાં ગુરુના મહત્ત્વ વિષેના અને તેમાં પણ શ્રી મુક્તાનંદજી સ્વામી વિષેના અસાધારણ આદરભર્યા ઉલ્લેખો પણ કેટલાકના દિલમાં એવો જ ભાવ પેદા કરે એવો સંભવ છે. આમ છતાં કુંડલિનીયોગ વિષે તે તરફ વળેલા મુમુક્ષુઓ શું ધારે છે તેનો આ લેખ વાંચવાથી પ્રબુદ્ધ જીવનના વાચકોને ખ્યાલ આવશે. અને એ પણ આપણે સ્વીકારવું અથવા તો સમજી લેવું રહ્યું કે આવા વિષયને લગતી સાધના તરફ આગળ વધવા ઈચ્છનારને તે વિષયના નિષ્ણાત અનુભવી ગુરુની મદદ લેવાની જરૂર રહેશે જ. આવા કેટલાક ખ્યાલપૂર્વક પ્રસ્તુત લેખને 'પ્રબુદ્ધ જીવન'માં હું પ્રગટ કરવા પ્રેરાયો છું. **પરમાનંદ**)

મુણ્ડક ઉપનિષદમાં વિદ્યાના બે પ્રકારો ગણાવવામાં આવ્યા છે; એક પરા (જીવાત્મા સંબંધી) અને બીજી અપરા (ભૌતિક જગત સંબંધી). પરા એ સર્વશ્રેષ્ઠ વિદ્યા હોઈ માણસને તેની પ્રકૃતિની સામાન્ય મર્યાદાઓ અને ધર્મોથી મુક્ત કરી દિવ્યતા તરફ લઈ જાય છે. પરા સિવાયની બીજી બધી વિદ્યા આ ભૌતિક જગતની માહિતી આપી માણસને દુન્યવી જીવન જીવવામાં સહાય કરે છે. ઉપનિષદ કહે છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રખર બુદ્ધિમત્તા કે વિદ્વત્તા હોવી જ જોઈએ એવું કાંઈ નથી. દિવ્યશક્તિની કૃપા જ્યારે થાય છે ત્યારે તે માનવપ્રકૃતિનાં બધા જ જડ અને નિમ્ન અંશોનું સમૂળું રૂપાંતર કરી તેને સત્યના પૂર્ણ પ્રકાશ ભણી લઈ જાય છે. આ સાધના કરવા માટે કોઈ સિદ્ધ ગુરુનું માર્ગદર્શન હોવું જરૂરી છે. શ્વેતાશ્વતર ઉપનિષદ કહે છે કે જે સાધક પ્રભુ જેટલી જ ગુરુ પ્રત્યે શ્રદ્ધા ને ભક્તિ રાખી શકે છે તે જ આધ્યાત્મિક પ્રગતિ કરી શકે છે.

આત્મજ્ઞાન એ પુસ્તકોમાંથી કે કોઈની પાસેથી સાંભળીને મેળવી શકાય એવી વિદ્યા નથી. એ વ્યક્તિની અંગત અનુભૂતિ હોઈ શબ્દોથી સમજાવી શકાતી નથી, પરંતુ પોતાની યૌગિક શક્તિથી બીજાની સુષુપ્ત દશામાં પડેલી શક્તિને જાગૃત કરી શકાય છે. અગ્નિ અગ્નિને પ્રગટાવે કે દીવો દીવાને પેટાવે તેના જેવી આ ક્રિયા છે. ગુરુ પોતાના સામર્થ્યથી શિષ્યની પ્રચ્છન્ન શક્તિને જાગૃત કરી ક્રિયાશીલ બનાવે તેને યોગમાં કુંડલિનીની જાગૃતિ કહેવામાં આવે છે.

કુંડલિની એ મહાશક્તિ, દિવ્ય સત્તા છે. એ જ ચિત્તિ, પરમચેતના, પરમજ્ઞાન અને પરમસત્ય છે. પોતાની ઈચ્છાથી તે આ વિશ્વનું સર્જન કરી, તેમાં વ્યાપીને રહે છે. જગતમાં જે કાંઈ છે તે બધું જ તેનો આવિર્ભાવ છે. પ્રત્યાભિજ્ઞાહૃદય નામના કાશ્મીરી શૈવ સંપ્રદાયના લઘુનિબંધનાં ત્રણ સૂત્રો આ પ્રમાણે છે: चित्तिः स्वतंत्रा विश्वसिद्धिहेतुः (આ શક્તિ તે આ જગતના અસ્તિત્વનું મૂળ છે); स्वेच्छया स्वभितौ विश्वमुन्मीलयति (પોતાની સ્વતંત્ર શક્તિથી તે આવિર્ભાવ પામે છે): तन्नाना अनुरूप ग्राह्यग्राहकभेदात् (અનુરૂપ ગ્રાહ્ય ગ્રાહકના ભેદથી તે અનેક રૂપ ધારણ કરે છે.) આ શક્તિ વિશ્વના સફળ સંચાલન માટે જુદા જુદા રંગ, રૂપ, આકારમાં પોતાનો આવિર્ભાવ કરે છે. આ આખું જગત એ તેની લીલા છે, ક્રીડા છે, જેના સર્જન પાછળ કોઈ જ ઉદ્દેશ નથી, કોઈ જ કારણ નથી. સતત પરિવર્તનશીલ એવા જગતમાં તે અખંડ, અનંત અને સર્વવ્યાપી તત્વ છે.

આ ચિત્તિ કાં તો સક્રિય હોય છે અથવા તો સ્થિર નિષ્ક્રિય અવસ્થામાં હોય છે. સક્રિયાવસ્થામાં તે આ વિશ્વનું સર્જન કરી તેનું સંચાલન કરે છે અને નિષ્ક્રિયાવસ્થામાં, જે પરમાત્માની તે શક્તિ છે તે શિવમાં અનંતમાં ભળી જાય છે. વિશ્વનું સર્જન કરનારી આ જ શક્તિ માનવદેહમાં કુંડલિની તરીકે આવેલી છે. જ્યારે ભોગાસક્ત માનવીની ચેતના બહિર્મુખ હોય છે ત્યારે આ શક્તિ ગૂંચળું વળીને અંદર પડી રહે છે, પરંતુ આ સંસારની અસારતા અને અનિત્યતા સમજી માણસ જ્યારે અંતર્મુખ બની સત્યની ખોજ આદરે છે ત્યારે આ શક્તિ જાગૃત થઈ તેને પૂર્ણતા તરફ દોરી જાય છે. જીવનનાં અંતિમ સત્યોને પામવા તે સાધકને તૈયાર કરે છે. આ અવસ્થામાં એક દિવ્યકૃપા અને બીજું ઉચ્ચ જ્ઞાનની અનુભૂતિ સાધકને થાય છે. The Serpent Powerમાં સર જૉન વૂડરોફ લખે છે, "જ્યારે કુંડલિની સુષુપ્તાવસ્થામાં હોય છે ત્યારે મનુષ્ય જાગતો (સંસારમાં આસક્ત) હોય છે, અને જ્યારે કુંડલિની જાગૃત હોય છે ત્યારે મનુષ્ય સુષુપ્તદશામાં (સંસાર-

માં અનાસકત) હોય છે. ભગવદ્ ગીતા પણ એ જ કહે છે; "જે (આત્મજ્ઞાન) સઘળાં પ્રાણીઓ માટે રાત્રીરૂપ છે તેમાં યોગી પુરુષ જાગે છે; જે (સંસાર)માં સઘળાં પ્રાણીઓ જાગે છે તે (સંસાર) તત્વને જાણનાર મુનિને રાત્રીરૂપ છે."

તંત્રમાં જણાવ્યા પ્રમાણે કુંડલિની કરોડરજ્જુના છેડે મૂલાધાર-ચક્રના પ્રદેશમાં આવેલી છે. જ્યારે તે જાગૃત થાય છે ત્યારે સુષુમ્ણા નાડીના દ્વાર પાસે આવેલા પોતાના મુખને ઊંચું કરી, એ દ્વારમાં થઈ, છ ચક્રોના પ્રદેશને વીંધી મસ્તક પર આવેલા સહસ્ત્રદલ ચક્રમાં પહોંચી પરમતત્વ સાથે ઐકય સાધે છે. આ દશાની પ્રાપ્તિ થતાં સાધક ગહન શાન્તિ અને પરમ આનંદનો અનુભવ કરે છે. કુંડલિની જાગૃત કરી આખા આધારને ખોલીને ઊર્ધ્વચેતના સાથે તાદાત્મ્ય સાધવાની જે યૌગિક પ્રક્રિયા છે તેને કુંડલિની-યોગ કહેવામાં આવે છે.

કુંડલિની ત્રણ રીતે જાગૃત કરી શકાય છે. (૧) પ્રાણાયામ, ધ્યાન, મંત્રજાપ, આસન, ચક્રો પર એકાગ્રતા, અનન્યભકિત આદિ યૌગિક ક્રિયાઓ દ્વારા (૨) સિદ્ધ ગુરુની કૃપા મેળવીને (૩) પૂર્વ-જન્મની અપૂર્ણ સાધનાને કારણે કુંડલિની એકાએક જાગૃત થઈ વ્યકિતને યોગમાર્ગ તરફ લઈ જાય છે. જો કે આ પ્રકારના દાખલા જવલ્લે જ જોવા મળે છે. જાગૃતિના આ ત્રણ માર્ગોને ભૌતિક સંપત્તિ પ્રાપ્ત કરવાના નીચેના ત્રણ માર્ગો સાથે આ રીતે સરખાવી શકાય: ઘણા વર્ષોના સતત પુરુષાર્થ પછી માણસનું ભાગ્ય ઉઘડે છે અને તે સંપત્તિ પ્રાપ્ત કરે છે અથવા કોઈ એવી વ્યકિતનો તેને એકાએક ભેટો થઈ જાય છે જે તેની ધનપ્રાપ્તિનું નિમિત્ત બને છે અથવા નસીબ આડેથી જેમ પાંદડું ખસી જાય તેમ તદ્દન અણધારી રીતે માણસને ધનની પ્રાપ્તિ થાય છે.

પોતે સર્વોપરી સત્તા હોવા છતાં પણ, કોઈ પણ રીતથી કુંડલિની-ને જાગૃત કર્યા પછી પણ, તેનું કાર્ય સાધનામાં સંપૂર્ણ અને શિસ્તબદ્ધ રહે એ માટે ગુરુની દોરવણી મળવી જરૂરી છે. આ માર્ગનો પ્રવાસ જેણે સફળતાપૂર્વક ખેડયો હોય તેવો પૂર્ણયોગી જ સાચો ગુરુ બની શકે છે. પૂર્ણ ગુરુ પોતાની પ્રખર તપશકિતથી શિષ્યના માર્ગમાં નડતા અંતરાયોને દૂર કરી તેના આંતર અને બાહ્ય જીવન વચ્ચે સંવાદિતા લાવી શકે છે.

ગુરુના આદેશ નીચે રહી કુંડલિની યોગ કઈ રીતે થઈ શકે એ જ અહીં મુખ્ય કહેવાનું છે. અનેક સાધના - પદ્ધતિઓમાં ગુરુકૃપા મેળવી કુંડલિની જાગૃત કરવી એ સૌથી સરળ અને સલા-મત માર્ગ છે. જેને આધ્યાત્મિકતાની તીવ્ર જિજ્ઞાસા અને ઝંખના છે એવો શિષ્ય ગુરુકૃપા સહેલાઈથી મેળવી આ માર્ગ પર દઢતાપૂર્વક આગળ વધી શકે છે, ને તેનામાં રહેલી બધી જ ગુપ્ત શકિતઓ ક્રમે ક્રમે જાગૃત થઈ ક્રિયાશીલ બને છે. ગુરુની અંદરથી જ એક Emanation (પ્રાદુર્ભાવ) એટલે કે એમની દિવ્ય સત્તા તથા ચૈતન્યનો અંશ પ્રતિનિધિરૂપ બનીને, શિષ્યની શકિતને જાગૃત કરી, તેને ગતિમાન બનાવવા શિષ્યમાં આવતો હોય છે. આને શકિત-પાત કહેવાય છે. એક દીવો બીજા દીવાને પ્રગટાવે તેમ એક સમર્થ શકિત બીજી સુષુપ્ત શકિતને જાગૃત કરે છે. ગુરુ ચાર રીતથી આ ક્રિયા કરે છે. સ્પર્શથી, વાણીથી, દષ્ટિથી અથવા વિચારબળથી. ત્યાર પછી ગુરુનું વ્યકિતત્વ શિષ્યમાં પ્રતિકૃતિ યા પ્રતિનિધિરૂપ બનીને રહે છે અને બંને વચ્ચે અદ્વૈત સ્થપાય છે.

કુંડલિની જાગૃત થતાં નાડીશુદ્ધિ આપોઆપ થવા લાગે છે અને આ ગાળા દરમ્યાન સાધકને આશ્ચર્યજનક ચમત્કારિક અનુભવો થાય છે. જાગૃત થયેલી કુંડલિની શકિત પ્રાણતત્વ (Vital) સાથે આરોહણ કરે છે ત્યારે ચેતનાનાં ચક્રો ખુલ્લાં થવા માંડે છે અને એ દરેક ચક્રના મનોવૈજ્ઞાનિક ગુણધર્મ પ્રમાણે યૌગિક શકિત તેના પર કાર્ય કરે છે. ધ્યાન દરમ્યાન આ ચક્રો કમળો તરીકે દેખાય છે અને દરેક કમળની પાંદડીઓની સંખ્યા અલગ અલગ રહે છે. સ્થૂલ અને સૂક્ષ્મ ભૂમિકા પર સાધકને અસાધરણ સાક્ષાત્કારો થાય છે.

સ્થૂલ અનુભૂતિમાં સાધકને શરીરમાં ધ્રૂજારી થવી, વિદ્યુત્-પ્રવાહ જેવી ઝણઝણાટી લાગવી, આનંદસંચાર થવો, પરસીનો થવો, આંસુ આવવાં, હૃદય પર ભાર લાગવો, મૂલાધાર અને બીજા પ્રદેશોમાં શૂળ જેવી પીડા ઉપડવી, શરીરે ખંજવાળ આવવી, દિવાલ જેવી મજબૂત વસ્તુને તોડી પાડવા જેટલી શારીરિક તાકાતનો ભરાવો લાગવો, કરોડરજ્જુની ઉપર નીચે સાપ ચાલતો હોય કે શરીર પર કીડીઓ ફરતી હોય તેવો સળવળાટ અનુભવવો, ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા, આળસ ને નબળાઈ અનુભવવી, ઊંઘ ઓછી થવી, આહારમાં વધઘટ થવી વગેરે અનુભવો થાય છે. યૌગિક આસનો, પ્રાણાયામ, મુદ્રા જેવી ક્રિયાઓની જાણકારી ન હોવા છતાં સાધક એ બરાબર કરવા લાગે છે. કેટલીક વાર સાધક તદન વિચિત્ર રીતે વર્તે છે. કોઈ વાર ક્રોધથી ભભૂકી ઊઠે છે તો કોઈ વાર ઊંડી ગમગીનીમાં ડૂબી જાય છે. હર્ષાવેશમાં આવી જઈ કોઈ વાર ગાવા, નાચવા અને હસવા પણ લાગે છે.

સૂક્ષ્મ સાક્ષાત્કારોમાં સાધકને દેવદેવીઓ કે મહાન આત્માઓનું દર્શન થઈ તેમના તરફથી સૂચનો મળે છે. શંખ, ઘંટ, બંસી, ઢોલના નાદ તથા અંદરથી મંત્રોચ્ચાર સંભળાય છે. વાતા-વરણમાં સુગંધ આવે છે. જીભ જુદા જુદા સ્વાદનો અનુભવ કરે છે. પ્રકાશ, અગ્નિ, જ્વાળા, વાદળી રંગનાં વર્તુળ, સૂર્ય, ચન્દ્ર, તારા, સાગર તથા પર્વતોનાં મનોરમ દશ્યો દેખાય છે, તો કોઈવાર પોતાનું જ મૃત્યુ, પૂર્વજન્મની ઘટનાઓ, સર્પ તથા શિવલિંગનાં દર્શન થાય છે. કોઈવાર ઉચ્ચ કલાત્મક સર્જનની પ્રેરણા થાય છે તો કેટલીક વાર ભયંકર બિહામણાં સ્વપ્નો અને દશ્યો પણ દેખાય છે. ઘણીવાર સાધકને કાંઈ કામ કરવું કે બીજાઓ સાથે બોલવું ચાલવું કશું જ ગમતું નથી. પોતાના જીવનનું સંચાલન કરતી એ પરાત્પર શકિત સાધકને ચેતનાના અજ્ઞાત પ્રદેશો ભણી લઈ જાય છે ત્યારે સાધકનું બાહ્ય વલણ મૂક બની જઈ આંતરશકિત સાથે ઐકયનો આનંદ અનુભવે છે.

ઉપરોકત અનુભવો પછી સાધકને સ્ફૂર્તિ, તાજગી અને પ્રસન્નતા જણાય છે. વધુ પ્રગતિ માટે તેણે ગુરુની દોરવણીમાં શ્રદ્ધા રાખી દિવ્યશકિતના કાર્યને કેવળ એક સાક્ષી બનીને જ નિહાળવાનું છે. પોતાને થતી કોઈ પણ અનુભૂતિથી ભયભીત થવાનું નથી તેમ જ કોઈ પણ પ્રકારની ચિંતા પણ કરવાની નથી. આવા વલણથી એ શકિતના કાર્યમાં વિક્ષેપ પડે છે. આખા બ્રહ્માંડ પર આધિપત્ય ભોગવતી આ મહાશકિત (Supreme power) પોતાને શું કરવાનું છે તે બરાબર જાણે છે. સાધકે સમજી લેવું ઘટે કે માનવદેહમાં થઈ રહેલા રૂપાંતરનું આ વિરાટ કાર્ય એ કોઈ શરીરશાસ્ત્ર (Physiology) કે શરીરવિદ્યા (Anatomy) નો વિષય નથી કે જેને નિયમો અને વ્યાખ્યાઓમાં બાંધી શકાય.

વળી એ પણ સમજી લેવાનું છે કે દરેકને એક સરખી અનુ-ભૂતિ થાય છે કે થવી જોઈએ એમ પણ નથી. સાધકની પ્રકૃતિ, યોગ્યતા અને આવશ્યકતા પ્રમાણે સાક્ષાત્કારો થાય છે. કેટલાક સાધકોને ઘણા લાંબા ગાળા સુધી આવા અનુભવો નથી થતા અથવા બિલકુલ પણ નથી થતા; અને છતાં યે સાધક શાન્તિ, વિશુદ્ધ આનંદ, જ્ઞાન, ધૈર્ય અને સમતુલા પ્રાપ્ત કરી ઊર્ધ્વની આ મહાયાત્રામાં આગળ ડગ માંડતો જ રહે છે. ગુરુના માર્ગદર્શનમાં તથા અગોચર રહી કાર્ય કરી રહેલી શકિતમાં સાધકે અવિચલ શ્રદ્ધા ને વિશ્વાસ રાખવાના છે. સાધનામાં આ ખૂબ ખૂબ મહત્ત્વની ને પાયાની વસ્તુઓ છે, જેના પર જ એક નવજીવનનું નિર્માણ થાય છે.

અનુવાદક: મૂળ અંગ્રેજી :
સૌ. શારદાબહેન શાહ અપૂર્ણ **પ્રતિભાબહેન ત્રિવેદી**

ગાંધીભકત નેહરૂ

(મે માસની આખરમાં ઑલ ઈન્ડિયા આકાશવાણી મુંબઈ મારફત રજૂ કરવામાં આવેલો વાર્તાલાપ.)

(૧) ગાંધીયુગ ક્રાંતિયુગ હતો. રાષ્ટ્રવાદનો જોરદાર પ્રવાહ તેની તાણમાં કેટલુંય ધસડી જઈ રહ્યો હતો. આ પૂરને સીમા ન હતી. તેની ઘુમરીઓની વચમાં ખેંચાતી વ્યકિતઓ, નાની હોય કે મોટી, ગાંધીના માણસ તરીકે ઓળખાતી અને આ બધી ભકિતભાવથી ગાંધીજીનું અનુસરણ કરતી હતી.

(૨) ગાંધીજી ભારતીય ગ્રામીણ સમાજને તેની જુગજૂની નિદ્રામાંથી જાગૃત કરવા જન્મ્યા હતા. ગાંધીભકતોનો એક વિશાળ સમૂહ હતો. ઉઘાડા પગ, બરછટ જાડા પાણકોરાં કહેતાં ખાદીનું ગોઠણ સુધીનું પંચીયું, કોણી સુધીની બાંયનું બાંડિયું પહેરણ, મહીના –બે મહીના–સુધી હજામતની રાહ જોતી દાઢી, હાથમાં રેંટીયો, બગલમાં થેલી, થેલીમાં આશ્રમ ભજનાવલી, ગીતા અને રોજનીશી–આ પ્રકારના ગાંધી ભકતોનાં લક્ષણો ગણાતાં. લોકોમાં તેની અકિંચન સેવક તરીકેની છાપ હતી. સત્તાથી દુભાયેલો, મુંઝાયેલો, પરેશાન થયેલો માણસ તેને હકીમવૈદ્ય સમજતો. તેની પાસે ઈલાજને માટે ચાલી જતો. પટવારીથી માંડી કલેકટર સુધી આ લોકસેવક પહોંચે. કેટલું કેળવાયેલો છે તેની તેના પોતાના મનમાં પણ ફીકર ન હતી. લોકોને માટે કેટલા પગ ઘસે છે તેટલું તેને માટે પૂરતું હતું.

(૩) એક બીજા પ્રકારનો પણ ગાંધી ભકત હતો. જે આ પ્રકારનો પહેરવેશ ધારણ કરે કે ન કરે, પટવારીથી કલેકટર સુધી પગ ઘસે કે ન ઘસે, પણ એ ગાંધીજીની વાતોનું ઉંડાણથી ચિંતન કરે, પોતાના જીવનમાં ઉતારવાની કોશિષ કરે અને નાનામોટા ગાંધીસેવકોને તેમની મુંઝવણમાં સહાયતા કરે. આવી અધિકૃત ગાંધીભકત વ્યકિતઓ ચિંતકની કક્ષામાં પણ ગણી શકાય, ગાંધી વિચારધારાના રિસર્ચ વર્કર્સની કક્ષામાં પણ તેમને મૂકી શકાય, અને નવા સમાજના આયોજકોની કક્ષામાં પણ મૂકી શકાય. વિનોબાજી, કાકાસાહેબ, ઠક્કરબાપા, રાજેન્દ્રબાબુ, ઝાકીરસાહેબ, કિશોરલાલભાઈ, સતીશબાબુ, આ બધા ગાંધી જીવનશાસ્ત્રના પ્રયોગવીરો હતા.

(૪) ગાંધી ભકતોનો એક ત્રીજો સમૂહ હતો, જેમને ભારતની ગુલામી, ગરીબી, અજ્ઞાનતા–આ બધું સાલતાં હતાં. તેમની પાસે સમાજ રચનાનો સ્વતંત્ર કાર્યક્રમ ન હતો. તેઓ પ્રેગ્‌મેટીસ્ટ–વ્યવહારદક્ષ માણસો હતા. ભારતીય સમાજજીવનની ખૂબીઓ અને ખામીઓ બંનેની તેમનામાં ઊંડી સમજ હતી. અથાગ વ્યવહારિક ડહાપણ વડે તેમણે સમજી લીધું હતું કે ગાંધીજી ભારતીય સમાજનાં કિસ્મતનું સલામત માધ્યમ છે; ભારતનો "મેન ઓફ ડેસ્ટીની" છે. પોતાની સર્વશકિતથી તેનો માર્ગ સરળ બનાવવામાં–તેને સહાયભૂત બનાવવામાં–પોતાને કૃત્યકૃત્ય સમજતા હતા. રાજાજી, સરદાર વલ્લભભાઈ પટેલ આ ત્રીજા પ્રકારનાં ગાંધીભકત હતા.

(૫) ગાંધી ભકતોનો એક ચોથો સમુદાય હતો. તેઓ જરાપણ ઉત્સુક ન હતા કે લોકો તેમને ગાંધીભકત ગણે કે ન ગણે. સમાજજીવન વિશેની તેમની એક આગવી દૃષ્ટિ હતી. અધ્યયન, ચિંતન અને મનનથી તેમણે તેને કસી કસીને પોતાની બનાવી હતી. આમ છતાં પણ ગાંધી વિચારમાં જે શીલ અને અહિંસાનું ઉન્નત તત્વ હતું – માનવ માનવ વચ્ચેના સંબંધ આ તત્વને આધારે રચાય તો માનવ જીવન પ્રગતિશીલ પણ બને અને સાથે સાથે સર્વ રીતે ઉન્નત પણ બને તે સમજી શકવા જેટલી તેમનામાં તટસ્થતા હતી. ગાંધીજીના વ્યકિતત્વની ચમત્કારીક અસર સમાજ ઉપર થઈ રહી હતી તેનાથી ઈર્ષ્યાથી બળી મરવાને બદલે સાગરમાં બિન્દુ બની એકરસ થઈ જવાની તેમનામાં નમ્રતા હતી. આ ગાંધીભકતોનો સમૂહ હતો તો નાનો, પણ રસોઈને ચટકદાર બનાવતો હતો. આવા ગાંધીભકતોમાં ચાર નામ સામે આવે છે: રવિબાબુ, એન્ડ્રુઝ, ડૉ. રાધાકૃષ્ણન્ અને જવાહરલાલ નેહરૂ.

(૬) ગાંધીજીનું વિશિષ્ટ વ્યકિતત્વ વ્યકિતગત ભકિતની આશા રાખતું ન હતું. ગાંધીજીની સેવકો પાસે માંગ એક અર્થમાં નાનીસૂની હતી; એક અર્થમાં સર્વસ્વની હતી. ગાંધીજીની અપેક્ષા હતી જનસેવક પોતાના જીવનની કિંમત આંકતા શીખે. ક્ષુલ્લક વસ્તુઓ પાછળ ગુમાવાતું જીવન સ્વપ્ન દશામાં ગમે તેટલું ઉજ્જવલ હોય કે કલ્પનાના ક્ષેત્રે ગમે તેટલું જ્ઞાન વૈભવથી ભરેલું હોય, પણ તેના વાસ્તવિક અર્થમાં ક્ષુલ્લક બની રહેશે. ગાંધીજીનો પડકાર હતો "ભારતીય સમાજ અને વ્યકિત પોતાનું મૂલ્ય મુકરર કરે, ક્ષુલ્લક જીવન અને ઉન્નત જીવન વચ્ચેનો ભેદ સમજે અને ઉન્નત જીવનને માટે જે કંઈ કિંમત આપવાનું નસીબે આવે તે હસતાં હસતાં ચૂકવે". ગાંધીભકિતની આ પારાશીશી હતી. જવાહરલાલ નેહરૂ તેવા ઉન્નત જીવનને ખાતર સર્વસ્વ હોમવાને તૈયાર બનેલ ભકત હતા. તેથી ગાંધીજીને પ્યારા હતા.

(૭) રામનારાયણ ચૌધરી જવાહરલાલજીના મંત્રી હતા. તેમણે જવાહરના શબ્દોમાં જવાહરલાલજીને ઉતાર્યા છે. જવાહરલાલજીને ચૌધરીજી એક સવાલ પૂછે છે, "તમારો અને ગાંધીજીનો સંબંધ તેના અનુયાયીનો હતો, પિતા પુત્રનો હતો કે ગુરુ શિષ્યનો હતો?" પંડિતજી જવાબ આપે છે "તેઓ મારા નેતા તો હતા. હું તેમનો અનુયાયી તો હતો; પણ તેઓ મારા ગુરુ હતા અને હું તેમનો શિષ્ય હતો તેવો ઉલ્લેખ બરાબર નહિ થાય. તેમ છતાં અનુયાયી કે નેતાની વ્યાખ્યાથી ઉપર એવો કંઈક વિશેષ સંબંધ હતો. કહો કે કંઈક અંશમાં અમારો પિતા પુત્રનો સંબંધ હતો." અને પછી એક જગ્યાએ ઉમેરે છે "મારું હૃદય ગાંધીજી સાથે હતું અને ઘણે અંશે બુદ્ધિ પણ તેમની સાથે હતી."

ભકતમાં શ્રદ્ધાનું તત્વ અધિક હોય છે. પંડિતજીમાં બાપુ વિશેની શ્રદ્ધા અને બાપુમાં પંડિતજી પ્રત્યેની શ્રદ્ધાની કસોટી રોજ - બ - રોજ થતી હતી.

(૮) પૂજ્ય બાપુને મળવા એક દાંતના ડૉકટર આવે છે. બાપુએ સાંભળ્યું છે કે વિનોબાજીને કેટલાક દિવસથી દાંતનો દુ:ખાવો સતાવે છે. દાકતરને બાપુ વિનોબાજીનાં દાંત તપાસવા મોકલે છે. દાકતર વિનોબાજી પાસે જાય છે. દાંત પાડવા જેવું લાગે છે. વિનોબાજી પૂછે છે કે "બાપુએ કહ્યું છે?" અને કશીપણ દલીલ વગર જડબું આગળ ધરી દે છે. શ્રદ્ધાનો આ એક નમૂનો છે.

(૯) રાજકોટ સત્યાગ્રહ વખતે સરદાર ગુજરાતમાંથી સત્યાગ્રહીઓ મોકલવા ઈચ્છતા હતા. બાપુ એક ચીઠ્ઠી લખે છે, "રાજકોટની લડતમાં રાજકોટ કે કાઠિયાવાડીની શકિત ઉપર જ લડાય." વાત પૂરી થઈ. સરદાર ગુજરાતમાંથી સત્યાગ્રહી મોકલવાનો કાર્યક્રમ પડતો મૂકે છે. શ્રદ્ધાનો આ બીજો નમૂનો છે.

(૧૦) આ અર્થમાં ભકતની શ્રદ્ધાનો અર્થ કરીએ તો તેમાં જવાહરલાલજીનો સમાવેશ નહીં થઈ શકે. તેમની વિચારની ભૂમિકા તેમના પાશ્ચાત્ય ઘડતરને લીધે ઊભી થઈ હતી. પૌર્વાત્ય સંસ્કૃતિ વિશે જે કંઈ તેમણે જાણ્યું, વિચાર્યું, સ્વીકાર્યું તે તેમના જીવનના ભાગ રૂપ પણ બન્યું, પણ જીવનનાં મંડાણ જે વસ્તુ ઉપર મંડાયા હતાં તેની સાથે આ બાબતને એક રસ થતાં દસકાઓ લાગે. એ રીતે જોઈએ તો તેમનામાં શ્રદ્ધા બીજા જ પ્રકારની લાગે. છતાં તેમણે બાપુનું કેટલું કેટલું સ્વીકાર્યું?

(૧૧) સાદાઈ તેમના જીવનનો ભાગ ન હતી. પણ નવાઈ લાગશે કે તેમની વ્યકિતગત જરૂરતની વસ્તુઓમાં કેટલી સાદાઈ તેમણે દાખલ કરી હતી, પંડિતજીના કોટ ઉપર તુનાઈ જોવા અનેક વખત મળે. તેમનો નોકર હરિ પાયજામાં, અંગરખાં, જાકીટ, કોટ, ટોપી તેમની પરવાનગી સિવાય રદબાતલ ન કરી શકે. કેટલીક વખત બેસતાં ઊઠતાં પાયજામાનું કે કુરતાનું ચિંગડું દેખાઈ પણ આવે.

(૧૨) સ્વભાવથી ખાવાના રસિયા હતા. પરંતુ જ્યાં મહેમાન

હોય ત્યાં સાદાઈથી પતાવી લેતાં તેમને હરકત નહોતી પડતી.

(૧૩) પશ્ચિમની ઢબે જીવવાને ટેવાયેલી આ વ્યક્તિએ ગામડાં ખૂંદ્યાં. અંગ્રેજી ઢબે બોલવાને ટેવાયેલી આ વ્યક્તિએ સાદી હિન્દુસ્તાની ઉર્દુ ભાષા ઉપર પ્રભુતા મેળવી. લાખોનાં માનવ - સમુદાયને કેટલીયે કઠણ વસ્તુઓ ગળે ઊતરાવવાને માટે મહેનત કર્યે જ રાખી. સન ૧૯૩૭ની પ્રાંતિય સ્વરાજ્યની ચૂંટણીમાં અંગ્રેજ સાથે બંધારણીય સંઘર્ષના વ્યૂહો લોકોને સમજાવ્યા. સન ૧૯૩૮ માં સામ્રાજ્યવાદ, ૧૯૩૯ - ૪૦માં ફાસિવાદ, નાઝીવાદ, સન ૧૯૪૮ થી ૬૩ સુધી આયોજન, ઔદ્યોગીકરણ, આણ્વિક શક્તિ–આવા અઘરા અઘરા વિષયો લોકોને સમજાવવાની મથામણ કરી. એમના પ્રેમનું પાત્ર માનવસમુદાય હતો. એ સમુદાય નિરક્ષર છે એટલા ખાતર અણસમજુ છે એમ એમણે કદીએ માન્યું ન હતું.

(૧૪) પ્રજા–આરાધનાના આ કાળમાં તેમની જોડી મળવી મુશ્કેલ છે. બાપુ પછી તેમનું સ્થાન પ્રજાના હૃદયમાં આ કારણે ઊભું થયું હતું.

(૧૫) દરિદ્રનારાયણની ઉપાસના વિશે તેમની હમદર્દી કેટલી ઉંડી હતી? બાપુજી લખે છે, "જવાહરલાલ સ્વચ્છ વ્યક્તિ છે. તેમનું હૃદય બિલોરી કાચ જેવું નિર્મળ છે. તેઓ ભૂલ કરતા હશે, પણ ભારતના ગરીબ જનસમુદાયનું હિત તેમના હાથમાં સલામત છે." ખાદી અને ગ્રામોદ્યોગને અર્થશાસ્ત્રીઓએ તુચ્છ ગણ્યો હશે, કેટલાયે કૉંગ્રેસમેનોએ પણ તેને તુચ્છ ગણ્યો હશે, પરંતુ આ ગરીબ સમુદાયની સહાય કરવા પાછળ આજે લગભગ વગર વ્યાજુ પંચોતેર કરોડ રૂપિયા ઋણ–સહાયતા બદલ ફરતા હોય તો તેનો યશ આ એક માણસને ઘટે છે. નાની વસ્તુ તેમના મનમાં ઉતરતી જ ન હતી.

(૧૬) બાપુની માફક વ્યક્તિગત વ્યવહારમાં અહિંસાનું મૂલ્ય પૂરેપૂરું તેમણે સ્વીકાર્યું ન હતું, પણ ગોવાના આક્રમણ વખતે તેમણે કહેલું કે, "હિંસા મને કઠે છે." અને સાચોસાચ હિંસાનાં પરિણામો તેમને અકળાવતાં હતાં. પોલીસ, મીલીટરીનો ઉપયોગ તેમના કાળમાં નથી થયો તેમ નહિ, પણ પોલિસ, મીલીટરી તેમના વિશિષ્ટ રસનો વિષય ન હતો. "હિંસાથી પ્રાપ્ત કરેલ વસ્તુનું રક્ષણ કરવામાં હિંસા સિવાય આરો નથી, તેથી હિંસા સાચો ઈલાજ નથી." એ વાક્ય તેમની વિદેશનીતિનું ગુરુસૂત્ર હતું. તેમના કાળમાં હિંદુસ્થાનની ફોજો શાંતિદૂત તરીકે કેટલા દેશોમાં કામ કરતી હતી? કોરિયા, ગુએઝ, વિયેટનામ–આ ત્રણ તો મને સ્મરણે ચઢે છે.

(૧૭) ઈશ્વર વિશેની તેમની માન્યતા બુદ્ધ ભગવાનની માફક ન સ્વીકારની કે ન અસ્વીકારની હતી. એક વખત એમણે રાધાકૃષ્ણનનો દાખલો આપી પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ડૉ. રાધાકૃષ્ણન રશિયામાં નિરીશ્વરવાદી, સામ્યવાદી ફીલસુફને પૂછે છે, "સત્યમાં તમે માનો છો? સદ્‌ભાવમાં માનો છો? સૌંદર્યમાં માનો છો? જો આ ત્રણેમાં માનતા હો તો એથી વિશેષ ઈશ્વરમાં માનવાને માટે જરૂર નથી." પંડિતજી ભજન, ગીતા, ઈત્યાદિ વાચન વિગેરેમાં એટલા નહિ માનતા હોય જેટલા બાપુ માનતા હતા. પણ ફ્રૉસ્ટની કડીઓ તેમના ટેબલ સામે હંમેશા રહેતી. "જાવું ઘણે ઘણે દૂર, વિરામમય નિદ્રાને હજુ સમય છે." "આરામ હરામ હૈ" એ એના સંપૂર્ણ અર્થમાં તેમનો જીવનમંત્ર હતો. સવારે છ વાગ્યાથી આ પુરુષ કામે ચઢતો. રાત્રે ટપાલ પૂરી કરી થાકેલો બિછાનામાં પોતાના દેહને પાથરતો ત્યારે પણ તેના માથા ઉપર બત્તી અને હાથમાં પુસ્તક રહેતું.

(૧૮) આપણે જોયું કે લગભગ ત્રીસ વર્ષની મૈત્રી, પિતા-પુત્ર તરીકેના સંબંધો, તેમના અનુયાયી તરીકેના સંબંધો, વિશ્વશાંતિ, લોકશાસન, દરિદ્રનારાયણની ઉપાસના કેટલું કેટલું મૂલ્યની દૃષ્ટિએ આ બંને વિભૂતિઓ વચ્ચે સામ્ય હતું. પંડિતજીએ જ એક જગ્યાએ કહ્યું છે કે, "કેવળ મારું હૃદય બાપુ સાથે હોત ને બુદ્ધિ ન હોત તો આટલાં વર્ષો સુધી હું કામ કરી શકત?" બન્નેની વચમાં મતભેદો હતા, પણ બન્નેનાં હૃદય એક હતાં. ઉપરનાં મોજાંઓ આ બે વ્યક્તિઓને કદી ભિન્ન બનાવી શકયા નથી. શ્રદ્ધાનો આ મહિમા છે. એ અર્થમાં ગાંધીજીના અનેક ભકતોની સાથોસાથ જવાહરને પણ ગાંધીભકત નેહરૂ ગણી શકાય. ઉછરંગરાય ન. ઢેબર

વિશ્વબંધુત્વનો નવતર પ્રયોગ: 'ઓરોવીલ'

(પ્રોગ્રેસીવ ગ્રુપના ઉપક્રમે મી. હેનરી બેલે ગયા માસમાં આપેલા એક પ્રવચનને આધારે)

પોંડિચેરીમાં શ્રી અરવિંદ આશ્રમથી થોડે દૂર પંદર ચોરસ માઈલના વિસ્તારમાં 'ઓરોવીલ' નામનું એક નાનકડું શહેર ઊભું થઈ રહ્યું છે, જેમાં ૫૦૦૦૦ માણસોને વસાવવાની યોજના વિચારાઈ છે. દુનિયાના કોઈ પણ દેશમાંથી આવનારા કોઈ પણ જાતના ભેદભાવ વિના માત્ર વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાને જીવનમાં સાચોસાચ વ્યકત કરવાની ઈચ્છાવાળા માણસોને આંતરરાષ્ટ્રીય સમજદારી અને એકતાના આ અનોખા પ્રયોગમાં જોડાવા આમંત્રણ છે. પોંડિચેરી અરવિંદ આશ્રમના સરનામે ઓરોવીલ પ્રોજેક્ટના મંત્રીને લખવાથી આ અંગેનું અરજીપત્રક મળી શકશે. શ્રી માતાજી દ્વારા બધાં અરજીપત્રકો સ્વીકારવામાં આવશે.

ઓરોવીલની આખી યોજના ભારત સરકારે મંજૂર કરેલી છે અને તેને કેન્દ્ર તેમ જ રાજ્ય સરકારના બધા કાયદા કાનૂનો લાગુ પડે છે. યુનેસ્કો તરફથી આ પ્રોજેક્ટને ઘણી મદદ મળી છે.

અહીં રહેવા આવનાર દરેક વ્યક્તિ પ્રામાણિકપણે સમાજનિર્માણના આ નવતર કાર્યમાં મદદ કરશે એવી અપેક્ષા છે. જેની પાસે જે આવડત હોય તેનો લાભ તે પોતાની રાજીખુશીપૂર્વક સમાજને આપે: દા. ત. શિક્ષણ જેનો વ્યવસાય રહ્યો હોય તે શિક્ષણના કાર્યમાં પડે, સુથાર હોય તે સુથારી કામ કરે, જેને ઉદ્યોગ સ્થાપવો હોય તે ઉદ્યોગ સ્થાપે. એને અંગેની બધી જ તકો પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવશે. અહીં વસતા તમામ કુટુંબોને મકાન, કપડાં, ખોરાક બધું પૂરું પાડવામાં આવશે. કોઈને પગાર તરીકે રોકડ રકમ આપવાનું વિચાર્યું નથી. બધી જ જાતની સાંસ્કારિક પ્રવૃત્તિઓ પણ ચાલશે: ફિલ્મ સ્ટુડિયો, ટી. વી. ઈત્યાદિ.

અહીં કોઈ પણ વ્યકિત પર કોઈ પણ જાતનું દબાણ કરવામાં આવશે નહીં. દરેક વ્યકિત પોતાને જે કોઈ પણ પ્રકારનું કામ કરવું હશે તે કામ કરવાને સ્વતંત્ર હશે. ડૉકટરની ડિગ્રીવાળો વિદ્યાર્થી પણ અંતરથી જો દર્દની ચિકિત્સાના કાર્યમાં રસ ધરાવતો ન હોય તો એને એની પોતાની પસંદગીનું બીજું કોઈ પણ કામ કરવાની છૂટ રહેશે.

આ એક નવો જ પ્રયોગ છે અને એની સિદ્ધિ દરમ્યાન ઘણા પ્રકારની મુશ્કેલીઓ આવવાનો સંભવ છે. પણ જેમ જેમ પ્રશ્નો ઊભા થતા જશે તેમ તેમ તેનો નિકાલ થતો રહેશે એવો ખ્યાલ છે. દુનિયાના તમામ દેશોમાંથી આ પ્રોજેક્ટને સારો સહકાર અને અસાધારણ ઉત્સાહ સાંપડયો છે. શ્રી માતાજી કહે છે તેમ, "આ યોજના સાર્વજનિક છે. કોઈ જાતના ભેદ વિના જીવન જીવવાની એક તદ્દન નવી અને અનોખી રીતની આ શુભ શરૂઆત છે."

બાળકોના શિક્ષણ માટે એક તદ્દન જુદા જ પ્રકારની ક્રાંતિકારી શિક્ષણપદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે. કૌટુંબિક જીવનની સુરક્ષા પણ રહેશે. દરેક પ્રકારની પ્રવૃત્તિઓ ઓરોવીલમાં ચાલુ રહેશે. પણ એની પાછળ વિશ્વ–એક કુટુંબની ભાવના હશે. જેમ આપણે અત્યારે પોતપોતાના નાના કુટુંબોમાં રહીએ છીએ, એ જ પ્રમાણે એક મોટું કુટુંબ જેમ રહેતું હોય તેમ ઓરોવીલમાં લોકો ભાઈચારાથી રહેશે. આજના યુગની એ જ મોટી જરૂરિયાત છે.

સુબોધભાઈ એમ. શાહ

માનવ ઈતિહાસનું અપૂર્વ પ્રકરણ આલેખતા અમેરિકી અવકાશવીરો

અમેરિકાના ત્રણ અવકાશ વીરો ચન્દ્ર – યાત્રા કરી આવ્યા. એ ચન્દ્રયાત્રા શકય કેમ બની અને એ યાત્રા તો કરી પરંતુ હવે પછી શું એ પ્રશ્નો ઘણાએ બુદ્ધિમાનોના મનમાં ઘોળાતા હશે. એ પ્રશ્નોનું આછું વિશ્લેષણ જ આ ટૂંકા લેખમાં શકય બનશે. ઍસ્ટ્રોનોમી એટલે ખગોળ અને ઍસ્ટ્રોનૉટિકસ એટલે ખ–ગતિ એ બન્ને શાસ્ત્રો આજકાલ એટલાં વિકાસ પામેલાં છે કે એ શાસ્ત્રોનાં વિવિધ અંગો વિષે પણ જૂદાં જૂદાં પુસ્તકો લખાયેલાં છે. આપણે તો માત્ર એમાં ચંચુપાત જ કરી શકીએ એમ છીએ.

આ લેખ ઍપોલો – ૧૧ ના ચંદ્ર પ્રવાસના સંદર્ભમાં જ લખાયો છે એટલે એમાં માત્ર અમેરિકાના આ દિશામાંના પ્રયત્નોનો જ ઉલ્લેખ કરીશું. રશિયાના આ દિશામાંના પ્રયત્નોને આપણે તત્પુરતા બાજુએ રાખીશું.

અમેરિકાના ચન્દ્ર ઉપરના વિજય માટેના કાર્યક્રમના બે તબક્કાઓ પાડી શકાય. એક તબક્કો, આપોઆપ વિવિધ વિગતો નોંધતાં યંત્રોવાળાં સ્વયંસંચાલિત યાનો ચન્દ્ર ઉપર અથવા તો ચન્દ્રના પરિસરમાં મોકલવાનો તબક્કો અને બીજો તબક્કો અવકાશ પ્રવાસની અડચણોના પ્રત્યક્ષ પરિચય માટે, પહેલાં માનવરહિત અને પછી સમાનવ યાનો અવકાશમાં ઊડતાં કરવાનો. પહેલા તબક્કાની અંતર્ગત અમેરિકાએ પાયોનિયર, રેંજર, સર્વેયર અને ઑર્બિટર નામાભિધાનવાળાં, સ્વયં સંચાલિત યાનો છોડેલાં છે (આવાં યાનોની સંખ્યા ૨૧ની છે) જ્યારે બીજા તબક્કામાં મરકયુરી, જેમિની અને અપોલો એ નામાભિધાન હેઠળ છોડાયેલાં યાનોનો સમાવેશ થાય છે. આમાં મરકયુરીમાં એક માણસને બેસાડીને અવકાશમાં છોડવામાં આવતો, જેમીનીમાં બે અને અપોલોમાં ત્રણ માણસને બેસાડીને અવકાશમાં છોડવામાં આવતા. અલબત્ત, બધા જ પ્રયોગો વખતે માનવીઓનો ઉપયોગ નહોતો થતો. દા. ત. ઍપોલો કાર્યક્રમમાં ૭ મા પ્રયોગથી જ માનવીઓ યાનમાં મોકલવાનું શરૂ થયું હતું. અપોલો – ૮ ની વિગતોની ચર્ચા તો મેં "પ્રબુદ્ધ જીવન" માં થોડા માસ ઉપર કરેલી જ છે અને ઍપોલો – ૯, ઍપોલો – ૧૦ કે ઍપોલો–૧૧ ની, ઉડ્યનવિષયક કે વૈજ્ઞાનિક વિગતો ઍપોલો–૮ની વિગતોથી તત્ત્વત: ભિન્ન નથી એટલે એનું પિષ્ટપેષણ અહીં નહીં કરું. ઍપોલો – ૮ ના ચન્દ્રયાત્રીઓએ, ચન્દ્રની આજુબાજુ ૧૦ વેળા પરિભ્રમણ કર્યું હતું તો ઍપોલો –૯ ના અવકાશયાત્રીઓએ તો પૃથ્વીની આજુબાજુ જ પરિભ્રમણ કર્યું હતું અને ચન્દ્ર ઉપર ઉતારવાનાં યાનની ચકાસણી કરી હતી તથા ઍપોલો – ૧૦ ના અવકાશયાત્રીઓ તો ચન્દ્ર સુધી પહોંચીને ચન્દ્રની આજુબાજુ ૩૦ વાર ફર્યા હતા. આ બધા પૂર્વપ્રયોગો પછી ઍપોલો–૧૧ ના પ્રયોગ વખતે ચન્દ્ર ઉપર માનવી ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. એટલે, ચન્દ્રની આજુબાજુ ફરતાં ઍપોલો – ૮ ની કથાની સાથે ઍપોલો–૧૧ ની કથાને જોડીને, ચન્દ્ર ઉપરના ઉતરાણના તબક્કાથી આપણી વાત આગળ ચલાવીશું.

ઍપોલો કાર્યક્રમમાં ચન્દ્ર ઉતરાણ માટે નીચેની વ્યવસ્થા વિચારાઈ છે.

રૉકેટદ્વારા અવકાશ યાનને પૃથ્વીની આજુબાજુ ભ્રમણ કક્ષામાં મૂકવામાં આવે. ત્યાંથી ચોક્કસ સમયે અવકાશયાનને ત્રીજા તબક્કા દ્વારા ૨૪૮૦૦ માઈલની ગતિ આપવામાં આવે અને અવકાશ યાન ચંદ્ર તરફ જાય. ચન્દ્ર નજીક અવકાશ અને ચંદ્રયાન છૂટાં પડે, અવકાશયાન ચન્દ્રની આજુબાજુ ફર્યા કરે અને ચન્દ્ર યાન ચન્દ્ર પર જાય. ત્યાં એ પોતાનું કામ પતાવી પાછું અવકાશ યાન સાથે જોડાઈ જાય અને અવકાશયાત્રીઓ નહિ જોઈતો સામાન અવકાશમાં વામતા વામતા પૃથ્વી પર પાછા ફરે, ચન્દ્ર પ્રવાસ માટેની બીજી બે પદ્ધતિઓ પણ છે પરંતુ એની ચર્ચા કરતાં ઘણો વિસ્તાર થઈ જાય એમ છે.

આટલી નોંધ પછી આપણે આપણી વાત આગળ ચલાવીશું.

ઍપોલો–૧૧ ચન્દ્રના પરિસરમાં પહોંચ્યા પછી કમાન્ડ મોડ્યુલના સંચાલક માઈક કોલીન્સે, મોડ્યુલના રૉકેટના ઍંજીનો ૨૪૬ સેકન્ડ સુધી સળગાવ્યાં હતાં અને પરિણામે ઍપોલો–૧૧ ચન્દ્રની આજુબાજુ લગભગ ૭૦ માઈલ ઊંચે પરિભ્રમણ કરવા લાગ્યું હતું. અત્રે એ યાદ રાખવાની જરૂર છે કે ઍપોલો–૧૧ એ કુલ ચાર ભાગોનું બનેલું છે. એક કમાન્ડ મોડ્યુલ બીજો સર્વિસ મોડ્યુલ, ત્રીજો લ્યુનર મોડ્યુલ અપર સ્ટેજ અને ચોથો લ્યુનર મોડ્યુલ લોઅર સ્ટેજ. આમાંથી છેલ્લાં ત્રણને ક્યાં તો ચન્દ્ર પર કે ચન્દ્રના પરિસરમાં કે અવકાશમાં છોડીને કમાંડ મોડ્યુલ એકલું જ પૃથ્વી પર પાછું ફરે છે એ યાદ રાખવાની જરૂર છે. ઍપોલો–૧૧ જ્યારે પૃથ્વી પરથી ઊડ્યું ત્યારે એનું વજન ૩૮૦૦ ટન હતું (બળતણ, રોકેટો વગેરેની સાથે) અને કમાંડ મોડ્યુલ જ્યારે પૃથ્વી પર પાછું ફર્યું ત્યારે એનું વજન ૬ ટન હતું એનો જો આપણે ખ્યાલ કરીએ તો અવકાશ – ઉડ્યનમાં કેટકેટલી સામગ્રી વામી દેવી પડે છે એનો ખ્યાલ આવશે. આ અંગે થોડા વધારે વિસ્તારથી, વાતો થોડીવાર પછી કરીશું.

ઍપોલો–૧૧ ના ચાર જોડાયેલા ભાગો ચન્દ્રની આજુબાજુ ફરવા માંડ્યા પછી એનાં બધાં યંત્રોની ચકાસણી કરવામાં આવી હતી, આ યંત્રોમાં, કમાન્ડ મોડ્યુલ તથા લ્યુનર મોડ્યુલમાં હવાનું દબાણ, ઉષ્ણતામાન, રેડાર યંત્રો, રેડિયો સંપર્ક માટેનાં યંત્રો, ટેલિવિઝન કેમેરા વગેરે બધું બરાબર છે કે નહિ તે તપાસી લેવામાં આવ્યું હતું અને પછી હ્યુસ્ટન ખાતેનાં નિયામક મથકે એની ખબર અપાતાં જ હ્યુસ્ટને " We are go to PDI (Powered descent initiation) એવી જાહેરાત કરી હતી. તરત જ લ્યુનર મોડ્યુલ એટલે કે ચન્દ્રયાનને (ઉપરના અને નીચેના બન્ને ભાગને) કમાન્ડ અને સર્વિસ મોડ્યુલથી છૂટું પાડવામાં આવ્યું હતું અને, એ ચન્દ્રયાનમાં બેઠેલા બે અવકાશયાત્રીઓ ઑલ્ડ્રિન અને આર્મસ્ટ્રૉંગે ચન્દ્ર પરના ઉતરાણ માટેની યાત્રાનો આરંભ કર્યો હતો – એવી યાત્રા કે જેવી કોઈ માનવીએ આજસુધી કરી નથી. માનવજાતના ઈતિહાસમાં એક નવું પ્રકરણ લખવાનો આરંભ તેમણે કર્યો હતો. એમનો સાથીદાર કોલીન્સ, કમાંડ મોડ્યુલ લઈને ચન્દ્રથી ૭૦ માઈલ દૂર ચન્દ્રની આજુબાજુ ફરતો રહ્યો હતો.

ઉતરાણ વખતે કઈ મિનિટે શું કરવું એની ચોક્કસ યોજના અવકાશવીરોને પૂરી પાડવામાં આવી હતી. વળી ઉતરાણ વખતે કઈ ઘડીએ ચન્દ્રયાન ક્યાં હતું તેનું ચોક્કસ પગેરું પણ હ્યુસ્ટન ખાતેનું નિયામક મથક રાખતું હતું. આખરે, રોકેટો વડે ચન્દ્રયાનની પતનની ઝડપ ઘટાડીને સેકન્ડના પાંચ ફીટની કરવામાં આવી હતી અને ચન્દ્રયાન ધીરે રહીને ચન્દ્ર પર ઊતર્યું હતું. ચન્દ્ર ઉપર ઝીણી માટીનો એકાદ ઈંચ જેટલો થર હતો તેમાં એના પગ ખૂંચી ગયા હતા પરંતુ ઊંટના પગના જેવો એનો આકાર રાખવામાં આવેલો હોવાથી કશું નુકસાન થયું નહોતું. (અત્રે એ યાદ રાખવાની જરૂર છે કે ચન્દ્રયાન ચાર પગવાળું કોઈ રાક્ષસી પ્રાણીના આકારનું યાન છે. એની પહોળાઈ ૧૬ ફીટ અને ઊંચાઈ ૨૧ ફીટ એટલે કે એકમાળ વાળાં મકાનની ઊંચાઈ જેટલી છે.)

ચન્દ્ર પર ઊતર્યા પછી યાનને કાંઈ નુકસાન થયેલું જણાયું હોત તો બાકીનો કાર્યક્રમ પડતો મૂકીને અવકાશયાત્રીઓએ પાછા ઊડી જવું અને કમાન્ડ મોડ્યુલ લઈને ચન્દ્રની આજુબાજુ ઘૂમતા કોલીન્સની સાથે જોડાઈ જવું એવી સૂચના આપવામાં આવી હતી પણ ઍપોલો – ૧૧ના ચન્દ્રયાનને કશું નુકસાન નડ્યું નહોતું અને તેથી ઑલ્ડ્રિન અને આર્મસ્ટ્રૉંગે ચારેક કલાક ખાવાપીવામાં અને આરામમાં ગાળ્યા પછી, આર્મસ્ટ્રૉંગે સૌથી પહેલો, ચન્દ્રયાન સાથે જોડવામાં આવેલી સીડી વડે ચન્દ્રની ધરતી પર ઊતર્યો હતો! થોડી મિનિટો પછી ઑલ્ડ્રિન પણ ઊતર્યો હતો ..... અને જેને કેવળ કલ્પના જ માનવામાં આવતી હતી તે આખરે સાકાર બની હતી.

ચન્દ્ર ઉપર ઊતરીને, યાનની આજુબાજુના ૧૦૦ ફીટથી વધારે દૂરના પરિસરમાં ન જવાની અવકાશ યાત્રીઓને ખાસ સૂચના

હતી. આનું કારણ એ હતું કે ચન્દ્ર ઉપર પૃથ્વીના કરતાં છઠ્ઠા ભાગનું ગુરુત્ત્વાકર્ષણ છે એટલે એવા ગુરુત્ત્વાકર્ષણમાં હલન ચલન કરવાનો અનુભવ ન હોવાને કારણે, અને ચન્દ્રયાત્રીઓને જે વિશિષ્ટ પ્રકારનો રક્ષક પોષાક પહેરાવવામાં આવ્યો હતો તેને કારણે જો કાંઈ અકસ્માત થાય, ચન્દ્રયાત્રી ગબડી પડે અને પાછો ઊઠી ન શકે તો, યાનની નજીક જ હોય તો વાંધો ઓછો આવે, એનો સહકાર્યકર એની મદદે જઈ શકે.

ચન્દ્ર ઉપરના ૧૦૦ ફીટના ઉતરાણ – પરિસરમાં આ અવકાશયાત્રીઓને ચોક્કસ વિશિષ્ટ કામો કરવાનાં હતાં. સૌથી પહેલાં તો તેમને એક ભૂકંપ (કે ચન્દ્રકંપ) માપક યંત્ર ત્યાં ગોઠવવાનું હતું. એ યંત્ર ચન્દ્રકંપ થાય ત્યારે રેડિયો દ્વારા એની ખબર પૃથ્વી પર મોકલે એવી વ્યવસ્થા હતી અને આ વ્યવસ્થા પ્રમાણે એકથી વધુ ચન્દ્રકંપની વિગત એ યંત્રે પૃથ્વી પર મોકલી પણ આપી છે અને એણે તો મોટો વિવાદ જગાડયો છે. એ ચન્દ્રકંપની વિગતો ઉપરથી ચન્દ્ર જ્વાળામુખીઓ ધરાવે છે અને ચન્દ્રની ધરતી લાવાની બનેલી છે તથા ચન્દ્રને પૃથ્વીના કેન્દ્રીય વિસ્તાર જેવો વિસ્તાર પણ છે એવું કેટલાક વિજ્ઞાનીઓ કહેવા માંડયા છે જ્યારે બીજા કેટલાક વિજ્ઞાનીઓ ચન્દ્ર પરની માટીની આજ પહેલાં મળેલી (સ્વયંસંચાલિત યંત્રો વડે મળેલી) વિગતોના વિશ્લેષણ ઉપરથી એવા મંતવ્ય પર આવ્યા છે કે એ માટીનો ઉદ્‌ભવ લાવા રસમાંથી હોઈ શકે નહિ. આ વિવાદ લગભગ ચોક્કસ થોડા માસમાં મટી જશે કારણકે ચંદ્ર ઉપરથી લગભગ ૨૭ કિલો જેટલી માટી અને ખડકો ચન્દ્રયાત્રીઓ લઈ આવ્યા છે. (આ તેમને માટેનું બીજું વિશિષ્ટ અને સૌથી અગત્યનું કામ હતું) અને આ માટીનાં વિશ્લેષણ ઉપરથી શક્યત: ચન્દ્ર અને પૃથ્વીના ઉદ્‌ભવનો પણ ભેદ ખુલ્લો થશે. પૃથ્વીના જીવનના પહેલાં એક અબજ વર્ષનો ઈતિહાસ આપણને મળતો નથી કારણકે, હવા પાણીના મારાથી પૃથ્વીનું પડ અનેકવાર ધોવાયું છે પરંતુ ચન્દ્ર ઉપર એવું બન્યું નથી. ત્યાં હવા પાણી નથી (જો કે અવકાશયાત્રીઓને માટી "ભીની" લાગી હતી અને એ ભીનાશ પાણીને કારણે નહિ પરંતુ ગ્લીસેરોલ નામનાં દ્રવ્યને કારણે હોવી જોઈએ એવો મત એક ભારતીય વિજ્ઞાનીએ વ્યક્ત પણ કર્યો છે) એટલે ચન્દ્રનું પડ એની આદિદશામાં ટકી રહ્યું છે અને તેથી, એ પૃથ્વી, અને સૂર્યમાળાના ઉદ્‌ભવ અંગે ઘણો પ્રકાશ પાડી શકે એમ છે. આ દૃષ્ટિએ આ ૨૭ કિલો ચન્દ્ર – ખડકનું મૂલ્ય કલ્પનામાં ન આવે તેટલું છે. મુંબઈના ભાભા આણુવિજ્ઞાન સંશોધન કેન્દ્રને પણ આ માટીનો નમૂનો પ્રયોગ માટે મળવાનો છે એમ કહેવાય છે.

આ ઉપરાંત ચન્દ્ર ઉપર એક લેઝર રિફ્લેકટર પણ અવકાશયાત્રીઓ મૂકી આવ્યા છે. આ લેઝર એટલે જેને પોલરાઈઝડ લાઈટ કહેવાય છે તેવા પ્રકાશનું કીરણ ફેંકતું યંત્ર એમ સાદી રીતે કહી શકીએ. પ્રકાશના જે સાત રંગો છે તે બધાય રંગોનાં કિરણોની લંબાઈ જૂદી જૂદી હોય છે. લેઝર એક જ લંબાઈવાળાં કિરણો ફેંકે છે. આવાં કિરણો ખૂબ જ ચોકસાઈપૂર્વક ફેંકી શકાય છે અને એનું પ્રતિબિંબ ઝીલી શકાય છે. ચન્દ્ર ઉપર મૂકવામાં આવેલા લેઝર રિફ્લેકટર પર લેઝર કિરણ ફેંકીને ચન્દ્ર અને પૃથ્વી વચ્ચેનું અંતર અત્યંત ચોકસાઈપૂર્વક (એટલે એ અંતરમાં થોડા ઈંચનો ફેર પડે તો પણ જણાય એ રીતે) માપી શકાશે. એ ઉપરથી ચન્દ્ર પૃથ્વીથી દૂર જતો હોય તો તે પણ શોધી શકાશે. (અત્યારે વિજ્ઞાનીઓ માને છે કે ચન્દ્ર પૃથ્વીથી દર વરસે એક ઈંચ જેટલો દૂર ખસે છે.) આ ઉપરાંત ચન્દ્ર પર સૂર્યના કિરણોત્સર્ગનું માપ કાઢવા માટેનું યંત્ર પણ આ અવકાશયાત્રીઓએ ગોઠવ્યું છે.

આ ઉપરાંત ચન્દ્રવીરો, અમેરિકી ધ્વજ, વિદેશોથી આવેલા સંદેશાઓની સૂક્ષ્મ નકલો, અવકાશવીરોને મળેલા ચન્દ્રકો, હિન્દુ દેવ-દેવીઓ – પંચાયતન દેવની સોનાની મૂર્તિઓ વગેરે અવૈજ્ઞાનિક વસ્તુઓ પણ ચન્દ્ર પર મૂકતા આવ્યા છે.

અવકાશ વીરોએ આ બધું કામ પતાવીને ચોક્કસ સમયે અને ચોક્કસ સ્થળે ચન્દ્ર આવ્યો એટલે ચન્દ્ર યાનના ઉડ્ડયન રોકેટો ફોડયાં હતાં અને ચન્દ્રયાનનો ઉપરનો ભાગ નીચેનો પગવાળો ભાગ ચન્દ્ર ઉપર જ છોડીને ઊડયો હતો. આ નીચેના ભાગની સાથોસાથ અવકાશયાત્રીઓને, હવા વગેરે માટે જે થેલીઓ આપવામાં આવી હતી તે થેલીઓ, ટેલિવિઝન કેમેરા વગેરે પણ છોડી દેવું પડયું હતું. (અત્રે એ જણાવી દેવાની જરૂર છે કે ચન્દ્ર ઉપર હવા ન હોવાથી પ્રાણવાયુ પૂરો પાડવા માટે, એકબીજા સાથે વાત કરવા માટે, શરીરને સમશીતોષ્ણ રાખવા માટે ખાસ પ્રકારની વ્યવસ્થા વાળો પોષાક અવકાશયાત્રીઓને પહેરાવવો પડતો હતો. ચન્દ્ર પર જ્યાં સૂર્યનાં કિરણો પડે ત્યાં ઉકળતા પાણી જેટલી ગરમી હોય અને જ્યાં છાંયો હોય ત્યાં શૂન્યની નીચે અનેકડિગ્રી જેટલી ઠંડી હોય એટલે એમાં ટકી રહેવા માટે ચન્દ્રયાત્રીઓના પોષાકમાં એરકન્ડિશનીંગની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પોષાકની કિમ્મત ૨૦ લાખ રૂપિયા જેટલી હતી. આ પોષાક ઉપરાંત ચન્દ્રયાત્રીઓની પીઠ ઉપર ૮૬ રતલની એક થેલી પણ બાંધવામાં આવી હતી, આ થેલીમાં પણ વિવિધ પ્રકારનાં યંત્રો હતાં. (અલબત્ત, ચન્દ્ર પર ગુરુત્ત્વાકર્ષણ પૃથ્વી કરતાં છઠ્ઠા ભાગનું હોવાથી એ થેલીઓનું ચન્દ્રયાત્રીઓને ઝાઝું વજન નહિ લાગ્યું હોય.)

ચન્દ્ર ઉપરથી ઊડયા પછી, આર્મસ્ટ્રૉંગ અને ઍલ્ડ્રન, ચન્દ્રની આજુબાજુ કોલીન્સની રાહબરી હેઠળ ફરતાં કમાન્ડ મોડયુલ – અવકાશ યાન સાથે જોડાઈ ગયા હતા. આવાં જોડાણને માટે, કમાન્ડ મોડયુલની કક્ષા પ્રતિક્ષણે કેવી હશે, એ કક્ષામાં કમાંડ મોડયુલ ક્યાં હશે અને એ ઠેકાણે પહોંચવા માટે ચન્દ્રયાનના ઉપરના ભાગનાં રોકેટો ક્યારે ફોડવાં અને કેટલા સમય માટે ફોડવાં એ બધું કોમ્પ્યુટરો દ્વારા નક્કી કરવામાં આવેલું હતું. ચન્દ્રયાનને ઉપર ચઢાવવા માટેનાં રોકેટો સાત મિનિટને બદલે થોડા ઓછા સમય માટે ફૂટે તો ચન્દ્રયાન, અવકાશયાન સાથેનાં મિલન સ્થાને જઈ શકે નહિ અને ચન્દ્રની આજુબાજુ જ ફર્યા કરે. ગણતરીની ચોકસાઈ કેટલી અગત્યની છે તે આ ઉપરથી જણાય છે. આવી ચોકસાઈ કોમ્પ્યુટરોને કારણે જ શક્ય છે.

ચન્દ્રયાનનો નીચેનો ભાગ ચન્દ્ર ઉપર જ છોડી આવવાનું એક કારણ તો એ કે ચન્દ્ર યાનનો ભાર ઓછો કરવો. બીજું કારણ એ કે ચન્દ્ર યાનને ઉડવા માટે ક્ષેપન મંચ જોઈએ. આ ક્ષેપન મંચનું કામ આ નીચેનો ભાગ કરે એવી જ ગોઠવણ કરવામાં આવી હતી. નીચેના ભાગની સાથે જ આખેઆખું ચન્દ્રયાન ઉડાડવા માટે વધારે બળતણ જોઈએ એ વાત તો ખરી જ પરંતુ એવું બળતણ લઈ જવાની વ્યવસ્થા થાય તો પણ ચન્દ્રયાનના ઉડ્ડયનને કારણે ચન્દ્ર ઉપરથી જે ધૂળ ઊડે તે અવરોધાત્મક બને (આવો અવરોધ એક સ્વયંસંચાલિત યાનને નડયો હતો) અને એવું થતું અટકાવવા માટે જ ચન્દ્રયાનનો નીચેનો ભાગ ચન્દ્ર ઉપર મૂકી આવવાની વ્યવસ્થા વિચારવામાં આવી હતી.

ચન્દ્રયાન અને અવકાશ યાનનાં જોડાણમાં થોડું વિઘ્ન નડયું હતું અને જોડાણ પછી બન્ને યાનો ધ્રૂજવા માંડયાં હતાં. જોકે કોલિન્સે બાજી સમાલી લીધી હતી. આવું કેમ બન્યું તેની હવે તપાસ થશે.

જોડાણ થયા પછી, ચન્દ્રયાનમાંના યાત્રીઓ, એક બુગદા દ્વારા અવકાશયાનમાં પહોંચી ગયા હતા અને પછી ચન્દ્રયાનનો ઉપરનો ભાગ પણ અવકાશમાં છોડી દેવામાં આવ્યો હવો. એ હવે સૂર્યની આજુબાજુ હજારો વર્ષ સુધી ફર્યા કરશે. આ રીતે પાછાં ફરતાં ફરતાં ચન્દ્રના પરિસરમાં જે વસ્તુઓ અવકાશયાત્રીઓ છોડી આવ્યા છે તેની કિમ્મત રૂા. પાંચ કરોડ જેટલી થાય છે.

ચન્દ્રયાનનો ઉપરનો ભાગ અવકાશમાં છોડી દીધા પછીનો એપોલો – ૧૧ નો ઈતિહાસ એપોલો – ૮ જેવો જ છે એટલે એનું પિષ્ટપેષણ કરવાની જરૂર નથી.

એપોલો–૧૧ ની સાથોસાથ રશિયાએ પણ લ્યુના–૧૫ નામનું માનવવિહોણું સ્વયંસંચાલિત ચન્દ્રયાન છોડયું હતું. આ ચન્દ્રયાનનો હેતુ ચન્દ્ર ઉપર અમેરિકી અવકાશયાત્રીઓ શું કરે છે તેની જાસુસી કરવાનો હોય કે પછી બીજો કોઈ હોય પણ એ ચન્દ્રયાને થોડો સમય તો ભેદની હવા જન્માવી હતી. આખરે એ ચન્દ્રયાન ચન્દ્રની સપાટી પર તૂટી પડયું હતું.

ચન્દ્ર ઉપરના વિજયની આજ સુધીની કથા આવી છે. અમેરિકાએ તો એપોલો – ૨૦ સુધીનો કાર્યક્રમ ઘડી કાઢયો છે અને દર ચાર મહિને ચન્દ્ર પર માણસો મોકલવાના છે. એપોલો – ૧૩ ના માણસો તો એક મીની જીપ – બચુકડી જીપ લઈને ચન્દ્ર પર જવાના છે અને ચન્દ્ર પર ફરવાના છે (આ જીપ પણ અલબત્ત, રોકેટથી જ ચાલતી હશે કારણ કે ચન્દ્ર પર હવા નથી) કાળા માથાનો માનવી શું નહિ કરે એવો પ્રશ્ન પૂછવાનો અવકાશ હવે રહેવાનો નથી એમ જ લાગે છે, કારણકે કાળાં માથાંનો માનવી આજે અશક્ય અને અકલ્પ્ય બાબતોને પણ શક્ય અને મૂર્તિમંત કરી રહ્યો છે.

મનુભાઈ મહેતા.

* બેંગલોર પછી– *

કૉંગ્રેસ મહાસમિતિના બેંગલોર અધિવેશનમાં જે કટોકટી સર્જાઈ તે ત્યાર પછીના સપ્તાહમાં ઘેરી બની અને હજી વિશેષ ઘેરી બનશે તેવાં ચિહ્નો છે. કૉંગ્રેસના ભાવિ સાથે કેટલેક દરજ્જે દેશનું ભાવિ સંકળાયેલું છે તેથી કૉંગ્રેસનો આ આંતરવિગ્રહ દેશને માટે ભારે ચિન્તાનું કારણ છે. કૉંગ્રેસના આગેવાનોમાં Naked Struggle for Power ઉઘાડી રીતે ચાલી રહ્યો છે. તેને કારણે કૉંગ્રેસનું જે જૂથ સત્તા પર રહે અને જે પગલાં લે, તેની ઊંડી અસર સમસ્ત દેશ અને પ્રત્યેક નાગરિકના જીવન ઉપર પડવાની. પરિણામે સત્તા મેળવવા અથવા જાળવી રાખવા મથતી વ્યક્તિઓના જીવન પૂરતો જ આ પ્રશ્ન નથી. ઈન્દિરા ગાંધી વડા પ્રધાન રહે કે બીજી કોઈ વ્યક્તિ, તે આપણા સૌને માટે વિચારણીય છે.

રાજકીય પુરુષો, જે વર્તન કરે છે તે પ્રજાહીત માટે કરે છે તેમ પોતે માને છે અને બીજાને તેમ મનાવવા પ્રયત્ન કરે છે. આ સાવ ખોટું નથી. પણ તે સાથે પોતાનો સ્વાર્થ અને સત્તાની આકાંક્ષા તેમના વર્તનનાં પ્રેરક બળો હોય છે તે પણ હકીકત છે. Public Good and Private Interest એટલાં બધાં ગુંથાએલાં હોય છે કે, તેને જુદા પાડવાં અશક્ય છે. પરસ્પર આક્ષેપો થાય તેમાં સ્વાર્થનાં મૂળ શોધાય અને એથી પણ આક્ષેપો ઊંડા ઉતરે.

કૉંગ્રેસના વર્તમાન અગ્રણી નેતાઓ, લાંબા જાહેર જીવન અને દેશસેવાનો દાવો કરી શકે છે. જવાહરલાલ નહેરૂ હતા ત્યાં સુધી તેમના સ્થાન માટે કોઈ પ્રતિસ્પર્ધી ન હતો. તેમના અવસાન પછી ઉચ્ચ સ્થાન માટે સત્તાનો સંઘર્ષ કૉંગ્રેસમાં શરૂ થયો. ત્રણ વખત વડા પ્રધાનની પસંદગી કરવાનો પ્રસંગ આવ્યો. ત્રણે વખત મોરારજીભાઈએ તે સ્થાન માટે સકારણ પ્રયત્નો કર્યા અને ત્રણે વખત સફળ ન થયા. પહેલા બે પ્રસંગોમાં કામરાજે મુખ્ય ભાગ ભજવ્યો અને ત્રીજા પ્રસંગે – સને ૧૯૬૭ની ચૂંટણી પછી – ઈન્દિરા ગાંધીનું સ્થાન વધારે મજબૂત થયું હતું, એટલે બીજા સાથીઓના આગ્રહથી અને શિસ્ત ખાતર તેમણે નાયબ વડાપ્રધાનપદ સ્વીકાર્યું. પણ આગેવાનોમાં અંતર વધતું રહ્યું. કેટલીક જૂથબંધી થઈ – Syndicate and Indicate –પણ ખરી રીતે દરેક પોતાના માર્ગે પોતાની રમત રમી રહ્યા હતા. ખાસ કરી વયોવૃદ્ધ, પીઢ આગેવાનો એમ માનતા હતા કે ઈન્દિરા ગાંધી તેમની આજ્ઞામાં રહેશે અથવા છેવટ અનુકૂળ રહેશે. પણ ઈન્દિરા ગાંધીએ નવું જ પોત પ્રકાશ્યું, જેણે આ આગેવાનોને આશ્ચર્ય પમાડ્યું અને અપમાનજનક લાગ્યું. ૧૯૬૭ની ચૂંટણી પછી કૉંગ્રેસ આગેવાનોનું તેજ ઘટયું તેમ ઈન્દિરા ગાંધીની હિમત વધી. વયોવૃદ્ધ આગેવાનો અનુભવી અને પીઢ ખરા પણ યુવાન પેઢી સાથે અને આમ જનતા સાથે તેમનો સંપર્ક ઘણો ઓછો રહ્યો. સ્વેચ્છાએ નિવૃત્ત થવું અથવા પોતાના સ્થાનનું સાચું ભાન હોવું તે હજી આપણાં જાહેર જીવનનું અંગ નથી.

પાર્લામેન્ટ કૉંગ્રેસ પક્ષ અને કૉંગ્રેસ સંસ્થા બે વચ્ચે સુમેળ રહેવો જોઈએ અને દરેકે પોતાની કાર્યમર્યાદા જાણવી જોઈએ. પાર્લામેન્ટ કૉંગ્રેસ પક્ષના નેતા ઈન્દિરા ગાંધી, પણ કૉંગ્રેસ સંસ્થામાં તેમનું પીઠબળ ઓછું એટલે સંઘર્ષ વધતો રહ્યો. તેનો ભડકો બેંગલોરમાં થયો અને આણધારી રીતે થયો. પછી તો બનાવોની શૃંખલાએ આ નાટકના સૂત્રધારોને પોતાના કેદી બનાવ્યા અને ધડાકા થતા રહ્યા.

છંછેડાયેલા ઈન્દિરા ગાંધીએ એક નવું સ્વરૂપ બતાવ્યું. બેંગલોર પછીના ૧૫ દિવસના બનાવોનો કડીબદ્ધ ઈતિહાસ અત્યારે મળે તેમ નથી. આ શેતરંજમાં કોણે કયા દાવ ખેલ્યા તે અત્યારે અંધારામાં રહેશે. વર્તમાનપત્રો અને કહેવાતા જાણકારો અસંખ્ય વાતો અને અફવાઓ રજુ કરે છે. બનાવો એટલા વેગથી બન્યા છે કે બધા સ્તબ્ધ થઈ ગયા છે. અત્યારે એમ લાગે કે ઈન્દિરા ગાંધીનો વિજય થયો છે, પણ આ માત્ર યુદ્ધવિરામ છે. આ બધાનો અત્યારે તો ભોગ બન્યા મોરારજીભાઈ. તેનું કારણ છે, ઈન્દિરા ગાંધીની પ્રતિસ્પર્ધા કરે એવી મુખ્ય વ્યક્તિને જ પહેલું નિશાન બનાવવી જોઈએ. મોરારજીભાઈ પાસેથી નાણાંખાતું જે રીતે લઈ લીધું તેમાં ભારોભાર અવિવેક છે તે વિષે કોઈ શંકા નથી. ઈન્દિરા ગાંધીએ કહ્યું કે મોરારજીભાઈને પૂછવાનો કોઈ અર્થ ન હતો; કારણ કે તેઓ કદિ રાષ્ટ્રીયકરણની વાત સ્વીકારત નહિ. મોરારજીભાઈએ કહ્યું કે મને પૂછ્યું હોત તો સ્વેચ્છાએ સ્વીકારત. પત્રવ્યવહારમાં તેમ જ જાહેર નિવેદનોમાં ઈન્દિરા ગાંધીએ વિવેક જાળવ્યો છે. પણ મોરારજીભાઈના કહેવા મુજબ ઈન્દિરા ગાંધીએ શ્રી ચન્દ્રભાણ ગુપ્તાને કહ્યું કે, મોરારજીભાઈ ઈન્દિરા ગાંધીને હઠાવવાનું કાવતું કરી રહ્યાં છે. ઈન્દિરા ગાંધીએ આ હકીકતનો ઈન્કાર કર્યો છે.

એક વાત સ્પષ્ટ છે. બેંગલોરમાં બન્ને પક્ષે જે રમત થઈ, તેનું આવું જ કાંઈક પરિણામ આવે. ઈન્દિરા ગાંધીની આર્થિક નીતિને લગતી નોંધે પહેલે દિવસે વર્કીંગ કમિટીમાં ખળભળાટ મચાવ્યો. બીજે દિવસે અચાનક પલ્ટો આવ્યો અને બધાએ તે સ્વીકારી એટલું જ નહિ પણ મોરારજીભાઈએ પોતે જ તે પ્રસ્તાવ રજુ કર્યો. તે પ્રસ્તાવ ઉપરના તેમનાં બે ભાષણો એમ બતાવે છે કે આ બાબતમાં તાત્કાલિક કાંઈ કરવાપણું નથી અને કાંઈ નવું નથી. ચવ્હાણે બીજું જ કહ્યું. દરેકને Reservations હતાં – ઈરાદાપૂર્વકના કદાચ નહિ, દરેકની સમજણ જુદી હતી. રાષ્ટ્રપતિના ઉમેદવારની પસંદગીમાં ઈન્દિરા ગાંધીને સખ્ત હાર મળી. બાજી ચવ્હાણના હાથમાં હતી. ચવ્હાણ બન્ને બાજુ પગ રાખે છે. ઈન્દિરા ગાંધી ઘા ખાઈ ગયા. બેંકનું તાત્કાલિક રાષ્ટ્રીયકરણ કરવાનું તેમનાં મનમાં પણ ન હતું, પણ સીન્ડીકેટ ફસાઈ ગઈ. આ નીતિ સર્વાનુમતે સ્વીકારાઈ હતી. ઈન્દિરા ગાંધીએ તેમને બરાબર પકડ્યા. સાપે છછુંદર ગળ્યા જેવું થયું. ઈન્દિરા ગાંધીએ ઘણી કુનેહપૂર્વક 'સોગઠાં ચલાવ્યાં. મોરારજીભાઈનું અપમાન કર્યું. તેના બદલામાં તેમના 'સાથીઓ' આકરું પગલું ભરશે એમ માનવામાં આવતું હતું. ચવ્હાણ રાજીનામું આપશે એમ કહેવાયું. ચવ્હાણે ફેરવી તોળ્યું. વર્કીંગ કમિટીએ નમતું મૂક્યું. મોરારજીભાઈ એકલા પડી ગયા.

બેંકોના રાષ્ટ્રીયકરણને દેખીતી રીતે દેશમાં ભારે આવકાર મળ્યો છે તે જોતાં, વયોવૃદ્ધ નેતાઓએ – Old guards –જુદી વ્યૂહરચના કરવી પડશે. કૉંગ્રેસ પાર્લામેન્ટ પક્ષમાં ઈન્દિરા ગાંધી સામે અવિશ્વાસની દરખાસ્ત હાલ શક્ય નથી.

રાષ્ટ્રપતિપદની બાબતમાં ઈન્દિરા ગાંધીએ નમતું મૂક્યું. સંજીવ રેડ્ડીને સ્વીકાર્યા અને તેમનું ઉમેદવારી પત્રક પણ પોતે ભર્યું. અહીં પણ કુનેહથી કામ લીધું. સંજીવ રેડ્ડી હારી જાય તો કૉંગ્રેસને મોટો ફટકો પડે. કદાચ આ તબક્કે ઈન્દિરા ગાંધીને આ પોષાય નહિ. સ્વતંત્ર પક્ષ, જનસંઘ અને ભારતીય ક્રાંતિદળ – ત્રણ પક્ષોએ ચિંતામણ દેશમુખને ઊભા કર્યા છે. આથી સંજીવ રેડ્ડીને થોડો ધક્કો પહોંચવા સંભવ છે. પણ આ પક્ષો શું ખરેખર દેશમુખને ટેકો આપવાના છે? રાજાજીએ સંજીવ રેડ્ડીને ટેકો આપવાનું કહ્યું છે. કૉંગ્રેસના કટ્ટર વિરોધીએ આમ કેમ કર્યું? ઈન્દિરા ગાંધીને કફોડી સ્થતિમાં મૂકવા? સંજીવ રેડ્ડીને ટેકો આપવામાં કૉંગ્રેસ સભ્યો એકમત રહેશે? ખાનગી મતદાન છે, કાંઈક રમત રમાશે.

હવે વળી ઉપ-રાષ્ટ્રપતિ અને સ્પીકરની પણ પસંદગી કરવાની

છે. જે નામો બોલાય છે તેમાં બહુ ખેંચતાણ થવાનો સંભવ નથી.

પાયાનો સવાલ એ છે કે, કૉંગ્રેસ રહેશે કે, તૂટશે? For their own survival, both groups will avoid a show-down, so far as possible ,કૉંગ્રેસમાંથી સ્વેચ્છાએ બેમાંથી એકેય પક્ષ નીકળશે નહિ, કોણ કોને હાંકી કાઢે છે તે જ સવાલ છે. કૉંગ્રેસ સંસ્થાનો કબજો જેની પાસે રહે તે જૂથની હજી એકંદરે સરસાઈ રહે. દેશવ્યાપી Organisation છે. સ્પર્ધા કરે એવો બીજો કોઈ સબળ પક્ષ નથી. હજી જુની પ્રતિષ્ઠા છે. ઈન્દિરાં ગાંધી હવે Organisation માં પોતાની સરસાઈ મેળવવા પ્રયત્ન કરશે. પણ હવે પછીના બનાવો શું પરિણામ લાવશે તે કહેવું મુશ્કેલ છે. ૧૯૭૨ માં થવાનું છે તે અત્યારે થાય. ઈન્દિરા ગાંધી કેટલા વેગથી આગળ જવા માગે છે અને પોતાનું કેટલું બળ માને છે તે ઉપર આધાર છે. બેન્કોના રાષ્ટ્રીયકરણ પછી શું? હવે ત્યાં અટકાય નહિ.

પણ આ બધામાં દેશનું શું? આપણું શું? બૅંકોના રાષ્ટ્રીયકરણથી કોઈ ચમત્કાર થવાનો નથી. ફ્રાન્સ, ઈટલી, બરમા અને બીજા દેશોમાં બૅંકોનું રાષ્ટ્રયકરણ થયું છે. તેથી કોઈ ક્રાન્તિ થઈ નથી.

અત્યારે કૉંગ્રેસ તૂટે તો રાજસત્તા કોના હાથમાં આવશે? કૉંગ્રેસના આગેવાનો, પોતાના માન - અપમાન કે સત્તાસ્થાનોનો વિચાર બાજુએ મૂકી દેશના હિતને સર્વોપરિ ગણી, સ્થિરતા ટકાવશે? દેશમાં હિંસાનાં બળો જોર કરી રહ્યાં છે. પ્રજાની ધીરજ ખૂટી છે. ગરીબાઈ, અસમાનતા, ભૂખમરો બેકારી, મોંઘવારી – આ ભીષણ પરિસ્થિતિ માટે તાત્કાલિક અને પ્રજાહૃદયને સ્પર્શે એવી રીતે, અસરકારક પગલાં નહિ લેવાય તો, કોઈ ટકવાના નથી અને અરાજકતા બધાને ભરખી જશે. સ્થાપિત હિતોને નિડરતાથી પડકારવામાં નહિ આવે તો જૂની પ્રતિષ્ઠા ઉપર કોઈ નભી શકે તેમ નથી. સ્થાપિત હિતોને પંપાળવામાં આવશે અથવા તેનો બચાવ કરવામાં આવશે અથવા સુફીયાણી દલીલોથી તેને નિભાવવામાં આવશે તો પ્રજા સહન કરવાની નથી. ભૂગર્ભમાં જે બળો કામ કરી રહ્યાં છે તે સમજીયે તો આપણે ખરી રીતે જવાળામુખી ઉપર બેઠા છીએ. પછી લોકશાહી અને Rule of Law બધી વાતો રહેવાની છે. ઈન્દિરા ગાંધી દેશને સામ્યવાદ તરફ ઘસડી જાય છે કે મોસ્કોની અસર નીચે છે એ બધી વાતોથી વાસ્તવિકતા ઢંકાતી નથી. જમણેરી બળો કે પક્ષો, સ્થાપિત હિતોને રક્ષણ આપે છે. એવા પક્ષો કે વ્યકિતઓ ટકવાના નથી. પાટિલ અને નિજલિંગપ્પા જેવાના દિવસો પૂરા થયા છે. ચિંતામણ દેશમુખ જેવી પીઢ વ્યકિતએ કહ્યું છે:

'The events of the past couple of years have led me to conclude that a valid political choice can only be between the Extreme left and Left which is almost as extreme. I cannot see more than a transient success for a government which is now predominantly Right of Centre. I think the days of such a Government are numbered.'

"છેલ્લાં બે વર્ષના બનાવોથી હું એ નિર્ણય પર આવ્યો છું કે સ્થિર રાજતંત્ર માટે આપણી પસંદગી ઉદ્દામ ડાબેરી અથવા તેના જેવા જ લગભગ ડાબેરી તંત્ર વચ્ચે છે. મોટે ભાગે જમણેરી હોય તેવા રાજતંત્ર માટે ક્ષણિક સફળતા સિવાય વિશેષ ભવિષ્ય હું જોતો નથી. આવા (જમણેરી) રાજતંત્રના દિવસો ભરાઈ ચૂકયા છે."

કોઈને ગમે કે ન ગમે, આમ જનતા મોટે ભાગે ડાબેરી બળોને જ ટેકો આપે છે, કારણ કે તેમાં જ તેમને પોતાનું ભવિષ્ય દેખાય છે. ઈન્દિરા ગાંધી આ સમજે છે. કાળબળ સામે કોઈ ટકી ન શકે. સવાલ એટલો જ છે કે સ્વેચ્છાએ કરશું કે બળજબરીથી કરવું પડશે. જુનો સવાલ છે. Will man voluntarily choose equality.?

૨૭-૭-૬૯ ચીમનલાલ ચકુભાઈ શાહ

સસ્તી પોષક વાનગીઓ

(આ પુસ્તક જાણીતા કેળવણીકાર વયોવૃદ્ધ શ્રી ચંદુલાલ કાશીરામ દવેએ તૈયાર કર્યું છે અને જ્યોતિસંઘ, તિલક માર્ગ, અમદાવાદ - ૧. તરફથી પ્રગટ કરવામાં આવ્યું છે. તેની કિંમત રૂ. ૩ છે. તેનું ડૉ. એમ. એમ. ભમગરા તરફથી નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું છે.)

વાનગીઓ સાથે આહારશાસ્ત્રનો સમન્વય કરતું આ એક અજોડ પુસ્તક છે. લેખકે નિ:શુલ્ક સેવા આપી છે અને પ્રકાશક સંસ્થાએ નફો કરવાની દાનત નથી રાખી. તેથી ૩૭૫ પાનાનું આ પુસ્તક ફકત ત્રણ રૂપિયામાં મળી શકે છે, જે માટે ઉભયને ધન્યવાદ.

લેખક મૂળે શિક્ષણ વ્યવસાયમાં; નિવૃત્ત થયા પછી આહાર વિષે સંશોધનનો શોખ જાગ્યાથી છેલ્લા એક દશકા ઉપરાંતથી મુંબઈ, અમદાવાદ અને વડોદરામાં આહારશાસ્ત્રીઓ, નિસર્ગોપચારકો અને વૈદ્યોનો સંપર્ક સાધી માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન જ શોધતા નથી, બલકે વહેવારુ અનુભવ મેળવવા રાંધણકળાના વર્ગોમાં પણ જોડાય છે. ૮૦ વર્ષની ઉંમરે આવી જ્ઞાનપિપાસા જવલ્લે જ જોવા મળે.

લેખક નિસર્ગોપચાર વિચારોથી વધુ રંગાયા છે એવી છાપ વાંચકને પડે છે. જો કે એ સાથે આયુર્વેદના ખ્યાલો પણ સંકળાયેલા છે. લેખક સાચું જ કહે છે કે; "માંદગીમાં મોટે ભાગે તો અયોગ્ય અથવા વધુ પડતો ખોરાક જ કારણભૂત હોય છે, જો કે કેટલીક વખત તેની સાથે યોગ્ય શ્રમ, વિશ્રાંતિ અને માનસિક શાંતિની ખામી પણ ઘણે અંશે દોષિત હોય છે." તેમણે ઉપવાસની ભલામણ અમુક રોગોમાં કરી છે તે યોગ્ય છે, વળી ઉગ્ર રોગોને દવાઓથી દબાવી દેવાને કારણે ક્રોનિક રોગો ઉભા થાય છે એ એમનું કથન પણ સાચું જ છે. આહાર અને આરોગ્ય વિષેની સાદી અને વૈજ્ઞાનિક માહિતીથી આ પુસ્તક ભરપૂર છે.

વાનગીઓમાંની ઘણી ય શ્રી દવેએ પોતાનાં મિત્રો પાસેથી એકઠી કરી છે અને જે તે વાનગીઓને છેડે તેમણે તે મિત્રોનાં નામ આપ્યાં છે. ઘણી વાનગીઓ વિચિત્ર લાગે: દા. ત. (૧) ફણુગાવેલા ઘઉંની સૂર્યના તાપે સૂકવેલી રોટલી, (૨) મસુર અને શક્કરીઆની દાળ, (૩) વઘેલી રોટલીનો ચેવડો વગેરે; પણ અવનવી વાનગીઓ આ પુસ્તકનું અનોખું અંગ છે. અલબત્ત, જાણીતી અને માનીતી વાનગીઓ પણ આ પુસ્તકમાં આપી છે, જેવી કે રસગુલ્લા, માલપૂડા, કોપરાપાક, આઈસક્રીમ વગેરે, પરંતુ ખાંડને વર્જ્ય ગણી હોવાથી મોટે ભાગે ગોળનો ઉપયોગ સૂચવવામાં આવ્યો છે. ખાંડથી આરોગ્યને–ખાસ કરીને દાંત, હાડકાં અને જ્ઞાનતંતુને–નુકસાન થાય છે એ હકીકત આપણે જાણવા છતાં ગણકારતા નથી, અને અનેક રોગના આપણે ભોગ બનીએ છીએ.

ફણુગાવેલાં કઠોળની વાનગીઓ તેમજ આથાવાળી વાનગીઓ બાબત પણ અહીં સારી માહિતી અપાઈ છે, જે આહારશાસ્ત્રના કોઈ બીજાં પુસ્તકમાં જોવા ન મળે. 'કચરામાંથી કંચન' પ્રકરણ પણ વાંચવા જેવું છે.

આપણે શ્રી દવેને આ ઉપયોગી પુસ્તક માટે અભિનંદન આપીએ અને પુસ્તકની અનેક આવૃત્તિઓ ગુજરાતી ઉપરાંત અન્ય ભાષાઓમાં થાય એવી શુભેચ્છા પાઠવીએ.

મુંબઈ, તા. ૧૮-૭-'૬૯ મ. ભમગરા.

વિષય સૂચિ

		પૃષ્ઠ
કુંડલીની યોગ	પ્રભાવતીબહેન ત્રિવેદી	૭૧
ગાંધીભકત નેહરુ	ઉછરંગરાય ન.ઢેબર	૭૩
વિશ્વબંધુત્વનો નવતર પ્રયોગ: 'ઓરોવીલ'	સુબોધભાઈ એમ. શાહ	૭૪
માનવ ઈતિહાસનું અપૂર્વ પ્રકરણ		
આલેખતા અમેરિકી અવકાશવીરો	મનુભાઈ મહેતા	૭૫
બે'ગલોર પછી	ચીમનલાલ ચકુભાઈ શાહ	૭૭
સસ્તી પોષક વાનગીઓ	મ. ભમગરા	૭૮
વિજ્ઞાનવિરોધી ધાર્મિક માન્યતાઓને પડકાર	સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ	૭૯
ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ પર દૃષ્ટિપાત	'વ્યાપાર'માંથી	૮૦
પ્રસન્ન દાંપત્ય	મંત્રી, જૈન સોશ્યલ ગ્રુપ	૮૧
હાઈકુ-સપ્તક	હરીશ વ્યાસ	૮૧
'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે સદ્‌ભાવ દાખવતા પત્રો		૮૨

❋ વિજ્ઞાનવિરોધી ધાર્મિક માન્યતાઓને પડકાર ❋

(સ્વર્ગસ્થ ફિલસુફ વિચારક શ્રી વાડીલાલ મોતીલાલ શાહનાં લખાણોના સંગ્રાહક અને ઊંડા અભ્યાસી શ્રી ત્રિભુવનદાસ વીરજી જીભાઈ હેમાણી તા. ૩-૬-'૬૯ ના પત્રમાં જણાવે છે કે "તાજેતરમાં બે હફ્તાથી ઉપાધ્યાય શ્રી અમરમુનિના લખાણને આપે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કર્યું તેથી મને બેવડો હર્ષ થવા પામ્યો છે. બેવડો એટલા માટે કે (૧) આપે પોતે ઉપાધ્યાય શ્રી અમરમુનિનાં એ લખાણને પ્રગટ કર્યું છે અને (૨) ફિલસુફ વિચારક શ્રી વા. મો. શાહે ૪૦ વર્ષ પહેલાં રજૂ કરેલી વિચારણાને અજાણતા પણ ટેકો આપીને તેને સમર્થન આપવા જેવું પગલું એ પ્રકાશનદ્વારા આપે ભર્યું છે. આપને કદાચ ખબર નહિ હોય કે ઉપાધ્યાય શ્રી અમરમુનિએ જે વિચારણા તાજેતરમાં પ્રગટ કરી છે તે જ વિચારણાને ખૂબ વિસ્તારપૂર્વક વા. મો. શાહે તેમના 'જૈન દીક્ષા' શિર્ષક પુસ્તકમાં સને ૧૯૨૯ માં જનતા સમક્ષ રજૂ કરી હતી. શ્રી અમર મુનિએ શાસ્ત્રને પડકાર કરવાની બાબતને ખૂબ જ સંક્ષેપમાં લખી છે. તે જ બાબતને વા. મો. શાહે ખૂબ જ વિસ્તારપૂર્વક લખી છે. તાત્પર્ય એટલું જ કે એ બાબતને એ સ્વરૂપમાં રજૂ કરવામાં વા. મો. શાહ ખોટા નહોતા, પણ સમયની અપેક્ષાએ બહુ વહેલા હતા." આમ જણાવીને 'જૈન દીક્ષા' માંથી પ્રસ્તુત લખાણની નકલ તેમણે મારી ઉપર મોકલી છે જે માટે શ્રી ત્રિભુવનદાસનો હું આભાર માનું છું. તે લખાણ નીચે મુજબ છે. **પરમાનંદ**)

પોલિટિકસ, વ્યાપાર અને સાયન્સનાં 'ફળ' ખાવાનું બધા ધર્મગુરુઓને પાલવે છે, પણ તેઓના 'આત્મા' બની તેમને દિવ્ય બનાવવાની તેઓમાં તાકાત નથી, અને તેથી જ તેઓ તેમાં 'પાપ' બતાવે છે! દ્રાક્ષને પહોંચી શકાતું નથી તેથી તે 'ખાટી' છે!

જૈન સાધુઓને એમનાં કામ પૂરતું પૉલિટિક્સ ખેલતાં તો બરાબર આવડે છે. ગુજરાતના ઈતિહાસમાં પણ તેઓએ કયાં એ કામ નહોતું કર્યું? – જો કે ધર્મશાસ્ત્ર સઘળી 'વ્યવહાર' પ્રવૃત્તિની મના કરે છે તો પણ! રોમન કેથોલિક ધર્મના સાધુઓ પણ જ્યારથી ધર્મસ્થાનકોને રાજપ્રકરણના અખાડા બનાવવા લાગ્યા ત્યારથી જ એમની કારકિર્દીનો અંત શરૂ થયો. આનું નામ જ જડવાદ. રાજપ્રકરણના **અંગ** બનવું એ જડવાદ છે. અને રાજપ્રકરણના **આત્મા** બનવું એ ચેતનવાદ છે. વ્યાપારીના શાગીર્દ બનવું કે એમના લાભોની ગરજ કરવી એ જડવાદ છે. વ્યાપારીના આત્મા બની એમની વ્યાપારપ્રવૃત્તિને દિવ્યતા અને વિશાળતા આપવી એ ચેતનવાદ છે.

જૈન ધર્મગુરુઓ કે હિંદુ ધર્મગુરુઓને, ઉપર કહેવાઈ ગયું તેમ ધર્મને વધુ વ્યાપક બનાવી વ્યાપાર, પૉલિટિક્સ અને સાયન્સને અપનાવવાનું સ્વપ્ન પણ થાય તે પહેલાં તો, સાયન્સે પોતાની કલ્પનાશકિત રૂપી હાથ લંબાવીને ધર્મના વાદળને સ્પર્શવાની બહાદુરીભરી શરૂઆત કયારની ય કરી દીધી છે. મહાન હિંદી સાયન્સિસ્ટ સર જગદીશચંદ્ર બોઝે વનસ્પતિ માત્રમાં જીવ હોવાનું સાબિત કરી આપ્યું છે અને તેમને થતી લાગણીઓ દેખાડી આપી છે. ઈંગ્લાંડના મોટામાં મોટા સાયન્ટિસ્ટ સર ઓલિવર લૉજે સાયન્સ દ્વારા મૃત્યુ પછીની હયાતીની ઝાંખી કરી છે. જર્મન સાયન્ટિસ્ટ આઈન્સ્ટીને હમણાં જ વધુમાં વધુ મહાન શોધ ગણિતવિદ્યા દ્વારા કરી છે, જે એ છે કે આખું વિશ્વ એક જ તત્ત્વનું - બ્રહ્મ અથવા આત્માનું - પ્રાગટય છે. એને આ શોધ સમજાવવા ગણિતની ખાસ ભાષા રચવી પડી છે, અને તે એના ભાવને ઝીલવાની શકિતવાળા આજની દુનિયામાં ૫-૭ માણસો પણ ભાગ્યે જ હશે એમ વિદ્વાનો કહે છે. હિંદના જૈન અને હિંદુ ધર્મગુરૂઓની તો બલા જાણે કે આવી મહાનમાં મહાન આધ્યાત્મિક શોધ થવા પામી છે અને તે **પણ ધર્માત્માથી નહિ પણ સાયન્ટિસ્ટથી** - અને તે પણ જે પ્રજાને તેઓ મલેચ્છ - માંસાહારી - મિથ્યાત્વી કહે છે તેવી પ્રજામાંની એક વ્યકિતથી! જ્યાં સુધી રેલ કે વીજળીની વાતો થતી ત્યાં સુધી તો આ ધર્માત્માઓ કહેતા કે એ તો બધાં મિથ્યાત્વનાં સંતાન છે, જડવાદ છે. હવે એ જ સાયન્સે ચેતનવાદીઓને નીચું જોવડાવ્યું છે: હવે પ્રશ્ન એ છે કે: 'મિથ્યાત્વી કોણ? જેમણે બ્રહ્મ કે આત્માની શોધ કરી તે આઈન્સ્ટીન કે લાખો લોકોના આત્માને જડ બનાવનારા જૈન અને હિંદુ ધર્મગુરુઓ? અને હજીય શું તેઓ પોતાની 'સમકિત' અને 'મિથ્યાત્વ' ની વ્યાખ્યાઓ અને વ્યાખ્યાનો બદલવા તૈયાર છે? અને તેઓ તૈયાર ન હોય તો પણ અનુયાયીઓ પૈકી જેઓ જીવવા માંગતા હશે–જયવંતુ જીવન જીવવા માગતા હશે તેવાઓ કમમાં કમ તેવાઓ તો–કહેવાતા ધર્મ અને કહેવાતા ધર્મગુરુ અને કહેવાતાં શાસનોને છોડી પોતાનો વિકાસ કરી શકે એવા ધર્મ, ધર્મગુરુ અને શાસનને શાસ્ત્રોમાંથી ઢુંઢવા પોતાની ગરજે તૈયાર થવાના જ. એમને કોઈ પાંખડીઓ અટકાવી નહિ જ શકવાના. અને તેઓ પણ તેમ કરવા તૈયાર નહિ હોય તો હિંદના કે હિંદ બહારના જે લોકો 'જૈનત્વ' ધરાવતા હશે તેઓ પોતાની ગરજે હિંદની જમીન પરનાં મુડદાંઓને ફેંકી દેશે, કે જેથી એમને આમની બદબો અને સડો અસર કરવા પામે નહિ. અને જો એમની હયાતી નાબુદ થવાનો જ સંજોગ લખાયલો હશે - આપણે ઈચ્છીએ કે એમ કદાપિ ન થાઓ! – તો દુનિયાને અફસોસ તો નહિ જ થાય, કારણ કે તેમની હયાતીથી દુનિયા કે એક દેશના ય વિકાસ કે રક્ષણમાં કાંઈ જ ફાળો મળતો નથી, - કાંઈ મળતું હોય તો તે પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ વગરનાં સામયિક - પ્રતિક્રમણનાં ખોખાંઓ, એવાં જ પૂજનો, એવાં જ વ્યાખ્યાનો, એવી જ સાધુદીક્ષાઓ અને એવા જ તપોની ધમાલો! અને એ ધમાલોથી 'ચોથો' આરો' અથવા 'સત્યયુગ' વરતાઈ રહ્યાનાં મનમનામણાં! આ 'મનમનામણાં! – આ કેફ – આ opium–ની ગેરહાજરીમાં દુનિયા કદરતની તંદુરસ્તી પર વધુ જલદી આવવા પામશે.

સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ.

સાભાર–સ્વીકાર

પ્રજાકીય સત્તાનો ઉદય: લેખક: કાકાસાહેબ કાલેલકર; પ્રકાશક: હેરોલ્ડ લાસ્કી ઈન્સ્ટીટયૂટ ઓફ પોલીટિકલ સાયન્સ, માવલંકર હવેલી, ભદ્ર, અમદાવાદ ૧. કિંમત રૂ. ૧-૫૦.

રાજ્યશાસ્ત્ર પ્રવેશિકા: મૂળ અંગ્રેજી, લેખક સ્વ. હેરલ્ડ લાસ્કી: અનુવાદક: શ્રી. નીરૂ દેસાઈ: પ્રકાશક: ઉપર મુજબ, કિંમત રૂ. ૧-૭૫.

ઈવાન પેટ્રોવિચ પાવલોવ: લેખક; શ્રીમતી હર્ષિદા પંડિત: પ્રકાશક: ઉપર મુજબ, કિંમત રૂ. ૨-૨૫.

શૈક્ષણિક ક્ષેત્રનું સ્વાતંત્ર્ય: લેખક શ્રી ગોવર્ધન પરીખ: પ્રકાશક ઉપર મુજબ, કિંમત રૂ. ૧-૨૫.

હિમાલયની ગોદમાં: લેખક શ્રી ઉમેદભાઈ પટેલ, શ્રી ભદ્ર આશ્રમ, અઠવા લાઈન્સ, સૂરત. કિંમત. ૭૫ પૈસા.

સ્વાતંત્ર્યનો પ્રયોગ: લેખક: હરભાઈ ત્રિવેદી: પ્રકાશક: ઘરશાળા પ્રકાશન મંદિર, તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર. કિંમત. ૧-૫૦.

બાલ મહિમા: લેખક અને પ્રકાશક: ઉપર મુજબ, કિંમત ૧-૦૦

જીવનની કેળવણી: લેખક અને પ્રકાશક: ઉપર મુજબ, કિંમત ૧-૦૦.

જાતક કથાઓ, ભાગ - ૧: લેખક અને પ્રકાશક ઉપર મુજબ, કિંમત ૧-૫૦.

જાતક કથાઓ ભાગ - ૨: લેખક અને પ્રકાશક: ઉપર મુજબ, કિંમત ૦-૬૦.

કોઈએ નહોતું કીધું: લેખક અને પ્રકાશક: ઉપર મુજબ, કિંમત ૧-૭૫

બાળકોની કથની: લેખક અને પ્રકાશક: ઉપર મુજબ, કિંમત ૧-૦૦.

ભયનો ભેદ: લેખક અને પ્રકાશક: ઉપર મુજબ, કિંમત ૦-૫૦.

ગીતાવલિ: ગીતોનો સંગ્રહ: પ્રકાશક: લીના મંગળદાસ, ક્રોગસ્ પ્રતિષ્ઠાન, અમદાવાદ - ૭, કિંમત ૨-૫૦.

ખાદી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ પર દૃષ્ટિપાત

(તા. ૯-૭-૬૯ના 'વ્યાપાર' માંથી સાભાર ઉધ્ધૃત)

દર ચાર રૂપિયાના રોકાણે એક માણસને રોજગારી આપનાર ખાદી ઉદ્યોગ માત્ર એક આદર્શનો વિષય ન હોઈ શકે. ખાદી ગ્રામોદ્યોગ પંચના તાજેતરના વાર્ષિક અહેવાલમાં બહાર પડેલા આંકડા મુજબ ૧૯૬૭-૬૮ માં ૧૩.૩૫ લાખ માણસોને રોજી આપીને ખાદીનું કુલ વેચાણ રૂ. ૨૫.૦૧ કરોડની સપાટીએ પહોંચ્યું છે. ખાદી માત્ર આદર્શનો વિષય નથી, પણ બેરોજગારી નિવારવાનો એક નક્કર આર્થિક કાર્યક્રમ છે તેમ કેન્દ્રના ઔદ્યોગિક વિકાસ ખાતાના પ્રધાન શ્રી ફખરૂદ્દીન અલી અહમદે પણ સ્વીકાર્યું છે.

બેરોજગારી નિવારવાની ખાદીની આ વિપુલ શક્તિનો ખ્યાલ તો મુંબઈ ઉપનગર ગ્રામોદ્યોગ સંઘના વિવિધ કાર્યાલયોની રૂબરૂ મુલાકાત લઈએ ત્યારે જ આવે. આ સંઘના એક પ્રવકતા સાથેની મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે જેમ મિલ-કાપડ ઉદ્યોગ મંદીની અસરમાં છે તેમ ખાદીને પણ આ ઝંઝાવાત બેવડી રીતે સહેવો પડે છે: એક તો સર્વવ્યાપી મંદ માગ અને બીજું જનતાનો મિલના કાપડ અને પરદેશી બનાવટનો મોહ. આ બેવડા પરિબળો સામે ખાદી ગ્રામોદ્યોગ પંચે કેવી ટક્કર ઝીલી છે તેનો પૂરો ખ્યાલ મુંબઈ ઉપનગર ગ્રામોદ્યોગ સંઘના મુંબઈ ખાતેના એક કાર્યાલયની રૂબરૂ મુલાકાત લેતાં આવ્યો.

એમ છતાં પણ જો કે ખાદી ગ્રામોદ્યોગ પંચની રોજગારી આપવાની પ્રવૃત્તિ તો ભારતભરમાં ચાલે છે તે ખાદી ઉપરાંત ખાદ્ય તેલ, ચામડું, દિવાસળી, ગોળ અને ખાંડસરી, પામગોળ, સાબુ, હસ્ત-ઉદ્યોગના કાગળ, મધમાખીપાળન, રેસાનું ઉત્પાદન, સુતારી અને લુહારી કામ, ચૂનાભઠ્ઠી, વગેરે ઉદ્યોગો દ્વારા કુલ રૂ. ૮૭.૧૦ કરોડની ચીજોનું વેચાણ કરે છે અને તે દ્વારા લગભગ ૨૧ લાખ લોકોને રોજગારી આપે છે.

ત્રણ વર્ષ પહેલાં ખાદીનું વેચાણ રૂ. ૧૯.૬૭ કરોડનું હતું. ૧૯૬૬-૬૭ માં ૨૫.૬૭ કરોડ સુધી પહોંચ્યા પછી ૧૯૬૭-૬૮ માં સહેજ ઘટીને રૂ. ૨૫.૦૧ કરોડનું થયું તે સત્તાવાળાઓ માટે પણ ચેતવણીરૂપ છે.

આમ છતાં ખાદી કાર્યકરો ખાદીના કાપડના વેચાણને વેગ આપવા તેમ જ વણવેચાયેલી ખાદીને વેચવા માટે કેવી વૈવિધ્યકરણની પ્રવૃત્તિ કરે છે તે સંઘના કાર્યાલયની મુલાકાત દ્વારા જાણવા મળ્યું. આ વેગ આપવા તૈયાર ખાદીના કપડાના (રેડીમેઈડ) વેચાણની પ્રવૃત્તિ હાથ ધરાઈ છે.

બાળક જન્મે ત્યારે બાળોતિયાની જરૂર પડે ત્યાંથી માંડીને માણસ મરે ત્યારે કફન જોઈએ ત્યાં સુધીની કપડાંની જરૂરિયાતો તૈયાર બનાવીને જનતા સમક્ષ પહોંચાડવાની નેમ સાથે સંઘે આ કામ ઉપાડ્યું છે. દાખલા તરીકે કેટિયા મટકા સિલ્કની ખાદીનો રૂ. ૮ લાખનો સ્ટોક એક વખત સંઘ પાસે થઈ ગયેલો.

ત્યારે તેમાંથી ઝભ્ભા, બુશકોટ, જોધપુરી ડગલા, ચંપલની પટ્ટી વગેરે બનાવીને અને તેને દાદાભાઈ નવરોજી રોડના ખાદીભવન અને અન્ય ભંડારોમાં વેચીને નિકાલ કરી નાખવામાં આવ્યો હતો.

બીજા ખાદીના માલોને રંગાવીને તેના ઉપર ડિઝાઈનો પાડીને કે ઉલ્લાસનગરની સિંધી બહેનો પાસે ભરત ભરાવીને પણ આધુનિક ફેશનને અનુરૂપ તૈયાર કપડાં બનાવીને સંઘે રેડીમેઈડ માલ વેચવાની દિશામાં અત્યારે નક્કર પગલાં માંડ્યાં છે.

સંઘ ખાતે હિન્દુસ્તાનના લગભગ ૧૨૫ ખાદી ઉત્પાદન કેન્દ્રોમાંથી ખાદીનું કાચું કાપડ આવે છે. આમાંથી તૈયાર કપડાં બનાવવા કુલ ૩૫૦ દરજીને મુંબઈમાં રોજી મળે છે અને રૂ. ૩ લાખ સિલાઈના ચુકવાય છે. પાંચસો જેટલી વેરાયટી અત્યારે બનાવાય છે, પણ એમાં ઉત્તરોત્તર વધારો કરવાની કાર્યકર્તાની નેમ છે. એમ્બ્રોઈડરી માટે એક ખાસ આર્ટીસ્ટ રખાયેલ છે, જે ચાલુ ફેશનને અનુરૂપ રોજ તાજી ડિઝાઈનો બનાવે છે. મહારાષ્ટ્ર, કચ્છ અને સૌરાષ્ટ્રની લોકકળાને જીવંત કરતી ઘણી ડિઝાઈનો પણ આમાં હોય છે અને કેટલીક વખત ખાદીના પોશાકને આ પ્રદેશનો સીધો 'ટચ' મળે તે માટે એ પ્રદેશમાં ભરતકામ માટે કાપડ મોકલાય છે. એમ્બ્રોઈડરીમાં રૂ. ૩॥ લાખને ખર્ચે ૪૦૦ બહેનોને રોજી મળે છે. ખાદીના રંગાટ અને છપાઈમાં પણ દર વર્ષે રૂ. ૮ લાખની મજૂરી ચૂકવાય છે.

રાષ્ટ્રધ્વજ આપણા રાષ્ટ્રીયજીવનમાં પ્રસંગોપાત જરૂરી બને છે. એની માગ દેશ અને પરદેશમાં પણ રહે છે. માત્ર ભારતના જ નહિ પણ અન્ય દેશોના રાષ્ટ્રધ્વજ આ સંઘ બનાવે છે. અને તે માટે મોનોપોલી ધરાવવાનું સંઘને ગૌરવ છે. રૂ. ૪ લાખના રાષ્ટ્રીયધ્વજ દર વર્ષે બનાવાય છે અને રૂ. ૧॥॥ લાખની મજૂરી ચૂકવાય છે. ખાદીની ધૂલાઈ વિભાગમાં પણ રૂ. ૧ લાખ જેટલી મજૂરી ચૂકવાય છે.

આમ ખાદી એ માત્ર આદર્શનો વિષય નથી, પણ બેરોજગારીને ઓછી કરવાનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે એ વાતને ઉપલા આંકડા ઘણી સારી રીતે સાબિત કરી આપે છે. કેન્દ્ર સરકારે પણ ખાદી ગ્રામોદ્યોગને સંપૂર્ણ ટેકો આપવા ખાતરી આપી છે તે આ રીતે યોગ્ય ઠરે છે.

સંઘના મકાન ફંડ અંગે અનુરોધ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો અને પ્રબુદ્ધ જીવનના વાચકોને એ સુવિદિત છે કે, છેલ્લા બે ત્રણ મહિનાથી સંઘ માટે વિશાળ કાર્યાલય વસાવવા માટે મકાન ફંડ શરૂ કરવામાં આવ્યું છે. આ મકાન ફંડમાં નીચે જણાવ્યા મુજબ આજ સુધીમાં કુલ રૂ. ૫૦૩૬૦-૦૦ સુધીની નાની મોટી રકમો નોંધાણી છે. ફંડની આવી ધીમી ગતિ જોતાં એક લાખના લક્ષ્યાંકને પહોંચવાનું ઘણું દૂર લાગે છે. આમ છતાં સંઘના એવા ઘણા સભ્યો છે, પ્રબુદ્ધ જીવનના એવા ઘણા વાચકો છે, પર્યુષણ વ્યાખ્યાન-માળાના એવા અનેક પ્રશંસકો છે કે જેમની રકમો હજુ સુધી નોંધાવવામાં આવી નથી. તો આવાં અનેક ભાઈ બહેનોને પ્રાર્થના કે પોતાની તાકાતને જરાક વધારે કસીને શકય તેટલી રકમ નોંધાવે અને અમારા લક્ષ્યાંકને જલ્દીથી પહોંચી વળવાના અમારા મનોરથને પાર પાડે.

સંઘના નવા કાર્યાલય માટે શોધ ચાલ્યા જ કરે છે. અમને આશા છે કે આવતા અંકમાં અમે આ સંબંધમાં કાંઈક નક્કર ખબર આપી શકીશું.

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં રૂ. ૪૬૫૧૭-૦૦ સુધીની રકમો નોંધાયાની ખબર આપવામાં આવી હતી. ત્યાર બાદ આ અંક પ્રગટ થવા સુધીમાં નોંધાયેલી રકમોની યાદી નીચે મુજબ છે:

૪૬૫૧૭	અગાઉ જાહેર થઈ ગયેલી રકમો
૧૦૦૦	શ્રી. જયન્તિલાલ અંબાલાલ શાહ
૧૦૦૦	શ્રી. ઉર્મિલાબહેન જયંતિલાલ શાહ
૫૦૦	શ્રી. મનુભાઈ અમૃતલાલ શેઠ
૨૫૧	શ્રી. ખાન્તીલાલ એન. શાહ
૨૫૦	શ્રી. હીરાબહેન દીપચંદ સંઘવી
૨૫૦	શ્રી. છગનલાલ લધુભાઈ
૨૫૦	શ્રી. અમર જરીવાલા.
૧૨૫	શ્રી. કસ્તુરચંદ ડી. શાહ, મુલુન્ડ
૧૦૧	શ્રી. મોહનલાલ એચ. પારેખ
૧૦૧	શ્રી. પાનાચંદ ડુંગરસી તુરખીયા
૧૫	શ્રી. ડી. એમ. ભૂજપુરીયા.
૫૦૩૬૦	

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી કાન્તીલાલ ડી. કોરા અભિવાદન સમિતિ: સહકાર આપવા અપીલ

અમોને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે આપણા સમાજની ગૌરવપૂર્ણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સફળ અને યશસ્વી સંચાલનની જવાબદારી એકધારા ૩૨ વર્ષથી, પ્રસન્નતાપૂર્વક સંભાળી રહેલ વિદ્યાલયના મહામાત્ર શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરાની દીર્ઘકાલીન અમૂલ્ય સેવાઓનું યત્કિંચિત બહુમાન કરવાનું અમોએ નક્કી કરેલ છે. વળી આ પ્રસંગને અનુલક્ષીને તેઓશ્રીને એક સન્માન નિધિ અર્પણ કરવી એમ પણ ઠરાવ્યું છે.

અસાધારણ કાર્યનિષ્ઠા, વિરલ વ્યવસ્થાશકિત અને નખશિખ પ્રમાણિકતા, એ શ્રી કોરાની સફળ કારકિર્દીની ગુરૂકૂંચી છે. સ્ફટિકસમો સ્વચ્છ વ્યવહાર, ધીર - ગંભીર - શાંત સ્વભાવ, ઓછામાં ઓછું બોલીને વધારેમાં વધારે કામ કરવાની ટેવ, કોઈ પણ કામનો નિકાલ લાવવાની આપસુઝ અને માન - મોટાઈ મેળવવાની આસકિતથી સદાય દૂર રહેવાની મનોવૃત્તિ: આવા આવા સદ્‌ગુણોને લીધે એમનું જીવન પ્રભાવશાળી અને પ્રેરણાદાયી બન્યું છે.

એક આદર્શ મહામાત્ર તરીકે શ્રી કોરાએ પોતાના નિર્મળ આચરણ, વાત્સલ્યભર્યા વર્તન અને હિતચિંતક બુદ્ધિથી વિદ્યાલય દ્વારા સમાજના હજારો વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં જે અમૂલ્ય ફાળો આપ્યો છે તે અવિસ્મરણીય છે અને સૌની પાસેથી એક વડીલ કે મુરબ્બી તરીકેનું ગૌરવ તેઓ મેળવી શકયા છે.

પોતાના તન, મન, ધન, સહુનો ઉપયોગ કરી કોઈ પણ સંસ્થા કે વ્યકિતનું કામ કરવાની પરગજુવૃત્તિ શ્રી કોરાને સહજપણે વરેલી છે તેથી જ વિદ્યાલયના સંચાલનની બહુ મોટી જવાબદારી સંભાળવા તેઓશ્રી પોતાની સેવાવૃત્તિ અને કાર્યશકિતનો લાભ સમાજની અન્ય સંખ્યાબંધ સંસ્થાઓને નિરંતર આપતા રહે છે. સદા જાગૃતપણે દરેક જવાબદારીઓને સાંગોપાંગ ઉતારવા માટે સતત ચિંતા રાખનારા શ્રી કોરા બદલાની ઈચ્છા કે નામની કામના લેશ પણ રાખતા નથી. જે તેઓની જળકમળવત જીવન જીવવાની વિશિષ્ટ સિદ્ધિ જ લેખી શકાય.

આવા આપણા સ્વજનસમા એક સન્નિષ્ઠ સમાજસેવકનું બહુમાન અને અભિવાદન કરીને આપણે ખરી રીતે સેવાવૃત્તિને વરેલ એક વિમળ જીવનનું જ બહુમાન કરી રહ્યા છીએ.

આ અભિવાદન નિમિત્તે જે નિધિ એકઠી કરીએ છીએ તેમાં આપશ્રીનો બહુમૂલ્ય ફાળો જરૂરથી આપ વિના વિલંબે મોકલી આપીને આભારી કરશો એ જ અભ્યર્થના. આપનો કિંમતી ફાળો ચેક અથવા ડ્રાફ્ટ દ્વારા મોકલી આપશો. ચેક અથવા ડ્રાફ્ટ 'શ્રી. કાન્તીલાલ કોરા અભિવાદન સમિતિ' ના નામનો લખશો.

અભિવાદન સમારંભ તથા નિધિ-અર્પણવિધિ રવિવાર તા. ૨૮-૯-૧૯૬૯ ના દિને તેજપાલ ઓડિટોરિયમ, ગોવાળિયા ટેન્ક રોડ પર રાખવાનું નક્કી કરેલ છે.

લિ.

બાબુભાઈ એમ. ગાંધી (ફોન નં. ૩૫૧૯૩૮)
ઈન્દુલાલ બી. મહેતા (ફોન નં. ૨૬૪૩૧૦)
મંત્રીઓ.

"પ્રસન્ન દાંપત્ય"

જૈન સોશ્યલ ગ્રુપનાં ઉપક્રમે શનિવાર તા. ૧૯-૭-૬૯ સાંજના સાત વાગે બી. તાંબે લિ. હૉટેલમાં ઉપરોકત વિષય ઉપર શ્રી જ્યોતીન્દ્ર દવે બોલવાના હતા. પરંતુ તેઓશ્રી તાવ આવવાથી આવી શકયા નહિ. એમનાં સ્થાને 'જૈન પ્રકાશ' ના તંત્રી શ્રી ખીમચંદભાઈ વોરા ઉપરોકત વિષય ઉપર બોલ્યા હતા. શ્રી જ્યોતીન્દ્ર દવે હોત તો આ વિષયને તેમણે હળવી રીતે રજૂ કર્યો હોત. શ્રી ખીમચંદભાઈએ એમની રીતે અભ્યાસપૂર્ણ ગંભીરતાથી આ વિષય ઉપર વિસ્તારથી વિવેચન કર્યું હતું. એમના પ્રવચનને અંતે ગ્રુપનાં મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે ખાસ નિમંત્રણથી ઉપસ્થિત થયેલા શ્રી પરમાનંદભાઈને-દેશી તિથિ મુજબ આજે એમનો જન્મદિન હોઈને-ગ્રુપ વતી અભિનંદન આપતાં જણાવ્યું કે: "પૂ. પરમાનંદભાઈ આજે ૭૭ માં વર્ષમાં પ્રવેશ કરે છે. તેથી યોગાનુયોગ આજે આ પ્રસંગ આપણા સૌ માટે સવિશેષ આનંદનો - પરમાનંદનો - બની જાય છે. તેઓશ્રી આપણા સૌની પ્રેરણા છે. તેઓશ્રીનું દાંપત્ય જીવન પ્રસન્ન દાંપત્ય જીવન છે આનો હું સાક્ષી છું. તેઓ દીર્ઘાયુષ્ય ભોગવે અને સમાજની ખૂબ સેવા કરે એવી મારી પ્રાર્થના છે."

ત્યાર બાદ શ્રી ખીમચંદભાઈના પ્રવચનનાં અંતે શ્રી પરમાનંદભાઈએ "પ્રસન્ન દાંપત્ય" અંગે પોતાના અમુક અનુભવો વિનોદપૂર્ણ રીતે રજૂ કરી વાતાવરણને હળવું બનાવ્યું હતું. ત્યાર બાદ શ્રી ગોસલિયાએ આભાર નિવેદન કર્યું હતું અને આજના અતિથિવિશેષ શ્રી ખીમચંદભાઈનું સુખડના હારથી સન્માન કર્યું હતું. ત્યાર બાદ બધાંએ સાથે મળીને ભોજન કર્યું અને રાત્રીના નવ લગભગ બધાં ખૂબ આનંદપૂર્વક પોતપોતાના નિવાસસ્થાન ભણી વિદાય થયાં.

ચીમનલાલ જે. શાહ
મંત્રી, જૈન સોશ્યલ ગ્રુપ

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતે અધિક માસ હોવાથી પર્યુષણ પર્વ સાધારણ રીતે ઑગસ્ટ માસના પશ્ચાર્ધમાં હોય છે તેના બદલે આગામી સપ્ટેમ્બર-માસના પૂર્વાર્ધમાં શરૂ થાય છે. તંદુપરાન્ત, જૈન શ્વે. મૂ. સંઘ સંપ્રદાયની અને સ્થાનકવાસી સંપ્રદાયની સંવત્સરીમાં એક દિવસનો ફરક છે. આ હકીકતનો ખ્યાલ રાખીને આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા સપ્ટેમ્બર માસની ૮મી તારીખથી ૧૬મી તારીખ સુધી-એમ નવ દિવસની ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જણાવતાં આનંદ થાય છે કે આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની નવે દિવસની સભાઓનું પ્રમુખસ્થાનેથી સંચાલન કરવાનું સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના પ્રાધ્યાપક શ્રી ગૌરીશંકર ચુનીલાલ ઝાલાએ સ્વીકાર્યું છે. સ્થળ ભારતીય વિદ્યા ભવન; સમય સવારના ૮-૩૦. આ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓનાં નામ હાલ નક્કી થઈ રહ્યાં છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

હાઈકૂ-સપ્તક

શમણાં	વિષમતા	કમોસમ	કળીઓ	કલાનું મૃત્યુ	પ્રકાશ	દીવડા
શમણાં સેવ્યાં	રૉકેટ વેગે	કોયલ કૂજી,	કળીઓ ફૂટી,	હા, બાળે ચિત્ર	સૂર્ય ઊગ્યો,	સૂર્યનો અસ્ત
વિશ્વ-સેવાનાં. ના થૈ	મન ઊડે. ધરતી	પણ વીતી વસન્ત!	અર્ધ ઊઘડી ચૂંટી!	દોર્યું. ના બિરદાવ્યું.	પણ બારણાં બંધ.	અંધારું ઘોર! તેજ
રે જાત - સેવા!	પગ તળે ના.	રે કમોસમ!	રે એળે ગઈ!	કલાનું મૃત્યુ!	ઘરે અન્ધારું!	દે છે દીવડા.

હરીશ વ્યાસ

❋ 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે સદ્‌ભાવ દાખવતા પત્રો ❋

લીંબડીથી અભિષેક કાર્યાલયના સંચાલક શ્રી શાંતિભાઈ કે. મહેતા, તા. ૧૨-૭-૬૯ના પત્રમાં જણાવે છે કે:

"સાદર પ્રણામ સાથ લખવાનું કે, 'પ્રબુદ્ધ જીવન' ત્રીસ વર્ષ પૂરાં કરે છે તેની યાદમાં આપને તથા 'પ્રબુદ્ધ જીવન'ને મારાં હાર્દિક અભિનંદન પાઠવું છું. 'પ્રબુદ્ધ જીવન' અને 'પરમાનંદભાઈ' એકબીજાના પર્યાયરૂપ બની ગયાં છે.

"આપણે ત્યાં ચોક્કસ ધ્યેય અને આદર્શને વરેલાં વૈચારિક પત્રો ખૂબ ઓછાં છે, કારણ કે દરેક દેશની જેમ ગુજરાતમાં પણ વિચારવાન વાચકવર્ગ પ્રમાણમાં અલ્પ સંખ્યામાં છે.

"પૂજ્ય ગાંધીજીના 'નવજીવન' અને 'હરિજનબંધુ'ને આપણે વિશિષ્ટ કોટિમાં મૂકી શકીએ. તેની પાછળ વિશ્ર્વવંદ્ય મહાત્માજીનો આત્મા સક્રિય હતો અને તેની અસર જગદ્‌વ્યાપી હતી. તેને બાદ કરતાં આપણી પાસે 'સત્યાગ્રહ' [હવે તો તે શ્રી મગનભાઈની સાથે સ્વર્ગવાસી થયું.] 'વિશ્ર્વવાત્સલ્ય', 'ભૂમિપુત્ર' અને 'પ્રબુદ્ધ જીવન' ગણનાપાત્ર પત્રો ગણાય. 'જ્યોતિર્ધર'ની થોડીક મંદ પ્રકાશવાળી શીતલ જ્યોતિ થોડો વખત ઝબકી ગઈ ખરી, પરંતુ તેનું વિશેષ કાર્ય સમાજસુધારા પૂરતું મર્યાદિત હતું. 'વિશ્ર્વવાત્સલ્ય'ને આપણે વિચારપ્રેરક પત્ર કહેવા કરતાં ગ્રામાભિમુખ પત્ર કહેવું વધારે ઉચિત ગણાશે. તેની વિચારસરણી સ્થૂલ નૈતિક ભૂમિકા ઉપર રચાયેલી છે એમ મને લાગે છે. જીવનનાં સર્વ અંગોને તે સ્પર્શી શકયું નથી અને તે પત્રનો તેવો દાવો પણ નથી. છતાં તેના ક્ષેત્ર પૂરતું ઘડતરનું કાર્ય તે અવિરતપણે કર્યે જાય છે તેટલું તેનું મહત્ત્વ છે. બાકી રહ્યા 'ભૂમિપુત્ર' અને 'પ્રબુદ્ધ જીવન.' 'ભૂમિપુત્ર'ની પાછળ સર્વોદય પરિવારનું ખૂબ શકિતશાળી પરિબળ કામ કરી રહ્યું છે. વિનોબાના વિચારોનું તે વાહક છે. સર્વોદયની વિચારધારાનું તે સમર્થ રીતે પ્રતિપાદન કરી રહ્યું છે. નિષ્ઠાવાન, પ્રમાણિક અને વિચારશીલ યુવાનોનું જૂથ તેનું સંચાલન કરી રહ્યું છે. તેમાં ઝાઝા હાથ કામ કરી રહ્યા છે. વિનોબામિશનનું તે મુખપત્ર છે. આ પ્રકારનું ખૂબ સંગઠિત રીતે બહોળો ફેલાવો પામેલું અને નવા સમાજરચનાના આદર્શને પ્રબોધતું પત્ર ગુજરાત માટે ગૌરવરૂપ છે. પરંતુ આ પત્ર સંસ્થાગત હોવાથી, તેમાં સમગ્ર સંસ્થાનો સમૂહગત પુરુષાર્થ કામ કરી રહ્યો છે. કોઈ વ્યકિત – વિશેષ તેનું સંચાલન કરતું નથી.

"'પ્રબુદ્ધ જીવન' એક જ માણસની દષ્ટિ અને પ્રયત્નનું ફળ છે એ તેની નોંધપાત્ર વિશેષતા છે. તેથી તેનામાં મિશનરીનું ઝનૂન નથી પરંતુ વિવેકપૂત વિચાર રજૂ કરવાની કુશળતા છે. સમતોલ દષ્ટિ - સમ્યક દષ્ટિ તેની વિશિષ્ટતા છે. નિર્મળ ચાંદનીની શીતલતા તેનામાં છે. જોકે થોડા વખત સુધી તે આચાર્ય રજનીશની વેગવાન વિચારધારાની અસર નીચે આવ્યાનો મને ભાસ થયેલો, અને ત્યારે મને લાગેલું કે 'પ્રબુદ્ધ જીવન'નો પ્રવાહ બદલાયો કે શું? પરંતુ સદ્‌ભાગ્યે તે રજનીશજીના પ્રવાહના વેગમાં ન તણાતાં કુશળતાથી ખસી જઈ બહાર નીકળી ગયું. કારણ કે તમારામાં અમુક 'આવેગ' છે, પણ 'આવેશ' નથી.

"'પ્રબુદ્ધ જીવન' કોઈ પણ નવીન વિચાર કે મત–સંપ્રદાયને બુદ્ધિની કસોટી ઉપર ચડાવી સભાવથી તપાસે છે, તેનું તર્કયુકત રીતે વિશ્લેષણ કરે છે, બીજા વિચારો અને મત–સંપ્રદાયો સાથે તેની તુલના કરે છે અને તેમાં જે કાંઈ વિશિષ્ટ ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વ હોય તેને ખુલ્લું મન રાખી ઉદાર વૃત્તિથી સ્વીકારી લે છે, અને જ્યાં મતભેદ જેવું લાગે તેને બાજુ પર મૂકી આગળ ચાલે છે. તેથી જ તે સાંપ્રદાયિકતાની આંધીમાંથી ઉગરી શકયું છે. તેથી જ તે સર્વજનપ્રિય થઈ પડયું છે. આમ ગુજરાતમાં સર્વાંગીણ વિચારધારા રજૂ કરવાનું શ્રેય 'પ્રબુદ્ધ જીવન'ને ભાગે જાય છે.

"કાવ્યની પરિભાષામાં કહી શકીએ તો 'ભૂમિપુત્ર' જો સૂર્ય છે તો 'પ્રબુદ્ધ જીવન' શુકલ પક્ષની બીજના ચંદ્ર જેવું છે. તે નિત્યનૂતન અને નિત્ય વિકાસવાનની સ્થિતિમાં છે.

"મને ભય છે કે, વિશિષ્ટ વ્યકિતનું જીવનકાર્ય જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તેમનાં પત્રો ટકે છે, જીવે છે. વ્યકિતની સમાપ્તિ સાથે તેના પત્રની સમાપ્તિ થઈ જાય છે–જો કે તેના વિચારોની પડેલી મુદ્રા ભૂંસાતી નથી. તેથી જ આવી વ્યકિતઓએ કોઈ પરંપરા ઊભી કરવી પડે છે. આમાં ગુરુપરંપરાની છાયા હોવાનો ભાસ થશે. પરંતુ વારસનો તંતુ જેમ પેઢી દર પેઢી લંબાવવાની યોજના કુદરતે કરી છે, તેમ વિચારોના તંતુને આગળ ચલાવવા માટે પરંપરા ઊભી કરવી પડે છે અથવા પરંપરા સ્વાભાવિક રીતે ઊભી થાય છે. ગાંધીજી પછી કોઈ પરંપરા ઊભી થઈ નહિ, જો કે કિશોરલાલભાઈમાં આપણને તેનાં બીજ જણાતાં હતાં. કોઈ વિનોબાને ગાંધી–પરંપરામાં ગણે છે ખરા, પણ તે વિચાર બરાબર નથી. બંનેની વિચારધારા તથા કાર્યપદ્ધતિમાં કેટલાક મૂળગત ભેદો છે. તે વાત જવા દઈએ તો, ગાંધીજીને આવી પરંપરા ઊભી કરવાનો સમય જ ન હતો, અથવા તેમની વિચારધારાને પૂરેપૂરા ઝીલી શકે તેવો કોઈ બીજો 'શંકર' ઉત્પન્ન થયો નહિ. વિનોબાજીએ સર્વોદય સંસ્થા દ્વારા પોતાની પરંપરા ઊભી કરી લીધી છે, અને જયપ્રકાશજી જેવી તેજસ્વી વ્યકિતનું તેમણે સર્વોદયવાદી તરીકે રૂપાંતર પણ કરી નાખ્યું છે. સંતબાલજીની પરંપરા કયાં સુધી ટકશે તે તો તેમના વિચારોનાં મૂળ કેટલાં ઊંડાં છે તેના ઉપર આધારિત રહેશે. 'પ્રબુદ્ધ જીવન' માટે એવી કોઈ પરંપરા (સંપ્રદાયની નહિ પણ મુકત વિચારધારાની પરંપરા) ચાલુ રહે તેમ જનતા અને અમારા જેવા ચાહકો ઈચ્છે તે સ્વાભાવિક છે.

"પ્રભુ આપને 'પ્રબુદ્ધ જીવન'ના પચાસ વર્ષ પૂરાં થયાની જયંતી ઉજવવા જેટલા આયુષ્યમાન રાખે એવી પ્રાર્થના છે."

અમદાવાદથી પ્રાધ્યાપક શ્રી હરીશભાઈ વ્યાસ: તા. ૯-૭-૬૯ના પત્રમાં જણાવે છે કે: "'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળે છે. વાંચતાં જ મન પુલકિત બની જાય છે. ખરેખર તમે વર્ષોથી ભારે જહેમત, ખંત અને ઉત્સાહથી આ સામયિક ચલાવો છો. છેલ્લાં ત્રીશ વર્ષની, આ પત્રકારિત્વના ક્ષેત્રે, તમારી થઈ રહેલી સાધના અભિવાદનીય છે. વિષયવૈવિધ્ય, સ્વસ્થ નિરૂપણ, લોકભોગ્ય શૈલી અને વિશાળ જીવનદષ્ટિ ખરેખર પ્રશસ્ય છે. 'અહિંસક ક્રાન્તિ' માટે 'પ્રબુદ્ધ જીવન'નો ફાળો પણ મહત્ત્વનો છે. ૩૧ મા વર્ષમાં પ્રવેશતાં શુભેચ્છાઓ!"

ધોળકાથી શ્રી ચંદુલાલ એમ. શાહ–પ્લીડર તા. ૨૩-૬-૬૯ના પત્રમાં જણાવે છે કે: 'પ્રબુદ્ધ જીવને' ૩૧ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે અને અમો સ્વ. મણિલાલ મોકમચંદ શાહની પ્રેરણાથી લગભગ પ્રારંભથી તેના ગ્રાહક છીએ અને હાલ પણ ચાલુ છીએ. તેમાં જે લેખો આવે છે તે ખરેખર વિચારદષ્ટિને કેળવે છે, એટલું જ નહિ પણ, ધાર્મિક, સામાજિક અને નૈતિક સામગ્રી ધરાવતા અને આધુનિક જમાનાને અનુકૂળ થાય તેવા લેખોનો તેમાં સમાવેશ થવાથી તેનું વાંચન મનને આનંદ આપે છે અને તેથી 'પ્રબુદ્ધ જીવન' ઉત્તરોત્તર પ્રગતિ સાધે એવી શાસનદેવ પ્રત્યે મારી પ્રાર્થના છે!"

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૮

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧૬, ૧૯૬૯, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

ભારત અણુબૉમ્બ બનાવશે ?

ડૉ. વિક્રમ સારાભાઈ

પ્રશ્ન : ચીન ભારત ઉપર અણુબૉમ્બ સાથે આક્રમણ કરે, ત્યારે આપણે તેનો સામનો કેમ કરીશું ? શું તે માટે આપણે અણુબૉમ્બ બનાવવો ન જોઈએ ? ભારતે અણુબૉમ્બ બનાવવો કે નહીં એ વિવાદાસ્પદ પ્રશ્ન અંગે આર્થિક, રાજકીય, ને ધાર્મિક દૃષ્ટિએ તમે શું વિચારો છો ?

ઉત્તર : છેલ્લાં ૩૦ વરસમાં દુનિયામાં જે પરિવર્તન થયાં છે તે સ્થૂળ કરતાંયે ગુણાત્મક સ્વરૂપનાં વિશેષ છે. એક દાખલો આપું. તમે જાણો છો કે શરૂઆતમાં માણસ જ્યાં પાણીની સગવડ હોય ત્યાં વસવાટ કરતો. એટલે નદીકાંઠે કે સરોવરકાંઠે એની વસાહતો થઈ. તેને લીધે લોકો ખેતી કરી શકે અને ધરતીમાં કાંઈ ઉગાડી શકે. તમે જોશો તો જણાશે કે પૃથ્વી ઉપર વસતિની ગીચતા બધી જગ્યાએ એકસરખી નથી. દુનિયામાં કેટલાક ભાગ એવા છે, જ્યાં બહુ જ ઓછી વસતિ છે. આની પાછળ આવાં બધાં કારણો રહેલાં છે.

પાણીની સગવડની જેમ બીજાં કેટલાંક પરિબળોએ પણ ભાગ ભજવ્યો. મૂળમાં જ્યાં કોઈને કોઈ શક્તિ ઉપલબ્ધ થતી, ત્યાં મનુષ્ય વસવાટ કરતો. મનુષ્યની સંસ્કૃતિના વિકાસ માટે કોઈ ને કોઈ ચાલકશક્તિની જરૂર હતી. માણસે જ્યારે કોલસાની શોધ કરી ત્યારે એ કોલસામાં હજારો વરસથી સંઘરાયેલી શક્તિનો આવિષ્કાર થયો. આગળ જતાં વીજળીનો ઉપયોગ પણ શરૂ થયો. જ્યાં નજીકમાં આવી કોઈ શક્તિ નહોતી મળતી, ત્યાં દૂરથી કોલસા વગેરે લાવવા રેલવેના પાટા નંખાયા. આ રીતે માણસની સંસ્કૃતિનો વિકાસ થયો. આનું એક પરિણામ એ આવ્યું કે જ્યાં આવી કોઈ શક્તિ નજીકમાં ઉપલબ્ધ નહોતી અથવા દૂરથી લાવવાનું શક્ય નહોતું, એવી જગ્યામાં મનુષ્યની સંસ્કૃતિનો વિકાસ ન થઈ શકયો.

હવે આપણે જોઈએ કે વરાળ, વીજળી, વગેરેને બદલે અણુશક્તિ આવે છે, તો તેનું શું પરિણામ થાય છે? દા. ત. મુંબઈથી ૧૮૦ માઈલ દૂર તારાપુર વીજળીઘર અમે ઊભું કરી રહ્યા છીએ. આ વીજળીઘર ૪૦૦ મેગાવૉટ વીજળી ઉત્પન્ન કરી શકશે. આટલી વીજળી ઉત્પન્ન કરવા ૩૦ કે ૪૦ ટન યુરેનિયમ ધાતુની જરૂર પડે છે. એટલું યુરેનિયમ તારાપુર પહોંચાડવા માટે આખા વરસમાં માત્ર ચાર કે પાંચ ટ્રકની જરૂર પડશે. તેનાથી સાલભરની વીજળી મળી શકશે. હવે, યુરેનિયમની જગ્યાએ કોલસાનો ઉપયોગ કરવો હોય, તો દરરોજ ચાર આખી રેલવે ટ્રેન ભરીને કોલસો પહોંચાડવો પડે, અને ટ્રકથી પહોંચાડવા માગીએ તો રોજ ૩૦ ટ્રકની જરૂર પડે. આમ, બે વચ્ચેનો ફરક તમે સમજી શકશો.

એવી જ રીતે ખેતીના ક્ષેત્રનો દાખલો લઈએ. ગંગા–જમનાનાં હરિયાળાં મેદાનો છે. તે આખા પ્રદેશમાં જમીનની નીચે પુષ્કળ પાણી છે, જેનો ઉપયોગ આપણે ખેતી માટે કરી શકીએ. ખેતીના વિકાસ માટે તે અત્યંત જરૂરી પણ છે. આપણે ત્યાં બળદની મદદથી પાણી કાઢે છે. હવે વીજળીની દૃષ્ટિએ ગણતરી કરીએ, તો બળદગાડીની મદદથી પાણી લઈ જવામાં એક કિલોવૉટ વીજળી દીઠ લગભગ બે રૂપિયા ખર્ચ આવે, જ્યારે અણુશક્તિની મદદથી વીજળી પેદા કરવામાં પાંચ કે છ પૈસે એક કિલોવૉટ વીજળી મળે.

આધુનિક દુનિયામાં અને આંતરરાષ્ટ્રીય અર્થનીતિના સંદર્ભમાં આપણે રહેવા માગતા હોઈએ, તો તે માટે જરૂરી છે કે આપણે ખેતી કે ઉદ્યોગમાં પેદા થયેલો માલ ઓછામાં ઓછા ખર્ચે અને વધુમાં વધુ કાર્યક્ષમતાથી બનાવીએ.

આવડા મોટા દેશ માટે એ સાવ અજબ વાત છે કે આપણે દુનિયાના ગરીબ દેશોમાંના એક છીએ. આ પરિસ્થિતિમાંથી આપણે બહાર નીકળી શકીએ તે માટે મુખ્ય જરૂર એ છે કે વીજળી કે બીજી કોઈ પણ શક્તિનો ઉપયોગ આપણે હિંદુસ્તાનભરમાં સર્વત્ર અને આખો વખત કરી શકીએ.

આ દૃષ્ટિએ અણુશક્તિ બહુ સસ્તી પડે અને આપણી પરિસ્થિતિમાં ઘણો ફરક પડી શકે. લાવવા – લઈ જવાની તો ઘણી મુશ્કેલી દૂર થઈ જાય. ધારો કે રાજસ્થાનના કોઈ એક શહેરનો વિકાસ કરવો હોય, તો ત્યાં ચાલકશક્તિ માટે કોલસો પહોંચાડવા ૪૦૦ માઈલના રેલવેના પાટા નાખવા પડે. જેમ મેં તારાપુર વીજળીઘર બાબતમાં કહ્યું તેમ ચાર કે પાંચ ટ્રક યુરેનિયમ લઈ જવાથી ત્યાં સાલભરની વીજળી પેદા થઈ શકે.

આ રીતે આપણે લદ્દાખ કે તિબેટ કે સહરાના રણમાં કે બીજે ક્યાંય પણ અણુશક્તિ લઈ જઈ શકીએ. આને હું ગુણાત્મક પરિવર્તન કહું છું. આ રીતે દુનિયાના મોટા મોટા રણપ્રદેશો કે જ્યાં આજ સુધી માણસનો વસવાટ નથી થઈ શક્યો, ત્યાં હવે થઈ શકે તેમ છે. અને એ બધા પ્રદેશો બહુ ઉપજાઉ બની શકે તેમ છે, જો એકવાર આપણે ત્યાં વીજળી ને પાણીની વ્યવસ્થા કરી દઈએ.

બીજી એક વાત લઈએ. આજે ભારતની વિશાળ જનતા એકબીજા સાથે ઝાઝો સંપર્ક રાખ્યા વિના પોતપોતાની રીતે અલગ અલગ જીવે છે, અને બહારની દુનિયા સાથે પણ એમનો સંપર્ક બહુ નથી રહેતો. કેટલીયે જાણકારી પણ સામાન્ય જનતા સુધી નથી પહોંચતી, પરંતુ હવે અણુશક્તિની મદદથી આપણે કૃત્રિમ ઉપગ્રહ દ્વારા એકેએક ગામમાં જાણકારી પહોંચાડી શકીએ. આને લીધે આખા દેશની જનતા દેશના નિર્માણમાં પોતાનો સક્રિય સહયોગ આપી શકે, અને ભારતમાં જ નહીં બલ્કે દુનિયામાંયે જે પરિવર્તન થઈ રહ્યું છે તેમાં સાથે રહી શકે. આ રીતે આખા ભારતને

આપણે એક ગામમાં લાવી શકીએ, અને એ જ આપણી રાષ્ટ્રીય એકતાનું બુનિયાદી પાસું છે. પ્રજાસત્તાક દિને જે મોટો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય છે, તે તમે જુઓ તો ખ્યાલ આવે કે આપણા દેશમાં પરંપરાની, ભાષાઓની અને સંસ્કૃતિની કેટકેટલી વિવિધતા છે! જોઈને આપણે અચંબામાં પડી જઈએ. પરંતુ ભારતની આ વિવિધતાનો ખ્યાલ કેટલા લોકોને છે? સમસ્ત ભારતનું દર્શન આપણે ગામલોકોને કરાવી શકીએ તો માણસના વિચારમાંયે મોટું પરિવર્તન આવશે. આ એક ગુણાત્મક પરિવર્તન હશે, જે આખી દુનિયામાં ફેલાશે.

આપણે જ્યારે પરિવર્તનોની વાત કરીએ છીએ ત્યારે એ પણ સમજી લઈએ કે આવાં પરિવર્તન સારાં પણ હોય ને ખરાબ પણ હોય, ભાવાત્મક પણ હોય ને અભાવાત્મક પણ હોય. આણુશક્તિ દ્વારા આપણે આણુબૉમ્બ બનાવી શકીએ, અને ન્યૂયૉર્ક જેવા શહેરની કરોડ જેટલી વસતીને બે કલાકની અંદર સાફ પણ કરી દઈ શકીએ, અને એની એ આણુશક્તિ દ્વારા મેં ઉપર કહ્યું તેવાં અનેક પરિવર્તનો પણ લાવી શકાય. આમ, કોઈ પણ ચીજનો સારો કે ખરાબ ઉપયોગ માણસ ઉપર આધારિત છે, માણસનાં જીવન-મૂલ્યો ઉપર આધારિત છે. આ રીતે આજે માણસની સામે આહ્વાન જ એ રીતનું છે કે માણસ કઈ દૃષ્ટિએ અને કઈ સમજથી આવી ચીજોનો ઉપયોગ કરવા માગે છે.

આ માટે એ બહુ જરૂરી છે કે માણસ સમજી લે કે આજની પરિસ્થિતિમાં તેણે કેટલી માત્રામાં અંકુશ રાખવો પડશે, કેટલો સંયમ પાળવો પડશે. હજારો વરસ પહેલાં માણસ એકલવાયો રહેતો હતો કે પોતાના નાનકડા પરિવારમાં જ રહેતો હતો કે નાની ટોળીઓ બનાવીને રહેતો હતો. ત્યારે એના સારા કે ખરાબ કામની અસર આજના જેટલી વ્યાપક કે ઊંડી નહોતી થતી. ત્યારે કોઈ માણસ પથ્થર ઉઠાવીને ફેંકે તો શી અસર થાય? પરંતુ આજે શહેરમાં ક્યાંક પથ્થર ફેંકો, તો તે માટે પોલીસની કારવાઈ કરવી પડે છે. આ જે અંકુશ આવ્યા છે, તે બધા કાંઈ કાનૂની જ નથી, બલ્કે આપણી જીવનપદ્ધતિમાં જ નિહિત છે. હવે આજની રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિના સંદર્ભમાં આજે જે અંકુશ ને સંયમ આપણે અપનાવવા પડશે, તે સમજવું બહુ જરૂરી છે. માણસના હાથમાં જે અમાપ શક્તિ આવી છે તેનો જો શાંતિમય રીતે ઉપયોગ કરવા માગતા હોઈએ, તો આ અનિવાર્ય છે. આજે માણસની સામે આ એક બુનિયાદી સવાલ છે.

હું તમને એમ કહેવા માગું છું કે ૧૫ થી ૨૦ વરસની એકધારી કોશિશ બાદ આજે આપણે આણુશક્તિના નિર્માણ અને ઉપયોગની બાબતમાં દુનિયાના વિકસિત દેશોમાંના એક ગણાઈએ છીએ. અને ટેકનોલોજીની દૃષ્ટિએ પણ આપણે આ ક્ષેત્રમાં પાછળ નથી. આટલો બધો વિકાસ આપણે કરી શક્યા તેનું શ્રેય ડૉ. ભાભા તેમ જ એમની સાથે કામ કરનારા અનેક લોકોને છે. તેને પરિણામે આપણે આજે બીજાની મદદ મળે કે ન મળે, તોયે આ બાબતમાં પગભર થઈ શકીએ તેમ છીએ. હું માનું છું કે આણુશક્તિની મદદથી ભારતના કેટલાયે પ્રદેશમાં પાણીની સમસ્યા કે ગરીબી દૂર કરવાની બાબતમાં ઘણું કરી શકીશું. એ માટે જરૂરી છે કે આ શક્તિનો ઉપયોગ આપણે સમજપૂર્વક અને સર્જનાત્મક દૃષ્ટિએ કરીએ.

આણુશક્તિ બાબતમાં સૌથી મોટી ચીજ એ છે કે તે બહુ પ્રચંડ શક્તિ પેદા કરે છે. અને એવી શક્તિ ડાયનામાઈટ દ્વારા ખાણોમાં ઉપયોગમાં લઈ શકાય. આ રીતે અનંતગણી શક્તિ બહુ ઓછા ખર્ચમાં આપણે પેદા કરી શકીએ. ભારતમાં ખનિજસંપત્તિની દૃષ્ટિએ અબરખ, એલ્યુમિનિયમ, કોલસો વગેરે પુષ્કળ છે, પણ નૉનફેરસ સંપત્તિ જેવી તાંબું કે સલ્ફર નથી. આવી સંપત્તિ આપણે ત્યાં જમીનના ખૂબ નીચેના સ્તરે છે, અને તેને કાઢવા માટે પરંપરાગત પદ્ધતિ કામ નથી આવતી. હવે આણુશક્તિની મદદથી તે કાઢી શકાય. તેવી જ રીતે બહુ મોટા પથ્થરોને તોડીને તેલ પણ કાઢી શકાય. ભૂગર્ભમાં આણુબૉમ્બના જે પ્રયોગ કરવામાં આવે છે, તેનોયે કંઈક ફાયદો થઈ શકે એ પણ આજે માણસના ખ્યાલમાં આવ્યું છે.

હવે આ બધા સંદર્ભમાં વિચારવાનું રહે છે કે આણુશક્તિનો ઉપયોગ લશ્કરી ઢબે આપણે કરવો જોઈએ કે? હવે આ સમજવા માટે આપણે આપણા જમાનાનો થોડો ઈતિહાસ જોઈશું. તમે ખ્યુબ્લો જહાજનો કિસ્સો સાંભળ્યો હશે. એ અમેરિકાનું હતું અને તેને ઉત્તર કોરિયા જેવા નાનકડા દેશે પકડી લીધું હતું. ઉત્તર કોરિયાએ તે જહાજ એક સાલ સુધી પોતની પાસે રાખ્યું અને જહાજના કાફલાને પણ કેદ રાખ્યો. તેમ છતાં અમેરિકા જેવો દેશ પોતાની અઢળક આણુ તાકાત છતાં તેની સામે કાંઈ ન કરી શક્યો.

આ શું બતાવે છે? એ સ્પષ્ટ સૂચવે છે કે આણુબૉમ્બ હોવા છતાં તેનો ઉપયોગ નથી કરી શકાતો. આણુબૉમ્બ બનાવીએ, પણ તેનો ઉપયોગ ન કરીએ એવી પરસ્પરવિરોધી નીતિ આજે દુનિયાના દેશોને અપનાવવી પડી છે. એનાથીયે મહત્ત્વનું એ છે કે જો આપણે જીવવા માગતા હોઈએ તોયે આણુબૉમ્બનો ઉપયોગ ન કરીએ.

તો પછી સવાલ એ થાય છે કે આણુબૉમ્બ લોકો શા માટે બનાવવા માગે છે? મોટા ભાગના ડરના માર્યા. એમ ખબર પડી જાય કે કોઈ એક દેશ આણુબૉમ્બ બનાવવાનો છે, તો તુરત બીજા દેશમાં તેનાથી ભય પેદા થાય છે. તેને થાય છે કે અમે પણ આણુબૉમ્બ નહીં બનાવીએ, તો અમે તે આણુબૉમ્બવાળા દેશનાં ગુલામ બની જઈશું, તે દેશની જીવનપદ્ધતિ અમારા ઉપર લાદવામાં આવશે. આવી જ રીતે આજે દુનિયામાં શસ્ત્રોની હોડ ચાલી રહી છે. પાકિસ્તાન રશિયા પાસેથી મદદ લે, તો ભારત પણ એવી મદદ મેળવવા આકાશ-પાતાળ એક કરે છે. આવી જ રીતે વધુ ને વધુ ચઢિયાતાં શસ્ત્રાસ્ત્રો બનાવવાની હોડ ચાલી રહી છે. અને પછી એવું બને છે કે આપણે એવાં શસ્ત્રાસ્ત્રો બનાવવા મંડીએ છીએ, જેનું ઉત્પાદન સતત ચાલુ રાખવું જરૂરી બની જાય છે.

હું એમ નથી કહેતો કે આણુશસ્ત્રોનો ખડકલો કરવામાં કોઈ અનૈતિકતા છે. હું આ પ્રશ્નનો જવાબ અત્યારે નૈતિક દૃષ્ટિએ નથી આપી રહ્યો. પરંતુ ભારતની સુરક્ષા વધારવી હોય, તો આણુબૉમ્બ બનાવવાથી તે વધી જશે એમ હું નથી માનતો. જ્યારે સુરક્ષાનો સવાલ છે ત્યારે વિચારવું એ પડશે કે દુશ્મન દેશ ક્યાંથી હુમલો કરશે અને એવો હુમલો કરવામાં એના મનમાં કયો ઉદ્દેશ હશે? હું તમને એમ સૂચવું છું કે તમે ચીન કે પાકિસ્તાનના વિદેશ-પ્રધાનની જગ્યાએ પોતાને મૂકીને પછી વિચારો કે તેઓ પોતાની ઢબે ભારત ઉપર આક્રમણ કર્યા બાદ શું કરવા માગશે? આ સવાલના જવાબ ઉપર ભારતને આણુબૉમ્બ કયાં સુધી ઉપયોગી થશે, એ મુખ્ય વાતનો આધાર છે. મારું એમ કહેવું નથી કે આણુબૉમ્બ કોઈ પણ પરિસ્થિતિમાં ઉપયોગી નહીં જ થાય. પણ તે કયાં સુધી ઉપયોગી થશે તેનો આધાર પરિસ્થિતિ પર છે.

ટૂંકમાં, આજનો જે સંદર્ભ છે, તેમ જ ઈતિહાસની દૃષ્ટિએ હું જોઉં છું તો મને એમ લાગે છે કે આણુબૉમ્બ બનાવવાથી ભારતની સુરક્ષા વધશે નહીં. બલ્કે ભારત પાસે પોતાના આર્થિક વિકાસ માટે આજે જે સાધનસંપત્તિ ઉપલબ્ધ છે, તેમાંયે કાપ પડશે અને તે દેશની પ્રગતિમાં અત્યંત બાધારૂપ બનશે. અને એ તો સ્પષ્ટ છે કે કોઈ પણ દેશની બુનિયાદી કે તાકાત તેની આર્થિક પ્રગતિ પર નિર્ભર છે. તે માટે એ જરૂરી છે કે ભારતમાં ઔદ્યોગિક તેમ જ શૈક્ષણિક વિકાસ થવો જોઈએ. લોકોની મુખ્ય આવશ્યકતાઓ પૂરી થાય, એ સૌથી પહેલું જરૂરનું છે.

આ બધું જોતાં આપણે આણુશક્તિનો ઉપયોગ શાંતિમય હેતુઓ માટે કરવાનો જે નિર્ણય કર્યો છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર મને નથી લાગતી. હું સ્પષ્ટપણે માનું છું કે ભારતની સુરક્ષાની દૃષ્ટિએ ચીન કે પાકિસ્તાનનો વિચાર કરતાં કોઈ પણ પરિસ્થિતિમાં આણુબૉમ્બ બનાવવો લગીરે જરૂરી નથી. આપણે ઈતિહાસનું અધ્યયન કરીએ તો જણાશે કે ચીન પણ આપણી સામે આણુશસ્ત્રોનો ઉપયોગ નહીં કરે, પણ પરંપરાગત શસ્ત્રોનો ઉપયોગ કરશે. અને તેથી હું પૂરી ઈમાનદારીથી માનું છું કે દેશની સુરક્ષાની દૃષ્ટિએ આપણે આણુબૉમ્બ બનાવવાની જરૂર નથી. આ માત્ર અહિંસાની દૃષ્ટિએ જ નથી કહેતો. આપણી તાકાતનો સવાલ એ જ છે કે આણુબૉમ્બ બનાવી શકીએ તેમ હોવા છતાં આપણે તે નહીં બનાવીએ.

તા. ૨૦-૫-'૬૯: શાંતિસેના શિબિરમાં.

❋ આજની કટોકટી અને કૉંગ્રેસમેનોનો ધર્મ ❋

(તા. ૧-૮-૬૯ના અંક માટે લખાયલો આ લેખ જગ્યાના અભાવે એ અંકમાં પ્રગટ થઈ શકયો નહોતો. પછી તો પરિસ્થિતિ ખૂબ બદલાઈ છે. તંત્રી)

છેલ્લી બેંગલોરની મહાસમિતિની બેઠક પહેલાં પણ એમ જ મને લાગતું હતું કે કૉંગ્રેસના વરિષ્ઠ મંડળમાં પ્રવર્તતી તંગદિલી સંભવતઃ આખરી હદે પહોંચે. જે અહેવાલો વર્તમાનપત્રોમાંથી જોવા મળતા હતા તેમાંથી સ્પષ્ટ થયું હતું કે મુખ્ય મુખ્ય વ્યકિતઓ વચ્ચેનું અંતર વધતું જ જતું હતું. નીચેનો ગરમાટ પણ વધતો જતો હતો, અને સામસામા ખૂલ્લા પડકારની ભાષા વપરાવાની પણ શરૂઆત થઈ હતી. બેંગલોર અને પછીના બનાવોએ સારાએ મુલકને માટે સમસ્યા પેદા કરી દીધી છે. મતભેદોની સીમાઓ ઓળંગી અંદર અંદરના આન્તર હેત્વારોપણ સુધી પહોંચ્યા છે; અને નાના મોટા કૉંગ્રેસમેનો કૉંગ્રેસમેનનો આધાર મેળવવાને બદલે જમણેરી અને ડાબેરી બળોનો આધાર મેળવવાની કોશિશ પણ અહીં તહીં કરતા જોવા મળે છે.

એક કૉંગ્રેસમેન તરીકે આ બનાવો મારા મનમાં લજ્જા પેદા કરે છે. છેવટે તો આ આખી સમસ્યાને માટે નાનામોટા તમામ કૉંગ્રેસમેન કંઈક ને કંઈક અંશે જવાબદાર છે. આમાં મારી જાતને બાકાત રાખવાનો આશય નથી. મુલકે જે સંસ્થાના નેજા હેઠળ કેટલાયે ભોગ આપ્યા, તે સંસ્થા લોકોના પ્રશ્નો પતાવવામાં પોતાની શકિત ખર્ચવાને બદલે આંતરકલેશમાં ઉતરી જાય અને પરિણામે દેશને નુકસાન થાય તેને માટે જવાબદારી છેવટે સંસ્થાની જ છે. બીજા શબ્દોમાં સંસ્થા સાથે સંકળાયેલી તમામ વ્યકિતઓની છે.

આજની પરિસ્થિતિનું પૃથક્કરણ ચારે બાજુ થઈ રહ્યું છે. જો પૃથક્કરણ કરવા પૂરતો જ સવાલ હોત તો મને આ લેખ લખવામાં રસ ન હતો.

કોઈ પણ વિષમ પરિસ્થિતિની એક ઉપરછલ્લી બાજુ હોય છે, જે સર્વને સ્પષ્ટ દેખાય છે. તે બાજુ મૂળગત રીતે તો પરિણામ છે. તેના મૂળમાં જે કારણ પડેલાં હોય છે તે ઘણાં ઘણાં ઊંડાં હોય છે. ઉપરથી દેખાતી વસ્તુને ઉપર ઉપરથી લેપ લગાડવાથી તેનાં મૂળ દુરસ્ત થઈ જતાં નથી.

કૉંગ્રેસનાં મૂળમાં રાષ્ટ્રભકિત પડેલી છે. સ્વરાજ્ય મળતાં તેમાં મહેચ્છા ભળી છે; સમાજવ્યાપી મહેચ્છા તો છે જ, પરંતુ જૂથ પૂરતી મર્યાદિત અને વ્યકિતગત મહેચ્છાઓ પણ ભળી છે. ઘણાં શુભચિહ્નોમાંનું એક શુભચિહ્ન એ છે કે સંગઠ્ઠનમાં હજી પણ કંઈક સમજ રહી છે, આમ છતાં દરેક ફાટફૂટ નબળી પાડે છે; અને નબળી કૉંગ્રેસ દેશનો ભાર શું ઊંચકી શકવાની? પરંતુ આજે તો આ સમજ પણ પરિસ્થિતિના દબાણની નીચે દબાઈ ગઈ છે.

આજે ભારતની એવી દશા છે કે લોકશાહીના સંદર્ભમાં વિકાસની દષ્ટિએ કૉંગ્રેસને છોડીને બીજું કોઈપણ રાજનૈતિક સંગઠ્ઠન નથી. કૉંગ્રેસવિરોધી લોકશાહી બળો પણ આ પૃથક્કરણમાં સહમત છે. આ સંદર્ભમાં કૉંગ્રેસમેન માટે એક વિશેષ ઉત્તરદાયિત્વ ઊભું થાય છે. જો બીજું કોઈ લોકશાહીને મજબૂત રીતે ટકાવી રાખનારું બળ હોત તો આ પ્રશ્ન આટલો ગંભીર ન બનત.

આ સ્થિતિમાં કૉંગ્રેસમેન અને કૉંગ્રેસ નેતૃત્વે સમજવું રહ્યું કે વ્યકિતગત મહેચ્છાઓ અને જૂથવાદી મહેચ્છાઓ માત્ર કૉંગ્રેસની જ નહિ પરંતુ દેશની પણ દુશ્મન છે. આ પરિસ્થિતિમાં માત્ર પોતે વ્યકિતવાદ કે જૂથવાદથી પર છે એમ માની કોઈ કૉંગ્રેસમેન ચાલી નહિ શકે. આ આખી પરિસ્થિતિના ઉકેલમાં લોકમાન્યતાઓનો પણ ખ્યાલ રાખવો જ જોઈશે. નાના કે મોટા કૉંગ્રેસમેને સમજવું જ રહ્યું કે કોઈ પણ પ્રકારની વ્યકિતનિષ્ઠા કે જૂથનિષ્ઠા એ રાષ્ટ્રનિષ્ઠાને પોષક નથી. મૂલ્યનિષ્ઠા જ માત્ર રાષ્ટ્રનિષ્ઠાને પોષક છે. એટલે છેવટે કૉંગ્રેસમેન પોતે કયા મૂલ્યોને માટે કૉંગ્રેસમાં જોડાયો છે તેને અનુસરીનેજ સંપૂર્ણ તટસ્થ રીતે તમામ પ્રશ્નો પરત્વે નિર્ણય કરે એ તેનું ધર્મકાર્ય છે. આ મોટા કૉંગ્રેસીઓને પણ લાગુ પડે છે અને નાનાને પણ લાગુ પડે છે.

કૉંગ્રેસ અમુક ચોક્કસ મૂલ્યોને સંગ્રહીને ચાલી છે. એમાં સૌ પ્રથમ છે 'નિર્ભયતા'. સેવાના મૂળમાં આ મૂલ્ય પ્રથમ-મૂલ્ય છે. કૉંગ્રેસમેનનો આજે ધર્મ છે કે સંપૂર્ણ, નિર્ભયતાથી એ પોતાનાં મંતવ્યો રજૂ કરે. નિર્ભયતાનો અર્થ અવિવેક નથી, નિર્ભયતાનો અર્થ ઉછૃંખલતા નથી, પરંતુ વિવેકયુકત અને ગંભીરપણે ફરજ અદા કરવી તે છે. કૉંગ્રેસના વરિષ્ઠ મંડળનાં તંત્રમાં તે હોય કે પછી બહાર, પણ સન્માનનીય વ્યકિતઓની જરૂર છે, તેમનું સન્માન અને ગૌરવ સચવાય તે જરૂરી છે, પરંતુ પ્રમુખ બાબત નિર્ભયપણું છે.

આ નિર્ભય પુરુષાર્થની એક ખાસ દિશા છે. કૉંગ્રેસ નિર્ભયતાપૂર્વક સ્વરાજની લડત દરમ્યાન અને પછી ભારતની પ્રજાના એક ખાસ વિભાગ પ્રત્યે પોતાને વરિષ્ઠ રીતે જવાબદાર ગણતી આવી છે. આ વિભાગ નાનોસૂનો નથી. ભારતની પ્રજાનો મોટો હિસ્સો જીવનની પાંચ પૈકીની કોઈ ને કોઈ મૂળભૂત જરૂરિયાતોથી વંચિત છે. કોઈ પાંચે જરૂરિયાતથી તો કોઈ કોઈ એક બે અથવા ત્રણ જરૂરિયાતથી. આને માટે કૉંગ્રેસ સમક્ષ કાર્યક્રમ પણ પડેલો છે. નિર્ભય પુરુષાર્થનાં મૂલ્યનો સવાલ અહીં આવે છે. જૂથબંધી અંતે તો અવૈજ્ઞાનિક દષ્ટિકોણનું પરિણામ છે. જૂથબંધીનું નિરસન અવૈજ્ઞાનિક રીતે થવું પણ અસંભવિત છે. અંતે તો જૂથબંધીના નિરસન માટે ઉન્નત અને તંદુરસ્ત વિચારધારાને વેગ આપવો એ જ એક ઉપાય છે. પ્રત્યેક ભારતવાસીને તેના જીવનનિર્વાહની પાંચ પ્રમુખ વસ્તુઓ નિશ્ચિત કાળમાં મળી રહે એને માટે ઉન્નત અને તંદુરસ્ત કાર્યક્રમ નિર્ભયતાથી પ્રત્યેક કૉંગ્રેસમેન આપનાવે. આજે પ્રત્યેક કૉંગ્રેસમેનને તેને અંગે નિશ્ચિત કામ સુપ્રત કરવામાં આવે. તે એક જ આજની જૂથબંધીનો 'રામબાણ' ઉપાય છે.

ધ્યેય વિષેની અનિશ્ચિતતા, ફરજ વિષેની અનિશ્ચિતતા અને શિસ્ત વિષેની અનિશ્ચિતતાની વચમાં કૉંગ્રેસને કાટ ચઢી રહ્યો છે. કૉંગ્રેસમેનનું વ્યકિતત્વ ઘડાતું નથી. પરિણામે પ્રજાબળના અભાવે તેને કેટલીક પ્રમુખ-વ્યકિતઓની દયા પર રહેવું પડે છે. પ્રમુખ-વ્યકિતઓને પણ પોતાની વિશિષ્ટ જવાબદારીઓ અદા કરવાને માટે સંસ્થાકીય પાંખની સહાયતા મળતી નથી અને આખી પરિસ્થિત વણસી રહી છે.

કૉંગ્રેસ પૂંજીવાદી સંસ્થા બની શકશે નહિ. ભારતને પૂંજીવાદ અનુકૂળ હોય તો પણ તેના મૂળમાં જે બી પડેલાં છે તેમાંથી આ ફળ મળવું અશકય છે. કૉંગ્રેસે પૂંજીવાદી સંસ્થા બનવાની જરૂર પણ નથી. એને માટે તો સ્વતંત્ર પક્ષ, જનસંઘ વિગેરે દળો છે જ. કૉંગ્રેસે જે મૂલ્યની આરાધના કરી છે તે દષ્ટિએ, માણસ માણસ વચ્ચેના સંબંધમાં શોષણ અને જાતપાતના ભેદ માનવગૌરવને હાનિકારક વસ્તુઓ છે. આ દષ્ટિએ જે કૉંગ્રેસમેન વિચારતો નથી તેને માટે પોતાનો સમય કૉંગ્રેસમાં ખર્ચવાને બદલે સ્વતંત્ર પક્ષ અને જનસંઘમાં જોડાઈ ખર્ચવો હિતાવહ છે. તેવી જ રીતે કૉંગ્રેસ સામ્યવાદી પણ બની શકશે નહિ. તેને માટે પણ ઈતર સંસ્થાઓ છે. કૉંગ્રેસે જે સાધનોદ્વારા માનવ-માનવ વચ્ચે તંદુરસ્ત સંબંધ નિર્માણ કરવાની ભાવના સેવેલી છે તે સામ્યવાદથી જુદી છે. કૉંગ્રેસ માનવ માનવ વચ્ચે જે સંબંધ સ્થાપિત કરવા માગે છે, તેમાં જેમ ખદબદતી ગરીબી, વિષમતા, શોષણવૃત્તિ ઈત્યાદિને સ્થાન નથી તેમ હિંસાત્મક કે દ્વેષભરપુર સંઘર્ષવૃત્તિને પણ સ્થાન નથી.

બેન્કનાં રાષ્ટ્રીયકરણનો સવાલ મહત્ત્વનો સવાલ છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિને માટે ઉમેદવારની પસંદગી પણ મહત્ત્વની વસ્તુ છે. પણ તેથી પણ મહત્ત્વની વસ્તુ છે આ બધા ફેંસલા આપણે કયા સાધનો દ્વારા, કઈ પ્રવૃત્તિથી, કઈ ભાવનાથી કરવા માગીએ છીએ. મને લાગે છે કે નિર્ભયતા, ન્યૂનતમ જીવન ધોરણ જેટલો જ મહત્ત્વનો સવાલ કૉંગ્રેસમેન માટે પોતાનાં સાથીઓ કે વિરોધી સાથે કામ લેવાની રીત છે. પૂંજીવાદ શીખવે છે કે મજૂરને દબાવીને જ કામ લઈ શકાય. એ જેમ સાચો માર્ગ નથી તેમ સામ્યવાદી શીખવે છે કે પૂંજીનું સાધન જેની પાસે છે તે ચોર જ છે તે પણ સાચો વિચાર નથી. કૉંગ્રેસમેન જે જાતની રાષ્ટ્રક્રાંતિ લાવવા માંગે છે તેના સાધન વિષે અસ્પષ્ટ રહે તે પણ સાચો વ્યવહાર નથી.

કૉંગ્રેસમેન નમ્રતાથી છતાં મક્કમપણે ન્યૂનતમ જીવનધોરણ નિશ્ચિત સમયમાં લાવવાને માટે પુરુષાર્થ કરે, તેને માટે કાર્યક્રમ નેતૃત્વ પણ ઘડે અને પોતાના પૂરતો પોતે પણ ઘડે. પૂ. ગાંધીજીએ આખો રચનાત્મક કાર્યક્રમ દેશની સામે મૂકયો છે તે તેના માટે જ છે. તેનો રાહ નહીં તો તરતોફાનો કે ભાંગફોડનાં હશે, ન તો લાચારીપૂર્વક કોઈએક નેતા કે જૂથની કદમબોસી કરવાનો હશે. આઝાદ ભારતના આઝાદમાનવી તરીકે જો તે કાર્યક્રમ અપનાવશે નહીં તો તે કાર્યક્રમમાં શું જાન પેદા થવાની છે? તેનામાં ગૃહસ્થાઈનું સૌજન્ય, વિવેક અને મર્યાદા હશે. સાથોસાથ દરદ્રિનારાયણના અર્થે તેનામાં એક બંડખોર તમન્ના હશે. તેનું બંડખોરપણું અરાજકતાને પોષક નહિ હોય, ન તો નકસેલાઈટની હિંસાનું. તેનું બંડખોરપણું, વિનમ્ર બલિદાનનું પોષક હશે. તે સમાજના શાંતિમય ઉત્થાનને ખાતર સમાજનું દુબળું અંગ હિંસાને માર્ગે જાય તે પહેલાં તેનામાં શાંતિમય સાધનોમાં વિશ્વાસ જાગૃત કરવા માટે શાન્તિમય કાર્યક્રમ ઉઠાવવા તૈયાર રહેશે; અને સમાજના શાંતિમય ઉત્થાનને ખાતર સમાજનું દુબળું અંગ ભૂંસાઈ જાય તેના કરતાં પોતાની જાતને ભૂંસી નાંખવા તૈયાર રહેશે અને જરૂર પડે હોમાઈ જવા પણ તૈયાર રહેશે. આવતાં દશ વર્ષ નક્કી કરશે કે કૉંગ્રેસમેનને એશીપંચાશી વર્ષમાં જે નેતૃત્વ પ્રાપ્ત થયું છે અને જેને માટે તેઓ ગૌરવ લઈ રહ્યા છે તે નેતૃત્વને લાયક છે કે નહિ?

ભારતમાં કહો કે એશિયામાં કહો, લોકશાહીની દૃષ્ટિએ સમાજજીવન યોજવાનો આ પ્રથમ પ્રરુષાર્થ છે તે છેલ્લો ન બને તે જોવાની પ્રત્યેક કોંગ્રેસમેનની જવાબદારી છે.

કૉંગ્રેસમેનનું કર્તવ્ય આ દૃષ્ટિએ સ્પષ્ટ છે. તે નિર્ભયતા કેળવે, મૂલ્ય વિષે સ્પષ્ટતા કેળવે, દૃઢતાથી તેનું અનુશીલન કરવાની ટેવ કેળવે, અને શુદ્ધ સાધન વિષે જાગૃત બની પોતાની જાતને અને કૉંગ્રેસને ફરીથી વ્યકિત-નિષ્ઠા અને જૂથબંધીથી પર અને વ્યકિતગત અને જૂથમહેચ્છાથી પર બનાવવા માટે ચોક્કસ કાર્યક્રમ પાર પાડવા માટે પોતાની સર્વશકિત લગાવે. **ઉ. ન. ઢેબર**

ચંદ્ર-ઉતરાણ પછી શું?

એક કલ્પનાચિત્ર

માનવીએ ચંદ્રને તો સર કરી લીધો છે. તેણે ચંદ્ર પર પાડેલાં થોડાં પગલાં તે સમસ્ત માનવજાત માટે એક અત્યન્ત ગૌરવપ્રદ ઘટના છે. પરંતુ માનવીસ્વભાવ પર નજર નાખતાં જણાય છે કે આટલાથી તેને સંતોષ થવાનો નથી. તે આગળ ને આગળ ધપતો જ રહેવાનો છે. તો હવે અૅપોલો-૧૧ પછી શું તેનો આપણે વિચાર કરીએ.

અૅપોલો-૧૧ પછી બીજા આઠ નવ અૅપોલો મોકલવાની તૈયારી અમેરિકા કરી રહ્યું છે. દરેક વખતે જુદા જુદા સ્થળે ચંદ્ર ઉપર ઉતરાણ કરવામાં આવશે. ચંદ્રની સપાટી પર ચાલવાનો સમય પણ વધારવામાં આવશે. હવે પછીનાં બે-ત્રણ અંતિમ અૅપોલો ઉતરાણો દરમિયાન તો એક નાનુંસરખું વાહન પણ મોકલવામાં આવશે. તેના પર બેસી અવકાશયાત્રી (Astronaut) ચંદ્રની સપાટી પર માનવી લાંબો પ્રવાસ ખેડી શકશે. તે છતાં આ બધા પ્રયત્નોમાં અવકાશયાત્રી (Astronauts) ત્રણ કે ચાર દિવસથી વધારે વખત ચંદ્ર પર નહીં રહે. વધારે વખત રહેવા માટે થોડા સમયની રાહ જોવી પડશે. પણ આપણે એમ માની શકીએ કે ૧૯૮૦ સુધીમાં ચંદ્ર પર માનવવસાહત થઈ ગઈ હશે. આવતા પચાસ વર્ષમાં તો કદાચ ચંદ્ર, પૃથ્વી વચ્ચે વાહનવ્યવહાર શરૂ થઈ ગયો હશે. કદાચ આપણામાંનો કોઈ એક કામધંધા માટે ચંદ્રનો પ્રવાસ ખેડીને પણ આવ્યો હશે!

પણ માત્ર ચંદ્રથી માનવીની જ્ઞાનભુખ સંતોષાવાની નથી. પૃથ્વીના બે પડોશીઓ છે-શુક્ર અને મંગળ. શુક્ર કદમાં આપણી પૃથ્વી જેટલો જ છે અને મંગળ થોડો નાનો છે. અત્યાર સુધી અમેરિકા અને રશિયા બંનેએ કેટલાક માનવરહિત અવકાશયાનો શુક્ર અને મંગળ પર મોકલ્યાં છે. રશિયાએ તો શુક્ર પર તેના એક યાનને પેરેશૂટ દ્વારા ઉતાર્યું પણ છે. આવતાં વર્ષોમાં અમેરિકા આ બન્ને ગ્રહો ઉપર આ પ્રકારના માનવરહિત અવકાશયાનો ઉતારવાનું છે. તેનાથી આ ગ્રહો વિષે ઘણી માહિતી મળશે અને પછી તે ઉપર થનારા માનવ ઉતરાણ માટે તે રસ્તો કરી આપશે.

આ સાહસોમાં એક વાત વિચારવા જેવી છે. ચંદ્રપર પહોંચતાં બે, ત્રણ દિવસ લાગે છે. મંગળ કે શુક્ર પર પહોંચતાં ચાર કે પાંચ મહિના લાગશે. આ રીતે બીજા ગ્રહો માટે સમય ઉત્તરોત્તર વધતો જશે. સૂર્યમાળાના છેલ્લા ગ્રહ પ્લુટો પર પહોંચતાં કેટલાંક વર્ષો નીકળી જશે.

આપણા બ્રહ્માંડમાં સૂર્યમાળા તો રેતીના એક કણ જેવડી ગણી શકાય. પૃથ્વીથી નજીકમાં નજીકનો તારો L-centauri ૪॥ પ્રકાશ વર્ષ દૂર છે. પ્રકાશ વર્ષ એટલે દરેક સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલ પ્રવાસ કરતા પ્રકાશને એક વર્ષ લાગે તેટલું અંતર. આપણા અત્યારના રૉકેટથી આ અંતર કાંપવાનું માનવીની એક જિંદગીમાં શકય નથી. પણ આપણે નિરાશ થવાની જરૂર નથી. અત્યારે હજી પ્રાથમિક કક્ષામાં રહેલા Photon Rockets માં આ પ્રવાસ કરવાની શકિત છે. તે રૉકેટથી ધીરેધીરે ગતિ વધારતાં આપણે લગભગ પ્રકાશની ગતિ સુધી પહોંચી શકીએ. વળી તે પ્રકારના રૉકેટમાં બળતણનું પણ વજન અત્યારના પ્રવાહી બળતણ કરતા ઘણું ઓછું હોય છે. આ પ્રકારના રૉકેટથી કદાચ આપણે નજીકના તારાઓનો પ્રવાસ ખેડી શકીએ.

આ પ્રકારના પ્રવાસની એક બહુ જ આશ્ચર્યજનક અસર થાય છે. આઈન્સ્ટાઈનના સિદ્ધાંત પ્રમાણે જેમ આપણી ગતી વધતી જાય તેમ સમય પાછો પડતો જાય. એનો અર્થ એમ કે આ પ્રકારના લગભગ પ્રકાશની ગતિએ જતા રૉકેટમાં આપણે દસ વર્ષ પ્રવાસ કરીએ તો પૃથ્વી પર એ અરસામાં બે હજાર વર્ષ વીતી ગયા હોય!

બીજી એક આવી જ રસપ્રદ વાત Suspende Animation (સુષુપ્તાવસ્થા) ને લગતી છે. રીંછ, દેડકાં, ખીસકોલી વગેરે પ્રાણીઓ આ જાતની અવસ્થામાં મહિનાઓ સુધી ખાધાપીધા વગર પડી રહે છે. આ અવસ્થા જો માનવી પર લાવી શકાય તો આવી લાંબી સફરમાં ઘણો ફાયદો થાય. ખાસ કરીને તેથી ખાધાખોરાકીની જરૂરિયાત ઘણી ઓછી થઈ જાય. વળી આવી લાંબી સફરમાં આવતો કંટાળો પણ નાબૂદ કરી શકાય.

આ બધું અત્યારે કદાચ પરિકથા જેવું લાગે. પણ ચંદ્ર પરનું ઉતરાણ પણ પચાસ વર્ષ પહેલાં પરિકથા જેવું જ લાગતું હતું ને? **અશોક મોધાણી.**

સંઘ સમાચાર

તા. ૨૬ મી જુલાઈના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સૌ. કંચનબહેન ઓલીવર દેસાઈની સંઘની કાર્યવાહક સમિતિમાં નિમણૂક કરી છે. મંત્રીઓ

અપંગ–અસહાયોનું અનન્ય અવલંબન મધર થેરીસા

(જેમનો નીચે પરિચય આપવામાં આવ્યો છે તે મધર થેરીસાનું, સંઘ આયોજિત આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૮ મી સપ્ટેમ્બરના રોજ પહેલા દિવસે બીજું વ્યાખ્યાન રાખવામાં આવે એવો સંભવ છે.)

(તા. ૨૭-૭-'૬૯ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાંથી ઉદ્‌ધૃત અને અનુવાદિત).

સફેદ વસ્ત્રોમાં સજ્જ એવાં સરળ અને સાદાં સન્નારીના ચહેરા પર શાંતિનું ઓજસ છે. માતા જેવા મમત્વથી કે કોઈ કુશળ કાર્યકરની ખંત અને ધૈર્યથી જે નીચલા થરના લોકોની પોતે સેવા કરી રહ્યાં છે તેમના વિશે કંઈ કહેતા તેમની ભાવપૂર્ણ આંખો ચમકી ઊઠે છે. દેવદૂત જેવી આ સૌમ્ય સન્નારીનું નામ છે મધર થેરીસા.

આમ તો તે મૃદુ અને મિતભાષી છે, પરંતુ જ્યારે તેમને કલકત્તાના ગરીબ, પછાત વિસ્તાર વિષેના પોતાના અનુભવ બાબત પૂછવામાં આવે છે ત્યારે તેમના અવાજમાં કંપારી પ્રગટે છે. તેઓ કહે છે: "આજે ક્ષય, રકતપિત્ત કે કોઢ જેવા રોગોની ભયંકરતા કરતાં, ઉપેક્ષિત, ફેંકાઈ ગયેલા માનવીઓના દિલમાં સળગતી હતાશા, નિરાશા અને દુ:ખ અનેકગણાં ભયંકર છે. હું અને મારા બીજા સાથીદારો જીવનથી હારી બેઠેલાં આવા લોકોની વચ્ચે રહીએ છીએ અને તેમનામાં એ પ્રકારનો ઉત્સાહ પ્રગટાવવા મથીએ છીએ કે તેઓ આ દુનિયામાં આવી પડેલા નિરર્થક જીવો નથી. દરેકને પોતપોતાનું સ્થાન છે જ. આપણે સૌ એક જ માનવકુટુંબનાં સભ્યો છીએ."

મધર થેરીસાના માતપિતા આલ્બેનિયન છે. લોરેટો સાધ્વીઓ દ્વારા ચાલતી સ્કૂલમાં તેમણે શિક્ષણ લીધું અને પછી આયર્લેન્ડની સંસ્થામાં જોડાવા નિશ્ચય કર્યો. ભારતમાં વસીને તેઓ સેવા કાર્ય કરે એ હેતુથી ૧૯૨૯માં વધુ તાલીમ માટે તેમને ભારત મોકલવામાં આવ્યાં.

કલકત્તાની સેન્ટ મેરી હાઈસ્કૂલમાં તેમણે ઘણાં વર્ષો કામ કર્યું. આ ગાળા દરમ્યાન એ વિસ્તારના પછાત લત્તાઓમાં તેમણે પાર વિનાની કંગાલિયત અને દરિદ્રતા જોઈ. અપંગ બાળકોની કરુણ હાલત અને અણસમજુ છોકરા – છોકરીઓના સંસર્ગને પરિણામે ત્યજાયેલાં શિશુઓના હાલ જોઈ તેમણે જબરો આંચકો અનુભવ્યો.

ભારરૂપ થઈ ગયેલા પશુઓની જેમ અધમુવા જેવી દશા ભોગવી મૃત્યુને શરણ થતાં વૃદ્ધો તેમ જ રોગ અને ભૂખમરાથી પીડાતાં અનેક માનવીઓની યાતના જોઈ તેમના અંતરમાં કરુણા પ્રગટી અને પોતાનું શેષ જીવન તેમની સેવા માટે અર્પી દેવા તેમણે નિશ્ચય કરી લીધો.

પોતાનું ચાલુ સ્થાન છોડી દઈ તેમણે એક નવા કાર્યનો આરંભ કર્યો. માંગલ્ય અને પવિત્રતાના પ્રતીક તરીકે તેમણે સફેદ વસ્ત્રો અપનાવ્યાં. શેરીઓમાં મૃતહાલતમાં સબડતાં દુ:ખીઓને આશ્રય આપવા તેમણે કલકત્તામાં કાલીઘાટ નજીક આવેલા એક પડતર મકાનમાં પોતાનું કાર્ય શરૂ કર્યું. આ કાર્યને પહોંચી વળવા ફંડ ઊભું કરી, પોતાને સક્રિય ફાળો આપે તેવી ઉત્સાહી યુવાન સ્ત્રીઓનું જૂથ તેમણે ઊભું કર્યું.

ભારત અને યુરોપના વિવિધ ભાગોમાંથી આવેલી આ સેવિકા સ્ત્રીઓની સંખ્યા આજે ૪૦૦થી પણ વધુ છે. ગરીબોના સુખદુ:ખને સમજવા તેઓ તેમની વચ્ચે રહીને જ કામ કરે છે, તેમના આવાસોની અવારનવાર મુલાકાત લે છે, માંદાઓ માટે સ્થિર કે ફરતાં ચિકિત્સાલયની અને જરૂર પડયે તેમને હૉસ્પિટલમાં રાખી યોગ્ય સારવાર આપવાની સારી વ્યવસ્થા તેમણે ઊભી કરી છે. ગરીબોના પુનર્વસવાટ તથા રકતપિત્તના દરદીઓની સારવાર માટે હુન્નર–ઉદ્યોગ અને સુતારીકામના ધંધાદારી વર્ગો પણ ચલાવવામાં આવે છે. ૧૯૪૮ થી ૫૫ રકતપિત્ત કેન્દ્રો કલકત્તામાં શરૂ કરવામાં આવ્યા છે જ્યાં એક વર્ષ દરમિયાન ૪૯,૦૦૦ દરદીઓને સરવાર આપવામાં આવે છે.

વૃદ્ધો અને મરવાને વાંકે જીવતા નિરાધારો માટે મધર થેરીસાએ ૨૩ ગૃહો ભારતમાં ખોલ્યાં છે, જેને 'નિર્મળ હૃદયગૃહો' નામ આપવામાં આવ્યું છે. અપંગ અને ત્યજાયેલાં બાળકો માટે ચાલતાં ગૃહો 'શિશુ ભવન' નામે ઓળખાય છે. લોકોના ઘરોની પરસાળો તથા ઝૂંપડાંઓમાં દવાખાના તથા નાની પ્રાથમિક શાળાઓ ચલાવવામાં આવે છે. આ જાતની સેવા પ્રવૃત્તિઓ કલકત્તા, રાંચી, દિલ્હી, ઝાંસી, આગ્રા, અમરાવતી, ભાગલપુર, મદ્રાસ અને મુંબઈમાં ચાલે છે.

મુંબઈમાં, જૂહૂ, વરલી અને મુલુંડમાં રકતપિત્તની સારવાર માટે ત્રણ દવાખાનાં, સાન્તાક્રૂઝ, વાકોલા, ડાન્ડા, વરલી, વાંદરા (પૂર્વ), અને અંધેરીમાં છ મફત દવાખાનાં, જવાહરનગર અને ખાર (પૂર્વ) માં પછાત બાળકો માટેની બે શાળાઓ મધર થેરીસાએ ઊભી કરી છે.

સાદું અને સરળ જીવન અપનાવી ગરીબોની વચ્ચે જીવી તેમની સેવા કરવી એ જ એક માત્ર તેમનું ધ્યેય છે. આ બધી બાહ્ય સેવાઓ સાથે, એ લોકોના દિલને સમજી આંતરિક સંબંધો વિકસાવવાનું પણ તેઓ એટલું જ અગત્યનું ગણે છે. આમ બની શકે તો જ આપણે તેમને ચાહી શકીએ અને સાચી સેવા આપી શકીએ એમ તેમનું માનવું છે.

બીજી ખ્રિસ્તી સાધ્વીઓ પણ પોતાના તાલીમકાળ દરમ્યાન આ આદર્શોની મહત્તા બરાબર સમજે એ તરફ પણ તેમનું ધ્યાન છે. ઉચ્ચ આદર્શોને અપનાવી સેવાને વરેલા બીજા પુરુષ સાથીદારોનું (Brothers) નું જૂથ પણ તેમના કાર્યને વેગમય બનાવવા પ્રયાસ કરે છે.

દીનદલિતો માટે આટલું કરીને મધર થેરીસા સંતોષ માનતાં નથી. અન્ય લોકો પણ એવી સેવા પ્રવૃત્તિઓમાં રસ દાખવી પોતાનો કાંઈ ને કાંઈ ફાળો આપે એ માટે તેઓ ઘણો પ્રયાસ કરે છે. માસિક કે વાર્ષિક ફંડફાળા માટે કાંઈક આપવું કે મોટી રકમનું દાન કરવું, જગ્યા કે મકાન માટે કાંઈક વ્યવસ્થા કરી આપવી, – આ બધું સહેલું છે; પરંતુ આ મહાન ધ્યેયની પરિપૂર્તિ માટે સમય અને જાતનો ભોગ આપવો એ વધારે અઘરી અને મૂલ્યવાન વસ્તુ છે એમ તેઓ કહે છે.

મધર થેરીસા ઘણી યે વાર કહે છે કે પોતાના કાર્યના સાક્ષી રૂપે તેમની પાસે નથી ભવ્ય મકાનો કે નથી એવી મહાશાળાઓ, તેમનું તો ચારે બાજુ ફરીને, ભૂખ્યા, જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતાં, હૃદયભગ્ન માનવીઓને આશરો આપી તેમના જીવનની અંતિમ પળોમાં શાંતિ અને સંતોષ આપવો એ જ મુખ્ય છે.

ફરતા ચિકિત્સાલયોની વ્યવસ્થા કરી, રકતપિત્તથી રીબાતાં હજારો રોગીઓની મધર જાતે દેખરેખ રાખે છે. તેમણે "શાંતિનગર" (આસનસોલમાં) જેવાં અનેક સ્થાનો ઊભા કર્યા છે, જ્યાં ૪૦૦ કુટુંબોનો વસવાટ થઈ શકયો છે.

અનાથ બાળકોને શિક્ષણ ઉપરાંત કાંઈક ધંધો કે હુન્નરઉદ્યોગનું જ્ઞાન મળે તે માટે વર્ગો ચલાવવામાં આવે છે. કોઈ છોકરીનું લગ્ન થાય ત્યારે નવી સાડી કે સાધારણ કરિયાવર કરવાની વ્યવહારિક ફરજ પણ મધર થેરીસા ચૂકી જતાં નથી.

૧૯૪૮ માં તેમણે પોતાનું કાર્ય શરૂ કર્યું ત્યારથી શેરીઓ અને લત્તામાં કરુણ હાલતમાં પડેલા ૨૧,૦૦૦ માણસોની તેમણે પોતાના હાથે સેવા કરી છે. તેમાંથી આશરે ૧૦,૦૦૦ માણસો આ 'દયા'ની દેવીનો કે તેમના અન્ય સાથીદારોનો હૂંફાળો આશ્રય પામી મૃત્યુ પામ્યા છે.

૧૯૬૨ માં, આંતરરાષ્ટ્રીય પ્રેમ અને સૂઝ માટે મધર થેરીસાને Magsaysay Peace Prize મળ્યું હતું. આગ્રામાં એક નવા ગૃહના ઉદ્‌ઘાટન પ્રસંગે આ Mrs. Magsaysay એ પોતાના હાથે, મધર થેરીસાની ભવ્ય સેવાની કદર કરી તેમને આ માન આપ્યું હતું.

એ જ વર્ષે રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને તેમને પદ્મશ્રીનો ઈલ્કાબ આપ્યો હતો, એ પ્રસંગે પંડિત નેહરુએ મધર થેરીસાને 'અનાથોનું આશ્રયસ્થાન' કહી તેમની પ્રશંસા કરી હતી.

ફ્રાન્સમાં દુ:ખીઓનો બેલી Abbea Pierre એ પણ ઉચ્ચાર્યું હતું કે, 'માનવજાતિનું સમાજ તરફ જે કર્તવ્ય છે તેનો ઉત્તમ નમૂનો મધર થેરીસા છે.' પ્રેમ અને સૌન્દર્યનું આવું ઉમદા વ્યકિતત્વ દુનિયામાં ભાગ્યે જ જોવા મળે તેમ છે.

એક નારીના સમર્પણ અને ત્યાગની આ જીવનકથા આપણા સૌના માટે ઘણી પ્રેરક છે. પરંતુ કેવળ એ વાંચવાથી કે તેમની પ્રશંસા કરવાથી આપણામાં એવી કોઈ નૈતિક હિમત આવી જવાની નથી. એને માટે તો દરેકે પોતાના અંતરને ઢંઢોળી જાગૃત કરવું જ રહ્યું!

અનુવાદક : મૂળ અંગ્રેજી :
સૌ. શારદાબહેન શાહ, એમ. એ. **શ્રી ટી. એમ્બ્રોઝ**

લગ્નની ષષ્ટીપૂર્તિ પ્રસંગે–

(શ્રી દુર્લભજી ઉમેદચંદ પરીખ અને સૌ. વિજ્યાબહેને લગ્ન-જીવનનાં સાઠ વર્ષ પૂરાં કર્યાં તે અંગે આનંદ દર્શાવવા માટે તેમનાં પુત્ર–પુત્રીઓ તરફથી ગત જુલાઈ માસની ૩૧ મી તારીખે રાત્રિના ૮-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનના ગીતા હૉલમાં તેમનાં સ્વજન-સંબંધીઓનું એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ બાબત દુર્લભજીભાઈ તથા વિજ્યાબહેનથી ઠેઠ સુધી ખાનગી રાખવામાં આવી હતી. નિમંત્રિતોને પણ તે પ્રકારની સૂચના આપવામાં આવી હતી. આજે લોકગીતોનો બહુ સરસ જલસો છે એમ સમજાવીને તે દંપતીને આગ્રહપૂર્વક સંમેલનના સ્થળે લઈ આવવામાં આવ્યા હતા. એકત્ર થયેલ લગભગ ૨૦૦–૨૫૦ ભાઈ–બહેનોની મોટી મંડળીને જોઈને તેઓ આશ્ચર્યચકિત બન્યાં હતાં. આ મંગળ પ્રસંગે ખાસ ઉપસ્થિત થયેલા શ્રી ઢેબરભાઈએ તેઓ બન્ને પ્રત્યે ઊંડો આદર દાખવતું પ્રવચન કર્યું હતું, જે નીચે મુજબ હતું. **પરમાનંદ**)

દુર્લભજીભાઈ અને વિજ્યાબહેન આજે એક મીઠાં કાવત્રાંનો ભોગ બન્યાં છે. તેમની અકળામણ હું જોઈ શકું છું. તેઓની સામે મીઠું કાવત્રું રચનાર તેમનાં જ બાળકો–તેમની પુત્રીઓ અને પુત્રવધૂઓ છે. એમને ખબર પડી હશે કે દુર્લભજીભાઈને અને વિજ્યાબહેનને લગ્ન થયે આજે ૬૦ વર્ષ થયાં. આજે તેમની લગ્ન-તિથિની ઉજવણી છે. તેમને ખબર ન પડે એ રીતે આ ઉજવણી બાળકોએ ગોઠવી છે. હું જ્યારે હૉલમાં દાખલ થતો હતો ત્યારે દુર્લભજીભાઈની નાની પુત્રી નલિની પોતાનાં મા–બાપને તેમની ૬૦ મી લગ્નગાંઠ નિમિત્તે વધાઈ આપતી હતી. તે જોઈને હું કંઈક રમૂજ અનુભવતો હતો. પુત્રી મા–બાપની લગ્નગાંઠ અંગે મુબારકબાદી આપે!

આપણામાનાં ઘણાં તો દુર્લભજીભાઈ તથા વિજ્યાબહેન સાથે વર્ષોથી સંપર્કમાં આવ્યા છીએ અને તેમનું આખું જીવન જાણીએ છીએ. સંભવ છે કે જેમણે આ ઉત્સવ ઊજવવાનું કાવત્રું રચ્યું છે તે ન જાણતાં હોય. એટલે તેમના લાભાર્થે હું થોડોએક ઈતિહાસ આપું.

મુંબઈમાં વસતાં લીંબડીનાં ત્રણેક મુખ્ય કુટુંબોમાં દુર્લભજી-ભાઈનું કુટુંબ ગણત્રીમાં આવતું. આ ત્રણેય કુટુંબ મુંબઈમાં હંમેશાં સખાવતમાં મોખરે રહેતાં. અમે જ્યારે જ્યારે ફાળા માટે મુંબઈ આવીએ ત્યારે દુર્લભજીભાઈથી પહેલ કરીએ. આ શિરસ્તો છેક સ્વરાજ મળ્યું ત્યાં સુધી જળવાઈ રહ્યો. દુર્લભજીભાઈ માત્ર દાન આપતા નહિ, પણ સાથે ચાલીને દાન અપાવતા. સૌરાષ્ટ્રનું કોઈ પણ કામ એવું નહિ હોય જ્યારે તેમની સામે અમે નજર નહિ રાખી હોય.

દુર્લભજીભાઈ રૂના વેપારમાં મોખરે હતા. અત્યંત હિમ્મતવાન અને અત્યંત વિશ્વાસુ માણસે આ દુનિયામાં સહન કરવાનું હોય છે. પરંતુ જે રીતે તે સહન કરે છે તે રીતમાં માણસે માણસે ફરક હોય છે. દુર્લભજીભાઈ કેઈક વખત ઉંચે આવ્યા અને કંઈક વાર વિશ્વાસમાં અને વિશ્વાસમાં રહી નુકસાનીનો ભોગ બન્યા. પરંતુ કદી તેઓની રહેણીકરણીમાં કે રખાવટમાં ફરક મેં જોયો નથી. ખેલાડી હુતુતુતુ રમે અને ગોઠણ છોલાય તે વખતે ગોઠણ ઉપરની ધૂળ ખંખેરી હસતો હસતો ઊભો થાય છે. રાજકારણમાં પણ તેવું જ છે અને વેપારમાં પણ તેવું જ છે. રમનાર પછડાય જ નહિ – હારે જ નહિ – તો રમનારની ભીતરના વ્યકિતત્વની પિછાણ કદી થતી નથી.

દુર્લભજીભાઈને સ્મરણ હશે કે નહિ, પરંતુ રાજકોટ જેલના વચલા મેદાનમાં બેસીને સૌ પોતપોતાની ઓળખાણ આપતા હતા ત્યારે દુર્લભજીભાઈએ વિજ્યાબહેન સંબંધમાં બે વાતો કહી હતી: "વિજ્યાબહેનને સરલાદેવી ચૌધરાણીની ઉપમા મુંબઈનું મંડળ આપતું અને વિશેષમાં કહ્યું "મુંબઈમાં લોકો વિજ્યાબહેનના વર તરીકે મારી ઓળખાણ કરાવે છે." વિજ્યાબેન સેવિકા છે. તેમણે કુટુંબની અને સમાજની સેવા કર્યે જ રાખી છે. ભરેલું કુટુંબ તેમણે માના વાત્સ-લ્યભાવથી સાચવ્યું. કોણ કહેશે કે વિજ્યાબેન રસિકભાઈનાં મા નહિ પણ ભાભી છે? કોણ કહી શકતું કે શારદાબહેનનાં તે જેઠાણી છે? ખબર જ ન પડે. વિજ્યાબેન રસોઈમાં ડૂબ્યાં હોય – કપડાં ધોવાનું પણ કરે – કોઈને ખબરે ન પડે કે તેઓ શ્રીમંતના પત્ની છે. મને લીંબડીનાં બે બહેનો યાદ આવે છે, જે પોતાની આ સુખી સ્થિતિમાં પણ રસોઈ, કપડાં ધોવાં, દરાણું અને કાંતવાનું કદી ન છોડે: પૂ. ભકિત બા અને વિજ્યાબેન.

દુર્લભજીભાઈ અને વિજ્યાબેનનો સંસાર કેટલીએ કસોટી-માંથી પસાર થયો. પરંતુ હોંશથી અને એકરાગથી તેમણે ચલાવ્યો. ઈશ્વર પોતાની જગ્યા ખાલી કરી નથી ચાલી ગયો તેનો પુરાવો દુર્લભજીભાઈનો પરિવાર છે. આજે તેમનાં બધાં બાળકો અત્યંત સુખી સ્થિતિમાં છે અને પોતાનાં માત–પિતાની લગ્નની સાઠમી સાલગ્રેહ ગૌરવથી, પ્રેમથી, મિઠાશથી ઊજવે છે. દુર્લભજીભાઈ અને વિજ્યાબેન પોતાનાં – બાળકોને હાથે પ્રેમનો પરાજય અનુભવી રહ્યાં છે.

સંઘના મકાન ફંડમાં નોંધાયેલી વિશેષ રકમો

'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં રૂા. ૫૦,૩૬૦–૦૦ સુધીની રકમો નોંધાયાની યાદી પ્રગટ કરવામાં આવી હતી. ત્યાર બાદ તા. ૧૬–૮–૬૯ સુધીમાં નોંધાયેલી રકમોની યાદી નીચે મુજબ છે:

૫૦,૩૬૦		અગાઉ જાહેર થઈ ગયેલી રકમો
૧,૦૦૧	શાહુ	શ્રેયાંસપ્રસાદ જૈન
૧,૦૦૧	શ્રી	મણિલાલ વીરચંદ શેઠ
૧,૦૦૧	,,	શરદચંદ્ર મહેશ્વરી
૧,૦૦૧	,,	નાનચંદ જુઠાભાઈ
૧,૦૦૧	,,	કાંતિલાલ તલકચંદ શેઠ
૫૦૧	,,	મણિલાલ શામજી વિરાણી
૫૦૧	,,	છગનલાલ શામજી વિરાણી
૫૦૧	,,	એચ. કાન્તિલાલની કું.
૫૦૧	,,	ચંદુલાલ કસ્તુરચંદ
૫૦૧	,,	મેસર્સ પાર્કીન બ્રધર્સ
૫૦૦	,,	લાલભાઈ મોહનલાલ શાહ
૫૦૦	,,	નરેન્દ્ર શિવલાલ ગુપ્તા
૨૫૧	,,	ઈન્દુલાલ ખાટડીઆ
૨૫૦	,,	રસિકલાલ નારેચાણીઆ
૨૫૦	,,	મુગટભાઈ વોરા
૨૫૦	,,	ઓધવજી ડી. શાહ
૧૨૫	,,	નવલભાઈ ટી. શાહ
૧૦૧	,,	ડૉ. સુરેશચંદ્ર ચીમનલાલ શેઠ
૧૦૦	,,	કાંતિલાલ એલ. વોરા
૫૧	,,	કમળાબહેન પટેલ
૬૦૨૪૮		

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

લાકડીઆમાં શુદ્ધિપ્રયોગ

કચ્છના ભચાઉ તાલુકાના લાકડીઆ ગામમાં ગયા જુલાઈ માસની ૧૦ મી તારીખથી ૨૧ દિવસનો શુદ્ધિપ્રયોગ કરવામાં આવ્યો તે શુદ્ધિપ્રયોગ કેવા નિમિત્તથી ઉભો થયો તેની વિગત ૨૬-૭-૬૯ ના ભૂમિપુત્રમાં નીચે મુજબ આપી છે;

"શ્રી નરસિંહભાઈ ગોવાભાઈ કચ્છના ભચાઉ તાલુકાના લાકડીઆ ગામના એક આગેવાન ખેડૂત અને જાહેર કાર્યકર્તા છે. કેટલાક બનાવોમાં એમને માથાભારે તત્ત્વોને જાહેર પડકાર આપવાની અને અન્યાયનો પ્રતિકાર કરવાની ફરજ પડી હતી. એટલે છેલ્લા ત્રણ – ચાર મહિનાથી એમની હેરાનગતી ને પજવણી થયા કરતી હતી. એમના ખેતરમાં ઘોડા છુટ્ટા મૂકી ભેળાણ કર્યું. સ્થાનિક અમલદારો, મામલતદાર, પ્રધાન વગેરેને મળવા છતાં કોઈ પગલાં ન લેવાયાં અને ભેળાણ ચાલુ રહ્યું, બધી જુવાર સાફ કરી નાખી. એમના ઘરમાં ચોરી પણ થઈ.

"આ બધા સામે રક્ષણ મેળવવા લાગતાવળગતા પાસે સતત ધા નાખેલી, પણ કોઈ અસરકારક પગલાં ભરવામાં ન આવ્યાં. મામલતદાર શ્રી ભટ્ટ કંઈક સક્રિય પગલાં ભરતા હતા ત્યાં તાબડતોબ એમની બદલી કરી દીધી.

"મુનિશ્રી સંતબાલજીની સૂચનાથી શ્રી દુલેરાય માટલિયા લાકડીઆ જઈ આવેલા અને જાતતપાસ કરી નાયબ ગૃહપ્રધાન શ્રી જયરામભાઈ પટેલને બધી માહિતી પહોંચાડી હતી. કોના તરફથી જોખમ છે તેનાં નામઠામ પણ લાગતાવળગતા અધિકારીઓને અપાયાં હતાં, તેમ છતાં કોઈ અસરકારક પગલાં લેવાયાં નહીં. છેવટે તા. ૧૮ જૂને ચાર–પાંચ બુકાનીબંધ માણસોએ હુમલો કરી નરસિંહભાઈનું નાક કાપી નાખ્યું અને એમની સાથેના શ્રી થાવરભાઈને પણ ગંભીર ઈજા પહોંચાડી. નવાઈની વાત તો એ છે કે તે દિવસે પોલીસ થાણામાં એક પણ પોલીસ હાજર નહોતો અને તાળું મારેલું હતું.

"આ પ્રકરણના જનતામાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. કેટલીયે વાર ધા નાખવા છતાં રાજ્યનું પોલીસતંત્ર નરસિંહભાઈને રક્ષણ આપવામાં સદંતર નિષ્ફળ ગયું છે. રાજકીય પક્ષો યા બીજા કારણસર અમુક વ્યકિતઓને જાહેર સ્થાનો આપી પ્રતિષ્ઠિત કરતા હોય છે અને થાબડતા હોય છે. એમનાં સ્થાપિત હિતો આથી મજબૂત બને છે અને ખોટાં કામો સામે પણ સામાન્ય માણસ કાંઈ ન બોલી શકે એવી સ્થિતિ પેદા થઈ જાય છે.

"આની સામે અવાજ ઉઠાવવાની જરૂર છે. લોકોમાં હિંમત આવે, અન્યાયનો પ્રતિકાર કરવાની શકિત જાગે, માણસમાત્રમાં રહેલી સારપ ઉપર વળી ગયેલ રાખ દૂર થાય તે ઉદ્દેશથી ભાલનકાંઠા પ્રાયોગિક સંઘે રચેલ લાકડીઆ શુદ્ધિપ્રયોગ સમિતિ દ્વારા તા. ૧૦ જુલાઈથી લાકડીઆમાં ૨૧ દિવસનો શુદ્ધિપ્રયોગ શરૂ થયો છે. તેમાં પ્રભાત ફેરી, પ્રાર્થના, કાંતણ, સફાઈ અને ઉપવાસનો કાર્યક્રમ રહે છે. બબ્બે ઉપવાસની સળંગ સાંકળ ૨૧ દિવસ સુધી ચાલુ રહેશે. રોજ પાંચ ભાઈઓ એક એક દિવસનો ઉપવાસ કરશે. ગામમાં આને અનુમોદન આપતાં અન્ય ભાઈ–બહેનોને પણ પોતાને ઘેર બેસી ઉપવાસ કરવાની વિનંતી કરાઈ છે.

હરિવલ્લભ મહેતા
(સંયોજક, લાકડીઆ શુદ્ધિપ્રયોગ સમિતિ)

આ શુદ્ધિપ્રયોગ કેવા સંયોગમાં જુલાઈ માસની ૨૮ મી તારીખે એટલે ૨૧ દિવસને બદલે ૧૮ દિવસે બંધ કરવામાં આવ્યો અને પછી કેવી આશાસ્પદ પરિસ્થિતિ પેદા થઈ તે વિષે ગ્રામ સંગઠનના તંત્રી અને મુનિ સન્તબાલજીના વર્ષોજૂના અનુયાયી શ્રી અંબુભાઈને પૂછાવતા તેઓ તા. ૬-૮-'૬૯ ના પત્રમાં નીચે મુજબ જણાવે છે :

"આદરણીય પરમાનંદભાઈ,

આપનો તા. ૩૧-૯ નો પત્ર મળ્યો છે. લાકડીયા પ્રકરણ અંગે થયેલા શુ. પ્ર. વિષે રસ લઈ, નોંધ લેવા ધારો છો તેથી આનંદ થયો. એની વિગતો તો 'ગ્રામસંગઠન'માંથી જાણી હશે. પ્રયોગ પરિણામલક્ષી ન હતો. બાંધી મુદતનો અને મર્યાદિત હેતુ રાખ્યો હતો. વિગતો ઉપરથી એ તો જાણ્યું હશે કે ભાઈ નરશીઆ કેવા અને કેટલા પ્રયત્નો કર્યા. 'છતાં સરકાર અને સત્તાવાળાઓએ કશું ન કર્યું. જે ભાઈનો આની પાછળ હાથ છે તેમણે આગાઉ પણ એવી જાતની કારવાઈઓ કરેલી છે કે એમનાથી લોકો ફફડે છે. લોકોમાં સાંવ હતાશા આવી ગઈ હતી, ડઘાઈ ગયા હતા. કૉંગ્રેસ સંગઠન પણ (સ્થાનિક તાલુકાનું) એમના હાથનું પ્યાદું જ છે. પ્રયોગને પરિણામે લોકોમાં ઠીક ઠીક જાગૃતિ આવી. કૉંગ્રેસ પણ જાગી. સત્તાવાળાઓ અને સરકાર પણ સચેત બની અને પ્રયોગ ચાલુ હતો ત્યાં જ એમને તાલુકા પંચાયતના હોદ્દેથી દૂર કરવાની ફરજ પડી. કૉંગ્રેસ સંગઠને પાંચ જણની એક તપાસ કમિટી પણ નીમી અને પ્રયોગનો હેતુ બર આવવાથી શુદ્ધિપ્રયોગ સમિતિને કચ્છ જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીએ પ્રયોગ સમાપ્ત કરવાની વિનંતિ કરી. સમિતિએ વિચાર કરીને પ્રયોગ તા. ૨૮ મીએ બંધ કર્યો. આમ ૨૧ દિવસ ને બદલે વહેલો ૧૮ દિવસે પ્રયોગ બંધ થયો. આવેલી લોકજાગૃતિને ટકાવવા અને હવે પછીની પરિસ્થિતિ અને થનારી કાર્યવાહીમાં સંગઠિતપણે કામ કરવા વાગડ વિભાગના ખેડૂત મંડળની સ્થાપના પણ તા. ૨૮ મીએ થઈ. એ દિવસે વાગડ વિભાગના ખેડૂતોનું સંમેલન પણ યોજાયું હતું. આમ પ્રદેશમાં ઠીક ઠીક જાગૃતિ અને આવા પ્રશ્નોમાં પ્રતિકાર કરવાની આવશ્યકતા વિષેની સમજ આવી છે. હવે એ પ્રદેશના ભાઈઓ શકિત મુજબ સંભાળશે.

આપના, અંબુભાઈના વંદેમાતરમ્"

લાકડીઆ શુદ્ધિપ્રયોગની આ સફળતા જોઈને આપણને આનંદ થાય છે, એટલું જ નહિ પણ, આજે દેશભરમાં ચાલી રહેલ અન્યાય અને સત્તાધિકારીઓની ઉદ્દંડતાનો પ્રતિકાર કરવાની દિશાએ આપણને નવું બળ અને પ્રેરણા મળે છે. આવા પ્રતિકારને પ્રજાજનો તરફથી જેટલો ટેકો મળશે તેટલા પ્રમાણમાં નગર અને ગામડામાં નજરે પડતી ઉદ્દંડતા હળવી થશે અને ચાલુ જીવનમાં સહીસલામતીની માત્રામાં વૃદ્ધિ થશે. પરમાનંદ

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ સપ્ટેમ્બરની ૮મી તારીખ અને સોમવાર સવારના ૮–૩૦ વાગ્યાથી પર્યુષણ વ્યાખ્યાનમાળા ભારતીય વિદ્યાભવનમાં શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાના કુલ વ્યાખ્યાતાઓ હજી નક્કી થયા નથી, એમ છતાં થોડાંક નામો અહીં જણાવી શકીએ એવી સ્થિતિમાં અમે છીએ. દા. ત. શ્રી રોહિત મહેતા, સૌ. શ્રીદેવી મહેતા, ફાધર વાલેસ, આચાર્ય યશવંત શુકલ, ડૉ. નથમલ ટાંટિયા, પ્રાધ્યાપક નીરા દેસાઈ, શ્રી શાહુ મોડક, મુનિ શ્રી નગરાજજી, અને સંભવ છે કે મધર થેરીસા પણ, કે જેમનો આ અંકમાં પરિચય આપવામાં આવ્યો છે. આવતા પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાનો સમગ્ર કાર્યક્રમ પ્રગટ કરવાની અમો આશા રાખીએ છીએ, જેમાં કેટલાંક મહત્ત્વનાં નામો ઉમેરાવા સંભવ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

તેન ત્યક્તેન ભુઞ્જીથાઃ।

ત્યાગાભિમુખ ન બનો ત્યાં સુધી સાચી મુક્તિ કે સાચું સુખ નથી.

(એપ્રિલ માસના રીડર્સ ડાઈજેસ્ટમાંથી "Unless You Deny yourself" એ મથાળા નીચે શ્રી એ. જે. ક્રોનીને લખેલા લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

આત્મનિગ્રહનું મહત્વ

લંડનમાં મેં ડોકટર તરીકેનો વ્યવસાય શરૂ કર્યો તે દરમિયાન મારા દર્દીઓમાં એક નિવૃત્ત શિક્ષક હતો.

જેનો ઈલાજ થઈ ન શકે એવી કોઈ બિમારીથી તે પીડાતો હતો. પેડીંગ્ટનમાં રહેતા મજૂર વર્ગના કોઈ એક કુટુંબમાં તે રહેતો હતો. આ ગરીબ વૃદ્ધ આદમીમાં એવું કાંઈક હતું જેથી હું તેના વિષે પ્રભાવિત બન્યો હતો – કદાચ તેની શાન્ત, જાણે કે તેને કશી ફરિયાદ કરવાની ન હોય એવી પ્રસન્નતા, જે તેના બેવડ વળી ગયેલી નાના કદની આકૃતિમાંથી અને તેની ચમકતી ભૂરી આંખોમાંથી નીતરતી દેખાતી હતી, કદાચ આ જ કારણને લીધે જરૂર હોય તે કરતાં પણ વધારે વખત તેની ખબર કાઢવા હું જતો હતો.

ઉનાળો આવ્યો ત્યારે કોઈ સમાજકલ્યાણલક્ષી સંસ્થા પાસેથી તેના માટે મેં ૨૦ પાઉન્ડ મેળવ્યા–એ હેતુથી કે ગુંગળાવી રહેલા શહેરી જીવનથી તે થોડો વખત છૂટો થાય અને દરિયા કિનારે એકાદ મહિનો રાહત અનુભવે. તેને દરિયો બહુ ગમતો હતો તેની મને ખબર હતી. દશ દિવસ બાદ તે ગંદી પેડીંગ્ટન સ્ટ્રીટમાં થાકેલો અને નખાઈ ગયેલો દેખાતો એવા તેને એકાએક મળવાનું બન્યું. તેને જોઈને આશ્ચર્ય અનુભવતાં મેં તેને પૂછયું કે "તું હજુ સુધી દરિયાકિનારે કેમ ગયો નથી?" તેણે જવાબ આપ્યો કે "હું એમ હવા ખાવા જાઉં તેના બદલે મારી લેન્ડલેડીનાં બે બાળકો જાય તો વધારે સારું એમ સમજીને તમારા આપેલા ૨૦ પાઉંડ મેં એ બાળકોને આપીને ફરવા મોકલ્યા છે." આ સાંભળીને તેને મેં ઠપકો આપ્યો ત્યારે તે મને શાન્તિથી સાંભળી રહ્યો અને આખરે તેણે મને એક વિચિત્ર જવાબ આપ્યો.

તેણે કહ્યું: "ડાકટર સાહેબ, અમુક વસ્તુ વિના ચલાવી લેવું તે ઘણી વાર વધારે સારૂં લાગે છે."

પંદરમા સૈકામાં થઈ ગયેલા પોતાના મઠમાં કામ કરતા થોમસ એ. કેમ્પીસે નીચે મુજબ લખીને આ બાબતનું હાર્દ તારવી આપ્યું હતું.

"જ્યાં સુધી તું ત્યાગ–અભિમુખ નહિ બને ત્યાં સુધી તું પૂરી મુક્તિ પ્રાપ્ત કરી નહિ શકે."

આ રીતે આપણી જાતને શિસ્તપરાયણ બનાવવાની તાકાત પ્રાપ્ત કરવી તે જ સર્વ સદ્‌ગુણોનું મૂળ છે, સર્વ સ્વાતંત્ર્યનું ઉદ્‌ભવસ્થાન છે. નૈતિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા માટે માણસે પોતાની વૃત્તિઓને કાબૂમાં લાવવી જરૂરી છે; ધર્મશાસ્ત્રોના શબ્દોમાં કહીએ તો તેણે અન્યનું નહિ પણ પોતાની જાતનું શાસન કરવાનું છે.

જો આપણે આટલું જ સમજીએ કે આત્મનિગ્રહ સિવાય ચારિત્ર્યનું ઘડતર થઈ ન જ શકે અથવા તો કોઈ પણ મૂલ્યવાન સિદ્ધિ હાંસલ થઈ ન જ શકે! મહાન સિદ્ધિઓ અને ઉજ્જવલ જીવન–કારકિર્દીઓ નિર્માણ કરવા માટે કડક આત્મસંયમ સિવાય બીજો કોઈ સહેલો માર્ગ છે જ નહિ. જાણીતો પીઆનો–નિષ્ણાત પેડ્રુ સ્કીએ અસાધારણ પુરુષાર્થથી ભરેલો પોતાના જીવનનો સાર રજૂ કરતાં જણાવેલું કે "Before I was a master, I was a Slave." "હું ઉન્નત્તિના શિખરે પહોંચ્યો તે પહેલાં ગુલામગીરીમાંથી હું પસાર થયો હતો."

* * *

આત્મવિજય એ જ માનવી તરીકેના પુરુષાર્થનો પુરાવો છે. શિસ્તબદ્ધ માનવીએ એ બળ – એ તાકાત–પ્રાપ્ત કરી હોય છે કે જે અંદરની સ્વાયત્તતામાંથી પેદા થાય છે. તેણે બે પ્રકારની મુક્તિમાંથી એક પ્રકારની મુક્તિને પસંદગી આપવાની હોય છે; એક ભ્રામક મુક્તિ જેમાં પોતાને જેમ ફાવે તેમ માણસ વર્તે છે અને બીજી સાચી મુક્તિ જેમાં પોતે જે કરવું ઘટે, વર્તવું ઘટે તે મુજબ વર્તવાની છૂટ તે અનુભવતો હોય છે.

આ સાચી મુક્તિ પ્રાપ્ત કરવા માટે આપણે શું કરવું ઘટે? જાણીતો ફ્રીઝીસીસ્ટ નિકોલા ટેસ્લા આત્મનિગ્રહની સમસ્યા હલ કરવા માટે બચપણથી કેવી રીતે વર્તેલો તે તેણે નીચેના શબ્દોમાં રજૂ કર્યું છે:–

"જ્યારે પણ મને ખાસ ગમે તેવી વસ્તુ મળતી દા. ત. કોઈ સરસ કેક અથવા તો ચોકલેટ, ત્યારે હું તે કોઈને આપી દેતો, જો કે તેમ કરતાં મારૂં મન જરૂર ખૂબ કોચવાતું. જ્યારે મને ન ગમે એવું કોઈ કામ સામે દેખાતું ત્યારે, મનનું વલણ બીજી બાજુએ ગમે તેટલું ખેંચતું હોય તો પણ, હું તે કામ કરી છૂટતો."

વિલિયમ જેમ્સે એક વાર લખ્યું છે કે "એ આદમી કરતાં વધારે દુ:ખી–કમનસીબ–બીજો કોઈ નથી કે જેનો અનિશ્ચિતતા એ લગભગ સ્વભાવ બની ગયો હોય છે, અને જેને સીગાર સળગાવતી વખતે, ચાનો દરેક કપ પીતી વખતે, ક્યારે સૂવું અને ક્યારે ઊઠવું–આમ દરેક નાનું નાનું કાર્ય કરતી વખતે–આ બધી બાબતો માટે–તેને વિચાર, વિચાર, અને વિચાર જ કરતા રહેવું પડે છે.

કુટેવોની પકડ

આપણ દરેકમાં કોઈને કોઈ નબળાઈઓ હોય છે; કાં તો આપણે બીડી વધારે પડતી પીતા હોઈએ છીએ, અથવા તો દારૂ વધારે પડતો લઈએ છીએ, અથવા તો રેડીઓ સાંભળવા પાછળ કલાકના કલાક ગુમાવતા હોઈએ છીએ. એ વધારાની સિગરેટ પીધા વિના અથવા તો બીજી યા ત્રીજી દારૂની ખ્યાલી લીધા સિવાય ચલાવી લેવાથી આપણે શરૂઆત કરીએ. જો સિનેમા પાછળ આપણામાં ગાંડપણ હોય તો, કાંઈક કરવા લાયક ઉપયોગી કામ ન કર્યું હોય ત્યાં સુધી ફરીવાર સિનેમા જોવાનું આપણે મુલતવી રાખીએ.

જો હંમેશાં આપણે વધારે પડતું ખાતા હોઈએ તો એ બાબતમાં થોડો સંયમ નિયમ રૂપે આપણે સ્વીકારીએ. આ રીતે જો આપણે વધારે પડતા ખાનપાન કે ભોગવિલાસ પાછળ આપણા શરીરનો દુરુપયોગ કરતાં અટકયા હોઈશું તો આપણે જરૂર વધારે સારા શારીરિક સ્વાસ્થ્યનો અનુભવ કરતા હોઈશું અને એ રીતે આપણા આત્મનિગ્રહનું પહેલું વળતર પ્રાપ્ત થયાનો આનંદ અનુભવતા હોઈશું.

આ માર્ગે એક વાર ચાલતા થયા બાદ, આપણા નૈતિક વર્તનને આપણે વધારે સઘન અને વધારે વિસ્તૃત બનાવતા થવું જોઈએ. દાખલા તરીકે આપણી ફરજને વધારે નિષ્ઠાપૂર્વક અદા કરવાનો, સામેના લોકો આપણને ગમે તેટલા પજવે તો પણ તેમને કશું પણ નુકસાન નહિ કરવાનો કે જરા પણ ઈજા નહિ પહોંચાડવાનો, ગમે તેટલી ઉશ્કેરણી હોય તો પણ આપણા સ્વાભાવને કાબૂમાં રાખવાનો આપણે નિશ્ચય કરવો જોઈએ.

નાની મુશ્કેલીઓ ઓળંગતાં ઓળંગતાં, સરવાળે મોટી મુશ્કેલીઓ આપણે સહેલાઈથી પાર કરતાં થઈશું. એક દિવસ આપણને માલૂમ પડશે કે આપણે અપ્રત્યક્ષ રીતે ખૂબ બળ કેળવ્યું છે અને જે ટેવોના કારણે આપણે આપણી જાતને ધિક્કારતા હતા તે ટેવોના પાશમાંથી આપણે મુકત થયા છીએ, એપીક્ટેટસે કહ્યું છે કે "સારું

જીવન જીવો અને તેની [ટેવ [પડવાથી તે જીવન જરૂર મધુરું બની જશે."

પોતાની વૃત્તિઓ અને ટેવો ઉપર મેળવેલા વિજયના પરિણામે જે તાકાત અને આત્મસંતોષનો અનુભવ થાય છે તેનું કોઈ રીતે વર્ણન થઈ શકે તેમ નથી.

માણસજાતની મોટામાં મોટી ભ્રમણા એ માન્યતામાં રહેલી છે કે જેમ આપણી પાસે વધારે સંપત્તિ હોય તેમ આપણે વધારે સુખી થઈએ અને પરિગ્રહની વિપુલતા દ્વારા જ આપણે જીવન સંપૂર્ણપણે માણી શકીએ.

આધુનિક પરિબળો

આજના સુંવાળા જીવનના યુગમાં ઘણાને માટે આત્મનિગ્રહ લગભગ અર્થવિનાનો બની ગયો છે. આધુનિક વિજ્ઞાને પૂરી પાડેલી સગવડોને લીધે સુખપ્રિય બનેલા આપણે આપણા પૂર્વજોનો જે સ્પીરીટ હતો, જે ભાવનાશીલતા હતી તે આપણે ગુમાવી બેઠા છીએ. મનમાં ઈચ્છા થઈ તે વિના નિભાવી લેવાની તાકાત આપણે ખોઈ બેઠા છીએ. અને એથી પણ વધારે ખરાબ, આપણે એમ માની બેઠા છીએ કે આપણો જન્મસિદ્ધ હક્ક છે કે આપણે કોઈ પણ વસ્તુ વિના ચલાવી લેવાનું હોય જ નહિ.

આમ છતાં પુરાતન કાળથી આપણે જોતા-અનુભવતા આવ્યા છીએ કે જીવનમાં મહત્તમ શ્રેયની અપેક્ષા ધરાવતા લોકોએ આથી તદ્દન જુદી જ વિચારસરણી આગળ ધરી છે. રોમનો ભોગવિલાસ અને તે પાછળની ઘેલછા જોઈને અને આવા સ્વાર્થી સ્વેચ્છાચારમાં એ મહારાજ્યનું ભાવી પતન નિહાળીને કવિવર હોરેસે લખ્યું હતું કે "જ્યાં સુધી માણસ ભોગવિલાસમાંથી ઉપરતિ તરફ ગમન નહિ કરે ત્યાં સુધી તેની ઉપર દેવો કદી પણ તુષ્ટમાન નહિ થાય."

જેઓ ભૌતિક ઈચ્છાઓના ગુલામ બનેલા છે, જેઓ સુખ અને મોજમજાની મૂર્છામાં પોતાનું જીવન વ્યતીત કરે છે, તેમના હાથમાં પોતાના જીવનના અન્તે તૃપ્તિની માત્ર રાખ અને ધૂળ સિવાય બીજું કશું આવવાનું નથી. આમ છતાં આજે લાખો માણસોને માત્ર એક જ વિચાર-એક જ વૃત્તિ-ઘેરી વળેલી છે: "હું કેવી રીતે મોજ માણું?" માત્ર દબાણ નીચે આ લોકો કામ કરે છે; મોજ-મજા એ જ જીવનનો મુખ્ય વ્યવસાય બની બેઠો છે.

નવી જુવાન પેઢી ખાસ કરીને "A good life"-"મોજ-મજાથી ભરેલું જીવન"-આ પ્રકારની ઘેલછાની ભોગ બનેલી છે; માત-પિતાનો અધિકાર એક ઉપહાસની બાબત બની બેઠી છે; શિસ્ત આજે વિસારે પડેલો શબ્દ છે; આત્મસંયમ અસ્તિત્વમાં જ નથી.

આ અત્યન્ત વ્યથાગ્રસ્ત દુનિયાની મુક્તિ મોજશોખમાં, મનોરંજનમાં અને શરીરને ક્ષીણ કરતી પામર સુખસગવડોમાં નથી. તે આપણ સર્વના હૃદયમાં અને નિશ્ચયશક્તિમાં રહેલી છે.

પોતાના ભલા કે બૂરા માટે ધારે તેવું જીવન જીવવાની તાકાત ધરાવતા માનવીએ પંચભૂતને નાથ્યા છે, સાગર અને આકાશ ઉપર વિજય પ્રાપ્ત કર્યા છે, અને જંગલના જાનવરોને પાળેલા પશુ જેવા બનાવી દીધા છે, પણ જ્યાં સીધી તેણે પોતાની જાતનું નિયંત્રણ સાધ્યું નથી ત્યાં સુધી તે સાચી મુક્તિ અને સાચા સુખને કદિ પણ જાણવાનો કે માણવાનો નથી.

અનુવાદક: પરમાનંદ

મૂળ અંગ્રેજી શ્રી એ. જે. ક્રૉનિન

'સાંપ્રત રાજકારણ'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૩ મી ઓગસ્ટ શનિવારે સાંજના છ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ 'સાંપ્રતરાજકારણ' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઈ-બહેનોને અને સંઘના સભ્યોને હાર્દિક નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

* કુંડલિની યોગ *

(ગતાંકથી ચાલુ)

આ સિવાય આ યોગસાધનાથી સાધકની શારીરિક, માનસિક અને બૌદ્ધિક અવસ્થામાં પણ પરિવર્તન આવે છે. દિવ્યશક્તિના કાર્યથી શુદ્ધ બનેલો પ્રાણ શરીરને શુદ્ધ કરી તેને નવો જ ઘાટ આપે છે; શરીરમાં નવા રસો ઉત્પન્ન થઈ દેહને એક પ્રકારનું તેજ તથા લાલિત્ય બક્ષે છે; રોગો દૂર થાય છે અને શરીરના અવયવોની કામગીરી વ્યવસ્થિત બને છે. ભારે દવાઓ કે વૈદકીય સારવાર જ્યાં નિષ્ફળ જાય છે ત્યાં આધ્યાત્મિક શક્તિ જાદુ જેવું કાર્ય કરી શરીરની કામગીરીમાં સમતુલા અને પૂર્ણતા લાવે છે. કેટલીક વાર આથી તદ્દન ઊલટું પણ બને છે. મરડો, ખાંસી કે શરદી જેવાં છાનાં દર્દોના હુમલા આવવાથી શરીરમાં ગડમથલ અને ઉપદ્રવ મચી જાય છે. પરંતુ સાધનામાં આવતા અંધકારના આવા ગાળા થોડો સમય રહી સદાને માટે અદશ્ય થઈ જાય છે અને શરીર તંદુરસ્ત, ચપળ અને કાર્યક્ષમ બને છે. નકામી ચરબી દૂર થતાં શરીરનું વજન ઘટી જાય છે. આવી સ્થિતિમાં ઉગ્ર ઔષધો લેવાનું હિતકર તો નથી જ, છતાં અનિવાર્ય પરિસ્થિતિમાં ગુરુની સલાહ લઈ ચાલવું એ ઈષ્ટ છે. સાધક પોતાના આહારવિહાર તેમ જ ટેવોમાં નિયમિત રહી શરીરની કાર્યક્ષમતા બરાબર જાળવી રાખે એની અમારા ગુરુદેવ સ્વામી મુક્તાનંદ પરમહંસ અમારી પાસે ખાસ અપેક્ષા રાખે છે. તેઓ માને છે કે નિયમિતતા તથા ચોક્કસાઈથી પ્રાણના કાર્યને ગતિ મળી આધ્યાત્મિક પ્રગતિ સરળ બને છે.

માનસિક પરિવર્તનમાં સાધકની ચેતના હરેક પ્રકારનાં દ્વંદ્વો પૂર્વગ્રહો, સંઘર્ષો, ક્ષુદ્ર ઈચ્છાઓ તથા મહત્ત્વાકાંક્ષાઓથી મુકત બની સ્વચ્છ, નિર્મળ, સ્પષ્ટ અને સર્વગ્રાહી બને છે. ભૂતકાળ સ્વપ્ન સમો બની સરી પડે છે. જૂના રૂઢ સંસ્કારો, જડ ખ્યાલો, અહંપ્રધાન માન્યતાઓ, સંકુચિત વ્યવહારો બધું જ કડડભૂસ કરતું જમીનદોસ્ત થઈ એક નવું, નિરાળું, તેજોમય વ્યકિતત્વ અસ્તિત્વમાં આવે છે. જીવન પ્રત્યેનો તે સાધકનો દષ્ટિકોણ એટલો બધો બદલાઈ જાય છે કે તેની અસર તેના નાનામોટા વ્યવહારોમાં, આદતોમાં, કાર્યોમાં, અન્ય માનવીઓ સાથેના સંબંધોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. જીવનનું મહત્ત્વ સમજાઈ જતાં તેની બધી જ ગડમથલ અને ઉપાધિઓનો અંત આવી જઈ રાંજેગો પણ જાણે તેને સાનુકૂળ બની રહે છે.

બૌદ્ધિક પ્રગતિમાં સાધકની બુદ્ધિ આંતર જગતનાં ગહન અને ગૂઢ રહસ્યોને અમવા સમર્થ અને શુદ્ધ બને છે. આ જગતની રચના પાછળ કાર્ય કરી રહેલા અગમ્ય તત્ત્વોનું સત્ય તેને સમજાવા લાગે છે. જ્ઞાનપ્રાપ્તિ માટે તેને કોઈ જ બાહ્ય બળો પર આધાર રાખવો પડતો નથી; કોઈની પણ પાસે જવાની જરૂર રહેતી નથી. તેને જે જોઈએ છે કે તેને માટે જે કંઈ જરૂરી છે તે બધું જ પોતાના શુદ્ધ અંતરમાંથી આપોઆપ મળી રહે છે. પોતાને સતત દોરતી અને સાથ આપતી દિવ્યશક્તિના રક્ષણ હેઠળ સાધક તદ્દન નિશ્ચિંત બની જઈ મુકિતનો શુદ્ધ અને સ્થિર આનંદ અનુભવે છે. વાસનારહિત બનેલી તેની ચેતના ઉચ્ચ કક્ષાની સ્મૃતિ, જ્ઞાન, શાન્તિ અને સામર્થ્યને ધારણ કરે છે. નૂતન જગતના આવા શુદ્ધ વાતાવરણમાં રહ્યા પછી, સ્વાર્થ, બનાવટ, જૂઠાણું, અહંકાર અને અંધકારથી ભરેલી ચેલી પુરાણી દુનિયાની હવાથી સાધક ગુંગળામણ અનુભવે છે. આધ્યાત્મિકતા અને તેની શકયતાઓ તે સાધકને માટે દૂર સુદૂરની કલ્પનાસૃષ્ટિ ન રહેતાં આ ધરતી પરના જીવનમાં જ પ્રતિપળે અનુભવવાથી વાસ્તવિકતા બની જાય છે.

એટલું ધ્યાનમાં રાખવાનું છે કે દિવ્યશકિતની કાર્યપદ્ધતિ અને તેની તીવ્રતા જુદા જુદા સાધકોમાં જુદી જુદી રહે છે. કેટલીક વાર સાધકને, એ શકિત સાથેનો પોતાનો સંબંધ તૂટી ગયો હોય ને પોતે નહીં અહીંનો કે નહીં ત્યાંનો એવી ત્રિશંકુ જેવી સ્થિતિમાં હોય તેમ ભાસે છે. આવા ગાળાઓ આવે ત્યારે જરા પણ નિરાશ થયા સિવાય

કે બીનજરૂરી શંકાઓ અને સવાલો ઊભા કર્યા સિવાય, એ શકિત તેમ જ ગુરુ પ્રત્યેની પોતાની શ્રદ્ધા અને વિશ્વાસ ટકાવી રાખવાં જોઈએ. દિવ્યશકિતનું કાર્ય એ આંખે દેખી શકાય એવી વસ્તુ નથી. કયાંક એ આગળ વધતી લાગે છે તો કયાંક અટકી પણ જતી લાગે છે. છેવટે તો એ પ્રચંડ રીતે સિદ્ધિને પ્રગટ કરી એક અતિ ભવ્ય ને વિરાટ કામ કરી આપેલું છે. એકવાર અમારા ગુરુદેવે કહેલું, "માનવને બે પ્રકારનું જીવન મળે છે. એક પુરુષબીજથી અને બીજું ગુરુમંત્રથી. મંત્ર સાથે પૂર્ણ તાદાત્મ્ય સધાય છે ત્યારે તેની પ્રભાવોત્પાદક અસરથી રેતસનું અભિસરણ, ઊર્ધ્વગામી બની પ્રાણશકિતમાં રૂપાન્તર પામે છે અને શરીર, પ્રાણ અને મનની શકિતઓને પુષ્ટ કરે છે. શકિતપાતમાં ગુરુ પોતાની પ્રાણશકિત (Life Force) ને શિષ્યમાં સંક્રાન્ત કરે છે ત્યારે શિષ્ય નવજીવન પામે છે, જેમાં ગુરુ તેના માતાપિતા બની રહે છે. આ રીતે ગુરુની પ્રેરણાથી જાગૃત થતી શિષ્યની શકિત ધીમે ધીમે વિકાસ પામી, જેમ એક બીજમાંથી છોડ કે વૃક્ષ બની ફળફૂલ આપે છે તેમ આધ્યાત્મિક પૂર્ણતાને પામે છે. ખાતર કે બીજની ગુણવત્તા પ્રમાણે જેમ ઉત્પાદન થાય છે તેમ અહીં પણ ગુરુના યૌગિક સામર્થ્ય પ્રમાણે જ શિષ્યનો આંતરવિકાસ થઈ અંતિમ ધ્યેય સિદ્ધ થાય છે. કોઈ સંજોગોમાં શિષ્યની ગુરુ પ્રત્યેની શ્રદ્ધા ડગમગશે તો એકવાર સક્રિય બની ચૂકેલી કુંડલિની શકિત પીછેહઠ તો નહીં કરે, પરંતુ આગળ પ્રગતિ થતી અટકી જશે. મહાન આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ગુરુ પ્રત્યે આદર અને ભકિત હોવાં જોઈએ એ ફરી ફરીને કહેવાનું છે. સાધક જ્યારે આત્મ-સાક્ષાત્કારની સર્વોચ્ચ દશા પ્રાપ્ત કરે છે ત્યારે પોતે ગુરુનો સમકક્ષ બને છે.

આ રીતે આધ્યાત્મિકતાના એક નાના તણખામાંથી પ્રગટેલી મહાજ્વાલામાં અંધકાર અને અજ્ઞાનમાત્રનો નાશ થાય છે. કુંડ-લિની જ્યારે સહસ્રદલ ચક્રમાં પરમતત્વ સાથે મળી જાય છે ત્યારે અગ્નિ હોલવાતાં પાછળ જેમ રાખ રહે છે તેમ આ દેહ રહે છે; અને આ નવદ્વારવાળા દેહમાં રહેતો છતાં પણ સાધક જીવન્મુકત દશા ભોગવતો હોય છે. આવી પરમોચ્ચ દશા પ્રાપ્ત કરવા માટે સતત જાગૃત પુરુષાર્થ, સમર્પણ અને અભીપ્સા અત્યંત જરૂરી છે. આ તત્ત્વો જ યોગનાં અનિવાર્ય અંગો છે.

સાધનાની સમાપ્તિ માટે કાળની કોઈ નિશ્ચિત મર્યાદા બાંધી શકાતી નથી. શિવસંહિતામાં કહ્યું છે કે સાચો ધ્યેયનિષ્ઠ સાધક ત્રણ, છ, નવ કે બાર વર્ષને અંતે પોતાની સાધના પૂર્ણ કરે છે. સાધકની યોગ્યતા તથા તેના પુરુષાર્થની તીવ્રતા પર પરિણામ અવલંબે છે. માણસના અહંકેન્દ્રિત વ્યકિતત્વને જડમૂળથી ઉખેડી, શરીરના એકે એક કોષમાં, આણુ-પરમાણુમાં ઊર્ધ્વનો પ્રકાશ અને શાન્તિ સ્થાપિત કરવા માટે થોડો સમય તો લાગે છે જ. વામનમાંથી વિરાટ બનવાની ક્રિયા એક ચોક્કસ ગતિએ જ ચાલે છે. આ ગાળાઓ દરમ્યાન સાધકને ઘણા ચિત્રવિચિત્ર અનુભવોમાંથી પસાર થવું પડે છે. આખરે આ સાધના એક એવી પરાકાષ્ઠા પર પહોંચે છે કે જ્યાં બધા જ ભેદો ઓગળી જઈ સાધક આ સૃષ્ટિના સર્વ જીવો, સર્વ પદાર્થો સાથે ઐકય અનુભવે છે. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એક બની જાય છે અને આખું વિશ્વ એક સ્વપ્ન સમું લાગે છે. આને તુરીયલીલા—સાધનાની ચોથી અવસ્થા — કહેવાય છે, જે જાગૃતિ નથી, નિદ્રા નથી તેમ સ્વપ્ન પણ નથી. બધાથી પર, અતિ પર એવી શૂન્યાવસ્થા છે.

તો આ છે કુંડલિની યોગની વિરાટ સિદ્ધિ. સાધનાની સિદ્ધિરૂપે નિપજતાં તેના ક્રિયાત્મક પરિણામોમાં તેની સફળતા અને મહત્તા છે. સિદ્ધ ગુરુની દોરવણી હેઠળ આ સાધના થતી હોઈ તેને સિદ્ધિ યોગ પણ કહેવામાં આવે છે. સ્વામી મુકતાનંદ પરમહંસના માર્ગ-દર્શન નીચે આ યોગસાધના શ્રી ગુરુદેવ આશ્રમમાં ચાલે છે. ભલે શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન ન હોય કે એવી તેજસ્વી બુદ્ધિપ્રતિભા ન હોય, પરંતુ જેઓ દિલના સાચા, સીધા, સરળ, શ્રદ્ધાળુ ને નિષ્ઠાવાન છે તે જ આ માર્ગનો પ્રવાસ સફળતાપૂર્વક ખેડી શકે છે.

અનુવાદક
સૌ.શારદાબહેન શાહ

સમાપ્ત

મૂળ અંગ્રેજી
પ્રતિભાબહેન ત્રિવેદી

ષટ્ચક્ર : પૂરક નોંધ

શ્રી બહેન પ્રતિભાએ યોગસાધનાની પ્રક્રિયાના નિરૂપણમાં છ ચક્રો (ષટ્ચક્ર) નો નિર્દેશ કર્યો છે: તે વિશે અહીં સંક્ષિપ્ત માહિતી આપી છે. યોગ એટલે કે ચિત્તવૃત્તિનો નિરોધ: ચિત્તવૃત્તિના સંયમન માટે યોગનાં યમ, નિયમ વગેરે આઠ અંગો સારી રીતે જાણીતાં છે. અષ્ટાંગયોગની સાધનામાં ઉત્તરોત્તર સિદ્ધિ મળતી જાય તેમ તેમ પૃથ્વી, જળ વગેરે તત્વો ઉપર સિદ્ધિ મળે અને અનેક પ્રકારની શકિત પ્રાપ્ત થાય. પણ મૂળ લક્ષ્ય તો છે ચિત્તવૃત્તિના લય પછી ચિત્તના જ લયની ભૂમિકા પ્રાપ્ત કરવાનું, સબીજ સમાધિમાંથી નિર્બીજ સમાધિ પ્રાપ્ત કરવાનું, ઉન્મનીભાવમાંથી સમનીભાવ પ્રાપ્ત કરવાનું.

ઉપનિષદોને આધારે યોગસાધનામાં નાડીઓ, હૃદય પુણ્ડરીક કે દહર વગેરે વિષેની પ્રક્રિયાઓ સ્વીકારાઈ અને કેટલાંયે યોગપ્રતિપાદક ઉપનિષદોમાં નાડીઓ, ચક્રો, ભૂમિકાઓ વગેરેનાં સવિસ્તર વર્ણન મળે છે. પાછળથી તો બૌદ્ધયોગ, જૈનયોગ, તાંત્રિક-યોગ વગેરે યોગપ્રક્રિયાઓ અસ્તિત્વમાં આવી અને સવિશેષ તો શિવ અને શકિતની ઉપાસનામાં સાધન તરીકે અનેક વિગતો અને વિશિષ્ટતાઓનું જટિલ શાસ્ત્ર બની ગયું. યોગરહસ્ય માં આપેલી નીચેની વિગતો જિજ્ઞાસુને ઉપયોગી નીવડશે : પરમ તત્વ બે છે - શિવ અને શકિત. શિવ જ્ઞાનરૂપ છે, પણ ક્રિયાશકિત વિનાની જ્ઞાનશકિત ભાગ્યે જ નજરે આવે છે. તેથી જ્ઞાનશકિત માટે ક્રિયાપ્રધાન શરીરની રચના કરાઈ છે. ચોવીશ તત્ત્વોવાળી ક્રિયાશકિત પોતે અચેતન છે, પણ શિવરૂપ જ્ઞાનશકિતના સંપર્કથી ચેતનાવાળી બને છે. પ્રાણ વગેરે જેનાં રૂપ છે એવી આ શકિત છ ચક્રોના આકારે રહીને ઈચ્છા પ્રમાણે શાન્ત શિવ તત્ત્વને વશ કરે છે. તે છ ચક્રો છે:

	નામ	સ્થાન	સ્વરૂપ	દેવો
૧	મૂલાધારચક્ર	અપાનપ્રદેશમાં	ચતુર્દલ	કુંડલિની અને કાલાગ્નિરુદ્ર
૨	સ્વાધિષ્ઠાનચક્ર		ષડ્દલ	આનન્દ-શકિત કામાખ્યા
૩	મણિપુરચક્ર	નાભિમાં	દશદલ	બ્રહ્મા
૪	અનાહતચક્ર	હૃદયમાં	દ્વાદશદલ	વિષ્ણુ
૫	વિશુદ્ધિચક્ર	કણ્ઠમાં	ષોડશદલ	રુદ્ર
૬	આજ્ઞાચક્ર	ભ્રમરની વચ્ચે	દ્વિદલ	ઈશ્વર

આ છ ચક્રોથી ઉપર મસ્તકમાં સહસ્રદલ કમળ છે, જેને બ્રહ્મ-રન્ધ્ર કહેવામાં આવે છે. તેમાં સદાશિવનો વાસ છે.

શરીરમાં ૭૨૦૦૦ નાડી છે. તે બધી હૃદય સાથે જોડાયેલી છે; ત્યાંથી નાભિપ્રદેશમાં જઈને આખા શરીરમાં ફેલાયેલી છે. આ નાડી-ઓમાંથી દશ નાડી પ્રધાન ગણાય છે, તેમાં પણ ઈડા, પિંગલા અને સુષુમ્ણા આ ત્રણ નાડીઓનું વિશિષ્ટ મહત્ત્વ છે. કરોડરજ્જુમાં ડાબી બાજુએ ઈડા નામની નાડી છેક ડાબા નસકોરા સુધી પહોંચે છે; જમણી બાજુએ પિંગલા જમણા નસકોરા સાથે સંકળાયેલી છે : આ બંનેની વચ્ચે અને કરોડરજ્જુના અન્તર્ભાગમાં અત્યન્ત સૂક્ષ્મ સુષુમ્ણા નાડી છે. આ નાડી તાળવામાં થઈને મસ્તકમાં બ્રહ્મરન્ધ્ર સુધી પહોંચે છે.

આ સુષુમ્ણા સામાન્ય રીતે કરોડરજ્જુની નીચે સાપની પેઠે ગૂંચળું વળીને રહેલી હોવાથી તેને કુણ્ડલિની કહેવામાં આવે છે. આ કુંડલિનીને યોગસાધનાદ્વારા ઉત્થાપિત કરવામાં આવે - જાગ્રત કરવામાં આવે તો એ ઉપર જણાવેલાં ચક્રોમાં ક્રમે ક્રમે ઉત્થાન પામીને અવનવી સિદ્ધિઓ આપતી રહે: પણ આ પ્રક્રિયાનું અન્તિમ લક્ષ્ય છે કુંડલિની નાડીનું સંપૂર્ણ ઉત્થાન અને બ્રહ્મરન્ધ્રમાં એ શકિતનું શિવ સાથે—ક્રિયાશકિતનું જ્ઞાનશકિત સાથે—સાયુજ્ય.

ગૌરીપ્રસાદ મુ. ઝાલા

ગાંધીજી અને સર્વોદય

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત વસન્ત વ્યાખ્યાન-માળામાં તા. ૧૧-૪-૬૯ના રોજ અપાયલું વ્યાખ્યાન.)

હું માનું છું કે ગાંધીશતાબ્દી વર્ષ મનાવવામાં એ ઉચિત છે કે આપણે ગાંધીજીના વિચારો ધ્યાનમાં લઈએ અને આચરવા પ્રયાસ કરીએ.

'સર્વોદય' એ પ્રાચીન સાહિત્યનો, ખાસ કરીને જૈન સાહિત્યનો શબ્દ છે. ગાંધીજીએ તેને નવો, આજના જમાનાને અનુરૂપ અર્થ આપ્યો.

દુનિયાના ક્રાંત દષ્ટાઓએ ભવિષ્યને પોતાની રીતે ભાખ્યું છે. તેમણે સમાજનું પરિવર્તન કર્યા પછીના નવા સમાજની કલ્પના કરી છે. ભાવિના સમાજ અંગે ઘણા મતભેદો પ્રવર્તે છે. કોઈ સમાજ-વાદી તો કોઈ સામ્યવાદી સમાજની કલ્પના આગળ ધરે છે. પરંતુ ગાંધીજીને આવી કોઈ કલ્પના રુચિ નહીં એથી તેમણે નવો જ શબ્દ ઘડ્યો, એવો શબ્દ કે જે તેમના નવા સમાજના ચિત્ર સાથે બંધ બેસે.

સામ્યવાદમાં સમાજના અમુક વર્ગોનાં હિતો જ સર્વોચ્ચ ગણાયા છે. દા. ત. શ્રમજીવીવર્ગ ખેતરો ને કારખાનામાં કામ કરનાર વર્ગ. એવો જ સમાજવાદ પણ છે. પણ ગાંધીજીને કેવળ શ્રમજીવી-ઓના જ હિતની ચિન્તા હતી એવું ન હતું. તેમને તો સૌના હિતની, સૌના કલ્યાણની ચિન્તા હતી. એવો સમાજ રચવો હતો કે જેમાં સૌનું કલ્યાણ થાય. સર્વોદયનો આ જ શબ્દાર્થ છે. તેમણે એટલા માટે જ કહ્યું કે તેમનો માનવીમાં જ, માનવતામાં જ વિશ્વાસ છે. કેવળ શ્રમજીવી જ માનવ નથી, બધાય છે. મનુષ્યમાત્રનું કલ્યાણ થવું જોઈએ. પણ કલ્યાણ કરવું, હિત સાધવું એટલે શું? એવો પ્રશ્ન ઊઠે છે. સર્વોદયને હસનારા એમ કહે છે કે સર્વોદયમાં તો કોટયાધીશોનું ય ભલું ગાંધીજીએ ઈચ્છ્યું છે. સાથે સાથે તેમની પેઢીઓમાં ને કારખાનામાં કામ કરનારાનું ય ભલું ઈચ્છ્યું છે. આમ આ વાત એકબીજાથી વિરુદ્ધ છે, એમ બને જ કેમ? ગાંધીજીએ વિચારકોની સામે આમ એક સમસ્યા મૂકી.

દુનિયાના લોકતાંત્રિક સમાજવાદના પ્રયાસોની વાત જોઈએ તો ઘણા દેશોના આવા પક્ષોએ હવે એમ કહેવું શરૂ કર્યું છે કે સમાજ-વાદમાં સૌનું હિત છે; કેવળ મજૂરોનું જ નહીં. કારણ કે તે બધા પ્રક્ષોને ચૂંટણીમાં બધા લોકોનો ટેકો જોઈએ છે, માત્ર મજૂરોનો જ નહીં. કારણ કે કોઈ પણ સમાજવાદી પક્ષ કેવળ શ્રમજીવીઓની મદદથી જ ચૂંટણી જીતી ન શકે. વકીલ, દાકતર, સેલ્સમેન, પત્રકારો વિગેરે વર્ગના લોકોનો ટેકો પણ તેમના માટે જરૂરી છે. પશ્ચિમની વિકાસશીલ સંસ્કૃતિમાં આવો મધ્યમવર્ગ ઘણો મોટો છે. એવા પણ દેશો છે કે જ્યાં ખેતરોમાં મજૂરી કરવાવાળા ઓછા છે. ખેતી યાંત્રિક ઓજારોથી થાય છે. ખેડૂતો હકીકતમાં મોટા મોટા જમીનદારો હોય છે; ખેડૂતો જ મૂડીદારો પણ હોય છે. એટલે કેવળ મજૂરોના ટેકાથી ચૂંટણી ન જીતી શકાય. એટલે સમાજવાદી રાજ્યના સમાજવાદથી **સૌનું** ભલું થશે એમ કહે છે.

ગાંધીજીએ સૌનું ભલું કરવાની વાત કરી ત્યારે તેઓ અન્યાયી, પાપી, દુરાચારી, હત્યારાની ભલાઈ પણ ઈચ્છતા હતા. તેઓ તો માનવમાત્રનું ભલુ ઈચ્છતા હતા. પણ તેનો અર્થ એ ન થાય કે પાપી પાપ કરતો રહે, અન્યાયી અન્યાય કરતો રહે, હત્યારો હત્યા કરતો રહે, તેમાં તેમનું ભલું છે એમ નથી સમજવાનું. હત્યારાને ફાંસી આપવાથી તેનું શું ભલું થાય? Tooth for tooth and eye for eye.'ની પુરાણી સંસ્કૃતિ હવે હલકી ગણાય છે. હવે તો હત્યારાનો માનસિક ઈલાજ કરવો જોઈએ, એવી વાતો થવા માંડી છે. કેટલાક દેશોમાં આવો ઈલાજ થાય છે પણ ખરો. પણ કમનસીબે આપણે ઘણી બાબતોમાં હજી પાછળ છીએ.

કરોડપતિનું ય ભલું કેમ થાય? તે માટે સર્વોદય વિચારને સ્પષ્ટ સમજવો જોઈએ. ગાંધીજી માનતા હતા કે સંપત્તિ, ધન જેની પાસે હોય તે એમ માને કે 'તે તેનો માલિક છે' તે વિચાર મિથ્યા છે; અનૈતિક છે. કોઈની પાસે જમીન, પેઢી કે કારખાનું હોય તો કોઈની પાસે વિદ્યા કે કામની શકિત હોય, સત્તા હોય. પણ જે કંઈ હોય તેનો તે માલિક નથી. આ સર્વોદયનો પાયાનો વિચાર છે. ગાંધીજીએ માલિકીની જગાએ નવો શબ્દ આપ્યો. આ શબ્દ સમાજવાદ કે સામ્યવાદમાં ય નહોતો. તે શબ્દ છે ટ્રસ્ટી-ખાતેદાર-અમાનતદાર-આપણી પાસે જે કંઈ છે તે ટ્રસ્ટ છે; તેનો માલિક ઈશ્વર છે. તેનું આપેલું છે. ઈશ્વરની સંપત્તિનું વ્યકિત એ વ્યવહારૂ રૂપ છે. મહારાષ્ટ્રની કે કેવળ ભારતની જ નહીં સમસ્ત માનવ સમાજની સંપત્તિ માટે તેમનો આ મત હતો. તેમણે રાષ્ટ્રીય આંદોલનનું નેતૃત્વ કર્યું, પરંતુ તેઓ આ દેશના કામને માનવ સમાજના સંગઠ્ઠનના પાયાનું કામ ગણતા હતા. વ્યવહારિક દષ્ટિએ આપણી પાસે જે કંઈ છે તે સમાજનું છે, એટલે તે સમાજની સેવામાં લગાડવું જોઈએ. અમારામાંના ઘણા તેમને આ વિચાર અંગે વારંવાર એકના એક સવાલો પૂછતા. તેઓ કદીયે જવાબ આપતા થાકતા નહીં. તેઓ તો અંગ્રેજોને પણ કહેતા કે સામ્રાજ્ય એક ટ્રસ્ટ છે; એમ સમજીને રાજ્ય કરો. રાજાઓને પણ કહેતા કે રાજ્યના તમે ટ્રસ્ટી છો. પ્રજાનું હિત કરો. ભરતે જેમ રામના ટ્રસ્ટી બનીને રાજ કર્યું તેમ તમે રાજ કરો. જમીનદારો, તાલુકદારો મૂડીદારો ને મજૂરો – સૌને તેમણે આ વાત કરી, એ જ તેમની કલ્પના હતી. તેઓ આ રીતે એક કડીદ્વારા સૌનું હિત સાધતા હતા.

હું જ્યારે માકર્સવાદી હતો ત્યારે મેં Why Socialism? નામે એક પુસ્તક લખ્યું હતું. તેમાં મેં ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતનું જોરદાર ખંડન કર્યું હતું. તેથી સામ્યવાદી બિરાદરો ઘણા ખુશ થયા હતા.

એક વાત છે. ટ્રસ્ટી કોઈ કેવી રીતે બને? ટ્રસ્ટી બનાવવાની રીત શી? મજૂરો ને આમ જનતાની સંખ્યા એટલી બધી છે કે તેઓ રાજ લે, તે ચલાવી શકે તેમ છે. તો પછી આ ટ્રસ્ટીશીપ શા માટે? ગાંધીજી ટ્રસ્ટી બનશે? તેમના જવા પછી તેમન સુપુત્ર ટ્રસ્ટી બનશે કે? આવા બધા પ્રશ્નો તે વેળા લોકો ઉઠાવતા. પણ ગાંધીજીના ચિન્તનમાં વિચાર ને આચાર હતો. તેઓ Practical idealist (વ્યવહારૂ દષ્ટા) હતા. વ્યવહારમાંથી જ તેમના આદર્શો ઘડાયા હતા. વૈષ્ણવ ને જૈન ધર્મમાંથી જ તેઓ અહિંસા તરફ આપોઆપ વળ્યા હતા. જીવનની વિવિધ સમસ્યાઓમાં ફસાઈ, એકરૂપ થઈ, તેમાંથી પ્રયોગો કરી, તેઓ મહાત્મા બન્યા હતા. તેમને રાજનીતિમાં પડવું નહોતું પણ ક્રમે ક્રમે તેઓ રાજનીતિમાં આવી ગયા. નવી પરિસ્થિતિઓમાંથી નવા વિચારો જન્મ્યા છે. ગાંધીજીએ કોઈ એવી વાત નથી કહી કે જે વ્યવહારૂ ન હોય. ટ્રસ્ટીશીપ ઉપર તેમણે ભાર દઈને કહ્યું છે. તેમને માનવીમાં વિશ્વાસ ન હોત તો આવી વાત જ ન કરત. સ્વરાજની લડતમાં અસ્પૃશ્યતાનિવારણ, મહિલા ઉદ્ધાર, શિસ્ત, અને બીજાં આંદોલનોમાં પણ તેઓ ટ્રસ્ટીશીપની વાતો તો કરતા જ હતા. પણ મૂળ ધ્યાન બીજે હતું. જમનાલાલ બજાજ અર્ધા ટ્રસ્ટી તો બન્યા જ હતા. હૃદયથી તેમણે આ વાત સ્વીકારી હતી. વ્યવહારમાં પૂરું ઉતારવાનું બાકી રહ્યું હતું.

ગાંધીજી કયારેય કાલ્પનિક વાતો ન કરતા. તેમને અમે સ્વરાજ પછી શું થશે, એવી વાતો પૂછીએ તો તે તેઓ ટાળતા. એક વખત એક પગલું લેવામાં તેઓ માનતા. વિનોબા પણ એવી જ વાત કરે છે. પર્વત પર ચઢતાં આવો જ અનુભવ થાય છે, જેમ જેમ ઉપર ચઢીએ તેમ નવી નવી શિખર – ટૂંકો દેખાય છે. એમ

તો કાગળ ઉપર ઘણી યોજનાઓ બને છે. પણ ઘણીખરી કાગળ ઉપર જ રહે છે. કૉંગ્રેસ સત્તા પર આવવા છતાં યે આવું બન્યા જ કરે છે. ટ્રસ્ટીશીપની ચર્ચા વેળા ગાંધીજીએ, ટ્રસ્ટી કેમ બનાવવો? એવા પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે લોકોને સમજાવશું, તેમની સેવા કરશું, તેમની વાત સમજશું. એક એક કદમ ઉઠાવશું. એકદમ કોઈ ટ્રસ્ટી નહીં બને – સિવાય કે કોઈ સાધુસંતના પ્રભાવથી એકાએક કોઈનું જીવનપરિવર્તન થાય. વિનોબા કહે છે કે આપણું આ કામ આંદોલનનું નહીં, આરોહણનું છે. એક એક પગલું ઉપર ને ઉપર આગળ ચઢવું છે, આ ગાંધીજીની ટેકનિક છે. તેઓ જે કંઈ કાર્યક્રમ રાખે તે સરળ રાખતા, એક નાનું છોકરું પણ તે કાર્યક્રમ પાર પાડી શકે. તેઓ બધાંને સાથે રાખતા હતા. છતાં બધાં સમક્ષ વિચાર પૂરેપૂરો રજૂ કરતા. પણ રીત સરળ રહેતી. એટલે ટ્રસ્ટીશીપની હાંસી ઉડાડનારાઓ પણ તેમની સાથે ચાલી શકયા. પંડિત મોતીલાલ નહેરુ અને ચિત્તરંજનદાસ જેવા ઉચ્ચ કક્ષાના લોકોને પણ તેમણે સાથે લીધા. તેમનામાં ઈશ્વરી તાકાત હતી.

નિર્મળ બોઝે તેમના પુસ્તકમાં લખ્યું છે કે તેમણે ગાંધીજીને પૂછ્યું હતું કે માનસપરિવર્તન કે હૃદયપરિવર્તન કેટલો વખત કરશો, અને છતાં ય તેમાં સફળ નહીં થાવ તો શું કરશો?

ગાંધીજીએ જવાબમાં કહ્યું હતું કે મારો દઢ વિશ્વાસ મનુષ્ય ઉપર છે. જો મનુષ્યમાં, માનવતામાં વિશ્વાસ ન હોય તો અહિંસાની વાત છોડી દેવી જોઈએ. માનવીને સુધારવાની વાત પણ છોડી દેવી જોઈએ.

લોકશાહીનો આધાર પણ માનવીના વિશ્વાસ પર જ છે. માનવીની વિચારશકિત હૃદયની સહાનુભૂતિ હોય તો જ લોકશાહી ટકી શકે. દા. ત. અ. પક્ષને એકવાર ૨૫ ટકા મત મળે છે ને બીજીવાર ૫૫ ટકા મળે છે. એમ કેમ? અ પક્ષે લોકોને પોતાની વાત સમજાવી. ગાંધીજીનું પણ સમજાવટ જ મુખ્ય સાધન હતું. વિચાર-પરિવર્તન માનવીનું ન થાય તો શું પશુનું થાય? વિચારશકિત મનુષ્યમાં જ છે. ગાંધીજી આ વાતમાં માનતા. એટલે જ તેમણે લોકોની સેવા કરવાના હેતુથી લોક સેવક સંઘની રચનાની હિમાયત કરી હતી. કારણ, સેવાની સાથે કોઈ વિચાર સમજાવવા માંડે તો તેની તરફ સહાનુભૂતિ પ્રકટે. લોકો કહે, 'હશે, સેવા કરે છે ને, તેની વાત સાંભળવી તો જોઈએ.' આમ વિચાર પર શ્રદ્ધા જામે. નિ:સ્વાર્થભાવે સેવા કરવાથી શ્રદ્ધા જાગે છે. ગાંધીજીએ કહ્યું હતું કે ઘણાને હું મારી વાત સમજાવી શકું અને જો થોડા ઘણા બાકી રહે તો તેમને સમજાવવા હું હંમેશ મથ્યો જ રહીશ એમ ન માનતા. મારી પાસે અહિંસા ને અસહકારનું અમોઘ શસ્ત્ર છે, તે સાધનનો ઉપયોગ કરીશ. આને Moral Coertion કહી શકાય. કસ્તુરબા ઉપર અને તેમના પોતાના ઉપર પણ તેમણે ઘણીવાર એનો ઉપયોગ કર્યો છે.

તો ગાંધીજીએ ત્રણ વાત કરી: (૧) માનવી પર વિશ્વાસ (Faith in man) (૨) સેવા અને સમજાવટ (Service and persuation (૩) અસહકાર (Non–Cooperation). આ અસહકાર તે 'બંગાળ બંધ' કે 'મુંબઈ બંધ' નહીં. આવો અસહકાર કરવાવાળો પોતે જ કષ્ટ ભોગવશે. એથી જેમનું પરિવર્તન લાવવું છે તેના પર અસર પડશે.

શ્રી કૃષ્ણદાસ જાજુ (જેમને આપણે 'જાજુજી'ના નામે ઓળખતા હતા) સાથે મેં મુંબઈમાં થોડું સંપત્તિદાનનું કામ કર્યું છે. એ અંગેના ફોર્મમાં લખ્યું હતું કે મારી સંપત્તિનો હું ટ્રસ્ટી છું એમ સમજી હું મારી આવકનો વર્ષનો પાંચમો ભાગ દાનમાં આપીશ. પણ આ દાન પાછળનો વિચાર ન ટકયો, કેવળ ફાળાના રૂપે દાન જ બાકી રહ્યું. હું તાતા, બિરલા, અરવિંદભાઈ, ખટાઉ બધાને મળ્યો હતો. તેમાંથી કોઈએ એવું નથી કહ્યું કે અમારા ઉદ્યોગો અમારા છે. સૌએ ટ્રસ્ટીશીપનો વિચાર સ્વીકાર્યો. બે જણાએ પોતાની આમદાનીનો છઠ્ઠો ભાગ ત્રણ વર્ષ માટે સંપત્તિદાનમાં આપ્યો. એટલે હું આ વિચારને અવ્યવહારિક નથી માનતો.

બીજા ક્ષેત્રમાં જુઓ તો અત્યાર સુધીમાં ૯૬ હજાર ગ્રામદાન થયાં છે. ગ્રામદાનમાં ગામની ઓછામાં ઓછી ૭૫ ટકા વસતીએ ભાગ લીધો. કુટુંબનો વડો ગ્રામદાનના ફોર્મમાં સહી કરે છે. તેમાં એક વાત ટ્રસ્ટીશીપની છે. જે વ્યકિત ગ્રામદાનમાં ભાગ લે છે તે તેની જમીનની માલિકી ગ્રામસભાને સોંપી દે છે. તે કેવળ કાયદાની દષ્ટિએ આ સમર્પણ કરે છે. કાયદામાં આ જમીનની માલિકી ગ્રામસભાની રહેશે. વ્યવહારિક માલિકી ૮૫ ટકા તેની જ રહેશે. તેને વેચવાનો કે મોરગેજ રાખવાનો હક્ક નહિ રહે. તે માત્ર ગ્રામસભાનો ગણોતિયો બની રહે છે; માલિકી છોડી એવી જાહેરાત કરે છે, એમાં ઘણા ભાગે નાના ખેડૂતો છે. એક ગામમાં તો ગામના મોટા ખેડૂતે પહેલી સહી કરી. પછી બીજા બધાઓએ કરી.

આજે તો માર્કસવાદી સૌથી Radical લોકો છે. તેઓ પણ આ વિચારને માને છે. છતાં તેઓ એમ નથી કહેતા કે અમારી સત્તા થશે તો ગ્રામસભાને કાયદાથી જમીનનો અધિકાર સોંપીશું. તો તો તેમને વોટ મળે જ નહીં ને. કિસાન તો કહેશે કે "વોટ પણ લેશો ને જમીન પણ લેશો?" સમાજવાદ ને સામ્યવાદ બન્ને માને છે કે ઉત્પાદનનાં સાધન સમાજનાં હોવા જોઈએ. છતાં યે ભારતના મોટા ભાગના ખેડૂતો પોતાની જમીનના માલિક છે. નાંબુદ્રીપાદ પણ જમીનસુધારણા નથી કરી શકયા. કારણ તેમના મોરચામાં બધા જ પક્ષો ડાબેરી નથી. મુસ્લીમ લીગ ડાબેરી નથી. પણ જ્યોતી બસુ ને અજય બાબુનો મોરચો તો બધા જ ડાબેરી પક્ષોનો છે. તેઓ શું કરે છે? કારખાનાં ઉદ્યોગો લેવા ઘેરો ઘાલવાના છે? પણ તે તો ઘણાં થોડાં છે. તેઓ ક્રાંતિકારી સુધારા નહીં કરી શકે. ગ્રામદાન એથીયે આગળ જાય છે. લાખો કિસાનોએ પોતાની જમીનની માલિકી છોડી છે. તેમાં મજૂરો છે ને બીજાઓ પણ હશે.

આ બધું સમજાવટથી જ થયું ને? એક જિલ્લામાં આમ થવાથી હવા પેદા થાય છે. લોકો ગ્રામદાન માટે સામેથી આવે છે. હજી સુધી પહેલું પગથિયું છે. હજી પ્રાપ્તિ થઈ છે તેની પુષ્ટિ અને ગ્રામવિકાસ થવાં બાકી છે.

પંચાયતી રાજ તો Eyewash છે. નાનો એકમ અત્યારે સ્ટેટ છે. બિહારમાં ૩૧ મી મે સુધીમાં સમસ્ત રાજ્યનું દાન થશે. ગ્રામદાની ગામોમાં જ્યાં જ્યાં આશ્રમો ને એવી બીજી રચનાત્મક સંસ્થાઓ છે ત્યાં ગ્રામદાનની પુષ્ટિ ચાલે છે.

આપણામાં જ અવિશ્વાસ રહે છે. મનુષ્યમાં આ શકિત ન હોત તો શું થાત? આ શકિત ઘણી છૂપી હોય છે. સર્વોદય માટે સૌથી મહત્ત્વનો વિચાર ટ્રસ્ટીશીપનો વિચાર છે.

અમદાવાદની ૨૬ મિલો બંધ છે. ત્યાં જો એક મિલના મજૂરો વિચારે કે ટ્રસ્ટીશીપનો વિચાર સ્વીકારીએ, સરકાર પણ સહાય કરે અને મિલ ચલાવવા આપે તો આ તો ગાંધીજીનો દેશ છે. ગામડાંઓમાંથી આ વિચાર ફેલાશે. બિહારનાં ૮૦ ટકા ગામો ગ્રામદાનમાં આવશે. પછી બીજાં ય આવશે. ગાંધીવિચારમાં ગ્રામ સ્વરાજ પાયો છે.

મુંબઈમાં ઘણી વાર આ પ્રશ્ન વિચાર્યો છે. તમારામાંથી કોઈને પ્રેરણા હોય તો આ કામ ઉપાડો, વિચાર કરો. સામ્યવાદ કે સમાજવાદ ઉત્પાદન કેમ થશે, તેનો જવાબ નથી આપી શકયા. મારા વિચારે યુગોસ્લાવિયાએ આ તરફ વધુ કામ કર્યું છે. Public sectorમાં શું છે? નફો દેશને મળે, એટલું જ છે. નવું મૂલ્ય નથી, નવું હૈયું નથી. ગાંધીજીને મન ઉદ્યોગ એક કોમ્યુનીટી (પરિવાર) બને તે હતો, આ કોમ્યુનીટી સ્વાર્થ માટે નહીં, સમાજની સેવા માટે હોય. મૂડીદાર, મજૂરો ને સ્ટાફ કુટુંબની જેમ નફો વહેંચી લે. લેનીનની ફેકટરી–સોવિયેત, વીલેજ સોવિયેતની કલ્પના આ જ હતી. પણ તે ખતમ થઈ. માઓએ કોશીશ કરી, તેમાં સફળ ન થયો.

કમાણી વધુમાં વધુ મળે ને કામ ઓછામાં ઓછું કરવું એવી વૃત્તિ આજે જોર પકડતી જાય છે. આ વૃત્તિ ઘાતક છે. સામ્યવાદી રાજ્યમાં વધુમાં વધુ કામ કરવું પડશે ને ઓછામાં ઓછાથી નિભાવી લેવું પડશે. રશિયાના સંક્રાંતિકાળમાં તેમણે શું શું નથી કર્યું?

દુર્ગાપુર, રાઉરકેલા, ચિત્તરંજનમાં સામ્યવાદ દેશના માટે છે તે નથી વિચારાતું. કોઈ પદ્ધતિ એવી નથી કે કામ કેવી રીતે ગોઠવવું. તેનો કોઈ જવાબ નથી. ગુલામી કે ટોળાશાહીના જમાનોતેમાં કામ કેમ થતું હતું. પ્રાઈવેટ એન્ટરપ્રાઈઝ, કમ્યુનીઝમ, સોશ્યાલીઝમને તેનો ઉકેલ નથી મળ્યો, ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંતમાં કદાચ આનો ઉકેલ મળે. અમેરિકાના કેટલાક દાખલા છે. મુંબઈમાં તેના પર વિચારી કંઈક કરવું જોઈએ.–જયપ્રકાશ નારાયણ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ખત્તરી સ્ટ્રીટ, મુંબઈ–૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૯

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧, ૧૯૬૯, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૫૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

સાંપ્રત રાજકારણના પ્રવાહો

(તા. ૨૩ મી ઓગસ્ટના રોજ અપાયેલા વ્યાખ્યાનની નોંધ)

છેલ્લાં છ અઠવાડિયાંમાં, એટલે કે બૅંગ્લોરની કૉંગ્રેસ મહાસમિતિની બેઠકથી આજ સુધીમાં બનેલા બનાવો ઘણા જ વેગપૂર્વક બન્યા છે. આ બનાવો આઝાદી પછી આજ સુધીમાં અગાઉ ન બન્યા હોય તેટલા મહત્ત્વના છે. તેનાં પરિણામો દેશ અને દુનિયા પર પણ, ઘણાં દૂરગામી અને વ્યાપક પડનાર છે. આ બનાવો અંગે છાપાઓમાં અનેક રીતે રજૂઆતો થઈ છે. દરેક વ્યકિત તેને પોતાની રીતે સમજવા પ્રયાસ કરે છે. આવા બનાવોની પૂરી સમજણ પડવી તો અત્યારે શકય નથી. રાજકીય નિરીક્ષકો પણ આજે તો તેનાં પરિણામો પૂરાં કલ્પી શકતા નથી.

આ બનાવોને જોવાની બે દૃષ્ટિ છે. એક તો વ્યકિતઓનો સંઘર્ષ અને સત્તાની સાઠમારીની અને બીજી દૃષ્ટિ છે, જે વધુ ઉપયોગી અને મહત્ત્વની છે તે, બનાવોનું પોતાનું જ મહત્ત્વ. કોણે શું પગલું, શા આશયથી ભર્યું, તેની પાછળ શા શા હેતુ હતા એ એક બાજુ છે, જ્યારે બનાવ બન્યો, તેનું પરિણામ દેશ અને સમાજજીવન પર શું આવશે તે બીજી બાજુ છે.

ઘણું સાચું – ખોટું થયું, કોઈએ દગો દીધો તો કોઈએ કાવત્રાં કર્યાં. એમ ઘણી જાતના બનાવો બની ગયા. આપણે વ્યકિતગત સંઘર્ષની ચર્ચામાં નથી પડવું. આવો મોટા પાયા પરનો સંઘર્ષ અને સત્તા માટેની આવી ઉઘાડી સાઠમારી કૉંગ્રેસના ઈતિહાસમાં પૂર્વે બની ન હતી. આઝાદી મળી ત્યાં સુધી કૉંગ્રેસનું એક સ્વરૂપ હતું. તે વેળા આઝાદી પ્રાપ્ત કરવી એ મુખ્ય ધ્યેય હતું. તે વેળા કૉંગ્રેસ સાચા અર્થમાં જ રાષ્ટ્રીય કૉંગ્રેસ Indian National Congress હતી. આઝાદીની ખેવના રાખનારાઓમાં તે વેળા ગરીબ તવંગરના, મજૂર કે મૂડીવાદીના, રાય કે રંકના ભેદભાવો નહોતા. કૉંગ્રેસમાં સૌને સ્થાન હતું. કૉંગ્રેસમાં વિવિધ જૂથો રહેતાં. ગાંધીજીના ભારતમાં આવ્યા પછી કૉંગ્રેસનું કેવળ રાજકીય આઝાદી જ ધ્યેય ન હતું. આઝાદી સાથે દેશની નવરચનાનું ચિત્ર પણ તેઓ મૂકતા જ ગયા. કરાંચી કૉંગ્રેસમાં અને પછી વખતોવખત આ અંગે ઠરાવો થયાં છતાં આ વાતો સ્વાભાવિક રીતે જ અસ્પષ્ટ હતી.

આઝાદી પછી મુકિત મેળવવાનું તો કામ પૂરું થયું. એટલે ગાંધીજીએ કૉંગ્રેસનું વિસર્જન કરવાનું અને લોકસેવક સંઘની રચના કરવાનું જણાવ્યું. તેમની હત્યા થઈ તે દિવસે જ તેઓ કૉંગ્રેસના ભાવિ સ્વપ્ન અંગેનું ચિત્ર તૈયાર કરી રહ્યા હતા. જેને ગાંધીજીનું રાજકીય વીલ માનવામાં આવે છે. ગાંધીજી સ્પષ્ટપણે જોઈ રહ્યા હતા કે આઝાદી મળતા સત્તા માટે કૉંગ્રેસમાં સાઠમારી ચાલશે. પણ ૧૯૪૭ થી ૧૯૬૭ સુધી કૉંગ્રેસ રાજ્યોમાં ને કેન્દ્રમાં સત્તા પર રહી. કારણ કે નેહરુની પ્રભાવશાળી નેતાગીરી હતી. તેમના અવસાન પૂર્વે બે વર્ષોમાં ખાસ કરીને, ચીની આક્રમણ પછી, મોગલ સામ્રાજ્યના વિસર્જન વેળાના સમયની યાદ આપતી રાજખટપટો દિલ્હીમાં શરૂ થઈ. છતાં તેઓ જીવતા હતા ત્યાં સુધી ટકી રહ્યું.

"નેહરુના અવસાન પછી શું થશે?" એમ દેશ–પરદેશમાં અટકળો થતી હતી. મોટી કટોકટી ઊભી થશે એવી આશંકા સેવાતી હતી. આ અંગે દેશમાં ઘણું ઘણું વિચારાયું હતું. પુસ્તકો પણ લખાયાં હતાં. નેહરુના અવસાન પછી સંઘર્ષ શરૂ થયો. મોરારજીભાઈએ સ્વાભાવિક રીતે જ પોતાનો દાવો રજૂ કર્યો. કૉંગ્રેસ કારોબારીએ ખાસ કરીને પ્રમુખ કામરાજે કુનેહથી કામ લીધું. તેમણે કહ્યું: "બધું મારા પર છોડો." અને 'સૌનું મન જાણી લેવાની' (કન્સેન્સ) પ્રથા શરૂ થઈ. તેમણે કન્સેન્સ લીધી. કોને શું પૂછ્યું ને શું જાણવા મળ્યું ને તો કામરાજ જ જાણે પણ લાલબહાદુર શાસ્ત્રીની પસંદગી થઈ.

લાલબહાદુર શાસ્ત્રીની ક્ષમતા વિષે આશંકાઓ હતી. પણ સદ્‌ભાગ્યે તેમણે ૧૮ મહિનાના ગાળામાં ઈતિહાસમાં અજોડ કહી શકાય તેવી સફળતા મેળવી. અચાનક તાશ્કંદમાં હૃદયરોગથી તેમનું અવસાન થયું. ને કૉંગ્રેસ પર બીજી આફત આવી. આ વેળા પણ કામરાજ જ કૉંગ્રેસ પ્રમુખ હતા. તેમણે કોઈ પણ પ્રકારે મોરારજીભાઈ તો જોઈએ જ નહીં, એવો જાણે નિર્ણય જ લીધો હતો. એટલે તેમણે પ્રતિસ્પર્ધી તરીકે ઈન્દિરાને ઊભાં કર્યાં: ઈન્દિરાજી ઉંમરમાં નાનાં, ૪૮ વર્ષનાં, અનુભવમાં એટલાં બધાં નહીં, એવાં હતાં. આ વેળા મોરારજીભાઈએ કન્સેન્સસની વાત કામરાજ પર ન છોડી, તેમણે મતદાન માટે આગ્રહ રાખ્યો. તેમાં તેમને લગભગ ત્રીજા ભાગના મતો મળ્યા અને ઈન્દિરાજી વડા પ્રધાનપદે આવ્યાં.

ઈન્દિરાને લાવવામાં ય કામરાજની શી ગણતરી હશે એ કોઈને ખબર નહોતી. હાઈકમાંડના મનમાં એમ હશે કે અમારી આજ્ઞામાં રહેશે, અમને પૂછીને કામ કરશે. એટલે ખરેખરી સત્તા અમારા હાથમાં જ રહેશે. પણ ઈન્દિરાએ એ ધારણા ખોટી પાડી. ૧૯૬૬ માં ડીવેલ્યુએશન જેવી મહત્ત્વની વાતમાં પણ કૉંગ્રેસ-પ્રમુખને પૂછયું નહીં. આથી બન્ને વચ્ચે અંતર પડયું. ૧૯૬૭ની ચૂંટણીઓમાં કૉંગ્રેસની હાર થઈ. એટલું જ નહીં પણ કામરાજ, પાટીલ અને અતુલ્ય ઘોષ જેવા કૉંગ્રેસના મહારથીઓ પણ હાર્યા. આથી તેમનું તેજ ઓછું થયું ને તેને બદલે ઈન્દિરાનું જોર વધ્યું. મોરારજીભાઈએ આ વેળા વડાપ્રધાનપદનો આગ્રહ ન રાખ્યો. કારણ કે સમજી ગયા કે આ વેળા તેમનું જોર ચાલે તેમ નથી. તેઓ સમજી ગયા ને અળગા રહ્યા. પણ હાઈ-કમાંડના આગ્રહથી નાયબ વડા પ્રધાનપદ સ્વીકાર્યું. મોરારજીભાઈ પ્રધાનમંડળમાં જોડાવા બહુ આતુર નહોતા. ત્રણ વખત તેમની સાથે આવું બન્યું.

તેથી સ્વાભાવિક રીતે ઈન્દિરાજી અને મોરારજીભાઈ વચ્ચે અંતર રહ્યું અને વધતું ગયું. વચગાળાની ચૂંટણીઓ આવી. તેમાં કૉંગ્રેસને વધારે ધક્કો પહોંચ્યો. બંગાળ, પંજાબ, બિહાર, વિગેરે રાજ્યોમાં કૉંગ્રેસ હારી. સત્તા માટેની ખેંચાતાણી સાથે, વિચાર મતભેદ હતા તે ઊંડા થયા. એક તરફ પાટીલ–નિજલિંગપ્પા જેવા વિચારના આગેવાનો હતા, બીજી તરફ ઈન્દિરા ગાંધી, અને અધિરા બનેલા યુવાનો. ડાબેરી, જમણેરી, મધ્યસ્થી–લોકશાહી સમાજવાદનું ધ્યેય વર્ષો પહેલાં સ્વીકાર્યું પણ તેના અમલ માટે બહુ ઓછા અસરકારક પગલા લેવાયા અને પ્રજામાં ડાબેરી પક્ષનું જોર વધતું ગયું. ઈન્દિરા ગાંધીને એમ લાગ્યું કે કૉંગ્રેસની પ્રતિષ્ઠા (Image) સુધારવી હોય તો આર્થિક ક્ષેત્રે કાંઈક વેગપૂર્વકના પગલા ભરવા પડશે. દા. ત. બૅન્કોનું રાષ્ટ્રીયકરણ, મોરારજીભાઈએ સામાજીક અંકુશોનો માર્ગ કાઢ્યો. તેમને ધીમેથી પૂરી તૈયારી કરી પગલા ભરવા હતા.

ફરીદાબાદના મહાસમિતિના અધિવેશનમાં કૉંગ્રેસની આર્થિક નીતિ વિષે ત્રણ દિવસ ચર્ચા થઈ. છતાં કંઈ નિર્ણય ન થઈ શક્યો અને બૅંગ્લોર પર છોડ્યું. સાદિકઅલી અને સુબ્રહ્મણ્યમને ઠરાવ ઘડવાનું સોંપવામાં આવ્યું હતું. પહેલે દિવસે કારોબારીમાં ઈન્દિરાજી હાજર નહોતાં. તેમણે મોકલેલી આર્થિક કાર્યક્રમની નોંધ ત્યાં કયાંથી આવી એ જ એક પ્રશ્ન છે. આ નોંધથી ઘણો ખળભળાટ મચી ગયો. બીજા ઘણા પણ આથી વિરુદ્ધ પડ્યા. અંતે ચવ્હાણને નવો ઠરાવ ઘડવાનું સોંપવામાં આવ્યું અને આશ્ચર્યની વાત એ છે કે આ ઠરાવ કે જેમાં ઈન્દિરાજીની નોંધ સ્વીકારવામાં આવી તે સર્વાનુમતે મંજૂર થયો.

મહાસમિતિએ સર્વાનુમતે આ આર્થિક કાર્યક્રમ મંજૂર કર્યો. શું તેનો અમલ કરવાની ભાવના હતી? કદાચ મનમાં એમ હશે કે હમણાં ભલેને કાર્યક્રમ મંજૂર થાય પણ તેનો અમલ તો નાણાં–મંત્રીના હાથમાં છે. જોયું જશે. ફરીદાબાદ પછી, બૅંગ્લોરમાં બીજો અગત્યનો પ્રશ્ન આવી ઊભો રહ્યો હતો. ડૉ. ઝાકીર હુસેનના અકસ્માત અવસાનથી રાષ્ટ્રપતિના ઉમેદવારની પસંદગી કરવાની હતી.

આ બાબતમાં ઈન્દિરાજીને સખત હાર મળી. આમ દેશના વડા પ્રધાનને સંસ્થાના હાથે હાર મળી. આ એક બનાવે બીજા બધા બનાવોની પરંપરા સર્જી.

રાષ્ટ્રપતિના પ્રશ્નને વિવિધ પક્ષો વચ્ચે એકમતી સ્થાપવા ઈન્દિરાજી દોઢ મહિનાથી પ્રયાસો કરતાં હતાં. સામાન્યપણે પ્રજાના મોટા ભાગને માન્ય હોય અને જેને માટે સૌ કોઈને આદર હોય તેવી વ્યક્તિ રાષ્ટ્રપતિપદે હોવી જોઈએ. પણ હાઈકમાન્ડ પોતાના મતમાં દૃઢ હતા. એટલે પાર્લામેન્ટરી બોર્ડમાં મતદાન થયું. રેડ્ડી પસંદ થયા. એ પછીના એક અઠવાડિયામાં મહત્ત્વના બનાવો બન્યા. તા. ૧૪ મીએ ઈન્દિરાજી બૅંગ્લોરથી દિલ્હી આવ્યાં. તેમને પોતાની હારનો આઘાત લાગ્યો હતો. એટલે તેમણે કંઈક ધડાકો કરવાનું નક્કી કર્યું. તેમણે પહેલું પગલું રાષ્ટ્રપતિની જાહેરાતની સાથે સાથે જ મોરારજીભાઈને પત્ર મળે એ રીતે તેમની પાસેથી નાણાંખાતું લઈ લીધું. જે રીતે નાણાંખાતું લેવાયું તેથી અપમાન ગણી મોરારજીભાઈએ સ્વાભાવિક રીતે જ રાજીનામું આપ્યું. તેમાં તેઓ વાજબી જ હતા. પછી ઈન્દિરાજીને ઘણાંઓએ સમજાવ્યાં પણ તેઓ ન માન્યાં. આવું અપમાન થયા પછી તેઓ બીજું ખાતું લે તે પણ અશક્ય હતું. ઈન્દિરાજીએ ખાતાની ફેરબદલી માટે એવી દલીલ કરી કે, 'આર્થિક કાર્યક્રમ તેમનો તૈયાર કરેલ છે. માટે તેના અમલને માટે તેમણે જવાબદારી લેવી જ જોઈએ.' આ જ વાત માનપૂર્વક થઈ શકી હોત. મોરારજીભાઈને મળી સમજાવ્યા હોત તો તે ના પાડતે એમ માનવાને કારણ નથી. પણ એક કામ થઈ ગયા પછી તેના ટેકામાં હજાર દલીલો થઈ શકે.

આથી તંગદિલી વધી. રાષ્ટ્રપતિનો પ્રશ્ન આવ્યો. ઈન્દિરાજીએ રેડ્ડીનું નોમીનેશન ભર્યું. એટલી હદે વાતાવરણ કંઈક હળવું થયું અને પરિસ્થિતિ નહીં વણસે એવી આશા જાગી.

શ્રી ગિરિ સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભા રહ્યા. તેઓ સામ્યવાદી છે તેમ કહેવું તેમને અન્યાય કરવા જેવું છે. આખી જિંદગી કૉંગ્રેસમાં ગઈ છે. ઉપરાષ્ટ્રપતિ તરીકે તેઓ કૉંગ્રેસી ઉમેદવાર જ હતા. કદાચ રાષ્ટ્રપતિપદ માટે તેઓ કૉંગ્રેસના ઉમેદવાર પણ હોત.

રાષ્ટ્રપતિના પ્રશ્ને ઘણી ખટપટો થઈ. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ વલણ બદલાવ્યું. તેમણે એ ખોટું કર્યું છે, જેનો કોઈ બચાવ કરી શકાય તેમ નથી. આને માટે બહાનું આપ્યું કે કૉંગ્રેસ અધ્યક્ષે સ્વતંત્ર ને જનસંઘની સાથે ચર્ચા વિચારણા કરી તેમને ઉથલાવી પાડવાની કોશીશ કરી હતી. તેની સામે શ્રી. નિજલિંગપ્પાએ તેમને એવી ખાતરી આપી કે, '૧૯૭૨ સુધી તેઓ સલામત રહેશે.' શ્રીમતી ગાંધીએ કહ્યું કે, 'તમારી ખાતરીની જરૂર નથી.'

રાજદ્વારી નેતાઓ દરેક વેળા એમ કહેતા હોય છે કે અમે તો દેશના ભલા માટે જ કરીએ છીએ. પોતાનો સ્વાર્થ પણ તેમના વર્તનનું કારણ હોય છે. બૅંકોનું રાષ્ટ્રીયકરણ એ પ્રમાણમાં નાનું પગલું છે. ફ્રાંસ, ઈટલી, બેલ્જીયમ, બર્મા, ઈન્ડોનેશિયા બધે જ બૅંકોનું રાષ્ટ્રીયકરણ થયું છે. તેમાંથી કયાંય સામ્યવાદ આવ્યો નથી. મુકત-મતદાનની વાતનો પણ બચાવ ન થઈ શકે. ૧૯૭૨ સુધી એકતા રાખી હોત તો સારૂં હતું. હું પણ રેડ્ડી જ ચૂંટાઈ આવશે તેમ માનતો હતો. પણ પરિણામ ઉપરથી જણાય છે કે રેડ્ડીની પસંદગી થોડીક વ્યકિતઓની જ હતી અને કૉંગ્રેસમાં બહુમાન્ય ન હતી. હવે આ ચૂંટણી સંસ્થા તોડવા માટે નિમિત્ત બની એમ લોકો કહેશે. જગજીવનરામ અને ફખરૂદ્દીને મુકતમતદાનની માગણી કરી. તેની પાછળ ઈન્દિરાજીનું દેશમાંના પરિબળોનું માપ હતું. જો કે આ મોટું સાહસ હતું. રેડ્ડી ચૂંટાયા હોત તો પોતે કદાચ ઉખડી જાત અથવા મોટી ઉથલપાથલ થાત. પણ પક્ષદ્રોહ સફળ થયો. એટલે હવે તે પક્ષદ્રોહ મટી જાય છે. ઈંગ્લીશ કહેવત પ્રમાણે (Treas n is treas n if it fails, it ceases to be treason if it succeeds.

ગિરિની ચૂંટણીના દિવસે હું વિહ્વળ હતો. મને થયું કે દેશનું હવે શું થશે. પ્રશ્ન એ ઊઠતો હતો કે, ઈન્દિરાજીએ આટલું મોટું સાહસ કોના જોર પર કર્યું? તેમની પરિબળોની ચકાસણી સાચી નીકળી - વ્યૂહરચનાની કાબેલિયત પુરવાર થઈ. હાઈકમાન્ડને કૉંગ્રે-સજનોના મનની જાણ નહોતી. બધા જ વિરોધપક્ષોએ ગિરિને ટેકો આપ્યો–સ્વતંત્ર અને જનસંઘ સિવાય. જો કે ગિરિ સામ્યવાદી નથી. હા, કામદાર નેતા હોવાને કારણે તેઓ ઉદ્દામવાદીઓ તરફના જરૂર છે. તેમ જ ઈન્દિરાજી પણ ડાબેરી છે, સામ્યવાદી નથી. તેમને તો ૧૯૭૨ ની ચૂંટણીની તૈયારી કરવી છે. તેમણે રાષ્ટ્રીયકરણનું પગલું ભરીને કૉંગ્રેસને પ્રાણવાન બનાવી છે. ઈન્દિરાજીએ કહ્યું કે, "કૉંગ્રેસે સમાજવાદની વાતો જ કરી છે. હું અમલ કરું છું." ૧૬માંથી ૧૧ રાજ્યોમાં ગિરિને બહુમતી મળી છે. પાર્લામેન્ટમાં પણ ગિરિને ૩૫૯ મત અને રેડ્ડીને ૨૬૮ મત મળ્યા છે. અત્યારે હવે વિસ્ફોટક પરિસ્થિતિ ઊભી થઈ છે. તે જોખમી પણ છે. પણ આવું કોઈક દિવસે તો બનવાનું જ હતું. ૧૯૭૨ માં આવું બનતે તે વહેલાં બન્યું છે. વયોવૃદ્ધ આગેવાનોનો આમજનતા સાથે સંપર્ક રહ્યો નથી. એટલે હવે બહુ મોટા બનાવો બનશે તેવી આશંકા છે. ચિન્હો એવા છે કે ઈન્દિરા ગાંધી પ્રજામાનસને આકર્ષતા રહેશે. લોકો પર પકડ મેળવવા પ્રજાની આંખે ચડે એવાં પગલા લેશે. કંઈક આગળ વધવું જોઈએ. પછી ભલે એથી દેશનું ભલું થાય કે નહીં. ક્રાંતિમાં કોઈ ને કોઈનો ભોગ તો લેવાવાનો જ. ઈન્દિરાજી સામાન્યજન-આમ જનતાનું–ભલું કરવાની વાતો કરે છે. એ નહીં થાય તો તે પણ ટકશે નહિ.

અત્યારે સૌથી મોટો પ્રશ્ન એ છે કે દેશમાં સ્થિર સરકાર રહેશે કે નહીં, એનો આધાર કૉંગ્રેસ પર જ છે. એક દૃષ્ટિ એવી

છે કે ઈન્દિરાજીએ કૉંગ્રેસને તોડી છે, જ્યારે બીજી દૃષ્ટિ એવી છે કે તેમણે કૉંગ્રેસને સબળ અને લોકપ્રિય બનાવી છે.

રેડ્ડીની પસંદગી ચાર આગેવાનોએ કરી હતી. ૫૦ વિરુદ્ધ ૫ જણા હોય તો શિસ્તભંગ થયો કહેવાય પણ જ્યાં ૫૦ વિરુદ્ધ ૩૫ જણા હોય તો કોની સામે શિસ્તનાં પગલાં લેવા? આજે હવે નિજલિંગપ્પા કહે છે કે ૧૯૭૨ સુધી ઈન્દિરા વડા પ્રધાનપદે રહેશે એમ હું ખાત્રી આપતો નથી. હું શિસ્તથી બંધાયો છું. પણ ઈન્દિરાગાંધીનું સંસદમાં જોર છે. તેમનું સંસ્થામાં અત્યારે જોર નથી. મહારાષ્ટ્રમાં ૨૦૨ માંથી ૨૦૧ વિધાનસભ્યોએ કૉંગ્રેસને જ મત આપ્યો હતો. છતાં તેઓ ઈન્દિરા સામે શિસ્તનાં પગલાં લેવા ના પાડે છે, શા માટે? આવા મહાન પ્રસંગોએ ઉદારતાપૂર્વક કામ લેવું જોઈએ. ભાવિનો વિચાર કરવો જોઈએ. શિસ્તનો અમલ કરવા જતાં દેશનું ભાવિ જોખમાય. ઈન્દિરાજી સામ્યવાદી હતા તો પછી ૧૯૭૨ સુધી તેમને વડા પ્રધાન રાખવાની ખાત્રી શા માટે આપી અને પછી એકાએક કેમ ફરી ગયા?

કૉંગ્રેસના આગેવાનો પરિસ્થિતિ સમજી કામ લેશે તો દેશનું હિત થશે. લડશે તો પછી આ દેશને ભગવાન જ બચાવે. રાજસ્થાન આંધ્ર ને મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાનો પગલાં લેવાની ના પાડે છે. તો પછી પગલાં કોણ ભરશે? ચાર જણા? શિસ્તનાં પગલાં લેવાં છે, કેવાં લેવાં છે તે વિષે પણ એકમતી નથી.

તેમનું પગલું વખોડી કાઢવું (Condemm her action ખેદ વ્યક્ત કરવો (Regret her action) કે, પછી 'અમે તેમને ઠપકો આપીએ છીએ.' (Repriman d) એમ કહીને વાત પૂરી થશે. પણ કંઈક તો કરવું જ પડશે. શિસ્તભંગ છે જ.

પણ એક વાત તો ચોક્કસ છે કે ગિરિ દેશને ખાડામાં નહીં નાંખે કે રેડ્ડી આવતે તો દેશ એકદમ ઊંચો આવી જતે એમ પણ નથી. આ તો બધી સત્તાની સાઠમારી છે. લોકશાહી સમાજવાદના ધ્યેયને બનતી ત્વરાથી અમલી બનાવે એ પક્ષ જ પ્રજાનો સાથ મેળવશે. Socialism without Democracy is Communisism— Democracy without Socialism is Supporting Capitalism.

કૉંગ્રેસમાં અત્યારે સંઘર્ષ છે તે માત્ર વ્યક્તિઓનો કે સત્તા માટે જ નથી. વિચારસરણીનો ઊંડો મતભેદ છે. સિન્ડીકેટના સભ્યો Conservative છે. ચવ્હાણ તેમાંથી નીકળી ગયા. કામરાજ કોઈ કારણે ફસાઈ ગયા. પાટીલ - નિજલિંગપ્પા વિગેરે કૉંગ્રેસના ધ્યેયને ત્વરિત અમલી બનાવી શકે તેમ નથી. પ્રજાની નાડ તેઓ જાણતા નથી. નવી નેતાગીરી તૈયાર થાય છે. ઈન્દિરા ગાંધીએ તેની આગેવાની લીધી છે. કેટલે દરજ્જે તે સફળ થશે તે જોવાનું રહે છે.

આપણે સૌએ ખુલ્લું મન રાખવું. જે થાય તે બુદ્ધિપૂર્વક સમજવા પ્રયત્ન કરવો. છાપાના અહેવાલો કે, Slogans થી ખેંચાઈ ન જવું. ઈન્દિરાજી ખોટું કરતા હોય તો તેમની સાથે રહી તેને વિરોધ કરી રોકવા. પણ લડવાથી તો કૉંગ્રેસ તૂટી જશે. બેમાંથી એકે નહીં ફાવે. પછી બીજા પક્ષોના સહકાર વિના કોઈ સરકાર નહીં રચી શકે. દા. ત. સિન્ડીકેટ પક્ષે ૨૫૧ સભ્યો હોય અને ઈન્દિરાજીના પક્ષે ૧૮૦ સભ્યો હોય તો પણ સિન્ડીકેટને સરકાર રચવા સ્વતંત્ર અને જનસંઘનો સહકાર લેવો જ પડશે. ત્યારે ઈન્દિરાજી કહી શકે કે જુઓ, અમે કહેતા જ હતા ને એ લોકોએ કાવતું કર્યું હતું. અને ઈન્દિરાજી સરકાર રચવા ડાબેરી જૂથોનો સહકાર લેશે તો પણ સિંડીકેટવાળા કહેશે 'અમે તો પહેલેથી જ કહેતા હતા કે એ સામ્યવાદીના ટેકેદાર છે."

આમ પરિસ્થિતિ ખૂબ ગૂંચવણભરી છે. જોઈએ કારોબારી તેમાંથી કેવી રીતે માર્ગ કાઢે છે.

પૂરક નોંધ

આ વ્યાખ્યાન થયા પછી, ૨૫ મી તારીખે કૉંગ્રેસ વર્કીંગ કમિટિની બેઠક મળી. બન્ને પક્ષે, આખરી લડી લેવા પૂર્ણ તૈયારી કરી હતી. કૉંગ્રેસમાં ભાગલા પડશે એમ લાગતું હતું. કોઈ પક્ષ નમતું મૂકવા તૈયાર જણાતો ન હતો. દેશ અને દુનિયા આ બેઠકના પરિણામની આતુરતાથી રાહ જોઈ રહી હતી. અંતે જે પ્રસ્તાવ થયો તેથી, પ્રજાએ એકંદરે રાહતની લાગણી અનુભવી, બન્ને પક્ષના લડવૈયાઓ નિરાશ થયા, વડા પ્રધાનનો સંપૂર્ણ વિજય થયો, સિન્ડીકેટે શરણાગતિ સ્વીકારી, અને એકતા અને શિસ્તનો ઉપદેશ અપાયો. પ્રસ્તાવ સર્વાનુમતે જાહેર થયો પણ શ્રી મોરારજીભાઈએ પાછળથી ખુલાસો કર્યો કે પોતે મત આપ્યો નથી. એક રીતે, સિન્ડીકેટે, વાસ્તવિકતા પીછાની, નમતું મૂકયું તેમાં શાણપણ છે. દેશભરમાંથી વડાપ્રધાનને જે ટેકો મળી રહ્યો હતો તે જોતાં તેમની સામે કોઈ પગલા લેવાત તો સિન્ડીકેટના સભ્યો ઉખેડાઈ જાત. શ્રી. પાટીલ જેવાએ પણ પોતાનું વલણ બદલાવ્યું. સૌથી વધારે નિરાશ શ્રી. કામરાજ અને શ્રી મોરારજીભાઈ થયા. પણ જે થયું છે તે દેશના હિતમાં થયું છે. કૉંગ્રેસમાં ભંગાણ પડયું હોત તો તો વડાપ્રધાનને ડાબેરી પક્ષોનો સાથ વધારે મેળવવો રહેત અને અનિચ્છાએ પણ તે તરફ ખેંચાવું પડત. તે જ પ્રમાણે સિન્ડીકેટના સભ્યોને સ્વતંત્ર અને જનસંઘ સાથે સીધી અથવા આડકતરી રીતે કંઈક સમજૂતી કરવી પડત. હવે વડાપ્રધાન કૉંગ્રેસ - જેવી છે તેવી - ના બળ ઉપર જ મક્કમ રહી શકશે. વર્કિંગ કમિટિનો પ્રસ્તાવ વડાપ્રધાનનું વિશિષ્ટ સ્થાન અને મહત્ત્વ સ્વીકારે છે. ઐતિહાસિક કારણોએ, કૉંગ્રેસ પ્રમુખ વિશિષ્ટ સ્થાન ભોગવતા હતા. હવે, બીજા રાજકીય પક્ષોમાં હોય છે તેમ, Parliamentry Wing and Organisational Wing પરસ્પરના પૂરક છે અને દરેક પોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર છે એ હકીકતનો સ્વીકાર થયો.વડા પ્રધાને પ્રશ્ન કર્યો હતો "Who rules? Elected representutives of the People or a few party bosses ?" આનો જવાબ મળી ગયો. આચાર્ય કૃપલાણી અને બાબુ પરસોત્તમદાસ ટન્ડન, કૉંગ્રેસ પ્રમુખ હતા ત્યારે નેહરૂને આવો જ કાંઈક સંઘર્ષ થયો હતો પણ નેહરૂના પ્રભાવશાળી વ્યક્તિત્વને કારણે બન્ને કૉંગ્રેસ પ્રમુખોને જવું પડેલું અને સંઘર્ષ આટલી હદે ન ગયો. વર્તમાન કૉંગ્રેસ નેતાઓને શ્રીમતી ઈન્દિરા ગાંધી પ્રત્યે એવો આદર નથી તેમ જ શ્રીમતી ઈન્દિરા ગાંધી આટલી હદે લડી શકે છે અથવા એવી લડતમાં સફળ થાય તેવી તેમની માન્યતા ન હતી. પ્રજામાં ઈન્દિરા ગાંધીના સાચા સ્થાનનું તેમને માપ ન હતું તેમ પોતે પ્રજાહૃદયથી કેટલા દૂર ગયા છે તેનું ભાન ન હતું. આ વિજય ઈન્દિરા ગાંધીનો નથી પણ પ્રજાબળનો છે. કૉંગ્રેસના વર્તમાન વયોવૃદ્ધ નેતાઓ પ્રજાની નાડ જાણતા નથી એ દેખાઈ આવે છે.

ખરી રીતે, આઝાદી પછી, કૉંગ્રેસ, વિવિધ અને કેટલાક દરજ્જે વિરોધી વિચારસરણી ધરાવતા જૂથોનો શંભુમેળો રહી છે, It is a Coalition, જુદી દિશામાં ખેંચાતા બળો લાંબો વખત સાથે ટકી ન શકે. ઈન્દિરા ગાંધીએ કૉંગ્રેસને તેના જાહેર કરાયેલા ધ્યેય — લોકશાહી સમાજવાદ - પ્રત્યે વેગથી ખેંચી છે. આ ધ્યેયની સિદ્ધિ અર્થે કૉંગ્રેસે જોઈતા પ્રયત્નો કર્યા નથી અને જરૂરી ઝડપથી પગલાં લીધાં નથી તેથી પ્રજાનો વિશ્વાસ ઊઠી ગયો હતો. નવી અને યુવાન પેઢી સાથે કૉંગ્રેસનો સંપર્ક તૂટી ગયો હતો. એની દિશા હવે કાઈક નક્કી થઈ છે તેમ કહેવાય. ઈન્દિરાગાંધી એ દિશામાં વેગપૂર્વક નહિ જઈ શકે તો તે પણ ટકી નહિ શકે.

ઈન્દિરાગાંધીનું વલણ, એક રીતે કૉંગ્રેસને સબળ બનાવશે, જો કૉંગ્રેસના આંતરિક બળો તેમને ફ્રાવટ નહિ કરે તો. એકતાનો આ ઠરાવ યુદ્ધવિરામ છે કે સાચી એકતા છે તે ઉપર ભાવિનો આધાર છે. સીન્ડીકેટના સભ્યો, પ્રજાના માનસના આ દર્શન પછી, પોતાનું વલણ બદલાવે અને ઈન્દિરા ગાંધીને સક્રિય ટેકો આપી, કૉંગ્રેસની એકતા દૃઢ કરે તો દેશના હિતમાં છે. પણ માત્ર lie low ની નીતિ હશે તો અસ્થિરતા ચાલુ રહેશે. It was a clash of personalities and fierce struggle for power but it was also, and more so, a search for right principles and policies and it is the latter which is more important.

આ સંઘર્ષમાં પ્રજાએ સક્રિય ભાગ ભજવ્યો છે અને પ્રજામતનો પ્રભાવ પડયો છે. People are involved in this movement. ઈન્દિરાગાંધીએ સાવધાની અને ગંભીરતાથી કામ લેવું રહેશે.

૨૭-૮-૧૯૬૯ ચીમનલાલ ચકુભાઈ શાહ

પ્રકીર્ણ નોંધ

રાજકારણી આંધીનું તત્કાળ નિવારણ

રાષ્ટ્રપતિની ચૂંટણીના અનુસંધાનમાં પેદા થયેલી કૉંગ્રેસ પક્ષ માટે અસાધારણ–અભૂતપૂર્વ–કટોકટીનું અને એ રીતે રાજકારણી આંધીનું ઓગસ્ટ માસની ૨૫ મી તારીખે દિલ્હી ખાતે મળેલી કૉંગ્રેસની કારોબારી સમિતિએ ઠરાવ પસાર કરીને નિવારણ કર્યું છે. આ ઠરાવે Discretion is better part of valour એ સૂત્રને અનુસરીને વીરતા કરતા વિવેકશક્તિને, શિસ્તના આગ્રહ કરતાં સમજાવટના માર્ગને પ્રાધાન્ય આપ્યું છે અને આજના સંયોગોમાં આમ કરવું રાષ્ટ્રના વધારે હિતમાં છે એમ માની લેવાની આપણને ફરજ પડે છે. એમ છતાં આખી કટોકટીના કારણે નબળી પડતી જતી કૉંગ્રેસ વધારે નબળી બની છે અને આજે જીતેલાં શ્રીમતી ઇંદિરા ગાંધીએ પોતાની વાણી અને વર્તન દ્વારા ભારતના મહા-અમાત્યની આજ સુધીની પ્રતિભાને ખૂબ ઝાંખી પાડી છે અને કૉંગ્રેસનો સહજ ક્ષમ્ય નહિ એવો દ્રોહ કર્યો છે. આ ઉપરાંત માન્યવર મોરારજીભાઈ પ્રત્યે, તેમનું અર્થકારણનું ખાતું એકાએક ઝુંટવી લઈને પણ તેમણે અક્ષમ્ય તોછડાઈ દાખવી છે. કારોબારીના ઠરાવ બાદ પ્રગટ થઈ રહેલા સીન્ડીકેટના લેખાતા સભ્યોનાં નિવેદનો પણ કૉંગ્રેસની પ્રતિભાને ઝાંખી પાડી રહ્યા છે. આ બધું વિચારતાં આજે સ્થપાયેલી શાંતિ કે સ્થિરતા સ્થાયી હોઈ ન શકે અને નેતાઓ વચ્ચે સંઘર્ષનાં નવાં નિમિત્તો પણ નિર્માણ થયા વિના નહિ રહે એમ મારી જેવા અનેકને લાગે છે. ગયું પખવાડિયું આપણું અસાધારણ બેચેનીમાં પસાર થયું. એ બેચેનીનો હવે અન્ત આવ્યો છે એમ કહેવાની–અનુભવવાની–સ્થિતિમાં હજુ આપણે નથી. ૨૫ મી તારીખે કૉંગ્રેસની કારોબારી સમિતિએ પસાર કરેલો એ ઐતિહાસિક ઠરાવ નીચે મુજબ છે:

"છેલ્લા થોડા અઠવાડિયાઓમાં માત્ર સન્માનનિય સાથીઓમાં જ નહીં પરંતુ પક્ષના તમામ સભ્યોમાં મતભેદો ઊભા કરતી કૉંગ્રેસ પક્ષમાં પડેલી ગંભીર ફાટફૂટને કારોબારી સમિતિ ઊંડી ચિંતાની નજરે જુએ છે.

"કૉંગ્રેસ મહાસમિતિની બેંગ્લોર ખાતેની બેઠકમાં અને સંસદીય બોર્ડમાં ગંભીર મતભેદો ઊભા થયા હતા, ત્યાર બાદ બીજા કેટલાક બનાવો બન્યા હતા, જેની પરાકાષ્ઠા રૂપે રાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણીમાં શ્રી. રેડ્ડીનો પરાજય થયો હતો.

"અનેક કૉંગ્રેસી મતદારો શ્રી રેડ્ડીને ટેકો આપવામાં નિષ્ફળ નિવડ્યા એ દુ:ખદ અને કમનસીબ બીના છે અને આટલા મોટા પ્રમાણમાં અસંતોષ શાના કારણે ફેલાયો છે તેની તપાસ કરવાની જરૂર છે. રોગનાં ચિન્હો કરતાં રોગનો ઉપચાર કરવાની જરૂર છે.

"સભ્યોમાં એકતાની ભાવના હોય તે સિવાય કોઈ રાજકીય પક્ષ પ્રગતિ સાધી શકે નહીં. પક્ષની યોગ્ય કામગીરી માટે શિસ્ત-બદ્ધ વર્તન આવશ્યક છે.

"આમ છતાં, માત્ર પક્ષની નીતિઓ અને કાર્યક્રમોને ચૂસ્તપણે વળગી રહીને અને વિવિધ કક્ષાએ પક્ષમાં આંતરિક લોકશાહી જાળવીને જ આને અસરકારક બનાવી શકાય.

"કમનસીબે વર્ષોથી કૉંગ્રેસ પક્ષમાં એકતા નબળી બની રહી છે, પરિણામે જૂથવાદ ફેલાયો છે અને શિસ્ત ઓછી થઈ રહી છે જે, પક્ષ અને સરકાર કક્ષાએ તેની અસરકારક કામગીરીના માર્ગમાં આવી રહ્યા છે.

"ભારે મહત્વની બાબત, સંસ્થામાં બે ચાવીરૂપ વ્યક્તિઓ કૉંગ્રેસના પ્રમુખે અને સંસદીય પક્ષના નેતાએ સાથે મળીને પરસ્પરની સલાહથી કામ કરવું એ છે.

"કૉંગ્રેસ પ્રમુખે સંસ્થા ચલાવવાનું મહત્ત્વનું કાર્ય સંભાળવાનું છે અને આ સંસ્થાએ વ્યાપક નીતિ ઘડવાની છે અને સ્વીકાર્ય નીતિ માટે લોકોનો ટેકો મેળવવાનો છે.

"સંસદીય પક્ષના નેતા તરીકે વડા પ્રધાને પક્ષની નીતિઓનો અમલ કરવાનો છે. પણ સરકારના વડા તરીકે દેશ પ્રત્યે તેમની વ્યાપક જવાબદારીઓ છે. આથી કૉંગ્રેસ પ્રમુખે અને વડા પ્રધાને પક્ષ અને દેશના હિતમાં સારી રીતે કાર્ય કરવાનું છે.

"કારોબારી સમિતિ એ વાત પર ભાર મૂકવા માગે છે કે સંસ્થાના નેતા કે સરકારના વડાને હલકા પાડવાનો કોઈ પણ પ્રયાસ પક્ષને હાનિ પહોંચાડશે અને પક્ષની પ્રતિષ્ઠાને નુકસાન થતાં પક્ષ અને સરકાર નબળી પડશે. આવા પ્રયાસોને ટાળવા જોઈએ.

"કારોબારી સમિતિ, પક્ષના મેમ્બરોમાં ઘણો ઉકળાટ છે એ વિષે પૂરી સભાન છે; એમ છતાં માને છે કે મોટા ભાગના સભ્યો પક્ષમાં એકતા ચાલુ રહે એમ ઈચ્છે છે. છેલ્લા થોડા અઠવાડિયામાં બન્ને પક્ષોએ વિચારોના સંઘર્ષમાં ભૂલો કરી છે. આથી આત્મ-નિરીક્ષણ કરવાની જરૂર છે.

"પક્ષમાં ભંગાણ પડશે તો તેના કલ્પી ન શકાય એવાં પરિણામ આવશે. આથી બન્ને વચ્ચેની ખાઈ વ્યાપક બનાવે એવું કશું નહીં કહેવું જોઈએ કે કશું નહીં કરવું જોઈએ. કારોબારી સમિતિ બધા કૉંગ્રેસીઓને એવી પરિસ્થિતિ ઊભી કરવામાં સહાય કરવાનું જણાવે છે કે જેમાં પક્ષ રાબેતા મુજબ અને યોગ્ય રીતે કાર્ય કરી શકે. આપણે બધા સ્વીકૃત નીતિઓની કબૂલાતને આધારે એકતા સ્થાપવામાં ફાળો આપીએ અને આમ રાજકીય અને આર્થિક મોરચે નવું ચેતન આણીએ."

કૉંગ્રેસ કારોબારી સમિતિએ પસાર કરેલો બીજો ઠરાવ જણાવે છે કે "કૉંગ્રેસ પ્રમુખે શરૂઆતમાં તેમણે કયા સંજોગોમાં શ્રી રેડ્ડી માટે ટેકો મેળવવા બીજા પક્ષોનો સંપર્ક સાધ્યો હતો તે જણાવ્યું હતું.

પ્રમુખે કહ્યું તે સાંભળ્યા બાદ કારોબારી સમિતિએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે પ્રમુખ સામે કરાયેલા આક્ષેપો તે સમયે મળેલી માહિતીને આધારે ખોટી ધારણાથી કરાયા હતા અને આથી અસ્વીકાર્ય છે."

રાષ્ટ્રભક્ત રાવસાહેબ પટવર્ધનનું દુ:ખદ અવસાન

તા. ૨૮ મી ઑગસ્ટના રોજ પૂના ખાતે ગાંધીયુગના સ્વાતંત્ર્ય-યોદ્ધા રાવસાહેબ પટવર્ધનનું ૬૬ વર્ષની ઉમ્મરે અવસાન થતાં એક વિરલ કોટિના સત્યનિષ્ઠ અને રાષ્ટ્રનિષ્ઠ એવા એક વ્યક્તિવિશેષની આપણને–આપણા આખા દેશને–ખોટ પડી છે, ૨૪ મી તારીખે તેમના ઉપર થયેલ સેરીબ્રલ થ્રોમ્બોસીસના હુમલાના પરિણામે બેભાન અવસ્થામાં તેમનું મૃત્યુ નીપજ્યું છે. તેમની સાથે મારો વર્ષોજૂનો પરિચય હતો. મારા સ્મરણ મુજબ ૧૯૩૦-૩૨ ની સવિનય સત્યાગ્રહની લડત દરમિયાન નાસિક જેલમાં તેઓ મારા સાથી હતા. આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કેટલાંક વર્ષ પહેલાં તેઓ વ્યાખ્યાન આપવા માટે આવ્યા હતા. આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમને મેં વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપેલું, પણ તેમની નાજુક તબિયતના કારણે, તેમની ઈચ્છા હોવા છતાં પણ આવી નહિ શકે એવો સદ્‌ભાવભર્યો તેમનો જવાબ આવ્યો હતો. તેમનો સવિશેષ પરિચય તા. ૨૮ મીના 'જન્મભૂમિ'માં નીચે પ્રમાણે આપ્યો છે:

"રાવસાહેબના નામે મોટાભાગે ઓળખાતા શ્રી. પટવર્ધન પાંચ ભાઈઓ અને એક બહેનને પોતાની પાછળ મૂકતા ગયા છે.

"કોઈ પણ પ્રકારના અન્યાય સામે ઝઝૂમનાર અને શક્તિશાળી વકતા શ્રી. પુરુષોત્તમ હરિ પટવર્ધન ઉર્ફે રાવસાહેબ પટવર્ધન દેશના

રાજકીય નેતાઓમાં હમેશાં એક મહાન રાષ્ટ્રભકત તરીકે તેમ જ ગાંધીજીના આદર્શોને અમલી બનાવવામાં માનતા ગાંધીવાદી તરીકે આદરણીય રહ્યા હતા.

"૧૯૦૩ના જુલાઈની ૧૫ મીએ અહમદનગરમાં જન્મેલા રાવસાહેબ એક અગ્રણી ધારાશાસ્ત્રી, થીઓસોફિસ્ટ અને બોય-સ્કાઉટના નેતા શ્રી હરિભાઉ પટવર્ધનના જ્યેષ્ઠ પુત્ર હતા. પિતા પાસેથી અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત કરનાર રાવસાહેબે અહમદનગર સોસાયટી હાઈસ્કૂલમાં મેટ્રિક થઈ બનારસ હિન્દુ યુનિવર્સિટી ખાતે કૉલેજ - શિક્ષણ મેળવ્યું હતું. બનારસ હિન્દુ યુનિવર્સિટી ખાતે તેમને આ. ભા. વક્તૃત્વ સ્પર્ધાનો સુવર્ણચંદ્રક મળ્યો હતો અને બનારસ ખાતે જ તેઓ શ્રી તેલંગ તેમ જ શ્રી. જ્ઞાનચંદ્રના સંપર્કમાં આવ્યા હતા.

"પૂના ખાતે કાયદાની ઉપાધિ પ્રાપ્ત કર્યા બાદ રાવસાહેબે કૉંગ્રેસના આંદોલનમાં ઝુકાલેવું અને અહમદનગર જિલ્લાના ગ્રામવિસ્તારમાં કૉંગ્રેસનો સંદેશો પહોંચાડયો. પોતે કાયદાના સ્નાતક હોવા છતાં તેમણે ધારાશાસ્ત્રીનો ધંધો હાથ ધર્યો નહોતો. ૧૯૩૦માં તેમણે પહેલી જ વાર લાંબી જેલયાત્રા ભોગવેલી.

"પોતાની કાર્યકુશળતા, વફાદારી તેમ જ અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષામાં જોરદાર રીતે પ્રવચન કરવાના નૈપુણ્ય તેમ જ તેમના નીડરપણાને કારણે તુરતમાં જ રાવસાહેબ કૉંગ્રેસ સંસ્થામાં ઉચ્ચ હોદ્દાના અધિકારી બન્યા હતા. પહેલાં મહારાષ્ટ્ર પ્રદેશ કૉંગ્રેસ સમિતિમાં અને તે બાદ મહાસમિતિમાં અને છેવટે કૉંગ્રેસની કારોબારીમાં તેઓ અગ્ર હરોળમાં હતા."

દાનવીર શ્રીમાન નાનજીભાઈ કાલીદાસનો સ્વર્ગવાસ

તા. ૨૫ મી ઑગસ્ટના રોજ દાનવીર શ્રીમાન શ્રેષ્ઠી નાનજી-ભાઈ કાલીદાસનું ૮૧ વર્ષની ઉંમરે, કેટલાક સમય પર્યન્તની બીમારી બાદ, પોરબંદર ખાતે અવસાન થતાં આપણને એક અત્યન્ત ઉદાર-દિલ ધરાવતા માનવવિશેષની ખોટ પડી છે. તેમનો ૧૯૮૮ની સાલમાં પોરબંદર ખાતે જન્મ થયો હતો અને ૧૨ વર્ષની ઉંમરે પોતાના પિતાશ્રી સાથે તેઓ વ્યાપારમાં જોડાયા હતા. ઈ. સ. ૧૯૦૦ માં તેઓ શૂન્યવત્ આર્થિક પરિસ્થિતિમાં વ્યાપારનું સાહસ ખેડવા માટે આફ્રિકા - મોમ્બાસા—ગયા હતા અને વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રે તેમણે અસાધારણ પ્રગતિ સાધી હતી. લાખો બલ્કે કરોડો રૂપિયા તેઓ કમાયા હતા. યુરોપ, ચીન, જાપાન વગેરે અનેક દેશોનો તેમણે પ્રવાસ કર્યો હતો અને કેટલાક સમયથી આફ્રિકાનો સ્થિરવાસ છોડીને પોતાને વતન પોરબંદર આવીને તેઓ રહ્યા હતા.

તેમના ઉપર મહર્ષિ દયાનંદ સરસ્વતી અને આર્યસમાજના ઘેરા સંસ્કારો હતા. પાછળનાં વર્ષો દરમિયાન ગાંધીજીના પરિચયમાં પણ તેઓ સારી રીતે આવેલા. વૈચારિક ક્ષેત્રે તેઓ પ્રગતિશીલ હતા. ધનવિતરણ દ્વારા તેમના હાથે અનેક સંસ્થાઓ નિર્માણ થઈ હતી; અનેક સંસ્થાઓને નવું જીવન મળ્યું હતું. સૌરાષ્ટ્રને તેમની ઉદારતા અને દાનવૃત્તિનો સૌથી વધારે લાભ મળ્યો હતો. પોર-બંદરમાં ગાંધીજીના સ્મારક રૂપ કીર્તિમંદિર, આર્યકન્યા ગુરુકુળ, મહિલા કૉલેજ, ભારત મંદિર, જવાહરલાલ નહેરુ આકાશ ગૃહ જેવી અનેક સંસ્થાઓ તેમના નામને ચિરસ્મરણીય બનાવે તેવાં છે. તેમના દાનનો આંકડો બે કરોડ જેટલો થવા જાય છે. આ રીતે તેમણે પોતાના જીવનને ચરિતાર્થ કર્યું હતું.

તેમનાં સંતાનોમાં બે પુત્રો અને એક પુત્રી સવિતાબહેન છે. બે પુત્રો પિતાના વ્યવસાયમાં રોકાયેલા છે. સવિતાબહેન એક વિદુષી સન્નારી છે અને પિતાએ ઊભી કરેલી જાહેર સંસ્થાઓનું તેઓ સંચાલન કરે છે. આવા એક સાહસવીર અને ઉદારચરિત મહાનુ-ભાવને આપણાં અનેક વન્દન હો!

શ્રી ચંદ્રકાન્ત વોરાનું દુ:ખદ અવસાન

જન્મભૂમિના ચીફ રિપોર્ટર શ્રી ચંદ્રકાન્ત વોરાનું મુંબઈ ખાતે તા. ૨૪ મી ઑગસ્ટ રવિવારની રાત્રે ૪૭ વર્ષની ઉંમરે અકાળ અવ-સાન થતાં એક ઉચ્ચ કોટિના પત્રકારને આપણે ગુમાવેલ છે. કેટલાક સમયથી તેમની તબિયત નરમ ગરમ રહેતી હતી અને છેલ્લાં બે ત્રણ વર્ષ દરમ્યાન તેમને બે ત્રણ ઑપરેશન કરાવવા પડેલાં. આમ છતાં તેમના મૃત્યુને ચાર દિવસ પહેલાં તેમને નાયર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા. તે પહેલાં તેઓ પોતાના વ્યવસાયમાં પૂરા નિમગ્ન હતા. ૧૯૪૫ ની સાલમાં તેઓ જન્મભૂમિમાં જોડાયા ત્યારથી તેઓ આજ સુધી જન્મભૂમિયાં જ કામ કરતા હતા. તેઓ કુશળ પત્રકાર હતા, પણ પ્રચારક પત્રકાર નહોતા. તેનો અર્થ એ છે કે ગમે તેટલી જહેમત ઉઠાવીને જોખમ ખેડીને સાચા સમાચાર મેળવવા અને જન્મભૂમિના બહોળા વાચક સમુદાયને સાચા ખબર પૂરા પાડવા. તેમણે એક બાહોંશ પત્રકાર તથા સમાચારવિતરક તરીકે કેટલી મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી એ તો તેમની સ્મશાનયાત્રામાં વિવિધ-કોટિના લોકોએ હાજરી આપી હતી અને ચંદનવાડીના સ્મશાન-ગૃહમાં ઉપસ્થિત થયેલા મુંબઈના આગેવાન નાગરિકો દા. ત. મુંબઈના મેયર શ્રી જમિયતરામ જોશીએ, બી. પી. સી. સી. ના કૉંગ્રેસ પ્રમુખ શ્રી હાફિઝકાકાએ, સુધરાઈ પક્ષના નેતા શ્રી શાંતિ પટેલે, સંસદ સભ્ય શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, મુંબઈ સમાચારના તંત્રી શ્રી મીનુ દેસાઈ, 'સુકાની' ના તંત્રી શ્રી મોહનલાલ સોપાને કેવી ભાવભરી અંજિલઓ આપી હતી એ ઉપરથી મારી જેવા અનેક મિત્રોને ખ્યાલ આવ્યો હતો. સ્વ. ચંદ્રકાન્ત વોરાના સ્વજનસમુદાય પ્રત્યે આપણી ઊંડા દિલની સહાનુભૂતિ હો! તેમના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાઓ!

પ્રાધ્યાપક શ્રી ગૌરીશંકર ઝાલાને અભિનંદન

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમીશને નિવૃત્ત થયેલા શિક્ષકો અને પ્રાધ્યાપકોની સેવાઓનો લાભ લેવા અંગે કરવામાં આવેલી યોજનાના અનુસંધાનમાં ઈ. સ. ૧૯૬૯ - ૭૦ દરમિયાન પહેલો પુરસ્કાર આપવા માટે ૨૧ શિક્ષકો અથવા પ્રાધ્યાપકોની પસંદગી કરી છે. આ યોજનામાં વાર્ષિક રૂ. ૬૦૦૦ ના ઓનરેરિયમનો અને વાર્ષિક રૂ. ૧૦૦૦ ની કન્ટીન્જન્ટ ગ્રાન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષણ પરિસંવાદો ગોઠવવા, અને સંશોધન કાર્યને ઉત્તેજન આપવું તેમ જ નિવૃત્ત પ્રાધ્યાપકોની સેવાઓનો કૉલેજો અને યુનિવર્સિટીઓ લાભ લે એ યોજનાનો ઉદેશ છે. જણાવતાં આનંદ થાય છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજના બે વર્ષથી નિવૃત્ત છતાં ઑનરરી પ્રોફેસર તરીકે કામ કરતા પ્રોફેસર શ્રી ગૌરીશંકર ચુ. ઝાલા ઉપર જણાવેલી પસંદગી પામેલા શિક્ષકોમાંના એક છે. ઝાલાસાહેબ સંસ્કૃત સાહિત્યના નિષ્ણાત વિદ્વાન તરીકે વ્યાપક ખ્યાતિ ધરાવે છે. તેઓને પૂરા અર્થમાં બ્રહ્મ-નિષ્ઠ બ્રાહ્મણ છે. મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું લગભગ છેલ્લાં દશ વર્ષથી પ્રમુખસ્થાન શોભાવે છે અને વ્યાખ્યાનમાળાની પ્રતિભામાં વૃદ્ધિ કરે છે. ઉપર જણાવેલ પસંદગી પ્રાપ્ત કરવા માટે ઝાલાસાહેબનું હાર્દિક અભિનંદન કરવામાં આવે છે.

શ્રી બાબુભાઈ જી. શાહના નવા અનુદાન માટે હાર્દિક અભિનંદન

શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહે સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહને થોડા સમય પહેલાં રૂ. ૫૧,૦૦૦ નું દાન કર્યું તે અંગે તેમનું અભિનંદન તેમ જ બહુમાન કરવા માટે સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની શ્રી. સી. એમ. સંઘવીના પ્રમુખપણા નીચે તા. ૧૬-૮-૬૯ ના રોજ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રી તરફથી શ્રી બાબુભાઈના આજ સુધીના જીવનની ટૂંકી રૂપરેખા અને જુદી જુદી સંસ્થાઓને શ્રી. બાબુભાઈ

તરફથી કરવામાં આવેલી સખાવતનો નિર્દેશ કરવામાં આવ્યો હતો. શ્રી બાબુભાઈએ આ બહુમાન અંગે મંડળનો આભાર માનતાં, જો આ મંડળ પરદેશ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને લોન આપવાની કોઈ યોજના ઊભી કરે તો તેના મંગળ પ્રસ્થાન તરીકે રૂા. ૫૦૦૦ની રકમ આપવાની ઈચ્છા દર્શાવી હતી. આવી ઉદારતાભરી પહેલ કરવા માટે શ્રી બાબુભાઈને ધન્યવાદ ઘટે છે અને પ્રસ્તુત સંસ્થા બાબુભાઈના આ પડકારને ઝીલી લઈને ઉપર જણાવ્યા મુજબની યોજના હાથ ધરશે એવી આશા રાખવામાં આવે છે.

નવા નિમાયેલા જે.પી.ઓ

તાજેતરમાં જ મહારાષ્ટ્ર સરકાર તરફથી પહેલાંના પણ આ વર્ષે ચાલુ રહેલા અને નવા નિમાયેલા જે. પી.ઓની યાદી બહાર પાડવામાં આવી છે. આ યાદીમાં એટલાં બધાં પરિચિત નામો છે કે કોનો ઉલ્લેખ કરવો અને કોનો ઉલ્લેખ ન કરવો એની તારવણી મુશ્કેલ છે. ભારત સરકાર તરફથી અપાતા પદ્મભૂષણ, પદ્મશ્રી વગેરે ઈલ્કાબો અને જે. પી. ની નિમાણુંકમાં બહુ મોટો તફાવત છે. સરકારી ઈલ્કાબો કેવળ અમુક વ્યકિતઓનું સન્માન કરવાના અને તેમને સવિશેષ પ્રતિષ્ઠા આપવાના હેતુથી આપવામાં આવે છે. જે. પી. પાછળ પણ અમુક પસંદ કરાયલી વ્યકિતને સમાજ સમક્ષ આગળ ધરવાનો હેતુ હોય છે, પણ એવી જે. પી. તરીકે નિમાણુંક પામેલી વ્યકિતના માથે ઘણી મોટી જવાબદારી રહેલી હોય છે. અનેક ખતપત્રો અને મહત્ત્વનાં લખાણો ઉપર સહી કરનારની પ્રમાણભૂતતાની ખાત્રી આપવાનું કામ તે ઉપર સહી સિક્કો કરનાર જે. પી.નું છે. અને આ કામ જે. પી. માં સાવધાનપણું અને ઉચ્ચ કક્ષાની પ્રમાણીકતાની—આજે જ્યારે ચોતરફ લાંચ રૂશ્વતનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે—ત્યારે ખાસ અપેક્ષા રાખે છે. આ જે. પી. ઓ એક પ્રકારના સમાજસેવકો છે અને તેમણે પોતાની ફરજ ધર્મનિષ્ઠાપૂર્વક બજાવવાની છે.

નવા નિમાયેલા જે. પી.ઓમાં બે નામનો ઉલ્લેખ કરવાનું મન થાય છે. એક તો શ્રી ગીજુભાઈ ઉમિયાશંકર મહેતા. તેઓ એક તેજસ્વી યુવાન છે અને જૈન જૈનેતર અનેક સંસ્થાઓની કાર્યવાહી સાથે જોડાયેલા છે. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના મંત્રી છે. છે. મુંબઈ જૈન યુવક સંઘના મકાન ફંડમાં તેમણે રૂા. ૧૫૦૧ ની રકમ નોંધાવી છે. બીજું નામ સ્વ. મેઘજી થોભણવાળા શ્રી મણિભાઈ વીરચંદ. તેમણે સંઘના મકાન ફડમાં રૂા ૧૦૦૧ નોંધાવ્યા છે. તેઓ પણ એક સેવાભાવી સજ્જન છે. તે બન્ને મિત્રોને આ પ્રસંગે હાર્દિક અભિનંદન આપતાં આનંદ અનુભવું છું.

સંઘના મકાન ફંડ અંગે

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને તથા પ્રબુદ્ધ જીવનના વાંચકોને સંઘના મકાનફંડ અંગે છેલ્લા ત્રણ મહિનાથી અનુરોધ કરવામાં આવે છે. એક લાખ રૂપિયાની રકમ મેળવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. સંઘ સાથે સંબંધ ધરાવતા એવા ઘણા મિત્રો તેમ જ પ્રશંસકો છે, જેઓ મનમાં ધારે તો આ લક્ષ્યાંકને બહુ ઓછા સમયમાં પૂરો કરી શકે. જરૂર છે પ્રત્યક્ષ સંપર્ક સાધવાની. મારી અનિયમિત બનતી જતી શારીરિક પરિસ્થિતિ અને ઘટતી જતી ગતિક્ષમતાના કારણે મનની ઈચ્છા અને ધારણા મુજબ આ બધા મિત્રોને પ્રત્યક્ષ મળવાનું શકય નથી અને તેથી તેમને વિનમ્ર પ્રાર્થના કે આ નોંધ દ્વારા તેમને પ્રત્યક્ષ મળ્યો છું એમ ગણીને મારા માટે એક પ્રકારના મીશનરૂપ બનેલા આ કાર્યમાં-આ અપીલમાં-પોતાનો ઉદાર હાથ લંબાવે અને સંઘ અંગેના પ્રસ્તુત લક્ષ્યને પહોંચી શકયાનો સંતોષ મને અર્પણ કરે.

પરમાનંદ

* પ્રાર્થનાનો પ્રભાવ *

"દુનિયા ધારે એ કરતાં ઘણી વધારે બાબતો પ્રાર્થનાથી નિર્માણ કરી શકાય છે."—ટેનીસન

("Perform miracles"માં સંગ્રહિત થયેલી એક ઘટનાનો અનુવાદ.)

આ એક સત્ય ઘટના છે. "તારી ઈચ્છા મુજબ થાઓ" એ પ્રકારની પ્રાર્થનામાં રહેલ ગૂઢ તત્ત્વનું શું એ પરિણામ હતું? કેલીફોર્નિયામાં આવેલા એક નાના શહેરના ચર્ચમાં કામ કરતા એક પાદરી ડૉ. એન. બી. સ્મિથના ઘરમાં આ ઘટના બની હતી.

આ ડૉ. સ્મિથ પોતાના ડ્રોઈંગ રૂમમાં નીસરણી ઉપર ચઢી દીવાના ઝુમ્મરને ગોઠવતા હતા. એ સમયે નાતાલના તહેવાર હોવાથી પોતાના બાળક માટે આવેલી અવનવી ભેટો તેઓ ખૂબ આનંદપૂર્વક નીચે જોઈ રહ્યા હતા. આ બધી ભેટોમાં ખાસ કરીને એક નવી બાઈસીકલ હતી. ત્યાં તો એકાએક ઉપરના ખંડમાંથી કોઈ પણ જાતની ચેતવણી વગર અચાનક અવાજો સંભળાવા લાગ્યા. એટલે તુરત જ ડૉ. સ્મિથ પોતાનું કામ છોડીને ઉપર દોડી ગયા. પોતાના પપ્પાને જોતાં જ તેમનો દશ વર્ષનો બાળક બોલી ઊઠયો. "પપ્પા! પપ્પા! મારાથી શ્વાસ લઈ શકાતો નથી." પપ્પાએ જોયું તો, ઘૂંટણ ઉપર પોતાનું માથું મૂકી શ્વાસ લેવા માટે પોતાનો બાળક વલખા મારી રહ્યો હતો. તરત જ તેની માતાએ પોતાના પુત્રને પોતાના ખભા ઉપર ઉંચકી લીધો. તેને હલાવ્યો, તેની પીઠ ઉપર માલીશ કરવા લાગી અને દર્દના જોસમાં તરફડીઆ મારતાં તેને ધીરજ આપી.

આવું કટોકટીભર્યું દશ્ય જોઈ ડૉ. સ્મિથ તરત જ પોતાના ફેમિલી ડૉકટરને ટેલિફોન કરવા માટે દોડી ગયા. પણ સંયોગવશાત્ ડૉકટર ઘરમાં હતા નહિ. તે મનોમન બોલી ઊઠયા, "ઓ ઈશ્વર! હવે શું કરું? મારા વ્હાલસોયા બાળકનું શું થશે?" તરત જ તેઓ સજાગ બન્યા અને બીજા ડૉકટરને તેમણે ટેલિફોન કર્યો. એ પણ ન મળ્યા. ત્યારે તેઓ નિરાશ થઈ ગયા. પણ આશાના એક તંતુએ ફરી તેમનામાં હિમત આપી અને મનોમન ભગવાનને પ્રાર્થના કરી. "હે ઈશ્વર! મારા બધા જ પ્રયત્નો ચાલુ છે. તું મારા બાળકને મરવા ના દેતો!" અને તરતર જ ત્રીજા ડૉકટરને ફોન કર્યો, એ પણ ન મળ્યા. ચોથા ડૉકટરને ફોન કર્યો એ પણ ન મળ્યા. ધર્મગુરુ ડૉ. સ્મિથની જાણે કસોટી ન થતી હોય એવી વિકટ પરિસ્થિતિ ઊભી થઈ ગઈ ને તેઓ મનોમન અકળાઈ ઊઠયા કે હવે હું શું કરું? ત્યાં તો ઉપરથી માતાનો ગભરાયેલો અવાજ આવ્યો કે "જલદી ડૉકટરને બોલાવો, નહિતર આપણું બાળક મરી જશે. ઈશ્વરને ખાતર તમે જલ્દી કરો—જલ્દી કરો!"

ડૉ. સ્મિથે શહેરના લગભગ બધા ડૉકટરોને ટેલિફોન કર્યા પણ વ્યર્થ. છેવટે ખૂબ કંટાળીને ઘણાં માઈલો દૂર હોલીવૂડમાં ઓળખીતા ડૉકટરનો ટેલિફોનમાં સંપર્ક સાધ્યો અને ડૉકટર મળ્યા. ડૉકટરે બીમાર પુત્રને ટેલિફોન ઉપર લાવવા કહ્યું. ટેલિફોન ઉપર દરદીનો અવાજ સાંભળીને ડૉકટરે ડૉ. સ્મિથને કહ્યું કે "તમારા બાળકની મૂઠ્ઠીઓ વળી ગઈ છે? આંગળીઓ ભૂરી થઈ ગઈ છે? શરીરની ચામડી ફિક્કી થઈ ગઈ છે?" વગેરે. ડૉ. સ્મિથે તરત જ જવાબ આપ્યો કે "હા—હા તમે જે પ્રશ્નો પૂછી રહ્યા છો તે બધાં જ ચિહ્નો મારા બાળકમાં છે" હોલીવૂડના ડૉકટરે નિદાન કરી તરત જ જવાબ આપ્યો કે "તમારા પુત્રને 'સ્વરપેટી' (Larynx) ઉપર સોજો આવી ગયો છે. અને એનો જીવ બચાવવા માટે તરત નસ્તર Opration કરાવવાની જરૂર છે. જેટલું બને તેટલું જલદી કોઈ પણ શરજનને બોલાવો અને વગર વિલંબે નસ્તર મૂકાવો." અને તરત જ ટેલિફોન બંધ થઈ ગયો.

ડૉ. સ્મિથ ગભરાઈ ગયા કે "ઈશ્વર મારા પુત્રને શા માટે

(અનુસંધાન ૧૦૩ મા પાને)

અમારી વાત

વરસોવરસ પર્યુષણ વ્યાખ્યાનમાળાને ટાંકણે અમે આપની સમક્ષ અમારી બેચાર વાત મૂકીએ છીએ—થોડો અમારી પ્રવૃત્તિઓનો પરિચય, થોડી અર્થસિંચન માટેની અપીલ અને સાથે સાથે શુભેચ્છા, ક્ષમાયાચના ઈત્યાદિ.

આ વરસે પણ આપની સમક્ષ અમારી થોડી વાતો નિવેદન કરવાની રજા લઈએ છીએ.

સૌ પ્રથમ તો આ વરસે અમે અમારા સંઘ માટે મકાન ફંડની શરૂઆત કરી છે. સંઘના કાર્યાલય તથા વાચનાલય - પુસ્તકાલયની જગા બહુ જ સાંકડી પડતી હોવાથી સંઘ માટે નવી જગા લેવાનો વિચાર બે વરસથી ચાલતો હતો. આ વરસે એ વિષે નિર્ણય કરીને સંઘની કાર્યવાહક સમિતિએ એક લાખ રૂપિયાનું લક્ષ્યાંક નક્કી કર્યું છે તેમ જ 'પ્રબુદ્ધ જીવન' દ્વારા આપ સૌ સમક્ષ અમારી આ થેલી ભરી દેવા - છલકાવી દેવા - અનુરોધ કર્યો છે. ત્યાર બાદ વ્યકિતગત પત્રો અને મુલાકાતો દ્વારા શકય તેટલા મિત્રોને અમે મળ્યા છીએ. અત્યારસુધીમાં આ મકાન ફંડમાં અમને સાઠેક હજારનાં વચનો મળી ગયા છે. અમને આશા છે કે પર્યુષણ પર્વના આ મંગલ દિવસો દરમ્યાન, જે મિત્રોએ મકાન ફંડમાં પોતાનો ફાળો નોંધાવેલ નથી તે સૌ ભાઈ - બહેનો ઉદાર દિલે પોતાનો ફાળો લખાવશે અને અમને શ્રદ્ધા છે કે વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિના છેલ્લા દિવસે અમારું લક્ષ્યાંક સિદ્ધ થઈ ગયાની જાહેરાત અમે આપની સમક્ષ કરી શકીશું.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ છેલ્લા ૪૦ વરસથી મુખ્યત્વે નીચે મુજબની પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે, એ આપ સૌ જાણો છો.

(૧) પર્યુષણ વ્યાખ્યાનમાળામાળા (૨) પાક્ષિક પત્ર - 'પ્રબુદ્ધ જીવન'
(૩) સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય (૪) નાતજાતના ભેદભાવ વિના ચાલતું વૈદ્યકીય રાહત કેન્દ્ર
(૫) વૈદ્યકીય સારવારનાં સાધનો (૬) વિશિષ્ટ વ્યકિતઓની સાથે મિલન - વાર્તાલાપ
(૭) શૈક્ષણિક પ્રવાસો - પર્યટનો

સંઘના કાર્યકરો પાસે આ સિવાય બીજી પણ કેટલીક સામાજિક પ્રવૃત્તિઓ ઉપાડવાની યોજનાઓ છે. પરંતુ જગાના અભાવે અમે સંઘની પ્રવૃત્તિઓને ધાર્યા પ્રમાણે વેગ આપી શકતા નથી.

અત્યાર સુધીમાં અમે સંઘની પ્રવૃત્તિઓ માટે ક્યારેય પણ મોટા ફંડ કે ચેરિટી શો કર્યા જ નથી. વરસોવરસ ખપ જેટલું જ ફંડ ભેગું કરી લેવું અને સંસ્થા પાસે મોટી રકમનું ભંડોળ થવા ન દેવું એવી અમારી માન્યતા આજ સુધી રહી છે અને એને લક્ષમાં રાખીને દર વરસે દશથી બાર હજાર રૂપિયાની—અને છેલ્લા ત્રણ ચાર વર્ષથી વધતી જતી મોંઘવારીના હિસાબે પંદરથી વીસ હજાર રૂપિયાની - ટહેલ આપ સૌની પાસે પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે નાખતા હતા. દર વરસે અમારી માંગણી જેટલા પૈસા મળી રહેતા હતા અને અમારું કામ ચાલ્યા કરતું હતું.

પણ હવે આપણે મોટી જગામાં જઈ રહ્યા છીએ. સંઘની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે હવે અમારે વધારે રકમની જરૂર પડશે જ.

તો આપ સૌની સમક્ષ અમારી આ નાનકડી વાત વિનમ્રભાવે મૂકીએ છીએ. આપ સૌની શુભેચ્છા અને સક્રિય સહકારની અપેક્ષા રહી જ છે. અમારી પ્રવૃત્તિઓ આપને ગમતી હોય તો અમારા મકાન ફંડમાં, સાધારણ ફંડમાં અથવા વૈદ્યકીય રાહતમાં કે વાચનાલય—પુસ્તકાલયની પ્રવૃત્તિમાં આપ ઉદાર હાથે રકમો નોંધાવશો.

સંઘની કારોબારીના છેલ્લી મીટીંગમાં હાજર સભ્યોમાંથી સંઘના ચાલુ વરસના ફાળાની શરૂઆત આ વરસે પણ કરી છે ને કારોબારીમાંથી રૂ. ૨૦૮૬ ભેગા કરી શકયા છીએ. બાકી રકમ માટે અમે આપની પાસે આશા રાખીએ છીએ અને વિનંતિ કરીએ છીએ કે આપ શકય તેટલી વધારે રકમ સંસ્થાને આપો. આપની રકમની અમારે મન ઘણી મોટી કિંમત છે. વ્યાખ્યાનમાળામાં આવનાર દરેક વ્યકિત કંઈક ને કંઈક આ સંસ્થાને જરૂર આપે.

જો ચેક મોકલો તો Bombay Jain Yuvak Sangh એ નામે અને વાચનાલય - પુસ્તકાલય માટે ચેક મોકલો તો Shri Manilal M. Shah, Sarvajanik Wachnalaya and Pustakalaya એ નામે મોકલવા વિનંતિ છે.

૪૧/૪૭, ધનજી સ્ટ્રીટ, ચીમનલાલ જે. શાહ
મુંબઈ - ૩. સુબોધભાઈ એમ. શાહ
તા. ૧-૯-૧૯૬૯ મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ

You have to be you : તમે જેવા છો તેવા જ રહેવાનું છે.

મારા ખિતાબો કે પદવીઓ, મારા કિંમતી વસ્ત્રો કે મારી બુદ્ધિમત્તા, કે બૅન્કમાં પડેલી મારી માલમત્તા—મારી આ સર્વ બાહ્ય સિદ્ધિ પર જગત મારું મૂલ્યાંકન કરે છે.

પરંતુ સંધ્યા ઢળતાં બધું જ સંકેલાઈ જાય છે, બૅન્ક બંધ થઈ જાય છે, ખિતાબો ને પદવીઓ વિસરાઈ જાય છે. ઘર ભણી વળી, ગાડી પાર્ક કરી, કપડાં બદલી, ઘરના એક એકાંત ખૂણામાં પથારીમાં પડી સૌની જેમ હું પણ ઊંઘવા કોશિશ કરું છું અને બીજે દિવસે સવારે સ્વપ્નોને યાદ કરતો પથારીમાં બેઠો થાઉં છું.

ત્યારે! હા! ત્યારે હું શું છું? કોણ છું?

હું પ્રમુખ હોઉં કે સૂબો હોઉં કે ધર્મગુરુ હોઉં—આનું કોઈ જ મહત્વ નથી.

હું પોતે ખરેખર શું છું એ જ એક માત્ર મહત્ત્વની વસ્તુ છે.

હું ખરેખર જે છું તે જ મારે થવાનું છે.

તમે ખરેખર જે છો તે જ તમારે થવાનું છે.

આપણા માનમરતબા, લાયકાતો કે આપણી ભૌતિક સંપત્તિ—જે કંઈ આપણું માનીને આપણે બેઠા છીએ—તે બધું જ કેવળ એક નટનટીના મોરા જેવું છે, જેના આવરણ નીચે આપણે આપણી અસલ જાતને હમેશાં છૂપાવીએ છીએ.

પણ આ મોરા કોને પહેરવા પડે છે?

જે ખરેખર સાચાં છે, જાગૃત છે તેમને કોઈ પ્રકારના મોરા પહેરી કશું જ છુપાવવાનું હોતું નથી.

અસલમાં આપણે જે નથી તે બતાવવાની જીવન આપણી પાસે અપેક્ષા રાખતું નથી. જે ખરેખર છે તે જ બહાર બતાવો.

જે આપણે માટે અશકય છે, શકિત બહારનું છે, તેને માટે પણ કુદરત કશો જ આગ્રહ રાખતી નથી.

એક માળીને રાજા બનવાનું કહેવામાં નથી આવતું. પોતાનો બાગ હરિયાળો ને વ્યવસ્થિત માખી પોતાની ફરજ અદા કરે એટલું જ એને માટે બસ છે. તેનું આ કર્તવ્ય તેને માટે ઘણું મહત્ત્વનું છે.

રાજાને સાધુ થઈ જવાનો કુદરત આદેશ નથી આપતી. ન્યાયપૂર્વક રાજ્ય ચલાવી પ્રજા તરફનું પોતાનું ઋણ એ અદા કરે એ એને સોંપાયેલું કર્મ છે. અને આ જીવનધર્મનું એને માટે ઘણું મૂલ્ય છે.

શું હું ઘેટું છું?

જો એમ જ હોય તો સિંહનું ચામડું પહેરવાની મારે લેશમાત્ર જરૂર નથી. આવી છેતરપિંડીથી તો એક શિકારી, એક સિંહ, અરે! એક ઘેટાનો પણ મારે સામનો કરવાનો રહેશે.

સિંહ બનવામાં ભારે મજા છે. હા! પણ ઘેટાં બનેવામાં ય એવી જ મજા છે.

આપણે જે છીએ તેના તરફ જ આપણે પૂર્ણ નિષ્ઠાવાન બનવાનું છે. એમ કરીશું તો જ આપણા માટે એક મહાન ભાવિનું નિર્માણ થશે.

અનુવાદક: મૂળ અંગ્રેજી
સૌ. શારદાબહેન શાહ ❀ શ્રી જેમ્સ ડીવેટ ફ્રીમેન

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૧૯૬૯ના સપ્ટેમ્બર માસની ૮મી તારીખ સોમવારથી ૧૬મી તારીખ મંગળવાર સુધી–એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **પ્રાધ્યાપક શ્રી ગિરીપ્રસાદ ચુનીલાલ ઝાલા** શોભાવશે. આ વ્યાખ્યાનમાળાની સભાઓ 'ભારતીય વિદ્યાભવન'માં ભરવામાં આવશે. અને દરેક સભા સવારના ૮–૩૦ વાગ્યે શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:–

તારીખ		વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
૮	સોમવાર	માન્યવર મોરારજી દેસાઇ	
	,,	મધર થેરીસા	Compassion – કરુણા (અંગ્રેજીમાં)
૯	મંગળવાર	પ્રાધ્યાપક દલસુખભાઇ માલવણિયા	કર્મસિદ્ધાન્ત
	,,	આચાર્ય યશવન્ત શુક્લ	સ્વધર્મ : પરધર્મ
૧૦	બુધવાર	ડૉ. રમણલાલ ચી. શાહ	નવકારમંત્ર
	,,	કવિવર કરસનદાસ માણેક	ઇશાવાસ્યમિદં સર્વમ્
૧૧	ગુરુવાર	પ્રાધ્યાપિકા નીરા દેસાઇ	પલટાતાં જીવનમૂલ્યો
	,,	મુનિશ્રી નગરાજજી	એકજ દિશાનાં બે નક્ષત્રો : મહાવીર અને બુદ્ધ
૧૨	શુક્રવાર	શ્રી મૃણાલિની દેસાઇ	પૂજ્ય કસ્તુરબા ગાંધી
	,,	પ્રાધ્યાપિકા હર્ષિદાબહેન પંડિત	આજનો રોગગ્રસ્ત માનવી
૧૩	શનિવાર	પ્રાધ્યાપક સુરેશ દલાલ	કાવ્યમાં પ્રગટ થતું ગાંધીજીનું વ્યક્તિત્વ
	,,	શ્રી સાધુ મેાડક	સમગ્ર જીવનદર્શન અને પુનર્નિર્માણ
૧૪	રવિવાર	શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા	ચૈતન્યશક્તિ અને નારીજીવન
	,,	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ	ગાંધીજી
	,,	શ્રીમતી શ્રીદેવી રોહિત મહેતા	ભજનો
૧૫	સોમવાર	શ્રી રોહિત મહેતા	સ્યાદ્વાદનું જીવનદર્શન
	,,	ફાધર વાલેસ	કુટુંબભાવના
૧૬	મંગળવાર	ફાધર વાલેસ	ગાંધીજી મારી નજરે
	,,	શ્રીમતી શ્રીદેવી રોહિત મહેતા	'જાગી અનુભવ પ્રીત' (આનંદઘનનાં પદો સાથે)

આ વ્યાખ્યાનસભામાં સમયસર ઉપસ્થિત થવા અને સભા દરમિયાન પૂરી શાન્તિ જાળવવા સુજ્ઞ શ્રોતાઓને વિનંતિ છે.

તા. ૮–૯–૬૯ થી ૧૬–૯–૬૯
૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ
મુંબઇ–૩

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઇ એમ. શાહ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

અને "પ્રબુદ્ધ જીવન"નાં કાર્યાલયનું સ્થળાંતર

આથી જણાવતાં આનંદ થાય છે કે તા. ૫ સપ્ટે '૬૯થી ધનજી સ્ટ્રીટમાં આવેલા કાર્યાલયનું નીચેના નવા સ્થળે સ્થળાંતર કરવામાં આવેલ છે:

ટોપીવાલા મેન્શન, બીજે માળે, (સેન્ડહર્સ્ટ રોડ) વલ્લભભાઇ પટેલ રોડ,
સેન્ટ્રલ બેંકની બાજુએ અને વનિતા વિશ્રામની સામે, મુંબઇ–૪.

હવેથી ઉપરોકત સંસ્થા સાથે જોડાયેલા ભાઇબહેનોએ આ નવા સ્થળે સંપર્ક સાધવા કૃપા કરવી–આભાર.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઇ એમ. શાહ
મંત્રીઓ: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

પ્રાર્થનાનો પ્રભાવ

(૧૦૦ મા પાનાથી ચાલુ)

મારી પાસેથી છીનવી લેતો હશે!" તેની નજર સમક્ષ બાળકના મૃત્યુની ભયંકર ક્રૂરતા ખડી થઈ ગઈ. છતાં, હિમત સાથે તેણે બાજુના ગામની હૉસ્પિટલમાં ટેલિફોન કર્યો, પણ હૉસ્પિટલ ઘણી દૂર હોવાથી ત્યાંથી તાત્કાલિક કોઈ મદદ મળે એમ હતું નહિ. ટેલિફોન ઑપરેટર પાસે બીજી હૉસ્પિટલના ફોન નંબર માગ્યા. પણ એ જ જવાબ કે અત્યારે કોઈ પણ ડૉક્ટર મળી શકે એમ નથી. પાદરી ડૉ. સ્મિથ હતાશ થઈ ગયા. પોતે ધર્મગુરુ હતા. તેમની પોતાની પાસે, કેટલાંયે માબાપો તેમનાં પુત્ર – પુત્રીઓ મરી ગયેલા ત્યારે, આવ્યા હતા અને તે બધાંને પોતે કેવું કેવું આશ્વાસન આપતા હતા? દરેકને ધીરજથી, પ્રેમથી સમજાવતા અને કહેતા કે ઈશ્વરે જે નિર્માણ કર્યું છે તે આપણે નિભાવી લેવું જોઈએ. ઈશ્વરે જે કર્યું છે તે સારા માટે જ કર્યું હશે! એવું એમણે કેટલાંયને સમજાવ્યું હતું. હવે અત્યારે જ્યારે પોતાના ઉપર અસહ્ય દુ:ખ આવી પડયું છે ત્યારે એ બાબત પોતે જ કેમ ભૂલી જાય છે અને ઈશ્વર ઉપરની શ્રદ્ધા કેમ ગુમાવી દે છે? – આવા તેમને વિચારો આવવા લાગ્યા.

આ વિચારધારા એક સરખી એમના મગજ ઉપર સવાર થઈ રહી હતી, ત્યાં એમને બાઈબલનું એક સૂત્ર યાદ આવ્યું.

"શાંત થા અને ખૂબ સ્વસ્થતાથી વિચાર કર કે હું પાતે જ ઈશ્વર છું."

આ વિચાર આવતાની સાથે જ ડૉ. સ્મિથની ડગમગતી શ્રદ્ધામાં ચેતન આવ્યું. અનિશ્ચિતતાની ઘડી લગભગ પૂરી થઈ. બાઈબલના સૂત્રે ડૉ. સ્મિથના હૃદયમાં અનેરો પ્રકાશ પ્રગટાવ્યો અને તેમની ડગમગતી શ્રદ્ધાની દિવેટમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનું અમોલ ઘી રેડાયું અને શ્રદ્ધાનો દીપક વધારે વેગથી ઝળહળી ઊઠયો. અને ડૉ. સ્મિથના મનમાં અચાનક અવાજ આવ્યો કે "જેનો તું પ્રચાર કરે છે તેને જ તું તારા આચરણમાં મૂક." અને તરત જ તેમણે ટેલિફોનનું રિસિવર મૂકી દીધું અને ઘૂંટણે પડી એકાગ્ર ચિત્તે તેઓ પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા.

"હે સર્વ જગતના પિતા! મારી સર્વ શકિત ને પ્રાણ પાથરીને તારા પ્રત્યે પ્રાર્થના કરીને હું વિનવું છું કે મારા નાના પુત્રની જિંદગી બચાવ! અને એને મૃત્યુના મુખમાંથી તું ઉગારી લે. જો મારા પુત્રનું મૃત્યુ નિશ્ચિત જ હોય તો હું લાચાર છું. આટલો સમય મારા પુત્રને મારી સાથે રહેવા દીધો એટલા માટે તારો ખૂબ ખૂબ આભાર."

હજુ ડૉ. સ્મિથ આભાર માની રહ્યા છે તેટલામાં તો જાણે કે પરમ કૃપાળુ પરમેશ્વરે ડૉ. સ્મિથની પ્રાર્થના સાંભળી હોય એમ એના જવાબ રૂપે ટેલિફોનની ઘંટડી વાગી. તે ટેલિફોન હોલીવૂડના ડૉક્ટરનો હતો. ટલિફોનમાં ડૉક્ટરે કહ્યું કે "હમણાં મને સમાચાર મળ્યા છે કે એક જાણીતા વિદેશના સર્જન તમારા ગામમાં આજે આવવાના છે. તમને એ ચોક્કસ મદદ કરશે. તમે એમનો સંપર્ક સાધો." એમનું નામ અને સરનામું ડૉ. સ્મિથને તેમણે આપ્યા.

વિદેશના એ ડૉક્ટરનું નામ ગોખતાં ગોખતાં પાદરી ડૉ. સ્મિથ પોતાની સાયકલ લઈને તે સર્જનને બોલાવવા દોડી ગયા. કાળી માઝમ રાતની અંધારી ગલીકૂંચીઓમાં પસાર થઈને તે યુરોપિયન ડૉક્ટરના ઘેર પહોંચ્યા. યુરોપિયન ડૉક્ટર પોતાના ઘરના દરવાજા આગળ ઉભા હતા. તેઓ બહાર ફરવા જવાની તૈયારી કરતા હતા. ત્યાં પાદરી ડૉ. સ્મિથ ખૂબ ગભરાયેલા અવાજે બોલ્યા, "ડૉક્ટર! મારા પુત્રને શ્વાસપેટીમાં સોજો આવી ગયો છે." આટલા શબ્દો તો તે મહાપરાણે બોલી શકયા. યુરોપિયન ડૉક્ટર કટોકટીનો સમય જાણી તરત જ પોતાની ડૉકટરી બેગ લઈને ટેક્સી બોલાવી ડૉ. સ્મિથ સાથે તેના ઘેર ગયા.

ફકત દશ મિનિટમાં જ યુરોપિયન સર્જને ડૉ. સ્મિથના બાળકને રસોડાના ટેબલ ઉપર સુવાડીને શ્વાસનળીને ઉઘાડવાનું (Tracheotomy) ઓપરેશન કર્યું. અને તરત જ ડૉ. સ્મિથનો પુત્ર સારી રીતે શ્વાસ લેવા માંડયો. જો જરાક વધારે મોડું થયું હોત તો ડૉ. સ્મિથના પુત્રનો જાન જોખમમાં હતો.

પાદરી ડૉ. સ્મિથના અનુયાયીઓએ તેમની ઉપર વિતેલી કથા જ્યારે સાંભળી ત્યારે સહુ કોઈ બોલી ઊઠયું કે "તમે ખરા નસીબદાર છો?" આ સાંભળીને તેઓ આછું હસ્યા. એમને પોતાને હૃદયના ઊંડાણમાં ચોક્કસ ખાતરી હતી કે જો પોતાના બાળકની જિંદગી બચી ગઈ હોય તો તે પોતાના હૃદયમાં શ્રદ્ધાપૂર્વક ઈશ્વર પ્રત્યે કરેલી પ્રાર્થનાનું જ ફળ છે અને હતું.

જે પોતે પ્રચાર કરનારા હતા, જે બીજાઓને સલાહ આપતા હતા, તેવું જ જ્યારે પોતાના જીવનમાં આવ્યું અને તેમણે આચરણમાં ઉતારી બતાવ્યું ત્યારે જ દૈવી સંકેત થયો અને પરમ કૃપાળુ પરમાત્માએ એમના હૃદયનો અવાજ સાંભળ્યો અને તેમના પુત્રની જિંદગી બચાવી.

આ છે પ્રબળ પ્રાર્થનાની અગાધ શકિત!

મૂળ અંગ્રેજીના અનુવાદક:
– ડૉ. કેશવલાલ એમ. શાહ

દુખિયારો આરો આ દેશ!

ભાવિના ગર્ભમાં નજર પહોંચે છે ત્યાં સુધી તો મને એમ વરતાય છે કે આપણો દેશ હવે બે ભાગમાં વહેંચાઈ જવાનો. એક બાજુ હશે સર્વસત્તાધીશ સરકારી અમલદારો, જ્યારે બીજી બાજુ હશે જેમને નાગરિક તરીકે લેખી શકાય નહિ તેવા નિ:સહાય પ્રજાજનો.

સત્તાવાળાઓ જુલમ કરે, કરવેરા ઉઘરાવે, બીજી પણ ખરીખોટી રીતે પૈસા પડાવે એ બધાને તેઓ જીવનના એક સર્વસાધારણ ક્રમ તરીકે લેખતા થઈ જશે. એ બધું તદ્દન ખરું છે, બિલકુલ વ્યાજબી છે એમ જ તેઓ માનતા હશે. કોઈ પણ કામ કરાવવું હોય તો હાથ ગરમ કરવા પડશે. કૉર્ટ કચેરીમાં કેસો વર્ષો સુધી ચાલે છે અને કેસની મુદત પડી, કહીને લોકો પાછા ફરે છે. શું કહું કે જન - સાધારણની આ લાચારી ઉપર મને કેટલો ગુસ્સો આવે છે?

સમાજવાદી સમાજરચનાની અને માનવ માનવ વચ્ચેની સમાનતા સ્થાપવાની વાતો કરનારા લોકો આંખો પર ચશ્માં લગાડીને જુએ કે વાસ્તવમાં આપણી ચારે બાજુ શું થઈ રહ્યું છે?

પચાસ વર્ષ સાર્વજનિક કાર્યોમાં વીતાવ્યાં પછી હવે જ્યારે હું જોઉં છું કે, સાધારણ માણસોની હાલત શી થઈ ગઈ છે અને સરકારી કર્મચારીઓના હાથમાં કેટલી શકિત આવી ગઈ છે, ત્યારે મને પારાવાર દુ:ખ થાય છે.

આ સ્વરાજ્ય ચોક્કસ એ સ્વરાજ્ય નથી કે જેને માટે મેં કામ કર્યું હતું. દુખિયારા મારા આ દેશમાં જે કાંઈ થઈ રહ્યું છે તે જોવા હું જીવતો રહ્યો છું એ બદલ મને ગ્લાનિ નીપજે છે.

રાજકર્તાઓને મારે એટલું જ કહેવાનું કે, જેમણે આત્મસન્માન પૂરેપૂરું ગુમાવેલું છે, લાંચ લેવી ને દેવી તેને જેઓ સાધારણ જીવનક્રમ લેખે છે તથા જેઓ એવી માન્યતા સેવતા થઈ ગયા છે છે કે કાં તો આપણે સરકારમાં દાખલ થઈ બેજવાબદાર સત્તા ભોગવવી અથવા શોષણખોર તથા હીન વર્તાવનો ભોગ બનેલાઓના વર્ગમાં ભળી જવું, એવા લોકો પર રાજ્ય ચલાવવામાં ય શો સ્વાદ છે?

શ્રી શ્રીપ્રકાશ

સંઘના સભ્યોને વિજ્ઞપ્તિ–સંઘના જે જે સભ્યોનું ચાલુ વર્ષનું લવાજમ બાકી છે, તેમને વ્યાખ્યાનમાળાના સ્થળે અથવા સંઘના નવા કાર્યાલયમાં, પોતાનું લવાજમ સત્વર મોકલી આપવા નમ્ર છતાં આગ્રહભરી વિનંતિ છે. મંત્રીઓ.

બે યુવાન પર્વતારોહકોની રોમાંચક આરોહણકથા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૬-૭-૬૯ના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે ધી ગ્રેન, રાઈસ ઍન્ડ ઑઈલ સીડ્ઝ મરચન્ટ એસોસીએશનના હોલમાં, મનાલી બાજુએ આવેલા હનુમાન ટીબ્બા-નાં શિખરનું સફળ આરોહણ કરીને તાજેતરમાં પાછાં ફરેલાં કુમારી ઉષા ભટ્ટનું સંઘના પ્રમુખ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહની અધ્ય-ક્ષતા નીચે જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

ઉષાબહેનનો પરિચય

પ્રારંભમાં શ્રી ઉષાબહેનનો પરિચય આપતાં શ્રી. પરમાનંદ-ભાઈએ જણાવ્યું કે "મુંબઈમાં સી. પી. ટૅંક બાજુએ મુનિશ્રી સન્તબાલજીની પ્રેરણા નીચે કેટલાંક વર્ષોથી ઊભી કરવામાં આવેલ માતૃસમાજ નામની સંસ્થા, જેનું મુખ્ય સંચાલન આપણા સર્વના આદરણીય શ્રી. ચંચળબહેન ટી. જી. શાહ કરે છે, તે સંસ્થામાં કામ કરતાં સૌ. શશીબહેન, આજે આપણે જેમને અભિનન્દન આપવા માટે એકત્ર થયા છીએ તે કુમારી ઉષાબહેનનાં માતુશ્રી થાય.

આ ઉષાબહેનનો મેટ્રિક સુધીનો અભ્યાસ તદ્દન નાના ગામડાની ધુળી નિશાળથી શરૂ થઈ મુંબઈ જેવા મોટા શહેરમાં છૂટોછવાયો રહ્યો છે. મેટ્રિકથી બી. એ. સુધીનો અભ્યાસ તેમણે ભાવનગરની શામળદાસ કૉલેજમાં કર્યો. હાલ તેઓ એમ. એસ. સી. ના બીજા વર્ષમાં તાતા સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સમાં બહેનો તથા બાળકોનો ખાસ વિષય લઈ ચેમ્બૂરમાં અભ્યાસ કરે છે. તેમનો ઉછેર ગામડામાં થયો હોઈ તેમનામાં નીડરતા, સાહસીક વૃત્તિ અને કુદરતી સૌંદર્ય સહેજે ખીલવા પામ્યા છે. તેમનામાં અનુભવાતું વાણી–ચાતુર્ય એ શહેરનાં શિક્ષણની ભેટ છે. બહેન ઉષામાં શહેર અને ગામડાનો સુભગ સમન્વય આપણને જોવા મળે છે.

ઉષાએ પ્રથમ આબુમાં, ગુજરાત યુનિવર્સિટી તરફથી આબુ ખાતે ચાલતા પર્વતારોહાણના કૅમ્પમાં ભાવનગર શામળદાસ કૉલેજ તરફથી ચૂંટાઈને તેને લગતી તાલીમમાં 'એ' ગ્રેડ મેળવ્યો, જેથી કરીને એ જ વર્ષમાં તેમને ગુજરાત સરકારે બૅઝીક કૉર્સની તાલીમ લેવા મનાલી મોકલ્યાં. આમાં પણ તેમણે 'એ' ગ્રેડ મેળવ્યો. બીજા વર્ષે પણ ગુજરાત સરકારે તેમને મનાલી ઍડવાન્સ કૉર્સ માટે મોકલ્યાં. તેમાં પણ તેમણે 'એ' ગ્રેડ મેળવી પૂર્ણ સફળતા પ્રાપ્ત કરી.

આ વર્ષે ગુજરાત સરકારે ચાર બહેનોની એક ટુકડીને શેરપા વિના પ્રમાણમાં નાનાં છતાં પૂરી કસોટી કરનાર શિખરો પર આરો-હણ કરવા માટે તૈયાર કરી. આમાં ઉષાની પસંદગી થઈ અને આપણે જાણીને આનંદ અને ગર્વ અનુભવીએ છીએ કે ગુજરાતની આ ચારે બહેનો મનાલી બાજુએ ૧૯૫૧૦ ફીટની ઊંચાઈ ધરાવતા 'હનુમાન ટીબ્બા' પર સફળતાથી આરોહણ કરી શકી છે, એટલું જ નહિ પરંતુ જૂન માસની ૧૯, ૨૦, ૨૧ તારીખે બીજાં ૩ નાનાં શિખરો પર પણ આ બહેનોએ પૂરી સફળતાથી આરોહણ કર્યું છે. તેમની તંદુરસ્તી ઘણી સારી રહી શકી છે તે પરથી આપણને લાગે છે કે આ બહેનને પહાડની હવામાં જીવતાં આવડી ગયું છે. આજે તેમની ઉંમર ૨૨ વર્ષની છે.

આવા ઉષાબહેનને આપણા સંઘ તરફથી હું હાર્દિક અભિનંદન આપું છું અને તેમના પ્રસ્તુત શિખર–આરોહણના અનુભવો આપણને સંભળાવવા વિનંતિ કરું છું."

ત્યાર બાદ ઉષાબહેને નીચે મુજબ પ્રવચન કર્યું હતું:

ઉષાબહેન ભટ્ટનું પ્રવચન

ગુજરાત સરકારે એકલી બહેનોની ટુકડીને પર્વતારોહણ માટે મોકલવા નિમંત્રણ આપી જાણે અમને ચેલેંજ ફેંકી. એકલી બહેનોનું પર્વતારોહણ બહેનો માટે કસોટીરૂપ હતું. છતાં અમે ચાર બહેનો આને માટે તૈયાર થઈ. અમારાં લીડર ડૉલી શાહ હતાં. તેમની સાથે ડૉ. રેણુકા શાહ, રીટા પટેલ ને હું, એમ ત્રણ જણાં હતાં.

એક્સપીડીશન વેળા ડૉક્ટર તો જોઈએ જ. પર્વતારોહણમાં કોણ જાણે ક્યારે જરૂર પડે. અમે અમદાવાદમાં જ પર્વતારોહણ અંગેની પ્રાથમિક તૈયારીઓ કરી લીધી. પછી વિચાર્યું, કયું શિખર પસંદ કરવું? અમે જાણીજોઈને એક નાનું - ઓછી ઊંચાઈનું - શિખર પસંદ કર્યું. કારણ કે અમારી ટૂકડીની સફળતા વિષે શંકા હતી. વળી આમાં ગુજરાતની બહેનોના ગૌરવનો પણ પ્રશ્ન હતો. જો આ એક્સપીડીશન સફળ થાય તો બીજી એક્સપીડીશનો જઈ શકે, અને અંતે ઍવરેસ્ટ સુધી પહોંચવાનો બહેનોનો માર્ગ મોકળો થાય. અમદાવાદથી અમે અનાજ, ટીન્ડ ફ્રૂટ, હીમાનાં પૅકેટો વિગેરે ખરીદી બધું પૅક કર્યું.

અમદાવાદ છોડતાં અમને ખૂબ જ લાગણી થઈ આવી. અમને કંઈક બીક પણ હતી. અમારા સાહસ પાછળ ગુજરાતની અસંખ્ય બહેનોના ભવિષ્યની આશા સંકળાયેલી હતી. તેમના સ્વમાનનો પ્રશ્ન પણ હતો. બહેનોએ પણ અમને ઘણું વહાલ કર્યું. અમે સૌ સ્ટેશન છોડતી વેળા ગદ્‌ગદ્ થઈ ગયાં.

અમે મનાલી પહોંચ્યાં. ત્યાં વળી નવેસરથી પૅકિંગ કર્યું. દાર્જિ-લિંગથી અમે પર્વતારોહણનાં સાધનો મંગાવ્યાં હતાં, તે પૅક કર્યાં. કુલીઓ માટે અનાજ પણ મનાલીથી જ ખરીદી પૅક કર્યું. પૅક થયેલ સામાન અમે આપસમાં ઊંચકવા માટે વહેંચી લીધો. કેટલોક કુલી-ઓને આપ્યો. પૅકિંગ વેળાએ ધ્યાન રાખવાનું હતું કે ખોલતી વેળા બહુ ખટપટ ન કરવી પડે. એટલે બધાં અનાજ જુદાં જુદાં પૅક ન કર્યાં, પણ એક જ ડબ્બો ખોલતાં બધું રેશન મળી જાય તેમ પૅક કર્યું. કારણ કે, પૅકિંગ ખોલવામાં પર્વત ઉપર શક્તિ વેડફવાની નહોતી, ત્યાં તો શક્તિનો પ્રત્યેક અંશ કિંમતી હોય છે.

અમારા સૌના પાસે વ્યક્તિ દીઠ ૨૫ પૌંડ વજન ઊંચકવાનું આવ્યું. કુલ ૪૦ દાગીના હતા. એટલે ૪૦ મજૂરો જોઈએ. હવે અમને ખરી મુશીબત પડી. અત્યાર સુધીની એક્સપીડીશનમાં ભાઈઓ સાથે રહેતા એટલે મજૂરો રોકવાના કે એવાં બીજાં કામો તેઓ પતાવી દેતા. પણ અમારે હવે બધું જાતે જ કરી લેવાનું હતું. ૪૦ મજૂરો ક્યાંથી ગોતવા? મનાલી ઈન્સ્ટીટ્યૂટના પ્રિન્સિપાલે અમને ચેતવ્યાં હતાં કે મજૂરોના દર બગાડશો નહીં. કારણ કે બીજી ઘણી એક્સપીડીશનો પણ આવી હતી. બ્રિટિશ, અમેરિકન ને બીજા દેશોની એક્પીડીશનો હતી. અંતે મજૂરો તો આવ્યા અને અમે ઊપડ્યા.

અમે આગળ વધવાનો માર્ગ અગાઉથી નક્કી કર્યો હતો. પણ વળી અમને વિચાર આવ્યો કે આ માર્ગે તો ૧૯૬૬ માં પેટ્રિક જઈ ચૂક્યો છે એટલે નવા રસ્તે આગળ વધીએ. આ રસ્તો બિલકુલ બિવાસ - કુંડની પૂર્વ તરફનો હતો.

પણ અમને થયું કે આ ફેરફારની ગુજરાત સરકારને જાણ તો કરવી જોઈએ. કારણ અમને તેમણે મોકલ્યાં હતાં. એટલે અમે નવા રસ્તે જવા અંગે પુછાવ્યું. ગુજરાત સરકારે કહેવડાવ્યું: "તમને આત્મ-વિશ્વાસ હોય તો નવે રસ્તે જાવ." અમારે આ નવા રસ્તાનો નકશો જોઈતો હતો, પણ તે બરાબર ન મળ્યો. પણ આગળ જઈ આવેલા માણસોએ અમને માર્ગદર્શન આપ્યું. કંઈક કુલીઓ પણ રસ્તો જાણતા હતા એટલે ઈશ્વરને સહારે અમે તા. ૯ મીએ મનાલીથી આગળ વધ્યાં.

અમે લામ્પડુ નામના ૯૦૦૦ ફીટ ઊંચા ગામે જઈ પહેલો પડાવ નાંખ્યો. આ જગાએ પહોંચવાનો માર્ગ શોધવા માટે અમે ચારે બહેનોએ નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કર્યા હતા. બહેનોએ ૨૫ પૌંડ વજન ઊંચક્યું હતું. આથી પહેલા પડાવે પહોંચતાં સુધીમાં અમારાં સૌનાં શરીર કંઈક બગડ્યાં હતાં.

અમારી આસપાસ બરફ છવાયેલો હતો. હવે વિકટ માર્ગ આવતો હતો એટલે મજૂરોએ આગળ આવવા ના પાડી. અમે તેમને સમજાવ્યા; "તમે અમને અમારી સાથે આવવા વચન આપ્યાં છે,

અમે પણ શિખર ચઢવા માટે અમારા રાજ્યનાં પ્રજાજનોને વચન આપ્યાં છે. આપણે આપણાં વચનો તો પાળવાં જ જોઈએ." ઘણી સમજાવટના અંતે તેઓ અમારી સાથે આવવા કબૂલ થયા, પણ એક શરત કરી કે આગળ અમારે રહેવું. અમે એ શરત મંજૂર રાખી. કુલીઓમાં અમે ૧૦ બહેનોને પણ સાથે લીધી હતી. એવા વિચારથી કે કયારેક સમગ્ર એક્સપીડીશન મહિલાઓની જ કાઢવી હોય તો તે શકય છે કે નહીં. તેમને પ્રયોગ ખાતર સાથે લીધી હતી. પણ અમને ખ્યાલ આવ્યો કે બહેનોને આગળ લઈ જવી કેટલી મુશ્કેલ છે.

તા. ૧૦ મીએ અમે આગળ વધવાની તૈયારી કરી ત્યારે કુલીઓએ ઉપરને રસ્તે આગળ વધવાની ના પાડી. એટલે અમે નીચેને રસ્તે આગળ વધ્યાં અને બીજે કૅમ્પે પહોંચ્યાં. રસ્તામાં તોફાન હતું, પવન પણ ઘણો હતો. રાતે વરસાદ પડવાની શરૂઆત થઈ હતી. અમે સામાન ખોલી નાંખ્યો. ટેંટ નાંખી દીધા.

અહીં પણ ૪૦ કુલીમાંથી ૨૦ જણે આગળ આવવાની ના પાડી. તેમણે કહ્યું: "તમે તો મરવા આવ્યાં છો, અમારે મરવું નથી, અમારે તો ઘેર કોઈ રાહ જોનારું છે." એમ કહી ૪૦ માંથી ૨૦ જણ પાછા ગયા. ૧૦ માંથી છ બહેનો પાછી ગઈ. અમારી કસોટીની આ શરૂઆત હતી. કુદરત જાણે કસોટી કરી રહી હતી! અમે થોડો વધુ સમાન ઊંચકયો ને આગળ વધ્યાં. કવિ કાલીદાસે જેનું વર્ણન કર્યું છે તે ભોજપત્રનાં વન અહીં હતાં. હિમાલયની નદીઓ ત્યાંથી પસાર થઈ રહી હતી. અમને આગળ વધતાં વધતાં પળે પળે આશંકા થતી હતી કે નક્કર બરફનાં ચોસલાં જો તૂટયા તો? પણ શું થાય, બીજો કોઈ રસ્તો નહોતો. વળી લુઝ (ઢીલા થયેલા) પથ્થરનો ખ્યાલ ન રાખીએ તો યે મરવા વારો હતો. બાજુમાં મોટી મોટી ખીણો હતી. ઘણી વાર ચારે બાજુ એકલું પાણી જ નજરે ચડતું તો ઘણી વાર કેવળ બરફ, તો કોઈ કોઈ વેળા ગીચ જંગલો જ ચાલ્યાં આવતાં. દરેક પ્રકારે મુશીબત જ મુસીબત હતી. કુદરતે જાણે કે અમને ચેલેંજ જ ફેંકી હતી કે આવો છોકરીઓ તમારો ને મારો સામનો છે જોઈએ કોણ જીતે છે? એટલે અમે અમારે ધારેલે મુકામે સાંજે પાંચ સુધી યે ન પહોંચ્યાં. બહેનો ઘણી થાકી ગઈ હતી. અમે ત્યાં એક બે ટેન્ટ ઠોકી રાત વિતાવી.

અમને હવે શંકા થઈ કે આગળ વધીશકીશું કે કેમ? હવેનો રસ્તો કેવો હશે? આ તબક્કે બીજા પાંચ મજૂરોએ પણ આગળ આવવા ના પાડી. અમે આવી મુશીબતોથી હવે ટેવાઈ ગયાં હતાં. એટલે રક-ઝક કર્યા વિના તેમને જવા દઈ સૌએ થોડો થોડો સામાન વધુ ઉપાડયો.

અમારી યોજના મુજબ એપ્રોચ માર્ગ ત્રણ દિવસનો હતો. એટલે અમને થયું કે અમે જો ત્રણ દિવસ પહેલાં કેમ્પ પર નહીં પહોંચીએ તો ગુજરાત સરકારને ચિંતા થશે. અને કદાચ એક્સપીડીશન રદ કરી અમને પાછાં યે બોલાવી લેશે!

અમારી પાસે હવે સમાન વધારે હતો. રસ્તો ભયાનક હતો. નીચે નદીનાં જળ ખળખળ કરતાં વહેતાં હતાં, ઉપરનાં બરફનાં ચોસલાં પર અમે આગળ વધી રહ્યાં હતાં. અમે એક રીતે કહીએ તો પાણી પર જ ચાલતાં હતાં. આમ ને આમ ક્લાકેક ચાલ્યા પછી ખબર પડી કે આગળનો બરફ તૂટી ગયો હતો. આમ અમારો આગળનો રસ્તો બંધ થયો. પાછળનો રસ્તો પણ હવે તો અશકય જ લાગતો હતો. એટલે પાછળ જવાનો ય વિચાર માંડીવાળ્યો.

એક્સપીડીશનમાં દરેકની શકિતનો ઉપયોગ કરવામાં આવે છે. દરેકને કંઈ ને કંઈ કામ સોંપવું જોઈએ. અમારામાંથી બે જણાંની તબિયત ખરાબ થઈ હતી તેમને આરામ કરવા કહ્યું. બે જણાં આગળનો રસ્તો શોધવા ગયાં. જમણી તરફ જંગલ હતું, રસ્તો ન હતો. અમે પાછાં આવ્યાં નિરાશ થઈને. શું એક્સપીડીશન નિષ્ફળ જશે? એવી ચિંતા કરતાં હતાં.

અમારો પાંચમો દિવસ હતો. આગળ વધતાં છઠ્ઠો દિવસ થઈ જશે. ચોમાસુ શરૂ થઈ ચૂકયું છે. અમને એકવાર તો થઈ ગયું કે સફળ નહીં થઈએ, પણ હિમત ન હાર્યાં.

બીજે દિવસે અમે ફરી રસ્તો શોધવા ગયાં. જંગલમાં થડ કાપી સ્ટેપ બનાવ્યાં. પાંચમે દિવસે આમ અમે રસ્તો બનાવ્યો ને આગળ વધવા તૈયાર થયાં ત્યાં ૧૦ મજૂરોમાંના ત્રણ જણાએ આગળ આવવા ના પાડી. અમે તેમને છૂટા કર્યા. નવ કુલીને બીજા બે મજૂરોનો બધો સામાન વહેંચી અમે આગળ વધ્યાં. અને તા. ૧૨ મીએ અમે બેઝ કેમ્પ ઉપર ૧૧,૫૦૦ ફૂટ ઊંચે પહોંચવામાં સફળ થયાં.

બેઝ કેમ્પ ઉપર બરફની જગાએ જમીન હતી. નાનાં નાનાં અસંખ્ય ફૂલ ખીલી ઊઠયાં હતાં. જાણે કે ભગવાને અમને ફૂલની પથારી કરી આવકાર્યા ન હોય!

આરામ લીધા વિના જ અમે સામાન તપાસી લઈ આગળ વધ્યાં. ઊંચે ચઢતીવેળા સામાનની ચકાસણી રાખવી પડે છે. અમે મીલીટરી પાસેથી કોન્ફ્રોરેશનના ત્રણ ડબ્બા લીધા હતા. તેના પર અમારો ઘણો ભરોસો હતો. લશ્કરી અધિકારીઓના જણાવવા મુજબ તેમાંથી પરોઠા અને શાક તેમ જ બીજી ખાદ્ય વાનગીઓ નીકળનાર હતી. એટલે વધુ અનાજનું વજન બેઝ કેમ્પમાં જ મૂકી અમે કેવળ ટીન્ડ ફ્રૂટ ને કોન્ફ્રોરેશન લઈને આગળ ચાલ્યાં.

આ નવી સાઈડ હતી. વધુ મુશ્કેલી અમારા સામાનની હતી. મજૂરો ચાલી જતાં અમારે વધુ બોજ ઊંચકવો પડયો હતો. તેમ છતાં અમે ૧૪,૫૦૦ ફીટ ઉપર બીજો કેમ્પ નાંખ્યો. અમારે ડગલે ને પગલે હવે બરફનો સામનો કરવો પડતો હતો. હિમાલય જાણે કે એમ કહી રહ્યો હતો કે જે કોઈ અમારા સ્ટાન્ડર્ડ પર નહીં આવે તેનો સ્વીકાર નહીં કરીએ. હિમાલયની પર્સનાલીટી જ જૂદી છે. શરદી, ઉધરસ, ઉંઘ આવવી, શ્વાસ લેવાની મુશ્કેલી, માથાનો દુ:ખાવો આવું બધું સહજ થયા કરે. માણસ શોર્ટ ટેમ્પર થઈ જાય. તે વેળા એકબીજાને સંભાળી લેવું પડે.

હિમાલયની બીજી વિશેષતા ક્ષણે ક્ષણે બદલાતું હવામાન છે. સૂર્ય ઊગે ત્યારે ગરમી લાગે છે. જાણે કે ચારે બાજુ આગ સળગતી હોય તેવું લાગે છે. સૂર્ય આગળ વાદળ આવે અને સૂર્ય ઢંકાય ત્યારે સખત ઠંડી પડે. બધાં ય કપડાં ઓછાં પડે. આ બધાથી ટક્કર ન ઝીલે એ હિમાલયમાં ન રહી શકે. અહીં ઊલટી થાય ત્યારે શરીરને સાચવવું પડે. ભૂખ ન હોય તો ય ખાવું પડે. એ વેળા જાણે કે શરીર પર બળાત્કાર કરતાં હોઈએ એવું લાગે.

હિમાલય એ પહાડ ચડવાની રમત – ગમતનો રાજા છે. અહીં તમને ખાટું–ખારું–તીખું ખાવાનું ઘણું મન થાય પણ ડાકતરની સલાહ મુજબ જ ખાવું પડે. વળી અનાજનો મર્યાદિત જથ્થો હોવાથી તે ઝડપથી વપરાઈ ન જાય તેનીયે દરકાર રાખવી જોઈએ. કદિક ન ભાવે તેવું ખાવું પડે. ઊલટી થાય તો મુશ્કેલી પડે, નબળાઈ આવે.

અહીં આપણને લાગે છે કે શરીર, મન, બુદ્ધિ ને આત્મા એ જુદી જુદી વસ્તુઓ છે. બેઝ કેમ્પ પર જ તેનો ખ્યાલ આવી જાય છે. એ વેળા ઘર યાદ આવે છે. ઘરનાં કહે છે કે તમે કહો છો તે સાચું કહો છો. મન આરામ કરવા પ્રેરે છે, બુદ્ધિ સાહસ અને નવું નવું જોવા તરફ પ્રેરે છે. ગ્લેસીયર જાણે કે પૂછી રહ્યાં છે કે, મરવા તૈયાર છો? આ પળે પ્રશ્ન થાય છે કે તમે પોતે કોણ છો? કારણ કે તમારાં મન, બુદ્ધિ અને શરીર જુદી જુદી વાત કરે છે. આ વેળા કોઈક વસ્તુ પ્રેરણા દે છે. કોણ હશે એ? બેઝ કેમ્પમાં જ જે નિષ્ફળ જાય તે આગળ ન વધી શકે.

પહેલા કેમ્પે અમે ૧૪,૫૦૦ ફીટ ઊંચાઈએ પહોંચ્યાં. અહીંનું અલૌકિક દર્શન હતું. વાદળ પણ અમારા પગ નીચે આવતાં હતાં. તમે આવી પળે જરૂર ગૌરવ અનુભવો કે કુદરત સાથે તમે છો. પણ અહીં તમારે તમારી રીતે નહીં પણ કુદરતની રીતે રહેવું પડશે. રોજની જેમ ન્હાવા–ધોવાની, બ્રશ કરવાની કે વાળ ઓળવાની કડાકૂટ અહીં કરવાની રહેતી નથી. અહીં માનવીની અલગ 'આઈડેન્ટીટી' (વ્યકિતત્વ) બંધ કરવી પડે છે. અમે ટેવાઈ ગયાં હતાં. એટલે કહ્યું રીલેક્ષ થાઓ. જેમ રહેવું હોય તેમ રહો. આપૂર્ણ

ઝગોરશ્ક (મોસ્કો)માં રુસના સર્વ ધર્મ-પ્રતિનિધિઓના આંતરરાષ્ટ્રીય સહયોગ તથા શાંતિ માટે આયોજિત

☆ સર્વ ધર્મ—સંમેલનમાં અપાયેલ અભિભાષણ ☆

[રશિયામાં તા. ૧-૭-૬૯ થી તા. ૪-૭-૬૯ સુધી 'ધર્મ પરિષદ' યોજાયેલ હતી. તેમાં પં. મુનિ શ્રી. સુશીલકુમારજીના પ્રતિનિધિ તરીકે શ્રી. અ. ભા. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સના માનદ્‌મંત્રી શ્રી. શાંતિલાલ વનમાળી શેઠ, ઝગોરશ્ક—મોસ્કો ગયા હતા. ત્યાં તેમણે આપેલ ભાષણ અત્રે આપેલ છે. — તંત્રી]

માનનીય અધ્યક્ષ મહોદય,

વિશ્વશાંતિના પ્રબળ સમર્થક પ્રતિનિધિગણ તથા શાન્તિ-પ્રિય સાથીઓ,

સર્વ પ્રથમ હું આ સંમેલનના આયોજકોને હાર્દિક અભિનંદન આપું છું કે, જેમણે માનવતાવાદી માર્કર્સ, ટોલ્સટોય અને લેનિનની કર્મભૂમિ—આ સોવિયેટ સંઘ—માં માનવતાના મૂલ્યાંકન કરવાની અમને તક આપી છે.

મને આ બાબતનું ગૌરવ છે કે, આજે હું એક એવા મહાન પ્રાચીન જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું કે જે ધર્મના પ્રરૂપક ભગવાન મહાવીરનું પ્રાણતત્ત્વ તેમ જ જીવન મંત્ર જ — 'સમતા સર્વભૂતેષુ' સર્વ જીવો પ્રતિ સામ્ય ભાવ રહ્યો છે અને જેણે સહ-અસ્તિત્વ, પરસ્પર સહયોગ દ્વારા વિશ્વને શાંતિ અને મૈત્રીનો જીવનસંદેશ આપ્યો છે. શ્રી મહાવીર અહિંસામૂલક સામ્યવાદ સિદ્ધાન્તના મુખ્ય ઉદ્‌ઘોષક, પ્રબળ સમર્થક, પ્રરૂપક અને પ્રહરી હતા.

આજે જે સહઅસ્તિત્વ તેમ જ શાંતિની પવિત્ર ભાવનાથી આ સંમેલન યોજ્યું છે એ જ વિશ્વશાંતિ અને વિશ્વમૈત્રી સ્થાપવાના મહાન ઉદ્દેશથી ભારતીય સમન્વય સંસ્કૃતિના પ્રખર સ્વરવાહક તેજસ્વી જૈન સંત મુનિશ્રી સુશીલકુમારજી મહારાજની પ્રેરણાથી ભારતમાં મુંબઈ, દિલ્હી, કલકત્તા વગેરે સ્થળોએ ત્રણ વિશ્વધર્મ સંમેલન સફળતાપૂર્વક થયા છે. તે પૈકી દિલ્હી સંમેલનમાં તો આપને ત્યાંના ત્રણ મહાનુભાવો—પ્રતિનિધિઓ—એ ભાગ લીધો હતો, એ સંતોષનો વિષય છે. મુનિશ્રી સુશીલકુમારજી મ. પોતાની પરંપરાની મર્યાદાનુસાર અહિં સાક્ષાત હાજર રહી શકયા નથી, છતાં વિશ્વ-ધર્મ સંમેલન દ્વારા વિશ્વશાંતિ અને મૈત્રી સ્થાપિત થઈ શકે છે એવો તેમને વિશ્વાસ છે. તેઓએ આ સંમેલનની સફળતા માટે પોતાની શુભ કામનાઓ મોકલી છે અને આગામી ફેબ્રુઆરી ૧૯૭૦ માં દિલ્હીમાં મળનારા ચોથા વિશ્વધર્મ સંમેલનમાં સંમિલિત થવા માટે સપ્રેમ આમંત્રણ મોકલ્યું છે. આજે તેમના જ એક પ્રતિનિધિરૂપે આ પવિત્ર શાંતિયજ્ઞમાં સંમિલિત થવામાં હું ગૌરવ અનુભવું છું.

એ મોટા સૌભાગ્યની વાત છે કે, આપણે આ શાંતિયજ્ઞનું મંગલાચરણ એવા શુભ અવસરે કરી રહ્યા છીએ કે જ્યારે અહિંસક સમાજક્રાન્તિના અગ્રદૂત શ્રી મહાવીરની ૨૫ મી નિર્વાણ શતાબ્દી, અહિંસાના મહાન પ્રયોગવીર મહાત્મા ગાંધીની જન્મશતાબ્દી તેમજ માનવતાવાદી મહાન નેતા લેનિનની શતાબ્દિ ઉજવી રહ્યા છીએ. વિશ્વશાંતિના પુરસ્કર્તા આ મહાપુરુષોના જીવનમાંથી પવિત્ર પ્રેરણા મેળવીને માનવસમાજને એક વિશ્વકુટુમ્બના રૂપમાં અખંડ બનાવવાનો સતસંકલ્પ કરે, એ જ તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ હશે.

વિશ્વના બધા રાષ્ટ્રો શાંતિ અને મૈત્રી ઈચ્છે છે, કારણ કે પ્રત્યેક રાષ્ટ્ર તેમ જ વ્યક્તિ, હિંસાના દુષ્પરિણામોથી ભયાક્રાન્ત છે. હિંસક ક્રાન્તિનો યુગ સમાપ્ત થયો છે. હિંસા, વૈમનસ્ય, વિદ્વેષની જગ્યાએ આજે અહિંસા અને વિજ્ઞાનના સમન્વયનો અને સમતા તથા શાંતિનો યુગ આવી રહ્યો છે. આ આવનાર અહિંસાયુગનું એ આહ્‌વાન છે કે, વિષમતા તથા વિસંવાદિતાથી દૂર રહીને, સમતા—શાન્તિ તથા શ્રમતાના આધાર બનીને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ તથા પારસ્પરિક સહયોગ વડે સમગ્ર વિશ્વમાં શાંતિ અને મૈત્રીનું મધુર વાતાવરણ પેદા કરે.

વર્તમાન યુગમાં બે પ્રયોગ ચાલી રહ્યા છે: એક આણુનો—અસ્ત્રનો તથા યુદ્ધનો અને બીજો પ્રયોગ સહઅસ્તિત્વ, પારસ્પારિક સહયોગ અને શાંતિનો. એક ભૌતિક છે, બીજો આધ્યાત્મિક છે. એક મારક છે, બીજો તારક છે; એક મૃત્યુ છે, બીજો જીવન છે; એક વિષપ્રયોગ છે, બીજો અમૃતપ્રયોગ છે.

સહઅસ્તિત્વ તથા પારસ્પરિક સહયોગનો એ નાદ છે કે:— આવો, આપણે બધા મળીને ચાલીએ, મળીને બેસીએ, મળીને વિચારીએ, મળીને પ્રશ્નો ઉકેલીએ, ખભેખભા મિલાવીને સૌ કલ્યાણના માર્ગ પર આગળ વધતા જઈએ અર્થાત આપણે માનવો હળીમળીને રહીએ. પરસ્પર વિચારોમાં ભેદ હોય તો કોઈ ભય નહિ. કાર્ય કરવાની પદ્ધતિ જુદી હોય તો કોઈ હરકત નહિ, વિચારવાની સૂઝ અલગ હોય તો કોઈ ડર નહિ, કેમકે સૌનાં શરીર ભલે જુદાં હોય, પરંતુ મન સૌનું એક છે. આપણા સુખદુ:ખ એકબીજાના સુખદુ:ખ છે. આપણી સમસ્યાઓ સમાન છે, કેમકે આપણે બધા માનવ છીએ અને માનવ એક સાથે રહી શકે છે—વિખરાઈને નહિ, બગડીને નહિ.

જે આણુઅસ્ત્ર કે યુદ્ધમાં વિશ્વાસ કરે છે તે ભૌતિક શક્તિનો પૂજારી છે. તે પોતાની જીવનયાત્રા આણુઅસ્ત્ર પર ચલાવી રહ્યો છે, પરંતુ જે સહઅસ્તિત્વ તેમ જ પારસ્પરિક સહયોગમાં વિશ્વાસ કરે છે તે આધ્યાત્મવાદી છે. પશ્ચિમી રાષ્ટ્ર અધિક ભૌતિકવાદી છે, જ્યારે પૂર્વના રાષ્ટ્રો આધ્યાત્મવાદી છે. એક દેહ પર શાસન કરી રહેલ છે અને બીજો દેહી પર. એક તીર—તલવાર પર વિશ્વાસ રાખે છે અને બીજો માનવના અંતરમનમાં, માનવના સહજ સ્વાભાવિક સ્નેહશીલતામાં. એક મુક્કો ઉગામીને સામે આવે છે અને બીજો મળવા માટે પ્યારનો, શાંતિનો તથા મૈત્રીનો હાથ લંબાવે છે.

આખરે જીવનધર્મ શું છે? સર્વ પ્રતિ મંગલ ભાવના, કામના. સૌના સુખમાં સુખ—બુદ્ધિ અને દુ:ખમાં દુ:ખ—બુદ્ધિ. સમતા—યોગની, સર્વોદયની આ વિરાટ અને પવિત્ર ભાવનાને "ધર્મ"ના નામથી સંબોધવામાં આવે છે. અહિંસા, સંયમ અને તપમૂલક મંગલ-ધર્મના પાલનથી જ વિશ્વકલ્યાણ સંભવિત છે.

બધા ધર્મો કેવળ માનવ—માનવ વચ્ચે જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના પ્રાણીઓ પ્રતિ સ્નેહ—સદ્‌ભાવ, મૈત્રીભાવ, ગુણીજનો પ્રતિ પ્રમોદભાવ, દુ:ખી પ્રાણીઓ પ્રતિ કરુણાભાવ તેમ જ દુશ્મનો પ્રતિ માધ્યસ્થ્યભાવ સ્થાપવા મથે છે. જે ધર્મ રંગભેદ, વર્ણભેદ કે ક્ષેત્રભેદને લઈ માનવ માનવ વચ્ચે ફાટ પાડે છે, તિરસ્કાર, નફરત પેદા કરે છે તે ખરી રીતે ધર્મ નથી, તે તો કેવળ ધર્મ-ભ્રમ છે. મનુષ્ય એટલા માટે ધર્મનું પાલન કરે છે કે સાચા અર્થમાં 'માનવ' બને. માનવતા જ ધર્મની આધારશીલા છે. જ્યાં માનવતા કે સર્વોદયની ભાવના નથી, ત્યાં 'ધર્મત્વ' નથી. જ્યારે માનવતાનો જીવનમાં સાક્ષાત્કાર થઈ જાય છે ત્યારે પ્રત્યેક માનવ આ ધ્યેય-લક્ષી બની જાય છે કે, 'હું સર્વ પ્રથમ માનવ છું, હું મારો માનવ-ધર્મ સમજું અને માનવસમાજના કલ્યાણ માટે જીવું, આ મારું પહેલું કર્તવ્ય છે. કારણ કે, બધા ધર્મો મહાન છે, પરંતુ માનવ-ધર્મ તો તેનાથી પણ મહાનતમ છે. જ્યારે માનવધર્મનો જીવનમાં સાક્ષાત્કાર થઈ જાય છે ત્યારે પોતાના માનેલા રાષ્ટ્ર, સમાજ તથા ધર્મના સીમા—બંધન તૂટી જાય છે અને 'વસુધૈવ કુટુમ્બક'ની

વિરાટ ભાવના આપોઆપ પેદા થાય છે. આ મહાન માનવધર્મ એટલો સીધો સાદો છે કે, તેને એક જ વાક્ય–'આત્મવત સર્વ ભૂતેષુ'માં પ્રગટ કરી શકાય છે.

ભગવાન મહાવીર સમતા, શાંતિ, શ્રમશીલતાને પોતાનું ધ્યેય બનાવીને 'શ્રમણ' બન્યા હતા અને તેમની શ્રમણસંસ્કૃતિનો મૂળ મંત્ર પણ સહઅસ્તિત્વ અને વિશ્વશાંતિ હતો.

આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે, માનવતા અને સમાનતાના પ્રખર સ્વરવાહક, અહિંસક સમાજક્રાંતિના અગ્રદૂત મહામાનવ મહાવીરે આધ્યાત્મિકતાના આધાર અહિંસા, અનેકાન્ત તેમ જ અપરિગ્રહ દ્વારા 'જીવો અને જીવવા દો'નો જીવનસંદેશ આપ્યો હતો. મહામાનવ મહાવીરે માનવધર્મનું સ્વરૂપ બતાવતાં સ્પષ્ટ ઉદ્‌ઘોષણા કરી કે, 'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંયમો તવો.' 'જે ધર્મ અહિંસા, સંયમ અને તપપ્રધાન હોય છે તે સર્વદા વિશ્વકલ્યાણકારી–મંગલમય જ હોય. તેમના સમગ્ર જીવન અને ઉપદેશનો સાર, 'આચારમાં સંપૂર્ણ અહિંસા અને વિચારમાં અનેકાન્તવાદ' હતો. અહિંસા દ્વારા વિશ્વશાંતિ અને અનેકાન્ત દ્વારા વિશ્વમૈત્રીનો મૂળ મંત્ર આપ્યો હતો. શ્રી મહાવીરે જીવનની સમતા તેમ જ શાંતિ માટે અહિંસાના ત્રણ રૂપ બતાવ્યાં છે: સમાનતા, પ્રેમ અને સેવા.

સમાનતા: દરેક પ્રાણીને આત્મતુલ્ય સમજો, એ જ સામાજિક ભાવનાનો મૂલાધાર છે. તેમનો ઉદ્‌ઘોષ એ હતો કે–

'સૌ પ્રાણીઓને પોતાની જિંદગી વહાલી છે. સૌને સુખ સારું લાગે છે, દુઃખ બૂરું લાગે છે. વધ સૌને અપ્રિય છે અને જીવન પ્રિય છે. સૌ પ્રાણીઓ જીવવા ઈચ્છે છે, માટે કોઈ પ્રાણીની હિંસા ન કરો. (આચારાંગ સૂત્ર)

'જેને તું મારવા ઈચ્છે છે તે તું જ છે.'

'જેને તું પરિતાપ આપવા ઈચ્છે છે, તે તું જ છે.'

પ્રેમ: જે વ્યક્તિ નિકટ પરિચયમાં આવે છે તેની સાથે વિગ્રહ કે વિરોધ ન કર. પ્રત્યેક વ્યક્તિને પોતાને બંધુ સમજ અને તેના પ્રત્યે મૈત્રીભાવનાનો, વિશ્વવાત્સલ્યનો વિકાસ કર. 'મિત્તિમે સવ્વ ભૂએસુ' સૌ પ્રત્યે મારો મૈત્રીભાવ છે–આ પ્રેમનો સંદેશ છે.

સેવા: સામાજિક સંબંધોની મધુરતા તથા આનંદનો મૂળ સ્રોત છે. જ્યાં બે વ્યક્તિઓમાં પરસ્પર સહયોગ નહિ, ત્યાં સામાજિક સંબંધ કેટલા દિવસ ટકે? સેવાના ક્ષેત્રમાં મહાવીરે જે સૌથી મોટી વાત કહી તે આ હતી, કે **મારી ઉપાસના કરતાં પણ અધિક મહાન છે, કોઈ વૃદ્ધ, રોગી અને અસહાય મનુષ્ય અને પ્રાણીની સેવા!** સેવા વડે વ્યક્તિ, સાધનાનું ઉચ્ચતમ પદ–તીર્થંકરત્વને પામી શકે છે.

અહિંસાની આ ત્રિવેણી અહંકારની ક્લુષતાને ધૂએ છે, પ્રેમ અને મૈત્રીની મધુરતા વહાવે છે અને સેવા–સહયોગને ફળદ્રુપ બનાવીને સર્વતોમુખી વિશ્વકલ્યાણની ભાવના પેદા કરે છે. વાસ્તવમાં 'અહિંસા' જીવનસંસ્કૃતિનો પ્રાણ છે. માનવીય ચિંતનનું નવનીત છે. સમતા અને માનવતાનો મૂલાધાર છે. જ્ઞાનનો સાર છે. વૈરથી વૈર શાન્ત થતું નથી, પણ વૈરભાવનું શમન કરવાથી જ મૈત્રીભાવના પેદા થાય છે. વસ્તુતઃ સર્વ ભૂત હિતકારી અહિંસા ભગવતી છે. એટલા માટે અહિંસાને પરમ બ્રહ્મ રૂપ કહી છે.

જો વિશ્વના નાગરિક દ્વારા મહાવીર પ્રરૂપિત અહિંસાને જીવનમાં ઉતારવામાં આવે તો વિષમતા સમતા રૂપે પરિવર્તિત થઈ જાય અને વિશ્વશાંતિ સ્થપાય.

ભગવાન મહાવીરનું બીજું ઋણ 'અનેકાન્ત દૃષ્ટિ' છે. અનેકાન્ત દૃષ્ટિ યા સ્યાદવાદક કથનશૈલી પણ વૈચારિક અહિંસાની જ એક પ્રણાલી છે. સહિષ્ણુતા–સમન્વયદર્શિતા તેમ જ ઉદારતા અનેકાન્તનું પ્રકટ સ્વરૂપ છે. પારસ્પરિક વિવાદોને મિટાવીને, વિશ્વમૈત્રી સ્થાપવાની એક વ્યવહારિક પ્રક્રિયા છે. 'જે સત્ય છે તે મારું છે અને બીજાની સાચી વાત પણ સ્વીકાર્ય અને સાચી હોઈ શકે છે.'–જો આ અનેકાન્તને જીવનદૃષ્ટિમાં અપનાવવામાં આવે, તો વિશ્વના બધા વૈચારિક દ્વન્દ્વો જ સમાપ્ત થઈ શકે છે. આનાગ્રહવૃત્તિ અને મધ્યસ્થ બુદ્ધિનો સમન્વય જ 'અનેકાન્ત' કે સ્યાદ્વાદ છે. વિચારોના સમન્વય તથા પારસ્પરિક સહયોગ દ્વારા આપસના ઝગડા પતાવવા માટે અનેકાન્ત સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવે તો વિશ્વમૈત્રી સ્થાપવામાં તે ખૂબ સારો ભાગ ભજવી શકે છે. વિચારવાયુના રોગથી પીડિત માનવ સમાજને આરોગ્ય આપનાર આ એક અમોઘ ઔષધ છે. જો સ્યાદવાદ, અનેકાન્ત દૃષ્ટિનો સામાજિક તેમજ રાજકીય પ્રશ્નો હલ કરવામાં ઉપયોગ કરવામાં આવે તો વિશ્વનું ખેંચાખેંચીવાળું વાતાવરણ સમાપ્ત થઈ, તેને સ્થાને મૈત્રી અને શાન્તિની સ્થિતિ પેદા થઈ જાય.

ભગવાન મહાવીરના જીવનનો ત્રીજો સ્વર છે–અપરિગ્રહ. આસક્તિ જ જીવનના ઉપહાસનું મૂળ છે. આજે માનવસમાજ સ્વાર્થ, આશા, તૃષ્ણામાં એવી રીતે ગુંચવાઈ ગયો છે કે માનવીને પોતાના કર્તવ્યનું ભાન પણ નથી રહ્યું. એનું કારણ એ જ છે કે એક બાજુ ધનના ઢગલા છે તો બીજી બાજુ ભૂખમરો તેમ જ ગરિબીથી માનવી બેચેન બની રહ્યો છે.

સમાજના દુઃખદરિદ્રતાનું મૂળ સામાજિક વિષમતા જ છે. આ સામાજિક વિષમતાને દૂર કરવા માટે સમાજના ધનિક તેમ જ શ્રીમંત વર્ગને શ્રી મહાવીરે સર્વપ્રથમ એ જ ઉપદેશ આપ્યો હતો કે, 'ઈચ્છાઓને કાબૂમાં રાખો, ભોગ ભોગવવાની લાલસા પર સંયમ રાખો, અઢળક સંપત્તિ તેમ જ અગણિત દાસદાસીઓ જે તમારી સેવામાં છે તેમને મુક્ત કરો–કાં તો તેનું વિસર્જન કરો અથવા તો તેનું ઉચિત પ્રમાણમાં પરિણામ કરો.'

ગરીબી જાતે તો કોઈ સમસ્યા છે જ નહિ, પરંતુ અમીરોએ તેને એક સમસ્યા બનાવી દીધી છે. ખાડો જાતે કોઈ મહત્વનો નથી, પરંતુ પહાડોની અસીમ ઉંચાઈઓને કારણે જ ધરતી પર અનેક જગાએ ખાડા પેદા થયા છે. પહાડો તૂટે તો આપોઆપ ખાડા પૂરાઈ જાય તેવી જ રીતે સંપત્તિનું વિસર્જન થતાં આપોઆપ ગરીબી દૂર થઈ જાય.

અનુવાદક :
કપિલા ટી. શાહ,

મૂળ હિંદી
અપૂર્ણ શ્રી શાંતિલાલ વનમાળી શેઠ.

વિષય સૂચિ

		પૃષ્ઠ
સાંપ્રત રાજકરણના પ્રવાહો	ચીમનલાલ ચકુભાઈ શાહ	૯૫
પ્રકીર્ણ નોંધ: રાજકરણી આંધીનું તત્કાળ નિવારણ, રાષ્ટ્રભકત રાવસાહેબ પટવર્ધનનું દુઃખદ અવસાન, દાનવીર શ્રીમાન નાનજીભાઈ કાળીદાસનો સ્વર્ગવાસ, શ્રી ચન્દ્રકાન્ત વોરાનું દુઃખદ અવસાન, પ્રાધ્યાપક શ્રી. ગૌરીશંકર ગ્રાલાનું અભિનંદન, શ્રી બાબુભાઈ જી. શાહના નવા અનુદાન માટે હાર્દિક અભિનંદન, નવા નિમાયલા જે. પી. ઓ, સંઘના મકાન ફંડ અંગે.	પરમાનંદ	૯૮
પ્રાર્થનાનો પ્રભાવ	અનુ. ડૉ. કેશવલાલ એમ. શાહ	૧૦૦
અમારી વાત	મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ	૧૦૧
તમે જેવા છો તેવા જ રહેવાનું છે	જેમ્સ ડીલેટ ફ્રીમેન	૧૦૧
બે યુવાન પર્વતારોહકોની રોમાંચક આરોહણકથા		૧૦૪
સર્વ ધર્મ સંમેલનમાં અપાયેલ અભિભાષણ	શાન્તિલાલ વનમાળી શેઠ	૧૦૬
અવસાનનોંધની ઔપચારિક અવાસ્તવિકતા	ગગનવિહારી મહેતા	૧૦૮
'શુભ'જ 'શુદ્ધ' તરફ જવાનો સેતુ છે	વા. મો. શાહ	૧૦૮

અવસાન–નોંધની ઔપચારિક અવાસ્તવિકતા

મેં મારા કેટલાક મિત્રોને ચેતવણી આપી રાખી છે કે, જો અને જ્યારે મારા વિષે મૃત્યુનોંધ લખવાનો અવસર તમને પ્રાપ્ત થાય અને શક્ય છે કે એ દુ:ખદ અને અનિવાર્ય ઘટના બન્યા પછી તેમનામાંના કેટલાકને માટે એ અવસર ફરજના રૂપમાં પ્રાપ્ત થાય તો તેમણે કદાપિ "અમને ખોટ કદી પૂરી શકાવાની નથી." અથવા એમના ચાલી જવાથી સમાજમાં મોટું શૂન્ય પેદા થયું છે." વગેરે પ્રકારનાં વાક્યો વાપરવા નહીં, એટલું જ નહીં, મારા વિષેની લાંબી બિરદાવલીને અંતે "પ્રભુ એમના આત્માને શાંતિ આપો' એવી આશા વ્યક્ત કરવા વિષે પણ મેં એમને સાવધાન કર્યા છે.

વાસ્તવમાં, કોઈની ખોટ વણપૂરાયેલી રહેતી જ નથી. જગતનો ક્રમ ચાલ્યા જ કરે છે. જીવનનું ચક્ર અવિરતપણે ફર્યા જ કરે છે, સમય આગળ ને આગળ વહ્યે જ જાય છે. માણસ પોતાની અનિવાર્યતા વિષેનો ભ્રમ અમુક અંશે સ્વાભાવિક મનોવૈજ્ઞાનિક અહંતાને કારણે અને અમુક અંશે પોતાની જાત અને કાર્યોની વ્યાજબી ઠરાવવાના હેતુથી સેવે છે. પરંતુ હકીકતમાં તો 'ફલાણાભાઈના ૮૯ વર્ષની ઉંમરે અવસાન થવાથી ન પૂરાય એવી ખોટ પડી છે.' એવી બુલંદ ઘોષણા કરનારી પ્રત્યેક વ્યક્તિ પોતાના કામમાં એવી રીતે પરોવાઈ જાય છે કે જાણે પેલા અનિવાર્ય મહાપુરુષ કદી જન્મ્યા જ ન હતા.

પણ આ બધાનો કોઈ ઉપાય નથી. સમય 'આખરી અંજામ' આણનાર છે. માટે જ એને 'કાળ' કહ્યો છે. સંસ્કૃતમાં જેને મૃત્યુના પર્યાયરૂપ ગણવામાં આવે છે. ગીતામાં કૃષ્ણે કહ્યું છે કે, "હું જ સંહાર છું.' અને તેમ છતાં, સમય ઘાને રૂઝવવાનું કામ પણ કરે છે. સમયના વહેણ સાથે આપણા પ્રિયજનોને આપણે ભૂલતા જઈએ છીએ અને તેમની યાદ પણ ધીરે ધીરે ઝાંખી પડતી જાય છે.

પરંતુ આપણા દેશમાં તો, જ્યારે કોઈ રાજકારણી, "મહાપુરુષ" અવસાન પામે છે, ત્યારે આધ્યાત્મિકપણાની એક પરાકાષ્ઠા સર્જાય છે. અલબત્ત, આપણા આ પ્રાચીન દેશમાં રાજકારણનાં પંડિતોની તો અનોખી જમાત છે. જે લોકો મરનાર વ્યક્તિને છેક હમણાં સુધી ભાંડતા હતાં, જેને ઉઘાડે છેગે તકસાધુ, રૂશ્વતખોર, અને ઊંટવૈદ જેવો કહેતા હતા, જેને તે જ લોકો તે વ્યક્તિના મૃત્યુ બાદ એકાએક તેમના વિષે અહોભાવની લાગણીથી ઊભરાઈ જાય છે અને તેને તેઓ 'સ્વર્ગવાસી આત્મા" તરીકે માનપૂર્વક ઓળખાવે છે અને તેને ખોટે ખોટી અંજલિઓ આપવા લાગી જાય છે. મરનારમાં કદીયે ન હતા એવા અનેક ગુણો અને સદ્‌ગુણો તેઓ ચોક્કસપણે શોધી કાઢતા હોય છે.

કોકે કહ્યું છે કે, જો લોકો પોતાની કબરમાંથી ઊભા થઈને કબરના પથ્થર પર પોતાના વિષે શું ગુણગાન લખેલા છે તે વાંચી શકવાને સમર્થ થઈ શકે તો ઘણાને ખચિત જ એમ લાગવાનો સંભવ છે કે તેઓને ભૂલથી બીજા કોઈની કબરમાં સૂવાડવામાં આવ્યા છે. જો કે હિંદુઓને આ લાગુ પડી શકે એવું નથી. પરંતુ 'નેતાઓ'ના વિષયમાં તો યશોગાનથી ઊભરાતી મૃત્યુનોંધો ખુશામતથી લખેલા તંત્રીલેખો અને શોકાતુર અંજલિઓના કારણે ઉપરની હકીકત બરાબર લાગુ પડી શકે છે.

આત્માને લાગેવળગે છે ત્યાં સુધી જો આત્મા જેવું કાંઈ હોય તો - મને લાગે છે કે જો સ્વર્ગમાં ન્યાય મળતો હશે (અહીં પૃથ્વી પર તો નથી મળતો.) તો અહીં કરેલા સત્કાર્યોનો બદલો જરૂર ત્યાં મળશે. છાપાઓમાં લેખો લખવાથી કે જાહેર સભાઓ કરીને ભાવભર્યા ઠરાવો કરવા માત્રથી ઈશ્વરને રીઝવી શકાવાનો નથી.

જ્યારે કોઈ 'નેતા' અવસાન પામે છે અને જ્યારે આપણો આખો દેશ કે જે બીજા પ્રસંગોમાં એક થવા તૈયાર હોતા નથી તેના પર શોકનું પ્રચંડ મોજું સર્વત્ર ફરી વળે છે ત્યારે આમાં એકાદ અપવાદ રૂપ હોય છે. "ઑલ ઈન્ડિયા રેડીઓ' દિવંગત આત્મા જો કોઈ પહેલા વર્ગનો નેતા અથવા પ્રધાન ન હોય–પછી તે પાંચ પૈકીનો એક હોય કે પંચાવન પૈકીનો એક–તો ઑલ ઈન્ડિયા રેડીઓ ટૂકું ને ટચ કહી દેશે: "આજે શ્રી અમુકનું અમુક સ્થળે અવસાન થયું છે." મરનાર જો કોઈ બહુ જ મોટો અમલદાર હોય તો જ રેડીઓનો સમીક્ષક કહેશે: "અમે જાહેર કરતાં દુ:ખ અનુભવીએ છીએ કે..."બીજી ઘટનાઓ અંગે તો કોઈ પણ જાતની દિલગીરી દર્શાવવામાં આવતી જ નથી. જેનું સંભવિત કારણ એમ હોઈ શકે કે કાં તો જેઓ હોદ્દા પર કે સત્તા પર હોય તેવાઓનો જ મૃત્યુ માટે સત્તાવાર ખેદ પ્રદર્શિત કરવામાં આવતો હોય. અને કાં તો પછી એવા કિસ્સાઓમાં માત્ર ઑલ ઈન્ડિયા રેડીઓને જ ખેદ થતો હોય. મારું એવું નમ્ર સૂચન છે કે ક્યારે ક્યારેક આપણું સત્તાવાર તંત્ર સામાજિક કાર્યકરો, ક્લાકારો, વિજ્ઞાનીઓ, વિદ્વાન લેખકો અને કેટલાક સપ્રામાણિક ઉદ્યોગપતિઓના મૃત્યુ માટે પણ ખેદ જાહેર કરે અને અંદરોઅંદર સંતાકૂકડી રમતાં રાજકારણી પંડિતો માટે જ માત્ર પોતાનો શોક ન બતાવે.

નાગાશાકી અને હીરોશીમાના બનાવોના કારણે જાપાનના લોકો ન તો ગાંડા બની ગયા કે ન તો તેમણે લોકોમાં સામૂહિક ઘૃણા પેદા કરી. તેમણે તો તદ્દન નવું જાપાન ઊભું કર્યું, જે આજે જગતના તમામ શક્તિશાળી અને વિકસિત દેશોમાં ત્રીજો નંબર ધરાવે છે. આપણે પ્રતીકોમાં રાચવાનું અને છાપાઓની પાછળ દોડવાનું છોડી દેવું પડશે. આપણે આપણી ગમગીનીઓને જીવ બાળ્યા વિના પચાવવાનું અને જીવનની તડકીછાંયડીનો હિંમતપૂર્વકનો સામનો કરવાનું શીખવું પડશે. ભૂતકાળની ગૌરવગાથાઓમાં રાચવાને બદલે જેની આપણે પ્રશંસા કરીએ તેની સફળતામાંથી પ્રેરણા મેળવવી પડશે અને તેની ભૂલોમાંથી આપણે પાઠ શીખવો જોઈશે અને તો જ ન રંધાય એવી ફાટ સાધી શકાશે અને ન પૂરાય એવી ખોટ પૂરી શકાશે.

અનુવાદક: મૂળ અંગ્રેજીમાં:
શ્રી સુબોધભાઈ એમ. શાહ શ્રી ગગનવિહારી મહેતા

'શુભ' જ 'શુદ્ધ' પ્રતિ જવાનો સેતુ છે

(શ્રી ત્રિભુવનદાસ વીરજીભાઈ હેમાણી તરફથી 'શુભ' અને 'શુદ્ધ' વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરતો સ્વ. વાડીલાલ મોતીલાલ શાહના લખાણમાંથી ઉધ્ધૃત કરેલો ફકરો નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

'ગૃહસ્થ' અને 'ત્યાગી' એવા બે ભેદ વિકાસશ્રેણીની જરૂરિયાત તરીકે ભલે પાડવા પડે, પણ આત્મામાં એવા કોઈ ભેદ નથી અને દેહધારી આત્માને કાંઈ નહિ અને કાંઈ કરવું તો પડતું જ હોય છે. ત્યાગી કે જ્ઞાની કે ધર્માત્મા થયો એટલે ક્રિયા માત્ર કરવાની ન રહી એવું માની બેઠેલાઓ કુદરતને સમજતા નથી.

એક ગૃહસ્થ વા ત્યાગી જેણે આત્મવિકાસનો માર્ગ સ્વીકાર્યો હોય તેણે પ્રથમ તો 'લાગણીઓ'ને 'અશુભ'માંથી ખેંચી 'શુભ'માં લાવવી જોઈએ અને પછી 'શુભ' 'અશુભ'થી પર એવા 'શુદ્ધ'માં–'નિશ્ચય'માં સ્થિર થવું જોઈએ. આ ક્રમ છે. બીજાની દયા ખાવી એટલે સુધી કે દોષિતની પણ દયા ખાવી એ 'શુભ'ના અનુયાયીને માટે આવશ્યક છે. શુભ (દયા, ક્ષમા, પરોપકાર)માં લાંબી મુસાફરી કર્યા બાદ જ તે 'શુદ્ધ'માં દાખલ થાય છે, જ્યાં તેનું હૃદય એ ભૂમિકાના કોઈ ખાસ પ્રકારના પહાડી વાતાવરણને લીધે એવું બને છે કે એને કોઈ ચીજ કે બનાવ અસર જ કરી શકે નહિ. ત્યાં પછી કોઈની દયા ખાવાનું કે લાગણી ધરાવવાનું રહેતું જ નથી. ધ્યાનમાં રહે કે એ 'ઊંચી' સ્થિતિ છે, પણ મધ્યમ સ્થિતિમાં થઈને આગળ મુસાફરી કરવાને પરિણામે જ એ સ્થિતિ ઉદ્‌ભવે છે.

ખૂણે ગોખી રાખો કે

'શુભ'માં થઈને જવાથી જ 'શુદ્ધ'ને પહોંચાય છે એ વાતને ભૂલી 'શુભ'ને બલાત્કારથી દાબી દેવાય તો પરિણામ એ આવે કે વ્યક્તિનો આત્મ વિકાસ જ અટકી પડે અને તે એક 'રાક્ષસ' બને!

સને ૧૯૨૧, જૂન —વા. મો. શાહ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ખત્તર સ્ટ્રીટ, મુંબઈ-૩.
મુદ્રણસ્થાન : ધી રટેર્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૦

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૯, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૫૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

મારા જીવનમાંથી હું શું શીખ્યો?

(આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું તા. ૮મી સપ્ટેમ્બરના રોજ માન્યવર શ્રી મોરારજીભાઈનું પહેલું વ્યાખ્યાન હતું. દિલ્હીનાં તેમનાં રોકાણના આડે તેમનો વ્યાખ્યાનવિષય, કાર્યક્રમ પ્રગટ કરવામાં આવ્યો ત્યાં સુધીમાં, નક્કી થઈ શકયો નહોતો. તેઓ નિયત કાર્યક્રમ મુજબ વખતસર વ્યાખ્યાન સભામાં પધાર્યા હતા અને અમને પૂછ્યું કે: "હું શેના ઉપર બોલું?" અમે સૂચવ્યું કે આજે, આજ સુધીના આપના જીવન–અનુભવના નીચોડરૂપ કાંઈક કહો. તેમણે આ અમારી સૂચના ઝીલી અને ધર્મવિચારને આગળ રાખીને પૂરા એક કલાક સુધી તેમણે જે [illegible] પ્રવચન કર્યું તેની નોંધ નીચે પ્રગટ કરતાં હું ખૂબ પ્રસન્નતા [illegible] ભવું છું. પરમાનંદ)

એ આનંદની વાત છે કે [illegible]ા રીતે પર્યુષણના વ્યાખ્યાનોમા એકઠા મળો છો. હું પણ અગાઉ [illegible]યાખ્યાનમાળામાં બે વાર આવી ગયો છું. દર વખતે પરમાનંદભાઈ આગ્રહ કરે છે, પણ દર વખતે શકય નથી બનતું. વળી દર વર્ષે કંઈ નવું કહેવાનું પણ હોતું નથી. માનવીને કંઈ નવું સાંભળવા જોઈએ છે. નવું નવું સાંભળવાનો સૌને શોખ હોય છે, પણ તેટલો નવું નવું કરવાનો શોખ હોતો નથી. નવું સાંભળીએ તો જૂનું ન કરવું પડે, એવો ઘણા લોકોનો મત હોય છે.

જીવનમાં શું કરવું જોઈએ, એમ ઘણા પૂછે છે. પોતે શું કરવું જોઈએ તે પોતાની જાતને પૂછીને જ નક્કી કરવું જોઈએ. જે સાચાં મૂલ્યો લાગે તે કરવું જોઈએ. તેની કિંમત ચૂકવવા પણ આપણે તૈયાર રહેવું જોઈએ. કારણ, મફતની વસ્તુ મળે પણ તે નકામી હોય છે, તેથી કાંઈ વળે નહીં. માણસે લેવાની વાત જ કરવી જોઈએ અને દેવાની વાત ન જ કરવી જોઈએ એવું તો બને જ નહીં. માણસે કર્મનું ફળ તો ભોગવવું જ જોઈએ.

જો આવું ઋણ ચૂકવવાનું કોઈને ન મળે તો તેનું દુર્ભાગ્ય લેખાવું જોઈએ. જે પોતાપું ઋણ ચૂકવતો નથી તેને લોકો દેવાળિયો કહે છે. તમે એને તો પસંદ નહિ જ કરો. એટલે આપણે આપણી જવાબદારી સમજવાની છે.

જે ઋણ કરીને ભરતો નથી તે પોતાના પાયાને જ દગો દે છે. જે સમજે છે તે આવો દગો ન દે.

આ બધું કેમ થાય છે? એ વિચારવું જોઈએ, વિચારીએ તો રસ્તો જરૂર મળે. તમારે કયો રસ્તો લેવો તે વિચારવાનું છે. પોતાનો રસ્તો જે ખોળી કાઢે છે તે જ મનુષ્ય છે. મન જેને દોરવે છે તે જ મનુષ્ય. માટે પોતાનો રસ્તો પોતે જ પસંદ કરવો જોઈએ. વળી તમે બીજાને રસ્તો પૂછવા જશો તે ભયજનક પણ છે. ઘણા સલાહ તો લે છે, પણ પોતાને ગમે તેવી સલાહને જ અનુસરે છે. અને જો તેમાં યે કંઈ પ્રતિકૂળ થયું તો દોષ બીજાનો કાઢે છે. પણ તમે સલાહ પૂછીને તે રસ્તે વળ્યા ત્યારથી તે રસ્તો તમારો જ થાય છે. હંમેશ માણસ ગમતી સલાહ આપનાર પાસે જાય છે, કોઈ અણગમતી સલાહ આપનાર પાસે જતો નથી.

બધાં એક માર્ગ બતાવે–ધર્મનો માર્ગ બતાવે તો ધર્મના વાડા થાય. સલાહ આપનારાઓએ વાડાબંધી કરી અધર્મ કર્યો છે, એમાંથી બચવાનો રસ્તો તે ધર્મ છે.

આજના જમાનામાં પ્રશ્ન સામ્યવાદ કે બિન–સામ્યવાદનો નથી. તે મારો મત બીજી રીતે મૂકું તો ધર્મ અને અધર્મનો પ્રશ્ન છે. ધર્મની વાત ગમતી નથી. અધર્મની વાત સાંભળવી ગમે છે. એમાં જોખમ છે. આપણા દેશમાં ધર્મે અને સંસ્કૃતિએ જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. ધર્મની ભાવના લુપ્ત થશે તો હજારો વર્ષનાં જીવનનાં મૂલ્યો છે એ ખતમ થઈ જશે, એવો ભય રહે છે. આ અંગે આપણે વિચારવાની જરૂર છે.

દરેક પોતે વિચાર કરે ત્યારે પોતાને ગમતું જ શોધે છે. બીજાને ખુશ કરવા પણ તે પોતાની જ વાત કરે છે. બીજાને ઘેર જમનાર માણસ આગ્રહ કરતાં વધારે જમે છે અને પછી કંઈક થાય ત્યારે બચાવમાં કહે છે કે 'તમે વધારે આગ્રહ કર્યો એટલે મેં ખાધું.' પત હકીકતે તેવું નથી. તેને ગમતી ચીજ હતી માટે તેણે ખાધું હોય છે. થાળીમાં પથરા પીરસ્યા હોત ને આગ્રહ કર્યો હોત કે ખાવ ને ખાવ, તો તેણે તે ખાધું હોત કે? સેવા કરે છે એમ જ્યારે કોઈ કહે તો તેમાં તે કંઈ ઉપકાર નથી કરતા. પોતાના મનની શાંતિ માટે તેઓ તેમ કરતા હોય છે. તે તેમને ગમતી વાત હોય છે.

ધર્મ શીખવે છે કે જે કરવાનું કર્તવ્ય હોય તે કામ ગમે તેટલું કઠણ હોય, અપ્રિય હોય તો પણ તે ગમે છે તે રીતે કરીએ તો જ પાર ઊતરી શકીએ અને ફાયદો મળે.

ધર્મની અનેક વ્યાખ્યા જોઈ. હિન્દુ, મુસલમાન, ક્રિશ્ચિયન, પારસી એવા અનેક ધર્મો છે. એમાં ય વળી ફાંટા છે શિયા ને સુન્ની, રોમન કેથોલિક ને પ્રોટેસ્ટન્ટ, બુદ્ધ, શીખ વિગેરે– ધર્મ માણસ માણસ વચ્ચે તાદાત્મ્ય સાધવાનું બળ બનવાને લીધે તેને વાડાબંધીથી અલગ અલગ કરે છે.

જૈન ધર્મમાં સ્યાદ્વાદ છે. આ વાદ દરેક ધર્મમાં છે. બધા ધર્મમાં મૂળતત્વ એક જ છે, અને એ જ ધર્મ છે, તેમાં ડખલ ન કરો.

ગીતામાં કહ્યું છે કે:–

"સ્વધર્મે નિધનં શ્રેયઃ, પરધર્મો ભયાવહ."

બીજાનો ધર્મ સારો હોય છતાં તે અપનાવવાથી બીજાના ધર્મ મુજબ ચાલવું પડશે. એથી બેમાંથી એકેયનું પાલન થઈ નહિ શકે. કારણ કે તમે બીજો ધર્મ જાણતા નથી એથી નાશ થવાનો સંભવ છે. આ અર્થ પોતાના માટે લાગુ પાડીએ. એમાં ઝઘડો શા માટે? મારો ધર્મ અન્યને પોતાના ધર્મપાલનમાં મદદ કરે એ જ અપેક્ષા હોવી જોઈએ. એ પણ એવી મદદ કરે એ અપેક્ષિત છે.

માનવ અને પશુમાં ફરક છે. માણસ ધર્મ–અધર્મ વિચારે છે.–

તેનામાં બુદ્ધિ છે. તે પોતાને માટે લાભકારક શું છે તે જાણે છે. પશુ એ વિચારતું નથી. પશુ એકબીજાને ભરખી જાય છે, તેથી સૌનો નાશ થાય છે. એમતો માણસ કરતાં પશુમાં વધારે શકિત છે. ગાયમાં માણસથી વધારે શકિત છે, પણ તે એ સમજતી નથી. તેના પર માણસ બુદ્ધિથી અંકુશ રાખે છે. તો માણસે તેને મળેલી બુદ્ધિ-શકિતનો સદુપયોગ કરવો જોઈએ.

ધર્મ એટલે ધર્મના ગુણધર્મો – હેતુ આ જ છે. દુનિયા ઘણી વિશાળ છે. વિશ્વ અનંત છે. વિજ્ઞાને હવે તો એની ખાતરી પણ કરાવી દીધી છે. પૃથ્વીના જેવા ને તેથી મોટા સૂર્યમંડળમાં કરોડો ગ્રહો છે, અગણિત તારા છે. બીજે ય આપણા જેવી વસતિ નહિ હોય એમ માનવા કારણ નથી. આપણને ઘમંડ ઘણો છે કે આપણે જ છીએ. બીજાઓ પણ છે એ વિચારવું જોઈએ. બીજા નથી એ વિચારીએ તો જ મુશ્કેલી આવે. ધર્મ શીખવે છે માણસ મનુષ્ય-ધર્મ પાળે. આજ બધા ધર્મોની શીખામણનો હેતુ એક જ છે. અનેક દેશોમાં, અનેક માણસોએ, અનેક વિચારો દ્વારા એક જ વાત કરી છે. પયગંબરો, ધર્મગુરુઓ ને સંતો જેટલા થયા તેટલા આચાર – વિચાર જુદા છે. ધર્મના રસ્તા જુદા જુદા છે. પણ મૂળ વાત ભૂલવાની નથી. જન્મે ત્યારે બધા સરખા હોય છે. એક બાળક ભારતમાં જન્મે કે યુરોપમાં, કે પછી આફ્રિકામાં, તે જન્મ થાય ત્યારે એક જ રીતે રડે છે ને એક જ રીતે હસે છે. બધે જ જન્મતાંની સાથેનો વહેવાર એકસરખો જ છે. ઊર્મિઓ, ભાવનાઓ એકસરખી હોય છે. પરિસ્થિતિ અનુસાર પછી રૂપ – રંગ જુદાં જુદાં થવા લાગે છે. જુદી જુદી પરિસ્થિતિ પ્રમાણે માનવી એ પછી ઘડાય છે. માણસ જુદી જુદી રીતે ચાલે પણ અંતે લક્ષ્ય એક જ હોય છે. મુંબઈથી દિલ્હી જનાર પછી પ્લેનમાં જાય, પગપાળા જાય, મોટરમાં જાય કે ટ્રેનમાં જાય, ગમે તેમાં જાય, જતી વખતે જુદો જુદો અનુભવ થાય છે. પણ દિલ્હી તો સૌને માટે એક જ છે. રસ્તે જનારા એક બીજા સાથે રસ્તા અંગે ઝગડે છે તેની જ મોટી ગરબડ છે.

ધર્મ તો જ સમજાય જો આપણે બીજાના ધર્મનું સન્માન કરીએ. બીજાના પ્રત્યે સારી વૃત્તિ રાખીએ અને બીજાનું સન્માન આપણા જેટલું જ જાળવીએ. ધર્મ માનવીને વિનમ્રતા આપે છે.

અહીં જુદી જુદી જીવન – પદ્ધતિઓ છે. તેમાં ઘણી ક્ષતિઓ પણ છે. તેને છોડવા સતત પ્રયાસ કરીએ. મિત્ર તેમાં ઉપયોગી થઈ શકે. મિત્રની વાત માનીએ. માણસને અપનાવી લેવાની – વશ કરી લેવાની વાત તો જ બને.

જેમણે જીવનદર્શન કર્યું હોય, સત્ય સમજાયું હોય તે જ અનુભવની વાત કહી શકે. વળી તેઓ પણ પોતાની વાત માનવાનો આગ્રહ કરતા નથી, સામે કહેવા જતા નથી. તેમને આપણે સમજીએ છીએ એ ય અધૂરું, પૂરું સમજતાયે નથી. ધર્મ કે શીખામણ આપવાની નથી હોતી. હું જીવનમાંથી જે સમજ્યો તે અહીં મૂકવા ઈચ્છું છું. જીવનમાંથી હું શું શું શીખ્યો? જે શીખ્યો તે જ અહીં મૂકું છું.

મેં જીવન ઘડવાની કોશીશ કરી છે, પૂરું ઘડાયું નથી. અંતિમ સત્ય શું છે તેનું પૂરેપૂરું મને ભાન થયું નથી. પણ જે માનું છું તે દઢતાથી માનું છું. તેમ છતાં કયારેક સંસ્કારોની દુર્બળતા આડુંઅવળું કરાવી દે છે. જેવા તમે કાચા–પાકા છો તેવો જ. હું છું. પણ ચોર એટલે ચોર જ. નાનો ચોર ને મોટો ચોર એવા ભેદ ન હોઈ શકે. નાનો ચોર રૂપિયો – બે રૂપિયા ચોરે તો મોટો ચોર લાખો રૂપિયા ચોરે. મોટાની હિંમત વધુ. કોઈ ઓછું સમજે છે, કોઈ ઓછું પાળે. ધર્મપાલનમાં સમભાવ રાખવો જોઈએ, એ આ દેશની મોટી વાત છે. એમાં ખોટું દેશાભિમાન નથી. દુનિયાના કોઈ પણ દેશ કરતાં આપણા દેશમાં સત્યદર્શન કરનારા માણસો વધુ થયા છે. એટલે જ આ દેશ ને સંસ્કૃતિ ટકી રહી છે. આપણા આદર્શો નીચા નથી પણ વર્તન નીચું ઊતર્યું છે. આપણા આદર્શો આસમાન જેટલા ઊંચા છે ને વર્તન પાતાળ જેટલું નીચું છે.

ધર્મની વ્યાખ્યા આપવા નિષ્ફળ પ્રયાસ થયા છે. આપણી સંસ્કૃતિનો પ્રાણ તેનો નાશ નથી થયો. ઓછા ભણેલો વધુ સાવધાન રહે છે. વધુ ભણેલો ગાફેલ રહે છે. ડાહ્યો ત્રણ જગાએ ખરડાય એમ કરે છે. પગે કશું ચોંટેલું જણાય તો ભણેલો માણસ તે હાથે લેશે ને શું છે તે સૂંઘશે, એટલે પગ, હાથ ને નાક ત્રણે ખરડાશે, જ્યારે અભણ હશે તો પગે કંઈ ચોંટેલું જણાય તો પગ ઘસીને આગળ વધશે. માણસ પૈસા મેળવે, વિદ્વાન બને તેમ પ્રપંચો વધે છે, એટલે વિદ્વાન ન થવું, પૈસા ન મેળવવા, ગરીબ રહેવું એમ નથી. પોતે ગરીબી પસંદ કરે એ જુદી વાત છે. જેમ ગાંધીજીએ સ્વેચ્છાએ ગરીબી પસંદ કરી હતી. ગાંધીજી કહેતા કે પેટ ખાલી હોય એનો ઈશ્વર રોટલો છે, પણ સ્વેચ્છાએ ગરીબી ભોગવે તો તેને ઉપવાસમાંય ઉપાસના જણાય. પરાણે ધર્મ ન કરાવાય.

ધર્મને યાદ કરી કર્તવ્ય કરીએ એમાં જ સંપૂર્ણ ધર્મ છે. એ દેશની જરૂરિયાત છે. આજે તો પૈસાને, સત્તાને ધર્મ માની લેવામાં આવ્યો છે. એટલે જ્યાં પૈસા હોય, સત્તા હોય ત્યાં જ આકર્ષણ થાય છે. આ જ દેશમાં નહીં, બધે જ આવું ચાલે છે.

ધર્મે શીખવ્યું છે કે કર્તવ્ય કરો. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર મુકિતના માર્ગો છે. એટલે પહેલો ધર્મ સાધો, પછી અર્થપ્રાપ્તિ કરો. અર્થ પણ ધર્મ દ્વારા પ્રાપ્ત થાય. કામ પણ ધર્મને માર્ગે જ પ્રાપ્ત થાય. એમ થાય તો મોક્ષ મળે છે એ સ્વાભાવિક છે. આમાં ધર્મ પહેલો લેવાનો છે. પણ આપણે ત્યાં લોકો ઉપર નીચે સગવડ અનુસાર વર્તે છે. આપણે ત્યાં ઊલટો ક્રમ ચાલે છે. કામ ને અર્થ પહેલાં કરવામાં આવે છે પછી ધર્મ આચરાય છે અને મોક્ષનો સવાલ તો રહેતો જ નથી. ધર્મ આચરે તો જ મોક્ષ મળે એ વાત લુપ્ત થઈ જાય તો દેશનું કલ્યાણ નથી.

આપણે સાંભળીએ ભલે, પણ કરીએ નહીં. એ તો એમ જ ચાલ્યા કરે, એમ માની લેવાય છે. પણ જો સાચું પહેલાં માને તો કયારેક કરે ને? ઈશ્વરમાં માને તે સત્યમાં માને. અસત્યમાં માને તેને હું અધર્મી કહીશ. જેમ માનો એમ કરો તો જ માન્યતા સાચી જાણવી. વિચાર કર્યા વિના બીજાનું સાંભળી કંઈ ન કરીએ એથી તો ડૂબી જવાય.

આપણે જે કંઈ સાંભળીએ છીએ તેમાં કંઈ નવી વાત નથી. મહાત્મા ગાંધી પણ કહેતા, મારી પાસે કોઈ નવી વાત નથી. સંસ્કૃતિનું તત્ત્વ છે તે જ માનું છું.

ધર્મમાં કાંઈ નવું નથી. આ દેશમાં વિજ્ઞાને નવી દષ્ટિ આપી છે. પણ વિજ્ઞાન સાથે ધર્મ ન હોય તો શકિત દૈવીને બદલે પાશવી બનશે. એટલા માટે જ આપણા બાપદાદાઓ અનધિકૃતને વિદ્યા આપતા નહોતા. જે સદુપયોગ કરી શકે તેને જ વિદ્યા અપાય.

આપણી ગુરુપરંપરામાં ગુરુ, વિદ્યા આપવા અગાઉ શિષ્યની આકરી કસોટી કરતા, અત્યારે તો તરત જ ચેલો બનાવી લેવાય છે. જો ચેલાની ગુરુએ બરાબર કસોટી કરી હોય તો તે આગળ જાય જ. આજે તો ભણીએ છીએ પણ પરીક્ષા અધરી હોય તો બૂમરાણ થાય છે. સગવડિયું, સહેલું ખોળવાની વૃત્તિ વધી રહી છે. પરીક્ષા એટલા માટે લેવાય છે કે છેવટે તેણે કેટલું જ્ઞાન મેળવ્યું છે તે જાણવા માટે. તેનાથી કંટાળીને આપણે આપણી જાતને ઠગીએ છીએ. બીજાને ઠગવા જનાર પોતાની જાતને જ ઠગે છે. પણ એ સમજાય કયારે? પોતાનો ધર્મ સમજીએ ત્યારે.

ભાગ્ય જેવી વસ્તુ નથી. ધર્મ આ કહે છે. સાચી ભાવના હોય તો આમ કેમ ન બને. ધર્મ પ્રવર્તાવ્યો તેમણે સાચી રીત બતાવી છે. શિષ્યો, મુખિયાઓ, મહંતો બધાએ ધર્મની ભાવના પૂરી હતી. પણ બધા મારું માને, સાંભળે તો જ મારું રાજ ચાલે એમ સમજી તેમણે નિયમો બનાવ્યા. ક્રમે ક્રમે તે જડ થઈ ગયા એટલે આપત્તિધર્મ કાઢયો! આપત્તિ–ધર્મ એ મોટું દૂષણ છે. આપત્તિમાં જો ધર્મ કામ ન આવે તો તે ધર્મ શા કામનો?

તુલસીદાસજીએ કહ્યું છે કે:–

"ધીરજ, ધર્મ, મિત્ર, અરુ નારી,
આપત્તિકાળ પરખીએ ચારી."

ધર્મ તો પ્રાણના ભોગે ય આચરવો જોઈએ. મંદિર જવું, પૂજા કરવી એ તો સાધનો છે, સાધ્ય નથી. પોતાનું સાચું દર્શન કરાવે

એ જ ધર્મ. આપણી સંસ્કૃતિ અને બીજી બધી સંસ્કૃતિઓમાં આ ફરક છે. એથી જ આપણી સંસ્કૃતિ પર મારી આસ્થા વધી છે. એ જ આ દેશને ટકાવી રહી છે. બીજી સંસ્કૃતિઓમાં ભોગ મુખ્ય છે, જ્યારે આપણે ત્યાં ત્યાગ એ મુખ્ય છે. બીજી સંસ્કૃતિમાં અસંતોષ એ જરૂરી છે, આપણી સંસ્કૃતિમાં અસંતોષ છે પણ તેને અંતર સાથે–પોતાની આન્તરિક શક્તિ સાથે જોડ્યો છે, અંતરથી અસંતોષ રાખી અંતરની ત્રુટિઓ શોધી કાઢી દૂર કરવામાં આવે છે, એટલે સુંદર કાર્યો થાય છે. એથી બાહ્ય સ્થિતિથી અસંતોષ નથી થતો. અંતરની ત્રુટિની ચિન્તા રહે તો બીજાની અદેખાઈ કે દેખાદેખી નહીં રહે.

બીજી સંસ્કૃતિ આ પાયાની વાત ભૂલી જાય છે. મેળવવાની અદેખાઈ વધે છે, તેથી હુમલા થાય છે, પરિણામે ખરાબી થાય છે. દુનિયાની અન્ય દેશોની તવારીખ જોશો તો જે જે દેશ નાશ પામ્યા તે ધન અને સત્તાની ટોચે પહોંચીને નાશ પામ્યા છે. આફ્રિકાના દેશો નાશ નથી પામ્યા, કારણ કે તે ગરીબ છે. વૈભવ વધ્યો કે ધર્મની ભાવના લુપ્ત થઈ. લોભ, લાલચ, એશઆરામ સાંભરે છે.

એટલે જ ગરીબીનો મહીમા માનવામાં આવ્યો છે. હું ગમે તેમ રહું, બીજાને માનવધર્મ બતાવું, એ પોતાની જાતનો જ વિચાર ન કરતાં બીજાના સુખમાં પોતાને સુખી માને, બીજાને સુખ આપવામાં અગવડ ન માને, બીજાને હજારનું નુકસાન થતું હોય અને મને એક રૂપિયાનું નુકસાન જતું હોય તો તો નહીં પણ મને એક હજાર રૂપિયાનું નુકસાન જાય તો પણ બીજાનો એક રૂપિયો બચાવું. સત્ય, અહિંસા આ જ છે, પરીક્ષા અહીં જ થાય છે.

હું એક વાર આબુ ગયો હતો. ત્યારે હું મુંબઈ રાજ્યનો મુખ્ય મંત્રી હતો. મેં ખેડૂતોને રંજાડતાં પશુઓને ઠાર કરવાના બંદૂકના પરવાના તેમને આપ્યા હતા. આબુમાં કેટલાક જૈનોએ તેનો વિરોધ કર્યો. મને કહ્યું તમે જીવ - હિંસા માટે પરવાના કેમ દીધા? મેં કહ્યું જાનવરો ખેડૂતોનો પાક બગાડે છે, તેમને નુકસાન થાય છે તે કોણ ભરશે? તમે ભરી આપશો? તેઓ કહેવા લાગ્યા, એ તો કેમ બને? ઉદ્યોગપતિઓમાં ઘણા જૈન હોય છે. ઝવેરીઓ મોટે ભાગે જૈન જ હોય છે. તેઓ જે મોતીનો વેપાર કરે છે, એ મોતી કયાંથી આવે છે? માછલીને મારીને જ મોતી કાઢવામાં આવે છે. મિલોમાં ચરબી વપરાય છે, એ ચરબી પણ જાનવરોને મારીને જ કાઢવામાં આવે છે. છતાં તમે ધોધો બંધ કરતા નથી. તો શું આપણે કોઈનું ગળું કાપીએ નહીં તે જ અહિંસા. તમારે માટે બીજા હિંસા કરે તે તમને ચાલે છે? કોઈને નુકસાન ન થાય ત્યાં સુધી અહિંસા માટે ધર્મની આમ વાતો કરવાને બદલે ધર્મનું આચરણ કરો. ગીતા વાંચી, અગાઉ પણ વાંચતો હતો, પણ હવે સમજાણું કે આચરણ વિના તે વાંચવાનો અર્થ નથી. પોતે ડાહ્યો થઈ બીજાને ભૂંડો કહે એ તો ધર્મ ચૂકવા જેવું છે.

હું સમજ્યો કે,

સત્યં બ્રુયાત્ પ્રિયં બ્રુયાત્,
ન બ્રુયાત્ સત્યમપ્રિયં!

પહેલાં હું આ નહોતો માનતો. હું માનતો કે સત્ય તો કડવું જ હોય. પણ ૧૯૫૨ માં મને એ સમજાયું. ૧૬ વર્ષે હું સમજ્યો કે એ મારું ધમંડ હતું. ત્યાં સુધી મેં ઘણાને કડવું કહી દુભવ્યા. જો કે આજે યે નથી દૂભવતો એવું નથી. પણ મને એમ સમજાયું કે ઋષિમુનિઓએ આ સૂત્ર અનુભવથી કહ્યું છે. એમના કરતાં ય શું હું વધુ ડાહ્યો છું? સત્ય કહીએ તે કડવું જ હોય એમ કેમ કહી શકાય. સત્ય હોય તો અપ્રિય કેમ થઈ શકે? માણસ બીજાની સાંભળેલી વાત ઊંડાણમાં ઊતર્યા સિવાય એમને એમ અન્યને કરે તો જ અપ્રિય લાગે. અર્ધસત્ય હોય તો જ અપ્રિય લાગે. ઘણીવાર જોયેલું હોય ને સાચું કહીએ તો ય અપ્રિય લાગે છે. ત્યારે એમ સમજવું કે એમ કહેવાની સાથે આપણો અણગમો અંદર ભળ્યો છે. એથી ભાષાને કલુષિત કરી છે, એટલે સામા માણસને ગુસ્સો આવે છે.

એવું પણ હવે બને છે કે જેમને મારા તરફ અણગમો હતો તેમને સત્ય કહ્યું તો યે તેમને ખોટું ન લાગ્યું.

આજે શીખવાનું એ જ છે કે માણસે કોઈના વિષે અણગમો ન રાખવો જોઈએ. પ્રેમથી વર્તવું જોઈએ. અણગમો ન હોય તો પ્રેમ પેદા થાય. એથી જ ઘણી સફળતા મળે છે એ મેં જોયું છે. ધર્મ એવું આચરણ બતાવે એવી પ્રજા આપણે બનીએ એ જ પ્રાર્થના.

મોરારજી દેસાઈ

સર્વધર્મ સંમેલનમાં અપાયેલ અભિભાષણ

(ગતાંકથી અનુસંધાન)

ભોગોની ઈચ્છાને કારણે જ માનવીમાં સંગ્રહવૃત્તિ પેદા થાય છે. ભગવાન મહાવીરે અપરિગ્રહને બે રૂપમાં અભિવ્યક્તિ આપી: એક તો વસ્તુઓનું પરિમાણ અથવા માત્રા અને બીજું ભોગોની ઈચ્છા પર નિયંત્રણ. જ્યારે માનવીની ભોગેચ્છા ઘટતી જાય છે ત્યારે વિશ્વના અસીમ સાધનોને પોતાના સુખોપભોગ માટે રાખવાની લાલસા રાખતો નથી. જેટલી જરૂરત તેટલો જ સંગ્રહ. આવશ્યકતા રૂપ સંયમની આસ્થાને સુદૃઢ કરવા માટે મહાવીરે એક વાર કહ્યું હતું કે–જે જરૂરતથી વધારેનો સંગ્રહ કરે છે તે એક પ્રકારની ચોરી કરે છે અર્થાત્ આવશ્યકતાથી અધિક સંગ્રહ કરવાવાળો સમાજની ચોરી જ કરે છે. મહાવીરના આ અપરિગ્રહ - દર્શને સમાજશુદ્ધિની ક્રિયાને બળવાન બનાવી. સમાજમાં પરિગ્રહની જગાએ ત્યાગની ભાવના પ્રતિષ્ઠિત થઈ. જનતાની નિષ્ઠા ભોગોમાંથી હઠીને ત્યાગ તરફ વળી. ત્યાગની નિષ્ઠા તેમ જ તપની પ્રતિષ્ઠા જ સમાજની પવિત્રતા તેમ જ શ્રેષ્ઠતાનું પ્રમાણ છે.

માર્કર્સ તેમ જ લેનિને સમાજસંશોધનની અપેક્ષા એ એક એવા સમાજની રચના પર ભાર મૂક્યો કે જેમાં એક પણ દુષણ ન હોય. દુષણો પેદા કરવાનો અવકાશ જ ન રહે. સમાજવ્યવસ્થાની દૃષ્ટિએ માર્કર્સ તેમ જ લેનિનની આ સૈદ્ધાન્તિક પ્રક્રિયા ઠીક છે, પરંતુ માનવ સમાજ પર જબરદસ્તીથી લાદી દેવી ન જોઈએ–હૃદયમાંથી આપોઆપ પેદા થવી જોઈએ. માનવતાના વિકાસમાં ટૉલ્સટોય, માર્કર્સ તથા લેનિનનું મહત્ત્વપૂર્ણ યોગદાન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત છે.

મહાવીરની અહિંસા, અનેકાંત, તેમ જ અપરિગ્રહ પર નવીન દૃષ્ટિથી જો વિચારવામાં આવે તો ભારત તરફથી આ સમસ્યાઓના નિરાકરણનો રસ્તો આજે પણ આપણને મળી શકે તેમ છે. મહાવીરે સમાજરચનાની અનેક તાત્કાલિક તેમ જ લાંબા સમયથી ઊભી થયેલી સમસ્યાઓનું જે અહિંસા તેમ જ અપરિગ્રહની વ્યાપક પ્રક્રિયા દ્વારા સમાધાન કર્યું છે તેના મૂળમાં માનવચેતનાની આંતરિક શુદ્ધિ તેમ જ પવિત્રતા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આનાથી માનવના અંતર–દ્વંદ્વોનું ક્ષણિક નહીં, પરંતુ શાશ્વત સમાધાન થયું હતું. આજે પણ આ પ્રક્રિયાઓના બળ ઉપર આપણે સમાજને ધનની ગુલામીમાંથી મુક્ત કરી તેમનામાં અપરિગ્રહની ભાવના પેદા કરી શકીએ છીએ.

આ રીતે મહામાનવ ભગવાન મહાવીરે હિંસા–શક્તિનું સંશોધન અહિંસા તેમ જ મૈત્રીની ભાવનાથી, ધનની કલુષતાનું પરિમાર્જન, અપરિગ્રહ તથા સંયમ તેમજ બૌદ્ધિક વિગ્રહનું સમાધાન અનેકાંત તેમ જ સ્યાદવાદની દૃષ્ટિથી કરવા માટે સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું. અહિંસા, અપરિગ્રહ તેમ જ અનેકાંતની ઉપલબ્ધિ મહાવીરના ધર્મની મહાન સિદ્ધિ છે.

ભારતીય સંસ્કૃતિ પ્રારંભથી જ વિશ્વશાંતિને માટે સહઅસ્તિત્વ તેમ જ પારસ્પરિક સહયોગની ઉદ્ઘોષણા કરતી આવી છે. સ્વતંત્ર ભારતની રાજનીતિનો મૂળ આધાર પણ શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ તેમ જ પારસ્પરિક સહયોગની ભાવના જ છે. ભારતના પ્રાચીન ઋષિઓએ, ભગવાન મહાવીર તેમ જ મહાત્મા બુદ્ધે પણ આ જ જીવનસંદેશ આપ્યો. આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ આ સિદ્ધાંતને જીવનમાં ઉતારી, વિશ્વને માર્ગદર્શન આપ્યું. ભારતના સ્વર્ગવાસી પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુ, શ્રી લાલબહાદુર શાસ્ત્રી તેમ જ વર્તમાન પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પણ

આ જ સહઅસ્તિત્વ તેમ જ પારસ્પરિક સહયોગની રીતિ–નીતિ દ્વારા વિશ્વશાંતિના માર્ગની પ્રશંસા કરી છે અને કરી રહ્યા છે. ભારત તેમ જ રશિયા આ વિશ્વની સૌથી મહાન શકિતઓ–આજે સહઅસ્તિત્વના સિદ્ધાંતના આધાર પર પરસ્પર અભિન્ન મિત્રો બન્યા છે, એટલું જ નહિ પણ સારાયે વિશ્વમાં શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ તેમ જ પારસ્પરિક સહયોગ દ્વારા શાંતિ તેમ જ મૈત્રી સ્થાપિત કરવાને માટે ઉત્સુક તેમ જ પ્રયત્નશીલ છે. આજનું સંમેલન પણ વિશ્વશાંતિ તેમ જ મૈત્રીને ચિરસ્થાયી બનાવવા તરફનું એક નક્કર પગલું છે.

જો આપણે વાસ્તવિક રીતે રાષ્ટ્ર–રાષ્ટ્રની વચ્ચે આંતરરાષ્ટ્રીય સ્તર પર પારસ્પરિક સહયોગ તેમ જ સહઅસ્તિત્વ દ્વારા વિશ્વશાંતિ સ્થાપિત કરવા ઈચ્છતા હોઈએ તો નીચે જણાવેલા શાંતિના સૂત્રોને મૂર્ત સ્વરૂપ આપવું ખાસ જરૂરી છે:

૧. **અખંડતા**: એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રની સીમાનું ઉલ્લંઘન ન કરે, તેની સ્વતંત્રતા તેમજ પ્રભુસત્તા (ખાસ સત્તા) પર આક્રમણ ન કરે, કોઈ જાતનું દબાણ ન કરે કે જેનાથી તેની અખંડિતતા પર સંકટ આવે.

૨. **પ્રભુસત્તા (ખાસ સત્તા)**: પ્રત્યેક રાષ્ટ્રની પોતાની ખાસ સત્તા છે. તેની ઈચ્છા વિરૂદ્ધ સ્વતંત્રતામાં કોઈ પણ પ્રકારની બહારની ડખલગીરી ન થવી જોઈએ.

૩. **હસ્તક્ષેપ (ડખલગીરી)** કોઈપણ દેશના આંતરિક તેમ જ બાહ્ય સંબંધોમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ એટલે કે ડખલગીરી ન હોવી જોઈએ.

૪. **સહઅસ્તિત્વ**: પોતાના ભિન્ન સિદ્ધાંતો તેમ જ માન્યતાઓને કારણે કોઈપણ દેશનું અસ્તિત્વ સમાપ્ત કરીને તેની ઉપર પોતાના સિદ્ધાંત તેમ જ વ્યવસ્થા લાદી દેવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. દરેકને સાથે તેમ જ સન્માનપૂર્વક જીવવાનો અધિકાર છે.

૫. **પારસ્પારિક સહયોગ**: એકબીજાના રાષ્ટ્રવિકાસમાં સહયોગ–સહકારની ભાવના હોય, એના વિકાસમાં બધાનો વિકાસ તેમ જ એકનો નાશ સર્વનો નાશ છે.

આ પાંચ શાંતિ સૂત્રો છે–જેનો આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતીય સંસ્કૃતિ, શ્રમણ સંસ્કૃતિ, તેમ જ ગણતંત્ર પ્રણાલીના પ્રાયોગિક વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવેલો તેમ જ આ દ્વારા શાંતિ અને મૈત્રી સ્થાપિત કરવામાં સફળતા પણ મળેલી.

જો ઉપરના આ પાંચ શાંતિસૂત્રોને સહઅસ્તિત્વનું અંગ માની લેવામાં આવે તો જગતની બધી જ ગુંચવણો સહેલાઈથી ઉકેલી શકાય એમ છે.

આજે આ પાંચ શાંતિસૂત્રોને પુનઃ પ્રાયોગિક વ્યવહારમાં લાવવાં આવશ્યક છે. સમય પણ આજ એ જ ઈચ્છે છે એટલે કે તે માટે સમય પાકી ગયો છે.

સમગ્ર વિશ્વમાં શાંતિ તેમ જ મૈત્રીમય વાતાવરણ પેદા કરવા માટે નિમ્નલિખિત પ્રસ્તાવ કરવા જોઈએ:

(૧) શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ તેમ જ આંતરરાષ્ટ્રીય પારસ્પરિક સહયોગ સ્થાપિત કરવા માટે 'વિશ્વ નાગરિક સંઘ' નું નિર્માણ કરવામાં આવે તો વિશ્વની જનતાને પ્રેમસૂત્રમાં બાંધી શકાય. તેમ જ વિશ્વઐક્યના આદર્શને મૂર્ત કરી શકાય. વિશ્વની પ્રતિષ્ઠિત વ્યકિતઓને દરેક જગાએ જવાની સ્વતંત્રતા હો. પાસપોર્ટનું સીમાબંધન ન હોવું જોઈએ.

(૨) જેવી રીતે રાજનૈતિક એકતા માટે 'સંયુકત રાષ્ટ્ર સંઘ' તેમ જ સાંસ્કૃતિક અને શૈક્ષણિક એકતા માટે "યુનેસ્કો" જેવી મહાન સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે, તેવી રીતે વિશ્વમાં શાંતિ, મૈત્રી, સહૃદયતા તથા માનવતાનું પવિત્ર વાતાવરણ પેદા કરવા માટે એક વિશ્વધર્મ સંસદ જેવી આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરવી જોઈએ. આવી સંસ્થાની વિશ્વભરમાં અનેક શાખાઓ હોય અને તેનું એક મુખ્ય કેન્દ્ર ભારતમાં હો. આ સંસ્થામાં બધાજ ધર્મોના તુલનાત્મક અભ્યાસની વ્યવસ્થા હોવી જોઈએ જેથી કરીને વિશ્વમાં સર્વધર્મ સમન્વય સ્થાપિત કરવા માટે પ્રેરણા મળી શકે.

(૩) જગતમાં 'અભય' નું વાતાવરણ ઊભું કરવા માટે નિઃશસ્ત્રીકરણના સિદ્ધાંતોને માન્ય રાખવામાં આવે, તેમ જ આણુશસ્ત્રના નિર્માણ પર અંકુશ મૂકી આમંત્રણ તેમ જ પ્રત્યાક્રમણની ભાવના નાબૂદ કરવામાં આવે. આ શકિતઓનો ઉપયોગ રચનાત્મક કાર્યો માટે કરવો જોઈએ.

(૪) અહિંસાની ભાવનાને વ્યાપક બનાવવા માટે મુખ્ય સ્થાનો પર 'અહિંસા–શોધપીઠો' ની સ્થાપના કરવામાં આવે. જ્યાં માંસાહારના સ્થાને સાત્ત્વિક શાકાહારનો પ્રચાર કરવા માટે અહિંસાની ભાવનાના વિસ્તાર માટેના સાધનો પર અનુસંધાન કરવું જોઈએ. માનવી માનવી વચ્ચે જેવી રીતે સહૃદયતા છે તેવી સહૃદયતા પ્રાણી માત્ર, મૂક પશુ–પક્ષી સુધી ફેલાવવી જોઈએ.

સાથિયો! પ્રત્યેક રાષ્ટ્ર, જાતિ તેમ જ વ્યકિત તેમ જ બધાં શાંતિ અને એકબીજાની મૈત્રી ઈચ્છે છે. છતાં પણ મિત્રતા કેમ સાધી શકાતી નથી? આનું મૂળ કારણ એ છે કે શાન્તિપૂર્ણ સહઅસ્તિત્વ તેમ જ આંતરરાષ્ટ્રીય પારસ્પરિક સહયોગની ભાવનાપ્રતિ મોટા મોટા રાષ્ટ્રોના નેતાઓના હૃદયમાં તે કાર્ય માટેની અચળ શ્રદ્ધા નથી. જો આપણે વાસ્તવિક રીતે એક વિશ્વજાતિ, તેમજ વિશ્વનાગરિકની કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવા ઈચ્છીએ છીએ તો સર્વ પ્રથમ તો બધાં જ રાષ્ટ્રોમાં સહ–અસ્તિત્વ તેમ જ પારસ્પરિક સહયોગની ભાવનામાં દઢ શ્રદ્ધા પેદા કરવી પડશે. સમ્યગ દષ્ટિ–સાચી શ્રદ્ધા ન હોવાના કારણે જ મોટા મોટા રાષ્ટ્રોના નેતાઓ પણ સ્વીકૃત સિદ્ધાંતોમાંથી ચલિત થઈ જાય છે.

મહામાનવ મહાવીરે આવા સ્વીકૃત સિદ્ધાંતો પર દઢ રહેવા માટે ચાર સાધન બતાવ્યા છે–જે સાધ્ય ને સિદ્ધિ માટે ઉપયોગી થઈ પડે છે.

(૧) સ્વીકૃત સિદ્ધાંતો પ્રતિ નિઃશંક રહે.

(૨) સ્વીકારેલા સિદ્ધાંતો સિવાય બીજા પ્રલોભનોમાં પડી બીજા સિદ્ધાંતોની આકાંક્ષા ન રાખે.

(૩) સ્વીકૃત સિદ્ધાંત માટે ફળની આશા ન રાખતા દઢતા રાખે.

(૪) સ્વીકૃત સિદ્ધાંતોના પાલનમાં અમુક દષ્ટિ રાખે અથવા પૂર્વગ્રહોને, પરંપરાગત રૂઢિઓને એક બાજુ પર રાખી સત્ય દષ્ટિ તેમ જ સત્યાગ્રહ પર જ ભાર મૂકે.

જો સ્વીકૃત સિદ્ધાંતોના પાલનમાં નિઃશંકા, નિકાંક્ષા, નિર્વિચિકિત્સા તેમ જ અમુક દષ્ટિ આવી જાય તો વિશ્વાસ રાખવો જોઈએ કે સહઅસ્તિત્વ તેમ જ પારસ્પરિક સહયોગનો શાન્તિ–પથ અવશ્ય પ્રશંસા પામશે જ.

આવી રીતે જે જે રાષ્ટ્રો સહઅસ્તિત્વ તેમજ સહયોગના શાંતિ પ્રસ્તાવોનો સ્વીકાર કરી લે છે તેમણે નીચે પ્રમાણે સહયોગ આપીને સહઅસ્તિત્વનો પ્રત્યક્ષ પરિચય આપવો જોઈએ. અર્થાત્ તે નાના મોટા રાષ્ટ્રોને–

૧. પ્રોત્સાહન આપવું–સહકાર આપવો.

૨. સ્થિરીકરણ–જે રાષ્ટ્ર વિચલિત થઈ જાય તેમને સહકાર આપી સ્થિર કરવા.

૩. વાત્સલ્ય–સ્નેહ, સદ્‌ભાવ દ્વારા રાષ્ટ્રવિકાસમાં સહયોગ આપવો તેમ જ તેના પ્રતિ વિશ્વવાત્સલ્યનો પરિચય આપવો.

૪. પ્રભાવના–સહઅસ્તિત્વ તેમ જ સહયોગના સિદ્ધાંતોને યશસ્વી તેમ જ પ્રભાવશાળી બનાવવા માટે સંયુકત પ્રયત્ન કરવો.

જો આજે આ સંમેલનમાં આપણે સહઅસ્તિત્વ તેમ જ સહયોગની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાનો નિષ્ઠાપૂર્વક નિશ્ચય કરી લીધો હોય તો વિશ્વમાં 'સર્વોદય'નો સૂર્ય અવશ્ય ઊગશે અને

(અનુસંધાન ૧૨૦ મા પાને)

૨૪ યુવાન પર્વતારોહકોની રોમાંચક આરોહણકથા–૨

(ગતાંકથી અનુસંધાન)

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૨૬-૭-૬૯ ના રોજ મળેલી સભામાં હનુમાન ટીબ્બાના શિખર ઉપરના આરોહણની વિશેષ વિગતો રજુ કરતાં કુમારી ઉષા ભટ્ટે જણાવ્યું કે:–

બીજે દિવસે પાંચ વાગે અમે ઊઠયાં–આખી રાત વાદળ ગર્જ્યાં હતાં. થોડી વાર જ જાણે અમો ઊંઘ કાઢી હોય તેમ લાગ્યું. હિમાલયની મને સૌથી વધુ ગમતી ચાર વાતો છે. તે છે તેની પવિત્રતા, તેની શાંતિ, તેની સફેદી ને તેની ચમક. આનું આકર્ષણ મને એટલું બધું છે કે હિમાલયમાં હંમેશ રહેવાનો લ્હાવો મળે તો હું તે ખોવા તૈયાર નથી. અલ્ટ્રાવાયોલેટ કિરણો લાઈટ કલરની સફેદીમાં મળે છે ત્યારે તે સફેદીને વધુ સફેદ બનાવે છે, તેને પોષે છે.

ક્લાર્પીએ કહ્યું છે કે "જે પોષતું એ મારતું શું કમ નથી એ કુદરતી?" એમ આ જ કિરણો જો આપણી આંખમાં જાય તો સ્નોબ્લાઈન્ડનેસ આવી જવાનો સંભવ છે. હિમાલયની ગરમી પણ આ કિરણોથી છે. આ જ કિરણો હિમાલયને અલૌકિક બનાવે છે, જ્યારે તમને અપંગ બનાવે છે.

પાંચ વાગે સૂરજનાં કિરણો આવવાની શરૂઆત થઈ ચૂકી હતી. હિમાલયમાં કિરણો પહેલાં આવે છે; સૂરજ પછી ઊગે છે. સૂરજ ઉગ્યો એટલે નવું વાતાવરણ ફેલાઈ ગયું. આખી સીનેરી સોનેરી બની ગઈ. એટલો બધો સોનેરી રંગ જોવા મળે છે કે તેને અલૌકિક જ કહી શકાય. તે પ્રેરક ને તાકાતવાન તેમ જ સમર્થ રંગ છે. શ્રી મધરના કહેવા પ્રમાણેનો તે 'સુપર નેચરલ કલર' હતો. શિખરમાંથી કિરણો આવતાં હતાં. જાણે કે સૂરજના હજાર હાથ ન હોય. હિમાલયમાં જ આ ભવ્ય દર્શન જોવા મળે છે. વાદળાં હવે હાલતાં ચાલતાં થયાં હતાં. જાણે કે નાનાં બાળકો આળસ મરડીને ઊઠતાં ન હોય! બાળકો જેવાં નિર્દોષ ને રમતિયાળ તે આગળ ને આગળ ચાલતાં જ લાગતાં હતાં. કિરણોમાંથી તેઓ રંગ પસંદ કરતાં. લાલ, સોનેરી, લીલાં એમ વિવિધ રંગનાં હતાં. તો કોઈ જેમના તેમજ સફેદ રંગનાં રહેતાં હતાં. થોડાંક તમારાં મિત્રો જેવાં તમારી આસપાસ જ રહેતાં હતાં. હવા પણ જાણે કે તમને વાત્સલ્ય કરતી હતી. વાદળ તમારી આસપાસ આવી ગેલ કરતાં હતાં.

સોનેરી વાદળાંની એ નવી સોનેરી દુનિયા જ હતી. જેમાં પ્રાણ ધબકતો હતો. આ વાતાવરણનું સૌન્દર્ય, તેની ભવ્યતા પેન્સિલ કે પેપર વડે વર્ણવી શકાય તેમ જ નથી. એ તો અનુભવથી સમજાય તેવી અલૌકિક દુનિયા હતી.

આપણે ઊંચા સ્તર ઉપર હોઈએ છતાંયે આપણને અભિમાન ન થાય. ઉલટો આત્માને આનંદ થાય. નવી યોજના માટે શક્તિ આવે.

એમ કરતાં અમે ૧૪ હજાર ફીટથી આગળ વધી ૧૬ હજાર ફીટની ઊંચાઈએ પહોંચ્યાં. બપોરે ૧૨ વાગ્યા હતા. ત્યાંથી અમારું ધ્યેય–શિખર હનુમાન ટિબા દેખાયું. અમે આરામ લેતાં જ હતાં. નવી નવી આબોહવાથી એક્લેમેટાઈઝ થઈ જતાં હતાં.

બાર વાગ્યા પછી અમે જ્યારે આગળ વધવા માંડયાં ત્યારે કુદરતે અમને ફરી ચૅલેંજ ફેંકી. આપણે એમ માનીએ છીએ કે હિમાલયમાં આપણે શાંતિ માટે જઈએ. પણ હિમાલય પાસે શાંતિની ખોજ માટે જનારે તેની રૂદ્રતાનું પણ દર્શન કરવું જ પડે છે. સૌંદર્યનું દર્શન જીવન પ્રકટાવી શકે. હિમાલય પાસે અભિમાનપૂર્વક જાય તે કદીયે આગળ ન વધી શકે. તેની સમક્ષ તો હંમેશાં વિનમ્રભાવે જવું જોઈએ. તો જ તમે સફળ થાવ.

તોફાન શરૂ થયું. બાળક જેવાં લાગતાં વાદળો મોટા થયાં ને મોટાં થયેલાં બાળકો જૂની પેઢીનાં વડીલો સાથે સંઘર્ષ કરે છે તેમ તે પણ સૈદ્ધાંતિક સંઘર્ષ કરવા માંડયાં. સૂરજનાં કિરણોથી વાદળો ઉપર ચડે છે. પછી બરફ ને 'સ્નોફોલ' પડે છે. ૧૨ વાગ્યા પછી તોફાન શરૂ થયું. આ બ્લિઝાર્ડ–બરફનું તોફાન હતું. આ વેળા વીજળી ચમકતી હતી. અહીં વીજળી બહુ ખતરનાક હોય છે. કારણ કે તે લોખંડની પ્રત્યેક ચીજવસ્તુમાંથી પસાર થઈ શકે છે. અમારી પાસેના સામાનમાં ઘણુ લોખંડ હતું. ટૂમ્પોન્ડના ખીલા જ લોખંડના હતા. ફ્રમ-ફ્રેમ લોખંડની હતી, માથાની પીન લોખંડની હતી. એટલે શોક લાગવાનો સંભવ ઘણો હતો. અમને થયું કે હવે શું થશે?

પરીક્ષા આપ્યા પછી પરિણામ વેળા બીક લાગે તેવી લાગણી થઈ. ધ્યેયસિદ્ધિની પરીક્ષા અમે આપી ચૂક્યાં હતાં. હવે પરિણામ જ બાકી હતું. અમને થતું હતું કે કેટલે અંશે પાર પડીશું? અમને ઉંઘ નહોતી આવતી. થતું કે હવામાન સારૂં થાય તો ઉપર ચડીએ. કોઈ પણ શાણો માણસ સ્નો–ફોલ થયા બાદ શિખર ઉપર ચઢવા ન જાય. પણ સાહસિકો શાણા નથી હોતા. રાતે એક વાગે તોફાન શાંત થયું. અમે એ દરમિયાન કોન્ફેરેશનમાંથી રેશન કાઢવા તે ખોલ્યું. તો અમારા આશ્ચર્ય વચ્ચે જાણવામાં આવ્યું કે તેમાં કેવળ પૌંઆ જ હતાં. તેમાં જે દવાઓ હતી તે પણ 'આઉટ ઑફ ડેઈટ' હતી. તે ખાઈએ તો સાજાં થવાને બદલે વધુ બીમાર થવાનો જ સંભવ હતો. હવે અમને અમારા અનાજની યાદ આવી, જે અમે બેઝ–કૅમ્પ પર છોડીને આવ્યાં હતાં. અમારી પાસે દૂધનો જથ્થો પણ ઓછો હતો. કારણ, એવી ગણતરી હતી કે દૂધ માત્ર ચહા માટે જ જોઈશે. પણ એકલા પૌંઆ શેમાં ખવાય? વધુ માખણ કે વધુ મીઠું પણ નહીં ખાવાની ડાકતરની સૂચના હતી. એટલે અમે એટલી ઊંચાઈએ કેવળ ચહા ને ફ્રૂટનાં ટીન પર જ જીવ્યાં. હવે અમે જલ્દી આગળ વધ્યાં. કારણ, એક વધુ દિવસ બગાડીએ તો શક્તિ વધુ બગડે ને અનાજ ખલાસ થઈ જાય તેનો યે ડર લાગ્યો.

રાતે બે વાગે અમે બહાર આવ્યાં. એકબીજાને શુભેચ્છા આપી. આ નાજુક ક્ષણો હતી. મરણની તૈયારી કરવાની હતી. અમે સૌ મરણના સામનાની તૈયારી કરી નીકળ્યાં. આંખો ભીની થઈ. મારી નજર સહેજ નીચી ગઈ. રખેને કોઈ મારી આંખના પાણીને નબળાઈ ગણી લે. ત્યાં હિમાલયની ચમક જોઈ. તેણે મને ઘણી હિમત આપી. અને અમે આગળ વધ્યાં.

સૂરજ ઊગે છે, ત્યારે ત્યાં એટલું બધું સરસ વાતાવરણ ઊભું થાય છે કે માણસને તે જોવા ને માણવા કહે છે. એવું એ ધન્ય દૃશ્ય હોય છે. આ વેળા અમને અમારાં વડીલો યાદ આવ્યાં. અહીં કોઈ સ્વજન નહોતાં કે આ વેળા તેમને પગે લાગીને આશીર્વાદ લઈ શકીએ. અમને સહેજ ખટક્યું કે, આજે અમારી સાથે કોઈ નથી. પણ વળી શ્રદ્ધા જાગી કે સૌની શુભેચ્છાઓ ને આશીર્વાદો અમારી સાથે જ હતાં. સૂરજદાદા જાણે કે એ સૌની શુભેચ્છાઓ ને આશીર્વાદોનો ગુચ્છ લઈને આવ્યા હોય એવી લાગણી અમે અનુભવી. અહીં સૂરજ સાથે આપણે હસીને વાત કરી શકતાં નથી. જ્યારે હિમાલયમાં આપણે હસીને વાત કરી શકીએ છીએ. જિંદગીનો આ લ્હાવો છે. સૂરજ સાથેની મિત્રતા કરી અમે આગળ વધ્યાં.

નીચે વાદળો હલચલ કરતાં તે જોતાં હતાં. શિખર પર ચઢતાં ગ્લેસીયર્સ અને એવેલન્ચીસનો ભય હતો. કોર્નિસ - આગળ વધેલો બરફ - પડે તો તો આખી ટીમ જ ખલાસ થઈ જાય. રસ્તામાં સ્નોબરફનો ભૂકો - પડયો હતો. તાજો જ બરફ પડયો હોવાથી પગ-મારવાથી જ તે ખસી જતો પણ આવો બરફ પડે ત્યારે બૅલેન્સ જાળવવું મુશ્કેલ બને છે. એવેલન્ચીસ બે પ્રકારની હોય છે. એક તો ગરમીથી પીગળી બરફ તૂટે ત્યારે અને બીજી સ્ટેપ - કટિંગમાં ભૂલ

થાય તો. અમારી સાથે હવે માત્ર બે જ મજૂરો હતા. અમે તેમને પણ આગળ વધવામાં મદદ કરી. બરફમાં સ્ટેપ - કટિંગ વેળા પણ 'હિમાલયમાં નમ્રતાના ભાવે આગળ વધો' નું સૂત્ર ધ્યાનમાં રાખવું પડે છે. જરાયે ખિજાઈને કે કંટાળીને જોરથી કુહાડી મારો તો તમારા પગ પાસેથી જ ઍવેલન્ચનો - બરફ તૂટી પડવાનો - સંભવ છે. એટલે ક્ષણે ક્ષણે જાગૃતિ રાખવી પડે છે. વાદળ ઉપર આવતાં જતાં હતાં.

૧૨-૨૦ વાગે અમે શિખર પર પહોંચ્યાં, ઘણાં થાકી ગયાં હતાં. શ્વાસ લેવા મથતાં મથતાં સૌ બેસી ગયાં. એ વેળા અમને આનંદ મનાવાનો ય ખ્યાલ ન રહ્યો. હવામાં જીવન છે. થોડી ક્ષણના આરામ પછી નવું જીવન આવ્યું.

હનુમાન ટીંબા પર ત્રણ એક્સપીડીઝન આવી હતી. જાપાનીઝ, અમેરિકન, અને ઈન્ડિયન વીમન. અમે જાપાનીઝ ફ્લેગ ઉતારી ઈન્ડિયન ફ્લેગ મૂક્યો. કાજુ, ચૉકલેટ મૂક્યાં. એવી માન્યતા છે કે હિમાલયના શિખરો પર દેવો વસે છે તેમને નૈવેદ્યરૂપે કંઈ ને કંઈ મૂકવું જોઈએ.

ત્યાંથી આજુબાજુના અમે ફોટા લીધા. જેથી ત્યાં કેવી સુંદરતા હતી તેનો ફોટા પરથી ખ્યાલ આવે. અને બીજું નીચે ઊતર્યા પછી કોઈ પૂછે કે તમે હનુમાન ટિંબા શિખરે જઈ આવ્યાં તેની સાબિતી શી? તો તે વેળા બતાવી શકાય.

હિમાલયનાં શિખરો જોવાથી તેની વિશાળતાનો ખ્યાલ આવે છે. ત્યાંથી અમે જોયું કે આજુબાજુ એથીયે ઊંચા શિખરો હતાં. અને ઊંચા ઊંચા શિખરોની હારમાળા દૂર દૂર ફેલાયેલી છે. હિમાલય જાણે એટલો બધો વિશાળ છે કે તે મર્યાદિત માણસની આંખની મર્યાદામાં બંધાવાની ના પાડે છે. એવા એ વિશાળ હિમાલયમાં એક નાનકડું શિખર ને તેના ઉપર અમે નાનકડાં માનવી. એ પરથી તે જાણે એમ કહેતો હતો કે તમે કોઈ મોટું કામ કર્યું જ નથી. તે શક્ય નથી. આટલું કર્યા પછી પણ અમને એવો અનુભવ થયો.

આસપાસ આકાશને ચેલેન્જ કરતાં શિખરો હતાં તે આકાશ સાથે એવાં તો ભળી જાય છે કે તે પણ અવકાશી જણાય છે. શિખર દેખાતાં જ નથી. એટલી ઊંચાઈએ એ માનવીનો ગર્વ કયાંથી રહે? હિમાલય જાણે કે અમને શીખામણ દેતો હતો કે, તમે બહુ નાનાં માણસો છો. તમારા જીવનમાં આ બધાં શિખરો સર કરવા સંભવિત નથી. તમારી આ તો હજી શરૂઆત છે.

આવી ધન્ય ક્ષણો વીતાવી નગાધિરાજને માનવંદના કરી અમે નીચે ઊતરવા માંડયાં. ઉપર જવું તો મુશ્કેલ હોય જ છે, કારણ કે ગુરુત્વાકર્ષણના નિયમથી વિરુદ્ધ જવાનું હોય છે, પણ નીચે ઊતરવું એથીયે વધુ મુશ્કેલ હોય છે. સ્નોફોલ શરૂ થઈ ચૂક્યો હતો. આપણી આગળની વસ્તુઓ ન જોઈ શકાય તેવું વાતાવરણ હતું. ઘણીવાર ગોગલ્સમાં ને કાપડમાં બરફ ઘૂસી જતો હતો. ચઢતી વખતે જ શક્તિ ખૂટી જાય છે. એટલે પાછા ફરતી વેળા કેવળ મનોબળ ઉપર જ આધાર રાખવાનો હોય છે. કોઈ બેસી જવાનું કહે તો બેસી જઈએ એવી અમારી સૌની સ્થિતિ હતી. ઊતરતી વેળા બેલેન્સ સાચવવાનું મુશ્કેલ હોય છે. એટલે જ ઘણી એક્સપીડીશન્સ ઊતરતી વેળા જ ફેઈલ જાય છે. વળી જેમ આપણને ઓછા ઓક્સિજનને નહીં રહેવાની ટેવ હોય છે તેમ વધુ ઓક્સિજનને નહીં રહેવાની ટેવથી પણ નીચે ઊતરતાં મુશ્કેલી નડે છે.

પણ બધીયે મુશ્કેલીઓ પાર કરી અમે ફરી ૧૬ હજાર ફીટ પરની અમારી બેઝ પર આવ્યાં. તા. ૧૮, ૧૯, ૨૦ મીએ અમે બીજાં ૧૮,૫૦૦ થી ૧૭,૦૦૦ ફૂટનાં બીજાં ત્રણ શિખરો પણ ચઢી આવ્યાં.

આમ અમે મહિલાઓની પહેલી ટુકડીને લઈને સફળ પર્વતારોહણ કરી આવ્યાં તેથી વ્યક્તિગત આનંદ તો થયો જ, પણ ગુજરાતની બહેનોનાં ગૌરવમાં કાંઈક વધારો કરવામાં અમે નિમિત્તરૂપ બન્યા તેનો એથી યે વધુ આનંદ થયો.

અન્ય પર્વતારોહક ભાઇ રાજેન્દ્ર દેસાઇને આવકાર અને અભિનંદન

આ રીતે ઉષાબહેને હનુમાન ટીમ્બાના શિખર ઉપરના ભવ્ય આરોહણની કથા કાવ્યાત્મક શૈલીમાં બહુ સુન્દર રીતે રજૂ કરી. તેમનું નિરૂપણ લગભગ ક્લાક - સવા ક્લાક સુધી ચાલ્યું. ત્યાર બાદ આ પ્રસંગે, મુંબઈ ખાતે પવાઈ સરોવર બાજુએ આવેલા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજીના પાંચમાં વર્ષમાં પ્રવેશ પામેલ ચિ. રાજેન્દ્ર દેસાઈ ગયા જૂન મહિના દરમિયાન જ ગંગોત્રી બાજૂએ આવેલ ૧૯૧૦૦ ફીટની ઊંચાઈએ આવેલ રુદ્રઘેરા નામના શિખર ઉપર ઉત્તરકાશીમાં આવેલ 'નહેરુ પર્વતારોહણ ઈન્સ્ટિટયૂટ" તરફથી યોજવામાં આવેલ ૩૨ જણાની એક ટુકડી સાથે સફળ આરોહણ કરી આવેલ. તેને હાજર રહેવાનું અને પોતાના અનુભવો રજૂ કરવાનું ખાસ નિમંત્રણ આપવામાં આવેલું. તેનો શ્રી. પરમાનંદભાઈએ પરિચય કરાવ્યો અને તેને સંઘ તરફથી હાર્દિક આવકાર આપ્યો અને ત્યારબાદ ચિ. ભાઈ રાજેન્દ્રે પણ

હિમશિખર રુદ્રઘેરાના આરોહક શ્રી રાજેન્દ્ર દેસાઇ

કુમારી ઉષા ભટ્ટને સાંભળતો શ્રોતાસમુદાય

પોતાની વિશિષ્ટ શૈલીથી પ્રસ્તુત શિખરઆરોહણના અનુભવો રજૂ કર્યા હતા તેને સાંભળીને પણ સૌએ પ્રસન્નતા અનુભવી હતી.

(આ અનુભવોને ભાઈ રાજેન્દ્ર દેસાઈએ સવિસ્તર લખી આપ્યા છે. જે 'પ્રબુદ્ધ જીવન'ના હવે પછીના અંકમાં સ્વતંત્ર લેખ તરીકે પ્રગટ કરવામાં આવશે. તંત્રી)

પ્રમુખનો ઉપસંહાર

ત્યારબાદ સંઘના અધ્યક્ષ શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે કહ્યું હતું કે "દુનિયા એવી છે; કે કાં તો માનવી તેમાંથી કાવ્ય બનાવે છે કાં તો પથ્થર. બે પર્વતારોહક ના અનુભવો આપણે સાંભળ્યા. એના પરથી મને એ વાતનું રહસ્ય સમજાઈ ગયું કે લોકો આદર્શવાદી સાહિત્ય ને વાસ્તવવાદી સાહિત્ય એમ બે અલગ વર્ગો શા માટે બનાવે છે. એકે એક વાત કરી તો બીજાએ બીજી વાત કરી. એકે કાવ્ય અને તત્ત્વજ્ઞાનની વાત કરી તો બીજાએ મુશીબતોનું વર્ણન કર્યું.

કુમારસંભવમાં મેં કાલીદાસે કરેલું હિમાલયનું વર્ણન વાંચ્યું. હતું:

"અસ્ત્યુત્તરસ્યાં દિશિ વર્તમાનો
... હિમાલયો નામ નગાધિરાજ!"

પશ્ચિમ જર્મન કવિ ગટે તેના ગામની બહાર ગયો ન હતો. છતાં જગતના પ્રત્યેક ભાગથી તે માહિતગાર હતો. તે મહાન ભૂગોળવેત્તા હતો. તેમ આ બે વ્યાખ્યાનો સાંભળી મેં પણ જાણે કે હિમાલયનાં શિખરો ચઢી આવ્યાનો આનંદ લીધો. હું હવે બધાં ય વર્ણન કરી શકીશ.

ઘણા સમય પહેલાંની વાત છે. રેસકૉર્સનો એક કેસ હું લડતો હતો. રેસના ઘોડાનો માલિક કહે કે એક વાર તમે રેસકોર્સ પર આવો એટલે કેસની વિગતો સમજાઈ જશે. મેં કહ્યું, 'હું રેસકોર્સમાં આવ્યા વિના જ આ કેસ લડીશ ને જીતી આપીશ. ૩૫ દિવસ કેસ ચાલ્યો ને હું તેમાં જીત્યો, પણ હજી સુધી હું ક્યારેય રેસમાં ગયો નથી.

એમ જ કાકાસાહેબનો હિમાલયનો પ્રવાસ વાંચીને આ પ્રવચનો સાંભળ્યા પછી મને લાગે છે કે હું પણ હિમાલયનો પ્રવાસ કરી આવ્યો છું.

આજના અનુભવ પરથી એક પ્રશ્ન ઊઠે છે કે ચંદ્ર પર જઈ આવેલ નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્રના કાવ્યની વાત કરશે કે તેના ખડકોની?

ત્યાર બાદ બન્ને પર્વતારોહકોનું ચંદનના હારથી સન્માન કરવામાં આવ્યું અને અલ્પાહાર સાથે સન્માન સમારંભ વિસર્જિત કરવામાં આવ્યો. આપૂર્ણ.

તા. ક. ઉષા ભટ્ટના બીજાં ત્રણ સાથી બહેનોનાં નામ આગળ આપવામાં આવ્યા છે તે આ રીતે સુધારીને વાંચવા: લીડર: ડોલી શાહેર, ડૉ. રેણુકા સ્વામી અને ડૉ. રીટા પટેલ.

હિમશિખર હનુમાન ટીબ્બાના આરોહક કુ. ઉષા ભટ્ટ

પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી અભિવાદના ગ્રંથ

❋ અવલોકન ❋

(આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી જેઓ હાલ મુંબઈ ખાતે વાલકેશ્વર જૈન મંદિરની બાજુએ આવેલ ઉપાક્રયમાં સ્થિર થઈને ચાતુર્માસ વ્યતીત કરી રહેલ છે તેઓ આ પહેલાં છેલ્લાં બે વર્ષ વડોદરા ખાતે સ્થિરવાસ કરીને રહેલા, તે દરમિયાન તેમના દીક્ષાપર્યાયને સાઠ વર્ષ પૂરાં થયાં હતાં તે નિમિત્તને લક્ષમાં લઈને તેમની સ્મૃતિને કાયમ કરવાના હેતુથી 'પૂજ્ય મુનિશ્રી પુણ્ય વિજયજી અભિવાદના ગ્રંથ' એ શિર્ષક એક પ્રશસ્તિગ્રંથ બહાર પાડવામાં આવેલો, જેના સંપાદકો હતા સ્વ. પૂજ્યશ્રી રમણિક વિજયજી, શ્રી ભોગીલાલ જે. સાંડેસરા, શ્રી ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ, શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા, તથા શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ. આ ગ્રંથનું પ્રાપ્તિસ્થાન છે શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળિયા ટેંક રોડ, મુંબઈ-૨૬. અને તેની કિંમત રૂા. ૧૫ રાખવામાં આવી છે. આ ગ્રંથનું વડોદરાનિવાસી નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી કેશવલાલ હિમતરાય કામદાર એમ. એ. એ 'પ્રબુદ્ધ જીવન' માટે અવલોકન લખી મોકલ્યું છે જે નીચે આપવામાં આવે છે.

આ પ્રસંગે મુનિશ્રી પુણ્યવિજયજીના આજ સુધીના જીવનચરિત્રની વિગતો આપવામાં આવે તો અસ્થાને નહિ ગણાય. તેમનું વતન કપડવંજ;, સંસારી નામ મણિલાલ, પિતાનું નામ દોશી ડાહ્યાભાઈ, માતાનું નામ માણેકબહેન, વિક્રમ સંવત ૧૯૫૨ના કાર્તિક શુદ પાંચમે તેમનો જન્મ, એટલે આજે તેમની ઉંમર ૭૩ વર્ષની લેખાય. નાની ઉમ્મરે તેમના પિતાશ્રી વિદેહ થયેલા. વિક્રમ સંવત ૧૯૬૫ના માહ વદ પાંચમના રોજ એટલે કે ૧૩ વર્ષની વયે તેમણે જૈન શ્વે. મૂ. સંપ્રદાયની દીક્ષા લીધી અને મણિલાલને બદલે તેઓ પુણ્યવિજય તરીકે ઓળખાવા લાગ્યા. પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિ ચતુરવિજયજીના તેઓ શિષ્ય બન્યા. તે જ અરસામાં બે દિવસ બાદ તેમનાં માતુશ્રીએ પણ દીક્ષા લીધેલી, જેઓ પોતાના પુત્રની ચરમ સીમાએ પહોંચેલી જ્ઞાનોપાસના અને ખ્યાતિ નજરે નિહાળીને વિ. સં. ૨૦૨૨માં સ્વર્ગવાસી બન્યાં. મુનિ પુણ્યવિજયજીમાં ૧૫-૧૭ વર્ષની ઉંમરથી શાસ્ત્રસંશોધનના કાર્યમાં રસજાગૃતિ પેદા થઈ અને તેને લગતી તેમની પ્રતિભા ઉત્તરોત્તર ખીલતી ગઈ. આવી ઉત્કટ વિદ્યાસાધનામાં પંડિત સુખલાલજી જેવા મહાન દર્શનશાસ્ત્રી તેમને વિદ્યાગુરુ તરીકે સાંપડયા. મુનશ્રીની શાસ્ત્રાવગાહનની દૃષ્ટિ વિશદ, વિશાળ અને સત્યશોધક બની ગઈ. અન્ય ધર્મગ્રન્થોનું પણ તેમણે અધ્યયન કર્યું. તેમની વિદ્વત્તાની સૌરભ દેશ વિદેશના વિદ્વાનો અને જિજ્ઞાસુઓમાં પ્રસરી રહી.

તેઓ જૈન શાસ્ત્રોના અધિકૃત જ્ઞાતા અને જૈન આગમોના તો પારગામી વિદ્વાન છે; બૃહત્, કલ્પસૂત્ર (છ ભાગ), વસુદેવ હિંડી (બે ભાગ), કહાયરણ કોસે, અંગ વિજ્જા, આખ્યાનક મણિ કોષ, કલ્પસૂત્ર, નંદિસૂત્ર ચૂર્ણિ તથા ટીકા, ખંભાત, પાટણ તથા જેસલમેરના ગ્રંથભંડારોની સૂચિ વગેરે અનેક પ્રાચીન, અધરા, સંખ્યાબંધ ગ્રંથો તેમના હાથે સંપાદિત, સંશોધિત તથા પ્રકાશિત થયેલા જોવા મળે છે. આમ તેમની અનેકવિધ સંશોધનાત્મક પ્રવૃત્તિઓની આ ટૂંકી નોંધમાં વિગતો આપવી મુશ્કેલ છે.

તેઓની ગુજરાતી સાહિત્ય પરિષદ ૨૦ મા અધિવેશનના ઈતિહાસ-પુરાતત્વ વિભાગના પ્રમુખ તરીકેની અને ઑલ-ઈન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સના ૨૧મા અધિવેશનના પ્રમુખ તરીકેની વરણી તેમ જ પી. એચ. ડી. ના મહાનિબંધના પરીક્ષક તરીકેની નિમણૂક – આ બધું મુનિશ્રીની વ્યાપક અને સર્વમાન્ય વિદ્વત્તાની

સાક્ષી પૂરે છે. આવા સંશોધનનિષ્ણાત મુનિવરને લગતા અભિનંદન ગ્રંથનું પ્રાધ્યાપક કેશવલાલ હિમતરામ કામદારે કરેલું અવલોકન નીચે મુજબ છે. પરમાનંદ]

પ્રાધ્યાપક કેશવલાલ કામદારનું અવલોકન

પૂજ્ય શ્રી પુણ્યવિજય મહારાજે દીક્ષા લીધાં સાઠ વર્ષો પૂરાં થયાં તેની સ્મૃતિમાં આ ગ્રંથ પ્રસિદ્ધ થયો છે. એના પ્રથમ વિભાગમાં પૂ. મહારાજશ્રીના ઘણાખરા લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે બીજા ખંડમાં એમના એતદ્‌દેશીય અને વિદેશીય પ્રશંસકોએ અર્પેલી અંજલિઓ - અભિવાદનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રન્થમાં છ ફોટોગ્રાફો છે: (૧) એમનો પોતાનો, (૨) એમના શિષ્ય સ્વર્ગસ્થ શ્રી. રમણિક વિજયજીનો, (૩) પ્રવર્તક શ્રી. કાંતિવિજયજીનો (૪) મુનિશ્રી ચતુરવિજયજીનો (૫) મુનિશ્રી હંસવિજયજીનો અને (૬) સાધ્વીજી શ્રી. રત્નશ્રીજીનો. ગ્રંથમાં પાંચ સંસ્કૃત પ્રશસ્તિઓ અને બે ગુજરાતી કાવ્યો છે; ઉપરાંત વસ્તુપાલના નવીન લેખોની પ્રતિકૃતિઓ ગ્રંથની અધવચમાં જોડવામાં આવી છે.

અંજલિઓ અર્પણ કરનારાઓમાં યુરોપ - અમેરિકાના બાર વિદ્વાનોએ અંગ્રેજી ભાષા વાપરી છે, જ્યારે ચાળીસ પ્રશંસકોએ ગુજરાતી–હિન્દી–સંસ્કૃતમાં અંજલિ આપી છે. મહારાજશ્રીએ જે કુલ સાઠ ચાતુર્માસો કર્યાં છે તેની જુદી યાદી આપવામાં આવી છે.

સંપાદકોએ પોતાનું કર્તવ્ય ખંતથી, એકનિષ્ઠાથી અને મહારાજશ્રી પ્રત્યેના અ-પ્રતિમ ભક્તિભાવથી - પૂજ્યભાવથી–કર્યું છે. તેમાં યે ભોગીલાલ સાંડેસરા જેવા આદર્શ સંપાદક હોય તેમાં પૂછવું જ શું? બીજા ખંડમાં શ્રી. ઉમાકાન્ત શાહે ઈંગ્રેજીમાં, અને રતિલાલ દીપચંદે ગુજરાતીમાં, મહારાજશ્રીની સમગ્ર કારકિર્દીનો વિગતવાર ખ્યાલ આપ્યો છે. આવા વ્યાપક સંપાદન વિષે એક બાબત લખવી જોઈએ. મહારાજશ્રીના પોતાના દરેક પ્રકાશનલેખને અંતે બેત્રણ ઈંગ્રેજી ભાષામાં લખાએલી પંક્તિમાં લેખકે પ્રકાશનનો ખ્યાલ આપવો જોઈતો હતો. અંજલિઓ આપવામાં શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તથા દિગંબરી સાધુઓ અને શ્રાવકો છે, અને ત્રણ શ્વેતાંબર મૂર્તિપૂજક સાધ્વીજીઓ છે. શેઠશ્રી કસ્તુરભાઈ કહે છે તેમ "મહારાજશ્રીએ જે કામ કર્યું છે તેવું કામ કોઈ જૈન સાધુએ છેલ્લાં પાંચસો વર્ષોમાં કર્યું નથી." પૂજ્ય મહારાજશ્રી તો અનેક સ્થળે કહે છે કે, અને એ કથન તેમણે અનેકવાર પુરવાર કર્યું છે કે, પોતે જ્ઞાન - સાધનામાં માને છે, સંપ્રદાયોમાં નહિ."

પ્રથમ ખંડમાં મહારાજશ્રીનાં વ્યાખ્યાનો, પ્રકાશનો, સ્પષ્ટીકરણો વગેરે આપવામાં આવ્યા છે. કેટલુંક સંપાદન, જેમકે બૃહત્ - કલ્પનું તો એમણે પ્રચંડ વિરોધ છતાં કર્યું છે. મહારાજશ્રીએ ઓરિસ્સાના ચક્રવર્તી ખારવેલ (મેઘવાહન) ના એક ગુફા - લેખની ચૌદમી પંક્તિનું સ્પષ્ટીકરણ તદ્દન નવીન મૌલિક ભાતનું કર્યું છે, અને એમાં એમણે પ્રાચીન પદ્ધતિ જાળવી છે. એ લેખનો એમણે મૂળ પાઠ, તેની છાયા, તેનો અર્થ અને તેની ચૂર્ણિ આપ્યાં છે, જેમાં પ્રાચ્યવિદ્યાનિષ્ણાત - પંડિત કાશીપ્રસાદ જયસ્વાલના એ જ દિશામાં થએલા પ્રયત્નને શુદ્ધ કરવામાં આવ્યો છે. આ પ્રયત્ન સંબંધી હું મહારાજશ્રીને એક નમ્ર વિજ્ઞપ્તિ કરવાની રજા લઉં છું. હવે જ્યારે તેઓ એ પ્રદેશ તરફ વિહાર કરે ત્યારે આ ગુફા - સાહિત્યનું તમામ વાચન તથા સ્પષ્ટીકરણ તથા તેના શિલ્પનું સ્પષ્ટીકરણ–ખાસ વિવેચન–કરે એવી વિવક્ષા બહુ જ આવશ્યક છે. એવો પ્રયત્ન કેટલાએક અભ્યાસીઓએ કર્યો છે એ પ્રયત્નથી હું પરિચિત છું, છતાં હજુ તે દિશામાં વિશેષ પ્રયત્ન મહારાજશ્રી જેવા નિષ્ણાતથી થવો આવશ્યક છે. યાદ રહે કે મૌર્ય મહારાજ સંપ્રતિ પછી મહારાજા ખારવેલ પ્રતાપી જૈન ચક્રવર્તી થઈ ગયા. ખુબી તો એ છે કે એમને વિષે શ્વેતાંબરી કે દિગંબરી સાહિત્યમાં કોઈ ઉલ્લેખ હજુ સુધી જડ્યો નથી. એક ગુફાલેખમાં તેઓ કહે છે કે 'નિર્ગ્રંથી સાહિત્યનો ઉચ્છેદ પામેલો એક વિભાગ મેં પુનઃનિર્મિત કર્યો છે.' અશોકની જેમ ખારવેલે રસ્તાઓ, અતિથિભવનો, વૃક્ષો, ઔષધાલયો વગેરે પોતાના મહારાજ્યમાં વસાવ્યાં હતાં.

પૂજ્ય મહારાજશ્રીએ અમદાવાદ મુકામે ભરાયેલા પ્રાચ્યવિદ્યા પરિષદના અધિવેશન સમક્ષ પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમયે, અને કાશ્મીરમાં શ્રીનગર મુકામે થયેલી તે જ સંસ્થાના અધિવેશન સમક્ષ કરેલ પ્રવચનમાં સંશોધન, તાડપત્રોમાં લખવાની શૈલી, તેની વિવિધ પ્રક્રિયાઓ - શાહી, રંગ, અંક વગેરે તથા આચાર્યો, આગમ-સાહિત્ય, ચૂર્ણિઓ ટીકાઓ, વૃત્તિઓ, ભાષ્યો, વગેરેનું ક્રમિક વર્ણન કર્યું હતું. આ બન્ને પ્રવચનો ભારતની Literary History સાહિત્યિક તવારીખમાં અપૂર્વ સ્થાન ધરાવશે. પુનઃ લખું કે, તેમના અંગ્રેજી અનુવાદો થવાં જોઈએ. શ્રીનગરના પ્રવચનમાં તો જૈન વિદ્યાના અનેક વિભાગોથી ક્રમિક વિવક્ષા આવી જાય છે. એમાં ન્યાય, નાટક–સાહિત્ય, કાવ્યમીમાંસા, સુભાષિત સાહિત્ય, આયુર્વેદ, અંગવિદ્યા, કામ - શાસ્ત્ર, નીતિ - અર્થશાસ્ત્ર વગેરેનાં વિવેચનો આવે છે. મહારાજશ્રીએ એક સ્થળે પ્રાકૃત અર્થશાસ્ત્ર હોવાની સંભાવનાનો ઉલ્લેખ કર્યો છે. શ્રી હેમચંદ્ર આચાર્યે કુમારપાળને પ્રતિબોધ આપવા **અર્હન્‌નીતિ** સંસ્કૃત - પ્રાકૃતમાં, સ્વોપજ્ઞ ટીકા સાથે લખી છે તે અહીં લખવું જોઈએ. આ લગભગ અજ્ઞાત સાહિત્યનો પરિચય મને પંડિત લાલચંદ્ર ગાંધીએ કરાવેલો. Indian Political Theory ભારતના નીતિશાસ્ત્રના ઈતિહાસમાં આ કૃતિનું નામ મળતું નથી. પૂ. મહારાજશ્રીના શ્રીનગર મુકામે થયેલા પ્રવચનને વાંચ્યા બાદ હું બેધડક કહી શકું કે, - એ વિવેચનોનો દરેક વિષય ઉપર એકેક Thesis મહાનિબંધ તૈયાર થઈ શકે. આવું વિવેચન મેં Indian History Congressના એક અધિવેશનના પ્રાચ્ય વિદ્યા વિભાગના પ્રમુખ દ્વારા સાંભળેલું. નામ ઠામ - હું યાદ કરી શકતો નથી. સ્થાનક કટક યા ગૌહટી હશે!

મહારાજશ્રીએ રાજસ્થાનમાં વિહારો કરેલા તેમનું બયાન એમણે **શિશુભાવે** પોતાના ગુરુઓને લખેલા પત્રોમાં મળે છે. એમાં એમણે કેટલીક રહસ્યમય હકીકતો આપી છે. રાજસ્થાનમાં સેંકડો સારાં શિલ્પો ધરાવતાં જૈન મંદિરો ખંડેર થઈને પડ્યા છે. ઉપરાંત ત્યાંની ભિલ્લ પ્રજા જૈન આચાર - વિચાર - ધર્મ પ્રત્યે અનન્ય આદરભાવ ધરાવે છે. આ બીજી રહસ્યમય વાત વાચતાં મને ખેદ થયો કે, જૈન સાધુ - સાધ્વીઓએ અને શ્રાવકોએ આ અનાર્ય ગણાતા પ્રજા–સમૂહો તરફ આવી લાંબા સમયની ઉપેક્ષા કેમ સેવી હશે! તેઓ મહાવીર પ્રભુનાં અનાર્ય દેશમાં - રાઢ દેશમાં - થએલાં પર્યટનોને વ્યાખ્યાનોમાં જ ક્યાં સુધી યાદ કરશે અને યાદ કરાવશે? રાઢ પ્રદેશ એટલે પશ્ચિમ બંગાળનો તે સમયનો અનાર્ય પ્રદેશ એમ સંશોધન - વિદ્વાનો અભિપ્રાય છે, - મહાવીરે એ પ્રજાને અનાર્યત્વ-માંથી આર્યત્વમાં પ્રવેશ કરાવેલો હતો. **પ્રજ્ઞાપના સૂત્રમાં** આ ભેદ આર્ય - અનાર્યનો ભેદ - આચાર્યોએ બતાવ્યો છે. આ ભેદ સમજવાથી જ જૈન સમાજ હજુ સુધી ટકી શક્યો છે. બાકી મહારાજશ્રીએ તો ઉપાલંભ આપ્યો છે કે, પંચાંગી આદેશ પ્રમાણે અત્યારનો જૈન સાધુ - સાધ્વી સમાજ બિલકુલ વર્તતો નથી.

વસ્તુતઃ જ્યાં ઉપાલંભ આપવો જોઈએ ત્યાં મહારાજશ્રી બિલકુલ સંકોચ અનુભવતા નથી. **સન્મતિ તર્ક** જેવા ગ્રન્થને હજારો રૂપિયાનું ખર્ચ કરી નાંખવા છતાં ન્યાય આપવાનું કામ કોઈ જૈન સાધુ પાર પાડી શક્યા નહિ તે કામ - ગ્રંન્થનું વાચન, અધ્યયન વગેરે **સ્થાનકવાસી** જેવા **અ-વિદ્યાપ્રધાન** સમાજમાંથી આવેલ એક વ્યક્તિ આત્મારામજી મહારાજ શ્રી વિજયાનંદસૂરિ, સ્વયં-પ્રભાથી જીવનની ટૂંકી કારકિર્દીમાં કરી ગયા છે. આ ઉપાલંભ જૈન સમાજે હૃદયમાં અવધારવા જેવો છે.

આવો જ અભિગમ (ઉપાલંભ નહિ) મહારાજશ્રીએ દિગંબરી સંઘ

પ્રત્યે દર્શાવ્યો છે. છેદસૂત્ર તરીકે ગણાતા બૃહત્–કલ્પસૂત્રના છ ગ્રન્થો પૈકી છઠ્ઠા ગ્રન્થનું બેતાલીસ પાનાનું પ્રાસ્તાવિક–વિવેચન કરતાં મહારાજશ્રી લખે છે કે "પ્રાચીન જૈન સાધુ - સાધ્વીઓએ, નિગ્રંથ - નિગ્રંથિણીઓએ, ભિક્ષુ-ભિક્ષુણીઓએ, યતિ-યતિનીઓએ,– પાખંડ - પાખંડિનીઓએ (અત્રે હું એમાં સંયતિ - સંયતિકાઓને ઉમેરું તો મને ક્ષમા આપવામાં આવશે), દુષ્કાળો દરમિયાન, આક્રમણો દરમિયાન, છિન્નભિન્ન દશામાં આવી ગયેલા આગમોની પુનઃવ્યવસ્થા કરી, જાણે કે તે કામ કોઈ સાર્વભૌમ રાજ્યસત્તા કરતી હોય એમ, ધૈર્યથી, દમામપૂર્વક, ગૌરવથી સંઘનું શાસન ચલાવ્યું, છતાં દિગંબર સંઘે એવી માન્યતા સેવી કે, આગમો સર્વથા નાશ પામ્યાં છે, એટલે શ્વેતાંબરી આગમો માન્ય થવા જોઈએ નહિ. પરિણામ એ આવ્યું કે, અત્યારે દિગંબર શ્રી. સંઘ સન્મુખ મૂળ પ્રથમ પુરુષોએ મૂકેલા સાહિત્યનો એક શબ્દ પણ રહ્યો નથી; એક ગાથા - એક અક્ષર પણ નથી." "આ વિચારથી દિગંબર શ્રી સંઘે ઘણું ખોયું છે." મહારાજશ્રીનો આ અભિગમ સમગ્રપણે હૈયે ધરવા જેવો છે.

પૂજ્ય મહારાજશ્રીએ સાધુ–સાધ્વીઓના - શિક્ષણને તુલનાત્મક સંપ્રદાયવાદથી મુક્ત, ક્ષુદ્ર ચર્ચાથી વિરકત રાખવા જે અનુરોધ કર્યો છે તેમાં એક બાબત ઉમેરવી જોઈએ. તે એકે શિક્ષણમાં અંગ્રેજી, જર્મન, ફ્રેંચ ભાષાઓનું શિક્ષણ આવશ્યક હોવું જોઈએ. વારાણસી મુકામે વિજયધર્મસૂરિએ કરેલી વ્યવસ્થામાં આ એક મોટી ઊણપ રહી ગઈ હતી. તે યાદ રહે!

આ આખો ગ્રન્થ અપૂર્વ છે. એનું અવલોકન કરવું તે વિકટ છે. મારી કાર્યક્ષમતા, એ માટે, અતિ અધૂરી છે એમ હું માનું છું. મને ભય રહે છે કે, આ મારો પ્રયત્ન કોઈને અધૂરો લાગશે તો કોઈને યોગ્યતા વગરનો લાગશે; કોઈ, વળી, તેને લાંબો ધારશે. ગમે તેમ, મેં આ પ્રયાસ મારા સુહૃદભાઈ શ્રી. પરમાનંદભાઈ કાપડિયાના નિમંત્રણથી કર્યો છે. તે તૈયાર કરવામાં મારી પોતાની મહારાજશ્રી તરફની ભકિતભાવના અને મહારાજશ્રીનો પોતાનો મારા પ્રત્યેનો આદરભાવ, તેમાંથી મને પ્રેરણા મળી છે. 'પ્રબુદ્ધ જીવન' મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર છે. - જૈન વિદ્યા હવે માત્ર ભારત - લક્ષી નથી, એ તો હવે વિશ્વ–વિદ્યાલક્ષી થઈ ગઈ છે. એનું સ્વત્વ એવું વ્યાપક સ્થાન ધરાવવાની યોગ્યતાવાળું છે. પ્રાચીન સમયના ધુરંધર આચાર્યોએ એ વિદ્યાને સર્વ–લક્ષી આગવી બનાવી છે. પરમપૂજ્ય મહારાજશ્રી પુણ્યવિજયજીનો પ્રયાસ એવો જ–વિશ્વલક્ષી છે. આંતરદેશીય અને વિદેશીય વિદ્વાનોની અભિવાદનાઓ એ સિદ્ધ કરી બતાવે છે. ઈચ્છીએ કે મહારાજશ્રી ચિરાયુ રહે, અને અપ્રતિહત આરોગ્યમાં રહી ભારતને અને વિશ્વને અર્પત વિરલ સેવા આપે!

કેશવલાલ હિમતરામ કામદાર

આગામી ૧૯૭૧ માં થનારી વસતિ–ગણતરી અને જૈનો

આગામી ૧૯૭૧ ની સાલમાં ભારતની સમસ્ત પ્રજાની ભારત સરકાર તરફથી ગણતરી થવાની છે. ગઈ વસતિ–ગણતરીમાં સાધારણ રીતે ધારવામાં આવતું હતું તે કરતાં જૈનોની ઘણી ઓછી સંખ્યા નોંધાણી છે. આના કારણ રૂપે એમ અનુમાન કરવામાં આવે છે કે એવા ઘણા જૈનો હતા કે જેમણે પોતે જૈન છે એ બાબત પ્રત્યે ઉદાસીનતા દાખવી હતી અને હિન્દુ, વાણિયા, દશા શ્રીમાળી એવાં ભળતા નામે પોતાને લગતી નોંધ કરાવી હતી. જૈન સમાજ ભારતનું એક સ્વતંત્ર અને મહત્ત્વનું ઘટક છે અને તેના માથે અનેક મંદિરો, તીર્થો વગેરે સંભાળવાની જવાબદારી છે. વળી ૧૯૭૪માં ભગવાન મહાવીરનું ૨૫૦૦ મું નિર્વાણ વર્ષ ઊજવવામાં આવનાર છે. આ બાબતો ધ્યાનમાં લઈને પ્રત્યેક જૈન બંધુ યા ભગિનીને આગ્રહપૂર્વક અનુરોધ કરવામાં આવે છે કે તેમણે આગામી વસતિ-પત્રકમાં માત્ર 'જૈન' તરીકે પોતાનું નામ નોંધાવવું. પરમાનંદ

ડૉ. શાન્તિ પટેલના અમેરિકાના ❋ પ્રવાસનાં સંસ્મરણો ❋

જૈન સોશિયલ ગ્રુપ આયોજિત એક સભામાં પ્રારંભે જૈન સોશ્યલ ગ્રુપના મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહે સૌને ઑગસ્ટની ૧૪મી તારીખે સ્વાતંત્ર્ય - દિનની પૂર્વ - સંધ્યાએ - આવકારી સમારંભના અતિથિવિશેષ અને મુંબઈની મ્યુનિસિપલ કોર્પોરેશનના કૉંગ્રેસ પક્ષના આગેવાન ડૉ. શાન્તિ પટેલનો પરિચય આપ્યો હતો.

સમારંભમાં રમૂજ ને કટાક્ષયુકત ગીતો રજૂ કરનાર "ગપ્પી' ઉપનામધારી કવિ શ્રી. રમેશકાંત જાનીનો પણ તેમણે પરિચય આપ્યો હતો.

ત્યાર બાદ અતિથિવિશેષ ડૉ. શાન્તિ પટેલે પ્રવચન કરતાં તાજેતરમાં તેમણે કરેલા અમેરિકાના પ્રવાસનાં કેટલાંક સંસ્મરણો નીચે મુજબ રજુ કર્યા હતા:–

અમેરિકન લોકશાહીની ઢબ આપણા દેશ કરતાં જુદી છે. ત્યાંની રાજકીય પરિસ્થિતિ આપણા કરતાં જુદી છે. ત્યાંની કૉંગ્રેસમાં, સુધરાઈમાં પણ પાર્ટીઓ છે પણ પાર્ટી સીસ્ટમ નથી. આપણે ત્યાં બ્રિટિશ પદ્ધતિ અનુસાર પાર્ટી સીસ્ટમ છે. આપણા દેશના પ્રશ્નો જુદા છે તેથી આપણી પદ્ધતિ જ મહત્ત્વની છે.

આમ છતાં પ્રત્યેક પદ્ધતિનો અભ્યાસ કરવો, જ્ઞાન મેળવવું, એ દૃષ્ટિએ મેં ત્યાંની પદ્ધતિનો અનુભવ લેવાનું વિચાર્યું.

અમેરિકામાં પક્ષો છે: જેમકે રીપબ્લીકન પાર્ટી અને ડેમોક્રેટિક પાર્ટી. પણ ત્યાં પાર્ટીવાર વૉટિંગ નથી. ત્યાં કૉંગ્રેસમાં - જેમ આપણે સંસદ છે તેમ ત્યાં કૉંગ્રેસ છે - દરેક સભ્યને મત - સ્વાતંત્ર્ય છે. પોતાના પક્ષને જ મત આપવાની ડીસીપ્લીન ત્યાં નથી. આવું જ મત - સ્વાતંત્ર્ય ત્યાંની ચૂંટણી વેળા પણ છે.

અમેરિકન નાનાં શહેરોની સુધરાઈની ચૂંટણી બિનપક્ષીય ધોરણે થાય છે. પણ મોટાં શહેરોમાં વિવિધ વર્ગોના ધોરણે ઉમેદવારી થાય છે. દા. ત. જમીનદારો, દુકાનદારો, દારૂ વેચનાર એમ વિવિધ વર્ગોના ઉમેદવારો ગમે તે પક્ષના હોય છે. પણ આવા વર્ગોમાં ધર્ષણ તો અનિવાર્ય હોય જ છે. ત્યાંની લોકશાહી જુદા પ્રકારની છે જે ઈંગ્લેન્ડ, યુરોપ કે ભારતમાં ય નથી. તેમને આપણી પાર્ટી–વ્યવસ્થા જોઈ આશ્ચર્ય થાય છે. ઘણા એવા પણ મને મળ્યા જેમણે કહ્યું કે, "તમારી (ભારતની) પદ્ધતિ ઘણી સારી છે. અહીં (અમેરિકામાં) તો કોઈ પર અંકુશ જ નથી. સૌ મન ફાવે તેમ વર્તે છે. પક્ષની કોઈ નીતિ કે સિદ્ધાંતો નથી કે શિસ્ત પણ નથી. કેવળ રીપબ્લીકન કે ડેમોક્રેટીક એમ પક્ષની છાપ જ મારી આપવામાં આવે છે."

અમેરિકામાં મેયરને લોકો સીધી ચૂંટણીથી જ ચૂંટે છે. એટલે ત્યાંના મેયરની સત્તા પણ અમર્યાદિત હોય છે. પાણી, રસ્તાઓ વિગેરે ઉપરાંત અનેક ખાતાંઓ તેમની પાસે છે, જે આપણે ત્યાંના મ્યુનિસિપલ કમિશનર પાસે પણ નથી. ત્યાં સુધરાઈની નીતિ ઠરાવવાની જવાબદારી મેયર પાસે છે. ત્યાં પોલીસ ખાતું પણ મેયરના હાથ નીચે છે. એર-પોર્ટ અને ગોદીનો વહીવટ પણ મેયરના હાથમાં જ છે. એટલે ત્યાં મેયરનું અનોખું સ્થાન છે. એમ કહેવાય છે કે ન્યુયૉર્ક શહેરના મેયરનું સ્થાન પ્રમુખ નિક્સનના સ્થાન પછીનું છે. આ ઉપરથી મેયરના સ્થાનના મહત્ત્વનો ખ્યાલ આવી શકશે.

હમણાં અમેરિકી ચંદ્રવીરો ચંદ્રની યાત્રા કરીને પાછા ફર્યા. ચંદ્રના સ્વરૂપ અંગેની અનેક કલ્પનાઓને તેમણે ખોટી પાડી. આપણે ત્યાં એવી ધાર્મિક માન્યતા છે કે જીવતો માનવી ચંદ્રલોકમાં જઈ શકે જ નહીં. પણ અમેરિકા આવા કોઈ વહેમમાં માનતું નથી. એ તો આર્થિક, સામાજિક ને વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રગતિશીલ દેશ છે.

હું અમેરિકાના સમાજની વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓને મળ્યો. ન્યુયૉર્કમાં રહ્યો ને ગામડામાં ય રહ્યો. લોકો પૂછે કે તમે ગામડામાં કેમ જાઓ છો? તમારો સંબંધ તો શહેરો સાથે જ છે. મેં તેમને કહ્યું કે, અમે તમારું અનાજ ખાઈએ છીએ. એ અનાજ કયાં ઊગે છે, કોણ ઉગાડે છે, કેવી રીતે ઉગાડવામાં આવે છે? એવું લોકો મને પૂછશે તો હું શું જવાબ આપીશ? એટલા માટે જ હું ગામડામાં જવા માગું છું. હું અમેરિકી ખેડૂતના ઘેર બે દિવસ રહ્યો. તેઓ સાદા ને સરળ હતા. ભારતના ખેડૂત જેવી જ સરળતા મેં તેમનામાં જોઈ. તેમનું ખેતર ઘણું મોટું હતું. અમેરિકાની એક વિશેષતા છે. ત્યાં નાનીસૂની કોઈ વાત જ નથી. ત્યાં કરોડો ને અબજોની જ વાતો ચાલે છે. સરકારી ખર્ચ પણ કરોડો ને અબજોમાં હોય છે. તેથી ગોટાળા પણ કરોડો–અબજોમાં જ થાય છે. ત્યાં ક્રચોરી પણ કરોડો અબજોમાં થાય છે. અહીંયા ક્રચોરી થાય તેમ ત્યાં પણ થાય છે. કારણ કે ત્યાં પણ માણસો જ છે ને. ત્યાં મોટા માણસો જ એવું કરતા હોય છે.

હું જે ખેતરમાં રહેતો હતો તે ખેતર બે ભાઈઓ વચ્ચે ૫૧૦ થી ૬૦૦ એકરનું હતું. તેમની પાસે ખેતીનાં તમામ યાંત્રિક સાધનો હતાં. ખેડૂતનું ઘર પણ ખેતરમાં જ હતું. ખેતીની સાથે પશુ - પાલન ને બીજા ઉદ્યોગો પણ તે ચલાવે છે. ત્યાં પ્રમાણિકતા છે. કામની કોઈ શરમ નથી. કોટપાટલૂન પહેરેલો અમેરિકન ખેડૂત ઢોરને નીરણ નાંખતો હોય છે.

અમેરિકાની બીજી વિશેષતા એ છે કે ત્યાં છોકરા - છોકરીઓ ભણતર માટે મા - બાપ પર બોજો નાંખતા નથી. તેઓ રજાઓમાં કામ કરે છે. તેમાં પૈસાવાળાના દીકરા - દીકરીઓ પણ ક્લાર્ક, વેઈટર્સ, વાસણો ધોવાનું ને બીજું મહેનતનું કામ કરી પૈસા કમાય છે. ત્યાં મહેનતનું કોઈ પણ કામ કરવામાં નાનપ મનાતી નથી. કામનું મહત્ત્વ ગાંધીજી પણ ભાર દઈને સમજાવતા હતા. છતાં આપણે તો બૉમ્બે સેન્ટ્રલ ઊતરી સીધા બૅગ ઊંચકવા કુલીને શોધીએ છીએ. ત્યાં લોકો પોતાનો સામાન પોતે જ ઊંચકે છે.

ત્યાં પ્રમાણિકતા કેવી છે તેનો એક દાખલો આપું. ખેડૂતના ઘરમાં ગૅસનું જોડાણ હતું. મેં પૂછ્યું કે ગૅસનું બીલ કેમ ભરો છો? તેમણે કહ્યું અહીં કોઈ ઈન્સ્પેક્ટર મીટર જોવા આવતો જ નથી. દર મહિને હું જ મીટર જોઈ કંપનીને ફોન કરું છું. તેઓ બીલ મોકલી આપે છે, તે હું બૅંકમાં ભરી દઉં છું. આવી રીતે ગેસ–કંપની ગ્રાહકો ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકે છે.

તમે જૈનોએ ચુધરાઈ ઉંદરો ન મારે એવી જે વાત કરી તે અંગે મારે એટલું જ કહેવાનું કે તમે પોતે જ કોઈ એવો કીમિયો બતાવો કે ઉંદરને માર્યા વિના જ તેમનો ત્રાસ દૂર થઈ શકે, તો હું તમારો ખૂબ જ આભારી થઈશ.

અમેરિકામાં લોકો ખાવાની ચીજોમાં ભેળસેળ નથી કરતા. શાકભાજી, દવા, વિગેરે ભેળસેળથી મુક્ત હોય છે. ત્યાં તેની સામેના કાયદા પણ કડક હોય છે. ઉપરાંત લોકો પણ જાગૃત હોય છે. ત્યાં દવા પર કેટલો નફો લેવો તે પણ કાયદા મારફત ઠરાવાયેલું હોય છે. હમણાં સ્કવીબ કંપની પર નફાખોરી માટે કેસ કરવામાં આવ્યો હતો. તેમાં ચૂકાદો કંપનીની વિરુદ્ધ જતાં કંપનીને ભારે દંડ થવા ઉપરાંત છેલ્લાં પાંચ વર્ષમાં તેણે કરેલાં વેચાણનાં વધારાનાં નાણાં પાછાં આપીને તેની રસીદો કૉર્ટમાં રજૂ કરવાનું કહેવામાં આવ્યું છે.

અમેરિકામાં પણ આપણી જેમ ઘણી સમસ્યાઓ છે. અમેરિકનો શિષ્ટાચારમાં માનતા નથી. તેઓ સાદાં, સરળ નાગરિકો છે. ત્યાં હમણાં હમણાં એક વસ્તુ સૌનું ધ્યાન ખેંચે છે. યુવક - યુવતીઓ લાંબા-વાળ રાખે છે. ચૂસ્ત પેન્ટ અને શર્ટ કે જર્કીન પહેરી ફરતાં હોય છે. આમાં મધ્યમ વર્ગનાં ને પૈસાદારનાં છોકરા - છોકરીઓનો સમાવેશ થાય છે. તેમનો પહેરવેશ એટલો બધો એકસરખો હોય છે કે દૂરથી કોઈ છોકરો જાય છે કે છોકરી તે કહેવું મુશ્કેલ બને છે. ત્યાં મોટા મોટા ગોગલ્સ પહેરવાનો રિવાજ વધી પડયો છે. તેમને જોતાં આપણને થાય છે કે આ તે માણસ છે કે શું? આપણે ત્યાં પણ આ બધું આવી રહ્યું છે.

અમેરિકાનો ટ્રાફીકનો પ્રશ્ન પણ મુંબઈના જેવો જ વિકટ છે, જો કે મુંબઈમાં સ્થિતિ બે - ત્રણ વર્ષથી કંઈક સુધરી છે એમ મારું માનવું છે. ટ્રાફીકનું સંચાલન આર્થિક દૃષ્ટિએ હંમેશા પરવડતું નથી. ઘણા બસ–હડતાળવેળા કહેતા હતા કે તમે બસ–વહેવાર ન ચલાવી શકો તો તાતાવાળાઓને કેમ નથી આપી દેતા? પણ છેલ્લાં થોડાં વર્ષોમાં ન્યુ યૉર્ક ને શીકાગોનો ટ્રાફીકવહેવાર પણ સુધરાઈએ લઈ લીધો છે. ટ્રાફીક–વહેવાર ખાનગી કંપની ભાડાં વધાર્યા વિના સરળતાથી ચલાવી શકે નહીં. ભાડાં ત્યાં એટલાં બધાં વધી ગયાં કે તેના કરતાં મોટર રાખવી પરવડે. દુનિયાના કોઈ પણ શહેરમાં એ સિદ્ધાંત સ્વીકારાયો છે કે સરકાર શરૂઆતની મૂડી આપે છે અને ટ્રાફિક–સંસ્થા સંચાલનખર્ચ કાઢે છે. લંડનમાં તો સરકારે કાયદો જ ઘડયો છે કે બસ કે ટ્રેનનો ૭૫ ટકા મૂડીખર્ચ સરકાર આપશે. સંસ્થાએ માત્ર સંચાલનખર્ચ કાઢવાનું રહેશે. એટલે જ ત્યાં ટ્રાફીક આર્થિક દૃષ્ટિએ પરવડે છે. બીજાં કેટલાંક શહેરોમાં વાહન–વહેવાર મફત છે. એ તો ઘણું મુશ્કેલ છે. અહીં આપણે ત્યાં માત્ર ગીરદીના ક્લાકોમાં જ કમાણી રહે છે. બસવહેવારને બપોરે ને રાતે એટલી બધી આવક નથી, છતાં પગાર તો આપવો જ પડે છે. આ મુશ્કેલી છે. એટલે જ રાજ્ય અને કેન્દ્રની લોકપ્રિય સરકારે ટ્રાફીકમાં સુધરાઈને સહાય કરવાની જરૂર છે. અમારે રૂ. ૮૦ લાખનો ઉતારૂવેરો ભરવાનો છે. અમે સરકારને કહ્યું છે કે અમે ભાડું વધારીને ઉતારૂવેરો નથી આપવાના. અમે સરકાર સામે કયાં સુધી ટકી શકીશું એ કહેવું મુશ્કેલ છે. આ ટૅક્ષ અયોગ્ય અને અન્યાયી છે. તેને વસુલ કરતાં અમે છેક સુધી રોકીશું.

આપણે ત્યાં તો 'નેવાનાં પાણી મોભે જાય' એવી ઉલટી વાતો ચાલે છે. હાઉસ રીપેર સેસના ખરડામાં પણ સરકાર સુધરાઈને એક કરોડ રૂપિયા ફાળવવા કહે છે. અમેરિકામાં મકાન સમારકામ કરનાર સંસ્થાને ૨/૩ ભાગની રકમ સરકાર આપે છે.

શીકાગોમાં હું એક મિટિંગમાં ગયો હતો. ત્યાં ૩૦૦ જેટલા ભારતીઓ એકઠા મળ્યા હતા. ૧૦–૧૫ વક્તાઓએ એ વિષય પર વિચારો દર્શાવ્યા કે "અમેરિકામાં રહ્યા રહ્યા અમે ભારતને સહાયતા કેવી રીતે કરી શકીએ?" મેં પણ આ ચર્ચામાં ભાગ લીધો. મેં કહ્યું કે, હમણાં જે કંઈ થઈ રહ્યું છે તે સમુદ્રમંથન જેવું છે. તેમાંથી શરૂશરૂમાં ઝેર પણ નીકળશે. યુવાનોએ એ પચાવવું પડશે. એ પછી જ આબાદીનું અમૃત આપણે પ્રાપ્ત કરી શકીશું.

ઝંઝાવાતો વચ્ચે ય હું આશાવાદી છું. અંતે તો આપણો દેશ કટોકટી પાર કરી જશે.

પછી વર્તમાન રાજકારણી પરિસ્થિતિ અંગે અછડતો ઉલ્લેખ કરીને તેમણે પોતાનું પ્રવચન પૂરું કર્યું હતું. ત્યાર બાદ સંસ્થાના પ્રમુખ શ્રી. કાન્તિલાલ વોરાએ માનનીય મહેમાનોનું ફૂલહાર વડે સ્વાગત કર્યું હતું. શ્રી. રમાકાન્ત જાનીએ પોતાના કટાક્ષયુકત મુકતકો અને કાવ્યો વડે સંમીલિત ભાઈ–બહેનોનું મનોરંજન કર્યું હતું. ત્યાર બાદ ભોજન અને ત્યાર બાદ રમાકાન્ત જાનીની કૃતિઓની વિશેષ રજુઆત અને તે કારણે પ્રસન્નતા અનુભવતા ભાઈબહેનોના આ મધુર મીલનનું રાત્રીના ૧૧ વાગ્યા લગભગ વિસર્જન કરવામાં આવ્યું હતું.

સંપાદક:

ચીમનલાલ જે. શાહ મંત્રી: જૈન સોશ્યલ ગ્રૂપ

સંઘ સમાચાર

સંઘના કાર્યાલયનું કરવામાં આવેલું સ્થળાન્તર

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું કાર્યાલય લગભગ ૩૦-૩૧ વર્ષથી મુંબઈ ખાતે ધનજી સ્ટ્રીટમાં આવેલા મકાનમાં હતું તે બદલીને ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ (સેન્ડહર્સ્ટ રોડ) ઉપર વનિતા વિશ્રામની સામે, નજીકમાં આવેલા ટોપીવાળા મેન્શનમાં બીજે માળે, ચાલુ સપ્ટેમ્બર માસના પ્રારંભમાં ફેરવવામાં આવેલ છે. આ પ્રસંગના મહત્ત્વને ધ્યાનમાં લઈને ગોકુળ અષ્ટમી–તા. ૪ સપ્ટેમ્બર ગુરુવારના રોજ–સંઘની કાર્યવાહક સમિતિના કેટલાક સભ્યો સહકુટુંબ નવા કાર્યાલયમાં એકઠા થયા હતા અને જેમણે સંઘના મકાન ફંડમાં રૂા. ૫૦૦૧ નોંધાવ્યા છે એવા–સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી દામજીભાઈની અપંગ પુત્રી ચિ. બહેન રેખાના હાથે કુંભની સ્થાપના કરાવવામાં આવી હતી અને અલ્પાહાર વડે હાજર રહેલા ભાઈ–બહેનોના મોઢાં મીઠાં કરવામાં આવ્યા હતા.

આ રીતે સંઘે સાંકડી જગ્યામાંથી એક વિશાળ અને જવા આવવામાં સૌને વધારે અનુકૂળ પડે તેવા સ્થળમાં પ્રવેશ કર્યો છે. સંઘે પ્રાપ્ત કરેલ આખા માળનું ક્ષેત્રફળ આશરે ૧૭૦૦ ચોરસ ફીટ છે અને તેમાં ૯૦૦ ચોરસ ફીટ જેટલો વિશાળ સભાગૃહ થઈ શકે એવી સગવડ છે. આના અનુસંધાનમાં જણાવવાનું કે તા. ૬ ઠ્ઠી સપ્ટેમ્બરના રોજ સાંજના સંઘની કાર્યવાહક સમિતિની એક ખાસ સભા સંઘના નવા કાર્યાલયમાં ભરવામાં આવી હતી. આ સભામાં, એક સભ્ય બહારગામ છે તે સિવાયના બધા જ સભ્યો ઉપસ્થિત થયા હતા અને સંઘની આ સિદ્ધિના કારણે સૌ કોઈ અત્યંત આનંદ-પ્રફુલ્લ દેખાતાં હતાં. આ પ્રસંગે સંઘના પ્રમુખ અને ઉપપ્રમુખે પોતપોતાનાં ટૂંકા પ્રવચનો દ્વારા સૌના આનંદને પ્રતિધ્વનિત કર્યો હતો, નવું કાર્યાલય નક્કી કરવામાં અસાધારણ જહેમત ઉઠાવનાર શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહનો ખાસ આભાર માન્યો હતો અને આવું વિશાળ કાર્યાલય વસાવતાં અને તેને યોગ્ય રીતે વિકસાવવાનો નિર્ણય કરતાં સંઘે ઘણી મોટી આર્થિક જવાબદારી ઉપાડી છે, જેને પહોંચી વળવા માટે સંઘે લાખ નહિ પણ સવા લાખ રૂપિયાની રકમ એકઠી કરવાની રહેશે–આ બાબત તરફ સર્વ સભ્યોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

સંઘના નવા કાર્યાલયમાં ચિ. બહેન રેખાના હાથે થઈ રહેલી કુંભસ્થાપના

નવી જગ્યામાં જે હૉલ અથવા સભાગૃહ છે તેને અદ્યતન આકાર આપવો અને તે માટે ટેલિફોન, ધ્વનિવર્ધક યંત્ર, વગેરે જરૂરી બધી સામગ્રી વસાવવી–એવો આ

સંઘના નવા કાર્યાલયમાં કુંભસ્થાપના સમયે ઉપસ્થિત થયેલા સભ્યો

સભામાં નિર્ણય કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ નીચે મુજબના બે ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ ૧ : રેખા દામજીભાઈ વૈદ્યકીય રાહત કેન્દ્ર

સંઘની કાર્યવાહીના સભ્ય શ્રી દામજીભાઈ સંઘના મકાન ફંડમાં રૂ. ૫૦૦૦ તો ભરી ચૂક્યા છે, આ ઉપરાંત તેમણે મકાન ફંડને વિશેષ વેગ આપવા માટે આવતી દિવાળી સુધીમાં રૂ. ૧૦૦૦૦ એકઠા કરી આપવાની તત્પરતા દેખાડી છે. તેમનો આ સેવાભાવ ધ્યાનમાં લઈને ઠરાવવામાં આવે છે કે સંઘદ્વારા ચાલતી વૈદ્યકીય રાહત પ્રવૃત્તિ સાથે તેમની પુત્રી બહેન રેખાનું નામ જોડવું અને આ પ્રવૃત્તિને 'રેખા દામજીભાઈ વૈદ્યકીય રાહત કેન્દ્ર' નું નામ આપવું.

ઠરાવ ૨ : શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ

સંઘના નવા કાર્યાલયમાં ૩૦'×૩૦' નું એક સભાગૃહ બનાવવાનો આજે જે નિર્ણય લેવામાં આવ્યો છે તે સભાગૃહ સંબંધમાં વિશેષ એમ ઠરાવવામાં આવે છે કે તે સભાગૃહ સાથે, સંઘના વર્તમાન ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સંઘની જે અનેકવિધ સેવાઓ કરી છે તેની કદર તરીકે, તેમનું નામ જોડવું, એટલે કે તેને 'શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ' નામ આપવું.

આ બે મહત્ત્વના ઠરાવો પસાર કરીને અલ્પાહારપૂર્વક કાર્યવાહક સમિતિની સભા વિસર્જિત કરવામાં આવી હતી.

જ્યારે સંઘના કાર્યાલયનું સ્થળાંતર કરવામાં આવ્યું છે ત્યારે ધનજી સ્ટ્રીટના અમારા જૂના કાર્યાલયની બાજુએ આવેલ મહાવીર પ્રીન્ટીંગ વર્કસના માલિક શ્રી રામુભાઈ લક્ષ્મણ ડાંભાવાલાનો, તેમણે અમને ટેલિફોનની વર્ષો સુધી સગવડ આપી તે બદલ, અમે આ સ્થળે ખાસ આભાર માનીએ છીએ.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

દેહાન્તદંડની શિક્ષા વિષે એક ચર્ચાપત્ર

ડૉ. એમ. એમ. ભમગરાએ નીચે મુજબનું એક ચર્ચાપત્ર મોકલ્યું છે :

> "તેને દેહાંત દંડ ફરમાવું
> છું; તેનું મૃત્યુ થાય
> ત્યાં સુધી તેને ફાંસીને
> માંચડે લટકાવવામાં આવશે."

એક સભ્ય અને સુસંસ્કૃત સમાજમાં ઉચ્ચારાતા આ શબ્દો કેવા લાગે છે? આને સંસ્કારિતા કહી શકાશે? તા. ૧૩ મીએ ફરી એક વેળા આપણે એક જજના મોઢેથી આ ચુકાદો સાંભળ્યો. આવા ચુકાદા આપણે લગભગ રોજ વાંચીએ છીએ. પ્રતિવર્ષ આશરે ૬૦૦ ગુનેગારોને આપણા દેશમાં દેહાંતદંડની સજા ફરમાવાય છે. ૧૩ મી ઑગસ્ટે અપાયેલો ચુકાદો ૪૧ માણસનું ખૂન કર્યું છે એમ જાતે કબૂલ કરનાર વિકૃત માનસના રામન રાઘવન વિષે હતો; તેમ છતાં આપણે પોતાને ઉપલા પ્રશ્નો પૂછવા જ રહ્યા!!!

આપણે પોતાને એ પણ પૂછવું છે કે 'રામન રાઘવન-મુર્દાબાદ' પોકારનાર ટોળાં જેવા વિચારહીન આપણે રહીશું કે પછી વિચારશીલ અને સુશિક્ષિત નાગરિક તરીકે આ કિસ્સાને – અને આવા બધા કિસ્સાઓને – જુદી દૃષ્ટિએ જોવાની ઉદારતા – કહો કે માનવતા – બતાવીશું? રામનના ગુના માટે મૃત્યુની સજા કરી આદિમાનવ જેવી વૈરવૃત્તિ દાખવવાનું આપણા માટે કેટલું શોભાસ્પદ છે? અને તે પણ ગાંધી શતાબ્દીના આ વર્ષમાં?–કે જ્યારે કેટલાક સમજુ લોકો બંધારણમાં ફેરફાર કરી મૃત્યુદંડ રદ કરાવવા માગણી કરે છે?

તેના વ્યગ્ર, અસ્થિર માનસને પરિણામે આવાં વધુ ખૂનો થતાં અટકે એ માટે રામનને કેદની સજા જરૂર થવી જોઈએ. પરંતુ ન્યાય અને કાયદાને નામે ખૂનીનું ખૂન કરવું આપણા માટે કેટલું ઉચિત છે? જંગલના બર્બર કાયદાથી ઉપર આપણે ક્યારે ઉઠીશું?

એમ. એમ. ભમગરા

તંત્રી-નોંધ

ઉપરના ચર્ચાપત્રમાં ડૉ. એમ. એમ. ભમગરાએ એક મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. આપણી સર્વસામાન્ય માન્યતા એવી છે કે રામન રાઘવન જેવા ઘોર અત્યાચારીને સખતમાં સખત શિક્ષા થવી જોઈએ અને સખતમાં સખત શિક્ષા એટલે ફાંસીની શિક્ષા. પણ આ આવેશની પરિભાષા છે. આ પ્રશ્ન આપણે શાન્તિથી વિચારવો ઘટે છે. રામન રાઘવન હોય કે અન્ય કોઈ ખૂની હોય. પ્રશ્ન એ છે કે કોઈ પણ માનવીને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવે તે યોગ્ય છે? ધારો કે આવા માણસને ખૂબ રીબાવવો જોઈએ એમ માની લઈએ તો પણ, દેહાન્ત દંડને બદલે જીવનભરની જેલશિક્ષાથી આ હેતુ વધારે સારી રીતે પાર પડે છે કે નહિ એમ આપણે વિચારવું જોઈએ. બીજું ગમે તેવા માનવીમાં પણ ઈશ્વરનું તત્ત્વ નિહિત છે અને તેથી તેનામાં પરિવર્તનની શક્યતા રહેલી છે એ આપણો અનુભવ છે. પણ દેહાન્તદંડ સાથે આ પરિવર્તનની શક્યતાને માટે કોઈ અવકાશ જ રહેતો નથી. ખૂની સંત બન્યાના દાખલાઓ ઈતિહાસમાં નોંધાયેલા છે. ત્રીજું રામન રાઘવનનો કીસ્સો બાજુએ રાખીએ, પણ ખોટા આરોપ ઉપર નિર્દોષ માણસો ફાંસીએ ચઢયાના દાખલાઓ બનતા રહ્યા છે. એ જ કહેવાતો ખૂની જેલમાં જીવતો રહી શક્યો હોય તો તેના માટે નિર્દોષ પુરવાર થવાની અને મુક્તિ મેળવવાની શક્યતા જીવતી રહે છે. આવા કેટલાક ખ્યાલોથી દેહાન્તદંડની શિક્ષા કરવાનું કેટલાક દેશોમાં બંધ કરવામાં આવ્યું છે અને બીજા દેશો આ અંગે ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે. આ બાબતમાં ભારત સરકારે પહેલ કરવી જોઈએ અને બંધારણીય સુધારો કરીને ગમે તેવા અત્યાચારીને પણ દેહાન્તદંડની શિક્ષા ફરમાવાતી બંધ કરવી જોઈએ.

પરમાનંદ

(૧૧૨ મા પાનાથી ચાલુ)

આ સર્વોદયનો પ્રકાશ મેળવીને સારું યે વિશ્વ ધન્ય તેમ જ કૃતકૃત્ય બની જશે.

યુગદૃષ્ટા ભગવાન મહાવીરે શોષણ, તિરસ્કાર તેમ જ કષ્ટ પર આધારિત પોતાની જ ચિન્તાનો, અહિંસા તેમ જ પરિત્યાગની મૌલિક વ્યાખ્યા રજૂ કરીને અંત આણી દીધો હતો. જો આજે મહાવીરનો 'અ' મૂળાક્ષર અર્થાત્ અહિંસા, અનેકાન્ત, અભય, અપરિગ્રહ, અસ્વાદ, આત્મવાદ, અદ્રોહ, વગેરે અકારાન્ત મૂળાક્ષર સિદ્ધાંત માનવ માત્રના આત્માનું સંગીત બની જાય તો રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ખેંચતાણ, બધા જ ઝઘડા પતી જાય. અહિંસા તેમ જ અનેકાન્ત જ મહાવીર સ્વામીના જીવનનું ભાષ્ય છે અને તે જ સર્વોદયનો મૂળ મંત્ર છે.

'સર્વોદયં તીર્થમિદં તવૈવ।'

ભગવાન મહાવીરના તીર્થને 'સર્વોદય તીર્થ જ કહેવામાં આવેલ છે અર્થાત્ જ્યાં સર્વોદય–બધાનું જ ભલું કરવાની ભાવના–અંતર્હિત હોય તે જ મહાવીરનું સાશન તીર્થ છે.

મને એ વાત માટે ગૌરવ છે કે મારો ભારત દેશ તેમ જ મારો જૈન ધર્મ સહઅસ્તિત્વ તેમ જ આંતરરાષ્ટ્રીય પારસ્પરિક સહયોગ દ્વારા વિશ્વશાંતિમાં વિશ્વાસ રાખે છે, એટલું જ નહિ પરંતુ હજારો વર્ષથી વિશ્વશાંતિ તેમ જ વિશ્વમૈત્રીનો જીવનસંદેશ આપવામાં હંમેશા અગ્રસર રહ્યો છે. આજે આપણા મિત્રરાષ્ટ્રોના ધર્મનાયકોએ સહઅસ્તિત્વ તેમ જ સહયોગ દ્વારા વિશ્વશાંતિ સ્થાપિત કરવાની દિશામાં નક્કર પગલું ભરીને ધર્મનીતિનો પરિચય આપ્યો છે તે માટે આ સંમેલનના યોજકોને ધન્યવાદ છે.

અંતમાં આપણી બધાની અહીં અંતરભાવના હોય કે :–

સર્વે સુખિનः સન્તુ, સર્વે સન્તુ નિરામયા :।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુःખભાગ્ ભવેત ॥
ૐ શાન્તિ : ! શાન્તિ: ! ! શાન્તિ : ! ! !
જય હિન્દ ! જય જિનેન્દ્ર ! ! જય જગત્ ! ! !

અનુવાદક : **કપિલા ટી. શાહ**

(સમાપ્ત)

મૂળ હિંદી : **શાન્તિલાલ વનમાળી શેઠ**

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૧

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧, ૧૯૬૯, બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

કવિતામાંથી પ્રગટ થતું ગાંધીજીનું વ્યક્તિત્વ

(સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૮ સપ્ટેમ્બર ૧૯૬૯ ના રોજ પ્રા. સુરેશ દલાલે "કવિતામાંથી પ્રગટ થતું ગાંધીજીનું વ્યક્તિત્વ" એ વિષય ઉપર એક સુંદર અને વિદ્વતાભર્યું પ્રવચન કર્યું હતું. ગાંધીજીની શતાબ્દીના ઉપલક્ષમાં ઊજવાઈ રહેલ આગામી સપ્તાહના સમયે આ પ્રવચન બરાબર સમુચિત થઈ પડશે એમ સમજીને તેની સળંગ નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. –તંત્રી).

કવિતા પાસે આપણે એક જ અપેક્ષા લઈને જઈ શકીએ. કવિતામાંથી કવિતા પ્રકટ થવી જોઈએ, બીજું કશું નહીં. જો આ જ હકીકત હોય તો પછી આજનો વિષય આપણને ક્યાં, કોની પાસે લઈ જશે? કવિતા પાસે કે ગાંધી તરફ?

ગાંધીજી કઈ તરફ હતા? ગાંધીજી શું કોઈ એક તરફ હતા ખરા? એ તો ચોતરફ હતા; સત્ય, અહિંસા ને પ્રેમ શું એકતરફી હોઈ શકે? એ તો સર્વવ્યાપક. ગાંધીજીની આસપાસ કોઈ દીવાલ ચણી શકાય નહીં. ગાંધીવાદની પણ નહીં. જેમના શબ્દો આચાર થઈને જ ઊભા રહેતા એવા નિષ્કામ કર્મયોગી વાણી વર્ણવી શકે? શકશે ખરી?

"છો આપ તો મૌન તણા મહારથી"
(સુન્દરમ્)

એમને વર્ણવવા માટે આપણી વાણીનો ગજ ટૂંકો નહીં પડે? મૌનના આવા સાન્નિધ્યમાં વાણી કદાચ ભોંઠી પણ પડી જાય. જીવન અને સાહિત્ય વચ્ચે આમ તો આંખ અને સોય જેટલું જ અંતર હોય છે. પણ ઘણી યે વાર એવું બને છે કે સૂત્ર પરોવાતું જ નથી. હાથમાં જ રહી જાય છે. કવિતા દ્વારા ગાંધીજીના વ્યક્તિત્વને પામવાનો પ્રયત્ન વિરાટ આકાશનું પ્રતિબિંબ વહેતા જળમાં જોતા હોઈએ એના જેવો છે?

"યોગેશ્વર ગાંધી, ભારત ભાગ્યવિધાયક, શ્રદ્ધાવંત, સંયમી, સત્યભાષી, ત્યાગમૂર્તિ, તપધન યોગી, ક્રાન્તદષ્ટા, પુણ્યશ્લોક, વૈષ્ણવજન, પારસમણિ, સતની શૂળીના શહીદ, સાચક્લા આતમવિદ્, દધીચિ, નીલકંઠ, ભીષ્મ, ભારતનો આત્મા, વસુધૈવ કુટુમ્બકમ્ નો મંત્ર આપનાર જગદ્ગુરુ પ્રગટ મૂર્તિમન્ત અહિંસા, પ્રજાજીવનની કોઈ મહ ઘટનાનો અગ્નિપુરુષ" આ અને આવા બધાં સ્તુતિમૂલક શબ્દોના પથ્થરોમાંથી જે કવિતાની કૂંપળ ફૂટે છે એને જોવા જાણવામાં અત્યારે આપણને રસ છે.

કવિતામાંથી પ્રગટ થતાં ગાંધીજીના વ્યક્તિત્વની હું ઉદાહરણો આપ્યા વિના વાત કરું તો મારી આ બધી વાતો તમને નકશા ઉપર સમુદ્ર બતાવતો હોઉં એના જેવી લાગશે.

ગાંધીજીનો જન્મ ક્યારે અને એમનું જન્મસ્થાન કયું એનો જવાબ ઈતિહાસ - ભૂગોળના માણસો પોતાની રીતે આપશે. અને એ રીતે જ આપવો જોઈએ. પણ આપણા કવિ ઉમાશંકર આ વાતને કઈ રીતે મૂકે છે:

"જન્મસ્થાન તમારું તે ન કોઈ નગરે, ગૃહે
મૃદુ માનવ હૈયું તે જન્મસ્થાન તમારું છે."

ગાંધીજયંતિના દિવસનો મહિમા કૅલેન્ડરની તારીખના ઘરમાં ૧ થી ૩૧ તારીખના ઘરમાં વસતા માણસો માટે જેવો હોય તેવો સ્થળ, કાળથી પર એવા કવિ માટે ન પણ હોય.

માર્ગમાં કંક પડ્યા
સૌને નડ્યા
બાજુ મૂક્યા ઊંચકી
તે દી નકી
જન્મ ગાંધી બાપુનો.
– તિથિ ન જોશો ટીપણે –
ગાંધીજયંતિ તે દિને (ઉમાશંકર)

ગાંધીવિષયક કવિતામાંથી ગાંધીજીના વ્યક્તિત્વની સાથે સાથે કવિ અને કવિતાના માધ્યમ દ્વારા આપણી પ્રજાનું વ્યક્તિત્વ પણ ન પ્રકટે તો જ નવાઈ! અંગત પ્રયોજનોથી દોડતા આપણા દિવસો વચ્ચે સરકારે જો અમુક વ્યવસ્થા ન કરી હોત તો આપણને બાપુનો જનમદિન યાદ રહેત ખરો! - એ પ્રશ્ન પ્રત્યેક માણસે પોતાને પૂછી જોવા જેવો છે. 'બાપુનો જન્મદિન' નામના કાવ્યમાં હરીન્દ્ર દવે વ્યથાને કટાક્ષનું ક્લાત્મક રૂપ આપે છે.

આજ બાપુનો જનમદિન
જ્યારથી સરકાર પાળે છે રજા
ત્યારથી કેમે ય ભૂલાતો નથી.
વાંચશું થોડા ગીતાના શ્લોક?
'વૉઇસ ઑફ ઈન્ડિયા' જોવા જવું છે,
ક્યાં સમય રહેશે?
ને ઉપવાસ?
ના રે એમ દુભવ્યે જીવ
બાપુ તે કદી રાજી રહે?
રાજઘાટ જશું?
"ચલો, સુંદર જગા છે,
ટહેલશું થોડું'
અને બે ફૂલ બાપુની સમાધિ પર મૂકી
કર્તવ્યનિષ્ઠા તો બતાવીશું.
ક્યાં બિચારાએ સહન થોડું કર્યું
બે ફૂલનો તો હક્ક અદા કરવો ઘટે.
પ્રાર્થનાના તો ન શબ્દો યાદ
પણ બાપુ સદા કહેતા હતા.
કે હૃદય જે પ્રાર્થતું હોયે તો સાચી પ્રાર્થના.

આ રજાનો દિન
હશે આકાશવાણી પર વધારે કાર્યક્રમ:
વ્યાખ્યાન કોઈ રાજનેતાનું –
જવા દો
ગ્રામ પર મૂકો નવી રેકોર્ડ.
આ જ બાપુનો જન્મદિન
ને રજા,
કેટલો જલદી દિવસ વીતી ગયો,
જેમ બાપુનું જીવન.

રાજઘાટપે
ફૂલ એકલાં ઝૂરે
સૌરભ ક્યાં છે?

*

(મુરલી ઠાકુર)

આટલાં ફૂલો નીચે
ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતો ન'તો.

(હસમુખ પાઠક)

જેમણે જીવનની પ્રત્યેક પળનો હિસાબ ચુકવ્યો હતો. એમના જન્મ દિવસની આપણે રજાએ પાળીએ છીએ. સમગ્ર જનતાની દરિદ્રતાને ઓઢીને ફરતા ગાંધીજીનું વ્યક્તિચિત્ર રાજેન્દ્ર શાહે આ રીતે દોર્યું છે.

તારી કને આ કટિવસ્ત્ર, લાકડી
અને સરંતી ક્ષણના હિસાબનો
જે મેળ દે તે ઘડિયાળ, એટલું:
તારે ન એથી અદકો પરિગ્રહ."

ગાંધીજીના દેહનું અને એમના સ્વત્વનું શબ્દચિત્ર ન્હાનાલાલ, ઠાકોર, મેઘાણી, ઉમાશંકર, સુન્દરમ, માણેક, શ્રીધરાણી, બાલમુકન્દ વગેરે પાસેથી મળતું રહ્યું છે.

"એ માનવસળેકડું છે શું?
સળેકડાથી યે રેખાપાતળું
એ કિરણ છે મહાસૂર્યનું"

(ન્હાનાલાલ)

"પામ્યા રત્ન સુરો પરિશ્રમ વડે ક્ષીરાબ્ધિ આખો મથી
તે દાંડી તટપે કણી લવણની ક્ષારાબ્ધિથી ઊંચકી."

–રામપ્રસાદ બક્ષી

*

"જાતે વણિક પણ તપે નમવે મહર્ષિ'
આ મૂર્તિ વીરરસની અથવા શું શાંતિની?" (ઠાકોર)

એમના વિષેની આ સંદર્ભમાં એક ઉક્તિ યાદ આવે છે:

He had the might of a dictater and a mind of a democrat."

"જ્વાળા મુખી એને કાળજે રે
એની આંખમાં અમૃતધાર" (મેઘાણી)

*

"પ્રગટ ધરતીનાં રુદન શા
હતા ગાંધી." (સુન્દરમ્)

*

"પગમાં પુણ્યનું જોમ, ઉરે માનવતા વસી,
ધર્મ દંડે તનુ ધારી જો કેવો જાય છે ધસી.

(માણેક)

"દાહભરી આંખો માતાની
તેનું તું આંસુ ટપકયું." (શ્રીધરાણી)

*

"કરુણા–આંજી રે એની આંખડી
રામની રટણા છે એને કંઠ."

(બાલમુકુન્દ)

*

અંગો બધાં સંયમથી રસેલાં
કંગાલની હાય થકી ભીંજેલાં.
લંગોટીમાં કાય લઈ લપેટી
ચાલે પ્રભુપ્રેરિત પ્રેમ મૂર્તિ (ઉમાશંકર)

'સત્યમ્ શિવમ સુન્દરમ્' – આ ત્રણ એકમેક સાથે જાણે કે અનિવાર્યપણે સંકળાયા હોય એમ લાગે છે. ભારતમાં પણ એમ જ થયું. સત્યને પ્રકટ થવાની ઈચ્છા થઈ અને એણે જાણે કે ગાંધીજી પસંદ કર્યા.' શિવતત્વ શ્રી અરવિંદ ઘોષ દ્વારા સાકાર થયું. અને સૌન્દર્યને પ્રકટ થવું હોય તો ટાગોર સિવાય એ પસંદ પણ કોને કરે? મહાપુરુષો પુસ્તકો રચવામાં નિમિત્ત બને છે અથવા રચે છે. અને પછી એ પુસ્તકો મહાપુરુષોના જીવનના પર્યાય બની જાય છે. ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો વર્ણવ્યા છે. એ વર્ણનનો સાક્ષાત્કાર થાય છે ગાંધીજીમાં. ઉમાશંકરે તો ચાર પંક્તિમાં ગાંધીજીનું અધ્યાત્મ અવતાર્યું:

અજાતશત્રુ, સ્થિતપ્રજ્ઞ, સૌમ્ય
ઝંખી રહ્યા બ્રહ્માયે જ બ્રહ્મ,
નિષ્કામ ચર્યા નિરખી તમારી
પ્રત્યક્ષ ગીતા જીવતી નિહાળી.

'સકળ તીરથ જેના તનમાં રે'– એવું વૈષ્ણવજનનું પદ જેટલું નરસિંહનું નથી એટલું ગાંધીજીનું થઈ ગયું છે.

કૃષ્ણ અને ગાંધીજીના જીવનની ઘટનાને ઉમાશંકરે એકમેકને પડખે મૂકી – આ બન્ને સંભવામિ યુગે યુગે એવા, કેવા અવતારી પુરુષો હતા એનો આણસારો એમના એક સોનેટમાં આપ્યો છે. In my begining there is my end, In my end, there is my begining. – એમ એકનું જીવન જ્યાં પૂરું થાય છે ત્યાંથી જ નવજન્યનો પ્રારંભ થાય છે.

કૃષ્ણ યમુનાને તટે જન્મ્યા, ભારતના યુદ્ધમાં નિ:શસ્ત્ર રહ્યા, અને સૌરાષ્ટ્રમાં પારધીના તીરે વીંધાયા. ગાંધીજી સૌરાષ્ટ્રમાં જન્મ્યા, ભારતના યુદ્ધમાં નિ:શસ્ત્ર રહ્યા, યુદ્ધને અંતે લોકકલ્યાણના સૂત્રો અન્યને સોંપી, પોતે દિગંબર રહી મિનિસ્ટરોનો પોશાક અન્યોને પહેરાવી, યમુનાને તટે સ્વજનની ગોળી ઝીલી સમી ગયા." કૃષ્ણ કારાગારમાં જન્મ્યા હતા – તો આખું હિંદુસ્તાન તો આ અંગ્રેજોના સીતમના સળિયા પાછળ ક્યાં ન હતું? કૃષ્ણ પાસે સુદર્શન હતું: તો ગાંધીજી પાસે સુ–દર્શન હતું. એક મોહન હતો – તો બીજો મોહનદાસ હતો – એવા સ્થૂળ સમીકરણમાં ઉમાશંકર જેવા કલાકાર કવિ ન પડે એ સ્વાભાવિક છે.

હિંદી કવિ સુમિત્રાનંદન પંતે અવતારની આ વાતને નિવેદનાત્મક રીતે જ કહી દીધી છે:

"નવ્ય સંસ્કૃતિ–દૂત; દેવોનાં કરવાં કાર્ય,
માનવ આત્મા ઉગારવાને આવ્યા તમે અનિવાર્ય."

સુન્દરમ્ બુદ્ધ, ઈશુ અને ગાંધીજીને નિમિત્તે 'ત્રિમૂર્તિ' સોનેટ લખે છે. તો મરાઠી કવિ વિંદા કરંદીકર ગાંધીજી "જીવનમાં બુદ્ધ જેવા અને મૃત્યુમાં ઈશુ જેવા છે' એમ કહી અંજલિ આપે છે.

સુરેશ જોશી કાવ્યનો અનુભવ કરાવે એવા ગદ્ય ખંડમાં "અવળા વાતા વાયરા એની સવળી વાગે ચોટ' એ રીતે કહીને– એકી સાથે બુદ્ધ, ઈશુ, અને ગાંધીજીનો ઉલ્લેખ કરે છે.

"ત્રસ અકસ્માત: બારણું બંધ કરવાનું રહી જવાથી એક માણસ ઘર છોડીને બહાર નીકળી ગયો; ઘરે એની વહુ ને દીકરા રાહ જુએ, પણ ધૂનમાં ને ધૂનમાં એ ઝાડ નીચે બેસી રહ્યો. ખાધા–પીધા વિના મરવા પડયો. કહે છે કે એક ભરવાડણે દયા લાવી દૂધ પાયું. હવે સ્થિતિ સુધારા પર છે. એનું નામ પૂછતાં ગૌતમ બુદ્ધ એમ કહે છે. લાગતાવળગતાઓ ઘટતી તપાસ કરી એ વ્યક્તિનો કબજો લઈ લેવો.

સાંજને વખતે ટેકરી પર ઊભા કરેલા થાંભલા પર ચઢીને એક માણસ કશુંક જોવા ગયો. એ શું જોવા ગયો હતો તે વિશે કશી આધારભૂત માહિતી જાણવા મળી નથી. પણ અંધારામાં નીચે ઊતરવા જતાં એ ખીલામાં ભેરવાયો ને એ જ દશામાં મરણ પામ્યો. એનું નામ ઈસુ એમ કહેવામાં આવે છે. પોલિસને સંબંધ વિશેની ખાતરી આપતાં મૃતદેહનો કબજો સોંપવામાં આવશે.

બે બંદૂકની ગોળી સાંજને વખતે સહેજ લટાર મારવા નીકળી હતી. કોઈ 'રામ રામ' બબડતો ધૂની માણસ દેખતો છતાં ન દેખતો એ ગોળીના માર્ગમાં આડે આવવાથી ગોળીના માર્ગમાં અન્તરાય ઊભો થયો. એનું નામ મોહનદાસ હતું એમ કહેવાય છે. આવા

ગાફેલ આમ બેધ્યાન બનીને ફરે છે તેથી આવા અકસ્માત થાય છે. એ વિશે ભવિષ્યમાં કાળજી રાખવી.

(સુરેશ જોષી)

ગાંધીજીનું મૃત્યુ ઘણા કાવ્યોના જન્મમાં નિમિત્ત બને છે.

"મળ્યો જ્યાં જય ગાવાને મૃત્યુ જેવો મહા કવિ
ત્યાં હું તે કોણ ગાનાર? (રમણ વકીલ)

*

"આજ નયનો રડો, હૃદય ભાંગી પડો' (મનસુખલાલ)

*

'રડો ન મુજ મૃત્યુ ને' (ઉમાશંકર)

*

અહો ગાંધી! આવી સફર સહસા આમ અકળી
રચી આંધી, શાંતિપ્રિય જન ન છાજે જ તમને."

(સુન્દરમ્)

*

મોટા ઘરનો મોભ તૂટ્યો કે વહાણનો કુવાથંભ?
ફાટ્યો પહાડનો પહાડ હિમાલય કે આ કો ઘોર ભૂકંપ?

(સ્નેહરશ્મિ)

*

કોણ રે દૂભ્યો ને કોણે વીંધિયો
કલંકીએ કોણે કીધા ઘા?
કોણ રે અપરાધી માનવ જાતનો
જેને સૂઝી અવળી મત આ?
રુધિરે રંગાયો હરિનો હસલો.

(બાલમુકુન્દ)

*

મલાયલય ભાષાના કવિ વલ્લતોલે કહ્યું.
"પરમ ધર્મ શીખવનાર એ નિઃસ્પૃહીને અમે
ગુરુદક્ષિણા આપી – ગોળીઓની બંદૂકથી."

માત્ર આપણા પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને આપણે માટે ગાંધીજી આપણા પાપની ઊંડી ખાઈઓમાં ઊતર્યા. ઈશ્વરે આપેલા બે હાથનો ઉપયોગ એમણે આપણને સમજાવ્યો. આ હાથ કર્મ માટે છે અને પ્રભુ સામે જોડવા માટે છે. જેમણે આપણા જીવનને સ્વયમ્ પ્રાર્થના જેવું પાવન બનાવવા માટેનો પુરુષાર્થ આદર્યો – એમના પ્રત્યે જ આપણે 'ટેમ્પેસ્ટ'ના કેલીબાનની જેમ મુઠ્ઠી ઉગામી. તોપને હાલરડું ગવડાવવાની અને બૉમ્બને પુષ્પ વૃષ્ટિ કરવાની એમણે દીક્ષા આપી હતી અને આપણે એમના અહિંસા-મંત્રમાંથી જ હિંસાના હથિયાર બનાવ્યા. આપણે સત્યાગ્રહીની સાથે સાથે સત્યાગ્રહી બનવાને બદલે હત્યાગ્રહી બન્યા. એક ક્રાન્તિયાત્રાને આપણે શબયાત્રામાં ફેરવી નાખી. "માનવ સંસ્કૃતિએ પોતાના હાડપિંજરને ઈતિહાસની દીવાલ પર ટાંગી દીધું"

– (શંકર કુરુપ – અનીલાલ મડિયા)

આધુનિક અરણ્યમાં રહેતા મનુષ્ય પાસે વાઘની તગતગતી આંખ છે, સિંહના લોહિયાળ નખ છે અને સાપના ઝેરીલા દાંત છે. અંગ્રેજ કવિ માયરોન ઓ' હિગિન્સ 'દેવ હત્યા' નામના એમના કાવ્યમાં મૂંગો ચિત્કાર કરી ઊઠે છે:

"ધોળે દિવસે થઈ એમની હત્યા.
એમનું આંસુ ઉઘાડી કર્યું પ્રગટ.
ઘવાયેલાં જનનાં ટોળાં
એ વિલય પામતી ક્ષણમાં ઊમટ્યાં,
તમે ઉચ્ચર્યા :
શબ્દ એક સંત્રસ્ત તણો – 'હે રામ!'
સહજ તમારી દંત પંક્તિથી સર્યો
અને મુખમાં ઝળહળતું રત્ન થઈને બેઠો એ ઉદ્‌ગાર .....
ગોઝારી એ ધરતી પર જ્યાં ઢળ્યાં, ત્યાં જ બૂઝાયાં...
નિમિત્ત તો અપરાધ' છતાં જે સિદ્ધ થયો તે પ્રેમ.
હવે સૌ નિજ સંગે એનું મૃત્યુ લઈને પહોંચે નિજ આવાસે.

અને અહીં આ દૂરદૂરને નગર
ફરેબી વસંત લથડે શાંત તમારા અસ્થિનાં ખંડેરોમાં ...
અજબ તમારા જખમોમાં ઊંડે ઊંડે
એક સૂર્ય જલીને ભસ્મ થતો ...
દરિયાઓ નિજ કલ્પેલા આવાસે પાછા વળતા.

ગોડસેએ તો ગાંધીજીના દેહને હણ્યો અને ફાંસીની સજા પામ્યો. પણ એના આત્માના હણનારાઓ માટે કોઈ મૃત્યુ ખરું કે નહિ? – એવો નાગની ફેણ જેવો પ્રશ્ન ઉમાશંકર એમના એક કાવ્યમાં પૂછે છે. ગાંધીજીને તો આપણે 'દંતકથાઓના રાજમહેલમાં' મોકલી આપ્યા છે. ગાંધીજીના મૃત્યુ પછી જન્મેલા બાળકોએ ગાંધીજીને ન જોયા હોય એ સ્વાભાવિક છે પણ ગાંધી– જે યુગમાં જીવ્યા – એ યુગના માણસોએ પણ ખરેખર ગાંધીજીને જોયા જાણ્યા છે ખરા?– એ વાત પ્રિયકાન્ત મણિયાર એમના એક કાવ્યમાં કરે છે.

એકદમ જ્યાં સાવ નાના ભાઈએ પૂછ્યું
"તમે ગાંધીજીને જોયા હતા?"
ત્યાં હું અચિંતો ને સહજ બોલી ગયો કે 'હા'
અને એ ઓશિયાળી આંખથી જોઈ રહ્યો મુજને
અને બબડી ગયો–
'ત્યારે અમે તો હીંચતા' તા ઘોડિયામાં
પેન–પાટી લૈ હજુ તો એકડાને ઘૂંટતા'તા રે અમે!'
હું હવે કોને કહું કે 'ના તમે
એ તો અમે.?'

ગાંધીજીના આદર્શને આપણે આરસની પ્રતિમામાં રૂપાંતર કર્યા છે. સર્વોદયને બાજુ પર મૂકી આપણે સંપ્રદાય રચ્યો છે. સંસ્કૃતિનું પાત્ર ગોબાઈ ગયું છે. બાલમુકુન્દ કહે છે:

"બુદ્ધ મોહમ્મદ, સોક્રેટીસ, ઈશુ ને ગાંધી
આવ્યા ને ગયા
મંત્રાંજલિ છાંટી
ને તોય આપણે તો કોરાકટ."

જે સ્વયં સત્યનું કાવ્ય અને કાવ્યનું સત્ય છે એવા ગાંધીજીના જીવનથી માંડીને મરણ રુધીના વિશાળ પટ પર કાવ્યનું આલેખન કરે એવો આપણને હજી સુધી કોઈ કવિ મળ્યો નથી. ટાગોર જો જીવતા હોત તો આપણે ટાગોર તરફ દૃષ્ટિ કરત અને કવિતાનું કોઈ અપૂર્વ વિશ્વ કદાચ પામત. આપણા વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદી એટલે જ પડકાર કરે છે:

"હું કવિને સ્મરણ કરાવું છું કે આ
સો વર્ષનો ભારતનો ઈતિહાસ તો દસ
મહાભારત લખાવે એવડો છે. આ ગાંધીજીનું
ભવ્ય મૃત્યુ નગાધિરાજ ડોલે ને સાત સમુદ્ર
ગાય એવું કવિતાભર્યું છે. બીભત્સતા,
ભીષણતા, ભયાનકતા, ક્રૂરતા, નીચતા,
સ્વાર્થ અને વિલાસ સામે ઉચ્ચ માનવતા,
સત્ય ને સંયમ ઝઝૂમી રહ્યા છે. એક
કૉંચ યુગલના વધ નિમિત્તે રામાયણ
પ્રગટ્યું, લાખ લાખ કુટુંબો દાઝી રહ્યાં છે
તે કોઈ મહા કવિનો કંઠ નહિ ખુલે?"

એલિયટના પદ્ય નાટક Murder in the cathedral માં બેકેટની હત્યા થાય છે. એમાં કોરસની ઉક્તિ હત્યાના વાતાવરણને ઊઠાવ આપે છે એવો ચિત્કાર આપણે ત્યાં તાર સ્વરે કેમ નથી પ્રગટ્યો? આપણે તો એ કોરસની ઉક્તિમાં જ આપણા હૃદયની વ્યથાનો તાળો મેળવવાનો રહ્યો ને!" વૈયક્તિક દોષ તો ધોવાઈ શકે છે પણ આ તો જીવનની બહાર, કાળની બહાર, શાશ્વતિમાં આચરવામાં આવેલું અનિષ્ટ છે. એને કઈ રીતે ધોવું? એ કહે છે:

"હવાને સ્વચ્છ કરો, આકાશને સાફ કરો, એક
પછી એક પથ્થરને ઉઠાવો અને તેને ધૂઓ. આ
ભૂમિ મેલી છે. આ પાણી મિલન છે. આપણા પ્રાણીઓ
અને આપણે રક્તથી છંટાયા છીએ. રક્તની વર્ષાએ
આંખો આંધળી કરી નાખી છે. હવાને સ્વચ્છ કરો,
આકાશ સાફ કરો, પવનને ધોઈ નાખો, પથ્થર
પરથી પથ્થર ને ઉઠાવો, હાથ પરથી ચામડીને
ઉતારડો, પથ્થરને ધૂઓ, હાડકાંને ધૂઓ, બુદ્ધિને
ધૂઓ, આત્માને ધૂઓ – આ બધું ધૂઓ, બધું જ
ધૂઓ –"

આવા કોઈ પ્રાયશ્ચિતમાંથી કવિતા પ્રકટશે ખરી? હજી સુધી કેમ પ્રકટી નથી એ જ પ્રશ્ન છે. સૅંટ જૉન પર્સે કહ્યું હતું કે 'જ્યારે ધર્મશાસ્ત્રોનો નાશ થાય છે ત્યારે કવિતામાં ભગવાન વાસ કરે છે." ધર્મશાસ્ત્રનો નાશ કદી ન થાઓ અને આપણી કવિતામાં ગાંધીજીના વ્યક્તિત્વનું કાવ્યમય ઐશ્વર્ય પ્રકટો એવી પ્રાર્થના સાથે વિરમું છું.

–પ્રા. સુરેશ દલાલ

પર્યુષણ વ્યાખ્યાનમાળા : આભારનિવેદન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાનો જે કાર્યક્રમ 'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧-૯-૬૯ ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો તે મુજબ તારીખ ૮-૯-૬૯ સોમવારથી તા. ૧૬-૯-૬૯ મંગળવાર સુધીનો કાર્યક્રમ કશા જ ફેરફાર સિવાય સુંદર અને સફળ રીતે પાર પડયો હતો. ગત વર્ષની જેમ આ વર્ષે પણ વ્યાખ્યાનમાળા માટે ભારતીય વિદ્યાભવનનો શીતલ સભાગૃહ પસંદ કરવામાં આવ્યો હતો. આમ તો નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન માન્યવર શ્રી. ગૌરીપ્રસાદ ઝાલાએ સ્વીકાર્યું હતું, પરંતુ વચમાં તેઓશ્રીને બહારગામ જવાનું થતા એમનું સ્થાન પ્રાધ્યાપક ડૉ. રમણલાલ શાહ, જેઓ અમારી કારોબારીના એક સભ્ય પણ છે, તેઓએ શોભાવ્યું હતું. શ્રી. ઝાલા સાહેબનાં અને ડૉ. શ્રી. રમણલાલ શાહનાં સુંદર માર્ગદર્શન અને આગળ-પાછળનાં વ્યાખ્યાનોની વિદ્વતાભરી સમાલોચના માટે અમે તેમના ખૂબ આભારી છીએ.

વ્યાખ્યાનમાળાનું પ્રથમ મંગલ પ્રવચન માન્યવર શ્રી. મોરારજીભાઈ દેસાઈનું હતું. રાજદ્વારી ક્ષેત્રે છેલ્લા બે મહિનામાં જે મોટા બનાવો બન્યા તે પછી શ્રી મોરારજીભાઈ મુંબઈ પહેલી જ વાર આવતા હતા અને એમનો લાભ સૌ પ્રથમ આપણા સંઘને મળ્યો, એ આપણા સંઘનું પરમ સદ્‌ભાગ્ય ગણાય. તેઓશ્રીએ "મારા જીવનમાંથી હું શું શીખ્યો?" એ વિષય ઉપર પ્રેરક વાણીમાં ઉદ્‌બોધન કર્યું હતું. તેમના પ્રવચનમાં તેઓશ્રીએ સત્ય અને અહિંસાની તાત્ત્વિક છણાવટ કરી હતી. તેઓશ્રીનું સળંગ પ્રવચન ગતાંકમાં પ્રગટ કરવામાં આવેલ છે. શ્રી મોરારજીભાઈ દેસાઈના પ્રવચન માટે ભારતીય વિદ્યાભવનનો હોલ ઘણો જ નાનો પડયો હતો. અમને દુઃખ છે કે ઘણા મિત્રોને જગ્યાને અભાવે પાછા જવું પડયું હતું. આવો જ અનુભવ છેલ્લા ત્રણ દિવસોમાં પણ થયો હતો. બાકીના દિવસોમાં પણ સભાગૃહ સારું એવું ભરેલું રહેતું હતું. ઘણા શ્રોતામિત્રોનાં સૂચનો છે કે, હવે ભવિષ્યમાં આથી મોટા સભાગૃહનો સંઘે વિચાર કરવો જોઈએ. સંઘ દ્વારા વર્ષોથી ચાલતી વ્યાખ્યાનમાળાની કેટલી બધી ચાહના છે એની પ્રતીતિ આ સૂચનમાં આપણને થાય છે.

આ વખતની વ્યાખ્યાનમાળાના અઢારેય વ્યાખ્યાનોની પાછળ વક્તાઓનો પોતપોતાના વિષય માટેનો ઊંડો અભ્યાસ અને પરિશ્રમ, તેમ જ દરેક વક્તાની વિષયને રજૂ કરવાની પોતાની આગવી શૈલી શ્રોતાઓને મુગ્ધ કરી ગઈ. આ વખતે વ્યાખ્યાનમાળામાં પહેલી જ વાર આવનારાઓમાં મધર થેરીસા, પ્રાધ્યાપિકા નીરા દેસાઈ, મુનિશ્રી નગરાજજી, પ્રાધ્યાપક સુરેશ દલાલ તથા શ્રી શાહુ મોડક હતા. આમાં કરુણામૂર્તિ - સેવાની દેવી અને સાધ્વી સમા મધર થેરીસા કલકત્તાથી આવ્યા હતા. તેમનો પરિચય આ અગાઉના 'પ્રબુદ્ધ જીવન' માં કરાવવામાં આવ્યો છે. તેમણે માનવતાની વાત કરી કહ્યું, "આપણે સૌ એક પિતાના સંતાનો છીએ. નિરાધારને સહારો આપવો એ આપણ સૌનું કર્તવ્ય છે. અમે ગરીબની સેવા કરતાં એમની જેમ જ રહીએ છીએ. અમે બે સાડીથી વધારે સાડી પણ રાખતા નથી. અમારું જીવન અત્યંત સાદું હોય છે. અપરિગ્રહ અમારું આજીવન વ્રત હોય છે. અમારા કાર્યમાં અમે તમારી પાસેથી હૃદય અને સહકાર માંગીએ છીએ. અમે પૈસા માંગતા નથી. (We want your heart and hands) મધર થેરીસાની સાદી અંગ્રેજીભાષી વાણી સૌના હૃદયસોંસરી ઊતરી ગઈ.

અમારા નિમંત્રણને માન આપીને બહારગામથી આવનાર અન્ય વક્તાઓ હતા—માન્યવર શ્રી મોરારજીભાઈ દેસાઈ દિલ્હીથી, પ્રાધ્યાપક દલસુખ માલવણીયા, આચાર્ય યશવંત શુકલ તથા ફાધર વાલેસ અમદાવાદથી અને શ્રી રોહિત મહેતા તથા શ્રીમતી શ્રીદેવી મહેતા બનારસથી. જ્યારે રમણલાલ સી. શાહ, કવિવર કરસનદાસ માણેક, પ્રાધ્યાપિકા નીરા દેસાઈ, મુનિશ્રી નગરાજજી, શ્રીમતી મૃણાલિની દેસાઈ, પ્રાધ્યાપિકા શ્રીમતી હર્ષિદા પંડિત, પ્રાધ્યાપક સુરેશ દલાલ, શ્રી શાહુ મોડક, શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સ્થાનિક વક્તાઓ હતા.

છેલ્લા બે ત્રણ વર્ષથી વ્યાખ્યાનમાળામાં ફાધર વાલેસનું આકર્ષણ શ્રોતાઓને અસાધારણ રહેતું હોઈ આ વર્ષે પણ તેઓશ્રીના બે પ્રવચનો યોજવામાં આવ્યા હતા. ફાધર વાલેસે 'કુટુંબ-ભાવના' ઉપર બોલતા અને એમનાં અનુભવનાં અત્યંત હૃદયસ્પર્શી દષ્ટાંતો ટાંકતા શ્રોતાઓ ગદ્‌ગદ્‌ થઈ ગયા હતા. - 'ગાંધીજીને' તેમણે સાચા દિલથી અંજલિ આપી હતી. ગુજરાતી ભાષા ઉપરનું તેઓશ્રીનું પ્રભુત્વ મોહક હતું. તેમને બસ સાંભળ્યા જ કરીએ, સાંભળ્યા જ કરીએ એવી અનુભતિ સૌને થઈ હતી.

ગાંધી જન્મશતાબ્દીને લક્ષ્યમાં રાખી આ વર્ષની વ્યાખ્યાનમાળામાં ગાંધીજીના જીવનને સ્પર્શતા વિષયોનો વધારે ખ્યાલ રાખવામાં આવ્યો હતો. પ્રાધ્યાપક સુરેશ દલાલે કાવ્યમાં પ્રગટ થતાં ગાંધીજીના વ્યક્તિત્વને જીવંત કરી દીધું હતું. અનેક કવિઓના કાવ્યો તેમણે સુંદર રીતે રજૂ કર્યાં હતાં. શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે 'ગાંધીજી' ઉપર બોલતાં, ગાંધીજીના જીવનનું પ્રેરક બળ સત્ય અને અહિંસા શું છે એ એમની અસ્ખલિત અને પ્રેરક વાણીમાં સમજાવ્યું હતું. જ્યારે ફાધર વાલેસે ગાંધીજીના જીવનનાં નાનાં નાનાં પ્રસંગોને સજીવન કર્યાં હતાં.

જ્યારે ગાંધીજીનો વિચાર કરીએ ત્યારે પૂ. કસ્તુરબાને તો કેમ જ ભૂલાય? અને પૂ. કસ્તુરબાને જીવન્ત કર્યા શ્રીમતી મૃણાલિની બહેન દેસાઈએ એમની સંવેદનશીલ વાણીથી. શ્રોતાઓમાંથી ભાગ્યે જ કોઈક એવું હશે કે જેમની આંખ મૃણાલિનીબહેનને સાંભળતા ભીની ન થઈ હોય. તેમના પછીના વક્તા શ્રીમતી હર્ષિદાબહેન પંડિતે મૃણાલિનીબહેનને એક પ્રખર વક્તા કહ્યા અને એ કેટલું બધું ઉચિત હતું!

અન્ય વક્તાઓએ પણ એમના વિષયોને પૂરેપૂરો ન્યાય આપ્યો હતો. વ્યાખ્યાનમાળાનું અંતિમ પ્રવચન શ્રીમતી શ્રીદેવી મહેતાનું હતું. આનંદઘનજીનાં પદોનું અત્યંત સુંદર વિશ્લેષણ શ્રીદેવીબહેને સંકીર્તન રૂપે કર્યું હતું. શ્રીદેવીબહેન હળવું અને શાસ્ત્રીય બંને સુંદર રીતે ગાઈ શકે છે. તેમના ગળામાં મધુરતા પણ છે. આનંદઘનજીનાં કેટલાક રસિક પદો—જે આખરે તો આધ્યાત્મિક અનુભૂતિના જ પદો અને સ્તવનો છે - તે તેમણે ગાયા એટલું જ નહિ એની સમાલોચના પણ કરી - તેમનું આ પ્રવચનસંકીર્તન લગભગ દોઢ કલાક ચાલ્યું હતું. તેમનાં પ્રવચનને અંતે રાષ્ટ્રગીત ગવાયું અને સૌ વિખરાયા ત્યારે પવનની લહરીમાં આનંદઘનજીના પદની જાણીતી પંકિત "જાગી અનુભવ પ્રીત" ક્યાંય સુધી ગૂંજતી હતી.

વ્યાખ્યાનમાળાની શરૂઆત પ્રાર્થના અને ભજનથી થતી હતી. આ પ્રાર્થના અને ભજનમાં અમને શ્રીમતી આરતીબહેન મહેતા, ગુણવંતીબહેન શાહ, રમાબહેન ઝવેરી, શારદાબહેન શાહ, નિરુબહેન શાહ અને મંદાકિનીબહેન નાણાવટીનો સુંદર સહકાર મળ્યો હતો. અમે એ બધાનો અંતઃકરણથી આભાર માનીએ છીએ.

વ્યાખ્યાનમાળાના નવ દિવસનાં અઢાર વ્યાખ્યાનોને આપણે શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાનાં અઢાર અધ્યાયો સાથે સરખાવી શકીએ, અને આ અઢારે અધ્યાયોનું નિરૂપણ મુરબ્બી શ્રી ઝાલા-સાહેબ એમની વિદ્વતાભરી કલમે હવે પછી કરશે, એટલે

અત્રે તો ફક્ત વ્યાખ્યાનમાળાને સફળ બનાવવામાં જેમણે જેમણે આમને સહાય કરી તે સૌનો અમે ખરા દિલથી આભાર માનીએ છીએ. અને આ આભારદર્શનમાં આમે જો અમારા સુજ્ઞ શ્રોતાગણને વીસરી જઈએ તો તે મોટો અપરાધ કહેવાય - શ્રોતાઓની જે શિસ્ત છે એ અદ્‌ભુત છે. અને આથી જ શ્રોતાઓના સંસ્કારનું ઘોરણ કેટલું બધું ઊંચું છે. આ વાત ફક્ત અમે જ નથી કરતાં. અન્યત્ર પણ આની ખૂબ પ્રશંસા થાય છે. આ ખરેખર અમારું ગૌરવ છે, આવા સુશિક્ષિત શ્રોતાઓ અમને મળ્યા છે એ અમારું સદ્‌ભાગ્ય છે. ભારતીય વિદ્યાભવનનાં સંચાલકો, તેમનો ત્યાંનો સ્ટાફ, તેમ જ ચીકાગો કું. વાળા શ્રી. મોટવાણીભાઈ આ બધાનો પણ અમે આભાર માનીએ છીએ. અંતમાં આર્થિક રીતે સહાય કરવા અમે જે અપીલ કરી એમાં અમને સુંદર જવાબ આપવા બદલ સૌ સજ્જનો અને સન્નારીઓનો આભાર માનીએ છીએ. વ્યક્તિગત દરેક વ્યક્તિનના નામનો ઉલ્લેખ શકય નથી. પણ અમે જેને જેને મળ્યા - એ સૌએ નાની–મોટી રકમ આપી છે, આ માટે આ સૌનો તેમ જ વિશેષે કરી નવે ય દિવસ, અમારી કારોબારીના ઉત્સાહી સભ્યો શ્રી બાબુભાઈ જી. શાહ તથા શ્રીમતી નિરુબહેન શાહ, તેમ જ તપસ્વી માતાતુલ્ય ચંચળબાએ દરવાજા પાસે ઝોળી લઈ ઊભા રહી ઝોળીમાં જે રકમ ભેગી કરાવી આપી એ માટે તેમનાં અમે ખૂબ જ આભારી છીએ.

અંતે છેલ્લે એક આનંદની વાત એટલી જ ચિન્તાની વાત, સંસ્થાના અને વ્યાખ્યાનમાળાના પ્રાણસમા મુરબ્બી શ્રી પરમાનંદભાઈ જ આ વ્યાખ્યાનમાળાની સફળતાના કેન્દ્રમાં છે એમ કહેતા આનંદ થાય છે. ૭૭ વર્ષની ઉંમરે પણ તેઓ–અવિરત કાર્ય કરે છે, પણ ઉમરની સાથે સ્વાસ્થ્ય ચિન્તાજનક બને જ અને એવું થોડું બન્યું. વ્યાખ્યાનમાળાના અંતિમ દિવસે અંતિમ પ્રવચન પછી રાષ્ટ્રગીત વખતે તેમને ચક્કર આવ્યા - તેઓ ઊભા ન રહી શકયા પણ તરત જ સ્વસ્થ થયા - હસતા હસતા બહાર આવ્યા અને બોલ્યા "કંઈ જ ચિન્તાનું કારણ નથી. હું સ્વસ્થ છું. આ તો સતત્ ત્રણ કલાક ધ્યાનથી સાંભળવું પડે–બેસવું પડે એનો જ માત્ર શ્રમ" - અમારી અને અમારા સહકાર્યકરોની ઉપર આવી પડેલી ચિન્તાની વાદળી દૂર થઈ. અમે તેમને ઘેર પહોંચાડયા - આરામ લેવા કહ્યું અને તેમનાં પુત્રી ચારુબહેન અને જમાઈ ડો. બોધાણી જેઓ બંને ડૉકટર છે–એમની સારવાર નીચે રહેવા રાજકોટ રવાના કર્યા ત્યારે અમારી સૌની એક જ પ્રાર્થના હતી, પરમાત્મા પરમાનંદભાઈને સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત રાખે, એમને દિર્ઘાયુ બક્ષે. રાજકોટ પહોંચીને પરમાનંદભાઈ લખે છે:–

'અહિં સુખરૂપ આવી પહોંચ્યા છીએ. મારી તબિયત તદ્‌ન સારી છે. મન ખૂબ પ્રસન્ન છે. ગઈ કાલે આખો દિવસ, છેલ્લા દશ અગિયાર દિવસનાં મધુર દશ્યોનાં સ્મરણો વડે જ ચિત્ત પ્રભાવિત બનતું રહ્યું હતું. છેલ્લા ત્રણ દિવસોનાં તમારા જેવા અનેક સ્વજનોના નીતરતા સ્નેહનો જે પ્રત્યક્ષથી અનુભવ થયો છે તે વડે ચિત્ત દ્રવિત બન્યા કરતું હતું. આ આન્તરિક અનુભવને શબ્દોમાં શી રીતે વર્ણવું ? પ્રત્યેકના નામનિર્દેશ કરતો નથી પણ પ્રત્યેકની છબી આંખો સમક્ષ રમ્યા કરે છે. અને અનેરી ધન્યતા અનુભવું છું. અહિં આવ્યા બાદ થોડા દિવસોમાં હું સારો થઈ જવાનો છું અને તમારી વચ્ચે – સાથે કામ કરતો થવાનો છું. સૌને મારાં સ્મરણો જણાવશો. તમારો પરમાનંદ"

ખરેખર જ - અમારો જ નહિ પણ આપણા સૌનો આ પરમ આનંદ નથી શું ?

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઇ એમ. શાહ
મંત્રીઓ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,

* સાભાર સ્વીકાર *

આગમ ઔર ત્રિપિટક : એક અનુશીલન : લેખક : મુનિશ્રી નગરાજજી ડી. લિટ્. પ્રકાશક: જૈન શ્વેતાંબર તેરાપંથી મહાસભા, ૩, પૅાર્ચુગીઝ સ્ટ્રીટ, કલકત્તા -૧ કીંમત રૂા. ૨૫

અર્ધવિરામ : કાવ્યસંગ્રહ : રચિયતા: મુનિશ્રી રૂપચંદજી, પ્રકાશક આદર્શ સાહિત્ય સંઘ, ચૂરૂ (રાજસ્થાન) કીંમત રૂા. ૩-૫૦.

જીર્ણમંદિર : લેખક : સ્વ. વિજયશંકર કાનજી: પ્રકાશક: મુકુન્દરાય વિ. પારાશર્ય, ૧૧૯૪, ભરતકુંજ, કૃષ્ણનગર, ભાવનગર.

વિવિધ વાયુપ્રવચનો : લેખક: શ્રી. પુરુષોત્તમ ગણેશ માળવંકર, પ્રકાશક: સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ - ૧. કીંમત રૂા. ૩-૫૦.

ભાગવત ધર્મસાર : લેખક : આચાર્ય વિનોબા; પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા - ૧, કીંમત રૂા. ૩–૦૦.

શિક્ષણ વિચાર : લેખક: આચાર્ય વિનોબા; પ્રકાશક: ઉપર મુજબ રૂા. ૨-૫૦.

મુનિશ્રી ચિત્રભાનુ : જીવનસૌરભ : લેખિકા તથા પ્રકાશક: શ્રી. પ્રભાબહેન પરીખ; ૧૩૭, જ્યોતિસદન, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦; પ્રાપ્તિસ્થાન: મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, ગોડીજી ચાલ, પાયધુની મુંબઈ - ૨, કીંમત રૂા. ૩–૦૦.

એક વ્યવસાયી પત્રકારની ઘડતરકથા : લેખક: શ્રી. યજ્ઞેશ હ. શુક્લ; પ્રકાશક: બુદ્ધિપ્રકાશ દિનમણિશંકર શુક્લ, લક્ષ્મીનારાયણ મહોલ્લો, વલસાડ, કીંમત રૂા. ૫-૬૦.

Jaina Namokara: લેખક: શ્રી રેવતમલ લાલવાણી પ્રકાશક: કમલા લાલવાણી, પ્રજ્ઞાનમ, ૧૨, ડફ સ્ટ્રીટ, કલકત્તા: ૬ કીંમત રૂા. ૧–૦૦.

Jaina Tirthankaras : લેખક: શ્રી રેવતમલ લાલવાણી; પ્રકાશક: ઉપર મુજબ કીંમત રૂા. ૧–૦૦.

સત્ય : લેખક શ્રી. રવિશંકર મહારાજ: પ્રકાશક: શ્રી. મંગળ પ્રભાત પ્રકાશન, ૪, સરિતાકુંજ, પાલડી, અમદાવાદ ૭. કીંમત ૫૦ પૈસા.

અહિંસા : લેખક: શ્રી ડોલરરાય માંકડ; પ્રકાશક તથા કીંમત ઉપર મુજબ.

અસ્તેય : લેખક: શ્રી. બબલભાઈ મહેતા: પ્રકાશક તથા કીંમત ઉપર મુજબ.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર : (શ્રીમદ રાજચંદ્ર પ્રણીત): વિવેચનકાર શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ, ૩૪, મોરબી હાઉસ, ગોવા સ્ટ્રીટ, કોટ, મુંબઈ - ૧, પ્રકાશક: શ્રી જમનાદાસ પ્રભાશંકર શેઠ, માઉન્ટ યુનીક, પેડર રોડ, મુંબઈ - ૬. પોસ્ટેજના ૫૦ પૈસા મોકલવાથી મળી શકશે.

The call of compassion : સંપાદક: શ્રી. જે. પી. વાસવાણી: પ્રકાશક; ગીતા પબ્લીશીંગ હાઉસ, ૧૦, સાધુ વાસવાણી પેઠ, પૂના–૧ કીંમત રૂા. ૧-૫૦.

વિષયસૂચી

		પૃષ્ઠ
'કવિતામાંથી પ્રગટ થતું ગાંધીજીનું વ્યકિત્વ'	પ્રા. સુરેશ દલાલ	૧૨૧
પર્યુષણ વ્યાખ્યાનમાળા:		
આભાર નિવેદન	મંત્રીઓ	૧૨૪
અહિંસા પરમો ધર્મ	ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૨૬
હરિ - ઉર ભોંકાય છે આજ ભાલાં (કાવ્ય)	કરસનદાસ માણેક	૧૨૭
પ્રકીર્ણ નોંધ :		૧૨૮
પૂ. બા-બાપુ શતાબ્દી રેંટીયાગૃહ	નારણદાસ ખુ. ગાંધી	૧૨૯
શું શાસ્ત્રોને પડકારી શકાય છે?		
એક સ્પષ્ટીકરણ	ઉપાધ્યાય અમરમુનિ	૧૩૦
ભગવાન મહાવીરની ૨૫ મી નિર્વાણ શતાબ્દી મહોત્સવ સમિતિ મુંબઈ.		૧૩૨

અહિંસા પરમોધર્મ !

મનુષ્ય માટે સૌથી અગત્યનો પ્રશ્ન તેના આચરણનો છે. જ્ઞાનની જિજ્ઞાસા સંતોષવા, જીવ શું, જગત શું, ઈશ્વર શું, જગત કોણે અને કયારે ઉત્પન્ન કર્યું, વિગેરે પ્રશ્નોના સમાધાન મેળવવા મનુષ્યની બુદ્ધિ પ્રયત્નો કરતી રહી છે. આ પ્રશ્નોના સંતોષકારક જવાબ ન મળે તો પણ મનુષ્ય દુ:ખી થવાનો નથી. પણ પોતાનું વર્તન કેવું રાખવું તેનો સાચો માર્ગ ન જાણે તો મનુષ્ય જરૂર દુ:ખી થવાનો અને થાય છે. તત્ત્વજ્ઞાનના પ્રશ્નો અણઉકલ્યા રહે તેથી મનુષ્ય દુ:ખી થતો નથી પણ આચારધર્મનું અજ્ઞાન હોય તો સાચું સુખ મળવાનું જ નહિ. ભગવાન બુદ્ધે આ વાત સરસ રીતે સમજાવી છે. કોઈ માણસને વિષમય બાણ લાગ્યું હોય અને વૈદ્યને બોલાવે ત્યારે, વૈદ્યને એમ પૂછે કે, આ બાણ ખેંચી કાઢી મારા ઘાની સારવાર કરો તે પહેલાં, આ બાણ કોણે માર્યું, કેવું હતું વિગેરે મને સમજાવો અને પછી સારવાર કરો, તો આ બધું જ્ઞાન થાય તે પહેલાં જ તેનું મૃત્યુ થાય. તાત્કાલિક જરૂર તો બાણ ખેંચી કાઢી, ઘા રૂઝવવાની છે. તેવું જ મનુષ્યનું છે.

અહિંસા આચારધર્મનો પ્રશ્ન છે. મનુષ્યનું વર્તન હિંસામય હોય કે અહિંસામય, આચરણમાં સત્ય હોવું જોઈએ કે અસત્ય ચાલે, આનો જવાબ રોજિંદા જીવન માટે પ્રત્યેક મનુષ્યે મેળવવાનો રહે છે. આ વિષયની એની માન્યતા ઉપર, તેના અને બીજાના સુખદુ:ખનો આધાર છે.

ભગવાન મહાવીર, બુદ્ધ અને ક્રાઈસ્ટે અને વર્તમાનમાં ટોલ્સ્ટોય, આલ્બર્ટ સ્વાઈત્ઝર અને ગાંધીજીએ અહિંસાને આચાર-ધર્મનો પાયો બનાવ્યો છે. પણ દરેકની ભૂમિકા અને અહિંસાનો અમલ, કેટલેક દરજ્જે, જુદા જુદા છે.

અહિંસા પરમોધર્મ:, ખાસ કરીને, જૈન ધર્મનું પ્રધાન લક્ષણ ગણાય છે. અહિંસા શા માટે? જૈનધર્મનો, તેનો જવાબ, બે પ્રકારનો છે. એક અનુભવની ભૂમિકાનો અને બીજો બુદ્ધિનો. અનુભવે જોઈએ છીએ કે દરેક જીવ જીવવા ઈચ્છે છે, કોઈને મરવું ગમતું નથી. દરેકને સુખ જોઈએ છીએ, કોઈને દુ:ખ ગમતું નથી. પોતે સુખ ઈચ્છે તો બીજાને દુ:ખ દઈને પોતાને સુખ કેમ મળે? બીજા પણ એવો જ વર્તાવ રાખે તો બધા દુ:ખી થાય. હિંસાથી દુ:ખ છે, અહિંસાથી જ સુખ છે, આ સૌનો અનુભવ છે.

બુદ્ધિથી વિચાર કરીએ તો, સર્વ જીવ સમાન છે. જૈન ધર્મની આ પાયાની માન્યતા છે. કીડી અને કિટકથી માંડી મનુષ્ય સુધી સર્વ જીવ સમાન છે. પોતાના સુખને માટે બીજાને દુ:ખ દેવાનો કોઈને અધિકાર નથી. આ બન્ને દૃષ્ટિએ જૈન ધર્મે અહિંસા પરમો-ધર્મ સ્વીકાર્યો છે. દેહની પ્રત્યેક ક્રિયામાં ઓછીવત્તી હિંસા છે. તેથી અહિંસાના શકય તેટલા આચરણ માટે, જૈન ધર્મ, મુખ્યતયા નિવૃત્તિપ્રધાન અને અક્રિયાત્મક રહ્યો છે. જૈન ધર્મ શ્રામણધર્મ છે. ગૃહસ્થ ધર્મના વ્રતો—અણુવ્રતો જેને કહે છે—તે છે. પણ ધર્મના પૂર્ણપાલન માટે તેનું લક્ષ્ય સંસારત્યાગ છે. આવી અહિંસામાંથી સંયમ અને તપ સ્વાભાવિક પરિણમે છે. ભોગોપભોગમાં હિંસા છે. તપથી કર્મક્ષય છે. અપરિગ્રહ, અહિંસા માટે અનિવાર્ય છે. પરિગ્રહ મેળવવામાં અને પ્રાપ્ત કરેલ પરિગ્રહ ટકાવવામાં હિંસા રહી છે.

ભગવાન બુદ્ધે પણ દુ:ખમુકિત માટે અહિંસામાર્ગ સ્વીકાર્યો છે. પણ તેમના ઉપદેશમાં સ્થૂળ હિંસા વિરમણ કરતાં, ભાવ—અહિંસા ઉપર વધારે ભાર મૂકયો છે. વૈરત્યાગ અને મહાયાન માર્ગમાં, સક્રિય કરૂણા, પ્રધાન સ્વરૂપ લે છે.

ક્રાઈસ્ટના ઉપદેશનું પ્રધાનલક્ષણ માનવપ્રેમ છે. પડોશી સાથે પ્રેમથી વર્તવું એટલું જ નહિ દુશ્મન ઉપર પણ પ્રેમ રાખવો. Love your enemies; Bless them that curse you. Do good to them that hate you. વળી દુનિયાદારી રાહ એવો છે કે હિંસાનો જવાબ હિંસાથી આપવો Eye for eye & tooth for tooth પણ ક્રાઈસ્ટે કહ્યું, Resist not evil—જમણા ગાલે તમાચો મારે તો ડાબો ગાલ ધરો. કોટ માગે તો ઝભો પણ આપી દો. આ ઉપદેશ ત્યાગનો, અપરિગ્રહનો છે.

ટૉલ્સ્ટોયે ક્રાઈસ્ટના આ ઉપદેશને સ્વીકારી પોતાની જીવન-સાધના શરૂ કરી અને તેના સમર્થનમાં લખાણો અને ગ્રંથો લખ્યા ત્યારે, રાજ્ય અને ધર્મના સત્તાધીશો—State and Church—સાથે ભારે સંઘર્ષમાં પડયા. આ ઉપદેશ સાચું જીવનદર્શન હોય તો વર્તમાન રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક વ્યવસ્થા બધી હિંસા-નિર્ભર છે અને અધર્મ છે. Non—resistance to evil અન્યાય અથવા અનિષ્ટનો અપ્રતિકાર, શબ્દશ: પાલન કરતાં, એક અશકય પરિસ્થિતિ ઊભી થાય છે. વ્યકિતગત આચરણ માટે આ માર્ગ સ્વીકાર્ય કે યોગ્ય હોય તો પણ તેના સામૂહિક આચરણથી અવ્યવસ્થા પરિણમે એમ જણાયું. ટૉલ્સ્ટોય આવા પરિણામથી પૂરા વાકેફ હતા. તેનો ઉકેલ તેમની પાસે ન હતો. He remained a spiritual anarchist

વર્તમાન યુગના બીજા એક સમર્થ ચિંતક ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે પણ, ક્રાઈસ્ટના ઉપદેશને મધ્યબિંદુ બનાવી, નૈતિક આચરણના પાયાના સિદ્ધાંતની શોધ કરી. Fundamental Principle of Ethical Conduct. તેમણે જે સિદ્ધાંત સ્વીકાર્યો તેને Reverence for Life કહ્યો—જીવમાત્ર માટે આદર. ડૉ. સ્વાઈત્ઝરની વિચારભૂમિકા લગભગ જૈન ધર્મની છે પણ તેમનું ચિંતન સ્વતંત્ર છે. એ ભૂમિકા છે અનુભવની અને સર્વજીવ સમાનતાની. દરેક જીવ જીવવા ઈચ્છે છે Will to live—જીજીવિષા. જીવવા ઈચ્છતા એક જીવ તરીકે મારે દરેકની જીજીવિષાનો આદર કરવો જોઈએ. તેથી કોઈ જીવની હિંસા મારાથી થાય નહિ. વળી નાના જીવ અને મોટા જીવ એવો ભેદ પાડવાનો મને કોઈ અધિકાર નથી. પોતાના સુખને માટે મનુષ્યેત્તર પ્રાણીસૃષ્ટિનો ભોગ લેવાનો મનુષ્યને અધિકાર નથી. જે વ્યકિત નાના જીવની હિંસા કરે તે મોટા જીવની પણ કરશે કારણ કે તેના અંતરમાં ક્રૂરતા રહી છે. કરૂણા હોય તો નાના મોટા જીવનો ભેદ ન રહે. પણ કુદરત એક ભયંકર સમસ્યા Horrible Dilemma ખડી કરે છે. દેહધારણ માટે કેટલીક હિંસા અનિ-વાર્ય છે, જીવો જીવસ્ય જીવનમ. આનો ઉકેલ સ્વાર્થત્યાગ છે. Will to live ને Will to love બનાવવી. ડૉ. સ્વાઈત્ઝરે પોતાનું દીર્ઘજીવન માનવસેવામાં સમર્પણ કર્યું.

ગાંધીજીને આ બધો વારસો હતો, ભારતીય સંસ્કૃતિનો: હિન્દુ-ધર્મ, જૈન ધર્મ અને બુદ્ધધર્મનો—તો હતો જ પણ ક્રાઈસ્ટનો ઉપદેશ અને ટૉલ્સ્ટોયના લખાણોની અસર પણ તેમના ઉપર ઓછી ન હતી. છતાં ગાંધીજીનું સ્વતંત્ર ચિંતન પણ છે અને આપણે જોશું કે અહિંસાના આચરણને તેમણે નવું અને વ્યાપક સ્વરૂપ આપ્યું છે, જે જગતના ઈતિહાસમાં એક નવો રાહ છે.

ગાંધીજીને અહિંસા, સત્યના આચરણમાંથી જડી એમ તેમણે કહ્યું છે. તેમણે જીવનભર સત્યના પ્રયોગો કર્યા છે અને એ પ્રયોગો કરતાં, સત્યમય આચરણ માટે અહિંસા જ માર્ગ છે એમ જોયું. સત્ય અને અહિંસા એક જ સિક્કાની બે બાજુ છે. — Two sides of the same coin — એમ તેમણે કહ્યું છે. ગાંધીજીએ એમ પણ કહ્યું છે કે, અનુભવે દેખાય છે કે દેહનો સ્વભાવ હિંસા છે, આત્માનો ગુણ અહિંસા છે. દેહ અને આત્મા ભિન્ન છે અને આત્માની શાશ્વત મુકિત એ જ જેનું લક્ષ્ય છે તેને માટે દેહાધ્યાસ છોડવો એ જ માર્ગ છે. દેહ છે ત્યાં સુધી કેટલીક સ્થૂલ હિંસા અનિવાર્ય છે, પણ તેને ઓછામાં ઓછી કરવી એ જ પુરૂષાર્થ છે. અનિવાર્ય હિંસાની છૂટ હોઈ શકે, હિંસા કોઈ કાળે ધર્મ ન હોય, ધર્મ તો અહિંસા જ છે.

પણ ગાંધીજી પહેલાં, અહિંસાનો વિચાર, મોટે ભાગે વ્યકિતગત આચરણ તરીકે જ થયો છે. સામૂહિક રીતે, સામાજિક, રાજકીય, આર્થિક અને જીવનના બધા ક્ષેત્રોમાં અહિંસાનું આચરણ શકય છે, જરૂરનું છે અને લોકકલ્યાણનો એ જ માર્ગ છે, એવો વિચાર બહુ થયો નથી. બલ્કે એમ માનવામાં આવ્યું છે કે વ્યકિતગત રીતે

અહિંસાનું આચરણ શકય છે તો પણ સામૂહિક રીતે એટલું વ્યવહારિક નથી. ટોલ્સ્ટોયની સામે આ જ પ્રશ્ન આવીને ઊભો રહ્યો. બીજા ધર્મે જેણે અહિંસાને આચારધર્મમાં પ્રાધાન્ય આપ્યું છે, તેમાં પણ વ્યકિતગત આચરણ માટે જ તેનો વિચાર થયો છે. પરિણામે, વ્યકિતગત આચરણ અને સામૂહિક આચરણના ધોરણ જુદા રહ્યા છે અને જુદા હોય એમ માનવામાં આવ્યું છે. વ્યકિતગત આચરણમાં સત્ય અને અહિંસા સ્વીકારવામાં આવી, પણ સામૂહિક આચરણમાં તે વ્યવહારૂ નથી એમ માન્યું. પરિણામે વ્યકિત ખૂન કરે તો પાપ અથવા ગુનો ગણાય, પણ યુદ્ધમાં, લાખોનો સંહાર થાય તે દેશાભિમાન ગણાય, ગુણ લેખાય, તેની પ્રશંસા થાય. ગાંધીજીને વ્યકિતગત અને સામૂહિક આચરણના જુદા જુદા ધોરણો સ્વીકાર્ય નથી. સત્ય અને અહિંસા આત્માનો ગુણ છે. સામૂહિક વ્યવહારમાં જે અસત્ય અને હિંસા આચરે, તે વ્યકિતગત આચરણમાં સત્ય અને અહિંસાનું આચરણ કરી શકે તેમ બને નહિ. ગાંધીજીએ બતાવ્યું કે અહિંસાનું આચરણ સામૂહિક રીતે શકય છે એટલું જ નહિ પણ જરૂરનું છે, વ્યવહારિક છે. Gandhiji was a practical idealist અલબત્ત, સામૂહિક ક્ષેત્રે અહિંસાનું આચરણ, વ્યકિતગત જીવનમાં શકય છે તેટલી સૂક્ષ્મ રીતે શકય નથી. કેટલીક વધારે છૂટ મૂકવી પડે, પણ તેને નેવે ન મૂકાય, અશકય ન ગણાય. આ પ્રયોગ દુનિયા માટે નવો છે. ગાંધીજીને અહિંસક સમાજનું નિર્માણ કરવું હતું, તેનો માર્ગ બતાવ્યો છે. તેમનો બધો રચનાત્મક કાર્યક્રમ આવા અહિંસક સમાજની રચનાનો નકશો છે.

પણ સામૂહિક અહિંસાના આચરણમાં એક મોટી મુશીબત રહેલી છે. માણસમાં લોભ છે, સ્વાર્થ છે, અશુભ વૃત્તિઓ છે, તેથી અનિષ્ટ આચરણ કરે છે. તેને કેમ પહોંચી વળવું? દુનિયાએ આજ સુધી એક જ માર્ગ જાણ્યો છે, Eye for eye and tooth for tooth–હિંસાનો સામનો હિંસાથી જ કર્યો છે. અલબત્ત, સમાજવ્યવસ્થામાં હિંસા ઓછી કરવા, સ્મૃતિઓ રચાઈ છે, કાયદાઓ થયા છે, પોલીસ છે, લશ્કર છે પણ અંતે બધાનો પાયો હિંસા છે. જગતમાં રહેલ અનિષ્ટ–Problem of evil–ને પહોંચી-વળવાનો સર્વથા અહિંસક માર્ગ ગાંધીજીએ પ્રથમ વિચાર્યો છે અને કરી બતાવ્યો છે. ધર્મોએ, તેનાથી દૂર રહેવાનો, સંસારત્યાગ કે સન્યાસનો માર્ગ, જોયો છે. ક્રાઈસ્ટે કહ્યું Resist not evil ગાંધીજીએ કહ્યું Resist evil અનિષ્ટનો, અન્યાયનો પ્રતિકાર કરો, પણ હિંસાથી-વેરઝેરથી નહિ, પણ અહિંસા, પ્રેમથી, પોતે સહન કરીને, બીજાના હૃદયને જીતી લઈને. દુનિયા માટે આ નવો માર્ગ છે. અહિંસક સમાજની રચનામાં, અન્યાય અને અનિષ્ટનો પ્રતિકાર, તેની સાથેના અસહકારથી અને સત્યાગ્રહથી કરવાનો રાહ ગાંધીજીએ જગતને ચીંધ્યો છે.

અહિંસાનું આ નવું અને વ્યાપક સ્વરૂપ એ ગાંધીજીનો દુનિયાને સંદેશ છે. વિજ્ઞાને સંહારના અકલ્પ્ય શસ્ત્રો સર્જ્યા છે. ભૌતિકતાની અને ભોગોપભોગની સીમાએ પહોંચી રહ્યા છીએ ત્યારે વિનાશમાંથી બચવા માટે ગાંધીજીનો અહિંસા અને સંયમનો માર્ગ, માનવજાતે વિચારવાનો રહે છે.

મુંબઈ, તા. ૧૨-૯-૧૯૬૯ ચીમનલાલ ચકુભાઈ શાહ

(આકાશવાણીના સૌજન્યથી)

હરિ–ઉર ભોંકાય છે આજ ભાલા : ગમગીન લાચાર અલ્લાહતાલા !

જાણીતા સારસ્વત અને કવિ શ્રી કરસનદાસ માણેક હમણાં જ અમદાવાદ ગયા હતા અને રમખાણોમાં ફસાઈ ગયા હતા. પૂરા બે દિવસ તો તેમને અમદાવાદ સ્ટેશને રોકાઈ રહેવું પડ્યું હતું. દિલ ભાંગીને ભૂક્કો થઈ જાય એવાં કેટકેટલાં દશ્યો એમણે જોયાં અને એમનો આત્મા ચિત્કાર પાડી ઊઠ્યો. એ ચિત્કાર એમણે નીચેના કાવ્યમાં શબ્દબદ્ધ કર્યો છે. આ કાવ્ય અમદાવાદ સ્ટેશન પર જ લખાયું છે.–તંત્રી

શતાબ્દીનો જલસો, જુઓ ઝગઝગે છે,
ઉરે વૈર–વૃત્તિ, કરોમાં છરા છે,
પૈશાચી પગની ગતિમાં ત્વરા છે,
અહિંસાના યોગીનું આસન હતું જ્યાં
અરે તે જ આ રકત – છલતી ધરા છે,

રે સન્તોની યે શ્રદ્ધા જ્યાં ડગડગે છે!
શતાબ્દીનો જલસો, જુઓ ઝગઝગે છે!

(૨)

સરે–આમ સળગે છે માનવ્ય–માળા :
ઊભાઊભા અનાથો જે ભરતા ઉચ્ચાળા :
પ્રભુસૂના આકાશે ફરિયાદ કરતા
ધસે સ્થળેસ્થળે ઓશિયાળા ધુમાડા :

ગુનેગારને બે–ગુનાહ રગરગે છે!
શતાબ્દીનો જલસો જુવો ઝગઝગે છે!

(૩)

હજુ કાલ જ્યાં ઊડતી પ્રીતિ–છોળો,
ગવાતાં જ્યાં ભકિતભર્યે કંઠ ઘોળો,
તે 'મારો'! ને 'કાપો'ના ગોઝારા નાદે
રહી ગાજી બેબાકળી આજે પોળો :

ચુંથાયે છે ચકલાં : ફણી ફગફગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગમગે છે!

(૪)

હરિ–ઉર ભોંકાય છે આજ ભાલા :
છે ગમગીન લાચાર અલ્લાહતાલા ;
આ આદમની ઓલાદ? બ્રહ્માની સૃષ્ટિ?
કે શેતાને પકવ્યા કો' નિષ્ઠુર નિભાડા?–

જેની તિરછી દગમાં ઝનૂન તગતગે છે!
શતાબ્દીનો જલસો જુવો ઝગઝગે છે!

(૫)

છે મહતાજ મસ્જિદ ને મંદિર રડે છે :
જગન્નાથ ના કયાંય ગોત્યા જડે છે :
રે આઝાન દઈ દઈને બેજાન નાહક
થયેલો તે મુલ્લાં લુલો લડથડે છે.

રે ઝાંખપ છે આંખે, પસીનો પગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગમગે છે!

(૬)

પડ્યા બંધને બાપુના–પુણ્ય ખ્વાબો :
થયાં મુકત શૈતાનરંગી શરાબો.
ને સૂરતી ને સુસ્તી ને સત્તાપરસ્તીની
મસ્તીમાં અવળા પડ્યા ઈન્કિલાબો!

ઈમારત જુઓ, પાયાથી ડગડગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગમગે છે!

(૭)

ઉપેક્ષિત બધે અન્તરાત્માનું આસન :
નર્યા સ્વાર્થનું ચકવર્તી સિંહાસન :
અને રાષ્ટ્ર–પ્રીતિની આંધારી ઓથે
ગંધરું ચાલે ઉદરનું ઉપાસન !

ચેતન પે જડનું જ આસન જગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

(૮)

નવાઈ નથી કંઈ, સદા આવું ચાલે!
મવાલી જ મુકલીસી પે ફૂલ લેફાલે :
પરંતુ ઊઠાવી છે ગાંધીને નામે
આવી ઘોર આંધી, તે આત્માને સાલે!

કવિ– ઉર રોષે, તેથી ધગધગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

(૯)

હું જાણું છું કયાં કોણ ખાંધું હસે છે :
છતી આંખે અંધત્વ ધારી ધસે છે!
કો'ચેતો, ન ચેતો, હુ તો ચેતવું છું :
ગ્રસનારને અંતે ગ્રસતો ગ્રસે છે!

ચીચોડો અનાદિથી આ તો ચગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

(૧૦)

નથી બળતાં મંદિર, નથી બળતી મસ્જિદ :
નથી રડતો મુલ્લાં, નથી રડતો પંડિત :
બધે એક ઈન્સાનિયત રડતી, સૂરત
અરે, એક કિરતારની થાતી ખંડિત.

ધસે લાવા જલતો જેની રગરગે છે!
શતાબ્દીનો જલસો, જુવો ઝગઝગે છે!

– કરસનદાસ માણેક

(જન્મભૂમિમાંથી સાભાર ઉદ્ધૃત)

પ્રકીર્ણ નોંધ

સંઘના સભાગૃહના નવા નામાભિધાન અંગે–

સંઘના સભાગૃહ સાથે મારું નામ જોડવાના સંઘની કાર્યવાહક સમિતિએ લીધેલા નિર્ણય અંગે મારું પોતાનું શું સંવેદન છે એ હું 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને જણાવું એવી એક નિકટવર્તી મિત્રની ઈચ્છા છે. સંઘની કાર્યવાહક સમિતિની તા. ૬-૯-૬૯ ના રોજ મળેલી સભામાં જાણે કે પૂર્વઆયોજિત હોય એમ એક સભ્ય તરફથી, તે અંગે મને આગળથી કશી પણ જાણ કર્યા સિવાય, સંઘના નવા સભાગૃહ સાથે મારું નામ જોડવાની એકાએક દરખાસ્ત આવી અને મને હકાર–નકાર ભણવાની તક આપ્યા સિવાય બધા સભ્યોએ એક અવાજે એ દરખાસ્ત વધાવી લીધી અને મારી સ્થિતિ લગભગ અવાક્ જેવી બની ગઈ. આ સંબંધમાં આજે જ્યારે હું મારા પ્રત્યાઘાતો જણાવી રહ્યો છું ત્યારે મારે એટલું તો કબુલ કરવું જ જોઈએ કે આ બધા પાછળ પ્રત્યેક સભ્યનો મારા પ્રત્યે અસાધારણ સદ્‌ભાવ અને સ્નેહ પ્રગટ થઈ રહ્યો છે એ રીતે વિચારતાં આ નિર્ણયે મને પણ આનંદ અને ધન્યતાનો અનુભવ કરાવ્યો છે.

આમ છતાં, બીજી રીતે તેનો વિચાર કરતાં સામાન્ય કિસ્સામાં સાધારણ રીતે બને છે તેથી અન્યથા, આ રીતે મારું બહુમાન થયાનો કોઈ ખાસ આનંદ મારું મન અનુભવતું નથી એમ જો હું અહીં જણાવું તો મારી પ્રામાણિકતા વિષે કોઈ શંકા ન કરે. કોઈ પણ સંસ્થાના અગ્રણી કાર્યકરનું આવી રીતે બહુમાન કરવું એવો આપણે ત્યાં રવૈયો છે. આમ કરવાથી સંસ્થાના સભ્યો એક પ્રકારની કૃતકૃત્યતા અનુભવે છે અને પ્રસ્તુત કાર્યકર પણ આવી કદરદાનીથી સવિશેષ પ્રોત્સાહિત બને છે. આ સામાન્ય જનનો સાધારણ અભિગમ હોય છે. પણ ઉમ્મર અને અનુભવના વધવા સાથે માનવીમાં પરિપક્વતા આવતાં અને ઊંડી સમજ પ્રાપ્ત થતાં આવા માનસન્માનનું તેના માટે કોઈ આકર્ષણ રહેતું નથી. તે જે કાંઈ કરે છે–જેને આપણે સેવાનું નામ આપીએ છીએ – તે તેના માટે તેના સ્વભાવ અને પ્રકૃતિને અનુરૂપ સહજકર્મ બની જાય છે અને તે કર્મ સાથે તેના વળતર રૂપે તેનો સહજ આનંદ તે અનુભવતો હોય છે. એટલું જ નહિ પણ, આવું કર્મ તેની ચાલુ સાધનાનું અંગ બની જાય છે. આ ઉપરાંત પોતે કોઈની સેવા કરે છે એવો ખ્યાલને બદલે અન્ય વ્યક્તિ કે સંસ્થા તેવી સેવા કરવાની પોતાને તક આપે છે એમ વિચારીને આવો માનવી તે વ્યક્તિ કે સંસ્થા પ્રત્યે એક પ્રકારની કૃતજ્ઞતા અનુભવે છે. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહી અને 'પ્રબુદ્ધ જીવન'ના સંપાદન અંગે મારા મનનો અભિગમ આ પ્રકારનો રહ્યો છે. મારા વિકાસમાં – મારી જીવનસાધનામાં – આ બન્ને પ્રવૃત્તિઓનો કેટલો મોટો ફાળો છે તે હું શી રીતે સમજાવું? આ પરિસ્થિતિમાં જેનું મારા માથે કદી ન ચૂકવી શકાય એવું ઋણ છે તે સંસ્થા મારું આ રીતે બહુમાન કરે તેનું ઔચિત્ય મને સમજાતું નથી અને તેથી આવું બહુમાન મારા માટે કોઈ ખાસ આનંદ અનુભવવાનું કારણ બની શકતું નથી. **પરમાનંદ**

અશાંતિનો દાવાનળ

એક નાનકડી ચીનગારીમાંથી અમદાવાદમાં ભભૂકી ઊઠેલી અને પાછળથી ગુજરાતના કેટલાક શહેરોમાં પ્રસરી ગયેલી અશાંતિની અભૂતપૂર્વ આગ વિષે ભારતભરના એકેએક સમજુ માણસનું હૈયું અત્યંત દુઃખ અને શરમની લાગણી અનુભવી રહ્યું હશે. ૧૯૪૬ પછી અમદાવાદમાં આજે ૨૩ વરસે કોમી અશાંતિએ ફરી માથું ઊંચકયું છે. છેલ્લા થોડા મહિનાઓ દરમ્યાન શ્રીનગર, લખનૌ અને ઈન્દોરના પગલે બાપુના ગુજરાતમાં અને તે પણ બાપુની શતાબ્દીના જ આ વર્ષમાં બની ગયેલા બનાવો વધારે દુઃખદ છે.

અમદાવાદ પૂરતું તો એમ લાગતું હતું કે બે કોમો વચ્ચેના વેરઝેર ઓછા થઈ ગયા છે અને હવે કોમી હુલ્લડો થવાનો સંભવ નથી. પણ સમયે બતાવ્યું છે કે લોકમાનસમાં વેરના બીજ હજી પડેલા છે જ. પ્રશ્ન એ થાય છે કે આ તોફાનો કેમ મટે?

તાજેતરના રમખાણો પાછળ કોઈ રાજકીય કાવતરું હોવાની વાતો પણ થવા લાગી છે, એ વાતોની સત્યતા પુરવાર થાય ત્યારે ખરી.

પરંતુ સમગ્રપણે જોઈએ તો આવા અને આ પ્રકારના બીજા તોફાનો પાછળ પ્રજાના મોટા સમુદાયની ગરીબી અને બેકારી રહેલી છે. અગાઉના તોફાનોની સરખામણીમાં છેલ્લા દશેક વર્ષના ગાળામાં થયેલા તોફાનોની વિશાળતા અને વ્યાપકતાનો આ સંદર્ભમાં વિચાર કરીએ – પછી તે શિવસેનાનું આંદોલન હોય, મહારાષ્ટ્ર–મહા ગુજરાતનું આંદોલન હોય, તેલંગણનું આંદોલન હોય કે પછી પશ્ચિમ બંગાળનું, 'કલકત્તા બંધ' હોય – તો લાગ્યા વિના રહેતું નથી કે આ દેશના લાખો બેકાર લોકો ધંધાદારી તોફાની તત્ત્વોના હાથા બની જાય છે, અને દેશને ભયંકર અશાંતિની ગર્તામાં ઉતારી મૂકે છે; જાનમાલની અકલ્પ્ય અને પારાવાર હાનિ થાય છે.

ભારતના સદ્‌ભાગ્યે એક 'બાપુ' પેદા થયા, જેણે પોતાના જીવન દરમ્યાન હિંદુ–મુસ્લીમ એકતા માટે પુરુષાર્થ કર્યો. ઓછે વધતે અંશે તેમને સફળતા પણ મળી, પરંતુ વેરઝેરના મૂળ ઊંડે સુધી રોપાયેલા રહ્યા. ભારતની પ્રજા અને સરકાર જ્યાં સુધી સંયુકત પ્રયાસો દ્વારા ઉત્પાદન વધારવા અને ગરીબીને હટાવવા કટીબદ્ધ નહીં થાય ત્યાં સુધી આ તોફાનો એક યા બીજા રૂપે થયા જ કરવાના છે. જોકે જગતના બીજા સમૃદ્ધ દેશોમાં તોફાનો થતાં જ નથી એમ કહેવાનો આશય નથી, પણ ત્યાં જુદા જ પરિબળો કામ કરી રહ્યા હોય છે, જ્યારે આપણે ત્યાં વસતિનો વધારો અને તે વધારાના પ્રમાણમાં આપૂરતી ઉત્પાદનક્ષમતા એ સૌથી વધુ અગત્યનો પ્રશ્ન છે.

અને જ્યારે એક બાજુ માનવી ચંદ્રની ધરતી પર પગ મૂકી ચૂકયો છે અને હજી આગળ જવા ડગ માંડી રહ્યો છે ત્યારે આપણે કયાં સુધી આપણી જાતને હિંદુ અને મુસલમાન કહીશું? કયાં સુધી આપણે આપણી જાતને ગુજરાતી, મરાઠી, કે બંગાળી તરીકે ઓળખીશું? ઈકબાલે ગાયું કે 'મઝહબ નહીં શીખાતા આપસમેં બૈર રખના' અને ગાંધીએ દોહરાવ્યું કે 'ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન'–એની ફલશ્રુતિ શું આ જ છે? ધર્મના નામે ધર્માંધતા અને ધાર્મિક અસહિષ્ણુતાના આ વિષને નિર્મૂળ કરવા બાપુ જેવા અનેક ગાંધી ભારતે પેદા કરવા જ રહ્યાં.

સુબોધભાઈ એમ. શાહ

'બિચારા બાપુ' કે 'બિચારા આપણે'?

જનશકિતના તા. ૧૯-૯-૬૯ના અંકમાં નીચે મુજબ એક સમાચાર છપાયા છે:–

"બિચારા બાપુ"

"ગાંધી શતાબ્દી વર્ષ દરમિયાન દેશવિદેશમાં અનેક પ્રકારના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે અમદાવાદ બાર એસોસિએશને અમદાવાદ સિવિલ કોર્ટના ગ્રંથાલયમાં મહાત્મા ગાંધીજીનું તૈલચિત્ર નહિ મુકવાનો બહુમતીથી નિર્ણય લઈ એક આશ્ચર્યકારક પગલું ભર્યું છે.

"બાર એસોસિએશનની એક સભા ગ્રંથાલયમાં ગાંધીજીનું તૈલચિત્ર મૂકવાનો નિર્ણય લેવા અંગે મળી હતી. આ નિર્ણય અંગેની ચર્ચામાં તૈલચિત્રની અનાવરણવિધિ કોના હસ્તે કરાવવી તે અંગે બે મત પડી ગયા હતા. એક મત, કોર્ટનું કમ્પાઉન્ડ

સાફ કરતા ઝાડુવાળાને હસ્તે અનાવરણ કરવાનો હતો, જ્યારે બીજો મત હતો કે આ અનાવરણવિધિ મુખ્ય પ્રધાનના હસ્તે કરાવવી.

"આ મતભેદને અંતે છેવટે સભાએ બહુમતીએ નિર્ણય લીધો કે ગાંધીજીનું તૈલચિત્ર મૂકવું નહિ."

ઉપરના લખાણના સંવાદદાતાએ ભલે કટાક્ષમાં ઉપરનું મથાળું આપ્યું હોય, પરંતુ ગાંધીજીનું તૈલચિત્ર જ ન મૂકવાનો નિર્ણય કરવામાં બાપુની જે ઉપેક્ષા કરાઈ છે તેથી તો આપણે જ આપણી જાતને 'બિચારા આપણે' કહેવું રહ્યું.

જ્યારે ભારતના વડા પ્રધાનનો હોદ્દો ધરાવતી વ્યક્તિ પણ આત્માના અવાજને ખોટી રીતે મૂલવે અને અલગ અલગ સંજોગોમાં પોતાના જ લાભને લક્ષમાં રાખીને તેના જુદા જુદા સમયે જુદા જુદા અર્થો કરે અને એવી ખોટી વિચારસરણીમાં પ્રજાના પ્રતિનિધિઓને અને પ્રજાને ખેંચવાનો પ્રયત્ન કરે અને તે ઉપરાંત પોતાના સાથી પ્રધાનના દસ વર્ષના ઈન્કમટેક્સના રીટર્નો નહિ ભરવાના હિમાલય જેવા જબરજસ્ત શિક્ષાત્મક ગુનાનો પણ સાવ હળવી રીતે અને બાલીશ લાગે એવો લૂલો બચાવ કરે ત્યારે એમ નથી લાગતું કે ગાંધીનું નામ લેવાનો પણ અધિકાર આપણે ખોઈ બેઠા છીએ? કયાં સાથીની હિમાલય જેવી ભૂલને તે ભૂલ ન ગણાય એમ મનાવવા પ્રયત્ન કરતા આપણા વડા પ્રધાન અને કયાં એક નજીવી ભૂલને પણ હિમાલય જેવી ભૂલ ગણીને તેનું પ્રાયશ્ચિત કરતા ગાંધીજી?

અત્યારે જ્યારે ગાંધી શતાબ્દી ઊજવાઈ રહી છે ત્યારે લાખોને ખર્ચે ગાંધીને નામે જે ઢગલાબંધ કાર્યક્રમો, ભાષણો, પ્રદર્શનો, સ્પેશલ ટ્રેનો વિ. યોજાઈ રહ્યું છે અને એના જ આયોજકો જાહેરમાં જે ગેરવર્તન ચલાવી રહ્યા છે તેનો ક્યાંય મેળ મળે તેમ છે ખરો? આ રીતની ગાંધી શતાબ્દીની ઉજવણી કરીને તો આપણે ગાંધીને છેતરવામાં હદ જ ઓળંગી ગયા છીએ, એટલું જ નહિ પણ આપણી જાતને પણ છેતરી રહ્યા છીએ! આ કારણે 'બિચારા બાપુ' એવું મથાળું આપવાને બદલે "બિચારા આપણે" એમ કહેવું જ પ્રસ્તુત ગણાશે.

શાન્તિલાલ ટી. શેઠ

પૂજ્ય બા–બાપુ શતાબ્દી રેંટિયાગૃહ

છેલ્લાં સાતેક વર્ષથી શાળામાં એક અનોખી પ્રવૃત્તિ ચાલી રહી છે. કામ શોધતી કોઈ પણ બહેનને રેંટિયા દ્વારા કામ આપવામાં આવે છે અને તેને માસિક રૂ. ૩૦ મળી રહે એવી ગણતરી રાખી છે; સાથે સાથે પ્રાથમિક શાળાના જે વિદ્યાર્થીઓ શીફ્ટ પદ્ધતિને કારણે અર્ધો દિવસ ફાજલ પાડી શકે છે તેમને માટે ઉદ્યોગવર્ગ ચાલે છે અને તેમાં ત્રણ કલાકના માસિક રૂ. ૧૦ તેમને મળે એવી ગણતરી છે. આથી તેમને ફી, ચોપડીઓ અને બીજા ખર્ચમાં મદદ મળી રહે છે. વેકેશનોમાં આ વર્ગનો લાભ ઘણા લેતા હોય છે.

આ વર્ષના વેકેશનમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વર્ગનો લાભ લીધો હતો અને રૂ. ૧૧૦૯ કંતામણદ્વારા મેળવ્યા હતા. એમાં એક વિદ્યાર્થી રૂ. ૨૮ કમાયેલ જ્યારે બીજાએ રૂ. ૨૬ મેળવ્યા હતા. બીજાઓએ પણ સારી રકમ મેળવી છે.

આ ઉપરાંત, શાળાના કુમારમંદિરનો ઉદ્યોગવર્ગ અને માધ્યમિક શાળાનો ઉદ્યોગવર્ગ તો ચાલે જ છે.

આ બધા ચર્ખાઉદ્યોગવર્ગો હાલ શાળાના મધ્યખંડમાં ચાલી રહ્યા છે, પરંતુ હવે આ પ્રવૃત્તિ એટલી વિકસી છે કે આ બસો જેટલી સંખ્યાના કાર્યકરો માટે ખાસ ઉદ્યોગગૃહની જરૂર ઊભી થઈ છે.

શતાબ્દીના આ વર્ષમાં જ જ્યાં સતત રેંટિયા ચાલે અને તે પણ રેંટિયાના શ્રમ દ્વારા મળેલી રકમમાંથી જ બંધાય એવું રેંટિયા-ગૃહ જો ઊભું કરી શકાય તો રેંટિયાનું ખરું સ્મારક બની રહે. આનાથી ભવ્ય બીજું શું હોઈ શકે?

૩૫ વર્ષથી આપણે પૂ. બાપુની જન્મ–જયંતી રેંટિયા–બારસ તરીકે ઊજવીએ છીએ. આ શતાબ્દીની ઉજવણી રેંટિયાગૃહની રચના કરી રેંટિયા બારસના ખરા ઉદ્દેશને મૂર્તિમંત સ્વરૂપ આપીએ.

આવા બાંધવા ધારેલ રેંટિયાગૃહનું બાંધકામ ૨૦૦૦ ચો. ફૂટનું થાય. આ વિશાળ ખંડમાં ૨૦૦ રેંટિયા ચાલશે. તે માટે રૂપિયા ૨૫ થી ૩૦ હજાર જોઈશે.

આ રકમ મેળવવાના પ્રથમ પગલા તરીકે શતાબ્દીના વર્ષમાં મેં કાંતેલ સૂતરનું શ્રમમૂલ્ય આપું છું, જે રૂ. ૧૭૦ જેટલું થાય છે. આ ઉપરાંત, શ્રી જમનાદાસભાઈ આહ્યાએ આ વર્ષમાં કાંતેલ રૂ. ૧૨૦ ની કિંમતનું સૂતર આપ્યું છે. આ સિવાય, કુમાર મંદિરના ગયા બે વર્ષના શ્રમના રૂ. ૨૫૦૦ અને શિક્ષકો–કાર્યકરોના શ્રમના રૂા. ૧૦૦૦ થઈ કુલ રૂ. ૪૦૦૦ જેટલી રકમ તો થઈ જાય છે.

બાકીની રકમ કાંતનાર વર્ગ પાસેથી સૂતર દ્વારા મળે એવી અપેક્ષા રાખી છે. સહુકોઈ કાંતનાર, આમાં પોતાનું સૂતરદાન આપે અને અહીંના બાપુના સ્મૃતિસ્થાન સાથોસાથ સર્વ રચનાત્મક કાર્યના તેમનાં કાર્યોના મધ્યબિંદુરૂપ ચરખાકાર્ય માટેનું ચર્ખા–ગૃહ ઊભું કરવામાં પોતાનો શ્રમ–હિસ્સો આપે એવી ભલામણ છે.

આશા તો પૂરતી છે કે આને માટે જોઈતું સૂતર મળી રહેશે. દોઢ વર્ષ અગાઉ સૂતરદાનની યોજના "સૂતરને તાંતણે આરોગ્ય" એ માટે કરેલી, પણ તે સફળ ન થઈ તેનું દુઃખ રહી ગયું છે. પણ તે નિષ્ફળતાનું કારણ પ્રયત્નનો અભાવ ગણાય. આ યોજના માટે પૂર્ણ પ્રયત્ન કરવા વિચારું છું. પ્રયત્ન છતાં જોઈતી રકમ નહીં મળે તો ખૂટતી રકમ માટે સૂતર ઉપરાંત કોઈ પણ શ્રમ–ઉપાર્જનનો આશરો લેવાનો રહેશે.

આખા ભારતવર્ષ પાસે મારી આ માંગ છે. પૂરતી રકમ મળી જ રહેશે. એમ છતાં અધૂરી રકમ રહી જશે તો ઉપર કહ્યું તેમ બીજા કોઈ પણ શ્રમથી તે રકમ પૂરી કરવાની રહેશે.

૧૦૧ મી રેંટિયા બારસના ૮૦ દિવસના કાર્યક્રમનો પ્રારંભ ૨૧ મી જુલાઈએ થાય છે અને તે જ દિવસે આ રેંટિયાગૃહનું ખાતમુહૂર્ત કરવાનું ધાર્યું છે. આ મકાનનું ઉદ્‌ઘાટન રેંટિયા બારસને દિવસે થાય એવી ભાવના છે.

આગામી રેંટિયા બારસ સુધીના પર્વમાં આપણા સંયુકત પ્રયાસે આ કાર્ય પૂરું કરીએ.

રાષ્ટ્રીયશાળા, રાજકોટ.

તા. ૧૨-૭-'૬૯ **નારણદાસ ખુ. ગાંધી**

ઉપરોક્ત નિવેદનને સવિશેષ સમર્થન

પૂજ્ય નારણદાસ ગાંધીના ઉપર આપેલ નિવેદનનું સમર્થન કરતાં શ્રી. જયપ્રકાશ નારાયણ, શ્રી. ઉછરંગરાય ન. ઢેબર, શ્રી. સિદ્ધરાજ ઢઢ્ઢા, શ્રી. નારાયણ દેસાઈ, શ્રી. વિ. રામચંદ્રન, શ્રી. વિચિત્રનારાયણ શર્મા, શ્રી. રાધાકૃષ્ણ બજાજ, શ્રી કાન્તાબહેન શાહ વગેરે કેટલીએક સર્વોદયવાદી વિશિષ્ટ વ્યકિતઓ જણાવે છે કે, "શ્રી. નારણદાસ ગાંધીની આ ચરખા ઘરની યોજના અનોખી છે. તે ચરખાના કામનો મહિમા અને તેનાં મૂલ્યનું દર્શન કરાવે છે. તેનો ઉદ્દેશ ઉચ્ચ છે. તેમાં સર્વોદયના સર્વ ખાદી કેન્દ્રો પૂરો સાથ આપે એવી અમારી ભલામણ છે.

"દરેક કેન્દ્ર પોતાના કાંતણક્ષેત્રમાંથી પ્રત્યેક વ્યકિત પાસેથી એક એક આંટી એકઠી કરીને સૂતર અથવા તેનું મૂલ્ય જલ્દિથી રાષ્ટ્રીય-શાળા, રાજકોટ ઉપર મોકલી આપે એવી અમારી અપેક્ષા છે.

"આ યોજના સફળ બને એવી અમારી શુભકામના છે."

卐 શું શાસ્ત્રોને પડકારી શકાય છે?—એક સ્પષ્ટીકરણ 卐

સત્ય સત્ય હૈ, સદા સત્ય હૈ,
ઉસમેં નયા પુરાના ક્યા?
જબ ભી પ્રગટ સત્ય કી સ્થિતિ હો,
સ્વીકૃતિ સે કતરાના ક્યા?

સત્ય સત્ય હૈ, જહાં કહીંભી
મિલે, ઉસે અપનાના હૈ.
સ્વ—પર—પક્ષ સે મુકત સત્યકી,
નિર્ભય જ્યોતિ જલાના હૈ.
—ઉપાધ્યાય અમરમુનિ

(૧૯૬૯ના ફેબ્રુઆરી માસના 'અમર ભારતી' ના અંકમાં "ક્યા શાસ્ત્રો કો ચુનૌતી દી જા સકતી હૈ" એ મથાળા નીચે ઉપાધ્યાય શ્રી અમરમુનિનું એક પ્રભાવશાળી પ્રવચન પ્રગટ થયેલું. તેનો સંક્ષિપ્ત અનુવાદ 'પ્રબુદ્ધ જીવન'ના મે ૧૬ મી તથા જૂન ૧ ના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો. આ પ્રવચને જૈન વિદ્વાનો અને વિચારકોમાં એક મોટો ઉહાપોહ પેદા કરેલો. થોડા સમય પહેલાં એક મુનિવરે પત્ર દ્વારા પ્રસ્તુત પ્રવચન સંબંધમાં પોતાની મૂંઝવણ પ્રગટ કરેલી. ઉપાધ્યાયશ્રીએ તા. ૧૪-૭-૬૯ના રોજ એક વિસ્તૃત ઉત્તર લખીને તે મુનિશ્રીના મનનું સમાધાન કરવા પ્રયત્ન કરેલો. તેમાંનો કેટલોક ઉપયોગી ભાગ તારવીને અમર ભારતીના ઑગસ્ટ માસના અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેનો અનુવાદ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો માટે શ્રી સુબોધભાઈ તથા સૌ. નિરુબહેને કરી આપ્યો છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

હું ચંદ્રપ્રજ્ઞપ્તિ ઈત્યાદિ કેટલાંક ગ્રંથોને માત્ર ગ્રંથ માનું છું. હું એને આગમ અથવા શાસ્ત્ર લેખતો નથી. આ તે કેવી ભગવાનની વાણી! કેવો વીતરાગનો ઉપદેશ! જેમાં ક્યાંય પણ આત્માને જાગૃત કરતો કોઈ આધ્યાત્મિક રણકાર જ નહિ! આ કેવું શાસ્ત્ર, જે અથથી ઈતિ સુધી ભૂગોળ - ખગોળ સંબંધી ભૌતિક વર્ણનોથી ભરપુર હોય! અને આ વર્ણન પણ તથ્યથી જોજનો દૂર! આવા લાંબાં લાંબાં વર્ણનો આજના વિજ્ઞાનના પ્રત્યક્ષ પ્રકાશમાં અર્થહીન સાબિત થઈ રહ્યા છે તો એને ભગવાનના વચન કેમ માની શકાય?

એક વાત સ્પષ્ટ છે કે મને કહેવાતાં આગમ ગ્રંથો વિષે લોકોની શ્રદ્ધા સચવાઈ રહે એમાં કશો રસ નથી. હું તો ભગવાન મહાવીર અને તેમના યથાર્થ પ્રવકતા રૂપ આપ્તતત્વની પ્રત્યે શ્રદ્ધા રાખું છું અને તે શ્રદ્ધાની સુરક્ષા માટે પ્રયત્નશીલ છું. આજે આ કહેવાતાં શાસ્ત્રોના નામે શ્રદ્ધાનો જે કોલાહલ મચી રહ્યો છે તેમાં સત્યના આગ્રહ કરતાં સાંપ્રદાયિક માન્યતાઓના આગ્રહનો સૂર વધારે પ્રધાન છે, પરંતુ એનું કોઈ સારું પરિણામ આવવાનું નથી. શાસ્ત્રોના ગૌરવની રક્ષા કરવાની આતુરતામાં આપણે ભગવાન મહાવીરના દિવ્ય ગૌરવ વિષે આજના શિક્ષિત જનસમાજમાં અશ્રદ્ધા જ ફેલાવીશું. જો આપણે આપણી વર્તમાન વિચારધારા નહીં બદલીએ તો નજીકના ભવિષ્યમાં શું થશે તે જેવું જ રહ્યું. સાંપ્રદાયિક વિચારણાના પક્ષમાં ભલે કોઈ ગમે તે કહે, સાંભળે અથવા વર્તે પરંતુ એક વાત સો ટકા સાચી છે કે પ્રસ્તુત શાસ્ત્રનો અક્ષરે અક્ષર ભગવાને કહેલો છે, એમાં કાનામાત્રનો પણ ફેરફાર થયો નથી, તેમ જ આજુબાજુની પ્રચલિત માન્યતાઓનો આની ઉપર કશો પણ પ્રભાવ પડયો નથી—એવું વલણ કોઈ પણ તટસ્થ ચિંતકના અંતરાત્માને કયારેય પણ સ્વીકાર્ય ન હોઈ શકે. જો આપણે સમયના વ્હેણ સાથે બદલાતાં જઈએ, પ્રત્યક્ષ પ્રમાણોથી પુરવાર થયેલા સત્યનો સ્વીકાર કરીએ, જની કલ્પિત વાતોથી આપણી જાતને મુકત કરીએ અને એ રીતે વિચારોની દુનિયામાં ભગવાન મહાવીરના સત્ય—આધારિત ગૌરવની અમર જ્યોતિને પ્રગટાવીએ તો તે આપણા પોતાના જ હિતમાં છે. આપ માનો કે ન માનો, આ શાસ્ત્રોને કારણે જનસમુદાયમાં ચાલતી આવેલી શ્રદ્ધા ડગમગી રહી છે. આજનો બુદ્ધિશાળી વર્ગ પૂછી રહ્યો છે કે શું આ જ ભગવાનની વાણી છે? તો પછી ભગવાન આપ્ત પુરુષ કેમ કહેવાય? મુકત આત્મા તો યથાર્થનો જાણકાર અને યથાર્થનો કહેનાર હોવો જોઈએ, જ્યારે ઉપરોકત વર્ણનોમાં કઈ યથાર્થતા છે? કોઈ બતાવે તો ખરું! પોતાની પિપુડી વગાડવાવાળા છાપાઓમાં અરસપરસ વિરોધી, પ્રમાણહીન, મન ફાવે તેવાં લખાણો લખવા માત્રથી તો યથાર્થતા સાબિત થઈ શકતી નથી! તાજેતરમાં "જિનવાણી"માં સુપ્રસિદ્ધ આગમજ્ઞ મુનિરાજ શ્રી. હસ્તિમલજી મહારાજે ભૂગોળ—ખગોળ સંબંધી માન્યતાઓના વિષે, ભૌતિક ચંદ્ર—સૂર્ય ઈત્યાદિને વિષે, બહારના સ્થૂલ આકાશથી આગળ વધીને ચિદાકાશની વાત કરી છે અને એ વાતને આધ્યાત્મિકતાની તરફેણમાં ઘટાવી છે. પરંતુ માત્ર વાતો કરવાથી તો કશું વળતું નથી. ! તેઓ પોતાની બે ચાર વાતોને પુરવાર તો કરી બતાવે? ચન્દ્રયાનને ઊંચકી રહેલા પેલા ચંદ્રના હજારો હાથી, ઘોડા, બળદ, સિંહ ઈત્યાદિનું ચિદાકાશમાં—અર્થાત અંતર્જગતમાં—કયાં અને શું સ્થાન છે? એનો આધ્યાત્મિક અર્થ શો છે?

આ હાથી ઘોડા ચંદ્રલોકમાં આધ્યાત્મિક શી રીતે બની જાય છે? કોઈપણ વિદ્વાન પુરુષ બુદ્ધિપૂર્વકની દલીલ દ્વારા આ વાતનો સ્પષ્ટ ખુલાસો કરી તો બતાવે! હજારો વરસોથી એકમેકથી ચઢિયાતા મહાન શ્રુતધર આચાર્યો ઉપરોકત વર્ણનો વાંચતા આવ્યા છે અને એનો અર્થ પણ જે આજે પ્રચલિત છે તે જ પ્રમાણે તેઓ બધા કરતાં આવ્યા છે. જો એમાં આધ્યાત્મિકતાનો અંશ થોડોક પણ હોત, તો કોઈ ને કોઈ વ્યાખ્યાનકાર એ વિષે કંઈક તો લખત ને? પરંતુ કોઈએ કશું પણ એ વિષે લખ્યું નથી! હજી પણ શું બગડયું છે? આજે પણ આધ્યાત્મિકતાનો દાવો કરવાવાળા - પછી તે ભલે કોઈ પણ હોય — આધ્યાત્મિક અર્થ તો કરી બતાવે! જો એની વાત સુસંગત અને સત્ય હશે તો તેનો સ્વીકાર કરવામાં, મને તો શું, કોઈને પણ વાંધો ન હોઈ શકે. પરંતુ આધારરહિત કલ્પનાનું જાળું વણવામાત્રથી સમાજની સમક્ષ પડેલા સળગતા પ્રશ્નોનો ઉકેલ આવતો નથી. મારો તો સ્પષ્ટ અભિપ્રાય છે કે આ વિવાદાસ્પદ શાસ્ત્રોના અક્ષરે અક્ષરને ભગવાનની વાણી માની લેવાથી કોઈ પણ પ્રશ્નનું સુયોગ્ય સમાધાન મળવાનું નથી. જો એ રીતે સમાધાન મળતું હોય તો મેળવી બતાવો. હું વિચારચર્ચા માટે તૈયાર છું. અને જો સત્ય મારા મંતવ્યથી વિરુદ્ધ સાબિત થાય તો હું નમ્રપણે મારી ભૂલ સુધારવા માટે પણ તૈયાર છું.

તેમણે (શ્રી હસ્તીમલજી મહારાજે) લખ્યું છે કે આગમના એકએક અક્ષરમાં અનંતાનંત આશય છે. પરંતુ વિનમ્રભાવે પ્રશ્ન કરું છું કે ક્યા આગમ? અને એ આગમના અનંત અનંત આશય પણ ક્યા અને કેવા? માત્ર કુશળ પ્રવચનો કરવાથી તો સમાધાન થતું નથી. એક જમાનો હતો કે જ્યારે કેટલાક લોકોના મનનું કંઈક સમાધાન રહસ્યવાદની આ ઘોષણાઓ દ્વારા થતું હતું, પરંતુ હવે થઈ શકે તેમ નથી. અને એ અનંતાનંત આશય અથવા રહસ્ય કંઈ નહિ તો એમાનાં મુખ્ય મુખ્ય બે ચાર આશય તો—પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ હોવા ન જ જોઈએ. તથાકથિત આગમોના અનંતાનંત આશયોમાં ભૂગોળ—ખગોળ સંબંધી પણ એક આશય છે કે જેના વિષે પ્રાચીનકાળથી આજ સુધી અનેક બહુશ્રુત ટીકાકારો આ

એક જ સ્વરમાં કહેતા આવ્યા છે, તો તે પ્રમાણેની કસોટી વડે પુરવાર થવું જોઈતું હતું. પણ તે પુરવાર નથી થઈ શકતું તેનું શું કરવું? જે વાત બુદ્ધિગમ્ય નથી, એક અથવા બીજી રીતે સ્પષ્ટ નથી, સંશયવાળી છે, તેના વિષે તો પ્રાચીન આચાર્યોના શબ્દોમાં "તત્વ તો માત્ર કેવળી પરમાત્મા જ જાણે છે," એમ કહીને છૂટી જઈ શકાય છે. પણ જે વાત બુદ્ધિગમ્ય છે, પ્રત્યક્ષથી પ્રમાણિત છે, પૃથ્વી પર જેને ટેલિવિઝન પર લાખો લોકોએ પોતાની આંખોથી જોઈ છે, લાખો અખબારોમાં જેની સ્પષ્ટ છબીઓ છપાઈ છે, રશિયા અને અમેરિકા જેવા પરસ્પર વિરોધી રાષ્ટ્રોએ સરકારી કક્ષાએ જેનો ધન્યવાદપૂર્વક સ્વીકાર કર્યો છે, ઈંગ્લેન્ડ જેવા બીજા દેશોએ પણ પોતાની વેધશાળાઓમાં ચંદ્રયાત્રાનાં જે દશ્યો પ્રત્યક્ષ જોયા છે અને તે દશ્યો સાચા હોવાની જાહેરાત કરી છે–તેવી વાતને 'तत्त्वं केवलिनो विदन्ति।' કહીને કેવી રીતે જૂઠી માની શકાય? અબજો ડૉલર ખર્ચીને અને પોતાના અનેક યશસ્વી વૈજ્ઞાનિકોના જાનનું જોખમ ખેડીને પણ શું આ લોકો અસત્ય માન્યતાઓનો પ્રચાર કરી રહ્યા છે? અને દુનિયાને બેવકૂફ બનાવી રહ્યા છે? એમ કરવામાં ભલા એમનો શું સ્વાર્થ રહ્યો છે? આ બાજુ આટલા મોટા બનાવને કોરો દંભ કહેવો અને બીજી બાજુ તથાકથિત આગમોનો અક્ષરે-અક્ષર સાચો માનવો, તે વસ્તુતઃ શ્રદ્ધાના અતિરેકનું વિચિત્ર પરિણામ માત્ર છે. પ્રત્યક્ષ જલી રહેલી જ્વાલાના સંબંધમાં એમ કહેવું કે "અહા હા! કેવી શીતળ છે! કારણકે શાસ્ત્રોમાં અગ્નિને શીતળ કહ્યો છે"–એ કેવું હાસ્યાસ્પદ છે! આ વિષે કોઈ એમ પ્રશ્ન કરે કે, "અગ્નિ ક્યાં શીતળ છે? પ્રત્યક્ષ પ્રમાણથી જોઈ લો, સ્પર્શ કરો તો હાથ દાઝી જાય છે." શાસ્ત્રવાદી એનો ખુલાસો એમ કરે કે "તમે શું જાણો? તમે અલ્પ બુદ્ધિ છો, તત્ત્વ તો કેવળીપ્રભુ જ જાણે છે!" આ કેવો તર્ક અને કેવું સમાધાન? શું આવું સમાધાન આજના પ્રબુદ્ધ માનવીની પ્રબુદ્ધ પ્રજ્ઞાને સ્વીકાર્ય બની શકશે? અને તથાકથિત શાસ્ત્રો અને તેના પ્રવચનકાર પ્રત્યે એની આસ્થા ટકી શકશે ખરી?

પ્રમાણિત થયેલી હકીકતોનો મુકત મને સ્વીકાર કરવામાં જ જૈન દર્શનનું ગૌરવ છે. જૈન ધર્મ શબ્દનો નહીં, ભાવનો ધર્મ છે; તે આગ્રહના નહીં પણ અનાગ્રહના અથવા સત્યાગ્રહના પક્ષમાં છે. તે એકમાત્ર સત્યનો ઉપાસક છે.–પછી ભલે તે સત્ય ગમે તેના તરફથી પ્રાપ્ત થતું હોય. સત્યના સ્વીકારમાં પોતાનું કે પારકું કાંઈ નથી. આપણે આજસુધીમાં હજારો વાર પ્રવચન મંચ પરથી ઘોષણાઓ કરી છે કે, "જે સત્ય છે તે મારું છે. જે મારું છે તે સત્ય નથી."

જોધપુરમાં સંયુકત ચાતુર્માસ વખતે શાસ્ત્રચર્ચા ચાલતી હતી. આપને યાદ હશે, અને તે લિપીબદ્ધ પણ થયેલું છે કે જ્યારે ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રના કાર્યસિદ્ધિહેતુ કરવાવાળા નક્ષત્રભોજન વિષે માંસ–પ્રકરણ પર વિચારવિનિમય થયો, ત્યારે પંડિત સમર્થમલજી મહારાજે શું કહ્યું હતું? તેમણે કહ્યું હતું - "હું આ કથનને જિનવાણી માનતો નથી," તે સમયે આપ સૌએ આ મૂળ પાઠને જિનવાણી માનવાનો ઈનકાર કર્યો હતો. હું પૂછું છું કે શા માટે ઈનકાર કર્યો હતો? એ તો મૂળ સૂત્રનો પાઠ હતો - ભાષ્ય, ચૂર્ણી, ટીકા વિગેરેનો પાઠ ન હતો. ત્યારે શાસ્ત્રની શ્રદ્ધાનો ખ્યાલ કેમ કર્યો નહિ? ત્યારે 'તત્વ તો કેવળી જ જાણે છે' એ સૂત્રનો સહારો કેમ લીધો નહિ? જિનવાણીના અનંત અનંત આશયો કેમ લક્ષમાં લીધાં નહિ? માત્ર ચંદ્રપ્રજ્ઞપ્તિ જ નહિ પરંતુ ત્યારે તો શ્રધ્ધેય ઉપાધ્યાયજી શ્રી ગણેશીલાલજી મહારાજ, પૂજ્ય હસ્તિમલજી મહારાજ, પંડિત સમર્થમલજી મહારાજ આદિ આપ સૌ મહાનુભાવોએ ઉપાંગ સૂત્ર, મૂળ સૂત્ર અને છેદ સૂત્ર વગેરે આગમોને સ્વતઃ પ્રમાણની કક્ષામાંથી પરતઃ પ્રમાણની કક્ષામાં મૂકી દીધાં હતાં. પરતઃ પ્રમાણનો અર્થ એમ થયો કે તેને વિદ્વાનોએ રચેલા રામાયણ આદિ સાધારણ ગ્રંથોની શ્રેણીમાં મૂકી દીધાં! આપે તેને ભગવાને કહેલાં આગમ માન્યાં નહિ. હું સમજી શકતો નથી કે ત્યારે શાસ્ત્રોના પ્રતિ અખંડ શ્રદ્ધાનો અવાજ શા માટે જોરદાર કરવામાં આવ્યો નહિ? અને હવે મારા પ્રવચન–લેખ પર જ શા માટે શ્રદ્ધાની વાત ગૂંજવા લાગી? ચંદ્રપ્રજ્ઞપ્તિનું આ માંસ પ્રકરણ જો સત્ય ન હતું તો આ ચંદ્રલોક વિગેરેનું વર્ણન પણ ક્યાં સત્ય છે? મેં તો માત્ર પ્રત્યક્ષ પ્રમાણિત સત્યનું સમર્થન કર્યું છે, બીજું કાંઈ પણ નહિ. સત્ય લાંબા સમય સુધી - અને આજના બૌદ્ધિક યુગમાં તો ખાસ કરીને - છૂપું રહી શકતું નથી. મને ખાતરી છે કે જો લોકોની સમક્ષ યથાર્થતાની ખરેખર સ્થિતિ સ્પષ્ટ કરી દેવામાં આવે તો તેથી જૈનદર્શનનું ગૌરવ ઘટશે તો નહીં, બલ્કે વધશે જ. ભગવાન મહાવીરની સાથે આપણે કહેવાતા આગમોના અક્ષરેઅક્ષરનો જે સંબંધ જોડી દીધો છે, તે આપણી ભૂલ છે.

આ રીતે કલ્પિત અને અહીંથી તહીંથી ભેગાં કરેલાં વર્ણનોથી ભગવાન મહાવીર અને તેમના સત્યના આગ્રહી જૈન દર્શનનું ગૌરવ ઝાંખું પડે છે, પ્રજ્જ્વલિત થતું નથી. હું બીજું કાંઈ માંગતો નથી. હું તો માત્ર ભગવાન મહાવીરના પ્રત્યે સાચી અને નિર્ભેળ શ્રદ્ધા માગું છું. આ આગમ અને ગ્રંથ સુરક્ષિત રહે. એમાં કાપકૂપની મને અપેક્ષા નથી. હું એવા વિચારનો નથી. પ્રાચીન કાળના જનમાનસની માન્યતાઓના વર્ણનનું ઐતિહાસિક મહત્ત્વ છે. તેનો એમ જ નાશ કરવો એ કોઈ સારી વાત નથી. જૂના વખતના લોકો ચંદ્ર વગેરે દૂરના દશ્યોના સંબંધમાં શું વિચારતા હતા ને શું અભિપ્રાયો ધરાવતા હતા તેનો એ વર્ણનો પરથી આપણને ખ્યાલ આવે છે. પ્રસ્તુત ચર્ચામાં મારું તો માત્ર એટલું જ કહેવું હતું કે આગમોમાં લખેલા શબ્દેશબ્દને ભગવાનનું ભાખેલું માની લેવામાં ન આવે. આપણે જો એટલું માત્ર સ્પષ્ટ કરી લઈએ તો ભગવાનના વચનોના નામ પરથી ઘણો મોટો વ્યર્થનો ભાર ઊતરી જાય.

હું શું કહેવા માગું છું તે મેં આ પત્રમાં સંક્ષેપથી પણ સ્પષ્ટ રીતે લખ્યું છે. સમય અને સ્વાસ્થ્ય અનુકૂળ હશે તો ભવિષ્યમાં પણ પ્રસંગોચિત વધુ વિવરણ કરી શકીશ. 'ચુનૌતી' (પડકાર)ના લેખથી એટલું તો બન્યું કે સમાજના નવા–જૂના વિચારોમાં એક પ્રક્ષોભ તો પેદા થયો છે. પ્રસ્તુત લેખની એટલી પણ ફળશ્રુતિ શું ઓછી છે?

આપે લખ્યું કે મારે મારા વ્યકિતગત વિચારો જાહેર પ્રજા સમક્ષ રજૂ ન કરવા જોઈએ. પણ એવું કેમ બની શકે? એવું દૂધમાં ને દહીંમાં પગ રાખવાનું કામ મારા અંતરને સ્વીકાર્ય નથી. ઍપોલો ૮ નો બનાવ બન્યો ત્યારે સમાજમાં ખળભળાટ પેદા થયો અને અહીંના સ્થાનિક લોકોએ મને પૂછ્યું અને બહારથી કેટલાંક પત્રો પણ આવ્યા કે આપણી માન્યતાઓ સત્યની કસોટી પર કેમ ખરી પુરવાર થતી નથી? તે વખતે મેં એક પ્રવચનમાં શાસ્ત્ર અને ગ્રંથની ભેદ–રેખા બતાવતાં વિસ્તારપૂર્વક કહ્યું હતું કે "આપણી આ માન્યતાઓ જૈન સાહિત્યમાં પાછળથી ઉમેરવામાં આવી છે. ભગવાન મહાવીર કે જેઓ અધ્યાત્મ જાગરણના ઉપદેશક હતા, તેઓ પ્રસ્તુત ગ્રંથોના પણ ઉપદેશક હોઈ ન શકે. આપ્ત મહાપુરુષ એવી વાત કેમ કહી શકે કે જે પ્રમાણથી સાબિત થઈ શકે તેવી ન હોય?" પ્રસ્તુત પ્રવચન વિવાદગ્રસ્ત સ્થિતિના નિરસન માટે યોગ્ય લેખવામાં આવ્યું અને 'અમર ભારતી'માં પ્રગટ કરવામાં આવ્યું. બહારથી એટલા બધા પત્રો આવી રહ્યા હતા કે દરેકને અલગ અલગ ક્યાં સુધી સમજાવી શકું? અને જ્યારે સમાધાન કરવા બેઠો ત્યારે મારાથી એમ તો કેમ જ બને કે મનમાં કાંઈ હોય અને બહાર હું કાંઈ જુદું જ કહું? સત્ય સત્ય છે, એને બે મોઢાં હોઈ ન શકે. અને જ્યારે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થઈ જાય ત્યારે મૌન બેસી રહેવું એ પણ કેમ બને?

અનુવાદકો:
નિરુબહેન સુબોધભાઈ શાહ
સુબોધભાઈ એમ. શાહ

મૂળ હિન્દી:
ઉપાધ્યાય અમરમુનિ

તંત્રી નોંધ:–મને લાગે છે કે આ બધી ગૂંચનું મૂળ કોઈ પણ વ્યકિત–વિશેષમાં આરોપાયેલી તથાકથિત સર્વજ્ઞત્વને લગતી માન્યતામાં

રહેલું છે. ઉપરના વિવેચનમાં આત્મતત્ત્વ અને મોક્ષતત્ત્વનું જેમાં નિરૂપણ હોય તે જ શાસ્ત્ર અને આથી અન્ય પ્રકારની બાબતોની જેમાં ચર્ચા-વિચારણા પ્રરૂપિત હોય તે ગ્રંથ-આવી-મારી દૃષ્ટિએ એક કૃત્રિમ-ભેદરેખા ઉપાધ્યાય શ્રી અમરમુનિએ ઊભી કરી છે. આમ કરવાનું કારણ એ છે કે સર્વજ્ઞ ભગવાનના નામ સાથે જોડાયલી કેટલીક ધાર્મિક માન્યતાઓ નવાં નવાં વૈજ્ઞાનિક સંશોધનોના પરિણામે ખોટી ઠરવા માંડી છે. આ આપત્તિમાંથી બચવા માટે આવી ભેદરેખાનું અવલંબન અનિવાર્ય બને છે.

શ્રી અમરમુનિએ સૂચવેલી આ ભેદરેખા સ્વીકારીએ તો પણ અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે જેમ વિજ્ઞાનના ક્ષેત્રે થતાં સંશોધનો તે તે વિષયને લગતી પુરાણી માન્યતાઓ ખોટી હોવાનું ઠરાવે છે તેમ ધર્મ અને અધ્યાત્મના ક્ષેત્રે પણ આજે અનેક સંશોધનો ચાલી રહ્યાં છે અને મનોવિજ્ઞાનના ક્ષેત્રે પણ અવનવાં શંશોધનો થઈ રહ્યાં છે અને તેના પરિણામે તે તે વિષયને લગતી આજસુધી ચાલી આવેલી માન્યતાઓ ઉપર આ સંશોધનોનો પણ ખૂબ પ્રભાવ પડી રહ્યો છે. આ સંશોધનોના પરિણામે આજ સુધી સ્વીકારાયેલી માન્યતાઓમાં પણ ફેરફાર થવાનો ઘણો સંભવ છે. દા. ત. પૂર્વજન્મ અને પુનર્જન્મને લગતાં સંશોધનોના પરિણામે તેને લગતા અથવા તો આત્મતત્ત્વને લગતાં આપણા મનમાં બંધાયલા ખ્યાલો બદલવાની આપણને ફરજ પડે એ તદ્દન સંભવિત છે. તો પછી આ શાસ્ત્રપ્રરુપિત માન્યતાઓ સાથે જોડાયેલા સર્વજ્ઞત્વ-વિષે શું ધારવું ?

વસ્તુતઃ સત્ય સદા અનાવૃત થતું તત્ત્વ છે, તેના સંશોધનને-અનાવરણને-કોઈ સીમા નથી અને તે અંગેની પૂર્વ-કાળમાં થયેલી-ગમે તેટલી મહાન વ્યક્તિની-પ્રરુપણાને પણ અંતિમ પ્રરુપણા તરીકે સ્વીકારવી કે રજૂ કરવી તે સત્ય તત્ત્વને લગતી સમજણ સાથે સુસંગત નથી. સ્યાદ્‌વાદના – અનેકાન્તના-તત્ત્વ સાથે-પણ આવો આગ્રહ સુસંગત નથી, આનો અર્થ એ થયો કે કાં તો આપણે સર્વજ્ઞ શબ્દના અર્થને સીમિત કરીએ અથવા તો 'સર્વજ્ઞ' ના સ્થાને 'તત્વજ્ઞ' શબ્દનો પ્રયોગ રૂઢ કરીએ. આ રીતે આ સમસ્યાનો વિચાર કરવામાં આવે તો કોઈ પણ કાળે, કોઈ પણ ક્ષેત્રમાં, કોઈ પણ વિષયમાં થતાં નવાં સંશોધનો આગળનાં સંશોધનોનાં અને તેમાંથી પેદા થયેલી માન્યતાઓનાં વિરોધી નહિ પણ પૂરક જ બનવાનાં.

ઉપાધ્યાય શ્રી અમરમુનિ એક સંપ્રદાયના સાધુ છે અને સર્વજ્ઞત્વને લગતી માન્યતા તે સંપ્રદાયના પાયાની માન્યતા છે તેથી તેમના માટે આ માન્યતાને વટાવીને ઉપર સૂચવેલી ભૂમિકા પર આવવું સહજ શક્ય નથી. અશક્ય છે એમ તો ન જ કહેવાય. આ વાસ્તવિકતાનો વિચાર કરતાં ઉપર આપેલા તેમના લખાણમાં જે હદ સુધીની તેમણે નિડરતા દાખવી છે તે માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

ભગવાન મહાવીરની ૨૫મી નિર્વાણ શતાબ્દી મહોત્સવ સમિતિ, મુંબઈ

સમિતિના કાર્યક્રમનો સંક્ષિપ્ત પરિચય તથા યોજના

સને ૧૯૭૪માં ૧૩ નવેમ્બરના રોજ ભગવાન મહાવીરને નિર્વાણ થયાને ૨૫૦૦ વર્ષ થશે. આ મહાપુરૂષની ૨૫મી નિર્વાણ-શતાબ્દી ઊજવવા અને તેના માટે વ્યવસ્થિત કાર્યક્રમ તૈયાર કરવા તા. ૨૧-૧-૬૮ ના જૈન સમાજના સુપ્રસિદ્ધ નેતા શેઠ કસ્તુરભાઈ લાલભાઈની અધ્યક્ષતા નીચે "ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ સમિતિ" ની સ્થાપના કરવામાં આવી છે, જેમાં દરેક સંપ્રદાયના આગેવાન ગૃહસ્થોને લેવામાં આવેલ છે.

ભગવાન મહાવીરે માનવને જીવવા માટે નવી દૃષ્ટિ આપી હતી. આચાર અને વિચારમાં નવી ક્રાંતિ કરી હતી. જીવન વ્યવહારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્તનો એવો કલ્યાણકારી સિદ્ધાંત જગ-તની સામે રાખ્યો કે જેની યુગોથી જરૂર હતી અને રહેશે. તેઓએ આ દૃષ્ટિને વ્યાપક બનાવીને બીજાના વિચારોમાં સત્યની ખોજની દૃષ્ટિ આપી હતી. અહિંસા અને અનેકાન્તની એ સમયમાં જેટલી જરૂર હતી એથી વધારે આજે જરૂર છે; કારણ કે આજે વિજ્ઞાને વિનાશના સાધનો અત્યંત પ્રબળ અને શક્તિશાળી બનાવી દીધાં છે. જો હિંસાને કાબૂમાં નહિ લાવીએ તો એના દ્વારા જે સંહાર થશે તે ભયાનક હશે, જેની કલ્પના માત્ર જગતના વિચારકોને ચિંતિત બનાવે છે.

ભગવાન મહાવીરે હિંસા અને વેરની સામે અહિંસાને જીવનમાં પ્રથમ સ્થાન આપેલ છે તથા પ્રાણીમાત્ર તરફ સમતાભાવ રાખવાથી વ્યક્તિ અને સમાજનું કલ્યાણ થાય છે. એથી ભગવાન મહાવીરના તીર્થને સર્વોદય તીર્થ કહેવામાં આવ્યું અને એમાં દરેકના કલ્યાણની વાત કરી હતી જે માનવતાનો સર્વશ્રેષ્ઠ ગુણ છે.

અહિંસા, અનેકાંત અને સર્વોદય દૃષ્ટિથી તેઓએ માનવજાતિને એક મહાન સંદેશો આપ્યો હતો, અને તે હતો માણસ પોતાના સુખ-દુઃખનો, ઉત્થાન-પતનનો સારો કે ખરાબ વિચારકર્તા પોતે જ છે. એમનો મિત્ર બહાર નથી, અંદર જ છે. બીજાને જીતવા કરતાં પોતાના મનને જીતવાનો માર્ગ બતાવ્યો. બીજા ઉપર આધાર ન રાખતાં પોતે જ પોતાનો વિકાસમાર્ગ નક્કી કર્યો અને જીવનમાં સંયમને પ્રાધાન્ય આપ્યું.

જીવનમાં સંયમને પ્રાધાન્ય દેવાવાળા મહાવીરે પ્રથમ સ્થાન જ્ઞાનને દઈને વિવેકની મહત્તા બતાવી. "પઢમં નાણં તઓ દયા" કહીને જીવનના સંપૂર્ણ વિકાસના જ્ઞાનની મહત્તા બતાવી.

માનવીએ ઈતિહાસમાં આ મહાપુરૂષને યોગ્ય સ્થાન આપેલ છે. એવા ભગવાન મહાવીરની ૨૫ મી નિર્વાણ શતાબ્દી નિમિત્તે એમનું સ્મરણ તથા એના સર્વ કલ્યાણકારી ઉપદેશોની સ્મૃતિ એટલા માટે વધારે જરૂરી બને છે કે આજે વિશ્વમાં દ્વેષ, વેર અને હિંસાનો દાવાનળ સળગી રહ્યો છે. નિર્વાણ મહોત્સવની ઉપયોગિતા આ કારણથી વધારે જરૂરી બને છે.

જૈન સમાજ અને રાષ્ટ્રને માટે જ નહિ, પણ આ કાર્ય વિશ્વને માટે શ્રેયસ્કર સમજીને ભારત જૈન મહામંડળે આ વિષયમાં પહેલ કરીને ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણ મહોત્સવની મહત્તાને અનુરૂપ સમિતિની સ્થાપના કરીને જુદા – જુદા કાર્યોનો પ્રારંભ પણ બે વરસથી કરી દીધો છે. આથી આ કાર્ય માટે અલગ અલગ બીજી સમિતિઓ ન બનાવતાં આ સમિતિને જૈન સમાજ પૂરો સાથ આપે અને સંગઠનપૂર્વક કાર્ય થાય એ વધારે ઈચ્છવા યોગ્ય છે.

આ સમિતિને પબ્લિક ટ્રસ્ટ અનુસાર તથા મહારાષ્ટ્રની સોસાયટી એક્ટ નીચે રજીસ્ટર કરાવેલ છે અને દાન દેવાવાળાઓને ઈન્કમ-ટેક્સ માફ કરેલ હોઈ કરમુક્તિ મેળવેલ છે.

આ પ્રસંગે ઉત્કૃષ્ટ અને ઉપયોગી સાહિત્ય પ્રકાશિત કરવામાં આવશે, જેમાં મહાવીર અને એમના પહેલાના જે મહાપુરૂષોનો વારસો ભગવાન મહાવીરને મળ્યો એમના જીવનકાર્યો તથા તત્વજ્ઞાન અને સંઘના વિકાસની વ્યવસ્થિત જાણકારી મળી શકશે.

આ સાહિત્ય પાંચ પુસ્તકોમાં પ્રકાશિત થશે, જેમાંથી ડૉ. એ. એન. ઉપાધ્યેની યોજનાનુસાર "યુગો યુગોમાં જૈનધર્મ" નામથી પહેલા બે વિભાગમાં પ્રકાશિત થશે. તેમાં પ્રાચીન કાળથી આજ સુધીની જૈનધર્મની દરેક પ્રવૃત્તિઓ ઉપર પ્રકાશ પાડશે, અને મહાપુરૂષોના જીવન ઉપરાંત તત્વજ્ઞાન, સાહિત્ય, કલા, સંઘવ્યવસ્થા, અને જૈન તત્વોની આજના યુગમાં જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવશે. ત્રીજો ગ્રંથ "ભગવાન મહાવીર અને એમનો ઉપદેશ" એ નામથી પ્રકાશિત

થશે. ચોથા ગ્રંથમાં જૈનધર્મ ઉપર દેશ ૭ વિદેશના વિદ્વાનોએ જે સારા " સારા લેખો લખ્યા છે અને પ્રગટ થયા નથી અગર સરળતાથી મળી શકતા નથી તેવા શ્રેષ્ઠ નિબંધ હશે. પાંચમો ગ્રંથ "જૈન વિચારધારાનો ઉદ્‌ભવ અને વિકાસ" નામથી પ્રકાશિત થશે, જેમાં આગમશાસ્ત્રોના પાઠ મૂકવામાં આવશે, તેમ જ તેની પૂર્વભૂમિકા પરિચય દ્વારા સમજાવવામાં આવશે. આ સાહિત્યની સાથે સર્વમાન્ય જનતાને ઉપયોગી હોય એવું સાહિત્ય પણ મૂકવામાં આવશે.

સંપાદક મંડલ ઉપર જુદા જુદા વિચારો – સૂચનો આવશે તેના ઉપર યોગ્ય વિચારણા કરી ઉપયોગી સાહિત્ય જરૂરિયાત મુજબ પ્રગટ કરવામાં આવશે. આ સમિતિનો પ્રયત્ન એ રહેશે કે આ મહાન અને વિશિષ્ટ પ્રસંગ પર તૈયાર થતું સાહિત્ય સર્વશ્રેષ્ઠ બને. એટલા માટે જૈન સમાજના આગેવાન વિદ્વાનોનું સંપાદક મંડળ બનાવવામાં આવેલું છે.

૧ ડૉ. એ એન. ઉપાધ્યાયે, ડીન, કોલ્હાપુર વિશ્વવિદ્યાલય.
૨ ડૉ. દલસુખભાઈ માલવણિયા, ડાયરેકટર, લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિર, અમદાવાદ.
૩ ડૉ. નથમલ ટાંટીયા, ડાયરેકટર, વૈશાલી પ્રાકૃત ઈન્સ્ટિટયૂટ, વૈશાલી.
૪ ડૉ. મોહનલાલ મહેતા, ડાયરેકટર, પાર્શ્વનાથ જૈન વિદ્યાશ્રમ, વારાણસી.
૫ ડૉ. નેમીચંદજી જૈન, ડાયરેકટર, જૈન સિદ્ધાંત સભા, આરા.
૬ પં. શ્રી. કૈલાસચંદ્રજી, સંચાલક, સ્યાદ્વાદ વિદ્યાલય, વારાણસી

આ સંપાદક મંડળની ૨૨ મી ફેબ્રુઆરી ૧૯૬૯ ના દિને સભા મળી હતી, જેમાં ક્યું કાર્ય કયા વિદ્વાનો મારફત કરાવવું એ નિર્ણય લઈને તે તે વિદ્વાનોને લેખો માટે આમંત્રણ મોકલાવેલ, જે પૈકી ઘણા વિદ્વાનોની સંમતિ આવી ગઈ છે,

વિશ્વસંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનો ફાળો કેટલો છે તેનો બરાબર ખ્યાલ આવે તે માટે આ પ્રસંગે સાહિત્ય અને કલાનું મોટા પાયા ઉપર પ્રદર્શન ગોઠવવાનો પણ નિર્ણય લેવાયો છે.

આ મહાન પ્રસંગ ઉપર જ્ઞાનપ્રચાર સિવાય માનવસેવાના કાર્યનો પ્રારંભ થવો જરૂરી માનીને સને ૧૯૬૭માં ભગવાન કલ્યાણક દિવસના ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રની સ્થાપના કુદરતી આફતોમાં પીડિતોની સેવા માટે કરવામાં આવેલ છે, જેનું પણ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન કરાવી કરમુકિત મેળવી લીધેલ છે.

છેલ્લાં બે વર્ષમાં ભ. મહાવીર કલ્યાણ કેન્દ્રે બિહાર, ગુજરાત, રાજસ્થાનમાં જે સેવાકાર્ય કરેલ છે, એની સરકારે, કાર્યકરોએ અને જનતાએ પ્રશંસા કરી છે. બિહારમાં ભગવાન મહાવીરના ધર્મપ્રચારના ક્ષેત્રો પાવાપુરી, રાજગૃહી વિભાગમાં સાડાપાંચ માસ સુધી કાર્યકરોએ રહીને ૪૦૦ ગામોમાં ૪૦ રસોડાં ચલાવીને હંમેશ ૪૦ હજાર માણસોને મફત યા નજીવી રકમ લઈને ભોજન આપેલ છે. દક્ષિણ ગુજરાતમાં રેલ આવતાં આપદગ્રસ્ત પીડિતોને ત્રણ માસ મદદ કરી છે અને વેપાર–ઉદ્યોગ માટે કેન્દ્રે લોન આપાવી ઘણાં કટુંબોને સ્થિર કર્યા છે. રાજસ્થાનમાં ભયંકર દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતા ત્યાં કાર્યકર્તાઓએ ડૉકટરી સારવાર, કપડાં, અનાજ અને બીજી મદદો આપવાનું કામ કરેલ છે અને કરી રહ્યાં છે, બનાસકાંઠા, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ પશુ અને માનવરાહતનું કામ કરેલ છે. આ બધામાં આજ સુધી સાત લાખ રૂપિયા ખર્ચ કરેલ છે.

કાર્યક્રમ

ભગવાન મહાવીરને નિર્વાણ થયાને ૨૫૦૦ વર્ષ ૧૩ નવેમ્બર ૧૯૭૪ માં પૂરા થતાં જ એજ દિવસથી એક વર્ષ દિવાળી આવે ત્યાં સુધી જુદા જુદા કાર્યક્રમો યોજવા, જેમાં ભગવાન મહાવીર, તેમનાં કાર્યો તથા ઉપદેશોથી જનતા વાકેફ થાય.

પ્રથમ દિવસ વિશ્વમૈત્રી દિવસના રૂપમાં મનાવવા માટેના પ્રયત્નો થશે. જે દિવસે કોઈ પણ પ્રકારની જીવ - હિંસા (પશુવધ) ન થાય અને દરેક વેર - વિરોધ ભૂલીને પ્રેમથી ઊજવે એવા પ્રયત્નો અને પ્રચાર થશે.

આ ઉત્સવનો પ્રારંભ ભગવાન મહાવીરની નિર્વાણ ભૂમિ – પાવાપુરીથી માંડીને શક્ય હોય એટલા સ્થળોએ મનાવવી.

આ વર્ષમાં ભગવાન મહાવીર જન્મકલ્યાણકનો દિવસ પણ તેઓના જન્મસ્થળમાં વિશિષ્ટ સમારોહ સાથે ઊજવવો અને દેશ–વિદેશમાં મોટા પાયા ઉપર આ દિવસ ઊજવાય એવા પ્રબળ પ્રયત્નો કરવા તેમ જ ભગવાન મહાવીરનું જીવન અને કાર્યના વિષયમાં સારા વકતાઓનાં પ્રવચનો યોજવા, સારા લેખકોના જુદા જુદા લેખો તથા પુસ્તકો પ્રગટ કરવા એમ વિચારાયું છે.

વર્ષને અંતે બધા સ્થળોએ સભાઓ યોજી તેમાં વ્યાખ્યાનો ઉપરાંત પરિસંવાદ, સાહિત્ય પ્રકાશન, પ્રદર્શન વિ. કાર્યક્રમો યોજવા.

અહિંસાના પ્રચાર માટે શાકાહારી ભોજનનો પ્રચાર સભાઓ અને સાહિત્ય દ્વારા કરવામાં આવશે. પ્રચારની સાથે રચનાત્મક કામ થાય એવા પ્રયત્નો પણ થશે.

આ મહાન કાર્યમાં સરકાર તરફથી વધારેમાં વધારે સહકાર મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે. આકાશવાણી, પોસ્ટલ ટિકીટો, પોસ્ટરો અને સાહિત્ય પ્રકાશન વિ. દ્વારા ભગવાન મહાવીરનો કલ્યાણકારી ઉપદેશનો પ્રચાર સરકાર કરે એવા પ્રયત્નો થશે. યુનેસ્કો તથા વિદેશોમાં સાંસ્કૃતિક સંસ્થાઓ પણ આ કાર્યમાં સહયોગ આપે તેવા પ્રયત્ન કરવામાં આવશે.

દેશભરમાંથી આ ઉત્સવના વિષયમાં અનેક ઉપયોગી સૂચનો મંડળ પાસે આવી રહ્યાં છે. આ બધા ઉપર આજે વિચાર કરવાને બદલે તે સમયે વિચાર કરવાનું યોગ્ય થશે. આજે તો એવાં કાર્યો હાથ ધરવાની જરૂર છે કે જેને સારી રીતે પાર પાડવા વધુ સમયની જરૂર છે અને તે કામો સમિતિએ શરૂ કરી દીધેલ છે.

ઉત્સવ સંબંધી કામની યોજના આજના અસ્થિર રાજકીય વાતાવરણમાં રાખવી તે યોગ્ય નથી તેમ જ ઉપયોગી પણ નથી. ૧૯૭૨ ની ચૂંટણી પછી કામની યોજના હાથ ઉપર લેવામાં આવશે અને એ સમયે એ કાર્યોને માટે કમિટીઓ બનાવીને એ કામ પૂર્ણ કરવામાં આવશે. આજે આ કાર્યને માટે પ્રચાર કરવાથી સમાજના પૈસાનો અને શકિતનો દુરૂપયોગ થશે.

સમાજના પૈસાનો બરાબર અને યોગ્ય ઉપયોગ થાય એ દૃષ્ટિથી સાહિત્ય પ્રકાશનની યોજના પ્રથમ હાથ ધરી છે. જેમાં છ લાખ રૂપિયાનો ખર્ચ છે. આમાં સમાજનો સહકાર જરૂરી છે.

આશા જ નહિ પણ પૂરો વિશ્વાસ છે કે આવા ઉપયોગી મહત્ત્વપૂર્ણ કાર્યને માટે સમાજ સ્વેચ્છાએ સહાયતા કરી સમિતિના કાર્યકરોના ઉત્સાહમાં વધારો કરશે.

સમાજ પાસે વિજ્ઞપ્તિ

જૈન સમાજ દરેક કાર્યમાં ઉદારતાથી દાન દેતો આવેલ છે અને આ મહત્ત્વપૂર્ણ કાર્યમાં ઈચ્છા મુજબ ઉત્સાહપૂર્વક દાન આપશે. સમિતિએ એ પણ નક્કી કરેલ છે કે કોઈ પણ એક વ્યકિત અગર સંસ્થા પાસેથી દશ હજારથી વધારે રકમ ન લેવી. જેની જે ઈચ્છા હોય તે અઢી હજારથી દશ હજાર સુધી દાન આ કાર્યમાં સ્વેચ્છાએ કરી શકે છે.

આશા છે કે સમાજ આ કાર્યને માટે સમિતિને યોગ્ય સહકાર દઈને ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયંતી ઊજવવા માટે તક આપશે.

પૂરક નોંધ : આ કાર્ય માટે આજ સુધીમાં લગભગ એક લાખ રૂપિયાની રકમો નોંધવામાં આવી છે અને ફાળો એકઠો કરવાનું કામ ચાલે છે.

બે યુવાન પર્વતારોહકોની રોમાંચક આરોહણ કથા

આ લેખનો ત્રીજો હપ્તો સ્થળસંકોચને કારણે આ અંકમાં પ્રગટ કરી શકાયો નથી, તે આવતા અંકથી ક્રમશ: પ્રગટ કરવામાં આવશે.–તંત્રી.

અન્યત્ર યોજાયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

વર્ષા-વ્યાખ્યાનમાળા (ઘાટકોપર)

ઘાટકોપર હિન્દુ સભા અને ઘાટકોપર નાગરિક મંડળ તરફથી ઘાટકોપર ખાતે, સ્ટેશન સામે, હિન્દુ સભા હૉલમાં, તા. ૮ થી ૧૬ સપ્ટેમ્બર સુધી, એમ નવ દિવસ માટે દરરોજ રાત્રીના ૯-૦૦ થી ૧૦-૧૫ સુધીના સમય માટે યોજાયેલી વર્ષા-વ્યાખ્યાન-માળાનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો :-

તારીખ	વક્તા	વિષય
૮	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	મહાત્મા ગાંધીજી
૯	શ્રી જ્યોતીન્દ્ર દવે	જીવનમાં હાસ્યરસ
૧૦	કુમારી ઉષાબહેન ભટ્ટ	પર્વતારોહણ
૧૧	શ્રી રામુભાઈ પંડિત	આર્થિક આયોજનની ઉજળી બાજુ
૧૨	શ્રી અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ	સાહિત્યનો આસ્વાદ
૧૩	શ્રી સનત મહેતા	ગુજરાતનું ઔદ્યોગિક ભાવિ
૧૪	શ્રી સુરેશ દલાલ (સંચાલિત)	મુશાયરો
૧૫	શ્રી ફાધર વાલેસ	કુટુંબભાવના
૧૬	શ્રી મધુકર રાંદેરીઆ (સંચાલિત)	ચર્ચાસભા: 'સ્ત્રીઓની વ્યવસાયિક કારકીર્દિ સમાજને અવરોધક છે.'

પ્રવચન-સત્ર (માટુંગા)

ગુજરાતી કેળવણી મંડળ વ્યાખ્યાનમાળા સમિતિ તરફથી આયોજિત 'પ્રવચન-સત્ર' શ્રી અમુલખ અમીચંદ ભીમજી વિવિધલક્ષી વિદ્યાલયના શ્રી સમતાબાઈ સભાગારમાં, માટુંગા ખાતે ૬ ઠ્ઠી સપ્ટેમ્બરથી ૧૫ મી સપ્ટેમ્બર સુધી, એમ દસ દિવસ માટે દરરોજ રાત્રિના નવના સમયે યોજવામાં આવેલ, તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો :-

તારીખ	વક્તા	વિષય
૬	શ્રી દુર્લભજી ખેતાણી	શ્રીમદ્ રાજચંદ્ર
૭	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	મહાત્મા ગાંધી
૮	ડૉ. રાજેન્દ્ર વ્યાસ	અંધોની કેળવણી અને પુનર્વસન : એક પ્રશ્ન
૯	શ્રી છબીલદાસ મહેતા	ગુજરાતના વર્તમાન પ્રશ્નો
૧૦	શ્રી દસ્તુર એન. ડી. મીનોચેર હોમજી	ગીતા ગાથા અને મનુષ્ય જીવન
૧૧	ડૉ. ઉષાબહેન મહેતા	જીવનના મૂલ્યો
૧૨	પ્રા. સુરેશ દલાલ	મારી પ્રિય કવિતા
૧૩	પ્રા. જી. ડી. પરીખ	भारत की लोकशाही किस राह पर !
૧૪	શ્રી મોહનલાલ મહેતા (સોપાન)	આપણું પ્રયાણ કઈ દિશામાં ?
૧૫	શ્રી રોહિતભાઈ મહેતા	જીવનધર્મ

વ્યાખ્યાનમાળા (વિલેપાર્લે)

શ્રી જૈન યુવક મંડળ - વિલેપાર્લે તરફથી, સાધનાશ્રમ, સરોજીની રોડ, વિલેપાર્લે ખાતે તા. ૮ થી ૧૪ સપ્ટેમ્બર સુધી - એમ સાત દિવસ માટે - દરરોજ રાત્રિના નવના સમયે એક વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી, તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો :-

તારીખ	વક્તા	વિષય
૮	શ્રી યશવંત શુક્લ	વિજ્ઞાન અને ધર્મ
૯	શ્રી દલસુખ માલવણીયા	કર્મનો સિદ્ધાંત
૧૦	શ્રી કરસનદાસ માણેક	કવિશ્વર રવિન્દ્રનાથ ટાગોર
૧૧	શ્રી દસ્તુર મિનોચહેર હોમજી	માનવ સંસ્કૃતિમાં જરથોસ્તનો ફાળો
૧૨	શ્રી ડૉ. ઉષા મહેતા	રાષ્ટ્રપિતા ગાંધીજીની જીવનદૃષ્ટિ
૧૩	શ્રી મોહનલાલ મહેતા [સોપાન]	શ્રીમદ્ રાજચંદ્ર
૧૪	શ્રી રોહિત મહેતા	સ્યાદ્વાદનું જીવનદર્શન
૧૫	સર્વશ્રી શ્રીદેવી મહેતા	જાગી અનુભવ પ્રીત

પર્યુષણ વ્યાખ્યાનમાળા (અમદાવાદ)

શ્રી અમદાવાદ જૈન યુવક સંઘના ઉપક્રમે 'અખંડ આનંદ હૉલ' ભટ્ટ-અમદાવાદ ખાતે તા. ૮ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર સુધી એમ આઠ દિવસ માટે સવારના ૮-૩૦ થી ૧૦-૩૦ ના સમય માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી, તેનો કાર્યક્રમ નીચે પ્રમાણે હતો :-

તારીખ	વક્તા	વિષય
૮	શ્રી ભાઈલાલભાઈ શાહ	ભજનો
	માનનીય શ્રીમન્નારાયણ	ગાંધીજી
૯	આચાર્ય શ્રી જીણાભાઈ દેસાઈ	આપણી કેળવણીના કેટલાક પ્રશ્નો
	માનનીય શ્રી પ્રેમજીભાઈ ઠક્કર	કચ્છના સંતો
૧૦	શ્રી અકબરઅલી જસદણવાળા	ક્ષમાપના
	શ્રી મનુભાઈ પંચોળી	લોકશાહી અને અહિંસા
૧૧	શ્રી છોટુભાઈ સુથાર	આપણું વિશ્વ
	ફાધર વાલેસ	કુટુંબ-ધર્મ
૧૨	શ્રી દલસુખભાઈ માલવણિયા	કર્મસિદ્ધાંત
	આચાર્યશ્રી યશવંત શુકલ	સ્વધર્મ અને પરધર્મ
૧૩	શ્રી પુરુષોત્તમ માવલંકર	ઉચ્ચ શિક્ષણની ઊતરતી શૈલી
	શ્રી રવિશંકર મહારાજ	વાર્તાલાપ
૧૪	શ્રી ભોગીલાલ સાંડેસરા	જૈનો અને ગુજરાતી સાહિત્ય
	આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ	ધર્મોમાં સમાજવાદનાં મૂલ્યો
૧૫	માનનીય શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ	स्वे स्वे कर्मण्यभिरतः
	શ્રી મદાલસાબહેન નારાયણ	ભારતીય સંસ્કૃતિની પરંપરા

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪.
મુદ્રણસ્થાન : ધી રટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧.

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૨

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑક્ટોબર ૧૬ ૧૯૬૯, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

☆ ખાન અબ્દુલગફ્ફારખાનના જીવનનાં છેલ્લાં ૨૨ વર્ષો ☆

(જેમને આપણે ફ્રન્ટિયર ગાંધીના નામે ઓળખતા હતા અને આપણો દેશ ૧૯૪૭ ના ઓગસ્ટ માસની ૧૫મી તારીખે આઝાદ થયો ત્યાં સુધી આપણી સાથે જેઓ સીધા સંપર્કમાં હતા તેઓ આજે ૨૨ વર્ષના ગાળે ભારત ખાતે ગાંધી જન્મશતાબ્દીના અવસર ઉપર આન્તરરાષ્ટ્રીય સમજુતી અંગેનું નહેરૂ પારિતોષિક મેળવવા માટે આવેલા છે ત્યારે છેલ્લા ૨૨ વર્ષના ગાળાની તેમના જીવનની કારકિર્દી વિષે આપણા દિલમાં કૌતુક પેદા થયા વિના રહેતું નથી. આ કૌતુક તૃપ્ત થાય એવી માહિતી શ્રી ડી. એન. કેહાનના તા. ૨૮મી સપ્ટેંબરના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં પ્રગટ થયેલા લેખમાં આપણને મળે છે, એ લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. **તંત્રી**)

પાકિસ્તાનની જેલોમાં ૧૫ વર્ષ ગાળ્યા બાદ અને ત્યાં પણ એકાન્તવાસની અનેક શિક્ષાઓ ભોગવ્યા બાદ ખાન અબદુલગફ્ફારખાનને અથવા તો સામાન્ય રીતે તેમનો જે રીતે ઉલ્લેખ કરવામાં આવે છે તે મુજબ કહીએ તો બાદશાહખાનને ૧૯૬૪ના જાન્યુઆરી માસની ૩૦મી તારીખે છુટા કરવામાં આવ્યા હતા. આમ તેમને છુટા કરવાનું ખાસ કારણ તેમની લથડતી જતી તબિયત હતી. એ જ વર્ષ દરમિયાન આગળ ઉપર તેમને દાકતરી ઉપચાર માટે પરદેશ જવાની છૂટ આપવામાં આવી હતી. તેમણે ઈંગ્લાંડની હોસ્પિટલોમાં ઘણાં અઠવાડિયાં ગાળ્યા હતા અને પછી તેઓ કેરો ગયા હતા. ત્યાર બાદ તેમણે કેલીફોર્નીઆ જવાનું વિચાર્યું હતું. એમ છતાં ગરમ હવામાનની તેમને જો જરૂર હોય તો તેમણે લેબેનોન જવું એવી તેમને સલાહ આપવામાં આવી હતી.

૧૯૬૫ની શરૂઆતના ભાગમાં કાબુલની હોસ્પિટલમાં તેઓ હતા તે દરમિયાન પોતાની કહાણી કહેતાં બાદશાહખાને મને જણાવેલું કે "પાકિસ્તાનના રાજકારણી પુરુષોને મેં સ્પષ્ટ કર્યું કે મારો ઈરાદો સામાન્ય પ્રવાસીઓ માફક અહિં કે તહીં ભ્રમણ કરવાનો કે મોજ માણવાનો નથી. મારે કેલીફોર્નીઆ એટલા માટે જવું છે કે ત્યાં મારી ભાષા સમજનારા ઘણા લોકો હતા અને તેથી તેમની વચ્ચે મને ઘર જેવું લાગશે એ બાબતની મને ખબર હતી. લેબેનોન જેવી જગ્યામાં તદ્દન અજાણ્યા લોકો વચ્ચે જઈને હું શું કરવાનો હતો."

અફઘાનિસ્તાન જવાના તેમના વિચારને પણ ખાસ આવકારવામાં આવ્યો નહોતો. પણ તેમ કરવામાં તેમને કોઈ અટકાયત થઈ શકે તેમ નહોતું. ૧૯૬૪ના ડિસેંબરમાં તેઓ કાબુલ જઈ પહોંચ્યા અને તેમને ખૂબ ભાવથી આવકારવામાં આવ્યા. અફઘાનિસ્તાનની સરકારે પણ ખૂબ સદ્‌ભાવ દાખવ્યો અને તેમનું કોઈ રાજ્યના વડાને યોગ્ય સન્માન કર્યું. તેમનું અફઘાનિસ્તાનના મુખ્ય પ્રધાને એરપોર્ટ ઉપર સ્વાગત કર્યું અને રાજ્યના બાદશાહી અતિથિગૃહમાં તેમને રાખવામાં આવ્યા.

કાબુલમાં તેમના માટે કરવામાં આવેલી વૈદ્યકીય સારવાર અસરકારક નીવડતાં થોડો સમય લાગ્યો, પણ પખ્તુનીસ્તાનદિન તરીકે નક્કી કરવામાં આવેલ ઓગસ્ટની ૩૧મી તારીખ પહેલાં તેઓ હોસ્પિટલમાંથી છુટા થયા, એટલું જ નહિ પણ, તત્કાલીન પરિસ્થિતિનો કયાસ કાઢવા પુરતી તેમનામાં તાકાત આવી ગઈ. તેમના જાણવામાં આવ્યું હતું કે અફઘાનિસ્તાનની પાકિસ્તાન સાથેની અથડામણ શરૂ થઈ ચૂકી હતી અને એમ છતાં તેના સમગ્ર વ્યાપારનો પાકિસ્તાનના માર્ગ ઉપર જ આધાર હોઈને અફઘાનિસ્તાન સીધાં પગલાનો માર્ગ અખત્યાર કરી શકે તેમ નહોતું. અફઘાન લોકો પખ્તુનિસ્તાનના આન્દોલન પ્રત્યે સહાનુભૂતિ ધરાવતાં હતાં. કારણ કે અફઘાનિસ્તાનના અડધાથી વધારે લોકો પુષ્તૂ ભાષા બોલતા હતા અને તેઓ બાદશાહખાનને પખ્તુનના નેતા તરીકે આવકારવા તૈયાર હતા. અફઘાનિસ્તાન રેડિયોમથક તરફથી પખ્તુનીસ્તાનના સમર્થનમાં વાર્તાલાપ પ્રસારિત કરવામાં આવ્યો હતો અને અફઘાનના છાપાઓએ પણ આ આન્દોલનનું સમર્થન કર્યું હતું.

પણ આથી બાદશાહખાનના લડાયક જુસ્સાને સંતોષ થાય તેમ નહોતું. તેમણે પોતાનાં ૭૫ વર્ષના જીવનમાંથી ૩૦ વર્ષ જેલમાં પસાર કર્યાં હતાં–૧૫ બ્રિટિશ હિન્દુસ્તાનમાં અને ૧૫ પાકિસ્તાનમાં–અને તેમણે પોતાનું બાકીનું જીવન પોતાની પ્રજાની આઝાદી અને પ્રગતિની સાધનાને અર્પણ કર્યું હતું. આમ હોવાથી પોતાની લડત ચાલુ રાખવાને તેઓ કૃતનિશ્ચય હતા.

આમ હોવા છતાં પણ તેઓ અહિંસાને વરેલા હતા અને પુરાણી ખુદાઈ ખીદમતગારની હિલચાલને સજીવન કરવાના હેતુથી તેમણે પખ્તુન ભાષા બોલતા આદિવાસી વિભાગોનું ખાસ ધ્યાન ખેંચતી એક પત્રિકા બહાર પાડી હતી.

તેમણે મને જણાવેલું કે "જ્યાં જ્યાં હું ગયો ત્યાં ત્યાં પુરુષોએ તેમ જ સ્ત્રીઓએ અસાધારણ ઉત્સાહ વડે મને અવકાર્યો હતો. જે જે ગામમાં હું ગયો તે તે ગામના લોકો મારૂં બંદૂકોના અવાજો વડે સ્વાગત કરતા એ જોઈને મને ભારે રમુજ પડતી હતી. આગળ ઉપર મારે તેમને સમજાવવા પડેલા કે માનવન્તા મુલાકાતીઓનું સ્વાગત કરવાની તેમની આ ચાલુ રીતરસમથી હું પરિચિત છું, એમ છતાં હું શાન્તિનો દૂત છું અને જે બીજી પ્રજાઓએ પ્રાપ્ત કરેલ છે તે તેઓ પણ એકત્ર થઈને પ્રાપ્ત કરે, સિદ્ધ કરે એવી તેમના વિષે મારી અપેક્ષા છે."

બાદશાહખાને સ્પષ્ટ કર્યું હતું કે પુષ્તૂ ભાષા બોલતા લોકો આ લડતમાં બંદૂકો વાપરવાને તૈયાર હતા અને માત્ર તેમના આદેશની જ તેઓ રાહ જોતા હતા. પણ બ્રિટિશ શાસનથી મુકત થવાની આઝાદીની લડત દરમિયાન જેવી રીતે તેમણે પોતાના પઠાણ બંધુઓને હિંસાના માર્ગે જતાં–આગળ વધતાં–અટકાવ્યા હતા તેમ આ લોકોને પણ અટકાવવા પડયા હતા.

તેમને આશા હતી કે પખ્તુનમાં આવેલી જાગૃતિ અને તેમના આ ધર્મકાર્યને લગતી સહાનુભૂતિનું નક્કર પરિણામ આવવું જ જોઈએ. તેમણે આગળ વધતાં જણાવેલું કે "રશિયનો અને અમેરિકનો

અમારી આ જેહાદને શા માટે ટેકો નથી આપતા એ મને સમજાવો. પખ્તુનો પોતાના વચનને કેટલા વફાદાર છે તે તેઓ સ્પષ્ટ રીતે જાણે છે. અમારે તેમની મદદ નથી જોઈતી. તેઓ અમારી આ લડતને સમજે અને તે તરફ સહાનુભૂતિ દાખવે એટલી જ અમારી અપેક્ષા છે."

તેમણે વિશેષમાં જણાવ્યું કે "કાંઈ નહિ તો ભારતના આગેવાન નેતાઓએ તો સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં તેમ જ અન્યત્ર અમારા આ પ્રશ્નને ઉઠાવવો જ જોઈએ. તેમના આગળના નેતાઓએ ભારતના ભાગલા પડયા તે વખતે પખ્તુનોને દગો દીધો હતો અને વરુઓના ભોગ બનાવ્યા હતા. તેમણે એ નાલેશી સામે આટલું તો વળતર ચૂકવવું જોઈએ." પરિસ્થિતિની જટિલતાનો વિચાર કરતાં, ભારતના રાજ્યખટપટ સાથે જોડાયલા પ્રતિનિધિઓ તેમનું યોગ્ય માન-સન્માન કરવાથી વિશેષ કાંઈ કરી શકે કે કેમ એ શંકાપડતું છે.

બાદશાહખાન પોતાના મોભા વિષે અને તેમણે ઉપાડેલી લડતમાં તેઓ જે મહત્ત્વનું સ્થાન ધરાવે છે તે વિષે પૂરા સભાન હોવા જ જોઈએ. એમ છતાં તેમનામાં નમ્રતાનો અમુક ભાવ રહેલો સતત પ્રગટ થતો હતો. કાબૂલના બાદશાહી અતિથિગૃહમાં તેઓ હતા તે દરમિયાન તેમને અનેક કલાકારો અને રાજપુરુષો મળવા આવતા હતા. જાણીતા ભારતીય શિલ્પકાર શ્રી શંખોચૌધરીએ બાદશાહખાનની માટીની અર્ધપ્રતિમા બનાવી હતી. શ્રી એમ. એફ. હુસેને આ પખ્તુન નેતાનું રેખાચિત્ર દોરવાની તક ઝડપી લીધી હતી. બીજા મુલાકાતીઓમાં શ્રી ખારેલાલજી અને ડૉ. રામ-મનોહર લોહિયાનો સમાવેશ થાય છે.

કાબૂલમાં થોડા મહિના પસાર કર્યા બાદ—બાદશાહખાનને લાગવા માંડયું કે એક રાજમહેલમાં સુખસગવડભર્યાં જીવનનો પોતાની વિચારસરણી અને જીવનકાર્ય સાથે કોઈ મેળ બેસી શકે નહિ. આમ વિચારીને તેઓ રાજમહેલ છોડીને નજીકના એક પરામાં આવેલા નાનાસરખા ઘરમાં જઈને વસ્યા અને અફઘાન સરકાર તરફથી જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતોથી લેશમાત્ર વધારે સ્વીકારવાનો તેમણે ઈનકાર કર્યો.

અફઘાનના ઈતિહાસમાં ૧૯૬૫ નો ઑગસ્ટ માસ ચિરસ્મ-રણીય હતો. પુખ્તવયના પ્રજાજનોને મતાધિકાર આપતું દેશનું નવું બંધારણ તે મહિનામાં અમલમાં આવ્યું હતું. એ વર્ષ ત્યાંના પ્રગતિશીલ વિચાર ધરાવતા રાજવી માટે કટોકટીનું હતું—એ રાજવી કે જેણે લોકોને પોતાની બધી સત્તાઓ સુપ્રત કરી હતી અને એ વર્ષ પ્રજા માટે પણ કસોટીનું હતું—એ પ્રજા કે જે આ હક્કો ભોગ-વવા માટે હજુ પૂરેપૂરી તૈયાર નહોતી. અફઘાન કેબિનેટના સભ્યો સમેત લગભગ એક લાખ માણસો સાંસ્કારિક કાર્યક્રમ નિહાળવા માટે અને પખ્તુનના નેતા બાદશાહખાનને સાંભળવા માટે ૧૯૬૫ના એ પખ્તુનિસ્તાન દિને કાબૂલના સ્ટેડિયમમાં ઉપસ્થિત થયા હતા.

આમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. પખ્તુનીસ્તાન દિન કેટલાક સમય સુધી અફઘાનોના આઝાદી—રમારોહનો એક ભાગ બની ગયો હતો. આગળના અને આ વખતના સમારોહમાં એક જ ફરક હતો અને તે એ કે પખ્તુન નેતા આ વખતે જાતે હાજર હતા. આ સંબંધમાં બાદશાહખાને જણાવેલું કે; "અફઘાન સરકાર અફઘાનિસ્તાન રેડિયો ઉપરથી મારું આખું ભાષણ પ્રસારિત કરવાની અને ત્યાંના છાપાઓમાં પ્રગટ કરવાની કબૂલાત આપે તો જ મેં ભાષણ કરવાનું કબૂલ્યું હતું." આ સરતનો પૂરો અમલ કરવામાં આવ્યો હતો.

કાબૂલ સ્ટેડિયમમાં કરવામાં આવેલાં ભાષણોમાંનું તે દિવસનું સૌથી પહેલું બાદશાહખાનનું ભાષણ તેમની નજીકમાં રહીને સાંભ-ળવાનો અનુભવ કદી ન ભૂલાય એવો છે. તેમના બાદશાહી અતિથિ-ગૃહમાં અને ત્યાર બાદ નાના ઘરમાં વસતા બાદશાહખાન મને નમ્રતા અને માનવતાથી શોભતા એક મહામાનવ લાગ્યા હતા, એક એવા મહાપુરુષ લાગ્યા હતા કે જેમની પ્રતિભાને અને ચાલુ રીત-ભાતને ઉમ્મર કે આફતની કોઈ અસર પહોંચતી જ નહોતી. તેમની હાજરીમાં આપણે એકદમ નાના લાગીએ છીએ, અને અફઘાનિ-સ્તાન મેં છોડયું તે પહેલાં તેમના અનુયાયીઓ મારફત જલાલાબાદમાં આવેલા તેમના નાનાસરખા ઘરમાં હું ખરેખર તેમના ચરણ આગળ બેસી ગયો હતો અને હું જાણે કે તેમનો આત્મીયજન હોઉં એ રીતે તેમની સાથે તેમની ભાવિ યોજનાઓ વિશે મેં લાંબી ચર્ચા કરી હતી.

૧૯૬૫ના ઑગસ્ટની ૩૧ મી તારીખે જ્યારે બાદશાહ-ખાને તેમનું પહેલું પખ્તુન દિન પ્રવચન કર્યું ત્યારે પુષ્તૂમાં તેમણે શું કહ્યું તે હું સમજી શકયો નહોતો. પણ મને જે દેખાયું તે એ હતું કે આપણી આઝાદીની લડતનો એ વીર પુરુષ, એક પેઢી પેદા કરવા માટે જેટલાં વર્ષો જોઈએ તેટલાં વર્ષો જેણે જેલમાં પસાર કર્યા હતા એ મહાન શહીદ, ઊંચો, નમ્રતાભર્યો પઠાણ કે જે ગામડાના એક ઘરમાં કે રાજમહેલના દિવાનખાનામાં જ્યાં પણ તમે તેમની સમક્ષ હો ત્યાં તમને આત્મીય ભાવનો અનુભવ કરાવે છે—એ વીર પુરુષ—એ શહીદ આજે પાયામાંથી પલટાઈ ગયો હતો. એ આપણને સુપરિચિત નીચી વળેલી ગરદન આજે નહોતી. બાદશાહખાનને આજે તેમની છ ફીટ છ ઈંચની અસા-ધારણ ઊંચાઈમાં ટટ્ટાર ઊભેલ મેં જોયા હતા. તેમના અવાજમાં સિંહની ગર્જના હતી; તેમની ભાષા પ્રવાહી અને જોરદાર હતી.

જે લોકો વર્ષોથી કાબૂલમાં વસે છે અને કાબૂલ શહેરને જેઓ સારી રીતે જાણે છે તેમના માટે પણ—અફઘાનની રાજ-ધાનીમાં જાહેર સભાઓ ભાગ્યે જ ભરવામાં આવે છે—દુનિયાના એક મહાન વકતાના મોઢેથી તેની પોતાની ભાષામાં આવું ભવ્ય પ્રવચન સાંભળવું એ એક અસાધારણ અનુભવ હતો.

બાદશાહખાને શું કહ્યું હતું? એવું કશું નહિ જે તેમણે પહેલાં કહ્યું નહોતું. પણ આ ભાષણથી લોકો તેમની આસપાસ સારા પ્રમાણમાં આકર્ષાયા હતા. પ્રમુખ અયુબખાન જે પોતાને પઠાણ તરીકે ઓળખાવે છે તેમને, જે પઠાણો તેના ધર્મના જ અનુયાયીઓ છે તે પઠાણો પ્રત્યેના વર્તાવ બદલ તેમણે પડકાર કર્યો હતો.

૧૯૬૬ માં કે જ્યારે પ્રમુખ અયુબખાન તાશ્કંદ જઈ રહ્યા હતા ત્યારે બાદશાહખાન અને પાકિસ્તાનના પ્રમુખ વચ્ચે મિલન ગોઠવવાની વાત ચાલી રહી હતી. બાદશાહખાનને જલાલાબાદથી અયુબને મળવા માટે કાબૂલ બોલાવવામાં આવ્યા હતા. બાદશાહ-ખાન કાબૂલ ગયા પણ ખરા, પણ ઍરપૉર્ટ ઉપર અયુબનું સ્વાગત કરવા માટે ઉભી કરવામાં આવેલી સમિતિમાં જોડાવાની તેમણે ના કહી.

આગળઉપર આ સંબંધમાં ખુલાસો કરતાં તેમણે મને જણા-વેલું કે "મેં તેમને કહ્યું કે હું ફકીર છું. જો પ્રમુખ અયુબખાનને મારા મળવા સાથે પખ્તૂનીસ્તાનના પ્રશ્ન સાથે કશો સંબંધ ન હોય તો તેમનું સ્વાગત કરવા માટે ઍરપોર્ટ સુધી જવાનો મારા માટે કોઈ અર્થ નથી. જો મારો આ અર્થ સરે તેમ હોય તો હું કોઈને પણ કોઈ પણ ઠેકાણે મળવાને માઈલોના માઈલો સુધી ચાલીને જવાને તૈયાર હોઈશ."

બાદશાહખાનનું આવું વલણ જોઈને પ્રમુખ અયુબખાને તેમની સાથે વાતચિત કરવાનું તે વખતે માંડીવાળ્યું. આગળઉપર લાલબહાદુર શાસ્ત્રીનું અવસાન નીપજતાં અયુબખાન અને બાદ-શાહખાનને મળવાનું શકય ન રહ્યું.

બાદશાહખાનનું જીવન ખૂબ જ ખડતલ છે. હજુ પણ હાથે કાંતેલી અને વણેલી ખાદી તેઓ પહેરે છે અને ખાનપાનમાં પણ એટલા જ સંયમી—મિતાહારી છે. તેઓ આજે દિન પ્રતિ દિન બનતા બનાવો અને ઘટનાઓ વિષે રેડિયો અને છાપાઓ દ્વારા પરિચિત રહે છે. ભારતને મુલાકાત આપવાની કરવામાં આવતી સૂચનાઓ અંગે તેમનો સુદ્દઢ જવાબ રહ્યો છે કે "મેં સૈર કે લિયે નહિ જાઉંગા—હું મોજ કરવા માટે ભારત જવા માગતો નથી."

હવે જ્યારે તેમણે જ્યાં પોતાના જીવનના અનેક ક્રિયાશીલ વર્ષો પસાર કર્યા છે તે જગ્યાઓની ફરી વાર મુલાકાત લેવાનું તેમણે કબૂલ્યું છે ત્યારે તેઓ આજનું ભારત નિહાળીને કેવા પ્રત્યા-ઘાતો અનુભવે છે અને જે વ્યકિત આપણા ઈતિહાસનું એક અંગ છે અને જે વ્યકિતએ, મહાત્મા ગાંધી સાથે આપણા દેશનું ભાવિ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તે મહાન વ્યકિત અંગે આજનું નવું ભારત કેવાં સંવેદનો અનુભવે છે તે જોવાજાણવાનું રસપ્રદ નીવડશે.

અનુવાદક: મૂળ અંગ્રેજી:
પરમાનંદ ડી. એન. કૈદાન

અમદાવાદના કોમી સંઘર્ષના અનુસંધાનમાં–

(તા. ૨૯–૯–'૬૯ ના રોજ અમદાવાદ ખાતે શ્રી જયપ્રકાશ નારાયણે રોટરી ક્લબ, લાયન્સ ક્લબ તથા જુનિયર ચેમ્બર્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સભા સમક્ષ કરેલા પ્રવચનની શ્રી સૂર્યકાન્ત પરીખે મોકલેલી નોંધ.)

રાહતનું કામ કરવા જેવું તો છે જ. પરંતુ આપણા દેશમાં યુવકોના માનસને શું થઈ ગયું છે તે તરફ વધુ ધ્યાન આપવા જેવું છે.

દેશના ભાગલા એ જરૂર મોટી ભૂલ હતી, તેનાં ફળો હજુ કેટલાંય વર્ષો સુધી ભોગવવા પડશે, તેમ છતાં ભાગલા થયા અને બે દેશ જુદા થયા એ એક હકીકત છે; અને ભારત અને પાકિસ્તાન રહેવાના છે. ગાંધીજી જીવતા હોત તો કદાચ ઝીણા સાથે બેસીને તેનો ઉકેલ લાવત, અને અન્ય નેતાઓને પણ તે ઉકેલમાં સામેલ કરત. ગાંધીજીએ ન છૂટકે, રાતદિવસનો ઝઘડો મટાડવા માટે ભાગલા સ્વીકાર્યા. પરંતુ જ્યારથી તે થયું તેની હિન્દુ માનસ પર ઘેરી ચોંટ છે. તેઓને લાગે છે કે પાકિસ્તાન થયું જ છે તો અહીં મુસ્લિમોએ ન રહેવું જોઈએ. તેઓ એમ માને છે કે ભારતના છ કરોડ મુસ્લિમો પાકિસ્તાન જાય અને ત્યાંના એક કરોડ હિન્દુઓ અહીં આવે. પરંતુ આવું થઈ શકવાનું નથી તે હકીકત છે, અને દેશના તોફાનોમાં જ દેશ તૂટવાનો છે. દેશ છિન્નભિન્ન થઈ રહ્યો છે તે છતાં આ ચર્ચા ચાલી રહી છે.

મુસલમાનોમાં પાકિસ્તાન તરફી છે તેઓનું કામ પણ રાત–દિવસ ચાલે છે; તેમ જ આર. એસ. એસ.નું કામ પણ ખૂબ જ જોરશોરથી ચાલે છે. તેઓ યુવકોને ખેંચે છે. – આમ છતાં કૉંગ્રેસ કે કોઈ બીજો પક્ષ યુવકોના માનસને રચનાત્મક વિચાર કરતા કરવાનું બુનિયાદી કામ કરતા જ નથી. આમ એક અજાયબ રીતે Competition ચાલે છે.

થોડાક સમય પહેલાં બાજપાઈ સાહેબ મળવા આવેલા ત્યારે ખાદીનું પહેરણ અને ધોતિયું પહેરીને આવેલા. મેં તેમને કહ્યું કે ગાંધીજીને માટે તમે શા માટે વિરુદ્ધ છો? ત્યારે મને કહે કે 'પ્યારેલાલજીએ ગાંધીજી માટે પુસ્તક લખ્યું તેમાંથી મને વિદેશમાં કેટલાક પુસ્તકો છપાયા તેમાંથી જાણવા મળ્યું કે ગાંધીજી ભાગલા વિરુદ્ધ હતા.' મેં કહ્યું કે અરે ભાઈ, એકે એક નાનો છોકરો આ વાત તો જાણે છે. ખેર – પરંતુ તેમણે મને કહ્યું કે બંને Camps માં ગાંધીજી માટે Rethinking ચાલે છે. (બન્ને કેમ્પ એટલે જનસંઘનાં બે વિચારજૂથો)

આમ એક Double Talks–બે જાતની વાતો ચાલે છે. અલબત્ત રાજનીતિમાં તો આવી બે જાતની વાતો હોય છે. ભારતની અખિલ હિંદ પાર્ટીઓનેં જોઈએ, અનેં જનસંઘ, હિંદુમહાસભાને છોડી દઈએ તો અખિલ ભારતીય એવી કોઈ પાર્ટી નથી કે જે હિન્દુ રાષ્ટ્રની વાત કરે. ભારતીય સંસ્કૃતિમાં બધી સંસ્કૃતિ સમાયેલી છે.

સંસ્કૃતિને સામે રાખીએ. પ્રશ્ન તો એ છે કે આ દેશ, એક દેશ તરીકે રહેશે કે નહીં? મનમાં ભારોભાર દુ:ખ તો એ છે કે ગાંધીજીની જન્મશતાબ્દી ઉજવાય છે ત્યારે, અહિં જ્યાં ગાંધીજીએ સાધના કરી ત્યાં જ મોટો કાંડ થયો.

જેમ દરેક ઠેકાણે બને છે તેમ ઉશ્કેરણી શરૂ કરાવનારા બદમાશ લોકો તો હોય જ છે, અને એવું કરનારા, શકય છે કે, મુસલમાન લોકો પણ હોય. જગદીશ મંદિરમાં તેઓ ક્યાંથી આવ્યા? તોડફોડ કરીને કેવી રીતે ચાલી ગયા? એ બધી વાત તો છે જ. પરંતુ તે આગ ફેલાવનારા અન્ય કોમના લોકો પણ એટલા જ દોષિત છે.

આ અંગે તપાસપંચ નીમાવું જોઈએ એમ મેં કહ્યું જ છે. તેમાં નિવૃત્ત જજ નહીં પરંતુ ચાલુ હોય તેવા જજ Sitting Member હોય તે ઈચ્છનીય છે.

હું પૂછું છું કે તમે લોકતંત્રમાં માનો છો? Secularism, ડિકશનેરીમાં તેનો અર્થ જોજો – પણ આપણે સર્વધર્મ સમાનતા કહીએ તેમાં માનો છો? અને એક દેશમાં માનો છો? જ્યાં સુધી સાધારણ જનતાને લાગેવળગે છે ત્યાં સુધી બધા પોતપોતાના ધર્મમાં માને છે. પરંતુ બીજાના ધર્મનો આદર પણ તેઓ કરે તેને Secularism કહીએ છીએ. – આ બધી બાબતો અંગે યુવકોનું માનસ તૈયાર કરવાનું છે.

પરંતુ હું જોઉં છું કે વ્યવસ્થિત રીતે ગાંધીજી પર પ્રહાર કરવાનું શરૂ થયું છે; અને તેથી ગાંધીજીના વિચારો ઉપર ઘણા પ્રહારો શરૂ થયા છે. મારે તો એટલું જ તે લોકોને પૂછવાનું છે કે હિન્દુ મુસ્લિમ ગમે તે હોય પરંતુ માનવીય મૂલ્ય છે કે નહીં?

દલીલો એવી થાય છે કે મુસલમાનોને અહીં રહેવાનો અધિકાર નથી–મારે એટલું જ કહેવાનું છે કે પાકિસ્તાન થયું ત્યારે જે મુસલમાનો ગયા તે ગયા–જે બાકી અહીં રહ્યા તેઓ આ દેશના જ નાગરિકો છે. જેમ હિન્દુઓમાં પણ રશિયા, ચીન, અને અમેરિકાના જાસૂસ હોય છે; એટલે એકલા મુસલમાનોમાં જ જાસૂસ હોય છે તેવું નથી.

આ એક બહુ મોટો રોગ છે. પાકિસ્તાન, હિન્દુસ્તાન જો નજીક આવી શકશે તો તે તલવારથી તો નહીં જ આવે. અરે અખંડ ભારત પણ બનાવવું હશે તો તે તલવારથી તો નહીં જ બને, બનશે તો પ્રેમથી જ બનશે.

ભારતસરકાર પણ એવી ભૂલ કરે છે કે ઈઝરાઈલના મરજીદના મામલાની વાતોમાં એક દેશ તરીકે પ્રતિનિધિ તરીકે રબાત ખાતે જવાની શી જરૂર હતી? ભારતે જો Democracy અને Secularism સ્વીકાર્યું હોય તો મુસ્લિમ દેશોની કૉન્ફરન્સમાં સામેથી નિમંત્રણ માંગીને જવાની શી જરૂરત હતી? આપણે ત્યાં મુસ્લિમો મોટી સંખ્યામાં હોય કે હિન્દુઓ મોટી સંખ્યામાં હોય, પરંતુ આપણે નથી હિન્દુ રાષ્ટ્ર કે નથી મુસ્લિમ રાષ્ટ્ર.

એટલે તમે બધા જે કામ કરો છો તે રિલીફ અને પુનર્વસવાટનું કામ જેટલું મહત્ત્વનું નથી તેટલું સમાજના નિર્માણનું અને માનસ બનાવવાનું કામ મહત્ત્વનું છે. તે જ સૌથી મોટી સેવા છે.

જયપ્રકાશ નારાયણ

શકિતદળના ઉપક્રમે યોજાનાર ભવ્ય ગાંધીશતાબ્દી ઉત્સવ

શકિતદળ એ બહેનોની ખૂબ જાણીતી સંસ્થા છે. શારીરિક તાલીમ સાથે આધ્યાત્મિક તાલીમ એ સંસ્થાનું ધ્યેય રહ્યું છે. અખિલ ભારતીય ધોરણે ચાલતી આ સંસ્થાએ મુંબઈમાં તા. ૧૭ થી ૨૧ ઑકટોબર સુધી ગાંધીશતાબ્દી ઉત્સવનો એક ભવ્ય કાર્યક્રમ યોજ્યો છે. જેની વિગત નીચે મુજબ છે:

તા. ૧૭ મીએ સાંજે ૪–૩૦ વાગે તથા તા. ૧૮ મીએ સાંજના ૫ વાગે બીરલા ક્રિડા કેન્દ્રમાં પ્રદર્શનનું ઉદ્‌ઘાટન તથા પુસ્તક – પ્રકાશન, રવિવારે ૧૯ મીએ પાટકર હોલ ખાતે સવારે ૧૦ વાગે પરિસંવાદ તથા રવિવારે સાંજે ૫ વાગે, સોમવાર તા. ૨૦ મીએ સાંજે ૫ વાગે, મંગળવાર સવારે ૮॥ વાગે અને મંગળવાર સાંજે ૬ વાગે બ્લેવેટ્સ્કી લૉજમાં પરિસંવાદની બેઠકો. આ ગાંધીશતાબ્દી ઉત્સવમાં વિવિધ કાર્યક્રમમાં ગવર્નર શ્રી ચેરીયન, શ્રી. નિજલિંગપ્પા, શ્રી વી. કે. આર. વી. રાવ, શ્રી મોરારજી દેસાઈ, શ્રીમતી લક્ષ્મી મેનન, શ્રી જી. એલ. મહેતા, ડૉ. ગજેન્દ્ર ગડકર, શ્રી. જયપ્રકાશ નારાયણ, શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ તથા મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ અને મુનિશ્રી નગરાજજી વિગેરે વિશિષ્ટ કોટિની વ્યકિતઓ ભાગ લેવાની છે. આ કાર્યક્રમોમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને હાર્દિક નિમંત્રણ છે. શકિતદળના પ્રાણસમા શ્રીમતી પૂર્ણિમાબેન પકવાસાને આવા સુંદર કાર્યક્રમ માટે અભિનંદન અને ઋતંભરા વિશ્વવિદ્યાપીઠનું એમનું સ્વપ્ન જલ્દી સાકાર બને અ માટે પ્રભુપ્રાર્થના.

卐 બે યુવાન પર્વતારોહકની રોમાંચક આરોહણકથા—૩ 卐

(તા. ૧૬-૯-૬૯ના અંકથી અનુસંધાન)

[તા. ૨૬-૭-'૬૯ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજવામાં આવેલી સભામાં કુમારી ઉષા ભટ્ટના અનુભવ-નિવેદન બાદ ગંગોત્રી બાજુએ આવેલા રુદ્રગૈરા નામના શિખર ઉપર આરોહણ કરવા માટે યોજવામાં આવેલી મંડળીમાંના એક ભાઈ રાજેન્દ્ર દેસાઈએ જે નિવેદન અથવા તો પોતાને થયેલા અનુભવોનું બ્યાન કર્યું હતું તેને ભાઈ રાજેન્દ્રે પોતે જ વિસ્તારીને લખી આપ્યું છે તે હવે નીચે રજૂ કરવામાં આવે છે.

આ પર્વતારોહણ ઉત્તર કાશીમાં આવેલી નહેરુ પર્વતારોહણ સંસ્થા તરફથી એક બેઝીક કૉર્સ તરીકે ગોઠવવામાં આવ્યું હતું. આ સંસ્થા તરફથી આવાં આયોજનો અવારનવાર ગોઠવવામાં આવે છે. એ સંસ્થાના લેફ્ટેનન્ટ કર્નલ જોશી પ્રિન્સિપાલ છે અને મેજર સૂરતસિંહ વાઈસ પ્રિન્સિપાલ છે. આ બન્ને પ્રથમ કક્ષાના અનુભવી પર્વતારોહકો છે. મેજર સૂરતસિંહ પ્રસ્તુત આરોહકમંડળીના આગેવાન હતા. આ કૉર્સ તા. ૧ મી જૂનથી તા. ૩ જી જુલાઈ સુધી ગોઠવવામાં આવ્યો હતો અને તેમાં સૉલ્જરો, સિપાઈઓ, અને વિદ્યાર્થીઓ — એમ કુલ ૩૨ જણાએ ભાગ લીધો હતો. આ પ્રમાણે એડવાન્સ કૉર્સીઝ પણ આ જ સંસ્થા તરફથી ગોઠવવામાં આવે છે. પર્વતારોહણની તાલીમ એટલે શું તેની આ નીચેના વર્ણન ઉપરથી ઝાંખી થાય છે. પરમાનંદ]

પર્વતોમાં ફરવું એ મારે માટે નવો અનુભવ ન હતો. પાંચ વર્ષની ઉંમરથી માતાપિતા સાથે લગભગ દર વર્ષે હિમાલયમાં રખડવાનો લહાવો મળતો રહેતો, પણ એ રખડવાના ફક્ત બે જ હેતુ હતા. પ્રથમ તો નવી જગ્યાઓ જોવાનો અને બીજો આનંદમાં રજાઓ પસાર કરવાનો. પણ આ વર્ષે જ્યારે મારું હિમાલયમાં જવાનું નક્કી થયું ત્યારે તેનો હેતુ પર્વતો જોડે વધારે પરિચિત થવાનો હતો અને એ હેતુ બે રીતે સાધવાનો હતો; એક તો, પર્વતો પર કેવી રીતે ચડવું એ શીખીને, અને બીજું, પર્વતોમાં લાંબા ગાળા સુધી રહીને. જો કે પર્વતારોહણનો આ મારો પહેલો અનુભવ ન હતો અને છેલ્લાં પાંચ વર્ષથી હું આ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતો આવ્યો છું પણ હિમાલયમાં આ જાતનો મારો પ્રથમ અનુભવ હતો. અને આ કારણે મેં ઉત્તર કાશીમાં આવેલા 'Nehru Institute of Mountaineering દ્વારા યોજાતી પ્રાથમિક તાલીમ (Basic course) માં ભાગ લેવાનું નક્કી કર્યું. મારી સાથે મારી કૉલેજના ત્રણ મિત્રો પણ હતા.

ઉત્તર કાશી, ગંગોત્રીના રસ્તે, ઋષિકેશથી ૧૫૫ માઈલ દૂર આવેલું છે. અમે મુંબઈથી ૧ લી જૂને ઊપડ્યા અને ૪થી જૂને સાંજે ઉત્તર કાશી પહોંચ્યા. ત્યાં અમે બધાં મળીને ૩૨ જણા હતાં જેમાંના લગભગ ૧૨ વિદ્યાર્થીઓ હતા અને બાકીના U. P. Police, Military, Border Security Force તથા Defence Ministry તરફથી આવેલા હતા. તાલીમની શરૂઆતમાં અમે પાંચ દિવસ ઉત્તર કાશીમાં રહ્યા. અહીં અમને પર્વતારોહણથી થોડા ઘણા પરિચિત કરવામાં આવ્યા. એક દિવસ પર્વતારોહણની તાલીમ આપવામાં આવી. એ ઉપરાંત થોડા ઘણા વ્યાખ્યાનો આપવામાં આવ્યા જેમાં અમને Equipment Terminology, Mountain Rescue વગેરેથી થોડા વધારે પરિચિત કરવામાં આવ્યા. ઉત્તર કાશી છોડવાને આગલે દિવસે અમને બધાને જરૂરી Equipment આપવામાં આવ્યો. દરેકને Ruck Sack, Ice-axe, Sleeping Bag, Air Mattress, Wind-Proof Suit, Feather Jacket, Climbing Trousers, Stockings and Socks, Canvass Gloves વગેરે આપવામાં આવ્યા. એ ઉપરાંત અમે અમારી ખાવાની સાધનસામગ્રીઓ (Tins, Dehydrated Food) વગેરે Pack કર્યાં.

બીજે દિવસે સવારે ૭ વાગ્યાની બસમાં અમે હરસીલ જવા નીકળ્યા. હરસીલ ઉત્તરકાશીથી ૬૬ માઈલ દૂર છે—ગંગોત્રીના રસ્તે અને ૮૪૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે. અહીં અમે બે દિવસ રહ્યા, જેમાં અમને Rock-Climbing ની તાલીમ આપવામાં આવી. એ ઉપરાંત અમને Mountaineering History of India અને Camp-Site Selection પર Lectures આપવામાં આવ્યા.

અહીંથી અમારું ચાલવાનું શરૂ થતું હતું. અમે ત્રીજે દિવસે સવારે સાત વાગ્યે અહીંથી અમારા પગપાળા પ્રયાણનો પ્રારંભ કર્યો. દરેકની પાસે લગભગ ૩૦ થી ૩૫ રતલ વજન હતું અને અમારે તે દિવસે સોળ માઈલ કાપવાના હતા. શરૂઆતમાં તો બધા તાજા હોવાને કારણે અમે બે કલાકમાં સાત માઈલ કાપી નાંખ્યા, પણ પછી જેમ ચઢાઈ વધતી ગઈ તેમ બધાનો જુસ્સો ઓછો થતો ગયો. બપોરે ૧૨ વાગ્યે જ્યારે બધા ઠીક ઠીક થાકેલાં હતા ત્યારે લગભગ એક હજાર ફૂટની સીધી ચઢાઈ અમારે કરવી પડી. આ છેલ્લી ચઢાઈ ઘણી જ આકરી હતી, પણ સારા નસીબે એ પૂરી થઈ ને તરત જ અમને આરામ કરવાનું કહેવામાં આવ્યું. થોડી વારમાં અમને બપોરનું જમવાનું પણ ત્યાં જ આપવામાં આવ્યું. ખાવાની ચીજોની Quality ધીરે ધીરે એટલી ખરાબ થઈ ગઈ હતી કે જો કકડીને ભૂખ ન લાગી હોય તો ખાવાનું મોઢામાં કેવી રીતે મૂકવું એ મોટો પ્રશ્ન થતો. બધા એવા થાકેલા હતા કે ખાવાને બદલે આરામ કરવાની ઈચ્છા બહુ થતી હતી. આ જગ્યાનું નામ ભૈરવધારી હતું અને એની ઊંચાઈ લગભગ ૯૫૦૦ ફૂટ હતી. આ વખતે અમે એવા તો પરસેવાથી રેબઝેબ થઈ ગયેલાં કે થોડો પણ પવન આવતો ત્યારે બરફ જેવો મીઠો લાગતો.

બપોરે બે વાગે પાછા ઉપડવાનો હુકમ મળ્યો. સારા નસીબે અહીંથી ગંગોત્રી સુધી ખાસ કોઈ ચઢાઈ નહોતી. પણ હજુ પહેલાનો થાક ઊતર્યો નહોતો અને થોડી વારમાં ફરીથી ખભા દુ:ખવાના શરૂ થઈ ગયા. ફક્ત છ જ માઈલ કાપવાના છે એ વિચારે થોડી શાંતિ અનુભવાતી હતી. જેમ તેમ કરતા પાંચ માઈલ તો કાપ્યા. ત્યાં થોડો અમને આરામ આપવામાં આવ્યો. હવે તો બધા એવા થાકેલા હતા કે બેઠા પછી ફરી વાર ઊભા થવાનું મન નહોતું થતું અને હવે છેલ્લો એક માઈલ કાપતાં જે અનુભવ થયો તે વિષે ત્યારે અમને ખબર નહોતી કે એ અનુભવ ફરી ફરીને થવાનો હતો. દરેક વળાંકે અમને લાગતું કે આ છેલ્લો વળાંક છે, પણ એક વળાંક પછી બીજો વળાંક તો ઊભો જ હોય. જેમતેમ કરતાં છ વાગ્યે ગંગોત્રી પહોંચ્યા અને ત્યાંના ડાક-બંગલામાં અમે ધામા નાખ્યા. અમે પહોંચ્યા ત્યારે અમારે માટે ચા અને નાસ્તો તૈયાર હતા; એટલે એને ન્યાય આપીને બધા Air Mattressમાં હવા ભરવા બેઠા. થોડી વારમાં મોટા ભાગના બધા Sleeping Bagની અંદર ભરાઈ ગયા અને સાંજે ૮ વાગે જમવાની સીસોટી વાગી ત્યારે મહામહેનતે બહાર નીકળ્યા, ખાવાનું જેમતેમ પતાવીને ગરમ પાણીએ થાળી, વાટકો ધોઈને પાછા અમે Sleeping Bagમાં ભરાયા અને Night Milkની રાહ જોવા માંડયા. લગભગ ૯-૩૦ વાગે અમને ગરમાગરમ કોકો મળ્યો, એ પીને ગ્લાસ ધોવાની ચિંતા કર્યા વગર બધાએ લંબાવ્યું.

હિમાલયની હવાની એક ખૂબી છે; અને એ છે, થાક ઉતારી દેવાની. માણસ ગમે તેટલો થાક્યો હોય પણ બીજે દિવસે સવારે પાછો ભારેમાં ભારે કામ કરવા તૈયાર થઈ શકે છે.

બીજે દિવસે સવારે સાત વાગ્યામાં અમારી તાલીમ શરૂ થતી હતી. તે દિવસે અમારે Rock-Climbing તથા Acclimatisation માટે ઊંચે જવાનું હતું. અમે લગભગ ૧૫૦૦ ફીટ સુધી ચડ્યા અને ત્યાં જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈ ગયા અને દોરડા બાંધીને Rock-Climbing માટે સજ્જ થઈ ગયા. ત્યાં અમને Flora & Fauna વિષે Vice-Principal તરફથી Lecture આપવામાં આવ્યું. તે દિવસે જ્યારે પાછા નીચે ઊતર્યા ત્યારે મને થોડો

માથાનો દુ:ખાવો થયો; જે High Altitudeની અસરની નિશાની હતી. બીજે દિવસે અમને Reconnaisance તથા Acclimatisation માટે અમારા આગલા કેમ્પ "બી" સુધી લઈ ગયા. તે લગભગ ૬ માઈલ દૂર હતો અને ૬ માઈલમાં લગભગ ૩૦૦૦ ફૂટ ચડવાનું હતું. અમુક સ્થળોએ તો ચડાઈ ઘણી જ કપરી અને સીધી હતી. એક સ્થળે તો ફક્ત અઢી ફર્લાંગમાં ૧૫૦૦ ફૂટ જેટલું ચડવાનું હતું. તે દિવસે તો અમારી પાસે વધારે ઉપાડવાનું નહોતું, પણ પછીના દિવસનો વિચાર કરતાં જ અમને ગભરામણ થવા માંડી. જેમ તેમ કરતાં અમે ૬ માઈલ પસાર કર્યા. પસાર કર્યા પછી આરામ કરવાને બદલે અમને તંબૂઓ માટેની જગ્યા તૈયાર કરવાનો હુકમ મળ્યો. એ જગ્યામાં એટલા બધા પથરા હતા કે તેને સાફ કરતાં કરતાં નાકે દમ આવી ગયો. તે દિવસે અમને ઘણાને માથાનો સખત દુ:ખાવો થયો. હવામાં પ્રાણવાયુ ઓછો હોવાને કારણે આ જાતની બીજી અનેક બિમારીઓનો અનુભવ થાય છે. પર્વતારોહકો ધીમે ધીમે વધારે ઊંચાઈએ જતા હોય છે. ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈથી જો કોઈ ૧૪,૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈ પર એક જ દિવસમાં ચડી જાય તો આ જાતની બિમારી થવાનો ઘણો સંભવ રહેતો હોય છે.

બીજે દિવસે અમારે બધો સામાન લઈને કેમ્પ "B 1" પર પહોંચવાનું હતું. એટલે વહેલી સવારે તૈયાર થઈને નીકળ્યા. આજે અમને Acclimatisation શું છે એ ખરેખર સમજાયું. આગલે દિવસે માથાનો સખત દુ:ખાવો મને પણ થયેલો, પણ આજે ઘણી સહેલાઈથી અમે કેમ્પ પર પહોંચ્યા. થાક ઓછો લાગવાનું એક કારણ તો માનસિક હતું. જેમ જેમ Obstacles પસાર થતા જતા હતા તેમ તેમ નિરાંત થતી જતી હતી. બીજું કારણ અમે સારી રીતે Acclimatise થઈ ગયેલા.

તે દિવસે સાંજે અમને Glissading શીખવવામાં આવ્યું. પોચા બરફના (Snow) ઢોળાવ પરથી કોઈ પણ વસ્તુની મદદ વગર સરકતાં સરકતાં ઘણી જ ઝડપથી નીચે આવવાની રીતને Glissading કહેવામાં આવે છે. માણસ ઊભા ઊભા તેમ જ બેઠા બેઠા આવી શકે પણ Glissading કરવા કરતા બીજાને કરતા જોવાની ઘણી જ મજા પડતી, અને એ દિવસે આઠમા કલાકમાં તો હસી હસીને અમારું પેટ દુ:ખી ગયું. પણ તે વખતે અમે સાદા રબરના બૂટ પહેરેલાં એટલે એ આઠમા કલાકમાં અમારા પગ તો ઠરીને ઠીકરું થઈ ગયાં હતાં. એટલે જેવું એ બધું પત્યું તેવા તરત જ અમે બૂટ કાઢીને સૂકાવા મૂક્યા. એ પછી અમને Mountain Manners વિષે Lecture આપવામાં આવ્યું. કારણ કે પર્વતારોહણમાં એકબીજાની જિંદગી અને સલામતી એકબીજાના હાથમાં ઘણા અંશે રહેલી હોય છે. એટલે કેવી રીતે એકબીજા જોડે વર્તવું, કેવી રીતે ચાલવું એ વિષે બધાને જાણકારી આપવી ઘણી જરૂરી હોય છે.

તે દિવસે અમારે પહેલો દિવસ તંબૂઓમાં રહેવાનો હતો. સાંજે જ્યારે વરસાદ પડવો શરૂ થયો ત્યારે બહાર એટલો બધો કાદવ થઈ ગયો કે તંબૂની બહાર ખાવા માટે પણ જવાની ઈચ્છા નહોતી થતી. એ ઉપરાંત ઠંડી પણ ઠીક ઠીક વધી ગઈ હતી. તંબૂમાં સંકડાશ ઠીક ઠીક હતી, અને રાત્રે જ્યારે અમે મીણબત્તી સળગાવી ત્યારે ખૂબ જ તકેદારી રાખવી પડતી હતી, કારણ કે સ્લીપિંગ બેગ નાયલોનની હોવાને કારણે આગ લાગવાની ખૂબ જ ધાસ્તી રહેતી હતી.

બીજે દિવસે અમે બધું પેક કરીને સાત વાગે આગલા કેમ્પ B 2 પર જવા નીકળ્યા. તે દિવસે ફક્ત ૩ માઈલ જ ચાલવાના હતા, પણ ચડાઈ ઘણી આકરી હતી અને દરેક પાસે ૩૦ થી ૩૫ રતલ વજન હતું. જ્યાં જ્યાં ચડાઈ ખૂબ આકરી નહોતી ત્યાં પણ High-Altitudeને કારણે શ્વાસ લેવાની મુશ્કેલી પડતી હતી. શ્વાસ ચડવાને કારણે અમારી પ્રગતિ ખૂબ જ ધીમી હતી. ત્રણ માઈલમાં પણ, પહેલે દિવસે જે ૬ માઈલ ચાલતાં થાક લાગ્યો હતો તેવો જ થાક લાગ્યો હતો. પણ જ્યારે Camp B 2 પર પહોંચ્યા ત્યારે બધો થાક થોડી જ મિનિટમાં ઊતરી ગયો, કારણકે તે સ્થળ ખૂબ જ સુંદર હતું. બપોરે તડકો હોવાને કારણે ઠંડી નહોતી લાગતી. પણ જ્યારે વાદળાં આવી જતાં ત્યારે તરત જ ઠંડી લાગવા માંડતી. જઈને તરત અમે ખાવાનું કામ પતાવ્યું અને પછી કુલીઓની રાહ જોવા માંડયા. કારણકે અમારા તંબૂઓ તેઓ ઊંચકીને લાવતા હતા. એકાદ બે કલાકમાં એ લોકો આવ્યા ત્યારે અમે અમારી Air Mattress હવા ભરીને તૈયાર થઈ ગયા હતા. બીજી પંદર મિનિટમાં તંબૂઓ ઊભા થઈ ગયાં અને અમે Sleeping Bag માં લંબાવ્યું. દરરોજ બપોરે સમય કેમ પસાર કરવો એ મોટો પ્રશ્ન રહેતો. કારણ કે Acclimatisation માટે દરેક જણ આરામ કરતું, નહીં તો પત્તાં રમીને સમય વીતાવતું. ફરવા જવાનો તો પ્રશ્ન જ ઊભો નહોતો થતો, કારણકે સામે આખી સવાર ચાલીને બધાં થાકી જતા. એ ઉપરાંત એટલી ઊંચાઈએ થોડું ઘણું ઉપર નીચે થડવું–ઊતરવું પણ સખત હંફાવી કાઢે એવું હતું. આજુબાજુનું કુદરતી સૌન્દર્ય નિહાળતાં નિહાળતાં પણ અમે થાકી જતા.

બીજે દિવસે અમે ૧૬૫૦૦ ફીટ સુધી Acclimatisation માટે ગયા. તે દિવસે અમારે બધું મળીને ૧૫ માઈલ ચાલવાનું હતું અને એ ઊંચાઈએ એટલું ચાલીને પછી Altitude effectના ભોગ ન થવું એ અસંભવિત જેવું હતું. અમારામાંથી તે દિવસે ઘણાને માથાનો સખત દુ:ખાવો તથા ઊલટી થયાં. હું પણ એનો ભોગ થઈ પડયો. આવી સ્થિતિમાં માણસ પોતાનો મોટા ભાગનો Will-force ખોઈ બેસે છે અને એક એક ડગલું પણ કેમ આગળ વધવું એ એક મોટો પ્રશ્ન થઈ પડે છે.

બીજે દિવસે સવારે જ્યારે ઊઠયા ત્યારે પણ ઘણાને આગલા દિવસની અસર ગઈ નહોતી. મને પણ અશક્તિ ઠીક ઠીક લાગતી હતી. પણ તે દિવસે એક જ માઈલ ચઢવાનું હતું એટલે ત્યાં જ રહેવાને બદલે બધાની સાથે આગળ વધવાનું મેં પસંદ કર્યું. થોડે સુધી સીધું ચાલવાનું હતું અને પછી આકરી ચઢાઈ શરૂ થતી હતી. વચ્ચે એક નાળું અને થોડો બરફ પણ પસાર કરવા પડયા. થોડુંક ચાલ્યા પછી મને અચાનક સારું લાગવા માંડયું, અને થોડી સ્ફૂર્તિ લાગવા માંડી. એટલે મેં મારું Pull-Over અને Wind Proof Jacket કાઢી નાખ્યા અને ફક્ત એક ખમીસ રહેવા દઈને ચાલવું શરૂ કર્યું અને થોડીવારમાં હું મોટા ભાગના બધાથી આગળ નીકળી ગયો. થોડી જ વારમાં ૩૨ માંથી ૧૬ જણા થોડા આગળ થઈ ગયા. તે વખતે સામેથી અમારા Vice-Principal આવ્યા અને તેમણે જ્યારે અમને બધાને આગળ જોયા ત્યારે તેઓ ખૂબ ખૂબ ગરમ થઈ ગયા, તેમ છતાં એમણે અમને કાંઈ કહ્યું નહીં. થોડી વારમાં અમે અમારા ઉપરના કેમ્પ પર, જે Base-Camp હતો ત્યાં પહોંચી ગયા. અમે તંબૂ માટે જગ્યા તૈયાર કરવાની શરૂઆત કરતા હતા ત્યાં અમારો Chief-Instructor પાછળથી દોડતો દોડતો ઉપર આવ્યો. Vice-Principal અમારી ઉપર ખૂબ ગરમ થયેલા. એટલે તે આવીને અમારી ઉપર ગરમ થયો અને શિક્ષારૂપે અમને એક Instructor જોડે ઉપર જવાનો હુકમ આપ્યો. અમે ૧૬ જણાએ ઉપર જવાનું શરૂ તો કર્યું પણ શિક્ષા રૂપે નહીં, કારણકે અમે તો એ બહાને Acclimatise થતા હતા. તે ઉપરાંત Final Assault માટેનો રસ્તો પણ એ જ હતો. તે દિવસે અમે ૧૬૫૦૦ ફીટ સુધી ફરી વાર જઈ આવ્યા અને કોઈ પણ મુસીબત વગર આનંદથી પાછા ફર્યા.

(ક્રમશ:)

રાજેન્દ્ર દેસાઈ

સંઘના નવા કાર્યાલયનું સરનામું નોંધી લેવા વિનંતિ: ૩૮૫, સરદાર વી. પી. રોડ, ટોપીવાળા મેન્શન, બીજે માળે, મુંબઈ-૪.

પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં વક્તાઓ અને શ્રોતાઓ

શ્રી મોરારજી દેશાઈ — મધર થેરીસા — શ્રી દલસુખ માલવણિયા — શ્રી યશવંત શુક્લ

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

મોડકદંપતી સાથે

શ્રો

પ્રા. ડૉ. રમણલાલ શાહ — કવિશ્રી કરસનદાસ માણેક — શ્રીમતી નિરાબેન દેસાઈ — મુનિશ્રી નગરાજજી

શ્રીમતી મૃણાલિની દેસાઈ શ્રીમતી હર્ષિદા પંડિત શ્રી સુરેશ દલાલ શ્રી શાહુ મોડક

ઝોળી લઈને ઊભા રહેલા કાર્યકરો

પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા

શ્રીમતી પૂર્ણિમા પકવાસા શ્રી રોહિત મહેતા ફાધર વાલેસ શ્રીમતી શ્રીદેવી મહેતા

કસ્તુરબા

(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમતી મૃણાલિનીબહેન દેસાઈએ આપેલ વ્યાખ્યાન)

પૂ. બાપુની જન્મશતાબ્દી સાથે જ પૂ. કસ્તુરબાની પણ જન્મ-શતાબ્દી આ વર્ષે છે. પૂ. બા જગતની સામે ઝળહળતા પ્રકાશમાં કોઈ દિવસ આવ્યા નથી. એટલે જે ન જાણે એને એમ જ લાગે કે એ તો ઠીક! મહાત્માજી જેવાના એ પત્ની...એટલે પતિના ગૌરવમાં પત્નીનો પણ ભાગ હોય. જો કે, મહાત્માજીનું પત્નીપદ એ પણ કાંઈ સામાન્ય વાત તો નથી જ. બાપૂને કોક વાર જોયા હોય કે સહેજ પરિચય પામવાનું ભાગ્ય સાંપડ્યું હોય તો પણ માણસને ધન્યતાનો અનુ-ભવ થાય. બણગા ફૂંકીને જગતને કહેવાનું મન થાય કે મેં બાપૂને જોયા હતા! પછી એમનું પત્નીપદ પામ્યા, એ તો કેટલાં ભાગ્યશાળી ... અને સાવ સામાન્ય માણસનું ગૃહિણીપદ સંભા-ળતા પણ નાકે દમ આવે ત્યારે જે બાએ બાપુનો વિશાળ સંસાર સંભાળી લીધો—એમને સાચવી લીધા—એ બા અસામાન્ય તો ખરા જ.

પણ બાની અસામાન્યતા ત્યાં પૂરી નથી થતી. બાપુજીનું વ્યક્તિત્વ અનંત સાગર જેવું છે. ઉછળતા મોજાના તોફાન, ભરતી, ઓટ, પેટમાં રત્નોના ભંડાર ... માપ કઢાય નહીં—પાર આવે નહીં એવા એ અલૌકિક મહામાનવ હતા. સાગરની નીચે નક્કર ધરતીનો પટ પથરાયેલો હોય છે. રત્નાકરના રત્નો એ સાચવે છે. લાખો જીવોને પોષે છે. અને સાગરના તોફાનો પચાવી એનો ભાર ઝીલી લે છે. બા આવી ધરતીના અવતાર સમા હતા!

બાપુએ પોતે જ કહી દીધું છે—જીંદગીમાં નિશ્ચય—વજ્રસમો નિર્ધાર અને સંયમ એ માનો વારસો હતો. નિર્ભયતા એમને સંભા-ળવા રમાડવા આવતી રંભાએ શીખવાડી—રામનામનો ગુરુમંત્ર પણ આ બહેને જ આપેલો. શ્રદ્ધા રાખતા એ બા પાસે શીખ્યા. એમ કહેવાય છે કે શ્રદ્ધાથી પૂજાય તો કંકરમાં શંકર પ્રકટે. બાની અચળ શ્રદ્ધામાંથી એક સામાન્ય બુદ્ધિમાન અને સંવેદનશીલ માનવીમાંથી મહાત્માજીનું વ્યક્તિત્વ વિકાસ પામ્યું છે. પોતે સત્ય ઉપર શ્રદ્ધા રાખી, પ્રેમ ઉપર શ્રદ્ધા રાખી અને મહાત્માજી 'બાપુ' બન્યા.

જીવનમાં બાપુએ તત્વચિંતન કર્યું. વિચારોનું મંથન કરી સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા. બાપુએ વિચારોને, સિદ્ધાંતોને શબ્દરૂપ આપ્યું. એ રૂપાળા માળખામાં જીવ પૂર્યો બાએ! આમ તો સુવાક્યો અને સુવિચારો બોલનારા ઘણા છે પણ એમના શબ્દો, ભલે ગમે એવા સુંદર હોય, મૃદુ હોય, સાંભળવા ગમે એવા હોય, લોકો એ સાંભળે છે અને ઘેર જઈને ભૂલી જાય છે. બોલનાર અને સાંભળનાર બંને! બાપુના શબ્દો કોઈ દિવસ ઓળે નથી ગયા. કારણ એમના મુખમાંથી શબ્દો સરી પડતા એ ઝીલી લેનારા બા પાછળ ઊભા હોય જ! બાપુએ મંત્ર આપ્યો—'સ્વદેશી વાપરો, ચરખો ચલાવો.' દેશ આખાએ બાપુની આજ્ઞા માની. ઘેરઘેર રેંટિયા પહોંચી ગયા. મૉંચેસ્ટરની મિલોમાં કાપડના ઢગલા પડી રહેવા લાગ્યા. આજે ઘણા એ મંત્રનો પુનરુ-ચ્ચાર કરે છે. પણ પડખે બેઠેલા ગૃહલક્ષ્મી વિલાયતી વસ્ત્રોમાં દીપતા હોય છે. ઘરમાં વિલાયતી રાચરચીલું ભરેલું હોય છે. એવાનાં શબ્દો કોણ માને? બાપુએ 'સ્વદેશી'નું વ્રત સ્વીકાર્યું—બાએ એ જીવી બતાવ્યું—જિંદગીની છેલ્લી પળ સુધી! બાએ જગતની વિદાય લીધી તે પહેલાં બે ત્રણ દિવસની વાત. આગાખાન મહેલમાં બાપુ માટે કોઈએ ખજૂર મોકલેલી. ખજૂર પાર્સલમાં આવી હતી. પાર્સલ ઉપર માદરપાટનું કપડું શીવેલું હતું. સહેજ ઢીલા વણાટવાળું એ કપડું જોઈ સાથે રહેતી પૌત્રીના મનમાં સ્ત્રીસુલભ વિચાર આવ્યો - કટકો સારો છે. એનાથી બાપુનું દૂધ ગાળીશ તો કામ ઝટ પતી જશે. સાંજે ફરવા કે રમવાનો સમય મળે ને! બહેને એ કટકો બરાબર છૂટો કરી, ધોઈને સૂકવ્યો. જમ જેવો જમ બારણામાં ઊંબરે આવીને બેઠેલો સામે દેખાતો હતો—છતાં બાની ચકોર આંખો એના માથા પર થઈને ચારે કોર ફરતી હતી. 'બાપુનું કામ સરખું થશે? એમની સારવાર બરાબર કરશે!' એ નજરમાંથી પેલો કટકો ના છટકી શક્યો. સાંજે દૂધ ગાળવાનો સમય થયો. બાએ દીકરીને બોલાવી. "શું કામ છે બા?" દીકરીએ બહારથી જ પૂછ્યું.

"એ દૂધ ગાળવાનો કટકો જરી બતાવ તો?"

"સાવ ચોખ્ખો છે. મેં જાતે સરસ કરીને ધોયો છે બા." દીકરીએ ખાત્રી આપી.

"પણ મારે એ જોવો છે, દીકરા!"

દીકરી કટકો લઈ આવી. બાએ પૂછ્યું;

"શું આ ખાદી છે?"

"ના બા, પણ આ ક્યાં પહેરવાના કામમાં લેવાનો છે?"

"બેટા! એનાથી ગાળેલું દૂધ બાપુના પેટમાં જશે! એમનું સ્વદેશીનું વ્રત અભડાવીશમા!"

લીધેલું વ્રત પાળવામાં આ નિષ્ઠા હતી!

બાપુએ કહ્યું, હરિજનોને અપનાવો. કહ્યું અને આશ્રામમાં રહેવા હરિજન કુટુંબને તોતરી લાવ્યા. દુનિયામાં બાપુને, બાપુના શબ્દોનું માન—એમના દેખતા કોઈ વિરોધ ના બતાવે. વિરોધ ખાવા ધાય બાને! સગા નણંદ રિસાઈને ચાલ્યા ગયા. આશ્રામમાં બીજા વગર બોલ્યે પોતાનું મરજાદીપણું સાચવવા પ્રયત્ન કરે. નવા અતિથિઓને આળગા રાખે. એમાં નામ આવે બાનું! પોતાના પૂર્વસંસ્કાર, સ્વજનો અને આ નવાગતો એ બધાની ખેંચતાણમાં રહેંસાતા હતા એ બા! દુનિયાને દેખાતું કે 'બાપુ ઘણા ઉદાર છે, એમનું મન મોટું છે, પણ આ કસ્તુરબા જ એવા છે! આમે ય બૈરાઓનો જીવ નાનો જ! કોઈને કહેવાય નહીં અને સહેજે સહેવાય નહીં એવી કપરી દશામાંથી બા પસાર થયા હતાં. પણ છેલ્લે સમયે—અંતકાળે આ ત્રણ પણ ચૂકવ્યું બાપુની અર્ધાંગીને શોભે એવી રીતે જ!

ઉમરલાયક બહેનો હંમેશાં પોતાના છેલ્લા દિવસના લુગડાની તૈયારી કરી રાખે છે. નકુચાવગરની પતરાની એક નાની પેટીમાં બાએ પણ લુગડાં સાચવી રાખેલા. બાના લુગડા, રેશમી કે ભારે તો ક્યાંથી હોય—પણ બહુ કીમતી વસ્ત્રો હતા એ—બાપુએ પોતે કાંતેલા સૂતરની બે સાડીઓ હતી. બાનો એ ખજાનો હતો. છેલ્લી ઘડી પાસે આવતી જોઈ પુત્રી પાસેથી પેટી મંગાવી.

"આ બે સાડીઓ છે. એક મને ઓઢાડજો અને આ બીજી ..."

બીજી સાડી—બાની એ પ્રસાદી! એ કઈ ભાગ્યશાળી બહેનને મળશે? પૌત્રી આતુરતાથી સાંભળતી હતી ... આમ તો બાને પોતાના પુત્રો, પુત્રવધૂઓ, પૌત્ર—પૌત્રીઓ તરફ પ્રેમ હતો. એ વહાલ કોઈ દિવસ છુપાવ્યો પણ ના રાખતા... આ બહોળા પરિવારમાંથી આ પ્રસાદી કોણ પામશે?

"બીજી સાડી લક્ષ્મીને આપશો. એના પર દીકરીનો હક હોય!" બાએ કહ્યું! લક્ષ્મી એટલે આશ્રામમાં આવેલ એ હરિજન પરિ-વારની દીકરી ... બા—બાપુએ ખોળે લીધેલી લક્ષ્મી!

બાપુએ અસંગ્રહનું વ્રત લીધું. ઘર - ઘરવખરી - સોનું—નાણું બધું જ દેશાર્પણ કરી નાખ્યું. અલબત બાએ એમને સાથ આપ્યો. છતાં જાણે કાંઈક અસંતોષ રહ્યો હોય એમ બાપુ કો'કવાર ટીખળ કરતા. બજાજ કુટુંબ બાપુ પાસે આવ્યા પછી જમના-દેવીજીએ બંગડીઓ પણ ત્યજી હતી. "જમનાબેને બંગડી કાઢી નાંખી, પણ બાને હજુ મોહ છૂટતો નથી." બાપુ કહેતા.

બાપુની આ વાત મન પર લીધા વગર બાએ હાથમાં કાચની બંગડી તો રાખી જ હતી! બા દેવ થયા. અગ્નિ અપાયો. પછી એમના ફૂલ ભેગા કરતી વખતે આ બંગડીઓ - જેવી હતી તેવી અખંડ - એ ચિતામાંથી સતીના સત્‌ની કહાણી કહેવા માટે બહાર આવી!

આદર્શો જડે અને જડેલા આદર્શો પાળી શકાય એ મહાભાગ્ય પણ એ મહાનતા આડે મસમોટો અહંકાર ખડો થાય છે. એ આદર્શો

અને આદર્શવાદીઓને કઠોર બનાવી દે છે. સુજનતા અલોપ કરી નાંખે છે. એક જાણીતા નાટ્યકારે ગાંધીવાદી માનસનું આ જાતનું દર્શન પોતાના નાટકમાં કરાવ્યું છે. એમાં એક સોળ સત્તર વર્ષની આશ્રમવાસી છોકરી પોતાની આપવીતી કહે છે. "એક વાર મને ભજીયા ખાવાનું મન થયું! એ પાપ બદલ સજા થઈ. મારી સાથે ત્રણ દિવસ સુધી કોઈ કરતાં કોઈ બોલ્યું નહીં. અને પછી મારા ગળામાં એક પાટિયું લટકાવ્યું - "મને ભજીયા ખાવાનું મન થયું હતું. મારાથી અક્षમ્ય ભૂલ થઈ." અને એ પાટીયું ગળામાં બાંધી હું આશ્રમમાં બધાંની સામે જઈ ક્षમા માગી આવી." આવી નિર્દયતા વ્રતને નામે હોય? હોઈ શકે! કારણ, દ્રવ્ય કે દારૂનો નશો હોય એનાથી પણ અદમ્ય નશો આદર્શવાદીને આદર્શનો ચડે છે! બાપુને એ ક્યાં નહોતો ચડ્યો? દ. આફ્રિકામાં બાને ઘરની બહાર કાઢવા નિકળેલા જ ને! પણ બાએ એવી કઠોરતા બાપુમાં કે બાપુના આશ્રમમાં ના આવવા દીધી.

બાપુનો આગ્રહ હતો. આશ્રમમાં પાકે એ બધાંએ ખાવું. એક વાર આશ્રમમાં કોળાના વેલા ફાલ્યા ફૂલ્યા ને ફળ્યાં. થયું! પછી તો સવાર સાંજ કોળાનુંજ શાક થાય. વઘાર તો ઠીક પણ મીઠું મરી નાંખ્યા વગરનો એ 'બાફ્લો' બાપુ પોતે બધાંને પિરસે અને એમને રાજી કરવા બધાં ખાઈ જાય. પણ આમ તો બધાં એનાથી તંગ થઈ ગયેલા! છતાં બોલે કોણ? એવી બાબતોમાં નાનાં છોકરાઓ વધારે નિખાલસ હોય–આશ્રમની છોકરીઓએ 'કોળાનો ગરબો' રચ્યો. એ ગાતા હતા તે બા સાંભળી ગયા. પોતે વચ્ચે બેસી બરાબર હસી હસીને એ સાંભળ્યો. અને સાંજે પ્રાર્થના પછી બાપુને કહ્યું, "છોકરીઓએ નવો ગરબો બહુ સરસ તૈયાર કર્યો છે."

બા આમ દગો રમે! છોકરીઓને થયું હશે! પણ બાપુ આગ્રહ કરે અને બા ચડાવે–છોકરીઓએ નવો ગરબો ગાઈ બતાડ્યો!

"આ તો મારી ઠેકડી કરો છો?" બાપુએ હસીને પૂછ્યું. "તે તો કરે જ ને! બધાંને વાયુ થાય છે તમારા કોળાથી. સંભળાવે તો ખરાજને?"

"તો પછી શું કહેવું છે તમારે?"

"કાલથી હું શાક કરીશ. વઘારીને."

"કોઈ નહીં ખાય. બધાને બાફેલું ભાવે છે. બબ્બે વાર લઈને ખાય છે!"

"એ તો તમે નારાજ ના થાવ એટલે! કાલથી જો જો...."

બીજે દિવસે આખું શાક બફાયું. આખું બાએ વઘાર્યું. વઘારેલું શાક જોતજોતામાં સફાચટ થઈ ગયું. ધીમે ધીમે વઘારનું તપેલું મોટું થતું ગયું - બાફેલું શાક બે જ ભાણામાં દેખાતું - બાપુના અને બાના!

વ્રતનો નિશ્ચય હોય. જુલમ ના હોય!

બા ગયા. મહાદેવભાઈ અને બાના ગયા પછી જાણે બાપુનો ડાબો - જમણો - બંને હાથ જ ગયા. પણ આ જૂના જમાનાના માણસો. પોતાની લાગણીઓ શબ્દમાં મૂકતા એમને ના ફાવે! બાની ચિતા ઠરી ગઈ. બાપુ અંદર આવી ભીંતને અડી બેસી રહ્યા હતા.

મા વિહોણી પુત્રી અંદર આવી. એ હંમેશા બા પાસે સૂતી. આજે પોતે એકલી છે–હવે એકલાં જ રહેવાનું...એ ચોધાર આંસૂએ રડી પડી. બાપુ એ જોતા હતા.

"અહીં મારી પાસે આવ. તારી પથારી અહીં કર. હું પ્રયત્ન કરું મને બા થતા આવડે તો!"

જગદ્‌વંદ્ય થઈ ચૂકેલા એ મહાત્માને 'બા' થવાની ઝંખના હતી! બાને આપેલી એ શ્રાદ્ધાંજલી હતી. એ આખરી કોલ પૂરો કરી બતાવ્યો બાપુએ!

૧૯૪૭ માં ઑગસ્ટની ૧૫ મી તારીખે ભારત સ્વતંત્ર થયું. અમે રોશની કરી. મિષ્ટાન્ન બનાવ્યા. આનંદથી ઘેલાં ઘેલાં થઈ ગયા! તે વખતે બાપુ ક્યાં હતા? એ દિલ્હીમાં નહોતા. એમણે ન ફરકાવ્યો ધ્વજ - ન શોભાવ્યું રાજ્યનું સિંહાસન કે ન આપ્યું ભાષણ! એ હતા ક્યાં? ચાર ચાર દાયકા સુધી આઝાદીના જંગના એ સૂત્રધાર હતા. એ જંગ પૂરો થયો ત્યારે એ ક્યાં હશે? શું કરતા હશે? કેટલીક વાર એ પ્રશ્ન મનમાં આવતો. થોડાક દિવસ પહેલા મને જવાબ મળ્યો. બાપુનું એ છાયાચિત્ર છે.-ઊંચા ઊંચા ઝાડના થડ આજૂબાજૂ છે. ચિત્રમાં ડાળીઓ કે પાંદડાની હરીયાળી દેખા દેતી નથી. એ થડોની વચ્ચે બાપુ ઊભા છે. કાયા ઘણી સૂકાઈ ગઈ છે. પાંસળા ગણી લેવાય એવા સ્પષ્ટ દેખાય છે. માત્ર એક પોતડી પહેરેલી છે. આંખો ઊંડી ગઈ છે. વિશાળ ભાલપ્રદેશ પર વિષાદની ઘેરી અસર બતાવતી કરચલી પડી છે. ... એમની સામે ઊભી છે એક આઢાર વીસ વર્ષની કન્યા - એના શરીર પર ફાટલા તૂટલા ચીંથરા - બાપુના શરીર પર છે ... એટલા જ–છે ... અને સ્ત્રી પાસે જે કાંઈ સાચવી રાખવા જેવું હોય છે એ બધું જ લૂંટાઈ ગયું છે! એ ક્षણે–કોઈ પણ પુરુષ માટે એ સ્ત્રીના મનમાં માત્ર ઘૃણા જ હોય - તિરસ્કાર હોય - એ ક્षણે - એ બહેને વિશ્વાસથી બાપુના ખભા પર માથું મૂકયું છે! બાપુ - બાપુ મટી બા બન્યા છે! એ ફોટા નીચે તારીખ છે ૧૪ ઑગસ્ટ ૧૯૪૭!

બા માટે એક છેલ્લી વાત. સ્ત્રીના જીવનની સફળતા એના સંતો સંતાનોના સંસ્કારોથી મપાય! બાના સંતાનો - બાની મહત્તા બતાવી શકે ખરા?

આ સંદર્ભમાં બાના મોટા દીકરા હરીલાલભાઈ વિશે વાત થાય. મોટા માણસોના સંતાન મોટા નથી થતા એમ એક સિદ્ધાંત રૂપે કહેવાય છે. જાણનારા જાણે છે કે એ પુત્ર બા બાપુને છોડીને ચાલ્યા ગયા હતા. નાનપણમાં એમને પોતાને ભણવાનું મન હતું. ત્યારે ચિલાચાલુ શિક્ષણમાં બાપુ માનતા નહોતા. એ ઉપરથી મતભેદની શરૂઆત થઈ. પછી તો એ દીકરાને કમનશીબે એ ઘરભંગ થયા. અને કાંઈ જૂદી જ દિશાઓ તરફ વળ્યા. બાપુનો દરેકેદરેક સિદ્ધાંત તોડવા માટે જ જાણે અવતાર લીધો હોય એવી રીતે જીવન વીતાવ્યું. બા-બાપુના ગૃહસંસારની એ કરુણતા હતી.

૧૯૩૦માં એમના સાર્વજનિક જીવનમાં પણ એકલતાનો અનુભવ થતો હતો. હરિજનોને વિભક્ત મતદાર સંઘો મળેલા તે બાપુએ ઉપવાસ આદરી એમની પાસેથી જાણે ખૂંચવી લીધેલા! એટલે એ લાડકા હરિજનો પણ રોષે ભરાયેલા. રાષ્ટ્રીય સભામાં રાત ને દિવસ જીવ સાટેનો સહકાર આપનારા સહકારીઓ હતા. પણ દેશની આઝાદી જેવો મોટો પ્રશ્ન બાજૂ પર મૂકી આ હરિજન ઉદ્ધારનું 'નવું તૂત' બાપુ કાઢી બેઠા એટલે એ બધાં પણ નારાજ થયા હતા. પારકી સરકાર સાથે લડવું એ બરાબર, પણ હરિજનોને અપનાવવા એટલે પોતાની મા બહેન સાથે જ વિગ્રહ ઊભો થાય ને! અંતેવાસીઓ પણ ખસી જવા માગતા હતા. ત્યારે બાપુ દેશને ખૂણે-ખાંચરે જઈ પહોંચેલા. હરિજનો માટે ફાળો ભેગો કરે. હરિજનો વિશે ભાષણો કરે. સાથે બા હતા. આશ્રમના થોડા સાથીઓ હતા. ગાડીમાં ત્રીજા વર્ગના ડબામાં મુસાફરી ચાલતી. ગાડી દરેક સ્ટેશને ઊભી રાખવી પડતી. કારણ પાસેના માણસોએ ભલે ત્યજી દીધા હોય પણ સામાન્ય માણસો બાપુના દર્શન માટે તલસતા હતા. રાત હોય કે દિવસ - સ્ટેશને લોકોની ઠઠ જામતી, 'મહાત્મા ગાંધી કી જય' બોલાતી. ડબાની બારીમાંથી ડોકું બહાર કાઢી બાપુ દર્શન આપતા. બે શબ્દ બોલતા પણ ખરા. હરિજનો માટે ઝોળી સામે ધરતા. લોકો ભાવથી એ બાપુની ઝોળી ભરી દેતા. ફૂલફળથી ડબો ભરાઈ જતો.

એક સ્ટેશને 'મહાત્મા ગાંધી કી જય' સાથે બીજો પણ એક અવાજ જૂદો તરી આવ્યો. "માતા કસ્તુરબા કી જય' આ વળી કોણ હશે? બા કોઈ દિવસ બહાર ના આવે પણ બારીમાંથી એ પણ ઊઠીને જોવા લાગ્યા ..... શરીર સાવ સુકાઈ ગયેલું ... આંખો ઊંડી ઊતરી ગયેલી - વાળ ધોળા થઈ ગયેલા એવા એક ભાઈ એક મોસંબી લઈ ગિરદીમાંથી બા પાસે ધસી આવ્યા. બાને એ મોસંબી ધરી કહે :

"બા! આ હું તારે માટે લાવ્યો છું." - આ હતા હરીલાલભાઈ–બાના બા બાપુને છોડી ગયેલા એ પુત્ર!

"તું અહીં રહે છે?:' બાએ પૂછ્યું.

"હા, બા. પણ આ તું ખાશે ને? હું તારા માટે લાવ્યો છું!" હરીલાલ ભાઈએ કરગરીને કહ્યું.

બાપુ બાજુમાં ઊભા હતા. એમણે પૂછ્યું -

"મારે માટે શું લાવ્યો ભાઈ?"

"તમારે માટે લાવનારા ઘણાં છે!" પુત્રે કહ્યું. "બા આ માત્ર તારે માટે જ છે! અને તમને એટલું જ કહું - તમે આટલા મોટા

થયા છો તે મારી બાને લીધે જ!"

"હું કયાં ના પાડું છું? તું મારી સાથે રહેવા આવને!"

"એ હવે કેમ બને?"

ગાડીનો સમય થઈ ચૂક્યો. લીલી ઝંડી ફરકી. એ અજાણ્યા સ્ટેશનને મૂકી ગાડી દોડતી આગળ નીકળી! બા કેટલી બધી વાર સૂનમૂન બેસી રહ્યા ... પછી કહે. "લ્યો! હું પણ કેવી છું? છોકરો મારે માટે આ માગી ભીખીને પણ લઈ આવ્યો! અને હજો આખો ફળથી ઊભરાય છે - પણ મેં એને કાંઈ ના આપ્યું!"

ખરેખર કેવું વિચિત્ર! જાણ્યા અજાણ્યાને ખવડાવી જાણે એવા અન્નપૂર્ણા બા! એ પોતાના દીકરાને કશું આપ્યા વગર - ખવડાવ્યા વગર જવા દે! માન્યામાં ના આવે. પણ એવું જ બન્યું હતું. બાપુએ કહ્યું –

"બરાબર છે! મારું એને કશું ના ખપે! એટલે તું આમાંથી કાંઈ ના આપી શકી!"

બાપુના સિદ્ધાંતો એ પુત્ર જીરવી ના શક્યા હોય ... કારણો જે હશે તે - પણ બા શું હતા - કેટલા મોટાં હતાં-એ વાત એ જાણી શકયા. અને જાણ્યા પણ ભૂલી ના શક્યા.

અને બાના અપરિગ્રહની પણ આ સીમા જ ને! પુત્ર જેવો પુત્ર–માને પુત્ર ઉપર જે વહાલ હોય ...એને માટે જે આસકતી હોય તે દુનિયામાં બીજા કોઈ માટે ના હોય એ તો જાણીતી વાત છે - પતિ ખાતર એ પુત્રને પણ ત્યજી દીધો ... અને એ ત્યાગ પણ કેવો? ના એમાં કોઈ કકળાટ કે કોઈ જાતની તકરાર! ત્યાગ કર્યા પછી પણ મનમાં સ્નેહની લાગણી રાખી આસકતી છોડી! બાપુએ ગીતાને અનાસકતી યોગ કહ્યો. બાએ એ યોગ પ્રત્યક્ષ આચરી બતાવ્યો. બાપુ ગયા. બાપુની હત્યા થઈ. એ હત્યારાનું તે વખતનું માનસ કેવું હતું તે એના ભાઈની - ગોપાળ ગોડસેની ચોપડીમાં એ વિશે નોંધ છે - "નથુરામને લાગ્યું કે મેં ગાંધીજીને વીંધી નાંખ્યા છે - આ કાંઈ એક મામુલી માણસની હત્યા નથી! મેં એક મહાત્માનું ખૂન કર્યું છે - આ ક્ષણે એમના આધ્યાત્મિક વારસદારોમાંથી મને કોઈ આવીને એમ ના પૂછે...કે એવી તે તારી કઈ વ્યથા હતી કે જેને લીધે તે આવું કામ કર્યું? ... પણ આ સવાલ બીજા ત્રીજા કોઈના મનમાં ના આવ્યો! માત્ર રામદાસભાઈ– બાપુના પુત્ર - જેમનો હું સાચો ગુનેગાર હતો–જેમના વૃદ્ધ અને વંદ્ય પિતા ને મેં માગી નાંખ્યા હતા - એમણે મને આ પ્રશ્ન પૂછયો."

પોતાના પિતાને વીંધી નાંખનાર પ્રત્યે આવી ક્ષમા - આ વારસો જેવા તેવાને ના મળે! ગાય, ભેંસ કે બકરીનું દૂધ માટીના વાસણમાં ભરી શકાય - પણ એમ કહેવાય છે કે સિંહણનું દૂધ લેવા સોનાનું જ પાત્ર લેવું પડે...બીજા પાત્રો ના ટકી શકે! અપાર ક્ષમા-નિરહંકારી સુજનતા ... એ બાપુના અને એનાથી પણ વિશેષ બાના સંતાનમાં જ હોઈ શકે! થોડાક મહિના પહેલાં રામદાસભાઈ દેવ થયા ... તે વખતે સમાચાર લેવા ગોપાળ ગોડસે જાતે આવી ગયા હતા. દ્વેષીમાં પ્રેમનું આરોપણ કરી રામદાસભાઈએ ચિરવિદાય લીધી! આ બાનાં સંસ્કારોની અંતિમ કસોટી! **મૃણાલિની દેસાઈ**

'પ્રબુદ્ધ જીવન'ના ચાહક એક સજ્જન મિત્રની વિદાય

બીજી ઑક્ટોબરના રોજ ભાવનગરમાં વસતા ભાઈ શિવલાલ માધવજી ટિમાણિયાનું ૭૭ વર્ષની ઉમ્મરે અવસાન થયું છે. તેમની સાથે મારો, વર્ષો જૂનો મૈત્રીસંબંધ હતો. તેઓ સૌપ્રથમ ભાવનગરમાં ફોટોગ્રાફીનો વ્યવસાય લઈ આવ્યા હતા અને એ કારણે ભાવનગરના પ્રજાજનોમાં 'શિવલાલ ફોટોગ્રાફર' તરીકે તેઓ ખૂબ જાણીતા હતા. રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો અને ધારાસણાના સત્યાગ્રહનું તેમણે ચલચિત્ર ઉતાર્યું હતું. સૌરાષ્ટ્રના સ્વર્ગસ્થ પત્રકારો શ્રી અમૃતલાલ દલપતભાઈ શેઠ, શ્રી ઝવેરચંદ મેઘાણી તથા શ્રી કકલભાઈ કોઠારી સાથે તેઓ મૈત્રીભાવથી સંકળાયલા હતા. 'પ્રબુદ્ધ જીવન'ના તેઓ ઘણા વર્ષના ગ્રાહક અને પરમ ચાહક હતા. ભાવનગર જ્યારે પણ જવાનું બને ત્યારે તેઓ મને અચૂક મળવા આવતા અને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલાં લખાણો તેમ જ નોંધો વિષે લંબાણથી ચર્ચા કરતા. આવા એક સહૃદય મિત્રના સ્વર્ગારોહણથી આપણી નાની દુનિયાને એક સજ્જનની ખોટ પડી છે. તેમના આત્માને આપણે પરમ શાન્તિ ઈચ્છીએ. **પરમાનંદ**

અમદાવાદમાં શાંતિસેનાનું કાર્ય

કોમી રમખાણોને લીધે અમદાવાદ શહેરમાં દશબાર દિવસ માટે ભારે તોફાનો ફાટી નીકળ્યાં. ખાસ કરીને ગાંધી શતાબ્દી વર્ષમાં આ પ્રકારની ઘટનાઓ થવાથી રચનાત્મક કાર્યકર્તાઓને અત્યન્ત ખેદ, દિલગીરી અને દુ:ખનો અનુભવ થયો.

અઢારમી સપ્ટેમ્બર ગુરૂવારના દિવસે સાંજનો સમય હતો. જગદીશ મન્દિર પાસે ઉર્સનો મેળો ભરાયેલો હતો. હજારો મુસ્લીમ સ્ત્રી - પુરુષો એમાં ભાગ લેવા માટે એકત્રિત થયાં હતાં. જગદીશ મંદિરની ગાયો ચરીને પાછી ફરી રહી હતી. આ વિશાળ જનસમૂહમાં કોઈને ગાયનો ધક્કો લાગ્યો. કોઈએ ગુસ્સામાં આવીને ગાયને મારી તથા અંગભંગ પણ કર્યો. ગાયના સંરક્ષક સાધુઓ અને મુસ્લીમો વચ્ચે એમાંથી લડાઈ જામી ગઈ. સાધુઓ દોડીને મંદિરમાં ઘૂસી ગયા. મુસ્લીમોએ મંદિરમાં પેસીને સાધુઓને માર્યા અને મન્દિરને કંઈક નુકસાન પણ પહોંચાડયું. આ ઘટનાએ કોમી માનસમાં પલીતો ચાંપવાનું કામ કર્યું. એનાથી અમદાવાદ શહેરમાં અને ગુજરાતના વિવિધ વિસ્તારોમાં દંગાઓ ફાટી નીકળ્યા. ૧૯૪૧ અને ૧૯૪૬નાં કોમી રમખાણોને ભૂલાવી દે એવી ભયંકર આગ, લૂંટ, પથ્થરબાજી, છરાબાજી, લૂંટફાટ વગેરે ઘટનાઓ ફાટી નીકળી.

બનાસકાંઠામાં દુષ્કાળમાં સહાય માટે ઘૂમતા ગુજરાતના સર્વોદય નેતા પૂજ્ય શ્રી. રવિશંકર મહારાજ આ ઘટનાઓના સમાચાર મળતાં જ અમદાવાદમાં આવી પહોંચ્યા અને શાન્તિ સ્થાપિત કરવાના કાર્યમાં લાગી ગયા. એમનાથી પ્રેરાઈને શાન્તિસૈનિકોનું નાનકડું મંડળ પણ કામમાં લાગી ગયું. ખાસ કરીને પ્રા. હરીશ વ્યાસ, પ્રા. પ્રતાપ ટોલિયા, શ્રી. સુમન્ત વ્યાસ, શ્રી ભગુભાઈ પટેલ, શ્રી કિસન ત્રિવેદી, શ્રી કૃષ્ણવદન શાહ, શ્રી વિનુભાઈ અમીન આદિ કાર્યકર્તાઓએ રાતદિવસ અત્યન્ત પરિશ્રમ ઉઠાવીને શાન્તિ સ્થાપવા માટે કાર્ય કર્યું. વિશેષત: પૂ. રવિશંકર મહારાજની શાન્તિ-અપીલને પ્રકાશિત કરીને શહેરમાં વહેંચવી, ખોટી અફવાઓ ન ફેલાવવા માટે લોકોને સમજાવવા, આક્રમક તત્ત્વોનો સામનો કરવા માટે લોકોને સંગઠિત કરવા, સડકો પર ટોળાઓને એકઠાં ન થવા દેવાં, સાયકલ પર મૌન શાન્તિકૂચ, પોળોમાં શાન્તિ માટે પ્રાર્થના, શાન્તિ - સંગીત દ્વારા પ્રેમ અને એકતાનું વાતાવરણ સર્જવું, કરફ્યુના સમયે લોકોને આવશ્યક વસ્તુઓ પ્રાપ્ત કરવામાં સહાય, સંઘર્ષમય સ્થિતિમાં પહોંચીને શાન્તિ સ્થાપના માટે કોશિશ કરવી, રાહતકાર્યો આદિ પ્રવૃત્તિઓ શાન્તિસેના દ્વારા ઉપાડી લેવામાં આવી.

સાબરમતી આક્રામનાં મુસ્લીમ કુટુંબો પર, મોટા ટોળાએ આક્રમણ કર્યું ત્યારે શ્રી મામા સાહેબ ફડકે, શ્રી કિસન ત્રિવેદી, શ્રી. ડાહ્યાભાઈ નાયક, આદિ કાર્યકર્તાઓએ પ્રાણની પરવા કર્યા સિવાય ટોળાને હટાવવા પ્રયત્નો કર્યા અને મુસ્લિમોને બચાવ્યા. શાહપુરમાં શ્રી ભગુભાઈ પટેલ અને અન્ય શાન્તિસૈનિકોએ મળીને એક મસ્જિદને તોડતા ટોળાને અટકાવ્યું. એલિસબ્રિજમાં શ્રી. હરીશભાઈ વ્યાસે મુસ્લિમોની દુકાનો સળગાવતાં સમૂહને સમજાવીને રોકયા. આંબાવાડીમાં શ્રી. વિનુભાઈ અમીને મુસ્લિમ મા - દીકરીને ટોળાના આક્રમણમાંથી બચાવ્યાં.

શહેરમાં અમાનુષિકતાના અન્ધકાર વચ્ચે પણ માનવજાતના અનેક દીપકો ઝગમગી રહ્યા હતા. અનેક હિન્દુઓએ મુસલમાનોને અને મુસ્લિમોએ હિન્દુઓને બચાવ્યાં. નવરંગપુરામાં મુસ્લીમ સોસાયટીના મુસલમાનોનું રક્ષણ આજુબાજુના હિન્દુઓએ કર્યું. શાહપુરમાં પઠાણ ચાલ, જમાલપુર, પાલડી આદિ વિસ્તારોમાં હિન્દુ-મુસ્લીમોએ ભાઈચારાથી પરસ્પરની રક્ષા જાનના જોખમે પણ કરી.

વળી આ સ્થિતિમાં શાન્તિ - સ્થાપના માટે કેટલીક બહેનો પણ બહાર આવી. તેમાં ખાસ કરીને શ્રી. ચંચળબહેન પટેલ, શ્રી. સાવિત્રી વ્યાસ, શ્રી કાન્તા શાહ, શ્રી. કુસુમ નારગોલકર, શ્રી. ભારતી પરીખ વગેરે બહેનોએ દિલચસ્પીથી કામ કર્યું. શ્રી. જુગતરામ દવે સૂરત જિલ્લાના કેટલાક શાન્તિસૈનિકોને લઈને મદદ માટે આવી પહોંચ્યા. એ જ પ્રમાણે મુંબઈના શાન્તિસૈનિકો પણ સહાય કરવા આવી ગયા. જનતા પરિષદના પ્રમુખ શ્રી. ઈન્દુલાલ યાજ્ઞિક અને કોંગ્રેસના નેતા શ્રી. મોરારજીભાઈ દેસાઈએ કોમી એકતા, પ્રેમ, અને શાન્તિની સ્થાપના માટે ઉપવાસ કરીને વાતાવરણને નિર્મળ કરવામાં સહાય કરી. હજારો લોકોને જાન-માલ અને ઘરની ભારે હાનિ થઈ છે. ઈશ્વરકૃપાથી હવે પરિસ્થિતિ ધીરે ધીરે શાન્ત થઈ રહી છે. ખરેખર દિલમાં એટલી અભ્યર્થના છે. 'સબકો સન્મતિ દે ભગવાન!'

તા. ૨-૧૦-૧૯૬૯ **સાવિત્રી વ્યાસ**, એમ. એ. બી. એડ્.

કરુણા

[તા. ૮ મી સપ્ટેમ્બરના રોજ પર્યુષણ વ્યાખ્યાનમાળાના પહેલા દિવસે માનનીય શ્રી મોરારજીભાઈના પ્રવચન પછી બીજું વ્યાખ્યાન મધર થેરીસાનું હતું. તેમણે ટૂંકું પણ સંવેદનથી ભરેલું હૃદયસ્પર્શી પ્રવચન કર્યું હતું; જેની સળંગ નોંધ નીચે આપવામાં આવે છે.]

માફ કરજો હું કંઈ વકતા નથી, હું તો કાર્યકર છું. પ્રભુનું કામ કર્યે રાખું છું. ક્રાઈસ્ટે કહ્યું છે કે જે કંઈ મારાં ભાંડુઓ માટે કરો છો તે જાણે મારે માટે જ કરો છો. ભૂખ્યાને અન્ન આપવું, ઉઘાડાને કપડાં આપવાં, નિરાધારને આશરો દેવો, કોઢિયાની સંભાળ લેવી કે મરણપ્રાંઠે પહોંચેલાનું મરણ સુધારવું, અપંગ બાળકની સંભાળ લેવી—આ બધાં કામો ભગવાનનાં જ કામ છે. અપંગ બાળક એ પ્રભુનું જ રૂપ છે. ટી.. બી. અને કોઢ એ મોટા રોગો છે, પણ સૌથી મોટો રોગ હોય તો તે ઉપેક્ષિત હોવાનો છે. કોઈને એમ લાગે કે એ આ જગતમાં નકામો, કોઈના ય પ્રેમને માટે નાલાયક અને સંભાળ લેવાની જરૂર નથી એવો છે (unwanted, unloved and uncared) તો તેનું દુઃખ ઘણું વધી જાય છે. માટે તમે એવી ભાવના રાખો કે તેમની જરૂર છે, તેમને સૌ પ્રેમ કરી શકે છે, અને તેમની યે સંભાળ લેવાશે.

ભારતમાં ને બીજા દેશોમાં અમે અપંગ બાળકો અને મરતાં માનવીઓ માટે આશ્રયસ્થાનો ચલાવીએ છીએ. જેમનું કોઈ ન હોય તેવાંઓને અમે આમાં રાખીએ છીએ. કલકત્તામાં કાલીના મંદિરની સામે જ અમારું આવું એક મકાન છે. છેલ્લાં ૧૭ વર્ષમાં અમે આવાં ૨૩ હજાર માણસોને રસ્તા પરથી મરતી વેળા ઊંચકયાં છે. તેમાંથી ૧૦ હજાર સુખેથી મર્યા છે. અંતવેળાએ એમને એટલો સંતોષ થયો છે કે એવું કોઈક છે કે જેણે અમારી દરકાર કરી.

આવા માણસોમાં બધા જ વર્ગોના માણસો આવે છે. હિંદુ, મુસ્લિમ, બુદ્ધ, પારસી, બધા જ હોય છે. મરતી વેળા ધર્મ ને રાજકારણનો કે રાષ્ટ્રોનો ભેદ નથી હોતો. બધા એક જ લાઈનમાં હોય છે. મર્યા પછી અંત્યેષ્ટિ ક્રિયા સૌ સૌના ધર્મ અનુસાર થાય છે. હિંદુને બાળવામાં આવે છે. અંજુમન મુસ્લિમને લઈ જાય છે. એથી દુઃખીને સુખ થાય છે. એથી અમને અને તમને પણ સુખ થાય છે.

તમે મને તમારું હૈયું આપો—ગરીબોને આપો, મારે પૈસા નથી જોઈતા. તેમના માટે તમારા હાથ જોઈએ છે. અપંગ, દુઃખી, ઉપેક્ષિત બાળકો અમારા આશ્રયસ્થાનમાં હોય છે. તેની મુલાકાતે કોઈ પણ વ્યકિત આવી શકે છે.

અમે ૧૧ હજાર કોઢિયાઓની સારવાર કરીએ છીએ. અહીં મુંબઈના અશ્રયસ્થાનમાં જ છસો બાળકો છે. આપણે કેટલાં બાળકોને આશરો આપી શકીએ તે મહત્ત્વનું છે. 300 મૃત્યુને આરે પહોંચેલા માનવી છે.

ભારતભરમાં આવાં ગૃહો અંબાલાથી ત્રિવેન્દ્રમ સુધીના શહેરોમાં છે. બીજા દેશોમાં પણ આવી પ્રવૃત્તિ શરૂ કરી છે. ત્યાં આપણા દેશની બહેનો પણ સેવા કરવા જાય છે. આ ભૂમિની બહેનો જ કામ કરે છે. અમે તો ધર્મોપદેશક છીએ. પણ પ્રેરણાના બળે આ કામ ઉપાડ્યું છે. અમને આ કામ કરવા માટે પ્રાર્થનામાંથી શકિત મળે છે.

પ્રભુને જીવન સમર્પણ કરીએ, પ્રભુને પ્યાર કરીએ, પ્રભુને પ્રેમ કરીએ. આ ગરીબ માણસોને પ્રેમ કરીએ. અમારી સિસ્ટર સાદી જ રહે છે. ગરીબોને જેમ બે સાડી અપાય છે તેમ તેને પણ બે જ સાડી અપાય છે. જે ઘાઈ ધોઈને બદલીએ છીએ. ગરીબ લોકો જે ખાય છે તે જ અમે પણ ખાઈએ છીએ. રહેવા માટે થોડી જગામાં જ સમાવેશ કરીએ છીએ.

સેવા કરવી હોય તો તેને ઓળખીએ, તેના પર પ્રેમ કરીએ. પ્રિય હોય તેની જ સેવા થઈ શકે.

અમે પરણતાં નથી. અમારી સિસ્ટરોને બ્રહ્મચર્યનું વ્રત લેવરાવામાં આવે છે. આજ્ઞાંકિતતાની, ઉપરી અધિકારીની વાત માનવાની અને કંઈ પણ લીધા વિના ગરીબોની સેવા કરવાની પ્રતિજ્ઞા લેવડાવાય છે.

તો પછી ખર્ચાના પૈસા ક્યાંથી આવે છે? અમારી સંસ્થાની કોઈ ફી નથી, કોઈ ગ્રાન્ટ અમને મળતી નથી. અમને કેવળ પ્રભુ પર ભરોસો છે. જે પ્રભુ પંખીઓને દાણા પૂરા પાડે છે તે બધાંની સંભાળ લે છે તો આ બાળકોની સંભાળ પણ લેશે જ.

અમને નાણાં મળતાં જ રહે છે. વણ માગ્યે પ્રભુની પ્રેરણાથી નાણાં મળ્યા કરે છે. એ પ્રભુના પ્રેમની વાત છે. આપણે ગરીબોની સેવા કરીએ. ભગવાનની સેવા દિલથી કરવી જોઈએ.

પહેલાં માણસને ઓળખો, પછી પ્રેમ કરો, પછી સેવા કરો. ગરીબોના દિલમાં ભગવાન છે, તેમની સેવા ભગવાનની સેવા છે.

— મધર થેરીસા

કથા સાંભળી ફૂટયાં કાન ! ચિત્તનું ચોવટમાં ધ્યાન !

"કાં સમજ બહેન, તૈયાર થઈ ગયા?"

"એ હા. જરા આ મસાલાવાળું દૂધ પી લઉં એટલી વાર. મેં કહ્યું પછી સાંજ સુધી કથામાં બેસવું હોય તો વાંધો નહીં."

"મેં ય તે થોડું ફ્રુટ, બરફીનો જરા નાસ્તો કરી લીધો. લ્યો હાલો, પછી જગ્યા નહીં મળે."

"લ્યો હાલો ત્યારે, પણ કાંતાબહેન, આ ઝોળી શેની લીધી?"

"જાડું એવું આસનિયું લીધું છે. ત્યાં મેદાનમાં તો ધૂળકાંકરા એવા વાગે છે અને થર્મોસમાં ગરમ ચહા ય બે કપ લઈ લીધી છે ને આ પ્લાસ્ટિકની બાટલીમાં મજાનું ઠંડું પાણી. પછી આખો દિવસ નિરાંત."

"લે બાઈ, ઈ અક્કલ તમે સારી દોડાવી. આ ટેકસી જાય, જરા ઊભી રાખોને. આ કોણ સવારના પહોરમાં બસની લાઈનમાં ઊભું રહેવાનું છે!"

"હા ઈ તમારી વાત સાચી. મેં ય એટલે સવારના પહોરમાં તમારા ભાઈ આગળથી ઝઘડીને પચ્ચીસ રૂપિયા લીધા છે. મેં કીધું આખો દિવસ કથામાં હું અને સમજુબહેન બેસવાનાં છીએ તે વાપરવાના પૈસા તો જોઈએ ને!"

"હાસ્તો વળી, પૈસા વિના તે આખો દિવસ કાઢવો કેમ? મેં ય વિનુની ફીના બાજુએ રાખેલા તે લઈ લીધા છે. ફી તો પછી યે ભરાય પણ....."

"લ્યો ત્યારે, આપણે આવી ગયાં મેદાન આગળ. અહાહા! શું મેદની જમા થઈ છે! કાંઈ ભીડ, કાંઈ ભીડ."

"તે થાય જ ને! કહે છે શું મહારાજની વાણી છે! અસલ દેવપુરુષ છે દેવપુરુષ. ભલભલા પંડિતો ને વિદ્વાનો એમની ચરણરજ લે છે."

"એ સમજુબહેન, આંઈ આવો. આ બાજુ જ બેસીએ. અહીંથી મહારાજનાં દર્શન થશે ને ઊઠતી વખતે દરવાજો ય પાસે પડે."

"પણ ત્યાં કયાં જગ્યા છે?"

"જગ્યા તો ચપટીમાં થઈ જાય. એ માજી જરા સકોચાઈને બેસો. એમ આરામથી બેસવું હોય તો ઘરે બેસજો. બીજાને બેસવું હોય કે નહીં? લ્યો બોલ્યા, ઘરડી છું, ઉંમર થઈ, તે એમાં અમે શું કરીએ? તો બહુ બહાર કથા સાંભળવાના અભખરા ન રાખીએ, સમજ્યા?"

"તમે પણ કાંતાબહેન ઠીક ડોસીને ધધડાવી નાખી. કેવી પટ દઈને જગ્યા થઈ!"

"ઈ તો એમ જ હોય. ડોળા કાઢી જરા તતડાવીએ નહીં ત્યાં સુધી આવાં ડોસાંઓગરાં સીધાં ન હાલે. તમે બાજુએથી ઓલી છોડીને કોણી મારીને ધક્કા મારો, એટલે આર્કુડી આધી ખસશે. કોણ જાણે એવા જુવાનિયા શું કામ નકામા કથા સાંભળવા આવતા હશે? એને શી સમજણ પડે? સાચું કહું? આ ઈ છોડીએ ભાગવતનું નામે ય સાંભળ્યું નહીં હોય હોં! પણ દેખાદેખી, બીજું શું?"

"તમે આસનિયું તો કાઢો. નકામો રૂપાળો ધોબીનો ધોયેલો ટેરીકોટનો સાડલો બગડશે."

"આ લ્યો એક આસનિયું તમારું ને આ મારું. હાશ. જો હવે વાગે છે કાંકરા? શું બોલ્યા બહેન તમે? અમે શેઠાઈ કરીએ છીએ

એમ? લે એમાં તારા કેટલા ટકા? આવી મજાની કથા સાંભળવાની પડતી મૂકી પારકી પંચાત શું કામ કરે છે? આજકાલ તો કાંઈ માણસો થઈ ગયાં છે!"

"જોયું કાંતાબહેન? શું મહારાજશ્રીના મુખ પર તેજ છે? શું એમની ભક્તિ છે! પરભવનાં પુણ્ય કર્યાં હોય એને જ આવી કથા સાંભળવાનો લહાવો મળે."

"સાચી વાત સમજુબહેન. ધન્ય થઈ ગયાં. મહારાજશ્રી કહે છે પ્રાણીમાત્ર પ્રત્યે દયા ને પ્રેમ રાખો. ઈશ્વર સૌમાં વસે છે. સાવ સાચું કીધું બાપલા, સાવ સાચું કીધું. લ્યો આ ડોસી વળી ઊંચા નીચાં થયાં. સમજુબહેન એને જરા હડસેલો મારો તો જ ઈ વાંદર ડોસી સીધી બેસશે."

"એ કાંતાબહેન, ઓલી આવી છે. જો પણે બેઠી. શું ઠાવકી થઈ ઠેઠ આગળ બેઠી છે."

"કોણ? અરે આ તો પેલી સરોજ. ઓહોહો! શું ચિબાવલી છે! ધણીની કમાણી વધી છે તેમાં તો શું બનીઠનીને ફરે છે! પરમ દિવસે જ બજારમાં મળી હતી ત્યારે એવડા મોટા હીરાનાં લવંગિયાં પહેર્યાં 'તા, જાણે ઘેર મોટાં રાજવાળાં હાલ્યાં જાય છે."

"અરે એ તો અમથા દેખાવ. ગઈ કાલે હું સવારે કિશોરને મૂકવા બાળમંદિર જતી'તી ત્યારે તો રેશનિંગની લાઈનમાં ઊભી'તી અને આમ મોટી ફિશિયારી મારે."

"એના દીકરાની વહુએ વાળ કપાવી નાખ્યા છે વાળ. ને શું લટકમટક કરતાં સાસુવહુ નીકળી પડે છે, જાણે એમને જ દીકરાની વહુ આવી હશે."

"તમને ઈના ખાનદાનની ખબર નથી લાગતી."

"ના રે ભાઈ, એ વળી શું?"

"એનો બાપ છે વાણિયો ને મરાઠણને પરણ્યો છે. આ એની દીકરી—હવે સમજ્યાં?"

"અરર માડી રે, શો કળજુગ આવ્યો છે? જો તો ખરાં બાઈ વર્ણસંકરને ઘરમાં ઘાલી પાછી ઠાવકી થઈને કથા સાંભળવા બેઠી છે."

"એક વાગવા આવ્યો. હાલો જલદી ઊઠીને બહાર જઈએ, પછી ગીરદીમાં ધક્કા કોણ ખાય?"

"હાશ. આંઈ બહાર જરા હવા ખાવા મળી. અંદર તો શું ગરમી થાય. વ્યવસ્થા કરવાવાળા આટલા બધા પૈસા ખરચી શમિયાણો બાંધે, બ્રાહ્મણો બોલાવે, જમાડે ને એક એક પંખા બધે નખાવતા હોય તો?"

"સામે જ ભેળની રેંકડી છે. હાલો જરા પેટપૂજા કરી લઈએ. મને તો ભઈસાબ ભૂખ લાગી છે. સવારે ભારતીને ઘણું કીધું કે હું કથામાં જવાની તૈયારી કરું છું તો જલદી રસોઈ કરી નાખ. તો કહે ના મમ્મી, કૉલેજમાં જવાનું મોડું થાય. તે મેં ય પછી એમને કીધું કે તમતમારે બહાર જ્યાં પતાવવું હોય ત્યાં પતાવી લેજો. ને, વિનીયાને આઠ આના દઈ દીધા રોકડા. કીધું, તું સ્કૂલ આગળ ઘણાં ય રેંકડાં ઊભાં હોય છે ત્યાં ખાઈ લેજે. ત્યારે તો હું વહેલી પરવારી."

"સારું કર્યું. એ તો એમ જ ચાલે. આખો દહાડો એમ ઘર ગળે બાંધીને ફરીએ પછી કયાંથી ધરમધ્યાન થાય? મારે ય તે જુઓને, આજ વહુને આવ્યો' તો તાવ, પણ મેં તો સવારના પહોરમાં એને ઊધડી લઈ નાખી. મેં કીધું એમ પલંગમાં પોઢયાં રે'શો તો પાછું આખો દહાડો ઘર કોણ સંભાળશે? મારે તો મૂઓ આજે ઘાટી પણ નહોતો આવ્યો. પણ મેં કીધું આજ તો કથામાં જાવું જ છે. લોકો ઠેઠ કયાંથી કયાંથી સાંભળવા આવે છે તો મૂઆ આપણે તો ઘરથી નજીક છે."

"સાચી વાત કરી. આખો દહાડો સંસાર તો વળગેલો છે જ ને! મહારાજ શું કહેતા'તા કથામાં હમણાં? કે આ સંસાર બધી માયા છે. જ્યાં સુધી આ માયાનાં બંધન આંખે વળગેલાં છે ત્યાં સુધી ઈશ્વરના દર્શન કયાંથી થાય? સંસારમાં રહીને ય બધાનો ત્યાગ કરી, મોહ દૂર કરી, તપસ્વી જેવું જીવન જીવો ત્યારે ઈશ્વરના દર્શન થાય."

"વાહ પ્રભુ વાહ. 'કે છે મહારાજશ્રી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં સંત છે. એમના જેવા આ કળિયુગમાં બહુ ઓછા મહાત્મા હશે."

"હાશ, પેટ ભરાયું, લ્યો હવે તમારી ચહા કાઢો થર્મોસમાંથી એટલે પીએ. તમારી જેમ મને ય મૂઉ બપોરની ચહા ન પીઉં તો ચાલે જ નહીં. શરીરમાં આલસવિલસ થઈ જાય."

"ત્રણ થવા આવ્યા, લ્યો હાલો અંદર જલદી. પાછી આપણી જગ્યા જતી રહેશે."

"લ્યો આસનિયું. હાશ, હવે કોઠે ઠંડક થઈ તે કથા સાંભળવામાં જરા જીવ રહેશે. એ ય, પણ ઓલી સરોજડી આગળ દેખાતી નથી. જતી રહી લાગે છે."

"ત્યારે શું? ઈ તો બધાં કે'વા ખાતર આવે. બાકી આવી મજાની કથા અડધેથી છોડીને ઊઠી જાય ઈ નાસ્તિક જ કેવાયને? સવારે મહારાજશ્રી કે'તા'તા ને કે એવાને તો કાગડા-બિલાડાનો અવતાર આવે એટલું પાપ લાગે."

"માડી રે! શું વાત કરો છો તમે? લ્યો આ બાજુવાળા કયે છે કે તમે બેય વાતું કરવા આવ્યાં છો કે કથા સાંભળવા? જુઓ તો ખરા શું માણસો થાય છે! કાં બાઈ તમારા પેટમાં શું બળ્યું? કથા સાંભળવા નથી આવ્યા તો શું આંઈ લગનમાં મહાલવા આવ્યાં છીએ? સવારથી આવીને બેઠાં છીએ હા,"

"મૂકોને પંચાત કાંતાબહેન, એવા કુથળીવાળાં બૈરાંની જોડે મોં જ ન માંડીએ. કહું છું જરા તમારી થેલીમાંથી પાણીની પ્લાસ્ટિકની બાટલી કાઢોને. પાણીપૂરી તીખી હતી તે મૂઈ તરસ લાગી છે."

"હા, લ્યો ને. લે આ સામેવાળી પાણી માગે છે. તે કાંઈ તારા સારું ઠેઠ ઘેરથી ઉપાડીને નથી લાવ્યાં."

"લ્યો ગિરિરાજ—ધરણકી જે બોલાણી."

"કૃષ્ણ કનૈયાલાલકી જે. એ સમજુબહેન મારું આસનિયું જલદી ઉપાડી લેજો હોં. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી, આ તો ધૂન શરૂ થઈ. એમ કરો સમજુબહેન, હજી બધા ધૂન કરે છે ત્યાં આપણે જલદી ઊઠી જઈએ, પછી કાંઈ ગિરદી થાશે ગિરદી. લ્યો ઊઠો, અરે મારા ભાઈ, તમે ય કાં અચકાવ, વોલિંટિયર તો ઈ બાજુથી જાવાની ના પાડે. આપણે તો ત્યાંથી જ જવાનું. ઈ તો મૂઓ બોલતો જ રેશે. હાલોને કોર્ડન તોડીને તમતમારે."

"ભારે મજા આવી આજ તો કથા સાંભળવાની, શું મહારાજની વાણી! જાણે અમૃત જોઈ લ્યો. આ વિક્ટોરિયા જાય, ઊભી રાખો. મારા તો બેસી બેસીને પગ દુ:ખવા આવ્યા."

"કાલ પાછા સમયસર તૈયાર રહેજો હોં સમજુબહેન. કામકાજ તો ચાલ્યા જ કરે. પછી આ મનખાદેહનો ઉદ્ધાર કયારે થશે?"

"જરૂર, જરૂર." **વર્ષા અડાલજા**

સંઘના સભ્યોને નમ્ર નિવેદન

આથી સભ્યોને વિનંતિ કરવામાં આવે છે કે ચાલુ ૧૯૬૯નું વર્ષ પુરું થવાને હવે થોડો જ સમય બાકી રહ્યો હોઈ જે જે સભ્યોનાં લવાજમો બાકી હોય તે પોતાના લવાજમના રૂ. ૧૦ સત્વર મોકલી આપી અમને ઉપકૃત કરે.

અથવા કાર્યાલયમાં જણાવવાથી લવાજમ મંગાવી લેવાની વ્યવસ્થા કરવામાં આવશે. **મંત્રીઓ**

ભુલ-સુધાર

તા. ૧૬ સપ્ટેમ્બરના 'પ્રબુદ્ધ જીવન'માં ૧૧૫ મા પાને પહેલા કોલમની શરૂઆતના ભાગમાં - પ્રમુખના ઉપસંહારમાં "અસ્ત્યુત્તરસ્યાં દિશિ વર્તમાનો, હિમાલયો નામ નગાધિરાજ" છપાયું છે, તે સુધારીને "અસ્ત્યુત્તરસ્યાં દિશિ દેવતાયાં, હિમાલયો નામ નગાધિરાજ" એ મુજબ વાંચવું. **તંત્રી : 'પ્રબુદ્ધ જીવન'**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૩

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧ ૧૯૬૯, શનિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રકીર્ણ નોંધ

થોડુંક અંગત

તા. ૧-૧૦-૬૯ના પ્રબુદ્ધ જીવનમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે પ્રગટ થયેલ આભારનિવેદનમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે મારી નાદુરસ્ત તબિયતનો ઉલ્લેખ કર્યો હતો અને તે કારણે અનેક મિત્રોના દિલમાં મારા વિષે ચિન્તા પેદા થઈ હતી અને તેમાંના કેટલાક તરફથી મારી ખબર પુછાવતા પત્રો મળતા રહ્યા હતા. તેથી આજે જ્યારે મુંબઈ બહાર રાજકોટ તથા ભાવનગરમાં કુલ ચાર અઠવાડિયાં ગાળીને અને પ્રમાણમાં સંતોષકારક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરીને હું ઑક્ટોબરની ૧૮ મી તારીખે મુંબઈ ખાતે પછો ફર્યો છું ત્યારે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા આટલી અંગત ખબર પ્રગટ કરવી એ મને જરૂરી લાગે છે. તબિયત અંગે હજુ થોડી તકલીફ રહી છે જે થોડા સમયમાં દૂર થશે એવી આશા છે. મારી ગેરહાજરી દરમિયાન સંઘના મંત્રીઓ શ્રી સુબોધભાઈએ તથા શ્રી ચીમનલાલ જે. શાહે 'પ્રબુદ્ધ જીવન'ના બે અંકોનું સુન્દર સંપાદન કરવા પાછળ જે મહેનત લીધી છે તે માટે તેમનો હું આભાર માનું છું. હવે જ્યારે, જે કાંઈ અવશેષ જીવન રહ્યું હોય તે દરમિયાન, મારું આરોગ્ય અવારનવાર નાદુરસ્ત થવાનું સંભવિત બન્યું છે ત્યારે, તેમના આ કુશળ સંપાદનકાર્યથી હવે પછી પણ 'પ્રબુદ્ધ જીવન' સુરક્ષિત બન્યું છે એવી શ્રદ્ધા હું અનુભવું છું. મારા વિષે ચિન્તા દાખવતા મિત્રોનો પણ હું આ તકે આભાર માનું છું.

કૉંગ્રેસ માટે ઉભી થયેલી અભૂતપૂર્વ કટોકટી

એક બાજુએ મુખ્યપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી અને બીજી બાજુએ કૉંગ્રેસ પ્રમુખ શ્રી નિજલિંગપ્પા વચ્ચે કેટલાક સમયથી ઉભા થયેલા મતભેદો આજે ઉત્કટ પરાકાષ્ટાએ પહોંચી રહ્યા છે, અને તેમાં ઈન્દિરા ગાંધી અને તેમના સાથીઓ કૉંગ્રેસ પ્રમુખ નિજલિંગપ્પાને પદભ્રષ્ટ કરવા માટે જે કારવાઈ કરી રહ્યા છે તેવી કારવાઈ અને ખટપટ કૉંગ્રેસના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે. આખા પ્રકરણમાં ઈન્દિરા ગાંધીની સત્તાલક્ષીતા–યેન કેન પ્રકારેણ સર્વ સત્તા હસ્તગત કરવાની તમન્ના–જે રીતે વ્યક્ત થઈ રહી છે તે કૉંગ્રેસની રહીસહી પ્રતિભાને ખંડિત કરી રહી છે. નવેમ્બર માસની પહેલી તારીખે મળનારી કૉંગ્રેસની કારોબારી સમિતિની બેઠકમાં આ અંગે મહત્ત્વનો નિર્ણય લેવાનાર છે. પરિણામે સત્તાપ્રતિષ્ઠિત ઈન્દિરા ગાંધીની આસપાસ સત્તાલક્ષી કૉંગ્રેસી આગેવાનો એક પછી એક જે રીતે એકઠા થઈ રહ્યા છે અને ઈન્દિરા ગાંધીના વિચિત્ર દેખાતાં પગલાંઓને પણ જે રીતે ટેકો આપવા માંડ્યા છે તે જોતાં નિજલિંગપ્પાને કૉંગ્રેસનું પ્રમુખપદ છોડવાની ફરજ પડે તો તેથી આશ્ચર્ય પામવાનું કારણ નહિ રહે. આ રીતે તાત્કાલિક રાજકીય વાતાવરણ અનેક ચિન્તાપ્રદ વાદળોથી ઘેરાયેલું બન્યું છે. આમ છતાં પણ આશા રાખીએ કે આ કટોકટીનો કોઈ સુખદ નિકાલ આવે અને કૉંગ્રેસની ડુબતી નૌકા આજનાં તોફાની વમળોમાંથી સુખરૂપ બહાર નીકળી આવે અને સુરક્ષિત બને!

ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ આયોજિત ગાંધીશતાબ્દી સમારંભ

શક્તિદલ પ્રેરિત ઋતંભરા વિશ્વવિદ્યાપીઠ દ્વારા તા. ૧૭ મી ઑક્ટોબરથી તા. ૨૧ મી ઑક્ટોબર સુધી–એમ પાંચ દિવસનો ગાંધી–શતાબ્દી સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભના અનુસંધાનમાં તા. ૧૭ મી ના રોજ સાંજના સમયે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજાયેલા ઋતંભરા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કૉંગ્રેસ પ્રમુખ શ્રી. એસ્. નિજલિંગપ્પાએ કર્યું હતું અને આ પ્રસંગને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલા ઋતંભરા ગ્રંથનું પ્રકાશન મુનિશ્રી ચિત્રભાનુના હાથે જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી. એસ. કે. પાટીલ પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. આ ગ્રંથની પડતર કીંમત રૂા. ૧૦-૫૦ છે, એમ છતાં પણ રૂા. ૩માં પણ સાધારણ લોકોને મળી શકે તેમ છે.

તા. ૧૮મી ઑક્ટોબરના રોજ સાંજના સમયે બિરલા ક્રીડા કેન્દ્રમાં પ્રસ્તુત સમારંભના અનુસંધાનમાં આચાર્ય ભીષ્મદેવે તૈયાર કરી આપેલ "A Call to the Rising Generation–Swami Vivekanand" એ નામના પુસ્તકનું પ્રકાશન રામકૃષ્ણ મિશનના સ્વામી હિરણ્મયાનંદજીએ જાહેર કર્યું હતું, જ્યારે મહારાષ્ટ્ર રાજ્યના શિક્ષણમંત્રી શ્રી મધુકરરાવ ચૌધરી પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. આ ગ્રંથની કીંમત રૂા. ૧૫ રાખવામાં આવી છે.

પછીના દિવસે એટલે કે ૧૯ મી ઑક્ટોબરની સવારે ૧૦ વાગ્યે પાટકર હૉલમાં યોજવામાં આવેલ ઋતંભરા પરિસંવાદનું ઉદ્‌ઘાટન માન્યવર શ્રી મોરારજીભાઈએ કર્યું હતું અને આ ઉદ્‌ઘાટન સમારંભનું પ્રમુખસ્થાન મુંબઈના રાજ્યપાલ ડૉ. પી. વી. ચેરિયને શોભાવ્યું હતું. આ પ્રસંગે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આવકારનિવેદન કર્યું હતું અને શક્તિદલના નિર્માતા અને ઋતંભરા વિશ્વવિદ્યાપીઠના પ્રેરક પૂર્ણિમાબહેન પકવાસાએ પ્રસ્તુત વિદ્યાપીઠ પાછળ રહેલી વિચારસરણીની રજુઆત કરી હતી.

ત્યાર બાદ પરિસંવાદની બ્લેવાટસ્કી લૉજમાં પહેલી બેઠક એજ દિવસે સાંજે ૫ વાગ્યે યોજવામાં આવી હતી. જેમાં 'Great Women of In ia through History with Spiritual Background'–'આધ્યાત્મિક ભૂમિકા સાથે સંલગ્ન એવી ભારતની મહાન સન્નારીઓ'–એ વિષય ઉપર વિશિષ્ઠ કોટિના વ્યાખ્યાતાઓએ ઉત્તમ કોટિનાં પ્રવચનો રજૂ કર્યાં હતાં. એ જ પ્રમાણે પછીના રોજ સવારના 'Discovery of Woman's Potenticlities and the Progress visualised by Gandhiji'–'ગાંધીજીની દૃષ્ટિ મુજબ સ્ત્રીઓમાં રહેલી શક્યતાઓનું તેમ જ તેના વિકાસનું સંશોધન'–એ વિષય ઉપર

પરિસંવાદની બીજી બેઠક યોજવામાં આવી હતી; તે જ દિવસે સાંજે 'Integrated Personality and Spiritual Values' –સમગ્રસ્પર્શી–સુગ્રથિત વ્યકિતત્વ અને આધ્યાત્મિક મૂલ્યો–એ વિષય ઉપર પરિસંવાદની ત્રીજી બેઠક યોજવામાં આવી હતી અને એ જ દિવસે સાંજે 'Sarvodaya and Women' –"સર્વોદય અને બહેનો"–એ વિષય ઉપર પરિસંવાદની ચોથી બેઠક યોજવામાં આવી હતી. આ બધી બેઠકોમાં પણ ભારતખ્યાત જુદી જુદી વ્યકિતઓએ બહુ ઉપયોગી અને પૂર્વતૈયારીપૂર્વકનાં મનનીય પ્રવચનો કર્યાં હતાં. આ પરિસંવાદનું સમગ્ર આયોજન કરવામાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અને તેમના સહાયક સૌ. દામિની-બહેન ઝરીવાળાએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો અને આ રીતે આ આખો સમારંભ એક શૈક્ષણિક પર્વ જેવો બની ગયો હતો, અને તે એક મિશનરી ધગશથી કામ કરતાં શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસાના અથાગ પરિશ્રમ અને અપૂર્વ કાર્ય નિષ્ઠાને આભારી હતું. ઋતંભરા વિશ્વવિદ્યાપીઠનું તેમને જે દર્શન પ્રાપ્ત થયું છે તે માટે આ સમારંભના પરિણામે આજે એક ભૂમિકા તૈયાર થઈ છે અને તેને અનેક વિચારકો, ચિન્તકો અને મહાનુભાવોનો ટેકો સાંપડયો છે. આશા રાખીએ કે આ ભૂમિકા અને વ્યાપક સમર્થનમાંથી તેમણે કલ્પેલી વિશ્વવિદ્યાપીઠને પરિમિત સમયમાં યોગ્ય આકાર પ્રાપ્ત થાય અને તેઓ જે સ્વપ્ન કેટલાય સમયથી સેવી રહ્યા છે તેને મૂર્તરૂપ મળેલું જોવાને તેઓ તેમજ આપણે સત્વર ભાગ્યશાળી થઈએ!

આણુવ્રત સંમેલનમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આપેલ વ્યાખ્યાન અંગે–

શ્રી ચીમનભાઈએ બેંગલોર ખાતે ભરાયેલ આણુવ્રત સંમેલન સમક્ષ કરેલ પ્રવચન આ અંકમાં અન્યત્ર પ્રગટ કરતાં મને ઘણો આનંદ થાય છે. આજ સુધી આપણામાંના ઘણા મોટા ભાગની દષ્ટિ પોતપોતાના સંપ્રદાયથી સીમિત હતી. હું જો જૈન શ્વે. મૂ. સંપ્રદાયનો સભ્ય હોઉં તો મારા વિચારો, મારું ચિન્તન અને મારું કાર્યક્ષેત્ર તે સંપ્રદાય પૂરતું સીમિત રહેતું. તે સંપ્રદાયથી ઈતર સંપ્રદાયના સાધુસંતો પ્રત્યે ઉપેક્ષાનો અને કદિ કદિ અવ-ગણનાનો ભાવ રહેતો. આવું જ વલણ સ્થાનકવાસી સંપ્રદાય અને તેરાપંથી સંપ્રદાયના અનુયાયીઓનું પણ પરસ્પર રહેતું, એટલું જ નહિ પણ, કદિ કદિ પરસ્પર કટ્ટર વિરોધનું રૂપ પકડતું. આ સંકીર્ણતા માત્ર શ્રાવકવર્ગ પૂરતી નહિ પણ સાધુસમુદાયને પણ ગાઢપણે સ્પર્શેલી હતી.

સદ્‌ભાગ્યે હવે વાતાવરણ બદલાવા માંડયું છે. આજે ફીરકા–ભેદની લાગણી હળવી બનતી જાય છે અને ગુણ ગ્રહણ કરવાની વૃત્તિ વિકાસ પામતી જાય છે. સમગ્ર જૈનના નાતે આપણે એક-મેકને ઓળખવા લાગ્યા છીએ અને એક યા અન્ય સંપ્રદાયના સાધુ-સંતો પ્રત્યે આદરભાવ પણ વધતો જાય છે.

શ્રી ચીમનભાઈનું આ વ્યાખ્યાન પ્રસ્તુત સમયપરિવર્તનનું દ્યોતક છે. એ સુવિદિત છે કે તેરાપંથના મુખ્ય આચાર્ય તુલસીએ કેટલાક સમયથી આણુવ્રત આન્દોલન શરૂ કર્યું છે. તે આદોલનને કોઈ અમુક સમાજ કે સંપ્રદાય સાથે સંબંધ નથી. સમગ્ર પ્રજાનું નૈતિક સમુત્થાન એ જ તેનો મુખ્ય હેતુ છે. તે આણુવ્રત પ્રવૃત્તિનું વાર્ષિક સંમેલન આચાર્ય તુલસીજીની નીશ્રા નીચે, હાલ જ્યાં તેમનું ચાતુર્માસ છે તે બેંગલોર શહેરમાં ગયા ઓકટોબર માસની તારીખ ૧૮, ૧૯, ૨૦ એમ ત્રણ દિવસ માટે યોજવામાં આવ્યું હતું.

શ્રી ચીમનભાઈ સ્થાનકવાસી સમાજના એક પ્રમુખ આગેવાન છે. એમ છતાં તેઓ ઉપર જણાવેલ સંમેલનમાં અતિથિવિશેષ તરીકે જાય છે અને પોતાના અર્થગંભીર વ્યાખ્યાનદ્વારા આચાર્ય તુલસી અને તેમના શિષ્યસમુદાયનું આવું વ્યાપક અને લોકો-પકારક આન્દોલન સંચાલિત કરવા માટે અભિનન્દન કરે છે અને સાથે સાથે તેરાપંથીની આજ સુધીની પરંપરાની ઉપર ઉઠીને આચાર્ય તુલસી કેવી પ્રગતિશીલ વિચારણા તરફ પોતે આગળ વધી રહ્યા છે અને પોતાના અનુયાયીઓને આગળ દોરી રહ્યા છે તેનો તેઓ ખ્યાલ આપે છે. આ રીતે આપણે હવે ફિરકાભેદ ભુલીને, સંપ્ર-દાયભેદ બાજુએ મૂકીને, જ્યાં જેનું સારું ત્યાં તેનું આવકારવું અને સર્વ સાધુસંતો પ્રત્યે પૂરા આદરભાવથી વર્તવું અને તેમની સત્પ્રવૃત્તિઓને ટેકો આપવો – આવું સમયોચિત માર્ગદર્શન શ્રી ચીમનભાઈના આ નવા પ્રસ્થાન દ્વારા અને ચિન્તનપૂર્ણ વ્યાખ્યાન દ્વારા આપણને મળે છે તે બદલ જૈન સમાજના તેઓ સવિશેષ માનાર્હ બને છે. આ રીતે ભારત જૈન મહા મંડળના પ્રમુખસ્થાનને તેમણે સવિશેષ શોભાવ્યું છે.

બાલશિક્ષણ સુવર્ણ મહોત્સવ

ભાવનગર ખાતે નવેમ્બર માસની તા. ૧૪ તથા ૧૫મીના રોજ શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર તરફથી યોજાયલા 'બાલશિક્ષણ સુવર્ણ મહોત્સવ' અંગે કાકાસાહેબ કાલેલકર, તારાબહેન મોડક, ગુરુદયાલ મલ્લિક, ડૉલરરાય માંકડ, હરભાઈ ત્રિવેદી, સરલાદેવી સારાભાઈ, રવિશંકર મહારાજ વગેરે અનેક ગુજરાતના કેળવણીકારો તેમ જ આગેવાન સામાજિક કાર્યકરોની સહીઓ સાથેનો નીચે મુજ-બનો પરિપત્ર મળ્યો છે:–

"ગુજરાતમાં કેળવણીના ક્ષેત્રમાં જે કાંઈ પ્રગતિકારક તત્ત્વો જોવા મળે છે તેની પાછળ દક્ષિણામૂર્તિ સંસ્થાનો એક વિશિષ્ટ ફાળો છે. તેમાં બાલશિક્ષણ ક્ષેત્રે આ સંસ્થાએ અને તેમાં પણ સ્વ. ગિજુ-ભાઈએ ગુજરાતમાં જ નહીં, પરંતુ ગુજરાતની બહાર પણ એક નવો યુગ પ્રવર્તાવ્યો. ગુજરાતના એક ખૂણે દક્ષિણામૂર્તિમાં શ્રી ગિજુ-ભાઈએ બાલમંદિરની પ્રવૃત્તિ શરૂ કરી, તે વાતને આજે ૫૦ વર્ષ વીતી ગયાં છે. ગુજરાતના કેળવણીકારો, શિક્ષકો, માબાપો તથા કેળ-વણીના તંત્રવાહકોને બાળકો પ્રત્યેની મોટેરાંઓની દષ્ટિ કેળવવાની તથા જવાબદારી સમજવાની વાત સ્વ. ગિજુભાઈએ જીવનભર કહ્યા જ કરી. એટલું જ નહીં પણ તે માટેના પ્રત્યક્ષ પ્રયોગો કરી બતાવીને, થોકબંધ સાહિત્ય લખીને અને બાલ અધ્યાપન મંદિરો દ્વારા આ દષ્ટિવાળા શિક્ષકો તૈયાર કરીને, બાળશિક્ષણની પ્રવૃત્તિનો પાયો મજબૂત કર્યો.

"આજે ગુજરાત તથા ગુજરાતની બહાર અને આફ્રિકામાં પણ આ પ્રવૃત્તિ વ્યાપેલી છે.

"આ વરસે બાલશિક્ષણના એ નવા યુગના પગરણ મંડાયાને ૫૦ વરસ પૂરાં થાય છે. શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં સ્વ. ગિજુ-ભાઈએ ૨૫ વર્ષ તપ કર્યું અને તેમના સુપુત્ર સદ્‌ગત શ્રી નરેન્દ્ર-ભાઈએ બીજાં ૨૫ વર્ષ એ કાર્યને જીવંત રાખવા પોતાની સર્વ શકિત સતત ખરચી એ આપણા સૌને માટે એક અત્યંત ગૌરવ લેવા જેવી વાત છે. તેની સાથે સાથે શ્રી ગિજુભાઈની અને શ્રી દક્ષિણા-મૂર્તિની રાષ્ટ્રઘડતરની પાયાની આ પ્રવૃત્તિને વધુ વેગવાન બના-વવાની જવાબદારી પણ આપણી જ છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ દેશના વારસદારો–બાળકોના ઘડતર માટે આપણે જેટલું કરી શકીએ તેટલું ઓછું જ છે, એવી ભાવનાથી આ વર્ષ દરમિયાન આપણે આ દિશામાં વિચારવું જોઈએ ને તે અંગેના કાર્યક્રમો યોજવા જોઈએ. શ્રી દક્ષિણા-મૂર્તિ બાલમંદિરનું ઉદ્‌ઘાટન પૂજ્ય કસ્તુરબાના હસ્તે થયું હતું, તે જોતાં ગાંધી શતાબ્દીના આ વરસમાં જ બાલશિક્ષણની અર્ધ-શતાબ્દી ઉજવાય છે એ પણ એક સુયોગ છે.

"આ વરસ દરમિયાન દક્ષિણામૂર્તિ સંસ્થા આ પ્રસંગને અનુ-રૂપ અનેક કાર્યક્રમો ઘડી રહી છે. ગુજરાત તથા ગુજરાત બહાર પણ બાલશિક્ષણની પ્રવૃત્તિ ચલાવી રહેલી અનેક સંસ્થાઓ તથા વ્ય-કિતઓ છે. તેઓ પણ આ કાર્યક્રમોમાં ભાગ લે અને પોતાના

કાર્યપ્રદેશમાં પણ 'બાલશિક્ષણ સુવર્ણ મહોત્સવ'નો કાર્યક્રમ ઉત્સાભેર ઉજવે એવું અમે હૃદયપૂર્વક ઈચ્છીએ છીએ.

"આ સુવર્ણ મહોત્સવ માત્ર દક્ષિણામૂર્તિ બાલમંદિરનો જ નહીં, પણ આપણા સહુનો એક રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતો કાર્યક્રમ ગણીને બૃહદ ગુજરાત અને ભારતમાં સૌ કોઈ સક્રિય સહકાર આપી આ કાર્યક્રમ દ્વારા બાલશિક્ષણની પ્રવૃત્તિને નવા ઉત્સાહથી વધુ ને વધુ વ્યાપક બનાવીને, શ્રી ગિજુભાઈનું જીવનભરનું દાન "નાનાં શરીરોમાં રહેલા મહાન આત્માઓનું હું પળે પળે દર્શન કરું છું." ને મૂર્ત કરવાનો પ્રયત્ન કરીએ."

આ પરિપત્ર સાથે આ સુવર્ણ મહોત્સવ અંગેના નક્કી કરવામાં આવેલા બે દિવસના ભરચક કાર્યક્રમની યાદી મોકલવામાં આવી છે, જે અહિં જગ્યાના અભાવે પ્રગટ કરી શકાય તેમ નથી. તેમાં બાલસાહિત્યકારો, બાલકવિઓ તથા બાલકેળવણીકારોનું સંમેલન, બાલસાહિત્યનું પ્રદર્શન, ૧૦૦ સારાં બાલકાવ્યોનું ધ્વનિમુદ્રણ, પરિચય - પુસ્તિકા–શ્રેણીનું પ્રકાશન, બાળકોના કામોનાં નમૂનાઓનું પ્રદર્શન, બાલઆધ્યાપન મંદિરના જૂના વિદ્યાર્થીઓનું સંમેલન વગેરે અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષણરસિક ભાઈબહેનો આ સુવર્ણ મહોત્સમાં ભાગ લે અને આ સુવર્ણ મહોત્સવને અપેક્ષિત બધી રીતે પાર પડે એવી શુભેચ્છા અને પ્રાર્થના છે.

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિપદે ફરીથી ચૂંટાયેલા કવિવર્ય શ્રી ઉમાશંકર જોષીને હાર્દિક અભિનન્દન

થોડા સમય પહેલાં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિની ચૂંટણી કરવામાં આવી. આ ચૂંટણીમાં એક ઉમેદવાર શ્રી ઉમાશંકર જોષી હતા. બીજા ઉમેદવાર શ્રી નાણાવટી નામના કોઈ કાયદાશાસ્ત્રી હતા. આગળની ચૂંટણીમાં તેઓ શ્રી. મગનભાઈ દેસાઈની હરીફાઈમાં મતદારોની બહુ મોટી સંખ્યાના ટેકાવડે સફળ બન્યા હતા. આ વખતના તેમના હરીફ ઉમેદવારને સત્તારૂઢ કૉંગ્રેસ પક્ષનો ટેકો હતો અને તે કારણે તેમના માટે આ ચૂંટણી ભારે કટોકટીરૂપ નીવડી હતી. એમ છતાં તેમને સફળતા મળી એ તેમની વ્યાપક લોકપ્રિયતાને–ખાસ કરીને શિક્ષણક્ષેત્રે તેમણે અધ્યાપકો અને વિદ્યાર્થી વર્તુળોમાં પ્રાપ્ત કરેલી આદરણીતાને–આભારી છે અને તે માટે તેઓ આપણા હાર્દિક અભિનન્દનના અધિકારી બને છે. આગળની ચૂંટણીના પરિણામે ઉપકુલપતિપદ ઉપર આવ્યા બાદ રાજ્યની દખલગીરીનો સામનો કરીને ગુજરાત યુનિવર્સિટીનો તેમણે જે નિડરતાથી વહીવટ ચલાવ્યો છે તે ધન્યવાદને પાત્ર છે. આ ચૂંટણીમાં સત્તાપક્ષ પક્ષકાર બનીને તેમની વિરુદ્ધમાં ઊભો રહ્યો અને જેને શિક્ષણક્ષેત્ર સાથે કશો સંબંધ નહોતો એવી વ્યકિતનો ટેકેદાર બન્યો એ ખરેખર દુ:ખદ અને કમનસીબ છે. આવી બાબતમાં સત્તારૂઢ પક્ષ કેમ તટસ્થ રહી શકતો નથી એ સમજાતું નથી. ભાઈ ઉમાશંકરની આજ સુધીની ઉજ્જવલ કારકિર્દી સવિવેશેષ ઉજ્જવલ બને અને તેમના હાથે દેશની ખૂબ સેવા થતી રહે એવી શુભેચ્છા!

સૌ. લીલાવતીબહેન કામદારને અનેક ધન્યવાદ

જૈન મહિલાસમાજના સક્રિય કાર્યકર અને તેના મુખપત્ર 'વિકાસ'ના એક તંત્રી તરીકે સૌ. લીલાવતીબહેન કામદાર આપણ સર્વને સુપરિચિત છે. તેઓ બે ત્રણ વર્ષથી પક્ષઘાતની બીમારીથી પીડાય છે અને તેમનું જીવન મોટા ભાગે પથારીવશ બન્યું છે. તેમણે કેટલાક સમય પહેલાં જૈન મહિલા સમાજને બહેનોને શિષ્યવૃત્તિઓ આપવા માટે રૂ. ૭૫૦૦ નું દાન આપ્યું હતું. તાજેતરમાં તેમણે ભગિની સમાજ સેવામંડળ સંચાલિત હરિજન બાળમંદિરને રૂ. ૧૦,૦૦૦ નું દાન આપ્યું છે. આમ માંદગીના બીછાને પડયા પડયા પણ તેઓ સમાજની જ ચિન્તા કર્યા કરે છે, અને તે ચિન્તાની આવાં ઉદાર દાનો વડે સુભગ અભિવ્યકિત થાય છે તે ખરેખર આનંદજનક અને ધન્યવાદને પાત્ર છે અને એટલા જ ધન્યવાદને પાત્ર તેમના પતિ શ્રી ચુનીલાલ કામદારનો સહકાર અને લીલાવતીબહેન વિષેની તેમની સેવાનિષ્ઠા છે.

જૈન સોશિયલ ગ્રુપે યોજેલો કવિ દરબાર

મુંબઈ ખાતે ચાર વર્ષ પહેલાં ઊભી કરવામાં આવેલ 'જૈન સોશિયલ ગ્રુપ' નામની સંસ્થાની પ્રવૃત્તિ સતત વિકસતી રહી છે અને તેની સભ્યસંખ્યા પણ સતત પુષ્ટ બનતી રહી છે. આ સંસ્થાનો આશય છે જૈન સમાજના સુસ્થિત યુવાનોમાં સમૂહમિલન અને સમૂહભોજન દ્વારા એકતાની - ભાઈચારાની - લાગણી સુદઢ કરવી અને સાથે સાથે સંસ્કારપોષક વ્યાખ્યાનો અને મનોરંજન પ્રેરક જલસાઓ ગોઠવવા અને એ રીતે ગમત અને જ્ઞાનનો સુમેળ ઊભો કરવા પ્રયત્ન કરવો. આ હેતુથી જ આ સંસ્થાનું સભ્યલવાજમ પણ ઊંચું રાખવામાં આવ્યું છે.

આ સોશિયલ ગ્રુપના ઉપરોકત ઉદ્દેશ અને હેતુના અનુસંધાનમાં શરદ પૂનમને ખ્યાલમાં રાખીને શરદ પૂનમની આગલી સોહામણી રાતે એટલે કે શુક્રવાર તા. ૨૪-૧૦-૬૯ ના રોજ સાંજના સાત વાગે જૈન સોશિયલ ગ્રુપે કવિ દરબારનો એક વિશેષ કાર્યક્રમ બીરલા ક્રીડા કેન્દ્રના પુષ્પોદ્યાનમાં રાખ્યો હતો, જેમાં નવોદિત કવિઓએ તેમ જ પ્રસિદ્ધ કવિ શ્રી કનુભાઈ દવેએ ભાગ લઈ કવિ દરબારનાં કાર્યક્રમને સંપૂર્ણ સફળ બનાવ્યો હતો. પ્રાધ્યાપક શ્રી બકુલ રાવળે કવિ દરબારનું સંચાલન ઘણું જ રસપ્રદ બનાવ્યું હતું. કવિ ધીરજ વોરાએ રાસ ગાયો ત્યારે ઉપસ્થિત ભાઈ–બહેનો તાનમાં આવી ગયા હતા અને રાસને ખૂબ ઝીલ્યો હતો. અન્ય કવિઓ – શ્રી કૃષ્ણકાંત શુકલ, શ્રી રમાકાન્ત જાની (ગપ્પી), શ્રીમતી સુશીલાબહેન ઝવેરી અને શ્રી મનસુખલાલ ઝવેરી પણ–એમની સુંદર કાવ્યકૃતિઓ દ્વારા સૌના દિલમાં અનેરું સ્થાન પામી ગયા હતા. આ પ્રસંગે મેજીસ્ટ્રેટ શ્રી. એમ. એમ. ધ્રુવ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા.

કવિ દરબારનો કાર્યક્રમ પૂરો થયા બાદ ઉપસ્થિત ૨૦૦ લગભગ ભાઈ-બહેનોએ આ પ્રસંગે ગોઠવવામાં આવેલ સમૂહભોજનમાં ભાગ લીધો હતો. સમૂહ ભોજન પછી પણ રાસગરબાનો કાર્યક્રમ રાત્રીના ૧૧ વાગ્યા સુધી ચાલ્યો હતો. આખું આયોજન ખરેખર સુન્દર અને સુરુચિપૂર્ણ હતું અને તેની સફળતા સોશિયલ ગ્રુપના મંત્રી અને અમારા સંઘના પણ મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહની આયોજનકુશળતાને આભારી હતું. ચોતરફ ભીંસ, અકળામણ અને વ્યાકુળતાભર્યા વાતાવરણમાં આવાં આયોજનો રાહતરૂપ લાગે છે અને ચિત્ત બે ઘડી ચિન્તામુકિત અનુભવે છે. આ સંસ્થા વિષે આપણે એટલી આશા અને અપેક્ષા જરૂર રાખીએ કે તેની પ્રવૃત્તિઓનું પલ્લું આનંદ–મનોરંજન તરફ નહિ પણ સંસ્કારસીંચન તરફ સદા વધારે ઢળતું રહે!

શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામાત્ર શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરાનું અભિવાદન કરવા માટે એક સમારંભ મુંબઈ તથા બહારામની ભિન્નભિન્ન સંસ્થાઓ તરફથી તથા એમના મિત્રો અને શુભેચ્છકો તરફથી તા. ૨૮ મી સપ્ટેમ્બરે તેજપાલ ઑડિટોરિયમમાં શ્રી રતિલાલ નાણાવટીના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો, જે પ્રસંગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વર્તમાન તેમ જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઘણી સારી સંખ્યામાં હાજરી આપી હતી અને તદુપરાંત જૈન સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી, પૂ. મુનિશ્રી યશોવિજયજી, પૂ. સાધ્વીશ્રી મૃગાવતીજી વગેરેના આશીર્વાદ તથા અનેક શુભેચ્છકોના સંદેશાઓ સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં ડૉ. આદિનાથ ઉપાધ્યે, શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી. શાંતીલાલજી જૈન, ડૉ. પ્રાણજીવનદાસ મહેતા, શ્રી રતિલાલ ચી. કોઠારી, શ્રી. જયંતીલાલ રતનચંદ

શાહ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં અને શ્રી. કોરાની સેવાને બિરદાવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત થયેલા સમુદાય સમક્ષ એક મિતભાષી કાર્યકરનું સમુચિત સન્માન. આ રીતે કરવામાં આવ્યું હતું. અને તેમની સેવાની કદર તરીકે રૂા. ૫૧૦૦૦ ની થેલી તેમને અર્પણ કરવામાં આવી હતી.

શ્રી કાન્તિલાલ કોરાએ ત્રણ દાયકા કરતાં વધુ સેવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આપી છે. પૂ. વિજયવલ્લભસૂરિનાં પ્રેરણા અને આશીર્વાદ સાથે સ્થપાયેલી આ સંસ્થાએ જે વિકાસ સાધ્યો છે તેમાં શ્રી કોરાનો પણ મહત્ત્વનો હિસ્સો છે. અન્ય આર્થિક પ્રલોભનોને જતાં કરી, પ્રસિદ્ધિનાં અન્ય ક્ષેત્રો કે પ્રસંગો પણ જતા કરી, એમણે એકનિષ્ઠા અને પ્રમાણિકતાથી પોતાનાં સમય અને શકિત, પોતાનાં જીવનનાં શ્રેષ્ઠતમ વર્ષો શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સમર્પિત કરી દીધાં–એની પાછળ શ્રી. વિજયવલ્લભસૂરિની પ્રેરણા રહેલી છે.

વહીવટી કાર્યક્ષમતા એ શ્રી કોરાની એક આગવી વિશિષ્ટ શકિત છે. જે કાર્ય હાથ ધર્યું તે તેની નાનામાં નાની વિગતો સુધી ચીવટપૂર્વક સારામાં સારી રીતે પાર પાડવું એ એમની ખાસિયત છે. પરિણામે વિદ્યાલય અને એની શાખાઓની અનેક બાબતોનું સંચાલન કાર્યકુશળતાપૂર્વક તેઓ કરતા - કરાવતા રહ્યા છે, અને એથી એ સંસ્થાની પ્રતિષ્ઠા માત્ર જૈન કોમ પૂરતી જ કે માત્ર ગુજરાત પૂરતી જ મર્યાદિત રહી નથી.

સાહિત્ય, કલા, ઈતિહાસ, સંશોધન એ પણ શ્રી કોરાના પ્રિય વિષયો છે અને તેથી વિદ્યાલયના રજતજયંતી ગ્રંથ, સુવર્ણજયંતી ગ્રંથ, શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ, આગમ–ગ્રંથો ઈત્યાદિની લેખન-સામગ્રી, મુદ્રણ, સજાવટ પાછળ પણ એમણે ખૂબ જહેમત ઉઠાવી છે અને એ પ્રકાશનોને મૂલ્યવાન તથા ખ્યાતિવાળાં બનાવ્યાં છે.

શ્રી કોરા સ્વભાવે મિતભાષી છે, પણ જ્યાં હૃદય મળે છે ત્યાં હૃદય ખોલીને વાત પણ કરે છે. એમનાં કાર્યોની પાછળ સેવાની ભાવના પણ સંકળાયેલી છે, અને પ્રસિદ્ધિથી વેગળા અને વેગળા રહેવાની સાચી વૃત્તિને કારણે કાર્યની પૂર્ણતા તરફ એમની શકિત વધુ કેન્દ્રિત રહે છે અને તેથી જ જે કોઈ કાર્ય શ્રી કોરા હાથ ધરે તે ઘણી સારી રીતે અચૂક પાર પડે જ એવી છાપ સમાજમાં યોગ્ય રીતે જ ઊભી થયેલી છે.

સામાજિક ક્ષેત્રે તથા કેળવણીના ક્ષેત્રે શ્રી કોરાએ જે બહુમૂલ્ય સેવા આપી છે તે માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. **પરમાનંદ**

શ્રી વિમલાબહેન ઠકારનો પત્ર

(યુરોપ અને અમેરિકામાં આગળથી ગોઠવાયલા વાર્તાલાપો અને ધ્યાનશિબિરોના કાર્યક્રમ અનુસાર તા. ૨૫-૮-'૬૯ના રોજ અહીંથી યુરોપ તરફ રવાના થયેલાં શ્રી વિમલાબહેન ઠકાર તરફથી મળેલ–ઈંગ્લાંડમાં આવેલા કેમ્બરલીથી તા. ૧૨-૧૦-૬૯ના રોજ હિંદીમાં લખાયલા–પત્રનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ પત્રમાં 'મૌન કે અનુનાદ' એ મથાળા નીચે થોડા સમય પહેલાં પુસ્તકાકારે પ્રગટ થયેલા વિમલાબહેને રચેલાં–થોડાંક કાવ્યોના સંગ્રહનો ઉલ્લેખ છે; તેમના ભાવી કાર્યક્રમની પણ તેમાં સૂચિ છે. અન્તમાં થોડુંક તાત્ત્વિક ચિન્તન છે. પત્રના પ્રારંભમાં ગુજરાતમાં અમદાવાદ ખાતે તેમ જ અન્યત્ર તાજેતરમાં બનેલી પિશાચી દુર્ઘટનાઓ અંગેનું તેમના દિલને વલોવી નાંખતું સંવેદન રજૂ કરવામાં આવ્યું છે. **પરમાનંદ**)

પ્રિય પરમાનંદભાઈ,

આપનો પત્ર મળ્યો. આપ અમદાવાદનાં તોફાનો દરમિયાન ત્યાં ગયા હતા કે નહિ એ વિષે મને ખબર નથી. ગુજરાતનાં તોફાનોના સમાચાર વાંચીને સાંભળીને હું અવાક, સ્તંભિત, લજ્જિત બની ગઈ છું. ગુજરાતની જનતા સૌમ્ય–સ્નિગ્ધ છે. હિન્દુ–મુસલમાનોમાં પરસ્પર શ્રદ્ધા તેમજ નિકટતા ન હોવા છતાં પણ, પંજાબ અથવા બંગાળા જેવા પરસ્પર ઘૃણા અથવા અવિશ્વાસ તો નહોતા જ, ભય પણ નહોતો. આ ઝેર કયારે કેવી રીતે આવ્યું? આટલા મોટા પાયા ઉપર તોફાન, હત્યા, લૂંટફાટ, ટ્રેનો ઉપર હુમલાઓ–આ બધું કેમ બન્યું? શા માટે બન્યું? શા માટે જૈન ધર્મગુરુઓ, ગાંધીવાદી કૉંગ્રેસી નેતાઓ, સર્વોદય શાન્તિસૈનિકો મોટી સંખ્યામાં પ્રતિકાર કરી ન શકયા? પહેલા દિવસે આ બધું રોકી ન શકયા એ વાત સમજમાં આવે છે, પરંતુ બીજે, ત્રીજે, ચોથે દિવસે પણ આ બધું કેમ રોકી ન શકયા? ગાંધી શતાબ્દીનો બહુ સારો ઉપહાર સંસારની સામે આપણે રજૂ કર્યો! ગુજરાતને શું થયું? એમ ન કહો કે સામ્યવાદીઓએ તોફાન કરાવ્યા અથવા ગુંડા લોકોએ લાભ ઊઠાવ્યો? હજાર બારસો માણસો માર્યા જાય છે, સ્ત્રીઓની ઈજ્જત લૂંટવામાં આવે છે, રેલગાડીઓ ઉપર હુમલા થાય છે,–આ બધું સ્થાનિક તત્ત્વો સિવાય બની જ ન શકે. પાકિસ્તાન–તરફી મુસલમાનોએ આ બધું કર્યું એમ કહેતા હો તો તેમનું આટલું મોટું સંગઠન કેવી રીતે થઈ શકયું? તો પછી સરકાર શું કરી રહી હતી? જો એમ કહેતા હો કે જનસંઘે અથવા તો રાષ્ટ્રીય સ્વયંસેવક દળે આ બધું કરાવ્યું તો તેમનું સંગઠન આટલું મોટું કદી પણ હતું જ નહિ. સી. આઈ. ડી. ની કાર્યવાહી ગુજરાતમાં એટલી બધી દુર્બળ છે? અવ્યવસ્થિત છે? મને ખબર પડતી નથી કે એમ કેમ લાગે છે કે આની પાછળ કોઈ એક રાજકીય ચાલ છે. કોઈએ કૂરતા વડે આ બધું કરાવ્યું છે. પ્રભુ કરે ને અસલી ગુનેગારોનો પત્તો લાગે અને તેને સજા મળે!

'મૌન કે અનુનાદ' પ્રસિદ્ધ કરવું પડયું શ્રી ગોપીનાથ કવિરાજના આગ્રહથી. બે ત્રણ વર્ષથી તેઓ મને કહેવરાવ્યા કરતા હતા. આપ જાણો છો કે 'કવિ' હું છું જ નહિ. જે કાંઈ લખી જવાય છે તેને હું 'કવિતા' તરીકે લેખતી નથી. આમ છતાં બાબુજીનો શબ્દ ટાળવાનું શકય ન રહ્યું, ડૉ. હજારીપ્રસાદજી પ્રસ્તાવના લખશે એ પણ અકલ્પિત હતું. એમની જેવા પ્રથિતયશ વ્યકિતએ એક નાના સરખા પ્રયત્નનું સ્વાગત કર્યું એ જોઈને હું આશ્ચર્ય અનુભવું છું.

બે અઠવાડિયાથી ઈંગ્લાંડમાં છું. આ વખતે હોલાંડમાં ત્રણ ધ્યાન શિબિર થઈ અને એક જાહેર પ્રવચનમાળા થઈ. ઈંગ્લાંડમાં આજ સુધીમાં બે ધ્યાનશિબિર થઈ અને બે થવાની છે. નવેમ્બરમાં જીનીવા યુનિવર્સિટીમાં એક પ્રવચનમાળા ગોઠવવામાં આવી છે. ૧૧–૧૬ નવેમ્બરમાં ન્યુ યૉર્કમાં સભાઓ થશે. ત્યાર બાદ એક મહિનો કેલિફોર્નિયામાં રહેવું છે.

રાવસાહેબ પટવર્ધનના અવસાનથી મને ઘણો ધક્કો લાગ્યો છે એ આપનું લખવું બરોબર છે. ગયે વર્ષે મારા સૌથી મોટા આપ્તજન શ્રી તુકડોજી મહારાજ સ્વર્ગવાસી થયા. મોટા એટલે ઉમ્મરમાં મોટા નહિ–સૌથી વધારે નિકટ હતા મહારાજ. આ વર્ષે અમારા રાવસાહેબ ચાલી નીકળ્યા. આપની સહાનુભૂતિ માટે હું કૃતજ્ઞ છું.

ડિસેમ્બરના છેલ્લાં અઠવાડિયામાં ભારત પાછા ફરવાનું વિચાર્યું છે. જવું હતું નેપાળ ૨૦થી ૩૦ ડિસેમ્બર સુધી. પણ હવે તો દિલ્હીથી સીધી અમદાવાદ પહોંચીશ. કેટલોક સમય ગુજરાતમાં ગાળીશ. મારું સ્વાસ્થ્ય ઠીક છે. પરિશ્રમ તથા વિશ્રામનું સંતુલન લગભગ સધાઈ ચૂકયું છે.

'ઈસ પાર' (આ બાજુ)ની આસકિત શાન્ત થવા સાથે 'ઉસ પાર' (પેલી બાજુ) નો ભય શાન્ત થઈ જાય છે. મૃત્યુની નૌકામાં હાથ પકડીને જ્યારે કોઈ આપણને બેસાડી દે ત્યારે આપણે આનંદપૂર્વક તેની ઉપર સવાર થવું જ રહ્યું. સંકોચ, ભય, અથવા તો વિતૃષ્ણાથી અથવા તો ઈહલોકની આસકિતથી મૃત્યુની ક્ષણની પવિત્રતાને લાંછન લગાડવું ન ઘટે. જન્મની ઘડીમાં સાવધાન રહેવું આપણા માટે શકય નથી, પણ મરણની ક્ષણમાં સાવધાન રહી શકીએ–અને આપણે ધારીએ તો રહી શકીએ છીએ–તો કેવું સુન્દર! ભયગ્રસ્ત વ્યકિત મરતી નથી–તેને મારી નાખવામાં આવે છે. નિર્ભય વ્યકિત મોતને આંખથી ઓળખી કાઢે છે અને દરવાજામાંથી સ્વસ્થતાપૂર્વક પસાર થઈ જાય છે. પ્રભુ આપને અભયનું વરદાન આપે! **વિમળાનાં વંદન**

અણુવ્રત પ્રવૃત્તિ

(બેંગ્લોર ખાતે તા. ૧૭-૧૦-૬૯ના રોજ આચાર્ય તુલસીની સાન્નિધ્યમાં શ્રી જયપ્રકાશ નારાયણના પ્રમુખપણા નીચે યોજાયલા વાર્ષિક અણુવ્રત સંમેલનમાં અતિથિવિશેષ તરીકે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આપેલું વ્યાખ્યાન નીચે આપવામાં આવે છે. આ સંમેલનનું ઉદ્‌ઘાટન શ્રી ઉછરંગરાય ઢેબરે કર્યું હતું.–તંત્રી)

અણુવ્રત આંદોલનને ૨૦ વર્ષ ઉપર થયા. આ પ્રવૃત્તિ હું નિહાળતો રહ્યો છું. અને તેના વિકાસથી આનંદ અનુભવું છું. અણુવ્રત જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે. મુનિ માટે મહાવ્રત તો ગૃહસ્થ શ્રાવક માટે અણુવ્રત. પણ અણુવ્રત ધર્મ, માત્ર જૈનો માટે જ નથી, નૈતિક ઉત્થાન ઈચ્છતી દરેક વ્યકિત માટે આ ધર્મ છે એ આચાર્ય શ્રી તુલસીએ બતાવ્યું છે. જૈન ધર્મમાં જ્ઞાતિ જાતિના કોઈ ભેદ નથી. આચાર્ય તુલસીની પ્રખર વિદ્વત્તા, વ્યવસ્થા શકિત અને કાર્ય–કુશળતાથી અણુવ્રત આંદોલન રાષ્ટ્રવ્યાપી બન્યું છે. દેશમાં ચારે તરફ આચાર્યશ્રી વિચરી રહ્યા છે અને સદ્‌ભાગ્યે પ્રજાના બધી કોમ અને જાતિના સર્વ વર્ગોનો અને વિચારકોનો તેમને સાથ અને સહકાર મળી રહ્યો છે. વિદ્યાર્થીઓ, વ્યાપારીઓ, કિસાનો સ્ત્રીઓ અને પુરુષો, રાજકારણી આગેવાનો, સાહિત્યકારો, વિદ્વાનો, શિક્ષકો, વગેરે બધા વર્ગોએ આ પ્રવૃત્તિની ઉપયોગીતા અને જરૂરિયાત સ્વીકારી છે અને કદર કરી છે. આચાર્યશ્રીનો વિશાળ સાધુ-સાધ્વી સમુદાય સારી પેઠે સંગઠિત અને તેમની આજ્ઞાનુવર્તી છે. આ શ્રમણ સંઘમાં આચાર્યશ્રીએ જ્ઞાનની ઉપાસના વ્યાપક અને સર્વ ગ્રાહી બનાવી છે. સારી એવી સંખ્યામાં તેમના સાધુ–સાધ્વીઓ વિદ્વાન અને દાર્શનિક છે. માત્ર જૈનશાસ્ત્રોનું જ અધ્યયન નહિ, પણ ભારતીય અન્ય દર્શનો તેમ જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનના પણ કેટલાક અભ્યાસીઓ છે. વર્તમાન જીવન સમસ્યાઓના ઉકેલમાં ધર્મનું માર્ગદર્શન કેમ ઉપકારક થાય તે તરફ તેમનું લક્ષ્ય છે. એટલે યુગધર્મને ઉપલક્ષી, વર્તમાન પ્રશ્નોની, ધાર્મિક અને નૈતિક દૃષ્ટિએ, આલોચના કરે છે અને માર્ગ સૂચવે છે. આચાર્યશ્રીના આ કાર્યમાં તેમના અનેક વિદ્વાન સાધુ–સાધ્વીઓ, તેમની પ્રેરણાથી, સ્થળે સ્થળે પ્રશસ્ય પ્રવૃત્તિ કરી રહ્યા છે. શિષ્ટ સાહિત્યથી, પ્રત્યક્ષ ઉપદેશથી વિગેરે અનેક રીતે અણુવ્રત વિચારધારાનો પ્રચાર સારા પ્રમાણમાં થઈ રહ્યો છે. જૈન મુનિ તરીકે, તેમનો અને તેમના સાધુ–સાધ્વીગણનો પ્રવાસ પદયાત્રાથી જ થતો હોવાથી, શહેરો અને ગામડાઓમાં બધે જ વિશાળ જન સમુદાયના પ્રત્યક્ષ પરિચયમાં તેમને આવવાનું બને છે.

અણુવ્રત આંદોલન વસ્તુતઃ વ્યકિતગત, અને સામાજિક જીવન વ્યવહારમાં કાંઈક અંશે, નૈતિક ધોરણ જાળવવાનો પ્રયાસ છે. સામાન્યપણે, શિષ્ટ જનો અને આગેવાનોના વર્તનની અસર આમ જનતા ઉપર પડે છે. નૈતિક ધોરણ બાબતમાં, રાજકારણી અથવા અન્ય આગેવાનો કરતાં, ત્યાગી વ્યકિતઓની અસર, કાયમી અને સફળ થાય તે સ્વાભાવિક છે. આ પ્રયાસમાં, વ્યકિતના ચારિત્ર્ય બળની જ અસર થાય. ભારતવર્ષમાં ત્યાગી પુરુષોનું સન્માન થતું રહ્યું છે. આ કારણે, કેટલીક વખત, અંધશ્રદ્ધા અને વેશપૂજા, પ્રજા જીવનમાં આવ્યા છે. પણ એકંદરે, જ્ઞાની અને ચારિત્ર્યશીલ વ્યકિતઓ જ આવી પ્રવૃત્તિને સફળ બનાવી શકશે. તે રીતે આચાર્ય તુલસી અને તેમનો સાધુ–સાધ્વી સમુદાય આ પ્રવૃત્તિને વેગવાન બનાવે તે સર્વથા ઉચિત અને આવકારપાત્ર છે.

એમ માનવામાં આવે છે કે માણસ પ્રકૃત્તિથી સ્વાર્થી છે અને કાયદાના બંધન અથવા બીજા એવા કોઈ બાહ્ય અંકુશ વિના, માણસ પોતાના પરિગ્રહમોહ કે ભોગોપભોગની લાલસાની મર્યાદા સ્વીકારશે નહિ. આ માન્યતા અર્ધ સત્ય છે. માણસમાં રહેલ સદ્‌ભાવના અને સદ્ પ્રત્યેની અભિરુચિ એટલું જ, કદાચ વિશેષ સત્ય છે. વર્તમાન યુગના મહા માનવતાવાદી, અને આવા કાર્યનો જેને વિશાળ અનુભવ હતો એવા ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે કહ્યું છે:

"Our humanity is by no means as materialistic as foolish talk is continually asserting it to be. Judging by what I have learnt about men and women, I am convinced that there is far more in them of idealist Will-power than ever comes to the surface of the world. Just as the water of the streams we see is small in amount, compared to that which flows undergroud, so the idealism which becomes visible is small in amount, compared with what men and women bear locked in their hearts, unreleased or scarcely released. To unbind what is bound, to bring the underground waters to the surface, mankind is working and longing for such as can do that"

"માનવ જાત, મૂર્ખતાપૂર્વક વારંવાર કહેવામાં આવે છે, એટલી સ્વાર્થી કે ભૌતિકવાદી, જરૂર નથી. સ્ત્રીઓ અને પુરુષોના મને જે અનુભવ થયો છે, તે ઉપરથી મને ખાત્રી થઈ છે કે દુનિયામાં દેખાય છે તેનાં કરતાં ઘણી વિશેષ સદ્‌ભાવના, સ્ત્રી-પુરુષોમાં પડી છે. નદીઓનું પાણી જેમ ઉપર હોય છે તેનાં કરતાં ભૂતલમાં અનેક ગણું છે, તેમ મનુષ્યની સદ્‌ભાવના બહાર દેખાય છે તેનાં કરતાં અનેક ગણી તેના હૃદયમાં, વિકસી, અણવિકસી, બંધાયેલી પડી છે. આ બદ્ધ છે તેને વહેતી કરવી, જમીનમાં છે તેને ઉપર લાવવી: આવું કાર્ય કરી શકે તેવી વ્યકિતઓની માનવ જાત આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે." આચાર્ય તુલસી અને તેમના વિદ્વાન, ત્યાગી, સાધુ સાધ્વીઓ આ કાર્ય કરી રહ્યા છે એ સદ્‌ભાગ્ય છે.

વર્તમાન જીવનની વધતી જતી અનૈતિકતા, ભૌતિકતા, અને ધર્મ વિમુખતા વિષે મારે વિશેષ કહેવાનું નથી. જગતના વિચારકો માટે આ ભારે ચિંતાનો વિષય બન્યો છે. તે સાથે, માનવ માનવના વ્યવહારમાં વધતી જતી અસમાનતા, ગરીબાઈ, બેરોજગારી અને અન્યાયી વર્તનને કારણે, હિંસાનું વાતાવરણ વધતું જાય છે. ફરીથી ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરનું એક વચન ટાંકવાનું મને મન થાય છે.

"Two perceptions have cast their shadows over my existence—one consists in my realisation that the world is inexplicably mysterious and full of suffering; the other in the fact that I have been born in a period of spiritual decadence in mankind.

I therefore stand and work in the world as one who aims at making men less shallow and morally better, by making them think."

"મારા જીવન ઉપર બે અનુભવોની ઘેરી છાયા રહી છે. એક, એ કે આ દુનિયામાં અનહદ દુઃખ છે અને તેના રહસ્યનો હું પાર પામી શકતો નથી, બીજું, એ કે હું એવા સમયમાં જન્મ્યો છું કે જ્યારે માનવ જાત આધ્યાત્મિક અવનતિને પંથે છે.

"તેથી આ જગતમાં મેં મારું જીવન સમર્પણ કર્યું છે, એ ધ્યેયની સિદ્ધિ અર્થે કે માણસ પોતાના વિષે ગહનતાથી વિચાર કરે

અને તેમ કરી, ગંભીર ચિંતનથી તેનું નૈતિક જીવન ઊંચું લાવે."

ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે આ શબ્દો લખ્યા હતા પ્રથમ વિશ્વ યુદ્ધ પછી ૧૯૩૧માં જ્યારે જર્મનીમાં હીટલરનો ઉદય થઈ રહ્યો હતો. ત્યાર પછી તો દુનિયાએ ઘણું જોયું. બીજું વિશ્વ યુદ્ધ અને અણુ બૉમ્બ. ડૉ. સ્વાઈત્ઝરે, મહાત્મા ગાંધી પેઠે, એક સાચા કર્મ યોગી તરીકે, માનવસેવામાં પોતાનું દીર્ઘ જીવન વિતાવ્યું.

સંત પરંપરા, મોટે ભાગે, જ્ઞાનની, ભક્તિની અથવા સંન્યાસની રહી છે. કર્મ યોગની નહિ. જીવન વ્યવહારની ગહન સમસ્યાઓ,– જે ડૉ. સ્વાઈત્ઝરને એટલી રહસ્યમય લાગી કે જેનો પાર તે પામી ન શકયા, – અને દુનિયામાં રહેલ અપાર દુઃખ, અન્યાય અને અસમાનતા પ્રત્યે ઉપેક્ષા, અને તેનાથી દૂર રહેવાની વૃત્તિ અથવા કર્મનો પરિપાક માની મુંગે મોઢે સહન કરવાની વૃત્તિ રહી છે. સંતપરંપરા મુખ્યતયા નિવૃત્તિ પ્રધાન રહી છે. તેનાં કેટલાંય કારણો છે. સત્ય અને અહિંસાનું આચરણ વ્યકિતગત જીવનમાં શકય છે પણ સંસારિક વ્યવહારમાં તે શકય નથી એવી એક માન્યતા છે. સામાજિક વ્યવહારમાં સત્ય, અહિંસા દેખાય છે તે જનમત અથવા કાયદાના દબાણથી અથવા સ્વાર્થની સિદ્ધિ માટે એક ઉપયોગી નીતિ તરીકે. ગાંધીજીએ બતાવ્યું છે કે આ માન્યતા પાયામાંથી ખોટી છે. સાધન શુદ્ધિ વિના શુદ્ધ ધ્યેયની સિદ્ધિ થાય નહિ. વ્યકિતગત જીવન અને સામાજિક જીવનની આચાર સંહિતા પરસ્પર વિરોધી હોય તો ઘાતક છે. તેવી જ રીતે અન્યાય અને અનિષ્ટનો પ્રતિકાર મોટે ભાગે હિંસાથી અથવા હિંસા નિર્ભર સાધનોથી – લશ્કર, પોલીસ, કૉર્ટ કચેરી – થતો રહ્યો છે. અન્યાય અને અનિષ્ટને વશ ન થવું. તે સાથે અહિંસક માર્ગે–શાન્તિમય રીતે, તેનો સફળ પ્રતિકાર થઈ શકે છે, તે નવો રાહ દુનિયાને ગાંધીજીએ બતાવ્યો. માર્ટીન લ્યુથર કીંગે આ વિષે સરસ કહ્યું છે: –

"Gandhi was probably the first person in history to lift the ethic of love of Jesus above mere interaction between individuals to a powerful and effective social force on a large scale. It was in this Gandhian emphasis on love and non-violence that I discovered the method for social reform, that I had been seeking for so many months".

"ઈતિહાસમાં ગાંધી કદાચ પ્રથમ વ્યકિત હતા કે જેમણે ક્રાઈસ્ટના પ્રેમનો સંદેશ વ્યકિત વ્યકિત વચ્ચેના આચરણથી ઉપર લાવી મોટા પાયા ઉપર બળવાન અને અસરકારક સામાજિક શકિત પૂરવાર કરી બતાવી. મહિનાઓ થયા, સામાજિક પરિવર્તન માટે હું જે શકિત શોધી રહ્યો હતો તે મને ગાંધીના પ્રેમ અને અહિંસાના સંદેશમાં મળી રહી."

વર્તમાન પરિસ્થિતિમાં, અણુવ્રત આંદોલનની ઘણી જરૂરિયાત છે. ચારે તરફ હિંસા અને વેરઝેરનું વાતાવરણ પ્રસરતું રહ્યું છે. પ્રજામાનસ અસ્થિર અને ઉશ્કેરાયેલ છે. નૈતિક મૂલ્યોનો ઉપહાસ થઈ રહ્યો છે. ગમે તે રીતે, સત્તા અને ધન પ્રાપ્ત કરવા એ જ લક્ષ્ય હોય તેમ પ્રજાજીવન વહી રહ્યું છે. દરેક વર્ગમાં અસંતોષની જ્વાળાઓ ભભૂકી રહી છે અને કોઈ માર્ગ ન સૂઝવાથી, આ અસંતોષ માત્ર વિનાશ કરીને રોષ ઠાલવે છે. માણસમાં રહેલી શુભ ભાવનાઓ દબાઈ ગઈ છે. રાજસત્તા આ પરિસ્થિતિને પહોંચી વળવા અસમર્થ છે. વધારે મજબૂત હાથે એટલે લશ્કર અને પોલીસથી કે વિશેષ કાયદાઓ કરી, કામ કરવું તે સિવાય રાજસત્તા પાસે બીજો ઉપાય કે માર્ગ નથી. પ્રજાના હૃદયને પહોંચવાની શકિત નથી. ગાંધીજીનું સ્વરાજનું સ્વપ્ન એ હતું કે પ્રજાની અને દરેક વ્યકિતની શકિત વધે. આજે રાજસત્તાએ પ્રજાજીવન ઉપર ભરડો લીધો છે અને તેને પરાવલંબી બનાવી છે. રાજ્ય બધું ભલું કરશે Welfare State એમ માની, પ્રજાજીવનના દરેક, ક્ષેત્રમાં, રાજસત્તા સર્વોપરી બનતી જાય છે. ગાંધીજીએ કહ્યું હતું :–

"I hope to demonstrate that real Swaraj will come, not by the acquisition of authority by a few but by the acquisition of capacity by all to resist authority when abused. Swaraj is to be attained by educating the masses to a sense of their capacity to regulate and control authority".

"હું બતાવવા માગું છું કે થોડી વ્યકિતઓને સત્તા મળે તેથી નહિ, પણ સત્તાનો દુરુપયોગ થતો હોય ત્યાં તેનો પ્રતિકાર કરવાની શકિત બધાને મળે, ત્યારે સાચું સ્વરાજ મળ્યું ગણાશે. સાચું સ્વરાજ ત્યારે મળ્યું કહેવાય કે જ્યારે આમજનતા, એવી શકિત કેળવે કે બહારની સત્તાનું, તે નિયમન અને કાબૂ કરી શકે."

આવી લોકશકિત કેળવવી તે અણુવ્રત આંદોલનનું કાર્ય છે. વિનોબાજી ભૂદાન મારફત જે કરી રહ્યા છે, તેવું જ કાર્ય, અણુવ્રત આંદોલન મારફત અન્ય ક્ષેત્રોમાં કરવાનું છે. આ અતિ વિશાળ કાર્યક્ષેત્ર છે.

હું અણુવ્રત આંદોલનને આવકારું છું કારણ કે એક જૈન આચાર્ય, પરંપરાગત પ્રણાલિકાઓ અને માન્યતાઓ છોડીને, લોકકલ્યયાણની પારમાર્થિક પ્રવૃત્તિઓની આગેવાની લે તે માટે હું ગૌરવ અનુભવું છું. આ આંદોલન માત્ર જૈનો પૂરતું નહિ પણ રાષ્ટ્રવ્યાપી છે તે બતાવે છે કે કોઈ પણ સંપ્રદાયના ધર્મગુરુ હોય, પણ તે રાષ્ટ્રીય દષ્ટિ અને સાચી ધાર્મિક ભાવનાથી પ્રેરિત હોય તો, તેમનું કાર્ય ક્ષેત્ર, કોઈ સંપ્રદાયમાં સીમિત રહે જ નહિ. આ આંદોલનને હું એ માટે પણ આવકારું છું કે ગાંધીજીનાં અધુરાં રહેલ અથવા નિષ્ફળ દેખાતા કાર્યને, તે આગળ વધારે છે. આચાર્ય તુલસીએ ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતોનું સમર્થન કર્યું છે એટલું જ નહિ – એ તો કોઈ પણ ધર્મગુરુ કરે જ – પણ તે સિદ્ધાંતોને જીવનવ્યવહારમાં ઉતારવા માટે ગાંધીજીએ જે રચનાત્મક કાર્યક્રમ બતાવ્યો હતો – ખાદી, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતાનિવારણ, દારૂબંધી, રાષ્ટ્રીય એકતા, સર્વ ધર્મ સમભાવ, જાત મહેનત, સાદાઈ, એટલું જ નહિ પણ અન્યાયનો અહિંસક પ્રતિકાર કરવાના મુદ્દાને પણ અણુવ્રત કાર્યક્રમમાં સ્થાન આપ્યું છે. આમ કરવામાં, આચાર્ય તુલસીએ, ગાંધીજીએ અહિંસાનું જે વ્યાપક અને વિધેયક સ્વરૂપ બતાવ્યું છે, તેનું સમર્થન કર્યું છે.

આવા કાર્યક્રમને અમલી બનાવવા ભગીરથ પ્રયત્નો કરવાના રહે છે. આચાર્ય તુલસી અને તેમનો સાધુ સાધ્વી સમુદાય આ કાર્યમાં પોતાની બધી શકિત રેડે તે પ્રજાનું સદ્‌ભાગ્ય છે. આવો મોટો ત્યાગી જ્ઞાની અને ચારિત્ર્યશીલ વર્ગ પ્રજાને તેની નૈતિક અને આધ્યાત્મિક શકિત વિકસાવવા માટે મળે તે, અત્યારના કાંઈક નિરાશામય વાતાવરણમાં આશાનું કિરણ છે. આ કાર્ય, માત્ર પ્રચાર કે ઉપદેશથી સફળ ન થાય. તેના અમલ માટે વ્યવસ્થા, યોગ્ય સંસ્થાઓનું નિર્માણ અને સંચાલન, અને આવા કાર્યમાં રોકાયેલ ભાઈ–બહેનોને સતત માર્ગદર્શન મળતું રહે તે જરૂરનું છે.

મારા વિચારો મેં અતિ સંક્ષેપમાં આપની સમક્ષ રજૂ કર્યા છે. આ વિચારો ટાંચણ રૂપ છે. મને સૂઝયા એવા મુદ્દાઓની વિશેષ-વિચારણા માટે ટૂંકી નોંધ છે. મારા વિચારોમાં અધુરી સમજણ અથવા ભૂલ હોય તો ક્ષમા માગી લઉં છું. મારું આ માત્ર પ્રકટ ચિંતન છે. પણ આ વિષયે કાંઈક વિચાર કર્યો છે તેથી આ તર્કે જે સૂઝયું તે તમારી સમક્ષ રજૂ કરવાની હિમત કરી છે.

ફરીથી આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ચીમનલાલ ચકુભાઈ શાહ

પર્યુષણ વ્યાખ્યાનમાળા : સમાલોચના

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૮-૯-૬૯ થી ૧૬-૧૦-૬૯ સુધી એમ નવ દિવસ યોજાઈ હતી. શ્રી પરમાનંદભાઈની આ પ્રવૃત્તિમાં સ્વાર્થ તેમ જ પરમાર્થ રહ્યો છે. આ વ્યાખ્યાનમાળાની યોજના દ્વારા શ્રી પરમાનંદભાઈનો અંતરાત્મા કશુંક કર્યાનો સંતોષ અને આનંદ અનુભવે છે એમ તેમણે પોતે સ્વીકાર્યું જ છે. પણ આ વ્યાખ્યાનમાળાનું સમાજની દૃષ્ટિએ ઘણું મહત્વ છે. ધર્મભાવનાને અને જીવનભાવનાને વિશુદ્ધ રૂપે જોવી અને સેવવી; પ્રજાના જીવનને ઉચ્ચ સંસ્કારથી સમૃદ્ધ કરવું : આ ધ્યેયને અનુસરીને શ્રી પરમાનંદભાઈ વક્તાઓની પસંદગી કરવા સાથે વિષયની પસંદગી પણ પોતે જ કરે છે–કરી આપે છે. આ વર્ષે માન્યવર **શ્રી મોરારજી દેસાઈએ** શ્રી પરમાનંદભાઈનું નિમંત્રણ સ્વીકાર્યું હતું અને શ્રી પરમાનંદભાઈએ સૂચવેલો વિષય 'જીવનમાંથી હું શું શીખ્યો?' પણ સ્વીકાર્યો હતો. શ્રી મોરારજીભાઈનું સમગ્ર પ્રવચન 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થઈ ગયું છે તેથી તેનું વિગતવાર નિરૂપણ કરવાની જરૂર રહેતી નથી. એટલું જ નોંધવું જોઈએ કે શ્રી મોરારજીભાઈએ જીવનનાં મૂલ્યો ઉપર ખાસ ભાર મૂક્યો હતો: પોતાના અનુભવોમાંથી પોતાની દૃષ્ટિ પણ વિકસતી ગઈ તેનું નિરૂપણ કર્યું હતું.

પ્રા. સુરેશ દલાલનું 'કાવ્યમાં પ્રગટ થતું ગાંધીજીનું વ્યક્તિત્વ' વિષેનું વ્યાખ્યાન પણ 'પ્રબુદ્ધ જીવન'ના છેલ્લા અંકમાં સળંગ રીતે પ્રકાશિત થયું છે તેથી તેની પણ વિગતવાર નોંધ લેવાની આવશ્યકતા નથી. શ્રી સુરેશનું વ્યાખ્યાન ઉચિત અભિગમવાળું અને વિવેચન–પ્રધાન છતાં રોચક શૈલીવાળું હતું: શ્રોતાવર્ગમાંના ઘણાને કાવ્યના સામર્થ્યનો કદાચ પહેલીવાર પરિચય થયો હશે.

મધર થેરિસા (કરુણા): માનવસેવામાં પ્રભુસેવા રહી છે એ સિદ્ધાંતનું પાલન કરવામાં જીવન–સમર્પણ કરનાર મધર થેરિસાએ કલકત્તામાં પોતાના સેવાકેન્દ્રમાં નાતજાતના ભેદભાવ વિના દલિતો, પીડિતો, અપંગ, ભૂખ્યા લોકોને આશ્રય આપીને તેમના જીવનમાં માનવ–પ્રેમના અનુભવનો સંચાર શી રીતે કરાય છે તેનું વાસ્તવિક વર્ણન કર્યું હતું. છેલ્લાં અગિયાર વર્ષમાં બાવીસ હજાર વ્યક્તિઓની સેવા થઈ શકી છે. ભારતમાં એમના તરફથી ૨૮ કેન્દ્રો ચાલે છે. તેમણે કહ્યું કે મારે તમારા હાથ જોઈએ છે–તમારું હૃદય જોઈએ છે: પૈસા તો એની મેળે આવી રહેશે. એમનું ટૂંકું પણ ઋજુતાભર્યું પ્રવચન શ્રોતાવર્ગ ઉપર સારો પ્રભાવ પાડી ગયું.

પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયા (કર્મસિદ્ધાંત): આરંભમાં પ્રા. દલસુખભાઈએ જણાવ્યું કે પ્રાચીન ભારતમાં બધાં દર્શનોએ કર્મસિદ્ધાંત સ્વીકાર્યો હતો છતાં પશ્ચિમના કર્મસિદ્ધાંતની જે સિદ્ધિઓ આજે આપણે જોઈએ છીએ તેવી સિદ્ધિ આપણે મેળવી શક્યા નથી: આજની વ્યાવહારિક પ્રગતિ માટે આપણે પશ્ચિમની સિદ્ધિઓનો આશ્રય લેવો પડે છે. પ્રાચીન ઈતિહાસ ઉપર નજર નાખતાં તેમણે કહ્યું કે ઋગ્વેદના કાળમાં કર્મસિદ્ધાંત આજના કર્મસિદ્ધાંત જેવો હતો; ધન, ધાન્ય, પશુ વગેરેની સમૃદ્ધિ માટે દેવોને પ્રાર્થના કરાતી. બ્રાહ્મણકાળમાં યજ્ઞનું પ્રાધાન્ય થયું અને દેવો ગૌણ બન્યા. ઉપનિષદકાળમાં કર્મ ગૌણ બન્યું–જો કે પુણ્યનું ફળ સુખ અને પાપનું ફળ દુઃખ એવો સિદ્ધાંત સ્પષ્ટપણે સ્વીકારાયો. ઉપનિષદકાળના છેવટના ભાગમાં જગતની ઉત્પત્તિ કાળ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા અથવા અકસ્માત, પંચમહાભૂત વગેરે કોઈ એક કારણમાંથી થઈ છે એવા વાદો પ્રચલિત હતા. બૌદ્ધદર્શને ચિત્તને પ્રાધાન્ય આપ્યું. જૈનદર્શને ચિત્ત સાથે કર્મતત્ત્વને સ્વીકાર્યું. પાછળના સમયમાં ભક્તિમાર્ગે ઈશ્વરતત્ત્વ અને તેના પ્રસાદ (Grace)નો સ્વીકાર કર્યો. સમગ્રપણે જોતાં, આપણો કર્મસિદ્ધાંતની સાથે દૈવનું તત્ત્વ ભળેલું છે. તેથી કદાચ આપણો કર્મસિદ્ધાંત ઐહિક ઉત્કર્ષ સાધવામાં પાશ્ચાત્ય કર્મવાદ જેટલો સફળ થયો નથી.

આચાર્ય યશવન્ત શુક્લ (સ્વધર્મ: પરધર્મ:) માનવજીવન શરૂ થયું ત્યારથી ધર્મ અને વિજ્ઞાન જન્મ્યાં છે. ધર્મનો ઉદ્‌ગમ ભયની વૃત્તિમાંથી થયો છે એમ કેટલાક માને છે પણ ભયમાંથી નહીં પણ ભયની સામે રક્ષણ કરવાની વૃત્તિમાંથી ધર્મનો–ધારણ કરનારનો–ઉદ્‌ભવ થયો છે એમ કહેવું વધારે યોગ્ય ગણાય. પછી તો ધર્મના અનેક પ્રકારો અને વાડાઓ અસ્તિત્વમાં આવ્યા અને ધર્મને નામે જ સંઘર્ષ અને વિરોધ ઊભા થયા. સ્વધર્મ–મારો ધર્મ–સાચો, પારકો, નહિ: એ વૃત્તિએ કેટલી હિંસા જન્માવી છે? સાચી દૃષ્ટિએ જોઈએ તો અનેક ધર્મો એકબીજાના પૂરક અને સંશોધક (corrective) બની શકે, અને પરધર્મના દર્શનમાં સહાયભૂત બને–વિશ્વધર્મને શક્ય બનાવે. સ્વધર્મનો સાચો અર્થ તો છે દરેકે દરેક વ્યક્તિનો સ્વભાવગત–પ્રકૃતિજન્ય–ધર્મ. પોતાના ધર્મને–પોતાની જાતને–સમજે અને બીજાને પણ સ્વધર્મ છે એમ સ્વીકારે, સર્વધર્મસમભાવ સ્વીકારે એ સાચા ધર્મનું લક્ષણ છે. આવી ધર્મવૃત્તિમાંથી વિશ્વધર્મની ઉત્પત્તિ થઈ શકે.

શ્રી સાહુ મોડક (સમગ્ર જીવનદર્શન અને પુનર્નિર્માણ): વિશ્વમાં જે સમસ્યા છે તે પદાર્થોની નથી, માનવની છે. માનવમાં સંઘર્ષ અને વિરોધની વૃત્તિ ઉત્પન્ન થાય છે અને જીવનસંગ્રામ જાગે છે. માનવની ત્રણ સ્થિતિ છે: વિચારની, કર્મની અને ભાવનાની. આ ત્રણેય ક્ષેત્રમાં માનવનો અહમ્ પ્રવેશ કરે છે અને ભેદ ઉત્પન્ન કરે છે. જીવનને સમગ્રપણે જોવું અને વ્યવસ્થિત કરવું એ આપણું કર્તવ્ય છે. ધર્મપ્રેમી અને સંસ્કારપ્રેમી વ્યક્તિઓ દેશેદેશમાં હોય છે. તે સહુ નિશ્ચયપૂર્વક સમગ્ર જીવનદર્શનની સાધના કરે અને પ્રચાર કરે તો સમાજની ઉન્નતિ થાય. શ્રી મોડકનાં પત્નીએ પણ શ્રી મોડકના વિચારનું સમર્થન કર્યું હતું. જૈન હોય તેને ભેદ હોય નહીં છતાં કેટલા વાડાઓ રચાયા છે? માનવની સમસ્યા ઉકેલવા માટે સમન્વય અને સમગ્રતાવાળું દર્શન આવશ્યક છે.

શ્રી પૂર્ણિમા પકવાસા (ચૈતન્યશક્તિ અને નારીજીવન): વિશ્વભરમાં સ્વયંજ્યોતિ અને અનન્તશક્તિવાળી ચૈતન્યશક્તિ વિલસી રહી છે. જગતમાં ત્રણ તત્ત્વો નજરે આવે છે: ચૈતન્યતત્ત્વ, જડતત્ત્વ અને વિચાર–કર્મનું તત્ત્વ. જડતત્ત્વ ચૈતન્યના આધાર વિના પ્રવૃત્તિ કરી શકતું નથી અને ચૈતન્ય પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ રૂપનું હોવા છતાં જડતત્ત્વ દ્વારા જ વ્યક્ત થાય છે. જીવનમાં જે ભેદ અને વૈષમ્ય આવે છે તે વિચાર અને કર્મદ્વારા. ચૈતન્ય અહમ્‌નો આકાર ધારણ કરે છે ત્યારે ઘર્ષણ અને વિરોધ પેદા થાય છે, અશાન્તિ જન્મે છે. પરમશાન્તિનો અનુભવ સંતો અને મહર્ષિઓએ કર્યો છે: તેની પ્રાપ્તિ માટે તેમણે અનેક માર્ગો પણ બતાવ્યા છે. આપણે પણ એ શાન્તિનો અનુભવ કરી શકીએ. આ બે રીતે કરી શકાય: એક તો આપણે વિચાર–શૃંખલામાંથી કોઈ એક વિચારને પકડી લઈને તેના મૂળ તરફ વળીએ અને તેના ઉદ્‌ગમસ્થાન સુધી પહોંચીએ તો આપોઆપ મનની શાન્તિનો અનુભવ થાય. અથવા તો, કોઈ એક વિચાર ઉપર જ મનને કેન્દ્રિત કરીએ–ધ્યાન કરીએ. આવો પ્રયોગ કરવાથી થોડા સમયમાં જ શાન્તિનો અનુભવ થશે; નવી તાઝગી, નવી સ્ફૂર્તિ અનુભવાશે. આગળ ચાલતાં તેમણે કહ્યું કે જીવનમાં સ્ત્રીનું સ્થાન કેન્દ્રભૂત છે–પત્ની તરીકે અને માતા તરીકે. સ્ત્રીમાં શાન્તિની અને સ્થિરતાની માત્રા પુરુષ કરતાં વધારે છે. આજે સમાજ અસ્તવ્યસ્ત થઈ ગયો છે અને બાળકોમાં ગેરશિસ્ત ફૂલીફાલી છે તેનું કારણ સ્ત્રીશક્તિના વિકાસનો અભાવ છે. સ્ત્રીમાં ઋતંભરાપ્રજ્ઞાનો વિકાસ થાય તો સમગ્ર પરિવાર ઉપર તેનો પ્રભાવ પડે અને સમાજ વ્યવસ્થિત બને.

શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ (ગાંધીજી): ગાંધીજન્મશતાબ્દીના આ વર્ષમાં ગાંધીજી વિષે વિચારીએ તે યોગ્ય જ ગણાય.

ગાંધીજીને પૂરેપૂરી રીતે સમજવાનું કામ મુશ્કેલ છે. એકબાજુથી તે પોતાને સનાતની હિન્દુ કહેતા, ઈશ્વરમાં અને આત્મામાં શ્રદ્ધા રાખતા, 'રામરાજ્ય' જેવા પ્રાચીન શબ્દપ્રયોગ પણ કરતા; તો બીજી બાજુ, ગાંધીજી આધુનિકોમાં પણ આધુનિક Modern of Moderns હતા. ગ્રામોદ્ધાર, સ્ત્રીકેળવણી, અસ્પૃશ્યતા-નિવારણ વગેરે દ્વારા સામાજિક, આર્થિક અને રાજકીય પ્રગતિનો પુરસ્કાર કરતા હતા. સત્ય એ જ ઈશ્વર એમ તે માનતા અને આ ભાવનાના વ્યાપક અર્થમાં અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરેનો આપોઆપ સમાવેશ થઈ જતો. ગાંધીજી કેવળ વિચાર અને વાણીમાં સત્યને સમાવી દેવાને બદલે સત્યને જીવનમાં-આચારમાં-ઊતારવાનો આગ્રહ રાખતા-પોતાના સમગ્ર જીવનને સત્યના પ્રયોગની પરંપરા તરીકે તેણે વર્ણવ્યું છે.

આજે યુરોપ અને અમેરિકાના વિચારકો પણ સ્વીકારતા થયા છે કે માનવનો સર્વનાશ નોતરવો ન હોય તો ગાંધીજીએ ચીંધેલા અહિંસાના માર્ગ સિવાય બીજો ઉપાય નથી. ગાંધીજીએ અહિંસાના પરંપરાથી ચાલતા આવેલા સ્વરૂપને વિકસાવ્યું: સાચી અહિંસા નિષ્ફળ જાય નહીં એમ દઢ માન્યતા રજૂ કરી; વૈયક્તિક અહિંસાને સામૂહિક ક્ષેત્રમાં યોજવાની શક્યતા બતાવી આપી અને અનિષ્ટ Evil નો પ્રતિકાર અહિંસાથી પણ થઈ શકે અને તેજ સાચો પ્રતીકાર છે એમ સિદ્ધ કર્યું. ગાંધીજીના જીવનના કેટલાક પ્રસંગોના ઉલ્લેખ દ્વારા શ્રી ચીમનભાઈએ પોતાનું વકતવ્ય સ્પષ્ટ કર્યું હતું.

શ્રી રોહિત મહેતા (સ્યાદ્‌વાદનું જીવનદર્શન): સ્યાદ્‌વાદ જૈન દર્શનનું મહાન અર્પણ છે; તેની ઉપયોગિતા આજના વૈજ્ઞાનિક જમાનામાં પણ ઓછી નથી. સ્યાદ્‌વાદનું પરંપરાગત સ્વરૂપ સમજવા માટે જૈનદર્શનની ભૂમિકા સમજવી આવશ્યક છે. જૈનદર્શનમાં બે પ્રધાનતત્ત્વો છે: અહિંસા અને અપરિગ્રહ. વ્યાપક અર્થમાં અહિંસા અપરિગ્રહ વિના શક્ય નથી. પણ અપરિગ્રહ એટલે કે વસ્તુનો અપરિગ્રહ નહીં પણ વિષયનો અપરિગ્રહ. વિષય એટલે વસ્તુ પ્રત્યે વ્યક્તિના રાગદ્વેષાદિકથી યોજાયેલો અભિગમ. આપણે વસ્તુનું નિરપેક્ષ રૂપ જોઈ શકતા નથી. આપણે વસ્તુનું ઈન્દ્રિયોદ્વારા નહીં પણ મનદ્વારા ગ્રહણ કરીએ છીએ-અમુક માનસિક દૃષ્ટિબિન્દુથી તેને જોઈએ છીએ. અહીં પરિગ્રહનો આરંભ થાય છે: આમાંથી જ જીવનના કલેશો અને સંઘર્ષો જન્મે છે. જીવનમાં અનેક દૃષ્ટિબિન્દુઓ હોય પણ યથાર્થ સત્ય તો એ બધાથી નિરાળું છે. રજ્જુસર્પન્યાય દ્વારા સ્યાદ્‌વાદને સવિશેષ રૂપે સમજી શકાય. એક Swiss વિદ્વાને કહ્યું છે: It is the scale of obsenvation which creates phemomena. વિજ્ઞાન ભૌતિક જગતને સમજવાનો પ્રયત્ન કરે છે પણ તેની સિદ્ધિઓ જગતના સ્વરૂપને વધારે ગૂઢ-રહસ્યમય-બનાવે છે. વૈજ્ઞાનિક પ્રગતિએ માનવ-માનસના પ્રશ્નોને વધારે જટિલ બનાવ્યા છે. આપણે વસ્તુને અનેક દૃષ્ટિબિન્દુથી જોઈએ તો તે સર્વાંગીણ દર્શન બને-સમગ્ર દર્શન ન બને. સમગ્રતાનું પરિમાણ તદ્દન ભિન્ન છે. મનમાંથી બધાં દૃષ્ટિબિન્દુઓને કાઢી નાખીએ, રાગદ્વેષનો અપરિગ્રહ કરીએ તો મન કોઈક અપાર્થિવ શાન્તિનો અનુભવ કરે છે-સમગ્રનું દર્શન કરે છે. આવું સમગ્રનું દર્શન જીવનમાત્રને અભિનવરૂપે જુએ છે-ત્યાં ભેદ નથી, કલેશ નથી, સંઘર્ષ નથી. સ્યાદ્‌વાદ આજના યુગમાં માનસિક સાપેક્ષતાનો માર્ગ દર્શાવીને મતાગ્રહ-ધર્માગ્રહ-છોડાવે છે.

ફાધર વાલેસ: (કુટુમ્બભાવના): પોતાના પહેલા પ્રવચનનો આરંભ કરતાં ફાધર વાલેસે કહ્યું કે પોતાની માતાની માંદગીને કારણે બે મહિના યુરોપમાં કુટુમ્બની વચ્ચે રહેવાની તક મળી અને કુટુમ્બ-જીવનનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. કુટુમ્બજીવન સ્વાર્થનિવારણ કરી અન્યની કાળજી રાખવાની ભાવના કેળવે છે; પોતાનું દુઃખ કે અગવડ-સગવડ સહન કરી લઈને કુટુમ્બીજનોનાં સુખ-સગવડ તરફ વધારે લક્ષ અપાવે છે; માતાપિતા, ભાઈભાંડુ વગેરેનાં વર્તન અને સદ્‌ભાવથી પ્રેરણા અર્પે છે; બાળકોના માનસને સાચા સંસ્કાર સિંચે છે અને સવિશેષ તો પ્રેમની ભાવના ખીલવે છે અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા જન્માવે છે. આ બધા મુદ્દાઓનું અનેક પ્રસંગોના ઉલ્લેખથી તેમણે સમર્થન કર્યું હતું. પોતે માતા પાસેથી નીકળીને બીજે દિવસ અમદાવાદ પહોંચ્યા ત્યારે માતાએ પાંચ દિવસ પહેલાં લખીને રવાના કરેલો પત્ર તેમની રાહ જોતો હતો! ફાધર વાલેસે માતૃહૃદયનાં વાત્સલ્ય અને ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધાથી નીતરતો એ પત્ર સભા સમક્ષ વાંચ્યો હતો.

ફાધર વાલેસનું બીજું વ્યાખ્યાન હતું 'ગાંધીજી મારી નજરે' ઉપર. ગાંધીજીની આત્મકથા ઉપરાંત ગાંધીજીની અત્યન્ત બહોળી લખાણ સામગ્રીને આધારે તેમ જ કાકાસાહેબ કાલેલકર જેવી વ્યક્તિઓ પાસેથી મેળવેલી કેટલીક માહિતીને આધારે વ્યાખ્યાન થયું હતું. સામાન્ય વિદ્યાર્થીમાંથી જગદ્‌વંદ્ય વ્યક્તિત્વની કોટિએ જે ગુણોને લીધે ગાંધીજી પહોંચ્યા તેનું નિરૂપણ કર્યું હતું. ગાંધીજી સાચા શિક્ષક હતા, પારેખ હતી, પ્રેરણામૂર્તિ હતા, વાત્સલ્યનિર્ઝર હતા: આ અને આવા ગુણોને અભિવ્યક્ત કરતા ગાંધીજીના જીવનપ્રસંગો ટાંકીને પોતા ઉપર ગાંધીજીના વ્યક્તિત્વે કયા પ્રકારની છાપ મૂકી હતી તે દર્શાવ્યું હતું.

ફાધર વાલેસના વક્તવ્યનું જેટલું ગૌરવ હોય છે તેટલું ગૌરવ તેની વિશિષ્ટ પ્રવચનશૈલીનું હોય છે. કાવ્યનો સાર આપીએ અને 'કાવ્ય' કથળી જાય તેવી રીતે આ સંક્ષેપ પણ તેના 'પ્રવચન' ને કથળાવી નાખે છે એમ કહેવું જોઈએ. પ્રવચનનો પૂરેપૂરો આસ્વાદ માણવો હોય તો ફાધર વાલેસને પ્રત્યક્ષ સાંભળવા જોઈએ.

શ્રી શ્રીદેવીબહેન મહેતા ('જાગી અનુભવપ્રીત'): આરંભમાં શ્રી પરમાનંદભાઈ તરફથી મોતીચંદ ગીરધરલાલ કાપડિયા સંપાદિત આનન્દઘનની કૃતિઓનું પુસ્તક (બે ભાગ) ગયે વરસે તેમને ભેટ મળ્યું તેનો નિર્દેશ કર્યો. પદો વાંચવાનું શરૂ કર્યું અને સમજાતું ગયું કે આનંદઘનનાં પદોમાં કવિતા અને જ્ઞાન બંને સાથે વણેલાં છે. શ્રીદેવીબહેને આનંદઘનના જીવનની થોડીક માહિતી આપ્યા પછી તેનાં પદો વિષે કહ્યું કે આનંદઘનની વિશિષ્ટતા એ છે કે તે પાત્રો યોજે છે, ચિત્રો ઊભાં કરે છે અને સ-રસ વર્ણનો આપે છે. લોકગીતના પ્રકારને મળતા એક પદના ગાનથી શરૂ કરીને પરમ દર્શનની ખુમારી સુધીની દશાઓને નિરૂપતાં કેટલાંક પદો ગાયાં હતાં. વિવરણ કરતાં કાવ્યનો આસ્વાદ વધારે અપાય એવી શ્રીદેવી બહેનની ઈચ્છા હોવા છતાં પંક્તિઓના અર્થનું વિવરણ તેમને આકર્ષતું રહ્યું હતું. કીર્તનશૈલીનું એક સુંદર વ્યાખ્યાન.

ગૌરીપ્રસાદ ચુ. ઝાલા

પૂરવણી

(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ત્રણ દિવસ શ્રી ઝાલાસાહેબ બહારગામ ગયા હતા, તેમની ગેરહાજરીમાં વ્યાખ્યાનોનું અધ્યક્ષ-સ્થાન ડૉ. રમણભાઈ ચી. શાહે શોભાવ્યું હતું. એ જ દિવસે પ્રારંભમાં 'નવકારમંત્ર' ઉપર એમનું પોતાનું વ્યાખ્યાન હતું. જેમાં એમણે 'નવકારમંત્ર'ની વિશેષતાઓ ભિન્નભિન્ન દૃષ્ટિકોણથી બતાવી હતી. એ ત્રણ દિવસના અન્ય વકતાઓએ આપેલાં વ્યાખ્યાનોની ટૂંકી નોંધ એમણે લખી આપી છે જે નીચે મુજબ છે. **તંત્રી**)

પ્રસિદ્ધ કવિ, વકતા અને કીર્તનકાર **શ્રી કરસનદાસ માણેકે** 'ઈશાવાસ્યમિદં સર્વમ્' એ વિષય પર અસ્ખલિત વાણીમાં પ્રેરક અને ઉદ્‌બોધક વ્યાખ્યાન આપ્યું. મહાભારત એ શ્રી માણેકના રસનો વિષય છે અને એમાંથી ભિન્ન ભિન્ન પ્રસંગોને વર્તમાન સંદર્ભમાં રજૂ કરી, વર્તમાન રાજકીય, સામાજિક, ધાર્મિક ઈત્યાદિ પરિસ્થિતિ સાથે તેનું સામ્યવૈષમ્ય દર્શાવી, કયારેક હળવી રીતે તો કયારેક ગંભીર રીતે એના પર કટાક્ષપ્રહાર કરતા જઈ પોતાના મૂળ વક્તવ્યને શ્રોતાઓના ચિત્તમાં રોચક શૈલીએ ઉતારવાની કળા

શ્રી માણેકને કેવી હસ્તગત છે તે એમના વ્યાખ્યાનમાં જોઈ શકાતું હતું.

શ્રીમતી નીરાબહેન દેસાઈ: સમાજશાસ્ત્રનાં પ્રાધ્યાપિકા છે. એમણે 'પલટાતાં જીવન મૂલ્યો' એ વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપતાં વર્તમાન સમયમાં આપણે ત્યાં તથા વિદેશમાં પણ કુટુંબ ભાવના, સ્ત્રીકેળવણી સ્ત્રી–પુરુષ સંબંધ ઈત્યાદિ વિવિધ સામાજિક વિષયોની બાબતમાં મૂલ્યો કેવાં બદલાતાં જાય છે તે પ્રસંગો ટાંકીને દર્શાવ્યું.

શ્રીમતી મૃણાલિનીબહેન દેસાઈએ, પોતે મરાઠીભાષી હોવા છતાં સ્વાભાવિક ગુજરાતીમાં કસ્તુરબાના જીવનમાંથી વિવિધ પરિચિત – અલ્પપરિચિત પ્રસંગો વર્ણવીને કસ્તુરબાના અસાધારણ વ્યક્તિત્વને શ્રોતાઓ સમક્ષ પ્રત્યક્ષ કર્યું. એમણે વર્ણવેલા કેટલાક પ્રસંગો તો એટલા હૃદયસ્પર્શી હતા અને એની રજુઆત પણ એવી સચોટ હતી કે જેણે શ્રોતાઓને ગળગળા બનાવી દીધા.

શ્રીમતી હર્ષિદાબહેન પંડિત માનસશાસ્ત્રનાં પ્રાધ્યાપિકા છે. 'આજનો રોગગ્રસ્ત માનવી' એ વિષય પર બોલતાં એમણે સમાજમાં કેવા કેવા પ્રકારના માનસિક રોગો હોય છે તેનું વર્ગીકરણ–પૃથક્કરણ કરી બતાવી તેના મૂળમાં રહેલી કઈ કઈ અને કેવી કેવી ગ્રંથિઓ હોય છે તે પ્રસંગો સાથે અભ્યાસપૂર્ણ રીતે દર્શાવ્યું.

વર્તમાન સમયમાં જૈન મુનિઓમાં બૌદ્ધધર્મગ્રંથોના પ્રખર અભ્યાસીઓમાં **મુનિશ્રી નગરરાજજીનું** સ્થાન મહત્ત્વનું છે. એમણે ભગવાન બુદ્ધ અને મહાવીરના સમયનો ઐતિહાસિક ચિતાર ખડો કરીને એ બંનેમાં કેટલું બધું સામ્ય રહેલું છે તે દર્શાવ્યું અને સંશોધનની દિશામાં કેટલ'ક નવા તર્કો પણ થઈ શકે તેમ છે તેનો નિર્દેશ કર્યો. એમનું વ્યાખ્યાન વિદ્વદ્‌ભોગ્ય વિશેષ રહ્યું.

રમણલાલ સી. શાહ

બે યુવાન પર્વતારોહકની રોમાંચક આરોહણકથા–૪

(ગતાંકથી ચાલુ)

બીજા દિવસથી અમારી Ice-Craft & Glaciar Craft ની તાલીમ શરૂ થતી હતી. એમાં અમને સખત બરફના પહાડ પર અને ગ્લેશિયર ઉપર કેવી રીતે ચાલવું અને ચઢવું એ શીખવવામાં આવનાર હતું. એટલે તે દિવસે સાંજે અમને Crampon આપવામાં આવ્યા, જે ખીલાવાળી ચીજને બૂટની નીચે બાંધવામાં આવે છે એને Crampon કહેવામાં આવે છે. તે દિવસે સાંજે જ્યારે હું બહાર એક પથ્થર પર બેઠો બેઠો કુદરતનું સૌન્દર્ય નિહાળતો હતો ત્યારે મનમાં એટલો બધો આનંદ અને સંતોષ થયો હતો કે જેવો પહેલા મને ક્યારેય નહોતો થયો. તે વખતે ધીરે ધીરે નીચેની ખીણમાંથી વાદળો અને ધુમ્મસ ઉપર ચડી આવ્યા અને થોડી વારમાં નજર સામેના સૌન્દર્યને ગળી ગયા. જે બરફનાં શિખરો દેખાતાં હતાં એ બધાં અદશ્ય થઈ ગયાં.

બીજે દિવસે સવારે જ્યારે ઊઠયાં ત્યારે આકાશ ખૂબ જ સાફ હતું અને આજુબાજુના ગંગોત્રી, ૧, ૨ અને ૩ શિખરો તથા બીજા ૧૯૦૦૦ થી ૨૦૦૦૦ ફીટ ઊંચા શિખરો એટલા પાસે લાગતાં કે અમને માનવામાં નહોતું આવતું કે તે અમારાથી ૬૦૦૦ થી ૭૦૦૦ ફૂટ ઊંચા હશે.

અમે તૈયાર થઈ ખભા પર Crampons લટકાવી Gangotri-Glacier પર જવા નીકળ્યા. તડકાને કારણે ગરમી ઠીક ઠીક લાગતી હતી. ગ્લેશિયર ૧૬૦૦૦ ફીટ પર આવ્યું છે. એટલે અમે લગભગ પોણા કલાકમાં ત્યાં પહોંચી ગયા અને Crampons પહેરીને તૈયાર થઈ ગયા.

તે દિવસે અમને Crampons પહેરીને સખત બરફ પર કેવી રીતે ચડવું અને ઊતરવું એ શીખવવામાં આવ્યું. પગમાં ખીલા હોવા છતાં પણ સખત બરફ હોવાને કારણે પગ ઊંચકી ને પછાડીએ તો જ બરાબર પકડ આવતી. એ ઉપરાંત જો ખીલા જરા પણ ઢીલા બાંધ્યા હોય તો ગમે તે જગ્યાએ ગમે ત્યારે નીકળી જવાનો બહુ જ સંભવ અને ભય રહેતો. Glacier પર અમને નાની નાની ટુકડીઓમાં વહેંચી નાખવામાં આવ્યા અને ટુકડીના દરેક સભ્યોની કમ્મર પર દોરડાં બાંધવામાં આવ્યા. એ ઉપરાંત દોરડા પર જે સૌથી આગળ હોય તેને દરેક પગલે પોતાની Ice-Axe થી બરફ તપાસવો પડતો, કારણકે ગમે તે જગ્યાએ ૧૦૦ થી ૨૦૦ ફૂટ ઊંડી તરાડો હોવાનો સંભવ રહેતો હતો અને જો એમાં એક પણ જણ પડે તો બીજા તેને દોરડાથી બચાવવા માટે તૈયાર રહેતા. ધીરે ધીરે અમે બધા ગ્લેશિયર ઉપર લગભગ ૧૭૦૦૦ ફૂટ સુધી જઈ આવ્યા. ઊતરતી વખતે બહુ જ સંભાળવું પડતું, કારણ કે જો ટુકડીમાં એક પણ લસરે તો બધાને લઈને નીચે પહોંચે. મારી ટુકડીમાં એક જણને લીધે અમે ત્રણે જણા લગભગ ૫૦૦ ફૂટ સુધી લસરતા લસરતા નીચે પહોંચી ગયા. તે દિવસે તો ખૂબ જ થાકીને અમે કેમ્પ પર પાછા પહોંચ્યા.

બીજે દિવસે અમને Step-Cutting શીખવવામાં આવ્યું; જો પહાડ ખૂબ જ Steep હોય તો Ice-Axe થી જરૂર મુજબ પગથિયાં ખોદવા પડે અને પછી જ ઉપર જવાય. એ દિવસ તો અમારો ઘણો સારો ગયો. કોઈ ખાસ થાકયું નહીં, પણ બધાંને હાથમાં છાલાં પડી ગયાં. પગથિયાં બનાવતી વખતે ગમે તેટલી ઠંડી હોય તો પણ હાથમાં મોજા પહેરીને કામ નહીં કરવાનું એવું અમને કહેવામાં આવ્યું હતું.

ત્રીજે દિવસે અમને Repelling તથા Crevasse Rescue શીખવવામાં આવ્યાં. જેમ પથ્થર પર Repelling કરીને ઝડપથી અને Safetyથી નીચે ઊતરાય તેમ જ બરફ પરથી પણ ઊતરી શકાય. Crevasse Rescue જો કોઈ ગ્લેશિયરની તરાડમાં પડી જાય તો તેને બચાવવા માટે વાપરવામાં આવે છે.

ચોથે દિવસે બીજી નાની મોટી તાલિમ પતાવીને અમારું એક જ કામ બાકી રહ્યું અને એ હતું રૂદ્રગૈરા શીખર સર કરવાનું, જેની ઊંચાઈ લગભગ ૧૯૧૦૦ ફૂટ છે. આ દિવસ તારીખ ૨૦ મી જૂનનો હતો અને આ છેલ્લી કસોટી એ દિવસે થવાની હતી. આગલે દિવસે અમને બધી Instructions આપવામાં આવી. આ દિવસે સવારે ૪ વાગે ઊઠીને કામે લાગવાનું હતું. સવારે વધારે કામ ન કરવું પડે એટલે બધાં જોઈતાં કપડાં, મોજાં વગેરે પહેરીને જ અમે Sleeping Bag માં ઘૂસ્યા. સવારને માટે ફકત બૂટ જ પહેરવાના રાખ્યા હતા. સૂતા પહેલાં ઘણા ઘણા વિચારો આવ્યા. સૌથી પહેલો તો વિચાર ઉપર પહોંચાશે કે નહીં એનો આવતો હતો; કારણકે અમારે ૧૫૦૦૦ થી ૧૯૧૦૦ ફૂટ એટલે કે ૪૧૦૦ ફૂટ ચડવાના હતા અને એ ઊંચાઈએ એક દિવસમાં ૪૦૦૦ ફૂટ ચડવા એ ઘણી જ અઘરી બાબત છે.

સવારે ૩-૩૦ વાગે Bed-Tea આપવામાં આવી. એ પીને બૂટ પહેરીને અમે તંબૂની બહાર નીકળ્યા. બહાર સારી એવી ઠંડી હતી. થોડી વારમાં બધા ભેગા થયા. શરૂઆતમાં પાંચ જણાએ તબિયત ખરાબ હોવાને કારણે આવવાની ના પાડી. અમને Juice નાં ડબ્બાઓ, મેવો, ચોકલેટો તથા બિસ્કીટ આપવામાં આવ્યા, જે અમે અમારા Wind-Proof Suitના મોટા ખિસ્સાઓમાં ભરી દીધા.

શરૂઆતમાં તો અમારો ચડવાનો વેગ ઘણો હતો, અને પહેલા ૧૦૦૦ ફૂટ અમે ફકત ૪૦ મિનિટમાં પતાવ્યા. અહીં પહેલો વિશ્રામ લીધો. અજવાળું ઠીક ઠીક થઈ ગયેલું અને દૂર દૂરનાં શિખરો પણ દેખાવા માંડયાં હતાં.

અહીંથી બીજા બે ત્રણ જણા પાછા ફરી ગયા, તેમની તબિયતના કારણે.

હવે બરફ શરૂ થઈ ગયો હતો, પણ તે સખત ન હોવાને કારણે Crampons ની જરૂર નહોતી. પોચા બરફમાં તો અમને આપેલા લગભગ અઢી અઢી કિલોના બૂટની એક લાતથી સરસ મજાનું પગથિયું થઈ જતું. ધીરે ધીરે અમે જેમ ચઢતા ગયા તેમ

થોડા થોડા પાછા ફરતા ગયાં. અંતે તો શિખર ફક્ત ૨૦૦ ફૂટથી પણ ઓછું દેખાવા માંડયું અને ઉપર ગમે તેમ કરીને પહોંચી જવાશે એમ લાગવા માંડયું. સારા નસીબે મને માથાનો કોઈ દુ:ખાવો નહોતો.

નીચેથી જ શિખર દેખાતું હતું ત્યાં પહોંચતાં પહેલાના છેલ્લા સો ફૂટમાં હું અને થોડા બીજા ખૂબ જ થાકી ગયાં અને Progress ખૂબ જ ધીમી થઈ ગઈ. સખત થાકેલી હાલતમાં જેમ તેમ કરતાં અમે ધારેલા શિખર પર પહોંચ્યા ત્યારે અમારા Will–power પર એક મોટો ફટકો પડયો. અમે જોયું કે હજુ તો બીજા ૫૦૦ ફૂટ બાકી હતા. અમે જ્યાં પહોંચ્યા ત્યાંથી થોડું આગળ ચાલીને પછી ત્યાંથી છેલ્લી ચડાઈ શરૂ થતી હતી. અમારામાંથી અમે દશ જણાએ ઉપર જવાની આશા જ છોડી દીધી હતી. બાકીના જેઓ અમારા જેટલા થાકયા નહોતા તેઓ જરા પણ આરામ લીધા વગર આગળ ચાલ્યા, કારણ કે એક વાર બેઠા પછી ઊભા થવાનું જરા પણ મન થાય એવું હતું નહીં. એમની જોડે ત્રણ Instrucors પણ જોડાયા. થોડી વાર પછી અમારામાંથી બીજા છ જણા ઊભા થયા અને અમને પણ એમની જોડે ચાલવા માટે તેમણે આગ્રહ કર્યો, પણ મારી અને બીજા ત્રણની હાલત એટલી બધી ખરાબ હતી કે અમે એમની જોડે જવાની ઘસીને ના પાડી.

એ લોકો થોડે ઉપર ગયા અને ફરી વાર ઉપરથી બૂમો મારી અમને બોલાવ્યા, પણ એની અમારા પર કોઈ જ અસર ન થઈ. તે વખતે મને એટલો બધો થાક લાગેલો કે મારી ઉપર Altitude effectનો પૂરો કબજો હતો. મને થાકને લીધે એટલી બધી ઊંઘ આવતી હતી કે મારાથી આંખ પણ ખુલ્લી નહોતી રખાતી. એ ઉપરાંત મને ચક્કર તથા ઊલટી લાગતા હતાં. થોડી વાર પછી મારો ખાસ મિત્ર, જે અમારી જોડે જ બેઠેલો, તેણે ઉપર જવાની ઈચ્છા બતાવી અને મને આગ્રહ કરવાનું શરૂ કર્યું. પણ મેં તેને પણ ઘસીને ના પાડી. થોડી વાર પછી તેણે ચાલવાનું શરૂ કર્યું અને મારી પાછળનો નાનો Hump હતો તે વટાવીને–ઊતરીને છેલ્લી ચડાઈ શરૂ કરી. દસેક મિનિટ પછી ઊંધા ફરીને ઉપર જોયું તો લગભગ સોએક ફૂટ ઊંચે તે ધીરે ધીરે ચડી રહ્યો હતો. તેની પાછળ છેલ્લો Instructor જે અત્યાર સુધી નીચે બેઠેલો એ પણ હતો. એને જોઈને અચાનક મારામાં શકિત આવવા માંડી. મને થયું કે મારો એ મિત્ર જે પહેલી વાર જ પર્વતારોહણ માટે આવેલો, તે જો ચડી શકે તો હું શું કામ ન ચઢી શકું? અને મને સખત ઊંઘ આવતી હોવા છતાં હું ઊભો થયો અને મેં ચાલવાનું શરૂ કર્યું. હું ત્રણ ચાર પગલાં ચાલ્યો હોઈશ ને પાછા મને ચક્કર આવવા માંડયા. પાતળી હવા અને થાક એ બેને કારણે શ્વાસ પણ ફૂલવા માંડયો. એ વખતે મને લાગવા માંડયું કે આ મારી Will–powerની મોટામાં મોટી કસોટી હતી. અને એ પણ કઈ જગ્યાએ અને કઈ સ્થિતિમાં? પહેલાં જેમ જણાવ્યું એ મુજબ Altitude effectની અસર નીચે, થોડી ઘણી પણ Will–power બાકી રહે તો એ મોટી આશ્ચર્યની વાત હતી.

થોડું ઉપર ચડી ને પછી જે થોડું નીચે ઊતરવાનું હતું એમાં મારી જે પણ રહીસહી તાકાત હતી એ ખતમ થઈ ગઈ અને હવે બાકીના ૫૦૦ ફૂટ માટે મારી પાસે ફક્ત એક જ ચીજ હતી હતી અને તે હતો મારી will-power. દર બે પગલે ત્રણ પગલે ઊભા રહી ચાર પાંચ વાર શ્વાસ લઈ ધીરે ધીરે ચડવાનું મેં શરૂ કર્યું. આગળ ગયેલાઓને કારણે મારે માટે બરફમાં પગથિયાં તો તૈયાર હતાં. થાકને કારણે ચઢતી વખતે મારી આંખ મહામહેનતે થોડી થોડી ખૂલતી હતી અને એ કારણે હું ઘણી વાર લપસ્યો પણ ખરો. સારે નસીબે મારી પાસે Ice-Axe હતી, એટલે જ્યારે પણ લપસ્યો ત્યારે એની મદદથી હું મારી જાતને બચાવી શકતો. અત્યાર સુધીમાં બાકીના બધા શિખર ઉપર પહોંચી ગયેલા અને એ લોકો ઉપરથી મને જોઈ શકતા નહોતા એટલે મને એક મોટો ડરહતો કે જો એ લોકો નીચે ઊતરવાનું શરૂ કરે તો મારી આટલી મહેનત નકામી જાય. લગભગ ૨૫૦ ફૂટ બાકી હતાં ત્યારે મારી આજુબાજુ વાદળ આવી ગયાં અને મને થોડી ગભરામણ પણ થઈ કે રખેને બરફ કે વરસાદનું તોફાન શરૂ થઈ જાય. આવે વખતે મને ઑસ્ટ્રિયન પર્વતારોહક Herman Buheની યાદ આવી અને એને લીધે મને ઘણું જ Inspiration મળ્યું. એની આત્મકથા મેં થોડા વખત પહેલાં જ વાંચેલી, જેમાં એણે પોતાના પર વીતેલી બીનાઓ વિષે વાંચનારના રોમ રોમે ઊભા કરી દે એવી વાતો લખેલી.

છેલ્લાં સો ફૂટ બાકી હતા ત્યારે વાદળ જરા ઓછાં થયાં અને ઉપરથી મારા મિત્રો તથા Instructorsનું ધ્યાન મારી ઉપર ગયું અને તરત જ તેમણે બૂમો મારી મને જુસ્સો ચઢાવવાનું શરૂ કર્યું અને ખરું કહું તો છેલ્લા સો ફૂટ તો એમણે ચઢાવેલા જુસ્સાને કારણે જ ચઢાયાં.

ઉપર પહોંચ્યો ત્યારે તો મારામાં ઊભા રહેવાનાં પણ હોશ-કોશ નહોતા રહ્યા. ઉપર પહોંચતાં જ મને મિત્રોએ શાબાશી આપી. કોઈએ મને બિસ્કીટ આપ્યા તો કોઈએ મને Juice આપ્યું. જે લોકો પાસેથી હું કાંઈ જ આશા નહોતો રાખતો તેઓએ પણ મને શાબાશી આપી. ઉપર જઈને મારામાં વિચાર કરવાની શકિત કે હોશકોશ જરાય રહ્યા નહોતા. એટલે પાંચ દસ મિનિટ બેસીને પૂરો થાક કાઢયો. હિમાલયની હવામાં એ ખૂબી છે કે તમે ગમે તેટલા થાકયા હો પણ એકવાર તમે ટોચ પર પહોંચો ને તમારો થાક પળ-વારમાં ઊતરી જાય. એ ઉપરાંત માનસિક સંતોષ પણ આ થાક કાઢવામાં ઘણો સાથ આપે છે.

ઉપરથી અમે સાડા અગિયાર વાગ્યે નીચે ઊતરવાનું શરૂ કર્યું અને લગભગ અઢી વાગે અમે Base camp પર પહોંચ્યા. તે દિવસે Vice-Principal સાથે નહોતા, એટલે બધા મન ફાવે તેમ ઊતરતા હતા. અમે નીચે પહોંચ્યા પછી પોણા કલાકમાં એક પછી એક એમ કરતા બધા આવી પહોંચ્યા.

તે દિવસે રાતે અમારો છેલ્લો Camp Fire થયો. એ દિવસે દશમ હોવાને કારણે ચંદ્રમાનો ઘણો પ્રકાશ હતો અને આજુબાજુના બરફનાં શિખરો ખૂબ જ સુંદર દેખાતાં હતાં.

છેલ્લી રાતે ખૂબ જ નિરાંતે ઊંઘ્યાં અને બીજે દિવસે ઊઠી બધું Pack કરીને નીચે ઊતરવાનું શરૂ કર્યું. તે દિવસે અમારા મનમાં Saparationની ઘણી High Feeling (ભાવના) હતી. પર્વતોથી અમે દૂર જઈ રહ્યા હતા, પણ એની જોડે જોડે અમારાં સ્વજનો તરફ પણ અમારું પ્રયાણ શરૂ થતું હતું. તે દિવસે સાંજે અમે જ્યારે B1 કેન્દ્ર પર પહોંચ્યા ત્યારે ફક્ત Gangotrinu શિખર દેખાતું હતું. તે દિવસ અમારો તંબૂમાં રહેવાનો છેલ્લો દિવસ હતો.

બીજે દિવસે અમે ગંગોત્રી પહોંચ્યા. એક બે દિવસ ત્યાં રહીને અમે હરસીલ તરફ પ્રયાણ શરૂ કર્યું.

"Homming Pigncons Fly Faster" અને એ મુજબ અમારો ઉત્સાહ પણ ઘણો હતો. અને દર પંદર મિનિટે અમને Instructor's ધીરે ચાલવાની સૂચના આપતા, કારણ કે તે દિવસે ૧૬ માઈલ ચાલવાના હતા. તે દિવસે રસ્તામાં અમે એક ખટારો જોયો ત્યારે તો અમને ખૂબ જ ખુશી થઈ, કારણ કે છેલ્લા વીસ દિવસથી એકે વાહન અમે જોયું નહોતું. એને જોઈને અમને ખરેખર લાગવા માંડયું કે અમે પાછા Civilisation તરફ જઈ રહ્યા હતાં. બીજે દિવસે હરસીલમાં પણ અમને સવારે નાસ્તામાં બ્રેડ આપવામાં આવી ત્યારે જાણે અમે એક Laxuryનો ઉપભોગ કરી રહ્યા હતાં એવું લાગતું હતું. એના પછીને દિવસે અમે ઉત્તર-કાશી પહોંચ્યા અને અમારા માટે તદ્દન નવો અને ફરી ફરીને થાય એવી ઈચ્છા કરીએ એવો અનુભવ પૂરો થયો.

આ તાલિમ પછી તાલિમ લેનાર ભવિષ્યમાં કદાચ પર્વતારોહણ ન પણ કરે તો પણ એના Character પર તો તાલિમનો ઘણો જ પ્રભાવ પડે છે અને ૨૮ દિવસમાં એ એક જુદો જ માનવી થઈ જાય છે.

His character getsreformed to a very great extent and he deserves more to stay in this beautiful world.

(સમાપ્ત) રાજેન્દ્ર દેસાઈ

☆ ગાંધીજી ☆

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળાના છેલ્લા દિવસે રેવ. ફાધર વોલેસે આપેલા વ્યાખ્યાનની નોંધ)

ગાંધીજી સાથેનો મારો પરિચય પૂર્વગ્રહ સાથે શરૂ થયો હતો. વર્ષો અગાઉ જ્યારે હું ભારત આવ્યો ત્યારે મેં ગાંધીજી વિષે સાંભળ્યું તો હતું જ. હું તે વેળા મદ્રાસની કૉલેજમાં હતો. મેં ત્યાંના યુનિવર્સિટીના એક ઈતિહાસના પ્રાધ્યાપકને પૂછ્યું: "ગાંધીજી કેવા માણસ છે?" તેમણે મારા તરફ આશ્ચર્યથી જોઈ કહ્યું હતું કે "ગાંધીજી? ઓહ, એ તો ખાલી રાજકારણી પુરુષ છે." એટલે મારા મનમાં પૂર્વગ્રહ બંધાયો.

એ છાપ હું ઘણા વખત સુધી લઈ ફર્યો. પછી જ્યારે મેં ગુજરાતીનો અભ્યાસ શરૂ કર્યો અને ગાંધીજીનું સાહિત્ય વાંચવા મંડ્યો ત્યારે મને લાગ્યું કે ગાંધીજી રાજપુરુષ ઉપરાંત ઘણું ઘણું છે. એથી મારા પર જુદી જ અસર પડી.

પછી તો હું યુવાનોમાં ને વિદ્યાર્થીઓમાં કામ કરવા લાગ્યો. ત્યારે નેતૃત્વ શિબિરોમાં હું જાણ્યે-અજાણ્યે ગાંધીજીની જ વાતો કહેવા લાગ્યો. મેં જોયું કે તેની યુવાનો પર અસર પડતી હતી. આજે હવે હું નિખાલસપણે ગાંધીજી વિષે કહી શકું છું.

ગાંધીજી કેવી રીતે એક સામાન્ય માનવીમાંથી મહાત્મા બન્યા? કયા આદર્શોને લીધે તેમના જીવનમાં પલટો આવ્યો એ જાણવા જેવું છે.

નિશાળમાં તો તેઓ સામાન્ય વિદ્યાર્થી હતા. ભૂમિતિના વિષય વિષે તેઓ લખે છે કે શરૂઆતના પ્રમેયો તો હું સમજ્યો, પણ ૧૨મો પ્રમેય સમજ્યો નહીં. આજેય જ્યારે હું વર્ગમાં મારા વિદ્યાર્થીઓને ૧૨ મો પ્રમેય સમજાવું છું. તે તેમને સમજાય ત્યારે કહું છું કે "તમે તો ગાંધીજીથીએ વધુ હોંશિયાર છો."

ગાંધીજીનો કૉલેજનો પહેલો દિવસનો અનુભવ પણ સુખદ નહોતો. તેમને મુંઝવણ ને અકળામણ થતી હતી. એવામાં તેમને વલાયત મોકલવાની ઘરમાં વાતો થવા માંડી. એટલે તેમણે તરત જ હા પાડી, કહ્યું કે: "ઈંગ્લેન્ડ મોકલો તો સારું. કારણકે અહીં જલ્દી પાસ થવાય તેમ લાગતું નથી."

ગાંધીજી શરીરે પણ માયકાંગલા જ હતા. (પોતાનો જ શબ્દ છે.) વાત કરતાં ય ક્ષોભ ને શરમ અનુભવતા. બે શબ્દો પણ બોલી શકતા ન હતા. ઈંગ્લેન્ડમાં ૧૦ મિત્રોની સોસાયટીમાં તેમને બોલવાનું હતું. રખે ભૂલી જવાય એ ડરથી ભાષણની નોટ તૈયાર કરી હતી. પણ ક્ષોભને કારણે તે પ્રવચન વાંચી પણ નહોતા શકયા.

ગાંધીજી બેરીસ્ટર થઈને મુંબઈ આવ્યા. નોકરીની શોધ કરી. ન મળતાં વકીલાત શરૂ કરી. પહેલો કેસ સ્મૉલ-કૉઝ કોર્ટમાં લડવા ગયા. સાક્ષીને ઉલટ તપાસ માટે પૂછવાના પ્રશ્નોની યાદી તૈયાર કરી હતી. પણ પ્રશ્નો પૂછવા ગયા ત્યાં મુંઝાઈ ગયા. તેમના પોતાના શબ્દો મુજબ તેમને જાણે "કશું સૂઝે નહીં, કશું દેખાયું નહીં." તેમણે અસીલને કહ્યું: "હું કેસ લડી શકું તેમ નથી." તેમણે ફી પાછી આપી. મોટી ફજેતી થઈ. તેઓ પોરબંદર પાછા ગયા.

તો પછી ગાંધીજી મહાત્મા કેમ બન્યા? ગાંધીજી દક્ષિણ આફ્રિકા કેસ લડવા ગયા. એમ ધારીને કે અહિયાં ન ફાવ્યું, ત્યાં કદાચ ફાવી જાય. પણ શરૂઆતના અનુભવોથી જ તેમની આંખ ખુલી ગઈ. દેશબંધુઓને થતા અન્યાય સામે તેમનો આત્મા જાગી ઊઠયો. તેમને થયું, "અહીં કરવા જેવું કામ છે."

ઘણા લોકોનું કામ હતું. આદર્શ આકાર પામ્યો. તેમને સહકાર પણ મળી રહ્યો. જેમ જેમ દિશા નક્કી થઈ તેમ તેમ શકિત જાગી. નાતાલ કૉંગ્રેસની રચના થઈ અને જે ગાંધીજી ૧૦ મિત્રો વચ્ચે બોલી નહોતા શકયા તેમણે બે હજારની મેદની વચ્ચે પ્રવચન કર્યું. ખાસ્સું લાંબું એવું ભાષણ આપ્યું. ગાંધીજીએ પણ તે અંગે સંતોષ વ્યકત કર્યો છે. તે શકિત લઈને આવ્યા હતા. માત્ર પ્રસંગોએ અને દિલમાં ઉદ્‌ભવેલ ધ્યેયે શકિતને બહાર આણી.

ભારતમાં પણ અન્યાય સામે તેમણે પોકાર ઉઠાવ્યો. લોકોમાં શકિત આવી. હજારોની સામે તેઓ છૂટથી બોલતા.

માયકાંગલું શરીર છતાં તેમણે ઉપવાસ કર્યા. આઝાદીની લડતમાં પૂરા દેશને સાથે લીધો. "દેશની આઝાદી લાવવાનો" જીવનનો આદર્શ નક્કી થતાં જીવન પરિવર્તન થયું. આવો ગાંધીજી જેવો દાખલો બીજો કોઈ નથી.

ગાધીજી મહાત્મા બન્યા. તેમણે એવું તે શું કર્યું કે લોકોએ આ બિરૂદ આપ્યું.? ગાંધીજીના મનમાં એક વાત સ્પષ્ટ હતી. તેમને મન અંગ્રેજોને હટાવવાના કાર્યનું ખાસ મહત્ત્વ નહોતું. એ કામ તો ગમે ત્યારે કરી શકાય તેમ તેમને લાગતું હતું. તેમને મન આઝાદીનું મહત્વ જુદું જ હતું. લોકોને તૈયાર કરવાનું કામ મોટું હતું. નેહરુજીએ આ સિદ્ધાંત સુંદર રીતે રજૂ કર્યો છે. "આપણી પીઠ વળેલી હતી એટલે આગંતુકો સવાર થયા હતા. ગાંધીજીએ પીઠ સીધી કરી એટલે પેલા પડી ગયા." આમ ગાંધીજીનું કામ આપણી પીઠ સીધી કરવાનું હતું. તેઓ તો દેશ અને દુનિયાના શિક્ષક હતા.

તેમણે કહ્યું: "પારકી સત્તા હેઠળ કામ કરતાં ઢીલાશ આવે છે. મન મૂકીને કામ કરતા નથી. કામચોરી થાય છે. સમયચોરી થાય છે. આપણે તૈયાર રહેવું જોઈએ." તેમણે તેમની આસપાસ શિષ્યોને એકઠા કર્યા. તેમની આસપાસ મહાન વિભૂતિઓ એકઠી થઈ. તેમાં કેવળ જીહજુરિયાઓ કે સામાન્ય માણસો ન હતા. સ્વતંત્ર વ્યકિતત્વવાળા લોકો હતા.

મહાદેવ દેસાઈ તેમના તરફ કેમ આકર્ષાયા? મહાદેવભાઈ કંઈ કામસર તેમની પાસે ગયા. તેમણે ગાંધીજીની કાર્યપદ્ધતિ જોઈ. તેમણે કહ્યું: "આવું કામ તો હું પણ કરી શકું, રજાઓ દરમિયાન હું કામ કરવા આવીશ."

ગાંધીજીની માણસ પારખવાની શકિત અદ્‌ભૂત હતી. સામાન્ય વાતચીત પછી તેમણે તરત જ મહાદેવભાઈને કહ્યું: "તમે મારા અંગત મંત્રીનું કામ સારી રીતે કરી શકશો." આટલો જલ્દિ અભિપ્રાય બાંધવા માટે મહાદેવભાઈને પણ નવાઈ લાગી. તેમણે પૂછ્યું: "કયારથી આવું?"

મહાત્માજીએ કહ્યું: "તમે આવી જ ગયા છો. "સામાન તો લઈ આવું?" મહાદેવભાઈએ કહ્યું: "એ બધું પછી થઈ રહેશે." અને ત્યારથી જ મહાદેવભાઈ ગાંધીજીની સાથે રહ્યા અને એમની સાથે આત્મસાત થઈ ગયા.

સ્વામી આનંદની શકિત પણ ગાંધીજીએ આવી જ રીતે પારખી લીધી હતી. નવજીવનના કામ માટે એક વ્યકિતની જરૂર હતી. સ્વામી આનંદ છ મહિના માટે તૈયાર થયા. તેમણે પોતાના કામમાં તન્મયતા સાધી. દિવસ-રાત તેઓ કામ કરતા. જમવાનું તો હતું જ નહીં. કેળાં ને દૂધ પર રહેતા. તે પણ કામ કરતાં કરતાં જ ખાઈ-પી લેતા. પ્રૂફ સુધારવાં, લેખો લખવા વગેરે કામ કર્યે જ રાખતા.

એકવાર ગાંધીજી ચંપારણમાં પ્રવાસે ગયા હતા. ત્યાંથી સ્વામી આનંદ પર તેમનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે તમારા કામથી મને સંતોષ છે. તમે ઘણું સારું કામ કરી રહ્યા છો. તમે આ કામ ચાલુ જ રાખજો.

સ્વામી આનંદને એ વાતની નવાઈ લાગી કે કોઈ દિવસ નહીં ને આજ એકાએક ગાંધીજીને આવો પત્ર લખવાનું કેમ સૂઝ્યું. તે વેળા તેઓ એ વાત ભૂલી ગયા હતા કે તેમણે માત્ર છ મહિના સુધી જ કામ કરવાનું ગાંધીજીને કહ્યું હતું. તેમને યાદ આવ્યું કે ગાંધીને વાત કર્યાને પત્ર મળ્યો તે દિવસે જ છ મહિના પૂરા થતા હતા. મનમાં તેમણે વિચાર્યું "વાણિયો પાકો છે. મને બાંધી લેવા ઈચ્છે છે." ગાંધીજીમાં સામા માણસને વશ કરવાનો કીમિયો હતો, શકિત હતી, જાદુ હતું.

આવા તો હજારો પ્રસંગો ટાંકી શકાય. ગાંધીજીની શિષ્યો તૈયાર કરવાની રીત જ જુદી હતી. તેઓ જબરદસ્તીથી કે ફરજ પાડીને કામ લેતા નહીં. તેને બદલે સમજાવીને, વિશ્વાસ મૂકીને કામ લેતા. ગુજરાત વિદ્યાપીઠ – અત્યારે કહેવાય છે તે રાષ્ટ્રીય શાળા–કાકાસાહેબ કાલેલકર, આચાર્ય કૃપલાણી અને નરહિરભાઈ પરીખે શરૂ કરેલી. દર અઠવાડિયે બેઠક મળે ત્યારે ગાંધીજી હાજર રહેતા. તે વેળા તેઓ ત્રણેને સ્પષ્ટ કહેતા. "શાળા મારી છે, પણ ચલાવવાની જવાબદારી તમારી છે. હું સૂચન આપીશ પણ તમને ઠીક લાગે તેમ જ તમારે કરવાનું છે."

ગાંધીજીનાં દૂર દૂરનાં સગાંનો એક પ્રસંગ છે. એકવાર એક છોકરાનું એક છોકરી સાથે વેવિશાળ થઈ ગયા પછી તે પરણવાની ના પાડતો હતો. તેને બધાંઓએ સમજાવ્યો છતાં ય ન માન્યો. છેવટે કોઈકે કહ્યું "ગાંધીજી પાસે ચાલો, એના કહેવાથી છોકરો કદાચ માનશે." ગાંધીજી એ વેળા દેશના નેતા હતા. તેમનો ટાઈમ આવાં કામો માટે કેમ બગાડાય? પણ આપદ્‌ધર્મ ગણી સગાંઓ તેમની પાસે ગયાં ને વાત કરી. ગાંધીજીએ ઘડીભર પૂરા દેશની જવાબદારી બાજુ પર મૂકીને આ છોકરાને બોલાવી સમજાવવા માંડ્યો. એક દિવસ થયો, બીજો દિવસ થયો, ત્રીજો દિવસ થયો, છેવટે એ છોકરો હાર્યો. તે પરણવા કબૂલ થયો. વડીલોની હાજરીમાં હા કહેવા તૈયાર થયો. ગાંધીજીએ બધાને બોલાવ્યા. છોકરાએ તૈયારી

બતાવી. પછી છોકરાને કહ્યું "તું હમણાં જરા બહાર જા."

તેમણે સગાંઓને કહ્યું: "જોયું, છોકરો હવે તૈયાર છે. પણ તેને આ વાત સમજાવતાં ત્રણ દિવસ થયા. હવે તમે જ વિચાર કરો છોકરીને તે કેવી સુખી કરશે? તે છોકરીને દુ:ખી કરશે. જરા હજીયે વિચારી જુઓ. તમારે દીકરી દેવાની છે."

સગાંઓ સંબંધ રહ્યાથી આનંદ પામ્યાં હતા. એમ છતાં પણ તેમણે વિચારી જોયું કે ગાંધીજીની વાત સાચી હતી. એમાંના એકે મહામુશીબતે કહ્યું: "અમારો હવે એને માટે આગ્રહ નથી."

ગાંધીજીએ પેલા છોકરાને બોલાવી ને કહ્યું: "હવે તમે પરણવાના બંધનમાંથી છૂટા છો."

બધા ગયા એટલે ગાંધીજીએ કાકાસાહેબ કાલેલકરને કહ્યું: "કાકા, આજે આપણે મોટા પુણ્યનું કામ કર્યું છે. આજે ગોરક્ષાનું પુણ્ય મેળવ્યું છે. આપણે છોકરીને કતલખાને જતી બચાવી છે." ગાંધીજી પહેલેથી આ સંબંધ ન બંધાય એમ ઈચ્છતા હતા, પણ તેમણે સીધી ના પાડવા કરતાં સામેવાળાઓ પાસે જ ના પડાવી. ધીરજ ને પ્રેમથી તેમણે તેમને જોઈતો જવાબ મેળવ્યો. આમ તેમણે કેવળ દેશના જ નહીં, કુટુંબના પ્રશ્નો પણ ઉકેલ્યા હતા. તે પણ સમજાવટથી – ખરા શિક્ષક તરીકે અને નહીં કે સરમુખત્યાર તરીકે.

ગાંધીજી લોકોને જાગૃત કરવા માટે તેમની પાસેથી બલિદાન માગતા. કારણ, કંઈક ભોગ આપવાનો હોય તો જ માણસ જાગૃત રહે. બલિદાન આપવાની વૃત્તિ એ જાગૃતિની ચાવી છે.

બિહારમાં તેઓ ફંડ ઉઘરાવતા હતા. તેમાં ગરીબો પાસેથી પણ ફંડ ઉઘરાવતા હતા. ગરીબો તેમની પાસે વર્ષોથી સાચવી રાખેલા નાના સિક્કા આપતા. આ સિક્કાઓ કાટ ખાઈ ગયા હતા. તેનાથી હાથ પણ લીલા થઈ જતા હતા.

એક કાર્યકરે કહ્યું "જુઓ આ લોકો કેટલા ગરીબ છે? તેમની પાસેના કાટવાળા સિક્કા એકઠા કરતાં કરતાં હાથ લીલા થઈ ગયા!"

ગાંધીજી કહેતા કે એ લોકો જે આપે તે સ્વીકારવું જોઈએ, તોજ તેમને ભાન થશે. કંઈક કિંમતી ચીજ આપી દીધી છે તેની યાદ રહેશે. તેઓ પણ દેશને ખાતર કંઈક કરી રહ્યા છે એમ તેમને લાગશે.

ગાંધીજીએ દેશની સ્ત્રીઓને કેવી રીતે જાગૃત કરી હતી! ભાષણોમાં આવે, લખી વાંચી શકે તેવી સ્ત્રીઓની વાત તો સમજી શકાય. પણ અભણ સ્ત્રીઓ કેમ જાગૃત થાય. બાળકોમાં સંસ્કાર માતાના જ રહે છે. એટલે માતા સુધી આઝાદીનો સંદેશ પહોંચે તો જ કામ પાર પડે. તેમણે ઠરાવ્યું કે તેમણે કંઈક બલિદાન આપવું જોઈએ. પૈસા તો તેઓ પતિ કે પુત્ર પાસે માગીને આપે. કંઈક એવું માંગવું જોઈએ કે જે તેમને વહાલું હોય - સ્ત્રીત્વનું પ્રતીક હોય; જે આપવાથી તેમને જિંદગી સુધી યાદ રહે. તેમણે દેશની સ્ત્રીઓ પાસે જઈ અપીલ કરી: "આઝાદીને ખાતર તમે મને તમારાં ઘરેણાં આપો. તમે તમારી ફરજ તમારાં પ્રિય ઘરેણાં આપી બજાવો. વળી આ ઘરેણાં આપી તમારે બીજાં બનાવવાનાં નથી. આપો તો જિંદગી સુધી આપો. એક રૂડા કામ માટે આપવું છે." તેમની આ સુંદર દૃષ્ટિ પ્રત્યેકને સ્પર્શીગઈ.

તેમણે કેરળમાં જઈ આવી વાત કરી. તેઓ હસ્તાક્ષર આપતા. તે વેળા તેમણે એક બંગડી લેવાનું શરૂ કર્યું. એક છોકરી આવી. ૧૬ વર્ષની વયની એ યુવાન છોકરી હતી. તેણે પોતાના હાથની એક બંગડી કાઢી ગાંધીજીને ધરી. ગાંધીજીએ હસ્તાક્ષર આપવા માંડ્યા. તેણે ના પાડી. હું સોદો કરવા નથી આવી. તેણે એક પછી એક બધાં ઘરેણાં કાઢી આપ્યાં.

ગાંધીજીએ પૂછ્યું: "આમ કેમ કર્યું? તેં તારા બાપુજીની પરવાનગી માગી છે?" તેણે કહ્યું, "હા" ગાંધીજીએ ફરી પૂછ્યું: તેં તારી બાની રજા લીધી છે.?"

પેલી છોકરીએ ના પાડી. ગાંધીજીએ પૂછ્યું: "તેમને સમજાવીશ?"

"હા" છોકરીએ કહ્યું. એટલે તેઓ ખુશ થયા. તેમણે નવજીવનમાં આ છોકરીના ત્યાગ વિષે લખ્યું. પણ પછી તેમને વિચાર આવ્યો કે છોકરી તો કુંવારી છે. ઘરેણાં લેવાનો તેમનો નિયમ એ હતો કે પાછા જિંદગીભર નહિ પહેરે. એટલે તેમણે ખાતરી કરવા બીજે દિવસે પેલી છોકરીને બોલાવી, તેનું નામ કૌમુદી હતું.

કૌમુદીને ગાંધીજીએ પૂછ્યું: "મેં નવજીવનમાં તારી વાત લખી છે, અને લખ્યું છે કે તું હવે કદીયે ઘરેણાં નહિ પહેરે, તું જો ના પાડે તો આ લખાણ ફેરવી નાંખું."

કૌમુદીએ કહ્યું "હું જીવનભર ઘરેણાં છોડવા તૈયાર છું."

ગાંધીજીએ કહ્યું: "તારો વર લગ્નના દિવસે ઘરેણાં પહેરવાનો આગ્રહ કરશે તો?"

કૌમુદીએ કહ્યું: "હું એવો જ વર પસંદ કરીશ કે જે ઘરેણાં પહેરવાનો આગ્રહ ન રાખે." આમ ગાંધીજીએ એવું બલિદાન લીધું કે જે તેને જીવનભર યાદ રહે.

આવા પાઠ ભણાવીને ગાંધીજી કહેતા કે શિક્ષણનો સાર કાઢવો હોય, નિચોડ કાઢવો હોય તો એ છે કે જે કરીએ તે ઉત્તમ રીતે કરીએ. ઢીલાશ ન ચાલે. મારું કામ ઉત્તમ રીતે થવું જોઈએ. તેમનો શ્રેષ્ઠતાનો આગ્રહ હતો.

સમયપાલનનો, નિયમપાલનનો ગાંધીજીનો આગ્રહ પણ એવો હતો. નિયમનું ઉત્તમ રીતે પાલન કરવામાં તેઓ માનતા હતા. તેઓ શિક્ષક હતા. જીવન ઉન્નત્ત કેમ કરવું તે જાતે બતાવતા હતા. તેમના મનમાં કોઈ કામ નાનું નહોતું કે જે અવગણી શકાય.

એકવાર યરવડા જેલમાં કસ્તુરબા ગાંધીજીને મળવા આવ્યાં હતાં. જેલનો નિયમ હતો કે અધિકારીની હાજરીમાં જ આવી મુલાકાત થઈ શકે. એટલે જેલના સુપરિન્ટેન્ડન્ટ ઊભા હતા. બે મિનિટ સુધી બા-બાપુએ એકબીજાની ખબર પૂછી. એટલામાં જેલઅધિકારીને લાગ્યું કે તેમને એકલાં વાતચીત કરવા દેવી જોઈએ. એટલે તેઓ આંટો મારતા મારતા દૂર ચાલી ગયા અને અર્ધા કલાક પછી આવ્યા. તેમણે જોયું કે બા-બાપુ એમ જ મૂગાં બેઠાં હતાં. તેમણે પૂછ્યું " તમારી વાતો પૂરી થઈ હશે. સમય પૂરો થયો."

બાપુએ કહ્યું: "વાતો તો તમે હતા ત્યારે જ પૂરી થઈ ગઈ હતી."

સુપરિન્ટેન્ડન્ટે કહ્યું: "પણ તમે વધુ સરળતાથી વાતો કરી શકો તેટલા માટે હું દૂર ગયો હતો. તમે વાતો ન કરી?"

ગાંધીજીએ કહ્યું: "જેલના નિયમ મુજબ જેલ-અધિકારીની હાજરીમાં જ વાત થઈ શકે. એટલે તમે હતા ત્યાં સુધી વાત કરી. પછી અમને થયું કે તમારે કંઈ કામ હશે એટલે ગયા છો – એટલે તમારી રાહ જોતાં હતાં."

જેલના નિયમનું આવી ચીવટથી પાલન કેટલા જણાએ કર્યું હશે? પણ ગાંધીજી પ્રત્યેક કાર્ય સન્નિષ્ઠાપૂર્વક કરતા હતા. ઓછાથી સંતોષ ન માનવો એ એમના ચારિત્ર્યમાં જ હતું.

એક વાર કાકાસાહેબ અને બીજા અનુયાયીઓ કામની વહેંચણી કરી રહ્યા હતા. તે વેળા ગાંધીજીની પણ હાજરી હતી. વહેંચતાં વહેચતાં કાકાનો વારો આવ્યો. પ્રશ્ન થયો, કાકાને કામ શું સોંપ શું? ગાંધીજીએ સૂચવ્યું, કાકાને સહેલું કામ ન સોંપતા."

કાકાસાહેબે કહ્યું, "આ વાત સાંભળી હું પાણી પાણી થઈ ગયો. ગાંધીજીનો મારા પર કેટલો બધો વિશ્વાસ હતો?"

આજે તો યુવાનોને સહેલું જ કામ જોઈએ છે. અઘરું પેપર આવે તો પણ તોફાન કરે છે. પણ એમાં યે અપવાદ છે. મારી કૉલેજમાં હું હંમેશ પૂછું છું: "સહેલો પ્રશ્ન પૂછું કે અઘરો?" તો વિદ્યાર્થીઓ કહે છે કે: "અઘરો પ્રશ્ન પૂછો."

આમ ગાંધીજીના જીવનના ત્રણ મુખ્ય મુદ્દા છે. તેમને શક્તિ ક્યાંથી મળતી હતી? ભગવાન પરની અચળ શ્રદ્ધામાંથી. તેમને થતું કે આપણે જે માનવી માટે કરીએ છીએ તે ભગવાન માટેનું જ હોય છે. તેમનામાં વ્યાપક કુટુંબભાવના હતી.

તેઓ ઉત્તર હિંદસ્તાનની મુલાકાતે ગયા હતા ત્યારે એક નાની શાળાની મુલાકાત લીધી. તે વેળા એક છોકરાએ પૂછ્યું: "બાપુ, તમે ખમીસ કેમ નથી પહેરતા? હું મારી બાને કહું તમારે માટે ખમીસ બનાવે? તમે પહેરશો?"

ગાંધીજીએ કહ્યું: "પહેરીશ, પણ જો કોઈ તને રમકડું આપે અને બીજા ભાઈઓને ન આપે તો તું દુ:ખી થાય ને? એમ મારા ભાઈઓને ખમીસ ન મળે તો મારાથી ખમીસ કેમ પહેરાય?"

"પણ હું તમારા ભાઈઓ માટે પણ ખમીસ બનાવવા મારી બાને કહીશ: તમારા કેટલા ભાઈઓ છે?" પેણા છોકરાએ બાળકની નિર્દોષતાથી પૂછ્યું:.

ગાંધીજીએ કહ્યું, "મારા તો ૪૦ કરોડ ભાઈઓ છે. બધાને માટે ખમીસ ક્યાંથી બનાવીશ?"

આવી ભાવનાથી ગાંધીજીને શક્તિ મળતી હતી. યુરોપમાં પણ મને વારંવાર અનુભવ થયો છે કે ત્યાંનાં લોકો ગાંધીજીથી પ્રભાવિત થયાં છે. કૉલેજની પ્રાર્થનામાં પણ હું આ જ વાત કરું છું. આવી ભાવના આવે તો જીવન પવિત્ર થાય. ફાધર વાલેસ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૪

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧૬ ૧૯૬૯, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

પૂજ્ય બાપુ સાથેની યાદગાર મુલાકાત

પૂ. બાપુ મારા જેવા સામાન્ય યુવાનને આજથી બત્રીસ વરસ પહેલાં મુલાકાત આપે અને તે પણ કામના અતિશય દબાણ વચ્ચેથી સમય કાઢી સામે ચાલીને આગ્રહપૂર્વક બોલાવે તે નવાઈ જેવું તો છે, પરંતુ તેનું આશ્ચર્ય આપણા જેવા માટે જ હોય છે, ગાંધીજી માટે તો તે સહજ અને માનવતાભરી બીના હતી.

૧૯૩૬ માં અભ્યાસ પૂરો કર્યા બાદ હું કમીશન એજન્ટની પેઢીમાં નોકરીમાં હતો. ત્યાં ૧૯૩૭ ની સાલના માર્ચ માસમાં ઉધરાણી વગેરે કામકાજ માટે બહારગામ જવાનું થયું. જે પેઢીમાં કામ કરતો હતો તે પેઢી સંબંધીની હતી. તેથી ત્યાં ધંધાકીય કામકાજ સાથે બીજું કાર્ય કરવાની સ્વતંત્રતા રહેતી. પ્રથમ વર્ધા એક સ્નેહીને ત્યાં હોળીના ઉત્સવમાં ભાગ લેવા ગયો. ત્યાંથી શેગાંવ વગેરે સ્થળે કામ પતાવી મંગળવારની સાંજે સેવાગ્રામ જોવા જવાના ઈરાદાથી વર્ધા પહોંચી ગયો. વર્ધા સ્ટેશન નજીકની પેઢીમાં રાત વીતાવી. રાત્રે છાપામાં વાંચવાથી જાણ્યું કે ગાંધીજી બુધવારે સવારના સાત વાગે મદ્રાસ તરફથી આવતી ગાડીમાં વર્ધા આવશે. રાત આખી ગાંધીજીનાં દર્શન કરવાના અને સેવાગ્રામ જવાના વિચારોમાં પસાર કરી.

સવારના નિત્યકર્મ પતાવી વર્ધા સ્ટેશને ૬–૪૫ વાગે પહોંચી ગયો. આગલા દિવસના ક્મોસમી વરસાદને લીધે વાતાવરણ ભેજયુક્ત–ખુશનુમા હતું. તે અરસામાં વર્ધાની વસ્તી પંદર–વીશ હજારની હશે. સ્ટેશન ઉપર ગાંધીજીને તેડવા આવેલ પાંચ–છ આશ્રમવાસીઓ સિવાય કોઈ ન હતું. ગાડી આવતા ગાંધીજી ત્રીજાવર્ગના ડબામાંથી હસતાં હસતાં કસ્તુરબા સાથે ઉતર્યા. તેમના મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ તે જ ગાડીમાં વર્ધા ન ઉતરતા કામ અંગે નાગપુર ગયા. ગાંધીજીને ઉમળકાથી આવકાર આપ્યા બાદ તરત જ એક આશ્રમવાસીએ પૂછ્યું "આપે આપના આગમનના સમયની જાણ માટે તાર કેમ ન કર્યો?" તેના ઉત્તરમાં સ્વસ્થતાથી તરત જ ગાંધીજી બોલ્યા "હિન્દુસ્તાન જેવા ગરીબ દેશને તારનો ખર્ચ પોસાય? હું ક્યાં વર્ધાથી અજાણ્યો હતો, અને તમારે પણ અહીં મને તેડવા આવવાની શી જરૂર હતી? આપણે તો હિન્દુસ્થાનનો ગરીબ માણસ જે રીતે જીવી રહ્યો છે તેનો ખ્યાલ રાખી બહુ જ કરકસરથી જરૂર પૂરતો જ ખરચ કરવો ઘટે."

તેમનો સામાન થોડો હતો. આશ્રમવાસીઓએ તે ઉપાડી લીધો. અમે બધા ગાંધીજીની પાછળ પાછળ ચાલતાં હતાં. સ્ટેશન બહાર નીકળવાના દરવાજે ગાંધીજીને ટિકિટ કલેક્ટરે બે હાથ જોડી નમસ્કાર કર્યા. ગાંધીજીએ પણ તેવી જ રીતે નમસ્કાર કર્યા. સત્ય અને અહિંસાનો જીવતો જાગતો પયગમ્બર જે ભૂમિમાં વિચરતો હોય ત્યાં ટિકિટ કલેક્ટરને ટિકિટ માંગવાની કલ્પના જ શેની આવે? અને ગાંધીજી કંઈ થોડા ટિકિટ વગર મુસાફરી કરવાના હતા? ગાંધીજીએ તો જ્યારે જ્યારે તે વખતની અંગ્રેજ સરકારે વગર ટિકિટે મુસાફરી કરવાની સગવડ કરી આપી હતી ત્યારે પણ સામે જઈને ટિકિટ ભાડાના પૈસા મોકલાવ્યા હતા. સ્ટેશન બહાર નીકળતાં જ એક મોટરમાં સામાન સાથે કસ્તુરબા વગેરે બેઠાં. ગાંધીજી સ્ટેશન નજીક આવેલી સિવિલ હૉસ્પિટલ તરફ ચાલતા ચાલતા ગયા. ત્યાં સેવાગ્રામની એક ગરીબ બાઈ તથા આચાર્ય ભણસાળીજીની તબિયતની ખબર કાઢયા બાદ બહાર આવ્યા; ત્યારે એક ભૈયાજી જ તેમની સાથે હતા. મેં તરત જ કહ્યું: "બાપુ મારે સેવાગ્રામ જોવા આવવું છે, જો આપની રજા હોય તો." બાપુએ કહ્યું: "ખુશીથી આવો, પણ મેં ત્યાં કોઈ ચમત્કાર નથી કર્યો. છતાં તમો આવશો તો હું ખૂબ રાજી થઈશ." આથી મને અપાર આનંદ થયો – ધન્યતા અનુભવી. મારું નામ વગેરે જાણી – પરિચય મેળવી – તેમણે નિર્દોષ હાસ્ય સાથે ખુશી વ્યકત કરી. એટલામાં મોટર આવી પહોંચી અને બોલ્યા "ગાડી જોઈ ગુડા ગળે તેમ હવે હું તો મોટરમાં બેસી ગામમાં મારે બે ત્રણ જણને મળવા જવું છે ત્યાં જાઉં છું, નહિ તો તમને સાથે જ સેવાગ્રામ લઈ જાત." એમ કહી મને સેવાગ્રામ જવાના રસ્તાની માહિતી આપી તરત જ ત્યાં આવવા કહ્યું.

મેં પણ બહુ જ થોડો સામાન રાખ્યો હતો. હું ગાંધીજીના આશ્રમ સેવાગ્રામ જઈ રહ્યો છું તેના સતત ધ્યાનમાં–બાપુજીને શું ગમશે તે વિચારમાં તરબોળ હતો. તેથી માત્ર અડધા રસ્તા સુધી જ એક મજૂર છોકરાને લીધો હતો, જે મને આશ્રમ તરફ જવાનો માર્ગ ચીંધે એ પૂરતું હતું. મારે જાતમહેનતથી જ મારો સામાન ઊંચકી લઈ જવાનો ઈરાદો હતો. ઉપરાંત તે મજૂરને હું ઓછી મજૂરી ન ચૂકવું તે પણ ધ્યાન રાખવું રહ્યું. કારણ કે મારે બાપુજી પાસે જવું છે અને તેમની પૂછપરછના ઉત્તરમાં માણસાઈને શોભે એવું કર્તવ્યપાલન કરી દેખાડવાનું છે – શબ્દોથી નહિ ચાલે એ મારા મનમાં બરાબર વસી ગયું હતું. હાથે સામાન ઉપાડીને સેવાગ્રામ સાડાદશ વાગ્યાના સુમારે પહોંચી ગયો. તરતજ બાપુજી બહાર આવ્યા અને રમુજમાં કહ્યું: "હું તમારા કરતા વહેલો પહોંચી ગયો– જોયું ને? અને જમી પણ લીધું. તમે જમ્યા વગરના આવ્યા હશો માટે જમવા બેસી જાવો. રમુજ, કાળજી અને પ્રેમનો કેવો ત્રિવેણીસંગમ! જમવામાં હું એક જ અને છેલ્લો હતો. ફકત પાણીમાં બાફેલું – મીઠું કે મસાલા વગરનું શાક, તેવી જ દાળ અને કોરી રોટલી. બાજુમાં મીઠું, છાસ અગર માખણ બેમાંથી એક વસ્તુ મળે. મેં છાસ લેવાનું પસંદ કર્યું. છેલ્લે હાથછડના ચોખાના ભાત હતા. જમી લીધા બાદ થાળી –વાટકો કૂવા પાસે જઈ આપણે હાથે જ સાફ કરવાના. કોઈ વિશિષ્ટ મહેમાન જેવા કે સરદાર પટેલ, પંડિત નેહરુ, મૌલાના આઝાદ વગેરેના વાસણ આશ્રમવાસી સાફ કરી લેતાં. કૂવા ઉપર સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની હતી, એટલે મુકરર

જગ્યાએ જ કચરો નાખવાનો અને મુકરર જગ્યાએ જ પાણી ઢોળવાનું. જેથી પાણી જ્યાં ત્યાં ભેગું ન થાય અને મચ્છરોનો ઉપદ્રવ ન થાય. તે વખતે દેશભરનાં ગામડાંઓમાં ગંદકી વગેરે અંગે મેલેરિયાનો ઉપદ્રવ વરસોથી ચાલુ હતો.

પછી હું ઓસરીના એક ભાગમાં મારી સાથે લઈ ગયેલ તકલીથી કાંતવા બેઠો. મારો ઈરાદો સેવાગ્રામ આશ્રમ પૂરેપૂરું જોઈ–સમજી–સાંજના તડકો શમ્યા બાદ વર્ધા જવાનો હતો. મારે ગાંધીજીનો સમય બિલકુલ લેવો ન હતો. તે વખતે ૬૭ વરસની ઉંમરે તેઓ સતત કાર્યમગ્ન રહેતા. ઉપરાંત તે અરસામાં ૧૯૩૫ ના ઈન્ડિયા ઍક્ટ મુજબ પ્રાંતોમાં કૉંગ્રેસે પ્રધાનપદાં સ્વીકારવા કે નહિ તે બાબતમાં તેઓને માર્ગદર્શન આપવાનું કાર્ય રહેતું હતું. આમ મારે વાતચીત માટે તેમનો સમય બગાડવો નહોતો. તે ઉચિત પણ ન કહેવાય. છતાં મારા આશ્ચર્ય વચ્ચે એક આશ્રમવાસીને મારી પાસે મોકલી મને વાતચીત કરવા બોલાવ્યો. પહેલાં તો હું ન ગયો અને કહેવરાવ્યું કે મારે વાતચીત કરી આપનો કિંમતી સમય બરબાદ નથી કરવો. છતાં ફરીથી કહેવરાવીને વાતચીત માટે બોલાવ્યો. હું વાતચીત કરવા ગયો. તેઓ કનુ ગાંધી સાથે ગમ્મત કરતા હતા અને કહે કે: "હવે સમય પૂરો થયો છે–માટે બીજા કામે લાગી જઈએ." આમ ગમ્મતનો સમય પૂરો થતાં તરત જ કાંતવા માટે રેંટિયો લીધો. મને, કાંતતા કાંતતા વાતચીત કરીશ તેમ જણાવ્યું. ઉપરાંત કાંતણ પૂરું કર્યા બાદ દાઢી કરતી વખતે પણ વાતચીત ચાલુ રાખીશ તેમ કહ્યું. આ તો ખરા અર્થમાં મહાત્મા હતા ને? વિદ્વતાની મોટાઈ કે ધંમડ થોડું હોય? એ તો નમ્રતાનો ભંડાર હતા. નમ્રતારૂપી સોનામાં પ્રેમરૂપી સુગંધ ભેળવીને નિર્દોષ વાતો કરતા હતા. એટલે સામાના મનોભાવનો ખ્યાલ રાખી પૂરેપૂરો સંતોષ આપતા હતા. એટલે દાઢી કર્યા બાદ પણ જરૂર પડે તો વધુ વાતચીત કરવાની તૈયારી બતાવી. જુઓ તો ખરા? કયાં એ મહાત્મા અને કયાં હું? મેં મુલાકાતનો અગાઉથી સમય પણ માગ્યો ન હતો. અને તેમનો સમય લેવાની મેં ના પાડેલી, છતાં આગ્રહ કરીને મારા જેવા ઊગતા નવયુવાનને વાતચીત કરવા બેસાડીને પૂરો સમય આપ્યો. વાતચીત કરવાની તૈયારી વગર કયા વિષય ઉપર કેમ વાત કરવી તેની મને ખબર કેમ પડે? છતાં મારે મૂંઝાવું ન પડયું. તેમણે જ સહાનુભૂતિપૂર્વક વાતચીત શરૂ કરી. પહેલા તો પેટી રેંટિયાની જોત્તર (બે ચક્કરને જોડતી જાડી માળ) તૂટી ગયેલ તે સાંધવા સોયદોરો રેંટિયાના ખાનામાંથી ન નીકળ્યો એટલે તેમની હરિજન દીકરીને મીઠો ઠપકો આપી દરેક ચીજ યોગ્ય ઠેકાણે મૂકવા સમજાવ્યું, અને આ રીતે એક મિનિટની બરબાદી બદલ દુઃખ વ્યકત કર્યું.

વાતચીતની શરૂઆત ઘાટકોપરના ખબરઅંતરથી કરી. અહીંના તે વખતના રચનાત્મક કાર્યકરો અને નેતાઓ એકેએકને તેઓ ઓળખે. ખાસ કરીને શ્રી ચીમનલાલ પોપટલાલ શાહ; શ્રી હેમચંદ ભગવાનજી, શ્રી મોહનલાલ મગનલાલ પારેખ, શ્રી દામોદર બાલકૃષ્ણ વોરા અને શ્રી કમળાબહેન સંઘવી વગેરે બધાંને યાદ કર્યા. ઘાટકોપરમાં કાંતણપ્રવૃત્તિ, ખાદી ગ્રામોદ્યોગનું વેચાણ વગેરે બાબત જાણીને ઘાટકોપરની પાંજરાપોળ વિષે વિગત જાણી. તેઓએ ૧૯૨૬ના અરસામાં ઘાટકોપરની પાંજરાપોળમાં આવ્યાનું સ્મરણ તાજું કર્યું. હું કંઈ બાકાત રહું તેમ નહોતો – મારું કાંતવાનું તે વખતે રેંટિયો તૂટી જવાથી બન્ધ હતું. મેં મુંબઈ નવજીવન સંઘમાં દુરસ્ત કરવા આપેલ, પણ તેઓએ લાંબો સમય થયા છતાં સમો કરી નહોતો આપ્યો. આટલું સાંભળતા વેંત જ તરત જ તેમણે નવજીવન સંઘ ઉપર ઠપકો લખાવ્યો. કહો દરેક કામ તરત જ પતાવવાની કેટલી ચીવટ. કોઈ કામ પછી ઉપર શેનું રહે?

હજી વાતચીત માટે પૂરતો સમય બાકી હતો. એટલે મને મુંબઈના ગુમાસ્તાઓની પરેશાનીની રજૂઆત કરવાની ઈચ્છા થઈ. તે વખતે દેશી બજારોમાં – મારકીટોમાં ગુમાસ્તાઓને રવિવારની રજા નહિ – અમાસની રજા અરધી મળતી તે પણ હંમેશા નહિ. દરરોજ વહેલી સવારથી મોડી રાત સુધી કામ કરવું પડતું. ગુમાસ્તો યંત્રની જેમ રાત દિવસ કામ ઢસડયે જતો હતો. અને ઑફિસોમાં નોકરી કરનારને ઘણી સગવડ હતી. બીજી બાજુ શનિવારે અડધા દિવસની રજા અને રવિવાર તથા તહેવારની સંપૂર્ણ રજા. ઉપરાંત માંદગીની–હક્કની રજાઓ પણ મળે. દેશી કામધંધામાં કામ કરતો ગુમાસ્તો અને ઑફિસમાં કામ કરતા કારકૂન વચ્ચે કેટલો બધો તફાવત? ગુમાસ્તાબંધુઓના આ ત્રાસનો ઉપાય થઈ શકે તો તે કરવા વિનંતિ કરી. બહુજ શાંતિથી બધી વિગત સાંભળી. પછી કહે: "જુવોને પહેલાં કરતાં હાલ કંઈક ઠીક છે. મેં પણ થોડા વખત માટે રેવાશંકર તુલસીદાસને ત્યાં કામ કર્યું છે એટલે મને પણ એ બાબતનો ખ્યાલ તો છે જ. આસ્તે આસ્તે સુધરશે." મેં કહ્યું: "હવે જ્યારે પ્રાંતોમાં કૉંગ્રેસ સરકાર સત્તા ઉપર આવવાની છે તે કંઈ નહિ કરી શકે?" બાપુજી બોલ્યા "સમય આવે તે પણ પોતાનું કર્તવ્ય બજાવશે. ધીરજથી સમજીને આ કાર્યમાં પ્રગતિ કરી શકાશે." છેલ્લે મેલેરિયા માટે કવીનાઈન (ટીકડી) કઈ જાતની સારી આવે છે તે પણ પૂછી લીધું.

લગભગ બે વાગે અમારી વાતચીત પૂરી થઈ. આશ્રમમાં ખૂબ જ સાદાઈ. બાપુજી સાદા આસન ઉપર બેસતા. સાદું મેજ રાખી લખતા હતા. મારા પછી મીરાબહેન સાથે વાતચીત શરૂ કરી. તેમના પછી શ્રી પ્યારેલાલજી (જેઓ બાપુજીના મંત્રી હતા.) પાસેથી છાપાઓમાંના રાજકીય સમાચાર જાણી લીધા અને તેમની જોડે ચર્ચા શરૂ કરી.

સાંજના ચારના સુમારે એક આશ્રમવાસી ભાઈ મને આશ્રમ જોવા લઈ ગયા. ગાયોની સંભાળ મીરાબહેન રાખતાં હતાં તે જોયું. શૌચ જવા માટે દોઢ ફૂટ ઊંડો ખાડો લાંબે સુધી ખોદી રાખેલો. તેના ઉપર ચટાઈની ખસેડી શકાય તેવી દિવાલવાળું ચોરસ પાયખાનું બનાવેલ. શૌચ ગયા પછી મળ ઉપર માટી નાખવાની હતી. આવી રીતે કરવાથી દુર્ગંધ તેમ જ ગંદકી તો ન જ ફેલાય અને રોગની ઉત્પત્તિ પણ ન થાય તે તો ખરું, પણ આ રીતે સહેલાઈથી આપમેળે જ સોનેરી ખાતર પણ તૈયાર થતું જાય. આશ્રમના મકાનો બેઠા ઘાટના, સાદા છાપરાવાળા અને ગારની દિવાલના હતા. દરવાજાને કયાંય તાળું વાસવાનું ન હતું. આ જ આશ્રમમાંથી બાપુજી દુનિયાભરને માર્ગદર્શન આપતા હતા.

સાંજે પાંચ વાગે જમવાનો સમય થયો. અને બાપુજીએ બરાબર યાદ કરી મને તેમની બાજુમાં જ જમવા બેસાડયો. મારા કેટલા બધા અહોભાગ્ય! છેલ્લે મેં જવા માટે તેમની રજા માગી. તેમણે આનંદ વ્યકત કરી ભાવભરી વિદાય આપી અને વર્ધા સ્ટેશન તરફ જવાનો રસ્તો દેખાડયો. જરૂર જણાય તો સાથે કોઈને મોકલવાનું જણાવ્યું. મેં રસ્તો બરાબર જોયો હતો, તેથી એકલો જઈ શકીશ એમ કહેતાની સાથે સામેથી બે બંગાળી યુવકો આવતા દેખાયા. તેઓ અગાઉથી નક્કી કરીને આવ્યા હતા. રાત રોકાવાના હોઈને બાપુજીએ તેઓને સાથે ફરવા આવવા જણાવ્યું. ફરતાં ફરતાં વાતચીત કરવાનું કહ્યું. બાપુજી તેમની દીકરી સાથે ફરવા જતા હતા. જોયુંને? કેટલા બધા કાર્યરત!

હું તેમની નમ્રતા અને સાદાઈથી ખૂબ પ્રભાવિત થયો. વર્ધા સ્ટેશને રાત્રે પહોંચ્યો. મુંબઈ તરફની ગાડી આવવાને વાર હતી. દરમિયાન આ સોનેરી તક મળ્યા બદલ અનેરી ધન્યતા અનુ ભવતો રહ્યો–જેની સુવાસ આજદિન સુધી હું પામી રહ્યો છું. તેમની પ્રેમભરી વાણીનું ગૂંજન હજી આજે પણ સાંભળી રહ્યો છું અને કબિરના ભજનની એક જ પંકિતનું રટણ કર્યા કરું છું. "મન મસ્ત હુવા તબ કયો બોલે?"

હરિલાલ ગુલાબચંદ શાહ

પ્રકીર્ણ નોંધ

નૂતન વર્ષના વાદળઘેરા પ્રભાતે–

દરેક પ્રજાને મન પોતાના દેશમાં પ્રચલિત સંવત્સરનો પ્રથમ દિવસ અસાધારણ મહત્ત્વનો બને છે અને એકમેક પ્રત્યે અને સામુદાયિક રીતે શુભેચ્છા દર્શાવવાનો અને અભિનંદનની લેવડદેવડ કરવાનો પ્રસંગ મનાય છે. આ રીતે તાજેતરમાં શરૂ થયેલા વિ. સં. ૨૦૨૬ ના વર્ષનો પ્રથમ દિવસ (તા. ૧૦ મી નવેમ્બર સોમવાર) આપણા માટે–ખાસ કરીને હિન્દુ પ્રજા માટે–અભિનન્દનનો અને શુભેચ્છાઓના આદાનપ્રદાનનો વિષય બને છે. આ દિવસે આપણું દિલ અનેરા આનંદ અને ઉલ્લાસથી ઊછળતું હોય છે અને પસાર થયેલા વર્ષને વિદાય આપીને નવા વર્ષમાં આપણે નવા આશાવાદપૂર્વક પ્રવેશ કરીએ છીએ.

આમ છતાં સપ્ટેમ્બર–ઓક્ટોબર માસ દરમિયાન અમદાવાદ ખાતે કોમી વેરઝેરને પ્રગટ કરતો જે હત્યાકાંડ અને જાનમાલની ખૂવારી થઈ તેના ભણકારા હજુ પણ કાનમાં વાગ્યા કરે છે અને તેનું સ્મરણ દિલમાં કંપારી પેદા કરે છે. વળી કૉંગ્રેસમાં પણ જે સંઘર્ષ પેદા થયો છે અને બે પક્ષો વચ્ચેની અથડામણ ઊભી થવાના પરિણામે જે કૉંગ્રેસના ભવ્ય ઉત્કર્ષના સાક્ષી થવાનું મારા જેવા અનેકને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તે જ કૉંગ્રેસને છિન્નભિન્ન થતી જોવાનું આજે દુર્ભાગ્ય પ્રાપ્ત થયું છે. આમ આજે સમગ્ર આકાશ ઘેરાં વાદળોથી છવાયેલું દેખાય છે, અને આશાનું કોઈ કિરણ ફૂટતું દેખાતું નથી અને નવા વર્ષને આવકારવાયોગ્ય કોઈ સ્ફૂર્તિનો - અનુભવ થતો નથી; વાણી જાણે કે સ્થગિત થઈ ગઈ હોય એમ લાગે છે અને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પ્રેરક કે પ્રોત્સાહક બને એવું શું લખવું તેની કોઈ સૂઝ પડતી નથી. આવી વ્યથાપૂર્ણ માનસિક પરિસ્થિતિમાં મારા મિત્ર શ્રી ઝીણાભાઈ દેસાઈ–સ્નેહરશ્મિ તરફથી નવા વર્ષ અંગે મળેલો શુભેચ્છાપત્ર - મારો મનોભાવ પણ વ્યકત કરતો હોઈને - નીચે અવતરિત કરીને સંતોષ અનુભવું છું.

નૂતન વર્ષે

મૈત્રી ને કરુણાની સરવાણીઓ જ્યાં સુકાઈ જવા માંડી છે;
માનવતા જ્યાં પરવારી જવા આવી છે –
ત્યાં
ભાઈભાંડુઓ અને નિર્દોષોનાં લોહીથી રંગાતા
આપણા આ હતભાગી દેશની ક્ષિતિજે
નૂતન વર્ષનો સૂરજ એવું તપો
કે
આભ આખું નવા મેઘોથી છવાઈ રહે
ને
દેશ આપણો
આત્મવિશ્વાસ, શ્રદ્ધા, બલિદાન અને બિરાદરીની
મુશળધાર અમીવર્ષાથી નવપલ્લવિત બની જાય!

કૉંગ્રેસ કારોબારીની બે ગંભીર ભૂલોએ પરિસ્થિતિમાં પેદા કરેલો પલટો

પ્રબુદ્ધ જીવનના છેલ્લા અંકમાં કૉંગ્રેસની આ કટોકટી વિષે ખાસ ઓક નોંધ પ્રગટ થઈ છે. ત્યાર બાદ બનેલા બે બનાવોએ આખી પરિસ્થિતિને નવો આકાર આપ્યો છે અને તે અંગેના મારા વલણ ઉપર પણ તેની ગંભીર અસર પડી છે. કૉંગ્રેસ કારોબારીમાંથી શ્રીમતી ઈન્દિરા ગાંધી તરફી કેટલાક સભ્યો જુદા પડયા અને આ રીતે ખંડિત થયેલી કૉંગ્રેસની કારોબારીએ કૉંગ્રેસ મહાસમિતિના ૪૦૬ સભ્યોની સહીઓવાળા રીકિવઝીશનને નિયમ બહારનું જાહેર કર્યું. એ રીકિવઝીશન આ જ કૉંગ્રેસના પ્રમુખની ફેરબદલીની માગણી કરનારું હતું. મને લાગે છે કે આ રીકિવઝીશનને ઠુકરાવવામાં કૉંગ્રેસની કારોબારીએ ઘણી ગંભીર ભૂલ કરી છે. બીજું પગલું શ્રીમતી ઈન્દિરા ગાંધીને કૉંગ્રેસમાંથી બરતરફ કરવાને લગતું છે. આવું પગલું પ્રસ્તુત કારોબારીએ, તે પગલાના ઔચિત્ય અનૌચિત્યનો વિચાર બાજુએ રાખીએ તો પણ, પોતાના બળાબળનો કશો પણ વિચાર કર્યા વગર ભર્યું છે અને ત્યાર બાદ મળેલી પાર્લમેન્ટમાં કૉંગ્રેસી સભ્યોની સભાએ આ પગલાને લગતા ઠરાવને ઘણી મોટી બહુમતીથી અમાન્ય જાહેર કરીને કોડીનો બનાવી દીધો છે અને શ્રીમતી ઈન્દિરા ગાંધીના સ્થાનને શૂન્યવત્ બનાવવાને બદલે ઘણું વધારે મક્કમ અને સુરક્ષિત બનાવ્યું છે. આ લડતમાં સાચા ખોટાનો–યોગ્ય-અયોગ્યનો–વ્યાજબી ગેરવ્યાજબીનો ખ્યાલ અસ્થાને છે. જેને બહુમતીનું પીઠબળ હોય તેનું શાસન ચાલે અને એ પીઠબળ આજે ઈન્દિરા ગાંધીને છે અને નિજલિંગપ્પાને નથી એ કબૂલ કર્યા સિવાય ચાલે તેમ નથી. ૧૭મી તારીખે મળનાર સંસદની બેઠકમાં પણ ઈન્દિરા ગાંધીના સ્થાનને વધારે મજબૂત કરવામાં આવશે એમાં કોઈ શંકા નથી. આજની પરિસ્થિતિનું આ ચિત્ર છે. ભવિષ્ય તેને કયો અને કેવો આકાર આપે છે એ જોવાનું રહે છે.

૧૮મું સર્વોદય સંમેલન અને બિહાર ગ્રામદાન

ઑક્ટોબર માસની તા. ૨૫થી ૨૮ મી તારીખ સુધી બિહારમાં આવેલા રાજગીર ખાતે પૂજ્ય વિનોબાજીના સાન્નિધ્યમાં ૧૮ મું સર્વોદય સંમેલન ભરાઈ ગયું. ત્યાર બાદ પ્રગટ થયેલા ભૂમિપુત્રમાં તે અધિવેશનોમાં અપાયલાં કેટલાંક વ્યાખ્યાનોની નોંધ પ્રગટ થઈ છે; કાર્યવાહીની કોઈ વિશેષ વિગતો જોવામાં આવતી નથી.

ગ્રામદાનની વિગતો આપતાં તા. ૧૬મીના ભૂમિપુત્રમાં જણાવવામાં આવ્યું છે કે છઠ્ઠી ઓકટોબર સુધીમાં આખા ભારતમાં ૨૯ જિલ્લાદાન, ૯૫૦ પ્રખંડદાન અને ૧,૩૩, ૨૨૩ ગ્રામદાન થયા છે. બિહાર તળમાં ૫૮૭ પ્રખંડમાંથી ૫૫૦ પ્રખંડદાન થયા છે; ત્યાર બાદ સર્વોદય સંમેલન સુધીમાં બિહારમાં બીજાં પ્રખંડદાનો ઉમેરાયા છે એટલે હવે માત્ર ૧૨ પ્રખંડદાન એટલે કે બે ટકા કામ બાકી રહ્યું છે. સંભવ છે કે આ અંક પ્રગટ થાય એટલા સુધીમાં આખું બિહારદાન કદાચ થઈ ચૂકયું હોય. આ બિહારદાન એટલે બિહારનાં બધાં ગામડાઓનાં દાન સમજવાના છે; શહેરો હજુ અસ્પૃષ્ટ છે. આ ગ્રામદાનનો અર્થ એમ સમજવાનો છે કે આ ગ્રામદાની ગામડાંઓના લોકોએ વીશમા ભાગની જમીન દાનમાં આપવાની અને ગ્રામદાનના પરિણામે દરેક ગ્રામદાની ગામડામાં ગ્રામ સભા ઊભી થાય તેને ચાલીસમાં ભાગની આવક આપવાની કબૂલાત આપી છે, અને નોકરી કરતા હોય તેણે ત્રીશમા ભાગની આવક આપવાની છે.

આમ જે બિહારદાનની વાત કરવામાં આવે છે તે ખરા અર્થમાં જો બિહારદાન હોય તો બિહાર આખાનો કાયાકલ્પ થઈ રહ્યો છે એમ આપણે સ્વીકારવું રહ્યું. અલબત્ત, આ ગ્રામદાનને લગતો હજુ કાયદો થયો નથી અને તેથી જ્યાં સુધી કાયદો ન થાય ત્યાં સુધી આ ગ્રામદાનો અમલી બન્યા ન ગણાય એમ સત્તાવાર પક્ષ તરફથી જણાવવામાં આવે છે. આમ છતાં પણ આટલાં મોટાં પ્રમાણમાં ગ્રામદાનો જ્યાં થયા હોય એ બિહારની સીકલ તો બદલાવી જ જોઈએ. તેનો Impact–ધક્કો–માત્ર આખા બિહાર ઉપર જ નહિ પણ આખા દેશ ઉપર પડવો જોઈએ એવી આપણે આશા રાખીએ. એમાંનું આજે બિહારમાં કશું જ જોવામાં આવતું નથી. બિહાર હતું તેમાં કશું જ આવકારપાત્ર પરિવર્તન દેખાતું નથી આવી છાપ મારી જેવા દૂર રહેનારની જ નહિ પણ આ આન્દોલનની અત્યન્તસમીપ એવા શ્રી વસન્તરાવ નારગોળકરની પણ છે અને તેમણે પ્રસ્તુત સર્વોદય અધિવેશનમાં તેમનો આ અભિપ્રાય નિડરપણે જણાવ્યો પણ છે અને શંકરરાવ દેવના વકતવ્યમાં પણ આવો જ

કાંઈક સૂર સંભળાય છે. તો પછી આ સમગ્ર બિહારદાનનો અર્થ શું સમજવો? તેનો અર્થ બિહારમાં આમૂલ ક્રાન્તિ થઈ રહી છે એમ સમજવું કે આ ગ્રામદાનોનું પેપરદાનથી હજુ કોઈ વધારે મૂલ્ય નથી એમ સમજવું? આ બાબતનો ખુલાસો અધિકૃત સ્થળેથી કરવામાં આવે એ અત્યન્ત જરૂરી છે.

આગામી વસતિગણતરી અને કોમી તારવણી

અમદાવાદવાળા ડૉ. કાન્તિલાલ શાહ કેટલાએક દિવસ પહેલાં લખાયલા એક કાર્ડમાં જણાવે છે કે: "અમદાવાદમાં જે બની ગયું તેથી દિલ બહુ વ્યથિત તથા ખાટું થઈ ગયું. મનમાં વિચાર આવતો હતો કે ભારતીય નાગરિક હિન્દુ છે કે મુસ્લિમ છે, શીખ છે કે ખ્રિસ્તી છે એ આપણે અને સરકાર ભૂલી જઈએ તો? સરકાર એવી નોંધ કરે નહિ અને રાખે નહિ તો? હું રાજકારણનો અભ્યાસી નથી એટલે આ વિચારની ઉપયોગિતા ખરી કે નહિ તે કહી શકતો નથી, પણ પ્રબુદ્ધ જીવનમાં આપે લખ્યું છે કે જૈનોએ આગ્રહપૂર્વક જૈન તરીકે નોંધણી કરાવવી – તે સમજાયું નહિ." ડૉ. કાન્તિલાલ શાહનો આ વિચાર વ્યવહારુ નથી, વાસ્તવિકતા સાથે સુસંવાદી નથી. અન્ય નાના દેશોમાં મોટા ભાગે એક જ ધર્મના અનુયાયીઓ અને એક જ જાતિના લોકો વસતા હોય છે, જ્યારે ભારત ઘણો મોટો ખંડ-સદશ દેશ છે, જ્યાં અનેક ધર્મના અને અનેક પ્રાદેશિક વિલક્ષણતા ધરાવતા લોકો વસે છે અને તેમના જીવનમાં આ ધર્મભેદ અને પ્રાદેશિક ભેદ મહત્ત્વનું સ્થાન ધરાવતો હોય છે. આવા ભેદો એકમેકને ઓળખવામાં પણ બહુ ઉપયોગી નીવડે છે. અને સામાન્ય જનતા આવા ભેદોને ભૂલી જઈને માત્ર ભારતીય તરીકે પરસ્પર વ્યવહાર કરે એ શક્ય જ નથી. એવી જ રીતે ડૉ. કાન્તિલાલ શાહ સૂચવે છે તે મુજબ, ભારતની વસતિગણતરીમાં આવા ભેદસૂચક ખાનાંઓ કાઢી નાંખવાથી અને સૌ કોઈ ભારતીય છે એવો દેખાવ ઊભો કરવાથી ભારતીયતાની ભાવના વધારે પુષ્ટ બનવાનો કોઈ સંભવ નથી.

ભારતનો પ્રશ્ન દેશભરમાં વ્યાપી રહેલું વૈવિધ્ય આવા કૃત્રિમ ઉપાયો વડે નાબૂદ કરવાનો નથી, પણ પ્રસ્તુત વૈવિધ્યમાં એકતાની ભાવનાને સુદઢ કરવાનો છે; નાત જાત કે ધર્મના ભેદોને પ્રાધાન્ય આપતા માનસને સંસ્કારીને આપણ સર્વને ગાઢપણે સ્પર્શતી એકતાને ઉપર લાવવાનો છે, બીજું ગમે તે હોય પણ હું ભારતીય પહેલો છું અને ભારતીય છેલ્લો છું–આવી ભાવનાને–આ વિચારને – આપણા સર્વના માનસમાં સુપ્રતિષ્ઠિત કરવાનો છે. પ્રશ્ન આખો કઈ વૃત્તિ, કઈ વલણને પ્રાધાન્ય આપવું તે છે. કુદરતે, ઈતિહાસે, સંસ્કૃતિએ પેદા કરેલું ભૌગોલિક, પરંપરાગત અને સાંસ્કૃતિક વૈવિધ્ય કોઈ કાળે નાબૂદ થઈ શકે તેમ છે જ નહિ.

વ્યાપક એકતાનો પ્રત્યક્ષ અનુભવ કરવો એ આપણું લક્ષ્ય છે. બીજા નાના દેશોમાં આ સાધવું સરળ છે. ભારતના પ્રજાજનો માટે, સંપ્રદાયગત, ધર્મગત અભિનિવેશો ચિરનિહિત હોવાથી, આ સાધવું મુશ્કેલ છે. પણ જો એક પ્રજા તરીકે, એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ટકવું હોય તો આ એકતાનો – રાષ્ટ્રીય એકીકરણનો – માર્ગ અપનાવ્યા સિવાય આપણા માટે બીજો કોઈ વિકલ્પ નથી.

આગામી વસતિપત્રકમાં જૈનોને જૈન તરીકે પોતપોતાની નોંધ કરાવવાનું સૂચન કરવું જૈન સમાજના એક અંગભૂત વ્યક્તિ તરીકે મને આવશ્યક લાગ્યું. જ્યારે ભારતવ્યાપી વસતિપત્રક તૈયાર કરવામાં આવે ત્યારે જેમ તે દ્વારા પ્રાદેશિક અને સાંપ્રદાયિક ઘટકોને પોતપોતાની જનસંખ્યા તેમ જ પોતાના ઘટકને લગતી બીજી અનેક બાબતો જાણવાની અપેક્ષા રહે છે તેમ જ એક વિશિષ્ટ વિચારસરણી ઉપર નિર્માણ થયેલા જૈન સમાજને પણ આવી ચોક્કસ અને આધારભૂત માહિતી મેળવવાની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. આમ છતાં અનુભવથી માલૂમ પડ્યું છે કે એવા કેટલાય લોકો છે કે જેઓ જૈન હોવા છતાં આ બાબતની ચોક્કસ નોંધ કરાવવામાં ઉદાસીનતા સેવે છે અને જૈનને બદલે વૈશ્ય કે વાણિયા એમ નોંધાવે છે અને એ કારણે ધારવામાં આવે છે તે કરતાં જૈન સમુદાયની સંખ્યા વસતિપત્રકમાં બહુ ઓછી બહાર પાડવામાં આવે છે આવું ઘણા જૈનોનું માનવું છે. આ કારણે આગામી વસતિગણતરીમાં ઉપરના મુદ્દા ઉપર જૈનોનું ખાસ ધ્યાન ખેંચવાનું મને ઉચિત લાગ્યું છે.

પરમાનંદ

શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા: એક પરિચય

શ્રી નારણદાસ ગાંધીએ 'ચરખા ઘર' ની અનોખી યોજના ગાંધી શતાબ્દી વર્ષ માટે તૈયાર કરી છે. શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી ઢેબર, શ્રી રાધાકૃષ્ણ બજાજ વગેરેના એ યોજનાને આશિર્વાદ મળ્યા છે.

સૂતર કાંતી તેની ઉપજમાંથી સતત રેંટિયા જ્યાં ચાલે એવું રેંટિયા ગૃહ ઊભું કરવાની આ યોજના છે.

આ પ્રવૃત્તિ સાથે ખૂબ સંકળાયેલા એવા જનોને બાદ કરીને, બહારથી આવેલી આંટીઓમાં પહેલી ભેટ શ્રી મંગળજી ઝવેરચંદ મહેતાએ મોકલી છે એમ શ્રી નારણદાસ ગાંધીના પુત્ર જણાવે છે.

આ મંગળજીભાઈ મહેતાનો પરિચય મેળવીએ.

એમની વય આજે લગભગ ૮૩ વર્ષની છે. એકવડીયું શરીર અને નાનું કદ છતાં ૮૩ વર્ષે પણ જુવાની શરમાય એમ ટટ્ટાર ચાલે છે.

લગભગ ગાંધીપ્રવૃત્તિની શરૂઆતનાં વર્ષોથી જ એમણે ખાદી પહેરવા માંડી. તાકા લઈ ઘેર ઘેર ફરી ખાદી વેચવી પડતી એ સમય પૂરો થયો અને ખાદી વેચવા ખાદીભંડારો શરૂ થયાં ત્યારે એમણે પણ પાલણપુરમાં વર્ષોસુધી ખાદીભંડારનું સંચાલન કર્યું. ખાદી ઉત્પાદન માટે પણ પ્રયાસો કર્યા પણ ઉત્પાદન સફળ ન થયું. અને ત્યારથી જ રોજ છ સાત ક્લાક કાંતવા માંડ્યું. આ ઉંમરે આજે પણ એ છથી સાત ક્લાક રોજ કાંતે છે.

૧૯૩૬ લગભગ ગાંધીજીએ ખાદીના કામની અને એમાં પડતી મુશ્કેલીઓ જાણવા જુદા જુદા ખાદીભંડારોના સંચાલકોને બોલાવ્યા હતા. શ્રી મંગળજીભાઈ પણ એમાં હતા. ઊઠતાં ઊઠતાં એમણે જાતે કાંતેલી ખાદીનાં બે ધોતિયાં બાપુના ખોળામાં ભેટ ધર્યાં. બાપુએ પૂછ્યું: 'રોજ કેટલો સમય કાંતે છે?' મંગળજીભાઈએ જવાબ દીધો: 'છ સાત ક્લાક.' બાપુએ આશીર્વાદ આપ્યા 'ગોકળ ગાય જેવો ન થતો, રોજ કાંતતો રહેજે!' અને સરદાર વલ્લભભાઈએ ટકોર કરી 'કાંતવામાં ખાદી ભંડારનું કામ ભૂલતો નહિ.' શ્રી મંગળજીભાઈ આ પ્રસંગને ભક્તિભાવે યાદ કરે છે.

એમના કાંતેલા સૂતરમાંથી લગભગ સો વાર કાપડ થાય છે. એમની જરૂરત ૩૦ વારની. એટલે ૭૦ વાર કાપડ કે એની આંટીઓ કોઈ સંસ્થાને, કોઈ શાળાને ભેટ આપે છે. ક્યારેક વેચી એટલી રકમ સંસ્થાઓને મોકલે છે.

મુંબઈ જૈન યુવક સંઘને પણ એમણે જાતે કાંતેલ સૂતરની રકમ મોકલી હતી.

ક્રામની આ સતત પ્રવૃત્તિ અને જૈનોનાં અને સાર્વજનિક કામો જેવાંકે જીવદયા વિગેરેમાં – આવી કાંઈક પણ કરી છૂટવાની પરોપકારી પ્રવૃત્તિઓ કરનારને પ્રભુ દીર્ઘાયુષ આપે!

તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી

કાર્ય સાથે અસંબદ્ધ એવા રાજકીય લેબલો

(સ્ટેટ્સમેનમાંથી ઉધ્ધૃત અને અનુવાદિત)

આપણને રાજકીય સ્વતંત્રતા મળ્યે બાવીશ વર્ષ પૂરાં થયાં છે, પણ બૌદ્ધિક રીતે હજી સુધી આપણે પશ્ચિમની ગુલામીમાંથી છૂટી શક્યા નથી. હજી પણ આપણે તેમના વિચારો અને તેમની ભાષા જ બોલીએ છીએ અને સૂત્રો પણ આપણે પશ્ચિમમાં પ્રચલિત થયેલા હોય તે જ અપનાવી લઈએ છીએ. આ સૂત્રો તો ત્યાં પ્રવર્તતી સામાજિક રાજકીય અને આર્થિક પરિસ્થિતિના પરિણામે ઉદ્‌ભવ્યા હોય છે. આપણા દેશમાં પ્રવર્તતી પરિસ્થિતિને બંધ બેસે એવી મૌલિક વિચારશક્તિ હજી આપણે વિકસાવી શક્યા નથી એમ લાગ્યા વિના રહેતું નથી.

દાખલા તરીકે, માર્ક્સના વિચારોનું અર્થઘટન જે રીતે રશિયામાં લેનિને કર્યું હતું અને માઓ-ત્સે-તુંગ જે રીતે ચીનમાં કરી રહ્યા છે તે રીતે કરવામાં ભારતના જુદાજુદા સામ્યવાદી પક્ષો નિષ્ફળ ગયા છે. યુગોસ્લાવિયા જેવા નાના દેશે પણ માર્કસ્‌વાદને પોતાની રીતે ઘટાવ્યો છે, જ્યારે આપણે ત્યાં માર્કસ્‌ના વિચારોનું મૌલિક નિરુપણ હજી સુધી એકપણ ભારતીય સામ્યવાદીએ કર્યું હોવાનું જાણવામાં આવ્યું નથી. આપણે ત્યાં તો રશિયન છાપનો કે ચીનની છાપ વાળો માર્ક્સ્‌વાદ સ્વીકારી લેવામાં આવ્યો છે, જ્યારે યુગોસ્લાવિયા ઘણો નાનો દેશ હોવાથી તેના વિચારોની ભારતના સામ્યવાદીઓમાં કશી ગણના થઈ નથી.

તે જ પ્રમાણે પશ્ચિમમાં જુદી જુદી પરિસ્થિતિઓના ઉપલક્ષમાં ચલણી બનેલા (Slogans) સૂત્રોનો આપણે સ્વીકાર કરીએ છીએ અને વગરવિચાર્યે આપણે ત્યાં પ્રવર્તમાન જુદા જ પ્રકારની પરિસ્થિતિમાં એ જ સૂત્રોનો ઉપયોગ પણ કરીએ છીએ. આપણા રાજકીય પક્ષો અને વ્યક્તિઓને પણ એ જ લેબલ લગાવીએ છીએ, જે રીતે પશ્ચિમના દેશોમાં બને છે: જમણેરી, ડાબેરી, મધ્યસ્થ, મધ્યથી જરા જમણી બાજુ ઢળેલા, મધ્યથી જરા ડાબી બાજુ વળેલા ઈત્યાદિ. સામાન્ય લોકો પણ આ લેબલો સ્વીકારીને ચાલે છે. કેટલીક વાર તો પક્ષો કે વ્યક્તિઓને તેમના વિરોધીઓએ આપેલાં નામો પણ લોકો સ્વીકારી લે છે. જમણેરી શબ્દ એક પ્રકારની રૂઢિચુસ્તતા સૂચવે છે, પૈસાવાળાની તરફેણમાં ગરીબોના હિતોની અવગણના સૂચવે છે. સમાજવાદીઓ અને સામ્યવાદીઓ એ શબ્દને ઊતરતી કક્ષાનો ગણે છે.

કોઈપણ પક્ષ, વ્યકિત કે સમૂહની ઓળખાણ તે તે પક્ષ કે વ્યકિતએ અમલમાં મૂકેલ રાજનીતિ વડે નહીં પણ માત્ર તેમને લાગેલા લેબલ દ્વારા–અને કેટલીકવાર તો તેમના વિરોધીઓએ લગાવેલા લેબલ દ્વારા–થાય છે. આઝાદી પહેલાં સમાજવાદી અને સામ્યવાદી પક્ષો ઉદ્દામ અથવા ડાબેરી કહેવાતા હતા. ગાંધીજી અને એમના અનુયાયીઓ જમણેરી ગણાતા. ગાંધીજીને તેઓ મૂડીપતિઓના મિત્ર અને ક્યારેક તો શાહીવાદીઓના પણ મિત્ર તરીકે ઓળખાવતા. પરંતુ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લેબલો બદલાઈ ગયાં. રશિયાએ યુદ્ધમાં ઝંપલાવવાને પરિણામે 'શાહીવાદી' યુદ્ધ 'જનતાનું' યુદ્ધ બની ગયું. દેશની આઝાદી માટે કામ કરનારા કૉંગ્રેસવાદીઓ અને સમાજવાદીઓ બંનેને સામ્યવાદીઓએ પ્રત્યાઘાતી કહ્યા.

પરંતુ ગાંધીજીએ જ્યારે બ્રિટીશ સરકારને બિનશરતી રીતે ભારત છોડવાનું આહ્‌વાન કર્યું ત્યારે તેઓ–અહિંસાવાદી હોવા છતાં–એક મોટામાં મોટા રેવોલ્યુશનરી તરીકે પુરવાર થયા. પરદેશમાંથી સુભાષે એમના આશીર્વાદ માંગ્યા અને તેમને 'રાષ્ટ્રપિતા' તરીકે નવાજ્યા. હિંદુ–મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતાનિવારણ અને પાયાની કેળવણી જેવી અનેક સુધારાની યોજનાઓમાં ગાંધીજી કોઈપણ જાતના કે રંગના સામ્યવાદી કરતાં વધારે ઉદ્દામ હતા.

કમનસીબે, જુદા જુદા રાજકીય પક્ષો અને વ્યકિતઓને ઓળખવા માટે આઝાદી પહેલાં જે વિશેષણો વપરાતાં હતાં તે ઘણાં જુનાં વિશેષણો આઝાદી પછી પણ ચાલુ રહ્યાં. સૌ પ્રથમ, કૉંગ્રેસ અને આઝાદ ભારતની સરકારમાં બે ઉચ્ચકોટિના નેતાઓ હતા–વલ્લભભાઈ અને જવાહરલાલ. પાશ્ચિમાત્ય વિવેચકો એકને રૂઢિચુસ્ત ગણતા અને બીજાને ઉદ્દામવાદી ગણતા. સરદારની શું સિદ્ધિઓ હતી? દેશના તાજેતરના ઈતિહાસમાં એક કટોકટીના સમયે કે જ્યારે આપણી લોકશાહી સરકારનું સમગ્ર માળખું ચુંથાઈ જઈ શક્યું હોત ત્યારે સરદારે નાનામોટા અનેક દેશી રાજ્યોને ભારતીય ગણરાજ્યમાં ભેળવી દીધાં.

વડાપ્રધાન નેહરુ આ જ પરિણામ લાવી શક્યા હોત કે કેમ એ વિષે ચર્ચા કરવી નિરર્થક છે. તાત્પર્ય એ છે કે જમણેરી ગણાતા સરદાર આવો ઉદ્દામ સુધારો લાવી શક્યા. હૈદરાબાદમાં નિઝામની સામે પોલીસ પગલું સફળ રીતે ભરવામાં પણ તેઓ જ જવાબદાર હતા. તેઓ એમ પણ કહેતા કે કાશ્મીરનો પ્રશ્ન એ જો જવાહરલાલની ખાસ જવાબદારી હેઠળ ન હોત તો તેમણે એનો ક્યારનોયે ફેંસલો આણ્યો હોત. તેમણે ઉચ્ચ કક્ષાની સરકારી સેવાઓને વધારે સક્ષમ બનાવી અને સરકારી નોકરોની વફાદારી સંપાદન કરી. સિવિલ સર્વિસના ઘણા હિંદી અફસરો જરા ઢીલા થઈ ગયા હતા, કારણકે પોતાના તે વખતના પરદેશી માલિકોને ખુશ કરવા માટે આઝાદીની લડતના સૈનિકો પ્રત્યે તેમણે દુર્વર્તાવ કર્યો હતો અને જેને માટે કૉંગ્રેસવાળાઓએ તેમની અનેક વાર નિંદા કરી હતી.

સૈદ્ધાંતિક મતભેદોને બાદ કરતાં ઉપર ગણાવેલા પગલાંઓને ઉદ્દામ જ–Radical–માનવા જોઈએ.

એમ કહેવાય છે કે ઉદ્યોગોમાં ખાનગી સાહસને ઉત્તેજન આપવા માટે સરદાર જવાબદાર હતા. પરંતુ એ દિવસોમાં બીજું કાંઈ શક્ય જ ન હતું; કારણકે દેશને સ્થિર સરકાર આપવાનો અને ઉત્પાદન વધારવાનો સવાલ તાત્કાલિક અગત્યનો હતો. પંચવર્ષીય યોજનાઓ એમના અવસાન બાદ ઘડાઈ. કહેવાતા જાહેર ક્ષેત્રની સફળતા કેવી રહી એ એક બીજો પ્રશ્ન છે. યાદ રાખવા જેવો મુદ્દો એ છે કે સરદારનો એ વિષય ન હતો. તેમ જ ન તો એ ભારતના વડા પ્રધાન હતા કે ન હતા એ ઉદ્યોગોના પ્રધાન. કેટલાક ઉદ્યોગપતિઓ સાથેની એમની મિત્રતા અંગત હતી. એવું જ જવાહરલાલના સંબંધમાં પણ હતું અને તેઓ પણ ઘણીવાર અગ્રણી ઉદ્યોગપતિઓની સલાહ લેતા.

મેં આ સરદારની પાયાની સિદ્ધિઓને જવાહરલાલની સિદ્ધિઓ સાથે સરખાવવા માટે લખ્યું નથી. એ તો જાણીતું છે કે બંને જણ સાથે મારે ઘણી મૂળભૂત બાબતો પરત્વે મતભેદો હતા, અને એથી જ મેં કૉંગ્રેસના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું હતું. અત્રે હું માત્ર ઐતિહાસિક કારણોને લઈને એમ જણાવવા ઈચ્છું છું કે જવાહરલાલ કશુંક સમાધાન કરવાનું સૂચવતા હતા, જ્યારે સરદાર મારું રાજીનામું સ્વીકારાવી લેવા ઈચ્છતા હતા. રાજેન્દ્રબાબુને પણ તેમણે જ અગત્યનું એવું ખોરાક ખાતું છોડીને તેમના પોતાના નિર્ણયની વિરુદ્ધ અને ખુદ ગાંધીજીની પણ ઈચ્છા વિરુદ્ધ મારા પછી કૉંગ્રેસનું પ્રમુખપદ સ્વીકારવાનો આગ્રહ કર્યો હતો.

મારા રાજીનામાના ફળ સ્વરુપ દેશને સંભવત: લાગનારા આઘાતને હળવો બનાવવા માટે સરદારે આમ કર્યું હતું. જોકે આ બધું એમણે જાણે કે મારી વિરુદ્ધમાં કર્યું હતું તો પણ મારે કહેવું જોઈએ કે નવીસવી સરકારની સામે પડેલા અનેક પ્રશ્નોનો વિચાર કરતાં આ એક કુનેહવાળું પગલું હતું.

આ રીતે ઉદ્દામવાદી સુધારાની વ્યવહારુ યોજનાઓને જે અમલમાં મૂકીને સફળ બનાવે છે તેને જમણેરી ગણવો, કે ઉદ્દામ

ગણાતા આદર્શો પ્રત્યે પોતાની નિષ્ઠા હોવા છતાં એને અમલમાં મૂકવામાં સંકોચ અનુભવનારને ડાબેરી ગણવો તે એક મહત્વનો મુદ્દો બની રહે છે.

હવે આપણે આઝાદી પછીની કૉંગ્રેસનો વિચાર કરીએ. આ પહેલાં કૉંગ્રેસની અંદર દરેક પ્રકારના રાજકીય વળણોવાળા લોકો હતા –ડાબેરી, જમણેરી અને તેમના જાતજાતના પ્રકારો. અને એમ થવું અનિવાર્ય હતું, કારણકે મુસ્લિમ લીગ સિવાયના દરેક વર્ગો, પક્ષો અને હિતો દેશની આઝાદીના એકમાત્ર પ્રશ્ન પર કેન્દ્રિત થયેલા હતા. પણ ભિન્ન ભિન્ન વિચારો – અને ક્યારેક તો વિરોધી વિચારસરણીવાળાં જુદાજુદા હિતો ને સમૂહોનો શંભૂમેળો લોકશાહીને વરેલા એક જ રાજકીય પક્ષ તરીકે કેવી રીતે ચાલી શકે એ એક વિચારવાનો મુદ્દો હતો.

૧૯૬૭ ની સામાન્ય ચૂંટણીઓના અગાઉ ૨૦ વર્ષ સુધી કૉંગ્રેસ કેન્દ્રમાં તેમ જ રાજ્યોમાં બધે સત્તાસ્થાને રહી. મોટી અને ભવ્ય યોજનાઓ છતાં કૉંગ્રેસની સરકારોએ બહુ સારો દેખાવ કર્યો હોય એવું લોકોને લાગ્યું નથી. છેવટે તો સરકારની સફળતા–નિષ્ફળતાનો આધાર લોકો તેના માટે શું ધારે છે એના પર રહેલો છે – નહીં કે સરકાર પોતે પોતાની સિદ્ધિ માટે શું કહે છે એના પર કૉંગ્રેસના શાસન વિષે જનતાના મનમાં સારો ખ્યાલ બંધાયો નથી એ વાતનો ઈન્કાર કરવાનું મુશ્કેલ થઈ પડશે. ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમબંગાળની સંયુક્ત સરકારો પ્રજાની ચાહના પ્રાપ્ત કરી શકી ન હોવા છતાં પણ બિહાર અને પશ્ચિમબંગાળમાં કૉંગ્રેસ ફરીવાર સત્તાસ્થાને આવી શકી નહીં, જ્યારે ઉત્તરપ્રદેશમાં પણ કૉંગ્રેસને બહુજ સાંકડી બહુમતિ મળી. પંજાબમાં પણ કૉંગ્રેસ સિવાયની સંયુક્ત સરકાર સત્તામાં આવી.

આ સંજોગોમાં કઈ સરકાર વધુ ઉદ્દામ ગણાવી જોઈએ એ કહેવું મુશ્કેલ છે. જો ધાંધલ મચાવવાના માપદંડથી જોઈએ – જેમાં ગરીબોને જ વધારે સહેવું પડે છે – તો પશ્ચિમ બંગાળની સરકારને પહેલો નંબર આપવો જોઈએ. હવે ૧૯૬૭ ની ચૂંટણી પછી કૉંગ્રેસની જગાએ જે જે રાજ્યોમાં બિનકૉંગ્રેસી સરકારો સત્તાસ્થાને આવી તેનો વિચાર કરીએ. ઓરિસ્સાને બાદ કરતાં બીજે બધે સત્તા પર આવેલી સરકારો લેફ્ટીસ્ટ કહેવાણી. તેમણે કેવો દેખાવ કર્યો? પશ્ચિમ બંગાળમાં સંયુક્ત મોરચાની સરકારના પ્રધાનો ઉદ્દામ લેખાવા છતાં તેમનામાંના કેટલાક સરકારમાં પણ હતા અને કેટલાક વિરોધ પક્ષમાં પણ હતા! પરિણામે ત્યાં મડાગાંઠ ઊભી થઈ અને છેવટે રાષ્ટ્રપતિનું શાસન આવ્યું.

બિહારમાં પણ સત્તારૂઢ થયેલી સરકારે આગળની કૉંગ્રેસ સરકાર કરતાં જરીકે વધારે સારો દેખાવ ન કર્યો ને ત્યાં પણ રાષ્ટ્રપતિનું શાસન આવ્યું. ઉત્તરપ્રદેશમાં બિનકૉંગ્રેસી સરકારે કોમ્યુનિટી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટનો મહિલા વિભાગ રદ કરવાનો એક માત્ર સુધારો સૌપ્રથમ કાર્યો – પરિણામે ૩૫૦૦ મહિલાઓ બેકાર બની ગઈ. કૉંગ્રેસના વહીવટ કરતાં આ સરકારનો વહીવટ વધુ સારો ન હતો.

કૉંગ્રેસની અંદર જુદાજુદા પક્ષોને લઈને કૉંગ્રેસની સરકારો જેટલી વધારે વિભક્ત દેખાતી હતી તેનાથી ઘણી વધારે બિનકૉંગ્રેસી સંયુક્ત સરકારો વિભક્ત હતી. તામીલનાડની દ્રામુક સરકારની તેમના ખ્યાતનામ નેતા અન્નાદુરાઈના અવસાન પછી કસોટી થઈ રહી છે. આ સરકાર ખરેખરા પાયાના સુધારા કરી શકશે કે કેમ તે હજી જોવું રહ્યું. કેરળની સરકારે ખાનગી ઉદ્યોગપતિઓને પ્રાઈવેટ સેક્ટરમાં ઉદ્યોગો સ્થાપવાનું આમંત્રણ આપીને એક નવી જ ભાત પાડી છે. પોતાના ભાગીદાર મુસ્લિમ લીગના દબાણને વશ થઈને, તેણે એવી નીતિઓ જાહેર કરી છે કે જે પહેલી નજરે જ Sectarian છે એવું દેખાઈ આવે છે. દ્રામુકને છોડીને બાકીની રાજ્યસરકારોમાં ઓરિસ્સાની સરકાર એકમાત્ર એવી સરકાર છે કે જેનો ઉદામવાદી કે ડાબેરી હોવાનો દાવો નથી.

અનુવાદક :
સુબોધભાઈ એમ. શાહ

મૂળ અંગ્રેજી :
આચાર્ય કિરપલાણી

India Today: આજનું ભારત

['ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' માં પ્રગટ થયેલ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતની લેખમાળાના છઠ્ઠા હપ્તાનો ગુજરાતી અનુવાદ].

ભારતે આધુનિક યુગમાં પ્રવેશ કર્યો છે એમ કહી શકાશે ખરું? આ પ્રશ્નનો જવાબ હું તો જરા પણ સંકોચ રાખ્યો વગર ના માં જ આપું છું. અલબત્ત! જીવનની બાહ્ય વ્યવસ્થામાં ઘણું ઘણું પરિવર્તન થયું છે તેની ના નહીં કહી શકાય; પરંતુ આ પરિવર્તનના પરિણામોની માનવજીવન પર કોઈ જ ઊંડી અસર દેખાતી નથી. ભારત હજી પણ સૈકાઓ જૂની ઘરેડમાં જ જીવી રહ્યું છે. રૂઢ વિચારોની પકડમાંથી મુક્ત થવાની વાતો તો આપણે કરીએ છીએ, પરંતુ સરવાળે તો પેલી ફ્રેન્ચ કહેવત જેવા જ આપણે રહ્યા જ છીએ." "Plus ca change, plus c'est la meme choose" (The more there charges, the more it ihe same thing)

ભારત વિષે જ્યારે હું કહું છું ત્યારે મારી દૃષ્ટિ સમક્ષ પરદેશમાં ભણેલાં અને પાશ્ચાત્ય ઢબે જીવન જીવવાનો શોખ ધરાવતાં, મોટા શહેરોમાં વસતા મૂઠીભર માણસો નથી આવતા. ભારતનું સાચું દર્શન ત્યાં જોવા પણ નથી મળવાનું. ભારતીય સંસ્કારોને જાળવી રાખવાના તેમના પ્રયત્નો પણ પોલા જ હોય છે. અંદરથી તો વર્ષોના વસવાટને પરિણામે પરદેશી કેળવણી અને પરદેશી સંસ્કારોની તેમના માનસ પર તીવ્ર અસર હોય છે.

અહીં એક વાત યાદ આવે છે. કાચી ઉંમરના પોતાના બાળકોને પરદેશમાં ભણાવવાના કોડ સેવતી એક આધુનિક માતાએ આ બાબતમાં મારી સલાહ માગેલી. તેણે દલીલ કરતાં કહેલું, 'જુઓને! મારા છોકરાંઓ તો નર્સેનસમાં ભારતીય જ છે. અત્યારે પણ રજામાં ઘેર આવે ત્યારે દાળ, ભાત કે કઢી એવું જ ખાવા માગે છે."

મને અને બીજા ઘણાં ને એક જ વસ્તુ અકળાવે છે કે ભારતના પ્રાચીન મૂલ્યોને આપણે ઠીક ઠીક વિસરી ગયા છીએ અને વર્તમાનમાંથી જે આપનાવ્યું છે તેનું કોઈ જ ઉચ્ચ મૂલ્ય નથી. આનાં દુઃખદ પરિણામો આપણે નજરે જોઈ રહ્યા છીએ. જ્યાં સુધી આપણો એક પગ જડ ખ્યાલોના જાળામાં અટવાયેલો છે ત્યાં સુધી એક વધુ સારા જીવન તરફ આપણે કઈ રીતે ગતિ કરી શકવાના હતા? પુરુષાર્થ પરત્વે શિથિલતા દાખવી કેવળ પ્રારબ્ધવાદી જ જો આપણે બની રહીશું – મોટા ભાગની પ્રજા આવું જ માનસ ધરાવનારી છે–તો પોતાની આગવી પ્રતિભા ખીલવી સ્વતંત્ર રીતે વિચાર કરી શકે તેવાં સ્ત્રી–પુરુષોથી આ દેશ વંચિત રહેશે.

જ્યાં સુધી આ દેશના લોકો એટલું નહીં સમજે કે સારું યા ખરાબ જે કાંઈ બને છે તેમાં કોઈ વાર તેઓ પણ ઠીક ઠીક અંશે જવાબદાર હોય છે. કેવળ ભાગ્ય કે કુદરતને દોષિત ગણીને આપણે કદિ જ પ્રગતિ નહીં કરી શકીએ. આપણા ગ્રહો જ કાંઈ અવળા નથી. આપણી વિચારસરણીના ગુલામ પણ આપણે કયાં થોડા છીએ? દુર્બળ મનોદશામાંથી જ્યાં સુધી આપણે બહાર નહીં આવી શકીએ ત્યાં સુધી જીવનની દરેક બાજને રુંધીને બેઠેલાં આપણે આ બધાં જટિલ પ્રશ્નોનો ઉકેલ કઈ રીતે લાવી શકવાના હતા?

ભારત હમેશાં વિચિત્રતાઓથી ભરેલો દેશ રહ્યો છે અને અત્યારે તો રાજકારણના તખ્તા પર જે વિચિત્ર પ્રકારનું નાટક ભજવાઈ રહ્યું છે એ આપણે સૌ જોઈ રહ્યા છીએ. સમાજવાદને માટે જે યોજનાઓ હોવી જરૂરી છે તેનો આપણે સ્વીકાર કર્યો છે. આર્થિક સ્વાતંત્ર્ય માટે ત્રણ પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી. આજના વૈજ્ઞાનિક યુગને અનુરૂપ યોજનાઓને વિકસાવવાની

તથા સમાન સર્વાંગી દૃષ્ટિ ખીલવવાનું પણ આપણને આવશ્યક લાગે છે; અને છતાંયે પૂર્વગ્રહો પર આધાર રાખી, તેના માર્ગદર્શન નીચે આપણુ વ્યક્તિગત અને સામૂહિક જીવન જીવવાનું વલણ પણ આપણે છોડતાં નથી. એટલે આ બાબતમાં તો આપણે અર્ધી સદી પાછળ છીએ.

અમારા કુટુંબની એક વાત યાદ આવે છે. એક વાર મારા પિતાશ્રીને અગત્યના કેસ માટે અલ્હાબાદ જવાનું થયું, તેમના જવાનો દિવસ અમારા કુટુંબના જોષીના કહેવા પ્રમાણે અશુભ હોઈ મારી માતાએ, પિતાશ્રીને કોઈ બીજે દિવસે જવા માટે સૂચન કર્યું. આવી વહેમી માન્યતાઓ માટે તો પિતાશ્રીને ખૂબ જ ચીડ હતી. એટલે કોઈનું પણ ગણકાર્યા સિવાય એમણે નક્કી કરેલા દિવસે જ તેઓ ગયા. થોડા દિવસો પછી કેસ જીતીને એ ઘેર પાછા ફર્યા ત્યારે પોતાની કમાણીની અર્ધી રકમ પેલા ભવિષ્ય ભાખનાર જોષીને ઠેકાણે લાવવા માટે ખરચી નાખવાની તેમણે તત્પરતા બતાવી. જાહેર જીવનમાં આવી નૈતિક હિમત બતાવનાર આજે કેટલા લોકો હશે?

મને તો આશા છે કે કોઈક એવી ઘટના બનશે જેના પ્રત્યાઘાતો આપણને જાગૃત કરી દઈ, ભારતના નવજીવન માટે જે પુરુષાર્થની આજે જરૂર છે તે પ્રત્યે આપણને અભિમુખ કરશે. સમય તો ચાલ્યો જ જાય છે. નિષ્ક્રિય બની બેસી રહેવાનું આપણને હવે પાલવે તેમ નથી.

બંધારણમાં અપાયેલાં વચનો પ્રમાણે દેશની સમસ્ત પ્રજાને સુખી કરવા પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી, અને આ હેતુને સફળ બનાવવા નાણાનું જે રોકાણ થવું જોઈએ તે પણ કરવામાં આવ્યું છે. છતાં જે પરિણામ લાવવા આપણે માગીએ છીએ તેમાં એવી તીવ્રતા નથી દેખાતી. એનું કારણ પ્રજાના જીવન અને માનસમાં જે ક્રાંતિકારી ફેરફારો થવા જોઈએ તે હજી નથી થઈ શક્યા.

યુદ્ધ, સંઘર્ષ કે ઝઘડા ખરી રીતે બહાર નથી, પરંતુ માનવ મનની અંદર જ છે; અને આમાંથી જ વહેમ, પૂર્વગ્રહો, જડતા કે એવા જ બીજા, જીવનવિકાસને રૂંધી નાખનારા તત્ત્વો જન્મે છે. જ્યાં સુધી આવી ક્ષુદ્રતામાંથી આપણે મુક્ત નહીં થઈએ ત્યાં સુધી ભારતની જ્ઞાનજ્યોતિનો પ્રકાશ સર્વત્ર ફેલાવે તેવાં સ્ત્રી-પુરુષો આપણે ઊભા નહીં કરી શકીએ. આપણી શાળા કૉલેજના શિક્ષણમાં ચારિત્ર્યઘડતર જેવું કશું જ હોતું નથી. જીવનના ઝંઝાવાતો સામે લડવાની કોઈ જ નૈતિક તાકાત આજનું શિક્ષણ આપી શકે તેમ નથી. ભારતની શિક્ષિત વ્યક્તિ એટલે પોતાના નામ પાછળ ડિગ્રીઓની હારમાળા. સફાઈબંધ રીતભાત હોય કે છટાદાર પરદેશી ભાષાઓ તેઓ બોલી જાણતાં હોય, પરંતુ અંદર તો ઘણી સાંકડી એવી દુનિયામાં તેઓ રહેતાં હોય છે. પોતાની નંબળાઈઓને સાચી રીતે તેઓ પીછાની નથી શકતા અને તેને ઘણી વાર નીતિ કે ધર્મ માને છે; પરંતુ ખરી રીતે તો તેમનામાં વારસાગત માન્યતાઓ જ કામ કરતી હોય છે. સતત બદલાતી દુનિયાના મૂલ્યો પ્રત્યે તેઓ પોતાની જાતને ખુલ્લી કરી શકતા નથી.

વિજ્ઞાને જીવનમાં જે પરિવર્તન આણ્યું છે તેને સમજી, આપનાવી આપણે પણ આપણા હરફથી કશુંક તેમાં ઉમેરવું જોઈએ. પરતુ સામાન્ય જન સમાજ આ બધી શોધખોળો પ્રત્યે રસ દાખવી, તેને સમજવા ઉત્સુક બને એવું વાતાવરણ હજીજ ઊભું થઈ શક્યું નથી.

છેલ્લાં થોડા સૈકામાં બધા જ પ્રગતિશીલ દેશોના ગ્રામવિસ્તારોમાં ક્રાન્તિ આવી છે. આપણે આ દિશામાં એકદમ કાંઈ બધું ન સુધારી શકીએ. પરંતુ આપણા ખેડૂતો આજે જે રીતે જીવી રહ્યા છે તેમાં કાંઈક પરિવર્તન લાવવા જેટલાં સાધનો તો આપણી પાસે પણ છે. ઓછી મહેનતે પાકનું વધું ઉત્પાદન થાય તેમ જ એ લોકો પોતાની જીવનપદ્ધતિ પણ બદલે એ આજે ઘણું જરૂરી છે. આ બાબતમાં આપણે જે કર્યું છે તે પર્યાપ્ત નથી. ગામડાંના લોકો આધુનિક શોધખોળોથી તદ્દન અપરિચિત છે અને એક ચાલી આવતી પદ્ધતિથી જ જીવવા ટેવાયેલા હોઈ તેમનું મન નવી વસ્તુઓનો સ્વીકાર જલ્દી નથી કરી શકાતું.

પછાત વિસ્તારોમાં તો એવા કેટલાં યે લોકો છે જે વિજ્ઞાનની આ અવનવી શોધો તરફ ભયની દૃષ્ટિથી જુએ છે સ્વતંત્ર થયાને આટલા વર્ષો વીત્યાં હોવા છતાં દેશના મોટા ભાગની અભણ પ્રજા હજી એમની રીતે જ જીવે છે. આ માટે જવાબદાર આપણે જ છીએ ને! નજીકના ભૂતકાળની જ વાત છે. કૌસમ્બીમાં ખોદકામ કરતાં બે હજાર વર્ષ પહેલાંના હળો નીકળ્યા. કરુણતા તો એ છે કે પોતે જે હળ વાપરતા હતા એવા જ આ પુરાણા હળો જોઈ એ પ્રદેશના ખેડૂતો ખૂબ રાજી થયા!

અદ્યતન હળો હોય, ટ્રેક્ટર હોય, ખાતર હોય કે નહેર યોજના હોય કે એવું જ બીજું ગમે તે હોય, પરંતુ એક વાત તો ચોક્કસ છે કે આપણા ખેડૂતોને જે મદદ મળે છે તે પ્રમાણમાં ઘણી અલ્પ છે. જ્યાં નવાં સાધનો આપવામાં આવે છે ત્યાં પણ એ વિષેની પૂરી જાણકારીના અભાવે તેઓ પૂરો લાભ ઊઠાવી શકાતો નથી. આ બાબતમાં ખેડૂતોને બરાબર તૈયાર કરવા જોઈએ. એકદમ કંઈ આ વિજ્ઞાનયુગને સમજવાની શકિત એમનામાં આવી નથી જવાની. જે જે સ્થળોએ પાયાની બાબત તરફ ખેડૂતોનું ધ્યાન દોરી તેમને પૂરેપૂરા પરિચિત કરવામાં આવ્યા છે ત્યાં પરિણામ પણ સારુ આવ્યું છે. પરંતુ આ પ્રવૃત્તિ અમુક અમુક પ્રદેશો સુધી જ મર્યાદિત રહી છે. વ્યાપક પ્રમાણમાં આ કામ થવું જોઈએ. સામાન્ય ચિત્ર તો હજી નિરાશાજનક જ છે. જે સાધનોનો ખેડૂતો ઉપયોગ કરે છે તેની કળ સમજવી, વાપરતાં આવડે તેમ તેના સમારકામનું પણ જ્ઞાન હોવું,—આ બધી તાલીમ ખેડૂતોને ન મળી હોય ત્યાં સુધી સફળ પરિણામની આશા આપણે કઈ રીતે રાખી શકીએ!

ગામડાંના માણસો વચ્ચે રહી કામ કરે છે એ લોકો પણ તેમને રૂઢ ચીલામાંથી બહાર લાવી, વર્તમાન યુગબળો તરફ જાગૃત કરી, એ લોકો જિજ્ઞાસુ બની કાંઈક વધુ સારા માટે માગણી કરે તેવા પ્રયત્નો કરતા નથી. મારા મતદાર વિભાગના અનાવૃષ્ટિ પ્રદેશોની મારી તાજેતરની મુલાકાત દરમ્યાન નાની નાની સભાઓમાં બોલવાનું મારે બન્યું. નવાઈભર્યું તો મને એ લાગ્યું કે, ત્યાંના સ્થાનિક કાર્યકરોએ એ બધી પરિસ્થિતિ માટે વરસાદની અછત અને દૈવી પ્રકોપને જવાબદાર ગણ્યાં. "આપણે આમાં શું કરી શકીએ! કુદરત પર થોડો આપણો કાબૂ છે? છતાંય લોકોને રાહત મળે તેવા પ્રયત્નો..."

મારું પોતાનું દૃષ્ટિબિંદુ તો આ જ રહ્યું છે કે માણસે બાહ્ય જગત પર ઠીક ઠીક વિજય મેળવ્યો છે. આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ કે ઘણી ઘણી વસ્તુઓ સુલભ બની ગઈ છે. વિજ્ઞાને જે શોધખોળો કરી છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરી, જીવનમાં તેનો ઉપયોગ કરવો જોઈએ. આથી સમય અને શકિતનો બચાવ થઈ જીવનવ્યવહાર વધુ સરળ અને સુખમય બની શકે છે. ખરી જરૂર તો પોતાની જાતને તાલીમ આપી તૈયાર કરવાની છે. બીજા પર આધાર રાખવાનું છોડી દઈશું ત્યારે જ આપણને સ્વતંત્રતાની સાચી ઓળખ થવાની છે; અને આ તો સત્ય જ છે કે જે આગળ આવા પુરુષાર્થ કરે છે તેને કુદરત મદદ કરે છે જ.

અનુવાદક:
સૌ. શારદાબહેન શાહ

મૂળ અંગ્રેજી:
શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત

વર્તમાન રાજકીય કટોકટી

દેશના રાજકારણના રંગો એટલી ઝડપથી પલટાઈ રહ્યા છે કે આ લખાણ પ્રકટ થાય ત્યારે કાંઈક નવા રંગો પૂરાયા હશે. છેલ્લા ચાર મહિનામાં કૉંગ્રેસમાં જે સંઘર્ષ થયો છે અને તેમાં બંને પક્ષે જે રીતરસમો અખત્યાર કરવામાં આવી છે તેથી આપણે કાંઈક સ્તબ્ધ થયા છીએ, આઘાત અનુભવ્યો છે. ૩૦-૩૫ વર્ષનાં પ્રયત્નોથી, ગાંધીજીએ રાજકારણમાં પણ કેટલેક દરજ્જે શુદ્ધ સાધનો, વિવેક અને મર્યાદાથી કામ થઈ શકે તે બતાવ્યું હતું. તેમના અવસાન પછી પણ, તેમના હાથ નીચે તૈયાર થયેલ પેઢીની નેતાગીરીએ અને નેહરૂના પ્રતિભાશાળી વ્યકિતત્વના કારણે, એકંદરે ગૌરવથી કૉંગ્રેસનું નાવ ચલાવ્યું. કૉંગ્રેસમાં ગાંધીજીની હયાતીમાં અને ત્યારબાદ કેટલીય કટોકટીઓ આવી. ઘણાંને છૂટા કર્યા અથવા થવું પડયું. પણ પ્રસ્તુત કટોકટીમાં એમ લાગે કે બન્ને પક્ષો એટલી નીચી કક્ષાએ ઊતર્યા છે કે આ કૉંગ્રેસ હવે ટકે તો પણ, જુદા સ્વરૂપની હશે અને પ્રજાના એટલા આદરને પાત્ર રહેશે નહિ. બીજા કોઈ પણ રાજકીય પક્ષ જેવો કૉંગ્રેસ પક્ષ એક પક્ષ હશે જેમાં સત્તા પ્રાપ્ત કરવા અથવા જાળવવા, દાવપેચ અને ખટપટો સામાન્ય થઈ પડશે.

કૉંગ્રેસમાં ભાગલા પડે અથવા ટકે તો પણ નિર્બળ બને એ સામાન્ય રીતે ચિન્તાનું કારણ ન થાત, જો તેનાં સ્થાને દેશને સ્થિર અને શકિતશાળી રાજતંત્ર આપી શકે એવો બીજો કોઈ રાજકીય પક્ષ હોત. એવો પક્ષ જમણેરી હોય કે ડાબેરી એ એટલું મહત્ત્વ ન હતું, જો તે સબળ હોય અને પ્રજાનો સાથ અને વિશ્વાસ મેળવી શકે તેવો હોત. દુર્ભાગ્યે એવી પરિસ્થિતિ નથી. હજી કૉંગ્રેસ એક જ એવો પક્ષ છે કે જે દેશને કાંઈક સ્થિર રાજતંત્ર આપી શકે. મધ્યસ્થ સરકાર અને કેટલાક રાજ્યોમાં કૉંગ્રેસ સત્તાસ્થાને છે. જે રાજ્યોમાં કૉંગ્રેસ સત્તામાં નથી ત્યાં અસ્થિરતા રહી છે. તામીલનાડ કે પંજાબમાં સ્થાનિક પક્ષ સબળ હોવાથી સ્થિરતા લાગે છે. કેરળ, બંગાળ, બિહાર વિગેરે રાજ્યોમાં કાયદો અને વ્યવસ્થા જેવું પણ રહ્યું નથી. મધ્યસ્થ સરકારમાં પણ આવી પરિસ્થિતિ થાય તો દેશને માટે ભારે ચિન્તાનું કારણ બને.

વર્તમાન પરિસ્થિતિ માટે બે પક્ષમાંથી કોણ વધારે જવાબદાર છે તેની ચર્ચા કેટલેક દરજ્જે નિરર્થક છે. જેનું જેવું વલણ હોય તે તે પ્રમાણે તેનો અભિપ્રાય રહે છે. પોતે જે પક્ષના વિરોધમાં હોય–એક અથવા બીજે કારણે અથવા પૂર્વગ્રહોથી–તે પક્ષના દોષોને મોટું સ્વરૂપ આપી તેને જવાબદાર ગણવાની વૃત્તિ રહે. દેશના વર્તમાનપત્રોએ આમાં એકંદરે દેશની બહુ સેવા નથી કરી. દરેકને પોતાનું નક્કી કરેલું વલણ છે. સ્વતંત્ર અને નિષ્પક્ષપણે વિચાર કરવાની શકિત થોડી વ્યકિતઓમાં હોય છે. મોટે ભાગે પ્રચારથી અથવા સ્વાર્થથી અથવા અજ્ઞાનથી ખેંચાય છે. ઈન્દિરા ગાંધી–વિરોધી વલણ હોય તો તેમણે લીધેલાં દેખીતી રીતે કેટલાંક ખોટા પગલાં–મોરારજીભાઈને જે રીતે દૂર કર્યા, સંજીવ રેડ્ડીને ટેકો આપ્યા પછી વિરોધ કર્યો, ચાર પ્રધાનોને હઠાવ્યા, કૉંગ્રેસ પ્રમુખને ખસેડવા સહી–ઝુંબેશ ઉપાડી વિગેરે–ને મોટું સ્વરૂપ આપી શકાય. તેવી જ રીતે સિન્ડીકેટના સભ્યોએ–વડીલ નેતાઓએ–જે કેટલાક ખોટા પગલાં લીધાં છે–સંજીવ રેડ્ડીની ઉતાવળથી અને નામની બહુમતિથી પસંદગી કરી, વર્કીંગ કમિટીના આગલે દિવસે રાત્રે બે બે સભ્યો - ફખરૂદીન અહમદ અને સુબ્રમનીયમને કાઢયા, હરિહર સીંગને બિહારમાં સરકાર રચવાની રજા આપી, બ્રહ્માનંદ રેડ્ડીને પક્ષનો વિશ્વાસ મેળવવાનો આદેશ આપ્યો, મહાસમિતિની ખાસ બેઠક બોલાવવાના આવેદનપત્રને ગેરકાયદેસર ગણ્યું વિગેરે–તેને એટલું જ મોટું સ્વરૂપ આપી શકાય. હજી પણ કોઈ શું નહિ કરે તે ન કહેવાય. બન્ને એવા વિષચક્રમાં પડયા છે કે, તેમાંથી છૂટી શકતા નથી અને એક પછી એક વિષમ પગલાંઓ લેતા જાય છે.

સામાન્ય જનતા માટે સવાલ એ છે કે આ બધું શેને માટે છે, શું પરિણામ આવશે, પોતે શું કરી શકે અથવા આ પરિસ્થિતિમાંથી બચવા શું થઈ શકે? એકતાના પ્રયત્નો કરી જોયા. નિષ્ફળ ગયા. એક વખત એકતાનો ઠરાવ કર્યો. બન્ને પક્ષે તેમાં દંભ હતો. ઠરાવ પછી તરત જ બન્ને પક્ષે તેની વિરૂદ્ધનું વાતાવરણ શરૂ થયું. દરેકને કોઈક કારણ મળી રહે.

રાજદ્વારી વ્યકિતઓનું વર્તન પ્રકટ અને છૂપા એવા અનેક આશયોથી થાય છે. દરેક એમ કહેશે કે પ્રજાના હિત માટે જ તે કરે છે. આપણે જાણીએ છીએ કે દરેકને પોતાનો સ્વાર્થ–સત્તા મેળવવાનો અથવા બીજો–પણ હોય છે. સિન્ડીકેટના આગેવાન સભ્યો એવા છે કે જેમણે જીવનભર દેશની સેવા કરી છે, પ્રજાના આદરને પાત્ર છે. નેહરૂ કુટુંબનો ત્યાગ અને સેવા ઓછાં નથી. એટલે વ્યકિતઓના ગુણદોષના વિવાદમાં ને પડવું બહુ લાભદાયી નથી. આ સંઘર્ષ વ્યકિતઓનો સત્તા માટેનો પણ છે અને વિચારસરણીનો પણ છે. કદાચ વ્યકિતઓનો વિશેષ.

વાસ્તવિક પરિસ્થિતિ હમેશ જટિલ હોય છે. તેમાં આદર્શ નિર્ણય કે ઉકેલ મળતો નથી. અંતે કાઈક નિર્ણય કરવો પડે છે કાંઈક ચોક્કસ વલણ નક્કી કરવું પડે છે. એ પછી સારા અથવા નરસાની પસંદગી નથી રહેતી પણ બે અનિષ્ટો વચ્ચે ઓછું અનિષ્ટ શું છે એવી પસંદગી રહે છે. આ પસંદગી કરવામાં પણ કાંઈક ચોક્કસ ધોરણ હોવું જોઈએ. આ પસંદગી એવી હોવી જોઈએ કે એકંદરે દેશના હિતમાં પરિણમશે એવી ખાત્રી હોય, લોકશાહી ધોરણે થાય, પસંદ કરાયેલ નીતિનો સફળતાપૂર્વક અમલ કરી શકે તેવી વ્યકિત હોય, અને જેને જનસમુદાયના મોટા ભાગનો સાથ અથવા વિશ્વાસ હોય.

નીતિ (Ideology) ને લગેવળગે છે ત્યાં સુધી બન્ને પક્ષમાં દેખીતી રીતે ઓકતા છે. બેંગ્લોરની મહાસમિતિમાં સર્વાનુમતે નક્કી થયેલ આર્થિક નીતિ–દસ મુદ્દાનો કાર્યક્રમ–બન્ને પક્ષો સ્વીકારે છે છતાં એ હકીકત છે કે સિન્ડિકેટના કેટલાક સભ્યો આ નીતિમાં માનતા નથી અને તેનો અમલ કરવામાં વિલંબ કરે છે અથવા બહાનાં કાઢે છે. સિન્ડિકેટના સભ્યોનો આક્ષેપ છે કે ઈન્દિરા ગાંધી સામ્યવાદી છે અથવા દેશને સામ્યવાદ તરફ લઈ જાય છે. હવે તો સિન્ડિકેટના સભ્યો ઈન્દિરા ગાંધીથી બે ડગલા આગળ જવાનો દેખાવ કરે છે અને ઈન્દિરા ગાંધીની સરકાર વેગથી આ કાર્યક્રમનો અમલ નથી કરતી એવું તહોમતનામું મૂકે છે. આ નીતિનો અમલ કરવાની જવાબદારી સરકારની જ છે એમ જણાવે છે. આ બાબતમાં ઈન્દિરા ગાંધી કાંઈ ઉતાવળાં પગલાં લે તે યોગ્ય નહિ થાય. બેન્કનું રાષ્ટ્રીયકરણ પણ ઉતાવળથી, પૂર્વ તૈયારી વિના, રાજકીય હેતુથી કર્યું છે એવો આક્ષેપ છે. દરેક પગલું પૂર્ણ તૈયારી કરી. તેનાં પરિણામો વિચારી લેવાનું રહે છે. બાવીસ વર્ષ ન કર્યું, તે એક બે વર્ષમાં થઈ જવાનું નથી. ઉતાવળથી લીધેલ પગલાના ધારેલ પરિણામ ન આવે તો બદનામ થવાનું જ રહે. ઈન્દિરા ગાંધીને પક્ષે એમ કહેવામાં આવે છે કે સંસ્થાકીય પાંખનો પૂરો ટેકો ન હોય–બલ્કે પ્રકટ અથવા છુપો વિરોધ હોય–તો સરકાર આ નીતિનો અમલ બરાબર કરી ન શકે તેથી જ ઈન્દિરા ગાંધી સંસ્થાકીય પાંખમાં ફેરફાર કરવા માગે છે અને આ નીતિમાં પ્રમાણિકપણે માનતા હોય તેવી વ્યકિતઓની વર્કિંગ કમિટી અને પાલમેન્ટરી બોર્ડ રચવા માગે છે. સંસ્થાકીય પાંખ અને પાલમેન્ટરી પાંખ સહકારથી કામ કરે તો જ

સફળતા મળે. સંસ્થાકીય પાંખ પોતાના જ પક્ષની સરકાર સામે તહોમતનામું ઘડવામાં પડે તો વિરોધીઓને જ બળ મળે. કૉંગ્રેસ પ્રમુખ અને વડા પ્રધાનની જવાબદારીઓ અને મર્યાદાઓ ૨૫ ઑગસ્ટના એકતાના ઠરાવમાં બરાબર મૂકવામાં આવી છે, પણ કૉંગ્રેસ-પ્રમુખે વડા પ્રધાન સાથેના પત્રવ્યવહારમાં જે પ્રકારની ભાષા વાપરી છે અને આક્ષેપો કર્યા છે તે કૉંગ્રેસને શોભા આપતા નથી. સિન્ડિકેટનો આક્ષેપ છે કે ઈન્દિરા ગાંધી એકહથ્થુ અથવા સરમુખતત્યારશાહી રીતે કામ કરે છે અને વ્યક્તિપૂજા કેળવે છે. આવા આક્ષેપો નેહરુ અને સરદાર સામે પણ થતા હતા. મોરારજીભાઈ સામે પણ થયા છે. સત્તાસ્થાને બેસેલ કોઈ પણ વ્યક્તિ સામે વધતે ઓછે અંશે આવા આક્ષેપ થવાના જ. નેતા સાથીદારોની કેટલી વફાદારી મેળવી શકે છે તેમાં જ તેની સફળતા છે. ગાંધીજી નાનાને મોટા કરી બતાવતા. વ્યક્તિપૂજા આ દેશમાં સદા રહી છે. સાધુસંતો હોય કે રાજકીય નેતાઓ—વ્યક્તિ પાછળ જ આપણે જઈએ છીએ. જાગૃત પ્રજામતજ આ અટકાવી શકે.

આ બધી વાતનો નિર્ણય તો બંધારણીય રીતે જ થઈ શકે. કૉંગ્રેસ મહાસમિતિના સભ્યોને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની વહેલામાં વહેલી તક આપવી જોઈએ. સિન્ડિકેટ આ વસ્તુ ટાળે છે. મહાસમિતિમાં અને કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષમાં પોતાના પક્ષે મોટી બહુમતિ છે. એમ ઈન્દિરા ગાંધીનો દાવો છે. મહાસમિતિની ખાસ બેઠક બોલાવવાની માંગણીનો અસ્વીકાર કરી સિન્ડિકેટે પોતાના પક્ષની નિર્બળતા બતાવી છે. આ અસ્વીકાર માટેનાં કારણો વ્યાજબી જણાતાં નથી. બંધારણીય વિવાદથી અથવા છટકબારીઓ શોધવાથી આવી વાતનો નિકાલ ન આવે. એવો આક્ષેપ કરવામાં આવે છે કે આવેદનપત્ર ઉપર ખોટી સહીઓ છે અથવા ધાકધમકીથી કે લાલચ અને ભયથી સહીઓ લેવામાં આવી છે. આ વાત સર્વથા પાયા વિનાની ન હોય તો પણ, તેની પ્રતીતિ તો મહાસમિતિની બેઠક બોલાવીને જ થાય - ટાળી ને નહિ. આવી રીતો બન્ને પક્ષે અજમાવવામાં આવે છે તે હકીકત છે. શિસ્તના નામે ઈન્દિરા ગાંધી અથવા તેમના સાથીઓને સસ્પેન્ડ કરવામાં આવે અને કેટલાક સામે શિસ્તના પગલા લેવામાં આવે તેથી આ પરિસ્થિતિનો સાચો ઉકેલ આવવાનો નથી.

સિન્ડિકેટના સભ્યો એમ માનતા લાગે છે કે ઈન્દિરા ગાંધીને વડા પ્રધાનપદે રહેવા દેવામાં દેશનું હિત નથી તેથી તેમને ખસેડવા જોઈએ. પ્રજાનો જેટલો વિશાળ ટેકો અને સહકાર ઈન્દિરા ગાંધી મેળવી શક્યા છે તેટલો સિન્ડિકેટના કોઈ સભ્ય મેળવી શકે તેમ નથી એ વર્તમાન વાસ્તવિકતા છે. ઈન્દિરા ગાંધીના ટેકેદારોમાં કેટલાક નબળા માણસો છે જેનામાં પ્રજાને વિશ્વાસ નથી એ હકીકત છે. પણ વડીલ નેતાઓ તેમને ઉખેડી નાખવા જ માગતા હોય તો જેનો ટેકો મળે તે તેણે લેવો રહ્યો. દુર્ભાગ્યે વડીલ નેતાઓનો આમ જનતા સાથે અથવા યુવાન પેઢી સાથે સંપર્ક રહ્યો નથી. ઈન્દિરા ગાંધીને વડીલ નેતાઓનો ટેકો મળી રહે અથવા છેવટ તેમનો વિરોધ ન હોય તો સંભવ છે કે કૉંગ્રેસ સબળ થાય અને સામ્યવાદીઓનું જોર ઘટે. આજે બીજી કોઈ એવી વ્યક્તિ નજરમાં નથી આવતી કે જે પ્રજાનો મોટા પાયા ઉપર વિશ્વાસ સંપાદન કરી શકે. સિન્ડિકેટ હવે ડૉ. રામસુભગસિંગને નેતાગીરી સોંપવા માગતી હોય એવી વાત આવે છે. ડૉ. સિંગ સજ્જન વ્યક્તિ છે. પણ એવી જવાબદારી ઉપાડવાની અને આમજનતાની વફાદારી મેળવવાની તેમનામાં શક્તિ હોય તેવું જણાતું નથી. ઈન્દિરા ગાંધીએ પોતાની હિમ્મત અને શક્તિનો પૂરતો જે પરિચય આપ્યો છે. પારકાના જ બળ ઉપર આટલો મોટો સંઘર્ષ લબ્ધપ્રતિષ્ઠ વડીલ નેતાઓ સાથે સફળતાપૂર્વક કોઈ કરી ન શકે. ઈન્દિરા ગાંધીએ ઘણો આત્મ-વિશ્વાસ કેળવ્યો હોય તેમ દેખાય છે. વડીલ નેતાઓની કદાચ આ જ ફરિયાદ છે. ઈન્દિરા ગાંધીને વડીલ નેતાઓનો ટેકો મળે તો કદાચ તે ઓછી ભૂલો કરશે અને નબળી વ્યક્તિઓનો સાથ લેવાની તેમને ફરજ નહિ પડે.

આત્યારે તો એમ લાગે છે કે કૉંગ્રેસ સંસ્થાનો કબજો મેળવવા આ વિગ્રહ છે. સંસ્થામાંથી કોણ કોને હાંકી કાઢે છે તેની લડાઈ છે. ઉચ્ચકક્ષાએ શરૂ થયેલ આ સંઘર્ષ રાજ્યોને પણ સ્પર્શી રહ્યો છે. છેક છેલ્લી કક્ષા સુધી પ્રદેશ સમિતિ, જિલ્લા અને તાલુકા અને ગ્રામ સમિતિઓ સુધી પહોંચશે. કૉંગ્રેસમાંથી નીકળી નવો પક્ષ રચવા કોઈ તૈયાર નથી. બે સમાન્તર કૉંગ્રેસો કેટલોક વખત ચાલે, જુદે જુદે સ્થળે એક અથવા બીજા પક્ષનો કબજો રહે એમ પણ બને. પાર્લામેન્ટમાં સરકારને હરાવવા પ્રયત્નો થશે.

પાર્લામેન્ટમાં સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત મંજૂર થાય તો બીજો કોઈ પક્ષ અથવા પક્ષો સાથે મળીને પણ સ્થિર સરકાર રચી શકે એવો સંભવ નથી. તો વચગાળાની ચૂંટણી જ કરવી પડે. જો કે આવો પ્રસંગ આવે એવું અત્યારે જણાતું નથી. ચચગાળાની ચૂંટણી માગવાની ઈન્દિરા ગાંધી ઉતાવળ કરશે, નહિ, કરવી જોઈએ નહિ.

બીજા રાજકીય પક્ષો પોતાના વલણની પુનર્વિચારણા કરી રહ્યા છે અને આ પરિસ્થિતિનો લાભ ઊઠાવવા તૈયારી કરી રહેલ છે. કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓ હજી પણ ડહાપણથી કામ લે અથવા દેશ-હિતને જ લક્ષમાં રાખી સમાધાન કરે તો સારું છે. નહિ તો કેટલોક વખત અસ્થિરતા માટે પ્રજાએ તૈયાર રહેવું પડશે. તેથી ગભરાવાનું કાંઈ કારણ નથી.

ઈન્દિરા ગાંધીને એકંદરે ટેકો આપી કૉંગ્રેસને સબળ બનાવવી અને દેશને સ્થિર રાજતંત્ર આપવું એમ મને યોગ્ય લાગે છે. કારણ કે વર્તમાન વાસ્તવિકતા એ માગે છે. કે વ્યક્તિવિશેનો વિચાર કરવો પડે છે કારણ કે અત્યારે તે અનિવાર્ય જણાય છે, નહિ તો ગાંધીજીએ કહ્યું હતું તેમ કૉંગ્રેસ એક રાજકીય પક્ષ મટી જાય અને લોકસેવા માટેની સંસ્થા જ રહે અને બન્ને પક્ષો પોતાના નવા રાજકીય પક્ષો સ્થાપે એ જ માર્ગ રહે છે. કૉંગ્રેસના નિર્જીવ દેહ માટે લડવાનું છોડી દેવું.

કારતક સુદી ૧, ૨૦૨૬ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

તા. ૧૦–૧૧–'૬૯.

પુરક નોંધ

સિન્ડિકેટના સભ્યોએ - ખંડિત વર્કિંગ કમિટીએ - આખરી ઘા કર્યો છે. ઈન્દિરા ગાંધીને કૉંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી દૂર કર્યા છે અને કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષને નવા નેતા વિના વિલંબે ચૂંટવાનો આદેશ આપ્યો છે. કૉંગ્રેસના, દેશના અને દુનિયાના ઈતિહાસમાં આ અભૂતપૂર્વ બનાવ છે. ગ્રીક કરુણાન્ત નાટકની પેઠે, તેના પાત્રો કોઈ અદ્રશ્ય શકિતથી ધકેલાયાં, અવશ, અંત સુધી પહોંચ્યા છે. સિન્ડિકેટના સભ્યોએ આ નિર્ણયના સમર્થનમાં લાંબો પ્રસ્તાવ કર્યો છે. તેનો સાર એ છે કે હાઈ કમાન્ડની આજ્ઞા ઈન્દિરા ગાંધીએ માની નથી. વર્કિંગ કમિટિ અને મહાસમિતિની જુદી બેઠકો બોલાવી શિસ્તનો ભંગ કર્યો છે. વાત ખરી છે. એમ કરવાની ફરજ ઈન્દિરા ગાંધીને શા માટે પડી? કોણે પાડી? સિન્ડિકેટના સભ્યોની એવી માન્યતા જણાય છે કે, વડા પ્રધાન સામે આટલાં સખત પગલાં લેવાય તો તેમના ટેકેદારોમાં ભય પેદા થાય અને તેમને મળતો સાથ ઓછો થાય. સંભવ એ છે કે પરિણામ તેનાથી જુદું જ આવશે. કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષને નવા નેતા ચૂંટવાનો આદેશ આપ્યો છે. આજે મળેલ કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષની બેઠકમાં ઈન્દિરા ગાંધીને મોટી બહુમતીથી ટેકો મળ્યો છે. સિન્ડિકેટના કોઈ ટેકેદાર હાજર ન રહ્યા. કેટલાક લોકોમાં એવી માન્યતા છે કે ઈન્દિરા ગાંધી સત્તા સ્થાને છે માટે આ બધો ટેકો મળે છે. હકીકતમાં ટેકો છે માટે સત્તાસ્થાને છે. એ ખરું છે કે કેટલોક વર્ગ સત્તાસ્થાને હોય તેના તરફ ખેંચાય. રાજકીય ક્ષેત્રમાં આ જાણીતી હકીકત છે. સિન્ડિકેટના સભ્યો પણ ટેકો મેળવવા સત્તા માટે લડી રહ્યા છે. અને શું નહિ કરે તે જોવાનું છે. વર્કિંગ કમિટીના ઠરાવમાં જણાવ્યું છે કે લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવા આ પગલું લેવું પડયું છે. બહુમતીને અવગણવી અને બહુમતી કોના પક્ષે છે તેનો નિર્ણય કરવાની તક જ ન આપવી એ લોકશાહી નથી. વર્કિંગ કમિટીના નિર્ણયથી ઘણા ય બંધારણીય મુદ્દા ઊભા થશે. પણ છેવટ વાસ્તવિકતા ઉપરજ અંતિમ નિર્ણયનો આધાર રહે. અત્યારની

વાસ્તવિકતા એ છે કે ઈન્દિરા ગાંધીને કૉંગ્રેસ સંસ્થામાં, કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષમાં અને દેશમાં મોટો સાથ છે. સંભવ છે કે ઈન્દિરા ગાંધી તદ્દન ખોટે માર્ગે હોય અને દેશને ખાડામાં લઈ જતાં હોય તો આખર સુધી તેમની સામે લડી લેવું જોઈએ, પણ આવી અવિચારી બેહુદી ચાલથી નહિ. કૉંગ્રેસનું તંત્ર ઈન્દિરા ગાંધીને સોંપી દેવું અને તેની સામે કૉંગ્રેસમાં રહીને અથવા બહારથી સત્ય કે ન્યાય માટે લડવું. કૉંગ્રેસના મૃતદેહ માટે દેશને ખતરામાં ન નાખવો. હું ઈન્દિરા ગાંધીનો પક્ષ કરું છું એમ નથી. પણ સિન્ડિકેટના સભ્યો જે રીતે સત્તા જાળવી રાખવા લડી રહ્યા છે તેને અયોગ્ય માનું છું. ઈન્દિરા ગાંધીની નીતિ ખોટી હશે, દેશને ઊંચે લાવી નહિ શકે, આપેલ વચનોનો અમલ નહિ કરી શકે તો ટકશે નહિ. અત્યારે મોટી બહુમતી તેના પક્ષે છે. આર્થિક નીતિનો અમલ કરવાની તેને તક આપવી. નિષ્ફળ જાય તો આપોઆપ પડી ભાંગશે. પણ આર્થિક નીતિને સ્વીકારવાનો દેખાવ કરવો અને ખરેખર તેની વિરુદ્ધ હોવું અને પછી શિસ્ત અને લોકશાહીને નામે સત્તા માટે લડવું તે દેશના હિતમાં નથી.

અત્યારે તો એમ લાગે છે કે, સિન્ડિકેટે કોઈ પણ ભોગે અને કોઈ પણ રીતે, આખર સુધી લડી લેવાનો નિર્ણય કર્યો છે. પાર્લામેન્ટમાં લડશે–હરાવવા પ્રયત્ન કરશે. તેથી ઈન્દિરા ગાંધીનો માર્ગ વિકટ રહેશે. તેણે ઘણું સજાગ રહેવું પડશે. તંત્રને નુકસાન પહોંચશે, અસ્થિરતા રહેશે. તેમનો ઘણો સમય અને શક્તિ લડવામાં જશે. દેશનું આ દુર્ભાગ્ય છે.

તા. ૧૩-૧૧-'૬૯ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

સંઘના મકાનફંડમાં નોંધાયેલી વિશેષ રકમો

રૂ.		રૂ.		રૂ.	
૧,૦૦૧	શ્રી નાણાવટી ફેમીલી ચેરીટી ફંડ	૨૫૧	„ સેવંતીલાલ ખેમચંદ શાહ	૦૧	સ્વ. ચંદુલાલ સાંકળચંદ શાહ
૧,૦૦૧	„ ચંચળબહેન ટી. જી. શાહ	૨૫૧	„ રવજીભાઈ વિજપાળ ગાલા ઍન્ડ સન્સ	૦૧	„ શામજી નેણશી ધરોડ
૧,૦૦૧	„ જડાવબાઈ ટ્રસ્ટમાંથી હ: શ્રી શાન્તિલાલ હીરાલાલ શાહ	૨૫૧	„ રમેશ ભોગીલાલ તુરખીઆ	૦૧	„ સુનિતાબહેન શેઠ
૧,૦૦૧	„ મગનલાલ નંદલાલ કાણકિયા	૨૫૧	„ શીવજી એન. છેડા	૦૧	ધી બૉમ્બે ફાઈન આર્ટસ ઑફસેટ ઍન્ડ લિથો વર્કસ:
૧,૦૦૦	„ વાડીલાલ ચત્રભુજ ગાંધી	૨૫૧	„ લખમસી નપ્પુ સાધારણ ફંડ	૧૦૧	શ્રી રોહિતલાલ લલ્લુભાઈ
૫૦૧	„ જયંતીલાલ રતનચંદ શાહ	૨૦૧	„ કુંવરજી કરમશી તાલપત્રીવાળા	૧૦૧	„ મૂળચંદભાઈ પ્રેમજીભાઈ
૫૦૧	„ નેશનલ રીફાઈનરી પ્રા. લિ.	૨૦૧	„ નરશી કોરશીની કું.	૧૦૧	„ લલિતાબહેન લાલભાઈ
૫૦૧	„ ભક્ત કવિ શ્રી શીવજીભાઈ (મણિમહોત્સવ સ્મારક) કલા મંદિર.	૨૦૧	„ સી. તેજપાળ એન્ડ કું.	૧૦૧	„ આઈડિયલ ઈન્ડસ્ટ્રીયલ ટ્રેડર્સ
		૨૦૧	„ ખીમજી નાનજી	૧૦૧	„ મહેન્દ્રકુમાર અનોપચંદ
		૨૦૦	„ દેવચંદ ઘેલાભાઈ	૧૦૧	„ કુમુદબહેન શનીભાઈ શેઠ
૫૦૧	„ નેણસી લખમસી	૧૫૧	„ શાંતાબહેન લીલાધર શાહ	૧૦૧	„ વેણીબહેન વિનયચંદ કાપડિયા
૫૦૦	„ ડૉ. બી. પી. બોધાણી	૧૫૧	„ મોહનલાલ નગીનદાસ જરીવાળા	૧૦૧	સ્વ. ભવાનજી રવજી
૫૦૦	„ ફૂલચંદભાઈ શામજી			૧૦૧	શ્રી રસલિાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી
૫૦૦	„ અજિતકુમાર એન્ડ કું.	૧૨૫	„ જી. ડી. દફતરી	૧૦૧	„ મુક્તાબહેન એલ. સંઘવી
૨૫૧	„ નવિનચંદ્ર ભોગીલાલ	૧૦૧	„ પ્રવિણભાઈ રમણલાલ શાહ	૧૦૦	„ વસનજી વેલજી
૨૫૧	„ ન્યાલચંદ જે. મહેતા	૧૦૧	„ મુક્તાબહેન સંઘવી	૧૦૦	„ ચનાભાઈ ધારસી શાહ
૨૫૧	„ મોહનલાલ છોટાલાલ દેવચંદ કું.)	૧૦૧	„ ખીમજી માણેક	૧૦૦	„ નેમચંદ નાથાલાલ
૨૫૧	„ હીરાલાલ અનોપચંદ શાહ	૧૦૧	„ જી. કે. ધીઆ	૬૭૬-૦૦	સૌથી નીચેની રકમો
૨૫૧	„ કસુમચંદ્ર ડાહ્યાભાઈ	૧૦૧	„ ચંદુલાલ પીતામ્બરદાસ શાહ	———	
૨૫૧	„ લાલજી પુનીસની કું.	૧૦૧	„ હરગોવિંદદાસ કેશરીચંદ ભણશાળી	૧૫૭૯૬	

પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને ભેટ મળેલી રકમોની યાદી

રૂ.		રૂ.		રૂ.	
૨૫૧	શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ	૧૦૧	„ લલિતાબહેન નૌતમલાલ શાહ	૫૧	„ વિદ્યાબહેન ચંપકલાલ
૨૫૧	„ ચીમનલાલ જેઠાલાલ શાહ	૧૦૧	„ રમણિકલાલ પ્રભુદાસ શાહ	૫૧	„ વિમળાબહેન દમણિયા
૨૫૧	„ ખીમજી માડણ ભુજપુરીઆ	૧૦૧	„ લખમશી નેણશી છેડા	૫૧	„ દેવચંદભાઈ ઘેલાભાઈ
૨૦૧	„ વીશા પ્રિન્ટરી	૧૦૧	„ સુરેન્દ્ર છેડા	૫૧	„ માણેકલાલ શાંતિલાલ શાહ
૨૦૦	„ સુબોધભાઈ એમ. શાહ	૧૦૧	„ રસિકલાલ લહેરચંદ	૫૦	„ રમેશભાઈ ચીનુભાઈ શેઠ
૨૦૦	„ રસિકલાલ મોહનલાલ ઝવેરી	૧૦૧	સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે	૫૧	„ સૂરજબહેન મનસુખલાલ કોઠારી
૧૫૧	„ ફત્તેહચંદ લલ્લુભાઈ શાહ	૧૦૧	શ્રી ચંદુલાલ કેશવલાલ શાહ	૫૧	„ લાભશંકર જી. મહેતા
૧૫૧	„ બી. જી. શાહ	૧૦૧	„ સી. એમ. મહેતા	૫૧	„ જયંતીલાલ પી. શાહ
૧૫૧	„ શાહ પટેલ ઍન્ડ કું.,	૧૦૧	„ કુંવરજી માલસી હરિયા (વૈદ્યકીય રાહતમાં)	૫૧	સ્વ. પાર્વતીબાઈ અંબાલાલ શાહના સ્મરણાર્થે
૧૫૧	„ એક શુભેચ્છક	૧૦૦	„ વિસનજી નરશી વોરા	૫૧	શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા
૧૦૧	„ કે. પી. શાહ	૧૦૦	„ મહાસુખલાલ ભાઈચંદ	૫૧	„ અમીચંદ જે. શાહ
૧૦૧	„ મફતલાલ ભીખાચંદ શાહ	૭૫	„ એક ગૃહસ્થ	૫૧	„ જયંતિલાલ જગાભાઈ
૧૦૧	„ ટોકરસી કે. શાહ	૭૫	„ મોહનલાલ નગીનદાસ જરીવાળા (લાઈબ્રેરીને)	૫૧	„ દીપચંદ ત્રી. શાહ
૧૦૧	„ ગણપતલાલ મગનલાલ ઝવેરી	૭૫	„ ભગવાનદાસ પોપટલાલ શાહ	૯૯૫	ઝોળીમાં આવેલી રકમો
૧૦૧	„ લલિતાબહેન લાલભાઈ શાહ	૫૧	„ ખેતશી માલશી સાવલા	૭૮૪	એકાવનથી નીચેની રકમો
૧૦૧	„ ચંચળબહેન ટી. જી. શાહ	૫૧	„ અમર જરીવાળા	———	
૧૦૧	„ કંચનબહેન ઑલિવર દેસાઈ			૬,૭૪૪	
૧૦૧	„ હીરાલાલ હ. ગાંધી				
૧૦૧	„ સી. એમ. કોઠારી				

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧ ૧૯૬૯, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષમાં ઘેરી બનેલી કટોકટી

કૉંગ્રેસમાં ભંગાણ હવે લગભગ નિશ્ચિત બન્યું છે. કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષમાં ઈન્દિરા ગાંધીની બહુમતી સાબિત થઈ પછી, સિન્ડિકેટના સભ્યોએ શ્રી નિજલિંગપ્પાના નિવાસસ્થાને પાર્લામેન્ટરી પક્ષની મિટિંગ બોલાવી. પણ વિચિત્ર શરત કરી કે ખંડિત વર્કિંગ કમિટીએ ઈન્દિરા ગાંધીને કૉંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી બરતરફ કરતો ઠરાવ કર્યો છે તેની લેખિત મંજૂરી આપે તેવા સભ્યો જ આ બેઠકમાં હાજરી આપી શકશે. બહુમતી સભ્યોને આવતા અટકાવવા આવી શરત કરવી પડી. પરિણામે વડીલ નેતાઓના ટેકેદારોની જ આ સભા બની રહી. આ પક્ષના આગેવાનની પસંદગી કરવામાં કાંઈક મુસીબત ઊભી થઈ હોય તેમ જણાય છે. સ્વાભાવિક રીતે જ શ્રી મોરારજીભાઈ આ પક્ષના નેતા હોય પણ વિરોધને કારણે, માર્ગ કાઢયો કે શ્રી મોરારજીભાઈ પક્ષના આગેવાન, પણ લોકસભામાં ડૉ. રામસુભગસિંગ નેતા અને રાજ્યસભામાં શ્રી શ્યામનંદન મિશ્ર. પાર્લામેન્ટની બેઠક શરૂ થઈ ત્યારે, કૉંગ્રેસના ઈતિહાસમાં અભૂતપૂર્વ બનાવ બન્યો. ડૉ. રામસુભગસિંગે, લગભગ ૬૦ સભ્યોની આગેવાની લઈ, મુખ્ય વિરોધ પક્ષના નેતા તરીકે લોકસભામાં સ્થાન લીધું.

લોકસભામાં

ઉશ્કેરાટભર્યા વાતાવરણમાં પાર્લામેન્ટની બેઠક શરૂ થઈ. પહેલે જ દિવસે, સ્વતંત્ર પક્ષના સભ્ય પીલુ મોદીએ રબાત કૉન્ફરન્સમાં ભારત સરકારે ભાગ લીધો તેના વિરોધમાં, સભા-મોકૂફીની દરખાસ્ત મૂકી. લગભગ નવ કલાકની ઉગ્ર ચર્ચા પછી, આશ્ચર્યજનક રીતે બહુમતીથી આ દરખાસ્ત ઊડી ગઈ. રબાતના પ્રશ્નમાં સરકારનો પક્ષ ઘણો નબળો હતો, તેથી આ પ્રશ્ન ઉપર સરકારને પરેશાન કરવા તેને પ્રથમ સ્થાન આપ્યું. સરકારી પક્ષે રજૂઆત પણ નબળી થઈ હતી. વિરોધ પક્ષે સમર્થ પ્રતિપાદન હતું. સરકાર પક્ષ નબળો હોવા છતાં, આ દરખાસ્ત ઊડી જશે એવી ખાતરી હોવાથી, ઈન્દિરા ગાંધીને આ ચર્ચામાં ભાગ લેવો ન પડયો. વિરોધ પક્ષે પણ સભા મોકૂફીની જ દરખાસ્ત મૂકી, અવિશ્વાસની નહિ, કારણ કે, સરકાર પક્ષે બહુમતી રહેશે જ એમ વિરોધ પક્ષ પણ જાણતો હતો. છતાં આટલી મોટી બહુમતી કેમ મળી? સરકાર પક્ષ સબળ હતો એટલા માટે નહિ, પણ કોઈને વચગાળાની ચૂંટણી જોઈતી નથી અને તેથી સરકારને હરાવવી નથી. કેન્દ્ર સરકારની સ્થિરતા વિષે અત્યારે તો શંકા નથી લાગતી. આ દરખાસ્ત ઉપરના મતદાન વિષે કાંઈક વિશ્લેષણો થયા છે. સરકારને જે ટેકો મળ્યો તે જોતાં સામ્યવાદીઓના ટેકા વિના પણ સરકારને બહુમતી મળી રહેશે એમ જણાયું. વિરોધમાં મુખ્યત્વે, કૉંગ્રેસ વિરોધી પક્ષ, સ્વતંત્ર અને જનસંઘ. સરકાર વિષે જે આક્ષેપ હતો કે સામ્યવાદીઓના ટેકાથી જ નભી શકશે અને તેથી સામ્યવાદીઓને આવા ટેકાની કિંમત ચૂકવવી પડશે એ ખોટું ઠર્યું છે, પણ કાયમ માટે આ પરિસ્થિતિ રહેશે તેમ નિશ્ચિત ન કહેવાય. આ મતદાન એટલું જ બતાવે છે કે સરકારને સામ્યવાદીઓના ટેકાથી જ જીવવાનું રહેશે એ આક્ષેપ સાચો નથી. તેમ, કૉંગ્રેસ વિરોધ પક્ષ, સ્વતંત્ર પક્ષ અને જનસંઘનું જોડાણ થયું છે તે આક્ષેપ પણ સાચો નથી. સંજોગોને કારણે આ મતદાન થયું છે અને ભવિષ્યમાં પણ તેમ જ થશે. પરિસ્થિતિ પલટાતી (fluid) રહેશે.

મહાસમિતિમાં

જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે કૉંગ્રેસ મહાસમિતિની બેઠક બે દિવસ થઈ ગઈ. ધાર્યા કરતાં વધારે બહુમતીથી સભ્યો હાજર રહ્યા. કૉંગ્રેસ પાર્લામેન્ટરી પક્ષમાં, તેમ સંસ્થામાં પણ ઈન્દિરા ગાંધીને મોટી બહુમતી છે તે પુરવાર થયું. શ્રી નિજલિંગપ્પાના પ્રમુખપદની વધારેલી મુદતને રદ કરવામાં આવી, તેમને પ્રમુખસ્થાનેથી દૂર કર્યા, નવા કામચલાઉ પ્રમુખની વરણી થઈ, નવી કામચલાઉ વર્કિંગ કમિટી અને પાર્લામેન્ટરી બોર્ડની નિયુક્તિ થઈ, ઈન્દિરા ગાંધીને કૉંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી બરતરફ કર્યા હતા તે ઠરાવ રદ કર્યો. બન્ને પક્ષે હિસાબ ચૂકતે થયો. એકે કર્યું, બીજાએ ઉથલાવ્યું. માત્ર મહાસમિતિમાં જ નહિ પણ કૉંગ્રેસ સંસ્થામાં પણ પોતાની મોટી બહુમતી છે તે બતાવવા, કૉંગ્રેસનું અધિવેશન મુંબઈમાં ૨૮મી ડિસેમ્બરે બોલાવવાનું નક્કી થયું. આ બધામાં બંધારણીય અથવા કાયદેસર કેટલું તેની ચર્ચા નિરર્થક છે. કૉર્ટ મારફત, કૉંગ્રેસને નામે અને કૉંગ્રેસના ધ્વજ નીચે આ બેઠક મળતી અટકાવવા પ્રયત્ન થયો તે નિષ્ફળ ગયો. નિજલિંગપ્પાના અને રામસુભગસિંગે જાહેર કર્યું કે આ બધું બિનબંધારણીય છે.

નવા કૉંગ્રેસપ્રમુખે ધડાધડ કામગીરી શરૂ કરી. ઉત્તર પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ કમલાપતિ ત્રિપાઠી અને મંત્રી બહુગુણાને, શ્રી નિજલિંગપ્પાએ શિસ્તભંગ માટે, સ્થાનભ્રષ્ટ કરતા હુકમ કાઢયા હતા તે રદ કર્યા અને તેમને ફરી પ્રસ્થાપિત કર્યા. પશ્ચિમ બંગાળમાં અને માયસોરમાં નવી કામચલાઉ કૉંગ્રેસ સમિતિઓ જાહેર કરી. બંગાળની જૂની કૉંગ્રેસ સમિતિના પ્રમુખે આ નવી સમિતિને ગેરકાયદેસર જાહેર કરી—આવી સમિતિઓ અન્યત્ર—તામીલનાડુ અને ગુજરાતમાં પણ—નિમાશે એમ સંભળાય છે. મહાસમિતિની દિલ્હીની મુખ્ય કચેરીના કર્મચારીઓએ ઑફિસનો કબજો લેવા નવા પ્રમુખને આમંત્રણ આપ્યું અને પોતાની વફાદારીની ખાતરી આપી.

મુંબઈમાં

મુંબઈ પ્રદેશ સમિતિએ બહુમુખી ઠરાવ કર્યો. ઈંદિરા ગાંધીને

બરતરફ કરતાં ઠરાવને દુઃખદ ગણાવી, એકતા માટે પ્રયત્ન કરવા શ્રી પાટિલ અને હાઈકમાન્ડને આદેશ આપ્યો. મહાસમિતિની બેઠકમાં ગુજરાતની પેઠે, મુંબઈના સભ્યોને હાજર ન રહેવાનો આદેશ આપ્યો નહિ. શ્રી પાટિલનું માન જાળવવા આ ઠરાવ થયો તેમ દેખાય છે. મુંબઈની ઘણાં વર્ષો તેમણે અવિરત સેવા કરી છે. આજે તેમનાથી જુદા પડે છે એવા સાથીઓ પણ, તેમણે રાજીનામું આપવું પડે એવી પરિસ્થિતિમાં તેમને મૂકવા ઈચ્છતા ન હતા. પણ એ ક્યાં સુધી ચાલશે? મુંબઈમાં કૉંગ્રેસનું અધિવેશન મુંબઈ પ્રદેશ સમિતિ અને મહારાષ્ટ્ર પ્રદેશ સમિતિ સાથે મળી યોજશે એવી જાહેરાત થઈ છે. મુંબઈ પ્રદેશ સમિતિ દ્વિધાભર્યું વલણ ક્યાં સુધી ચાલુ રાખી શકશે?

ગુજરાતમાં

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ સાહેબે જોરદાર રીતે અનેક વખત જાહેર કર્યું છે કે ગુજરાત કૉંગ્રેસ વડીલ નેતાઓને જ સાથ આપશે. મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈનું પણ એ જ વલણ છે. ગુજરાતમાં પણ ખળભળાટ શરૂ થયો છે. અંદરથી ચાલુ નેતાગીરી સામે કેટલો અસંતોષ છે તેનું માપ હવે પછી નિકળશે. શ્રી ઢેબરભાઈ ગુજરાત-સૌરાષ્ટ્રના કૉંગ્રેસજનોને કાંઈક ચોક્કસ માર્ગદર્શન આપશે એવી આશા હતી. પોતાનો અભિપ્રાય અસંદિગ્ધપણે તેમણે જાહેર કર્યો છે. યુવાન પેઢીને સૂકાન સોંપી, વડીલ નેતાઓએ સલાહકાર રહેવું એમાં તેમને દેશનું હિત જણાય છે. મહાસમિતિ અને કૉંગ્રેસનું ખુલ્લું અધિવેશન બોલાવી, બહુમતીનો નિર્ણય સ્વીકારવો એ વિકલ્પ પણ તેમણે સૂચવ્યો છે. છેવટ, કૉંગ્રેસને લોકસેવક સંઘમાં પલટાવવી અને રાજકીય પક્ષો દરેકે પોતાના કરી લેવા એમ કહ્યું છે. પણ તેમનું મનોમંથન કોઈ સક્રિય પગલાં લેવા તરફ તેમને વાળતું હોય તેમ હજી જણાતું નથી. દિલ્હીમાં હોવા છતાં, તેની મહાસમિતિની બેઠકમાં હાજર ન રહ્યા. કૉંગ્રેસના હવે બે અધિવેશનો થાય છે – મુંબઈમાં અને અમદાવાદમાં–તેઓ ક્યાં હાજર રહેશે તે જોવાનું રહે છે. અત્યારે તો કૉંગ્રેસને લોકસેવક સંઘમાં પલટાવવાની પ્રવૃત્તિ પ્રત્યે તેમનું વલણ છે. પણ આ કાર્ય અત્યારના સંજોગોમાં અશક્ય છે તે તેઓ પોતે પણ જાણે છે. ગુજરાતનું, ગુજરાત બહાર દેશમાં વસતા લાખો ગુજરાતીઓનું અને દેશનું સમગ્રપણે હિત શેમાં છે તે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની પ્રજાએ પોતે જ નિર્ણય કરવાનો છે. સંભવ છે કે કેટલોક વખત, ગુજરાત તેના વિશિષ્ટ સંજોગોને કારણે, એકલું, અણનમ ઊભું રહે.

ઉત્તર પ્રદેશમાં, કમલાપતિ ત્રિપાઠી અને બીજા આઠ પ્રધાનોના રાજીનામા પછી, ચંદ્રભાણ ગુપ્તને વિધાનસભામાં બહુમતી રહી નહિ. પણ એ તો કસાયેલા યોદ્ધા છે. ૨૯ નવા પ્રધાનો નીમી દીધા. સત્તા ટકાવવા શું ન થાય? છતાં ટકશે નહિ. બિહારમાં પોતાનું વર્ચસ્વ રાખવા, શ્રી નિજલિંગપ્પાના પાર્લામેન્ટરી બોર્ડે, હરિહરસિંગને પ્રધાનમંડળ રચવા આદેશ આપ્યો, પણ નિષ્ફળ ગયા. પશ્ચિમ બંગાળમાં સંયુક્ત દળ ડામાડોળ છે. મુખ્ય પ્રધાન અજય મુકરજી પોતે જ તેમની સરકાર સામે સત્યાગ્રહ કરશે! કેરળમાં બન્યું તેમ, માર્કિસ્ટ સામ્યવાદીઓની દાદાગીરી અને ગુંડાગીરીથી ત્રાસી, બંગાળના બીજા પક્ષો, વિકલ્પ રાજ્યરચના વિચારી રહ્યા છે. માયસોરમાં વિરેન્દ્ર પાટિલની સ્થિતિ એટલી સ્થિર નથી. શ્રી પાટિલ યુવાન છે. ભવિષ્યનો વિચાર કરવાનો છે. છેવટ માયસોરનું હિત લક્ષમાં લેવું પડશે, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ આસામ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, જમ્મુ, કાશ્મીર, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, આ બધાં રાજ્યો અને તેની કૉંગ્રેસ સમિતિઓનો ઈન્દિરા ગાંધીને સાથ છે. બિનકૉંગ્રેસી રાજ્યો–પંજાબ, તામિલનાડ, કેરળ, ઓરિસા પણ પોતાના હિતમાં ઈન્દિરા ગાંધીને ટેકો આપે છે.

આ ક્યાં અટકશે?

કૉંગ્રેસના બન્ને પક્ષોમાં હવે એકતા થાય એવો સંભવ દેખાતો નથી. રાગદ્વેષ ઘણાં ઊંડા ઉતર્યા છે. આ ભંગાણથી દેશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી વ્યાપક પરિણામો આવશે. જુદા પડવું અનિવાર્ય છે તો કાંઈક સમજણપૂર્વક, વિવેક – મર્યાદાથી ન બને? આક્રમણ – પ્રતિઆક્રમણની પરંપરા ચાલુ રાખવી જ પડશે? દેશને આ આંધીમાંથી બચાવી ન શકાય? બળાબળનું માપ કાઢવા, બહુમતી પક્ષે ૨૬મી ડિસેમ્બરે મુંબઈમાં ખુલ્લું અધિવેશન નક્કી કર્યું–જે સમયે સુરતમાં સિન્ડિકેટ જૂથની મહાસમિતિ મળવાની હતી, જેથી એક વ્યકિત બન્ને સ્થળે હાજર ન રહે અને પોતાનું વલણ સ્પષ્ટ કરવાની ફરજ પડે. હવે સિન્ડિકેટ જૂથે ૧૯–૨૦ ડિસેમ્બરે અમદાવાદમાં ખુલ્લું અધિવેશન જાહેર કર્યું. આવું કરવું જરૂરનું હતું? બળાબળનું માપ કાઢવાનો આ માર્ગ છે?

Financial Expressના અગ્રલેખમાં કહ્યું છે તેમ, it is an effort to avoid confrontation and it would mean that syndicate is on a weak wicket and wants to bid for time. ક્યાં સુધી?

અમદાવાદના અધિવેશનમાં દિલ્હી મહાસમિતિમાં થયેલ ઠરાવો કદાચ રદ કરવામાં આવશે. મુંબઈમાં દિલ્હીનું પુનરાવર્તન થશે.

સામાન્યજન વિમાસણમાં પડે છે. તેને એમ થાય છે કે આ બધું શેને માટે છે? આર્થિક નીતિ વિષે મતભેદ નથી એમ કહેવાય છે. કૉંગ્રેસ વિરોધ પક્ષ ચાર ડગલા આગળ જવાનો દાવો કરે છે. મહાસમિતિના ૫૦ સભ્યોએ નિવેદન બહાર પાડ્યું છે કે મિલકતને લગતા મૂળભૂત હક રદ કરવા જોઈએ. તારકેશ્વરી સિંહા અને સૂચેતા કૃપલાણીએ આ નિવેદનને આવકાર્યું છે. કૉંગ્રેસ વિરોધ પક્ષ તરફથી શ્રી મોરારજીભાઈએ તેની નીતિની જાહેરાત કરી તેમાં જણાવ્યું કે તેમાં કાંઈ નવું નથી. બેંગલોર અધિવેશનની જ નીતિ છે અને તેને બનતી ત્વરાએ અમલમાં મૂકવી જોઈએ. તો આ સંઘર્ષ શેનો છે? કૉંગ્રેસના નામનો, બે બળદની જોડીના નિશાનનો, ધ્વજનો, મિલકતનો, સંસ્થાના તંત્રનો, (organisation) અને કૉંગ્રેસના નામ પ્રત્યે અને તેની ૮૪ વર્ષની તપશ્ચર્યા માટે, પ્રજાને હજી જે કાંઈ રહીસહી મમતા અને વફાદારી કૉંગ્રેસ પ્રત્યે રહી છે તેનો લાભ મેળવવાનો? નિશાન ઈલેકશન કમિશને નક્કી કરવાનું છે. નામ અને ધ્વજ બહુમતી હોય તેને જ રહે. મિલ્કતોનું વિભાજન સમજણપૂર્વક થાય. કૉંગ્રેસ પ્રત્યેની મમતા અને વફાદારી તો ધૂળધાણી થઈ રહી છે, જે લાયકાત અને પ્રજાની સેવા પ્રમાણે મેળવવી રહેશે. આટલું સમજણપૂર્વક થશે કે છેવટ સુધી, કોઈ પણ સાધનથી અને કોઈ પણ રીતે, લડી લેવાનું રહેશે?

સિન્ડિકેટ જૂથ માટે બે વિકલ્પો છે. હવે એ નિશ્ચિત થયું છે કે તે પક્ષ લઘુમતિમાં છે. આ વાસ્તવિકતા સ્વીકારી, કૉંગ્રેસમાં રહી, બંધારણીય રીતે, પોતાની બહુમતી કરવાનો પ્રયત્ન કરે અને અત્યારે જે બહુમતીમાં છે તેમને તંત્ર ચલાવવા દે. આ શક્ય ન હોય તો, છૂટા થઈ, પોતાનો પક્ષ રચે અને પોતાની રીતે, બીજા પક્ષો પેઠે, સરકારના વિરોધ પક્ષ તરીકે રહે. પણ લઘુમતી, બહુમતી ઉપર પોતાના નિર્ણયો લાદવાનો પ્રયત્ન કરે તે લોકશાહી રીત નથી.

ગાંધીજી શું કરતા?

કૉંગ્રેસમાં ઘણી કટોકટી આવી. વર્કિંગ કમિટી ગાંધીજીના વિચારો ન સ્વીકારે એવું બન્યું. ત્યારે ગાંધીજી કૉંગ્રેસથી છૂટા થયા છતાં સલાહ આપતા રહ્યા. નહેરુને ગાંધીજી સાથે ઓછા મતભેદ ન હતા. વાસ્તવમાં ગાંધીજીના ઘણાં વિચારો નહેરુએ સ્વીકાર્યા ન હતા. સ્વરાજ પક્ષ થયો, પોતાના જીવનની આખરી લડત, હિંદ છોડો–નો રાજગોપાલાચારીએ વિરોધ કર્યો, તેમની સલાહ વિરુદ્ધ દેશના ભાગલા સ્વીકાર્યા ત્યારે ઝેરનો પ્યાલો પી જઈ મહાસમિતિમાં જાતે જ બચાવ કર્યો. નહેરુ અને સરદાર વચ્ચે ઓછા મતભેદ ન હતા, કેટલાક તીવ્ર હતા. કૉંગ્રેસ સંસ્થાનું સૂકાન સરદારના હાથમાં હતું. તેમણે ધાર્યું હોત તો નહેરુને ખૂબ પરેશાન કરી શકત.

છતાં પોતાના મતભેદો જાહેરમાં આવવા ન દીધા અને દેશના હિતમાં નહેરુની આગેવાની સ્વીકારી. બાબુ પુરુષોત્તમદાસ ટન્ડનને પોતે કૉંગ્રેસના પ્રમુખસ્થાને લાવ્યા હતા. નહેરુ સાથે ન બનવાથી, ટન્ડન બાબુને છૂટા થવું પડયું. આ કડવો ઘૂંટડો પી ગયા. આ બધા મહાપુરુષો હતા. મોટા દિલના હતા.

ઈન્દિરાજી સામે આક્ષેપો

ઈન્દિરા ગાંધી સામે બે મુખ્ય આક્ષેપ છે. એક શિસ્તભંગનો અને બીજો સામ્યવાદીઓના ટેકાથી સત્તા જમાવે છે અને દેશને સામ્યવાદ તરફ ઘસડી જાય છે.

શિસ્તભંગનો આરોપ ખોટો નથી. પણ શિસ્તના બંધનને મર્યાદા હોય છે. યથાવત્ સ્થિતિ Statusquo જાળવી રાખવા શિસ્ત મોટું સાધન છે, પણ જ્યાં વર્તમાન સ્થિતિથી મોટો અસંતોષ હોય અને સ્થાપિત હિતો અથવા સત્તાધિશો સામે લડવું પડે, ત્યાં શિસ્તભંગ અનિવાર્ય છે કારણ કે તે બળવો છે. બળવો કરનાર નિષ્ફળ થાય તો ઉખડી જાય. સફળ થાય તો શિસ્તભંગ જરૂરી હતો એમ લેખાય. ગાંધીજીએ સવિનય કાનૂન ભંગ કર્યો ત્યારે વિનીતોનો આ જ આક્ષેપ હતો કે પ્રજા કાયદાનું ઉલ્લંઘન કરતી થશે અને કાયદા અને વ્યવસ્થા પ્રત્યે આદર નહિ રહે તો અરાજકતા થશે. ગાંધીજીએ કહ્યું હતું કે સત્યાગ્રહી શિસ્તમાં માને છે. જેલ જાય તો જેલના બધા નિયમો પાળશે પણ શિસ્તને નામે અન્યાય સહન નહિ કરે. કેટલાક લોકો હજી પણ માને છે કે ગાંધીજીએ પ્રજામાં કાયદા અને સત્તા સામે જે વ્યાપક અનાદર ઊભો કર્યો તેનાં પરિણામો હજી પણ સમાજમાં વ્યાપક અશિસ્ત રૂપે દેખાય છે. બે પાંચ ટકા માણસો અનાદર કરે તો શિસ્તને નામે પગલાંઓ લેવાય. પણ ૭૫ ટકાનો વિરોધ હોય અને ૨૫ ટકા સત્તા પર હોય ત્યારે શિસ્તને નામે હકૂમત ભોગવવાનો અધિકાર તેમને રહેતો નથી.

સામ્યવાદનો ખોટો આક્ષેપ

ઈન્દિરા ગાંધી દેશને સામ્યવાદ તરફ લઈ જાય છે તે આરોપ સાચો નથી. નહેરુ સામે પણ આવો જ આક્ષેપ થતો. બેંગલોરમાં સ્વીકારેલ આર્થિક નીતિ સામ્યવાદ તરફ લઈ જતી હોય તો ઈન્દિરા ગાંધી અને સિન્ડિકેટના બધા સભ્યો સામ્યવાદી છે. ઈન્દિરા ગાંધીનો જે વર્ગ વિરોધ કરે છે તેનો ખરો વિરોધ તો બેંગ્લોરની આર્થિક નીતિ સામે છે. પણ આવો વિરોધ જાહેર રીતે કરી શકે તેમ નથી એટલે તેમને સામ્યવાદી કહી ઉતારી પાડવાનું કરે છે. સામ્યવાદીઓ એમને પોતાના સ્વાર્થે ટેકો આપે છે, જેમ સ્વતંત્ર પક્ષ અને જનસંઘ સિન્ડિકેટને ટેકો આપે છે. દિલ્હીની મહાસમિતિની બેઠક પછી તો તેમની સામે હવે એવો આક્ષેપ થાય છે કે નહેરુની પેઠે, ઈન્દિરા ગાંધી પણ સમાજવાદની વાતો જ કરે છે. તે દિશામાં કાંઈ નક્કર ત્વરિત પગલા લેતા નથી અથવા લેવાના નથી. આ બેઠકમાં આર્થિક નીતિના અમલ માટે ચોક્કસ પગલાંઓની જાહેરાત થશે એમ ધાર્યું હતું તેવું કાંઈ ન બન્યું એટલે ઈન્દિરા ગાંધીના કેટલાય સાથીદારો નિરાશ થયા છે. ઈન્દિરા ગાંધીના પક્ષે એમ કહેવાયું કે પાર્લામેન્ટ ચાલુ હોવાથી નીતિવિષયક જાહેરાત અન્યત્ર કરવી તેમાં પાર્લામેન્ટનું માનભંગ ગણાય. જે હોય તે. ઈન્દિરા ગાંધીએ સામ્યવાદીઓ કે ડાબેરીઓને રાજી રાખવાની કોઈ ઉતાવળ બતાવી નથી

ઈન્દિરાજી માટે વિકટ માર્ગ

ઈન્દિરા ગાંધીનો માર્ગ ઘણો વિકટ છે. વડીલ નેતાઓનો વિરોધ તો છે જ. ઈન્દિરા ગાંધીના પક્ષમાં જેઓ અત્યારે દેખાય છે તે બધા જ સાચા દેશહિતચિંતક કે સમાજવાદી નથી. લોભથી, લાલચથી, ભયથી, સ્વાર્થથી, ઘણાં ચાલુ ગાડીએ બેસી જાય. પોતાનું હિત ન સચવાય તો નિરાશ થાય, અસંતોષ જાગે. આવું કાંઈક થવા પણ થયું છે. નવી વર્કિંગ કમિટીની રચનાથી કેટલાકને અસંતોષ થયો છે. બધાને રાજી કર્યાથી રાખી શકાય ? કેટલાક ભૂતપૂર્વ સામ્યવાદી હતા એવા પણ ઘૂસ્યા છે. સુબ્રમણ્યમે કહ્યું કે, મારી ભૂલ થઈ હશે, નવા પ્રમુખ સુધારી લેશે. ઈન્દિરા ગાંધીની પૂરી કસોટી છે. આવા શંભુમેળાને કાબૂમાં રાખવો અને પોતાના ધ્યેયને વળગી રહેવું સહેલું નથી. સિન્ડિકેટના સભ્યોની એ જ ગણતરી છે કે વખત જતાં કેટલાય ખરી પડશે. સિન્ડીકેટ પક્ષે આ પરિણામ માટે બધા બૂહો અને યુકિતઓ અજમાવાય છે. રાજ્યોમાં પક્ષાન્તરો જેમ થયા તેમ કોંગ્રેસના આ બે પક્ષોમાં કેટલાક પ્રમાણમાં થશે. તકવાદીઓ બધે હોય છે, પણ ત્યાં જ ઈન્દિરા ગાંધીની નેતૃત્વશકિતનો મુકાબલો થશે. અત્યાર સુધી તેમણે હિમત, સાહસ અને આત્મવિશ્વાસ બતાવ્યા છે.

જમણેરી પક્ષોને કોઈ સ્થાન નથી

ઈન્દિરા ગાંધી ટકે કે પડે. એક વાત સાફ છે, જમણેરી પક્ષોને કોઈ સ્થાન નથી. અસમાનતા, ગરીબાઈ, ઝડપથી દૂર કરે અને સ્થાપિત હિતોને નાબૂદ કરે એવો પક્ષ જ પ્રજાનો સાથ પામશે. સિન્ડિકેટનો પક્ષ સત્તા સ્થાનો મેળવી શકશે તો પણ તેણે આ જ દિશામાં વેગથી જવાનું રહેશે. ઈન્દિરા ગાંધીને તોડી પાડીને કદાચ સામ્યવાદીઓને જ બળ મળશે. સામ્યવાદ અટકાવવો હોય તો સાચો લોકશાહી સમાજવાદ ત્વરિત સ્થાપિત કરવા માટે, તેમના માર્ગમાં અવરોધો નાખવાને બદલે તેમને સહાયભૂત થવું અને તકવાદીઓ એમની પડખે ચડયા હોય તેમને હઠાવવા. વર્તમાન સંજોગોમાં સિન્ડિકેટ આવું કોઈ વલણ સ્વીકારે તેવું દેખાતું નથી, તેથી અસ્થિરતા રહેશે. છેવટ કદાચ પ્રજાએ વચગાળાની ચૂંટણીથી નિર્ણય કરવાનો રહેશે. વચગાળાની ચૂંટણીનો અનુભવ આશાસ્પદ નથી. કોઈ પક્ષ કદાચ સ્પષ્ટ બહુમતીમાં ન આવે તો અસ્થિરતા વધે જ. બંગાળ, ઉત્તર પ્રદેશ, બિહારમાં આ જ અનુભવ છે. વચગાળાની ચૂંટણી કરવી પડે એટલી હદે ઈન્દિરા ગાંધીને તંગ કરવામાં કોઈને લાભ નથી, દેશને તો નથી જ.

આ ગાંધીજીનો માર્ગ નથી

એક વાત સમજી લેવી. અત્યારે જે બની રહ્યું છે તે ગાંધીજીનું રાજકારણ નથી, તેમનો માર્ગ નથી, તેમની નીતિ નથી, તેમનાં મૂલ્યો નથી. ગાંધીજીનું નામ વટાવવાનો કોઈ પક્ષને અધિકાર રહ્યો નથી. અત્યારના કોંગ્રેસના આંતરવિગ્રહમાં સૌજન્ય નથી, વિવેક નથી, મર્યાદા નથી, બેમાંથી એકેય પક્ષે આર્થિક નીતિ પણ ગાંધીજીની નથી. મોટા પાયા ઉપરનું ઔદ્યોગિકરણ અને તેનાં અનિષ્ટો, આર્થિક નીતિમાં રહ્યાં છે. મૂડીવાદ, સમાજવાદ કે સામ્યવાદ એ ત્રણેયની જીવનદષ્ટિ એક જ છે: ભૌતિક સમૃદ્ધિની, કેન્દ્રિકરણની. તેમાં ગાંધીજીની સાદાઈ, સંયમી જીવન, જીવનની ઓછી જરૂરિયાતો, આર્થિક અને રાજકીય સત્તાનું વિકેન્દ્રિકરણ—આ કાંઈ નથી. નેહરુએ જ દિશા પલટાવી હતી.

હું કોઈ રાજકીય પક્ષમાં નથી. મારે કોઈ રાજકીય આકાંક્ષા નથી. બને તેટલું તટસ્થપણે વર્તમાન પરિસ્થિતિનો વાસ્તવિક અભ્યાસ અને ચિન્તનને પરિણામે મને સૂઝે છે તે લખું છું. તેમાં ભૂલ કે અધૂરાપણું હશે પણ એટલું કહું કે પ્રમાણિક વિચારો છે, સ્વાર્થ નથી. કોઈ નિરીક્ષક ભૂલ બતાવે તો આવકારું. પણ નિરીક્ષક પોતે કોઈ એક રાજકીય પક્ષને વરેલ હોય (C mmitted) તો મારી અને તેમની દષ્ટિ જુદી રહેવાની. વર્તમાનપત્રો માટે હું લખતો નથી. મારા મિત્ર ભાઈ પરમાનંદ કાપડિયા પરાણે લખાવે ત્યારે 'પ્રબુદ્ધ જીવન' માટે કાંઈક લખું છું.' 'જન્મભૂમિ'ના તંત્રીને યોગ્ય લાગ્યું તો એક લેખ ઉધૃત કર્યો. આ પણ છાપે છે. તેમાં તેમને સંપૂર્ણ સ્વતંત્રતા છે. મારા વિચારો નવા નથી. બેંગ્લોર અધિવેશનથી આ વિચારો 'પ્રબુદ્ધ જીવન'માં આપતો રહ્યો છું. રોટરી કલબ કે લાયન્સ ક્લબો કે અન્યત્ર, શ્રોતાગણની ચિન્તા કર્યા વિના મારા વિચારો જાહેર કર્યા છે. ૩૦ વર્ષથી લોકશાહી સમાજવાદમાં માનું છું. તેને કાંઈક અંશે અમલમાં મૂકવાનો અવસર હવે આવ્યો છે એમ લાગવાથી તે આવકારું છું.

ચીમનલાલ ચકુભાઈ શાહ

પ્રકીર્ણ નોંધ

આજે સમાન્તર કૉંગ્રેસ ચલાવવાનો કોઈ અર્થ નથી

નવી દિલ્હીમાં નવેમ્બર માસની ૨૨ મી તથા ૨૩ મી તારીખે મુખ્ય પ્રધાન શ્રી ઈન્દિરા ગાંધીના પ્રમુખપણા નીચે રીકિવઝિશનનું મહાસભા સમિતિનું અધિવેશન ભરાઈ ગયું અને તેમાં અખિલ હિન્દ મહાસભા સમિતિના લગભગ ૭૦૦માંથી લગભગ ૪૩૫ સભ્યોએ હાજરી આપી અને નવા પ્રમુખની નિમણૂક કરીને જે નિર્ણયો લીધા તે જોતાં હવે તીવ્ર લઘુમતીને પામેલી સિન્ડિકેટ કૉંગ્રેસને ચાલુ રાખવાનો અને તે રીતે સ્થળે સ્થળે ઘર્ષણો પેદા કરવાનો કોઈ અર્થ નથી અને તેથી તે જૂનું બનેલું ચોગઠું વિસર્જિત થાય તેમાં દેશનું અને કૉંગ્રેસનું વધારે શ્રેય છે એમ મને લાગે છે.

આજની પરિસ્થિતિમાં કૉંગ્રેસ પ્રમુખ નિજલિંગપ્પાનું સ્થાન દિલ્હીના સત્તાવિહીન બનેલા છેલ્લા મોગલ બાદશાહ બહાદુરશાહ જેવું બની ગયું છે. આ બહાદુરશાહ પોતાને હિન્દનો બાદશાહ કહેવરાવતો હતો, પણ તેની હકુમત દિલ્હીની બહાર કોઈ પણ ઠેકાણે ચાલતી નહોતી. આવી જ કાંઈક સ્થિતિ શ્રી નિજલિંગપ્પાની થઈ બેઠી હોય અથવા થઈ રહી હોય એમ લાગે છે. તેમની હકુમત એ. આઈ. સી. સી. ના કાર્યાલયમાં પણ ચાલશે કે કેમ તે સવાલ છે.

જેમણે તત્કાલીન કાર્યવાહી દરમિયાન અસાધારણ કાર્યકુશળતા અને શકિતસંપન્નતા દાખવેલ છે એવા ભારતના મુખ્ય પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પ્રસ્તુત પ્રકરણમાં અપનાવેલી નીતિ-રીતિ સામે આપણે ગમે તે કહીએ-અને એમાં કોઈ શક નથી કે આ નીતિ રીતીમાં વાંધા પડતું એવું પારવિનાનું છે અને તેનું સમગ્ર સ્વરૂપ ગાંધીવાદી નહિ પણ કૌટિલ્યવાદી જ રહ્યું છે-આમ છતાં આજે તેમણે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે ત્યાંથી તેમને તત્કાળ કોઈ ઉથલાવી શકે તેમ છે જ નહિ. મોગલ ઈતિહાસ સામે નજર કરીએ તો તેમને આંશત: યેન કેન પ્રકારેણ સત્તારૂઢ બનેલા બાદશાહ ઔરંગઝેબ સાથે આપણે સરખાવી શકીએ. ભલેને તેની નીતિ ઈન્દિરા કરતાં ઘણી વધારે કનિષ્ટ હોય છતાં ભાતમાં બહુ ફેર નથી. આપણને ગમે કે ન ગમે-આ આજની વાસ્તવિકતા છે.

પાર્લામેન્ટમાં કૉંગ્રેસનું સિન્ડિકેટ પક્ષી લઘુમતી વર્તુળ એક વિરોધ પક્ષ તરીકે ભલે ચાલુ રહે અને એ જ રીતે રાજ્યોની વિધાનસભામાં સિન્ડિકેટ પક્ષી કૉંગ્રેસી સભ્યો પોતાનું વર્તુલ ભલે ચાલુ રાખે, પણ તેની બહાર સિન્ડિકેટ કાગ્રેસી પક્ષ માટે કોઈ વિશેષ અવકાશ હવે રહ્યો દેખાતો નથી. આ રીતે વિચારતાં ડિસેમ્બર માસની ૨૨-૨૩ મી એ ભરવા ધારેલું સિન્ડિકેટ-પક્ષી કૉંગ્રેસ અધિવેશન, જો ખરેખર ભરાય તો, તે આથમતી જ્યોતનો અન્તિમ ઝબકારો બની રહેશે અને એમ બને તો એમાં કોઈ આશ્ચર્ય પામવાને કારણ નહિ રહે.

અમદાવાદ માં છેલ્લાં તોફાનો દરમિયાન થયેલી માલમિલકતની તારાજી

અમદાવાદની એક સ્થાનિક કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ૧૫ દિવસના ટૂંકા સમયમાં કરેલા સંશોધન ઉપરથી કાઢવામાં આવેલી તારવણી મુજબ ૨૧૩૯ મકાનો, ૩૭૧૦ ઝુંપડાંઓ, ૪૧૪ દુકાનો અને લાકડાની કેબિનોનો તાજેતરનાં કોમી તોફાનો દરમિયાન નાશ થયાનું જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ૫૬૨ એકથી અધિક માળવાળાં મકાનો અને ૧૫૭૭ એક માળનાં મકાનોનો નાશ થયાનું જણાવવામાં આવ્યું છે. સમગ્રપણે તારવતાં ૩૯૮૯ રહેઠાણો અને દુકાનો આગથી તારાજ થયેલ છે, જ્યારે ૨૩૧૭ રહેઠાણો અને દુકાનો લોકોએ ભાંગી તોડી નાંખેલ છે. આ ઉપરાંત એવાં અનેક ઘરો છે જે કાં તો બંધ છે અથવા તો જેને છોડીને લોકો ભાગી છૂટયા છે. આ જગ્યાઓની અંદર રહેતા લોકો વધારે સલામત જગ્યાએ ચાલી ગયા હોય. પ્રસ્તુત અહેવાલ મુજબ ૫૮૮૬ કુટુંબો પોતાનાં સ્થાયી રહેઠાણો છોડી ગયા હોય એમ લાગે છે. એક ઘર અથવા તો ઝુંપડામાં સરેરાશ પાંચ કુટંબીઓ રહેતા હોય એ રીતે ગણીએ તો ૨૯૧૯૫ લોકો ઘરબાર વિનાના બની ચૂકયા છે અને તેમની પાસે નિભાવ માટે કે વસવા માટે કશું પણ સાધન રહ્યું ન હોય એમ ધારવામાં આવે છે. લગભગ ૧૮૫૪ પાકાં મકાનો, ઝુંપડાંઓ અને દુકાનોનો આંશત: નાશ કરવામાં આવ્યો છે.

આ તાંડવમાં કેટલા લોકોએ જાન ગુમાવ્યા અથવા તો કેટલી જંગમ મિલકતનો નાશ થયો હશે તેનું, તોફાની વિભાગોમાંથી મોટા પાયાનાં સ્થાનાન્તરો થવાના કારણે, માપ કાઢવાનું અથવા આધારભૂત માહિતી મેળવવાનું અશકય છે.

આ વિગતો વાંચીને આપણને કંપારી છૂટે છે; માનવી માનવીના નાતે આપણે આ શું કર્યું એનો વિચાર કરતાં આપણું માથું શરમથી નીચું નમે છે.

માનસિક રિકતતાના આક્રમણ સામે એક ચિન્તન

મોટી ઉમ્મર, તબિયત ઢીલી પડે, આરામ ફરજિયાત સ્વીકારવો પડે, ચાલુ જીવન દરમિયાન એક યા બીજા કામમાં રોકાતા કલાકો ખાલી પડે અને એકલાપણું – ખાલીપણું – શૂન્યતા મનને બેચેન બનાવ્યા કરે એવી તત્કાલીન મનોદશાની જાણ થતાં શ્રી વિમલાબહેન ઠકાર પોતાના એક પત્રમાં મને ઉદ્દેશીને જણાવેલ છે કે : "આરામને એકલાપણું કહો છો તમે? ખરા જ છો તમે પણ? એકાન્ત અને એકલાપણું – lonliness and aloneness – આમાં ઘણો ફેર છે! દેહભાવ અને અહંભાવથી મુકત ચેતના એટલે એકાન્ત! પ્રભુ એકાન્ત પામવાનો શુભ અવસર તમોને આપી રહ્યા છે! પણ તમે તો મુકિત પામવાના અવસરને 'બંધન' ગણો છો!

"ચિત્તને વિષયોન્મુખ એટલે કે વિષયરત રહેવાની ટેવ પડી છે. જ્યારે અન્તર્મુખ થઈ શૂન્યતામાં ભળી જવાની તક આપણે તેને આપીએ છીએ ત્યાં તો ચિત્ત ગભરાઈને વિચાર અથવા તો ભાવનાને પકડી રાખે છે; તર્કવિતર્કને બાઝી પડે છે. શૂન્યતાથી તમે ભય પામતા હશો. રિકતતા જ્યારે ઘેરી વળે છે ત્યારે અવધાનપૂર્વક તેનો લ્હાવો માણવો ઘટે, ભલેને બેચેની, અકળામણ ઘેરી વળે, ભલેને રડવું આવે, ત્યાં ને ત્યાં સ્થિર રહેવાથી શૂન્યતામાં અજવાળું દેખાશે. રિકતતા પ્રસાદમાં પરિણમશે.

"તમારા પ્રશ્નોના ઉત્તરો બુદ્ધિ આપી શકશે નહિ. બુદ્ધિનું ક્ષેત્ર 'જ્ઞાન' છે. અનુભૂતિ તેની કક્ષાબહારનો વિષય છે. અનુભૂતિમાં તમોને ઉત્તર મળશે. જ્ઞાન તો તમારી પાસે ઢગલાબંધ પડયું જ છે!"

મારી જેવી ક્ષુબ્ધ મનોદશામાંથી પસાર થતા કોઈ પણ મિત્રને સ્વસ્થ બનવામાં મદદરૂપ થાય એ હેતુથી વિમલાબહેનના પત્રમાંથી પ્રસ્તુત અવતરણ ઉપર પ્રગટ કરવા હું આકર્ષાયો છું.

મૌનનો આનંદ

આ વિષયને અનુલક્ષીને ભાવનગરથી શ્રી નર્મદાબહેન રાવળ તેમના તરફથી તાજેતરમાં મળેલા પત્રમાં જણાવે છે કે "તમે લખો છો કે 'તમે જે મૌનનો આનંદ અનુભવો છો તે મને હજુ સુપ્રાપ્ય નથી.' જવાબમાં તમને હું નાને મોઢે શું લખું? પણ ભાઈ, મુંબઈ જેવા વિવિધ પ્રવૃત્તિવાળા અને ધમાલિયા શહેરમાં અને તેમાં વળી તમે બુદ્ધિના પ્રખર એટલે અનેક બાબત તરફ ઢળેલું તમારું મન ધારે તોય મૌનની મજા લઈ નહિ શકે. તે માટે એકાન્ત જ જરૂરનું છે. મનના જાતજાતના વમળમાં મનની અનેક વૃત્તિઓ ઉદ્‌ભવે. તેને શાન્ત કરવા અલગ એકાકી રહેવું આવશ્યક છે. છતાં તમે તો ચિન્તક છો, બુદ્ધિશાળી છો, એટલે એ માર્ગ, ધારો તો, જરૂર અપનાવી શકો. હવે એ માર્ગે જવાનો સમય પણ પાકી ગયો છે.

"ચિત્તવૃત્તિ એવી ચંચળ છે કે તેને એકાગ્ર કરવી ઘણી અઘરી છે. રવિભાઈ કે તમને જરા અઘરું તો પડે જ. છતાં અભ્યાસથી એ જરૂર શકય છે એ વાત નક્કી છે. સુખમય જીવન ઈચ્છતા

હોઈએ તો આપણી વૃત્તિઓને બેલગામ વહેતી અટકાવવી જ જોઈએ."

શ્રી એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીના ઉપ-કુલપતિપદે વરાયેલા શ્રીમતી શારદા દીવાન

શ્રી નાથીબાઈ દામોદરદાસ ઠાકરશી મહિલા વિદ્યાપીઠ–એસ. એન. ડી. ટી.–ને ત્રણ દાયકાથી સેવા આપનારા, વિદ્યાપીઠના ભૂતપૂર્વ રજીસ્ટ્રાર, અગ્રગણ્ય સીન્ડીકેટ–સભ્ય અને કળાવિભાગના ડીન શ્રી શારદાબહેન દીવાન એ જ વિદ્યાપીઠના ઉપ–કુલપતિ પદે ચૂંટાયલા જાહેર થયા છે. આ માટે તેમને સમસ્ત ગુજરાતી સમાજના અને નારી જગતનાં અનેક અભિનન્દન ઘટે છે.

શિક્ષણ, સંસ્કાર અને રાજકારણના ક્ષેત્રે સુવિખ્યાત સેતલવડ કુટુંબનાં એટલે કે સ્વ. શ્રી ચીમનલાલ સેતલવડનાં શ્રીમતી શારદાબહેન પુત્રી થાય. તેઓ 'ભારતની વસતીની સમસ્યા' એ વિષય ઉપર મહાનિબંધ લખીને ૧૯૨૭ માં એમ. એ. ની ઉપાધિ મેળવનાર પ્રથમ ગુજરાતી મહિલા છે; ભારતની એક માત્ર મહિલા વિદ્યાપીઠના ઉપ-કુલપતિ પદે વરાયેલા શ્રી શારદાબહેન એમની પ્રતિભા, કાર્યશકિત અને આ ક્ષેત્રના બહોળા અનુભવના ત્રિવેણીસંગમ જેવા છે. એમના માર્ગદર્શન નીચે આ મહિલા વિદ્યાપીઠની વિવિધ પ્રવૃત્તિઓના વિસ્તાર અને ગુણવત્તામાં વૃદ્ધિ થશે એવી સૌ કોઈની આશા અને અપેક્ષા છે.

બાલશિક્ષણ સુવર્ણમહોત્સવ

નવેમ્બર માસના મધ્ય ભાગમાં તા. ૧૪ મી તથા ૧૫ મીના રોજ ભાવનગર ખાતે બાલશિક્ષણ સુવર્ણ મહોત્સવ ઉજવાઈ ગયો તે સંબંધમાં શ્રી નર્મદાબહેન રાવળ, જેમના જીવનનો મોટો ભાગ બાલઅધ્યાપનના કાર્યમાં વ્યતીત થયો છે તેઓ પોતાના એક પત્રમાં જણાવે છે કે: "બાલશિક્ષણનો સુવર્ણ મહોત્સવ ભાવનગર ખાતે ભારે શાનદાર રીતે ઉજવાયો. મુરબ્બી મહેમાનોમાં કાકાસાહેબ કાલેલકર, શ્રી ઉમાશંકર જોષી, શ્રી જુગતરામ દવે, શ્રી બબલભાઈ મહેતા હતા. બાકી ગુજરાત સૌરાષ્ટ્રમાં બાલશિક્ષણનું કામ કરતા નાના નાના શિક્ષકોએ તીર્થસ્થાન માની હાજરી આપી હતી. બાલશિક્ષણ વિષે કંઈક નવી વિચારણા થશે તેવું માનેલું, પણ હજુ આપણે રૂઢીચુસ્ત માનસમાંથી બહાર આવ્યાં નથી એમ મને લાગ્યું. ભાષણો થયાં પણ ગિજુભાઈ જેવો પ્રાણ કયાંય ધબકતો જોયો નહિ. જૂની વાતો વાગોળ્યા કરીએ છીએ. ખાસ પ્રશંસાપાત્ર કામ મને તો વિમુબહેનનું* લાગ્યું. દરેક યોજના તેમણે વિગતવાર વિચારી હોય છે, પણ જનસમુદાય "જૈસે થે' સ્થિર–સ્થગિત–બની ગયો છે. વિમુબહેને ખરેખર ગિજુભાઈની જ્યોત જલતી રાખી છે. આ પ્રસંગે તેમણે બાલસાહિત્યનું એક સારું પ્રદર્શન પણ કર્યું હતું. મને તો આનંદ થયો કે બાલશિક્ષણની પચ્ચાસ વર્ષથી હું સાક્ષી છું. ગિજુભાઈએ મારા અંધકારમય જીવનમાં નવી દૃષ્ટિ આપી છે– જીવન રસમય બનાવ્યું છે. તેમનું મારા ઉપર ખૂબ ઋણ છે. તે વ્યકત કરવા આ પ્રસંગે મેં તેના ફાળામાં રૂ. ૨૫૧ આપી આત્મસંતોષ મેળવ્યો છે."

૮૫ માં વર્ષમાં પ્રવેશ કરતા કાકાસાહેબ કાલેલકર

ડિસેમ્બર માસની પહેલી તારીખે પૂજ્ય કાકાસાહેબ કાલેલકર ૮૫ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આટલી વૃદ્ધ ઉંમરે પણ તેમનું આરોગ્ય સુરક્ષિત છે, તેઓ સતત ક્રિયાશીલ છે, તેમનું પરિભ્રમણ સતત ચાલુ છે અને તેમના ચિન્તન તથા લેખનમાં પૂરા સજાગ છે. આ તેમની વિશેષતા સૌ કોઈને આશ્ચર્યમુગ્ધ અને આદરપ્રભાવિત કરે છે.

તેમની સાથે મારા સંબંધની ૧૯૧૧ ની સાલથી શરૂઆત થઈ. આજ સુધી એ સંબંધ ટકી રહ્યો છે. તેમનો મારી ઉપર એક સરખો સ્નેહ વરસી રહ્યો છે. મારા દિલમાં પણ તેમના વિષેનો આદર અખંડિત રહ્યો છે.

ગાંધીજીના સમકાલીન સાથીઓમાં તેઓ સૌથી વધારે જૂના અને વયોવૃદ્ધ છે. ગાંધીજીના અનુગામીઓમાં પૂજ્ય કેદારનાથજી અને વિનોબાજી કાકાસાહેબની કક્ષાના જ ગણાય, પણ બન્ને વયોવૃદ્ધ છતાં ઉમ્મરે પ્રમાણમાં નાના છે.

કાકાસાહેબને જીવનમાં આજે પણ એ જ ઉત્સાહ છે; તેમની લેખનપ્રવૃત્તિ અખંડ ધારાએ ચાલ્યા કરે છે; તેમના કાર્યક્રમો મહિના બે મહિના પહેલાંથી ગોઠવાતા હોય છે અને ભારતના એક ખૂણેથી બીજે ખૂણે તેઓ સતત ઘૂમતા રહે છે. તેમના આ જન્મદિન પ્રસંગે આપણા તેમને આદરપૂર્ણ વન્દન હો! સુરક્ષિત આરોગ્યપૂર્વક તેઓ શતાયુષી બને એવી આપણી પ્રાર્થના હો! **પરમાનંદ**

* વિમુબહેન એટલે શ્રી છગનલાલ જોષીનાં પુત્રી, ગિજુભાઈના પુત્ર સ્વ. નટેન્દ્ર બધેકાનાં પત્ની અને આજના દક્ષિણામૂર્તિનાં મુખ્ય સંચાલિકા શ્રી વિમળાબહેન બધેકા.

સાભાર સ્વીકાર

વિશ્વ-પ્રહેલિકા: લેખક: મુનિશ્રી મહેન્દ્રકુમારજી 'દ્વિતીય'; પ્રકાશક: શ્રી જેઠાલાલ એસ. ઝવેરી. ભારત વીજળી લિમિટેડ, ઉદ્યોગનગર, કિંગ સર્કલ રેલ્વે સ્ટેશન પાસે, મુંબઈ; કિંમત ૧૫-૦૦.

આન્તર વૈભવ: લેખક: મુનિ ચિત્રભાનુ, પ્રકાશક: શ્રી કાન્તિલાલ નહાલચંદ, દિવ્યજ્ઞાન સંઘ, કવિન્સ વ્યૂ, વાલકેશ્વર રોડ, મુંબઈ–૬; કિંમત રૂ. ૧-૫૦.

અંતર્દષ્ટા આચાર્ય રજનીશજી જીવનચરિત્ર: લેખક: શ્રી યશવંત મહેતા; પ્રકાશક: સાહિત્યનિધિ, ૧૧/૨૨, પ્રીતમનગર, એલિસ બ્રિજ, અમદાવાદ–૬; કિંમત રૂ. ૦૦-૭૫.

અન્તરદૃષ્ટા આચાર્ય રજનીશજીના જીવનપ્રસંગો: પ્રકાશક ઉપર મુજબ કિંમત રૂ. ૦૦-૫૦.

* સર્વોદય શિક્ષણ–સંઘ સંયોજિત દસમી શિક્ષણ–વ્યાખ્યાનમાળા *

તારીખ-દિવસ	સમય	વકતા-વિષય	પ્રમુખ
રવિવાર ૩૦ નવેમ્બર	સવારના ૯–૩૦	પ્રા. કવિ શ્રી સુરેશ દલાલ 'મારી પ્રિય કવિતા'	શ્રી અમૃતલાલ યાજ્ઞિક
રવિવાર ૭ ડિસેમ્બર	સવારના ૯–૩૦	શ્રીમતી મૃણાલિની દેસાઈ 'બા–બાપુનો જીવનસંદેશ'	આચાર્ય મીઠીબાઈ આર્ટસ કૉલેજ શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી શિક્ષણશાસ્ત્રી, સાક્ષર, વિવેચક
રવિવાર ૧૪ મી ડિસેમ્બર	સવારના ૯–૩૦	શ્રી ચંદ્રવદન પ્રા. શુકલ 'રાષ્ટ્રીય શિક્ષણ અને રાષ્ટ્રીય એકતા	ડૉ. રમણલાલ શાહ પ્રા. ઝેવિયર્સ કૉલેજ
શનિવાર ૨૦ મી ડિસેમ્બર	સાંજના ૬–૦૦	ડૉ. ઉષાબહેન મહેતા 'શિક્ષણ અને સર્વોદયી ક્રાન્તિ'	ડૉ. મધુરીબહેન શાહ શિક્ષણ–અધિકારી મ્યુનિસિપલ કૉર્પોરેશન

સ્થળ: બેસંટ હૉલ બ્લેવેટસ્કી લૉજ, ચોપાટી. શિક્ષણરસિક સર્વને હાર્દિક નિમંત્રણ.

સન્ત અને સાહિત્યકાર

આ ગાંધી શતાબ્દીનું વર્ષ છે : જગત આખું તે જાણે છે; આ બલવંતરાય ઠાકોરની શતાબ્દીનું પણ વર્ષ છે : ગુજરાત આખું તે જાણે છે; પોતાના આ બન્ને સપુતોને ગુજરાત કૃતજ્ઞભાવે આ વર્ષમાં યાદ કરે તેમાં કશું આશ્ચર્ય નથી. જો કે, ગાંધીજી માત્ર ગુજરાતના જ હતા એમ તો ગુજરાતીઓ કદી યે દાવો નથી કરતા. એ સમગ્ર જગતના હતા. સદ્‌ભાગ્યે અકસ્માત એવો બન્યો છે કે, એ ગુજરાતમાં જન્મ્યા અને ગુજરાતને તેમણે જગત સમક્ષ ગૌરવવંતું બનાવી દીધું. સંતોને તો વસુધૈવ કુટુંબકમ્ હોય છે. હમેશાં, તો સાહિત્યકારોને પણ કુટુંબમાં તો વસુધા જ હોય છે ને? એ બોલે ભલે પોતાને વારસામાં મળેલી વાણીમાં, પણ તેમનો અવાજ આંબવા મથતો હોય છે સારાયે જગતને. તે જે ભાવના સેવે છે, તે જે માનવહૃદયની વાત કહે છે તે કોઈ એક પ્રાંત કે દેશની નથી હોતી, માનવમાત્રની હોય છે. એટલે એ અર્થમાં બ. ક. ઠાકોર પણ જગતના જ કહેવાય. એમની વાત જગત સુધી પહોંચી ન હોય તેથી એ જગતના મટી જતા નથી.

આ બન્ને–એક સંત, એક સાહિત્યકાર–પ્રકૃતિએ આને પ્રવૃત્તિએ કેટલા ભિન્ન હતા? એમનું કયાંય કશું યે સરખું નહિ હોય, આને છતાં બન્ને એક જ શાળામાં ભણેલા, પોતાની ઉત્તમોત્તમ અને ઉન્નતોન્નત ભાવનાઓને એક જ ભાષામાં ઉતારવા તેમણે પ્રયત્ન કરેલો. પોતપોતાની વિલક્ષણ રીતે એક જ ભૂમિને બન્નેએ ચાહેલી આને બન્ને દીર્ઘજીવી પણ નીવડેલા. બન્નેની જન્મશતાબ્દી પણ લગભગ એક જ આરસામાં ઉજવાય છે : ગાંધીજીની બીજી ઑક્ટોબરે, બ. ક. ઠાકોરની ૨૩ મી ઓક્ટોબરે.

એ સ્વાભાવિક છે કે એમને વિષે આ વર્ષમાં બન્નેને ચાહનારાઓને વિચારો આવે. સાથે સાથે ભણતા હશે આ બન્ને ત્યારે એમને કદીયે વિચારી આવ્યા હશે ખરા કે આપણે લોકો કાંઈક એવાં કર્યો કરી જવાના છીએ કે જેથી એકને સમગ્ર જગત અને એકને યુરોપના નાનકડા કોઈ દેશ જેવડો ગણાય એવડો મોટો પ્રાંત કૃતજ્ઞતાપૂર્વક લાંબા સમય સુધી યાદ કરી રહેશે? પોતા માટે આવું કોઈ ભાવિ ગોઠવાયેલું હશે એવી ભ્રમણા પણ બેમાંથી કોઈને થઈ હશે ખરી? નહિ જ થઈ હોય, કદાચ, કેમકે ત્યારે બન્ને બહુ જ નાના હતા અને એ જમાનામાં સૌરાષ્ટ્રના એ દૂરદૂરના ખૂણામાં પડેલાં આ બન્ને બાળકોને એવા વિચારો આવે એ માટેની કોઈ ભૂમિકા પણ નહોતી, જરા એ મોટા થયા હશે ત્યારે કદાચ... પણ શી રીતે ખબર પડે? છતાં ત્યારે એનાં ગૂંજન શરૂ થયાં હોય તો કહેવાય નહિ. એક જ્યારે વિદ્યાલયમાં જઈને જાતજાતના અખતરાઓ કરતા અને એવા મંડળોમાં ઘૂમતા ફરતા ત્યારે, અને બીજા જ્યારે કૉલેજમાં કવિતા બનાવતા મિત્રો જોડે કાવ્ય અને રસની ચર્ચાઓ કરતા ફરતા ત્યારે એ ઉંમરે એ શક્ય પણ ગણાય ખરું.

એક પ્રસંગ યાદ આવે છે. માઈસોરમાં હમણાં થોડાં વર્ષ પર અખિલ ભારત લેખકોનું એક સંમેલન મળ્યું હતું. ડૉ. રાધાકૃષ્ણન ત્યારે તેના પ્રમુખસ્થાને પધારેલા. એ પ્રસંગે એ કશુંક બોલતા હતા ત્યારે મેં મારી બાજુમાં બેઠેલા ઉમાશંકરને પૂછ્યું :

"આ માણસ અહીં માઈસોરમાં તત્ત્વજ્ઞાન શીખવતા હશે ત્યારે એમને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો હશે ખરો કે, એક દિવસ હું સમગ્ર ભારત દેશનો રાષ્ટ્રપતિ બનીશ?"

ઉમાશંકરે કહ્યું :

"એમને ત્યારે એવો ખ્યાલ આવતો હશે કે એક દિવસ બુદ્ધ જેવો બનીશ અને બની બનીને માત્ર રાષ્ટ્રપતિ જ બન્યા તેથી તેમને થોડું પતન થયું લાગતું હશે."

તદ્દન બનવાજોગ છે કે એ ઉંમરે એમને બુદ્ધ બનવાનું સ્વપ્ન પ્રેરતું હોય! એટલે એ ઉંમરે એવું ઓછું થાય પણ ખરું, પણ આ શાળાના ભણતરની ઉંમરે ...?

આ અને આવી આવી અનેક વાતો એક વખત અમે થોડા મિત્રો આ બન્ને મહાનુભાવો વિશે કરી રહ્યા હતા, ત્યારે ભાઈ-ભૃગુરાય અંજારિયાએ એક વાત કરી એ ખૂબ જ સૂચક હતી, અને આ બન્ને પાત્રો ઉપર સરસ પ્રકાશ પાડનારી હતી.

વચ્ચે ભાઈ અંજારિયા કાન્ત વિશે ઊંડો અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે બ. ક. ઠાકોરના જીવન વિષે પણ ખૂબ જ વાંચેલું. એમાંથી તેમણે ડાયરીમાં વાંચેલી વાત કરી.

મોહનદાસ ગાંધી કે બળવંતરાય ઠાકોર છેક બાળકો નહોતા રહ્યા ત્યારની આ વાત હતી. બન્નેએ મેટ્રિક પસાર કરી લીધી હતી. ગાંધીજી બૅરિસ્ટર બનવા માટે વિલાયત જવાની તૈયારી કરી રહ્યા હતા.

સહુ કોઈ જાણે છે કે, ગાંધીજી બહુ તેજસ્વી વિદ્યાર્થી નહોતા. તેમણે પોતે પણ એમ કહ્યું છે, અને પરીક્ષાનાં પરિણામો પણ એ જ કહે છે. એ વાત સહુથી વધારે તો તેમના સાથીદારો સમજતા હોય. એટલે જ્યારે ગાંધીજીની વિલાયત જવાની વાત પાકી થઈ ગઈ હશે ત્યારે બળવંતરાયે પોતાની ડાયરીમાં એ મતલબનું નોંધ્યું કે–

"એ જઈ શકે છે, કેમકે એની પાસે સગવડ છે. તેનું કુટુંબ એ મોભાનું છે કે એને મોકલી શકે. એ એવો હોશિયાર નથી કે ત્યાં જઈને બહુ સારાં પરિણામો લાવી શકે.

"પણ છતાં એક વાત છે, એ માણસ પોતે લીધેલી વાતને ચીવટથી વળગી રહે એવો છે. એની માએ એની પાસે પ્રતિજ્ઞાઓ લેવડાવી છે, એ ગમે તેમ કરીને તે પાળશે જ. એની જગ્યાએ હું હોઉં તો? કદાચ એવી પ્રતિજ્ઞા ન પણ પાળી શકાય મારાથી."

આટલી નાની ઉંમરે પણ એમનામાં પાત્રને પારખવાની શક્તિ અને અંતર્મુખ બનીને પોતાને પણ થોડાઘણા ઓળખવાની શક્તિ કેટલી વિકસિત બનેલી દેખાઈ આવે છે? કવિમાં બીજી તો અનેકાનેક શક્તિઓ જોઈએ જ પણ તેનામાં આ સ્વ–પરને સમ્યક્ રીતે જાણી લેવાની શક્તિ ન હોય તો બીજું ગમે તે બને પણ મોટો કવિ તો ન જ બની શકે.

પણ પેલી બીજી શક્તિ જેનામાં ન હોય – લીધેલી પ્રતિજ્ઞાને પ્રાણને ભોગે પણ પાળવાની શક્તિ–તે, બીજી ગમે તેટલી શક્તિઓનો સમુચ્ચય તેનામાં આવીને વસ્યો હોત તો પણ સંત પુરુષ તો ન જ બની શકે.

આપણી વચ્ચેથી ઊગી નીકળેલા આ સંત અને સાક્ષરને તેમની જન્મશતાબ્દીના આ પવિત્ર વર્ષે આપણે ઉષ્માપૂર્વક નમન કરીએ.

'કવિતા' માંથી સાભાર ઉદ્ધૃત ગુલાબદાસ બ્રોકર

ગાંધી–તારક

[તા. ૧૬-૧૦-૬૭ના 'પ્રબુદ્ધ જીવન'માં "અંતરિક્ષમાં દિવ્ય સ્મારક"–ઉનેબ (હંસપૂરચ્છ) તારકનું 'ગાંધી' નામકરણ કરો!" એ મથાળાનો લેખ અમરેલીના વતની શ્રી પ્રતાપરાય ગીરધરલાલ મહેતાએ પોતાની આકાશદર્શનને લગતી વિસ્તૃત જાણકારી રજૂ કરીને એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તે એ અપેક્ષાએ કે આ પ્રસ્તાવનો રાષ્ટ્રીય સ્તર પર સ્વીકાર કરવામાં આવે.

એ જ પ્રસ્તાવ ગુજરાતી વિદ્યાપીઠમાં તા. ૧૧-૯-૬૯ના રોજ મળેલી સભાએ સર્વાનુમતે પસાર કર્યો છે. તેને લગતો શ્રી જુગત-

રામ દવેનો લેખ, જે તા. ૨૬-૯-૬૯ના ભૂમિપુત્રમાં પ્રગટ થયો છે તે, 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોની જાણકારી માટે નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

તા. ૧૧ સપ્ટેમ્બરે ગુજરાત વિદ્યાપીઠમાં આચાર્ય કાકાસાહેબ કાલેલકરના પ્રમુખસ્થાને એક નાની પરિષદ મળી હતી. ગાંધી



તારકની કલ્પનાના જનક શ્રી પ્રતાપરાય મહેતા બેંગલોરથી ખાસ આવ્યા હતા. ગાંધી વિદ્યાપીઠ તરફથી મેં તથા ગુજરાત વિદ્યાપીઠ તરફથી શ્રી ઠાકોરભાઈ દેસાઈએ આવેલા સજ્જનોનું સ્વાગત કર્યા પછી શ્રી પ્રતાપરાયે પોતાની કલ્પના સમજાવી હતી.

ગાંધી-નામ માટે પસંદ કરેલો તારો પ્રથમ પંક્તિના ૨૦ તારાઓ પૈકીનો છે, અને તેની વિશેષતા એ છે કે એને આજ સુધીના જમાનાઓમાં ખાસ કંઈ નામ મળ્યું નથી. શ્રી પ્રતાપરાય નભોમંડળનો એક ખાસ ગોળો બનાવી લાવ્યા હતા, જેમાં આકાશનાં નક્ષત્રો બતાવવામાં આવ્યાં હતાં. આપણાથી તારાઓનાં અંતરોની કલ્પના આપતાં સાધનો પણ તેમણે સભાને બતાવ્યાં. તારાઓના નકશા બતાવનારી છત્રીઓ પણ તેમણે પ્રદર્શિત કરી.

આ પછી શ્રી કાકાસાહેબે પ્રમુખસ્થાનેથી સુંદર પ્રવચન કર્યું, જેમાં તેમણે જેલમાં ગાંધીજીને તારાદર્શનનો કેવો રસ ચડાવ્યો હતો તેનું રસિક વર્ણન કર્યું હતું.

પ્રમુખશ્રીના પ્રવચન બાદ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ઉમાશંકર જોષીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો :

'પ્રાચીન કાળથી બધા દેશોના લોકોએ આકાશના મુખ્ય મુખ્ય તારાઓને મનગમતાં નામો આપ્યાં છે અને એ રીતે માનવ-જાતિમાંની ઋષિમુનિ જેવી ચિરસ્મરણીય વ્યક્તિઓનાં એમણે સ્મારક બનાવ્યાં છે. આજે આપણા યુગમાં મહાત્મા ગાંધીજીએ માનવ-જાતિને સત્ય, અહિંસા, સંયમ અને સેવાદ્વારા સંસ્કૃતિનો આદર્શ આપ્યો છે. તેથી એમને નામે પણ આકાશના કોઈ તારાને ઓળખ-વાનું નક્કી કરીએ તો તે ઉચિત ગણાશે.

'આપણે ત્યાં ધ્રુવ, સપ્તર્ષિ, શ્રવણ, અગસ્ત વગેરે નામો છે જ. ત્યારે ધ્રુવ અને સપ્તર્ષિની આસપાસનો એક તેજસ્વી તારો, જે આજે પશ્ચિમમાં હંસ મંડળના પુચ્છ તરીકે ઓળખાય છે અને જેનું ગ્રીક નામ Deneb છે, એને આપણે "ગાંધી–તારક" તરીકે ઓળખીએ એવી દરખાસ્ત એક જ્યોતિષ તેમ જ ગાંધીજીના પ્રેમી સજ્જન તરફથી થઈ છે.

'ધ્યાનમાં રાખવાની એક વાત એ છે કે આજે પૃથ્વીની ધરી જે તારા તરફ તાકે છે તે તારાને આપણે ધ્રુવ તરીકે ઓળખીએ છીએ. પૃથ્વીની ધરીની દિશા સ્થિર ગણાય છે ખરી, છતાં ભમર-ડાની પેઠે એનું માથું પણ અમુક હજાર વરસે એક ચક્ર ફરી લે છે. જ્યોતિષીઓએ એની ગતિનું ગણિત શોધી કાઢ્યું છે, તે પ્રમાણે આજથી અમુક હજાર વર્ષ પછી આ ડેનેબ, જેને આપણે "ગાંધી-તારક"નું નામ આપવા માગીએ છીએ, તે ધ્રુવ તારો થશે. આજના ધ્રુવ તારા કરતાં આ ધ્રુવ તારો અનેક ગણો ઉજ્જવળ છે, અને આકાશમાં પ્રથમ પંક્તિના તારાઓ પૈકીનો એક છે.

'આ બધી વિગતોનો વિચાર કરી આ પરિષદ આ સૂચનાનો સ્વીકાર કરે છે અને તમામ દેશવાસીઓને અને દુનિયાને પણ ભલામણ કરે છે કે હવે પછી પંચાંગોમાં, જ્યોતિષગ્રન્થોમાં અને સામાન્ય સાહિત્યમાં તેમ જ કાવ્યોમાં આ તારકને આપણે "ગાંધી-તારક" કહેવા લાગીએ.'

ઠરાવને પ્રથમ જાણીતા જ્યોતિષવેત્તા શ્રી હરિહરભાઈ ભટ્ટે અનુમોદન આપ્યું હતું, અને હાલ આપણે નમ્રભાવે ભારતમાં જ આ નામ પ્રચલિત થાય એમ ઈચ્છા કરીએ એવી ભલામણ કરી હતી. બીજાઓએ પણ ઠરાવને પોતાના ટેકા આપ્યા બાદ સભાએ ઠરાવને સર્વાનુમતિથી પસાર કર્યો હતો.

ગાંધી–તારકની કલ્પનાને ગુજરાતમાંની સર્વ યુનિવર્સિટીઓના કુલપતિઓએ તેમ જ અનેક શિક્ષણ સંસ્થાઓના આચાર્યોએ વધાવી લેતા સંદેશા મોકલ્યા હતા. જુગતરામ દવે

* શબ્દોની સાચવણ *

સજીવસૃષ્ટિમાં આપણે મનુષ્યો બોલકા પ્રાણીઓ છીએ. ભાષા આપણું બળ છે, આપણી શક્તિ છે અને એ વડે જ આપણી સભ્યતા આટલી પાંગરી છે. વાણીનું કાર્ય વસ્ત્રની જેમ વ્યક્તિની શોભા જ વધારવાનું નથી, પણ વ્યક્તિના હૃદયનો આવિષ્કાર કરવાનું પણ છે. આ વાણી એટલે ટોળે મળેલા સારા સારા શબ્દોનો સમૂહ નહીં, પણ ચોક્કસ વિચાર કે ભાવને ન્યાયપૂર્ણ વક્તવ્ય આપી શકતું સબળ શબ્દગૂંફન. વ્યકત કરવા ધારેલા વિચાર કે ભાવને યોગ્ય રીતે અને યોગ્ય ઢબે ન્યાય આપી શકે તે જ ખરી ભાષા.

એવી આ ભાષાનો એકે એક શબ્દ કિંમતી, નિત્યનૂતન અને પોતાની તાજગી સદાય જાળવી રાખનારો છે. એને–એના મર્મને આંચ ન આવવા દેવી એ એના ભાષક તરીકેની આપણી ફરજ છે. શબ્દનું અસલ તેજ ચાલ્યું ન જાય, તેને ઘસારો ન પહોંચે અને કયારેય પણ પોતાનું બળ બરાબર વ્યકત કરી શકે તેવું જોમ તેનું ટકી રહે એટલી ચીવટ આપણે સેવવી જ જોઈએ.

ખેદ સાથે કહીએ કે શબ્દોની આવી સાચવણી આપણી પાસે નથી. આપણી શબ્દશકિતને વેડફી નાખી આપણી ભાષાના નૂરને આપણે હાનિ પહોંચાડીએ છીએ. જેમ આવે તેમ અને જ્યાં ને ત્યાં શબ્દ વાપરી નાખતી પ્રજા શબ્દને ઘસારો પહોંચાડે છે, શબ્દને તેના અસલ રણકાથી વેગળો કરી બોદો બનાવી મૂકે છે.

એક સભ્ય માનવી તરીકે બીજી વસ્તુની અને બીજી બાબતોની જેટલી સાચવણ આપણી પાસે છે તેટલી શબ્દોની સાચવણ આપણી પાસે નથી. વળી શબ્દની વાત અનોખી છે. એક વાર ઘસારો પામેલ શબ્દની ફરી મરમ્મત થઈ શકતી નથી. એક વખત તેજ ખોઈ બેસેલ શબ્દમાં ફરી એવું તેજ આવી શકતું નથી. તેનો રણકો ચાલી ગયા પછી તે બોદો જ રહેવા પામે છે.

શબ્દનો ઉપયોગ શબ્દભંડોળનું પ્રદર્શન કરવા માટે નથી. શબ્દનો ઉપયોગ આપણું અજ્ઞાન કે આપણી શૂન્યતા ઢાંકવા માટે પણ નથી. કોઈ પણ જાહેર વકતા કે લેખક જ્યારે આ લોભમાં ફસાય છે ત્યારે પ્રજાની આ મૂડીને આંચ પહોંચાડે છે. સભ્યતા અને સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોની નવી નવી ક્ષિતિજો ખૂલતાં નવા શબ્દોથી ભાષા સમૃદ્ધ બની શકે. નવી ભૂમિકા પર પગ મૂકતાં કેટલાક શબ્દોનો ઉપયોગ ન પણ રહે. પરંતુ જે શબ્દો સનાતન જેવા છે તેનો ઉપ-યોગ બહુ વિવેકપૂર્વક થવો જોઈએ.

તોળી તોળીને, આપણા લક્ષ્યને બરાબર પાર પાડે તેવા જ શબ્દનો ઉપયોગ કરી આપણા કથનને બરાબર ઘાટ આપવો જોઈએ અને આપણી ભાષનું હીર અને નૂર સાચવવું જોઈએ. જેમ ફાવે તેમ શબ્દો વાપરી નાખવાથી ભાષાના હીર અને ખમીરને હાનિ પહોંચે છે. આવા ગુનાહમાં એક ભાષાવીર તરીકે, એક ભાષાપ્રેમી તરીકે જાગૃત વ્યકિતએ નહિ ફસાવું જોઈએ.

લલિત શાહ

★ દિવંગત આત્માઓને આદરઅંજલિ ★

સ્વ. શ્રી જીવરાજ ભાણજી શાહ

નવેમ્બર માસની ૨૦ મી તારીખે મુંબઈ મહાનગરપાલિકાના કૉંગ્રેસ પક્ષના એક પીઢ આગેવાન અને છેલ્લાં ૩૭ વર્ષથી મુંબઈની સુધરાઈમાં માંડવી વિભાગના પ્રતિનિધિ તરીકે બેસતા સેવાનિષ્ઠ કાર્યકર શ્રી જીવરાજ ભાણજી શાહનું ધનબાદ ખાતે હૃદય બંધ પડી જતાં ૫૩ વર્ષની ઉમ્મરે અવસાન થયું. આ અકાળ અને એકાએક બનેલી ઘટનાએ તેમની સાથે સંબંધિત અનેક વર્ગોમાં અત્યન્ત ઊંડા ખેદની લાગણી પેદા કરી છે. અનેકે જાણે કે પોતાના એક સ્વજન મિત્ર ખોયા જેવું તીવ્ર સંવેદન આ દુર્ઘટનાએ પેદા કર્યું છે.

કયા સંયોગોમાં આ ઘટના પેદા થઈ તે વિષે તપાસ કરતાં માલુમ પડે છે કે મુંબઈથી લગભગ ૮૦ ભાઈ બહેનોનો મોટા ભાગે કચ્છી ભાઈ બહેનોનો – એક સમુહ તેમની આગેવાની નીચે બિહારમાં આવેલા જૈન તીર્થ સમેતશિખરની અને આસપાસનાં તીર્થોની યાત્રાએ થોડા દિવસ પહેલાં ઊપડયો હતો. આ સમુદાય સમેતશિખર પહોંચ્યો. જીવરાજભાઈએ એક યાત્રા કરી, બીજી યાત્રા દરમિયાન તેમને છાતીમાં દુ:ખવા આવ્યું. આ હૃદયરોગનો હુમલો હોઈને તેમને ધનબાદની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તેમનું મૃત્યુ થવા પામ્યું.

શહેર કે બહારગામ જ્યાં રેલ, દુષ્કાળ, આગ, હોનારત જેવા બનાવો બને ત્યાં દોડી જઈ સેવા કરનાર આ પીઢ કૉંગ્રેસી સેવક મુંબઈ મહાનગરપાલિકાના કૉંગ્રેસ પક્ષના ઉપનેતા તરીકે તેમ જ સ્થાયી સમિતિ, બેસ્ટ સમિતિ, ઈમ્પ્રુવમેન્ટ એન્ડ વર્કર્સ સમિતિનું અધ્યક્ષપદ સંભાળી ચૂકયા હતા. હાલ તેઓ સુધરાઈની શિક્ષણ સમિતિના મંત્રી હતા. આ ઉપરાંત મુંબઈના કચ્છી સમાજની ઘણી ખરી સંસ્થાઓ સાથે એક યા બીજા અધિકારપૂર્વક તેઓ ગાઢપણે સંકળાયલા હતા.

તેઓ માપબંધી સલાહકાર સમિતિના, નેશનલ લીગ ઓફ પેન ફ્રેન્ડઝના, કાઉન્સિલ ફોર ચાઈલ્ડસ વેલફેરના, એનિમલ વેલફેર બોર્ડના, મહારાષ્ટ્ર રાજ્યની મદ્યનિષેધ સમિતિના સભ્ય હતા તેમ જ પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમના ટ્રસ્ટી હતા.

તેઓ જ્યારે મુંબઈ સુધરાઈની બેસ્ટ સમિતિના ચેરમેન તરીકે ચૂંટાયા ત્યારે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

આવી એક શકિતશાળી સમર્થ વ્યકિત આપણી વચ્ચેથી આમ એકાએક અલોપ થઈ જાય તે આપણું – આપણા વિશાળ સમાજનું – એક મોટું દુર્દૈવ ગણાય. અંગત રીતે તેઓ માયાળુ, પ્રેમાળ, કોઈ પણ કામ તેમને કહો તે કામ કરી આપવાને સદા તત્પર એવા એક સજ્જન હતા. તેઓ નાની ઉમ્મરે અનેક સેવાકાર્યો વડે જીવનને સાર્થક કરી ગયા છે. આજે જ્યારે નિ:સ્વાર્થ ભાવે કામ કરનાર સમાજસેવકોની ખૂબ જ ખોટ છે ત્યારે તેમના સ્વર્ગગમને એવી ખોટ પેદા કરી છે જે પુરાવી મુશ્કેલ છે. તેમના પવિત્ર આત્માને આપણા અન્તરની અંજલિ આપીએ અને તેમના સ્મરણમાંથી સેવાની પ્રેરણા મેળવીએ.

સ્વ. શ્રીમતી વાયોલેટ આલ્વા

તા. ૨૦મી નવેમ્બરના રોજ–હજુ ગઈ કાલ સુધી રાજ્ય સભાના જેઓ ઉપાધ્યક્ષ હતા તેવાં શ્રીમતી વાયોલેટ આલ્વાનું–દિલ્હી ખાતે હૃદય રોગના એકાએક આણુધાર્યા હુમલાથી અવસાન થતાં એક કુશળ રાષ્ટ્રસેવિકાને આપણે ગુમાવ્યાં છે. અવસાન સમયે તેમની ઉંમર ૬૧ વર્ષની હતી.

તેમના પતિ શ્રી જોકીમ આલ્વા અને હું ૧૯૩૦–૩૨ ની લડતમાં નાસિક જેલમાં ઘણા મહિનાઓ સુધી સાથે હતા. તે વખતે જોકીમ આલ્વા અપરિણિત હતા. સમય જતાં તેમનાં લગ્ન થયાં. શ્રીમતી વાયોલેટ આલ્વા મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અને લૉ-કૉલેજમાં ભણેલાં. તેમણે બન્નેએ લગ્ન કર્યા બાદ મુંબઈમાં કાયદાની પ્રેકટીસ શરૂ કરી હતી.

શ્રીમતી વાયોલેટ મૂળ અમદાવાદના ગુજરાતી ક્રિશ્ચિયન હતાં, જ્યારે જોકીમ આલ્વા મેંગેલોર બાજુના રૉમન કેથોલિક ક્રિશ્ચિયન છે. આમ હોવાથી શ્રીમતી વાયોલેટ આલ્વા સહજપણે ગુજરાતી બોલતા હતા, જ્યારે જોકીમ આલ્વાનો વ્યવહાર અંગ્રેજીમાં રહેતો હતો. તેઓ મુંબઈમાં હતાં તે દરમિયાન આ બન્ને પતિપત્ની સાથે મારો મૈત્રીસંબંધ હતો.

સમયાન્તરે રાજકારણ તે બન્નેને દિલ્હી ખેંચી ગયું. ૧૯૫૨ની પહેલી ચૂંટણીમાં આ બન્ને પાર્લામેન્ટમાં ચૂંટાયાં, ભાઈ જોકીમ આલ્વા સંસદમાં અને વાયોલેટ આલ્વા રાજ્યસભામાં. ત્યારથી તેઓ બન્ને આજ સુધી પાર્લામેન્ટના સભ્ય તરીકે ચાલુ રહ્યા છે.

શ્રીમતી વાયોલેટ આલ્વા ૧૯૫૭થી ૧૯૬૨ સુધી યુનિયન ડેપ્યુટી હોમ મિનિસ્ટર હતા; ૧૯૬૨માં તેઓ રાજ્યસભાના પહેલાં સ્ત્રી ડેપ્યુટી ચેરમેન તરીકે નીમાયા. જ્યારે શ્રી વી. વી. ગિરિની રાષ્ટ્રપતિ તરીકે નિમણૂક થઈ ત્યારે ગિરિની મૂળ જગ્યાએ રાજ્ય સભાના ચેરમેન તરીકે તેમને નિમવા જોઈતા હતા–આવી તેમની અપેક્ષાનો અસ્વીકાર થતાં અને તે જગ્યાએ શ્રી જી. એસ. પાઠકની નિમણૂક થતાં, તેમણે હજુ થોડા દિવસો પહેલાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ પદનું રાજીનામું આપ્યું હતું અને તે સંદર્ભમાં ઈન્દિરાજીને પત્રદ્વારા તેમણે જણાવ્યું હતું કે "જે ખુરશીમાં હું સાત વર્ષથી બેઠી છું તેમાં જ બેસી રહેવાનું મારા માટે સરળ નથી. માનવીના કેટલાક માનવીય તથા કુદરતી દાવા હોય છે જેને વેગળા રાખી શકાય નહિ" વિધિનો આકસ્મિક યોગ છે કે જે દિવસે તેમનું મૃત્યુ થયું તે જ દિવસ તેમની લગ્નતિથિનો હતો.

આવી એક તેજસ્વી મહિલાનો એકાએક થયેલો અસ્ત અત્યન્ત દુ:ખકર છે.

સ્વ. શ્રી કપિલરાય મહેતા

તા. ૧૯ મી નવેમ્બરના રોજ અમદાવાદ ખાતે ત્યાંના દૈનિક પત્ર 'સંદેશ' ના તંત્રી શ્રી કપિલરાય મહેતાનું ૧૯ વર્ષની ઉંમરે અવસાન થતાં ગુજરાતને એક સમર્થ પત્રકારની ખોટ પડી છે.

વિલેપારલેમાં વર્ષોથી વસી રહેલ અને કૉંગ્રેસ અને રચનાત્મક કાર્યક્રમ સાથે જોડાયલા ભાઈશ્રી માર્કન્ડરાય મહેતાના, ભાઈ કપિલરાય ભત્રીજા થાય. વર્ષો પહેલાં, ૧૯૨૨ આસપાસ અમે જ્યારે વિલેપારલે રહેવા ગયા ત્યારે ભાઈ કપિલરાય ત્યાંની રાષ્ટ્રીય શાળામાં ભણતા હતા અને એ રાષ્ટ્રીય શાળાનો હું મંત્રી હતો. તેઓ એ દિવસોમાં 'વૈષ્ણવજન તો તેને કહીએ, એ ગાંધીજીને અતિ પ્રિય ભજન બહુ જ મધુર કંઠથી ગાતા હતા અને કોઈ પણ સભા-સંમેલનનો પ્રારંભ તેના ભજનથી થતો હતો. આજે જ્યારે ભાઈ કપિલરાયનું અવસાન થયું છે ત્યારે તે દિવસોથી માંડીને આજ સુધીની તેમની ઉજ્જવલ કારકીર્દિનું ચિત્રપટ મારા સ્મરણ ઉપર ઉપસી આવે છે.

તેઓ ગુજરાતી વિદ્યાપીઠના સ્નાતક હતા. પત્રકારત્વથી તેમના વ્યવસાયી જીવનનો પ્રારંભ થયો. અને તે પાછળ તેમના જીવનનાં ૩૫ વર્ષ વ્યતીત થયાં. તેમણે ૧૯૩૪ થી ૧૯૬૨ સુધી 'ગુજરાત સમાચાર' ના તંત્રી તરીકે સેવા બજાવી. ત્યાર બાદ તેઓ 'સંદેશ' માં તંત્રી તરીકે જોડાયા અને જીવનના અવસાન સુધી તે પદ ઉપર કાયમ રહ્યા. ગાંધીવિચાર ઉપર તેમના સમગ્ર-જીવનનું ઘડતર થયું હતું.

તેઓ છેલ્લા દોઢેક વર્ષથી જીભના કેન્સરથી પીડાતા હતા. આજથી લગભગ બાર મહિના પહેલાં તેમની તબિયતની ખબર કાઢવા નિમિત્તે અમદાવાદ ખાતે તેમના નિવાસસ્થાને તેમને મળવાનું બનેલું. આ જ કેન્સરે તેમનો ભોગ લીધો અને એક કર્તવ્યનિષ્ઠ પ્રમાણિક સૌજન્યસભર પત્રકારને આપણે ગુમાવ્યા. તેમની પાછળ રહેલ પત્ની અને પુત્રીઓ વિષે આપણું દિલ સ્વાભાવિક રીતે સહાનુભૂતિ અનુભવે છે. તેમના આત્માને આપણું હૃદય શાશ્વત શાન્તિ ઈચ્છે છે.

પરમાનંદ

ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયન્તી અંગે એક સૂચિત કાર્યક્રમ

(પંડિત બેચરદાસ જીવરાજ દોશી અમદાવાદથી તા. ૬-૧૧-૬૯ના એક લાંબા પત્રમાં સમીપ આવી રહેલ ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ જયંતીના અનુસંધાનમાં જૈન સમાજને અનુલક્ષીને માર્ગદર્શન આપતો એક નીચે મુજબનો કાર્યક્રમ સૂચવે છે. પરમાનંદ)

આપણી પ્રકૃતિ પ્રમાણે કોઈ પણ કામ વિશેષત: બાહ્ય રીતે શરૂ થાય છે, જેનો સ્પર્શ આપણા જીવનને ઘણો ઓછો થાય છે. આવનારી જયંતીમાં પણ આવો જ ઘાટ થવા લાગ્યો છે. પ્રથમ તો જૈન ધર્મ અંગે વિવિધ સાહિત્યની યોજના બનેલ છે. આ કામ કંઈ ખોટું તો નથી, પણ એ આપણા વ્યક્તિગત કે સમૂહ જીવનને સ્પર્શી શકે એમ નથી. જેમ રૂઢ લોકો વરઘોડા, અઠ્ઠાઈ મહોત્સવો વગેરે કરે છે તેમ આપણો ભણેલો વર્ગ સાહિત્યના નિર્માણની વાતો કરે છે. આમ જોવા જઈએ તો આજ સુધી સાહિત્ય કાંઈ ઓછું બહાર પડ્યું નથી, પણ સમાજના કે વ્યકિતના જીવનમાં જે જરૂરી પરિવર્તન થવું જોઈએ તે તો થતું જ નથી. આ દષ્ટિએ વિચારતાં મને જે કાર્યક્રમ સૂઝે છે તે આ નીચે બતાવું છું :

૧. શ્વેતાંબર અને દિગંબરોમાં ચાલતા તીર્થના ઝઘડા એકદમ બંધ થઈ જવા જોઈએ. અત્યાર સુધી કોર્ટો દ્વારા લાખો રૂપિયાનું પાણી થયું, છતાં જે ઝઘડા મટયા નથી અને એ રીતે કદી મટવાના પણ નથી. જો ભગવાનની જયંતી ખરેખર ઉજવવી હોય તો આગેવાન લોકોએ ખરા અંતરથી વિચાર કરીને એ ઝઘડા મટાડવાનો પ્રથમ વિચાર નક્કી કરવો જોઈએ. મને તો એમ સૂઝે છે કે ગમે તે પક્ષે આ ઝગડાનો વિષય જે જે તીર્થ બનેલ છે તે તીર્થને છોડી જ દેવું જોઈએ, અર્થાત્ કાં તો દિગંબરભાઈઓ એ તીર્થને છોડી દે, અથવા શ્વેતાંબર ભાઈઓ એ તીર્થને છોડી દે તો જ ઝગડો શાંત થશે. જેમ બે ભાઈઓ જમીન માટે લડતા હોય તેમાંનો કોઈ એક ભાઈ સૌહાર્દ દાખવી ઉદારતા સાથે પોતાની જમીનનો કબજો છોડી દે તો આપોઆપ ઝઘડો શમી જાય અને બીજા ભાઈને પણ હૃદય નથી એમ નથી એટલે જરૂર તેને વિચારણા આવે જ. તીર્થ માટે આપણે નથી, પણ આપણા માટે આપણે તીર્થો ઊભાં કરેલાં છે એ દષ્ટિએ વિચાર થાય તો જ આ વેરઝેર શાંત થાય. ભગવાનની જયંતી સાથે આ વેરઝેરનો મેળ જ મળતો નથી અને તીર્થો પણ આપણા જ ભેજાની ઉપજ છે. એટલે ગમે તેમ અને ગમે ત્યારે એવાં નવાં તીર્થો ઊભા કરી શકાય કે જેમાં કોઈપણ રીતે કોઈ કાળે ઝગડો થાય નહીં. તીર્થો માટે અનેક કથાઓ પેદા કરવામાં આવી છે અને અમુક તીર્થ શાશ્વત છે વા અમુક મૂર્તિ લાખો કરોડો વરસ પહેલાંની છે એ બધી માત્ર કથાઓ જ છે, અને તીર્થો તરફ લોકોનું આકર્ષણ વધારવાની માત્ર જાહેરાતો જ છે. જે જે તીર્થોને તીર્થંકરોની જન્મ કે નિર્વાણભૂમિ સાથે સંકળાયેલા કહેવામાં આવે છે તે તમામ તીર્થો ઐતિહાસિક અને ભૌગોલિક રીતે તે જે અસલ સ્થાનો હતાં તે જ છે એમ તમામ તીર્થો માટે કહી શકાય તેમ નથી. આપણે ત્યાં સંશોધન દષ્ટિ ન હોવાથી પૂરી ગવેષણા કર્યા વિના જ અટકળે તીર્થોની સ્થાપના કરી દેવામાં આવેલ છે અને તે સ્થાપના પણ તે તે સ્થાનના શિલાલેખો જોતાં આશરે પાંચસો, હજાર કે દોઢ હજાર વરસ પહેલાંની જણાતી નથી. અંતરીક્ષજી વગેરે તીર્થો તો તીર્થંકરના જન્મ કે નિર્વાણ સાથે સંકળાયેલા પણ નથી. એ તો પ્રતિમાના મહિમાની દષ્ટિએ સર્જાયેલાં છે. વળી, નેત્રો ચોંટાડવાનો નિયમ ઘણો જ અર્વાચીન છે અને ખરી રીતે અશાસ્ત્રીય છે. પ્રતિમામાં નેત્રો તો કોરેલાં જ હોય છે, પણ સમાધિસ્થ નેત્રો હમેશાં ઢળતાં હોય છે. એટલે દિગંબરો અને શ્વેતાંબરોની પ્રતિમાઓમાં સેળભેળ ન થઈ જાય એ દષ્ટિએ આ રિવાજ કોઈએ ચલાવેલો છે. 'જિનપૂજાપદ્ધતિ' નામના પુસ્તકમાં આ બાબત અંગે પ્રખ્યાત વિચારક મુનિરાજ શ્રી કલ્યાણવિજયજીએ ખાસ ચર્ચા કરેલ છે અને જણાવેલ છે કે આ પ્રથા એકદમ નવી છે અને એ જ આ ઝગડાના મૂળમાં છે. સિદ્ધાચળ ઉપર આદીશ્વર આવ્યા અને બીજા તીર્થંકરો પણ આવ્યા એ પણ એક દંતકથા માત્ર છે. તીર્થંકરોના જીવનચરિત્ર જે હાલ મળે છે તેમાં આ વાતનો કોઈ નિર્દેશ જણાતો નથી. માત્ર લોકને આકર્ષવા આવી આવી અનેક કથાઓ ઊભી કરવામાં આવેલ છે. આ અંગે જો સંશોધન કરવામાં આવે તો પ્રજાને ઘણું જ નવું જાણવાનું મળે. જયંતી અંગે જે સાહિત્ય નિર્માણ થવાનું છે તેમાં આવા સંશોધનાત્મક સાહિત્યને પણ સ્થાન હોવું જરૂરી છે. પણ તેમ થયું છે કે નહીં તેની મને ખબર નથી.

૨. દરેક નાનામોટા જૈન ઉદ્યોગપતિએ એવો એક પણ ધંધો નહીં કરવો જોઈએ કે જેમાંથી દેશમાં બેકારી અને ભૂખમરો પેદા થાય. એવી જ રીતે ધંધામાં ભેળસેળ યા કાળાબજારને બિલકુલ સ્થાન ન હોવું જોઈએ અને ધંધાદ્વારા એવડો નફો ન મેળવવો જોઈએ જેથી પ્રજાનું શોષણ થતું રહે.

૩. જૈનધર્મ પાળનાર તમામ વેપારીએ પ્રમાણિક બનવાનો આગ્રહ રાખવો જ જોઈએ. સચ્ચાઈને પ્રથમ સ્થાન આપવું જોઈએ. બીજી કોઈ બાહ્યધર્મપ્રવૃત્તિ કરતાં સચ્ચાઈ સર્વથી ઉત્તમ છે એમ સમજીને તેને જ પ્રથમ સ્થાન આપવું જોઈએ. છેતરપીંડી માલની હલકી જાત છતાં તેને ઊંચી જાતમાં ખપાવવી વગેરે દોષો તદ્દન છોડી દેવા જોઈએ.

૪. દરેક જૈન વેપારીએ પોતાના નફામાંથી સેંકડે અમુક ટકા સંઘના યા સમાજના હિતાર્થે રકમ ફાળવવી એવી પ્રતિજ્ઞા કરવી જોઈએ અને એ રકમ દ્વારા સંઘહિતનાં કે સમાજહિતનાં કામો કોઈ સંપ્રદાય કે ફિરકાનો વિચાર ન કરીને વ્યાપક રીતે કરવાનું નિર્ધારણ કરવું જોઈએ.

૫. દરેકે દરેક જૈને પોતાને ભારતીય ગણાવવા સાથે 'જૈન' પ્રથમ ગણવો જોઈએ. દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી વગેરે શબ્દોનો વ્યવહાર એકદમ ગૌણ કરી દેવો જોઈએ.

૬. કોન્ફરન્સો બધા ફિરકાની જુદી જુદી ન કરતાં એક જૈન કોન્ફરન્સ જ થવી જોઈએ અને એમાં જૈન સંઘના સર્વસામાન્ય હિતની વિચારણા અગ્રસ્થાને હોવી જોઈએ.

૭. જુદા જુદા સંપ્રદાયની બોર્ડિંગો ન હોવી જોઈએ, પણ જૈનબોર્ડિંગ કે મહાવીર બોર્ડિંગ એમ નામ રાખી તેમાં તમામ ફિરકાના વિદ્યાર્થીઓને સ્થાન આપવું જોઈએ.

૮. દરેક ફિરકાના વિદ્યાર્થી માટે સંસ્કૃત, પ્રાકૃત ભાષાનો અભ્યાસ ફરજિયાત બનાવવો જોઈએ.

૯. દેવદ્રવ્યનો ઉપયોગ સામાન્ય જૈન સંઘના હિતમાં થવો જોઈએ. માત્ર મંદિર કે મૂર્તિ માટે જ એનો જે સંકુચિત ઉપયોગ થાય છે તે બરાબર નથી. ખરી રીતે તો મંદિરોના વહીવટમાં એક જ સાધારણ ખાતું રાખવું જોઈએ. એમ કરવાથી સાતે ક્ષેત્રમાં દ્રવ્યનો ઉપયોગ થઈ શકે.

૧૦. મંદિર અને મૂર્તિઓ અંગે જે બાહ્ય આડંબર, ઠઠારો અને નાટક જેવો જે દેખાવ ચાલુ છે તેને બદલે મર્યાદિત દેખાવ થવો જોઈએ. તે પણ લોકરુચિ અને સમયની વિચારણા કરીને થાય તે ઉચિત છે.

૧૧. જૈનસંઘ વધારે સશક્ત બને અને કોઈ પણ પ્રસંગે પોતાના શરીરબળનો વધારે ઉપયોગ કરી શકે એવી તેને તાલીમ આપવી જોઈએ.

૧૨. મુનિઓ વગેરે ત્યાગી વર્ગ વિશેષ અભ્યાસી બને, સંશોધનમાં રુચિવાળો બને અને વર્તમાન દેશકાળને સમજતો બને એવી તેને કેળવણી

મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ. ખાસ કરીને સાધ્વીજીઓની જે અત્યંત દુઃખદાયી પરિસ્થિતિ છે તેનાં જરૂર સુધારો થવો જોઈએ. અને જે હક્કો મુનિ ભોગવી શકે છે તે તમામ હક્કો સાધ્વીજીઓ પણ જરૂર ભોગવી શકે એવી સંઘની વ્યવસ્થા હોવી જરૂરી છે.

૧૩. દેશમાં તેમજ જૈન સમાજમાં એક પણ વ્યકિત બેકાર, ભૂખમરાથી પિડાતી, નિરુદ્યમી તેમ જ અશિક્ષિત ન રહેવી જોઈએ—એવી વ્યવસ્થા સમગ્ર જૈનસંઘે કરવી જોઈએ.

આવી આવી તજવીજ કર્યા પછી ભલે સાહિત્ય નિર્માણ થાય અને બીજી પણ મર્યાદાવાળી આડંબરી પ્રવૃત્તિ થાય તો કાંઈ ઠીક લેખાશે. પણ સંઘના જીવનને જે પ્રવૃત્તિ નથી સ્પર્શતી તેવી જ પ્રવૃત્તિ આ પ્રસંગે થાય, તો તે વરઘોડાઓ જેવી જ છે એમ મારી કલ્પનાં છે.

૧૪. મુનિઓમાં પણ થોડી થોડી ક્રિયાના ભેદોને લીધે જે વાડા ચાલ્યા આવે છે અને સંઘમાં ભેદ ઊભો કરે છે તેનો પણ નિવેડો લાવવો જરૂરી છે અને આખો મુનિસંઘ એક થઈ જાય એવી વ્યવસ્થા કરવી જરૂરી છે. શ્વેતાંબર અને દિગંબર બંને મુનિસંઘ એકબીજા પરસ્પર પ્રેમથી અને પોતે એક જ પિતાના પુત્રો છે એમ વર્તે એવી તાલીમ તેમને મળવી જોઈએ.

આ સિવાય બીજી પણ સૂચનાઓની કલ્પના આવે છે, પણ તે અહીં લખતાં પાર ન આવે. **બેચરદાસ.**

તંત્રીનોંધ : જૈન સમાજની એકતાને કેન્દ્રમાં રાખીને વિચાર કરતાં પંડિતજીની સૂચનાઓ મોટા ભાગે ઉચિત અને પ્રસ્તુત છે અને એમ છતાં વ્યવહારના ક્ષેત્રે આ સૂચનાઓ દા. ત. તીર્થોના ઝઘડા એકદમ બંધ થવા જોઈએ અથવા તો ઝઘડાને પાત્ર બનેલા તીર્થોનો એક યા અન્ય પક્ષે ત્યાગ કરવો જોઈએ, જૈનોની કોન્ફરન્સો જુદી જુદી ભરાવાને બદલે સૌએ સાથે મળીને એક કોન્ફરન્સ ભરવી જોઈએ, જૈન પૂજાવિધિમાં દાખલ થયેલી કૃત્રિમતા અને અતિશયતા બંધ થવી જોઈએ ઈત્યાદિ સૂચનાઓનો તત્કાળ વર્તમાનના સંદર્ભમાં અમલ થવો લગભગ અશક્ય જેવું લાગે છે. જેમાં સમાજ જ સ્થગિત દશામાં હોય ત્યાં પાયાના ફેરફારો માટે બહુ જ ઓછો અવકાશ હોય એ સ્વાભાવિક છે. **પરમાનંદ**

શ્રી વસન્તરાવ નારગોળકરનો પત્ર

(તા. ૧૬-૧૧-'૬૯ ના પ્રબુદ્ધ જીવનમાં ૧૮ મું 'સર્વોદય સંમેલન અને બિહાર ગ્રામદાન' એ મથાળા નીચે પ્રગટ થયેલી મારી નોંધમાં શ્રી વસન્તરાવ નારગોળકરના અમુક વલણ વિષે ઉલ્લેખ છે તેને અનુલક્ષીને શ્રી વસન્તરાવ નારગોળકર તરફથી તાજેતરમાં મળેલો પત્ર નીચે મુજબ છે : **પરમાનંદ**)

તા. ૨૪-૧૧-'૬૯

સાદર નમસ્કાર,

ભાઈશ્રી પરમાનંદભાઈ,

તા. ૧૬ મી નવેમ્બર, ૧૯૬૯ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં 'પ્રકીર્ણ નોંધ' વિભાગમાં આપે રાજગીરના સર્વોદય સંમેલનના વિષય પરત્વે જે લખ્યું છે તે મેં જોયું. આચાર્ય વિનોબા ભાવે તરફ અત્યન્ત આદર રાખવાવાળા અને ગ્રામદાન આન્દોલનના વિષયમાં સહાનુભૂતિ તથા આશા ધરાવતા એવા આપની જેવા અનેક સજ્જનોનો એવો અભિપ્રાય હોવાનું માલુમ પડયું છે કે આન્દોલનનો પ્રારંભ થયાને ૧૮ વર્ષ થયા હોવા છતાં આંદોલનની જનમાનસ ઉપર કોઈ ગંભીર પકડ પેદા થઈ નથી તેમ જ દેશની સામાજિક, આર્થિક અથવા રાજનૈતિક પરિસ્થિતિ ઉપર તેનો તેમ જ સર્વોદય વિચારનો કોઈ ઉલ્લેખનીય પ્રભાવ પડયો નથી. આપે બરોબર લખ્યું છે કે જો બિહારમાં લોકોએ ખરેખર સ્વેચ્છાથી આટલા મોટા પાયા ઉપર ગ્રામદાન કર્યું છે તો બિહારનો કાયાકલ્પ થયો હોવો જ જોઈએ. આમ છતાં આપણે ખેદ સાથે કહેવું પડે છે કે ત્યાં આજ સુધી ક્રાન્તિનું કોઈ ચિહ્ન નજરે પડતું નથી. આમ છતાં પણ આટલું તો માનવું પડશે કે ગ્રામદાનના કાર્યથી ત્યાં ક્રાંતિની સંભાવના તો નિર્માણ થઈ જશે.

આપની આલોચનામાં એક બાબત અંગે થોડો સુધારો કરવાની આવશ્યકતા છે. આપે લખ્યું છે કે "અલબત્ત, આ ગ્રામદાનને લગતો હજુ કાયદો થયો નથી અને તેથી જ્યાં સુધી કાયદો ન થાય ત્યાં સુધી આ ગ્રામદાનો અમલી બન્યા ન ગણાય એમ સત્તાવાર પક્ષ તરફથી જણાવવામાં આવે છે." વસ્તુસ્થિતિ એ છે કે ગ્રામદાનનો કાયદો માત્ર બિહાર રાજ્યે જ નહિ પણ ઓરિસ્સા, આસામ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને તામિલનાડ જેવા બીજા રાજ્યોએ પણ પસાર કર્યો છે. પરંતુ ગામનું ગ્રામદાન જાહેર થવા બાદ કાયદા અનુસાર તેનું સમર્થન (legal confirmation) ગ્રામદાન કાયદા નીચે નિયુકત એક સરકારી અધિકારી જ કરે છે. આ કામમાં વિલંબ થઈ રહ્યો છે. મારી જાણ મુજબ આજ સુધીમાં કેવળ માત્ર ૨૫૦–૩૦૦ ગામો જ સરકારી ગેઝેટમાં ગ્રામદાની ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

આપ ગ્રામદાન આન્દોલનમાં રસ ધરાવો જ છો, પરંતુ મારી આપને વિનંતિ છે કે આપના પત્રમાં ગાળે ગાળે આપ એ વિષે અધિક જાણકારી દેતા રહો અને સાથે સાથે સ્પષ્ટ રૂપમાં આપનો અનુકૂળ – પ્રતિકૂળ અભિપ્રાય પ્રગટ કરવાવાળા લેખો પ્રસિદ્ધ કરતા રહો. કોઈ પણ વિષય ઉપર અનેક બાજુએથી નિર્ભય ચર્ચા કરવાની આપે એક સારી પરંપરા નિર્માણ કરી છે. ભૂદાન–પત્રિકાઓમાં સામાન્યત: ભિન્ન વિચારોને સ્થાન આપવામાં આવતું નથી. તેનું મુખ્ય કાર્ય આન્દોલનને અનુકૂળ પ્રચાર કરતા રહેવું એ જ હોય છે. "ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસંગીનામ્ ।" (કર્મમાં લાગેલા 'અજ્ઞ' લોકોમાં કાર્યકર્તાઓમાં બુદ્ધિભેદ પેદા કરવો ન ઘટે.) આ કદાચ સંપાદકો તેમ જ આન્દોલનના નેતાઓની દૃષ્ટિ રહેતી હશે. પરંતુ સર્વસંમતિની નવી પ્રથાનો ખુલાસો કરતી વખત, પૂજ્ય વિનોબાજીએ અનેકવાર કહ્યું છે કે સર્વસંમતિનો અર્થ એ નથી કે ભિન્ન કાર્યક્રમો અથવા વિચારોની ચર્ચા જ થાય નહિ અને બધા એકમત સહમત થઈ જાય. ચર્ચાને ટાળવાથી અથવા દબાવી દેવાથી લોકતંત્રની બુનિયાદ જ લુપ્ત થઈ જવાની. પરંતુ વિનોબાની પદ્ધતિ આ રહી છે કે તેઓ સિદ્ધાંત રજૂ કરે છે, તેનો અમલ થઈ રહ્યો છે કે નહિ તે જોવાની જોવાબદારી તેઓ પોતાની માનતા નથી.

આપના 'પ્રબુદ્ધ જીવન' માં તરેહ તરેહના વિષયો ઉપર ચર્ચા કરવામાં આવે છે. આપના પત્રમાં જગ્યા સીમિત હશે, એમ છતાં પણ ગ્રામદાન, ગ્રામસ્વરાજ્ય, ગાંધી-પ્રણીત સત્યાગ્રહની આવશ્યકતા, શાન્તિ સેનાનું અસલી કાર્ય તેમ જ લોકનીતિ વગેરે વિષયો ઉપર જો આપ ચર્ચા શરૂ કરશો તો મારી માન્યતા છે કે તેમ કરવાથી તેની ઉપયુકતતા તથા રસપ્રદતામાં વૃદ્ધિ થશે.

વિજ્ઞાનાશ્રમ, કેનાડ,
દ્વારા દહાણુ રોડ,
જિલ્લા થાણા. ☆ આપનો નમ્ર
વસન્ત નારગોળકર.

નૂતન વર્ષ અંગે મંગળ પ્રાર્થના

અમાસના હૃદયમાં દીવડી દિવાળી રચો;
વિશ્વ આખું હસી ઊઠે, જરી જો સન્મતિ લચે.
ઉમાશંકર જોષી

કયું સ્મરણ હે વિરાટ! તવ, અલ્પ હું માનવી,
પરં ન મનબુદ્ધિમાં વસત, કલ્પના થાકતી,
વિશાળ ધરતી અને વધુ વિશાળ અવકાશ આ
જ્યહીં ગ્રહ-ઉપગ્રહો, રવિ અનેકનાં મંડળો,
રમે સતત રાસ ગાન કરતાં સુમાંગલ્યનાં;
પ્રભો! કૃતિ મહીં જ રે અમર પેખવી આકૃતિ?
નટવર મ. દવે

ભારતમાં ગાંધીજીનું જીવનદર્શન મૃતપ્રાય બન્યું છે?*

આજે ભારતમાં ગાંધીજીનું જીવનદર્શન ઘસાયેલા સિક્કા જેવું ગણાય કે નહિ એના નિર્ણય પર આવતાં પહેલાં ગાંધીજીની ફીલસુફી અથવા જીવનદર્શન શું હતું એ વિચારવું આવશ્યક છે.

બહુ જ સંક્ષેપમાં કહેવું હોય તો કહી શકાય કે અહિંસા અને સર્વોદયને માર્ગે સત્યની પ્રાપ્તિ કરવી એ તેમનો મુખ્ય સિદ્ધાંત કહો કે પરમ જીવનભાવના અથવા જીવનધ્યેય હતું. ગાંધીજી એક એવી વ્યક્તિ હતા કે જેના હૃદયમાંથી સૌ કોઈ પ્રત્યે-તેમાં યે કહેવાતા પ્રતિપક્ષી પ્રત્યે તો ખાસ-નિ:સીમ પ્રેમના ફુવારા ઉડતા હતા.

ભારતીય પરંપરામાં અને સંસ્કૃતિમાં જે સંતવિભૂતિઓ થઈ ગઈ છે તે શું આ પ્રકારની નહોતી? બુદ્ધ, મહાવીર, નરસિંહ, મીરાં કે કબીર શું આ જમાતનાં નહોતાં? અરે જગતની પરમ વંદ્યવિભૂતિ સમા સંતો ઈશુ, જરથોસ્ત, મહમ્મદ પયંગબર, રામ કે કૃષ્ણના જીવનસિદ્ધાંતો આવા જ નહોતા? તો પ્રશ્ન એ થાય છે કે 'પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્-યુગે યુગે' આવી કોઈ અવતારી વ્યક્તિની જરૂર કેમ પડે છે? એક દિવાળી આવે છે ને જાય છે, વાસણો માંજીને-અજવાળીને-છાજલીએ ગોઠવાય છે. ફરી કાટ ચડી જાય છે. માનવમનને અજવાળવા પણ યુગેયુગે મંદ કે જલદ તેજાબની જરૂરત ઊભી થયા જ કરે છે. પ્રકૃતિ યાન્તિ ભૂતાનિ નિગ્રહ: કિં કરિષ્યતિ? એ સનાતન પ્રશ્ન સામે માનવીએ એની સમુત્ક્રાંતિમાં અવરોધોમાંથી જ આરોહણ શક્ય બનાવ્યું છે.

પરંતુ ગાંધીજી અને જૂની પરંપરાની વિભૂતિઓમાં જે તફાવત છે તે એ કે તેમણે પોતાના દર્શનને વિચારનો નહીં, વ્યવહારનો આચાર બનાવ્યો; અને તે વ્યક્તિગત અને સમૂહગત રીતે આચરી બતાવ્યો. વસ્તુત: તેઓ ધર્મપુરુષ હતા. માનવબંધુઓની સેવા દ્વારા તેમની સત્યની ખોજ ચાલતી. આ પ્રવૃત્તિએ તેમને નાગરિક સ્વાતંત્ર્યની પ્રચંડ પ્રવૃત્તિના વંટોળમાં મુકી દીધા. આમ ધર્મજીવન અને વ્યવહારજીવન એકાકાર બન્યાં. તેમણે જોયું કે આપણી રાજ્ય-વ્યવસ્થાઓમાં માનવીનું શોષણ થઈ રહ્યું છે, તેનો એક જ ઉપાય સ્વતંત્રતા છે. તેમને મન આદર્શ રાજ્ય એ છે કે જેમાં રાજ્યસત્તા નથી, કારણ સામુદાયિક રાજ્ય જ નથી; અર્થાત્ થોરો કહે છે તેમ "જેમાં રાજ્યસત્તાનો અમલ અલ્પમાં અલ્પ તે રાજ્ય ઉત્તમોત્તમ" હરેકે હરેક વ્યક્તિને સમાનવિકાસની તક મળે તે વ્યવસ્થા ઉત્તમ. ટૂંકમાં બંધુતા, સમાનતા, સ્વતંત્રતા એ સત્યની ખોજ માટે વ્યક્તિના પ્રથમ અધિકારો છે.

પરંતુ આ સ્વાતંત્ર્યનો અધિકાર કોને છે? આપણે જે હક્કોને પાત્ર થવા માગતા હોઈએ તે બધા સારી રીતે બજાવેલી ફરજમાંથી ઊભા થતા હોય છે. સ્વતંત્રતાનો અધિકાર જેણે આંતરિક સ્વતંત્રતા વિકસાવી હોય તેને જ છે, એટલું જ નહીં, જે પ્રમાણમાં આંતરિક સ્વતંત્રતા વિકસી હશે તે પ્રમાણમાં જ બાહ્ય સ્વતંત્રતા આપણે મેળવી શકીએ-એ ગાંધીજીનો પાયાનો સિદ્ધાંત હતો.

આ પરિસ્થિતિને તેઓ પૂરેપૂરી સમજતા હતા. તેથી જ તેમણે એકલી રાજકીય સ્વતંત્રતાને મહત્ત્વ આપ્યું નહોતું. કદાચ જે સંયોગોમાં એમણે 'હિંદ છોડો'ની '૪૨ની લડત ઉપાડી તે ઊભા ન થયા હોત તો તેમણે આખરી લડત થોડી મોડી ઉપાડી હોત અને કદાચ વધારે પરિપક્વ સ્વરાજ્ય મળ્યું હોત. જ્યારે પૂર્વભારતના સીમાડાઓ પરદેશી ભયમાં આવી પડ્યા, જ્યારે ભારતીય પ્રજા આંધળિયા કરી જાપાનીઓના જોરે આખરી લડત લડી લેશે એમ લાગ્યું, ત્યારે પૂર્ણ સ્વાયત્તતાના આ હિમાયતીએ પારકી આશા કરતાં બાવડાંના બળે લડી લેવું મુનાસીબ માન્યું (આજની પરદેશી મદદને તેઓ હોત તો કેવી નજરે જોતે?)

આપણી મુખ્ય શકિત આંતરસુધારણા સાધવા ઉપર કેન્દ્રિત થવી જોઈએ, એ સિદ્ધાંતને અનુસરીને જ જ્યારે જ્યારે એ સાધના ઊણી લાગી ત્યારે ત્યારે તેમણે લડત સંકેલી લીધી હતી. યંત્રનો વિરોધ, સ્વદેશીની હિમાયત, કે સ્વાવલંબન એ સર્વ શસ્ત્રો તત્કાલીન ભારતીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સર્વોદયસિદ્ધિનાં સાધનો હતાં. આ સર્વોદય સાધવા ઊંચનીચના, કાળાગોરાના, શોષિત શાસકના, ગરીબતવંગરના ભેદ મીટાવવા તેમણે અહિંસક પ્રતિકારની એક નવતર કરુણાભરી પદ્ધતિ યોજી. આઈન્સ્ટાઈન કહે છે તેમ સારીય સભ્ય દુનિયામાં વિચારશીલ લોકો ઉપર એમણે જે નૈતિક પ્રભાવ પાડ્યો છે તે પાશવીશકિતનો અતિમહિમા કરનાર આપણા યુગમાં દેખાય તે કરતાં વધુ ચિરસ્થાયી નીવડવા સંભવ છે. નીગ્રો લોકોની બાબતમાં માર્ટિન લ્યૂથર કિંગે, વિયેટનામી અને ઝેક પ્રજાએ આઈન્સ-ટાઈનની આ શ્રદ્ધા સાચી ઠેરવી છે. ભૌતિક સંસ્કૃતિના પૂજક અમેરિકાના પ્રજાસ્વાતંત્ર્ય-દિનની ઉજવણી નિમિત્તે પ્રમુખ નિક-સનના ઉદ્‌ગારોમાં ભૌતિક સમૃદ્ધિમાં આળોટતી પ્રજાને ય સાલતી કશીક આધ્યાત્મિક ઊણપની સભાનતાનાં દર્શન નથી થતાં? અને પ્રવાસેથી પાછા ફરી પ્રમુખ નિક્સને ટેલિવીઝન પર કરેલ 'ન્યૂ ફેડરલીઝમ'ની જાહેરાત-અદનામાં અદના માનવીને પણ મળવી જોઈતી તકની વિચારણા-કરી છે તે શું ગાંધીજીની સર્વોદયની ભાવ-નાની ભગિની નથી? તો પછી જ્યારે આ જીવનદર્શન જગતના વિચારશીલ લોકોની શ્રદ્ધાનું ભાજન બનતું હોય તો ભારતમાં એ મૃત:પ્રાય કે ઘસાયેલ સિક્કા જેવું કેમ હોઈ શકે? કવિતા અને કુન્દનને જેમ કાટ ચડતા નથી તેમ સત્ય ઉપર આધારિત દર્શનને ય વાસી થવાપણું હોતું નથી.

આજે આપણે શંકાશીલ બની આવી ચર્ચા કરવા ઉપસ્થિત થયા છીએ તેમાં એ ફિલસૂફીનો દોષ નથી. દોષ છે આપણા ઊણા અનુસરણનો. ન જોયાં રવિકિરણો, ન જોયો તેનો પ્રતાપ તેથી શું ધુવડ દૂરદર્શી થયો?

આવા દુ:સહ માર્ગે વિચરવાનું જેમ હજી આપણે કેળવી શકયા નથી. આપણા નાના નાના સ્વાર્થોને ત્યજી સમગ્ર ભારતના ઉદયની ભાવના આપણાથી હજી જોજનો દૂર છે. ત્યાં પહોંચવાનો બીજો આનાથી વધુ ટૂંકો રસ્તો શકય નથી. એ વિરાટ પગલામાં પગલી માંડતા શીખીએ તો પણ બસ છે. માનવપ્રજાની મહાવ્યકિતની સમુત્ક્રાન્તિમાં એક વ્યકિત કે એક જમાનો કેવળ ક્ષુલ્લક છે. એક અંગ્રેજી કવિતામાં કહ્યું છે તેમ:

"Sands—the mountain,
moments make the month,
and trifles—man"

પરંતુ મને શ્રદ્ધા છે કે બાપુજીના માર્ગે જતાં ભલે શતા-બ્દીઓ—અરે સહસ્રાબ્દીઓ જેટલો સમય લાગે પણ એ જ માનવ-જીવન માટે ટૂંકામાં ટૂંકો અને સાચો માર્ગ હશે.

સુસ્મિતા મ્હેડ

* અમદાવાદ જુનિયર ચેમ્બર્સના ઉપક્રમે યોજાયેલી અખિલ અમદાવાદ જે. સી. વકતૃત્વ સ્પર્ધા-"Is Gandhian philosophy obsolete in India?"-માં નિર્ણાયક તરીકે આપેલા વ્યાખ્યાનને આધારે.

મુદ્રણશુદ્ધિ

તા. ૧૬-૧૧-'૬૯ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'આજનું ભારત'ના પહેલા પેરેગ્રાફમાં 'The more there charges, the more it the same thing'ને બદલે, 'The more there are changes, the more it is the same thing' આ મુજબ વાંચવું.

આ ઉપરાંત સંઘના મકાન ફંડની યાદીમાં સ્વ. ચંદુલાલ સાકળચંદ શાહ, શ્રી શામજી નેણસી ધરોડ, શ્રી સુનીતાબહેન શેઠ તથા બોમ્બે ફાઈન આર્ટસ ઑફ સેટ ઍન્ડ લીથો વર્કર્સ-આ નામો આગળ ટાઈપો છુટી જવાના કારણે ૧૦૧ એમ રકમ છપાયેલ છે તેના સ્થાને ૧૦૧/-એમ વાંચવું, આ ઉપરાંત રૂ. ૧૦૧/- શ્રી મુકતાબહેન સંઘવી એમ બે વાર છપાયું છે તે એક વાર વાંચવું.

'પૂજ્ય બાપુ સાથેની યાદગાર મુલાકાત'વાળા લેખમાં પાના ૧૬૦ ઉપર ૪૦મી લીટીમાં એક નામ, હેમચંદ ભગવાનજી છપાયું છે તેને બદલે દેવચંદ ભગવાનજી એમ વાંચવું.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

ફાંસીની શિક્ષા અંગે એક પત્ર

(ભાવનગરથી શ્રી હરભાઈ ત્રિવેદી તરફથી મળેલો પત્ર નીચે મુજબ છે.)

પ્રિય પરમાનંદ,

તા ૧૬-૯-૬૯ના 'પ્રબુદ્ધ જીવન'માં ડૉ. ભમગરાનું ચર્ચાપત્ર અને તે ઉપરની તમારી નોંધ વાંચી.

થોડાએક મહિનાઓ પહેલાં મુંબઈના એક શિક્ષકભાઈ રણજીત દેસાઈને દેહાંતદંડની સજા ફરમાવવામાં આવેલી ત્યારે મારા મન ઉપર પડેલા પ્રત્યાઘાતોને વ્યક્ત કરતો એક પ્રશ્ન મેં ગુજરાતની યુનિવર્સિટીઓના વાઈસ-ચાન્સેલરોને લખ્યો હતો. મારો વિચાર એવો હતો કે થોડા પણ સમજુ શિક્ષણકારો મારી વાત માને તો દેહાંતદંડની શિક્ષા બંધ કરાવવાની બાબતમાં પ્રચારકાર્ય આગળ ધપાવવું, પરંતુ મારે ખેદ સાથે જણાવવું પડે છે કે મને મળેલા ઉત્તરો એ બાબતમાં મને કે મારા વિચારને કશી પણ મદદ કરી શકે તે પ્રકારના ન હતા. સૌને વિચાર તો ગમ્યો પણ કોઈએ કહ્યું કે એ તો કાયદો છે તેમાં આપણે શું કરીએ? કોઈકે એમ પણ કહ્યું કે અનેકોને ફાંસી દેવાય છે જેમાં ચોર, ડાકુ, ખૂની, લૂંટારા વગેરે હોય છે–તેમનો વિચાર કેમ ન કર્યો? શિક્ષક પણ ખૂન કરે તો ખૂની જ થયોને? કોઈકે એવો પણ વિચાર કર્યો કે દેહાંતદંડની સજા ન્યાય્ય ગણાય માટે તે બંધ કરવાનો વિચાર ન કરી શકાય.

હું ચોક્કસ માનું છું કે દેહાંતદંડની સજા એ તો કેવળ જંગલીપણું ગણાય. જંગલનો કાયદો ક્યાં સુધી નભાવવો છે? મોતને સાટે મોત એ તો અસંસ્કારિતાની નિશાની છે. શઠં પ્રતિ શાઠ્યં નહિ પણ 'શઠં પ્રત્યપિ સત્યં' એ બોધપાઠ તમામ પયગંબરોએ માનવજાતને સૈકાઓથી પઢાવ્યો છે. પણ આપણે શીખવા તૈયાર જ નથી ત્યાં શું થાય?

ભગવાન બુદ્ધના જીવનનો એક પ્રસંગ ઘણો માર્મિક છે. કુમાર સિદ્ધાર્થના પિત્રાઈ ભાઈ દેવદત્તે તીરથી એક હંસનો શિકાર કર્યો. ઘવાયેલું હંસ, કુમાર સિદ્ધાર્થ પોતાના ઉદ્યાનમાં બેઠા હતા ત્યાં જઈ પડ્યું. કુમાર સિદ્ધાર્થે તેને ઊંચક્યું. ઘા ધોયો. પાટાપિંડી કર્યા અને પોતાના ખોળામાં સુવાડ્યું. પેલો પિત્રાઈ ભાઈ દોડી આવ્યો. તેણે સિદ્ધાર્થ પાસેથી હંસની માગણી કરી. તેણે કહ્યું કે હંસ મારો શિકાર છે, મને આપી દે. સિદ્ધાર્થે તો કરુણાયુકત વાણીમાં હંસ નહિ મળે તેવો પોતાનો નિર્ધાર જાહેર કર્યો. વાત હુંસાતુંસીએ ચડી. બન્ને ભાઈઓ ન્યાય મેળવવા મહારાજા શુદ્ધોધનની સભામાં ગયા. મહારાજાએ બન્નેની વાત સાંભળ્યા પછી નિર્ણય આપવા કહ્યું.

કુમાર દેવદત્તે કહ્યું કે શિકાર કરવો તે ક્ષત્રિયનો ધર્મ છે. મેં આ હંસનો શિકાર કર્યો છે તેના ઉપર મારો અધિકાર સ્વીકારાય તેમાં જ સાચો ન્યાય ગણાય.

કુમાર સિદ્ધાર્થે કહ્યું:–

જીવ લેનારાના કરતાં જીવ બચાવનારનો જ આ પંખી ઉપર અધિકાર હોઈ શકે. જીવનો નાશ કરવો તે સહેલું છે. જીવનો બચાવ કરવો મુશ્કેલ છે. જેની પાસે જીવ સર્જવાની શકિત નથી તેવી કોઈ પણ વ્યકિત તે જીવનો નાશ કરવાનો અધિકાર ભોગવી જ કેમ શકે?

રાજા શુદ્ધોદને ન્યાય તોળ્યો કે પ્રાણ હરનારના કરતા પ્રાણ રક્ષનાર મોટો છે. ન્યાય કુમાર સિદ્ધાર્થના પક્ષે તોળાયો.

આ સનાતન સત્ય આપણે હવે ક્યારે સમજીશું? ખૂની, ડાકુઓ આત્માથી મલિન નથી હોતા. તેઓ તો મનથી રોગી હોય છે. તેમનો જાન લેવાથી તો રોગનો પ્રતિકાર કરવાનો માર્ગ બંધ થઈ જાય છે. મનોવિજ્ઞાન તો કહે છે કે રોગને મારો, રોગીને નહિ. આમ મનનું વિજ્ઞાન અને અધ્યાત્મ વિજ્ઞાન એક જ તત્વ પ્રબોધે છે.

ખૂનીને કેદમાં રખાય તેમાં વાંધો ન હોઈ શકે. એવું કેદખાનું તો તેવાઓને માટે દવાખાનું બની જવું જોઈએ. આજની જેલો માનસ ચિકિત્સાલયો બની જાય તે સમય હવે પાકી ગયો છે.

તમારો હરભાઈ ત્રિવેદી

લોચનિયાં લાગે અળખામણાં!

પરભુ! આવાં લોચનિયા લાગે અળખામણાં.
ભાળવાનું હોય ઈ ભાળે નહીં ને,
આણદેખ્યાનું દેખવાની જક્ક.
લાંબે જાવાને મેલીએ છૂટા તંઈ,
અટકે ઈ જઈ અધવચ્ચ.
જીવતરમાં થાય છે ઝાઝાથી ઝાઝા–
એક નજરુથી બધાં તાવણાં – પરભુ.
કોડી સરીખડી આંખડી ને ઈને;
બ્રહ્માંડ ભાળ્યાનું અભિમાન.
ગજબ આ જોઈ લે તારા દીધેલ નેણ
કહેતાં ન ભાળું ભગવાન.
આલ્યા લોચન તેં અમરત વરસાવવા –
ને માંડ્યા ઈને વહખનાં વાવણાં – પરભુ.

સુશીલા ઝવેરી.

અવધૂતની સગાઇ

કહોરે ભાઈ અવનિથી શી રે સગાઈ?
અવધૂતને અવનિથી શી રે સગાઈ?
વહેતાં એ વાયરે વહેંચાઈ જાવું એણે
વિશ્વે થઈ રે રાઈ રાઈ .....અવધૂતને

ધ્યાનની ધૂણીમાં એણે ભસ્મોનો ઢેર કીધો
એષણાના બોજને હળવેથી બાળી દીધો
ફૂંકણીથી ગયો વિખેરાઈ .....અવધૂતને

મનની મંજુષા ઉપર કરામતો કળની
ઊઘાડવા આવ તો જરૂરત ના બળની
ચાવી તો ક્યાંયરે વિસરાઈ ..... અવધૂતને

સુશીલા ઝવેરી.

સંઘ સમાચાર

શોકપ્રસ્તાવ

તા. ૨૧ મી નવેમ્બરના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ તાજેતરમાં નીપજેલ શ્રી જીવરાજ ભાણજી શાહના અવસાન અંગે નીચે મુજબનો શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો:–

"મુંબઈની મ્યુનિસિપલ કૉરપોરેશનના કૉંગ્રેસ પક્ષના એક આગેવાન અને માંડવી વિભાગના પ્રતિનિધિ તરીકે છેલ્લાં વર્ષોથી મુંબઈની કોરપોરેશનની સેવા કરતા શ્રી જીવરાજ ભાણજી શાહના ધનબાદ ખાતે પડ વર્ષની ઉમ્મરે નીપજેલા અવસાન બદલ આ સભા ઊંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે. મુંબઈના જાહેર જીવનનાં અનેક ક્ષેત્રોને તેમની સેવાનું સતત પ્રદાન થતું રહ્યું હતું. જૈન સમાજ અને તેમાં પણ કચ્છી સમાજના–તેઓ અગ્રગણ્ય કાર્યકર્તા હતા; મ્યુનિસિપલ કૉંગ્રેસ પક્ષના તેઓ ઉપનેતા હતા અને સુધરાઈની શિક્ષણ સમિતિના તેઓ ચેરમેન હતા. અનેક જાહેર સંસ્થાઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયલા હતા. તેમના અવસાનથી માત્ર જૈન સમાજને જ નહિ પણ મુંબઈની વિશાળ જનતાને એક સન્નિષ્ઠ કાર્યકર્તાની જલદી ન પુરાય એવી ખોટ પડી છે. તેમના કુટુંબીજનો પ્રત્યે આ સભા ઊંડી સહાનુભૂતિ દાખવે છે અને તેમના આત્માને શાશ્વત શાન્તિ ઈચ્છે છે."

સંઘના નવા કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ડિસેમ્બર તા. ૨૫ મીના રોજ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નવા કાર્યાલયનું (૩૮૫, સરદાર વી. પી. રોડ, ટોપીવાળા મેન્શન, બીજે માળે, મુંબઈ–૪). ઉદ્‌ઘાટન પૂજ્ય કાકાસાહેબ કાલેલકરના હાથે સવારના દશ વાગ્યે કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૬

પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડિસેમ્બર ૧૬ ૧૯૬૯, મંગળવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

કુટુંબભાવના

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ૧૫મી સપ્ટેમ્બરના રોજ રેવરન્ડ ફાધર વાલેસે 'કુટુંબભાવના' –એ વિષય પર આપેલ સંવેદનશીલ વ્યાખ્યાનની નોંધ નીચે આપવામાં આવી છે.)

હંમેશાં મારો એ આગ્રહ રહ્યો છે કે મારા દિલમાં હોય તેવી જ વાતો કરવી. હમણાં એક મહિના સુધી હું મારી બા પાસે હતો. એ વેળા મને એ વાતની ઝાંખી થઈ કે પ્રત્યેક અનુભવ, ચિંતન અને વિચાર કરવામાં ધર્મસાધનામાં કુટુંબ કેટલું મદદરૂપ થઈ શકે છે. એ જ ધર્મભાવના છે જે કુટુંબજીવન સાધી શકે. કટુંબ-ભાવના જન્માવે તે ઉત્તમ સાધના કરે છે. આ બધું શાંતિપૂર્વક થાય છે. કુટુંબની ખૂબી એ છે કે, માનવી એકબીજાનો વિચાર કરે છે. પતિપત્નીનો, બાપ દીકરાનો, દીકરો માબાપનો વિચાર કરે છે. આમ બીજાનો વિચાર કરતાં કરતાં પોતાનો વિચાર પણ થઈ જ જાય છે.

એક દિવસની વાત છે. એક વિદ્યાર્થી મારી સાથે વાત કરવા આવ્યો. વાત કરતાં કરતાં તેને ગળે ડૂમો ભરાઈ આવ્યો. તે વિદ્યાર્થી રડે એવો તો નહોતો. એકવાર તેને વાગ્યું હતું, તે નાપાસ થયો હતો; છતાં તેને રડતો કદિયે જોયો નહોતો. એટલે મને નવાઈ લાગી. મેં તેને રડવાનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે એના બાપુજીને મોટરનો અકસ્માત થયો છે અને તેને હૉસ્પિટલમાં ખસેડયા છે. અકસ્માત જો કે મોટો નહોતો. મારા મનમાં એ વાત ઠસી ગઈ. છોકરો પોતાને વાગ્યું ત્યારે ન રડયો, પોતે હૉસ્પિટલમાં હતો ત્યારે ન રડયો, પણ તેના બાપુજીને વાગ્યું ત્યારે રડયો. તેના બાપુજી હૉસ્પિટલમાં ગયા ત્યારે રડયો. જે પોતાનું દુ:ખ સહન કરી શકે છે તે બીજાનું દુ:ખ સહન કરી શકતો નથી. તેનું કારણ છે કે જેને કટુંબભાવના હોય તે દીકરો બાપ હૉસ્પિટલમાં હોય ત્યારે મનમાં વિચારે કે "બાપનું દુ:ખ કેમ હળવું બને. પણ દુ:ખ આગળ લાચાર છું. આથી મારું દિલ બળવો પોકારે છે. ભગવાનની સામે થાય છે. ભલે મારા ઉપર ભાર નાંખો પણ મારાં માતા-પિતાને બચાવો."

મારું દુ:ખ એ મારી કસોટી નથી. કુટુંબીજનોનું દુ:ખ મારી કસોટીરૂપ બન્યું છે. એક વિદ્યાર્થીએ મને કહ્યું "ફાધર, મને ભગવાન મળે તો હું પૂછવાનો છું. મેં શું કર્યું છે કે આટલું દુ:ખ મોકલ્યું છે? નાનો હતો ત્યારે બાપુજી ગુજરી ગયા. લોકો ભગવાનને નિષ્ઠુર કહેતા હતા, કે નાના છોકરાના બાપને લઈ ગયા."

આ એક વિચાર છે. બીજો પ્રત્યાઘાત આવે છે. "મારો આધાર બીજા પર છે. તો ભગવાનનો જ આધાર રાખીએ તો દુ:ખમાં ય આનંદ થાય."

મારી બા બીમાર રહે છે. કામ કરતાં ય ઘણી વાર તેનો વિચાર આવે ત્યારે હું પ્રભુને પ્રાર્થના કરું છું કે પ્રભુ તેની સંભાળ લેજો.

સામાન્ય રીતે આપણે ભગવાનને યાદ નથી કરતા. આ રીતે ભગવાનને યાદ કરી કસોટી વેળા અંતર્મુખ બનીએ. કુટુંબભાવના કસોટીરૂપ હોય છે. તે માનવીની ઉન્નતિ કરતી જાય છે. માનવીની ખરાબ વૃત્તિઓ કાઢી તેને ઊંચે લઈ જાય છે.

કુદરતનાં બે બળો હોય છે. કેન્દ્રત્યાગી ને કેન્દ્રગામી. આ બે ગતિઓના ખેલથી જ વાહન ઉપર જાય છે. ઉપગ્રહો આમ જ ફેંકાય છે. ગુરત્વાકર્ષણ વધુ હોય તો તે નીચે આવે અને બીજું બળ વધુ હોય તો તે ઉપર જાય. પણ ઉપગ્રહ ઉપર જતાં ઉપગ્રહ મટીને જડ થઈ જાય છે.

માનવીને નીચે ખેંચી જનાર બળ છે સ્વાર્થ. બીજાનું જોર વધે તો ઈર્ષ્યાથી હૃદય બળે છે. ઉપર લઈ જનાર બળ છે પરમાર્થ. આ બળ વધે તો માણસમાંથી મહાત્મા બને છે. આવા ખેલથી જીવન ઘડાય છે.

મૂળ વાત ઈશ્વરને માનવાથી કુટુંબભાવના આવે છે. કેન્દ્ર-ગામી બળ ઓછું કરી ઉપર લઈ જનાર બળ વધારતા રહેવું જોઈએ.

ગુરુદયાળ મલ્લિકના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. તેઓ જ્યારે ૧૨ વર્ષના હતા ત્યારે તેમનાં માતા ગુજરી ગયાં હતાં. તે વેળા ડેરાઈસ્માઈલખાનમાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. લોકોને એકાંતવાસની શિબિરમાં રાખતાં હતાં. એવો નિયમ હતો કે એક દરદી સાથે તેનું એક નજીકનું સગું જ રહી શકે. મલ્લિકજીની મામીને પ્લેગ લાગુ પડયો. તેમને નાનું બાળક હતું. મામાને થયું કે હું સારવાર કરવા જાઉં તો બાળકને કોણ સાચવે? ગુરદયાલજી મલ્લિકનાં માતાએ કહ્યું કે "હું જઈશ. મારાં બાળક મોટાં છે. હું ભગવાનને પ્રાર્થના કરીશ કે મને લઈ જાય ને તેમને બચાવે."

મલ્લિકજી લખે છે કે "માની શ્રદ્ધા ગજબની હતી. તે મામીની સેવા કરવા ગયાં. તેમની સેવાથી મામી તો બચી ગયાં. પણ માને રોગ લાગુ પડયો. મારા બાપુજીએ સમાચાર આપ્યા. તાર મળ્યો. 'અંતિમ ઘડીઓ ગણાય છે.' મરતી વેળા માએ કહ્યું : "હું જાઉં છું. ભૂલચૂક થઈ હોય તો માફ કરશો."

આ એક ઉત્તમ બલિદાન હતું. એ ભોગ એ પૂજ્ય સ્ત્રીએ કેમ આપ્યો? તેને તેના બાર વર્ષના છોકરાની એટલી બધી ચિન્તા નહોતી જેટલી તેના પર સારા સંસ્કાર પડે તેની ચિન્તા હતી.

શ્રી મલ્લિકજી લખે છે કે 'આ બનાવના મારા ઉપર એવા સંસ્કાર પડયા છે કે હું કેમે કરીને જીવનમાં સ્વાર્થ રાખી શકતો નથી."

આમ કુટુંબમાં બલિદાન આપવા તૈયાર થાય તો પુણ્યસંસ્કાર આવે.

ઘણાં મા-બાપ છોકરાના સંસ્કારનો ખ્યાલ રાખે છે. તમે છોકરાને શું કહો છો તે કરતાં તેમની આગળ તમે શું કરો છો તે મહત્ત્વનું છે. છોકરો નાનો હોય છે પણ બધું બરાબર સમજે છે.

એક છોકરાએ એક શબ્દ પૂછયો. હલકી સ્ત્રી માટેનો એ અપશબ્દ હતો. મેં તેને સામેથી પૂછયું: "તું આ શબ્દ ક્યાંથી સાંભળી લાવ્યો?"

છોકરાએ કહ્યું કે "પપ્પા મમ્મીને કહે છે."

આ શબ્દનો ખરો અર્થ જો એ છોકરાને ખબર પડે તો તેને કેટલો આઘાત થાય? ઘણીવાર સીધી રીતે આ વાત નથી કહેવાતી. બે જણાં વાત કરતાં હોય ત્યારે 'પાડોશીઓ સાંભળશે, બૂમ પાડો નહીં.' એવી ચેતવણી ઘરની સ્ત્રી આપે છે. પણ ઘરમાં છોકરો સાંભળે છે, તેના પર તેથી કુસંસ્કારો પડે છે, તે વાત વિસરી જવાય છે.

બહારનાં સાંભળશે તો થોડીવાર રમૂજ ફેરવી બહુ બહુ તો ભૂલી જશે, જ્યારે ઘરનાં છોકરાં સાંભળશે તો તે હંમેશને માટે દુઃખની વાત બનશે.

છોકરાઓ વાતોમાંથી સંસ્કારો લઈ આવે છે. આનું કારણ ગુપ્ત સંસ્કારો છે.

જે વાતો કુટુંબભાવના પ્રેરે છે તે સ્વાર્થત્યાગ સરળ ભાવનાથી કરાવે છે. તેનું ભાન કરાવ્યા વિના કરાવે છે.

હું હમણાં મારા દેશમાં ગયો હતો. ત્યાં મારા કાકાના દીકરા સાથે વાત કરતો હતો. તેનાં તાજેતરમાં લગ્ન થયાં છે. તેણે વાત વાતમાં કહ્યું કે "ગઈ રાતે મને પાંચ વખત ઊઠવું પડયું. બાબો રડતો હતો."

આખી જિંદગીમાંય હું કદી રાતે પાંચ વખત ઊઠયો નથી. કોઈ વાર તપસ્યા માટે એકાદ બેવાર ઊઠયો હોઈશ. આ માણસ પાંચ વાર ઊઠયો. અને તે પણ પુણ્યકર્મની કોઈ ભાવના વિના. એની સાધના ખરી સાધના કહેવાય. મેં જે કંઈ કર્યું તે ભાન સાથે કર્યું હતું. તેણે તે સરળ ભાવથી કર્યું.

એક દિવસે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા થતી હતી. મહાશિવરાત્રીની વાતની ચર્ચા નીકળી. તમને તે વાત તો ખબર છે કે એક ભૂખ્યો શિકારી હરણાં પાછળ પડે છે. હરણાં પકડાવા છતાં તે તેનાં બાળકોને મળવાની વાત કરતાં તે છોડી દઈ તે ઝાડ પર આરામ લેવા ચડે છે. તે ઝાડ બિલિપત્રનું હોય છે. હરણાંને જોવા તે થોડી ડાળીઓ આમતેમ કરે છે તેથી બિલિનાં પાન નીચે પડે છે. નીચે શિવલિંગ હોય છે. તેના પર આમ બિલી પડતાં તેને તેનું ફળ મળે છે. વળી શિકાર ન મળતાં તેને ઉપવાસ પણ હોય છે. આથી તેના પર મહાદેવ પ્રસન્ન થાય છે. તેને કહીને પોતાનાં બાળકોને મળવા ગયેલાં હરણાં પાછાં આવે છે, પણ શિકારી તેમને મુકત કરે છે.

એક વિદ્યાર્થીએ કહ્યું કે મને આ બધું ખોટું લાગે છે. જડતા દેખાય છે. પારધિ અકસ્માત ઝાડ ઉપર ચડયો. તેને ખ્યાલ પણ હતો કે તે ઝાડ બિલીનું છે. નીચે પડેલા શિવલિંગના ભાન વિના, પૂજાના પણ વિચાર વિના કેવળ અકસ્માત, અજાણતાં તેણે તોડેલાં પાંદડાથી જો તેને પુણ્ય મળતું હોય તો તે કેવળ જડતા જ કહેવાય.

પણ એવું નથી. ધર્મનું કામ બે રીતે થાય છે. એક તો હું આ ધર્મનું કામ કરી રહ્યો છું એવા એવા ખ્યાલ સાથે. અને બીજું ધર્મનું કામ કરીએ છીએ ત્યારે એ મારી ફરજ છે એવો ખ્યાલ રહે છે, એ કામ કર્યા વિના છૂટકો નથી એવું ય જો મનને લાગતું હોય તો પણ તેથી તે ધર્મનું કામ મટતું નથી.

હું એક કુટુંબની મુલાકાતે ગયો હતો. ત્યાં મેં જોયું કે એક પથારીમાં અશકત એવી એક સ્ત્રી પડેલી હતી. તેની યુવાન વહુ તેની સારી સંભાળ રાખતી હતી. દિવસ-રાત તેની સેવા-ચાકરી કરતી હતી. તેની સાસુને ઓશિયાળું જીવન ન લાગે તેનો ખ્યાલ રાખતી હતી.

મેં એ યુવાન વહુની સેવા જોઈ તેમને અભિનંદન આપ્યાં.

તેણે કહ્યું: "મારી આ ફરજ છે. મારી જગાએ બીજી વહુ હોત તો વધુ સારી સેવા કરત." એ બાઈ પુણ્ય કરે છે, પણ અભિમાન વગર કરે છે.

પેલા પારધિએ અજાણતાં બિલી નાંખી એટલે જ તે શિવલિંગ ઉપર પડી હતી. જાણી જોઈને તે નાંખતે તો કદાચ આડી-અવળી પણ પડી હોત. આમ ગરીબ માણસ ઉદ્યમ કરે છે તો સંતોષ માને છે; વધુ મેળવવા ગાળ દેતો નથી. જ્યારે આપણે જે કંઈ કરીએ તે વાજતે-ગાજતે કરીએ છીએ. બિલીપત્ર આડું પડયું તેનું આપણને ભાન રહે છે. સરળ ભાવથી કામ થાય તે, ભાનપૂર્વક કામ થાય તેનાથી વધુ પવિત્ર હોય છે. પવિત્રતા ને સરળતા સાથે જ જાય છે. કબીરે કહ્યું છે ને: "સહજ સમાધ ભલી."

અભિમાન વિના પુણ્ય થાય એ ભલા માટેનું કાર્ય છે. સહજ સાધના કુટુંબભાવનામાં જણાય છે.

શકિત ક્યાંથી આવે છે? શકિત એ દિલનું તત્ત્વ છે. મન કામ કરી શકે, દિશા બતાવે છે, અનુમાન કરી સાચોખોટો રસ્તો બતાવે, પરંતુ દિલમાં પ્રેરણા છે તે ધક્કો મારે છે. ભાવના લાગણીમાં છે. કુટુંબભાવનામાં લાગણી—પ્રેમ છે.

થોડા સમય અગાઉ હું એક મેડિકલ લાઈનના ગરીબ ઘરના છોકરાને મળ્યો હતો. તેણે કહ્યું: "મારો બાપ ગરીબ છે, એટલે મારો નાનો ભાઈ સ્કૂલ છોડી ખેતી કરે છે. બાપની ઉંમર થઈ છે. હું ભણું છું, બધાંની ઈચ્છા છે કે હું ડાકતર બનું. નાનો ભાઈ હજી સાવ યુવાન છે. નાજુક શરીરનો છે. તેને ખેતીની કઠણ મજૂરી કરતો જોઉં છું ત્યારે મારા દિલમાં શું શું થાય છે એ હું કહી શકતો નથી. મારી પ્રેરણા મારા ભાઈ અને મારા બાપના આ આત્મભોગની ભાવના છે.

આ છોકરો ભણવા માટે શું નહિ કરે? એ છોકરો નાપાસ થાય? બિલકુલ નહિ. તે રાત દિવસ પાસ થવા કોશિશ કરશે. ડાકતર થઈ ભાઈ અને બાપને સંતોષ આપશે. જે વસ્તુ પ્રિન્સિપાલની ધમકી કે પરીક્ષાની બીક ન કરાવે તે આ પ્રેરણા તેને કરાવે છે. બહારની બીક ન કરાવી શકે તે અંતરની બીક કરાવે છે.

એક બીજો છોકરો છે. તેના બાપ પર મોટું દેવું છે, છતાં તેનો બાપ તેને રૂપિયા આપે છે. જા અમેરિકા જા, ને ડિગ્રી લઈ આવ. અમેરિકા જઈને એ છોકરો બગડશે નહીં. સારા સંસ્કારો રાખી ભણશે. પોતાના બાપને સંતોષ આપશે. તેના દિલની આ ભાવના છે. આવી ભાવના વિદ્યાર્થીમાં જોઉં છું ત્યારે તેના ભવિષ્ય વિષે હું ચિન્તામુકત થાઉં છું. કોઈ છોકરાના દિલમાં ઘરના સંજોગોથી આવું ભાન થતું જોઉં છું ત્યારે તેના વિષેનો ડર મટી જાય છે. આ પવિત્ર ભાવના છે—એ કદિયે ધોકો નહિ જ દે.

એક બીજો દાખલો દઉં. એક છોકરાને અમેરિકા જવા માટે શિષ્યવૃત્તિ જોઈતી હતી. તેને માટે મારી પાસે ભલામણ જોઈતી હતી. તેણે કહ્યું "ઘરે બા એકલાં છે. બાપ નથી. બે ભાઈઓ છીએ. છતાં બાનો આધાર હું છું. બા મને રોકતી નથી. હું અમેરિકા જવાની વાત કરું છું ત્યારે તે જવાની વાત પૂછે છે. એ ઈચ્છે છે કે હું ન જાઉં. મેં અરજીઓ કરી. પણ જવાબ ના આવે તેવી મારી ઈચ્છા છે. જવાબો આવ્યા તેમાં ના આવી. હજી એક જગાનો જવાબ નથી આવ્યો. બા પૂછે ત્યારે કહું કે જવાબમાં ના આવી છે. છેલ્લો જવાબ હા માં આવ્યો. તે વેળા પણ મેં બાને ના જ પાડી. જો કે હું ખુશ થયો હતો. પણ બાને દુઃખ થાશે એમ માની ન કહ્યું. મનમાં નક્કી કર્યું કે અમેરિકા જવું જ, નાનો ભાઈ છે, તે માની સંભાળ લેશે. બાકી ભગવાનની ઈચ્છા. બાએ પ્રાર્થના કરવા છતાં હા જ આવી. મનમાં વિચાર કર્યો હવે પત્ર આવશે ત્યારે હા આવી છે એમ બાને કહીશ.

મેં એક દિવસે જોયું કે બા જમી નહીં. મનમાં થયું કે ઉપવાસ હશે. એટલે પૂછયું નહીં. બીજે દિવસે પણ બા ન જમી. મેં પૂછયું આમ કેમ, તારી તબિયત સારી નથી? બાએ કહ્યું તું કહે છે કે અમેરિકાથી બધા જવાબ નામાં આવ્યા છે, તારી જવાની ઈચ્છા છે. તારા બાપ પણ અમેરિકા જવા ઈચ્છતા હતા. તું જાય તો કુટું-

બને કેટલો ફાયદો થાય. એટલે હું પ્રભુને પ્રાર્થના કરતી હતી કે તારો જવાબ 'હા'માં આવે. હવે જ્યાં સુધી છેલ્લો જવાબ 'હા'માં ન આવે ત્યાં સુધી હું અન્ન નહિ લઉં.

પ્રાર્થના કરીએ ને જવાબ ન આવે એવું બને જ નહીં. મેં જોયું કે બા એટલા માટે જ પ્રાર્થના કરતી હતી કે જવાબ હામાં આવે. બાની પ્રાર્થના મને જતો રોકવા માટે નહીં પણ મને મોકલવા માટે હતી!

બાએ કહ્યું "તું નહિ જાય તો મને વધારે દુ:ખ થશે."

આમ જ્યારે મા પૂરા દિલથી દીકરાનું ભલું કરે તો દીકરો તેને માટે શું ન કરે? ત્યારે દિલમાં કેટલી લાગણી જન્મે? દુનિયામાં એવી પવિત્રતા હોય તો શું ન થઈ શકે? કુટુંબભાવના સારું કામ કરાવે છે. ઉત્તમ કામ કરાવે છે.

માતાનું સ્વરૂપ કેવું હોય તે મારા કાકાના દીકરાની પત્નીના મારા ઉપર આવેલા એક પત્રમાંથી જોવા મળે છે. તે લખે છે કે "હું ટૂંક જ સમયમાં મા થવાની છું. બાળકને હું શરીરમાં ફરતું અનુભવું છું. તે બાળક મારું છે તેની જાણે હજી મને પ્રતીતિ થતી નથી. બાળક જમણેથી ડાબે ને ડાબેથી જમણે ફરે છે. પરીક્ષા આવે છે; તૈયારી નથી કરી. હું ઉતાવળ કરી ન બેસું એવું લાગે છે. મને થોડો કુદરત સામે ય રોષ છે. થોડો રંજ છે, કુદરતે થોડી રાહ જોઈ હોત તો સારું થાત. હવે છોકરો રાહ નહીં જોવા દે."

પણ તે લખે છે કે: "આવ બાળક આવ. આપણે સાથે મળીને રસ્તો કાઢીશું." આ શિખાઉ માતાના ઉદ્‌ગારો છે. દરેક સ્ત્રી, પછી ગમે તેટલાં છોકરાં થયાં હોય છતાં યે, શિખાઉ માતા જ હોય છે. એમાંથી ભાવનાની પવિત્રતા શિખવાની છે. તો જીવનની જવાબદારી માટે તૈયાર થઈ જીવન માટે રસ્તો કરી શકીએ.

આ છોકરી સુંદર ભાવ સરળતાથી રજૂ કરી શકે તેને માટે શું કારણ છે?

યુરોપમાં વૃદ્ધ લોકોનાં આશ્રમ હોય છે. દીકરા-દીકરી પરણીને છૂટા થયા પછી જેમનું સંભાળ લેનારું કોઈ ન હોય તેવાં વૃદ્ધો આ આશ્રમમાં રહે છે. તેની સંચાલિકા બહુ ભલી છે. તેણે મને એક વૃદ્ધાનો પરિચય આપતાં કહ્યું કે આ સ્ત્રી એકલી છે. તેનો પતિ ગુજરી ગયો છે. તેનો દીકરો છે, પરણેલો છે, આ શહેરમાં જ છે. પણ તે તેને સાથે રાખતો નથી. અરે, મળવાય આવતો નથી."

મેં કહ્યું: 'આ તો બહુ ખરાબ કહેવાય. તેને પત્ર લખવો જોઈએ. મારા કહેવાથી તેણે દીકરાને પત્ર લખાવ્યો. પણ તેમાં કોઈ પણ જાતની ફરિયાદ નહોતી. કેવળ એટલી વાત લખી હતી કે "હું સુખેથી રહું છું, તું કોઈ કોઈ વાર આવતો જા."

પત્ર લખ્યા પછી પેલી સંચાલિકા બાઈએ કહ્યું કે શિરનામું આપો પોસ્ટ કરું. પણ માએ શિરનામું આપવાની ના પાડી. કેમ? પૂછ્યું. "તમે તેને ત્યાં જાઓ. તમે તેને મારા વિષે ફરિયાદ કરો, વઢો. મારા દીકરાને કોઈ હેરાન કરે એવું હું ઈચ્છતી નથી હું જ શિરનામું લખી જાતે પોસ્ટ કરીશ." તે બાઈની મમતા જુઓ. દીકરો ભલે મળવા ન આવે પણ તેને કોઈ ભોંઠો ન પાડે એય તે જુવે છે.

પૂ. કાકા સાહેબની વાતોમાંથી આ વાત જાણવા મળી. ખ્રિસ્તી-ધર્મમાં પ્રોટેસ્ટન્ટ અને કેથોલીક બે પંથ છે. તેમાં કેથોલીકોની એક વાત મને ગમે છે. તેમનામાં માતાની ભાવના છે. મેરી પ્રત્યે પૂજ્ય-ભાવ છે. જે બીજા પંથમાં નથી. હું જ્યારે એક કેથોલીક સંસ્થાની મુલાકાતે ગયો ત્યારે મેરીનું બાવલું જોયું. ને સાષ્ટાંગ પ્રણામ કર્યાં.

કાકાસાહેબે એમ કેમ કર્યું હશે? તેમણે કહ્યું કે મેરીમાં મેં મારી માતાની મૂર્તિ જોઈ. એટલે જ મારાથી સાષ્ટાંગ કર્યા વિના ન રહેવાયું.

કુટુંબ ધર્મમાં માતાની ભાવના આવે છે: તે સિવાય કંઈક ખૂટે છે તેમ લાગે છે.

ઈશુ ક્રૂસ લઈને બલિદાન માટે જતા હતા ત્યારે મેરી સાથે હતાં. મરની વેળા ઈશુએ કહ્યું કે "હું મારું મોત તો સહન કરીશ, પણ મારી માની સામે મારે મરવું પડશે તેનું દુ:ખ છે."

મેરીએ પણ તેવી જ રીતે કહ્યું: "મારું શું થશે તેની મને ચિન્તા નથી, પણ મારા દીકરાનું મોત મારી સામે થાય છે એની મને ચિન્તા છે. આમ કુટુંબભાવના પોતાનું દુ:ખ ભુલી બીજાનો ખ્યાલ કરાવે છે.

ઈશુને ખીલા ઠોકાયા ત્યારે તેમની છેલ્લી ઘડીએ તેમની મા અને તેમના પ્રિય શિષ્ય બે જ જણ હતાં. ત્યારે ઈશુએ છેલ્લા શબ્દોમાં શિષ્યને કહ્યું: "જો આ તારી બા છે."

બાને કહ્યું: "જો આ તારો દીકરો છે."

આ શબ્દોથી તેમની વેદનાનો ખ્યાલ આવી શકશે.

હું તો ૨૦ વર્ષ પહેલાં જ મારી બાની વિદાય લઈ અહીં આવ્યો હતો. ફરી મળવાની ખાતરી તો નહોતી જ. છેલ્લી વાર બાને મળ્યો ત્યારે મેં ભગવાનને પ્રાર્થના કરી કહ્યું: "ભગવાન, આ મારી બા છે. હું નથી રહેવાનો. એ તારી બા છે. તારે હવે તેની સંભાળ રાખવાની છે."

વીસ વર્ષે તેની સાક્ષી મળી. ભગવાને સંભાળ લેવાનું કામ પાર પાડ્યું હતું. મને બાને મળીને સંતોષ ને આનંદ થયો.

મારાં ગુજરાતી પુસ્તકોની પહેલી નકલ હું તેને મોકલું છું. હું તેને મળ્યો ત્યારે તે તે પુસ્તક જોઈ રહી હતી. મેં પૂછ્યું "બા તું વાંચી શકે છે.?" તેણે કહ્યું, "મને સમજણ પડે છે કે નહીં, પણ એ તારું લખાણ છે એટલું જ મારે માટે પૂરતું છે." મને ય થયું કે બા વાંચે છે, જુએ છે – એ પૂરતું છે. હવે કોઈ બીજું વાંચે કે ન વાંચે તેની ચિંતા નથી.

મિલનનું સુખ હતું તેવું વિયોગનું દુ:ખ પણ આવ્યું. બાનો આશીર્વાદ મળ્યો. બાએ કહ્યું: "ગરીબોનું કામ એ મારું કામ છે. મારા આશીર્વાદ છે." અહીં આવી હું ઘરમાં દાખલ થયો તો ટપાલનો મોટો ઢગલો થયો હતો. તેમાં જોયું તો પહેલો જ કાગળ બાનો હતો. યુરો-પથી કાગળ વિમાનમાં આવે તોય ચાર પાંચ દિવસ લાગે. મને થયું હજી કાલે તો હું બાની સાથે હતો ને આજે અહીં કાગળ કેવી રીતે પહોંચ્યો?

કાગળમાં તેનો ખુલાસો હતો.: લખ્યું હતું કે: "તું મારી સામે બેઠો છે ને હું તને આ પત્ર લખી રહી છું. ચાર દિવસ પછી તું જવાનો છે, માટે આ કાગળ હું આજે ટપાલમાં નાખીશ, જેથી તું ત્યાં પહોંચીશ ત્યારે તરત એ તને મળે. ગમશે ને? આ દિવસોની શી વાત કરું? ભગવાનનો આભાર માનીએ કે આપણને ભેગાં કર્યાં ને આટલા દિવસ સુધી સાથે રાખ્યાં. એનો પ્રસાદ છે. તારા જવાથી મને હવે કેટલું દુ:ખ થશે એ તો તું ય સમજી શકવાનો નથી., પણ ભગવાનના હાથમાંથી જેમ સુખ લીધું છે તેમ દુ:ખ પણ હવે સ્વીકા-રીએ. મારી ચિન્તા ન કર. તું એ લોકોની વચ્ચે રુડું કામ કરી રહ્યો છે એ હું જાણું છું. એ યુવાનોની સારી સેવા કરી રહ્યો છે એ ચાલુ રાખજે, બેટા. એ યુવાનો પણ મારા દીકરાઓ છે, એમને માટે પણ મારો આશીર્વાદ છે. એમને ખબર ન હોય પણ હું એમને માટે રોજ ભગવાનને પ્રાર્થના કરું છું. અને તારા હાથે એ પવિત્ર કામ થાય એ મારા જીવનનો મોટામાં મોટો આનંદ છે. આ દેહનો હવે ભરોસો નહિ, મોહ પણ નહિ. પણ તું એ કામ કરી રહ્યો છે એ આનંદ સાથે હું હજુ જીવીશ, અને ભગવાન બોલાવે ત્યારે એ આનંદ સાથે જઈશ. તું ત્યાં પહોંચી ગયો હશે એટલે તરત ફરીથી કામે લાગજે. હા. એ કામ છોડીને અહીં મારી સંભાળ લેવા આવ્યો એ માટે મને એક વાર તો તારો આભાર માનવા દે. ભગવાન તારું ભલું કરે, બેટા. તારા કાગળની રાહ જોઉં છું, હવે તો કાગળોની જ રાહ જોવાની રહીને! જરૂર લખજે."

આ માતાની ભાવના ધર્મની ભાવના છે.

કુટુંબ સાધના એ ઉત્તમ સાધના છે. આવી બધાને પ્રતીતિ થાય તો કુટુંબમાં ઉત્તમ કામ કરી શકીએ. ભગવાન પાસે જઈએ ત્યારે જગતને બૃહદ્ કુટુંબ માનીએ, પ્રભુને પરમ પિતા સમજી તેની પ્રાર્થના કરીએ!

ફાધર વાલેસ

ગાયનું દૂધ કૂતરા પી ગયા!: રાષ્ટ્રીય ભ્રષ્ટતાનો નાદર નમૂનો!

સ્વરાજ્યના બાવીસ વર્ષના વહીવટ દરમિયાન દેશના લોકોએ કરવેરા રૂપે અને ધીરાણ રૂપે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને અબજો રૂપિયા આપ્યા. ઉપરાંત જૂદા જૂદા દેશોમાંથી પણ સરકારને ધીરાણ રૂપે તેમ જ સહાય રૂપે અબજો રૂપિયા મળ્યા. એ બધાય રૂપિયા, સરકારી તિજોરી તળિયાઝાટક થઈ જાય એ રીતે ખરચાઈ ગયા! અને છતાં દેશના ગરીબ માનવીનું ભાગ્ય ગરીબ જ રહ્યું, ભૂખ્યા માનવીઓ એઠવાડ ખાતાં, પતરાવળાં ચાટતાં અને રોટી, વસ્ત્ર અને રહેઠાણ માટે ટળવળતાં જ રહ્યા! અને બાદશાહખાન જેવા ખુદાના ફિરસ્તા, હિંદના સાચા હિતસ્વી અને ગરીબોના સાચા બેલીને, આપણા દેશની ભયંકર દુર્દશા જોઈને, સ્વરાજ્યના બાવીસ વર્ષના વહીવટ દરમ્યાન ભારતવર્ષનો ગરીબ વધારે ગરીબ બન્યો અને અમીર વધારે અમીર બન્યો, એવી વેદનાભરી વાણી ઉચ્ચારવી પડી!

સ્વરાજ્યને સુરાજ્યમાં પલટાવીને દેશના અદનામાં અદના માનવીનું ભાગ્ય સુધરે એ રીતે દેશમાં સર્વોદયની સ્થાપના કરવાનું ધ્યેય કેમ સાવ રોળાઈ-વીસરાઈ ગયું, એવો પ્રશ્ન ઘણાને મુંઝવી રહ્યો છે. પણ જો બુદ્ધિને ઉઘાડી રાખીને આપણે નગ્ન અને કડવા સત્યને સ્વીકારવા તૈયાર હોઈએ તો આપણને એ સમજતા વાર ન લાગવી જોઈએ કે આ બધાં વર્ષો દરમ્યાન ગાયને દોહીને સામાન્ય અને ગરીબ જનતાની પુષ્ટિ માટે મેળવેલું દૂધ સરકારી તંત્રના કે સરકારી તંત્રમાં વગ ધરાવતા કૂતરાઓને જ હવાલે થતું રહ્યું છે! અને પાધડીનો વળ છેડે આવી ગયો હોય એમ આ રાષ્ટ્રીય ભ્રષ્ટતા એની છેલ્લી ટોચે પહોંચી ગઈ હોય એવા એક એકથી ચઢિયાતા દાખલાઓ મળવા લાગ્યા છે. આપણી રાષ્ટ્રીય ભ્રષ્ટતાનો આવો જ એક નાદર નમૂનો ગુજરાતમાં બનાસકાંઠામાં ગત વર્ષ થયેલ દુષ્કાળ રાહતકાર્યમાં થયેલ બેશરમ અને અસાધારણ ગોલમાલ અને ભ્રષ્ટાચારનો તાજેતરમાં જાણવા મળ્યો છે.

આ ગોલમાલ અને ભ્રષ્ટાચારની તપાસ માટે નિમાયેલ તપાસ સમિતિની, કેટલીક ઊંધ ઉડાડી મૂકે એવી વિગતો અમદાવાદથી પ્રગટ થતા 'ગુજરાત સમાચાર' દૈનિકના તા. ૧-૧૨-૬૯ના અંકમાં પ્રગટ થઈ છે. આ વિગતોમાંની થોડીક વિગતો અહીં આપવી ઉચિત અને જરૂરી છે. એ અહેવાલ કહે છે કે;

"ગુજરાત રાજ્યમાં દુષ્કાળ રાહતના કામોમાં ગેરરીતિઓ થયાની ફરિયાદો ઠેરઠેરથી ઉઠવા પામી છે. બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ગલબાભાઈ પટેલે આવી ફરિયાદો મળતાં ત્રણ સભ્યોની એક તપાસ સમિતિ નીમી હતી. આ સમિતિએ તાજેતરમાં સુપરત કરેલ પ્રાથમિક અહેવાલમાં રજૂ કરેલ માહિતીમાંથી કેટલીક તેમના જ શબ્દોમાં નીચે આપી છે.

"કોલરવાડા લવાણા રોડ પાછળ રૂા. ૩,૮૭,૪૩૦નો ખર્ચ થયાનું સબ ડિવિઝનલ ડે. ઈજનેરે જણાવ્યું હતું. એ પછી નાયબ ઈજનેરે રૂા. ૩,૦૬૮૫૪ નો ખર્ચ થયાના આંકડા આપ્યા. પરંતુ વાસ્તવમાં આ રસ્તાના માટીકામ પાછળ રૂા. ૧,૧૦,૦૦૦થી વધારે ખર્ચ થયું હોય તેમ લાગતું નથી. સમિતિ સંપૂર્ણ માપ વગેરે લીધા પછી એવા નિર્ણય ઉપર આવી છે કે આ એક જ કામમાં રૂા. બે લાખથી પોણા ત્રણ લાખની ગોલમાલ થઈ છે.

"અધમ પાપાચાર: સમિતિની તપાસમાં જણાયું કે બહેનોના શિયળ ઉપર પણ ભ્રષ્ટાચારનો પંજો ફેલાયો હતો. મજૂરોએ તપાસ સમિતિને નિસાસા નાંખતાં કહ્યું કે ઘરમાં જુવાન બૈરી કે જુવાન છોકરી હોય તો એ ગુન્હો બને છે. સરકારી અધિકારીઓ જવાન બૈરી કે છોકરીને મોકલવા માટે કહે અને જો ના પાડવામાં આવે તો એ બધાને કામમાં લેવાની ના પાડવામાં આવતી હતી. અમારી સમક્ષ બહેનોના શિયળ લૂંટવાની જે માહિતી આવી છે તે અહીં રજૂ કરી શકીએ તેમ નથી. પરંતુ ગરીબ જનતા પરનો આ જાતનો જુલમ જોઈ હૃદય કંપી ઊઠે છે.

"બોલતા નક્કર પુરાવા: નિઃસહાય ઠંડીથી ધ્રૂજતા મજૂરોને રક્ષણ આપવા સાદડીઓ ખરીદવામાં પણ ગોલમાલ કરવામાં આવી છે. સાદડીઓ ખરીદ્યા વિના નાણાં ઉધરાવવામાં આવ્યાનું જણાયું છે. મજૂરોને નાણાં ઓછાં ચૂકવવામાં આવ્યા છે. મજૂરોના નામો, મસ્ટરમાં જેટલી રકમમાં સહી લીધી છે તેનાં કરતાં ઘણી ઓછી રકમ ચૂકવાયાના સેંકડો બનાવો જોવા મળ્યા છે. ગેંગમેન પ્રભુ દલાને રૂા. ૭૬૦ પ્રથમ સપ્તાહમાં ચૂકવવામાં આવ્યાનું હિસાબમાં જણાવ્યું છે, પરંતુ વાસ્તવમાં તેને માત્ર રૂા. ૩૬,૦૦ ચૂકવવામાં આવ્યા છે. બીજા સપ્તાહમાં રૂા. ૪૪ ઉધારમાં આવ્યા છે, જ્યારે તેને રૂા. ૨૧.૮૫ આપવામાં આવ્યા હતા. પ્રભુ દલા ભણેલો હોવા છતાં મસ્ટરમાં તેનો અંગુઠો લેવામાં આવ્યો છે. સરકારી ચોપડે ૬૧૪૮ બ્રાસ માટીકામ એક તળાવ પર થયાના પૈસા ઉધારવામાં આવ્યા છે, જ્યારે વાસ્તવમાં ૨૭૭૦ બ્રાસ જ માટીકામ કરવામાં આવ્યું છે. ધ્રોડ તળાવ ઉપર ૨૯૨૮ બ્રાસ માટીકામ થયાનું જણાવ્યું છે, પરંતુ વાસ્તવમાં ૬૦૮ બ્રાસ માટીકામ થયું છે.

"આ તળાવ ઉપર કામ કરનાર મજૂરોએ ગેંગ દીઠ રૂા. ૧૦ ઓવરશીયરને દર સપ્તાહે કામ પર રાખવા બદલ લાંચ આપવી પડી છે. રાહત કામોમાં માટી ખોદવાના સાધનો મજૂરો ઊંચકી લાવ્યા હતા, છતાં કોઈ ગધેડાવાળાના વાઉચરોમાં મજૂરીના પૈસા ઉધાર્યા છે.

"સાત તળાવોના માટીકામમાં રૂા. ૧,૩૧,૦૦૦ ચૂકવ્યા છે. જ્યારે વાસ્તવમાં ખર્ચ રૂા. ૬૦૦૦૦ થયું છે. રૂા. ૭૧૦૦૦ની ઉચાપત થઈ છે.

ધાવણા બાળકનું નામ: ભાટરાળ ગામે ઉકેડા રૂપા નામનાં મજૂરના નામે મજૂરી ચુકવ્યાનુ મસ્ટરમાં જણાવ્યું હતું, પરંતુ તેના બાપ રૂપા મનજી અને તેની માએ કહ્યું કે, આ છોકરો કદી કામ ઉપર આવ્યો નથી, કારણ કે તે ધાવણો છે, કામ કરી શકે તેમ નથી. માએ ધાવણા છોકરાને સમિતિ સમક્ષ રજૂ કર્યો હતો. નેનાવા ગામે હેગોળા પ્રેમાનું નામ મજૂરોમાં લખ્યું છે. અન્યત્ર રેશમ હેગોળા, ખારી હેગોળા અને નીલા હેગોળા એવી ત્રણ સ્ત્રીઓને નાણા ચૂકવાયાં છે. તપાસ કરતાં જણાયું કે, આ ત્રણ હેગોળાની પત્નીઓ નથી. હેગોળાએ કહ્યું કે તેની પત્નીની ઉમર ૩૦ વર્ષની છે. તેની બે નાની દીકરીઓ છે, છતાં મસ્ટરમાં પુખ્ત ઉમરનાં ગણી નાણાં ચૂકવાયાં છે.

"દુર્દશાની કરુણ કથની: કામો ઉપર દેખરેખ રાખતા ઓવરશીયરો ઈજનેરોને અમુક રકમ ચૂકવતાં હતાં. ડીસાના ઓવરશીયરે લોકોને ચૂકવેલી ઓછી રકમમાંથી એક્ઝીકયુટીવ ઈજનેરને અમુક રકમ ચૂકવ્યાનું કબૂલ કર્યું હતું. કામ ઉપરના ઘણા માણસો ઈજનેરના સગા હતા. સમિતિને જણાયું કે દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં લોકોએ જીવવા માટે પીવાના પાણીના ખ્યાલા સુધ્ધાં મફતના ભાવે બજારોમાં વેચી દીધાં છે, એટલું જ નહિ પણ બહેન દીકરીઓનાં શિયળ પણ વેચાયા છે. આમ છતાં પણ રાહત કામો શરૂ નહિ થવાને કારણે લોકો માલમિલકત મૂકી હીજરત કરી ગયા છે."

'ગુજરાત સમાચાર'માં જે હકીકતો આપવામાં આવી છે તેમાંની કેટલીક હકીકતો જ અમે અહીં આપી છે, અને 'ગુજરાત સમાચારે' પણ તપાસ સમિતિના અહેવાલમાંથી તારવીને કેટલીક આગળ પડતી હકીકતો જ આપી છે. એટલે આખો અહેવાલ તો કેટલો ભયજનક હશે, એની તો કલ્પના જ કરવી રહી.

દરેક સરકારી ખાતાના ઉચ્ચાસને એક એક પ્રધાન બેઠેલ હોવા છતાં આટલી હદની નીતિભ્રષ્ટતા અને આચારભ્રષ્ટતા ફાલે ફૂલે એ માટે કોને શું કહીએ? આનો અર્થ એ કે પ્રધાનો પોતાની સ્વાર્થસાધનામાં વિક્ષેપ ન આવે એ માટે સત્તાની સાઠમારીમાં રચ્યાપચ્યા રહે છે, અથવા તો પોતાના ખાતાના વહીવટનો હવાલો પોતાના

ખાતાના અમલદારને ભળાવીને નિરાંતે ઉદ્‌ઘાટનો અને સમારંભોમાં મહાલ્યા કરે છે. પરિણામે દેશની સામાન્ય અને ગરીબ જનતાનું ભાગ્ય સરકારી તંત્રના વડુ જેવા માથાભારે અમલદારોને હાથ પડી જાય છે. પછી તો આ બનાસકાંઠા જિલ્લાના રાહતકાર્ય જેવી પ્રજાની દુર્દશા ન થાય તો જ નવાઈ! જ્યાં વાદને જ ચીભડાં ગળી જવાનો પરવાનો મળી જાય, ત્યાં પછી ચીભડાંનું ધણીધોરી કોણ? હિંદુસ્તાનની હાલત બરાબર આવી છે, આમાં ગુનેગાર સરકારી તંત્રને યોગ્ય શિક્ષા થશે, અને દીન-દુઃખી પ્રજાજનોને ન્યાય અને રાહત મળશે, એવી અપેક્ષા કેવી રીતે રાખી શકાય? બલિહારી છે, આપણા લોકશાહી સરકારી તંત્રની!

આ બાબતની ચર્ચા અમે અહીં ખાસ હેતુસર કરી છે. અત્યારે ગુજરાત અને રાજસ્થાનના જૂદા જૂદા વિભાગોમાં બહુ આકરો દુષ્કાળ પ્રવર્તે છે, અને જે વિભાગો ગયા વર્ષે દુષ્કાળમાં સપડાયા હતા તે વિભાગો ઉપર ફરી દુષ્કાળનો પંજો ફરી વળ્યો. એ સ્થિતિ તો પડતા ઉપર પાટુ જેવી વધુ વસમી બની ગઈ છે. એટલે આ સંકટમાંથી સામાન્ય અને ગરીબ વર્ગને તેમ જ પશુધનને ઉગારી લેવા માટે સરકારી રાહે તેમ પ્રજા તરફથી પણ લાખો રૂપિયાની જોગવાઈ કરીને સમર્થ પ્રયત્ન કરવામાં આવે એ સ્વાભાવિક છે અને ફરજરૂપ પણ છે. પણ જો એની સ્થિતિ બનાસકાંઠાનાં રાહતકાર્યો જેવી થવાની હોય તો પ્રજા અને પશુઓના બચાવની દૃષ્ટિએ એનું પરિણામ શૂન્ય જેવું જ આવવાનું.

'જૈન' પત્રમાંથી સાભાર ઉદ્‌ધૃત **રતિલાલ દીપચંદ દેસાઈ**

નિરામિષાહાર: જીવનવિકાસનો માનવ્યમાર્ગ

(ડૉ. વસંતકુમાર ન. જાઈ આહારશાસ્ત્રજ્ઞ તરીકે પ્રતિષ્ઠા પામેલ દાક્તર છે. 'નિરોગીનો આહાર' નામે પુસ્તિકામાં સમતોલ અને પોષક આહારની સરળ રીતે સમજ આપનાર ડૉ. જાઈ મુંબઈની હાફકિન ઈન્સ્ટિટ્યૂટમાં વીસેક વર્ષથી પોષણ અને સ્વાસ્થ્ય સંબંધી સંશોધનકાર્ય કરી રહ્યા છે. આ લેખમાં એમણે માનવીના આહારની મીમાંસા કરી છે. *તંત્રી*)

ઉગ્ર ચિત્તવૃત્તિ અને સંહારશકિત એ પ્રાણીમાત્રનાં મુખ્ય લક્ષણો છે. પ્રાણીસૃષ્ટિમાંના એકાદ (વાંદરા જેવા) પ્રાણીને વિપુલ સમજણશકિત અર્પી ઈશ્વરે માનવની ઉત્પત્તિ કરી મનાય છે.

આ રીતે સદીઓપૂર્વે માત્ર એક જ વિશિષ્ઠ પ્રકારના 'પ્રાણી' મારફતે સર્જનહારે માનવતાનું સિંચન કર્યું ગણાય. વિકાસક્રમની દૃષ્ટિએ પ્રાણીસૃષ્ટિમાં આવી 'બાયોલૉજિકલ' ઉન્નતિ ઈશ્વરે બુદ્ધિપૂર્વક આદરી હશે એવી સામાન્ય માન્યતા છે.

આમ ઉન્નતિ પામેલા આ માનવનો પૂર્વજ વાંદરો આજે પણ નિરામિષાહાર પાળે છે; જ્યારે માનવ પોતે પોતાના સ્વાર્થ કાજે પ્રાણીસંહારના પ્રશ્ન અંગે માનવતાને તિલાંજલી આપવામાં અચકાતો નથી. પરિણામે ખોરાકની ઉત્પત્તિ, પ્રાપ્તિ કે પસંદગીના સંદર્ભમાં આ પ્રકારની માનવતાની ઉપેક્ષા આપણા કહેવાતા શિક્ષિત સમાજમાં રોજ-બ-રોજ વધુ ને વધુ નજરે પડે છે.

પ્રોટિન અંગે બુદ્ધિભ્રમ

નિરામિષાહારી તાજ્ય એવાં પ્રાણીજ ખાદ્ય સરવાળે વધુ પૌષ્ટિક છે એવી એક પ્રચલિત હકીકતથી બુદ્ધિશાળી નાગરિક આમિષાહાર તરફ ઢળતો જાય છે. આવો શિક્ષિત નાગરિક હરહંમેશ એક જ સવાલ પૂછતો હોય છે: "ઉત્તમ કક્ષાનાં પ્રોટિન અન્નશાકાહારીને કેવી રીતે સહેલાઈથી સાંપડે? વારંવાર ચર્ચાતા આ વાજબી પ્રશ્નનો સંતોષકારક જવાબ મોટા ભાગના દાકતરો પણ જવલ્લે જ આપતા હોવાથી, શાકાહાર એ એક ઊતરતી પંકિતનો ખોરાક સમૂહ હોવો જોઈએ એવો બુદ્ધિભ્રમ (ઑબ્‌સેશન) શિક્ષિત વર્ગમાં પ્રવર્તેલો છે. સુધરેલો વર્ગ ઉત્તમ પોષણના બહાને મોટે ભાગે આનંદ માણવા ઘરે નહિ તો બહાર માંસાહાર પસંદ કરે છે.

આવા જ બુદ્ધિભ્રમથી ઘેરાયેલો પુરુષ બાળકોના શારીરિક વિકાસને માટે ગૃહિણીની પ્રબળ મનોભાવનાની વિરુદ્ધ જઈ, પોતાના બાળકોને ઈંડાં આપવાનો આગ્રહ પણ ક્યારેક સેવે છે. રુચિ-અરુચિ, પાચન-શોષણનો વિચાર કર્યા વગર ખવડાવાતા આવા ખાદ્યપદાર્થથી ઈચ્છિત સ્વાસ્થ્ય-વિકાસ ન જોતાં એ ઘણીવાર અકળાય પણ છે.

આ કારણે અત્યારે આમિષાહારની, એટલે કે શાકાહારીને તાજ્ય એવા પ્રાણીજન્ય પદાર્થોની, સ્વાસ્થ્ય અને પોષણ માટેની આવશ્યકતા વિચારવાનું જરૂરી બન્યું છે. આમ તો આ વિષય ભારે વિસ્તાર માગે એવો છે, પણ આપણે એ સંક્ષેપમાં જ અહીં વિચારીએ.

મત્સ્ય-માંસ

સમુદ્રતટ કે વિશાળ નદી કિનારાનો જનસમૂહ ફકત જાતમહેનતથી પોતાને મળતાં માછલાં પર નભે એ આર્થિક વાસ્તવિકતા ગણાય. પરંતુ દેશના મોટા ભાગના સમાજને જ્યાં માછલાં પણ અન્ય ખાદ્યોની જેમ ખરીદવાં રહ્યાં, તેવા સંજોગોમાં માંસ-માછલાં સ્વાસ્થ્ય જાળવવા માટે આવશ્યક ખરાં? એવા પ્રશ્નનો બહુ ચોક્કસ રીતે ઉત્તર આપી શકાય કે 'હરગીઝ નહિ.'

નાગપુર પાસેના એક ગ્રામસ્વાસ્થ્ય તાલીમ કેન્દ્રમાં તાલીમ લેતા દાકતરો તથા પરિચારિકાઓને પોતાના ખોરાકની પસંદગી વિષે પૂછતાં તેમાંના ત્રીજા ભાગની વ્યકિતઓએ લેખિત જણાવ્યું કે "... અમે આમ તો શાકાહારી છીએ, પરંતુ ઘરની બહાર માંસ-માછલી ખાવાનો અમને વાંધો નથી ...!" આ છે આવતી કાલના જવાબદાર નાગરિકોની નિખાલસ મનોવૃત્તિ. એ સહુના એવા વલણની પાછળ મનોબળની અપૂર્ણતા કારણભૂત માનું છું. તેથી જ આવા વારંવાર મળતા જવાબથી મને ઝાઝું આશ્ચર્ય થતું નથી. જ્યાં તેઓ પોતે પ્રાણીઓને મારતાં નથી કે મરતાં જોતાં નથી તેવા સંજોગોમાં મરેલાં પ્રાણીને ખાવામાં રહેલી બિનઆવશ્યક ક્રૂરતા એ ક્યાંથી નિહાળે?

શાકાહારી પ્રચારકોનો અનુભવ છે કે બકરાં - ઘેટાં કે પશુ-પક્ષીની કતલ ચલ-ચિત્રોમાં પણ નિહાળે તો પણ ગમે તે ધર્મનો અનુયાયી મોટે ભાગે 'વેજિટેરીયન્સ'ની હરોળમાં બેસવાનું પસંદ કરશે. રાતોરાત વગર પ્રચારે બદલાઈ ગયેલા આવા માનવીઓનું સ્વાસ્થ્ય આ પલટાથી જોખમાયું હોય એવા દાખલા મળતા નથી. ઊલટાનું અન્ન - શાકાહારી રહીને સ્વાસ્થ્ય કેમ જળવાય તે અંગે સજાગ રહેવાને પ્રોત્સાહન મળે છે.

શાકાહાર: પ્રાણીની પસંદગી

જન્મજાત માંસાહારી સમાજનો વિચારપલટો કરવાનો આ કોઈ પ્રયાસ છે જ નહિ—હોય નહિ, કારણ કે નાનપણની રીત-રસમ મોટપણમાં જાત-અનુભવથી—નહિ કે સાહિત્ય - વાંચનથી બદલાય છે.

આ માંસાહારી સમાજ પણ મુખ્યત્વે ગાય કે બકરી, ઘેટું કે ડુક્કર જેવાં વનસ્પત્યાહારી પ્રાણીઓને જ અપનાવે છે.

'... તો પછી માનવ, સીધેસીધો અન્નાદિ, ફળ-ફળાદિ ખાદ્યોના વનસ્પતિ - આહારને જ શું કામ ન અપનાવે? ... શ્રીમતી રૂક્ષ્મણીદેવી એરૂંડલે કહેલી આ વાત વિચારવા જેવી તો જરૂર છે જ.

વનસ્પતિ - આહાર કરનારે અને એમાં પ્રામાણિક શ્રદ્ધા ધરાવનારે ઈંડાં અને દૂધનો ઉપયોગ કરવો કે નહીં એવા પ્રશ્નો વારંવાર ચર્ચાય છે. આપણે આ અંગે પણ થોડો વિચાર કરી લઈએ.

ઈંડાં અંગે વિચારીએ છીએ તો લાગે છે કે માંસવર્ગનું આ ખાદ્ય વાસ્તવમાં માંસ નથી. તે લેવામાં માનવતાની દૃષ્ટિએ શાકાહારીને હરકત હોવી ન જોઈએ એમ ખુદ ગાંધીજી માનતા. પરંતુ

પોતે પ્રખર આહારસુધારક હોવા છતાં રોજિંદા આહારમાં તેની હિમાયત કદીએ કરી નથી. ખોરાક માટે ન સર્જાયેલું ઈંડું પોષણની દૃષ્ટિએ સમતોલ કે પૂર્ણ ન કહી શકાય. કારણ કે તેમાં ચરબીતત્ત્વના પ્રમાણમાં સાકરી પદાર્થ નહિવત્ છે.

હવે રહી દૂધની વાત. આ દૂધ મેળવવામાં વાછરડાને અન્યાય કે હાનિ પહોંચતી હોય તો નિરામિષાહારીને તે પણ તાજ્ય હોવું જોઈએ, એવું વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ધરાવનાર વર્ગની જીવદયાના પ્રચારકો સામે પ્રસંગોપાત થતી દલીલમાં તથ્ય સમાયેલું છે.

પાણીશુદ્ધ નિરામિષાહારીવર્ગ ('વેગનવર્ગ')

દૂધ આદિ તમામ પ્રાણીજન્ય ખાદ્યોનો સમજણપૂર્વક નિષેધ કરનાર એવા 'વેગન-વર્ગ' ના નિરોગી અનુયાયીઓને ત્રણેક વર્ષ પૂર્વે લંડનમાં નિહાળ્યાં; તેમાંના એકાદ દાકતર સાથે આવા ચુસ્ત અન્ન-શાકાહારથી સ્ફૂર્તિ, તાજગી, વગેરે પર થતી અસર અંગે ચર્ચા પણ કરી. પરિણામે દૂધ-દહીં વ. ની હાલની અનિવાર્યતા જગતભરના 'વેજિટેરિયન' સમાજમાંથી ક્યારે ફીક્કી પડશે એ વિચાર વધુ દૃઢ થયો.

આ નાનાશા 'વેગન-સમૂહ'ને સ્વાસ્થ્યની જાળવણી માટે બાટ-લિયા ટૉનિકસની કે અન્ય કોઈ પૂરક પોષકતત્વોની દવારૂપે પણ ખાસ જરૂર રહેતી નથી.

ખાદ્યની પસંદગીનું મહત્ત્વ

સુયોગ્ય ખાદ્યોની પસંદગી એ સૌ કોઈ માટે જુદા જુદા સંજોગોમાં પ્રશ્ન થઈ પડે છે; વળી શાકાહારને વરેલા સમાજ માટે તો તે જટીલ બનતો રહ્યો છે. તેમાંયે તેમની ખરીદશકિત ઓછી હોય કે થાય ત્યારે તો પૌષ્ટિક ખાદ્ય-સમૂહનો અમલ એક સમસ્યા બની રહે છે, આ નિરાશાજનક પરિસ્થિતિનો કોઈ ઉપાય? ... હા ... છે. વિચારશીલ વ્યકિતને આ માટે બે ત્રણ સૂચનો આ પ્રમાણે કરી શકાય:

(૧) આમિષાહારી સમાજના આહારના પરિચય ઉપરાંત નિરા-મિષાહાર અપનાવીને એકંદરે સ્વાસ્થ્યમય જીવન ગાળતાં કુટુંબોની ઘર-આંગણના આહારની રીત-રસમ તથા ખાદ્ય-સમૂહના પ્રકાર વગેરેનો અભ્યાસ વધુ લાભદાયી નીવડશે.

(૨) ઓછા આહારથી વધુ તાજગી મેળવવા માટે પોતાના રોજિંદા ખોરાકના ગુણદોષ તરફ વધુ સજાગ રહી શકાય.

(૩) ભાગ્યે જ લેવાતાં ખાદ્યો-જેવાં કે કઠોળ, લીલોતરી વ.ને આહારમાં આવરી લેવા તે અંગેની સપ્રમાણ માહિતી મેળવવાનો ગૃહિણીનો પ્રયાસ કુટંબને લાંબે ગાળે ફાયદો પહોંચાડશે.

આ સૂચનાઓના અસરકારક અમલ માટે સૌ પ્રથમ જોઈએ ઈચ્છાશકિત (વીલ પાવર). ગૃહિણી માટે બીજી આવશ્યકતા તે ખાદ્ય સમૂહ (અર્થાત્: વાનગી-સામગ્રી) ની લોકોપયોગી સાહિત્ય-સામગ્રી.

સુંદર વાનગીઓનાં અનેક પુસ્તકો હવે તો મળતાં થયાં છે. જેમાં મહદંશે સ્વાદ, રૂપરંગ, સજાવટ વ. ને પ્રાધાન્ય અપાયું હોય છે. તાજેતરમાં અમદાવાદથી જ્યોતિસંઘે પ્રગટ કરેલું (શ્રી ચંદુલાલ કા. દવે લિખિત) 'સસ્તી પોષક વાનગીઓ' પુસ્તક આ બધાંયમાં જુદી ભાત પાડી રહે છે. તેના લેખકે સામાન્ય રીતે સર્વને પોસાય એવાં ખાદ્યો કયા પ્રકારે, ક્યારે કેટલા પ્રમાણમાં લેવા યોગ્ય છે તેની વાસ્તવિક યોજના વાચકવર્ગ સમક્ષ રજૂ કરી છે. મૂળ સમાજસુધારક એવા આ નિવૃત્ત થયેલા આચાર્ય-લેખકે આ કૃતિથી જન્મજાત નિરામિષાહાર સમાજની સેવા કરી છે એમ કહી શકાય.

જીવનમાં પોષણ અને વિકાસ માટે સુયોગ્ય ખાદ્યની પસંદગી ખૂબ જરૂરી છે. આ અંગે સ્વસ્થપણે વિચારનારાઓને લાગશે જ કે 'વેજિટેરિયેનિઝમ' એ અન્નપસંદગી માત્રનો સ્થૂળ પ્રશ્ન નથી. વિચારશીલ માનવી માટે તો તે જીવન વિકસાવવાનો એક માત્ર માનનીય માનવ્યનો માર્ગ છે.

'નિરીક્ષક'માંથી સાભાર ઉધ્ધૃત — ડૉ. વસંતકુમાર ન. જાઈ

ગુરુ વિષે

卐

"ગુરુ કીધા મેં ગોકુળનાથ,
ઘરડા બળદને ઘાલી નાથ:
ધન હરે, ધોખો નવ હરે,
એ ગુરુ કલ્યાણ શું કરે?"

– અખા ભગતની આ અક્ષય વેદના-વાણી છે
ભગતે ગુરુ ગોકુલનાથની કંઠી બાંધી હતી.
ગુરુજીએ ભકતની સેવા હરી,
અને ધન પણ હર્યું;
પરંતુ તે તેના મનનો ધોખો હરી
શકયા નહીં:
–માટે વિનવું છું કે:
તમે ગુરુની શોધમાં જશો નહીં;
કોઈ ગુરુની કંઠી બાંધશો નહીં;
ગુરુની ગાડીએ બેસશો નહીં;
કે ગુરુપૂજાની વેવલાઈને વશ થશો નહીં.
જે ગુરુ શિષ્યની સેવા લે છે,
જે ગુરુ શિષ્યના દ્રવ્યને હરે છે,
જે ગુરુ શિષ્યની અવ્યભિચારીણી
ભકિતને વાંછે છે;
અને છતાં, શિષ્યની બાંય ગ્રહી શકતો નથી,
કે શિષ્યના સંશયોને છિન્ન કરી શકતો નથી,
તે ગુરુ નથી.
તે કેવળ ગુરુપદનું પૂતળું છે.

– માટે તમે ગુરુની શોધમાં જશો નહીં;
કે કોઈને ગુરુપદે સ્થાપશો નહીં:
અને કદી ગુરુ કરો તો –
તમારા આત્માને જ ગુરુ ગણજો,
અને તેનું જ શિષ્યત્વ સ્વીકારજો.
આત્મા જ ગુરુ છે,
અને આત્મા જ શિષ્ય છે.
આત્માની વાણી જ ગુરુવાણી છે.
એ તમે સાંભળી શકો તો સાંભળજો.
અને વળી, જે ગુરુ ઉચ્ચાસને બિરાજે છે,
અને ગાદીથી બે વેંત નીચે શિષ્યને
હેઠે બેસવા દે છે,
તે પણ ગુરુ નથી,
એ નથી તેનું ગુરુત્વ.
ગુરુનું ગુરુત્વ સકલ શિષ્ય અને
ભકતમાત્રને
સમાન મિત્ર, બંધુ અને સખાભાવે
સ્વીકારવામાં
અને સ્થાપવામાં છે.
જે ગુરુ શિષ્યને ઉચ્ચાસને બેસારવા ચાહી
પોતીકું આસન નીચે શોધે છે,
કે શિષ્યથી પરાજય વાંછે છે,
તે જ સાચો ગુરુ છે,
એ તેનું અલૌકિકત્વ છે.

卐

તમે ગુરુ સમક્ષ શીશ પણ નમાવશો નહીં,
કે ચરણરજ લેશો નહીં;
કે પાદપ્રક્ષાલન કરી ચરણામૃત પણ
પીશો નહીં.
જે બીજાને નમાવી, નમન ઝીલવા જેટલો
હીન અને અહંયુકત બને છે, તે ગુરુ
નથી, નથી જ.
પરંતુ જે પોતે ટટાર રહી,
અન્યને ટટાર અને દૃઢ રાખી શકે છે,
પોતે અણનમ અને નિર્ભીક રહી,
શિષ્યને અણનમ, દૃઢ અને નિર્ભીક
કરી શકે છે,
તે જ સાચો ગુરુ છે.
અને એવા સાચા ગુરુ તમે પોતે જ છો.
અને તે ગુરુ તે તમારામાં વસતો
આત્મા અને આત્માનું ચૈતન્ય છે.
આત્મા ગુરુ છે,
અને આત્મા જ શિષ્ય છે.
એ જ ગુરુને શિષ્યભાવે શોધો
અને મિત્ર ભાવે પામો? *

રતુભાઇ દેસાઇ

* "મર્મર અને મોતી" નામક તાજેતરમાં પ્રકટ થનાર પુસ્તકનો એક ખંડ.

'પ્રબુદ્ધ જીવન' પર તહોમતનામું

શ્રી પરમાનંદભાઈ,

પ્રસંગ પ્રાપ્ત થયે સામે ગમે તેવી મહાન વ્યકિત કે સંઘ હોય છતાં એના ગુણ-દોષોની સમાલોચના કરવામાં આપ નિર્ભીક રહ્યા છો, નીડર રહ્યા છો. સાથે કોઈની વધુ પડતી પ્રશંસા કે વધુ પડતી ટીકા કરવામાં પણ આપે ઉચ્ચ ધોરણ જાળવ્યું હોઈ આપની ન્યાય-તુલા પ્રશંસાપાત્ર ગણાય છે અને એ કારણે આપે સમાજમાં એક પ્રકારનું વૈશિષ્ઠય પ્રાપ્ત કર્યું છે. આવા ગુણો સાથે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા ઊંચા પ્રકારનું તાત્ત્વિક અને મૌલિક વાચન પીરસતા રહી સમાજની આપ ઉત્તમ સેવા બજાવી રહ્યા છો એનો કોઈથી ઈનકાર થઈ શકે તેમ નથી.

'પ્રબુદ્ધ જીવન' ના તાજેતરના કેટલાક અંકોમાં વાચકો તરફથી આપના કાર્યને બિરદાવતા અને આપની પ્રશંસા ગાતા અનેક પત્રો વાંચવા મળ્યા છે એ જ એનો પૂરાવો છે. હું પણ એ બધા સાથે પૂરો સંમત છું. આમ છતાં 'પ્રબુદ્ધ જીવન' પર એક દષ્ટિએ તહોમતનામું મૂકયા સિવાય રહી શકતો નથી. કારણકે એણે જૈન સમાજના એક માત્ર સુધારક અને યુગદષ્ટિ આપતા 'પ્રબુદ્ધ જૈન' નો ઉચ્છેદ કરી જૈન સમાજની સેવા લૂંટી લીધી છે. 'પ્રબુદ્ધ જીવન' જે મૌલિક સાહિત્ય આજે પીરસી રહ્યું છે એ 'પ્રબુદ્ધ જૈન' દ્વારા પણ પીરસી શકાત અને જનતાની સેવા કરી શકાત. પણ વ્યાપકતાના મોહમાં નવું નામ ધારણ કરવાથી કઈ પ્રકારની વિશેષ સેવા થઈ હશે એ હું જાણતો નથી. પણ એટલું તો જાણી શકું છું કે એક વિશાળ વર્ગની સેવા છોડવાથી એ વર્ગને મોટા લાભથી વંચિત થવું પડયું છે. ૩૦-૪૦ વર્ષ પહેલાં તો "જૈન હિતેચ્છુ' આદિ બીજા પણ જૈન પત્રો હતા, જે નવયુગને અનુરૂપ પ્રજા જાગૃતિનું કાર્ય કરી રહ્યા હતા. પણ જ્યારે આજે એવું એક પણ પત્ર રહ્યું નથી, અને જે છે તેમને પણ અમુક વર્ગની શુભેચ્છા પર જ નભવું પડે એવી પરિસ્થિતિમાં મુકાવું પડયું છે અને આથી એવા વર્ગને કંઈ પણ ન ગમતું આવી ન જાય એની તકેદારીમાં સદા ચિંતિત રહેવું પડે છે. આ કારણે નથી પ્રગટતું એમનામાં કોઈ વિચારતેજ કે નથી મળતું કોઈ માર્ગદર્શન.

જૂની પુરાણી ધર્મકથાઓ, ઉત્સવો, મહોત્સવોના લાંબાં લાંબાં વર્ણનો, તપસ્યાઓની જાહેરાતો અને મુનિવર્ગના વિહારો આપવા પૂરતા જ એ સીમિત બની રહ્યા છે. પરિણામે નથી જાણવા મળતા જૈન સમાજના આંતરપ્રવાહો કે અન્ય સમાજો સાથેના સંપર્ક અને એમની નીતિરીતિને કારણે ઊઠતી અસરો. વૈજ્ઞાનિક ઝડપી સંશોધનોને કારણે સૂર્ય ઊગ્યે દુનિયા રોજ નવા પરિવર્તન સાથે જાગે છે અને રોજ નવા નવા પ્રવાહો નિર્માણ થયે જાય છે. પણ એમ છતાં ચાર દીવાલો વચ્ચે ગોંધાઈ રહીને આપણે હજુ બારમા સૈકાનું જ જીવન જીવી રહ્યા છીએ અને દુનિયા સાથે આપણે કશો જ સંબંધ નથી એવા ખ્વાબમાં ઊંધા કરીએ છીએ. અમદાવાદમાં હરેક ધર્મના સંતો શાંતિની સ્થાપના માટે નગરમાં ફર્યા તેમ જ મોરારજી દેસાઈના નેતૃત્વ નીચેની જાહેર પ્રાર્થનામાં હરેક ધર્મોની પ્રાર્થનાઓ ગવાઈ. પણ જૈન સમાજને આ વીસમી સદી સાથે જાણે કશી જ લેવાદેવા ન હોય એવો વર્તાવ રાખી એ કઈ સદીમાં જીવે છે એવો એણે એક પ્રશ્ન ઊભો કર્યો છે. છતાં દુ:ખની વાત કે જૈનપત્રો આ અંગે એક હરફ પણ ઉચ્ચારવાની હિમત કરી શકયા નથી. સમાજની લગામ જેમના હાથમાં છે એ વર્ગને ખુશ કરવાની નીતિને કારણે નથી આપી શકતા એ સમાજને માર્ગદર્શન કે નથી આપી શકતા કોઈ નવો વિચાર. પરિણામે સમાજનું વિચાર દારિદ્રય દિન પર દિન વધતું જાય છે. કોઈ નવો વિચાર સમાજ સહન જ નથી કરી શકતો. અને કોઈ નવો વિચાર મૂકવાની હિમત કરે છે તો તરત જ એની સામે 'ધર્મદુશ્મન' 'શાસનદ્રોહી' 'મિથ્યાત્વી' કહી એવી આંધી ચડાવવામાં આવે છે કે એ ફરી બોલવાની હિમત જ કરી શકતો નથી. આ ભય-ગભરાટથી જૈનપત્રો એકતાનો પ્રશ્ન હોય, સમાજસુધારાનો પ્રશ્ન હોય, જૈન તત્વજ્ઞાન વિરુદ્ધ લખાયેલા કોઈ પુસ્તકની સમાલોચનાનો પ્રશ્ન હોય કે વૈજ્ઞાનિક સંશોધનનો પ્રશ્ન હોય, પણ જો એ એમના આરાધ્યદેવોની નાપસંદગીનો પ્રશ્ન હોય તો લેવાનો ચોકખો ઈનકાર કરે છે.

એ લોકો એમ માનતા હોય છે કે જનતાને આમ અંધારામાં રાખવાથી તેમ જ જડ, રૂઢિપ્રિય અને વિચારહીન રાખવાથી જ ધર્મનું રક્ષણ થઈ શકશે. આ કારણે સ્વતંત્ર વિચારકોના મંતવ્યને ગૂંગળાવી દેવામાં એ ધર્મ માને છે અને તેથી જનતા વિચારોની આપ-લે દ્વારા સ્વતંત્રપણે વિચાર કરતી થાય એને એ નાપસંદ માને છે. હરેક વસ્તુને અપવાદ હોય છે એમ કોઈ કોઈ પત્રો કદાચ કયારેક સ્વતંત્ર સૂર કાઢતા હશે, પણ એકંદર તો જૈનપત્રોની આ જ લાચાર દશા છે. આ કારણે જેણે વર્ષો સુધી જૈન સમાજને જાગૃત કરવા અને દુનિયા સાથે કદમ મિલાવવા પ્રશંસાપાત્ર કાર્ય કર્યું છે એ 'પ્રબુદ્ધ જૈન' ની કાયાપલટથી હું ખૂબ નિરાશ થયો છું. જ્યારે એણે પોતાનું રૂપ-પરિવર્તન કર્યું હતું ત્યારે પણ મારો વિરોધ હતો અને આજે તો એ સકારણ બન્યો છે. 'પ્રબુદ્ધ જૈન'ની અપેક્ષા 'પ્રબુદ્ધ જીવન'થી કોઈ વિશેષ મોટી સેવા થઈ હોય તેમ હું માનતો નથી. એથી આશા રાખું છું કે જ્યારે આજે જૈન સમાજને જાગૃત કરવાની મોટી જરૂર છે ત્યારે 'પ્રબુદ્ધ જીવન' ફરી 'પ્રબુદ્ધ જૈન' બને અથવા તો જૈન સમાજની સેવા માટે એ નવા પત્રને જન્મ આપે. એ કાર્ય માટે આજે કોઈ તૈયાર થતું દેખાતું નથી ત્યારે સહેજે જ આપના તરફ દષ્ટિ વળે છે. એથી વિશાળ જૈન સમાજની સેવા અને માર્ગદર્શન માટે મુંબઈ જૈન યુવક સંઘ કાયાકલ્પ કરી ફરી જાગૃત થાય એવી આશા રાખું છું. છેવટે ઈચ્છું છું કે કોઈને કોઈ પ્રાણવાન યુવાનો બહાર આવી, પ્રજાજાગૃતિના આ કાર્યને અપનાવી લે એ માટે આપ પ્રેરણા તો આપશો જ અને એ દ્વારા આ ખોટ પૂરી કરવા પ્રયત્ન કરશો.

શાહ રતિલાલ મફાભાઈ

જવાબ

શ્રી રતિલાલ મફાભાઈનું ઉપરનું તહોમતનામું વાંચીને તેના બચાવ યા ખુલાસારૂપે 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી તરીકે મને થોડુંક કહેવાનું પ્રાપ્ત થાય છે.'

પ્રસ્તુત નામપરિવર્તન કર્યાને આજે ૧૧ વર્ષ થયાં. આ નામપરિવર્તન કરવામાં આવ્યું તે વખતે પણ શ્રી રતિલાલ માફભાઈ શાહ જણાવે છે તે મુજબ તેમણે તેનો વિરોધ કર્યાનું મને કોઈ સ્મરણ નથી. એ સંબંધમાં અન્ય દિશાઓથી કોઈ પણ વિરોધી સૂર ઊઠયાનું પણ મારા ધ્યાનમાં નથી. આજે ૧૧ વર્ષના ગાળે જ્યારે રતિભાઈ જેવા એક જૂના મિત્ર અને ચિન્તક 'પ્રબુદ્ધ જીવન' ઉપર એટલે કે તેના નામ-પરિવર્તનની મુખ્ય જવાબદારી જેની છે તેવા મારી ઉપર જ્યારે આવું તહોમતનામું ઘડીને મોકલે છે ત્યારે કયા સંયોગોમાં એ નામપરિવર્તન કરવામાં આવ્યું હતું અને તે પાછળ કેવું ચિંતન અને વિચારણા હતી અને છે તેની થોડી વિગતો રજૂ કરવાનું પ્રસ્તુત બને છે.

પ્રબુદ્ધ જૈન આજથી ૩૦-૩૧ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવ્યું ત્યારથી તેનું ૧૧ વર્ષ પહેલાં નામપરિવર્તન કરવામાં આવ્યું ત્યાં સુધીની મુદત દરમિયાન પણ એ કોટિના જૈન સામયિકોથી તેની ભાત નિરાળી હતી. એ વર્ષોના 'પ્રબુદ્ધ જૈન' માં જૈન સમાજના

પ્રશ્નોને લગતી ચર્ચાઓ સારા પ્રમાણમાં પ્રગટ કરવામાં આવતી હતી, એમ છતાં એમાં વિશાળ સમાજના પ્રશ્નો – પછી તે રાજકીય હોય, સામાજિક હોય કે તાત્વિક હોય – તેની ચર્ચા-વિચારણાને મહત્ત્વનું સ્થાન મળતું અને તેનું નામ સંપ્રદાયસૂચક હોવા છતાં તેની દૃષ્ટિ બિન-સાંપ્રદાયિક હતી. આમ છતાં તેના આ વિશાળ સ્વરૂપની જોઈએ તેટલી કદર થતી નથી એમ લાગતું હતું, અને જૈનેતર મિત્રો તરફથી એવા ઉદ્‌ગારો સાંભળવામાં આવતા કે એનું નામ પ્રબુદ્ધ જૈન છે તો એમાં લખાણો પણ જૈન સમાજના પ્રશ્નોને લગતાં જ હોવાં જોઈએ એવા ખ્યાલથી પ્રબુદ્ધ જૈન તરફ અમારું ધ્યાન ખેંચાતું નથી. આ અનુભવ ઉપરથી પ્રબુદ્ધ જૈનનો વ્યાપક પ્રચાર થાય અને તે પાછળ રહેલી બિનકોમી – બિન સાંપ્રદાયિક– દૃષ્ટિથી ગુજરાતી ભાષા-ભાષી જૈન સમાજ પરિચિત થાય એ હેતુથી તા. ૧-૫-૫૩ થી અમે પ્રબુદ્ધ જૈન એ નામ બદલીને પ્રબુદ્ધ જીવન એ નામે સંઘના મુખપત્રને પ્રગટ કરવું શરૂ કર્યું. આ વિચાર યા વલણને, શ્રી રતિભાઈ જણાવે છે તે મુજબ, વ્યાપકતાના મોહ તરીકે કોઈ વર્ણવે તો તે સામે મને કોઈ વાંધો જ નથી. પણ આજ સુધીના અનુભવ ઉપરથી મને લાગે છે કે નામપરિવર્તન પાછળ રહેલો હેતુ પૂરા અંશમાં સફળ થયો છે. આજે પ્રબુદ્ધ જીવને તેના સંપાદન પાછળ રહેલી ઉદાત્ત દૃષ્ટિના કારણે ગુજરાતી ભાષાના પત્રકાર સાહિત્યમાં સારી એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને તેનું વાંચન પણ બહોળા પ્રમાણમાં થાય છે. ચાલુ વર્ષના શરૂ શરૂના ચાર-પાંચ અંકમાં પ્રગટ થયેલા પ્રબુદ્ધ જીવન પ્રત્યે સદ્‌ભાવ દાખવતા પત્રો પણ આ બાબતનો પૂરતો પુરાવો છે. અલબત્ત, આ નામ-પરિવર્તનનું એક પરિણામ જરૂર આવ્યું છે કે " પ્રબુદ્ધ જૈન "ના અસ્તિત્વ દરમિયાન તેમાં જૈન સમાજના પ્રશ્નોની છણાવટ જે બહોળા પ્રમાણમાં આવતી હતી તે પ્રમાણ નામ પરિવર્તન બાદ જરૂર ઘટયું છે અને હું માનું છું કે નામપરિવર્તનનુ આ ગુણપરિવર્તન સ્વાભાવિક છે. આમ છતાં પણ જૈન સમાજને વધારે વ્યાપકપણે સ્પર્શતા પ્રશ્નો, જેમ કે જૈન તીર્થોનો પ્રશ્ન, જૈન એકતાનો પ્રશ્ન, મહાવીર નિર્વાણ ૨૫૦૦મી શતાબ્દીનો પ્રશ્ન, મુહપતિનો પ્રશ્ન, સાધુસંસ્થાનો પ્રશ્ન, વિજ્ઞાન સાથે સંબંધ ધરાવતી ધાર્મિક માન્યતાનો પ્રશ્ન, – આવા પ્રશ્નો અંગે જ્યારે જ્યારે જરૂર જણાઈ ત્યારે ત્યારે પ્રબુદ્ધ જીવનમાં તેને લગતી ચર્ચા-વિચારણાને પૂરો અવકાશ આપવામાં આવ્યો છે. આમ વિશાળ ક્ષેત્રને વરેલા પત્રમાં એક ધાર્મિક સમાજ કે સંપ્રદાયને લગતા પ્રશ્નોની ચર્ચાને સીમિત અવકાશ હોઈ શકે એ સહજ સમજી શકાય તેવું છે અને એ સ્વાભાવિક પણ છે. એટલા પૂરતો શ્રી રતિભાઈનો એ આક્ષેપ હું સ્વીકારું છું કે જૈન સમાજને પ્રબુદ્ધ જીવનનો તેમની દૃષ્ટિએ જે લાભ મળવો જોઈએ તે મળ્યો નથી. પણ એ ઉપરથી તેઓ જે એમ સૂચવવા માગે છે કે પ્રબુદ્ધ જીવને પોતાના નામપરિવર્તન દ્વારા કોઈ વિશેષ હિત સાધ્યું નથી એ તેમનો આક્ષેપ મને સ્વીકાર્ય નથી. નામપરિવર્તનના કારણે મારા દિલમાં કોઈ અફસોસ કે વસવસો નથી.

માનવીનું ચિંતન પોતે જે સીમિત સંયોગોમાં જન્મ્યો અને ઉછર્યો હોય તે સંયોગના પ્રભાવ નીચે શરૂ થાય છે અને પ્રારંભમાં પોતાની નાત, જાત, ધર્મ, સંપ્રદાય અને સાંકડા ભૌગોલિક સીમાડા પૂરતું તે સંકીર્ણ હોય છે. તે માનવી જો વિકાસલક્ષી હોય તો તેના આ સીમાડા અને બંધનો વિસ્તૃત થતા જાય છે અને તેનું ચિંતન વિશાળ બનતું જાય છે. પહેલાં તે અમુક સંપ્રદાયની વિચારસરણીથી પરિબદ્ધ હોય છે અને અમુક નાનો સમાજ એ જ તેની વૈચારિક દુનિયા હોય છે. આવી વ્યક્તિમાં ઉત્ક્રાન્તિ થતાં ધર્મના, સંપ્રદાયના અને દેશના સાંકડા સીમાડા ઓળંગીને તે આગળ વધતી ચાલે છે અને સંપ્રદાય અને સાંકડા સમાજની નાની બાબતોને અમુક કાળે તે અસાધારણ મહત્ત્વ આપતી હતી તેનાં સ્થાને તે તે બાબતો તેના વિશાળ બનતાં જતા ચિન્તનના ક્ષેત્રમાં પરિમિત અને સમુચિત સ્થાને ગોઠવાતી જાય છે અને તેનું ચિંતન નવાં નવાં પરિમાણોને સ્પર્શતું આગળ ને આગળ વધતું જાય છે. વિચાર ક્રાન્તિનો આ સ્વાભાવિક વિકાસક્રમ છે. આવી વ્યક્તિ માટે પાછા હઠવું કે જે સંકીર્ણતામાંથી છૂટીને તે બહાર નીકળી છે તેમાં પાછા સમાવું તે કોશેટામાં અમુક વખત પુરાઈ રહેલા અને સમય પાકતા પાંખ લાધતા અને કોશેટામાંથી બહાર નીકળતા કીડાને કોશેટામાં પાછા સમાવા જેટલું જ અશક્ય છે. આ જ વિચારધારા કોઈ ચોક્કસ પ્રકારની પ્રચારલક્ષી વિચારસણી સાથે બંધાયલી નહિ પણ સાંકડા વર્તુલ યા ક્ષેત્રથી શરૂ કરવામાં આવેલાં અને એમ છતાં પણ સ્વાભાવિક વિકાસનુક્રમને અનુસરતા વિચારપ્રધાન સામયિકને લાગુ પડે છે. 'પ્રબુદ્ધ જૈન' માંથી 'પ્રબુદ્ધ જીવન' માં પરિણમેલા સામયિકની વિકાસકથા પણ કાંઈક આ પ્રકારની છે.

પરમાનંદ

ક્રિયાકોશ

સંપાદક : શ્રી મોહનલાલ બાંઠિયા શ્રીચંદ ચોરડિયા

દેશ તથા વિદેશના દાર્શનિક વિદ્વાનો દ્વારા બહુ પ્રશંસાપાત્ર બનેલ 'લેશ્યાકોશ' ના પ્રકાશન બાદ તરતમાં જ ક્રિયાકોશ પ્રકાશિત થઈ રહ્યો છે. મૂલ્ય રૂ. ૧૫. ૩૧ મી ડિસેમ્બર ૧૯૬૯ સુધીમાં આગળથી ઑર્ડર આપનારને ૨૦ ટકા કમિશન આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ નહિ લાગે. મૂલ્ય સહિત આગળથી ઑર્ડર નીચેના સરનામે મોકલવા વિનંતિ છે :

જૈન દર્શન સમિતિ–૧૬ સી, ડોવર લેઈન, કલકત્તા–૨૯

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નવા કાર્યાલયનું
તથા
શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહનું
ઉદ્‌ઘાટન

ચાલુ ડિસેમ્બર માસની ૨૧મી તારીખ અને ગુરુવારે સવારે ૯–૩૦ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નવા કાર્યાલયનું અને શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહનું પૂજ્ય કાકાસાહેબ કાલેલકરના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ શુભ પ્રસંગે સંઘના સભ્યોને, પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને અને સંઘના સર્વ કોઈ મિત્રો અને પ્રસંશકોને ઉપસ્થિત થવા અને સંઘના આ મંગળ પ્રસંગને આવકારવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

સમારંભસ્થળ : **ચીમનલાલ ચ. શાહ–પ્રમુખ**
વનિતા વિશ્રામ સભાગૃહ **પરમાનંદ કું. કાપડિયા–ઉપપ્રમુખ**
કાર્યાલયસ્થળ :
ટોપીવાળા મેન્શન, બીજે માળ **ચીમનલાલ જે. શાહ**
૩૮૫, સરદાર વલ્લભભાઈ **સુબોધભાઇ એમ. શાહ** } **મંત્રીઓ.**
પટેલ રોડ, મુંબઈ-૪.

વિષય સૂચિ

		પૃષ્ઠ
કુટુંબભાવના	ફાધર વાલેસ	૧૮૧
ગાયનું દૂધ કૂતરા પી ગયા !		
રાષ્ટ્રીય ભ્રષ્ટતાનો નાદર નમૂનો	રતિલાલ દીપચંદ દેસાઈ	૧૮૪
નિરામિષાહાર: જીવન વિકાસનો		
માનવ્ય માર્ગ	ડૉ. વસંતકુમાર ન. જાઈ	૧૮૫
ગુરુ વિષે	રતુભાઈ દેસાઈ	૧૮૬
'પ્રબુદ્ધ જીવન પર		
તહોમતનામું	રતિલાલ મફાભાઈ શાહ	૧૮૭
પદવીદાન સમારંભ પ્રવચન	ગગનવિહારી લ. મહેતા	૧૮૯
પ્રકીર્ણ નોંધ : ગાંધીજીના અન્તેવાસી શ્રી મનુબહેન ગાંધી નું અકાળ અવસાન, શ્રી ગિરધરલાલ દફ્તરીને મુંબઈના સ્થાનકવાસી જૈન સંઘે અર્પણ કરેલો રૂા. ૧,૧૩, ૧૩૧, નો ચેક, ઘાતકીપણાની પણ આ તે કેવી પરાકાષ્ટા,	પરમાનંદ	૧૯૧
આત્મકથન.	વિમલાબહેન ઠકાર	૧૯૨

પદવીદાન સમારંભ પ્રવચન

(તા. ૪-૧૧-'૬૯ના રોજ રાજકોટ ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પદવીદાન સમારંભ પ્રસંગે શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતાએ આપેલ પ્રવચન)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પદવીદાન સમારંભ પ્રસંગે અતિથિવિશેષ તરીકે નિમંત્રી મારું સન્માન કર્યું છે એ માટે આપનો અત્યંત ઋણી છું. પ્રથા એવી છે કે આવે પ્રસંગે નિમંત્રણ આપનારાએ પ્રશંસા કરવી અને અતિથિએ પોતાની અયોગ્યતા વ્યકત કરવી. પ્રશંસામાં અલબત્ત, અત્યુકિત આવશ્યક અને ક્ષમ્ય છે અને ઉત્તરમાં પણ સ્તુતિની અપેક્ષા હોય છે. રમણભાઈના 'હાસ્યમંદિર'માં માનપત્ર વિશેના લેખમાં આનો પદાર્થપાઠ છે: "તમે કેવા સારા કે અમને ડાહ્યા કહ્યા, અમે કેવા ડાહ્યા કે તમને સારા કહ્યા!" છતાં પણ મારી અયોગ્યતા વિશે હું લંબાણથી કહું તો એ વિકૃત પ્રકારની આત્મશ્લાઘા કદાચ લાગે, કદાપિ ઢોંગ લાગે, કદાચ કોઈ વચ્ચે ઊભા થઈ કહે કે "તો તમારે આ સ્થાન સ્વીકારવું જ નહોતું!"

જ્યારે જ્યારે પદવીદાન સમારંભમાં મારે વ્યાખ્યાન આપવાનો પ્રસંગ આવે છે ત્યારે મને સ્નાતકો અને વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ થાય છે. એમના એક ઉલ્લાસ અને ગૌરવના દિવસે એમને લાંબાં ભાષણો સાંભળવાં પડે છે અથવા તો શિસ્ત પાળવા પોતે સાંભળે છે એમ વર્તવું પડે છે એ એમને માટે અણઘટતી શિક્ષા છે એમ મને લાગે છે. હમણાં તો ગાંધી શતાબ્દીના વર્ષમાં મને એમ હતું કે ગાંધીજી સોમવારે મૌન પાળતા એનું દષ્ટાંત લઈ અઠવાડિયાના બાકીના છ દિવસ આપણે સૌ—એટલે કે માત્ર આપણા નેતાઓ જ નહિ—મૌન પાળીએ તો કેવું સારું! ઘણું ખરું આપણે કંઈ ખાસ કહેવાનું તો હોતું નથી. પરંતુ એ આપણે અતિશય લંબાણથી કહી શકીએ છીએ. એક અમેરિકન લેખક મૅકસ લર્નરે કહ્યું હતું કે આપણે સમજીએ એટલું જ બોલીએ તો એથી ઉદ્‌ભવતી શાંતિ અસહ્ય થઈ પડે! વર્ષો પહેલાં કલકત્તાના એક નેતા જે પોતાનાં ભાષણો નિયમિત બીજા પાસે જ લખાવતા એ અઘરા શબ્દો કે અટપટા અંગ્રેજી વાકયો બોલતાં ગૂંચવાઈ જતા એટલે એમના સેક્રેટરીઓને બોલાવીને ધમકાવેલા કે "હવેથી તમે સહેલા શબ્દો અને ટૂંકા સીધાં વાકયો વાપરજો કે જેથી હું શું બોલું છું એ હું તો સમજી શકું!" બીજે દિવસે આપણે મૌન પાળવા તૈયાર ન હોઈએ તો પદવીદાનને દિવસે વિદ્યાર્થીઓના અંતરની ઈચ્છા અને સાચી લાગણી સમજીને પણ અતિથિવિશેષ મૌન પાળે તો જરૂર સ્નાતકોની પ્રીતિ સંપાદન કરે. ગઈ સદીમાં ઈંગ્લૅન્ડના વડા પ્રધાન ડીઝરાયેલીની પાર્લમેન્ટમાં તરતના જ ચૂંટાઈ આવેલા એક સભ્યે ભાષણ આપવા માટે સલાહ પૂછી ત્યારે ડીઝરાયેલીએ કહેલું કે "તમે ભાષણ આપો એથી આશ્ચર્ય થાય એના કરતાં ન આપો એથી આશ્ચર્ય થાય એ ઈષ્ટ છે!" પરંતુ આવે પ્રસંગે મૌન ધારણ કરું તો અવિનય લેખાય એ બીકે મારે કંઈ કહ્યા વગર છૂટકો નથી. પછી સાંભળવું, ન સાંભળવું એ આપની ઈચ્છાનો પ્રશ્ન છે, અને ન સાંભળવાનો પૂરો અધિકાર છે! મને સ્મરણ છે કે અમેરિકામાં એક સભામાં વકતાનું ભાષણ બરાબર સંભળાતું નહોતું અને શ્રોતાજનો કાન મચડી, ખૂબ પ્રયત્નથી સાંભળવા મથતા હતા ત્યારે એક દયાળુ સજ્જને સલાહ આપેલી કે "કાનનો ઉપયોગ ન સાંભળવા માટેની જે કુદરતી બક્ષિસ છે એ તમે લોકો કેમ સમજતા નથી?"

સૌરાષ્ટ્રનો મારી પર હક છે એમ કહું તો અવિનય ન લેખાય. મારું મૂળ વતન, બાપીકું વતન ભાવનગર છે એ મારે આરંભમાં જ કહી દેવું જોઈએ! મારા કુટુંબને ભાવનગર રાજય સાથે વંશપરંપરાનો, લગભગ પાંચ પેઢીનો સંબંધ હતો. મારા પિતામહ સામળદાસના દાદા રણછોડદાસ ભાવનગર રાજયના કારભારી હતા, પછી એમના પિતા પરમાણંદદાસ અને ત્યાર પછી સામળદાસ. ગંગા ઓઝા જેમના નામથી સૌરાષ્ટ્ર અને ગુજરાત સુપરિચિત છે એ મારા પિતામહ સામળદાસના મામા થતા. મારા પિતામહના અવસાન પછી મારા કાકા વિઠ્ઠલદાસ દીવાન થયેલા. ભાવનગરમાં સામળદાસ કૉલેજ છે એ મારા પિતામહના સ્મરણાર્થે ઈ.સ. ૧૮૮૫ની સાલમાં સ્થપાયેલી અને એ સ્થાપવાની સૂચના મારા પિતા લલ્લુભાઈએ જ કરેલી. સૌરાષ્ટ્રમાં એ સૌથી જુની કૉલેજ છે, પશ્ચિમ ભારતમાં પણ ગઈ સદીનાં ગણ્યાંગાંઠ્યાં મહાવિદ્યાલયોમાંની એક છે. ગાંધીજીએ પણ એમાં થોડાં મહિના અભ્યાસ કર્યો હતો એ અધિક ગૌરવની હકીકત છે. મારા પિતા રેવન્યુ કમિશનર હતા. એ ૧૯૦૦ માં એટલે લગભગ ૭૦ વર્ષ પહેલાં ભાવનગર છોડી મુંબઈમાં આવીને વસ્યા. છતાં કુટુંબ દ્વારા તેમ જ અનેક મિત્રો દ્વારા મારો ભાવનગર સાથેનો સંબંધ શાળા અને કૉલેજના દિવસમાં ચાલુ રહેલો.

૧૯૪૭ માં બંધારણ સભા (Constituent Assembly)માં કાઠિયાવાડનાં રાજયો અને પ્રજા તરફથી ચાર પ્રતિનિધિઓ મોકલવાના હતા; ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે મારી પસંદગી કરી અને સભ્ય તરીકે જવાનું કહ્યું અને ચારેક મહિના હું એનો સભ્ય હતો. આ સિવાય અનેક રીતે સૌરાષ્ટ્ર સાથે ભિન્ન ભિન્ન પ્રકારનો સંપર્ક રહ્યો છે એટલે આજે આપની સમક્ષ આવતાં મને આનંદ થાય એ સ્વાભાવિક છે.

સૌરાષ્ટ્ર પ્રાચીન ભૂમિ છે. શ્રીકૃષ્ણની નગરી દ્વારિકા સમગ્ર ભારતમાં યાત્રાનું સ્થાન છે. મોહંજો—દરોની સંસ્કૃતિની અસર છેક લોથલ સુધી વિસ્તરેલી હતી. વલ્લભીપુરના રાજય અને સંસ્કૃતિનો ઈતિહાસ સુવિખ્યાત છે. વૈદિક અને પુરાણકાળથી પશ્ચિમ હિન્દના સમુદ્રનું મહત્ત્વ અને સ્વાતંત્ર્ય અક્ષત રહ્યું છે. ભીમરાવ ભોળાનાથ દીવેટિયા જે મારાં માતાના પિતા હતા એમણે 'પૃથુરાજ રાસા'ના આરંભમાં ભારતવર્ષ માટે જે કહ્યું છે એ સૌરાષ્ટ્રને માટે પણ કહી શકાય:

નાની નદી વનવને, પ્રતિ જાતિ છોડે,
રંગીન પંખી, કુસુમે તરુવૃન્દ મોડે,
ગાજે ત્રણે દિશ સમુદ્ર મરુત્ સુગંધી
સર્વ પ્રકાર પરિપૂર્ણ વિલોકી સંધિ.

મધ્ય કાળમાં વલ્લભી, ચાલુકય, સોલંકી, વાઘેલા, મુસ્લિમ અને પછીથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કાળમાં આ કિનારાનાં બંદરો નૌકાસૈન્ય અને દેશદેશાવર સાથેના વેપારનાં મથકો હતાં. ભાવનગર પાસેનું ઘોઘા આમાં પ્રાચીન હતું અને લંકા સાથે એને નિકટનો સંબંધ હતો એ સુવિદિત છે. પશ્ચિમમાં સિંધુથી સૌરાષ્ટ્ર અને લાટ દેશ સુધી હિંદનો વ્યાપારી ઈતિહાસ રચાયો છે. પૂર્વમાં ચીન સુધી અને પશ્ચિમમાં ઈજિપ્ત તથા આફ્રિકા અને યુરોપના દેશો સુધી વેપાર ખેડાતો હતો.

સૌરાષ્ટ્રની પ્રજા વાસ્તે આ સંપર્ક ફળદાયી નીવડયો. વેપારની તેમ જ પરદેશગમનની ગાઢ અસર લોકોની રહેણીકરણી પર અને માનસ પર થઈ. સૌરાષ્ટ્રના પ્રજાજનોમાં કુશાગ્ર વેપારબુદ્ધિ, સાહસિકતા અને બીજા દેશોમાં જઈ વસવાટ કરવાની પ્રગલ્ભતાના ગુણોનો વિકાસ થયો. પરંતુ આ ગુણોનો પૂર્ણ વિકાસ સૌરાષ્ટ્રની ભૂમિ પર રહીને થઈ શકે એવા અનુકૂળ સંજોગો હંમેશ રહ્યા નથી. એનાં કારણોમાં અહીં વિગતવાર ઊતરવાની જરૂર નથી. વિન્સ્ટન ચર્ચિલે એક વાર કહ્યું હતું કે ભૂતકાળ અને વર્તમાનના કલહમાં આપણે ભવિષ્યને ખોઈ ન બેસીએ એ ચેતવાનું. સૌરાષ્ટ્રવાસીઓએ દેશમાં મુંબઈ, મદ્રાસ, કલકત્તા ઈત્યાદિ અનેક સ્થળોએ જઈને વેપાર ઉદ્યોગમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે, તેમ જ પરદેશમાં પણ બ્રહ્મદેશ, સિલોન, આફ્રિકા અને બીજે વસવાટ કર્યો છે.

હિન્દના સ્વાતંત્ર્ય અને સ્વરાજય માટેના આંદોલનમાં પણ કાઠિયાવાડ રાજકીય પરિષદનો ફાળો ગણનાપાત્ર હતો: એનાં મુખ્ય મથકો રાજકોટ અને ભાવનગર હતાં. આ પરિષદની ઝુંબેશને પરિ-

ણામે જ ૧૯૪૭ માં સ્વાતંત્ર્યપ્રાપ્તિ થતાં વેંત જ દેશી રાજ્યોનું એકીકરણ કરીને સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના થયેલી. દેશી રાજ્યોમાં ભાવનગરના મહારાજા સદ્‌ગત કૃષ્ણકુમારસિંહે સૌથી પ્રથમ સરદાર પટેલ પાસે જઈને સંયુક્ત ભારત સાથે જોડાઈ જવાની ઈચ્છા દર્શાવેલી. પ્રજાપરિષદના અનેક નેતાઓ અને કાર્યકરોના અવિરત પરિશ્રમનું ફળ આમ લોકશાહી અને રાષ્ટ્રના સંગઠન રૂપે આવ્યું. આજે સૌરાષ્ટ્ર ગુજરાત રાજ્યનું એક અવિભાજ્ય અંગ છે અને ગુજરાત તથા સૌરાષ્ટ્રની જનતા કેવળ ભાષામાં જ નહિ પરંતુ સંસ્કૃતિમાં પણ એક છે, છતાં પણ સૌરાષ્ટ્રને પોતાનું નિરાળું વ્યક્તિત્વ છે; એનો ઈતિહાસ, એનું ઘડતર અને રહેણીકરણી અનોખાં છે.

સૌરાષ્ટ્રનું ગુજરાતી ભાષા અને સાહિત્યમાં જે અર્પણ છે એ પણ આ વિશિષ્ટતાનું લક્ષણ અને પરિણામ છે. ભાષાની વાત કરીએ તો સૌરાષ્ટ્રના વિવિધ પ્રદેશોની અને એની ભિન્ન ભિન્ન કોમોની બોલીઓએ ગુજરાતી ભાષાને મીઠાશ તેમ જ જોમ આપ્યાં છે. મને ખ્યાલ છે ત્યાં સુધી ગોવર્ધનરામ ત્રિપાઠીએ અને બલવંતરાય ઠાકોરે કહ્યું હતું કે ગુજરાતી ભાષા સૌરાષ્ટ્રના એક શહેરમાં સૌથી શુદ્ધ રૂપે બોલાય છે—અને આપને માઠું ન લાગે તો કહું કે એ શહેર તે ભાવનગર છે; અથવા તો એ કાળમાં હતું એવો એમનો અભિપ્રાય હતો! સાહિત્યની અને તેમાંયે કવિતાની વાત કરતાં વેંત આદિકવિ નરસિંહ મહેતાના નામનું સ્મરણ થાય. ગુજરાતીની પહેલી કાવ્યકૃતિ કઈ એ હું જાણતો નથી અને એ માટે સંશોધન ભલે થાય, પરંતુ નરસિંહ મહેતાનું નામ તો નિશ્ચિત રીતે અંકિત થયેલું છે. એનું 'વૈષ્ણવજન' જે ગાંધીજીનું પ્રિય ભજન હતું એ એક જ એવું ગુજરાતી ગીત છે જે દેશભરમાં જાણીતું છે અને ઘણાને કંઠસ્થ છે.

આધુનિક યુગમાં ગુજરાતીના ત્રણ ઉત્તમ કોટિના કવિઓ જેમની અસર ગુજરાતી કાવ્ય ઉપર લાંબા કાળ સુધી રહી છે એ કાન્ત, ન્હાનાલાલ અને બલવંતરાય માટે ગુજરાતી સાહિત્યે સૌરાષ્ટ્રનું ઋણ સ્વીકારવું પડશે. આમાંના કાન્ત તો કુળથી, જન્મે અને કાર્યક્ષેત્રમાં સૌરાષ્ટ્રના જ હતા. ન્હાનાલાલ અને બલવંતરાયનાં ઘડતરકાળનાં અને લેખનકાળનાં કેટલાંક મહત્ત્વનાં વર્ષો સૌરાષ્ટ્રમાં ગયાં હતાં. કાન્તના નામ સાથે યાદ આવતા કલાપી અને તે ઉપરાંત બોટાદકર, મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર, ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ અને જેમની સાથે મીઠો પરિચય હતો એ ઝવેરચંદ મેઘાણી પણ સૌરાષ્ટ્રની નીપજ. નામોની યાદી હું આપતો નથી. કોઈનું રહી જાય માટે એમની અવગણના કરું છું એમ રખે માનતા! એમની તુલના કરવા જેટલો મારો અભ્યાસ પણ નથી. પરંતુ મેઘાણીએ સૌરાષ્ટ્રની લોકકથાઓ અને સૌરાષ્ટ્રનાં લોકગીતો આખા ગુજરાતમાં જ નહિ પણ ગુજરાતીઓ જ્યાં જ્યાં વસે ત્યાં પ્રસાર્યાં હતાં. ગોવર્ધનરામભાઈ જોકે હતા તો નડિયાદના પણ ભાવનગરમાં એમણે વર્ષો ગાળેલાં. મારા પિતામહ સામળદાસના હાથ નીચે ભાવનગર રાજ્યની નોકરી લીધેલી અને દેશી રાજ્યોની ખટપટોથી પરિચિત થયેલા. 'સરસ્વતીચંદ્ર'ની ભૂમિકા સૌરાષ્ટ્રે જ એમને પૂરી પાડેલી. ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસના સંશોધનના પ્રણેતા રણજિતરામે પણ સૌરાષ્ટ્રમાં કામ કરેલું અને પ્રેરણા મેળવેલી.

આ જ પ્રમાણે ગુજરાતી પત્રકારત્વને રાણપુરની સૌરાષ્ટ્ર-શાળાએ સંખ્યાબંધ પત્રકારોની અને તંત્રીઓની ભેટ આપી છે. અને સ્વતંત્રતાના આંદોલન દરમિયાન રાજાઓની ખફામરજી અને શિક્ષા સહન કરીને પણ એક નવી, લાક્ષણિક ઢબની શૈલી ઘડી છે. એમાંની કેટલીક અતિશયતાને બાદ કરીએ તો એનાં વિશિષ્ટ તત્ત્વોએ એ પત્રકારિત્વને લોકપ્રિય બનાવેલું અને પ્રજાના મન પર જબરી પકડ જમાવેલી.

તેમ જ, સૌરાષ્ટ્રનું એક અત્યંત મહત્ત્વનું પ્રદાન બાળશિક્ષણના ક્ષેત્રમાં છે. ઠેરઠેર બાળમંદિરો સ્થપાયાં છે એના મૂળમાં દક્ષિણામૂર્તિની પ્રેરણા છે. મૅડમ મોંટેસોરી અને એ. એસ. નીલના શિક્ષણવિષયક વિચારોને ગુજરાતમાં પ્રચલિત કરનાર આ સંસ્થા માટે ગુજરાત જરૂર ગૌરવ લઈ શકે.

આમ, સૌરાષ્ટ્રની અસ્મિતાના કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના ઉચિત છે અને એથી આનંદ અને ગૌરવ થાય એ સ્વાભાવિક છે. આ યુનિવર્સિટી હજી તો બાલ્યાવસ્થામાં છે: એના જન્મને ત્રણ વર્ષ થયાં છે પણ એણે શીખવવાનું શરૂ કર્યાને અઢી વર્ષ જ થયાં છે એમ કહી શકાય.

આ યુનિવર્સિટીનું બીજું એક મથક ભાવનગર છે. ભલે મથકો બે હોય પણ બંનેનું ધ્યેય તો એક જ હોઈ શકે, કાર્યવાહકો ભિન્ન હોય પણ કાર્યવાહી તો એક જ હોય. આ યુનિવર્સિટીને શ્રી ડોલરરાય માંકડ જેવા વિદ્વાન, નિપુણ અને અનુભવી કુલપતિ પ્રથમથી જ સાંપડ્યા છે એ એનું સદ્‌ભાગ્ય છે. પરંતુ જેમ એક-બે નેતા આખું રાષ્ટ્ર નથી ઘડી શકતા તેમ એક કુલપતિ જ આખી વિદ્યાપીઠનું ચક્ર ન ચલાવી શકે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

યુનિવર્સિટી સરસ્વતીનું મંદિર છે, રાજદ્વારી સત્તા મેળવવાનું એક અધિક ક્ષેત્ર નથી. એ સત્યના અન્વેષણ માટે, જ્ઞાનની ઉપાસના માટે, સૌન્દર્યના સર્જન વારસાનું કેન્દ્ર છે. પક્ષની પ્રતિષ્ઠા માટેનું સરકારી ખાતું અથવા તો ગમે એવી સંસ્થાઓ સ્થાપી લોકોના મત મેળવવા માટેનું એક નવું હથિયાર નથી.

આપણું

ગગનવિહારી લ. મહેતા

એક જાહેરાત

મુંબઈમાં અવારનવાર થતાં જમણવારો અને પાર્ટીઓમાં એઠું અને વધેલું ખાવાનું ભેગું કરી ઉઘરાવી, પોતાની મોટરમાં નાંખીને જુદે જુદે સ્થળે ભૂખ્યાં અને ગરીબ લોકોને વહેંચી આપવાનું કાર્ય કરી રહેલા શ્રી હાસ્યચંદ્ર મહેતા તેમ જ તેમના મિત્રો ને પરિવારના સભ્યોથી તો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પરિચિત છે જ. તે જ રીતે ભૂલાભાઈ દેસાઈ રોડ પર આવેલા મિસ્ત્રી પાર્ક (એનેક્સી)માં રહેતા શ્રી. કે. જે. મહેતા તથા તેમના પત્ની શ્રીમતી જશવંતી મહેતા તરફથી એક પરિપત્ર મળ્યો છે, જેમાં તેઓ જણાવે છે કે:

'નાલંદા'માં રહેતા મહેતા દંપતીના ઉચ્ચ કાર્યમાંથી પ્રેરણા લઈને અમોએ જૂના કપડાં ભેગા કરવાનું કામ શરૂ કર્યું છે. આપની પાસેના બિનઉપયોગી વસ્ત્રો વસ્ત્રહીન પ્રજાની લાજ રાખવા માટે વપરાશે તો અતિમૂલ્યવાન બની જશે. આપના આવા જૂનાં ફાટેલાં વસ્ત્રો ભેગાં કરી અમે તેમને—જરૂરિયાતવાળા મધ્યમવર્ગના માનવીઓને, અનાથ-આશ્રમો તથા બાળગૃહો, ત્યકતા સ્ત્રીઓની સંસ્થામાં તેમ જ બીજી અનેક સંસ્થાઓમાં તેમની જરૂરિયાત મુજબ પહોંચાડીએ છીએ. અતિ જીર્ણ વસ્ત્રો ભિખારીઓને આપીએ છીએ.

આ માનવતાના કાર્યમાં આપના સહકારની અપેક્ષા રાખીએ છીએ અને આપને હૃદયપૂર્વક વિનંતી કરીએ છીએ કે આપના જૂનાં તથા ફાટેલાં કપડાં અમને મોકલી આપશો. અથવા તો અમને ફોન નંબર ૩૬૭૩૦૬ - ૩૧૪૨૮૨ પર જણાવશો તો અમારાં કાર્યકર ભાઈબહેનો આપને ત્યાંથી લઈ જશે."

સંઘના સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

સંઘનું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણાય છે. સંઘના સભ્યોના વાર્ષિક લવાજમની રકમ હજુ ઘણા સભ્યોની વસૂલ આવી નથી. જે જે સભ્યોનાં લવાજમો બાકી છે તેમને તેની યાદી આપતું કાર્ડ પણ લખવામાં આવેલ છે અને હવે વર્ષ પુરું થવાને ગણતરીના દિવસો જ બાકી હોઈ, જે સભ્યોનાં લવાજમો બાકી છે તેમને વિનંતી કરવાની કે ડિસેમ્બરની આખર પહેલાં, પોતાના લવાજમની રકમ રૂ. ૧૦ કાર્યાલય પર મોકલી આપે. સહકાર માટે આભાર.

ચીમનલાલ જે. શાહ,
સુબોધભાઈ એમ. શાહ,
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

પ્રકીર્ણ નોંધ

ગાંધીજીના અન્તેવાસી શ્રી મનુબહેન ગાંધીનું અકાળ અવસાન

તા. ૮મી ડિસેમ્બરના રોજ રાષ્ટ્રપિતા ગાંધીજીના કાકા તુલસીદાસના પૌત્ર શ્રી જયસુખલાલ અમૃતલાલ ગાંધીનાં પુત્રી કુ. મનુબહેનનું આશરે ૪૧ વર્ષની વયે દિલ્હી ખાતે અવસાન થયું છે. છેલ્લા કેટલાક દિવસથી મનુબહેન માંદગીના બિછાને હતાં અને તેમને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. તા. ૮મીના જન્મભૂમિમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ, ગાંધીજી અને મનુબહેનનો સંબંધ પિતા-પુત્રીવત્ હતો. મનુબહેનની ઘણી નાની વયે તેમનાં માતુશ્રી કસુમ્બાબહેનનું અવસાન થયા પછી મનુબહેનને ઉછેરવાની જવાબદારી તત્કાળ પૂરતી પૂજ્ય કસ્તૂરબા ગાંધીએ ઉપાડી લીધી હતી. પરંતુ આગાખાન જેલમાં તેમનું અવસાન થતાં એ જવાબદારી સંપૂર્ણપણે પૂજ્ય ગાંધીજીએ પોતે ઊઠાવી લીધેલી.

"બાપુ-મારી મા" એ પુસ્તકમાં મનુબહેન લખે છે કે "બસ, આ દિવસથી બાપુજીએ જેમ માતા એની ૧૪-૧૫ વર્ષની કન્યાને ઉછેરે એ રીતની ખાસ ઉછેર શરૂ કરી. ૧૩-૧૪-૧૫-વર્ષની બાળા સહેજે માતાના સાન્નિધ્યમાં રહે છે અથવા માતાનું સાન્નિધ્ય વધારે માંગે છે. બાપુએ પણ મારા ખાવા પીવામાં, પહેરવેશમાં, મારી માંદગીમાં, કશે જવા આવવામાં, મારા અભ્યાસમાં, અરે ત્યાં સુધી કે હું દર અઠવાડિયે માથાના વાળ બરાબર કપું છું કે નહિ એનું ઝીણવટભર્યું ચિન્તવન શરૂ કરવાનું કર્યું, તે અન્ત ઘડી સુધી એ ચિન્તવન એવું જ રહ્યું."

મનુબહેન, ગાંધીજીની શીળી છત્રછાયામાં તેમના નિર્વાણની ક્ષણ સુધી રહ્યાં, એટલું જ નહિ પણ, જ્યાં સુધી તેઓ તેમના અન્તેવાસી રહ્યાં હતાં ત્યાં સુધી તેમણે અસાધારણ નિષ્ઠાથી બાપુજીની સેવા બજાવી. ગાંધીજીના ઘડતરને લીધે મનુબહેનનું વ્યકિતત્વ સોળે કળાએ ખીલી ઉઠયું હતું.

ગાંધીજીના જીવનનાં અનેક સ્મરણો મનુબહેને લખ્યાં છે, જે ગ્રંથસ્થ થયાં છે. ગાંધીજીની સ્મૃતિ સાથે સંકલાયેલાં તેમનાં પુસ્તકોનાં નામ આ પ્રમાણે છે: "બાપુજીના જીવનમાં પ્રેમ ને શ્રદ્ધા" "બાપુજીના જીવનમાંથી: ભાગ ૧ થી ૪", "બાપુ-મારી મા" "બા-બાપુની શીળી છાયામાં" "બિહાર: કોમી આગમાં" "એકલો જાને રે," "ગાંધીજીનું ગૃહમાધુર્ય: વિરાટ દર્શન".

શ્રી ગીરધરલાલ દફ્તરીને મુંબઈના સ્થાનકવાસી જૈન સંઘે અર્પણ કરેલો રૂ. ૧,૧૩,૧૩૧નો ચેક

શ્રી કાંદાવાડી જૈન સંઘ, જૈન સ્થાનકવાસી કૉન્ફરન્સ અને તે સમુદાયની બીજી અનેક સંસ્થાઓની છેલ્લાં ૪૦ વર્ષથી અવિરત સેવા બજાવનાર સ્થાનકવાસી જૈન સમાજના અગ્રણી અને મુંબઈ સંઘના પ્રમુખ શ્રી ગીરધરલાલ દામોદર દફ્તરી વિ. સં. ૨૦૨૬ કાર્તક શુદ ૧૧-તા. ૧૯-૧૧-૬૯-ના રોજ પોતાના સેવારત અને સન્નિષ્ટ જીવનનાં ૭૭ વર્ષ પૂરાં કરીને ૭૮મા વર્ષમાં પ્રવેશતા હોઈને, તેમને બહુમાનપૂર્વક રૂ. ૧,૩૧,૧૩૧નો ચેક અર્પણ કરવાનો સમારંભ શ્રી કાંદાવાડી જૈન સ્થાનકવાસી સંઘ તરફથી આગ્રાવાળા શેઠ શ્રી અચલસિંહજી જૈન એમ.પી.ના પ્રમુખપદે તા. ૩૦-૧૧-૬૯ના રોજ સવારના ભાગમાં યોજવામાં આવ્યો હતો, અને આ પ્રસંગે તેમના અનેક સહકાર્યકર્તાઓએ તેમ જ જૈન મુનિવરોએ શ્રી ગીરધરભાઈને ભાવભરી અંજલિ આપી હતી.

શ્રી ગીરધરભાઈ દફ્તરી જેવા આજીવન સમાજસેવકનું, જે સમુદાય સાથે તેમનો વર્ષોજૂનો સંબંધ છે તે સમુદાય આ રીતે બહુમાન કરે તે સર્વ પ્રકારે યોગ્ય છે. 'જૈન પ્રકાશ'ના તા. ૮-૧૨-૬૯ના અંકમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ, શ્રી ગીરધરભાઈની આજ સુધીની જીવનચર્યાનો વિચાર કરતાં જણાવવું જ રહ્યું કે તેઓ ખરેખર એક આદર્શ શ્રાવક છે. વર્ષો પહેલાં તેમણે રૂ. ૪૦,૦૦૦નું જે પરિગ્રહ પરિમાણ સ્વીકારેલું તેને, આજે એ રકમનું મૂલ્ય આટલું બધું ઊતરી જવા છતાં, તેઓ એક સરખી નિષ્ઠાથી ચુસ્તપણે વળગી રહ્યા છે અને એ નિયત રકમ ઉપર દર વર્ષે પોતાની આવકમાં જે કાંઈ વધારો થાય તેનો જનસેવા અર્થે તેઓ સતત ઉપયોગ કરતા રહ્યા છે. આ ઉપરાંત સંયમ અને સાદાઈ તેમના જીવનમાં તાણાવાણા માફક વણાયેલાં છે. પહેરવા ઓઢવાના કપડાની પણ તેમને મર્યાદા છે. ખાવાપીવાની વસ્તુઓ પણ તેઓ દરરોજ અમુક સંખ્યામાં જ લે છે. રાત્રી ભોજનનો તેમણે ત્યાગ કર્યો છે. શુદ્ધ ખાદીનાં કપડાં તેઓ વર્ષોથી એક સરખાં પહેરે છે. વર્ષો પહેલાં જે ડબલ રૂમમાં તેઓ રહેતા હતા ત્યાં જ આજે પણ તેઓ રહે છે. તેમનાં ધર્મપત્ની સૌ. સૂરજબહેન પણ શ્રી ગીરધરભાઈના પગલે સાદું જેવું સાદું અને સંયમી જીવન ગાળી રહેલ છે.

શ્રી ગીરધરભાઈને ઘેર જાઓ કે ઑફિસે જાઓ; તેમને સવારે મળો કે રાત્રે મળો; તેઓ સેવાના કામમાં સદા નિમગ્ન માલુમ પડશે. જે સંસ્થાઓની તેઓ જવાબદારી ધરાવતા હોય છે તે સંસ્થામાં તેઓ નિયમિત જવાના અને તે સંસ્થાની નાની મોટી બધી બાબત ઉપર તેઓ પૂરું ધ્યાન આપવાના. તે સંસ્થાનું સંચાલન કરકસરપૂર્વક, ચોકસાઈપૂર્વક, અને વ્યવસ્થિત રીતે ચાલે તે માટે તેઓ પૂરેપૂરા જાગૃત અને પ્રયત્નશીલ રહેવાના. સવારથી રાત્રી સુધી સમાજ અને ધર્મના ઉત્કર્ષમાં રચીપચી રહેનાર આવી વ્યકિત આજે મળવી મુશ્કેલ છે. ૭૮ વર્ષની ઉમ્મરે પણ તેઓ યુવાનને શરમાવે તેવી ધગશ અને ઝડપથી સમાજ અને ધર્મની સેવા બજાવી રહ્યા છે. તેના પાયામાં તેમની નિષ્ઠા તથા સાદું અને સંયમી જીવન રહેલાં છે.

પ્રસ્તુત પ્રસંગે ઉપર જણાવ્યું તે મુજબ તેમને અર્પણ કરવામાં આવેલ રૂ. ૧,૩૧,૧૧૧ના ચેકમાં પોતા તરફથી બીજો રૂ. ૫૦૦૧નો ચેક ઉમેરીને કુલ રૂ. ૧,૩૬,૧૧૨ની રકમ તેમણે કાંદાવાડી સ્થાનકવાસી સંઘને સ્વધર્મી માનવરાહત માટે અર્પણ કરેલ છે.

આ વિશાળ દુનિયામાં ટપકા જેવડો આ સ્થાનકવાસી સમાજ-તેટલા નાના સરખા વર્તુલમાં રહીને પણ તેમણે અખંડ સેવા અને સ્વાર્પણભર્યાં જીવનનું જે દર્શન કરાવ્યું છે તે અદ્‌ભુત અને અસાધારણ આદરને પાત્ર છે. તેમને સુદઢ આરોગ્ય અને ચિરાયુષ પ્રાપ્ત થાય અને નદીનો વહેતો પ્રવાહ જેમ જળવિતરણ કરતો જ રહે છે તેમ તેમનું અવશેષ જીવન પણ સેવાકાર્યોથી સતત નીતરતું રહે એવી આપણી શુભેચ્છા અને પ્રાર્થના હો!

ઘાતકીપણાની પણ આ તે કેવી પરાકાષ્ટા?

તા. ૫-૧૨-૬૯ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના શ્રી એન. ચક્રવર્તીનો નીચે મુજબ એક પત્ર પ્રગટ થયો છે:

"મીસીસ સુન્દ્રા થર્લો તા. ૨૬-૨૭મીનાં નવેમ્બરના પત્રમાં પોકાર કરે છે કે ઉત્તર વિયેટનામ ૧૯૫૭ના જીનીવા કરારની સમજૂતી મુજબ વર્તતું નથી. તે સન્નારી એમ પણ પૂછે છે કે માંદા અને ઘાયલ લોકોને હજુ કેમ મુકત કરવામાં આવ્યા નથી? "પણ અમેરિકન સૈનિકોએ સોંગ માઈ ગામડામાં જે સામુદાયિક કતલ કરી છે અને તેમના ઘરબાર માલ મિલ્કતને ભસ્મીભૂત કરેલ છે તે વિષે અમેરિકાને શું જવાબ આપવાનો છે? એક બાર વર્ષની છોકરી ઉપર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેને બંદૂકના ભાલાથી વીંધી નાખવામાં આવી હતી. એક બાઈએ બાળકને જન્મ આપ્યો ને દશ કલાક થયા ન થયા અને તેની ઉપર આક્રમણ કરવામાં આવ્યું હતું અને પછી તે બાઈને મારી નાખવામાં આવી હતી.

"અમેરિકાના લોકોએ આ પ્રકારના અત્યાચારો હજારોની સંખ્યામાં કર્યા છે. મીસીસ થર્લોને શું હું પુછી શકું કે અમેરિકાના લોકોએ આ બધા અત્યાચારો માનવતાની ભાવનાથી પ્રેરાઈને કર્યા છે? તેણે બીજાનો દોષ કાઢવા પહેલાં પોતનાં દેશની શાનને ઠેકાણે લાવવી ઘટે છે."

આ દિલકંપાવનારી હકીકતોને ટીકાટીપ્પણની કોઈ જરૂર નથી. માનવી એક વખત કેવળ પશુ હતો; આજે તે પશુ મટીને રાક્ષસ બન્યો છે. માનવી તો રહ્યો જ નથી. પરમાનંદ

આત્મકથન

[શ્રી વિમલાબહેન ઠકાર જેઓ યુરોપના પ્રવાસેથી ડિસેમ્બર માસની આખરમાં ભારત ખાતે પાછા ફરી રહ્યાં છે, તેમના 'મૌન કે અનુદાન' શિર્ષક હિન્દી કાવ્યસંગ્રહમાં પ્રગટ થયેલ આત્મકથનનો નીચે સૌ. શારદાબહેન શાહે કરી આપેલો અનુવાદ આપવામાં આવે છે. તંત્રી]

જે જીવન હું જીવી રહી છું તેની પ્રેરણા મને કેવી રીતે અને ક્યારે મળી એ વિષે કાંઈક લખવા સ્નેહી મિત્રો મને આગ્રહ કરી રહ્યા છે. લેખ, નિબંધ કે વાર્તા લખવાનું જાણતી હોત તો અત્યાર સુધીમાં પુસ્તકોનો મોટો ઢગલો થઈ ગયો હોત. પરંતુ મારી આ વિવશતા પર કોઈ વિશ્વાસ જ નથી કરતું. જે વકતૃત્વકળામાં પાવરધા હોય તેમને લેખનકળા પણ હસ્તગત હોય એવું કાંઈ થોડું જ છે?

ભૂતકાળના સંસ્મરણો જાગૃત થાય છે ત્યારે લાગે છે કે, મારા પર મારા નાનાનો ઘણો ઊંડો પ્રભાવ પડેલો છે. ગૃહસ્થાશ્રમમાં પણ સંન્યાસી જેવા એમના વિરકત જીવનની મારા પર ઘણી ઊંડી અસર પડી છે. છ ફીટ લાંબી પાતળી કાયા, ગૌર વર્ણ, મોટી મોટી ભાવભરી આંખો, સૌમ્ય મુદ્રા અને ભકિતરસથી છલકાતી વાણી– આજે આ બધું જ યાદ આવે છે. તુલસીનું રામચરિત માનસ અને જ્ઞાનરાયની જ્ઞાનેશ્વરી એમનાં પ્રિય પુસ્તકો.

રહેતાં હતાં રાજમહેલમાં. પચાસ નોકરો, જરજમીન, ગાડી, ઘોડા, ગાયો - આસપાસ આટલો વૈભવ પથરાયેલો હોવા છતાં જીવન હતું એમનું ત્યાગીનું. બ્રાહ્મ-મુહૂર્તમાં જ્યારે તેમને હું ધ્યાનમગ્ન જોતી ત્યારે મારા નાનકડા હૃદયમાં એ અનુભવ મેળવવાની ઝંખના જાગી ઊઠતી. એમના મધુર કંઠમાંથી નિકળતું નામસ્મરણ હૃદયને પ્રસન્નતાથી ભરી દેતું.

પાંચ વર્ષની થઈ ત્યાં સુધી તો જીવન આ રીતે ચાલ્યું, છઠ્ઠે વર્ષે ઈશ્વર વિષેની જિજ્ઞાસા વધુ તીવ્ર બની. જંગલની એકાંતનો અનુભવ લીધો, દક્ષિણેશ્વર ગઈ. ઘેરથી ભાગી જવા સુધીનું પણ સાહસ કર્યું. ઘેર પોતાની મેળે ત્રાટકનો અભ્યાસ, જપ, સ્વાધ્યાય વગેરે કરતી રહી. ઈશ્વર અને જગતનું રહસ્ય બુદ્ધિ ઉકેલે એ પહેલાં હૃદય તો ભાવભકિતથી છલકાઈ ગયું હતું. શાળાનો અભ્યાસ બરાબર ચાલતો હતો; ઘેર માને કામકાજમાં બરાબર મદદ કરતી હતી; પરંતુ મન તો ફુરસદની પળો મેળવવા ઝંખ્યા કરતું. થોડો ફાજલ સમય મળી જતો કે તરત યોગવાસિષ્ઠ, દાસબોધ, એકનાથી ભાગવત, સ્વામી રામતીર્થ, વિવેકાનંદ વગેરે મહાત્માઓનાં પુસ્તકો વાંચવા બેસી જતી. ચૌદ વર્ષની ઉંમર થતાં થતાં મેં મારા જીવનવિકાસમાં ભાગ ભજવનાર વ્યકિતઓનો હિસાબ કરવાનું શરૂ કર્યું. પ્રથમ સ્થાન નાનાને આપ્યું, પછી હતાં મારા માતા-પિતા. ત્યાર પછી આવ્યા જ્ઞાનેશ્વર, એકનાથ, નામદેવ, વિવેકાનંદ, રામતીર્થ વગેરે. દર રવિવારે બપોરે એકલી એકલી એક રમત રમ્યા કરતી હતી. ઓરડો બંધ કરી કલ્પના કરતી કે જાણે જ્ઞાનેશ્વર આવીને ઊભા છે, મારી સાથે વાતો કરે છે. વિવેકાનંદ આવ્યા છે, મને પ્રોત્સાહન દઈ રહ્યા છે.

આવું નાટક કરવાની જરૂર પણ હતી. વિવાહ વિષેની મારી ઉદાસીનતા અને સંન્યાસ તરફની અભિરુચિ ઘરમાં સૌને વિચિત્ર અને હાસ્યાસ્પદ લાગતી. સૌની વચ્ચે હોવા છતાં જાણે એકલી અટુલી પડી ગઈ હતી–ખોવાઈ ગઈ હતી.

કૉલેજજીવન 'સુધી' આ પ્રમાણે ક્રમ ચાલ્યો. બાહ્ય જીવન–વ્યવહારમાં સામાજિક મર્યાદાઓનો હું બરાબર ખ્યાલ રાખતી, પરંતુ માનસિક રીતે એકાકી જીવન જીવી રહી હતી. કોઈવાર ટાગોરની રચનાઓ તો કોઈવાર શરદબાબુની નવલકથાઓ વાંચતી. કોઈ વાર વળી સુફીઓનું જીવનચરિત્ર તો કદિક વળી ઉપનિષદો વાંચતી.

ઈશ્વર કેવળ વાણી કે દૃષ્ટિનો વિષય નથી એ જ્ઞાન થતાં જપ અને પૂજાનો વેગ થોડો મંદ પડયો. દર્શનશાસ્ત્રના અભ્યાસના પરિણામે વેદાંત સાથે જાણે ઓતપ્રોત બની ગઈ હતી. આત્મરત જીવનની ઉત્કટ અભિલાષા વધુ ગહન અને સમૃદ્ધ બની હતી. એવી તો કાંઈક મસ્તી અને નશો રહેતો કે દૈનિક જીવનવ્યવહાર કેવી રીતે ચાલતો તેનું વર્ણન જ નથી કરી શકતી. હર પળે, ચૈતન્ય મહાપ્રભુ અને મીરાં માટે મન તલસતું; કોઈ બીજી ક્ષણે વળી ગૌતમ બુદ્ધ કે ભગવાન ઈશુમાં લીન બની જતી.

આ અરસામાં અનેક પંથોના સાધુ સંતોના સમાગમથી ઘણું ઘણું જાણવા મળ્યું. મારા જીવન ઘડતરમાં જેનો જેનો હિસ્સો રહ્યો છે તે મહાત્માઓ આ રહ્યા :

(૧) મંડલા - નિવાસી હઠયોગી ભકત સ્વામી શ્રી સીતારામદાસજી.
(૨) લોદીખેડ - નિવાસી પરમ ભાગવત શ્રી બાબાજી મહારાજ
(૩) કનૌજ-નિવાસી દેવી ઉપાસક, શાક્ત પંથી શ્રી ગૌરીશંકરજી મહારાજ.
(૪) રાધાસ્વામી પંથના બનારસ ગાદીના મહારાજા.
(૫) વીરખેડના સંત તુકડોજી મહારાજ.
(૬) પ્રજ્ઞાચક્ષુ સ્વામી શરણાનંદજી.
(૭) શ્રી મેહેરબાબા.
(૮) શ્રીઆનંદમયીમાઁ.
(૯) સ્વામી વિરજાનંદજી
(૧૦) સ્વામી ભાસ્કરેશ્વરાનંદજી.
(૧૧) ઉજ્જૈનના નિર્વાણપંથી અખાડાના મહંત.
(૧૨) શ્રી શોભામાઁ.

બધાનાં નામ તો આજે યાદ નથી. આ સંતોનો સ્નેહ જીવનમાં તાણાવાણાની પેઠે વણાઈ ગયો છે. આ નામાવલીમાં સ્નેહ-મૂર્તિ સાને ગુરુજીને પણ યાદ કરું છું. પ્રેમ શું છે એ એમના સત્સંગમાંથી મને જાણવા મળ્યું છે.

શિક્ષણકાળ પછી જીવનની ક્ષિતિજ વધુ વિસ્તરી. દાદા ધર્માધિકારીના પવિત્ર સહવાસથી વિનોબાજીના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડયું અને ભૂદાન આંદોલનમાં જોડાઈ. ત્યાર પછીના જીવન પ્રસંગો તો સૌ જાણે છે.

આધ્યાત્મિક જીવનની પ્રેરણાનો પ્રારંભ હું સંપૂર્ણ રીતે તો નથી જ કહી શકતી. બીજમાંથી ફળ સુધી વિકાસ થવાનો આધાર બીજની ગુણવત્તા પર અવલંબે છે. મારા જીવન વિષે હું આવું જ ધારું છું: જીવનના પાયામાં જો સાચી તાકાત અને તમન્ના હશે તો એ વિકસશે જ.

આજે જે ભૂમિકા પર છું તે પરથી તો એટલું જ કહીશ કે મારે મન જીવન એક મંગલગાન છે. સૌ કોઈને મળવા હળવામાં મને ખૂબ આનંદ આવે છે. હર એક સંબંધોમાં ચૈતન્યનું સંગીત હું માણી શકું છું. સાંસારિક જીવન ગણો, ભૌતિક જીવન ગણો કે આધ્યાત્મિક ગણો - જીવનને સાચી રીતે સમજી જીવી જાણવાનો હું નમ્ર પુરુષાર્થ કરી રહી છું.

મારા પોતાના જ આદર્શો અને જીવનમૂલ્યોને સાચા અને અંતિમ ગણી જીવનને મર્યાદિત બનાવી દેવાનું હું પસંદ નથી કરતી. બીજી કોઈ જીવન પદ્ધતિ સાથે તુલના કરી આ સાચું ને પેલું ખોટું એવા વ્યર્થ વાદવિવાદમાં ઉતરવાની પણ મને રુચિ નથી. સમય પણ નથી.

कौन हूँ मैं और क्या हूँ मैं? न पूछो मुझसे, कोई न पूछोंजी।
मृण्मय साज पर बजाया चिन्मय का एक गान हूँ मैं।।

૨૫-૪-૬૭ વિમલ વંદન

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧